Barcode - 99999990815549
Title - Pirana Satpanth Ni Pole Ane Satyano Prakash.
Subject -
Author -
Language - gujarati
Pages - 583
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 081554

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૧૨૮૧૪ वर्गांक

पुस्तकनु नाम - [illegible]

विषय પ૭૨૧૫"૬

હિંદુ ધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની-

# પીરાણા-"સતપંથ"ની પોલ;

અને

## સત્યનો પ્રકાશ.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક:

પટેલ નારાયણજી રામજીભાઇ કોન્ટ્રાકટર

ઠે. વીરાણી. તા. નખત્રાણા (કચ્છ).

મૂલ્ય રૂા. ૪-૦-૦

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ-અમદાવાદ
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૨૮૧૪

વિ. સંવત ૧૯૮૨. ઇ. સ. ૧૯૨૬.
આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦૦.

( સર્વ હક્ક પ્રકાશકે સ્વાધિન રાખ્યા છે. )



શ્રીયુત ચંદુલાલ મણિલાલ દેશાઈ.

વીરમગામ.

Lakshmi Art, Bombay 8.

# સમર્પણ.

શ્રીયુત ભાઇશ્રી ચંદુલાલ મણિલાલ દેશાઈ

વિરમગામ.

આપ બન્ધુએ સ્વબળ અને સાહસિકતાથી તેમજ પરમાર્થ બુદ્ધિ અને મળતાવડા સ્વભાવ વડે જનપ્રિયતા મેળવી છે. તેમજ જન કલ્યાણનાં કામો કરી યશકીર્તિ પ્રાપ્ત કરી છે. અને એ યશકીર્તિ વડે સ્વજ્ઞાતિને શોભાવી છે, એટલુંજ નહિ પણ સ્વજ્ઞાતિની ઉન્નતિ પ્રત્યે આપનો પરીપૂર્ણ પ્રેમ છે, તેથીજ જ્ઞાતિમાં સંસારિક ધાર્મિક કેળવણીનો પ્રચાર કરવાની કોશીષો તન મન અને ધનથી કરો છો. એવા એવા અનેક સદ્ગુણોથી આકર્ષાઇ અંતઃકરણની ઉંડી લાગણીથી આ પુસ્તક આપને સપ્રેમ અર્પણ કરૂં છું આશા છે કે આપ તેને સદ્ભાવ વૃત્તિથી સ્વિકારશો.

લી.

સ્નેહાધીન

નારાયણજી રામજીભાઈ.

# નિવેદન.

રાજકોટ નજીક ઢોલરા ગામના મૂળ વતની પરમકૃપાળુ પ્રાતઃસ્મરણીય વેદશાસ્ત્ર સંપન્ન પરમ પૂજ્ય સદ્દગત શ્રી રામેશ્વર મોરારજીના સહવાસથી વૈદિક સંસ્કારનો મને તેમજ મારા ઘણા જ્ઞાતિભાઈઓને ઉત્તમ લાભ પ્રાપ્ત થયો છે.

કચ્છ પ્રદેશમાં વસ્તી અમારી પાટીદાર જ્ઞાતિ પીરાણા સતપંથને નામે ઓળખાતા અર્ધદગ્ધ પંથને માને છે, અને પૂજ્ય રામેશ્વરજીને આ પંથના ગુપ્ત ભેદ ભરમોની જાણ થતાં તેમણે અમારા ભોળા જ્ઞાતિ ભાઈઓને એ પાખંડી પંથના સકંજામાંથી સત્વરે છોડાવવાને અમને વારંવાર કહેતા. એમના બોધથી અને જ્ઞાતિ ઉન્નતિ પ્રત્યેની ઉંડી લાગણીથી પ્રેરાઈને એ ભેદી પંથના ગુપ્ત ઈંદ્ર જાળીક ભેદ ભરમો જ્ઞાતિ સુધારક યુવક મંડળો સ્થાપીને, તે દ્વારા અનેક જાહેર સભાઓ અને પરિષદો ભરીને, અમારા જ્ઞાતિભાઈઓ અને અન્ય બંધુઓ કે જેઓ એ પંથમાં સપડાયેલા છે, તેમને સમજાવવાના યત્નો શરૂ કરવા માંડયા, જેથી કેટલાક સમજુ ભાઈઓ તો એ પંથના કપટતંત્રને જાણી તેને તિલાંજલી આપી છુટા થઈ ગયા છે. પરંતુ એથી એ કામ પૂર્ણ થયું છે એમ નજ કહેવાય. હજુ તો લાખો ભોળા હિંદુભાઈઓ એ પંથમાં ફસાયેલા પડયા છે. અને નિત્ય તેમની સંખ્યામાં વધારો થતો જ જાય છે. તેમને એ ફાંસામાંથી છોડાવવાના હેતુથી સબળ કાર્યકર્ત્તાઓને અને સનાતન હિંદુધર્મના આચાર્યો અને સમર્થ વિદ્વાનોને પીરાણા સતપંથ એ શું છે? તેમાં અજ્ઞાન અને ભોળા હિંદુભાઈઓને વટલાવી ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી, હિંદુજાતિઓથી વિમુખ બનાવી વેદો અને શાસ્ત્રપુરાણોમાંથી વિશ્વાસ ઉઠાડી; ગાય, બ્રાહ્મણ જોગી સાધુ સન્યાસીઓને ન માનવા માટે એ પંથના ચલાવનારાઓ એ કરેલી અનેક યુક્તિઓ, અને તેમના રચેલાં અલેલટપુ શાસ્ત્રો અને એ પંથની ક્રિયાઓથી કેવા જકડી રાખ્યા છે, તે જણાવી શકાય તોજ કાર્ય સિદ્ધી થાય, એ પ્રમાણેની ઘણા મીત્રોની સલાહથી એ પંથના છુપાં હસ્તલીખીત તેમજ છાપેલાં સાહિત્યો પાણીની પેઠે પૈસા ખર્ચી એકઠાં કરી, તેના સારરૂપ આ પુસ્તક લખવાનો મારો છ વર્ષનો પ્રયત્ન આજે ફળીભૂત થાય છે, તેના માટે નીચે જણાવેલા પુસ્તકોમાંથી કેટલાક આધારો લીધેલા હોવાથી તેના પ્રકટ કર્ત્તાઓ, તથા શ્રીયુત છીમાભાઈ ભુલાભાઈ ભાટારવાળા અને બીજા એક મારા મુરબ્બી બંધુએ પીરાણા સતપંથના હસ્ત લીખીત સેંકડો પુસ્તકો મને મેળવી આપવાના માટે જે મદદો કરી છે; તેના માટે હું તે બધાનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

| | |
|---|---|
| (૧) હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ. | (૧૦) દરે ખુલ્દે બરી. |
| (૨) ગૌતમ બુદ્ધનો ઇતિહાસ. | (૧૧) તવારીખે પીર. |
| (૩) ખોજા વૃતાંત | (૧૨) મુળબંધ. |
| (૪) ખોજા કોમની તવારીખ. | (૧૩) દશ અવતાર. |
| (૫) સતપંથ શાસ્ત્ર. | (૧૪) દશતરી ગાવંત્રી. |
| (૬) ગુપ્ત પંથકા સોજરા. | (૧૫) નકલંક ગીતા. |
| (૭) હસનબિન સબ્બાહ. | (૧૬) મુળગાવંત્રી. |
| (૮) મઝહરે ઝાતે અલ્લાહ. | (૧૭) દશ ગુગરીનું જ્ઞાન. |
| (૯) ભાભારામ સુબોધ. | (૧૮) કણબી ક્ષત્રિય ઉત્પત્તિ. |

પુસ્તક લખવાના કાર્ય માટે જેમ જેમ સાહિત્ય મળતું ગયું તેમ તેમ એકઠું કરી લખવાનું કામ શરૂ કર્યું. અને તેની જાહેર ખબર પણ અમારી જ્ઞાતિની સભાઓના અને છુટક રીપોર્ટોમાં આપી દીધી હતી. પ્રથમ ધારવા પ્રમાણે ૪૦ થી ૫૦ ફરમાનું એ પુસ્તક થશે એમ જાણી તેની કિંમત ફક્ત રૂપિયા ત્રણથી સાડાત્રણ સુધીની જણાવી હતી. પરંતુ પુસ્તકનું કદ ધારવા કરતાં દોઢું થઈ ગયું છે. કારણ કે ભોળા અને અજ્ઞાન સતપંથી ભાઈઓના હૃદયમાંથી એ પંથનું પાખંડ દુર કરાવવાના હેતુથી એજ પંથના કેટલાંક ગુપ્ત હસ્તલીખીત શાસ્ત્રો અને ક્રિયાઓ લખાવવામાં અને ખરિદ કરવામાં હજારો રૂપિઆનું વધુ ખર્ચ થઈ જવાથી, તેમજ એ પંથની વિરૂદ્ધ ઝુંબેસ ઉઠાવનારા વિર બંધુઓના ફોટાઓ અને મહોર નબુવત આદિ ચિત્રો લીથો પ્રેસમાં છપાવવાથી ખર્ચ ધાર્યા કરતાં વિશેષ થઈ ગયું છે. જેથી તેની કિંમત રૂા. ૪) રાખવામાં આવી છે.

અનેક મુશ્કેલીઓ વચ્ચે બની શકે એટલાં સાહિત્યોના વિચારો ભેગા કરી આજે તૈયાર કરેલ પુસ્તકે પોતાનો હેતુ કેટલે દરજ્જે સાધ્ય કર્યો છે, તે નક્કી કરવાનું કાર્ય કદરદાન હિંદુજનતાનું જ છે. પરંતુ મને શ્રદ્ધા છે કે, મારા આ અલ્પ પુરૂષાર્થથી કરેલા પ્રયાસમાં વાચક બંધુઓને ઘણું જાણવાનું મળશે.

આ પુસ્તક ઘણી અડચણો વચ્ચે ઘણી ઉતાવળથી એકલા હાથે તૈયાર કરવામાં આવેલ હોવાથી સુજ્ઞ વાચકને જયાં જયાં દોષો પ્રાપ્ત થાય ત્યાં ત્યાં હંસ માફક સારગ્રાહી દ્રષ્ટીથી જોઈ ક્ષમા કરશે, અને યોગ્ય સૂચનાઓ કરવામાં આવશે. તો તે પ્રતિ પૂર્ણ માનની લાગણીથી ધ્યાન આપી બીજી આવૃત્તિમાં સુધારો કરવા ચુકીશ નહિ; કારણ કે પુસ્તક લખવાનો આ મારો પ્રથમ જ પ્રયાસ હોવાથી ભૂલો રહી જવા સંભવ છે.

આ મારા અલ્પ પુરૂષાર્થથી અજ્ઞાન અને ભોળા હિંદુભાઇઓ કે જેઓ એ પીરાણા સતપંથમાં ફસાયા છે, તેઓ સમજીને એ પંથમાંથી સત્વરે છુટા થાયે; એવી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે.

કર્તા.

# અનુક્રમણિકા.


વિષય. પૃષ્ઠ.

મંગલાચરણ અને ગ્રન્થારંભની સ્તુતિ. .... .... ૧—૩.

અવતરણિકા. .... .... .... ૩—૧૦.

યુવક મંડળ તથા પરિષદની સંક્ષિપ્ત રૂપરેખા. .... ૧૧—૬૮.

પ્રકરણ ૧ લું.

ભારતનું પ્રાચીન ગૌરવ. .... .... .... ૬૯—૭૬.

પ્રકરણ ૨ જું.

વૈદિક સનાતન ધર્મની શિથિલતા અને બૌદ્ધધર્મનો પ્રભાવ. ૭૬—૮૩.

પ્રકરણ ૩ જું.

ભારતનું સ્થિત્યન્તર અને હિંદમાં ઈસલામનો પ્રવેશ. .... ૮૪—૯૧.

પ્રકરણ ૪ થું.

ઇસલામી રાજ્ય સત્તાનો અંત.... ... .... ૯૨—૯૬.

પ્રકરણ ૫ મું.

સતપંથીઓનું આદિમૂળ અને ઈસ્લામનો ટુંકો હેવાલ.... ૯૭—૧૧૬.

પ્રકરણ ૬ ઠું.

હિંદુસ્તાનમાં આગાખાની સતપંથની ઉત્તપત્તિ .... ૧૧૭ ૧૩૫.

નુર સતગોર, પીર સમસુદ્દીન, પીર નસીરદીન, પીર સદરૂદીન, પીર કબીરદીન વિગેરે મીશનરી પીરોનાં જીવન વૃત્તાંત.

પ્રકરણ ૭ મું.

પીરાણા સતપંથના સ્થાપક પીર ઈમામશાહની જીવનરેખા. ૧૩૬—૧૫૧.

ખાલકશાહ, બાકરશાહ, બાલાશાહ અને નૂર મહંમદશાહ; નાંયો કાકો, ભાભારામ, કીકીબાઈ, હાજરબેગ, શાણા કાકા વિગેરેની ટુંકી જીવનરેખા.

પ્રકરણ ૮ મુ.

પીર ઇમામશાહનાં રચેલાં શાસ્ત્રો... .... .... ૧૫૨—૩૭૨.

પૃથ્વીનું મંડાણ, આઠલાખ કરણની ઉત્તપત્તિ, ધંધુકારની હકીકત, આદ કળાસ અને ઘટથાપના, ચાર ખાણની હકીકત, ત્રણ દેવની ઉત્તપત્તિ, ધર્મની ઉત્તપત્તિ, ઘટપાટની સ્થાપના, પેલો જાયલા કલપ, બીજો ફાયલા કલપ, ત્રીજો અરજા કલપ, ચોથો ખલીફા કલપ, પેલો કરતા જુગ, બીજો ત્રેતાજુગ, ત્રીજો દુઆપર જુગ, ચોથો કલીયુગ, નકલંકી ગીતા, છ દરશનની હર હકીકત, પહેલો બ્રહ્મ દરશન, બીજો નાયક દરશન, ત્રીજું જૈન દરશન, ચોથું બુદ્ધ દરશન પાંચમું શીવ દરશન, છઠું મીલછ દરશન, મોટી દશોતારી ભાવંની શ્રી

મચ્છા અવતાર મોટો, શ્રી કુર્મ અવતાર, શ્રી વરાહ અવતાર શ્રી નરસિંહ અવતાર, શ્રી વામન અવતાર, શ્રી ફરસરામ અવતાર, શ્રી રામા અવતાર, શ્રી કૃષ્ણ અવતાર, શ્રી બુદ્ધા અવતાર મોટો, શ્રી નકલંકી અવતાર.

## પ્રકરણ ૯ મું.

પીરાણા સતપંથીઓની રાત્રીના વખને ખાનામાં થતી પુજાની ક્રાયાઓ. .... .... .... ૩૭૩—૪૬૩.

મુખીની ક્રિયા, દેવસ્થાપનના મંડાણુની દોવા, મુખીને તોબા પડવાની દોવા, મુખીને આસણુ આગળ ભણુવાની દોવા, આસણુ ઉપર પેલો જમણો પગ મુકવાની દોવા, પાટ માંડવાની દોવા, શરદો કરવાની દોવા, પાટ ઉપર આખા મુકવાની દોવા, પાટને ચારે દીસે પેસા મુકવાની દોવા. પેસા મુકીને શરદાની દોવા, કળસને ધુપ લોબાનની દોવા, દીવા જોતને પ્રણામની દોવા, કળસમાં જળ ભરવાની દોવા, કળસ માંડીને શરદાની દોવા, કળસ ઉપર આખા મુકવાની દોવા, કળસમાં આખા તારી શરદો કરવાની દોવા, ઘટપાટને ફુલ ચડાવવાની દોવા, ઘટપાટે ચુવાચંદન અબીલ ચડાવવાની દોવા, ગોરનરની આલ ગાવંત્રી, ચાળીસ ઇમામના કાંકણુની દોવા, ગોરનરના આલ કાંકણુની દોવા, કળસને પ્રદક્ષણાના દોવા, કળસને ઉત્તર પૂરવ દખણુ અને પછમ દસાએ ઉદકની જુદી જુદી દોવાઓ. દશે દિશામાં છાંટ નાખી સરદો કરવાની દોવા, ફુલ રખેસરને હેજંદાની દોવા, વિસનુને થાળ જમાડવાની દોવા, બ્રહ્માને થાળ જમાડવાની દોવા, માહેશ્વરને થાળ જમાડવાની દોવા, શક્તિને થાળ જમાડવાની દોવા, સર્વે દેવ રખેસરોને જમાડી દશોંદ લેવાની દોવા, દોવા જીવના ગુના ઉતાર્યાની પેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી ચાલ્યા જીવને ઉઠાસણુના, પેલી સ્વેત ખાણુની, બીજી ઇંડજ ખાણુની, ત્રીજી ઉદભીજ ખાણુની, ચોથી જરોજ ખાણુની, જીવને રવીમંડળે પોંચાડવાની જીવને ઉઠાસણુાની બાવન ઘાટીમાં ભણુવાની વિગેરે જુદી જુદી દોવાઓ, જીવને આસણુ વસ્ત્રની દોવા, ઉઠાસણે આસણુની દોવા, ઉઠાસણે વાસણુને છાંટ નાંખવાંની દોવા, ઉઠાસણે દેવ થાળ નીશાનીની દોવા, બાળક તથા નવા ધર્મીને કાંકણુ બાંધવાની દોવા, વરકન્યાને કાંકણુ બાંધવાની દોવા, કળસ ઉપરથી આખા ઉતારવાની દોવા, મોટી છાંટ નાંખી શરદો કરવાની દોવા, સ્ત્રીને લાઇ સુતક ઉતાર્યાની દોવા, પુરૂષને સુતક ઉતાર્યાની દોવા, રખેસરના મોડે છાંટ નાખવાની દોવા, મુખીને પાવળ પીધાની દોવા, કળશને ઉઠાડવાની દોવા,

પાટ ઉપરથી પૈસા ઉપાડવાની દોવા, થાળ અખેપાત્રની દોવા, થાળ અખેપાત્ર જમવાની દોવા, થાળ જમીને ભણવાની દોવા, ગત જમાત પરવારી ઉઠયાની દોવા, બીજનો ચંદ્ર જોવાની દોવા, સુરજના સામે ભણવાની દોવા, નાદે અલીની દોવા તથા ખાસીયત, દીવાજોતને પ્રણામ કરવાની દોવા, સતપંથીઓને બપોર સાંઝ અને મધરાતે ભણવાની દોવા, હેજંદાની દોવા, મુડદાંને નવરાવવાની દોવા, મુડદાંને દાટવાની દોવા, મુડદાંને દાટયા પછી બોલાવાની દોવા, મુડદાંને દાટી આવ્યા પછી નાવાની દોવા, પીરાણા સનપંથની રધુવેદી, જુજરવેદી, સામવેદી, અથરવેદી અને મુગત મારગના જુદી જુદી ગાયત્રીઓ. પાંચે ગાયત્રીનું ધ્યાન, પાંચ કલમા. તૈયબનો કલમો અને કલમાઓનું જ્ઞાન. મહોર નબુવતની દોવા, નબુવત જોયાનું ધર્મ અને મહોર નબુવતની ખાસીયત, ધંધુકારી નુરનામું, મોટું નુરનામું, નુરનામાની ખાસીયત, બાજનામાનો દોવા, અને તેની ખાસીયત. રતનનામાની દોવા, અને તેની ખાસીયત, અલીની અરજી વિગેરે વિગેરે.

પ્રકરણ ૧૦ મું.

**જન્નતનામું, વીસટોલ, ગોરવાણી, દશગુગરીનું જ્ઞાન** .... ૪૬૪–૪૯૯.

પ્રકરણ ૧૧ મું.

**ક્રૂર્મી ક્ષત્રિય ઉત્તપત્તિ.** ... .... .... ૫૦૦–૫૨૦.

કણબીઓના મૂળ પુરૂષ ક્રૂર્મરૂષિની ઉત્તપત્તિ, ક્રૂર્મી શબ્દનો સપ્રમાણ અર્થ ક્રૂર્મી ક્ષત્રિય છે, ક્રૂર્મીની મહત્તા વિષે ઇંગ્રેજ ઇતિહાસકારોના અભિપ્રાય, પંજાબપર સ્વારીઓ અને ક્રૂર્મીઓનું પ્રયાણ, ગુજરાતમાં વસતા બાવન સાખના ક્રૂર્મીઓની સાખો, પ્રાચીન ગુજરાતમાં કુર્મીઓનો પ્રવેશ,

પ્રકરણ ૧૨ મું.

**કચ્છમાં કણબીઓનો વિસ્તાર.** ... .... ... ૫૨૧–૫૪૯.

**૧૮૭૨ની સાલમાં કણબી જ્ઞાતિએ કરેલો ઠરાવ.** ગામ ડયાપરમાં પીરાણા સતપંથને તિલાંજલી આપી દેહ શુદ્ધિ લેનારાં ભાઈ બહેનોનાં નામો. ઘાટકોપરમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેનારનાં નામો. ગામ પાનેલીમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેનારાં ભાઈ બહેનોનાં નામો, તે ઉપરાંત રવાપર માટુંગા વિગેરે જુદાં જુદાં ગામોએ પ્રાયશ્ચિત લેનારાં ભાઈ બહેનોનાં નામો. ઘાટકોપરમાં તા. ૨૨–૪–૧૯૨૩ના રોજ પરિષદના સભામંડપમાં પ્રાયશ્ચિત લેનારાં ભાઈ બહેનોનાં નામો. કરાંચી મુકામે પ્રાયશ્ચિત લેનારાં ભાઈ બહેનોનાં નામો.

**ઉપસંહાર.** .... .... ... ... ... ૫૫૦–૫૫૨.

ॐ

હિંદુધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની-

# પીરાણા-"સતપંથ" ની પોલ;

અને

# સત્યનો પ્રકાશ.

अथ मंगलाचरणम्.

"शुक्लां ब्रह्मविचारसारपरमामाद्यां जगद्व्यापिनीम् ।
वीणापुस्तकधारिणीमभयदां जाड्यान्धकारापहाम् ॥
हस्ते स्फाटिकमालिकां विदधती पद्मासने संस्थितां ।
वन्दे तां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदां शारदाम् ॥" ॥१॥

"या कुन्देन्दुतुषारहारधवला, या श्वेतपद्मासना ।
या वीणावरदंडधारणकरी, बुद्धिप्रदा शारदा ॥
या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वन्दिता ।
सा माम् पातु सरस्वती भगवती, निःशेषजाड्यापहा" ॥२॥

મંગલ-વિમળ શ્વેત વસ્ત્રોને પરિધાન કરનારી, પરમ તત્વવિચારની સાર સ્વરૂપિણી, અખિલ બ્રહ્માંડની આદિકારણ-સ્વરૂપા, સકળ વિશ્વમા વ્યાપી રહેનારી, વેદવાણીની દિવ્ય વીણા, અને ઉત્તમ જ્ઞાન-ગ્રંથોને, હસ્તમા ધારણ કરનારી, અભય વરને અર્પનારી, જડતા રૂપી બુદ્ધિના અંધારપટને નિવારનારી, પોતાના વરદ કરકમલમાં તેજસ્વી સ્ફાટિકમાલિકાને ધારણ કરનારી, ધવલ કમલાસને વિરાજનારી, સદ્બુદ્ધિપ્રદાયિની, પરમ ઐશ્વર્યધારિણી, ભગવતી, શ્રી સરસ્વતીને ગ્રંથારંભે વિનીત ચિત્તે વંદન કરૂં છું.

શરત્પુર્ણિમાની શીતલ હિમાંશુમાલપરિશોભિત, ધવલ કમલમાલિકાને ધારણ કરનારી, શુભ્ર-ઉજ્વલ-પટકુલને પરિધાન કરનારી, વેદરૂપી અમોઘ શ્રુતિમન્ત્રોની દિવ્ય વીણા, તેમજ વરપ્રદાયક શુભ્ર દંડમંડિત કરકમલવાળી, ધવલ કમલના દિવ્ય શુભાસન પર વિરાજનારી, બ્રહ્મા, વિષ્ણુ, શંકરાદિ સર્વ દેવોનાં વન્દનને ઝીલનારી, સકલ જડતા અને મતિની મંદતાને હરણ કરનારી, પવિત્ર સદ્બુદ્ધિને પ્રેરનારી, **મહામાયા શ્રીસરસ્વતી ભગવતી,** મ્હારા આ રંક પ્રયાસને સફલ કરવામાં સર્વથા સહાયક તેમજ સંરક્ષક થાઓ.

# —ગ્રન્થારંભે, ત્હેની નિર્વિઘ્ને પરિસમાપ્તિ નિમિત્તે—

## आदिदेवता श्रीनारायणनुं आव्हान—

( अथ स्वरूपध्यानम् । )

" ॐ सत्यं ज्ञानमनन्तं यन्निष्कलं निष्क्रीयं परम् ॥
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ॥ १ ॥
यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ॥
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ २ ॥ "

श्वेताश्वेतर उपनिषद्—

**ભાવ:**—ત્રણે કાલમાં એક રૂપજ રહેનારા, અનન્ત જ્ઞાનનિધિ, કલા તેમજ ક્રિયાથી રહિત હોવા છતાં, સકળસૃષ્ટિના એક માત્ર અધિષ્ઠાન; અનુપમેય અને અદ્વિતીય, અખિલ બ્રહ્માંડને પોતાના પ્રભાવમાંજ શમાવી રાખનારા, પ્રણવ પરમાત્મા શ્રીનારાયણની, પ્રારંભમાંજ આર્જવભરી ઉપાસના સહિત, આ અનંત વિશ્વમાં ઇશ્વરી સત્યનો પ્રકાશ પાથરવાની, શ્રી પ્રભુ ચરણે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરૂં છું, કેમકે,—

સૃષ્ટિના આદિ—ઉત્પત્તિ—કાલે, જે દિવ્ય ચેતનશક્તિએ, **નારાયણ**—રૂપે, પોતાનાં નાભિકમલમાંથી, જગતના પિતામહ બ્રહ્માને સૃજ્યા, અને એ ચતુર્મુખ વિધાતાદ્વારા અખિલ વિશ્વની તેમજ જ્ઞાનનિધિ શ્રી વેદગ્રન્થોની પ્રેરણા કરી, એવા જીવમાત્રની આત્મબુદ્ધિને વિકસાવનારા અને પ્રતિભાની પ્રભુતાને પ્રકાશનારા, અનંત દૈવત તેમજ ઐશ્વર્યના સ્વામી, અન્તર્યામી, અવનિના અધિરાજ, પાલક અને પરિપોષક, પરમકૃપાળુ શ્રી **શેષશાયી, લક્ષ્મીપતિ નારાયણ ભગવાનનું**, હું આ હસ્તપ્રાપ્ત કર્તવ્યની સફલતા સહિત પરિસમાપ્તિ અર્થે, આજન્મનાં રૂણમાંથી મુક્ત થવાની ઇચ્છાવાળો રંક મુમુક્ષુ, શ્રદ્ધાસહિત અનન્ય શરણ સ્વીકારૂં છું, અને શ્રી ચરણે એજ સમયે યાચું છું કે, હે વિઘ્નવિનાશક વિશ્વપતિ! આપના સંકેત, આદેશ અને પ્રેરણાને ઓળખી—અનુસરી, નિર્મલ સેવાભાવવડે, સામર્થ્ય ન હોવા છતાં પણ, હાથ ધરેલા આ વિરાટ સાહસમાં, આપની દયાનો સંચાર કરી, તેને નિર્વિઘ્ને પાર ઉતારશો; તેમજ આપના મહાન્ સત્યનો દૈવી સંદેશો, વ્હાલા ભારતવાસીઓને આંગણે આંગણે પહોંચાડવાનું બલ પ્રેરી, મ્હારા પ્રયાસનો હેતુ સફલ કરવાનો સુયોગ સમર્પશો, એ જ આરંભની યાચના.

# अवतरणिका.

**नी**ति–શાસ્ત્રકાર કહે છે કે,—" **कारणाद्विना न कार्यं संभवति ।** " અર્થાત્ કારણ વગર કાર્યની ઉત્પત્તિ થતી નથી. ધૂમ્ર દેખાય, ત્યાં અગ્નિ જરૂર હોવોજ જોઇએ; એ ન્યાયે આ ગ્રંથ પણ સકારણ છે. આજે જગતમાં સાહિત્યની વૃદ્ધિ વિદ્યુદ્‌વેગે થઇ રહી છે. અને જગતની સાથે, સાથે કે તેની પાછળ ખેંચાઇ રહેલું આ હિંદ પણ સાહિત્ય–ક્ષેત્રમાં દિન પ્રતિ દિન પ્રગતિને પંથે આગળ વધવા લાગ્યું છે; જગતની એ સાહિત્ય–પ્રગતિમાં અને મુખ્યત્વે હિંદની અન્ય ભાષાઓની સાહિત્યવૃદ્ધિમાં રસપૂર્વક ભાગ લેતું **ગુજરાત** પણ, પોતાની શક્તિ પ્રમાણે શારદાની સાત્વિક સેવાનો ફાળો, આજકાલ ઉત્સાહથી ભરી રહ્યું છે. દિવસ ઉગતાં અવનવાં ખિલતાં ફુલડાંઓની પેડે, વિવિધ વિષયોનાં ન્હાનાં મ્હોટાં અનેક અવનવાં પુસ્તકો પ્રગટ થઇ રહ્યાં છે, અને પોતાની તેમજ વાચકવર્ગની ગ્રાહકશક્તિની તુલનાએ આદર વા અનાદર પામી, **ભારતના** નવજીવનમાં યથાસાધ્ય ન્યૂનાધિક પ્રકાશ સીંચી રહ્યાં છે.

પચીશ–ત્રીસ વર્ષો અગાઉની અને આજની સાહિત્ય પિરિસ્થતિમાં આસમાન–જમીન જેવું વિશાળું અંતર પડી રહ્યું છે. આજે તો ઐહિક–પારલૌકિક સેંકડો વિષયો ઉપર, વિવિધ વિદ્વાનોના અનેક ગ્રંથો પ્રકાશમાં આવી રહ્યા છે. ધર્મ, સમાજ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, હુન્નર, વ્યાપાર, કલા, વિજ્ઞાન, કાવ્ય, નાટક, નવલકથા, ઇતિહાસ તેમજ જ્યોતિષ, રસાયન, અને વૈદક જેવા શાસ્ત્રીય વિષયોના પણ સેંકડો ગ્રંથો સતત ધારાએ પ્રકાશમાં આવી, દેશ–કાલ-સ્થિતિને અનુસરતું માનવજીવન ઘડવામાં, પોતાની શક્તિ પ્રમાણે, અનુપમ ભૂમિકા ભજવી રહ્યાં છે. આવી બહુદેશવ્યાપી, સમર્થ સાક્ષરોવડે ચાલી રહેલી, સાહિત્ય–પ્રગતિમાં, મ્હારા જેવો એક સામાન્ય સંસ્કારી, અર્ધશિક્ષિત મનુષ્ય, એકાએક કૂદી પડવાનું સાહસ કરે, એ વખતે કોઇને અજુગતું, અપ્રાસંગિક અથવા આશ્ચર્યજનક લાગે, એ સ્વાભાવિકજ છે. પરંતુ આ ગ્રંથના નિવેદન પ્રસંગે પ્રારંભમાંજ જણાવ્યા પ્રમાણે, આ પ્રયાસ ખાસ સકારણજ છે. એટલુંજ નહિ, પણ એ કારણો ઘણા મહત્વનાં અને આપણા દેશની તેમજ ધર્મની પરિસ્થિતિ સુધારવામાં મ્હારી રંક માન્યતા પ્રમાણે અતિ ઉપયોગી પણ છે, જે વિચારવાન વાચક અનાયાસે પોતેજ સ્હમજીને સ્વીકારી શકે તેવાં છે.

**उद्देश अने आरंभ.**

પ્રથમ તો, આ ગ્રંથનો વિષય છેક જ નવીન છે. મ્હારા જાણવા પ્રમાણે, આ ગ્રંથમાં ચર્ચેલા વિષય ઉપર ગુજરાતી ભાષામાં સવિસ્તર મુદ્દાસર હકિકતવાળો, કોઇ પણ સ્વતંત્ર ગ્રંથ, લખાયો, છપાયો કે પ્રગટ થયો જ નથી. ન્હાનાં ભાષણો કે ટુંકી નોંધો જેવી એક બે ફરમાની સામાન્ય બે ચાર ચોપડીઓ છપાયેલી ને બહાર પડેલી મ્હારા જોવામાં આવી છે; પરંતુ તેમનાથી કંઇ અનેક જમાનાઓ થયાં અંધારામાં રહેલા, છતાં પણ જનતાના પ્રાણ સાથે, લાંબા સમયથી જીવનદોરીરૂપે જકડાયેલા, આવા મહત્વના વિષયને જોઇએ તેવો પૂરતો ન્યાય આપી ન જ શકાય, એ સર્વથા સામાન્ય બાબત છે.

વળી આજનાં ઘણાખરા લેખકોની પેઠે, નવલકથા, નાટક, નિબંધ, વાર્તા, ઉપન્યાસ કે ઇતિહાસનાં પરભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકોના અનુવાદો અથવા અનુકરણો કરી, ગુજરાતની ગ્રંથસમૃદ્ધિમાં ભરતી કરવાની, કે અવનવાં કલ્પિત રસીક પુસ્તકો રચી–છપાવી, પોતાને વિદ્વાનમાં ખપાવી, નામ કમાવાની, કે એવા કોઇ પણ પ્રકારે પ્રકાશમાં આવવાની, મને લેશમાત્ર પણ મહત્વાકાંક્ષા નથી; અથવા લોભવૃત્તિએ કરેલી પ્રેરણાને આધીન થઇ કનક વા કીર્તિની પ્રાપ્તિનો, ઘણા લેખક બંધુઓએ સ્વીકારેલો રસ્તો પણ મ્હેં પસંદ કર્યો નથી; પરંતુ એક જૂદી જ દિશામાં કોઇ જૂદા જ ધર્મ–શાસ્ત્રનો સેવા–થાળ લઇને, જૂની–નવી ભાવનાનાં વિચિત્ર સંમેલનવાળો આ પ્રભુનાં દેવમંદિરનો સાત્વિક પ્રસાદ, એક માત્ર નિઃસ્વાર્થ ધર્મ–સેવાભાવથી પ્રેરાઇનેજ, આપણી પતન પામતી હિંદીજનતાને જાગૃત કરવા માટે, તેની આંખો સામે, આ છૂપો અને ભેદી ઇતિહાસ, મ્હારા કેટલાક અનુભવના ઉદ્‌ગારો સહિત, એક માત્ર જનતાનાં શાશ્વત કલ્યાણની જ ઇચ્છાથી, હું અહિં સાદર હાજર કરું છું. એ ઇતિહાસ અને તેમાં વર્ણવેલા રોમાંચક પ્રસંગો, જે આજસુધી ધોળે દહાડે, વિશાળ જનતાની સગી આંખો સ્હામે, રૂદ્ર, વીર અને કરૂણારસ સહિત ભજવાઇ રહ્યા છે, તેમનું મ્હારી શક્તિ પ્રમાણે, તાદૃશ્ય ચિત્ર આંકી, પોતાનાં જૂનાં જર્જરિત સળગતાં ઘરમાં, જાગતી આંખે, પ્રમાદ અને દંભનિદ્રા ભોગવતી પ્રાણાધિક જનતાને, સજાગૃત કરવા, અને ઘરને ખૂણે ખૂણે લાગેલી અધર્મની આગ ઉપર ધાર્મિક પ્રયાસોનાં પાણીનો મારો ચલાવી, આપણી ત્રિવિધ સંપત્તિનાં, આ લોક અને પરલોકનાં, તેમ જ આશાભરી આપણી ભાવી પ્રજાનાં, એ દવાનલમાંથી સંરક્ષણ કરવા નિમિત્તેજ, આ ઉકળતાં અંતરમાંથી ઉઠેલાં મ્હારાં થોડાં જ્વલનોને ઠાલવી, જડ કાગળની સપાટી ઉપર એ પ્રસંગોનું હૃદયદ્રાવક ચિત્ર પ્રત્યક્ષ કરી બતાવ્યું છે. વળી હિંદની જાહેર જનતાનો, અને મુખ્યત્વે મ્હારી વિશાળ જ્ઞાતિનો, નિર્વિલંબે ઉદ્ધાર કરવામાં, આ ગ્રંથના વિવેકી વાચક અને વિચારવાન્ વિદ્વાન્ ભાઇઓ પણ, પોતાની ફરજ સમજી મ્હેં ઉઠાવેલાં આ વિકટ કાર્યમાં યથાશક્તિ, યથાભક્તિ, મને સહાયભૂત થાય, તેમજ આજનાં આ વિષમ વાતાવરણમાંથી–જે કોઇ સમર્થ તારૂ હોય–તે, અમને અધોગતિનાં મોજાંઓમાં ઘસડાતા–ડૂબતા, પ્રભુને ખાતર બચાવી લે, એવી કંઇક સ્વાર્થ–પરમાર્થ–સંમિશ્રિત ઉંડી, અવનવી, આશા–અભિલાષાઓવડે ઉત્તેજિત થયેલું મારૂં હૃદય, આ પોતાના ગજા ઉપરાંતના ભીમ સાહસમાં ઝીંપલાવે છે. સાહસ એટલા માટેજ કે,–પ્રસ્તુત મહત્વના વિષયને પહોંચી વળવા કે ન્યાય આપવા જેટલું, આ રંક લેખકમાં નથી અભ્યાસબળ કે નથી જ્ઞાનબળ! છતાં પણ મ્હારી જાણ પ્રમાણે લાંબા અનુભવપૂર્વક આ ગંભીર વિષયમાં રસ લઇને, ત્હેનો ઉંડો અભ્યાસ કરનારા અને એ બાબતનું જનતાની આંખો સ્હામે સારૂં અજવાળું પાડી, ધ્યાન ખેંચવાની શક્તિવાળા, બીજા કોઇ આ વિષયના રસીક, અનુભવી સમર્થ વિદ્વાન બંધુના અભાવે, નિરૂપાયે મ્હારે માથે આવી પડેલી, આ એક પવિત્ર ફરજ સ્હમજીને જ, આ જોખમ અને સાહસ ભર્યું કાર્ય, આજે વર્ષો થયાં મેં હાથ ધરેલું હતું, અને તે ઘણા લાંબા સમય અગાઉ–કહો કે વર્ષો અગાઉ–જનતાને ચરણે હાજર કરવાની મ્હારી તીવ્ર ઉત્કંઠા પણ હતી; પરંતુ લખવાનો આરંભ કરી, એ વિષયને યોગ્ય ન્યાય આપવા–અપાવવા–માટે, જેમ જેમ હું તલાંબપી જૂના, અપ્રસિદ્ધ, ભેદી અને છૂપા હસ્તલિખિત સાહિત્ય–સાગરમાં ઉંડો ઉતરતો ગયો, તેમતેમ એ વિશાળ સિંધુનાં અનેક અજાયબી ભરેલાં મોતીઓ, મ્હારે હાથે

મ્હડતાં ગયાં, તેથી એ બધાંનો સંગ્રહ કરી, માંખણ કહાડી, થોડા પ્રયાસે તેનો બધો સાર, સંક્ષેપમાં જ જનતાને સ્હમજાઇ જાય, એવી રીતે ઉક્ત વિષયનો સરલ સત્વરૂપ ઇતિહાસ, તેમ જ મ્હારા અભિપ્રાયો–અભિલાષોનો મહત્વનો ભાગ, પણ મુદ્દાસર લખવા અને યોજવા માટે, મ્હારે મહાભારત પરિશ્રમ ઉઠાવીને, સમય-ધન તેમજ શક્તિનો કેટ કેટલો ભોગ આપવો પડયો છે, તે હું મ્હારે હાથે અહિં લખી બતાવું, તેના કરતાં વિવેકી વાચકની જ ન્યાય બુદ્ધિને એ કામ સોંપી, હવે હું ગ્રન્થના મુખ્ય વિષય સંબંધી અહીં બે આવશ્યક શબ્દો લખીને, આ લંબાઇ જતી પ્રવેશિકાને વિસ્તાર ભયથી, અત્રે ટુંકાવવા જ ઇચ્છું છું.

## ગ્રન્થ–યોજનાનું મુખ્ય કારણ–તેનો આ પ્રયાસ સાથે સંબંધ—

જે મહત્વનાં પ્રયોજન માટે આ ગ્રંથ લખાયો છે, તેનાં મૂળરૂપ–**પીરાણા–સતપંથ** સંબંધી કંઇક ટુંકો ખુલાસો, અને આ ગ્રંથ સાથે તેનો ખાસ સંબંધ, સંક્ષેપમાં અહીં વિચારી લેઇએ, તો, તેનું પ્રયોજન કંઇક સ્પષ્ટ સ્હમજી શકાશે.

જે મહત્વના વિષયને આ ગ્રન્થમાં પ્રાધાન્ય આપેલું છે, તે વિષય તો આ ગ્રંથના નામ ઉપરથી જ સૂચિત થઇ જાય છે. **પીરાણા-સતપંથ** એ શું છે ? તે આપણા દેશની, આપણી જાતિની, અને જનતાની, ભૂત, વર્ત્તમાન તેમજ ભાવી પરિસ્થિતિમાં કેવો મહત્વનો ભાગ ભજવી ગયું છે, ભજવશે, અને હાલ ભજવી રહ્યું છે ? તેમજ તેનો આજે છૂપો અને જાહેર પ્રચાર કેવી કેવી છલનીતિથી, યુક્તિ–પ્રયુક્તિયોથી, હિંદમાં ચાલી રહ્યો છે, તેનું અહીં આછું ચિત્ર આંકી, તેની પોલો, અને તેના ભેદભરમો, તેના કાવા–દાવા અને યુક્તિ–પ્રયુક્તિઓ સંબંધી, અહિં સ્હેજ ઇશારો કરવાની મ્હને આવશ્યકતા જણાય છે.

**પીરાણા–સતપંથ**ને નામે આજે અનેક સદીઓથી ઓળખાતા, અને ગુપ્ત તેમ જ જાહેર રીતે હિંદના કેટલાક વિભાગોમાં પળાતા, એ **ઇસમાઇલી–ઇમામી–પીરાણા–સતપંથ**ના અનેક ફાંટાઓનો ઇતિહાસ આજસુધી અજ્ઞાનનાં ઘોર અંધકારમાં જ દટાયેલો છે, અને જે થોડો ઘણો એ પંથના પ્રવર્ત્તકો અને ઉપદેશકોએ, જાહેર કરેલો છે, તે ખોટો મહિમા વધારવાના હેતુથીજ, કલ્પિત ચમત્કારો, સહરાવાત ભરેલાં અસંભવિત વર્ણનો, અને ઠામેઠામ અસંગત, અસંબદ્ધ હેવાલોથી ભરપૂર હોવાથી, તે જરાપણ વિશ્વાસપાત્ર નથી. **હિંદુ**-જાતિના લાખો મુરીદો–સેવકો–એ ધર્મને પાળે છે, અને **ભારત**માં અનેક ઠેકાણે તેની શાખાઓ, તેનાં મંડળો, જમાતો અને ખાનાંઓ હાલ પ્રચલિત છે; છતાં તેનો સવિસ્તર હેવાલ, તેમજ તેની ઉત્પત્તિનો વિશ્વાસ-પાત્ર કોઇ પણ સત્ય ઇતિહાસ, આજસુધી જોઇએ તેવો મળી શકતો નથી–અને તે ન મળવાનાં અનેક ખાસ કારણો પણ છે. મુખ્ય કારણ તો એ છે કે, તેની શરૂઆતથી જ, એ પંથનો સઘળો વહીવટ, છૂપી રીતે જ ચલાવવામાં આવે છે. તેની બધી ક્રિયાઓ, રાત્રિની શાંતિમાં, ગાઢ અંધકાર નીચે, જગત્ જ્યારે નિદ્રાને ખોળે આરામ ભોગવી રહ્યું હોય, ત્યારે જ મુખ્યત્વે ચાલૂ થાય અને ભજવાય છે; અને તે સઘળો પાખંડ-નાટક, આ જગતના પડદા પાછળ, એકાન્ત ખાનાંઓના છૂપા ખૂણામાં, અન્યધર્મીઓને તેનો જરા ભાસ પણ ન થાય, એવી છૂપી રીતે જ ચલાવવામાં આવે છે. પોતાના ધર્મની કશી પણ હકીકત, પરધર્મીઓને કાને ન જવા દેવાની, એ પંથના સેવકો–મુરીદોને સખ્ત તાકીદ આપવામાં આવેલી હોય છે; માત્ર એટલું જ નહિં પણ, એ પંથનો પડદો કે ભેદ ખોલે, તેને ભયંકર નરકયાતના ભોગવવી પડશે, અને તેની આખરે ભયંકર રીતે અધોગતિ થશે, એવો

મહાન્ ભય પણ, સેવકોને બતાવવામાં આવેલો હોય છે. વળી એ ધર્મનું કપોળ કલ્પિત, બનાવટી સાહિત્ય જો બહારની દુનિયાંના જોવા–જાણવામાં કદાચ આવી જાય, તો પોતાનો પ્રપંચ–પડદો તરત જ ફૂટી જાય, એવા આંતરિક ભયથી, તેના ઉત્પાદકોએ પોતાના સઘળા હસ્તલિખિત ગ્રન્થોને પણ, ખાનાના અંધારામાં જ છૂપાવી કે દાટી રાખવાની, તેમ જ તે કોઇને પણ ન બતાવવાની, સખ્ત ભલામણો કરેલી છે. એથી પરિણામ સ્વાભાવિક રીતે એજ આવ્યું છે કે, બહારની દુનિયા એ પંથની ઉત્પત્તિ અને પરિસ્થિતિથી તદ્દન જ અજ્ઞાત રહેવા ઉપરાંત, ખાસ એજ પંથના શિષ્યો–સેવકો અને મુરીદો પણ, એ પોતાના જ ધર્મની ઉત્પત્તિ કે, પરિસ્થિતિની સાચી હકીકતોથી બહુભાગે છેકજ જ્ઞાનશૂન્ય રહી ગયા છે, એમ કહીએ, તો પણ તે કંઇ ખોટું નથી. **ગુપ્તી, શેખ, મુમના, આઠીયા, પાંચીયા** વિગેરે નામોથી ઓળખાતા, એ ધર્મના અનેક ફાંટાઓ, હિંદના ગામેગામમાં ઠામેઠામ, આજે અનેક વરસોથી ચાલૂ છે, અને એ બધા ફાંટાઓ, મુખ્યત્વે, હિંદુ ધર્મ પાળનારી જાતિઓમાંથી જ ઉત્પન્ન થયેલા છે. **ખોજા, શેખ, મુમના** વિગેરે કેટલાક ફિરકાઓ તો આજે જાહેર મુસલમાન જાતિમાં ભળી ગયા છે, તેઓ પણ પહેલાં તો બધા હિંદુ–ગુપ્તી જ હતા, અને પહેલાં તો તેઓ પોતાને જાહેરમાં ખાસ હિંદુ તરીકે અને ખાનગીમાં એ અર્ધદગ્ધ મામદા–હિંદુ, ખીચડીઆ સતપંથમાં મળેલા ગુપ્તી રૂપે ઓળખાવતા હતા. પાછળથી જેમ જેમ તેમને સ્પષ્ટ જણાતું ગયું કે, આ વૈદિક **સતપંથ**ને નામે, તેમને ગળે જે આ નવા ધર્મની ફાંસા–દોરી ભેરવવામાં આવેલી છે, એતો ખરી રીતે જોતાં એક મુસલમાની શીયા ઇસ્માઇલી ધર્મનોજ કપોળકલ્પિત ફાંટો છે, અને તેમને યુક્તિથી ભોળવીને, પોતાની જાળમાં ફસાવી લેવા માટેજ, એ ધર્મના ઇસ્લામી આદિપ્રચારકો અર્થાત્ દાઇઓ–ઉપદેશકોએ, તેને માત્ર ઉપર ઉપરથી બહારનો–ફક્ત દેખાડવાનો–હિંદુધર્મનો ગીલીટ–ઢોળજ ચ્હડાવેલો છે. ફક્ત તેનાં અવતારોનાં નામ અને કેટલીક ક્રિયાઓમાંજ માત્ર પુરાણા હિંદુધર્મની થોડી આછી આછી છાયાને કાયમ રાખીને, પાછળથી બાકીની બધી ઇસ્લામી વિધિઓ, માન્યતાઓ, અને કબ્રપરસ્તી ( કબર–પૂજા )ની કલ્પિત પદ્ધતિઓને ગોઠવી દીધેલી છે. વળી પોતાના પંથનો મહિમા વધારવા માટેજ, હિંદુગણિત અને જ્યોતિષમાં જણાવેલી, સૃષ્ટિ–ઉત્પત્તિની ગણના, તેમજ માન્યતા, હિંદુ અવતારવાદની યોજના, તેમજ યુગોની વર્ષ–ગણનાને સ્વીકારી લેઇ, છેલ્લા એટલે ચાલૂ યુગમાં નકલંકી અવતાર તો મ્લેચ્છોમાં થયો હોવાનું જણાવી, તેમાં ઇસ્લામીધર્મના સિદ્ધાંતો ઘુસાડીને, તેઓએ પોતાનાં કપોળકલ્પિત ખીચડીઆ ધર્મશાસ્ત્રોની રચના કરેલીછે. વળી લાલચ તેમજ ભય પણ ઠામે ઠામ બતાવીને, શામ–દામ–દંડ–ભેદથી, એ ધર્મ તરફ આકર્ષાયેલા અભણ અને ભોળા સેવકો–મુરીદોને, પોતાની લોખંડી સાંકળમાં સદાને માટે જડી રાખવા માટે, બનાવટી ચમત્કારોનાં એવાં તો અજબ ધત્તીંગ–ચિત્રો આંક્યાં છે કે, તેની આગળ **'અરેબિયન–નાઇટસ'** કે **'હાતમતાઇ'** ના ચમત્કારિક કિસ્સાઓ પણ પાણીજ ભરે! **ભૂતો** અને **પરીઓની** વાતોના અજબ ચમત્કારો પણ તેમના પરચાઓની તુલનામાં કંઇ પણ હિસાબમાંજ નથી! **અલાઉદ્દીનનું જાદૂઇ ફાનસ** પણ તેમના **પીરોના પરચા** આગળ ઝાંખૂંજ પડી જાય છે! અને ભયંકર રાક્ષસોની કલ્પિત કથાઓ કરતાં પણ વધારે નવાઇ જેવા, **એ પીરાણાના** પૂર્વજોએ પોતાનાં કલ્પિત પરાક્રમોની ઠામેઠામ તોપો ગોઠવીને, એવી તો અજાયબ રીતિએ શાસ્ત્રો ઉભાં કરેલાં છે કે, તેનો જગતમાં ક્યાંય જોટોજ ન મળે! **હિંદુ**-

ઓનાં અર્થગૌરવવાળાં પૌરાણિક રૂપકો અને દાર્શનિક કથાનકોનો મર્મ સમજ્યા વિનાજ તેમનું ઉપહાસ કરનારા, અમારા ઇસલામીભાઇઓને આ ઇરાની દાઇ તેમજ ઇમામશાહી પીરોનાં ચમત્કારિક દાસ્તાનોની ગપોળ કથાઓ, અને તેમનાં ચમત્કારિક બનાવટી પરચાઓવાળાં ધડધડાટ ભર્યા ધત્તીંગો, એકવાર ધ્યાનપૂર્વક વાંચી જવાની, તેમજ પોતાને ઇસલામી તરીકે ગણાવનારા એ અર્ધદગ્ધ પાખંડીઓને ઘટતો ન્યાય આપવાની, અમે ખાસ ભલામણ કરીએ છીએ; તેમજ તેના આગલા સ્થાપકો—પ્રવર્તકોએ પોતાની ઉસ્તાદીથી કલ્પીને ગોઠવી રાખેલાં એ પીરાણા—સતપંથનાં અનેક ગપાષ્ટક ધર્મશાસ્ત્રો, એકવાર ધ્યાનથી ઉથલાવી જોવાની અમે સહુ સુજ્ઞ વાચકોને પણ ભલામણ કરીએ છીએ. આજે તો એ બધાં શાસ્ત્રો છિન્ન વિચ્છિન્ન, હસ્તલિખિત અશુદ્ધ સ્વરૂપમાં જ, ઘણીખરી પીરાણાપંથી જમાતો, તેમનાં ખાનાંઓ અને તેમના સેવકો—મુરીદો—પાસેથી છૂટાં છવાયાં શોધ કરતાંયે, મહા મુસ્કેલીએ મળી શકે છે, અને આજે વીસ વરસોના ચાલૂ પરિશ્રમથી મેં, તેમના એવા સેંકડો હસ્તલિખિત ગ્રન્થો, પાણીની પેઠે પૈસો વેરીને, એ પંથનું પોગળ આપ સહુને સરણે ધરવાના હેતુથીજ એકઠા કીધેલા છે.

પરંતુ એ બનાવટી વાતોના મહાસાગરમાં વારંવાર ડૂબકીઓ મારવા છતાંયે, ઇતિહાસની સત્યતાનાં જેવાં જોઇએ તેવાં કિંમતી મોતી, તો હજુ સુધી જોઇતા પ્રમાણમાં તેમાંથી એકત્ર કરી શકાયાં નથી, એ ખરેખર મ્હોટી ખેદની વાત છે. એ પંથના મુખ્ય ઉત્પાદકો કોણ હતા? કેવા સંજોગોમાં તેમની ઉત્પત્તિ થઇ? હિંદમાં કોણે અને કેવી રીતે તેનો મુખ્ય પ્રચાર કર્યો? પ્રથમ કઇ કઇ ધર્મ—ક્રિયાઓ તેમાં ચાલતી હતી? પાછળથી તેમાં કેવી વિકૃતિઓ અને ફેરફારો થતા ગયા? અને પોતાની મતલબ સાધવાને, આપસ્વાર્થ, તેમજ લોભથી પ્રેરાયેલા એ પંથના પ્રચાલકોએ, કેવી કેવી રીતે પોતપોતાના જૂદા વાડાઓની ડુગડુગીઓ કાયમ બજાવી રાખવા માટે, કેવા કેવા છલભેદો તથા કાવાદાવાઓ કીધા છે? અરે! અમુક પ્રસંગોમાં તો કેવી નીચતા અને પશુવૃત્તિને પણ અખત્યાર કરી, તેમણે કેવાં ન કરવાનાં ભયંકર કારસ્થાનો કરેલાં છે? તેનો રસીલો, રોમાંચક અને હૃદયદ્રાવક ઇતિહાસ, શરૂઆતથી આજ સુધીની હકીકતો સહિત સીલસીલાબંધ યોજવા માટે, અમેં જો કે, પ્રાણતોડ પ્રયાસો કર્યા છે, અને અનેક ભાષાઓના અગણિત જૂના—નવા ગ્રન્થોનું સમુદ્રમન્થન કરીને, ઘણી ઘણી રહસ્યભરી છૂપી હકીકતો, પ્રબલ સચોટ પ્રમાણો, તથા આધારો સહિત શોધી કહાડીને અહિં રજુ કરેલી છે, કે જે વાંચવાથી સહૃદય વાંચકનું લોહી પણ જરૂર ઠંડુગારજ થઇ જશે, અને તેનું હૃદય, એ ભયંકર પ્રપંચોના પોગળ વાંચીને, જરૂર કમકમી ઉઠશે; છતાં પણ અમારે અતિ સખેદપૂર્વક સ્વીકારવું પડે છે કે, પોતાનું સાહિત્ય અંધારા ખૂણામાં છૂપાવી રાખવાની, એ પીરાણા સતપંથ—પ્રવર્તકોની કુટિલ છલનીતિ, અને ખોટી હઠને લીધેજ પૂરેપુરા સંતોષકારક સપ્રમાણ ઇતિહાસને, વાચકોની સેવામાં હજુસૂધી પણ હાજર કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું નથી; પરંતુ અમને આશા છે કે, આ ગ્રન્થ બહાર પડયા પછી, અનેક ઇતિહાસરસીક સાક્ષરો અને દેશી તેમજ વિદેશી વિદ્વાનોના આશ્રયથી, અમેં અનેક બાકી રહેલા ઐતિહાસિક પ્રમાણોનાં પરિશિષ્ટો સહિત આ પુરાણનો ઉત્તરખંડ થોડાજ સમયમાં પ્રકાશમાં લાવવાને ભાગ્યશાળી થઇ શકીશું.

ખાસ એ પ્રયાસને માટે જ, અમે મુંબઈ, કચ્છ, કાઠિયાવાડ, સિંધ, ગુજરાતના અનેક સ્થળોમાં બારીક તપાસ કરી, જૂનાં—નવાં સાહિત્યો મેળવી—સંગ્રહીને, હસ્તલિખિત ગાડાંબંધ

પુસ્તકો એકઠાં કીધાં છે. ખાસ **પીરાણાના** કેટલાંક મુખ્ય ખાનાંઓમાંથી અને આગેવાનો મારફતે પણ મહાન્ પ્રયાસે, એવાં ઘણાં છૂપાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોની નકલો ખાસ ઉતરાવી લીધી છે, અને તેમના આદિકાલથી આજસૂધીના ઇતિહાસનું, તથા તેમની બનાવટી ધર્મક્રિયાઓનું છૂપું સાહિત્ય, અનેક ભાષાઓના ઐતિહાસિક મહત્વવાળા આધારભૂત ગ્રન્થોમાંથી મેળવી-સંગ્રહીને, અહિં સંકલિત કરેલું છે; એટલે આ પ્રયત્ન, એ જાણે અમારાં રંક-જીવનનું એક પરમ ધ્યેય જ હોય, એમ સ્હમજવાની, તથા પ્રભુની પ્રેરણાથી આજે પચીસ પચીસ વરસો થયાં, આ કાર્યની પાછળ પડી, અમારી અલ્પ-સ્વલ્પ બુદ્ધિશક્તિ અનુસાર, જેટલી બની તેટલી શોધ અને સંગ્રહશક્તિને કામે લગાડીને, અમારા એ પવિત્ર પ્રયાસનું ફળ, આજે સહૃદય વાચકોના ચરણમાં સાદર હાજર કરતી વખતે, આ ગ્રન્થને અથેતિ લક્ષપૂર્વક વાંચી જવાની, તેમજ એ સંબંધી પોતાનો નિષ્પક્ષપાત અભિપ્રાય અમને લખી જણાવવાની, સર્વ સુજ્ઞ વાચકોને આગ્રહભરી અરજ કરીએ છીએ. તથા પ્રસ્તુત **પીરાણા-સતપંથના સંબંધમાં**, જો તેમના જોવા-જાણવામાં કંઇ વધારે મહત્વનું સત્ય, કે નવું સાહિત્ય આવ્યું હોય, તો તે પણ જનહિતાર્થે અમને લખી મોકલવાની, આગ્રહસહિત અહીં તેમને વિનંતી કરવામાં આવે છે, કે જેથી ભવિષ્યના બીજા ગ્રન્થમાં, તેમજ આ પુસ્તકની પુનરાવૃત્તિમાં પણ, એ કિંમતી સાહિત્યનો સાભાર સદુપયોગ કરવાનું બની આવે.

એ જ અમારૂં પ્રાથમિક નિવેદન અને આ ગ્રંથ-લેખનનું બીજું મહત્વનું કારણ છે. તે વાચકો લક્ષમાં લઇ અવશ્ય અમને આભારી કરશે, એવી આશા છે.

## વિશેષ મહત્વવાળું બીજું ખાસ કારણ.

**અમારી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિને કપાળે એ પીરાણા-સતપંથનું જમાનાઓથી ચોંટેલું કાળું કલંક ધોવાની** અગત્ય:—સખેદ હૃદયથી મ્હારે અહિં ખુલાસો કરવો પડે છે કે, આજથી લગભગ સાડા ત્રણસો-ચારસો વરસ પૂર્વે, ગુજરાતમાં વસતી અમારી કૃષિ-પ્રધાન પવિત્ર વીર કુર્મી ક્ષત્રિયજાતિ, દુર્દૈવયોગે એ **સતપંથની** પાપી જાળમાં પહેલવહેલી સપડાઇ. બનાવટી ચમત્કારો અને પ્રપંચી પરચાઓના ભોગ થયેલા કેટલાક ભોળા જ્ઞાતિ ભાઇઓ, **અમદાવાદ** સમીપ **ગીરમથાની** બાજુમાં આવેલા **ઇમામશાહી પીરાણાધામના** પહેલા ઉપાસકો બન્યા. એ વખતના કેટલાક ઉસ્તાદ સૈયદોએ, અમારી ભોળી અને ઉદાર કડવા-કણબી જાતિને, પોતાનો શીકાર બનાવવાને પોતાની કાળી કુટિલ જાળ પાથરી! સિદ્ધસાધકની યુક્તિથી પોતાના સાગરીતો મારફતે, **અમદાવાદની** આસપાસ **ગુજરાતમાં** વસતા એ કેટલાક ભોળા **કણબીભાઇઓમાં** પોતાના બનાવટી મહિમા અને પ્રતાપનો તેમણે ઢોંગ ફેલાવ્યો. કાકતાલીય ન્યાયે, એકાદ બે આગળ પડતા **કણબીઓને** કંઇક કારણસર એ સતપંથી સૈયદ **ઇમામશાહની** ચમત્કારિક શક્તિમાં શ્રદ્ધા ચોંટી. એથી તેઓ **સતપંથને** માનતા અને પાળતા થયા. આ વાતની જાણ થતાં જ, ગુજરાતના કેટલાક પવિત્ર **વેદધર્મી કણબીઓમાં** તેમની વિરૂદ્ધ બહુ ચર્ચા ઉભી થવા લાગી; એટલે પોતાના એ નવા ખીચડીયા પંથને જાહેર જગતથી છુપાવી રાખવાની તેમને ખાસ જરૂર પડી. એ માટે **સૈયદ ઇમામશાહની** સલાહથી ગુજરાતનો ફળદ્રુપ વિશાળ પ્રદેશ છોડીને, તેમને માત્ર એ **પાપી-પંથને** કારણે દૂરના કર્કશ અને ડુંગરીયાળ શુષ્ક કચ્છપ્રદેશમાં લાચારીએ વાસ સ્વીકારવો પડયો.

એ બે ચાર કુટુંબોની સાથે, પાછળથી વખત જતાં ગુજરાતના બીજા પણ જે જે કણબીઓ એ કબરસ્તાની સૈયદોની કુટિલ જાળમાં ફસાતા ગયા, તેઓ પણ કચ્છ તરફ આવી, તેમની સાથે જોડાતા ગયા. આ પ્રમાણે આવેલાને પોતાનું સંઘબળ વધારવા માટે, પરસ્પરનો વ્યવહાર નિભાવવા માટે, અને પોતાનો એ છૂપો પાપી મામદાહિંદુપંથ છૂપી રીતે પાળવા માટે, કચ્છમાં આવ્યા પછી અગાઉથી વસેલા ભાઈઓની સાથે જોડાવું પડતું; દરવરસે એવા બીજા કણબી ભાઈઓ પણ ઉમેરાવા લાગ્યા. એ ખંતીલા, મહેનતુ, ઉત્સાહી, વીર અને ખડતલ શરીરવાળા કુર્મીક્ષત્રિઓ કૃષિકલાના સારા જાણકાર હતા. કચ્છ જેવી બર્બર ભૂમિને, તેમને પ્રતાપે ઘણો સંગીન લાભ મળ્યો, અને દૂરદર્શી તેમજ ગુણની સારી પીછાન કરવાવાળા, એ વખતના કચ્છનરેશ મહારાવ શ્રી ભારમલજીએ પોતાના દેશને રસાળ અને કિંમતી બનાવનારા એ બધા ગુજરાતી કણબી ભાઈઓનો ઘણો સારો સત્કાર કીધો, અને સંગીન આશ્રય પણ દીધો. આ પ્રમાણે રાજ્યનું પ્રોત્સાહન અને હરીફ વગરની કુમારી ધરતીના મણિ-કાંચન-યોગથી એ ગુજરાતી કણબી ભાઈઓનું આર્થિક-જીવન, દિનપ્રતિદિન સુધરવા લાગ્યું. એથી રાજ્યના સંગીન લાભોની અભિવૃદ્ધિ સાથે, પીરાણા-સતપંથની આવક પણ એક રીતે દિવસે દિવસે વધવા લાગી. સમય જતાં, એ કણબી-સમુદાય વધતાં વધતાં, એક બે સૈકામાં તો એ અમારા કડવા કણબી ભાઈઓની લગભગ પચીશેક હજારની જબ્બર સંખ્યા કચ્છમાં એકઠી થઈ ગઈ, અને તેમનો વસવાટ પણ કચ્છના જૂદા જૂદા અનેક ગામોમાં ફેલાવા લાગ્યો. ઇમામશાહી કપટયંત્રના સંગીન નિયમો અને ધારાધોરણો અનુસાર, એવાં કણબીઓથી વસેલાં સઘળાં મુખ્ય ગામોમાં આગેવાનો અને મુખીઓ નીમાતા ગયા. અને દાંભિક ધર્મસ્થાનો જેને 'ખાનાં' તરીકે ઓળખવામાં આવે છે, તેમની પણ ઠામેઠામ સ્થાપના થવા લાગી. સતપંથ-સેવકો તરીકે, એ કચ્છી કણબીભાઈઓ, શરૂઆતમાં તો કંઈ એવો મહત્વનો ભાગ ભજવતા ન્હોતા. માત્ર મુસલમાની સૈયદોનું ગુરૂપદ અને પીરાણાના ઇમામશાહના રોજાનું જાત્રા સ્થળ, એ બે મહત્વની માન્યતાઓ ઉપરાંત, તેમના બીજા ઘણાખરા આચાર-વિચારો અને ધર્મ-કર્મની ક્રિયાઓમાં તેમનું હિન્દુપણું સર્વાંશે જળવાઈ રહ્યું હતું. દશોંદની જકાત અને પીરાણાના લાગાની રકમો, તેઓ દર સાલ નિયમ તરીકે કચ્છથી પીરાણે મોકલાવતા હતા, અને સૈયદો તેમજ કાકાઓ પણ પોતાની સેવકોરૂપી મીલ્કત સંભાળી જવાને, વારંવાર કચ્છ આવતા હતા: કેમકે તેમની કચ્છની જાગીર તેમજ તેની આવકમાં, દિવસે દિવસે વગર મહેનતે જ ઘણી સારી વૃદ્ધિ થતી રહી હતી. પછી સંવત્ ૧૮૩૨ માં પીરાણાવાળો પ્રાગજી કાકો કચ્છ આવ્યો. તે બડો પાકો અને પ્રપંચી કાકો હતો. તેણે બ્રાહ્મણ, ગોર તેમજ ભાટ, ચારણો (વહીવંચા) નો વહીવટ કચ્છી કણબીઓમાંથી સદંતર બંધ કરાવી, મરણ અને લગ્ન વિગેરેના બધા હિંદુ રીતિરિવાજો છોડાવી દઈને, કચ્છી કણબીઓને પાકા મુમના બનાવવાની જબ્બર ખટપટ ચલાવી. ધર્મગુરૂ ઉપર અચલ શ્રદ્ધા રાખનારા કચ્છના ભોળા કણબીઓ, તેમના કપટજાળમાં અનાયાસે ફસાયા, અને ત્યારથી તેઓ પાકા સતપંથી એટલે અર્ધદગ્ધ ખીચડીઆપંથી 'મુમના બન્યા. ચોરીનાં લગ્ન, અગ્નિસંસ્કાર વિગેરે બધા હિંદુ-રીતિરિવાજો તેમનામાં એ વખતથીજ નાબુદ થયા, અને પીરશાહનો જાપ જપનારા, તેમજ ખાનામાં કલમા પઢનારા એ કચ્છી કણબીઓનો પ્રભાવ પણ, પીરાણા-સતપંથમાં એજ વખતથી દિવસે દિવસે વધવા લાગ્યો. કાકાઓ પણ એ વખતથી તેમનામાંથી જ ચૂંટાવા લાગ્યા, અને કચ્છની દશોંદ-વીશોંદની આવકનાં પણ ત્યારથી દેશમાં લાખે લેખાં લખાવા માંડયાં ! ક્રમાનુસાર

વૃદ્ધિ પામીને એ જ્ઞાતિના કચ્છના લગભગ **એંસી** ગામોમાં વસવાટ કરનારા, આશરે પચીશેક હજાર માણસો, **એ સતપંથનો** શિકાર બની, પ્રપંચીઓની જાળમાં સપડાઇ, દર સાલ લાખો રૂપિયાના ભોગે,ધન સાથે પોતાનો ધર્મ પણ ગુમાવી,હાથે કરીને, તેઓ **ગુમના** એટલે આમદા–હિંદુ બની રહ્યા! અને **પીરાણા–સંસ્થાનના** આગેવાનો, આ પ્રમાણે પોતાનો સ્વાર્થ જાળવવા તેમજ વધારવા માટેજ, કાકાની ચુંટણી, આશરે છેલ્લાં બે સૈકાઓ થયાં તો, કચ્છી–કણબીઓમાંથી જ કરવા લાગ્યા છે. એ કાકાએ નીમેલા કારભારી, મુખી, તેમજ પટેલોએ, પોતાની ખોટી મ્હોટાઇ બતાવવા માટે તથા આપમતલબ સાધવા માટે, પોતાના ભોળા જ્ઞાતિભાઇઓ ઉપર જુલ્મી અને અન્યાયી સરદારી ચલાવી, તેમને હરબ્હાને લૂટી–નીચોવીને છેકજ પાયમાલ કરનારા રસ્તા ઉપર લાવી મૂક્યા છે. એ પાપી પટેલો, મુખી અને કાકાઓના જુલ્મ તથા કાળાં કર્મોનો ઇતિહાસ, મ્હારા જીવનના કેટલાક વિચિત્ર પ્રસંગોમાં, આ પુસ્તકની શરૂઆતમાંજ વિસ્તારથી વર્ણવેલો છે, અને આ ગ્રંથમાં બીજે સ્થાને પણ, આગળ ઉપર એ સંબંધી પ્રસંગોપાત મહત્વનું વિવેચન આપેલું છે. વળી "**પ્રાસ્તાવિક નિબંધ**" જેવાં કેટલાંક ન્હાનાં ન્હાનાં પુસ્તકોમાં પણ એ ગુમાની ગદ્દેરા–અને મૂર્ખશિરોમણી પટેલોનાં કમકમાટ ઉપજાવનારાં કાવતરાં અને અસહ્ય ત્રાસનો આજના ચાલૂ દિવસ સુધી, એવોને એવો ચાલી રહેલો દોર, જોરદાર ભાષામાં સપ્રમાણ સ્પષ્ટ સમજાવેલો છે,એટલે અહીં તેની પુનરૂક્તિ કે પીષ્ટ–પેષણને લેશ પણ અવકાશ ન આપતાં, અહિં હું એટલુંજ નિવેદન કરવાની જરૂર સ્હમજું છું કે, એ પ્રપંચીપંથ કેટલો બધો ઘોર અન્યાયી અને હિંસક તેમજ અત્યાચારીઓના જુલ્મનો પક્ષપાતી છે, અને તેને પાળનારા ભોળા સેવકો, એ જોર–જુલ્મના કેવા ભોગ બની રહેલા છે, તેનું યથાશક્તિ તાદૃશ્ય ચિત્ર આંકી, **પીરાણા સતપંથની** પગલે પગલે જાગી ઉઠતી પોલોને પ્રકાશમાં લાવી, સ્પષ્ટ દર્શાવીને, જાહેર જનતાની કકળતી લાગણીને અમારી જ્ઞાતિ જેવી એક ઉપકારી, ગરીબ અને ભોળી જ્ઞાતિ પ્રત્યે પ્રકટ કરાવી, અથવા ઉશ્કેરીને, તેમની મોંઘી મદદથી, મ્હારી વિશાળ વીરજ્ઞાતિના ભાઇઓમાં ગામેગામ અને ઠામેઠામ ઘૂસી બેઠેલા એ **પીરાણાનાં** ચેપી પાપને, સદાને માટે તિલાંજલિ અપાવી, અધોગતિની અંધારી ખીણમાં ગબડી પડેલા, એ મ્હારી ક્ષત્રિય જ્ઞાતિના પ્રગતિરથને સન્માર્ગે ચ્હડાવી, મ્હારાથી બનતી અલ્પ–સ્વલ્પ જ્ઞાતિસેવા અને સ્વધર્મ–સેવા સાધી લેવાનો ખાસ મારો નિર્મલ હેતુ છે.

દેશ અને જ્ઞાતિમાં વ્યાપી રહેલું ધર્મનું અજ્ઞાન, મ્હારા માર્ગમાં એક મહાન્ વિઘ્નરૂપે પદેપદે મ્હને આડે આવે છે, માટે એ અજ્ઞાનનું અંધારૂં દૂર થાય,અને મ્હારા ભોળા જ્ઞાતિભાઇઓ પોતાની તેમજ સ્વજ્ઞાતિની વસ્તુસ્થિતિ પૂરેપૂરી સ્હમજતા થાય, એ ખાસ ત્રીજા હેતુને બરાબર લક્ષમાં રાખીને ઓછી યોગ્યતા હોવા છતાં, આ મ્હોટી કામગિરીનો બોજો માથે ઉઠાવી, આ ગ્રંથની યોજનાનું મહાન્ સાહસકાર્ય મેં હાથ ધર્યું છે; પરમાત્મા એ સત્કાર્યમાં સહાયભૂત થઇને, મ્હારી ગરીબડી, શ્રદ્ધાળુ, પવિત્ર અને ભોળી જ્ઞાતિનું સર્વદા કલ્યાણ કરો, અને એ પ્રભુના પવિત્ર મંદિર જેવાં આ જગતમાંથી એ મહાન્ કલાબાજ કુટિલ **પીરાણા–સતપંથના** પાપ–પ્રપંચોનું કાળું કલંક સત્વર સમૂળું ધોવાઇ જાઓ, એવી આંતરિક શુદ્ધ ભાવના સહિત, આ અવતરણ અહિં પરિસમાપ્ત કરીને, હવેથી શરૂ થતા પુસ્તકના મહત્વના પ્રસંગો તરફ, મ્હારા વિવેકી અને સુજ્ઞ વાચકોનું હું સવિનય લક્ષ ખેચું છું. **ઇત્યોમ્.**—

ૐ

# " મ્હારા જીવનના થોડા વિચિત્ર પ્રસંગો "

## ( સ્વધર્મવર્ધક, અને જ્ઞાતિ હિતચિન્તક મંડળ, કચ્છી કડવા પાટીદાર યુવકમંડળ, તથા પરિષદ્‌ની સંક્ષિપ્ત રૂપરેખા. )

( એક સિંહાવલોકન )

**હેતુઃ-** એક સામાન્ય જીવનના અવનવા પ્રસંગો! મ્હારા જેવો એક સામાન્યશિક્ષિત અને સામાન્ય પરિસ્થિતિનો મનુષ્ય, પોતાના સામાન્ય જીવનના પ્રસંગો ચિતરે, વિચિત્ર વિશ્વ-નાટકમાં પ્રારબ્ધના યોગે પોતે ભજવેલા, થોડા સામાન્ય પાઠનું આત્મવૃત્તાન્ત, જનતા સમક્ષ જાહેર કરે, ત્હેનો શો અર્થ, શો પ્રભાવ, કે શો હેતુ હોઈ શકે ? આવું કોઈ સાહસ કરવા જતાં, જો મ્હને સંકોચ અને આત્મક્ષોભ થતા હોય, તો તે સ્વાભાવિક જ છે. પોતાના જીવન-ચરિત્ર જેવી કોઇ ધૃષ્ટતા કરવાની તિલમાત્ર પણ મ્હારી ઇચ્છા નથી; પરંતુ આ ગ્રંથનો અનુબન્ધ—વિષયસમ્બન્ધ—પરિસ્ફૂટ કરવામાં, એ પ્રસંગો ચિતરવાની, તેમજ પીરાણા—સતપંથ વિરૂદ્ધની ચળવળ ચાલૂ કરતી વખતની વસ્તુ-સ્થિતિ અને આસપાસનાં વિષમ વાતાવરણની, વ્હાલા વાચકને થોડી ઘણી પિછાણ કરાવવાની ખાસ જરૂર જણાવાથી જ, ડરતાં ડરતાં આ થોડાંએક પાનાંઓ અહીં ચિતરેલાં છે; તેમાં આત્મશ્લાઘા કે આત્મપરિચય જેવી કોઇ સામાન્ય મહત્વા-કાંક્ષાને પણ સ્થાન ન આપતાં, માત્ર આસપાસના સંજોગો સમજાવી, અમારી જ્ઞાતિની અતોભ્રષ્ટસ્તતોભ્રષ્ટઃ થઇ ગયેલી, પતિત દશા તરફ, જાહેર જનસમાજનું લક્ષ ખેંચવા, અને અમારા ઉદ્ધારના ધર્મ કાર્યમાં તેની સહાય—સહાનુભૂતિ—અને સદ્‌ભાવના ઉપજાવવાના હેતુને લક્ષમાં રાખીને જ, અહિં કેટલાક જરૂરના પ્રસંગો સંક્ષેપમાં આળેખેલા છે. તેની ન્યૂનતાને ઉદાર જનતા, ક્ષંતવ્ય ગણીને સ્વીકારી લેશે; તેમજ મ્હારા ગુણદોષોનો નિષ્કર્ષ કરી, યોગ્ય સલ્લાહ—સૂચના આપી, મ્હારી ધ્યેયરૂપ નૌકાને, સફલતાને કિનારે પાર ઉતારવામાં આશ્રયભૂત થશે, એવી કંઇક આશા સાથે આ હૃદયની યાચના છે. મ્હારી ત્રુટીઓ—ખામીઓ—અનેક હશે; પરંતુ તે અજાણતાં થતી હોવાથી ક્ષમાને પાત્ર છે.

પીરાણા–સતપંથના આદ્ય ઉત્પાદકો તથા પ્રવર્ત્તકોના પાખંડ અને છલભેદ, કાકા અને સૈયદોની સ્વાર્થબાજી, પાજી પટેલો અને ગુણહીણ ગઢેરાઓનાં કાળાં કર્મો, પાપી તેમજ ઉપદ્રવ્યાપી કુકર્મી હરામખોરોની મોગલાઈ દમનનીતિ, તેમજ એ બધાની રચેલી વજ્રભેદી પાખંડ–જાળમાં ફસાયેલાં પાટીદારોનાં હરણ–ટોળાંની હૃદયભેદક હાલતનો, જો કંઇ પણ કરૂણારસીક ચિતાર જનતા જોઇ શકશે, તો મ્હારો આ રંક પ્રયત્ન, હું સર્વથા સફલ થયેલો સ્હમજીશ.

અમારી દુર્ભાગી જ્ઞાતિ પ્રત્યે દયાવૃત્તિને ઉત્તેજીત કરવા નિમિત્તે, મ્હારા અન્તરાત્માના અવાજને અનુસરીને, ઉરમાં ઉછળતા વિચારો વ્યક્ત કરી, મ્હારૂં હૃદય સુજ્ઞ જનતા સમક્ષ ખાલી કરવા, તેમજ તેમની સ્નિગ્ધ લાગણી, અમારી જ્ઞાતિની દુર્દશા તરફ ખાસ આકર્ષવા માટે, સ્વાર્થરહિત સેવાના હેતુથીજ આ સાહસ હું હાથ ધરૂં છું.

મેં અત્રે આળેખેલા પ્રસંગો માત્ર **પીરાણા–સતપંથને** લગતાજ મ્હારા સામાન્ય જીવનના વિચિત્ર અનુભવોનાં થોડાં આછાં આછાં છાયાચિત્રો છે. માત્ર **પીરાણા–સતપંથને** લગતી બાબતો સિવાયના, મ્હારા બીજા કોઈપણ પ્રસંગ કે અનુભવને અહિં સ્થાન આપવામાં આવ્યું નથી. '**સ્વધર્મવર્ધક મંડલ**' તથા '**કચ્છી કડવા પાટીદાર યુવકમંડળ**'ની ઉત્પત્તિ, તેમજ પ્રવૃત્તિનો ખાસ હેતુ એજ હતો. તેમજ અમારી "**કચ્છી કડવા પાટીદાર પરિષદ**–જે હજી તો ઉગતી બાલ્યાવસ્થા જ ભોગવી રહી છે, તેની સ્થાપના પણ એજ મુખ્ય હેતુને લક્ષમાં રાખીને કરવામાં આવી છે કે, અમારી અજ્ઞાનના અંધકારમાં ઘેરાયેલી, ભોળી તેમજ ઉદારચિત્ત ક્ષત્રિયજાતિનાં સાદાં જીવનમંદિરમાં પ્રભુનો પવિત્ર પ્રકાશ પહોંચે, અજ્ઞાન અને અણસમજનાં વાદળ વિખેરાઇ જાય, દુષ્ટ રૂઢિઓનાં બન્ધન તૂટે, પાપી અને દુરાચારી પટેલો–ગઢેરાઓની મતલબી ઈન્દ્રજાળના ભેદભરમો ઉઘાડા પડે, તેમનાં ગોઠવેલાં દાવપેચભરેલાં પાપી પ્રપંચ–પાટીયાંઓ છિન્ન–વિચ્છિન્ન થઇ જાય, અને એ ગઢેરાઓની રાક્ષસી છાયામાં પોષાતું અને જમાનાઓથી જામી રહેલું, **પીરાણા–સતપંથ** જેવા એક પાખંડી પંથનું, અમારી જ્ઞાતિને શરમાવનારૂં, તેમજ અધોગતિના અંધારા નરકાગારમાં ઘસડી જનારૂં, જમાનાથી લાગેલું કાળું કલંક ધોવાઈ જાય, મ્હારા આણધિક જાતિભાઇઓ પોતાના આત્મગૌરવને ઓળખે, આત્મપ્રતિષ્ઠા જાળવતાં શીખે, પોતાના વીર ક્ષત્રિયસ્વરૂપની ઝાંખી કરી શકે, અને વેદના વારાના પોતાના પરાક્રમી પૂર્વજોનાં ઉજ્વલ ચરિત્રોવાળાં પવિત્ર ચિત્રદર્શનથી જાગૃત થઈ, પોતાનાં પ્રાચીન ગૌરવને પુનઃ પ્રાપ્ત કરી, જગતની આગળ વધેલી જાતિયોમાં, પોતાનું મોભાદાર અગ્રસ્થાન પાછું મેળવીને, તે જાળવી રાખતાં શીખે;—માત્ર આ એકજ હેતુપૂર્વક ઉપર જણાવેલા કેટલાક મ્હારા પર વીતેલા પ્રસંગોનું, અહિં નિઃસ્વાર્થ સેવા–વૃત્તિથી

સિંહાવલોકન કરેલું છે, અને મ્હને સંપૂર્ણ આશા છે કે, મ્હારા વિશાળ હૃદયના જાતિભાઇઓ, તેમજ અન્ય જ્ઞાતિના હિન્દુભાઇઓ પણ, મ્હારા એ શુદ્ધ ઉદ્દેશ અને ધ્યેયના ઉપર ધ્યાન પહોંચાડી, જનતાને ચરણે ધરેલા, આ સેવા-ભાવનાના વિચારોમાં, જે કંઈ ત્રુટીયો કે ન્યૂનતા જણાય, ત્હેની મ્હોટાં દિલથી ક્ષમા કરશે. આટલો અહિં ઉલ્લેખ કરીને, હું મુખ્ય પ્રસંગનો હવે આરંભ કરૂં છું.

**निर्देश**:—સંક્ષેપમાં આ પ્રયાસનો ખાસ હેતુ તો એજ છે કે, હિંદમાં આજે સેંકડો વર્ષો થયાં, જાહેર અને છૂપી રીતે ચાલતા, એ અર્ધદગ્ધ **પીરાણા-સતપંથની** સ્હામે તીવ્ર ધાર્મિક ઝુંબેશ ઉઠાવવાનો, તેમજ આ ગ્રંથ જેવા વિવિધ પ્રયાસોવડે મારા કણબી અને અન્ય હિંદુભાઈઓનાં પવિત્ર હૃદયમાંથી એ પાપી પંથના, કેંક કાળથી જડ ઘાલી બેઠેલા સંસ્કારો સર્વથા નાબૂદ કરવાનો દૃઢ વિચાર, કેવા સંજોગો વચ્ચે, ક્યારથી ઉત્પન્ન થયો, અને આજસુધી એ દિશામાં મેં તેમજ મારી જ્ઞાતિના મારા મિત્રોએ શું શું કર્યું છે, અને તેની આજસુધી અમારી જ્ઞાતિપર શી અસર થઈ છે, તેની અહીં ટુંકી નોંધ આપવાથી આ ચાલુ વિષય ઉપર મારી માન્યતા પ્રમાણે ઘણું અજવાળું પડશે; માટે શરૂઆતની આ નોંધ, પ્રથમ લક્ષપૂર્વક વાંચી જવાની, હું સુજ્ઞ વાચકને આગ્રહપૂર્વક વિનતી કરૂં છું.

**आरंभः**—ઉત્સાહ અને આશાભરી નવીન યુવાવસ્થાના નવરંગી મંદિરમાં પગ મુકતાંજ, અવનવા અભિલાષોના કેવા કેવા વિચિત્ર તરંગો એક નવયુવકની છાતીમાં ઉછળી રહે છે, તેનો પોતાની પરિસ્થિતિ પ્રમાણે થોડો ઘણો અનુભવ તો સહુ કોઇને આ જગતમાં થયા વગર રહેતોજ નથી. મ્હેં પણ એવી અનેક ઉજળી આશાઓને હિંડોળે ઝૂલતાં, ભોળાં અને શ્રદ્ધાળુ હૃદય સાથે, માત્ર ઓગણીસ વર્ષની કાચી ઉમ્મરે, મોહમયી મુંબઇનગરીનાં રમણીય મેદાનમાં પહેલવહેલો મ્હારો ચંચલતાવાળો પગ મૂકયો.

**जन्म-शिशुवयः**—મારો જન્મ, કશ્યપ ઋષિએ વસાવેલા સાહસિક **કચ્છ-પ્રદેશના નખત્રાણા** તાલુકામાં, કચ્છી વીરક્ષેત્ર, ગામ **વીરાણી** ખાતે, **વિક્રમ**સંવત્ ૧૯૩૯ ના વૈશાખ શુદિ પુનેમને મંગળવારે (તા. ૨૨-૫-૮૩) થયો હતો.

કચ્છનાં તેજદાર પાણીના પ્રભાવે, પૂર્વજોનાં પુન્યે મને કલાપ્રિય શોધક અને સાહસિક વૃત્તિનો વારસો મળેલો હતો. મારા પૂજ્ય પિતાશ્રી પટેલ **રામજીભાઇ ભોજાભાઇ લીંબાણી**, એમના વખતના એક પ્રસિદ્ધ શિલ્પશાસ્ત્રી હતા. **વીરાણી** તેમનું નિવાસસ્થાન હતું, અને કચ્છ, તેમની જન્મભૂમિ તેમજ કર્મભૂમિ હતી. કચ્છરાજ્યના ઇજનેરી ખાતામાં, લાંબા સમય સુધી સન્માનપૂર્વક નોકરી કરીને, તેઓ ન્યાતજાતમાં તેમજ કચ્છપ્રદેશમાં પણ, એક સારા શિલ્પી તરીકે બહુ પ્રખ્યાતિ પામેલા હતા. તેઓ મધ્યસ્થ શાંત સુધારક વિચારના તેમજ વેદધર્મના પ્રબળ પક્ષપાતી હતા. છતાં પણ એ વખતે કચ્છના અમારા કડવા

પાટીદારોમાં જડ ઘાલી બેઠેલા અને ઘેરે ઘેર વ્યાપી રહેલા, **પીરાણા–સતપંથની** એ વખતની સાર્વભૌમ સત્તાની સામે મસ્તક ઉઠાવવાને તેઓ અચકાતા હતા.

કલા અને કેલવણીનો તેમને બહુ પ્રેમ હતો; એટલે મારી આઠ વર્ષની વય પૂરી થતાંજ, નવમા વર્ષના આરંભથી મને **વીરાણી**ની ગ્રામ્યશાળામાં શિક્ષણના આરંભ માટે, નિશાળે બેસાડ્યો. એ વખતે **વીરાણી**ની એ ગ્રામ્યશાળામાં, ગુજરાતી પાંચ ધોરણ સુધીજ શિક્ષણ આપવામાં આવતું હતું. મારી તેર વર્ષની વયે તો ત્યાં ગુજરાતી પાંચે ધોરણનો અભ્યાસ મેં પરિપૂર્ણ કર્યો.

**પ્રવૃત્તિઃ**—શાળાનો અભ્યાસ છોડીને, મારા પિતાજીની દેખરેખ નીચે, હું શિલ્પકામ શીખવા લાગ્યો. કેમકે દૂરનાં શહેરમાં કુમળી વયનાં નાહાન બાળકને એકલો મોકલી, મોંઘી કેળવણી આપવા જેટલી તેમને ઇચ્છા ન્હોતી, અને અનુકૂલતા પણ ન્હોતી. એથી શાળાના અભ્યાસની ઇતિશ્રી કરીને, હું પિતાની દેખરેખ નીચે, તેમની પ્રવૃત્તિના વ્યાવહારિક શિક્ષણને માટે, એક કારીગર તરીકે ખંત ધરીને કામ કરવા લાગ્યો. કુશળ શિલ્પીની લાગણીભરી દેખરેખ અને નજર નીચે, મ્હારો કલાનો શોખ, સુધરવા અને ખિલવા લાગ્યો. થોડાજ સમયમાં શિલ્પ-શાસ્ત્રનાં ઘણાં અંગો, હું સારી રીતે સિદ્ધ કરી ગયો, અને શિલ્પવિદ્યા માટેની મ્હારી તીવ્ર અભિરૂચિ જોઇને, એ કલાનો અભ્યાસ તેમજ અનુભવ સારી રીતે આગળ વધારવા માટે, મુંબઈ તરફ જવાની, મ્હારી તીવ્ર ઉત્કંઠાને તેમણે તરતજ અનુમોદન આપ્યું; એટલે બનતી ઉતાવળે, હિન્દનાં એ અર્વાચીન પ્રભાવશાળી પાટનગર અને પ્રધાન–કલામંદિરમાં મ્હારૂં ભાગ્ય અજમાવવાને, તેમજ શિલ્પ-કળાનો વ્યાવહારિક અભ્યાસ આગળ વધારવાને, હું ઉત્સાહસહિત આવી પહોંચ્યો.

**મુંબઈ**—ઇન્દ્ર મહારાજનાં નન્દનવનને પણ શરમાવે, એવાં એ મોહમયી મુમ્બાપુરીનાં રોનકદાર અને ભવ્ય મહાલયો, વિવિધ કલા, અને કારિગિરીના અદ્દભુત નમુનાઓ, લલિત તેમજ અકલિત કલા વિધાનથી ઉભા થયેલા શિલ્પના ઉચ્ચ આદર્શો, વિગેરે ઠાઠ અવલોકીને, મ્હારાં એ દિવસ સૂધીનાં જ્ઞાન અને ગુમાન તો ગર્ભગલિતજ બની રહ્યાં! જાણે હું કોઈ દેવનગરની નવી સૃષ્ટિમાંજ આવી ચ્હડયો હોઉં, અથવા અરેબિયન નાઈટ્સમાં વર્ણવેલાં પ્રાચીન **મીસર** અને બગદાદ જેવાં કોઇ મહાન્ બાદશાહી નગરનાં દૃશ્યો નજરે નિહાળતો હોઉં, એમ થોડો સમય તો હું દિગ્મૂઢ બનીને એ ઠાઠ જોઇજ રહ્યો, અને એ મોહમૂર્છા દૂર થયા પછી, મેં નિશ્ચય કર્યો કે, ભવિષ્યમાં મ્હારી કલ્પનાશક્તિ તેમજ અભ્યાસ આગળ વધારવાની ઉત્સાહવૃત્તિને પોષવાનું આના જેવું યોગ્ય ક્ષેત્ર, તો બીજું કોઇ નહીંજ મળી શકે. એવા નિશ્ચયથી બે–ત્રણ માસ પર્યંત મુંબઈમાં ઠામ-ઠામ ફરીને શિલ્પકલાના આદર્શોનું મ્હેં બારિકીથી અવલોકન કર્યું. પ્રબલ શક્તિમતી ]
પ્રકૃતિદેવીએ પોતાને ખ્હોળે હાથે, પોતાનું જે અદ્દભુત કલાચાતુર્ય, આ રમણીય ક્ષેત્રમાં

ખર્ચ્યું હતું, ત્હેના ઉંડા અભ્યાસી બનીને, યથાશક્તિ પુરૂષાર્થ કરી બતાવવાની મ્હારાં હૃદયમાં એ વખતે તીવ્ર જીજ્ઞાસા જાગૃત થઇ. મ્હારી નસોમાં જુવાનીનું ઉત્સાહ ભર્યું નવું લોહી ઉછળતું હતું. મ્હારા હૃદયમાં અવનવા અભિલાષો ખેલતા હતા. મ્હારી આંખો સામે નવાં નવાં દશ્યો મોજૂદ હતાં. પ્રતિભાશક્તિની પિછાણ કરી શકે, અને પ્રમાણિક મહેનતનો યોગ્ય બદલો આપી શકે, એવી કદરદાન સૃષ્ટિની વચ્ચે કુદરતે મ્હને લાવી મૂકયો હતો; પરંતુ હું મુંબાઇનો છેક્જ અપરિચિત હતો. ઓથ કે ઉત્તેજનના અભાવે, આ ભવ્ય નગરીમાં વાડ વગર વેલો ચ્હડવાને નથી, અને કસોટીના પત્થર ઉપર ધીરજ અને હિમ્મતની પૂરી આંકણી કર્યા વિના, ભાગ્યદેવી કદિ પણ પ્રસન્ન થવાની નથી, એ સત્ય, થોડાજ સમયમાં મ્હારા બરાબર સ્હમજવામાં આવ્યુ. એટલે મુંબઇના એક પ્રસિદ્ધ કોન્ટ્રેકટરને ત્યાં નોકરી નોંધાવી, કલાક્ષેત્રમાં સ્પર્ધાનાં યુદ્ધ માટે, મ્હેં હથિયારો ઉઠાવ્યાં. પણ અફસોસ ! લાંબો સમય એ હથિયારોને માટે મ્હારૂં જીવન નિર્માણ થયુંજ ન્હોતું. પરંતુ પવિત્ર ધર્મક્ષેત્રમાં સેવાવૃત્તિના હથીયારો ગ્રહણ કરીને, સતપંથના અન્યાયી દોર ઢ્હાસે ઝૂઝવાનું, મારૂં ભાગ્યમાં સર્જ્યું હતું ! જો કે એ વખતે તેનો મને સ્વપ્ને ખ્યાલ પણ ન્હોતો, પરંતુ જેમ જેમ સમય વહેતો ગયો, તેમ તેમ દિન પ્રતિદિન, એ હેતુ મ્હારા જીવનમાં વધારે વ્યકત અને સ્પષ્ટ થતો ગયો.

**ધર્મ-સંસર્ગ**—મ્હારા પિતાશ્રી સામાન્ય સુધારક વિચારના હતા, છતાં પણ **પીરાણા–સતપંથ** સામે, જાહેરમાં અવાજ ઉઠાવવાની હિમ્મત, તેઓ કરી શકતા ન્હોતા; કારણ કે અમારી જ્ઞાતિમાં એ વખતે **પીરાણા–સતપંથ**, સામ્રાજ્ય–સત્તા ભોગવતો હતો. જો અમારી જાતિનો કોઇ જન, એ ધર્મથી વિરૂદ્ધ કોઇ જાતનુ પગલું ભરે, તો તેને તરતજ ન્યાતબહાર મૂકવામાં આવતો, અને તે ઉપરાંત એવા એવા ત્રાસો ભોગવવાનો તેને વખત આવતો, કે છેવટે હતાશ થઇને, પટેલ કે મુખી માગે તેટલો દંડ ભરીને, ફરી પાછું તેને જ્ઞાતિનુજ શરણ સ્વીકારવું પડતું; પરંતુ હું તો ધર્મની બાબતમાં હજુ સુધી કંઇક તટસ્થ રહેતો હોવાથી, મ્હને એ વિષયનો ભય રાખવાનુ કંઇ વિશેષ કારણ ન્હોતું.

મ્હારૂં એકમાર્ગી અને ધૂની લક્ષ, શીલ્પકળા તેમજ ધંધામાંજ બાળપણથી પરોવાઇ જવાથી ધર્મની ઉંડી બાબતોમાં ખાસ વધારે ધ્યાન દેવાની, એ વખતે મને કંઇજ જરૂર જણાતી ન્હોતી, અને દરકાર કે પુરસદ પણ ન્હોતી. છતાં પણ વારસામાં મળેલા સુધારક વિચારોની વીજળી તો, મ્હારી નસોમાં અલક્ષિત રીતે બાળપણથીજ ઝરી રહી હતી. ધર્મની બાબતોમાં બેદરકાર હોવા છતાં, એટલું તો મને લાગતું હતું કે, અમારી જ્ઞાતિએ સ્વીકારેલો એ વિચિત્ર પીરાણાનો સતપંથ, કંઈ વખાણવા લાયક ધર્મ ન્હોતો. તેની ક્રિયાઓ, તેના નિયમો, અને તેની વાતો, ઘણીખરી મુસલમાની જેવીજ લાગતી હતી. એટલુંજ નહીં

પણ, તેના ચમત્કારિક પરચાની સચ્ચાઈ માટે મને શંકા રહેતી, અને એ ધર્મનો એક અંશ-માત્ર પણ, જાણે આપણા હિંદુજીવનને બંધ બેસ્તો ન જ હોય, તેની છૂપી રીતે પળાતી ધર્મક્રિયાઓમાં કંઈ શરમાવા જેવો છૂપો ભેદ સમાયેલો હોય, એવું તો મને છેક નાદાન વયથીજ મનમાં લાગ્યા કરતું હતું.

**ધર્મ-જાગૃતિ**—મુંબઈ આવ્યા પછી ઉમ્મર લાયક થતાંજ, ધાર્મિક ભાવનાઓ મારાં હૃદયને બારણે દિવસે દિવસે વધારે નજીક આવીને અથડાવા લાગી. સુધારાના ફૂંકાતા પવનવાળાં એ પાટનગરમાં, જ્યાં ચોમેર જાહેર જીવનની ચર્ચાઓ ચાલી રહેતી હોય, દેશ અને જ્ઞાતિના ઉદયની અને ધર્મ-કર્મના તર્કોની જ્યાં દિનરાત તડામારી ચાલતી હોય, ત્યાં હૃદય સ્વભાવિકજ અંતર્મુખ થઈને, ધર્મની અને જ્ઞાતિની સ્થિતિના વિચાર-તરંગોમાં ઝુલવા લાગે. વિવિધ જાતિ, વિવિધ ધર્મ અને વિવિધ વિચારના, દિન ઉગતાં નવા નવા અનેક માણસોના પરિચયમાં આવતાં, વિચારશક્તિ વિકાસ પામીને, આજસુધી ધર્મના જે વિષયને છેડવા પણ પામી ન્હોતી, તેના તરફ કુદરતીજ હૃદયપૂર્વક આકર્ષાય! પણ તે આકર્ષણ હજુસૂધી સામાન્યજ હતું, જીવનનું તે મુખ્ય કેન્દ્ર બની રહે, એટલું તેનામાં હજુ જોમ જાગ્યું નહોતું.

પરંતુ એવામાં અચાનક એક સામાન્ય પ્રસંગ એવો બન્યો કે, તેને લીધે એ જોશ જાગૃત થવાનો, ખાસ અણધાર્યો યોગ આવી પહોંચ્યો. એજ અરસામાં કચ્છી લોહાણા ગૃહસ્થ **શેઠ કેશવજી દામજી**ને વડગાદી ઉપર એક મકાન બાંધવાનું હતું, અને **શ્રીયુત ગોપાળજીભાઈ** નામના એક મ્હારા બીજા કચ્છી સ્નેહીએ કેશવજી શેઠની સાથે મારી ઓળખાણ કરાવી દેવાનું તેમજ મ્હારી ભલામણ કરવાનું જણાવ્યું. તેમણે કેશવજી શેઠને મ્હારા માટે બહુ સારા શબ્દોમાં ભલામણ કરી, અને કામ પણ મ્હનેજ આપવામાં આવ્યું; પરંતુ એ વખતે શેઠની સાથે વાત કરતાં હસવામાંજ એમણે ટકોર કરી કે—"કામ ભલે એમનેજ આપો. કામમાં તો એ ભાઈ બહુ કુશળ અને પ્રમાણિક છે, અને તમને પણ એ પૂરેપૂરો સંતોષજ આપશે; પરંતુ એક વાતે આ લોકો બહુ ખોટા છે." એમ કહીને અમારી જાતિની ટીકા કરતાં, તેમણે જે તીખા-કડવા શબ્દો સંભળાવ્યા હતા, તેનો અક્ષરે-અક્ષર આજસુધી, મારી છાતીમાં ખટકી રહ્યો છે. તેમણે કચ્છી ભાષામાં કહ્યું કે,—"ઇ ડિસાજેતા હિંદુ જેડા, પણ ધરમમેં તાં ઈ વડા કાફર અઈ—ન ઈ હિંદુ ને ન ઇ મુસલમાન. ઈનીજેમેં મરે તડેં દટજે, અને પઈણે તડેં ધુવા પેન!" ભાઈ ગોપાળજીએ તો આ પ્રમાણે ભલે માત્ર હસવામાંજ કહ્યું હશે, પણ મ્હને તો એ તીર જેવા શબ્દોથી હાડોહાડ લાગી ગઇ. અમે કડવા પાટીદાર કણબીઓ શ્રીરામચન્દ્રજીના પ્રતાપી વંશના ક્ષત્રિઓ છીએ. છતાં આ લોકો અમારી આટલી બધી નિંદા તે શા માટે કરતા હશે?

આ બાબતનો મ્હારા મનને બહુજ મ્હોટો વિચાર થઇ પડયો. એ દિવસથી મારા ચિત્તને સત્યની શોધ માટે બહુજ ચટપટી લાગી. **પીરાણા–સતપંથમાં** જે મહાપાપ સમાયેલાં હતાં, તે જાણવાને, તેનું સાહિત્ય ત્યારથીજ હું બારિકીથી વાંચવા લાગ્યો, અને પુરસદ મેળવીને **માધવબાગ, આર્યસમાજમંદિર** તેમજ **હીરાબાગ** જેવાં મુંબઇનાં જાહેર સભાસ્થળોમાં, જ્યાં જ્યાં ધાર્મિક વ્યાખ્યાનો થતાં હોય, અને પ્રખ્યાત વકતાઓના ધર્મવિચારો જાણવાનો જ્યાં જ્યાં પ્રસંગ મળતો હોય, ત્યાં ત્યાં હું નિયમિત તેનો લાભ લેવાને જવા લાગ્યો; અને ધર્મચર્ચામાં બહુ રસથી હૃદયપૂર્વક ભાગ લેવા લાગ્યો; એટલે ક્રમેક્રમે મ્હારા હૃદયમાં **સનાતન સત્યનો** ઉજ્વલ પ્રકાશ ઉદિત થયો. **વેદધર્મનો** મહિમા, સંસ્કારો અને **વૈદિક કર્મોનાં** રહસ્ય, **પુરાણોની** રૂપક કથાઓના હેતુ, મહાન્ ધર્માચાર્યો અને સત્પુરૂષોનાં દ્રષ્ટાંતો, આર્યોના પ્રાચીન ધર્મગ્રંથોના અલંકારિક ભાષાવાળી ઉંડી ભાવનામાં ગૂંથાએલાં પવિત્ર ૠષિજીવનના ઉંચા વિમલ આદર્શો, પવિત્ર કર્મકાંડનાં વિવિધ વિધાનો, તેમજ શ્રુતિ–સ્મૃતિ–પુરાણ–ઇતિહાસના પવિત્ર અમૃતઉપદેશોનું હું જેમ જેમ પાન કરતો ગયો, તેમ તેમ મ્હારી અંતર્ચક્ષુ વિશેષ વિશેષ ઉઘડવા લાગી. અને **વૈદિક ધર્મને** નામે **પીરાણા–સતપંથના** પ્રવર્ત્તકોએ જે જે પ્રપંચી ચમત્કારોની બનાવટી કપટજાળ રચી હતી, તેની ભેદભરેલી ઠગાઈ પણ મ્હારા અંતરની આંખો સ્હામે ઉઘાડી પડતી ગઈ. થોડાજ સમયમાં હું સારી રીતે સ્હમજી શકયો કે, અમારી જ્ઞાતિના હજારો ભોળા લોકોને, તેમજ બીજા પણ લાખો હિંદુભાઈઓને, એ શીયા ઇસ્માઇલી પંથના ઉસ્તાદ મિશનરીઓ (દાઇ –ઉપદેશકો) એ અપૂર્વ ચાલાકી ચલાવીને, પોતાનાં ફળદ્રુપ ભેજાંમાંથી અજબ યુક્તિ–પ્રયુક્તિઓ ઉપજાવી કહાડીને, પરધર્મીઓને પોતાના પાપી પક્ષમાં લેવાને, આગલા અજ્ઞાનમય જમાનામાં, એ **સતપંથ** નામની એક નવીન અદ્દભુત ઇંદ્રજાળ રચી કહાડી હતી. તેમાં મ્હોટે ભાગે હજારો ભોળા હિંદુઓનેજ ખોટી ખોટી લાલચો આપીને, સજ્જડ રીતે ફસાવવામાં આવતા હતા. પ્રાચીન ઇતિહાસોનો અભ્યાસ આગળ વધારવા, ધર્મશાસ્ત્રનું મંથન કરી, જેમ જેમ હું સત્યને શોધવાને ઉંડો ઉતરતો ગયો, તેમ તેમ એ **પીરાણા–સતપંથ** તેમજ તેના કાંધીઆ–લાગતા વળગતા-પ્રપંચીઓ ઉપર મને અંતઃકરણપૂર્વક તિરસ્કાર, ઘૃણા અને દયા ઉત્પન્ન થવા લાગી--અરેરે ! અમારા હિંદુભાઈઓ તે કેવા કમનસીબ ? દર વર્ષે લાખો રૂપીઆનો ભોગ આપી, હિંદુધર્મનો ઉચ્છેદ કરનારા, એ અધદગ્ધ, મ્લેચ્છ ધર્મમાં જાતે મળે છે. ધન ખરચીને ધર્મ વેચે છે, અને પોતાની જાત, પોતાનેજ પસે ગુમાવે છે ! ખાસ કરીને અમારી જ્ઞાતિની આવી શોચનાય પરિસ્થિતિ જોઈને, મ્હારૂં મગજ છેકજ મુંઝાઈ ગયું. **પીરાણાના** પાપપ્રપંચમાંથી જયાંસૂધી મ્હારા

વ્હાલા જાતિભાઇઓને હું છોડાવું નહિ, ત્યાંસુધી મ્હને મ્હારૂં રંક જીવન પણ ભારરૂપ અને વ્યર્થજ સમજાવા લાગ્યું. મનની આવી વ્યાકુળ અવસ્થામાં અને ધાર્મિક અભ્યાસના પ્રયાસમાંજ, એમને એમ ચાર પાંચ વર્ષો તો નીકળી ગયાં.

**વ્યાવહારિક પ્રગતિ.** એ સમય દરમ્યાન ઇશ્વરકૃપાએ મ્હારી પ્રમાણિક મહેનત અને ખંતને પરિણામે મારા ધંધામાં પાંચ પૈસાની, તેમજ પ્રતિષ્ઠાની પણ સારી પ્રાપ્તિ થઇ. મુંબઈના શ્રીમંતો સાથે, પ્રસિદ્ધ એન્જીનીઅરો, અને કોન્ટ્રેકટરો સાથે, પણ મને સારો પરિચય થયો હતો. મ્યુનિસિપાલિટી તેમજ સરકારી ખાતાંઓમાં પણ સારી ઓળખાણ–પિછાણ થઇ, અને તેને પ્રતાપે ધંધારોજગારમાં મ્હને દરેક જાતની અનુકૂળતા મળવા લાગી. કેટલાક શ્રીમંતો તો મ્હારા ખાસ પક્ષપાતીજ બન્યા. તેઓ પોતાના, તેમજ પોતાના સગાસંબંધી અને પરિચિત જનોનાં બધાં કામ પણ, આગ્રહથી મનેજ આપવા લાગ્યા.

**સત્સંગ અને સંસ્કાર.**—સમય જતાં, હું કરી શકું, એથી પણ વિશેષ કામો મ્હને મળવા લાગ્યાં; એટલે પ્રવૃત્તિને અંગે તો મ્હને કંઇ ચિંતા–ફિકર કરવા જેવું રહ્યુંજ નહિ; પણ જ્ઞાતિની અવ્યવસ્થા અને હિંદની ધાર્મિક અધોગતિના ચિંતાતુર વિચારોએ મ્હારાં હૃદયને ઘેરીને ખિન્ન બનાવી દીધું હતું.

એ અરસામાંજ **રાજકોટ** નજીક **ઢોલરા**ના મૂળવતની **વેદશાસ્ત્રસમ્પન્ન જ્યોતિષશાસ્ત્રી સદ્‍ગત શ્રી રામેશ્વર મોરારજી**નો, પૂર્વના પુણ્યે અમને સત્સંગ અને સાત્વિક સમાગમ પ્રાપ્ત થયો. એ નિરભિમાની, સદાચારી, સરલ છતાં પણ શરમાળ સ્વભાવના સજ્જનનો સમાગમ અમને બહુજ હિતકર થઈ પડયો. એક ઉત્તમ બ્રાહ્મણને છાજતા, સ્વાર્થરહિત, પ્રાચીન, ઋષિમુનીઓ જેવા, તેમનામાં અનેક ઉચ્ચ ગુણો હતા. એ બ્રાહ્મણે જાણે અમારી જ્ઞાતિ માટેજ જન્મ લીધો હોય, તેમ બીજી બધી પ્રવૃત્તિઓ છોડીને અમારી સાથે રહી, મને, મારાં કુટુંબને, તેમજ કેટલાક મારા સ્નેહીઓને, હમેશાં નિયમિત ધર્મનો ઉપદેશ આપવા માંડયો. વેદધર્મની પવિત્ર ક્રિયાઓ, તથા સંસ્કારોનો મહિમા સાંભળી, કર્મકાંડ તેમજ સંસ્કારવિધિ ઉપર મને ઘણી અભિરૂચિ ઉત્પન્ન થઇ. પવિત્ર ધાર્મિક જીવનમાં આગળ વધવાની મ્હારી તીવ્ર ઉત્કંઠા જોઇને, તેમણે ખરી લાગણીથી મ્હને સમજાવ્યું કે,—“ ઉપવિત વિગેરે વૈદિક સંસ્કારો છોડી દેવાથી, તમે વ્રાત્ય બની ગયા છો. ક્ષત્રિયજાતિ તરિકેનો અધિકાર પણ તમે હાલ ગુમાવી બેઠા છો, અને ઉપવિત ગ્રહણ કરવામાં ન આવે, ત્યાંસુધી વેદશાસ્ત્રાદિનું પઠન–પાઠન અથવા કર્મકાંડનું કોઈ પણ સાધન–પરિપાલન તમારાથી થઈ શકેજ નહિ. કદાચ કરો તો, તેનું ફળ મળે નહિ; માટે પ્રથમ અગત્યૂ તો વ્રાત્યદોષ ટાળવા માટે, દેહશુદ્ધિ કરાવી, ઉપવિત ધારણ કરવાની છે. જનોઇ લીધા પછીજ બીજા ઉંચા અધિકારો તમે મેળવી શકશો. ” એમના આ ઉપદેશથી અમારૂં વ્રાત્યપણાનું

કચ્છ દેશની કડવા પાટીદાર જ્ઞાતિને
પીરાણા સતપંથથી છોડાવનાર



વેદશાસ્ત્ર સંપન્ન, સ્વ. રામેશ્વર મોરારજી

ઢોલરા તાબે રાજકોટ (કાઠીયાવાડ)

Lakshmi Art, Bombay 8.

કલંક ધોઈ નાખી, ઉપવિત લઈને પાવન થવાનો મેં નિશ્ચય કર્યો, અને ખુલ્લાં હૃદયથી તે મેં **રામેશ્વર મહારાજને** પણ કહી જણાવ્યો. ત્યારે તેમણે જણાવ્યું કે,–"આવું સાહસ માત્ર મારી એકનીજ સલાહથી કરવા કરતાં, **ગુજરાતના** કોઇ પ્રતિષ્ઠિત મહાન્ પુરૂષ અથવા, શાસ્ત્રવેત્તા, પ્રતિષ્ઠિત આચાર્યની સલાહ લઈ, તેમની મારફત જો એ સંસ્કાર કરવામાં આવે, તો વધારે સારૂં." વધારામાં તેમણે પોતાનો અભિપ્રાય જણાવ્યો કે,–"ગુજરાત–કાઠીયાવાડમાં હાલમાં ધર્મનો નિયમિત પ્રચાર કરનારા, જાણીતા મહાત્મા **શ્રીમન્નથુરામશર્મા,** આવી પ્રવૃત્તિયોમાં ઉત્સાહથી ભાગ લે છે; એમને મળીને આપણે નિર્ણય કરીએ, તો સૌથી સારૂં." એ ઉપરથી **કાઠિયાવાડમાં જુનાગઢ** પાસે **બિલખામાં** મહારાજશ્રીનો આશ્રમ આવેલો છે, ત્યાં અમે બન્ને ગયા. અને મહારાજ શ્રીને રૂબરૂમાંજ મળીને, અમારી પરિસ્થિતિનો સવિસ્તર વૃત્તાંત તેમને નિવેદન કરી, ઉપનયનસંસ્કારનો અધિકાર મેળવવા માટેની મારી ઇચ્છા જણાવી. તેમજ શાસ્ત્રોક્ત રીતે જનોઈ લેવાનો અમને અધિકાર છે કે નહિ, એ બાબતમાં પણ તેમનો અભિપ્રાય પૂછયો. કારણ કે, અમારી જ્ઞાતિ આજે ઘણાં વર્ષો થયાં સંસ્કાર રહિત શૂદ્રો જેવીજ બની ગઈ હતી. મ્હારી બધી હકીકત ધ્યાનથી સાંભળીને મહાત્માશ્રીએ **મનુ, પરાશર, યાજ્ઞવલ્કય, યમ,** આદિ અનેક સ્મૃતિકારોના આધારો દર્શાવી, **ધર્મસિંધુ** તેમજ **ગૃહ્યસૂત્રના** ગ્રંથોમાંથી અમારા અધિકારનાં પ્રમાણો બતાવ્યાં; અને વિધિસહિત દેહશુદ્ધિ–પ્રાયશ્ચિત લીધા પછી જનોઈ પહેરવામાં કંઇ પણ વાંધો નથી, એવો અભિપ્રાય તેમણે બતાવ્યો. પરંતુ **કચ્છી કણબી જ્ઞાતિના** દુરાગ્રહ તેમજ તેના આગેવાનોના અત્યાચારોનો તેમને કંઇક ખ્યાલ હોવાથી, તેમણે એવી સલાહ આપી કે–"**તમારા જેવા એક ઉમંગી અને ઉગતા જુવાને દેહશુદ્ધિ—પ્રાયશ્ચિત કરાવીને, જનોઇ લેવાનું સાહસ ખેડવામાં ઘણું જોખમ સમાયેલું છે. વળી તમે એકલાજ જનોઇ લો, એથી જ્ઞાતિને કંઈ વિશેષ લાભ પહોંચાડી ન શકો, માટે તમારે જો બની શકે તો, બીજા પાંચ સાત સ્નેહીઓને તમારા પક્ષમાં લઇનેજ પ્રાયશ્ચિત્ત કરવું.**"

મહાત્માશ્રીનો આ પ્રમાણેનો ઉપદેશ સાંભળી એ પ્રમાણે યત્ન કરવાના નિશ્ચય સહિત, હું અને **રામેશ્વર મહારાજ** મુંબઈ આવ્યા.

**ઉપવિત**—પાછા મુંબઈ આવ્યા પછી તરતજ મારા સંકલ્પને સિદ્ધ કરવાની ચળવળ મેં હાથ લીધી. મારા **પરિચિત** સ્નેહીવર્ગ અને જ્ઞાતિના યુવકવર્ગ **સમક્ષ,** હું મ્હારા વિચારો સ્પષ્ટ રીતે વ્યકત કરવા લાગ્યો. અને જ્યાં જ્યાં **પ્રસંગ મળે,** ત્યાં **વેદધર્મનો મહિમા સમજાવી, પીરાણા-સતપંથનો** હું જાહેર રીતે વિરોધ કરવા લાગ્યો. મ્હારા એ પ્રયાસનું પ્રભુકૃપાએ થોડાજ સમ-

યમાં સારૂં પરિણામ આવ્યું. મ્હારી જ્ઞાતિના કેટલાક સ્નેહીઓ થોડી આનાકાની પછી, મ્હારા અભિપ્રાયને સંમત થયા. કેટલાક દિવસ ધાર્મિક ચર્ચા ચલાવ્યા બાદ **પીરાણા સતપંથ**ના કલંકને હમેશને માટે ત્યાગ કરી, શુદ્ધિસહિત **વૈદિક સંસ્કારો**નો સ્વીકાર કરવાનો અમે નિશ્ચય કર્યો. મ્હારા પરમસ્નેહી **પટેલ રતનસિંહ કરસન રાજપુરવાળા**, એ શુદ્ધિના સત્કાર્યમાં મ્હારા વિચારોને સમ્મત થનારા પહેલ વહેલા નિડર ધર્મવીર બન્યાઃ ત્યાર પછી કચ્છ-દેશના કહેવાતા આગેવાનો–ગઢેરાઓના અંધેર અમલથી કંટાળી ગયેલા અને પવિત્ર **વેદધર્મ** તરફ વળેલા, મારા સ્નેહીઓમાંના **પટેલ રામજીભાઈ જેઠાભાઈ ગઢશીસાવાળા, પટેલ વિશ્રામભાઈ દેવજી, પટેલ કરસન ભાણુજી** અને **પટેલ નાયાભાઈ શિવજી વીરાણીવાળા**, તેમજ **પટેલ હરજીભાઈ લદ્ધા લોડવાવાળા** મ્હારા વિચારો સાંભળીને ક્રમે ક્રમે શુદ્ધિના વૈદિક કાર્યો તરફ આકર્ષાયા તો ખરા, પરંતુ તેમણે ઠરેલી અનુભવી બુદ્ધિથી જણાવ્યું કે,–"અનેક સૈકાંથી ચાલી રહેલા **પીરાણા–સતપંથ**નાં વજ્રમય બંધારણ અને તેની **હિમાલય** જેવી અડગ સત્તા, આપણા આવાં સાહસમાં બહુ જ વિઘ્નરૂપ થઇ પડશે."–વળી તેઓ મને સમજાવીને કહેવા લાગ્યા કે,–"ભાઇ! તારૂં કહેલું તો અક્ષરે અક્ષર ખરૂં છે. આપણા શિરઉપર એ ન સહી શકાય એવું કલંક છે. એ પાપી પંથને લઇનેજ આપણી આવી અધોગતિ થઇ છે, અને જુલમી આગેવાનોની સત્તા નીચે ચગદાઇને, આપણા ગરીબ જાતિભાઇઓ આજેતો મરણતુલ્ય દુર્દશા ભોગવી રહ્યા છે, માટે આપણે એ પાપી પંથનો ત્યાગ કરવો જ જોઈએ; પણ એ ખાઇ બદેલા દુષ્ટોનું કેવું અતુલ બળ છે, તેની તને કદાચ પૂરેપૂરી ખબર નહીં હોય! આપાનું આ સાહસિક પગલું તેમના જાણવામાં આવતાંજ, એ પાખંડીઓ આપણને પીંખી નાંખશે. વરસોથી શયતાની સત્તા ભોગવતા, એ ગઢેરાઓ સામે હથિયાર ઉઠાવવામાં, તેમજ પ્રપંચી **પીરાણા–સતપંથ**ની વિરૂદ્ધ એક ઉચ્ચાર સરખો કરવામાં પણ કેવા કેવા ભયંકર જોખમો સમાયેલાં છે, અને આપણી સાથે આપણા સગાં-કુટુમ્બીઓની પણ એથી કેવી બૂરી હાલત થશે, તેનો હજી તને પૂરો ખ્યાલ નથી. અમને પોતાને પણ એ દુષ્ટો તરફ, જો કે એટલોજ તિરસ્કાર છે, પરંતુ સંભવ છે કે, તેમને છેડવાથી એ પાપી **પીરાણાપંથી**ઓ આપણાં મૂળીઆં ખોદી નાંખવામાં પણ પાછું વાળીને જુએ તેમ નથી. માટે તું ધીરો અને શાન્ત થા. આપણે આપણા વડીલોને દેશમાં પત્રો લખીને, સમજાવીએ. તેમની સંમતિ લઇએ, અને પછી ધીમે ધીમે તેમનાં મન આપણા તરફ વાળીને, શુદ્ધિ અને જનોઈ જેવાં સાહસિક પગલાં આપણે ભરીએ, તો વધારે સારૂં." તેમની એ સલાહ દૂરદૃષ્ટિવાળી અને અનુભવની હતી, પરંતુ હું તો ગમે તે ભોગે અને જોખમે, મારો નિશ્ચય અમલમાં મૂકવાની પ્રતિજ્ઞા લઇજ ચૂક્યો હતો.

## સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળના સંસ્થાપકો



(બેઠેલા) રતનશીભાઈ કરશન, નારાયણજી રામજીભાઇ, વિશ્રામભાઈ દેવજી.

(ઉભેલા) નાયાંભાઇ શીવજી, રામજીભાઈ જેઠા.

Lakshmi Art, Bombay 8.

તો મેં તેમને સ્પષ્ટ સમજાવ્યું કે, તેઓ સંમત નહિ થાય, તો પણ પરિણામનો કંઇ પણ વિચાર કર્યા વિના, દેહશુદ્ધિસહિત ઉપવિતસંસ્કાર ગ્રહણ કર્યે જ મ્હારો છૂટકો છે; તેમને મારી સાથે રહેવામાં હૃદય કે વ્યવહાર અનુકૂળ જણાય, તોજ સાથે રહેવું, નહિ તો તેઓ ભલે પોતાની જાત સંભાળે, તેમાં પણ મને કંઇ દુઃખ નહોતું. આગલા જમાનામાં ધર્મને માટે હજારો પુરૂષોએ જીવન પણ અર્પણ કર્યા છે અને મહાન્ જ્ઞાની તેમજ સત્તાધીશ અનેક નરેશો પણ ધર્મની યજ્ઞવેદી ઉપર આનંદપૂર્વક ખપી ગયા છે. ત્યારે ધર્મનાં રક્ષણ આગળ મ્હારા જેવા એક સામાન્ય મનુષ્યનાં તુચ્છ જીવનની તે શી કિંમત? મ્હારે કરવાનું, તે તો હું કરીજ રહ્યો છું," મારો આવો અડગ નિશ્ચય જોઈને, એ ભાઇઓ પ્રેમ અને લાગણીથી મારી સાથે જોડાયા. "**જીવશું તો સાતે ભાઇ સાથે, અને મરશું તો પણ સાતે ભાઈ સાથેજ. જ્ઞાતિ કે ગ-ઢેરાઓ, ગમેતેવો ત્રાસ આપશે, તે આપણે સાતે જણા સપ્તઋષિની પેઠે સહી લેશું, પણ જીવતાં સૂધી કદિ જુદા તો નહિજ પડીએ.**" આ પ્રમાણે સાતે કુટુંબો એકઠાં થવાથી દેહશુદ્ધિની અને ઉપવિત–સંસ્કારની ઉત્સાહભરી તૈયારીઓ ચાલવા લાગી. **રામેશ્વર મહારાજ** પણ અમારા સાતેનો આવો નિ-શ્ચય જોઈને ઘણો સંતોષ પામ્યા, અને તેમને સાથે લઇને, અમે સાતે જણાઓ પ્રસન્ન ચિત્તે સહકુટુંબ દેહશુદ્ધિ તેમજ ઉપવિત–સંસ્કારની સિદ્ધિ માટે **ના-શિક** ગયા. ત્યાં પતિતપાવની શ્રી **ગોદાવરી**ના પવિત્ર તીરે, શ્રી **ત્ર્યંબકેશ્વર** જેવાં તીર્થક્ષેત્રમાં, **નાશિક**ના કેટલાક પ્રસિદ્ધ વેદવિત વિદ્વાન્ બ્રાહ્મણો દ્વારા **વૈદિક વિધિએ, દેહશુદ્ધિ–પ્રાયશ્ચિત** કરાવીને, ઉત્સાહપૂર્વક ઉપવિત (જનોઇ) લઇને, અમે પવિત્ર **વેદધર્મ**ના દીક્ષિત તેમજ અધિકારી થયા. આ પ્રસંગ **વિક્રમ** સંવત્ ૧૯૬૪ ના જેઠ શુદિ પાંચેમ ને ગુરૂવારે બન્યો. અને **નાશિક**થી પાવન થઇને આવ્યા પછી, તરતજ અમે **સ્વધર્મવર્ધક, અને જ્ઞાતિહિતચિંતક મંડળ**ની સ્થાપના કરી, તેના અમે સાત જણ પહેલા સભાસદો થયા.

"**દેહશુદ્ધિનો પ્રત્યાઘાત.**"—હમારા **મુંબઈ** આવ્યા પછી, જાતિભાઈ-ઓને આ અમારાં સાહસિક પગલાંની તરત જાણ થતાંજ, જ્ઞાતિમાં મ્હોટી ચર્ચા અને ઉથલપાથલ ચાલી રહી! અમારાં એ સાહસના સમાચાર તત્કાળ તારની માફક દેશમાં ( કચ્છમાં ) ઠામેઠામ ફરી વળ્યા. કચ્છના આગેવાનોને સાંભળી-ને અંગેઅંગ અગ્નિની જવાળાઓ જાગી. કચ્છના કણબીભાઇઓમાં ભારે ખળ-ભળાટ મચી રહ્યો. અમારાં આ સાહસનું શું પરિણામ આવે છે, તે જાણવાને અખિલ કચ્છી કડવા પાટીદાર આલમ, બહુજ આતુર બની રહી! અમારાં સાતે કુટુંબના સેંકડો સગાંસંબંધીઓને તો ભારી ચિંતા તેમજ ભયનાં ગાઢ વાદળોએ એ વખતે ઘેરી લીધાં!

**પટેલોનો** જુલ્મઃ--છેડાયેલા ગઢેરાઓ તો ક્રૂર જનાવરોની પેઠે ગાજી ઉઠયા! અમારાં એ મહાપાપ (!)નો સખ્ત બદલો લેવાના તેમના તરફથી આકરા ઓર્ડરો નીકળ્યા! ગઢેરા તેમજ તેમના લાગતા વળગતાઓએ જ્યાંજ્યાં અમારાં સગાંસબંધીઓ હતાં, ત્યાં ત્યાં ફરમાનો મોકલી, અમારા બધા આપ્ત જનોને-કુટુમ્બીઓને-પિતૃપક્ષી,-માતૃપક્ષી, બંધુવર્ગ, સ્નેહીવર્ગ અને અમારી સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ-સંસર્ગ રાખનારાં સહુ કોઇને, એકે સપાટે ન્યાતબહાર કરી દેવાના, તેમણે નાદિરશાહી હુકમો બહાર પાડયા! અને પોતાના એ ભીમ પરાક્રમના સમાચાર, તેમણે દેશ પરદેશ વસતા અમારા સઘળા જાતિભાઇઓને તરત મોકલી આપી, અમારી સાથે કોઇપણ જાતનો સંબંધ-વ્યવહાર નહિ રાખવાના, જહાંગીરી હુકમો લખી મોકલ્યા! આવી રીતે પાડાના વાંકે પખાલીને ડામ આપી, તેમણે પોતાના દિલની આગ બુઝાવી. પટેલોની આ પછડાટીઓની અમને તરતજ જાણ થઈ. પણ અમારાં સાતે કુંટુંબોએ તો આવાં પરિણામની આગળથીજ આશા રાખી હતી; એટલે એ સાંભળીને અમને કંઇ ક્ષોભ કે વિમાસણ થઈ નહિ; પરંતુ દેશમાં રહેતા અમારા વડીલો, સગાંઓ તેમજ લાગતાવળગતાંઓને શિર તો, એથી જાણે અણધારી આફતોના મ્હોટા પહાડજ તૂટી પડયા! કુટિલ કુકર્મી પટેલીઆઓએ તેમને અસહ્ય ત્રાસ આપવામાં અને, સતાવવામાં કશી પણ બાકી રાખી નહીં. તેમની સાથેનો સઘળો સંબંધ વ્યવહાર તેમણે આખી જ્ઞાતિમાં બંધ કરાવ્યો. માંદે સાજે-મરણ પરણમાં-કોઈપણ સારે માઠે પ્રસંગે, કોઈ જાતિભાઈ અમારાં સગાં-કુટુમ્બીઓને ત્યાં આવી ન શકે, તેમને પોતાને ત્યાં બોલાવી કે લાવી ન શકે; તે એટલે સુધી કે, એક બીજાનાં પાણીનો છાંટો પણ બન્ને પક્ષને હરામ થઈ ગયો! એ વખતે જ્ઞાતિના અગ્રેસરો અને ગઢેરા ગણાતા એ મનસ્વી સત્તાધારી **આહમદશાહ દુરાની** જેવા જાલીમ પટેલોએ, અમારા દેશમાં રહેતા સઘળા કુટુમ્બીઓ ઉપર જે જે સખ્ત વજ્રઘાતો કરેલા છે, તે બધું યાદ કરતાં, આજસુધી પણ અમારૂં લોહી ઉકળી આવે છે. તે જુલ્મના અનેક દાખલાઓ, નામઠામ અને પ્રમાણો સહિત કચ્છ કડવા પાટીદાર પરિષદ્‌ની બે આગલી બેઠકોમાં, જાહેર કરવામાં આવ્યા છે. અને એવા નિર્દય પટેલોને માટે તિરસ્કાર તેમજ શરમના સખ્ત ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા છે. પરંતુ એ હઠીલા અને હરામી ગઢેરાઓએ તો પડ્યા પડ્યા પણ ટંગડી ઉંચી રાખીને, પોતાના દાવપેચો ખેલવાનું હજીસુધી ચાલુ જ રાખ્યું છે. કહે છે કે, નાગાથી નારાયણ પણ આઘા! તો પછી એ તૈમુરના નીરો જેવા ક્રૂર નરપશુઓને અમારા જેવા સીધા-સાદા સત્યપરાયણ પુરૂષો કેવી રીતે પહોંચી શકે? અમારા દેશના સગાસંબંધી અને કુટુમ્બીઓ જ્યારે છેક જ ત્રાસીને લાચાર બની ગયા, ત્યારે અમારા દેશમાંના પૂજ્ય વડીલો ઉપર તેમણે હદબહાર દબાણ ચલાવ્યું અને અમારા વડીલો પાછા અમને સમજાવવા લાગ્યા કે,-

કચ્છ દેશમાં શાંન્તીથી મક્કમપણે પીરાણા સતપંથના
પાખંડો ઉઘાડા પાડનાર સુજ્ઞ બંધુ



શ્રી. પટેલ વાલજીભાઇ રામજીભાઈ

ગામ વીરાણીવાળા (કચ્છ)

Lakshmi Art, Bombay 8.

"અમારી દયા ખાતર પણ તમે જનોઇઓ પાછી ઉતારી નાખીને, **પીરાણા-સંતપંથ**ની ગુલામી કબુલ કરી, જ્ઞાતિને શરણે આવીને અમારામાં પાછા મળી જાઓ, તો તમારી સાથે અમારી આફતનો પણ છેડો આવી જાય." તેમણે આંખોમાં આંસૂ લાવીને એવી હૃદયભેદક-દયાજનક રીતે કાલાવાલા કરવા માંડયા કે વજ્રમય પાષાણહૃદય પણ જરૂર એથી પીગળી જ જાય. ત્યારે એ વખતે અમારાં લાગણીભર્યાં, નરમ, દયાભીનાં હૃદયની શી દશા થઇ હશે, તેનો સુજ્ઞ વાંચકે જ વિચાર કરી લેવો. પરંતુ એ વખતે ભક્ત પ્રહલાદ અને હરિશ્ચંદ્ર જેવાની અચળતા અમને યાદ આવી. પ્રાણ જાય પણ ધર્મ તો ન જ તજાય, એવો અમારો અટલ નિશ્ચય હતો. સમજીને કરેલી પ્રતિજ્ઞા તોડવાની નબળાઇ, અમારા સાત કુટુમ્બોમાંથી કોઈ પણ કરે તેમ ન્હોતું. એથી અમે દૃઢતાથી અમારાં વડીલો તેમજ સગાંસંબંધીઓને જણાવ્યું કે,—"જો તમને આ સ્થિતિ અસહ્ય લાગતી હોય, તો સુખે તમે અમારો ત્યાગ કરીને, એ ધર્મબોળુ તરફીઓ સાથે સહકાર અને એકતા કરો. પરન્તુ અમે તો પ્રાણાન્તે પણ એ પાપી પંથને પડછાયે પણ ઉભા રહેવાના નથી. ભલે માથે વજ્રો તૂટી પડે, કે આખી દુનિયાં ઉલટી જાય, પણ ઇશ્વર, બાપ, અને ધર્મ, તો હવે નહીંજ બદલાય !

**सगांओनो सहकारः**—અમારા આવા નિશ્ચયથી અમારાં સ્નેહાળ સગાંઓને પણ શૂર છૂટયું, અને દેશમાં બેઠાં બેઠાં, તેઓ, **પીરાણા-સતપંથ** વિરૂદ્ધ ધીમી પણ મક્કમ પ્રવૃત્તિ કરવા લાગ્યાં. ખાસ કરીને મારા પિતાશ્રી અને મ્હારા વડીલભાઇ એ પ્રવૃત્તિમાં તન-મન-ધનના ભોગે રસપૂર્વક ભાગ લઈ રહ્યા હતા. આ તરફથી અમારૂં સ્વધર્મવર્ધક મંડળ પણ મુંબઇમાં રહીને એ કુટિલ પંથના ખળભળી ગયેલા જુના કિલ્લા ઉપર સબળ શસ્ત્રપ્રહાર કરવા લાગ્યું હતું.

**जाहेर चळवळः**—અમારા અનુભવે અમને સારી રીતે શીખવ્યું હતું કે, અનેક દિશાવ્યાપી જોરદાર ચળવળ ચલાવ્યા વિના અને બરાબર નિયમિત રચનાત્મક કાર્યક્રમ હાથ ધર્યા વિના, અમારી ફતેહ અસંભવિત હતી. એથી ખાસ મુંબઇ તેમજ દેશાવરના પ્રદેશોમાં વસતા સર્વ ભાઈઓને જાગૃત કરી, અમારો પક્ષ સબળ બનાવવા માટે, તેમજ જાહેર જનતાને પણ પીરાણા-સતપંથના પાપ અને જુલમથી જાણકાર કરી, અમારા તરફ સૌની લાગણી ખેંચવા માટે, એ પ્રપંચી પંથના પોગળ ખોલનારાં, તેમજ અમારી જ્ઞાતિની દુખી સ્થિતિને તાદૃશ્ય બતાવનારાં વિવિધ જાહેર લેખો, મુંબઇના વર્તમાન પત્રોમાં છપાવીને તેમજ એ વિષયનાં છૂટક હેન્ડબીલો અને જાહેર પત્રો વહેંચીને, તથા એ સંબંધી અનેક નાનાં મોટાં મુદ્દાસર પુસ્તકો છપાવી, મફત ફેલાવીને, એ ઈમામશાહી અંધેરવાળી ઇન્દ્રજાળના છૂપા ભેદભરમોને અમે ધડોધડ ઉઘાડા પાડવા માંડયા. ખેરિઆતના ખીચડાખાઉ સૈયદો અને તેમના દલાલોનું

કામ કરનારા, પેટલડીઆ કુટિલ કાકાઓનાં, કાળાં કર્મો જોરશોરથી જાહેર રીતે અમે બહાર લાવવા લાગ્યા. એથી ઘણાં વર્ષોથી ગળાં સૂધી ભરાઇ રહેલો અને છલકાઈ જતો, તેમનાં પાપનો ઘડો, આખરે આપોઆપજ ફૂટી ગયો, અને જ્યાંજ્યાં અમારી જાતિના નરવીરો વસતા હતા, ત્યાં ત્યાં શુદ્ધ વૈદિક ધર્મની મહત્તા વ્યાપી રહી, અને જ્ઞાતિઉદ્ધારની પ્રચંડ વીરહાક ગાજી ઉઠી ! કરાંચી, કલકત્તા, સિંધ, હૈદરાબાદ, ગુજરાત, કાઠિયાવાડ વિગેરે દૂર કે નજીકના અનેક પ્રદેશોમાં વસતા, અમારા સમજુ જ્ઞાતિભાઇઓએ એ વીરહાકને આદરથી વધાવીને ઝીલી લીધી, અને અમારી પુણ્ય પ્રવૃત્તિ પ્રત્યે ઉત્સાહથી તેમણે હાર્દિક સહાનુભૂતિ દર્શાવવા માંડી.

**अनुमोदनः**—ગામેગામ અને ઠામેઠામથી અમારાં સત્કાર્યને અનુમોદન તેમજ પ્રોત્સાહન આપનારા અનેક પત્રો આવવા લાગ્યા. અને અનેક જમાનાથી જામેલાં પીરાણાનાં પાપોના પોપડા સામે, અખિલ દેશવ્યાપી પોકાર ઉઠી રહ્યો! એવા સતેજ સંજોગો વચ્ચે **સ્વધર્મવર્ધક મંડળના** પ્રયાસને પ્રસંશનીય સફળતા મળતી જોઈજાણીને, કચ્છમાં વસતા **સતપંથના** કુટિલ કાંધીઆઓનાં તો હૃદયો છેકજ સળગી ઉઠયાં !

**कच्छमां जागृति**—એક તરફથી મુંબઈ-ઘાટકોપરનું સ્વધર્મ વ-ર્ધકમંડળ, પીરાણા-સતપંથ તેમજ ગુમાની ગઢેરાઓનો ગર્વ ગાંજીને તેમનાં કટાયેલાં હથિયારોને, આગળ જણાવ્યા પ્રમાણે ભાંગી તોડી છિન્ન-ભિન્ન કરવા લાગ્યું હતું; ત્યારે બીજી તરફ અમારા કચ્છમાં વસતા સગાં-કુટુમ્બીઓ વિગેરે, એ પાખંડીઓની જાલીમ ઘાણીમાં પીલાવા લાગ્યા હતા. તેમને પણ જાગૃત કરવાનો અને બને તેટલી મદદ આપવાનો, અમે નિશ્ચય કર્યો. આ પ્રમાણે મુંબઇની સાથે સાથે દેશમાં પણ જાગૃતિનુ યુદ્ધ ચલાવવા અમે સહુ કટિબદ્ધ થયા. એ વખતની કચ્છની પરિસ્થિતિનો તો ઉપર ઈશારો કર્યો છે, એ મુજબ દેશના ગોઝારા ગઢેરાઓએ ચારેમેર ત્રાસ ત્રાસ વર્તાવીને, અમારાં સગાં-સંબંધીઓમાં જે કેટલાક નબળા મનના હતા, તેમને દબાવી, નમાવી, હતાશ કરીને, પોતાને શરણે આવવાની ફરજ પાડી હતી. એ સમયે કુટુમ્બીઓને સહેવા પડતા આવા ત્રાસથી, **સ્વધર્મવર્ધક મંડળના** કેટલાક **સભાસદભાઈઓને** પણ એ દુષ્ટોને હાથે બહુ બહુ કષ્ટો સખ્તરીતે સહન કરવાનો, અને ખરેખરી કસોટીનો બારીક વખતજ આવી પહોંચ્યો હતો. માબાપ પોતાના સંતાનો સાથે કશો સંબંધ રાખી ન શકે, અને સ્ત્રીઓ પોતાના સ્વામીને આંગણે પણ આવી ન શકે ! અને કાકા, મામા કે સાળા બનેવીઓને પણ પોતાના છેક નજીકના સંબંધીઓ સાથેનો પણ સઘળો સંબંધતોડી, તેમની સાથેનો બધી જાતનો વ્યવહાર છોડી દઈ, અલગ થવાનો વખત આવ્યો. કેટલાક સંબંધીઓને, સુધારકભાઈઓના નામનું

સ્નાન કરી નાખવાની ફરજ પડી; ત્યારે કેટલાકને સગપણ અને વિવાહ જેવા ગંભીર સંબંધો ફોક કરવા જેવો ભયંકર પ્રસંગ આવી પડયો. છતાં એ અમારા મંડળની વજ્રમય પ્રતિજ્ઞા પ્રભુની કૃપાએ અચળ હિમાચળની પેઠે અતુટ જ બની રહી.

**સ્વામીનારાયણ સંપ્રદાય સાથે મસલતઃ**—એ સમય દરમ્યાન મેં મારા પૂજ્ય પિતાશ્રીને તથા બીજા આગળ પડતા હિમ્મતવાન સંબંધીઓને પત્રો લખી એક જુદી જ દિશામાં નવી પ્રવૃત્તિ હાથ ધરવાની આજીજી કરી. આશરે દોઢસો વર્ષો પૂર્વે **પીરાણા સતપંથ**નાં પાપોથી કંટાળેલા અને ગઢેરાઓની ગુલામીથી ત્રાસી ગયેલા, **કચ્છી કડવા પાટીદારો** એ પાખંડી **પીરાણા સતપંથ**ની જાળમાંથી છુટા પડીને **સ્વામીનારાયણ** સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. તેઓ ધર્મ, કર્મ અને આચાર વિચારમાં **સતપંથી**ઓથી અલગ થયા હતા. લગ્ન પ્રસંગે અર્ધ મુસલમાની દુવાને બદલે ચોરીથી **વેદધર્મ** પ્રમાણે લગ્નો કરાવતા, અને મરણ પ્રસંગે મુડદાંને દાટવાને બદલે અગ્નિસંસ્કાર કરવા લાગ્યા હતા. ધાર્મિક ક્રિયાઓ અને ભક્તિ ભજનમાં **સ્વામીનારાયણ** મતના નિયમોને પાળતા હતા; પરંતુ જ્ઞાતિની ઓછી વસ્તીને લીધે, તેમજ કન્યાની અછતને લીધે તેમને પણ પાછી **પીરાણા–સતપંથી**ઓ સાથે ખાવાપીવાની તેમજ કન્યાની આપલે કરવાની, ફરજ પડી હતી. એ **સ્વામીનારાયણ** સંપ્રદાયવાળા આશરે બસો કુંટુંબો સાથે અમારૂં સંઘબળ વધારવા માટે ભળી જવાની અમારી આંતરિક ઇચ્છા હતી; કેમકે માત્ર આઠ–દશ કુટુમ્બોમાં અમારો સંસાર–વ્યવહાર સદાકાળ નિભી જાય એમ જણાતું ન હતું. તેમજ અમારૂં સંખ્યાબળ વધારવાની પણ એ વખતે ખાસ જરૂર હતી. મારા પિતાશ્રી મારફતે એ ભાઇઓ સાથે મળી જવાની મેં તજવીજ ચલાવી. પણ તે એવી શરતે કે જ્યારથી અમે તેમની સાથે જોડાઇએ, ત્યારથી તેમણે એ અર્ધદગ્ધ કબરસ્તાની ખીચડીઆ **પીરાણા સતપંથ**વાળાઓનો સંબંધ બીલકુલ છોડી દેવો, અને પાયશ્ચિત લઇ પાવન થઇને, ત્યાર પછી પવિત્ર આર્યજીવન ભોગવવાની પ્રતિજ્ઞાઓ સ્વીકારવી કચ્છના એ સંપ્રદાયના ભાઇઓમાં **પટેલ જીવરાજ ખેતસિંહ. પટેલ નારાયણ ધર્મસિંહ** કચ્છ ગડાણીવાળા, તથા કચ્છ **રવાપુર** અને **નેત્રા**ના આગેવાન પટેલોએ અમારી એ માંગણી સહર્ષ સ્વીકારી લીધી, માત્ર એટલુંજ નહિ, પણ એ બાબતનો નિર્ણય કરવાને, તેમના ધર્મના આચાર્ય શ્રી સમક્ષ **અમદાવાદ**ના તેમના ધર્મ ધામમાં અમારી સાથે રૂબરૂ તે બાબતની વાટાઘાટ કરવા નિમિત્તે, બન્ને પક્ષે મળવાની ગોઠવણ થઈ, **મુંબઈ–ઘાટકોપર**ના અમારા મંડળ સમક્ષ આ વિષય ચર્ચીને અમે પણ **અમદાવાદ**

જઇ, તેમની સાથે આ મહત્વના વિષયનો ત્વરાથી ઉકેલ કરવાના નિર્ણય ઉપર આવ્યા. સમય નક્કી કરી અમો મુંબઇથી નીકળ્યા. અને ઉપર જણાવેલા ભાઇઓ કચ્છથી રવાના થઈને અમને **અમદાવાદ** આવી મળ્યા. એ વખતે **અમદાવાદ**ના **સ્વામીનારાયણ** સંસ્થાનમાં કેટલાક સંસ્કારી અને સાક્ષર સાધુઓ, તેમજ બ્રહ્મચારીઓ રહેતા હતા, તેમને અમારી બન્ને પક્ષની વસ્તુ સ્થિતિ સવિસ્તર સમજાવવામાં આવી.

ધર્મ ભ્રષ્ટ કરનારી અમી અને નૂરની ગોળીઓ ખાઇ, તેમજ સૈયદોની એઠ ચાટી, વટલીને ભ્રષ્ટ થયેલા; ખીચડીઆ પીરાણા સતપંથીઓની સાથે કોઇ પણ જાતનો ખાનપાન કે રોટીબેટી જેવો વ્યવહાર રાખવો એ તો જીવતે દેહે નર્ક-યાતના ભોગવવા કરતાં પણ વધારે ભયંકર અને કષ્ટકર છે માટે પહેલવેલાં તો એ **પાખંડી** પંથવાળાઓ સાથેનો સઘળો વ્યવહાર–સંબંધ તદ્દન નાબુદ થવો જોઇએ. ત્યારપછી તેમની સાથે મળવાનો અમે વિચાર જણાવ્યો. એ વખતના **અમદાવાદ**વાળા સઘળા સાધુસંતોએ પણ અમારી દલીલને વ્યાજબી જણાવી. પોતાના સેવકોને **પીરાણા–સતપંથવાળાઓથી** હંમેશના છેડા ફાડી નાંખવાની સખત તાકીદ કરી. છેવટે બધા આવા નિર્ણય ઉપર આવ્યા કે, થોડા સમય પછી એ વખતના **સ્વામીનારાયણ** સંપ્રદાયના આચાર્યશ્રી **કચ્છદેશ**માં પધારે, ત્યારે તેમની રૂબરૂ યજ્ઞવિધિથી શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરીને, કચ્છના એ ભાઇઓએ પાવન થઈ, **પીરાણાવાળા**ઓનો સઘળો સંબંધ છોડી દેવો. આ પ્રમાણે ઠરાવ કરી, કચ્છમાં ફરી મળવાના નિશ્ચય સહિત અમે હેત પ્રીતથી છુટા પડયા.

### स्वामीनारायण संप्रदायवाला भाइओनी देहशुद्धि·

ઉપરના ઠરાવ પ્રમાણે થોડાજ સમય પછી **સ્વામીનારાયણ સંપ્રદાયના** આચાર્ય મહારાજશ્રી ખાસ ઉપરોક્ત કાર્ય નિમિત્તે કચ્છમાં પધાર્યા. તેમની સાથે એ સંપ્રદાયના કેટલાક સાધુ સંતો, બ્રહ્મચારીઓ, શાસ્ત્રીઓ, પંડિતો વિગેરે વિદ્વાન મંડળનું પણ કચ્છમાં શુભાગમન થયું. એમની સમક્ષ **વિક્રમ** સંવત ૧૯૬૭ના ફાગણ વદી પાંચેમ ને શુભ દિવસે કચ્છમાં **ગડાણી** મુકામે એક મ્હોટો યજ્ઞમહોત્સવ કરાવીને, **સ્વામીનારાયણ** સંપ્રદાયવાળા સર્વ **કચ્છી કડવા કણબી** ભાઇઓએ અને બ્હેનોએ પણ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી, પાખંડી **પીરાણા–સતપંથ**ના સંબંધ સદાને માટે છોડી દીધો !

**गद्देराओनी गभरामण:—स्वधर्मवर्धક અને જ્ઞાતિહિતચિંતક મંડળ**-ના પ્રયાસને, આ પ્રમાણે દૈવકૃપાએ સુયશ મળવાથી, અમારાં હૃદય જેટલાં પ્રોત્સાહિત થયાં, એટલાં જ બલકે એથી પણ સો ગણાં, પેલા બિચારા **પીરાણા–સતપંથવાળાં**


પાખંડી પટેલોનાં કાળજાં ઈર્ષાથી સળગી ઉઠયાં ! હવે તેમનાં હથિયારો હેઠાં પડયાં. તેમની જાલીમ સત્તાનાં પાણી પાછાં વળ્યાં. અમારાં માત્ર સાત–આઠ કુટુંબો સ્હામે કૂદી કૂદીને, તેઓ જે મુંજારો ચલાવી રહ્યા હતા, તેમણે એ પાખંડી પોપલાઓને જરાયે નમતું તો ન્હોતુંજ આપ્યું. પણ ઉલટું હજાર બારસો બીજા જ્ઞાતિભાઇઓનો તેમની સાથેનો સંબંધ પણ સદાને માટે તોડાવી, છિન્નભિન્ન કરાવી નાખ્યો ! તેમની રોટીબેટી–વ્યવહારના મ્હોટા સંઘમાંથી બે ટૂકડા થયા ! તેમની સેંકડો બ્હેનો અને પુત્રીઓ સ્હામા પક્ષમાં હતી. સ્હામા પક્ષની ઘણી બ્હેનો–દીકરીઓ તેમના ગૃહરાજ્યની સત્તાધારિણી ગૃહિણીઓ હતી ! હવે તેઓ કોની અને કેટકેટલાની સાથે વિરોધ અને વૈર કરશે ? હવે તેઓ પોતાનાં બુઠ્ઠાં હથિયારોવડે કોની કોની સાથે ઝુંબેશો ચલાવશે ? સુધારકો સ્હામે કે સ્વામી-નારાયણ–સંપ્રદાયવાળાઓ સ્હામે? આટલી ઉજળી પરિસ્થિતી મક્કમ થયા પછી, અમને દૃઢ આશા હતી કે, એ પાખંડી પ્રપંચીઓના હાથ જરૂર હવે તો હેઠાજં પડશે, અને એ અર્ધદગ્ધ, પ્રપંચી, ખીચડીઆ સતપંથને મારી, હઠાવી કચ્છમાંથી દેશવટો આપવાનું કામ, હવે તો બહુ સહેલું થઈ પડશે; પરંતુ હજી અમારા નબળા ગ્રહો બાકી હતા. પ્રપંચીઓ હાડોહાડ હઠીલા અને હરામી હતા. 'में मरूं पण तुजे रांड करूं'–એવા અવળચંડિલી ઉલટી મતિના એ આગેવાનો હવે તો જાહેરમાં જોર બતાવવાનું છોડી દઇ, ઉંદરની પેઠે ઉંઘતાને કાતરી ખાવાના છાના છાના છળ–પ્રપંચો ખેલવા લાગ્યા ! પીરાણા–સતપંથનું ભાણું તેમના સ્વાર્થ અને પાપાચારને પોષનારૂં અધર્મ–અનીતિનું મજબુત બાજરૂ હતું. એ જો નષ્ટ થાય, તો તેમનાં કુટિલ કર્મોની બજાર સદાને માટે બંધજ થાય. તેમની સ્વચ્છંદી સત્તાનો દોર તૂટી જાય. તેમનાં માન અને મહિમા ખોવાઈ જાય. ગજવાં ભરવાનાં, હરામનું ચાટવાના પાંડ પોષવાના અને વિષયો મહાલવાના હરામી માર્ગને હંમેશને માટે તાળાંજ દેવાઈ જાય ! એ તેમને કેમ પાલવે ? એટલે તેઓ તો પોતાની પાપીવૃત્તિને મડાંગાંઠ બાંધીને વળગીજ રહ્યા ! માત્ર એટલું જ નહિં પણ, અમારામાંના સુધારકભાઈઓને તેમજ તેમનાં સગાં–સંબંધીઓને, પણ જ્યાં જ્યાં લાગ ફાવે ત્યાં ત્યાં, છેકજ પાયમાલ કરીને, છેડાયેલા ઝેરી નાગની પેઠે પોતાના વેરનું ઝેર અમારા હરેક માર્ગમાં તેઓ ઠાલવવા લાગ્યા, પણ એથી અમો કાંઇ પાછા પડીએ કે ડરીને ડગી જઇએ તેવું જરાય ન્હોતું.

**गुजराती भाइओनो अमारी साथे सहकार.** કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાયવાળા ભાઇઓ સાથેના અમારા સહકારની, ઉપર પ્રમાણે ભાંજગડ ચાલતી હતી, એજ અરસામાં ગુજરાતના અમ્હારી કડવા–પાટીદાર જ્ઞાતિના, કેટલાક સંસ્કારી અને સુધારક વિચારના, આગળ પડતા પ્રતિષ્ઠત ભાઇઓ સાથે

પ્રેમ–પ્રસંગમાં આવતાં, મ્હારે તેમની સાથે ગાઢ પ્રેમપરિચય થયો. તેમાંના કેટલાક નામાંકિત કર્મવીરોનાં નામોતો અહિં ટાંકવાની ખાસ અગત્ય છે; કેમકે મ્હારાં જીવનના જ્ઞાતિ તેમજ ધર્મને લગતા પવિત્ર હેતુઓ તથા પ્રયાસોમાં, તેમના પરિચય અને સહકારે ઘણો ઘણો મહત્વનો ભાગ ભજવેલો છે. મુખ્ય પરિચિત વર્ગમાં "ગુજરાત કડવા પાટીદાર પારખદ"નું પવિત્ર બીજારોપણ કરનાર, ઉત્સાહી ધર્મવીર, **અને કુર્મીક્ષત્રીય** (પાટીદાર) જ્ઞાતિના ઇતિહાસના વિદ્વાન્ લેખક સાહિત્યરસિક સદ્ગત ભાઇશ્રી **પુરૂષોત્તમદાસ લલ્લુભાઈ**, એવાજ સાહિત્ય-રસિક અને કેટલાંક સારાં સામાજિક નાટકો, અને આખ્યાનોના લેખક ધ્રાંગધ્રાના વકીલ, વીરમગામવાળા સ્વ. **સાકરભાઈ અમરસિંહ દેસાઇભાઈ**, **અમદાવાદના** એન્જીનીયર અને ઉત્કટ કર્મવીર વિદ્વાન મિત્ર **સ્વ. ભાઇ મગનલાલ** ગોવિંદલાલ, **વીરમગામના** સુપ્રસિદ્ધ વકીલ, અને જ્ઞાતિહિત-ચિન્તક વીર **શ્રી. કેશવલાલ માધવલાલ** અને **વીરમગામવાળા** સ્વધર્માગ્રહી, જ્ઞાતિસેવક, ઉદારચિત દાનવીર, ધર્મસાહિત્યરસિક **શ્રીયુત્ ભાઈશ્રી ચન્દુલાલ મણીલાલ દેસાઈ** જેવા મુખ્ય મુખ્ય સજ્જનમિત્રો ઉપરાંત **પાટડી, વીરમગામ, અમદાવાદ, કડી, વડોદરા, સુરત, ભરૂચ,** તેમજ **ગુજરાત–કાઠિઆવાડના** જ્ઞાતિસેવાનો પ્રેમ ઉત્સાહ ધરાવનારા ઘણા સજ્જન જ્ઞાતિ ભાઇઓનો અમને સહવાસ થયો. તેમણે ઉઠાવેલી તેમના પ્રદેશની જ્ઞાતિસેવાની પવિત્ર ચળવળોમાં અમે ઉત્સાહથી ભાગ લેવા લાગ્યા. તેવીજ રીતે તે ભાઇઓ પણ અમારા **કચ્છી** ભાઈઓનાં હિતની અનેક ધાર્મિક–સામાજિક હિલચાલોમાં સપ્રેમ સહકાર કરીને, રસભર્યો ભાગ લેવા લાગ્યા, અને જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે ત્યારે પોતાની કિમ્મતી સલાહ અને સહાનુભૂતિ વડે અમારા કાર્યને સરળ કરવામાં મદદરૂપ થવા લાગ્યા. ખાસ કરીને તો અમ્હારા **કચ્છી** ભાઇઓને **પીરાણા સતપંથની** અણછાજતી સત્તા અને લૂંટનો જ્યારે તેમણે સવિસ્તર વૃત્તાંત સાંભળ્યો, ત્યારે મ્હારાં રંક હૃદયમાં ઉઠતા ઉગ્ર અભિલાષોને તેમણે ઉત્તેજિત કર્યા, અને મ્હારાં હાથ ધરેલાં પવિત્ર કાર્યમાં મ્હને ઘણી કિમ્મતી સૂચનાઓ આપી; જેથી એ દિશામાં આગળ વધવાનો મ્હારો માર્ગ દિનપ્રતિદિન વિશેષ સરલ અને અનુકૂલ થતો ચાલ્યો, અને અમ્હારાં **સ્વધર્મ-વર્ધકમંડળનાં** નાહિમ્મત થતાં હૃદયને એ અમૂલ્ય મદદ, મક્કમ બનાવી ધીરતા અને વીરતા પ્રેરનારી નીવડી. જ્યારે **કચ્છી કડવા** ભાઇઓના ત્રીસહજારના સમુદાયથી અમે છેક જ છૂટા પડી ગયા, અને માત્ર પાંચ સાત કુટુંબના એક ન્હાના સરખા ટુકડા જેવી વિખરાયેલી હાલત ભોગવતા હતા અને જ્ઞાતિના કૌટુમ્બિક સંબંધોને માટે ભારી ચિન્તામાં પડી ગયા હતા ત્યારે અમારી

# સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના મૂળ પ્રખર સુધારકો

કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિને પીરાણા સતપંથના પાખંડમાંથી છોડાવી સમસ્ત જ્ઞાતિ સાથે એક કરવાનો પ્રાણાંત સુધી ભગીરથ પુરૂષાર્થ કરનારા કર્મવીર બંધુઓ.



સ્વ. પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ
વીરમગામ



સ્વ. દેશાઇ અમરસિંહજી દેશાઇભાઇ
વીરમગામ



સ્વ. મગનભાઇ ગોવિંદલાલ એન્જીનીયર
અમદાવાદ

Lakshmi Art, Bombay 8.

ધાર્મિક દઢતા અને આત્મશુદ્ધિની પ્રશંસા કરી, એ સર્વ ઉદારચિત્ મ્હોટા મનના ગુજરાતી ભાઈઓએ, અમને સપ્રેમ પોતાના બનાવી લીધા. તન–મન–ધનના મહાન ભોગે અમને તેમણે **ગુજરાતી** ભાઈઓમાં પણ આગળ પડતા કરીને, નિકટના સમ્બન્ધોની સોનેરી સ્નેહસાંકળથી જડીને, **ગુજરાત** સાથે એકરૂપ–અભિન્ન બનાવી દીધા–આ તેમના ઉપકારો કંઇ ન્હાનાસૂના નથી. અને વિરોધીઓને અમારી આ દિશામાં અચાનક આવી મળેલી અપૂર્વ અનુકૂળતાની જાણ થતાં, તેમની સળગતી છાતીમાં તો તેલ હોમાયું. એ સર્વ સન્મિત્રોએ આવી અપૂર્વ મદદો આપવા ઉપરાંત અમ્હારી સર્વ પવિત્ર ભાવનાઓને ઉત્સાહ સહિત ઝીલી ને વધાવી લીધી. અમ્હારાં મહાન્ વિકટ કાર્યોમાં સંગીન ઉત્તેજન આપી, તેને માટે જરૂર પડે ત્યારે, પોતાનાથી બનતું સઘળું કરી બતાવવાના પવિત્ર અભિવચનો આપ્યાં. માત્ર એટલું જ નહીં, પણ જે ભાઈઓ સ્વર્ગવાસી થયા, તેમણે, જીવનપર્યંત અને આજે જેઓ યશસ્વી જીવન ભોગવી રહ્યા છે, તેમણે સહુએ આ ગ્રન્થ લખાય છે, ત્યાં સુધી પોતાનાં એ વચનોને સર્વાંશે પાળી બતાવીને, અમ્હારાં મંડળને, અંગત કહું તો મ્હને પોતાને–અને અમ્હારી જ્ઞાતિનાં કાર્યોને–જ્યારે જ્યારે ખાસ જરૂર જણાઈ, ત્યારે તેમણે પોતાનાથી બનતી બધી મદદ કરીને આજ સુધી અમારા ઉપર પોતાના પ્રેમસ્નિગ્ધ ઉપકારોનું અમૃત સીંચન ચાલૂ જ રાખી અમો સહૂને સદાના આભારી બનાવ્યા છે.

**गुजरातनी प्रवृत्तीयोमां सहयोगः**—આ પ્રમાણે એ વખતે **ગુજરાતની** પરિષદ્ જેવી જ્ઞાતિહિતસાધક પ્રવૃત્તિયો ચાલી રહી હતી, તેમાં પણ હું રસપૂર્વક ભાગ લેઇ રહ્યો હતો, અને એ સેંકડો વર્ષથી કચ્છી–**ગુજરાતના** ભાઇઓ વચ્ચે જે આચાર–વિચાર તેમજ સંસાર–વ્યવહારનો વિશાળ અન્તરાય પડી ગયો હતો, તે પણ દૂર કરાવી, જમાનાઓથી એ વિખૂટા પડેલા એ સગા માડી જાયાઓને, પાછા પરસ્પર પ્રેમસમ્બન્ધની સોનેરી કડીઓ વડે, જોડી દેવાની મ્હારી દુરસ્ત આશામાં પણ પ્રભુકૃપાએ હું કંઇક સફલ થવા લાગ્યો,–**કચ્છી–ગુજરાતી કડવા પાટીદાર** ભાઇઓ વચ્ચે, આ પ્રકારે પાછો પ્રેમપરિચય નવેસરથી શરૂ થયો, અને તે દિનપ્રતિદિન વધવા લાગેલો જોઇને, હું તો હર્ષપ્રફુલ્લ બન્યો. માત્ર એટલું જ નહિ પણ **ગુજરાતી** જ્ઞાતિભાઈઓમાં જાગેલો એ ઉત્સાહ ધીરે ધીરે, જ્ઞાતિસેવામાં સફલ થતાં. **ગુજરાતના** ભાઇઓમાં કેળવણી, બાળાશ્રમો, જ્ઞાતિસેવાનું સાહિત્ય, જ્ઞાતિનાં ધારાધોરણોના આવશ્યક કેટલાક સુધારા તેમ જ જ્ઞાતિની પરિષદ્નાં વાર્ષિક ભવ્ય સમ્મેલનો મ્હોટા સમારંભથી ચાલૂ થયાં. એ બધું યે ખરૂં; પરંતુ મ્હારી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ માટેની લાગણી હજી કંઇ સંતોષકારક સફલ થઈ ન્હોતી. પીરાણા

સતપંથની કપટજાળમાંથી છૂટા થવાની જાહેર વીરહાક હજુ જાગી ન્હોતી.પ્રપંચી પટેલો અને આગેવાનોનો ત્રાસ પણ તિલમાત્ર હજુ ઓછો થયો ન્હોતો. એ કઋરતાની મંથને દરવરસે અપાતી લાખોની ખંડણી કંઈ ઓછી થઇ ન્હોતી. અર્થાત્ જ્ઞાતિઉદ્ધારના મ્હારા ઉંચા વિચારોને, હું હજી સૂધી બરાબર અમલમાં મૂકી શકયો ન્હોતો, એ મ્હારા મનને બહુ બહુ સાલતું હતું. એ પાપી પંથના મૃત્યુપંજામાંથી મ્હારા વ્હાલા ભાઈઓને છોડાવવા માટે, મ્હારાથી કંઈ જીવ જેવું હજુ બની શકયું ન્હોતું; એથી એના એ જ વિચારો દિવસ ને રાત મ્હારા મનમાં ઘોળાયા કરતા હતા, એટલે મ્હારા કેટલાક સ્નેહીમિત્રો સાથે મસલત કરીને, એ વિષયની સતેજ ચળવળને વ્યાવાહારિક રૂપ આપવાની ઇચ્છાથી, મુંબઇમાં નવેસરથી, નવી યુક્તિપુરઃસર સુધારેલી નવી યોજનાપૂર્વક જ્ઞાતિમાં એક યુવકમંડલની સ્થાપના કરી.

**મુંબઇમાં યુવકમંડળની સ્થાપના.**–ગુજરાતવાસી જાણીતા આગેવાન કડવા પાટીદાર બન્ધુઓનો આગળ જણાવ્યા પ્રમાણે જ્યારથી અમારી સાથે સદ્ભાવ અને સહકાર શરૂ થયો, ત્યારથીજ મુંબઈ તરફ વસતા જ્ઞાતિના સઘળા કચ્છી ભાઈઓ, શુદ્ધિનું મહત્વ અને અમારા પ્રયાસનું મૂલ્ય સમજતા થયા. તેમને અમારે માટે માન અને પ્રેમતો હતાંજ, પણ જ્યારે ઉચ્ચ કોટીના ગુજરાતી ભાઇઓનો અમારા તરફ તેમણે અપૂર્વ ભાવ જોયો, ત્યારે સ્વાભાવિકજ તેમને અમારે માટે વિશેષ લાગણી અને પ્રેમ પ્રકટયાં-છતાંયે સ્વધર્મ વર્ધક મંડળના સાત કુટુમ્બો સીવાય, બીજા કોઈ જાતિભાઈઓ શુદ્ધિનું સાહસ ખેડવાને તૈયાર ન્હોતા. એથી અમે વિચાર કર્યો કે, જો એ ભાઈઓની સાથે બેસવા–ઉઠવા અને પ્રસંગોપાત ચર્ચા ચલાવવાનો કોઈ ખાસ ઉપાય યોજવામાં આવે, તો તેમને ઈશ્વિરી સત્ય તેમજ જ્ઞાતિ કલ્યાણના માર્ગ તરફ વિશેષ આકર્ષી, ક્રમે ક્રમે અમારા પક્ષમાં મેળવી શકાય–અને એ હેતુ સાધવા માટે ધાર્મિક મતભેદોને તરતતો બાજુએ મૂકીને જ્ઞાતિહિત અને સેવાભાવ કેળવવાના ઉદ્દેશવાળું, અમારી જ્ઞાતિનું, એક "યુવક મંડળ" સ્થાપવાની નવી હિલચાલ શરૂ કરી. અમારાં 'સ્વધર્મ વર્ધક–મંડળ'નો સભાસદતો શુદ્ધિથી પાવન થયેલો જ્ઞાતિભાઈજ થઇ શકે; પરંતુ 'યુવકમંડળ'નો સભાસદ તો કોઈ પણ કચ્છી કડવા કણબી જાતિના ભાઇને પણ કરી શકાય એટલે પીરાણા–સતપંથ કે સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક ભાઇઓ પણ એ મંડળમાં અમારીસાથે છુટથી ભાગ લેવા સામેલ થવા લાગ્યા; પરંતુ હું ધારતો હતો, એટલી સારી સભ્યોની સંખ્યા તો હજુ પણ એકઠી થતી ન્હોતી. એટલે એ સંખ્યા વધારવાના ખાસ હેતુથી, મ્હારા પરિચયનો અમારો એક ઉત્સાહી યુવક બંધુ, જે કેટલોક સમય થયાં શુદ્ધિને માટે મનથી તત્પર હોવા છતાં, પોતાનાં

ઘાટકોપરમાં સ્થપાયેલા જ્ઞાતિસુધારક યુવક મંડળના સેક્રેટરી



શાહશ્રી રતનશી ખીમજી ખેતાણી,

ગામ વીરાણીવાળા.

Lakshmi Art, Bombay 8.

કચ્છમાં રહેલાં કુટુંબની મહાન્ મુશ્કેલીઓને લીધે ખુલ્લું સાહસ કરીને બહાર પડી શકતો ન્હોતો, એ ભાઇને થોડો વધારે સમય **પીરાણા-સતપંથ**-માંજ પડી રહેવાનું જણાવી તેની મારફતે એ પંથના ભાઇઓને સમજાવી, સત્ય વસ્તુ સ્થિતિના જાણકાર કરી, ધીમે ધીમે સુધારાના માર્ગ તરફ વાળવાની અમેં યુક્તિ પ્રયુક્તિથી પેરવી કરવા માંડી. એ યુવક ભાઈ **રતનસી ખીમજી ખેતાણી વીરાણીવાળા** એ 'યુવક મંડળ'ના આરંભકાલથીજ **મંડળની** ઘણી સંગીન સેવા બજાવવા માંડી હતી. જ્ઞાતિ સમસ્તના ભાઇઓમાં ભેળાઈને, તેણે કચ્છમાં ચાલી રહેલા ગઢેરાઓના જીવલેણ સીતમ તરફ તેમનું બહુ ધ્યાન ખેંચ્યું.

**काकाना कच्छमां पगलां ?:**—એ વખતે કચ્છમાં ત્રણ ત્રણ વરસો થયાં ચાલૂ દુકાળો પડતા હતા, ખેતી અને વરસાદ ઉપરજ જીવનનું અવલંબન હોવાથી દુકાળનાં દુઃખો અમારા કણબી ભાઈઓ જેટલાં તો બીજી કોઈ પણ જાતિને ભોગવવાં પડતાં ન્હોતાં. તેઓ કરજમાં ડુબી ગયા હતા. તેમને પોતાને પણ પેટપૂરતું અનાજ ભાગ્યેજ મળતું. તેમની આંખોમાં આંસૂ રાતદિવસ સૂકાતાંજ ન્હોતાં. આવી ભયંકર સ્થિતિમાં કોઈ રાક્ષસી હૃદયને પણ કણબીઓની દયા ઉપજ્યા વગર ન રહે, છતાંય કચ્છના લોહીતરસ્યા આગેવાનો તો એ મરણ તુલ્ય સ્થિતિ ભોગવતા જ્ઞાતિના જીવોને પણ નીચોવવાની નવી વેતરણમાં પડયા. ચાલૂ સીરસ્તા પ્રમાણે **પીરાણાવાળો** કાકો પોતાની જીંદગીમાં એકજ વખત કચ્છમાં આવી શકે, અને આવે ત્યારે તેને **દશોંદના** લાગા ઉપરાંત **શિરબંધીની** તેમજ **પધરામણીની** ભેટને નામે વધારાની હરામની લૂટ મળતી હતી, તે વખત અગાઉ કાકો સાહેબ બબ્બે વખત તો પોતાનો મુબારક કદમ કચ્છ ભૂમિમાં રાખી ગયો હતો, છતાંયે કચ્છના એ દાંડ અને ભૂખોડ **મુખી-પટેલોની** તેને ફરીથી **ત્રીજીવાર** બોલાવવાની પ્રબળ ઇચ્છા થઈ. કારણ કે કાકાને બ્હાને તેને બધી પ્રકારની આવકમાંથી મળતી **કમીશનરૂપી દલાલી અને ચેરીમેરી** તેમજ કાકાને અપાતાં મીઠાં જમણમાં ખેરીયાતનાં લાડુલાપસી ખાવાનો આવો સારો લાગ લૂટાઈ જાય, એ તેમનાથી કેમ સહન કરી શકાય ? એટલે તેમણે તો કણબીઓના ચાલૂ કકળાટ તરફ જરાપણ ધ્યાન ન દેતાં અસાધારણ ધમાલ કરીને લાખેણા **લખમણ કાકાને પીરાણેથી** કચ્છ દેશ બોલાવ્યા. અને પોતાનાં દયાહીણ નીચ ધોરણે, દબાણ ચલાવી,—બળજબરીથી એ પાપી પટેલોએ ગરીબ ભાઇઓ અને રાંડીરાંડો પાસેથી પણ કોરીઓ ઓકાવવા માંડી. **ઢોર, જમીન, માલ, મીલ્કત,** વેચીને, કરજ કરીને કે દર દાગીના વેચીને પણ શિરબંધી અને ભેટના નાણાં ભરવાની તેઓને ફરજ પાડવા લાગ્યા; ન ભરે તેને નાત બહાર પણ મૂકવાની સજા ઠોકવા લાગ્યા.

**યુવક મંડલની કાર્યવાહી ?**—કચ્છના આવા ત્રાસદાયક સમાચાર મુંબઈ-માં સૌને મળી ચૂકયા હતા. અને ઘણા ભાઈઓનાં હૃદય એથી ઉકળી રહ્યાં હતાં. એ આળાં હૃદયને જાગૃત કરવાનો આ ઘણો સારો પ્રસંગ હતો. એથી આગેવાનોના એ ગેરકાયદેસર ઉઘરાણાં અને જુલમને માટે જાહેર પોકાર ઉઠાવી, **પીરાણા-સતપંથીઓની** મુંબઈમાં વસતી સઘળા ભાઇઓની એક જાહેર-**સભા**, ભાઈ **રતનસિંહ ખીમજીની** આગેવાની હેઠળ ભરવામાં આવી. એ સભામાં આગેવાનોના અન્યાયી **જુલ્મનો** હૃદયભેદક ચિતાર રજુ કરી, બધા ભાઈઓની તીવ્ર અને સારી લાગણી જોઇને જ્ઞાતિની અહિ બની શકે તેવી સેવા માટે એક **કચ્છી કડવા પાટીદાર** ભાઇઓનુ સામાન્ય **યુવક મંડળ** સ્થાપ્યું. એજ વખતે તેમાં **ઓગણત્રીસ** ઉત્સાહી યુવકો કચ્છના જુદા જુદા ગામોના રહેવાસી તેમાં સભાસદો તરીકે દાખલ થયા. અને એ '**યુવક મંડળ**' તરફથી ખાસ ઠરાવો કરીને કચ્છી આગેવાનોના જુલ્મનો વિરોધ કરવાના કાગળો પણ લખાયા. જે કાગળોએ પાછળથી જાણ થવા મુજબ, એ અન્યાયી આગેવાનોને થરથરાવી મૂકયા હતા. અને લખમણ કાકાને અધવચ્ચેજ **કચ્છદેશ** છોડીને પાછા ન્હાશી આવવું પડયું હતું, આવાં શુભ પરિણામથી ઉત્તેજીત થયેલા '**યુવક મંડળે**' દર અઠવાડીએ અમારાં "**સ્વધર્મ વર્ધક મંડળ**" ના ભાઇઓ સાથે મળીને, જ્ઞાતિ-સેવાના વ્યવહારૂ ને આવશ્યક વિષયો દર અઠવાડિઆની **સભામાં** એકવાર ચર્ચવાનો નિયમ કર્યો. આ '**યુવક મંડળ**'નું કાર્ય ઘણી સારી રીતે આગળ ચાલવા લાગ્યું-તેની કાર્યવાહીનાની ઘણી ઉપયોગી નોંધો તેના કામકાજના છપાયેલા **રિપોર્ટોમાં** મોજુદ છે. તે રિપોર્ટો **ઘાટકોપરમાં** શેઠ **હીરજી ગોવિંદજીની વાડીમાં સંવત ૧૯૭૫ ના પોષ સુદિ દસ-મને દિને** મળેલી જાહેર **સભાના** છપાયેલા હેવાલમાં તેમજ **વીરાણી** ગામ સમસ્તની જાહેર **સભા** જે **સંવત ૧૯૭૬ ના ચૈત્ર સુદ નોમને** દિવસે **વીરાણીમાં** મળી હતી. તેના છાપેલા હેવાલમાં પણ સુદાસર પ્રસિદ્ધ થયેલા છે. એટલે વિસ્તાર ભયથી અહિ તેની વિશેષ નોંધ લેવાનુ વાજબી નથી લાગ્યું.

**યુવકમંડલનાં શુભ પરિણામ:**—એ મુંબઈ-ઘાટકોપરના '**યુવક-મંડળ**'ની પ્રેરણા તેમજ પ્રયાસથીજ કચ્છમાં પણ **વીરાણી** વિગેરે સ્થળે જ્ઞાતિભાઇઓનાં '**યુવકમંડળો**' સ્થાપયાં. તેમજ **કરાંચીમાં** પણ એક ઉત્સાહી મંડળ હસ્તિમાં આવ્યું. **કરાંચી** શહેર સિંધનું મુખ્ય બંદર અને વ્યાપાર રોજગારનું **મુંબઈ** જેવુંજ મુખ્ય મથક છે. મુંમઇની પેઠેજ તે પણ ધંધે-રોજગારે તેમજ પૈસે-ટકે પાયમાલ થયેલા તેમજ **પીરાણા-સતપંથ** અને ગઢેરાઓના અસહ્ય ત્રાસથી કંટાળેલા ઘણા કણબીભાઇઓનું, આશ્રયસ્થાન બની રહ્યું છે. તેઓ **કરાંચીમાં** સુખશાંતિથી રોટલો રળી ખાતા હતા અને આજ

## ઘાટકોપરમાં શ્રી કચ્છી કડવા પાટીદાર યુવકમંડળના કાર્યવાહકો પૈકીના ભાઇઓ



(બેઠેલા) નાનજી હેમજી, રામજી રાજા, લધા વિશ્રામ.

(ઉભેલા) જીવરાજ વાલજી, નાનજી ભાણજી.

Lakshmi Art, Bombay 8.

સુધી રહે છે, તેમજ આગેવાનોના ચાલુ ભોંકાતા સોયાઓમાંથી તેટલો વખત તો છૂટીને, આચાર-વિચારની કંઇક સ્વતંત્રતા ભોગવી શકતા હતા. એ ભાઇઓમાંના કેટલાક ઉત્સાહી અને યુવાન બંધુઓએ, મુંબઈવાસીભાઇઓની પ્રેરણાથી, **નખત્રાણાવાળા** પ્રતિષ્ઠિત અને લાગણીવાળા જ્ઞાતિબંધુ **પટેલ નાનજી પચાણ નાકરાણીનાં** અધ્યક્ષપણાં નીચે, એક **યુવકમંડળ** સ્થાપીને, સ્વધર્મ અને સ્વજ્ઞાતિની પ્રગતિનો પુણ્ય-પુરૂપાર્થ આરંભ્યો.—એ મંડળના કાર્યકર્તા ભાઈઓએ **મુંબઇ અને કચ્છના 'યુવકમંડળો'** સાથે શરૂઆતથીજ ગાઢો સ્નેહ-સંબંધ ચાલુ રાખી, પરસ્પર વિચારોની આપ લે, કરીને, એક બીજાની સલ્લાહ-સૂચના અનુસાર, જ્ઞાતિસેવાનું કાર્ય આગળ ચલાવ્યું.

**करांचीमां युवकमंडळनो स्थापनाः**—એ **યુવકમંડળના** બે ઉત્સાહી મંત્રીઓ, ભાઈ શિવજી કાનજી (નખત્રાણા) તથા ભાઈ રતનશી શિવજી (રવાપુરવાળા) રસપૂર્વક ભાગ લઈ, એ મંડળનાં કાર્યને યશસ્વી બનાવવાને તન-મન-ધન-પૂર્વક મહેનત કરવા લાગ્યા. **કરાંચીમાં** અમારો જ્ઞાતિસમૂહ બહુ મોટો હતો. એટલે મુંબઈ કરતાં પણ આશરે ચારગણો વિશેષ કહીએ, તો પણ ચાલે; અને તેમાં પાંચ પૈસે સારી રીતે સુખી તથા આગળ પડતા, પાંચ સારા ભાઈઓ પણ હતા. એથી **કરાંચીમાં 'યુવકમંડળ'**નાં કાર્યથી જ્ઞાતિને વિશેષ ભાઇઓની સંખ્યા અને સારા પ્રમાણમાં લાભ પહોંચી શકે તેમ હતું; પરંતુ ત્યાંના વેપારી અને કારીગર વર્ગના ભાઇઓને જાહેર જીવનનો, તેમજ '**મંડળ**' જેવી જાહેર સંસ્થાનો ઘણો ઓછો પરિચય હોવાથી, તેના **ધારા-ધોરણ** તેમજ નિયમિત **બંધારણમાં** યોગ્ય આવશ્યક સૂચનાઓ આપી, પોતાને મદદ કરવાને, **કરાંચીવાસી** ભાઇઓએ મને પ્રેમથી ત્યાં બોલાવ્યો. હું તો એવા યોગને માટે આતુરજ હતો. એટલે **ભાઈ રતનસિંહ ખીમજીને,મુંબઈ યુવકમંડળના** પ્રતિનિધિ તરીકે મારી સાથે લઇને,તરત **કરાંચી** જઈ પહોંચ્યો. **કરાંચીવાસી** ઉત્સાહી ભાઇઓએ,આનંદના ઉમળકાથી અમારો અપૂર્વ સત્કાર કરી, પોતાની જ્ઞાતિ-પ્રેમની ઉછળતી લાગણી સિદ્ધ કરી બતાવી. એ ભાઇઓ સાથે ઘણી ઘણી અગત્યની ચર્ચાને પરિણામે જ્ઞાતિનું સંગીન હિત સાધી શકાય, એવી કેટલીક ઉપયોગી તથા મુદ્દાસરની ચર્ચા કરીને, એ '**યુવકમંડળ**' ના નિયમો, અને બંધારણ તૈયાર કર્યાં.

**परिषदनो पायोः**—એજ વખતે મેં મારો નિખાલસ અભિપ્રાય દર્શાવ્યો કે—"આવી છૂટી છવાઇ પ્રવૃત્તિઓથી આપણે સારૂંજ કામ કરી શકીશું, પરંતુ આપણી જીંદગીમાં જે મહત્વનો હેતુ આપણે સિદ્ધ કરી બતાવવાનો છે, અને જ્ઞાતિનો ભાવી માર્ગ, ખાસ સ્વચ્છ અને પ્રકાશિત બનાવવાનો છે, તેતો, સમગ્ર

કચ્છી કડવા પાટીદાર ભાઈઓની ' મહાસભા ' બોલાવીને, બધા ભાઈઓની સાથે મળી, જ્ઞાતિહિતના અને સ્વધર્મના વિષયો ચર્ચીને સમસ્ત જ્ઞાતિની સંમતિ રૂપે મજબૂત ઠરાવો પસાર કર્યા વિના,કદિપણ પાર પડે તેમ નથી." આ બાબતમાં બધા ભાઈઓ એકમત થયા. પરંતુ સવાલ માત્ર એજ બાકી રહ્યો કે, પરિષદ ક્યાં ભરવી, અને આપણી જ્ઞાતિની એવી પહેલવહેલી મહાન્ સભાનો પ્રમુખ કોને નિમવો? ઘણી ચર્ચા અને વાટાઘાટ થયા પછી, કરાંચીના જેટલી અનુકૂલતા બીજે કોઈ સ્થાને નહિજ મળી શકે, તેમજ કરાંચીમાં જ્ઞાતિભાઈઓની જેટલી સંખ્યા એકઠી મળી શકશે, તેટલી બીજે કોઈ ઠેકાણે નહિ મળી શકે,એમ નિર્ણય થયો આ વાત યથાર્થ હોવાથી,કરાંચીમાં પરિષદ ભરવાનો ત્યાંના ભાઇઓએજ ઉત્સાહસહિત સ્વીકાર કરી, પહેલા પ્રશ્નનો તો, તેમણેજ ફડચો કરી દીધો, અને બીજા પ્રશ્નના ઉકેલ માટે, મ્હેં સૂચવ્યું કે—" કચ્છ-–માનકવાવાળા આપણા પ્રતિષ્ઠિત જ્ઞાતિબંધુ કૉન્ટ્રેક્ટર રાજાભાઈ શામજી ધોળુ, આજની પરિસ્થિતિ જોતાં,મહાસભાનાં પ્રમુખસ્થાનને માટે ખરેખરા યોગ્ય પુરૂષ છે. તેમને કચ્છી પીરાણા–સતપંથી આગેવાનોનાં કુટિલ કાર્યનો પૂર્ણ પરિચય છે, તેઓ પૈસેટકે પણ સુખી છે, જ્ઞાતિસેવામાં મોખરે આવવાના ઉમંગી છે, એક ઉત્સાહી પ્રતિનિધિ તરિકે, યુવકમંડળના ઉદ્દેશને કચ્છમાં રહીને, બર લાવવાની તેઓ ઘણી ખટપટ અને પ્રવૃત્તિ કરી રહ્યાછે, અને એ સેવા-ધર્મના યોગે, કચ્છના ગઢેરા–પટેલોનો વિરોધ પણ ખાસ યુવકમંડળને પ્રતાપેજ તેઓને હાલ સહન કરવો પડે છે; તેમની પ્રમુખ તરિકેની સેવા, મહાસભાનાં સત્કાર્યમાં આપણને બહુજ ઉપયોગી થઈ પડશે, એવી મારી માન્યતા છે. " આ મારી સૂચનાને, કરાંચીવાસી સર્વ ભાઇઓએ હર્ષપૂર્વક વધાવી લીધી, અને ત્યારથીજ જ્ઞાતિની પરિષદનું બીજ એવાં સારાં ચોઘડીએ રોપાયું હતું કે,થોડાજ સમયમાં અમારી ધારેલી યોજના મુજબ પરિષદ્ ઉભી કરવાનું કામ સત્વર પાર પાડવાનો સુયોગ અમને આવી મળ્યો.

**कच्छी कडवा पाटीदारपरिषद्‌नी प्रथम बेठकः**—ઉપર જણાવેલી યોજના પ્રમાણે, એક તરફથી દેશ–વિદેશમાં વસતા અમારા જ્ઞાતિભાઈઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં. સભાસ્થાનની યોજનાઓ ઠાઠમાઠ સહિત ઉભી થઈ. નિર્મેલા પ્રમુખને તારથી આમંત્રણ કરી, બોલાવી લેવામાં આવ્યા તથા "સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળ" તેમજ સર્વ "યુવકમંડળ"ના સભ્યોને સહકુટુમ્બ એ મહાસભાનાં સત્કાર્યમાં ભાગ લેવાને બોલાવવામાં આવ્યા. ઈ. સ. ૧૯૨૦ના ઑગસ્ટ માસની તા. ૮ થી ૧૧ સુધી લાગટ ચાર દિવસ સુધી પરિષદ દેવીનું કાર્ય સંપૂર્ણ સલાહશાંતિ અને સ્નેહ–સદ્‌ભાવપૂર્વક પૂર ઠાઠમાઠથી ઉજવાયું,આશરે બે હજાર જ્ઞાતિભાઇઓ,તેમજ જ્ઞાતિની આશરે ચારસોએક બ્હેનો,તથા અન્ય જ્ઞાતિના ઘણા

સંભાવિત સદ્‌ગૃહસ્થોથી શોભી રહેલા, વિશાળ સભામંડપમાં ચાર ચાર દિવસ સુધી, પ્રભુસ્તુતિના સુમધુર સંગીતના ઘોષ વચ્ચે, અનેક છટાદાર વક્તાઓનાં રસીક વ્યાખ્યાનો થયાં,અને જ્ઞાતિહિતના ઘણા ઉપયોગી ઠરાવો,તેમાં જાહેર કરવામાં આવ્યા. **સ્વાગત-મંડળનાં** તેમજ **પરિષદ્‌ના પ્રમુખના** સારગ્રાહી ભાષણોમાં, **પીરાણાસતપંથના** પાપનો અને આગેવાનોના જુલમનો ભાર દઈને ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, અને જ્ઞાતિના ઉદયને અવરોધી રહેલી, એ બે મોટા ડુંગર જેવી દઢ દિવાલોને જડમૂળથી ઉખેડી નાખ્યા વિના, અમારી જ્ઞાતિ કદી પણ આગળ વધી નહિ જ શકે, એ બન્ને મુખ્ય મહત્વની બાબતનો, એ મહાસભામાં ખાસ વિચાર કરવાની,**બન્ને પ્રમુખ** મહાશયોએ જોરદઈને, સૂચના તો કરી હતી, પરંતુ જ્ઞાતિના દુર્ભાગ્યે બેઠકને પહેલે જ દિવસે,રાત્રે મળેલી વિષયનિર્ણાયક સભામાં દૂરના **કચ્છ-પ્રદેશ**માં જામી રહેલો,જુલ્મી આગેવાનોનો મહાન્ ભય,ત્યાંપણ આડે આવ્યો અને હેતુની સિદ્ધિમાં મુખ્ય વિઘ્નરૂપ થઇ પડયો.-છેવટે બહુમતે એમ નિર્ણય થયોકે, આ પરિષદની પહેલી જ બેઠક હોવાથી, સલાહશાંતિથી તેને રંગેચંગે પાર ઉતારવા માટે, એ બન્ને બાબતો સંબંધીના ઠરાવોને હાલ તો, રજુ ન જ કરવા. તેને બન્ને **પ્રમુખોએ** પણ મળતા થઇને, આખરે બહાલી આપી. એથી લાચારીએ પરિષદ્ ઉપસ્થિત કરવાની એ બન્ને મહત્વની બાબતોને તો પડતી જ મૂકવી પડી.

**परिषद्‌नुं असंतोषजनक परिणाम**:—આ પ્રમાણે જે એ મુખ્ય બાબતો માટેજ ખાસ પરિષદ્ ઉપસ્થિત કરવામાં આવી હતી, તેમને છેવટે પડતી જ મૂકવામાં આવી, અને જ્ઞાતિ-સુધારાના કેટલાક સર્વસામાન્ય સાદા ઠરાવો માત્ર પસાર કરીને, ખુશાલીની તાળીઓ વગાડી, ચાર દહાડા જ્ઞાતિ-તેડાંનો આનંદ-ઓછવ ઉજવી, **કચ્છી કણબીભાઈઓ**, છેવટે છૂટા પડીને, પોતપોતાને ઘેર ગયા. જાહેર છાપાઓએ તો એ પગલાંની સારી પ્રશંસા કરી, અને આવેલા ભાઇઓ પણ મનમાં કંઇક સંતોષ પામ્યા; પરંતુ એ પાયા વગરની ઇમારત જેવી, ઉપરના હાવભાવથી ભજવાયેલી,અમારી પ્રથમ પરિષદ્ જગત્‌ને ભલે ગમેતેવી સુંદર જણાતી હોય, છતાં ખરી રીતે, મારી માન્યતા પ્રમાણે તો, તે છેવટે તકલાદી જ નીવડી હતી. એ પ્રથમ **પરિષદ્‌નું** પરિણામ વિચારીએ, અને તેને માટે મારો નિષ્પક્ષપાત અભિપ્રાય આપું,તો મારે ખુલ્લાં હૃદયથી કબૂલ કરવુંજ જોઇએકે, અમે હજી તો મહાન્ ડુંગર ખોદીને માત્ર ઉંદર મારવા જેટલું જ કામ કર્યુંહતું !

**परिषद् पछी**:—અમારી પાટીદાર **પરિષદ્‌ની પ્રથમ** બેઠકમાં, અમારા જ્ઞાતિના ક્ષત્રીય વીરોએ, આવું અધૂરૂં પરાક્રમ કરી બતાવ્યું હતું, પણ એથી મારા ઉકળતા આત્માને લવલેશ પણ શાંતિ શી રીતે મળે ? મ્હારૂં નિશાન તો બહુ જ ઉંચું હતું. અમારો સર્વનાશ કરનારૂં, **વિધર્મી-વિષવૃક્ષ**, જૂનું-પુરાણું અને જર્જરિત હોવા છતાં, જમાનાઓથી પોતાની સત્તાની જડ જમાવીને, અમારી

જ્ઞાતિરૂપી પોચી જમીનમાં, તે બહુ જ ઉંડાં મૂળીયાં ઘાલી બેઠું હતું. વળી તે આજ સુધી અમારી જ્ઞાતિની અભણ અવસ્થાનો લાભ લઈને, ફૂલી-ફાલીને-**બહુજનવ્યાપી, બહુદેશવ્યાપી**, અને **બહુકાલવ્યાપી** બની ગયું હતું. તેનો સમૂળો વિનાશ કરી, પોતાની અમૃતસંજીવની શાખાઓને નવપલ્લવિત કરનારૂં, તેમ જ અમારી જ્ઞાતિને નવજીવન સમર્પનારૂં, પવિત્ર **વેદધર્મનું આમ્રવૃક્ષ**, અમારે હજી તો રોપવાનું બાકી જ રહ્યું હતું. શક્તિ બહુ જ અલ્પ, સાધનોની ખામી, સહયોગીઓની આળસ, ભીરૂતા અને માનસિક નબળાઈ, દેશ-કાલ-સ્થિતિના અવરોધો, સંજોગોના પ્રતિકૂલતા અને ટુંકામાં કહું તો, માત્ર ગણ્યા-ગાંઠયા બે પાંચ મિત્રો સિવાય, બાકીની અમારી આખી સાગરજ્ઞાતિનો એ બાબતમાં ગાઢ **પ્રમાદ** તેમ જ **નિરૂત્સાહ** તો હદબહાર હતો. અરે ! જે જે સુધારકભાઈ-ઓએ ઉપર જણાવેલા, પીરાણા-સતપંથના વિષવૃક્ષનાં મૂળમાં ખાસ પ્રખર પ્રહારો કરવા માટે તો, અમને આટઆટલું પ્રોત્સાહન આપીને, એ મહાન્ પરિષદ્ દેવીની ખાસ પધરામણી કરાવવામાં પ્રેમપૂર્વક મહત્વનો ભાગ લીધો હતો, તેઓ-માંના જ ઘણાખરા અગ્રેસરો પણ, અણીને વખતે એ મહત્વના મુખ્ય વિષયોને પહેલી પરિષદ્ની બેઠક વચ્ચે બિલકુલ ન છેડવાનો દુરાગ્રહ લેઇ બેઠા, અને પીરાણા-સતપંથ તેમજ ગઢેરાના કલ્પિત ભયથી, એટલે દૂર હોવા છતાં ડરી જઇને ચાલૂ પરિષદ્ વખતે ધ્રુજી ઉઠયા-ડરી ગયા ! ત્યાં બિચારા બીજા ભોળા, ધર્મ-ભીરૂ, અભણ અને જાડીબુદ્ધિના ગરીબ તેમજ સામાન્ય જાતિભાઇઓની તો વાત જ શી કરવી ? ખરૂં કહેતાં, જગતમાં ભલેને અમારી પરિષદ્નાં યશગીતો ગાઇને, અમે ઉપર ઉપરથી મ્હોટી બડાઈઓ હાંકીએ, પણ હું તો ખાસ કરીને, એ પરિષદ્ના અસંતોષજનક પરિણામથી બહુ ભાગે હતાશ બની રહ્યો હતો. અને એ નિરાશાનો અસહ્ય બોજો માથે ઉઠાવી રડતાં હૃદયથી ચાલુ વસ્તુસ્થિતિનો વિચાર કરતો અંતરમાં ઉંડા નિઃશ્વાસો નાંખવા લાગ્યો. મને હવેજ જણાયું કે મેં માથે ઉઠાવેલું કાર્ય કંઇ હું પ્રથમ સમજતો હતો, એટલું સહેલું નથી. અને તે થોડાજ પ્રયાસે-થોડા ભોગે, થોડા જ સમયમાં બની જાય, એવું સરલ પણ નથી! પરંતુ ડાહ્યાઓ કહે છે કે,-અનિષ્ટમાંથી પણ ઇશ્વરકૃપાએ ઘણીવાર ઇષ્ટ પરિણામો આવે છે. દુઃખના પહાડમાંથી સુખનાં ઝાડ ઉગી નીકળે છે. તૃણનો મેરૂ અને મેરૂનો તૃણ થઈ જાય છે. **પ્રભુની** કૃપાવડે ઝેર પણ અમૃત બની જાય છે. અમારી પ્રવૃત્તિના પ્રસંગમાં પણ દૈવકૃપાએ, એ અરસામાંજ અણધાર્યું કંઇક એવુંજ બની ગયું ! તે કેમ અને કેવા સંયોગો વચ્ચે બન્યું, એ અહિં આપણે જરા જોઈને વિચારી લઇશું. તો પ્રસંગ ઠીક સમજાશે.

**कच्छनो कर्मकथा**:—પહેલી **કડવા પાટીદાર પરિષદનું** શુભ કાર્ય, તો ઉપર જણાવ્યા પ્રમાણે નિર્વિઘ્ને પરિપૂર્ણ થયું. પરંતુ મ્હારૂં ધારેલું કાર્ય તો,

એજ હાલતમાં જ્યાંનું ત્યાંજ હવા ખાતું હજુસુધી પડી રહ્યું હતું, એટલે મને શાંતિ કે સંતોષ કયાંથીજ મળે? ગઢેરા અને પીરાણા-સતપંથ જેવા પ્રબલ લોહીશોષક શત્રુઓનો દોર તોડવાનું કંઈપણ વ્યવહારિક પગલું એ પરિષદમાં લેવાયું ન્હોતું. એ પ્રબલ જવાલામુખીને જડમૂળમાંથી નાબૂદ કરવાની મ્હારા અન્તરમાં આજે વરસોથી જે આગ ઉછળી રહી હતી, તેની હજુસુધી એક કાંકરી પણ ખસેડી શકાઇ ન્હોતી. અરે! પરિષદ્ વચ્ચે એમહા પાપોનો શાબ્દિક વિરોધ જાહેર કરવા જેટલું પણ, અમારી જ્ઞાતિમાં અથવા અમારા વીર બંધુઓમાં ધર્મબલ અને હૃદયબલ હજુ જાગ્યું ન્હોતું. આટ-આટલી મહેનત, આટ-આટલો ખર્ચ, અને આટલી-આટલી અમૂલ્ય સમયની બરબાદી કરવા છતાં, પહેલી પરિષદની નરમ પદ્ધતિથી અમારી ધાર્મિક પ્રગતિનું ગરીબડું ગાડું તો, હજી મુશ્કેલીના કાદવમાંજ ખરડાતું ગબડાતું ઘસડાતું અધવચ્ચે પડી રહ્યું હતું. શું અમારાં જીવનના અંત સુધી, અમ્હારાં પરમ ધ્યેયને અમે સિદ્ધ નહિંજ કરી શકીએ? ધંધો-રોજગાર, સંસાર-વ્યવહાર, સગાં-સંબંધી, એ બધું છોડીને હજારોની હોળી કરીને, જે ધર્મશુદ્ધિ માટે વરસોથી અમે હથિયારો ઉઠાવ્યાં હતાં, તે બધાં હજી સૂધી અમ્હારા હાથમાં, એવાંને એવાં કોરાંધાકોર જેવાં, કટાતાંજ પડી રહ્યાં હતાં. પ્રતિપક્ષીઓના એક પણ પ્રદેશ ઉપર અધિકાર જમાવવા જેટલો, ફક્ત નામનો વિજય પણ અમે મેળવી શકયા ન્હોતા! ટુંકી જીંદગીનાં બહુ-મૂલ્ય વરસો, પાણીના રેલાની પેઠે નિષ્ફળ વહી રહ્યાં હતાં. ઉજળી આશાથી ઠગાયેલાં હૃદયો, પોતાની જુવાનીનું તાજું-ગરમ-કિંમતી-લોહી વ્યર્થજ ખપાવી રહ્યાં હતાં. અરેરે! ઇશ્વર અમ્હારા જેવા આસ્તિક અને સ્વાર્થરહિત જ્ઞાતિ સેવકોની પણ આવી ક્રૂર કસોટી શા માટે કરતા હશે? જો હાથ ધરેલું કાર્ય સિદ્ધ ન થયું, તો પછી જગતમાં જીવ્યુંજ શા કામનું છે? આવા આંતરિક ચિંતાતુર વિચારોથી, હું અકળાઇને હતાશ બની રહ્યો હતો, અને આશ્ચર્ય પામતો હતો કે, દૂર બેઠેલા કચ્છના ગઢેરા અને અમદાવાદ પાસેના પીરાણા-સતપંથનો આ તે શું ઓછો પ્રભાવ? જેમનાં નામ માત્રથી કરાંચી જેવા દૂર દૂરના પ્રદેશોમાં પણ ગરીબ કણબીઓ, એ ઘરફોડા ઘાતકીઓના જુલ્મ સહામે, પોકાર ઉઠાવતાં પણ ધ્રુજી ઉઠે, અને સહન કરવા પડતા અસહ્ય જુલ્મોને માટે શબ્દોચ્ચાર સરખો પણ ન કરી શકે, એ શું પાપી અને પાખંડીઓની અજબ જેવી જાલીમ સત્તાનો કંઇ ઓછો ખ્યાલ આપે છે? પરિષદ્‌ની ધમાલના સમાચાર, કચ્છ-દેશમાં ફરીવળતાંજ એ આગેવાનો અને ગઢેરાઓ પહેલ વહેલાં તો જરા ચમકી ગયા; પણ છેવટ સૂધી પરિષદ્ તેમનાથી ધ્રુજતીજ રહી હતી, તેની તેમને જાણ થતાં, થોડીજ વારમાં પાછા સાવધ થઇને તેઓ પોતાના શિકારી કિલ્લાનો નવેસરથી પાકો બંદોબસ્ત કરવા લાગ્યા. કરાંચીની મહાસભામાં

ભાગ લેનારા એકે એક ભાઈ કે બ્હેનને, તેમણે ન્યાત બહાર કર્યા. તેમનાં સગાં-કુટુંબીઓ સાથેનો દરેક પ્રકારનો વ્યવહાર તેમણે કરડી સત્તાથી બંધ કરાવી દીધો. માત્ર એટલુંજ નહિ, પણ જ્ઞાતિ-સુધારાના કોઇ પણ કામમાં સંમતિ આપનારા કે ઉક્ત **પરિષદ્‌ની** ચર્ચામાં ભાગ લેનારા, દરેક જાતિભાઇને પણ તેમણે તડોતડ ન્યાતબહાર મૂકવા માંડ્યા! સુધારકો અથવા પરિષદપંથીના સગાં-કુટુંબીઓને પણ હરબ્હાને વિનાકારણે તેમણે સતાવવા માંડ્યાં, અને કોઈ પણ પ્રકારે તેમની મારફતે, સુધારકો ઉપર સખ્ત દબાણ ચલાવી, તેમને પાછા ગઢેરાઓને શરણે ખેંચી લાવવા માટે આડકતરી ને સીધી અનેક યોજનાઓ રચાઈ તથા સૂચનાઓ અપાઈ! જે જ્ઞાતિભાઈને માટે, સુધારક વિચારોના હોવાનો જરા પણ તેમને શક ઉત્પન્ન થાય, એવું કંઇ કારણ મળ્યું, કે તરતજ ફટ કરતો તેને ન્યાતબહાર ઠોકી બેસાડવામાં આવતો! એવા જે જે ભાઈઓ પરદેશમાં વસતા હોય, તેમને પણ પોતાની વર્ત્તણુકનો ખુલાસો કરવા માટે, તેમજ તરત કચ્છમાં ગઢેરાઓને શરણે આવી, આઠ દિવસની અંદર પોતાના એ **હિમાલય!** જેવા મહાન્ ગુન્હાઓનો ફેંસલો મેળવી જવાના નાદિરશાહી ફરમાનો નીકળ્યાં! આવાં જ્ઞાતિ-સેવાનાં મહા પાપોને એ **પીરાણાની ઈમામશાહી** બાદશાહી, કોઇ પણ રીતે સહી શકે તેવું હતું જ નહિ! માટે ગઢેરાઓની આજ્ઞા મુજબ દંડ ભરી, અમી અથવા નૂરની ગોળીના પ્રાશનથી પ્રાયશ્ચિત કરીને એગુન્હેગારોએ પોતાના જ્ઞાતિસેવાના મહાન્ ગુન્હા (!)ની માફી મેળવી જવી! આવા બેવકૂફી ભરેલા નિર્લજ હુકમો અને ફરમાનો બહાર પાડતાં, એ મૂર્ખશિરોમણીઓને કંઈ સંકોચ કે શરમ પણ ન આવી! બેસરમને વળી શરમ તે શાની આવે? તેમને લાજ-શરમ હતીજ ક્યાં? કારણ કે તેઓ તો **ઈર્ષા, અભિમાન, અન્યાય, અધર્મ, તુંદમિજાજ, મૂર્ખાઇ** અને **અનીતિ-અનાચારની** પ્રત્યક્ષ **પ્રતિમારૂપ** જ હતા! **એ પાપમૂર્ત્તિ પાખંડી** પટેલો તો, હરકોઇ પ્રકારે પોતાના અજ્ઞાન પાટીદાર ભાઇઓને સામાજિક તેમજ ધાર્મિક ગુલામગિરીની બેડીઓમાં હમ્મેશને માટે જડીજ રાખવા ઇચ્છતા હતા! કેમકે તેમનેજ પ્રતાપે એ પાખંડીઓ પોષાતા, અને સ્વદેશમાં પૂજાતા હતા.

—અને એ કુકર્મીઓની ભારરૂપ જીંદગીનો, તેમજ જોરજૂલમનો બોજો, અમારી ભોળી પણ અભાગી જ્ઞાતિ, પોતાનાં પૂર્વનાં પાપ અને અજ્ઞાનનાં ફળ રૂપે, દંડ તરીકે ભરીને, એ અસહ્ય ભાર વહન કરી રહી હતી; તોપણ હવે એ પાપીઓનાં પાપનો ઘડો છેક ગળાં સુધી ભરાઈ રહ્યો હતો. પશુ પણ સહન ન કરી શકે, એવો અસહ્ય ત્રાસ વેઠી વેઠીને, અંતરથી ઉકળી રહેલી જ્ઞાતિના દુઃખનું ગુમડું, હવે તો પાકી આવ્યું હતું. એ ભરનિંગળ ઉપર ઓપરેશનનું નસ્તર મૂકવાથી, અંદરનો બધો બગાડો થોડીજ મેહેનતે નીકળી જશે, એવી અમને આશા જણાતી

હતી.પણ એ ઓપરેશન તો,જ્યાં દર્દ જોશ પકડી રહ્યું હતું,એવી કચ્છ–ભૂમિમાં-જ થવું જોઇએ. માટે પરિષદ્‌ની બીજી બેઠક કચ્છદેશમાંજ ભરવાની'યુવકમંડળ'ના સભ્યો સાથે મળીને યોજના કરવામાં આવી. **વિક્રમ સંવત્ ૧૯૭૭** નું એ વર્ષ હતું. અમારી જ્ઞાતિમાં એ વરસે બાર વાર્ષિક મ્હોટો લગ્નગાળો હતો. દેશ–વિદેશમાં વિખરાએલા અનેક ભાઇઓ,લગ્નપ્રસંગના નિમિત્તે કચ્છમાં આવવાના હતા. એ તકનો લાભ લેઇને **કરાંચી, હૈદ્રાબાદ, મુંબઇ, ઘાટકોપરના "યુવકમંડળો"** પોતાનાં એકત્ર બળથી, કચ્છમાં કણબીજ્ઞાતિની અજ્ઞાનતાની ઘોર નિદ્રા ભાંગીને, જ્ઞાતિમાં જાગૃતિ લાવવાનો સબળ પ્રયાસ કરે, તો જરૂર અમારાં કાર્યને વિજય અને યશ મળશે, એવું અમને જણાવા લાગ્યું.

**સ્વદેશમાં જાગૃતિઃ**—આ વિચાર નક્કી થતાં જ, ઉત્સાહી સુધારક ભાઇઓને, તેમ જ 'યુવકમંડળ' અને જ્ઞાતિના હિતકાર્યમાં રસ લેનારા સર્વ બંધુઓને, પત્રો લખીને અમારા પવિત્ર ઉદ્દેશમાં સહકાર કરવાની સૂચનાઓ અપાઇ. બધી દિશાઓમાંથી અનુમોદનોના અને ઉપયોગી મદદો આપવાની તત્પરતાના ઉત્સાહી જવાબો આવી મળ્યા; એટલે કચ્છમાં પરિષદ્ ભરવાના દિવસો નક્કી કરી,મજબૂત પાયે તૈયારીઓ ચલાવી. ધર્મ અને જ્ઞાનના પક્ષપાતી **કચ્છનરેશ મહારાવ શ્રી ખેંગારજી બહાદૂરને** અમારા વિચારો નિવેદન કરી, રાજ્ય તેમ જ **અધિકારીઓની** પણ આ સત્કાર્યમાં સહાનુભૂતિ માંગી. એ અમારી નમ્ર પ્રાર્થનાને, ઉદારચિત્ **મહારાવશ્રીએ** આનંદસહિત ઝીલી લીધી, અને રાજ્ય તથા **અમલદારો** તરફથી બનતી સઘળી મદદ આપવાને તેઓશ્રી તરફથી ઉદાર **અભિવચન** પણ અપાયાં. કેટલાક ઉત્સાહી **ધર્માગ્રહી અમલદારો**, જેઓ અમારી **પ્રવૃત્તિથી** કેટલેક અંશે માહિતગાર હતા, તેઓ પણ અમારાં કાર્યને બની શકે તેટલી અનુકૂળતા કરી દેવાને તત્પર હતા. ચાલુ નિષ્ફળતાઓ વચ્ચે, વરસો સૂધી ટકી રહેલા સુધારકો પણ, **પીરાણા–સત પંથીઓનું** છેલ્લું **બ્રહ્માસ્ત્ર** માથે ઝીલી લેવાને તૈયાર જ હતા. આમંત્રણો, **કવિતાઓ**, ખાસ નિર્ધારેલા વક્તાઓનાં **વ્યાખ્યાનો** અને સભામંડપનાં સ્થાન તેમ જ સાહિત્યો પણ, બહુભાગે તૈયાર થઇ ચૂક્યાં હતાં. એ બધી પાક્કે પાયે તૈયારીઓ કરવાને, **ઘાટકોપર, કરાંચી** વિગેરે સ્થળોનાં '**યુવકમંડળો**' એ પોતાના સુયોગ્ય **પ્રતિનિધિઓને પરિષદ્‌ના** દિવસોથી ઘણા વખત અગાઉથીજ દેશ તરફ મોકલી આપ્યા હતા. અને તેઓ પૂરજોશથી કચ્છમાં જાગૃતિનાં સતેજ યંત્રો ફેરવી રહ્યા હતા. આટલી આટલી અસાધારણ મહેનત કરવા છતાં, રોપવા ધારેલો **પરિષદ્‌નો** મહાન્ વિજયસ્થંભ, અમારી જ્ઞાતિનાં દુર્ભાગ્યે, અણધાર્યા સંજોગો વચ્ચે, આખિરે હવામાં જ ઉડી ગયો! **કરાંચીના** મુખ્ય આધાર કાર્યકર્તાઓ, ઘણાં જરૂરી કામોના રોકાણ અને દબાણથી, **પરિષદ્‌ના**

દિવસ નજીક આવી પહોંચ્યા ત્યાં સૂધીમાં પણ કચ્છી આવી શકયા નહોતા. માટા એટલું જ નહિ, પણ ચાલુ પરિશ્રમથી મ્હારી પોતાની પ્રકૃતિ એકાએક છેક જ બગડી ને લથડી જવાથી, એ જ ટાંકણે કચ્છમાં હું પથારીવશ બની ગયો, અને એથી મારાં હૃદય જેવા મારા સહકારીઓ પણ, મારા એ અણધાર્યા મંદવાડને લીધે, છેક જ હિંમત હારી ગયા. બીજી તરફ પોતાનાં મૂળ ઉખેડી નાંખનારૂં, આ સેવા–કાર્ય કચ્છની ભૂમિમાં જ પોતાનાં ઉંડાં મૂળ ઘાલે, તે પહેલાં જ તેને અદ્ધર ઉડાવી દેવાની, તનતોડ મહેનત કરનારા **પીરાણા–સતપંથીપ્રપંચીઓએ** તેમજ ખાસ કરીને તેમના આગેવાન ખટપટી ખેલાડીઓએ, આ તક સાધીને સુધારકપક્ષના ઘણા ભાઈઓના સંબંધો અને લગ્નોમાં મ્હોટા વાંધાઓ ઉઠાવવાના ઉંડા પ્રપંચો રચ્યા; અને એ વાંધાઓનું તત્કાળ નિવારણ કરી અમારા પક્ષની પ્રતિષ્ઠા જાળવવાની વિશેષ–ખાસ–અગત્ય જણાતાં, જે જે મ્હારા ખાસ સહકારીઓ અને પરિષદ્‌ના મુખ્ય કાર્યકર્ત્તાઓ હતા, તેઓ પણ બહુ ભાગે આ નવી દખલને નાબૂદ કરવામાં છેક જ ઘુંચવાઇ ગયા હતા. એવા સંજોગો વચ્ચે પરિષદ્ ભરવાથી, એવાં મહાન્ કાર્યને મનધારી સફળતા નહિં જ મળી શકે, એવું અમને જણાતાં એકાએક પરિષદ્ ભરવાનો વિચાર એ વખતે તો, નિરૂપાયે તદ્દન મુલતવીજ રાખવો પડયો, અને અમારી કરેલી બધી તૈયારીઓ તથા દોડધામ નિષ્ફળ ગઈ.

**ઉદયની નવી દિશાઃ—**આ પ્રમાણે ઇશ્વરી કરૂણાની કચાશને લીધે, પ્રતિકૂળ સંજોગો ઉભા થતાં, કચ્છમાં **પરિષદ્** ભરવાનું કાર્ય ખોરંબે પડવાથી, ઉત્સાહી સુધારકો, અને કાર્યકર્ત્તાઓનાં હૃદય ઉકળી રહ્યાં. એ ઉકળાટની ધગશથી પ્રેરાઇને, એ કટિબદ્ધ થયેલા **કર્મવીરોએ**, ત્યાં હાથ ધરેલાં હથિયારો બીજી જ દિશામાં ચલાવ્યાં ! આજે સેંકડો વર્ષથી પાખંડી **પીરાણા–સતપંથનાં પાપે**, અમારી જ્ઞાતિમાં લગ્ન જેવા મહાન્ ગંભીર **વૈદિક સંસ્કારને** પણ એક ફારસરૂપે ભજવાતો બનાવી દીધો છે ! ચોરીને બદલે ઉટપટાંગ **અર્ધઇસ્લામી** દુવાઓ પઢાય છે ! અને હસ્તમેળાપ કે સપ્તપદી જેવા વૈદિક પ્રતિજ્ઞાના ઉચ્ચ ભાવોને તથા ચોરી અને બ્રાહ્મણોને પણ અમારી જ્ઞાતિમાંથી છેકજ તિલાંજલિ અપાવી દીધી છે ! આ પરિસ્થિતિમાં અમારી જ્ઞાતિનાં લગ્નો, તે ખરેખરા લગ્નો જ નહોતાં, તેમાં **ધર્મ** કે પ્રતિજ્ઞાનું પવિત્ર બંધન જ નહોતું. આવી ભયંકર પરિસ્થિતિ, ઉત્સાહી સુધારક મંડળોએ દેશમાં ફરીને સમસ્ત જ્ઞાતિને સચોટ સમજાવીને, તેમના હૃદયમાં એવી ઉંડી છાપ પાડી હતી, કે કચ્છનાં ચાર ગામો તૈયાર થઇ ગયાં, ને ગમે તે ભોગે અને જોખમે, ચાલુ દુષ્ટ રૂઢિનો ભંગ કરીને; આગેવાનોની દુષ્ટ સત્તા, સ્હામે માથું ઉંચકી, પવિત્ર **વૈદિક–વિધિથી** પોતાને ત્યાંના લગ્નો તેમણે ચોરી, વેદવિધિ અને યજ્ઞ–હવનાદિ ક્રિયાઓ સહિત, **પીરાણા–સતપંથના**

મુખીઓને બદલે વિદ્વાન્ બ્રાહ્મણોની મારફતે કરાવવાને તેઓ પ્રતિજ્ઞાથી બંધાયા. એ પ્રમાણે **વીરાણીમાં** આશરે અઢીસો, **કોટડામાં** આશરે દોઢસો, **નખત્રાણામાં** આશરે એકસો અને **દેવીસર** તેમજ બીજાં છૂટાંછવાયાં ગામોમાં બધાં મળીને આશરે પચાશેક લગ્નો શુદ્ધ વૈદિક વિધિપૂર્વક સનાતન સંસ્કાર મુજબ કરવામાં આવ્યાં. આ પ્રમાણે આશરે સાડાપાંચસો લગ્નો વૈદિક વિધિથી થયાં. તેમાં મહાન્ વિઘ્નો નાંખવાને, પાખંડી પટેલીઆઓએ બહુ બહુ પછાડા માર્યા, પણ ન ફાવ્યા ત્યારે અંદર અંદર આથડી પડ્યા અને એક બીજા ઉપર ખોટા આક્ષેપો મૂકીને સુધારાવાળાને હંફાવી ન શકવા માટે, એક બીજાનો દોષ કાઢી, એ આંધળા આગેવાનો એક બીજા સાથે અથડાઈ પડ્યા. પેટની પીડાથી પછડાતા તેઓ ફોગટનાં માથાં કૂટવા લાગ્યા ! કચ્છના સમજુ જ્ઞાતિભાઇઓ તો સત્યાસત્યને બહુ સારી રીતે સમજી શકયા. અને એક મુઠ્ઠીભર સુધારકો, શુદ્ધ અંતરની ધગસથી શું શું કામ કરી શકે છે, તે પ્રત્યક્ષ તેઓ જોઈ પણ શકયા ! એથી પણ, જો તુલના કરીએ તો, પરિષદ્‌ના જેટલુ જો કે નહિ, તો પણ તેનાં બીજા નંબર જેટલું પણ શુભકાર્ય થયું. જોશ, સાહસ અને નિડરતાનું જોર જ્ઞાતિને મળવા લાગ્યું. તેમજ પીંડપોષુ પટેલોનું પોત પણ તેમની આંખો સામે પરખાઈ ગયું. આ પ્રમાણે પરિષદ્‌ના કાર્યમાં નિષ્ફળ થવા છતાં, એક શરમ ભરેલી દુષ્ટ રૂઢિને તોડવાનું મહાન્ પરાક્રમ સિદ્ધ કરી, કચ્છમાં પોતાનો **વિજયડંકો** વગડાવીને, સુધારકભાઇઓ ખુશી થતા, પોતાની પ્રવૃત્તિ નિમિત્તે પાછા **મુંબઈ, કરાંચી** વિગેરે સ્થળો તરફ રવાના થઇ ગયા.

**કરાંચીનો ઉત્સાહ**:—પ્રતિકૂળ સંજોગોમાં પણ થોડા સરખા આ સુધારક ભાઈઓએ, જે અમર સફળતા મેળવી, તે જોઈ–જાણીને **કરાંચીવાસી**ભાઇઓની આંખો ઉઘડી, અને **પહેલી પરિષદ્** વખતની પોતાની ભૂલ તેઓ હવે બરાબર સમજી શકયા. તેમને પ્રત્યક્ષ ખાત્રી થઈ કે, **ગટ્ટેરા** અને **પીરાણાનો** દોર તોડયા સિવાય અનેક જમાનાથી કાદવમાં ગુંચવાયેલું જ્ઞાતિનું ગાડું કદીપણ આગળ વધી શકશેજ નહીં. અમારા **ઉન્નતિરથને** ઉજવળ માર્ગે આગળ વધારવા માટે તો, પ્રચંડ ખડક જેવી એ બન્ને મ્હોટી મુશ્કેલીઓને કોઇપણ પ્રયત્ને દૂર કર્યેજ છૂટકો હતો. વળી ખાસ કચ્છમાંજ આટલી ન્હાની સરખી સંખ્યાના સુધારકો, પોતાનાં અડગ આત્મબળથી, હઠીલા, ક્રૂર આગેવાનોને પાછા હઠાવી, જ્યારે પોતાનાં કાર્યમાં સફળતા પાર ઉતારી શકયા છે, ત્યારે **કરાંચી** જેવાં સ્વતંત્ર વાતાવરણમાં એ પાંખંડીઓનો વિરોધ, જો આપણે જોરશોરથી જાહેર કરીને, સમસ્ત જ્ઞાતિ સમક્ષ, એમનાં પાપ વિરૂદ્ધ પ્રબળ પોકાર ઉઠાવ્યો હોય, તો આપણી પ્રગતિનો માર્ગ બહુજ સાફ બની જાય, તેમાં જરાપણ શક ન્હોતો.

પહેલી પરિષદ્, વખતે ભયથી એવું સાહસ ન થયું, તે મોટી ભૂલજ હતી. તેની હવે એ ભૂલ સુધારવાનો અને હૃદયની દુર્બળતાનું પ્રાયશ્ચિત કરવાનો તેમણે મક્કમ ઠરાવ કર્યો. પોતાની ત્રુટીઓ અને અપૂર્ણતાઓનો ભર્યોપુરો બદલો વાળી આપવા માટે, તેમણે ફરીથી બીજીવાર **પ્રેમમૂર્ત્તિ પરિષદ્દેવીને** પોતાને આંગણે પધરાવીને, પહેલી વખતે જતા કરેલા મહત્વના ઠરાવો અને વિષયોને, આ વખતે ખાસ ચર્ચવાનો તેમણે નિર્ણય કર્યો. **કરાંચીવાસીભાઈ**-ઓમાં, **યુવકમંડળના** પ્રમુખ ભાઇ **નાનજી પચ્ચાણ**, તેના મંત્રી ભાઇ **શિવજી કાનજી** અને ભાઇશ્રી **રતનશી શીવજી** તથા **કરાંચીના** એ વખતના **ઉત્સાહી આગેવાન** સદ્ગત ભાઈશ્રી **ખેતાભાઈ ડોસા પોકાર**, ભાઈ **શીવજી ખીમજી મંગવાણાવાળા** તથા ભાઈ **વિશ્રામ પાંચા ગાંગાણી** કચ્છ **વીરાણીવાળા** વિગેરે ભાઇઓનો ઉત્સાહ અપૂર્વ હતો. તેમણે મ્હોટા ઠાઠમાઠથી **પરિષદનું** બીજું **અધિવેશન કરાંચીમાંજ** ઉજવવા માટે તન, મન, ધનપૂર્વક પરિશ્રમ ઉઠાવીને એજ વખતથી તેની તૈયારીઓ માટે મહાન્ ચળવળ ચાલુ કીધી. જે ચળવળને પ્રતાપે પરિષદ્નાં કાર્યને પ્રભુકૃપાએ ઘણો સારો યશ અને સફળતા મેળવવાનું નિર્માણ થયું હતું.

**करांचीमां पाटीदार परिषद्नुं बीजु, अधिवेशनः**—જે **પરિષદ્ સિંધની** મહાસાગર જેવી **સિંધુનદીને** તીરે કુર્મી ક્ષત્રીય બંધુઓનાં હૃદયમાં, પહેલવહેલી અંકુરિત થઈ અને એ વખતે બાળકના જેવી કંઇક નિર્બળતાથી પોતાની પહેલી બેઠકમાં ડરતાં ડરતાં પોતાનાં નાજુક પગલાં ભરી રહી હતી, તે આ વખતે તો જ્ઞાતિસેવાના પવિત્ર અંકુરો પૂરજોશથી પ્રકટ કરી રહી હતી. એજ **બાલપરિષદ્** આજે ભરયુવાવસ્થાના પૂર્ણ તેજથી પોતાના ખાસ જન્મ હેતુને દીપાવવા અને આજે પ્રકાશવાને તત્પર બની રહી હતી. **કરાંચી, હૈદરાબાદ,** વિગેરે **સિંધ-પ્રદેશમાં** વસતા ઘણા જ્ઞાતિભાઇઓએ એકત્ર થઇને મહાન્ સમારોહપૂર્વક તૈયારીઓ કરવા માંડી. પરિષદ્નાં વિવિધ સાહિત્યો ત્વરાથી એકઠાં કરવા માંડયાં. **કચ્છ, મુંબઈ, ઘાટકોપરના યુવકમંડળોને** આગ્રહ ભર્યાં આમંત્રણો પાઠવ્યાં, આ વખતની બેઠકનું કામ બરાબર દીપી નીકળે, તેને માટે **મુંબઈના** મંડળની સલાહ અને મદદ માગી. સફળતાનો મુખ્ય આધાર **પ્રમુખ**-ની યોગ્યતા અને ઓજસ્વિતા ઉપરજ રહે છે. માટે આ વખતે નિર્ભયતાથી સભામંડપને બરાબર ગજાવી શકે, જ્ઞાતિભાઇઓની નસોમાં **વીરતાનાં હીર** સીંચી શકે, જ્ઞાન અને સત્યના દિવ્ય સંદેશા **પરિષદ્** દેવીને આંગણે એકત્ર થયેલા સર્વભાઇઓને શુદ્ધ હૃદયથી સંભળાવી શકે, અને વિશાળ સભાસંઘને પોતાના માનભર્યા અંકુશમાં રાખી, સીધે માર્ગે દોરીને, નિર્વિઘ્ને સભાનું કામ પાર ઉતારી શકે, તેમજ જાહેર સભામાં પાકો બંદોબસ્ત રાખી શકે, એવા કોઈ

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ બીજી (કરાંચી)ના પ્રમુખ



પટેલ માવજીભાઇ પુંજા જબુવાણી

ગામ નખત્રાણાવાળા (કચ્છ)

Lakshmi Art, Bombay 8.

યોગ્ય તેમજ **પ્રભાવશાળી પ્રમુખની** ખાસ જરૂર હતી; ઘણી ચર્ચા અને ઘણા નામોની સૂચનાઓ થયા પછી, **કચ્છ-નખત્રાણાના** રહીશ **અને** હાલ **સિંધ હૈદરાબાદમાં** ઘણા લાંબા સમયથી મ્હોટે પાયે કોન્ટ્રેકટનું બીઝનેસ કરી, જ્ઞાતિમાં પોતાની **સત્તા** અને **પ્રતિષ્ટા** જમાવનારા, જ્ઞાતિસેવાના પરમ ઉત્સાહી વીર-બંધુ **શ્રીયુત માવજીભાઈ પુંજાભાઈ જખવાણીને** પસંદ કરવામાં આવ્યા; અને સ્વાગતમંડળના **પ્રમુખ** પ્રતિનિધિ વિગેરેને પણ ટુંક સમયમાંજ નક્કી કરીને, ઑકટોબર તા. ૭-થી-૯ ઇ. સ. **૧૯૨૨** ના ત્રણ દિવસો સૂધી **કરાંચી પરિષદનાં** બીજાં અધિવેશનનું કાર્ય, ઘણાજ ઉત્સાહ, પ્રેમ, અને સદ્ભાવપૂર્વક ઉજવવામાં આવ્યું હતું. સભાનું સુશોભિત વિશાળ સ્થાન, ઉતારાની સુંદર સગવડો, અને બહારના પ્રતિનિધિઓ, પ્રેક્ષકો વિગેરે **મહેમાનોને** માટે **વાસણ-પાથરણુ** જેવાં અનેક **ઉપયોગી** સાધનો પૂરાં પાડવામાં કચ્છદેશના વતની, **લુહાર-જ્ઞાતિના** પ્રતિષ્ઠિત ગૃહસ્થ, **શેઠ ચનાભાઈ ઉમરસિંહના** સુપુત્ર **ભાઇશ્રી વાલજી ચનાભાઇએ**, તથા તેમની પેઢીના વયોવૃદ્ધ ગૃહસ્થ શેઠ શ્રી૦ **કુંવરજી-ભાઈએ** સંગીન મદદ આપીને, ઘણી ઘણી સગવડો પૂરી પાડી હતી; તેમનો આભાર, અમારી જ્ઞાતિ કદિપણ ભૂલી કે વાળી શકે તેમ નથી. મહાસભાનો કાર્યક્રમ હજારો ભાઈ બહેનોની હર્ષભરી હાજરી વચ્ચે, પ્રભુસ્તુતિના મધુર સંગીત ધ્વનિ સહિત શરૂ થયો, કે તરતજ સ્વાગત-મંડળ, તેમજ મહાસભાના કાર્યકુશળ **વીર પ્રમુખોએ**, પોતાની સિંહગર્જનાથી સભામંડપને ગજાવી મૂકયો. **પીરાણા-સતપંથનું** કાળું કલંક જેમ બને તેમ ઉતાવળથી ધોઇ નાંખવાને માટે, તેમજ જુલ્મી ગઢેરાઓની **એબભરી ગુલામીમાંથી** મુકત થઈ, તેમના ઘોર મહાપાપોને લઇ ચલાવવા જેટલી, આપણી નબળાઇનું ત્વરાથી પ્રાયશ્ચિત કરવા માટે, તેમણે **હૃદયભેદક ગગનઘેરા ગંભીર ઘોષથી** જ્ઞાતિભાઇઓને સખ્ત શબ્દોમાં ભલામણો કરી, અને એ બાબતના મજબૂત ઠરાવો એ મહાસભામાં મૂકવાની ખાસ ભાર દઇને અગત્ય દર્શાવી. વીરતાભર્યાં એ ભાષણો, પરિપૂર્ણ થયા પછી તરતજ મળેલી, સબજેકટ કમીટીએ ઘણા ઘણા ઉપયોગી વિષયોની સુયોગ્ય ચુંટણી કરી, અને તે તે વિષયના જાણકાર લાયક પુરૂષોને, એ ઠરાવે મૂકવાની પણ યોજના ત્યાંજ કરવામાં આવી.

આ પ્રમાણે રચનાત્મક કાર્યક્રમ ગોઠવીને, ત્રણે દિવસ **કરાંચી**વાસીભાઇઓએ પૂર જોશ અને ઉત્સાહથી **પરિષદ્નું** કાર્ય સફળતા પૂર્વક પાર ઉતાર્યું. એ ત્રણ દિવસમાં ઉપરના એ મહત્વના ઠરાવો ઉપરાંત, જ્ઞાતિહિતના બીજા પણ ખાસ ઉપયોગી ઠરાવો મૂકવામાં આવ્યા હતા, તેમના ઉપર કેટલાંક જોરદાર મુદ્દાસર ભાષણો થયાં હતાં, અને એ ઠરાવોને માત્ર કાગળો ઉપરજ ન રહેવા દેતાં, તેમને વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે, સર્વ જ્ઞાતિભાઇઓને આગ્રહભરી સૂચનાઓ

કરવામાં આવી હતી. કચ્છના ગઢેરાઓએ આજસુધી દુષ્ટતાભરી દમન-નીતિ ચાલૂ રાખીને, ગેરકાયદેસર જે કાળાં કર્મો, કાવત્રાં, અને દાવપેચો ખેલવાની શરમભરેલી પદ્ધતિ ચાલૂ રાખી હતી, તેમનાં બધાનાં નામ ઠામ અને પ્રમાણો સહિત તીવ્ર નિષેધ કરનારાં ભાષણો આપી, સભાજનોનાં હૃદયને વક્તાઓએ પીગળાવી દીધાં હતાં. એ પ્રસંગે કેટલાક પાપી પટેલોના **અમાનુષી રાક્ષસી** કૃત્યોનો કમકમાટ ઉપજાવે તેવો ઇતિહાસ, **મુંબઈ–યુવકમંડળના મંત્રી વીરાણીવાળા વીર જ્ઞાતિસેવક ભાઇ રતનસિંહ ખીમજી**એ હૃદયની પૂરતી ધગશ સહિત ત્યાં રજૂ કર્યો હતો. જે સાંભળીને સભાજનોનાં હૃદય ખળભળી ઉઠ્યાં હતાં, અને 'શરમ! શરમ!' ના પોકારોથી સભામંડપને ગજાવી, એ અત્યાચારીઓનો સખ્ત વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. તદુપરાંત શિક્ષણ અને સંસ્કારનો અભાવ, બાળલગ્ન, કારજ અને ન્યાતવરા જેવા જેજે દુષ્ટ રિવાજોથી અંધારાગારમાં ઘસડાઇ જતી હતી, તેમાંથી અમારી જ્ઞાતિને તારવા માટે ધર્મ, વિદ્યા, તેમજ વીરતાભર્યા વ્યવસ્થિત નિયમોનો **સત્વર પ્રચાર** થાય, એવા ઉપયોગી ઠરાવો પસાર કરીને, પ્રેમના જયઘોષ વચ્ચે, **કુળદેવી ઉમીયા માતાજી**ની હજારો કંઠના એકત્ર સંયોગથી જય બોલાવીને, પ્રેમભર્યા **પ્રચંડ કરતલધ્વનિ** અને આનંદના અવાજો વચ્ચે, અમારી મહાસભાનું કાર્ય **પરિપૂર્ણ** થયું હતું.

**બીજી બેઠકની સફળતાઃ**—આ પ્રમાણે **પરિષદનું** પવિત્ર નામ તથા કામને શોભે, એવી વીરતાભરી વ્યાવહારિક કાર્યવાહી અમલમાં મૂકી, લાંબા વખતથી મારા હૃદયમાં ધુંધવાતા, લાગણીઓના પ્રજ્વલિત અગ્નિમાં શાંતિમય આહુતિઓ આપી, પરિષદ્ દેવીએ, એ દિવસે મ્હારા હૃદયને પહેલવહેલું ઠાર્યું.-શાન્ત કર્યું. **મહાસભાનો** મહોત્સવ આનંદથી ઉજવી, સર્વ ભાઇઓ પરસ્પર હેતપ્રીતથી ગળી ભેટીને, પસાર કરેલા ઠરાવો અમલમાં મૂકવાના નિશ્ચયસહિત તેના પવિત્ર ઉદ્દેશોને પોષતા, આનંદભેર છૂટા પડ્યા અને અમે "**યુવક મંડળ**" ના કાર્યકર્ત્તાઓ પણ **મુંબઈ** તરફ વિદાય થયા.

**સંસ્કારી સેનામાં નવી ભરતીઃ**—**મુંબઈ**માં અમને પાછા આવ્યાને થોડાજ દિવસો થયા હશે, એવામાં **કચ્છ–દયાપુર**ના બે જ્ઞાતિભાઇઓ, જેઓ અગાઉ ચુસ્ત **પીરાણા–સતપંથી** હતા, અને **કરાંચી**ની બીજી બેઠક ભરાઈ, તે અગાઉ આશરે ચારેક મહિના પહેલાં, ખાસ ધર્મચર્ચા અને શંકા–સમાધાન માટે મને મળ્યા હતા. તેમાંના એક **દયાપુરમાં મુખી** તરિકે ઓળખાતા, અને કેટલીક વખત મુખીની વતી કામ કરતા હતા. એટલે એવા માણસ કેવા ચુસ્ત અને હરેડ **સતપંથના** હિમાયતી હોય, એ સહેજ કલ્પી શકાય તેમ છે. એ બન્ને ભાઇઓને મ્હારી શક્તિ અનુસાર પીરાણા સતપંથની પોલ તેમજ ધર્મનાં સત્યો સમ-

જાવી, સતપંથપ્રવર્તકોના હડહડતા પ્રપંચો અને ઠગાઈની બાજી તેમના હ્રદયમાં ઉતારી, તેઓ ભોળી અંધશ્રદ્ધાથી કેવી ભયંકર કપટ–જાળમાં ફસાઇ ગયા હતા, તેનો પૂરેપૂરો તેમને ખ્યાલ આપી, તેમની આંખો ઉઘાડી. એ ભાઇઓમાંના સુખી ગણાતા, ભાઈ કાનજી કેસરા હાલ થોડો સમય થયાં સ્વર્ગવાસી થયા છે, અને બીજા ભાઇ પટેલ નારાણ રૈયા જે હાલ હૈયાત છે, એ બન્ને ભાઈઓને મ્હારા શબ્દોની એટલી બધી ઉંડી અસર થઈ કે, તેમણે આખી જીંદગી સુધી જીવથી અધિક જાણેલા અને પ્રેમથી પાળેલા, પીરાણા સતપંથના પાપનું, તેમજ એ પંથને માટે બીજા અનેક ભોળા જાતિભાઇઓ ઉપર પણ અંધશ્રદ્ધાથી દબાણ ચલાવી, તેમને વટલાવવા અને ધર્મભ્રષ્ટ કરવાનું, સખેદ ચિત્તે પ્રાયશ્ચિત કરવાની નિશ્ચયપૂર્વક તેમણે પ્રતિજ્ઞા લીધી, અને ત્યાર પછી એ નિશ્ચયને પરિપૂર્ણ પાળી, તેમણે દયાપુરના બીજા કેટલાક ભાઇઓને પણ સાથે લઇને પરિષદ્‌ની બીજી બેઠકમાં રસભર્યો ભાગ લેવાને, કરાંચીમાં આવીને જ્ઞાતિની સારી સેવા બજાવી હતી. તેમણે મને આ વખતે આવીને જણાવ્યું કે,–"અમે બીજા ચાર–પાંચ અમારા દયાપુર–કચ્છવાળા સ્નેહીઓને અત્રે ખાસ બોલાવેલા છે, અને દયાપુરમાં સત–પંથનો ત્યાગ કરાવી, આપણા શુદ્ધ સનાતનધર્મનો સ્વીકાર કરાવવાની તીવ્ર હિલચાલ શરૂ કરી દીધી છે. માટે તમે એ ભાઇઓ અત્રે આવે ત્યારે તેમનાં મનનું સમાધાન કરી, અમને જેમ પીરાણા–સતપંથની પ્રપંચ જાળમાંથી છોડાવ્યા છે, તેમજ તેમને પણ સત્ય માર્ગ સમજાવીને એ પાખંડના પાશમાંથી છોડાવો." તેમનાં આ વચનોને મ્હેં તો ઉમંગથી વધાવી લીધાં, અને એ ભાઇઓ આવે કે તરતજ તેમને મ્હારી પાસે બોલાવી લાવવાની ભલામણ કરી. બે ચાર દિવસો પછી ઉપર જણાવેલાં દયાપુરનાં ભાઇઓવાળાં ડેપ્યુટેશન સહિત તેઓ મ્હારે ત્યાં પાછા આવ્યા, અને એ ભાઈઓ સાથે કેટલાક દિવસો સૂધી ધર્મ સંબંધી વાતચિત અને ચર્ચા કરીને, તેમનાં હ્રદય હું સંપાદન કરી શકયો. ત્યારે તેઓએ પણ મને જણાવ્યું કે,–'દયાપુરના આશરે ત્રણસો સાડાત્રણસો માણસો અમારી સાથે છે, અને હવે સતપંથની પોલ, તેમ જ પ્રપંચબાજીની અમને પૂરેપૂરી ખાત્રી થઈ હોવાથી, અમે પણ બધા શુદ્ધિ પ્રાયશ્ચિત્ત લઇને, તમારો પક્ષ સ્વીકારવાને તૈયાર છીએ. માટે તમે એકવાર કચ્છ–દયાપુર અમારી સાથે ચાલો—" હું એજ અરસામાં અમારા વડીલ સ્નેહી શ્રી. રતનસિંહભાઇ કરસન ગઢશીસાવાળાના પુત્રના શુભલગ્ન પ્રસંગે, અમારા યુવક મંડળના બીજા કેટલાક ભાઇઓ સહિત કચ્છ જવાનો જ હતો; એટલે મ્હેં તરતજ ત્હેમનું આમંત્રણ સહર્ષ સ્વીકારી, ત્હેમને જણાવ્યું કે–" થોડાજ દિવસમાં અમે કચ્છ આવવાના છીએ, એ વખતે હું જરૂર તમારે ગામ આવી જઈશ, અને મારાથી બનતી તમારી સેવા ઉઠાવીશ."

**કચ્છમાં પ્રગતિઃ**—ઉપર જણાવ્યા પ્રમાણે અમે થોડાજ દિવસને અંતરે કચ્છ ગયા. લગ્ન પ્રસંગે ત્યાં જવાનું તો માત્ર બહારનુંજ નિમિત્ત હતું; પરંતુ મ્હારો આંતરિક હેતુ તો, **બીજી પરિષદ્**ની કચ્છનાં વાતાવરણ ઊપર કેવી અને કેટલી અસર થઇ છે, તેમજ દેશની વસ્તુસ્થિતિ એ વખતે કેવી દેખાય છે, તે ખાસ જાણવાનોજ હતો. અવકાશ મળતાં, દેશમાં જ્યાં જ્યાં જઇએ, ત્યાં એજ વિષય ચર્ચાતો, અને દેશકાળસ્થિતિની બારીક રીતે તપાસ કર્યા પછી, પરિષદની ત્રીજી બેઠક ક્યાં ભરવી, તેનો વિચાર ત્યાંજ નક્કી કરી લેવાનો હતો. આગળ થયેલી યોજના પ્રમાણે, થોડાજ દિવસો પછી **દયાપુર**ના કેટલાક જ્ઞાતિભાઇઓનું ડેપ્યુટેશન અમને બોલાવવાને આવ્યું. એ સત્કાર્યને માટે અમારૂં હૃદય તો સ્વભાવિકજ ઉત્કંઠિત હોય, એટલે અમે યુવક મંડળના દેશ આવેલા સર્વ ભાઇઓ, તેમની સાથે **દયાપુર** ગયા. ત્યાં **દયાપુર**ના સ્નેહી ભાઇઓએ, ઘણા પ્રેમથી અમારો સત્કાર કર્યો, અને અમારી જ્ઞાતિહિતની વાતો, સલાહ, તેમજ સૂચનાઓને પ્રેમથી સાંભળવાની પોતાની ઇન્તેજારી બતાવી. એ પરથી **સતપંથ**ના સંસર્ગે, અમારી કેવી અધોગતિ થઇ હતી, તથા એ પંથનું સ્વરૂપ કેવું ભયંકર ઠગાઈ અને પ્રપંચોથી ભરેલું હતું, એ એમની સમક્ષ બહુ જ અસરકારક સાદા શબ્દોમાં મેં સવિસ્તર સમજાવ્યું. એથી આશરે ત્રણસોએક જ્ઞાતિજનો, **પ્રાયશ્ચિત્ત** લઇને પાપધામ પીરાણાની અપવિત્ર છાયામાંથી મુક્ત થઇ, પવિત્ર બનીને, વિમળ વેદધર્મનો સ્વીકાર કરવાને તૈયાર અને આતુર બન્યા. એ પ્રસંગે મેં તેમને વિસ્તારથી સ્પષ્ટ સમજાવ્યું હતું કે,—"પહેલાં તો તમે શાન્તિથી પરિણામનો દીર્ઘ વિચાર કરો; અહીં ભાષણો કે શબ્દોની અસરથી એકાએક ઉશ્કેરાઇને સાહસ કરવું, અને પાછળથી પસ્તાઈને પાછા હઠવું, એ સારૂં નહિ. હાલ તો તમારા ભાઈઓથી કદાચ જૂદા પડશો, પણ જ્યારે પાછળથી મહાન્ મુશ્કેલીઓ આવી પડશે, ત્યારે દૃઢતા અને ધીરજથી દુઃખો વેઠવાને જો તમે શક્તિમાન્ નહીં હો, તો આવું ઉતાવળું પગલું તમે હાલ ભરતાજ નહિ. **સગાં-કુટુમ્બીઓનો સંબંધ** તમારે છોડવો પડશે, અન્યાયી આગેવાનોના સખ્ત જુલ્મ તમારે સહન કરવા પડશે, **જ્ઞાતિબહાર** થવાથી વ્યવહારમાં પણ પગલે પગલે તમે અનેક આપત્તિઓથી ઘેરાઇ જશો. એ બધું દૃઢતાથી-શાંતિથી-સહન કરવાનું જો તમારામાં ધૈર્ય અને બલ હોય, ધર્મની પવિત્રતાને, સંસારના તુચ્છ સુખો કરતાં પણ વધારે કિંમતી અને વ્હાલી ગણતા હો તો જ આ સાહસ કરજો. તેમજ હવે સ્વીકારવા ચાહો છો, તે ખરેખરો કલ્યાણનોજ માર્ગ સમજાતો હોય, અને મરતાં સુધી તેને અડગવૃત્તિથી પકડીને વળગી રહેવાનો દૃઢ નિશ્ચય હોય, તો જ આ ખરેખરી સખ્ત કસોટી કરનારાં સાહસમાં તમે આગળ પગલું ભરજો. મારી સલાહ માનો તો હજી પણ તમે થોડા વધારે દિવસ શાંતિથી પુખ્ત વિચાર

કરીને, જ્યારે દઢ નિશ્ચય ઉપર આવો, ત્યારે જ પાક્કા વિચારપૂર્વક આ કામ કરવામાં વધારે સલામતી અને નિર્ભયતા રહેલી છે. મ્હારી આવી ટાઢી ટાઢી સલ્લાહ–સૂચનાથી સંતોષ ન પામતાં તેમણે તો સ્પષ્ટ જણાવ્યું કે,–" અમે એ બધો વિચાર ક્યારનોયે કરી બેઠા છીએ તમે જે દુઃખો ભોગવ્યાં, અને હજી ભોગવી રહ્યા છો" તે બધું અમે જોઇએ જાણીએ છીએ. સાચું સમજાયા પછી હજીપણ એ પાપને વળગી રહેવા કરતાં ગમે તેવા વિકટ દુઃખો સહી લેવાને તૈયાર થવામાંજ સાર છે, અમે તો આજથી ચાર દિવસ પછી એટલે જેઠ સુદિ પાંચમને દિવસે, પ્રાયશ્ચિત લઇને એ પાપમૂર્ત્તિ **પીરાણા–સતપંથનો** સંબંધ હમ્મેશને માટે છોડી દેવાનો નિશ્ચયજ કરી ચૂકયા છીએ. માટે હવે તમારે તો અમને કંઇ નબળી સલાહને બદલે એ કાર્યમાં બનતી મદદ કરીને સત્યને પંથે દોરવાના છે. એ બાકી રહેલા ચાર દિવસોના સમયમાં જો તમારાથી અહિં ખોટી ન થવાય, તો તમે બે દિવસ સુખેથી ઘેર જઇ આવો. પણ પાંચમનું **પ્રાયશ્ચિત** કાર્ય તમારી રૂબરૂ અને તમારી મારફતેજ અમારે કરવાનું છે " એ પ્રસંગે પુરૂષવર્ગ કરતાં પણ **દયાપુરની** બ્હેનોએ ધર્મ તરફની પોતાની **ભક્તિ** અને **દૃઢતા** બહુજ વિશેષ જોરથી બતાવી હતી.

**आदर्श स्त्री शक्तिः**—એ બ્હેનોની હિંમત અને હૃદયશક્તિના પ્રભાવ આગળ **ધીરતા** અને **સહનશીલતા** માટેના વીર નરોનાં **ગુમાન** પણ ગળી જાય તેમ હતું. મ્હારા હૃદયને એ વચનોની બહુજ ઉંડી અસર થઇ. કેટલીક બ્હેનોએ દઢ હિંમતથી એ વખતે કહ્યું કે;—" **ભાઇ**! તમારે ઠંડી સલાહ આપવાની કાંઈ જરૂર નથી. અમે તો **સતપંથ** પાળનારા અમારાં **માવિત્રો, કુંટુંબીઓ, સગાંસંબંધીઓ**, સહુને છેલ્લી વારના **મળી ભેટી** આવ્યાં છીએ. હવે તો એમના મનથી **અમે મરી ગયાં છીએ** પાપી પંથ પાળનારાં સાથે હવે અમને કશો સંબંધ નજ છાજે. માટે અમને હવે તો એકજ આરે ઉતારો. આ ચાર દિવસો પણ અમે તો એટલા માટેજ રાખ્યા છે કે, **જેઠ સુદિ પાંચમને દિવસે** તમે **પ્રાયશ્ચિત** કરાવીને પાવન થયા હતા. અમને પણ એજ પવિત્ર દહાડે છાંટો નાંખીને પાવન કરો. એવો **સારો માંગલિક દિવસ** ન જવા દેવો એટલા માટેજ આ ચાર દિવસની પણ અમે તો ઢીલ કરીએ છીએ. નહીં તો એક ઘડીએ ઢીલ કરવાનું અમને હવે ગમતું નથી. **ભાઇ**! તમે હવે અમને મજબૂત બનાવી, **સીધે** રસ્તે ચઢાવીને હિંમતથી સહન કરવાનુંજ શીખાવો, અને ક્ષત્રિને શોભે એવું પાણી ચઢાવી, તમારી લીધેલી ટેક પૂરી કરો. તમારે **અમારી** તો જરાયે ચિંતા ન કરવી અમે તો પીરાણા–સતપંથનો **છેડો ફાડીજ** બેઠાં છીએ. " આવા **ઉદાર, પ્રેમાળ, પવિત્ર** છતાંએ **દઢતા ભર્યા ઉદ્ગારો તે પણ ભોળી અશિક્ષિત ક્ષત્રી બ્હેનોને મુખે**

સાંભળીને મ્હારૂં હ્રદય દ્રવી જાય, તેમાં નવાઇ શું ! કચ્છના કણ્બી સિવાય બીજાં કોઇ હ્રદયને એ સોનેરી શબ્દોની ખરી કિંમત સમજાય તેમ નથી; કારણ કે મ્હારા જેવા એક રંકભાઇની પ્રેરણાથી પવિત્ર વેદધર્મને માટે, એ મ્હોટાં મનની બ્હેનોએ એ દિવસે પોતાના માબાપનો, પોતાના સગાં ભાઇ-ભાડું, બ્હેન બનેવીઓનો અરે પોતાની પેટની સગીપુત્રીઓ કે માતા-ઓનો સદાને માટે ત્યાગ અને અસહકાર કરવા તત્પર થઇ હતી. એ એજ ક્ષત્રિયકુળની દેવીઓ હતી, જેમણે એક વખત આગલા જમાનામાં, સ્વધર્મરક્ષા માટે આકરાં જોહરવ્રત સ્વીકારીને ભડભડ બળતી ચિતા-ઓમાં પોતાના કનકની કાન્તિવાળા સુકોમળ દેહ હોંસથી હોમી દીધા હતા. તેઓ એજ કુળની દેવીઓ હતી, જેમણે આગલા જમાનામાં અનેક વખત ધર્મને માટે હલાહલ ઝેરનાં પણ પ્રેમથી પાન કર્યાં હતાં ! ખરેખર ધર્મની મ્હોટાઈ આગળ શુદ્ધ આર્યાની નજરમાં આ સ્વપ્ન જેવાં નાશવંત જગત્ કે તુચ્છ જીવનની કંઇપણ કિમ્મતજ નથી. જ્યાંસુધી આવી પ્રબળ હ્રદયની પવિત્ર અબળાઓ આ હડહડતા જડવાદી કલિજુગમાં પણ અમારી જ્ઞાતિને ખોળે પાકે છે, ત્યાં સુધી મ્હને સંપૂર્ણ શ્રદ્ધા છે કે મ્હારા પવિત્ર ઉદ્દેશને અવશ્ય સફલતાજ મળશે. અને મારી ખાત્રી છે કે એક તો શું પણ એવાં હજારો પીરાણા સતપંથ જેવા પણ આપણા પવિત્ર હિંદુધર્મને કોઈ કાળે ડુબાવી શકશે નહિજ. માત્ર એટલુંજ નહીં પણ આવાં અમૂલ્ય રત્નો ઉત્પન્ન કરનારી ધર્મવીર ક્ષત્રીય જાતિને પોતાની જાળમાં તેઓ સદાને માટે ફસાવી રાખી શકશે નહિજ. જ્યારે એ મ્હારા ભોળા જાતિભાઇઓને અને પવિત્ર બ્હેનોને પોતાનાં શુદ્ધ સ્વરૂપની પૂરેપૂરી પિછાણ થશે, ત્યારે શુદ્ધ સનાતનધર્મની મહત્તા સ્હમજાશે સત્યનો પ્રકાશ અને પીરાણા સતપંથનાં પાપોનું પોગળ જ્યારે તેમની પવિત્ર આંખો સામે પ્રત્યક્ષ થશે, ત્યારે પીરાણા સતપંથ તો શું પણ કોઈ દેવદાનવની પણ તાકાત નથી, કે તેમને ધર્મપ્રાણથી એઓને કહિયે ધર્મ-ભ્રષ્ટ કરી શકે ! એ બળવાન હ્રદયની બ્હેનોનાં પવિત્ર વચનો સાંભળી, આંસુભીની આંખે મ્હેં તેમજ મારા મિત્રોએ તેમની ઈચ્છાને તરત માન આપ્યું. તેમના પવિત્ર વિચારોને મ્હારૂં મસ્તક નમાવ્યું; અને જેઠ સુદિ પાંચમની પવિત્ર પ્રભાતે કૂર્મીક્ષત્રિય જાતિનાં આશરે બસો વીર અને વિશુદ્ધ આત્માઓ પીરાણા સતપંથના એ લોખંડી પાપબંધનમાંથી સદાને માટે છૂટો પડી, શુદ્ધિ પ્રાયશ્ચિત કરીને પવિત્ર વેદધર્મનો દિવ્ય પ્રકાશ ઝીલતા થયા.

**दयापुरमां वेदधर्म स्वीकारः**—વિક્રમ સંવત્ ૧૯૭૯ ના પ્રથમ જેઠશુદિ પાંચમના માંગલીક દિવસે અસાધારણ સમારોહ અને ઠાઠમાઠથી મ્હોટું સરઘસ

કહાડી, યજ્ઞ-હોમ-દેવપૂજન પૂર્વક વેદવિધિયે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને, એક જ મુહૂર્તે એકસોત્રેસઠ ભાઈ બહેનોએ પરમપવિત્ર સનાતન વેદધર્મનો અંગીકાર કર્યો. એ પવિત્ર આનંદ ઉત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાને, અમારી જ્ઞાતિના સ્વામીનારાયણ સંપ્રદાયવાળા બંધુઓનો મ્હોટો સમુદાય, ડયાપુરવાસી સુધારકવર્ગના આમંત્રણને માન આપી, સાથે જોડાયો હતો. કચ્છદેશના અનેક વિદ્વાન્ પંડિત બ્રાહ્મણો શુદ્ધિનાં પરિકાર્ય તેમ જ સંસ્કાર વિધિ કરાવવાને ત્યાં પધાર્યા હતા, તદુપરાંત લખપતબંદરથી વહીવટદાર સાહેબ ફોજદાર વિગેરે પોતાનાસ્ટાફ સહિત ત્યાં સલાહશાંતિ જાળવવાના હેતુથી પધારેલા, તેમણે પણ એ શુભકાર્યમાં ઉત્સાહથી ભાગ લીધો. માતાજીના મઠથી સનાતન ધર્માગ્રહી રા. રા. જટાશંકર કાલીદાસભાઇએ પોતાના સુપુત્ર સહિત પધારેલા હતા. અને આસપાસના ઘણાં ગામોમાંથી ઇતર હિન્દુ-જાતિના કેટલાક સંભાવિત ગૃહસ્થો પણ, ખાસ આમંત્રણોથી પધારેલા હોવાથી, દેખાવ બહુજ અલૌકિક બની રહ્યો હતો. પીરાણા સતપંથી આગેવાનોએ આ કાર્યમાં વિઘ્નો ઉભાં કરવા માટે, તનતોડ પરાક્રમો કર્યા હતાં. કેટલાક અમલદારોનાં મન મનાવી, તેમને અમારી વિરૂદ્ધ ઉશ્કેરી આ સત્કાર્યમાં દખલ ઉભી કરવાને તેમણે બોલાવ્યા હતા. ઉત્સવનાં ઉત્તમ દશ્યને ઝાંખપ લગાડવા તેમજ અમારી જાતિમાં અંદર અંદર ફૂટ પડાવવા માટે, આસપાસનાં આઠ ગામોના કણબી ભાઈઓને નોતરી, તેમને હજારોને ખર્ચે મિષ્ટાન્ન ભોજન આપી, પવિત્ર ધર્મકાર્ય વિરૂદ્ધ જબ્બર ઉશ્કેરણી કરવાની બહુ બહુ વેતરણ કીધી. પરંતુ ઉદાર અધિકારી વર્ગની વિશાળ હાજરી તેમ જ મજબુત દેખરેખ આગળ એ અજ્ઞાન સતપંથીઓનું કંઇ ચાલ્યું નહીં. અને અપૂર્વ આનંદ તેમજ વેદભગવાનના જયઘોષ વચ્ચે સંસ્કારનું પવિત્રકાર્ય સફલતાથી ઉજવી મિષ્ટાન્ન ભોજન, દાન, દક્ષણા વિગેરે વિધિઓ પરીસમાપ્ત કરીને નિર્વિઘ્ને એ માંગલિક મહોત્સવને અમર કર્યો. એ શુભદિને વૈદિક સંસ્કારનો સ્વીકાર કરનારાં સઘળાં ભાઈ બ્હેનોનાં મ્હારા લખેલા પ્રાસ્તાવિક નિબંધમાં સવિસ્તર ટીપ આપેલી હોવાથી, અહિં એમની નોંધ અથવા તત્સબંધી વધારે વિસ્તાર ન કરતાં, સંક્ષેપમાં મ્હારે એજ લખવાનું છે કે, જે પવિત્ર કાર્યમાં સાક્ષાત્ પરમાત્માનો મંગલ હસ્ત છૂપી રીતે કામ કરી રહ્યો છે, સ્વધર્માભિમાની વિશાળ હિન્દુજનતાની જેમાં સંપૂર્ણ સહાનુભૂતિભરી શુભાશિષ સીંચાયેલી છે, અને તન-મન-ધન-જીવન સર્વસ્વનાં મોંઘેરા બલિદાનો આપવાને આતુર બનેલાં સેંકડો ભોળાં અને પવિત્ર હૃદયોની જે કાર્યમાં અડગ શ્રદ્ધા તેમ જ

ચીવટભરી કાળજી સમાયેલી છે, એવાં શુભકાર્યને અનાયાસે સફલતા મળવીજ જોઇએ. આવી ધાર્યા કરતાં પણ વધારે યશસ્વી સફલતા મેળવીને વિજય-હર્ષથી પ્રફુલ્લચિત્તે અમે પાછા આનંદ સહિત મુંબઈ આવ્યા.

**મુંબઇનું શુદ્ધિ પ્રકરણઃ**—મુંબઇમાં પુનરાગમન કર્યા પછી મેં જોયું કે, કર્કશ કચ્છ પ્રદેશની કઠોરભૂમિમાં, જાલીમ ગઢેરા સુખી અને આગેવાનોના અધમ અત્યાચારોની અખંડ વર્ષા વચ્ચે અનેક વિરોધીઓના કુટિલ કાવાદાવા તેમ જ છલભેદોના ભયંકર નાગપાશને ભેદીને, દુષ્ટોના દોરને નાબૂદ કરી, પવિત્ર વૈદિક ધર્મની દીક્ષા સ્વીકારીને ડયાપુરના દેવતાઇ પક્ષવાળાં એ વીર કુટુંબોએ જે અપૂર્વ વિજય મેળવ્યો હતો, તેમની પવિત્ર જીતના પ્રચંડ ડંકા છેક મુંબઇ, કરાંચી અને દેશાવરના દૂરદૂરના પ્રદેશોમાં પણ પોતાના પડઘા પાડી રહ્યા હતા. પાપી પીરાણા સતપંથ જેવા એક જમાનાથી જડ ઘાલી બેઠેલા અર્ધદગ્ધ ખીચડીઆ પંથને સદાની તિલાંજલિ આપી, ખાસ કચ્છ દેશમાંજ પ્રપંચીઓના અસહ્ય ત્રાસ વચ્ચે પણ અજ્ઞાન ભોળી અબળાજાતિઓ સુદ્ધાં, જે વીરતાભર્યાં પરાક્રમ કરી બતાવ્યાં હતાં, તેમના એ વીર વૃત્તાન્તો સાંભળી સાંભળીને મુંબઈ ઘાટકોપરનો સુજ્ઞ જ્ઞાતિસમુદાય તો ખરેખર હર્ષઘેલો જ બની રહ્યો; અને તેઓ મુક્તકંઠે ડયાપુર-વાસીઓને ધન્યવાદ આપવા લાગ્યા. વિક્રમ સંવત્ ૧૯૭૯ ના આષાઢ શુદિ એકમને દિવસે એકત્ર થયેલી 'યુવકમંડળ' ની ભવ્ય સભામાં દયાપુરનાં શુદ્ધિપ્રકરણની રસભરી ચર્ચા ચાલી; અને મુંબઈ ઘાટકોપર-વાસી વિવેકી ભાઇઓ હજીસૂધી વિચારમાં જ વખત કહાડી, શુદ્ધિ સંસ્કારનાં આવશ્યક કાર્યમાં આળસ રાખી રહ્યા હતા, તેને માટે તેમને ઘણું લાગી આવ્યું. છેકજ અજ્ઞાન અને પરતંત્ર દશા ભોગવતા કચ્છનાં ભાંડુઓ શુભ સાહસમાં ઝીંપલાવે ત્યારે આ સ્વતંત્ર વાતાવરણમાં વિહાર કરતા સુધારક વિચારના ભાઇઓ હજી વાયદાનાં પગથિયાં મૂકયા કરે, એ તેમને પોતાને માટે ઘણું શરમભરેલું લાગ્યું. એટલે એ શુભદિવસે તો સભામાં હાજર રહેલા અમદાવાદવાસી સાક્ષર જ્ઞાતિબંધુ કર્મવીર ભાઈ મગનલાલ ગોવિંદલાલ એન્જીનીયર તથા લાગણીવાળા ભાઈઓનાં પ્રોત્સાહનથી ઉત્તેજિત થઇને, તેમણે નિર્વિલંબે દેહશુદ્ધિ સંસ્કારનો નિશ્ચય કર્યો. બીજે જ દિવસે મુંબાઈ ઘાટકોપરના બસો ભાઇઓના એક વિશાળ સમુદાયે વિદ્વાન્ બ્રાહ્મણો હસ્તક વૈદિક વિધિએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત સ્વીકારી, ઉપવિત સંસ્કાર અને વૈદિક જીવનને અપનાવી લીધાં. આ માંગલિક પ્રસંગને સારી રીતે ઉજવવા માટે સ્વ. ભાઈ મગનલાલે એ સઘળા સંસ્કારપ્રાપ્ત સમુદાયને પોતાના તરફથી ઉત્સાહભેર એક મિષ્ટાન્નભોજનનું જમણ આપ્યું હતું. તેની સવિસ્તર નોંધ પણ મારા "પ્રાસ્તાવિક" નિબંધમાં આપેલી છે.

**કચ્છ પાનેલીમાં શુદ્ધિ સંસ્કારનો સમારોહ:**—ઉપરની નોંધ કરવા લાયક પ્રસંગ ઉપસ્થિત થયો, એજ અરશામાં કચ્છ–**દયાપુરની** ઉત્સાહી બ્હેનોના ભગીરથ પ્રયાસોથી **પાનેલી રવાપુર** વિગેરે કચ્છનાં અનેક ગામોમાં **પીરાણા સતપંથ** વિરૂદ્ધ અસાધારણ, ખળભળાટ શરૂ થયો. એ **વીરાંગનાઓએ** પોતાના **સાસરીયાં** તેમજ **પીયરીયાંના** પક્ષોમાં અપૂર્વ ચાંપ મ્હડાવી **શુદ્ધિની** પવિત્ર ચળવળ પૂર જોશથી ચાલૂ કરી દીધી **વેદવાણીની** વીરહાક કચ્છનાં અનેક ગામોમાં વાગી રહી, અને તેના **પ્રથમ** પડઘા **દયાપુર** પાસેનાં **પાનેલી** ગામે ઝીલ્યા. **દયાપુરવાસી** ભાઈ બ્હેનોની હીલચાલથી **પાનેલીનાં** સોળ **કુટુમ્બો પ્રાયશ્ચિત** પૂર્વક સંસ્કાર લેવાને તૈયાર થયાં. દયાપુરને શુદ્ધિ પ્રસંગે સુધારક વર્ગનો તેમજ અમારો ટેકો હતો. પણ **પાનેલીના** પ્રસંગે તો અમે સૌ **મુંબઈ–કરાંચી** વિગેરે દૂર દેશમાં ચાલ્યા ગયા હતા, અને પ્રબલ **પટેલો** તેમજ **જુલ્મી** ગઢેરાઓના જૂલ્મ સામે તેમને તો એકલે હાથેજ **ઝુઝવાનું** હતું. પટેલ **મનજી** તથા **નથુ ખીમા** જેવા હરેડ **સતપંથી** વિરોધીઓના જીવલેણ–ઝપાટાઓ તેમને ઝીલવાના હતા. **નાનજી હીરજી પારસીયા** જેવા નવજુવાન અને આગેવાન બનવાના ઉત્સાહી ભાઈ સામે તેમને કામ લેવાનું હતું. અને તે બધા ઉપરાંત **દયાપુરના** મહાન્ ખટપટીઆ જમાનાના ખાધેલ ખેલાડી ગઢેરાઓનાખાં પટેલ **ખેતાભાઈ સોમજી ભગત** જેવાનાં બાથોડીયામાં-થી છટકી જવાનું હતું. એટલે એકલે હાથે આવા અનેક અત્યાચારીઓની દાવ-પેચ ભરેલી દુશ્મનાવટને પહોંચી વળવાનું મહાભારત જોખમ **પાનેલીના** મસ્તકપર ઝઝુમી રહેલું હતું. છતાંએ સોળ ઘરનાં બધાં મળી **સડસઠ** માણસોએ નિડરતાથી **પીરાણા સતપંથનો પારત્યાગ કરી પાખંડી પટેલો** અને **અધમ આગેવાનોના જુલ્મની** ઝોંસરી હૃદયબલ પૂર્વક છિન્ન ભિન્ન **કરીને ફેંકી દીધી** અને **ખીચડીઆ પંથનો** બહિષ્કાર કરી, પવિત્ર **સનાતન હિંદુ ધર્મની તેમણે દીક્ષા લીધી.** હજારો **પીરાણા સતપંથીઓની** આંખો સ્હામે તેમની દેખતી આંખોમાં ધૂળ નાંખીને, સુધારકોની જરા પણ **મદદ વિના,** આ **મુઠીભર પાનેલી વાળાઓ** આ પવિત્ર કાર્ય પાર ઉતારવાને બહાર પડયા; એ જોઇને વિરોધી પક્ષના હૃદયમાં તો પ્રચંડ જવાલાઓ જાગીઉઠી તેમાં પણ **ખેતા મુખીનાં** ખાનામાં તો એ બનાવથી મહાન્ જવાલામુખીજ ખળભળી ઉઠયો.

ખાનાંની **ખેરસલ્લાહ.** માટે **ખેતાભાઇએ** તો ખૂબ ખટપટ ચલાવી! **પાનેલીના** રહીશને શુદ્ધિ કાર્યના ઉત્સાહી એક ભાઈ જેનું નામ **પટેલ રામજી રાજાભાઈ નાથાણી** છે, તેમનાં લગ્ન, બીજા એવાજ એક. હઠીલા હરેડપંથી **મુખી પટેલ ખેતા જીવરાજનાં વીરપુત્રી અ. સૌ.** બ્હેન કંકુબાઈ સાથે

થયાં છે. એ બ્હેન પણ અમારી જ્ઞાતિની એક ધર્માભિમાની સત્યાગ્રહી વીરાંગનાજ છે. એ શુદ્ધ ક્ષત્રાણી એ પણ પોતાના પતિસાથે સહમત થઈને પાખંડી પીરાણા સતપંથના સડેલા અને ખડખડી ગયેલા કુટિલ કિલ્લાનો કમ્મર કસીને પરિત્યાગ કર્યો. માતા-પિતાની ઘણી સમજાવટ છતાં બ્હેન કંકુબાઈએ હાથ ધરેલાં શુદ્ધિનાં પવિત્ર હથિયારો છોડયાં નહીં, પરંતુ એથી વિશેષ ઉશ્કેરાઈને બમણાં જોરથી પીરાણા સતપંથના કાંધીઆઓ સ્હામે અહિંસાત્મક નિષેધનું પ્રચંડ યુદ્ધ શરૂ કર્યું. પટેલ ખેતા સોમજી લગતે બ્હેન કંકુબાઈના પિતા ખેતા મુખીને ખૂબ રણશુર ચ્હડાવ્યું. અને ખાનાના મુર્ખાનીજ છોકરી! જો સુધારાવાળાઓ સાથે મળીને વંઠી જાય, તો તેની એકવીસ પેઢીઓ દોજખમાંજ જશે, એમ જણાવીને બળ જબરીથી પણ એ ઘોર અન્યાય ભરેલા કાળાં કર્મ (!) ને એકદમ અઅટકાવી દેવાની સલ્લાહ આપી, અને એ કામમાં ખાનાની દોલત તેમજ સેના તેને પોતાનાથી બનતી મદદ કરશે, એમ કહીને પુરેપૂરો ચ્હડાવ્યો. એ ચડામણીથી મર્કટને મદિરાપાનની જેવી અસર થાય, તેના કરતાં પણ ખેતા મુખીને વધારે જુસ્સાદાર ધર્મઝનૂનનો નિશો ચ્હડી આવ્યો. તેણે તથા તેનાં કુટુંબે એકત્ર થઈને કંકુબાઈને દરેક રીતે સતાવી, ડરાવી, ત્રાસ આપ્યો પણ કંકુબાઈ જેનું નામ તે કોના ધાકથી અંજાઈ જાય ? તેણે તો પોતાના સૌભાગ્ય કંકુ સ્વરૂપ પતિની સાથે સત્ય વેદનેજ વળગી રહેવાનો પોતાનો નિશ્ચય જણાવી એક પ્રતાપી સતીના જોરદાર વર્તનથી પીયરીઆમાંનાં ટોળાંને દમ ભીડાવી છકજ કરી નાંખ્યાં. પોતાનાં માતા પિતાને એ દેવીએ સ્પષ્ટ જણાવ્યું કે, મારા કદાચ ટુકડે ટુકડા કરી નાખશો, તો પણ હું તમારા પંથની પાપી છાયામાં ઉભી રહેનારી નથી. અને મારા ઉપર જુલ્મ ગુજારશો, તો નક્કી સમજજો કે, તમે આખરે જેલમાં જશો ને પાયમાલજ થશો. આવી અડગ સત્યાગ્રહી આર્ય બાળાના પ્રતાપ આગળ પીરાણા સતપંથની પાપી શક્તિ કેટલો વખત ટકી શકે ? પીયરના પક્ષે લાચાર બનીને નિરૂપાયે બ્હેન કંકુબાઈને જતી કરી. અને છેવટે ખેતામુખીએ પોતાની પુત્રી-જમાઈને મરેલાં જણાવી તેમની રૂબરૂજ તેમના નામનું સ્નાન કરી નાંખ્યું અને પોતાના તરફથી કંકુબાઈને આપવામાં આવેલા સઘળા દરદાગીના પાછા ઉતરાવી લીધા. એ દરદાગીના તેમજ પિતાના ઘરનાં કપડાં લત્તાં શુદ્ધાં બ્હેન કંકુબાઈએ તરતજ ઉતારીને ફેંકી દીધાં; અને પોતાનો પીયરીયાં સાથેનો સઘળો સંબંધ આંખે વહેતાં આંસુઓ વચ્ચે, એક માત્ર પોતાના પવિત્ર ધર્મને ખાતર પૂરો કીધો. આ પવિત્ર બાઈએ એ કરૂણાજનક પ્રસંગે જે દૃઢતા અને વીરતા બતાવી, વેદધર્મના સ્વીકાર માટે જે મહાન્ જાતિ ભોગ આપ્યો છે, તેનું યથાર્થ વર્ણન તો કોઈ કુશલ કવિની કલમજ

કરી શકે ! આવી વીરાંગનાઓનાં વૃત્તાન્ત તો ભારતના ઇતિહાસમાં અવશ્ય અમર અક્ષરે લખાવાં જોઇએ. જેથી વીરક્ષત્રાણીનાં હૃદયબલ અને ધર્મબલનો પ્રતાપ વાંચી, જાહેર જનતા તેમજ અન્ય પ્રજાઓ પણ વીરતાનો પવિત્ર પાઠ શીખી શકે; અને પોતાના પ્રાણાધિક ધર્મદેવતાને માટે આ જગત્‌નાં નાશવંત સુખોની નીડરતાથી આહૂતિઓ આપતાં શીખે ! ધન્ય છે, એ દેવી સ્વરૂપ બ્હેન કંકુબાઇને, જ્યારે એક કણબી કન્યાની આ વીરતાની વાતો દેશવિદેશ પહોંચી, ત્યારે અમારી કણબી જ્ઞાતિમાં અસાધારણ ઉત્સાહ ફેલાઈ રહ્યો.

આ વીરરસની અલક ધારાએ પરદેશોમાં વસતા પટેલભાઇઓની નસોમાં પણ વીરતાનાં પાણી ચ્હડાવ્યાં અને ઘાટકોપર તેમજ માટુંગા ખાતે ઘણા ભાઇઓએ તરતજ આળસ અને પ્રમાદને તિલાંજલિ આપી બનતી ઉતાવળે સારા વિદ્વાન પંડિતોને બોલાવીને દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી, વેદાધિકાર મેળવ્યો.

**परिषद्‌नी त्रीजी बेठकनी तैयारीओ**:-ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાયશ્ચિત વિધિ અને કચ્છ દેશના પ્રવાસનું અવલોકન કરતાં કાર્ય—કારણનો કુદરતી સંબંધ મ્હારી આંખ આગળ પ્રત્યક્ષ થયો. કૃષ્ણ—ભગવાન કહે છે કે, કલ્યાણના હેતુથી કરેલું કોઇ કાર્ય નિષ્ફળ જતું નથી. એ સત્કાર્યનું ફળ મ્હોડું-વ્હેલું મનુષ્યને અવશ્ય મળે છે. મુંબઇ-ઘાટકોપર, વીશાણી કરાંચીના ઉત્સાહી યુવકમંડળોએ ઉદાર આત્મભોગ આપી, અનેક મુશ્કેલીઓના પહાડ ઓળંગીને પ્રગતિના માર્ગમાં જે મક્કમ મજલ કરેલી હતી, તેના પુણ્યપ્રતાપે જ સમસ્તજ્ઞાતિની પરિષદ્ ઉભી થઈ, બબ્બે વખત કરાંચી જેવાં જ્ઞાતિભાઇઓનાં મુખ્ય મથકમાં ઠાઠમાઠથી ભવ્ય અધિવેશનો ભરવાને ભાગ્યશાળી નિવડી હતી. તેમાંની બીજી બેઠકે તો ખરેખર રંગ રાખ્યો હતો. હૃદયના મર્મો તોડી ફોડીને પ્રમુખ તેમ જ વક્તાઓએ નિર્ભયતાથી પાપીઓના પાપ અને જુલ્મ સ્પષ્ટ ઉઘાડા પાડીને જનતામાં ખળભળાટ મચાવી મૂકયો હતો; અને અમારી અખિલ જાતિમાં દેશપરદેશમાં જાગૃતિની ભરતી ચ્હડતી કરી હતી. એ જાગૃતિનાં પ્રચંડ મોજાંઓ કચ્છને કિનારે અથડાયાં હતાં, અને તેણે ચ્હડાવેલી જોશદાર વીજળી, ભોળી અને અજ્ઞાન કચ્છી કણબીઓની ગરીબડી પ્રજાની નસનાડીઓમાં પણ તીવ્ર ધર્મોત્સાહનો તનમનાટ મચાવી રહી હતી. એ જાગૃતિથી દયાપુર, વીશાણી, પાનેલી, રવાપુર વિગેરે વીરક્ષેત્રોના ક્ષત્રીસિંહોને જાગ્રત તેમ જ સચેત બનાવી તેમના ભૂલાયેલા જાતિસ્વભાવનું પુનઃ ભાન કરાવી, તેમનાં દીન બનેલાં હૃદયમાં વીરતાનાં જોરદાર નીર વહેવડાવી દીધાં ! જે સ્વાર્થત્યાગ અને સ્વધર્મરક્ષણનાં મહાન્ કાર્યો આજે સેંકડો વર્ષથી અમારી જ્ઞાતિને આંગણે દેખાવા પામતાં ન્હોતાં, તેવાં દિવ્ય પરાક્રમો એકે સપાટે અદ્‌ભુત જાદુઇ બળથી

નવું જીવન જાગતું હોય, એવો ભાસ કરાવતાં, અમારા ગરીબ દેખાતા જ્ઞાતિભાઇઓએ કરી બતાવ્યાં, અને તેમાં અમારી સિંહણ જેવી શૂરી ક્ષત્રાણીઓએ તો ખરેખર હદ કરી બતાવી હતી, એ બધો પ્રતાપ ખરૂં કહીએ તો યુવકમંડળો અને પરિષદ્‌ના પ્રયાસોનો જ હતો. અને એ પુણ્ય પ્રવૃત્તિઓને અમારી જ્ઞાતિએ સઘળી જ્ઞાતિહિતવર્ધક સંસ્થાઓની હંમેશ સુધી આભારી રહેશે કેમકે એ પ્રવૃત્તિઓથી અમારી પરિસ્થિતિ અચૂક બદલાવા લાગી હતી. નિડરતા –જાગૃતિ–સત્યદર્શન–અને જ્ઞાતિસેવાના અંકુરો ફુટી ચૂકયા હતા. અને જો તેમનો દીર્ઘદૃષ્ટિ તેમજ સાવચેતીથી વિકાસ કરવામાં આવે, તો જરૂર સારાં ફળનો સત્વર પરિપાક થવાનો સંભવ હતો. આ બદલાતી પરિસ્થિતિથી અમને બેઘડી હિમ્મત આવી. અમારૂં જ્ઞાતિક્ષેત્ર ખેડાવા લાગ્યું હતું,–ઘણા ભાઇઓને અમારા કાર્યનો હેતુ ધ્યાનમાં ઉતરવા લાગ્યો હતો. તેઓ અમારાં કઠિન કામની કદર અને કિમ્મત સમજતા થયા હતા. કેટલાકને તો બહુ લાગણી તેમજ સહાનુભૂતિની ભાવના પણ જાગી હતી; આવા સંજોગોમાં જો અત્રે મુંબઇ જેવાં ચોર્યાસી બંદરના વાવટાથી શોભી રહેલાં હિંદનાં પાટનગરમાં પણ પરિષદ્ દેવીને નોતરીએ, તો હવે અમને ખાત્રી હતી કે અમારી લાજ નહીજ જાય. પૂરતા પ્રમાણમાં પ્રતિનિધિઓ મળી રહેશે. સત્ય કહેવા તેમજ સાંભળવાની નિડરતા ઝળકી ઉઠશે, બબ્બે બેઠકોમાં કેળવાયેલા કાર્યકર્તા અને સ્વયંસેવકો નિયમિત બંધારણ પૂર્વક રચનાત્મક કાર્ય કરી શકશે. સારો સંસ્કારી શ્રોતાવર્ગ મળી શકશે, રિપોર્ટ લેનારાં વર્તમાનપત્રોના રિપોર્ટરો મળી શકશે. સતેજ વ્યાખ્યાનોથી શ્રોતાઓના હૃદયમાં કર્તવ્ય અને લાગણીની વીજળી ચમકાવનારા વિદ્વાન વક્તાઓ પણ મળી શકશે અને એક વિશાળ જાતિની ભવ્ય પરિષદ્‌ને શોભે તેમજ શોભાવી શકે, એવાં સઘળાં સાધનો અને સાહિત્યો પણ અહિં તો મળીજ શકશે. વળી કચ્છ કાઠિયાવાડ–ગુજરાત સિંધમાં વસતા સઘળા કડવા પાટીદારભાઇઓને અહીં ભાગ લેવા બોલાવીને અમારાં સત્કાર્યમાં તેમનો સપ્રેમ –સહકાર પણ મેળવી શકશે–આવી અનેક જાતની અનુકૂલતાઓ અહીં મળી શકે તેમ હતી. એટલે આગલી બે બેઠકો કરતાં આ વખતનું કાર્ય જો ઘટતી મહેનત લેવામાં આવશે તો જરૂર ઉગી નીકળશે–અને ભવ્ય ઠાઠમાઠ સહિત પરિષદ્‌નાં પવિત્ર નામને છાજે એવું ઉત્તમ કામ પણ કરી દેખાડી, જગત્‌ની નજરે અમારી જ્ઞાતિની કિંમત વધારી શકાશે. એ સિવાય મને ખાસ વધારે હિમ્મત એથીજ થતી હતી કે, અમે આજસુધી તો મંડલો ભરીને ભાષણો અને વાતો જ કરી હતી, અને પરિષદો મેળવીને સુંદર વ્યાખ્યાનો તેમ જ ઠરાવો ઘડ્યા હતા, પંરતુ, આંખો અને હૃદયને ઠારે એવાં કામો ક્યાં થતાં હતાં? અજ્ઞાન અને અન્યાયના અંધારપટમાં ઘેરાયેલી

કચ્છની છેક જ ગરીબ–મજૂર જેવી ભોળી પ્રજા જાગી અને શુદ્ધિ સંસ્કારથી પાવન થઈ. ત્યાંનાં ઘણા ભાઈબ્હેનો પવિત્ર વેદધર્મનું શરણ લેવા લાગ્યાં. પરંતુ હજુ સૂધી મંડળોના કાર્યકર્ત્તા તેમ જ સભાસદોમાંના ઘણાખરા શુદ્ધિથી પાવન થયા ન્હોતા ત્યારે પરિષદ્‌માં ભાગ લેનારાની તો વાત જ શી કરવી? પરંતુ હવે મુંબઈમાં પરિષદ્ ભરાય તો, દેશના અજ્ઞાન અને દીન ભાઈઓ, આગેવાનોના જુલ્મની ધગધગતી હોળી વચ્ચે આવા મહાન્ ભોગે કાર્ય કરી ગયા, ત્યારે મંડળના ભાઈઓને તેમ જ પરિષદ્‌માં મ્હોટાભાઈ બની ભાગ લેનારા મારા જ્ઞાતિબંધુઓને શરમના માર્યા પણ શુદ્ધિ સંસ્કાર સ્વીકારી અમારા પક્ષમાં આવ્યા વગર છૂટકો નથી. એટલે આજસૂધીનાં કાર્યો તો પીરાણા સતપંથના ઝેરી ઝાડનું ભયંકર સ્વરૂપ આંકી બતાવનારી વાતો કરવાનાં જ થયાં હતાં, પરંતુ એ વિષવૃક્ષના મૂળમાં તીવ્ર આઘાત કરનારો કુહાડો તો મુંબઈની પરિષદ્ જ ઉઠાવી શકશે. આવી રીતે આસપાસના બધા સંજોગો તપાસી, દેશ–કાલ–સ્થિતિને ધ્યાનમાં લઈ માત્ર વાતો–શબ્દો કે ઠરાવોના ઉપર જ મદાર નહીં બાંધતાં, જનતાને પોતાનાં કર્ત્તવ્યનો બરાબર જવાબ આપી શકે, એવાં પ્રત્યક્ષ કાર્યો બતાવવાને પરિષદ્‌દેવીને ત્હેનાં પૂર્ણવિકસિત સોળે કળાનાં સ્વરૂપમાં ખડી કરવાનો અમે નિશ્ચય કર્યો. એ હેતુ પૂરેપૂરો સચવાય, એવા નિયમો, ધારાધોરણ અને પરિષદ્‌નું નિશ્ચિત બંધારણ નક્કી કર્યું. અને ખાસ ધ્યાન ખેંચનારૂં નવું તત્ત્વ એ ઉમેર્યું કે, એ પરિષદ્‌માં પ્રતિનિધિ તરીકે ભાગ લેવાનો કે ભરસભામાં પોતાના વિચારો દર્શાવવાનો હક્ક તો એવા સભાસદોને જ રહે, કે જેઓએ પીરાણા સતપંથનો ત્યાગ કરનારાં પ્રતિજ્ઞાપત્રક ઉપર સહી કરીને કબુલાત આપી હોય! જો આવી રીતે અમારી ધારણા મુજબ સલાહશાંતિથી એ સત્કાર્ય પાર ઉતરે, તો અમે પૂર્ણ કરવા ધારેલાં મહાન્ કાર્યનો બરાબર અર્ધો બોજો તો જરૂર ઓછો જ થઈ જાય. આ પ્રમાણે પ્રગતિ અને સુધારાનાં મક્કમ પગલાં ભરવાના નિશ્ચય સહિત પરિષદના ત્રીજા સમ્મેલનની ધામધૂમથી તૈયારીઓ કરવા માંડી આમંત્રણ પત્રો નીકળ્યા અને તે પરિષદ્‌નાના ઉદ્દેશ નિયમો, બંધારણ તેમજ પ્રતિજ્ઞા પત્રકની નકલો, સાથે કચ્છ કરાંચી કાઠિયાવાડ ગુજરાત વગેરે તમામ પ્રદેશમાં વસતા જ્ઞાતિભાઈઓને મોકલવામાં આવ્યાં. અને ત્રીજા અધિવેશનનો સમારંભ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ અમારી જ્ઞાતિમાં સર્વત્ર પરિષદ્ ઉજવવાનો અપાર ઉત્સાહ વ્યાપી રહ્યો. પરિષદ્‌નું કાર્ય પૂર્ણતાએ પહોંચાડવામાં હવે તો પાયારૂપ પ્રથમ પગથીયું પ્રૌઢ પ્રવીણ તેમ જ પ્રતાપી પ્રમુખ ચુંટી કહાડવાનું હતું, ઘણાં પ્રયાસે જોડેલા ગુજરાતી ભાઈઓના સંબંધને અતિ નિકટનો, અને ગાઢો બનાવવા માટે આ વખતે તો ખાસ કેળવાયેલા ગુજરાતી કડવા પાટીદારોમાંથી

યોગ્ય નરને ચુંટવાની વિશેષ અગત્ય જણાઈ. એ બાબતનું બહુ મન્થન કર્યા પછી અમારી જ્ઞાતિના નરરત્ન ઉચ્ચ દેશાઈ ખાનદાનના વંશધર, સાહિત્ય વિલાસી અને જ્ઞાતિહિતરસીક વીરમગામવાળા સુપ્રસિદ્ધ પુરૂષ, ભાઈશ્રી ચન્દુ-લાલ મણીલાલ દેશાઈને અધ્યક્ષ નીમવાનું નક્કી થયું. એ ભાઈ ગુજરાતના કડવા પાટીદારોમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા, અને અનેક સત્કાર્યોમાં ઉત્સાહથી સહકારી થતા હતા, માત્ર એટલું જ નહીં પણ અમારા મંડળ તરફ બહુ મમતાભરી લાગણી રાખી, અમારાં સેવાકાર્યમાં તથા પરિષદ્‌ની સફલતાના સવાલમાં હૃદયપૂર્વક રસ લેઈ રહ્યા હતા. તેમને જ્ઞાતિના કચ્છી સમુદાય માટે કકળતા હૃદયની કાળજી હતી, અને પીરાણાસતપંથનાં પાપ તેમ જ આગેવાનોના અધર્મ અન્યાયમાંથી મુક્ત થઈ, ઉતાવળી ગતિએ એ સમુદાય પોતાના ઉજળા મુખ સાથે ક્ષત્રીય જાતિને શોભે એવું ઉચ્ચ સ્થાન પાછું શીઘ્રતાથી કેવી રીતે મેળવી શકે, તેની દિનરાત તેમને ખંત રહેતી. માત્ર એટલું જ નહિ પણ એ કાર્યમાં નિરંતર તેઓ તન–મન–ધન પૂર્વક મ્હોટા ભોગો આપી રહ્યા હતા. આવા નરવીરને છોડીને અમે બીજો કયો યોગ્ય પ્રમુખ શોધવા કે મેળવવાના હતા ? એટલે સઘળા સુધારકભાઈઓ તેમ જ કાર્યકર્તાઓએ એકમત થઈને ભાઈશ્રી ચન્દુલાલને અધ્યક્ષ પદની વરમાળ પહેરાવવાનું નક્કી કર્યું. સ્વાગત મંડળ, તથા સ્વયંસેવકનાં ઉત્સાહી દળ સજ્જ થઈને સેવાના માર્ગને સરલ બનાવવા તત્પર બની રહ્યાં. અને ઘાટકોપર ખાતે શેઠ વેલજીભાઈ શિવજીની વિશાળ વાડીમાં શુદ્ધ ખાદીનો અને સ્વદેશી કન્તાનનો ભવ્ય સભામંડપ ઉભો કરી કુલદેવી ઉમીયામાતાના જયઘોષ સહિત પવિત્ર ચરિત્ર પરિષદ્ દેવીને સપ્રેમ પધરાવ્યાં.

**कच्छ–कडवा पाटीदार परिषद्‌नुं त्रीजुं सम्मेलन**—ઘાટકોપરનાં સ્વચ્છ વાતાવરણમાં વેલજી શેઠની સુંદર વાડીની વિશાળ ખુલ્લી જગ્યામાં ઉભો કરેલો ભવ્ય અને ભપકાદાર સભામંડપ, વિક્રમ સંવત્ ૧૯૮૦ ના ચૈત્ર શુદિ ૧૪ (તા. ૧૪–૪–૨૪ )થી આરંભી ચાલૂ ચાર ચાર દિવસો સુધી પરિષદ્‌નાં મંગલ સ્તોત્રો અને અમલમાં મૂકાતાં સત્કાર્યોના જયઘોષોથી ગાજી રહ્યો હતો. મુંબઈ અને તેની આસપાસ વસતા જ્ઞાતિભાઈઓ તેમાં મ્હોટી સંખ્યામાં હાજરી આપી રહ્યા હતા. અનેક બાઈઓએ તેમાં હાજરી આપી હતી. એ ઉપરાંત ઇતર જ્ઞાતિના, બ્રાહ્મણ, ભાટીયા, લુહાણા, વાણીયા, સુતાર, લુહાર વિગેરે જાતિના અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થોની, મુંબઈના પ્રખ્યાત પંડિતો, સાક્ષરો અને રિપોર્ટરોની પણ મ્હોટી સંખ્યા, પરિષદ્‌નું કાર્ય જોવાને ઉત્સાહથી ત્યાં એકત્ર થઈ હતી. મંગલ સ્તવન અને ઉમીયામાતાજીની સ્તુતિના હૃદયદ્રાવક સંગીત સહિત પ્રભુના સંદેશા શરૂ થયા. સ્વાગત મંડળના પ્રમુખ, ભાઈશ્રી વિશ્રામ-

ભાઇ દેવજી પટેલ વીશાણીવાળાનું સારગર્ભિત વ્યાખ્યાન ચાલ્યું. એ ભાઈએ મ્હારા હૃદયની ઉગ્ર ઇચ્છાને માન આપી, પોતાનાં પહેલાં વ્યાખ્યાનમાં જ, પીરાણા સતપંથના પ્રબલ પાપી સંસર્ગનું કાળું કલંક ધોઈ નાખવાનો અને અધર્મી આગેવાનોના અન્યાયી અંકુશની ધુંસરીમાંથી સત્વર છુટા થવાનો ભાર મૂકીને આગ્રહ કર્યો હતો. એ સિવાય જ્ઞાતિમાં ચાલતી દુષ્ટ રૂઢિઓના જાલીમ દોરને નાબૂદ કરી, પ્રગતિ અને પુનરૂદ્ધારને પંથે અમારો ક્ષત્રીય જ્ઞાતિરથ આગળ વધે, એવા સરલ અને વ્યાવહારિક માર્ગો સહમજાવ્યા હતા. ત્યાર પછી જ્ઞાતિપ્રેમી અને સાહિત્ય-વિલાસી પ્રમુખ શેઠ ચંદુલાલ મણીલાલ દેસાઇ વીરમગામવાળાનું પ્રૌઢ વિચારો અને લાગણીના ઉછળતાં પૂરથી ઉભરાતું મનનીય વ્યાખ્યાન ચાલ્યું. બન્ને પ્રમુખોનાં ભાષણો જ્ઞાતિજનોના અપૂર્વ આનંદ વચ્ચે પરિસમાપ્ત થયા પછી પાછું સુમધુર સંગીત ચાલ્યું, અને સબ્જેક્ટ કમિટી નીમાઈ. એ કમિટીએ તે જ રાત્રે ત્યાર પછીના બે દિવસોના ઠરાવો અને પ્રોગ્રામ ( કાર્યક્રમ ) નક્કી કર્યો, એવા નિર્ણય પછી કુળદેવીના જયઘોષ વચ્ચે સભા વિસર્જન થઇ.

**कार्यकारिणी कमिटी**:—રાત્રે તેત્રીસ સંસ્કારી સભ્યોની સબ્જેક્ટ કમિટી મળી. તેમાં પરિષદ્‌ના નિયમો, ઉદ્દેશો, અને બંધારણ તથા ધારાધોરણ નક્કી થયા પછી રજુ કરવાના આવશ્યક ઠરાવો ચર્ચાયા. મેં સૂચના કરી કે આપણો મૂળ હેતુ પીરાણા સતપંથ અને આગેવાનોના અધર્મ તેમજ જુલ્મનો તીવ્ર વિરોધ કરવાનો છે. એ મહા પાપો અને ત્રાસદાયક સ્વચ્છંદી સત્તાઓનો દોર આપણે જડમૂળથી નાબૂદ ન કરી શકીએ, તો આ હજારો ભાઇઓનો પ્રયાસ, તેમનો અમૂલ્ય સમય, પૈસા અને બુદ્ધિનો આપણે અપવ્યયજ કર્યો કહેવાય. એ પાપો અને જુલ્મોથી આપણે ડરતા રહીએ ત્યાંસુધી જ્ઞાતિનું કંઇ પણ શાશ્વત કલ્યાણ આવી સેંકડો પરિષદો ભરવાથી પણ થવાનો નથી. માટે સતપંથ અને આગેવાનોના અધર્મ—અન્યાય વિરૂદ્ધના ઠરાવો શરૂવાતમાંજ મૂકાવા જોઇએ, તેમજ પ્રતિજ્ઞા પત્રક પર સહી કરનારનેજ આ પરિષદમાં બોલવાનો અધિકાર રહેવો જોઇએ, જેથી સમય ફોકટ ન જાય. અને પરિષદ્‌નો હેતુ સર્વથા સફલ થાય. એ વિચાર સર્વાનુમતે નિશ્ચિત થયો. અને ત્યાર પછી વિષયવાર ઠરાવોની યોજના કરીને સબ્જેક્ટ કમિટી મોડી રાતે વિખેરાઇ;—પાછળથી મ્હારા જાણવામાં આવ્યું કે, મુખ્ય બન્ને ઠરાવોના સંબંધમાં આ પ્રકારની સુંદર વ્યવસ્થા કરવા છતાં, કેટલાક બહાદૂર ભાઇઓ એજ રાત્રે એક બીજા બંગલામાં એક આગેવાન ભાઈને ત્યાં છૂપા ભરાઇને પરસ્પર મસલત કરીને એ બન્ને ઠરાવ સામે ગમે તેટલું જોર પકડે, તો પણ પરિષદ વખતે શુદ્ધિનાં કાર્યમાં ભાગ નહિજ લેવાનાં એક બીજાને વચનો આપી અધમ પીરાણા સતપંથની જાળમાં પોતાની

નબળાઇને યોગે હજુ પણ જડાઈ રહેવાને તેઓ આતુર બન્યા ! આપણુ ખરેખર કલિકાલનીજ બલિહારી ગણાય ! વધારે અફસોસનું કારણુ તો એ હતું, કે પરિષદના સ્તમ્ભ રૂપે આગળ મહત્વનું કામ કરી ગયેલા, તેમજ હાલ સુધી કરી રહેલા, ભાઇઓમાંના થોડા ભાઇઓ પણ આ બહાદુરીથી પાછા ષડયંત્રમાં, બ્હીકણુ વર્ગની સાથેજ મળી જઇને હૃદયની ભીરૂતાનાં તંત્રો ચલાવી રહ્યા હતા; પરંતુ જ્યારે છેલ્લા બે દહાડામાં રસાકસીનો ખરો પ્રસંગ આવી પહોંચ્યો, અને સમયદેવતાએ જાગૃતિની નોબત વગાડવા માંડી, તેમજ ગુજરાતની જ્ઞાની અને પ્રસિદ્ધ વક્તાઓની વીરહાક જાગી રહી અને અમારી જ્ઞાતિના વીર સંતાનો ઉકળતાં લોહીનાં આંસુએ પોતાની અધોગતિનું તાદસ્ય શાબ્દિક ચિત્ર સાંભળતા ચીરાતે ચિત્તે અને ભીની આંખે રડી રહ્યા હતા; ત્યારે એ ઉકળતા ઉન્હાં આંસુઓનાં પ્રબળ પૂરથી, પીરાણા સતપંથનું કાળું કલંક ધોઈ નાંખનારી કલાબાજ કુદરતે એ ખરી કસોટીને વખતેજ કુદકો મારીને, ઉપર જણાવેલા ષડયંત્રના તંત્રીઓનાં વચનો તેમજ નિશ્ચયોની બાંધેલી આડને કૂદાવી જઇ એ વચનો અર્પનારાં હૃદયોનેજ પાછાં બળવાન બનાવી દીધાં ! અને એ વચનો લેનારા–દેનારાં હૃદયોનેજ પીરાણાનાં પાપનો એકદમ પરિત્યાગ કરી, શુદ્ધિ–પ્રાયશ્ચિત તરતજ સ્વીકારવાની નવી પ્રતિજ્ઞામાં ચાહોમ ઝંપલાવતા નરવીર બનાવી દીધા ! એ વિચિત્ર પ્રસંગોનાં સ્મરણુ માત્રથી મ્હારૂં હૃદય હર્ષઘેલું બનીને આજ સુધી આનંદથી ઉછળી રહ્યું છે.

એ પ્રસંગ અચાનક અણુધાર્યો ઇશ્વરકૃપા વડેજ ઉપસ્થિત થયો હતો. ઉપર જણાવ્યા પ્રમાણે આ વખતની બેઠક તો માત્ર શબ્દો વડે નહીં, પણુ પ્રત્યક્ષ કાર્ય વડેજ જવાબ આપે, એવા મ્હારા ઉંડા ઉંડા અભિલાષ અને મનોરથ હતા, પરંતુ બીજા દિવસની બેઠકમાં કરેલી યોજના મુજબ પીરાણા સતપંથ નિષેધનો ઠરાવ, અનેક વિદ્વાન્ વક્તાઓએ પોતાની વીર–કરૂણરસથી છલકાતી, જોરદાર છટાદાર વાણીમાં રજૂ કરી, અનેક યુક્તિ–પ્રયુક્તિથી જૂદી જૂદી દિશા પકડીને છલકાતા રસ તેમજ ભાવનાઓ સહિત આખો દિવસ એજ વિષય ખૂબ ચર્ચો હતો, છતાં પણુ પરિણામ મ્હારા ધાર્યા પ્રમાણેનું ન આવ્યું. મારા જ્ઞાતિભાઇઓ એ ભાષણો રસથી સાંભળી રહ્યા હતા, પણુ તેનો કાર્યથી જવાબ આપવાને કોઇ તૈયાર થતો ન્હોતો–હું હતાશ થયો. મ્હારી આશા–અભિલાષાના મહેલ અદ્ધર હવામાંજ ઉડી ગયા. પાપી પીરાણાપંથનું કાળું કલંક પરિષદ્ દેવીનાં પ્રેમ પાણીથી અને ' વિદ્વાનોની વિશુદ્ધ વાણીથી સદાને માટે ધોવાઇ જાય, એવી ઇચ્છા તેમજ ભાવનાને પોષનારૂં મ્હારૂં હૃદય, એક પણુ પ્રતિજ્ઞા લેનારા વીરનરની વીરહાકને અભાવે, કેવી દુઃખરૂપ દશા ભોગવતું હશે, તેની એક પરમાત્માનેજ ખબર છે. બીજે દિવસ તો એ ભાષણોની

ઘડામારીમાંજ પસાર થયો અને રાત્રે મ્હારા અંગત મિત્રોએ પણ મ્હને આ-શ્વાસન આપ્યું, કે હજી ત્રીજો દિવસ બાકી છે. ત્યાંસુધી નિરાશ થવાનું કંઇ કારણ નથી. મેં પણ પ્રભુની ઇચ્છાને માન આપી, પોતાનું કર્ત્તવ્ય શુદ્ધ હૃદયથી કરી બતાવતાં, પરિણામનો વિચાર પરમાત્માના ઈશ્વરી અગમ્ય સંકેત ઉપરજ મૂકી દેવાનો ધર્મ, સ્વીકારીને મેં મારૂં મન વાળ્યું હતું. ત્રીજા દિવસે અન્યાયી આગેવાનોના જુલ્મનો વિરોધ દર્શાવનારો ઠરાવ રજુ થયો. તેના પર જોરદાર વ્યાખ્યાનો થયાં અને તે સર્વાનુમતે પસાર થયો. એથી મારા ભોળા ભાઇઓ-નાં મન મજબૂત અને નીડર બન્યાં. પરંતુ પીરાણાનું ઝેર ઓકાવનારી પ્રાણ-વન્તી પ્રતિજ્ઞાઓ કયાં ! તેમનાં તો હજુ દર્શન થતાંજ ન્હોતાં ! અને પીરાણાને માટે આકરી પ્રતિજ્ઞાઓ ન લેવાય ત્યાંસુધી બધો ખર્ચ અને પરિશ્રમ મ્હારી દૃષ્ટિએ તો વ્યર્થજ હતો. એ મહાપાપનો જ્યાંસુધી સર્વથા અમારા ભાઇ-ઓમાંથી બહિષ્કાર ન થાય, ત્યાંસુધી બીજા બધા સામાજિક સુધારાઓ અને જ્ઞાતિ સેવાના સુપ્રયાસો, તે પાયા વગરની ઇમારત જેવા નિષ્ફલજ હતા. પરજ્ઞાતિના પંડિતો અને વિદ્વાનોને પણ મારો હેતુ સમજાવી મેં આગળથીજ અરજ કરી હતી કે, એ મુખ્ય મુદ્દો પાર ન પડે, ત્યાં સુધી, પરિષદનું ખરૂં અને અગત્યનું કામ થયેલું નહીંજ ગણાય, એથી પરિષદ્‌ના વકતાઓ પોતાનાં ગમે તે ઠરાવ ઉપરનાં ભાષણમાં ખાસ મુખ્ય બાબત ઉપર બહુજ ભાર મૂકી, શ્રોતાઓનાં હૃદયમાં પીરાણા—સતપંથ વિરૂદ્ધ ઉંડી અસર થાય, એવાં છટાદાર વિવેચનો કરતા હતા. આગેવાનોના જુલ્મનો નિષેધ કર્યા પછી, મૃત્યુભોજન નિષેધ, સ્ત્રી કેળવણી જેવા સામાન્ય ઠરાવો ચર્ચાયા હતા, અને તેમાં પણ પ્રસંગોપાત પીરાણા—સતપંથને ભોગે એવી દુષ્ટ રૂઢિઓને મળતાં ઉત્તેજનની બારીક બાબતો ચર્ચાઇ રહી હતી, ત્યારબાદ બાળલગ્નના હાનીકારક રિવાજ ઉપર કેટલાક સમર્થ વકતાઓનાં છટાદાર વ્યાખ્યાનો થયાં અને એજ ઠરાવ ચાલતો હતો, તેના પર ડૉ. ખેડકરનાં ગ્રેજ્યુએટ પત્ની અ. સૌ. ગંગાબ્હેન ખેડકર પોતાનું રસમય વિવેચન કરી રહ્યા બાદ, મ્હારા સન્મિત્ર લુહાણા ગૃહસ્થ ભાઇશ્રી "વસંત" (વસનજી દયાળજી ગણાત્રાએ) પોતાનાં હૃદયવેધક માર્મિક વ્યાખ્યાનમાં વૈદિક લગ્નનું બંધારણ અને તેના પવિત્ર નિયમો સ્હમજાવી, પીરાણા સતપંથમાં વટલેલા સુમનાઓની દશા ભોગવનારાને વેદનો અધિકારજ નથી, તેમ વેદો માન્ય પણ નથી; એવા ધર્મકર્મ ભ્રષ્ટ ભાઇઓ આગળ શુદ્ધ લગ્ન કે વૈદિક વિવાહ વિધિ માટે શું બોલવું ! એ સાંભળવાનો અધિકાર પણ ગુમાવી દેનારા, પતિત બનેલા ક્ષત્રિઓમાં એ લગ્નની પવિત્ર ભાવના ક્યાંથીજ સંભવે ! એ તથા આજે એ વૈદિક લગ્નની ઉચ્ચ ભાવનાં વડે અખિલ રાષ્ટ્ર સાથે પોતાની આત્માની એકતા સધાવનારા પવિત્ર આર્યોના દેવભાવને તેમણે એવી સુંદર રસીક અને

જોરદાર ભાષામાં ચિતરી બતાવ્યો, કે તેની શ્રોતાઓમાં બહુજ ઉંડી અસર થઇ. પછી એ લગ્નોની પવિત્રતા જાળવવા માટે પીરાણા સતપંથનો બન્ને લોક બગાડનારો પાખંડી પંથ દૂર કરવાની દાખલા દ્રષ્ટાંતો સહિત દલીલો રજુ કરનારી તેમની શબ્દે શબ્દે હૃદયમાં જવાલા જગાડનારી વીરવાણી, સભાજનોનાં ચેતનને એવાં વિશુદ્ધ વાતાવરણમાં ખેંચી ગઈ કે, અમારા સઘળા ભોળા જ્ઞાતિભાઇઓનાં ભાવભર્યાં હૃદય એ સાંભળીને આખરે ઉથલીજ પડયાં. અને એજ વખતે ચાલતાં ભાષણની વચ્ચે, ભાઇ વાલજી વસ્તા વીથોણાવાળાએ આંસુભીની આંખે, સભામંડપમાં તરત ઉભા થઇને, પાઘડી ઉતારી પ્રતિજ્ઞા કરી કે,—" દેહશુદ્ધિ–પ્રાયશ્ચિત્ત લઇ, મારી જાતને પાવન કરી, વેદધર્મનો અંગીકાર કર્યા પછીજ હું મારે માથે આ પાઘડી પહેરીશ." એ શુદ્ધ હૃદયની મર્મભેદી પ્રતિજ્ઞાના સાદા પવિત્ર શબ્દોએ, જ્ઞાતિભાઇઓનાં હૃદયમંદિરનાં દ્વારો એકદમ ખુલ્લાં કરી દીધાં ! પ્રિય ભાઇશ્રી વસંત તથા પૂજ્ય પંડિત કાર્ત્તાંતિકે એજ વખતે પ્રતિજ્ઞાઓ કરી જણાવ્યું કે,–" એ પાપીપંથ છોડતાં તમને જો મુશ્કેલીઓ નડશે, અને અમારી સેવાની કંઇ તમને જરૂર જણાશે, તો સ્વધર્મની રક્ષા માટે, તમારી સેવામાં તન–મન–ધન પૂર્વક અમે અમારી જાત ખપાવી દેવાને પણ સર્વદા તૈયાર છીએ, અને એમાં જ અમારાં જીવનની અમે સફળતા સમજીએ છીએ. ખરા ક્ષત્રીઓ તો ધર્મનાં રક્ષણમાં પ્રાણના ભોગે પણ કદિ ડગતા કે પાછા હઠતા નથી. વ્હાલાઓ તમે ક્ષત્રીઓ પણ આ વખતે નિડરતાથી પ્રતિજ્ઞાઓ સ્વીકારીને તમારૂં પાણી રાખો. ભય, શંકા અને સંકોચ છોડી દો. સારાં અને મહાન્ કાર્યો, આ જગતમાં દઢતા અને હિંમતથી જ થયાં છે. આટલા બધા ભાઈઓના સંપ આગળ પેલા પોકળ પીરાણાની શી વિસાત છે ? જાગો, ઉઠો અને તમારી ઉન્નતિની આડે, કાળી દિવાલોની પેઠે ઉભેલા, એ પીરાણાના પાપને નાબુદ કરો. પરમાત્મા તમારા પવિત્ર પક્ષમાં છે, જરૂર તમારો વિજયજ થશે." આ પ્રમાણે પ્રેમભર્યો આગ્રહથી તરત જ પ્રતિજ્ઞાઓ લેવાને, અને નબળાઇ કે આનાકાની છોડી દઇ, સત્યના પવિત્ર માર્ગમાં સામેલ થવાને, પોતાની પ્રેમભીની જોરદાર વાણીથી સૌભાઈઓને તેમણે ઉત્તેજીત કર્યા. સભાજનોનાં અંતઃકરણ એ વેધક વચનોથી છેકજ પીગળી ગયાં, અને એજ વખતે તેમને વિશેષ ઉત્સાહથી પાણી ચડાવવાને, પંડિત કાર્તાંતિકે પાછા ઉભા થઈને સભામાં એકઠા મળેલા સઘળા પાટીદાર ક્ષત્રીવીરો પાસેથી, એક બ્રાહ્મણ તરીકે પોતાનો સ્વધર્મ સ્વીકારની ભિક્ષા માંગી, અને એ પાપી પંથનો એક પળવારની પણ ઢીલ વગર, તરતજ પરિત્યાગ કરી દેવાની, આગ્રહસહિત ભલામણ કરી. વસંતભાઇના ભાષણમાં તીવ્ર વિચારો અને દ્રષ્ટાંતોનું જોશ પર જોશ ચઢતું જ રહ્યું. તેમ તેમ વક્તા અને શ્રોતા બન્ને પક્ષોનું લોહી ઉછળવા લાગ્યું, સભાનો આત્મા પવિત્ર ધર્મભાવનામાં ગળીને એકરૂપ થયો, અને સાગર જેવી અમારી જ્ઞાતિ-

સિંધ પ્રદેશમાં જ્ઞાતિહીતની ચળવળ કરનાર વીરબંધુ



સ્વ. પટેલ નાનજી વિશ્રામ નાકરાણી.

ગામ નેત્રાવાળા (કચ્છ)

Lakshmi Art, Bombay 8.

ચજાતિમાં હૃદયસ્પર્શી લાગણીઓનાં મોજાં ઉછળવાં લાગ્યાં ! આગળથી ધારી રાખેલો સમય આવી પહોંચ્યો. લાંબા સમયની આશાઓ સફલ થવા લાગી. અને મારા વીર બંધુઓ રડતી આંખોએ, એક પછી એક ઉભા થઈને, પાવન થવાની પ્રતિજ્ઞાઓ લેવા મંડ્યા. તેમનાં ભોળાં અને પોચાં હૃદયમાંથી જમાનાઓ થયાં ગુંથાઈ ગયેલી વિધર્મી પીરાણાની ગાંઠો તડોતડ તૂટી જવા લાગી. પૂર્વજોની પ્રતિભા એકાએક જાગી ઉઠી. પ્રતાપી રામચંદ્રનાં પવિત્ર વંશજો, એ વીર વડીલોનાં પરાક્રમોને યાદ કરીને, ભય અને સંકોચને વીરતાથી તિલાંજલિ આપવા લાગ્યા, અને પવિત્ર વિચારોના પ્રવાહમાં ડૂબકાં ખાતું, પીરાણાનું પાપ એ વખતે વિનાશની રેલમાંજ તણાઇ જવા લાગ્યું.

**युवकमंडल तथा आगेवानोनी प्रतिज्ञाओः**—એ જ અરસામાં ભાઈ ખીમજી શિવજી મંગવાણાવાળાએ, સહકુટુંબ પ્રાયશ્ચિત લેવાની પ્રતિજ્ઞા કરી. ભાઈ વિશ્રામ પાંચા ગાંગાણીએ એ જ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. ભાઇ રતનસી શિવજી નાકરાણી, તે 'પાટીદાર ઉદય'ના વિદ્વાન તંત્રીએ પણ એ જ વખતે પોતાના નિખાલસ હૃદયનો એ સભામાં ઉત્તમ પરિચય આપ્યો. તેમણે તો સહકુટુંબ દેહશુદ્ધિ–પ્રાયશ્ચિતની નિડરતાથી પ્રતિજ્ઞા સ્વીકારી લીધી પણ શુદ્ધ અંતઃકરણથી એ જ વખતે જણાવ્યું કે " ઘણા ભાઈઓને હું આજ સુધી રોકી રહ્યો છું, તેઓ સર્વને હું આજે સપ્રેમ વિનંતી કરૂં છું કે,—તેમણે પણ પ્રતિજ્ઞાઓ લઈને એ પાપી–પંથનો આજથી સર્વદા ત્યાગ કરવો. તેમને રોકવાનાં પાપનો ભાર મ્હારે પોતાને જ શિર છે. તેની ક્ષમા માગું છું." એમ જણાવીને તેમણે ઉદાર દિલથી તે માટે માફી માંગી આવા શુદ્ધ હૃદયના પાટીદારો જો મનથી નિશ્ચય કરે તો આ જગત્માં શું ન કરી શકે ? ત્યારબાદ ભાઇશ્રી લાલજી સોમજી રવાપરવાળાએ પ્રતિજ્ઞા કરી કે,—" અમે બન્ને ભાઈઓ સહકુટુંબ પ્રાયશ્ચિત કરાવી, પવિત્ર વેદધર્મનો સ્વીકાર કરીશું "—એ સાથે ભાઇ રામજી સોમજી, લાલજી મેઘજી, હીરજી ખેમજી, વાલજી લખુ વિગેરે અનેક ભાઇઓ, એક પછી એક ઉભા થઇને પ્રતિજ્ઞાઓ લેઇ રહ્યા જ હતા, એટલામાં વચ્ચે જ પહેલી પરિષદના પ્રમુખ રાજાભાઇ રામજી ધોળુ એકાએક ઉભા થયા. તેમણે જણાવ્યું કે—" મારી સાથે ઘણા મારા સ્નેહીઓ છે, તેમની સાથે હું પ્રાયશ્ચિત ને શુદ્ધિ સ્વીકારી લેવાનો છું; પણ હાલ દેશના આગેવાનો સાથે મારે મસલત ચાલી રહી છે. તેમને પણ આ પવિત્ર કાર્યમાં મ્હારી સાથે જોડવાની મ્હારી ઇચ્છા છે.—જેથી હું છ મહિના જેટલી મુદ્દત માગું છું." આ બાબતની તેમણે પરિષદના વિદ્વાન વક્તાઓ તેમજ પંડિતોની રૂબરૂ પ્રતિજ્ઞા લીધા પછી, બીજા પણ જે જે ભાઇઓ બાકી રહ્યા હતા, તેમણે એક પછી એક પ્રતિજ્ઞાઓ લેવા માંડી. એવા એકસોથી વધારે બંધુઓએ ત્યાં જ પ્રતિજ્ઞાઓ લઈને, સભાજનોને અપૂર્વ આનંદ

ઉપજાવ્યો. તેમજ પરિષદનું સંમેલન, માત્ર પોકળ શબ્દો વડે નહીં, પરંતુ પ્રત્યક્ષ દિવ્યકાર્ય વડે ઉજવી બતાવ્યું. આવી રીતે પરિષદના પવિત્ર હેતુને સફલ કરી, સાથે સાથે મ્હારી જીંદગીની સ્નેહની સેવાને પણ સફલતાને માર્ગે આગળ વધારી, એ પવિત્ર હૃદયના ભોળા પણ ભલા ભાઇઓએ, મ્હારાપર અનંત ઉપકારો કર્યાં છે; જેનો બદલો મ્હારા આ રંક જીવનમાં જ હું વાળી શકીશ કે કેમ તેની મારા હૃદયને તો શંકા છે. પણ પરમાત્મા જરૂર તેનો બદલો આપશે.

એ બધા ભાઇઓનો ઉપકાર માની ત્રીજી બેઠકના પ્રેમમૂર્ત્તિ ઉદારચિત્ પ્રમુખ ભાઈશ્રી ચંદુલાલ દેશાઇનો તેમજ મ્હારા સહકારી સાક્ષરમિત્ર સ્વ. ભાઇ મગનલાલનો ઉપકાર તો સર્વથી શ્રેષ્ટ સ્થાને કનકકળશરૂપે દીપી રહ્યો છે. એ બન્ને ભાઇઓએ અથાક પરિશ્રમ વેઠીને, તેમજ મ્હોટા ભોગો આપીને, મ્હારાં સેવા કાર્યને ઘણું સરલ કરી આપ્યું છે.

તેમનો હું જરૂર હૃદયથી આભાર માનું છું. એ ઉપરાંત અમારા પરમ સ્નેહી અને મહાન્ પરોપકારી લેઉવા પાટીદાર જ્ઞાતિના ઉદાર ગૃહસ્થ, ધર્મવીર, દાનેશ્વરી ભાઇશ્રી તુલસીદાસ વલ્લભદાસ ધરમજવાળા, અમારી સંસ્થાના એક તટસ્થ અને નિસ્પૃહી સંબંધી હોવા છતાં, તેમણે પણ મ્હોટી આર્થિક મદદ કરીને, અમારાં એ સત્કાર્યને સફલ કરવામાં જે મુંગી મહાન્ સાત્વિક સહાય્ય કરેલી છે, તેમનો આભાર તો મ્હારૂં દીન હૃદય મુંગી પ્રાર્થનાથીજ અત્યારે પણ માની રહ્યું છે. એ નિરભિમાની, દાનવીર હૃદયના અનંત ઉપકારો, મ્હારાં શરીરના રોમેરોમમાં વ્યાપી રહ્યા છે. પરમાત્મા તેમનું સર્વદા કલ્યાણ કરો અને દીર્ઘાયુ ભોગવી, એ ભાઈ નિરંતર આવાં પરમાર્થનાં પવિત્ર કાર્યો કરતાજ રહો. એજ મારાં અંતરની ઉંડી ઇચ્છા અને યાચના છે.

છેવટે પરજ્ઞાતિના હોવા છતાં મ્હારા હિતચિન્તક પરમ સ્નેહી ધર્મવીર પંડિત શ્રીકૃષ્ણ મોહનજી કાર્ત્તાતિક તેમજ મ્હારા હૃદયબંધુ ક્ષત્રિયવીર સાક્ષર ભાઈ વસંત, પોતાનાં શુદ્ધ હૃદયની સાત્વિક સેવા તેમજ હૃદયભેદક વીરવાણીથી મ્હારાં પરિષદના અને જ્ઞાતિહિતના કાર્યને જે કિંમતી મદદ કરી રહ્યા છે; તેમની પણ મ્હારે જરૂર અહિં સાભાર નોંધ લેવીજ જોઇએ. કેમકે જે જે ગુંચવાડાઓ અને મુશ્કેલીઓ, એ પરિષદના પવિત્ર કાર્ય પ્રસંગે. ઉપસ્થિત થયાં હતાં, એ બધી ઘૂંચો ઉકેલવામાં અને પરિષદ દેવીના સ્તંભિત થતા રથને સફલતાને માર્ગે આગળ ધકેલી સંપૂર્ણ વિજય અપાવવામાં એ બન્ને વીર પુરૂષોએ ખરેખર ઘણી ઉમદા સેવા બજાવી, મ્હારી પુણ્ય પ્રવૃત્તિને અનુપમ ઓપ ચ્હડાવી દીધો છે, અને અમારી ક્ષત્રીય જાતિની વિજયપતાકા ફરકાવી તેમણે રંગ રાખ્યો છે. જેને માટે અમારી પાટીદાર જ્ઞાતિ હમ્મેશને માટે તેમની રૂણી જ રહેશે.

આ પ્રમાણે અનેક સહાયકોના આશ્રયથી પરમકૃપાળુ પરમાત્માની દયા-દૃષ્ટિ વડે આશરે સોએક શુદ્ધિની પ્રતિજ્ઞા સ્વીકારનારા સ્વજનોનાં અમૂલ્ય પ્રોત્સાહન વચ્ચે પોતાની સાત્વિક સફલતાથી પ્રસન્ન થયેલી પવિત્ર પરિષદ્દેવી, પરમકૃપાળુ ઉમયામાતાજીની સહાયથી સ્વધર્મ-સાફલ્યનાં તીર્થક્ષેત્રમાં હાસ્યવિલાસ કરતી, પૂર્ણપ્રેમોલ્લાસપૂર્વક પરિ-સમાપ્ત થઈ. જાહેર વર્તમાનપત્રોએ અમારાં જ્ઞાતિસેવાનાં રંકકાર્યની ઘણાં ઉદાર હૃદયથી મુક્તકંઠે પ્રશંસા કરી, તેમાં પણ સુધારાના પક્ષપાતી સાંજ વર્ત્તમાને તો લાંબા કોલમના કોલમ લખી અમારી સાચા દિલની સેવાની ઘણી સારી પિછાણ કરીને અમને આભારી બનાવ્યા.

**પરિષદ્-યશરેખા**:—તૃતીય પરિષદ્નું કાર્ય પરિપૂર્ણ થયા પછી, નીયમા-નુસાર પ્રતિજ્ઞા કરનારા ભાઈઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતથી પાવન થઇને પોતાનાં પવિત્ર વચનો સપ્રેમ પાળી બતાવ્યાં છે, અને તેઓ સૌને મ્હારા શુદ્ધહૃદયનો ધન્યવાદ ઘટે છે.

એ ઉપરાંત દેશદેશાન્તરમાં પરિષદ્ના કાર્યક્રમની યથાસ્થિત જેમ જેમ જાણ થતી ગઇ, તેમ તેમ કચ્છ કરાંચી, સિંધ, મુંબઇ ઇલાકાના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ધંધાર્થે વસતા મ્હારા જાતિભાઇઓ પીરાણા સતપંથની પ્રપંચજાળ-માંથી છૂટા થઇને, વેદધર્મના પતિતપાવન પંથે વળવા લાગ્યા છે, અને મને આશા છે કે, ભાવી પરિષદ્નો પ્રસંગ પ્રાપ્ત થાય, ત્યાં સુધીમાં અમારી જ્ઞાતિને કપાળે ચોંટેલું એ ભ્રષ્ટપંથનું કલંક સમૂળું ધોવાઇજ જશે. અને અમારી આદિ-અનાદિ પવિત્રક્ષત્રિય જાતિનાં વીરસંતાનો, પોતાના આગલા પૂર્વજોને પગલે ચાલી, પવિત્ર ૠષિમુનીઓએ સ્થાપેલા શુદ્ધ સનાતન વૈદિક ધર્મનાં કલ્પતરૂની શીતળ છાયામાં, પોતાની આગલી જાહોજલાલી અને સત્કીર્તિ સંપાદન કરી, વીર ક્ષત્રિયોને છાજે એવાં આદર્શજીવનનો આ ભગવત્ પ્રિય ભારતભૂમિમાં દિવ્યપ્રકાશ પાથરી, પોતાના ઉત્તમ જન્મને સફળ કરશે, અને મ્હારા જેવા રંક સેવકની શુદ્ધ સેવાને પણ સર્વથા ચરિતાર્થ કરવામાં સાચા સહાયક થશે. પરમકૃપાળુ પરમાત્માને પુનિત ચરણે મ્હારી એ જ ઇચ્છા અને એ જ યાચના છે, તે ઇષ્ટકૃપાએ પરિપૂર્ણ થાઓ.

**ઉપસંહાર**:—ધાર્મિક ક્ષેત્રમાં, અને અમારી જ્ઞાતિના ઉદ્ધાર કાર્યમાં, દૈવયોગે પ્રાપ્ત થયેલી ફરજને સ્વીકારી પીરાણા-સતપંથ સ્હામે હથિયારો ઉઠા-વ્યાં, ત્યારથી આજસુધીમાં બનેલા મુખ્ય મુખ્ય પ્રસંગો અને મ્હારી કસોટી-ઓની આ ટુંકી નોંધ મ્હારા ધાર્યા કરતાં વિશેષ લંબાઇ ગઈ છે, પણ તેમને ટુંકાવી ટુંકાવી, માત્ર મુદ્દાસર અગત્યની બાબતોનો જ ઉલ્લેખ કર્યા વિના આ વિષયમાં પૂરતું અજવાળું નહીં જ પડે, એમ મારાં હૃદયને લાગવાથી અહીં

સુધી એ અનુભવ ચિત્રને હું નિરૂપાયે ખેંચી આવ્યો છું, તેમજ તેના તરફ ઉદારતા અને પિછાણની મીઠી નજરે નિહાળી, ધીરજ તથા શાંતિથી આ બધી હકીકતો ધ્યાનપૂર્વક વાંચી જવા માટે વાચકવર્ગનો આભાર જાહેર કરી હું આ ગ્રંથના મૂળ વિષય તરફ વળું, તે પહેલાં ઉપસંહારના બે આવશ્યક શબ્દો આંકવાની ઇચ્છાને હું રોકી શકતો નથી.

આજથી આશરે વીશ વર્ષો અગાઉ જ્યારે મ્હેં આ પ્રવૃત્તિનો આરંભ કર્યો, એ સમયની અને આજની પરિસ્થિતિમાં જમીન–આસમાનનું અંતર આવી રહ્યું છે. તે દહાડે જાહેરમાં પીરાણા સતપંથનું નામ દેવાની પણ અમારો કોઈ જાતિભાઇ હિમ્મત કરી શકતો ન્હોતો. ગુમાની ગઢેરાઓની જાલીમ છળનીતિ અને આપખુદ સત્તા સ્હામે કોઇ આંખ ઉંચી કરી અવાજ ઉઠાવી શકતું ન્હોતું કે આંગળી પણ ચીંધી શકતું ન્હોતું. એવા ભય અને અંકુશની વજ્રસોટી નીચે અમારી ત્રીસહજાર ક્ષત્રીઓની વીરજાતિ છેક જ કચડાઇને ગુલામ બની રહી હતી અને આજે ? આજે તો દેશવિદેશમાં એ પાપીપંથનો પરિત્યાગ કરવાની અને ગઢેરાઓને કાન પકડી દૂર કરવાની ધમધમાટ ભરી જોરદાર ચળવળ ચાલી રહી છે. પીરાણાનો કિલ્લો એ ધમાલથી ખળભળી ઉઠયો છે. કાકા તેમ જ સૈયદો સુધારકોની સાત્વિક સત્તા અને સત્યનાં જોશને બરાબર સ્હમજી ગયા છે–જતે દહાડે પોતાનાં પોગળ ફૂટી જશે અને આ ખીચડીયા અર્ધદગ્ધ સતપંથનો, કરૂણારસિક છેડો જરૂર થોડા જ સમયમાં આવી જશે, એવું તેઓ સુદામ જાણી ચૂકયા છે. છતાંય શું સૈયદો કે શું કાકાઓ, શું મુખીઓ કે શું ગઢેરાઓ–અને તે બધાની સાથે તેમના આપમતલબી લાલચુ ખુશામતીયા ઢોલ પીટનારાઓ, જો હજુ સુધી એ પાપના કિલ્લાને મડાંગાંઠ વાળી વળગી રહ્યા હોય, તો તેમાં તેમનો નહીં, પણ સમય અને સ્વાર્થનો જ દોષ છે. તેમની રજકરોટલી, તેમનો જીવન વ્યવહાર, તેમની આજીવિકા અને આશાઓનો આધાર એ કિલ્લાની કઠોર કાંકરીઓ સાથે જ ગુંથાઈ રહેલો છે–સતપંથ વગર તેમનું જીવન નથી–સતપંથ વગર તેમને માટે બીજો કોઈ આશ્રય કે માર્ગ નથી, એટલે તેઓ તો પોતાનું સંપૂર્ણ બળ વાપરી, બનતા ઉપાયો લઇને, આ કિલ્લાના રક્ષણ માટે તનતોડ પરિશ્રમ ઉઠાવે તેમાં કંઇ નવાઈ નથી. પરંતુ સુધારાની પ્રબલ સેના સામે એ તૂટી ફૂટીને ખડખડી ગયેલો પૂરાણો કિલ્લો કેટલો વખત ટક્કર ઝીલશે ?–અને મને જ્યારે જણાયું કે, એ કિલ્લાનાં જમાનાથી જડ ઘાલી બેઠેલાં ઉંડાં મૂળીયાં ઉખેડી નાંખવાને ખાસ ઇતિહાસિક પ્રમાણોવાળાં મહાન્ પ્રકાશની જ હવે ખરેખરી જરૂર છે, જનતા એ પંથના છૂપા ભેદો અને પાપ–પ્રપંચો જાણવાને આતુર બની રહી છે, સત્યના સૈનિકોને પોતાના ચળવળી રહેલા હાથમાં;

કોઇ એવું તીવ્ર હથિયાર જોઈએ છીએ કે, જેનો પીરાણાનો પૃષ્ટ પોષકો કંઈ જવાબ જ ન આપી શકે, તેમ જ એ પંથની અંધશ્રદ્ધાને ઇતિરડીની પેઠે ચોંટી બેઠેલા ભોળા લોકોની આંખોમાં પણ સત્યનાં તેજ આંજવાની હવે જ્યારે ખાસ જરૂર છે, ત્યારે એ બધા અર્થો એક સાથે સારે, એવો આ "પીરાણા પોગળ પ્રકાશ" નો બ્રહ્માંડ–ભેદી ગોળો તૈયાર કરવામાં જ મ્હેં મારૂં સઘળું બળ ખપાવી દીધું છે, અને પૈસા, બુદ્ધિ, પરિશ્રમ, ખંત અને અડગ હિમ્મત જેટલું જે કંઇ કરી શકે, તેટલું બધું કરી–સંગ્રહીને આ હજારો ગ્રન્થોનું તત્ત્વ માત્ર એક જ ગ્રંથરૂપે સર્વ કોઈની સેવામાં સાદર હાજર કરી મારી પવિત્ર અડગ ફરજમાંથી મુક્ત થાઉં છું.

આ વિચિત્ર પ્રસંગોની રૂપરેખા પૂરી કરતી વખતે મને એટલું તો જરૂર લાગી આવ્યું છેજ કે, જગતમાં આજનો સંસ્કારી માનવ સમાજ, એક ટાંચણીથી એન્જીન સૂધીના બધા ન્હાના મ્હોટા વિષયોને બહુ બહુ ન્યાય દૃષ્ટિએ ચર્ચી ચૂકયો છે, છતાં પણ અનેક સૈકાઓની ધૂળ–માટી નીચે દટાયેલા પીરાણા સતપંથના પોપડા ઉખેડી, ચુસ્ત સતપંથીઓ, મુખીઓ કે તેમના ખાનાઓના અંધારા ખૂણામાં છુપાયેલા હજારો ગ્રંથોને ચુંથી, એ પંથના પ્રવર્ત્તકોએ સત્ય ઇતિહાસ કે વૃત્તાન્તોને નામે ચીતરેલા હજારો કલ્પિત ચમત્કારો તેમજ પરચાવાળા, પીરો અને સ્થાપકોનાં બનાવટી જીવન ચિત્રોમાંથી હંસની પેઠે નીર–ક્ષીર ન્યાયે સત્યને તારવી, મુદ્દાસર સચોટ પ્રમાણોનાં સાચાં મોતીઓ શોધી કહાડી, એ ગુપ્તવ્યાપી પીરાણા સતપંથનો ખરેખરો વૃત્તાન્ત ઇતિહાસ, કે તેના પ્રપંચ અને છલનીતિનો પૂરેપૂરો પ્રકાશ આજસૂધી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તરફથી બહાર આવેલો નથી. અને એ પૂર્ણ સ્વરૂપમાં બહાર ન આવે, ત્યાં સુધી હિંદુમહાસભા કે આર્ય સમાજના જાહેર કાર્યકર્તાઓને, ધાર્મિક પ્રગતિના ઉત્સાહી ચળવળ કારોને, અમારી તેમજ એ પંથમાં ફસાયેલી અન્ય પણ ઘણી જાતિઓના હિતચિન્તક જ્ઞાતિ સેવકોને, જાહેર વિદ્વાનો, લેખકો અને પત્રકારોને, તેમજ એ બાબતમાં હમણા હમણા હૃદય પૂર્વક રસ લઇ રહેલી જાહેર જનતાને આ વિષયનાં ઉજવલ સત્યો પૂરાં પાડવાની ખાસ જરૂર હતી. મારી પાસે એ સત્યો જાણવાની અનેક દિશામાંથી વારંવાર માંગણી થયા કરે છે, તેના ભેદ ભરમોના કરૂણરસિક વૃત્તાન્તો મ્હારે મ્હોડે સાંભળી તેની સવિસ્તાર હકીકત રજુ કરવાની ઘણા સ્નેહી તેમજ પરિચિત વર્ગ તરફથી સૂચનાઓ થયાં કરે છે, એ સર્વની એક સામટી અનુકૂલતા માટે–આ વિષયનું મ્હારી જાણ પિછાણનું સઘળું સાહિત્ય નિખાલસ દિલથી જનતાને ચરણે હાજર કરવા માટે બીજા યોગ્ય ન્યાય આપનારા ઉત્સાહી સમર્થ સાથીરનાં અભાવે, આકર્મ મ્હારે નબળે

સબળે હાથે મેં જ માથે ઉઠાવવાની ધૃષ્ટતા કરી છે, તેની પરિસ્થિતિ અને મ્હારી શક્તિનો વિચાર કરી ઉદાર જનતા મ્હારી આ શુદ્ધ હૃદયની સ્નેહની સેવા સ્વીકારી લેશે; અને હવે આ હથિયાર હાથમાં આવતાં તેનો સદુપયોગ કરી, પવિત્ર હિંદુજાતિનાં શ્રેયમાં મને સહાયક થશે એવી મ્હારી ઇચ્છા–આશાને પ્રાર્થના છે.

**आभार निदर्शन,**:—હવે અહિં આ રેખા પૂરી કરતી વખતે મ્હારે એક પવિત્ર ફરજ બજાવવાની બાકી રહે છે. અને તે મ્હારાં પરિષદ્ ઉપરાંતનાં જાહેર સેવા કાર્યમાં સીધી કે આડકતરી અમૂલ્ય મદદ કરનારા સ્વધર્માભિમાની સત્પુરૂષો અને સ્વધર્મ સંસ્થાપક સંસ્થાઓનો આભાર માનવાની છે. એ સર્વેએ પણ શુદ્ધ હૃદયથી એજ દિશામાં સાત્વિક પ્રવૃત્તિ કરીને, સ્વધર્મ સેવા માટે, સત્યપ્રયાસો હાથ ધરીને પવિત્ર હિન્દુધર્મના સરળમાર્ગમાં નડતા પીરાણા સતપંથ જેવા કાંટાઓને દૂર કરવા માટે દેશ–કાલ–સ્થિતિને અનુસરતા યથા-શકિત, યથાભકિત પ્રશંસનીય પ્રયાસો આદરેલા છે. એ પાપી પંથની પ્રપંચ-જાળમાં ફસાયેલા મારા જાતિભાઈઓના ઉદ્ધાર માટે મ્હે અમ્હારાં ઉત્સાહી યુવકમંડળ સાથે જેમ વરસોથી બીડું ઝડપ્યું છે, તેવીજ રીતે પરમાત્માની પ્રબલ પ્રેરણાથી પ્રોત્સાહિત થઇને, પોતાના જાતભાઇઓને–સ્વધર્મી બંધુઓને એ કુટિલ પંથના કેદખાનામાંથી છોડાવવા માટે, પોતાનાં તન–મન–ધનના મહાન્ ભોગે ગુજરાતમાં સુરત પાસે ભાઠા, ભાટપુરના રહીશ ધર્માગ્રહી વીર ભાઇઓ શ્રીયુત છીમાભાઇ ભૂલાભાઇ ભગત, મુની હરિભાઈ દેવાભાઇ ભગત અને ભાઇ નારણજી ગોપાળજી માસ્તરે પણ કેટલાંક વરસોથી મહાન્ પરિ[illegible]થી એવીજ પ્રવૃત્તિ હાથ ધરેલી છે, અને એ ચળવળમાં અનેક ભોગો આપીને તેઓ આજસુધી સારી પ્રગતિ કરી રહેલા છે, તેમને પણ આ પ્રસંગે ધન્યવાદ આપી, સંપૂર્ણ સફલતા મળે, ત્યાંસુધી પોતાના પવિત્ર ઉદ્દેશને વળગી રહેવાની સપ્રેમ ભલામણ કરૂં છું. તેમજ અમદાવાદવાળા શ્રીયુત રણછોડભાઇ દલસુખભાઇ ભગત પણ આજે વરસો થયાં એજ દિશામાં શુદ્ધ હૃદયથી પીરાણા–સતપંથ વિરૂદ્ધનું ધર્મસેવાનું પવિત્ર કામ કરી રહ્યા છે, તેમને પણ હું અંતરથી ધન્યવાદ આપી, પ્રભુપ્રીત્યર્થે દેશ અને પ્રજાના કલ્યાણ અર્થે પોતાના પુણ્ય પ્રયાસો ચાલુજ રાખવાની અરજ કરૂં છું. તેમજ મુંબઈ આર્યસમાજે અને તેના મુખ્ય વાજીંત્ર "આર્ય પ્રકાશ" નામક સપ્તાહિક પત્રે આ કાર્યમાં લાંબો સમય થયાં રસ લઇને સંગીન સેવા બજાવેલી છે, તેમજ અખિલ હિન્દની હિન્દુ ધર્મ મહા સભા સ્થપાયા પછી, આજે કેટલોક સમય થયાં તેના કાર્યવાહકો પણ આ દિશામાં ઘણી પ્રશંસાપાત્ર–પ્રવૃત્તિ કરી રહ્યા છે. તેઓ સર્વનો આ સ્થળે શુદ્ધ અંતઃકરણથી હું આભાર નિવેદન કરીને, મારી

સુરત જીલ્લામાં પીરાણા સતપંથની વિરૂદ્ધ ઝુંબેસ ઉઠાવનાર વીર બંધુઓ.



| | | |
|---|---|---|
| શ્રી. છીમાભાઇ ભુલાભાઇ<br>ગામ ભાટપુર | શ્રી. મુખી હરીભાઈ<br>ગામ ભાઠા | શ્રી. નારાણજી માસ્તર<br>ગામ ભાઠા |

Lakshmi Art, Bombay 8.

## પીરાણા સતપંથનો ત્યાગ કરનાર વીરબંધુ



શ્રીયુત રણછોડભાઇ દલસુખભાઇ ભગત

કાછીઆ જ્ઞાતિના સુધારક અમદાવાદવાળા

Lakshmi Art, Bombay 8.

જ્ઞાતિ તેમજ અખિલ હિન્દુજાતિ તરફથી તેમને હાર્દિક ધન્યવાદ આપું છું. તેમજ હજૂ પણ ઘણું બાકી રહેલું કાર્ય કેવું મુસ્કિલ છે, અને તેને માટે કેવા ભગીરથ પ્રયાસોની જરૂર છે, તે મારા અનુભવના પ્રસંગોમાં સવિસ્તર આલેખેલું હોવાથી એ તરફ તેમનું ધ્યાન ખેંચી એ બધી ધર્મોત્સાહી વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને, પોતાની આ દિશાની પૂણ્યપ્રવૃત્તિ વિશેષ જોર–શોરથી ચાલૂ રાખવાની હું આગ્રહ સહિત પ્રાર્થના કરૂં છું. અને મને આશા છે કે, આ સર્વ ધર્મ સેવકોના એકત્ર સંઘબળથી સતત પ્રયાસ ચાલૂ રહેશે. તો પીરાણા સતપંથ જેવા જૂના, જર્જરીત થયેલા ખડખડી ગયેલા પોકળપ્રપંચ દુર્ગને જડમૂળથી નાબૂત કરવાનું કાર્ય બહુ જ સહેલું થઇ પડશે. તેમજ મુંબઇ ઘાટકોપરના લોકપ્રિય પ્રભુપ્રેમી અને યોગમાર્ગ પ્રવાસી પૂર્વાશ્રમના એક ખંતીલા ભાટીયા ક્ષત્રિય જાતિના પ્રતિષ્ઠિત ગૃહસ્થ **શેઠ તુલસીદાસ લક્ષ્મીદાસ** સાંપ્રતમાં **મસ્તબાવાજી**નાં લાડકાં નામથી ઓળખાતા, સ્વધર્માભિમાની, સ્વધર્મસાહિત્ય રસીક, સરલ સ્નેહમૂર્ત્તિ ઉગ્રત્યાગી, **સ્વામીજી તુલસીદાસજી**નો પણ મારે અહિં ખાસ આભાર નિવેદન કરવાનો છે. તેમણે મને પ્રોત્સાહિત કરી, આ વિપરીત દેશકાળમાં પણ નિઃસંકોચે આ ગ્રંથપ્રકાશનું સત્કાર્ય ઉતાવળથી કરી લેવાની પ્રેમાગ્રહ ભરેલી ભલામણ કરીને મારા રંક પ્રયાસને વખાણી મારાં ઢીલાં પોચાં મનને બળવાન બનાવી દેવાની કૃપા કરી છે. એ મહાત્માનું જો મને પ્રોત્સાહન ન મળ્યું હોત, તો આ ગ્રંથ પ્રકાશનનાં કાર્યમાં હજી પણ થોડો વધારે વખત નીકળી જાત; તે માટે એ સત્પુરૂષનાં ઉત્તેજન અને આશીર્વાદને શ્રદ્ધાસહિત સ્વીકારી, તેમનો હું અંતરથી અહિં આભાર માનું છું.

લી.

**પટેલ નારાયણજી રામજીભાઇ** કોન્ટ્રાકટર


ઠે. વીરાણીઃ તાલુકે નખત્રાણા ( કચ્છ ).

# શેઠ તુલશીદાસ વલ્લભદાસ ધરમજવાળા

જે ઉદારચિત પાટીદાર બંધુનો ફોટો આ સાથે મુકવામાં આવ્યો છે તે ભાઇ ગુજરાતમાં આવેલા ધરમજ ગામના વતની છે. એ ભાઇશ્રીનો જન્મ સંવત ૧૯૪૪ ની સાલમાં થયો હતો એટલે હાલમાં તેમની ઉંમર ૩૮ વર્ષની છે. ચરોતરના લેવા પાટીદાર ભાઇઓમાં તેમનું કુટુંબ જેટલું નામાંકિત છે તેટલુંજ જ્ઞાતીહિતના કાર્યો કરવા માટે કડવા પાટીદાર જ્ઞાતિમાં સુપ્રસિદ્ધ છે. ખાનદાનીના નમુના રૂપ સમસ્ત પાટીદાર જ્ઞાતિમાં ઘણાં કુટુંબો છે છતાં જ્ઞાતિ ઉન્નતિ અર્થે પ્રયાસ કરનારાં તો માત્ર આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલાં પણ ભાગ્યેજ હશે, સ્વકોમ પ્રત્યેની લાગણી, તે સાથે ઉદાત્તભાવ અને પાટીદારના ગુણોની મહત્તા આ ભાઇશ્રીના કુટુંબમાં જે દેખાઇ આવે છે તેવી ભાગ્યેજ બીજાં આગળ વધેલાં પાટીદાર જ્ઞાતિનાં કુટુંબોમાં પ્રદર્શિત થાય છે, ખાનદાની પેઢી ઉતાર ચાલી આવે છે એ વાતની પ્રતિતી આ ભાઇશ્રીના કુટુંબમાંથી મળી આવે છે.

**તુલસીદાસભાઇનો** વિદ્યાભ્યાસ વધારે નહીં હોવા છતાં પોતાના ધંધાને સારી રીતે ખીલવી શક્યા તેનું કારણ પંદર વર્ષની નાની ઉંમરથી જ ધંધાર્થે પરદેશ ગમન સ્વીકાર્યું. એટલી ન્હાની વયમાં **આફ્રિકા** જેવા દૂર દેશમાં ત્રણ વર્ષ રહી આવ્યા. દેશમાં આવ્યા અને ફરીથી પાછા આફ્રિકા ગયા. પોતાના વડીલબંધુ ( ભાઇશ્રી પરભુદાસ ) સાથે **વિલાયત** રહ્યા અને ત્યાં રહીને કાપડના ધંધાને લગતો અનુભવ મેળવ્યો. દેશમાં આવીને કાપડનો ધંધો શરૂ કર્યો મુંબઇમાં પેઢી ખોલી અને પરમાત્માએ તેમના ધંધામાં સારી બરકત મુકી. જેમ જેમ આર્થિક સ્થિતી સુધરતી ગઇ તેમ તેમ પોતાની આવકમાં સ્નેહીઓ અને જ્ઞાતિનો પણ કંઇક ભાગ છે એવી ભાવના પણ સાથે સાથે વધતી જ આવી ! જ્યારે જ્યારે જ્ઞાતિના વિદ્યાર્થીઓ તેમની મદદ માગવા જાય ત્યારે આપેજ ! કોઇને નિરાશ નહિં કરવો, સ્થિતી પ્રમાણે કંઇક આપવું જ એ તેમની ઉદારવૃત્તિની વ્યાખ્યા ! **વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ** આપવામાં તો ના કહેવાયજ નહિ ! "જ્ઞાતિની સંસારિક સ્થિતી સુધરે તો સારૂ" એ વાતનો જાપ સ્નેહીઓમાં જપાતો હોય તેમાં પણ એટલીજ ઉત્કંઠા ! અને જ્યારે કચ્છ વિભાગના પીરાણાસતપંથી ભાઇઓની વાત આવે તરત જ તેમને એ પંથની રાહે જતા અટકાવવાનો પ્રયત્ન કરવા સ્નેહીઓને આગ્રહપૂર્વક ભલામણ કરે. પોતાથી બનતી મદદ આપવાની ઉત્સુકતા તો એમના રૂવે રૂવે દેખાઇ આવતી હોય કચ્છ વિભાગની પાટીદાર પરિષદની ત્રીજી બેઠક જ્યારે મુંબઇ ખાતે ભરવાની નક્કી થઇ ત્યારે–મેમ્બરો પાસેથી ફી લેવી નહિ–એ વાતની ભલામણ પણ એમણે જ કરેલી. અને પરિષદના **ખર્ચનો મોટો ભાગ પણ એ** ભાઇશ્રીએ જ ઉપાડી લીધો હતો ! કોઇ પણ વિભાગના જ્ઞાતિ ભાઇની ઉન્નતિ પ્રત્યે લાગણી ધરાવાનો આ કરતાં બીજો વિશેષ પુરાવો શું હોઇ શકે ? પીરાણાના અધર્મયુક્ત પંથને પાટીદાર જ્ઞાતિમાંથી નિર્મૂળ કરવાના શુભ કાર્યમાં તેમની અપાર ઉત્કંઠા જોવામાં આવી અને જે પ્રકારે કચ્છ વિભાગની ઉન્નતિ અર્થે મદદ કરી શકાય તે પ્રકારે અમે જ્યારે જ્યારે મદદ માગી ત્યારે આપીને તે ભાઇશ્રીએ અમારા કચ્છ વિભાગના ભાઇઓને મોટા ઋણી બનાવ્યા છે. **પરમકૃપાળુ પરમાત્મા એ ભાઇશ્રીને અને એમના સહકુટુંબને દીર્ઘાયુષ્ય બક્ષો** અને જ્ઞાતિહીતનાં અનેક કાર્યો તે ભાઇશ્રીના કુટુંબ હસ્તક થાઓ, **એવું પરમ કૃપાળુ પરમાત્મા** પાસે યાચું છું.

## દાનવીર પાટીદાર બંધુ



શેઠ તુલસીદાસ વલ્લભદાસ પટેલ

ગામ ધર્મજવાળા

Lakshmi Art, Bombay 8.

# પીરાણા સતપંથની પોલ

અને

# સત્યનો પ્રકાશ.

## પ્રકરણ ૧ લું.

" ભારતનું પ્રાચીન ગૌરવ. "

( હિંદનાં ગત ધાર્મિક જીવનની ટુંકી રૂપરેખા. )

સકલ સૃષ્ટિમાં શિરોમણી સ્થાને શોભી રહેલો, ભગવાનની અસીમ કરૂણાનો અધિકારી, દેવવંદિત, પુરાણપ્રસિદ્ધ, **ભારતવર્ષ** જગતની તીર્થભૂમિ–દેવભૂમિ જ છે ! એ **હિંદુસ્તાનનો** ત્રિકાલાતિત મહિમા તો, વિશ્વવિખ્યાત જ છે ! આ પવિત્ર **ભારતનાં** મહિમ્નો, જગતમાં કોણે નથી ગાયાં ? સુરેન્દ્રનાં નંદનવનને પણ લજ્જા પમાડે એવો સુંદર, દેવોને વસવા યોગ્ય, વિમલતીર્થરૂપ, રૂષિ–મુની અને મહાજ્ઞાની મહર્ષિઓનાં ઉગ્ર તપતેજથી ઉજ્વલ, તેમજ પારમાર્થિક–ભાવનાવડે પુનિત, ઇહિલૌકિક સકલ સુખોની પરાકાષ્ટાએ પહોંચેલો, ચારે વર્ણોરૂપી અભેદ્ય, સુદૃઢ દીવાલોથી વિભૂષિત અને સુરક્ષિત, આ પ્રાચીન **આર્યાવર્ત્ત**, હિમાલયનાં ગગનચુંબિત શિખરોથી આરંભીને, **દશાનન**ની દિગંતકીર્ત્તિને દીપાવતો, એક વખતના સુવર્ણસર્જિત સિંહલદ્વીપપર્યંત, કેવો શોભી રહ્યો છે !

આજે પડતીના સમયમાં પણ, જડજગતનું ઉપહાસ કરતો, આજસૂધી ઉંચું મસ્તક કરીને, કેવો તે અચલ ઉભો રહ્યો છે ! શી તેની મહત્તા ! કાળ તેની કીર્તિને ભૂસી શકે તેમ નથી ! મનુષ્ય તેના મહિમાને કોઇ કાલાન્તરે પણ ભૂલી શકે તેમ નથી ! કુદરતની અલૌકિક સૌન્દર્યવાટિકા સમાન, **કાશ્મીરથી** કૌમાર્યના પવિત્ર પ્રભાવને જાળવનારી કન્યાકુમારીના છેક છેલ્લાં બિંદુ સૂધી, ઉત્તર દક્ષિણમાં તે લંબાયેલો, સમુદ્રતીરે નિંદ્રાસમાધિ ભોગવી રહ્યો છે ! અને ચાતુર્વર્ણ્યના ભેદને પણ અભેદમાં ગાળી નાંખનારી, પ્રબળ પ્રતાપી આર્યોની અદ્યાવધિ જળવાઇ રહેલી, અશેષ અભેદ–સત્તાનું સ્મરણ કરાવનારી, પૂર્વમાં ઇશ્વરી ઐક્યરથને હાંકનારી પવિત્ર જગદીશપુરીથી લઇને, લલિતકલાનિધાન લક્ષ્મીપતિ **શ્રીનારાયણનાં** લીલાનિકેતન જેવા

કચ્છપ્રદેશમાં આવેલાં **શ્રી નારાયણસર** તીર્થક્ષેત્ર સુધી, તેમજ મહાભારતના મુખ્ય અધિનાયક સોળકલાનિધાન, **નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રની** સુવર્ણમંડિત **દ્વારકાપુરી** પર્યંત, હિંદની વિશાળી ચતુર્દિશાને વિંટળાઇ વળેલો, એ દિવ્ય પ્રદેશ કેવો શોભી રહેલો છે? એ પવિત્ર દેશ, એક વખતે, જગતના સર્વ દેશોમાં શ્રેષ્ઠત્તમ સ્થાને બિરાજી, જ્ઞાનગૌરવથી ગાજી, સકલ સૃષ્ટિમાં ઉત્તમ અલંકાર રૂપે રાજી રહ્યો હતો. તેમજ સચરાચરમાં સ્વાતંત્ર્યગાન કરતો, સામ્રાજ્ય–સુખના સ્વર્ગસમાં ઉચ્ચ શિખર ઉપર સહર્ષે બિરાજી રહ્યો હતો. જેમાં ધર્મ, શિક્ષણ, સમાજ, શાસન, વાણિજ્ય, હુન્નર, કલા, અને વિશ્વસેવાદિ આદર્શરૂપ અનેક જીવનધર્મોની યથાયોગ્ય પ્રકારે વહેંચણી કરી, ભારતવાસીઓ પોતાના દેવદુર્લભ માનવજન્મની સફળતા કરવાને, ચારે વર્ણોરૂપી સુંદર અભેદ્ય વ્યવસ્થા વિરચીને, **બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર,** એવા ચતુર્વિધવર્ણો પોતપોતાના ધર્મો જાળવી–પાળીને, સ્વદેશનું ગૌરવ સગર્વે સંભાળી રહ્યા હતા. **બ્રાહ્મણો,** વેદ–વેદાગમમાં પારંગત થઇને, સ્વધર્મનું પ્રેમથી પરિપાલન કરતા હતા. **ક્ષત્રિયો** સર્વવર્ણોનું દુઃખ તથા ભયથી રક્ષણ કરવાને, સદાય શૌર્ય સહિત શસ્ત્ર ધારણ કરીને, પોતાની ગૌ–બ્રાહ્મણપરિપાલક પદવીને દીપાવી રહ્યા હતા; એટલુંજ નહિ, પરન્તુ જરૂર પડે ત્યારે, સ્વદેશ અને સ્વધર્મનું પ્રાણાન્ત પર્યન્ત સંરક્ષણ કરવાને તત્પર રહેતા. ખંતીલા, સાદા **વૈશ્યો,** અર્થશાસ્ત્રના ઉંડેરા નિયમોને સાચવી, ખેતી અને વાણિજ્યની પ્રમાણિક પ્રવૃત્તિ કરીને, તેમજ ઢોરોને ઉછેરીને, ધન કમાતા અને પ્રજાને પોષતા હતા. **શૂદ્રો** પણ, પ્રેમથી એ ત્રણે વર્ણોને પોતાના પૂજ્ય સ્હમજી તેમના તરફથી મળતાં રક્ષણ–પાલનમાં શંતોષી જીવનગાળીને, એ પૂજ્યોની નિઃસ્વાર્થ સેવા કરવામાં પોતાની સાર્થકતા સમજી રહ્યા હતા. આ સર્વ ઉપરાંત વળી પવિત્ર **ભારતદેશની** સર્વોત્કૃષ્ટ મહત્તા તો એ હતી કે, સ્વધર્મનિષ્ઠાની સજ્જડ સોનેરી સાંકળમાં બંધાયેલું, ધર્મપરાયણતાના ગહન ગ્રન્થમાં ગુંથાયેલું, અને વૈદિકજીવનના વિદ્યુત્ તારોથી જડાયેલું, દરેક વર્ણ પણ, પોતાના પવિત્ર વેદોની આજ્ઞાનાં પરિપાલન માટે, તેમજ પોતાનાં નિષ્કલંક કુલાભિમાનને જાળવી રાખવા માટે, પોતાનાં જીવન–સર્વસ્વનું આત્મબલિદાન આપવાને, પણ કદી ચૂકે તેવું ન્હોતું! કારણ કેઃ—" संभावितस्य चाकीर्ति मरणादतिरिच्यते "—પ્રતિષ્ઠિત ગૃહસ્થને મન, અપકીર્તિ તો, મરણ કરતાં પણ વધારે દુઃખરૂપ હોય છે. એ તેમનો મુદ્રાલેખ–તેમનું મુખ્ય જીવનસૂત્ર હતું. આજે એવા આદર્શરૂપ પ્રબલપ્રતાપી દિવ્યદેશનો સર્વ પ્રકારે ઘોર અધઃપાત થતો જોઇને, કયા હૃદયવાન્ ભારતપુત્રનો આત્મા ગ્લાનિથી ઉકળી આવ્યા વિના રહેશે? કયા માતૃભક્ત હિંદુની આંખોમાંથી ઉનાં આંસૂઓ નહીં વહે?

આપણા દિવ્યદેશની આવી અધઃસ્થિતિ કયારથી થઈ ? એ પ્રશ્ન વિચારતાં જણાય છે કે, પ્રાચીન **વેદકાળનો** સ્વર્ગીય સત્યયુગ પરિસમાપ્ત થયો, અને દ્વાપર–ત્રેતાનાં પગલાં થતાંજ, માનવ જીવનની પશુવૃત્તિયો વિશુદ્ધ આર્ય-જીવનમાં પ્રવેશ કરવા લાગી, ત્યારથીજ તેનો આરંભ થયો; તે દિવસે દિવસે ખરાબ થતી, કુટિલ કલીકાલના આરંભમાં મહાભારતનાં ઘોર મહાયુદ્ધ પછી તો, છેકજ પતનની પરિસીમાને જઈ પહોંચી. એ વિનાશક વિગ્રહ પછી તો, **ભારતભૂમિ,** દિન પ્રતિદિન સામાન્ય ચ્યુતિનેજ પામતી જતી હોવા છતાં, આજથી ૮૦૦–૯૦૦ વર્ષ પહેલાં–એટલે કે ગિઝની ઘોરી, ગુલામ, મોગલ આદિક્રૂર યવન જાતિઓના પ્રવેશ તેમજ આક્રમણો શરૂ થયાં; ત્યાંસુધી તો,–જગતની બીજી બધી પ્રજાઓ કરતાં તે ઘણી ઘણી વાતે ચ્હડીઆતી હતી. અને સાધારણ રીતે ઘણી સંતોષકારક રીતે, તેની આંતરિક સુખશાંતિ તેમજ યશ કીર્તિ જળવાઇ રહી હતી. લખવાનું તાત્પર્ય એજ કે, એ સમયે પણ દ્રવ્યલોભથી લલચાઇ આવેલાં, વિદેશી યવનોનાં ટોળાંઓને, પોતાનો પ્રતાપી હાથ બરાબર બતાવી શકે, એવા ભારતના અનેક જુદા જુદા **પ્રદેશો** ઉપર પોતાનો સુખરૂપ અધિકાર ચલાવનારા, અને પોતાના દિવ્ય ક્ષાત્રતેજને ધારણ કરી, જનનીની કૂખને દીપાવનારા, અનેક ક્ષત્રી નૃપવીરો, ગુફામાં રહેલા સિંહોની પેઠે, આ દેશમાં ઠામેઠામ શોભી રહ્યા હતા.

**ભારતની** પવિત્ર ભૂમિપર પહેલ વહેલો પગ મૂકનારા પરદેશીઓમાં, ઇ. સ. પૂર્વે ૩૦૦ ને આશરે મહારાજ્યપદે જઈ પહોંચેલા **ગ્રીસદેશના** મહાન **સીકંદર** પાદશાહે, મહાન એલેકઝાંડરે સમ્રાટપદના લોભથી, પૃથ્વીના અનેક દેશો ઉપર એ વખતે વિજય મેળવી લીધો હતો, અને છેવટે **ભરતખંડની** પણ તેણે મુલાકાત લીધી ! પરન્તુ કુદરતથી સુદૃઢ રીતે રક્ષાયેલા, આ પવિત્ર દેશનાં, સિંહદ્વારોમાં પેસતાં જ, મહાન્ **પૌલસ્ત્ય** વંશના શૂરવીર રાજાઓએ, કમ્મર કસીને, તેને સમાન યુદ્ધથી યથોચિત આવકાર આપી, આર્યોનાં ઓજ-સનો સારો પરિચય કરાવ્યો ! એ ક્ષત્રીય વીરોની શૌર્ય–પ્રતિભાથી અંજાઇ ગયેલાં, મહાન્ **સીકંદરનાં** વિશાળ લશ્કરે, યુદ્ધમાં વિજય મેળવેલો હોવા છતાં, પોતાની જીંદગીનાં સંરક્ષણ માટે, જલદીથી સ્વદેશ પાછા ફરવાની હઠ કરી. એથી એલેકઝાંડરને તરત પાછા ફરવાની ફરજ પડી. તેના સૈનિકો બરા-બર સ્હમજી ગયા હતા કે, આવા પ્રતાપી રાજાઓના દેશમાં આગળ વધવું, એ તો સિંહની ગુફામાં માથું ઘાલવા જેટલું જ ભયંકર અને દુર્ઘટ સાહસ હતું. એટલે "**સીકંદરને** નિરૂપાયે પંજાબને નાકેથીજ પાછા ફરવું પડયું હતું.

ત્યાર પછી ઈસ્રુના છેક દશમા સૈકા સુધી તો, બીજા કોઇ પણ પરદેશી, કે પરધર્મી રાજાએ, આ બળવાન હિંદુસ્તાન તરફ દૃષ્ટિ ફેંકવાની પણ હિંમત કરી ન્હોતી; પરન્તુ ત્યાર પછી દુર્દૈવ યોગે **ભારતવર્ષનો સૌભાગ્યસૂર્ય**, અસ્તાચલની નીચી ટેકરી ઉપર ઉતરવા લાગ્યો; કેમકે તેના સદ્ભાગ્યના પ્રતાપી દિવસો, એ વખતે પૂરા થયા હતા. તેનો ગૌરવરવિ, સમીપ આવતી સંધ્યાને ચરણે શિર ઝૂકાવીને, પોતાનો તેજસ્વી પ્રતાપ સંકેલી, પશ્ચિમના શીતલ દિગંત તરફ આગળ ડગલાં ભરી રહ્યો હતો. ભારતનું દશાચક્ર એ વખતે અવનતિના વિનાશકારક ચીલા ઉપર ચ્હડી ચૂકયું હતું.

એ વખતે વીર ક્ષત્રીયજાતિ રજોગુણ પ્રધાન બની જવાથી, અને સર્વત્ર વિજયડંકો વાગવાને લીધે વધી પડેલા ઐશ્વર્યમદથી છકી જઇને, છેક જ આળસુ, વિલાસી અને બેદરકારી બની ગઈ હતી. દ્વેશ અને ઇર્ષાથી પરસ્પરના વિરોધોની કલહજ્વાલા ઠામેઠામ સળગી રહી હતી, એથી તેમનામાં અંદર અંદરની ફૂટ, મત્સર, કલેશ, દ્વેષાદીક દુર્ગુણોથી, તેઓ જાતે ધર્માભિમાની હોવા છતાં, તેમનાં ત્રિવિધ બલસામર્થ્યમાં વિનાશકારક ઉધાઈઓ લાગવાથી, પડતીની શરૂઆત થઈ ચૂકી હતી.

પ્રથમ તો એ વખતે દાહિર નામના એક પરધર્મી રાજાએ સિંધુ નદી ઓળંગીને પડોસમાંથીજ હિંદી–રાજ્યો ઉપર આક્રમણ શરૂ કર્યું. ત્યાર પછી થોડા જ સમયમાં ઈસ્લામી ધર્મઝનૂનથી ઉશ્કેરાયેલા સબકતગીન, મહમ્મદ ગિજની, શહાબુદીન આદિ યવનોએ પણ વારંવાર **હિંદુસ્તાન** ઉપર ચાલૂ ચઢાઇઓ કરવા માંડી ! તેમણે અનેક સવારીઓ કરીને નિર્દય લૂંટો ચલાવી ચોમેરથી આ દેશનું અઢળક ધન હરણ કરી લીધું. આવા સોના જેવા સમૃદ્ધ દેશની સઘળી સંપત્તિ લૂંટી લેવી, અને એક કોડી પણ હિંદભૂમિમાં નરહેવા દેવી, એવી તેમની દુષ્ટદાનત સ્પષ્ટ દેખાઇ આવતી હતી. એટલું જ નહિ, પણ નાજુક અને સ્વરૂપવતી હિન્દુ રમણીઓને પણ પોતાની દાસીઓ બનાવી, તેમની અમૂલ્ય શીયળસંપત્તિ લૂટી લઈને, તેમના પવિત્ર પાતિવ્રત્ય ધર્મનો ભંગ કરી, તેમને વટાળી, છેવટે બળજોરીથી હિન્દુધર્મનો બીજનો પણ સર્વથા નાશ કરવાની તેમણે હિંમતભરી આશાઓ બાંધી હતી ! તેમની અતિ તામસિક પશુવૃત્તિ, ધર્મભ્રષ્ટકારક છલનીતિ, હિંસક વનપશુઓ જેવો ક્રૂર સ્વભાવ, ધર્મઝનૂનથી છલોછલ ઉભરાઇ રહેલું તેમનું શારીરિક પશુબળ, અને તેમની નીચ વિષયલંપટતા, જેવાં અનેક ઝનૂની કારણોથી આ પવિત્ર સાહિત્યવૃત્તિના દેશમાં હાહાકાર વ્યાપી રહ્યો ! હિંદનું એ અત્યાચારો વડે એકાએક પરિવર્તન થવા લાગ્યું !

દિલ્હીના તખ્તપર એ વખતે અતિ શૂરવીર પૃથ્વીરાજ જેવો મહાન પ્રભાવશાળી રાજા રાજ્ય કરી રહ્યો હતો, અને ગુજરાતમાં ભોળા ભીમદેવ સમાન અનેક શૂરા ક્ષત્રિયવીરો શોભતા હતા; પરંતુ સંયુક્તા અને ઇચ્છન કુમારી જેવી સુંદર રાજ્યકન્યાઓ માટે તેઓ પરસ્પર લ્હડીઝગડીને નબળા પડી રહ્યા હતા. એવામાં જ આ પરિસ્થિતિની બાતમી મેળવી લેનારા કાબેલ મહમ્મદ ઘોરીએ કાબુલથી એકાએક હિંદુસ્તાન ઉપર ધસી આવીને, તેમના ઉપર એક પછી એક ચ્હડાઈઓ કરવા માંડી, તેનું પરિણામ ઇતિહાસ પ્રસિદ્ધ અને સર્વવિદિત હોવાથી, અહિં તેનો ઉલ્લેખ કરવાની કશી જરૂર જણાતી નથી. સુજ્ઞવાચકને એ પણ વિદિત જ છે કે, અનેકવાર વીર પૃથ્વીરાજના અસીમ બળથી હારીને પાછો ન્હાસી જવા છતાં, છેલ્લીવાર શાહબુદ્દીન ઘોરીએ, ઉદાર અને પરાક્રમી વીરપૃથુને કેદ કરી, દિલ્હીની ગાદી ઝૂંટાવી લીધી ત્યારથીજ વિદેશી, વિધર્મી, મુસલમાની કુટિલ રાજ્યની, આ પવિત્ર દેશમાં પહેલવહેલી શરૂઆત અને સ્થાપના થઇ. એ મહમ્મદઘોરીએ, પાછળથી પરાક્રમી ભીમદેવના પ્રબલ પ્રયત્નો છતાંય કુસંપથી નબળી પડી ગયેલી, ત્હેની સેનાને એક યુદ્ધમાં હરાવીને, પવિત્ર તીર્થક્ષેત્ર પ્રભાસપાટણ લૂંટી લઈ, સોમનાથની પવિત્ર પ્રતિમાને તોડી, તેના ત્રણ કટકા કર્યા! અને મંદિરનાં સુંદર સુખડનાં કમાડો સાથે તેમને કાબુલ મોકલાવી દીધા! ત્યાં તમને મુસલમાની મસજીદનાં પગથીયાંમાં જડી દેવામાં આવ્યા! દુર્ભાગી હિંદ અને હિંદુધર્મનું આથી વિશેષ દુર્દૈવ બીજુ કયું હોઇ શકે?

ઇતિહાસની નજરે વિચાર કરીએ, તો જણાય છે કે, સુપ્રસિદ્ધ જયચંદ્ર-કન્યા—સંયુક્તાનાં હરણના કલેશ જનક પ્રસંગથીજ કનોજરાજ જયચંદ્રની મતિ વિફરી! તેને કુસંપ વધારીને અખિલ દેશને પરાધીન અને તારાજ બનાવવાની કુમતિ પેદા થઇ, અને તેના ગૃહવિચ્છેદ તેમજ દેશદ્રોહથીજ, પૃથ્વીરાજનું પ્રબળ, તેમજ રાજપૂતોનાં નામનિશાન પણ આ દેશમાં કાયમ ન રહે, એવી શોકજનક પરિસ્થિતિ ઉત્પન્ન થઇ! ઠામઠામ આંતરિક વિગ્રહો અને ગૃહ—યુધ્ધો ચાલૂ થયાં. એ ભાઈ ભાઇ વચ્ચે ચાલેલી, લાડાઇની મહા-મારીમાં દેશનું વીરત્વ, દૈવત અને સત્વ ચૂસાઈ ગયું. આ બધાંનું કારણ બારીક નજરે નિરીક્ષણ કરીએ તો, હિંદુઓનો ગૃહકલેશ, પરસ્પરનાં હાડવેર, એકબીજાની ઇર્ષા, દ્વેષ અને વિષય લંપટતા, એજ મુખ્ય જણાય છે, અને એ તકનો લાભ લઇને, પરધર્મી મુસલમાનોએ પોતાની કપટપટુતા, ક્રૂરતા, અને છલનીતિને પ્રતાપે નબળા પડેલા, એ વખતના સઘળા પરાક્રમી રાજપુતોને કપટયુધ્ધોમાં હરાવી, જેર કરી, પોતાની નીચતા અને નર્દયતાથી તેમને છેકજ છૂંદી નાખ્યા!

એ વખતેજ રાજપુતો સીવાય ઉત્તર હિન્દુસ્થાનમાં-મુખ્યત્વે કાશ્મીરની આસપાસનાં પ્રદેશોમાં એક અતિ શૂરવીર નવી પ્રજા પણ ધીમે ધીમે અસ્તિત્વમાં આવતી જતી હતી. એ વીરજાતિ પાછળથી ભારતના ઇતિહાસમાં, શિખજાતિનાં નામથી ઘણી પ્રસિદ્ધિમાં આવી ચૂકેલી છે. એ વીરજાતિએ, પણ સ્વદેશ અને સ્વધર્મનાં પવિત્ર ક્ષેત્રોમાં, રાજપૂતોની પેઠેજ, ઘણો મહત્વનો ભાગ ભજવીને હિંદના રાજનૈતિક અને ધાર્મિક ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી લીધું છે. એ જાતિના આદિ પુરૂષ ગુરૂનાનક એક પ્રસિદ્ધ સંતપુરૂષ થઈ ગયા. જત, રાજપૂત પંજાબી, અને પેશાવરી લડાયક જાતિયોમાં તેમણે પવિત્ર વીરધર્મનો પ્રચાર કરીને, નવો શિખસંપ્રદાય સ્થાપ્યો હતો. મહાત્મા નાનકની ગુરૂગાદીપર ક્રમેક્રમે અનેક પ્રતાપી ધર્મગુરૂઓ થઈ ગયા. અને તેમણે સ્વદેશ તેમજ સ્વધર્મની રક્ષા માટે, ઘણાં ઘણાં ઇતિહાસ-પ્રસિદ્ધ પરાક્રમો કરી બતાવ્યાં છે. અહિં તેમના ઉલ્લેખનું કંઇ વિશેષ પ્રયોજન નથી. માત્ર એટલુંજ અત્રે લખી જણાવવું બસ થશે કે, પોતાના પ્રાણાધિક ધર્મની રક્ષાને માટે, તેમણે અનેક પ્રબલ યવનબાદશાહો સ્હામે હથિયારો ઉઠાવી, પરાક્રમી ક્ષત્રીયોને છાજે એવો વીર પ્રતાપ બતાવી આપ્યો છે. સરદાર તેગસિંહ અને બાદલસિંહ જેવા શિખ નરવીરોને નિર્દય યવનશાહે રીબાવી રીબાવીને મારી નાંખ્યા; છતાં પણ મરતાં સુધી તેમણે પોતાના પવિત્ર ધર્મનો કદિપણ ત્યાગ કર્યો નથી, અને પોતાની શાહજાદી તેમજ રાજગાદી આપવા જેવી મ્લેચ્છ શાહોની પ્રબળ લાલચોને પણ, તેમણે દઢતાથી ઠોકરે મારી, પોતાના શુદ્ધ હૃદયની અને ધર્મપ્રાણતાની મહત્તા સિદ્ધ કરી બતાવી છે. એ ગુરૂગાદીપર દશમા મહાન્ પુરૂષ જગવિખ્યાત, વીરકેશરી, ગુરૂ ગોવિંદસિંહ થયા. તેમનાં સાહસ અને પરાક્રમની તો કંઇ પરિસીમાજ ન્હોતી ! ન્હાની સરખી શિખસેના સાથે, સાધનોના સંપૂર્ણ અભાવ વચ્ચે પણ તેણે દિલ્હીની મોગલાઇને થરથરાવી નાંખી ! મોગલ શહેનશાહને એક ઉપર એક છક્કડો લગાવી, શીકસ્ત પમાડી, તેણે પોતાનાં ભીમપરાક્રમોવડે, મોગલ શહેનશાહતના સાંધાજ ઢીલા કરી નાંખ્યા. એ સમયે સદ્‌ગુરૂ ગોવિંદસિંહના ક્ષાત્રતેજપોષક વીરઉપદેશથી અને સહાયથી મહાન્ શૂરવીર શિખજાતિએ રાજપૂતોની પેઠેજ પોતાનું ગૌરવ વધારીને, ઉત્તરહિંદમાં પોતાનું ધર્મરાજ્ય સ્થાપ્યું. અને રાણા રણજીતસિંહના સમયથી તો હિંદ,-સ્વરાજ્યની મજબુત જડ પંજાબમાં નંખાઇ ગઈ હતી. સ્વધર્મ અને સ્વરાજ્યનાં રક્ષણને માટે, એ વખતે લાખો શિખ-બંધુઓએ, પોતાના અમૂલ્ય પ્રાણોનાં મોંઘાં બલિદાન આપ્યાં છે. એમની વીરતાની વાત પણ, ઇતિહાસમાં સુપ્રસિદ્ધજ છે. છેવટે તેના છેલ્લા વંશધર નર કેસરીવીર રણજીતસિંહને, વિદેશી-વિધર્મીઓએ કેવી છલનીતિ અને પ્રપંચબાજીથી દાવપેચના આંટામાં

લઈને પાયમાલ કર્યો હતો, એ તો ઇતિહાસવિદિત બહુપ્રસિદ્ધ વાત જ છે. હજારો ધર્માગ્રહી શિખોનો તુચ્છ રાજ્યલોભનાં પાપવડે વિનાશ કરી, તેમને હરાવીને, કેવીરીતે તેમને તારાજ કીધા, એ પણ વિચારવાન વાંચકોથી કંઇ અજાણ્યું નથી. **રણજીતસિંહ**નાં પતન પછી, તેની સાધ્વી સ્ત્રી, વીરાંગના રાણી **ચંદાબાઇએ** પણ પોતાની વીરહાકથી વિદેશીઓની વિપુલ સેનાને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી. તેના સ્મરણમાત્રથી આજસુધી **ભારત**ની, એવી વિલુપ્ત થએલી–અદૃશ્ય બનેલી–વીર રમણીઓને માટે, અનેક સ્વદેશહિતૈષી હૃદયમાં સખેદ સન્માનના પવિત્ર ભાવો જાગૃત થયા વિના રહેતાજ નથી. ખેદ એટલા માટેજ કે, એવી શૂરી ક્ષત્રાણી અને શિખસન્નારીઓના જેવી ધર્મપ્રાણ અગ્નિજવાલામય દિવ્ય-જ્યોતિઓ, આજે **ભારત**ના ધાર્મિક યજ્ઞકુંડમાંથી બૂઝાઈને અદૃશ્ય થઇ ગઈ છે. **તેજસિંહ, ગોવિંદસિંહ, રણજીતસિંહ, પ્રતાપ** કે **શિવાજી** જેવા નર-વીરોને પ્રગટ કરનારી, એ સિંહણો આજે આ ભૂમિમાં કયાં છે ? **ગુરૂગોવિંદ** અને **સમર્થ** જેવાને અંકમાં ઉછેરનારી, એ અબળા કહેવાતી, પણ પ્રબળા સિદ્ધ થઈ ચૂકેલી, એ દેવીઓ આજે આ હીનભાગી દેશમાં કયાં છે ! દુર્ભાગી **ભારત**ની ભૂમિ દૂષિત થઈ, બીજ દૂષિત થયાં; ક્ષેત્ર બગડયું; કૃષિ બગડી ! પછી પાકની પરિપકવતા તે કયાંથી સંભવે ? ! છતાંય પ્રભુકૃપાએ, હિંદુજાતિ આજસૂધી જીવન ટકાવી રહી છે, એ કેવું આશ્ચર્ય ?

મહાભારતનાં ઘોર–યુદ્ધથી આરંભાયેલો, હિંદનો આ અનેરો–ભયંકર–દુર્દૈવયોગ, કુરૂક્ષેત્રના કારમા દિવસથી લઇને, છેક યવનોના રાજત્વકાળ સૂધી–એટલે કે છેલ્લા **મોગલબાદશાહ બહાદૂરશાહ** જફરના સમય સૂધી–દિન પ્રતિદિન વધારેને વધારે ભયંકર સ્થિતિનાં દર્શન કરાવી રહ્યો છે ! છતાંય ત્યારથી આજસૂધી હિંદ પોતાની દિવ્ય જીવન જ્યોતિને આછી આછી પણ ટકાવી શકયો, એ માત્ર હિંદુધર્મનાં સુદૃઢ બંધારણ અને હિંદુજાતિનાં ધર્માભિમાનનોજ પ્રભાવ હતો. આર્યોની વર્ષગણના અને તેમની ઐતિહાસિક નોંધો પ્રમાણે, કલિના આરંભથી આજસૂધી લગભગ છ હજાર વર્ષના વિશાળ અન્તરાયમાં હિંદુજાતિ અને તેના સનાતન વૈદિકધર્મ ઉપર જૂદી જૂદી દિશાએથી ચ્હડી આવેલી જૂદી જૂદી વિદેશી, વિધર્મી પ્રજાઓનાં અગણિત આક્રમણો થયાં છે. હિંદુઓના સનાતન ધર્મને સૃષ્ટિમાંથી નાબૂદ કરવાના નિશ્ચયથી એમાંના ઘણા આક્રમણકારોએ, સનાતન વૈદિક ધર્મનાંએ પવિત્ર કલ્પવૃક્ષ ઉપર સહસ્રાવધિ વજ્રઘાતો અને કુઠાર–પ્રહારો કર્યા છે. તલવારથી, ત્રાસથી, જુલ્મ અને અન્યાયથી, હિન્દુઓને બળજોરીથી વટાળવાના, તેમજ લોભ, લાલચ, લાંચ, અને સ્નેહસગપણનાં શામભેદ વડે, તેમને ધર્મભ્રષ્ટ કરી, પોતાનામાં મેળવી લેવાના, પણ એ વિદેશીઓએ હજારો પ્રયત્નો કર્યા છે. આજસૂધી એવા કંઈ

કંઇ નરમ–ગરમ–પ્રયત્નો ચાલૂ છે; છતાં પણ હિંદુજાતિ અને હિંદુધર્મનો નાશ કારવામાં આજસૂધી કોઇ વિધર્મી પ્રજા કે રાજસત્તા ફાવી શકી નથી, તેનું કારણ હિંદુઓના સનાતન ધર્મની મહત્તા, તેની સુવ્યવસ્થા અને ઈશ્વરી સત્યના મદાર ઉપર રચાયેલું, તેનું નિષ્પક્ષપાત-નિર્મળ બંધારણજ છે. **રોમ, ગ્રીસ, મીસર, બેબીલોન, સીરીયા, અરબસ્તાન** વિગેરે અનેક મહારાજ્યો એટલા આરસામાં તો ઉભાં થયાં, તેઓએ પોતાના દિવસોમાં પ્રબલ પ્રભાવ બતાવ્યો, અને આકાશમાંથી ખરી પડતા તારાઓની પેઠે, તેઓ કાલાન્તરે થોડાજ સમયમાં પાછાં લય પણ પામ્યાં! પરંતુ હિંદુઓનું ધર્મરાજ્ય–તેમના સનાતનધર્મનું અમૃત વૃક્ષ તો વિરોધીઓના હજારો જીવલેણ ઝપાટાઓ વચ્ચે, શત્રુઓ તેમજ કુદરતના પ્રચંડ ઝંઝાવાતો અને તોફાનોને ઝીલતું આજસૂધીમાં બે પાંચ કરોડ ઉપાસકોને ગૂમાવવા છતાં, એવુંને એવુંજ ટકી રહ્યું છે, અને પચીસ–ત્રીસ કરોડ પવિત્ર આત્માઓ ઉપર, પોતાનું આધિપત્ય ચલાવી રહ્યું છે, એ પ્રતાપ હિંદુઓના મજબૂત, સુંદર પવિત્ર અને સાત્વિક ધર્મબંધારણનોજ છે. સનાતન હિન્દુધર્મનાં એ ઉદાર અને સુંદર બંધારણનું સવિસ્તર સ્વરૂપ આગળના કોઈ બીજા પ્રસંગે આંકી બતાવવાની અભિલાષા સહિત, હવે એ પુરાણ પ્રસિદ્ધ ભારતનું ધાર્મિક જીવન કેવી રીતે દૂષિત અને કલૂષિત થવા લાગ્યું, તેનો કંઇક વિચાર કરવામાં આવે છે.

## પ્રકરણ ૨ જું.

### "વેદીક સનાતન ધર્મની શિથિલતા, અને બૌદ્ધધર્મનો પ્રભાવ."–

પ્રથમ પ્રકરણના ઉલ્લેખાનુસાર મહાભારતના દુર્ભાગી સમય પછી, હિંદુ જાતિની દશા પણ દિવસે દિવસે બગડતી અને નબળી થતી ચાલી. જે દેશ જગતનો આદિગુરૂ હતો; તેને પોતાના ચેલાઓને ચરણે બેસીને, ધર્મના પાઠો શિખવા અને સાંભળવાનો સમય આવ્યો. જે દેશ કળા અને વિજ્ઞાનમાં સર્વ દેશનો શિરોમણી હતો, તેને અણીથી પુણી સૂધી, અનેક ચીજોને માટે, પરદેશોના મ્હોં સ્હામે દયામણી નજર કરીને બેસી રહેવાનો વખત આવ્યો. મોંઘેરા મુક્તિમંત્રો વડે જે પવિત્ર ભૂમિ, સર્વદા ગાજી રહી હતી, તેને વિષયોનું દાસત્વ સ્વીકારી, વિદેશી ગુલામીની વજ્રશૃંખલામાં બંધાઇ રહેવાના દોહ્યલા દિવસો આવ્યા! એ પણ ખરેખર કલિકાલની બલિહારી અને જગતમાં જડવાદની જીતનાં પ્રત્યક્ષ માયાવી ચિન્હો જ સમજવાં! હિંદની એ શારીરિક–માનસિક અને આર્થિક નબળાઈ ઉપરાંત દિવસો દિવસ વધતી જતી, ત્હેની

ધાર્મિક નબળાઈથી હિંદની બહુ જ વિશેષ હાનિ થઇ છે. એ વખતે હિંદ જેવા **એશીયાખંડ**ના બીજા પણ અનેક દેશોમાં, ધર્મની શિથિલતા વધતી જતી હતી. વહેમો અને કુટિલ રૂઢિઓએ પ્રબલ પગપેસારો કર્યો હતો, પશુ-વૃત્તિ અને વિલાસિતા વધી જવાથી, **એશીયાની** પ્રજાઓ, આળસ, પ્રમાદ અને એશઆરામમાંજ શિર ઝૂકાવીને ડૂબી રહી હતી; તેને લીધે ધર્મને નામે અનેક ધતીંગો તેમજ પાંખડો ચાલી રહ્યાં હતાં. અને એ પાખંડોથી પોષાતા અનીતિ અને અનાચારના અગણીત અખાડાઓ હિંદમાં ગામોગામ અને ઠામે-ઠામ ચાલી રહ્યા હતા. બરાબર એ વખતે હિંદની આંતરિક સ્થિતિ તપાસીએ તો, સામાન્ય ગૃહકલેશ ઉપરાંત અનેક ધર્મ-પંથોના ઝગડા અને મતભેદોએ, હિંદના રાજકુલોમાં, તેમજ પ્રજામાં પણ કજીયા-ઝગડા, વાદવિવાદો અને મહાન્ વિખવાદો ફેલાવી દીધા હતા. **હિંદુધર્મ** અને **બૌદ્ધધર્મ**માં પણ પરસ્પર વિષમ કલહ જામી રહ્યો હતો. એથી એ વખતે હિંદનો ખૂણેખૂણો આંતરિક કલહ ને વિગ્રહથી ત્રાસી રહ્યો હતો. કેટલાક આસ્તીક રાજાઓ, વૈદિક બ્રાહ્મણધર્મનો પક્ષ કરીને નવા સ્થપાયેલા નાસ્તિક બૌદ્ધમતને હિંદમાંથી દેશનિકાલ કરવાની અનેક પેરવી આદરી રહ્યા હતા; ત્યારે કેટલાક રાજાઓ એથી ઉલટા ચાલીને, દિવસે દિવસે આગળ વધતા બૌદ્ધધર્મનો અંગીકાર કરી, સનાતન ધર્મ એટલે હિંદુઓના વૈદિક બ્રાહ્મણધર્મને છેક જ દાબી દેવાનો નિશ્ચય કરી બેઠા હતા ! આ ધર્મઝઘડાથી કંટાળેલા કેટલાક રાજાઓ તો, ધર્મનો સર્વ પ્રકારનો અંકુશ સર્વથા દૂર ફેંકીને છેક જ સ્વચ્છંદી બની ગયા હતા ! ધર્મના ભય અથવા અંકુશ વિના, તેઓ અનીતિ અને અત્યાચારમાં દોરવાઇ છેકજ નરપશુ જેવા બની રહ્યા હતા. ત્યારે કેટલાક વળી એથી પણ આગળ વધીને, **ચાર્વાક** અને **વામમાર્ગ** જેવા દુરાચારી પંથોમાં ભળીને, છેકજ નાસ્તિક અને નીતિહીન બની બેઠા હતા. આવા અનેક વિધ વિરોધો અને દુરાચારોના કલહત્રિશૂળ વડે, આપસ આપસમાં કપાઇ મરતી, હિંદી રાજ્યશક્તિ અને હિંદુ પ્રજા, પોતાનાં સઘળાં બળને ખપાવી દઈ, છેક જ ક્ષીણ બની ગઈ હોવાથી, હિંદ બહારના કોઇ પણ હુમલા સ્હામે ટકી રહેવા પૂરતી તેનામાં તાકાત ન્હોતી. અધૂરામાં પૂરૂં બૌદ્ધ સંપ્રદાયે ફેલાવેલા અહિંસાવાદના બાયલા અને ટુંકી બુદ્ધિના વિચારોએ હિંદુ જાતિની વીરતાને બહુભાગે ધોઇ નાંખી હતી, અને હિંદુ પ્રજાના મોટા ભાગને હથિયારો છોડાવી, છેકજ ધર્મભીરૂ વાણીઆ જેવો બનાવી દીધો હતો. એથી ધર્મ, દેશ કે આત્માના સંરક્ષણ માટે પણ નવીન સંપ્રદાયમાં મળેલી પ્રજા, છેક અસમર્થ બની ગઇ હતી. બૌદ્ધોના એકાકારથી વેદની વર્ણાશ્રમ ધર્મ જેવી અભેદ્ય દીવાલો છિન્ન-ભિન્ન થતી હતી. બ્રહ્મચર્યનો પ્રતાપ અને સંન્યાસનો ત્યાગ, એ તો વેદધર્મનો

વારસો જ હતો. ધર્મ અને જગત્‌ને માટે જ જીવવાના દિવ્ય મંત્રો, એ વર્ણ અને આશ્રમની વૈદિક વ્યવસ્થાએજ શીખવ્યા હતા. બૌદ્ધધર્મના પ્રતાપે, તેનો પણ ઘણી દિશામાં લોપ થતો ચાલ્યો. એથી બ્રાહ્મણનો જ્ઞાનમહિમા અને ક્ષત્રિયોનાં વીરત્વ પણ એ કાળે ઓસરી રહ્યાં હતાં. વ્યાવહારિક સામાન્ય બુદ્ધિમાં પણ ઉતરી શકે, એવા સરલ, સીધા, અને સહેલા જણાતા, બૌદ્ધ પંથના નિયમો, તેમજ આચાર-વિચારોએ સામાન્ય જનસમાજનાં હૃદયમાં પ્રવેશ કર્યો હતો, અને કેટલાક રાજાઓ તેમજ હિંદુ પ્રજાના મોટા ભાગના હૃદયક્ષેત્રમાં, એ વ્યાવહારિક વાણીઆ બુદ્ધિવાળા બૌદ્ધધર્મે પોતાનો અધિકાર સંપૂર્ણ જમાવી ચારે તરફ વાયુવેગે પોતાની ધર્મજાળ પ્રસારી દીધી હતી. બૌદ્ધધર્મનો આ તાત્કાલિક પ્રચાર, વેદ વિરોધી હોવા છતાં તેણે સ્વીકારેલાં વેદનાં કેટલાંક સુંદર સત્યો તેમજ તેણે થોડા ફેરફારો સાથે જાળવી રાખેલા, હિંદુ સમાજના ઉદાર નૈતિક નિયમોને જ આભારી હતો. શીલવ્રત, તપ, ત્યાગ, દાન, અને જ્ઞાનપ્રચાર જેવાં વૈદિક સત્યો તથા ધોરણોને કાયમ રાખી, કર્મનાં ભૌતિક સૂત્રો અને નિયમો ઉપર બુદ્ધે, પોતાના ધર્મની સ્થાપના કરી હતી. એ ઉપરથી વચલી સ્થિતિનો, તેમજ હલકી પાયરીનો જનસમુદાય, તેના તરફ સ્વાભાવિક રીતેજ વિશેષ આકર્ષાયો હતો. આવી સનાતન-ધર્મની કેટલીક સારી વાતો જાળવી રાખી, એથીજ તે ઉતાવળી ગતિએ આગળ વધતો હોવા છતાં, તેણે જાતિ અને વર્ણવ્યવસ્થાનો નાશ કર્યો. ઇશ્વરનું અસ્તિત્વ પણ ઉડાવી દીધું. વેદ પુરાણ, અને સ્મૃતિગ્રંથોને અમાન્ય ઠરાવ્યા. એ ગૌતમબુદ્ધની અક્ષમ્ય ભૂલો ગણાય છે. યજ્ઞકાંડનું ઊંડું રહસ્ય સમજ્યા વિના તેનો પણ સર્વથા તેણે તીવ્ર નિષેધ કર્યો, અને એકમાત્ર કર્મના અચલ નિયમોનેજ આધારરૂપ માની, નવાં કર્મપ્રધાન સૂત્રો ઉપરજ તેણે પોતાના ધર્મની ભવ્ય ઈમારત બાંધી હોવાથી, હિંદુધર્મનાં પવિત્ર આધ્યાત્મિક રહસ્યો અને વેદ-મહિમાને ઘણો અન્યાય મળ્યો. ઋષિમુનિઓએ બાંધેલી સુંદર વ્યવસ્થા એથી વિછિન્ન થઇ. રાજા-પ્રજાનો મ્હોટો ભાગ નાસ્તિક અને દુરાચારી બનવા લાગ્યો; કેમકે તેમને સખ્ત નિયમો-વાળા વેદમાર્ગ કરતાં, આ નવો સહેલો પંથ વધારે રૂચિકર થઇ પડયો. બ્રાહ્મણોનો અંકુશ, ઊંડું તત્વજ્ઞાન, ગહન કર્મકાંડ અને સાત્વિક ભક્તિની ગુંચ-વણોમાં પ્રવેશ ન કરી શકનારી, દુર્બલ જનતાના સામાન્ય વિભાગની કંટાળેલી બુદ્ધિ, બૌદ્ધપંથના એકાકારમાં મહાલવા લાગી ! એ વખતની કેટલીક જડ-વાદી અને અર્ધદગ્ધ હિંદુ જાતિઓ તો, આ વગર જોખમદારીના સરલ અને સાદા ધર્મમાર્ગમાં સહેલાઇથી ભળતી હતી. બ્રાહ્મણ શૂદ્રાદિ ઉંચા-નીચાનો ભેદ દૂર થવાથી, શૂદ્ર અને અતિશૂદ્ર જેવી અનેક હલકી જાતોને વગર મહેનતે ઉંચે ચઢવાની સારી તક મળી, જાતિભેદ ન હોવાથી બૌદ્ધોનો એકાકાર

કંઇક અંશે સંપ અને ઐક્યના કારણરૂપ પણ થયો, અને એકતાના સૂત્રે પોતાના સઘળા સેવકોને સમાનભાવે બાંધતો, બૌદ્ધમત શરૂઆતમાં અખિલ હિંદમાં ઝપાટાભેર ફેલાવા લાગ્યો. ઈશુની પૂર્વે સાતમા સૈકામાં પ્રકટ થયેલો એ બૌદ્ધધર્મ, ત્યારપછીના બેત્રણ સૈકામાં તો, હિંદનો એક બહુમાન્ય મુખ્યધર્મ થઇ પડયો! બુદ્ધના અવસાન પછી પણ, તેના ઉત્સાહી શિષ્ય–શ્રમણો–સેવકોના પ્રબળ પ્રયાસો વડે, બુદ્ધધર્મ, સારી દુનિયામાં ફેલાવા પામ્યો, અને આજસૂધી માનવજાતિની સૌથી મ્હોટી સંખ્યા એ જ ધર્મને પાળી રહી છે. આજે જો કે બૌદ્ધધર્મ, પોતાની માતૃભૂમિ ભારતમાંથી છેકજ દેશનિકાલ થવા જેવી દશા ભોગવે છે, છતાં પણ બ્રહ્મદેશ, સિંહલદ્વીપ, તિબેટ, જપાન, મધ્યએશીયા અને ચીન જેવા અનેક વિશાળ દેશોનો, એ સામાન્ય પ્રજાધર્મ તેમજ રાજ્યધર્મ બની રહ્યો છે.

આજે અઢી–ત્રણ હજાર વર્ષો વીતવા છતાં અનેક બળવાન્ ધર્મોની હરિફાઇમાં પણ, જબ્બર વિરોધીઓની સ્હામે ટક્કરો ઝીલતો, તે પોતાની હયાતી અને સત્તાને કાયમ રાખી, આવડા મ્હોટા જનસમુદાયમાં આજસૂધી ટકી રહ્યો છે, એ બધો પ્રતાપ, ગૌતમબુદ્ધે સ્વીકારેલા વૈદિક ઉંચા વિચારો, સનાતન દૈવી સત્યના સાત્વિક સિદ્ધાંતો, તેમજ વિશ્વપ્રેમની ઉદાર ભાવનાઓનો જ છે. ઉગ્ર ત્યાગ, અખંડ તપ, અને જ્ઞાનપ્રચાર જેવા પ્રકાશિત માર્ગે, બુદ્ધધર્મ વિકાસ પામે, અને લાંબો સમય ટકી રહે, એ સ્વાભાવિક જ છે, માત્ર બૌદ્ધધર્મ જો કંઇક પાછળ હઠયો હોય, અને વિશ્વધર્મ તરીકે સર્વવ્યાપી બની, અખિલ જગત્‌માં આધિપત્ય ભોગવવાની તે પોતાની મહત્વાકાંક્ષાને પાર ન પાડી શકયો હોય, તો તે માત્ર એ ધર્મના નિરીશ્વરવાદ, અને વર્ણાશ્રમ–ધર્મવ્યવસ્થાના અભાવનું જ ખાસ પરિણામ છે.

ઈસુના જન્મ પૂર્વે બે ત્રણ સદીઓ અગાઉ બૌદ્ધધર્મનો પ્રભાવ જ્યારે મધ્યાન્હમાંથી પશ્ચિમ તરફ ઢળીને, પાછો હઠવા લાગ્યો હતો, ત્યારે બૌદ્ધ–સત્તાના એ પ્રબલ પ્રતાપ સ્હામે દબાઇ ગયેલો, અને એ વખતસૂધી અનેક મુશ્કેલીઓ વચ્ચે, દુસ્તર ભવસાગરમાં ડુબકીઓ ખાતો, જે હિંદુધર્મ ડુબું ડુબું થઈ રહ્યો હોવા છતાં પણ, પોતાનાં ઇશ્વરી સત્યના પ્રભાવે, જગતમાં હજૂ સૂધી પોતાનું જીવન ટકાવી રહ્યો હતો, તેનો હવે પુનરૂધ્ધાર થવા લાગ્યો. તેનો ઉદ્ધાર કરનારા સમર્થ સેવકો, તેને હાથ ચ્હડવા લાગ્યા હતા, એથી સનાતન વૈદિકધર્મને પાછો પ્રગતિનો કિનારો હાથ લાધ્યો હતો. ઉદાર વિશ્વપ્રેમ, વેદમંત્રોનાં પવિત્ર ગાન, દર્શનશાસ્ત્રોનો તર્કપ્રભાવ, આધ્યાત્મિક જ્ઞાનની ઉદાર ભાવનાઓ, પુરાણોનો મધુર ભક્તિભાવ, અને યજ્ઞયાગાદિ કર્મકાંડનો, આંખોને આંજી નાંખે, એવો આડંબર, આવાં નવી સરાણપર

ચ્હડાવેલાં, સતેજ હથિયારો હાથ ધરી, તેણે પોતાનો માર્ગ સ્વચ્છ કરવા માંડયો. વિદ્વાન્ બ્રાહ્મણોની પ્રતિભાશક્તિને પ્રભાવે, આર્યપ્રજાનું હૃદય પાછું જીતી લેવાને અનેક શાસ્ત્રીય યુક્તિપ્રયુક્તિઓ સહિત તે ભગીરથ યત્ન કરવા લાગ્યો.

**ભારત**ના પ્રજાજીવનને પણ એ વખતે જગત્‌ના નવા વિચારોની અદ્‌ભુત અસર પહોંચવા લાગી હતી. **બૌદ્ધધર્મ**ના સાદા, સીધા, દયા, દાન, જ્ઞાન, એકતા અહિંસા જેવા વિચારોની નવી મોહકતા, લાંબા સમયના સહવાસથી હવે ઓછી અને આછી થવા લાગી હતી. અર્થાત્ એ વખતે **બૌદ્ધધર્મ**ની ભરતીનો સમય પૂરો થઇ ચૂકયો હતો, અને ઓટ થવાની આખરી નોબતો વાગી રહી હતી. એ વખતે અખિલ હિંદમાં **વેદધર્મ** અને **બૌદ્ધધર્મ**ની લગભગ એક સરખી જ સત્તા ચાલી રહી હતી; અને એ બન્ને પ્રબળ પ્રતિ-સ્પર્ધી ધર્મો, ભારતના મુખ્ય બે ધર્મો ગણાતા હતા. એ બેમાં રાજ્યાશ્રયને યોગે **બૌદ્ધધર્મ** વધારે પ્રતાપી બન્યો હતો; પરંતુ મહારાજા **શીલાદીત્ય**ના સમય પછી, **બૌદ્ધ-રાજ્ય**નો તો હિંદમાંથી અસ્ત થવા લાગ્યો, અને તેની સાથે બૌદ્ધધર્મની પણ હિંદમાં પડતી શરૂ થઇ. આશરે બસો એક વર્ષ પછી જોર પર ચ્હડેલી, ઇસ્લામી પ્રજા જેવી વિધર્મી, વિદેશી અને ધર્મઝનૂની સત્તાના સખ્ત સપાટાઓ સ્હામે, ભારતના એ બન્ને મુખ્ય ધર્મોને આત્મરક્ષા માટે ઝુઝવાનું હતું. એ ધર્મયુધ્ધો શરૂ થયા પછી, **બૌદ્ધધર્મીઓ**ની પ્રતાપ-જ્યોત પહેલવહેલી સપડાઇ ગઈ, અને શીઘ્રગતિએ ક્ષીણ થવા લાગી. સમર્થ રાજ્યાશ્રયના અભાવે, એક બાજુએ બૌદ્ધધર્મની જ્યારે ભારતવર્ષમાં પડતી થતી હતી, ત્યારે બીજી બાજુએ પુનરૂજ્જીવન પામેલા વૈદિક બ્રાહ્મણ ધર્મનો પ્રતાપભાનુ, ક્રમેક્રમે ભારતનાં ગગનમાં વિશેષ પ્રકાશ જમાવવા લાગ્યો. **બ્રાહ્મણો, રાજપૂતો** તેમજ દેશી રાજ્યોએ, પવિત્ર સનાતન ધર્મના ઉદ્ધારક, દિવ્યશક્તિશાળી, પ્રતાપી **શંકરાચાર્ય ભગવાન્** જેવા નવા અવતારી નરને સહર્ષે વધાવી લીધા, અને પુનઃ રાજ્યનો આશ્રય મળવાથી, પવિત્ર બ્રાહ્મણોનો **વૈદિકધર્મ** પાછી પોતાની સત્તા જમાવીને, **હિંદમાં** પ્રકાશવા લાગ્યો. તેના નવાં તેજ આગળ **બૌદ્ધમત**નો પ્રતાપ ઝાંખો પડી ગયો !

કેટલાક ઇતિહાસકારોનો એવો મત છે કે, બુદ્ધિશાળી, જ્ઞાની અને સત્તાધારી સુધારક બ્રાહ્મણોને, **શંકરાચાર્ય** જેવા સમર્થ સહાયક મળવા પછી, તેમની જ ઉશ્કેરણીથી **ભારત**માં બુદ્ધધર્મની પડતી થઇ હતી; પરંતુ ઐતિહાસિક દૃષ્ટિયે એ આક્ષેપ સત્ય નથી. સત્ય વાત તો એ છે કે, તર્કશાસ્ત્ર અને ન્યાયનાં તીવ્ર બુદ્ધિબળવાળા બ્રાહ્મણોએ, ધર્મની ચર્ચા અને વાદવિવાદમાં એ વખતના બૌદ્ધ-મતવાદીઓને મહાત કર્યા, અને **વેદધર્મ**નું વર્ચસ્વ સ્પષ્ટ રીતે, જનતાના

અંતરમાં ઉતારી દીધું. એથી વૈદિક તત્ત્વનાં તેજ આગળ, બૌદ્ધોનાં સાદા અને સરળ સિદ્ધાંતો, લાંબો વખત ટકી શકયા નહિ.

એ અરસામાંજ સમર્થ **કુમારિલ સ્વામી** અને તેમની પાછળ શ્રીમદ્ જગદગુરૂ શંકરાચાર્ય જેવા, મહા પ્રતાપી દિવ્યપુરૂષોના આવિર્ભાવથી, સનાતન હિંદુધર્મને ઘણો પ્રોત્સાહન ભર્યો પ્રભાવ પ્રાપ્ત થયો. **શંકરાચાર્ય મહારાજે** ઉગ્રત્યાગ, સ્નિગ્ધ હૃદયબળ, અને અજીત જ્ઞાનબળ પ્રકાશી, પોતાના સમયની બધી ફિલ્સુફીઓ, ન્યાય સંસ્થાઓ, તેમજ ધર્મ વિચારની શ્રેણીઓને મહાત કરી, કાશ્મીરથી કન્યાકુમારી, અને કરાંચીથી કલકત્તા સુધી હિંદની દશેદિશામાં તેમણે વેદાંત અને વેદધર્મનો વિજય વર્તાવ્યો. અને સુધન્વા મહારાજ તેમજ કાશીરાજ જેવા સમર્થ રાજપુરૂષોના શુભાશ્રયથી, વેદધર્મનો અખિલ હિંદમાં પુનઃ દિગવિજય કર્યો. શ્રી શંકરાચાર્યે તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રના એક અદ્વિતીય મહાન્ ક્રાંત્તિકાર તરીકે, અખિલ જગતમાં અમર નામના કરી છે. તેમના પ્રતાપેજ પ્રાયઃ બ્રાહ્મણધર્મ પાછો વિજય પ્રાપ્ત કરીને, અખિલ હિંદમાં નવેસરથી શ્રુતિ ભગવતીની દિવ્યજ્યોતિ પ્રકાશવા લાગ્યો. એ રવિતેજ આગળ **ગૌતમબુદ્ધ**નો શીતળ શશીપ્રભાવ, ઝાંખો જ પડી જાય, એ સ્વાભાવિક જ હતું. મહાત્મા બુદ્ધને ન્યાય આપવા ખાતર, અને તેમના વિશ્વપ્રેમ તેમજ અહિંસાવાદને વખાણવા નિમિત્તે, તેના ઐતિહાસિક પ્રભાવનો અહિં સંક્ષેપ ઉલ્લેખ કરેલો છે, પરંતુ **ગૌતમબુદ્ધ**ના ધર્મપ્રચારવડે, હિંદને તો લાભ કરતાં વિશેષ હાની જ પહોંચી છે. **ગૌતમબુદ્ધ**ની હયાતીમાં તો, એ ધર્મનું નૈતિક ધોરણ કંઇક ઠીક ઠીક ચાલ્યું, પરંતુ તેમના અવસાન પછી, સંસર્ગદોષ, અને સત્તાના લોભે, બૌદ્ધોમાં પણ અનેક અનાચારો વધી પડયા. તેના ઘણા ફાંટાઓ પડયા, અને ખોટા દંભ આડંબરનો ઉદય થયો. અહિંસાવાદનો મૂળ મંત્ર સ્વીકારનારા, બૌદ્ધધર્મે કંઇ હિન્દુસ્તાનમાં ઓછાં યુદ્ધો ખેલ્યાં નથી ! એ પંથના ત્યાગી ગણાતા સાધુશ્રમણો પણ, બુદ્ધના સમય પછી અણીનો પ્રસંગ આવ્યો ત્યારે અસ્ત્રશસ્ત્ર સજી—રણે ચડીને,—પોતાના નિર્દોષ દેશબંધુઓનાં લોહી વહેવરાવવામાં જરાય પાછા હઠયા નથી ! સર્વોપરીસત્તાના એ મધ્યાન્હ વખતે, બૌદ્ધોના વધી પડેલા મદ, લોભ, ખોટા આડંબર અને બહારના ઠાઠમાઠે, અનેક અનાચાર—અનીતિઓને અવકાશ આપ્યો હતો. તે ઉપરાંત બહુ ઉંડાં તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો રચવાની મહત્વાકાંક્ષાએ, એ પંથના પંડિતોએ, અગણિત કલ્પિત ગ્રંથો વધારીને, ધાર્મિક સિદ્ધાંતો તથા વિચારોનો ખરેખરો ખીચડોજ બનાવી દીધો હતો ! એ બધા ગુંચવાડાથી જે સત્યો સાદી ભાષામાં બુદ્ધે સમજાવેલાં, તેમના ઉપર આડંબરનાં અનેક પડોજ ચડી ગયાં હતાં; વળી જે સાદાઇ અને સરળતા, ભારતના

પ્રાચીન ૠષિ-મુનિઓમાં પ્રાધાન્ય ભોગવતી હતી, તેનો પણ બુદ્ધના મૃત્યુ પછી દાંભિક બૌદ્ધોના બહારનાંજ ઠાઠમાઠમાં બિલકુલ નાશ થયો, અને એ બૌદ્ધ ધર્મને પાછો હઠાવવા માટે જ્યારે સનાતન-હિંદુધર્મને, હરીફાઈમાં ઉતરવું પડયું, ત્યારે જાહેર જનસમાજને પોતાના તરફ આકર્ષવા માટે નિરૂપાયે બુદ્ધ-ધર્મના એ વખતના દંભ, આડંબર, અને ઠાઠમાઠની થોડી ઘણી છાયા પણ ઉચ્છીતી લેવીજ પડી! ભવ્ય દેવમંદિરો, અને સોનારૂપાંની પ્રચંડ મૂર્ત્તિઓ, તેમનાં અમૂલ્ય રત્નોના કિંમતી આભૂષણો, સેવાપૂજાના આંખોને આંજી દે એવા ઠાઠમાઠ, દીપમાલા અને મીઠા પ્રસાદના થાળ, જેવા અનેક આડંબરોનું તેમને અનુકરણ કરવું પડયું! ફક્ત સેવકો વધારી, સ્વાર્થ સાધવા માટે જ કેટલાક સનાતન મતોમાં અનેક યાંત્રિક માંત્રિક સાધનો, તેમજ વિવિધ વિચિત્ર ક્રિયા-કાંડો, પહોરપહોરનાં દર્શનો અને ઝાંખીઓ, તેમજ સમય સમયના અનેક ઉત્સવો ઉજવવાની ધમાલ, અને એવા બીજા અનેક ઠાઠમાઠો વધારીને, હિંદુ-ધર્મને પણ બૌદ્ધ અને જૈનોના આડંબરનું અનુકરણ કરી, સામાન્ય પ્રજાવર્ગને પોતાના તરફ વાળવાના અનેક પ્રશંસનીય તેમજ અનેક નિંદ્ય યત્નો કરવા પડયા. સાદાં શિવમંદિરોનાં ભાવપૂજન અને વિભૂતિનાં ભસ્મ-લેપનને સ્થાને, ભવ્ય અને સુશોભિત ધર્મમંદિરોમાં, અનેક વિચિત્ર ક્રિયા-પ્રક્રિયા અને પૂજા-વિધિઓના ઠાઠમાઠ દાખલ થયા! દેવ દર્શનની ભવ્યતા વધી પડી. સ્તવનોમાં ગીત-સંગીતનાં ગુંજનો ચાલ્યાં! એવાં અનેક મોહક સાધનોથી, હિંદુજનતાનો મ્હોટો ભાગ, પાછો પોતાના મૂળધર્મ તરફ આકર્ષાવા લાગ્યો, અને **ભગવાન્ શંકરાચાર્ય** પછી પરમ પૂજ્ય **વિદ્યારણ્યસ્વામી** જેવા સમર્થ સાક્ષર સં-રક્ષકો મળવાથી, હિંદુઓના સનાતન ધર્મની, પુનઃપ્રબળ વેગે પ્રગતિ થવા લાગી; પરંતુ **બૌદ્ધો** અને **વામીઓનો** તેની સાથેનો વિરોધ તો ચાલૂજ હતો. રાજદ્વારી ઝગડાઓ ઉપરાંત, એ ધાર્મિક વિરોધોનું જોર પણ હિંદમાં ખૂબ જામી રહ્યું હતું, અને બૌદ્ધોથી છૂટા પડેલા કેટલાક હિંદુઓને તો શુષ્ક જણાતો શંકરાચાર્ય **સ્થાપિત વેદધર્મ**, લાંબો સમય સંતોષી શકયો નહિ; એટલે તેઓ **વામ, ચાર્વાક, ભૈરવ** અને **કુલધર્મ** જેવા અનેક અનીતિ વર્ધક છૂપા પંથોમાં ભળવા લાગ્યા! **શંકરાચાર્ય** મહારાજ પછી સોએક વર્ષે, શક્તિપંથે બહુ જોર પકડયું, અને ખૂદ શંકરાચાર્ય મહારાજની પંચાયતન-પંચ દેવપૂજામાં, આદ્યશક્તિને મુખ્યસ્થાન આપેલું હોવાથી, શક્તિપૂજાનો મહિમા, બીજા દેવોની ઉપાસના કરતાં પણ અધિક દર્શાવી, વિષયવાસનાની પરિતૃપ્તિ ઇચ્છનારા, કેટલાક પાખંડીઓએ, શક્તિપંથમાં **વામમાર્ગ, કુલ-ધર્મ, કાંચળીઆપંથ** અને **કાપાલિકમાર્ગ** જેવા કેટલાએ ભયંકર, ભેદી અને દુરાચારી ફાંટાઓ ઉભા કરી દીધા!

આ પ્રમાણે ઇસૂની દશમી સદી સૂધીમાં તો, **ભારતનું ધાર્મિક-જીવન**, વિવિધ મતસંપ્રદાયોના અગણિત તોફાની તરંગો વચ્ચે ઝોકાં ખાતું, આંદોલિત -અસ્થિર-અવસ્થા ભોગવી રહ્યું હતું, **વિદ્યારણ્ય સ્વામી** પછી **શંકરાચાર્ય** મહારાજના પવિત્ર સંપ્રદાયમાં પણ, અનેક મતભેદો અને ફાંટાઓ ઉપસ્થિત થયા; એથી વૈદિકધર્મની એકછત્ર છાયાં નીચે, ભારતની અખિલ આર્યપ્રજા, હજુ એકત્ર થઇને, પવિત્ર વેદમાર્ગમાં આવી શકી ન્હોતી, એટલામાં તો, **સનાતન-ધર્મ**માં પણ અનેક ફાંટાઓ ઉભા થયા! ઘેર ઘેર અને માણસે માણસે, નવાનવાધર્મની ઉત્પત્તિ થઇ! જેટલા પથરા એટલા દેવ બન્યા! અને વાચાળ-શકિતથી' મનમાની તોપો હાંકીને, બીજાનાં મન ઉપર ઉંડી અસર કરી શકે, એવા કુશળ પાંખડીઓ, અવનવા ધર્મના આચાર્યો બની બેઠા! તેમણે કેટલાક કલ્પિત અને બિનપાયાદાર મત-મતાંતરો હિંદમાં ફેલાવી, ઘેર ઘેર વહેમ, કલહ-કુસંપ, અને અનાચારનો દાવાનળ પ્રકટ કીધો.

આ પ્રકારની ધાર્મિક અને સામાજીક અવ્યવસ્થાથી, હિંદુસ્તાનના દિવસો રૂઠયા! તેના પ્રતાપી ધર્મભાનુને કુટિલ રાહુનું ગ્રહણ લાગ્યું! વિશ્વ પ્રકાશિત પવિત્ર દેશઉપર અધર્મ અને અજ્ઞાનનાં અંધારાં વાદળાં ઘેરાવા લાગ્યાં; અને એ તકનો બરાબર લાભ લઇને, પડોસમાં જાગૃત થતી, **ઈસ્લામની નવી શકિત**એ, હિંદમાં મક્કમ પગલે પગ પેસારો કર્યો તેની ટુંકી રૂપરેખા, આ પછીનાં પ્રકરણોમાં આંકવાનો યત્ન કર્યો છે.

## પ્રકરણ ૩ જું

### " ભારતનું સ્થિત્યન્તર "

અને

### હિંદમાં ઇસલામનો પ્રવેશ.

" सुखस्यानन्तरं दुःखं, दुःखस्यानन्तरं सुखम् ।
नीचैर्गच्छत्युपरिच दशा चक्रनेमिक्रमेण ॥ " મહાભારત.

**અર્થાત્**—દિવસ પછી રાત્રિની પેઠે, સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, ઉદય પછી અસ્ત, અને અસ્ત પછી ઉદય, આવ્યાજ કરે છે. ગાડીના ચક્રનો આંટો ઉપર નીચે ફરતોજ રહે, એ પ્રમાણે પ્રાણી માત્રની દશાનું ચક્ર પણ દિનરાત ફરતુંજ રહે છે. ઉદયાસ્તના એ અચલ નિયમને કોઈ બદલાવી શકતું નથી. એ કુદરતી નિયમાધીન **ભારતવર્ષ** પણ, આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે, પોતાના ઉજ્જવળ દિવસો પૂરા કરીને, અસ્તના સીમાડા ઉપર આવી ઉભો હતો. તેની ચારે દિશાઓમાં રાજ્ય, સમાજ તેમજ ધર્મનાં ક્ષેત્રમાં પણ કુસંપ અને અધર્મનો જ્વાલામુખી જાગી ચૂકયો હતો. રાજપૂત રાજાઓના અંદરઅંદરના અનેક ઝગડાઓથી, હિંદમાં ન્હાનાં ન્હાનાં અનેક રાજ્યો ઉભાં થયાં હતાં, અને તેઓ નજીવા મતભેદને માટે એક બીજા સાથે લડી ઝગડીને, પોતાની શારીરિક, આર્થિક, તેમજ આત્મિક શક્તિઓને પણ ખપાવી રહ્યા હતા. **' જેવા રાજા તેવી પ્રજા '**—એ ન્યાયે એ વખતની આર્યપ્રજામાં પણ, ઘેર ઘેર મતભેદ અને કલહકુસંપના અનેક બખેડા જાગ્યા હતા. એ ધાર્મિક વિરોધ અને અવદશાને યોગે એકજ વૈદિક સનાતનધર્મના, હજારો ફાંટા પડી, ચોમેર તે ફેલાઈ ગયા હતા, અને એ ધાર્મિક સંપ્રદાયો પણ અંદર અંદર—એક બીજાની સાથે લ્હડી લ્હડીને, હિંદુસમાજને ક્ષીણ અને સત્વહીન બનાવી રહ્યા હતા.

આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે, હિંદના જેવીજ એ વખતે એશિયાખંડના બધા દેશોની દુર્દશા થઈ રહી હતી. જંગલી રીતરિવાજો, દુષ્ટ વહેમો અને કુટિલ રૂઢીઓનો પ્રતાપ, પોતાના પગ પસારી, અખિલ એશિયાખંડને, અનાચારના અખાડા જેવો બનાવી રહ્યાં હતાં. અધર્મને પ્રભાવે, તેના સઘળા દેશોમાં, કુસંપ, કુકર્મ અને કજીયા-ઝગડાની તડામારી ચાલી રહી હતી.

એશિયાના બીજા દેશોની પેઠે પહાડી ખમીરવાળી, સાહસિક અને ઝનૂની આરબજાતિથી વસેલા, અરબસ્તાનમાં પણ, એ વખતે અનેક પાંખડો અને કુટિલ મતપંથો ચાલી રહ્યા હતા. વનનાં જંગલી પશુઓ, મગર અને નાગ જેવાં ભયંકર જાનવરોને દેવ સમજી, આરબો તેમની પૂજા કરતા, પત્થર એટલા પીર બનાવી, જીવતાં માણસોને તેમને બલિદાન આપવા જેવી ભયંકર ક્રિયાઓ ત્યાં ચાલી રહી હતી, અને ખાસ કરીને નારીજાતિ ઉપર તો અસહ્ય જુલ્મ થતો હતો. આરબોનાં જૂદાં જૂદાં કુટુમ્બો અને જથ્થાઓ, એક બીજાના લોહીના તરસ્યા બની, ખૂનખાર ઝગડા ચલાવી રહ્યા હતા. આવી ભયંકર પરિસ્થિતિમાં જ્યારે અરબસ્તાન ઘેરાયું હતું, ત્યારે પોતાની ટેક પ્રમાણે પાપનો ભાર ઉતારવા, પરમાત્માએ આરબજાતિમાં એ વખતે એક નવી શકિત ઉત્પન્ન કરી.

અરબસ્તાનનાં મુખ્ય શહેર મક્કામાં, કાબાનું ધર્મસ્થળ એ વખતે જૂદી જૂદી ત્રણસોસાઠ દેવમૂર્ત્તિઓથી ભરેલું હતું, અને એ કાબાની રખેવાળી કુરેશી ખાનદાનના હાસમી વંશમાં હતી. એજ વંશમાં હજરત અબદુલ્લાને ઘેર મહાન્ ઈસ્લામધર્મના સ્થાપક હજરતમહમ્મદનો જન્મ ઈ. સ. ૫૭૦ માં ઑગસ્ટ માસની ૨૯મી તારીખે થયો. કાબાની મૂર્ત્તિઓનું ખંડન કરી, અનેક ભયંકર અને વિચિત્ર દેવતાઓની પૂજાનો નિષેધ કરી, તેમણે અરબસ્તાનમાં એકેશ્વરવાદ ફેલાવ્યો. પોતાના ધર્મના પ્રચાર અને રક્ષણ માટે તેમણે ઘણા સુંદર નિયમો ઘડયા, અને સત્ય તેમજ ન્યાયબુદ્ધિથી, ધર્મને માટે મ્હોટા ભોગો આપી, એમણે પોતાનાં જીવનમાંજ ઇસ્લામનો મજબૂત, પાયો નાંખ્યો. આસપાસના સઘળા સંજોગો તેમના નવા ધર્મના વિકાસ માટે એ વખતે ઘણા અનુકૂળ હોવાથી, ઈસ્લામનો વાવટો, દિવસે દિવસે ફેલાવા અને વિજયી થવા લાગ્યો.

એમનાં મૃત્યુ પછી, પણ શૂરવીર અને કાર્યકુશળ ખલીફોના પ્રયાસોથી, ઈસ્લામધર્મ, અરબસ્તાનને છોડીને આગળ વધવા લાગ્યો હતો; અને એક જ સૈકામાં તો મધ્ય એશિયા, ઈરાન, અફઘાનિસ્તાન, તાર્તાર, મંગોલીયા, જેવા ઘણા એશિયાઇ દેશોમાં તે વ્યાપી રહ્યો. હજરતમહમ્મદ પછીના બે ત્રણ સૈકામાં તો એ ઝનૂની પ્રયાસથી તે છેક યુરોપની સીમાને પણ અડકી ચૂક્યો હતો; આ તરફ અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન સુધી તેની વિજયી સત્તા વ્યાપી રહી હતી. ઈસૂની આઠમી સદીની શરૂઆતમાં તો, ધર્મપ્રચાર અને રાજ્યપ્રચાર કરતી ઇસલામની દીની તલવાર, હિંદુસ્તાનને પોતાનું બનાવી લેવાના લોભથી, છેક હિંદુકુશની ગિરિમાલા સુધી આવી પહોંચી હતી

એ વખતે આગળ જણાવ્યા પ્રમાણે હિંદુસ્તાનની તો પૂરેપૂરી પાયમાલી થઇ રહી હોવા છતાં, હિંદુ રાજા પ્રજાનો પ્રભાવ કંઈક બાકી હતો. એથી સત્તાના જોર ઉપર, ધર્મઝનૂનથી આગળ વધતી, ઈસ્લામની સેના, હિમાલય અને હિંદુકુશ જેવા અખંડ પહાડોની પ્રચંડ દિવાલો ભેદીને, બળવાન્ હિંદુ જાતિ ઉપર હાથ ઉઠાવવાની એકાએક હિમ્મત કે સાહસિકતા કરી શકે તેમ ન્હોતું. રાજપૂત—રાજ્યો કુસંપથી અને હિંદુજાતિ ધાર્મિક અવ્યવસ્થાથી, ક્ષીણ અને છિન્નભિન્ન બની રહી હોવા છતાં પણ, વીરતા અને ધર્માભિમાનની આછી આછી જ્યોતિ ત્યાં જાગૃત હતી. એટલે બાહૂબલ કે તલવારથી આગળ વધતા ઈસ્લામીઓને એ વિશાળ હિંદુજાતિ ઉપર જીત મેળવવાની, કેટલાંક વર્ષોની હજુ વાર હતી. આરબજાતિ કેટલાંક વર્ષોથી હિંદભૂમિરૂપી સુવર્ણમૃગના શિકાર માટે આંખો ખેંચીને આતુર બની રહી હતી, અને હિંદમાં ઈસલામનો વિજય વાવટો ફરકાવવાની ખાસ તેની મુખ્ય મહત્વાકાંક્ષા હતી; પરંતુ એ આકાંક્ષાને એકાએક સફલ કરવાનું કાર્ય કંઈ સહેલું ન્હોતું; એથી હિંદુસ્તાન જેવા સમૃદ્ધીવાન્ અને રસાળ મુલક ઉપર અધિકાર જમાવવાની તેમની એ મહત્વાકાંક્ષાને ફળીભૂત કરવા માટે, તેમને બીજાં ત્રણસો સાડા ત્રણસો વરસ સૂધી, પોતાનું બળ જમાવતાં, અને લશ્કર વધારતાં, યોગ્ય સમયની રાહ જોઇને બેસી રહેવું પડયું હતું.

ત્રણ બાજુએ સમુદ્રથી, અને એક બાજુએ અચલ હિમાચલની દુર્ભેદ્ય ગિરિમાલાથી કુદરતે જ હિંદુસ્તાનને સુરક્ષિત રાખ્યો હતો. એથી લગભગ ઈસૂના દશમા સતક સૂધી તો હિંદુસ્તાન, બીજા બહારના જગતથી બહુભાગે અલગ અને અલીપ્તજ હતું. આરબજાતિના ઉદય પછી, હિંદની એ સુખરૂપ એકાંતની શાંતિ સમાધિમાં અણધાર્યાં એક પછી એક વિઘ્નો આવવાં લાગ્યાં ! સુવર્ણભૂમિ ભારતની અખૂટ ધનસંપત્તિ, અને રિદ્ધિસિદ્ધિનાં તેજથી પૂરતાં પાણી અને પોષણ વગરના લૂખા-સૂકા રેતાળ પ્રદેશમાં વસનારી, આરબજાતિની આંખો અંજાઇ રહી હતી, અને ઘણા લાંબા સમયથી, એ સુવર્ણમૃગ ઉપર તરાપ મારીને, હિંદને પોતાનો બનાવી લેવાની, તેમણે ધારણા રાખી હતી. એ લોભ તેઓ લાંબો વખત દબાવી શક્યા નહિ. બળવાન્ આર્ય પ્રજા સ્હામે હથિયારો ઉઠાવી, તેને જીતીને પોતાના કાબુમાં લેવા જેટલું તેમનામાં પરિબળ ન્હોતું, છતાંય ઈસૂની સાતમી સદીમાં જ ભાગ્યદેવીનો દાવ અજમાવી જોવાને, તેમણે પાસો ફેંક્યો.

મહમ્મદ પેગંબરના મૃત્યુ પછી, પંદર વર્ષે ઇ. સ. ૬૪૭માં આરબોના બળવાન સરદાર ઉસમાને એક મજબૂત દરિઆઇ કાફલો તૈયાર કરીને, દરિઆઈ માર્ગે, થાણા અને ભરૂચ બંદર ઉપર ચ્હડાઇ કરી; પરંતુ આર્ય

વીરોના ધક્કા ખાઇ, તેનાં લશ્કરને પરાજય પામી, ત્યાંથીજ પાછા ફરવાની ફરજ પડી !

ત્યારબાદ, ઈ. સ. ૬૬૨–૬૪ સૂધી ઝનુની **આરબો** અને **અફઘાનો** એકત્ર થઇને, ભૂમિમાર્ગે હિંદનાં ધન અને ધર્મની અખૂટ સંપત્તિ લૂંટવા માટે, **મહમ્મદી દીન**ના અર્ધચંદ્રાકાર વાવટા નીચે તૈયાર થઇ. ખૈબર ઘાટને રસ્તે, હિંદમાં ધૂસ્યા ! તેમણે પૂરજોશ અને ઝનૂન સહિત, હિંદના ઉત્તરપ્રદેશો ઉપર પ્રબળ ધસારો કર્યો; પરંતુ એ હુમલામાં પણ તેઓ છેવટ સજ્જડ હાર પામી, હતાશ થઇને, પાછા ફર્યા. બીજો કોઇ માર્ગ ન રહેવાથી, તેમણે છેવટે હિંદ સાથે સલાહ કરી, મળીસંપીને ભાઈચારાનો સંબંધ જાળવી રાખવાની કબૂલાત આપી, **હિંદવાસીઓ** સાથે વેપારી સંબંધ બાંધ્યો, અને તેમની મારફતે **ઈટાલીને** માર્ગે, આખા **યુરોપ** સાથે હિંદના વ્યાપારની ત્યારથી પહેલી શરૂઆત થઇ. મહાન્ સિકંદરના વખતથીજ ગ્રીકલોકોની મારફતે હિંદની વિદ્યાકલા, ફિલસુફી, તેમજ ધર્મભાવનાનાં બીજો, યુરોપમાં થોડાં ઘણાં વવાઇ ચૂકયાં હતાં. પરંતુ યુરોપને ત્યાં સુધી હિંદનો બહુ ઓછો જ પરિચય હતો. દુનિયાંની કઈ દિશામાં એ દેશ આવેલો છે, તેની પ્રજા અને પરિસ્થિતિ કેવી છે, તેનો પણ યુરોપના ઘણાખરા દેશો કે લોકોને ખ્યાલ સુદ્ધાં નહોતો. બુદ્ધના ધર્મપ્રચારકો, ઇટાલી સૂધી પહોંચ્યા હતા, પરંતુ યુરોપ સાથેનો વ્યવહાર તો **આરબજાતિ**ની મારફતે જ પહેલ વહેલો શરૂ થયો. **ભારત**ની ભવ્યકલા અને કારિગિરીનાં, તેમને લ્હાણાં મળવા લાગ્યાં; એ વખતે હિંદની જેવી જાહોજલાલી, તેવીજ ઉત્તમ કારિગિરી હતી. હિંદની એ ભવ્યતાના મહિમાથી યુરોપની ડચ, ફ્રેંચ, ઈંગ્રેજ જેવી મુખ્ય પ્રજાઓ પણ, એકવાર એ રસાળ પ્રદેશ જોવાને આકર્ષાઇ. તેમણે એને માટે અનેક પ્રયાસો અને સાહસો કર્યા. પરંતુ ખરા માર્ગનો તેમને પત્તો ન લાગ્યો. સ્વાર્થી અને શાણા **આરબો** તેમને એ વિષે કશી દાદ દેતા ન્હોતા, તેમજ માર્ગ પણ બતાવતા ન્હોતા. પરંતુ સારી કમાણીના લોભે, હિંદ અને યુરોપના વ્યાપારી સંબંધને જોડનારી સાંકળરૂપે, તેઓ પોતે જ કામ કરી રહ્યા હતા. લગભગ બેએક સદી સૂધી, આ પ્રમાણે તેમની મારફતે સીધો વ્યવહાર ચાલ્યા પછી, ઇ. સ. ૭૬૦ ના અરસામાં કેટલાક આરબ વ્યાપારીઓએ, હિંદુઓ સાથે લુચ્ચાઇ કરી. એથી એક હિંદી બંદર ઉપર આવેલાં એક અરબ્બી વહાણને, હિંદુઓએ કબજે કર્યું, હિંદુ વ્યાપારીઓનાં આ સાહસિક પગલાંથી છેડાઈને, બહાદુર આરબ સરદાર **કાસીમ**, ઇ. સ. ૭૧૨ માં મ્હોટાં લશ્કર સાથે, પગ રસ્તે હિંદ ઉપર ચ્હડી આવ્યો. તેને પણ હિંદુ રાજાઓએ હરાવી, હિંદુ-વેપારીઓને થયેલી નુકશાની આરબો પાસેથી જ ભરી લીધી. એ દાઝ

મનમાં રાખી, **આરબ, અફઘાન,** અને **પઠાણ** જેવી ઝનૂની **ઈસ્લામી** જાતિઓ એકઠી થઇને હિંદ ઉપર ચ્હડાઇ લાવવાની, મ્હોટે પાયે તૈયારીઓ કીધી. એ જાતિઓએ પહેલવહેલો જોરદાર હૂમલો, **સબક્તગીનની** સરદારી નીચે, ઇ. સ. ૯૯૭ માં કર્યો. **સિંધ, પંજાબ,** અને **કાશ્મીર** વિગેરે ઉત્તરના પ્રદેશો, એ વખતે અસ્તવ્યવસ્ત હાલતમાં હતા. ક્ષત્રિયોનું રણશૂર અને ધર્મબળ ઘટી ગયું હતું; છતાં પણ ક્ષત્રિય રાજાઓએ આફતને વખતે, એકત્ર થઇને, **પંજાબને** નાકેથીજ એ **ઇસલામી** આક્રમણને પાછું હઠાવ્યું. **ગીઝની** ગયા પછી **સબક્તગીન** તરતજ મરણ પામ્યો, અને તેનો સાહસિક અને ધર્મઝનૂની પુત્ર **મહમ્મદ ગિઝની** ગાદીએ બેઠો. તેણે ૧૦૦૧ થી ૧૦૨૪ સુધી પચીસ વર્ષ દરમ્યાન, **હિંદુસ્તાન** ઉપર સત્તર સવારીઓ કરી. રાજ્ય લોભ અને ધર્મ લોભનાં ઉંડાં બીજો, પહેલ વહેલાં એ પઠાણી સરદારના પહાડી હૃદયમાંજ હિંદને કાબૂમાં લેવા માટે મજબૂત રીતે રોપાયાં. પહેલ વહેલી કેટલીક ચ્હડાઇઓ તો તેણે પ્રજાને લૂટી, હિંદની ધન દોલત ખેંચી જવા માટેજ કરી. પરંતુ જેમ જેમ જીત મેળવીને તે વધારે ફાવતો ગયો, તેમ તેમ તેનો પગ વધારે મજબૂત થતો ગયો, અને સાતમી સવારીથી, **ભારતનાં** જુગ જૂનાં સનાતન ધર્મના મજબૂત કિલ્લા ઉપર, ત્હેણે નિશાન તાકયાં ! એ વખતે તેણે **ગુજરાતમાં** આવેલાં હિંદુઓનાં પવિત્ર તીર્થ, **સોમનાથમહાદેવનું** મંદિર ભાંગીને, શંકરના લિંગને તોડી નાખ્યું. પૂજારીઓએ મહાદેવનું લિંગ ન તોડવાને બહુ બહુ આગ્રહ કરી, તેને માટે મ્હોટી રકમો આપવાનું જણાવ્યું. તે પણ તેણે માન્યું નહિ. પરંતુ મ્હોટી દોલત મેળવવા કરતાં પોતાને મૂર્ત્તિનું ખંડન કરનારા તરિકે, જગત ઓળખે, એવા પ્રકારની નામના મેળવવાને, પોતે વધુ ઇંતેજાર છે, એમ તેણે જણાવ્યું. એ ધર્મ ઝનુની મહમદ, ત્યાર પછી એ મહાદેવના પવિત્ર મંદિરનાં કિંમતી સુખડનાં બારણાં, તેમજ શંકરની મૂર્ત્તિના ત્રણ કડકા કરીને પોતાની સાથે ગીજની લઇ ગયો' અને ગીજનીની મસ્જીદના પગથીયામાં શંકરની પવિત્ર પ્રતિમાના એ કટકા ત્હેણે જડી દીધા.

સત્તર સવારીઓ પછી, ત્હેણે ઉત્તર હિંદમાં કેટલાંક **ઈસ્લામી** રાજ્યનાં થાણાંઓ સ્થાપ્યાં. ઈ. સ. ૧૦૩૦માં તેનાં અવસાન પછી, તેના જેવાજ ધર્મ ઝનૂની બીજા કાબૂલી **શાહબુદ્દીન** ઘોરી–મહમ્મદ ઘોરીએ, હિંદ ઉપર પોતાનાં ક્રૂર આક્રમણો શરૂ કર્યાં. સાતસાત વાર, વીર **પૃથ્વીરાજ** જેવા બહાદુર રાજપૂત રાજાની થપ્પડો ખાઇને એ ઉદાર હિંદુરાજાની દયાથીજ જીવ બચાવી, તેને ન્હાશી છૂટવું પડયું હતું; પરંતુ છેલ્લી વખતે, જ્યારે ત્હેણે **દિલ્હી** ઉપર ચ્હડાઈ કરી, ત્યારે **પૃથ્વીરાજ** પોતાના સસરા **જયચંદ્ર** સાથેના ચાલુ વિગ્ર-

હોથી, અને ગુજરાતના ભીમદેવ જેવા બળવાન રાજા સાથે મહાવિરોધ થવાથી, કંઈક નબળો પડી ગયો હતો. તેનું લશ્કરી બળ ગૃહવિચ્છેદથી ક્ષીણ થઈ ગયું હતું, ઈર્ષાળુ રાજપૂતો પણ એ વખતે તેની મદદે આવ્યા નહિ. એથી એકલે હાથે, નબળાં લશ્કરની સહાયથી, પૂરતી તૈયારી વિના એકાએક યુધ્ધમાં ઉતરતાં, ઝનુની યવન સેનાને તે પહોંચી શકયો નહિ. અધૂરામાં પૂરૂં હાહુલીરાય જેવા દેશદ્રોહી બેવફા સરદારે તેને દગો દીધો. એથી કુરૂક્ષેત્રના સમારાંગણમાં તેનું પતન થયું, દિલ્હીની ગાદી એ અભાગી દિવસથી યવનોને હાથ ગઈ, અને એ કમભાગી દિવસથીજ ભારતના લલાટપટમાં, વિદેશી, વિધર્મી, રાજસત્તાનું કાળું કલંક ચોટયું. મહમ્મદઘોરી પછી, મુસલમાની રાજસત્તામાં દિવસે દિવસે વધારો થતો ગયો. તેમજ તેના રાજવંશોમાં પણ ઘણા ફેરફારો થયા, અને દિલ્હીનું રાજ્યછત્ર જૂદા જૂદા યવન વંશોના ઈસ્લામી બાદશાહોએ ધારણ કર્યું. એ હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ અને સર્વ વિદિત હોવાથી, તેના વિસ્તારનું અહિં કંઈ પ્રયોજન નથી. અહિં તો માત્ર એટલુંજ લખવાની અમને આવશ્યક્તા જણાય છે કે, તલવારનાં જોરથી, ધર્મ અને ધન લૂટનારી યવન રાજસત્તાનો અમલ ઈસૂના અગિઆરમા શતકથી શરૂ થયો, તે છેક સોળમી સદીની મોગલ શહેનશાહત સૂધી એક સરખો ચાલૂજ રહ્યો. તેમાં કુતુબદ્દિન જેવા કેટલાક સાદા અને નીતિમાન પાદશાહો પણ થયા હશે, પરંતુ બહૂભાગે, હિંદનો એ ઇસલામી રાજ્યકારભાર, જોરજુલમ, મારફાડ અને દેશ તેમજ પ્રજાની પાયમાલી વચ્ચેજ ચાલી રહ્યો હતો, ખીલજી વંશના અલાઉદ્દીન ખૂની જેવા અનેક કૂર બાદશાહો, પણ એજ અંતરાયમાં થઇ ગયા, જેણે હજારો હિંદુઓને વગર વાંકે રીબાવી રીબાવીને મારી નાંખ્યા, અને હિંસક વનપશુઓ જેવી કૂર અને ઘાતકી રાજનીતિ ચલાવીને હિંદના ઈતિહાસમાં એક ખૂની બાદશાહ તરીકે પોતાનું નામ અમર કર્યું છે ! ગંગાતીરે, હજારો વર્ષથી વેદ-ધર્મનો વિજય વાવટો ફરકાવનારાં કાશી જેવાં પવિત્ર તીર્થક્ષેત્ર ઉપર પણ અત્યાચારી આક્રમણ કરીને, ત્યાંની સુપ્રસિદ્ધ કાશી વિશ્વનાથની, પવિત્ર દેવમૂર્ત્તિનું ખંડન કરીને, નિર્દોષ હિંદુભાઇઓનાં હૃદયને તેણે મહાન્ આઘાત પહોંચાડયો હતો. એ ધનલોભી, રાજ્યલોભી, ધર્માંધ બાદશાહ, વિષયનો ગુલામ અને દયા-હીન નરાધમજ હતો. મહારાણા ભીમસિંહની સતી નારી, ઇતિહાસપ્રસિદ્ધ પદ્મિનીને હાથ કરવા માટે, તેણે શૂરવીર ક્ષત્રીયો સાથે પણ દુષ્ટ છલનીતિ વાપરી; પરંતુ કુશળ ક્ષત્રીઓએ, તેની એ કપટકળા જાણી લઇને, એવી અજબ યુકિતથી, તેને મહાત કર્યો, કે તેની વિશાળ સેના પણ ચકિત બની ગઇ અને આખરે ત્રાહ્ય ત્રાહ્ય પોકારતી ક્ષત્રિઓના યમપાસમાંથી જીવના જોખમે ન્હાશી છૂટી ! છતાં પણ પોતાનો નીચ હવસ પૂરો કરવાને માટે, અલાઉદ્દીને પોતા-ની અધમતા ન છોડી. ફરીથી ભયંકર દગાફટકાથી, મહારાણા ભીમસિંહને કેદ કરી, ક્ષત્રિકુલજયોતિ સતી-શિરોમણી પદ્મિનીને પોતાની જાળમાં ફસાવવાને

ત્હેણે ભારી છળભેદો રચ્યા ! પરંતુ એ પતિપ્રાણા વીરાંગના **પદ્મિની**એ, તેર-હજાર સતી રાજપૂત રમણીઓ સહિત પોતાના પાતિવ્રત ધર્મ અને શીયળની રક્ષા માટે, જોહરવ્રત સ્વીકારી, ભડભડ બળતી ચિતાની પ્રચંડ જ્વાલામાં પોતાનાં કુસુમ કળી જેવાં સુકુમાર શરીરો હોમી દીધાં ! **અલ્લાઉદ્દીન**ની ઈચ્છા આ રીતે અધૂરી રહેવાથી, એ કર્મ ચંડાળે **હિંદુજાતિ** ઉપર કાળો કહેર વર્તાવવા માંડયો ! અને હજારો હિંદુઓને, ક્રૂરતા અને જુલ્મ ચલાવી ત્હેણે શિરજોરીથી વટલાવીને, ધર્મભ્રષ્ટ કીધા ! છતાં પણ ક્ષત્રિઓનો અદમ્ય પ્રતાપ ત્હેની એ ક્રૂર સત્તાથી પણ ડગ્યો નહિ ! એ ક્રૂર અને ઝનૂની બાદશાહ, તેના પોતાના દગા-બાજ સરદાર કાફૂરે આપેલાં ઝેરની અસરથી કમોતે-માર્યો ગયો, અને કાફૂર જેવા હલકી કોમોના વર્ણશંકર મનુષ્યને હાથ જોખમદારી ભરેલી રાજ્યસત્તા આવવાથી, **ખીલજીવંશ**નો થોડાજ વખતમાં અંત આવ્યો.

એજ સમય દરમ્યાન **એશિયામાઇનોર** અને **તાર્તારિ**ના પ્રદેશો તરફ ઇસ્લામી સીતારો જોશપર ચ્હડયો હતો. બહાદુર **તાર્તારી**ઓનાં ટોળાંએ, **અફઘાનીસ્તાન** અને **બલુચિસ્તાન**ને માર્ગે, હિંદમાં પ્રવેશ કીધો, અને તેના આગેવાન **બાબર** બાદશાહે **મોગલરાજ્ય**ની હિંદમાં સ્થાપના કરી.

**ગિઝની, ઘોરી** કે **ખીલજી** કરતાં **તાર્તરી** લોકો કંઇક શાણા સમયસૂચક અને ચતુર હતા. **બાબરે** સમયસૂચકતા વાપરીને પોતાની રાજ્ય પદ્ધત્તિમાં ન્યાય અને નીતિને કંઇક વિશેષ સ્થાન આપ્યું હતું. તેને જ પગલે ચાલી તેના પુત્ર **હુમાયુ**એ પણ, શાંતનીતિ જાળવી; જો કે તેને ઘણાં હિંદુ રાજાઓ સાથે મહાન્ યુદ્ધો કરવાં પડયાં હતાં; પરંતુ શિરજોરીથી હિંદુઓને ધર્મભ્રષ્ટ કરવાના, અને સતીઓના શીયળ નષ્ટ કરવાના જુલ્મી પ્રસંગો તેના વખતમાં બહુ થોડા બન્યા હતા. ત્યાર પછી ઈતિહાસપ્રસિદ્ધ **અકબર** બાદશાહ થયો. **તાર્તરી**–મોગલો મૂળ શીયા **ઈસમાયલીપંથ**ના હતા. એટલે તેમના **ઈસ્લામી** વિચારો કંઇક ઉદાર અને કંઈક છલનીતિ ભરેલા હતા. **અકબરે** પોતાના વડીલો કરતાં પણ પોતાની રાજનીતિમાં વિશેષ સમય-સૂચકતા વાપરીને, ઘણા કુશળતાભરેલા ફેરફારો કર્યા. તેણે જોયું કે,–મુઠ્ઠીભર **મોગલો**, ભારતના ત્રીસ કરોડ પ્રજાજનો ઉપર કરડી તલવારની ધાર કે ભાલાની અણીઓથી કદી પણ સુખે રાજ્યસત્તા સાચવી શકે જ નહિ. **હિંદુ-જાતિ** સાથે, પ્રેમભર્યો સંબંધ વધારી, મીઠાસથી જ સ્વાર્થ શાધી શકાય તેમ છે. સત્યપ્રીય, સાચા અને ટેકીલા રાજપૂતો ઉપર વિશ્વાસ રાખવાથી પસ્તાવાનો સમય નહિજ આવે.” આવો નિર્ણય કરી, તેણે પોતાની રાજ્યપદ્ધત્તિ બહુ બદલી દીધી. કુશળ રાજપૂત અને હિંદૂ નરવીરોને, તેણે પોતાના રાજ્યકારભાર-માં મ્હોટા મ્હોટા હોદ્દાઓ આપ્યા. સહુને સ્વેચ્છાઅનુસાર ધર્મ પાળવા દેવાનો જાહેર ઢંઢેરો પીટાવ્યો. કર, જકાત વિગેરેમાં **હિંદુ–મુસલમાન**માં તે વખત સૂધી જે પક્ષપાત ચાલતો હતો, તે ત્હેણે દૂર કર્યો. અને એથી

પણ વધારે દૂરંદેશીવાળું એક કુનેહભરેલું સચોટ અને અસરકારક પગલું ભર્યું. હેત–પ્રીતથી વીર રાજપૂત રાજા અને સરદારોનાં મન જીતી લઈ, ત્હેણે **હિંદુ–મુસલમાન** વચ્ચે લગ્ન–સંબંધ શરૂ કરાવ્યો, એથી અણધારી રીતે ઘણા રાજપૂત રાજાઓ, તેની આ છલનીતિ અને કુશળ રાજપદ્ધતિનો ભોગ બન્યા. વિદેશી મોગલસત્તાનો પાયો હિંદની સરભૂમિમાં મજબૂત નંખાયો. **અકબર**ના સમયમાં તેની આ છલનીતિને સારી રીતે સમજી શકેલા, **શિશોદિયા** કુળના મેવાડના ટેકીલા મહારાણા **પ્રતાપસિંહે** અકબરની છલનીતિનો જાહેર રીતે વિરોધ કર્યો, અને મુસલમાન સાથેનો કોઈપણ પ્રકારનો સંબંધ–સહકારનો તેણે તીવ્ર રીતે નિષેધ કર્યો.

અકબરે પહેલાં તો ઘણા ઘણા દાવપેચો ચલાવ્યા, પણ પ્રતાપી **પ્રતાપ** તેની જાળમાં નજ આવ્યો. છેવટે પોતાની ધારણામાં છેકજ નિરાશ થયેલા, **મોગલશાહે, મેવાડાધિરાજ પ્રતાપસિંહ** સ્હામે યુદ્ધ જાહેર કર્યું; અને કાટાંથી કાંટો કાઢવાની કળા વાપરીને, **જયસિંહ, માનસિંહ, જસવંતસિંહ,** અને **ટોડરમલ** જેવા અનેક શૂરા રાજપૂત સરદારો, સામંતો ને પોતાના પુત્ર **સલીમ** સાથે સજ્જ કરીને મેવાડના રાજપૂતો સ્હામે રણે ચ્હડાવ્યા ! હજારો કિંમતી જાનોની એથી ખૂવારી થઇ. **મેવાડ** ઉજ્જડ વેરાન બન્યું. **પ્રતાપને** જંગલની ઘીચ–ઝાડીઓમાં, પ્રાણથી વ્હાલા સ્વધર્મની રક્ષા માટે, સિંહની ગુફાઓ શોધીને છુપાઈ રહેવું પડયું. છતાં પણ ત્હેણે જીવતા સૂધી પોતાની ટેક છોડી નહિ, અને છેવટે મહાન્ **મોગલસેનાને** પરાસ્ત કરી રણ–મેદાનમાં જીત મેળવીને, કમલમીર અને **ચીતોડ**ના મજબૂત કિલ્લાઓમાં રાજપૂતોની પાછી રાજસત્તા સ્થાપી દીધી. અને **વેદધર્મ**નો પવિત્ર વાવટો, **રાજ્યસ્થાન** તેમજ **મધ્યહિંદમાં** ફરકાવી દીધો ! **પ્રતાપસિંહ** જેવા ધર્માભિમાની અને ટેકીલા ક્ષત્રીયવીરની વીરતાની કદર પીછાણી, વૃદ્ધ અકબરે છેવટે નમતું મૂકયું, અને **મેવાડ** સાથેનાં યુદ્ધનો એ રીતે સલાહ સમાધાન થતાં અંત આવ્યો.

**અકબર** પછી તેનો પુત્ર **સલીમ, જહાંગીર**નું ગૌરવશાળી નામ ધારણ કરીને **દિલ્હીની** ગાદીપર આવ્યો. **જહાંગીર ધર્મઝનૂની** અને નિશાબાજ હોવા છતાં, ઘણી બાબતોમાં તેના પિતાના સ્વભાવને મળતો હતો. તેના સમયમાં ધર્મભેદને લીધે, જાણવા જેવાં યુધ્ધો થયાં નથી; જો કે **ઇસ્લામી–ધર્મ** પ્રસારવાની ઇસમાઇલીઓની છલનીતિ તો, તેના વખતમાં પણ ચાલૂ જ હતી ! તેનો પુત્ર **શાહજહાન** પણ એવીને એવીજ રીતે, **મોગલ**–રાજનીતિને જાળવી રહ્યો હતો. એ ભોળા અને નરમ દિલના બાદશાહને કારાગારની કાળ કોટડીમાં પૂરી તેના કુટિલ, રાજ્યલોભી અને ઝનૂની પુત્ર **ઔરંગઝેબે** **દિલ્હીની** શહેનશાહત શિરજોરીથી ઝુંટાવી, ગેરકાયદેસર રાજસત્તા, તેણે પોતાને હાથ લીધી, અને તેનો એવી ક્રૂર અને સ્વચ્છંદી રીતે દુરૂપયોગ કર્યો કે, **અકબર** અને **જહાંગીર** જેવા ચતુર બાદશાહોએ મોગલ રાજ્યના રોપેલા મજબૂત પાયાને જડમૂળથી ઉખેડી નાંખ્યો.

## પ્રકરણ ૪ થું.

### " ઈસ્લામી રાજ્યસત્તાનો અંત. "

આ જગત્‌ના સર્વ વ્યવહારો ઉપર અદૃશ્ય ઈશ્વરી શક્તિનો અંકુશ રહેલો છે. અખિલ બ્રહ્માંડમાં પ્રભુએ પોતાનું પ્રેમરાજ્ય પાથરવા માટે, આ સ્વર્ગના બગીચા જેવી સૃષ્ટિ ઉત્પન્ન કીધી, અને તેની વ્યવસ્થાનો અધિકાર બુદ્ધિશાળી મનુષ્યને સોંપ્યો; છતાં પણ જાતિ દેખરેખ રાખવા માટે અંતર્યામી રૂપે તેમની અદૃશ્ય સત્તા જગતના વ્યવહારને, તેમજ મનુષ્યને હાથે ચાલી રહેલા, એ જગત્‌ના રાજ્યતંત્રને સર્વદા બરાબર નિહાળી રહી છે. પ્રભુનો સંકેત જગત્‌માં પ્રેમ અને ધર્મરાજ્ય ચલાવવાનો હોવાથી, મનુષ્ય જ્યાં સુધી એજ માર્ગે સીધો ચાલ્યો જાય, ત્યાં સુધીજ ઈશ્વરની છુપી સત્તા અને કુદરત તેને અનુકૂળ થાય છે. રાજકારભારના અટપટા પ્રસંગોમાં જરૂર જણાય ત્યાં મદદગાર પણ થાય છે. આ પ્રકારે વિશ્વરૂપી વિશાળ યંત્રાલયમાં, મનુષ્યો તો ઈશ્વરની સત્તાદોરીથી નાચતાં અને વિવિધ કાર્યો કરતાં, કર્માધીન પૂતળાંઓની પેઠેજ જાણ્યે અજાણ્યે ઇશ્વરી સંકેતનેજ સફલ કરી રહ્યાં છે. એ મનુષ્યના મગજમાં જ્યારે શયતાન પેસે છે, અને ગુમાનના ધુમાડાથી તેને બહેકાવી, અનીતિ, અધર્મ તથા અત્યાચારને માર્ગે ખેંચી જાય છે, ત્યારે એ માર્ગ ભૂલેલા મુસાફરોને, ઠેકાણે લાવવા માટે, ઇશ્વરીસત્તાની વગર અવાજની અદૃશ્ય લાકડી, તેની ભૂલોનો બરાબર જવાબ લે છે, એ ધોરણે ન્યાય અને ધર્મપુરઃસર અધિકાર ચલાવનારાનીજ પવિત્ર રાજસત્તા લાંબો વખત ટકી શકે છે, અને ઈશ્વરીશક્તિ, તેનું સર્વદા રક્ષણ કરે છે; પરંતુ અધર્મ, અન્યાય અને જુલમનો માર્ગ ગ્રહણ કરનારી કઠોર રાજનીતિ, ઇશ્વરીકોપના કારણરૂપ બની થોડાજ વખતમાં વિનાશને પામે છે, જગતની સઘળી પ્રજાઓના આજ સૂધીના ઈતિહાસો તપાસતાં, સ્પષ્ટ દેખાય છે કે, પ્રેમ અને બંધુભાવથી, ધર્મ અને સદ્ભાવથી સાત્વિક વૃતિ વડે સીંચેલી રાજસત્તારૂપી કલ્પલતા, જગતમાં ચિરસ્થાયી અને યશસ્વી નીવડે છે; પરંતુ જુલ્મ, ભય, કે તલવારની ધારથી જમાવેલી રાજસત્તા થોડાજ સમયમાં સૃષ્ટિની સપાટી ઉપરથી નાબૂત થઇને અદૃશ્ય બની જાય છે.

અકબર કે જહાંગીર જેવા ડાહ્યા બાદશાહોએ, કુદરતના આ અચલ નિયમને ઓળખી, પક્ષપાતનો ત્યાગ કરી, પ્રેમ અને બંધુ ભાવથી, પોતાનો કારભાર ચલાવ્યો હતો અને અમલ કાયમ કરવાને, અને શહેનશાહતનાં મૂળ ભારતની નમ્ર સરલ ભૂમિમાં ઉંડાં નાખવાને સીધો રસ્તો પકડયો હતો. પરંતુ

ઇશ્વરની ઇચ્છા આ રૂષિમુનિઓની પવિત્ર ભૂમિમાં ઇસ્લામી ક્રુર રાજસત્તાને લાંબો સમય ટકાવી રાખવાની ન હતી. સનાતન હિંદુધર્મ અને હિંદુજાતિને પરમાત્મા પ્રેમ નજરથી જોતા હતા, અને તેની સત્તા કાયમ રાખવાનો ઇશ્વરી સંકેત હતો, અકળકળામય કુદરતે શાહજહાંનને પેટે ઔરંગઝેબ જેવા અત્યાચારી અને ઝનૂની પુત્રને પેદા કીધો. તેણે પોતાના પૂજ્ય પિતા, અને સગા સહોદરને કારાગારની અંધારી કોટડીમાં કેદ પૂરી, રાજસત્તાના પ્રબળ લોભની પ્રેરણાથી તેમને અસહ્ય દુઃખો આપી મોટા ભાઇઓનો હક ડુબાવી દિલ્હીની ઇતિહાસ પ્રસિદ્ધ ગાદી ઉપર ચઢી બેસવાનો અનેરો યોગ સાધી લીધો, ઔરંગઝેબે રાજ્યાધિકાર હાથમાં લઇને તરતજ પોતાની ક્રુર રાજનીતિ શરૂ કરી. પૂર્વજોએ રાજપૂતો અને હિંદુઓ સાથે કરેલો સહકાર તેણે ઓછો કરવા માંડયો. અને તેમની જગ્યાએ ધર્મઝનૂની અક્કલહીન, અત્યાચારી મુસલમાનોને જોખમદારી ભરેલા મોટા હોદ્દાઓ આપવા માંડયા, એ પક્ષપાતી અમલદારોની ઉશ્કેરણીથી તેણે હિંદુઓ ઉપર આગલા જમાનાનાં જંગલી અને દુરાચારી બાદશાહોના જેવી પક્ષપાતી રાજનીતિ ચલાવા માંડી, હિંદુઓનાં મંદિરો, ધર્મગ્રંથો અને બ્રાહ્મણ સાધુઓનું ઠામઠામ અપમાન થવા લાગ્યું. ધર્મસંસ્થાનો અને ધાર્મિક મીલ્કતો ઉપર તેના અત્યાચારી અમલદારો તરાપ મારવા લાગ્યા, માથાવેરો, જજીયાવેરો અને એવોજ સખ્ત કર ફકત હિંદુઓનેજ માથે ઠોકી બેસાડી, તેણે પોતાની હિંદુ પ્રજાનાં મન ઉકળાવી નાંખ્યા, ઠામઠામ મંદિરોને સ્થાને મસ્જિદો થવા લાગી, અને હિંદુઓની દેવ પ્રતિમાના હળહળતાં અપમાન થવા લાગ્યાં. વિશાળ હિંદુજનતા એ અસહ્ય ત્રાસથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહી હતી. અને જુલ્મી મોગલસત્તા સામે આંતરીક વિરોધનો દાવાનળ શરૂ થવા લાગ્યો, જે રાજપૂત રાજ્યોએ મોગલ જાતિ સાથે સંબંધ બાંધી, તેમનો પક્ષ સ્વિકારયો હતો, તેમને ઔરંગઝેબની આ કુટિલ છલનીતિથી ઘણું દુઃખ થયું, અને તેઓ પણ સ્વમાન જાળવવા માટે પોતાની મોગલ રાજ્યવ્યવસ્થાની પદ્વિ તેમજ નોકરીઓ હરખ્હાને છોડીને પોતાને વતન જઇ રાજ્ય વ્યવસ્થાની જોખમદારીમાંથી છુટા થઇને ઉંચે બેઠા આથી સારા સલ્લાહકારોના અભાવે ખુશામતીઆ કુટિલ કારભારીઓની સમજાવટ, અને ઉશ્કેરણીથી ઔરંગઝેબની રાજ્યનીતિ દિન પ્રતિદિન કરડી, પક્ષપાતી અને અસહ્ય ત્રાસરૂપ થવા લાગી. હિંદમાં ચારે મેર એથી ખળભળાટ ચાલી રહ્યો, અને દુષ્ટતાવાળી એ દમનનીતિને દાબી દેવા માટે, કેટલાક રાજપૂત વીરો તૈયારી કરવા લાગ્યા. એ અરસામાંજ પોતાના પિતાના સમયમાં પ્રબલ રાજભક્ત અને નિમકહલાલ સેનાપતિ વીર જસવંતસિંહની વિધવા તથા તેના નાદાન બાળકોના ઉપર બિનાકારણે જુલમ કરવા માંડયો, આ અન્યાયથી જે વફાદાર રાજપુતો પણ એ વખત સુધી મોગલ શાહેનશાહતને વળગી રહ્યા હતા,

તેમણે પણ ઔરંગઝેબનો પક્ષ છોડી દીધો. જયપુર, જોધપુર અને ઉદેપુરના રાજપૂત સંસ્થાનોનું પવિત્ર લોહી ઉછળી આવ્યું, હિંદુજાતિ અને હિંદુધર્મ ઉપર ધર્માંધ મોગલશાહે બેધારી કટાર ચલાવી, ઠામઠામ મંદિરો તોડવાનાં અને શીરજોરીથી હિંદુઓને વટાળવાના ઘોર અત્યાચારથી અખિલ હિંદના પ્રજાજીવનને, ઉકળાવી નાંખ્યું. ઇરાનના જાલીમ ઈસમાઈલી સરદારોએ મોકલેલા જાસૂસો અને દાઈઓ ( ઉપદેશકો ) મોગલબાદશાહ અને તેની રાજનીતિ ઉપર પોતાની જાલીમ અસર કરી રહ્યા હતા. ધર્માંધ ઔરંગઝેબને હિંદુઓ વિરૂદ્ધ ઉશ્કેરી જોરજુલ્મ કે છળપ્રપંચથી પણ ઇસ્લામનો ફેલાવો કરવામાંજ ખરી ફત્તેહ અને જીંદગીની સફળતા છે, એવી ઝનૂની વાતો સમજાવી મધ્યહિંદમાં રાજપૂતો ઉપર, ઉત્તર અને પશ્ચિમ હિંદમાં શિખ અને જાટ લોકો ઉપર, તેમજ દક્ષિણમાં ધર્માભિમાની મરાઠા હિંદુ ઉપર ધાર્મિક ઝનુનથી કાળોકેર વર્તાવવા માંડયો, એથી પિતાને કેદખાનામાં પુરી રીબાવી મારનાર સગાભાઈઓના ખૂનો કરી, તેમના લોહીથી સીંચાયેલી ગાદી પચાવી પાડનાર અને સગાપુત્રોને પણ અવિશ્વાસની નજરે જોનાર ક્રુર ઔરંગઝેબના પક્ષને સર્વ રાજપૂતોએ છોડી દીધો. ઇ. સ. ૧૬૭૬માં એક તરફથી ઉત્તર અને પશ્ચિમહિંદમાં સ્વધર્મ અને સ્વમાનની રક્ષા માટે ધર્માગ્રહી શુરવીર શીખોએ હથિયારો ઉઠાવ્યાં. એજ વખતે ૧૬૭૭ માં તેના ધાર્મિક અત્યાચારથી ત્રાસી ગયેલાં સર્વ રાજપૂત સંસ્થાનોએ સંપ કરીને, મોગલશાહની સાથેનો વિરોધ જાહેર કર્યો. બધા રાજપુતો અને હિંદુઓ પોતાનો પક્ષ છોડી ગયા હોવાથી છેડાયેલો બાદશાહ મ્હોટી ઝનૂની મોગલ સેના સહિત રાજસ્થાન ઉપર ચડી આવ્યો, અને વીર ક્ષત્રીઓથી વસેલા પવિત્ર રાજ્યપ્રદેશને પાયમાલ કરી ઉજ્જડ અને વેરાન જંગલ જેવો બનાવી દીધો. જયપૂર, જોધપૂર, માળવા, ઉદેપુરના રાજપુત સંસ્થાનોમાં તેણે ભયંકર લૂંટ અને કતલ ચલાવી જેથી હિંદુજાતિના સ્ત્રી બાળકોની જીંદગી પણ જોખમમાં આવી પડી.

એ અસીમ અન્યાય અને અત્યાચારથી ઉશ્કેરાયેલા રાજપૂતો વિકરાળ કેસરીસિંહની પેઠે મોગલસૈન્યનો ધ્વંશ કરવાને છૂટયા, અને મંદિરો તેમજ મૂર્તિઓ તોડનારા મદાન્ધ મોગલોને તેણે વીણી વીણીને છૂંદી નાખ્યા, રાજકુળ કેસરી વીર રાજસિંહ અને શૂરવીરતાની સાક્ષાત મૂર્ત્તિ બહાદૂર દુર્ગાદાસ રાઠોડ જેવા સમર્થ ક્ષત્રિય સિંહોએ મોટાઈખોરા મોગલોનો મદ બરાબર ઉતારી નાંખ્યો; એ વખતે ઔરંગઝેબના અન્યાય અને ધર્મઝનૂનથી નારાજ થયેલો, તેનો શાહજાદો અકબર પોતાના બાપથી જુદો પડી પોતાની સેના સાથે રાજપૂતોને મળી ગયો. જેથી બેવડી સેનાના બળ પાસે લાચાર બનેલું ઔરંગઝેબનું લશ્કર માર ખાતું, અને રાજપૂતોની ઠોકરો ખાતું, મરતું મરતું નાશી

છૂટયું. ઉશ્કેરાયેલા રાજપૂતોએ તેમની પૂંઠ પકડી, એ ક્રૂર લશ્કરના લગભગ પોણા ભાગને કાપી નાખ્યું. અને પોતાના ધર્મના અપમાનનો બદલો લેવા માટે માળવાના મુસલમાની પ્રાંતોને વેરાન બનાવી, સૈયદો તેમજ મુલ્લાંઓને ત્રાસ પમાડી, પોતાનું થોડું ઘણું વેર વાળ્યું. આ પ્રકારે જે મોટા મનના રાજપૂતો, મોગલ શાહેનશાહતના મિત્રો હતા, તેમને પણ પોતાની મૂર્ખાઇ ભરેલી છલ-નીતિવડે પોતાના દુશ્મન બનાવી ધાર્મિક ઝનૂનના આંધળા ઉપયોગવડે અખિલ હિંદુજનતા સાથે વૈર બાંધી ઔરંગઝેબે પોતાને હાથેજ મોગલ શાહેનશાહતની ભવ્ય ઈમારતનો પાયો ઉખેડવા માંડયો. એક તરફ હાથે ઉભાં કરેલા રાજપૂતો સાથેના વૈરનો જ્વાલામુખી, મધ્યહિંદમાં સળગી રહ્યો હતો, તેવામાંજ દક્ષિ-ણમાં નવી ઉગતી સ્વધર્મરક્ષક વીરશક્તિ મરાઠા રાજ્યસત્તાની ચઢતી જોઇને તેનું હૃદય સળગી ઉઠયું. વીર શિવાજી એ વખતે ઇસ્લામીઓના ત્રાસમાંથી દક્ષિણ હિંદનું રક્ષણ કરવા માટે, બળવાન મરાઠી સેના ઉભી કરી એક ઉપર એક કિલ્લાઓ જીતીને દક્ષિણના ડુંગરીઆળ પ્રદેશમાં પોતાનું રાજ્ય સ્થાપી રહ્યો હતો. તેની સાથે સલાહ કરવાને બ્હાને સરદાર જયસિંહની મારફત શિવાજી અને તેના પુત્ર સંભાજીને દિલ્હી બોલાવી, એ ધર્માંધ બાદશાહે પ્રતાપી વીર શિવાજીનું હડહડતું અપમાન કર્યું. જયસિંહની મારફત આપેલા વચનનો ભંગ કરી, દગાબાજીથી તેણે શિવાજીને તેના પુત્ર સહિત કેદ કર્યો. પિતાનું વચન પાળવાને તત્પર જયસિંહના પુત્ર રામસિંહે શિવાજીને, જુલ્મી અને બેવચની બાદશાહની જેલમાંથી નસાડી મૂકયો. આવા દગાફટકા અને પ્રપંચોથી શૂર શિવાજી મહારાજનું અંતર ઉકળી આવ્યું. અને સમર્થ રામદાસ સ્વામીના ઉપદેશથી ઉત્તેજીત થઇને એ મહાન પરાક્રમી નરવીરે હિંદુસ્તાનનું અને સનાતન ધર્મનું મદાંધ મોગલોના હાથમાંથી રક્ષણ કરવાનું બીડું ઝડપ્યું. સ્વધર્મ રક્ષિણી માતા ભવા-નીની સહાયથી, પરમાત્માની કૃપા વડે એ નાના સરખા જાગીરદારના પુત્રે, જાલિમ મોગલ શાહેનશાહતને હચમચાવી મૂકી. અને લાગટ પચ્ચિશ વર્ષો સુધી, દક્ષિણના મહાવિગ્રહની જાળમાં ઔરંગઝેબની જીંદગીને અટવાળી દીધી. એજ વખતે ઉત્તર પશ્ચિમ હિંદમાં શીખોએ ભીમ પરાક્રમથી દુષ્ટ મોગલોના મૂળ ખોદવા માંડયાં. આ પ્રકારે બ્રહ્મા, વિશ્નુ, મહેશ જેવા શીખ, રાજપૂત અને મરાઠા શક્તિઓએ એકત્ર મળીને યવનોના અધર્મ અત્યાચારનો દિવ્ય ધર્મબળથી ઉશ્કેરાઇ નાશ કરવા માંડયો. દિલ્હીની અધર્મ દુષિત બાદશાહિ ખળભળી ઉઠી, મોગલાઈ બાદશાહી મહેલના પાયાઓ ખોદાવા લાગ્યા, અને અધર્મના અગ્નિએ સળગાવેલા દક્ષિણના મહાયુદ્ધમાં ઔરંગઝેબની આહુતિ અપાઇ. ૧૭૦૬ માં ઔરંગઝેબ હજારો આફતોના મર્મવેધ સહન કરતો, તરફડી તરફડીને મરી

ગયો, અને ખોખું બનેલી મોગલાઈના મેદાનમાં પ્રપંચી મુસલમાન સરદારો અને ઉંદર નીતિ ચલાવનારા ઇસ્લામી સૈયદો કરતા કારવતા થઈ પડયા. પૂતળા જેવા ઔરંગજેબના પુત્ર અકબરને મોઆઝીમ નામ આપી, સૈયદો અને ઈસ્લામી સરદારોએ ગાદીએ બેસાડયો. અને બાદશાહને નામે હિંદુઓ સાથે ઠામઠામ ચાલતા ઝગડાઓમાં તેલ હોમવા માંડયું. શીખોને એવો ભયંકર ત્રાસ આપ્યો, અને એવા અમાનુષિ જુલમનાં ભોગ બનાવ્યા કે, છેવટે કુદરતની અગમ્ય શક્તિ વડે શીખ જાતિમાં પ્રગટ થયેલાં રાજપૂતો જેવાજ પ્રચંડ ધર્માભિમાને ઉત્તર હિંદમાંથી મોગલ સત્તાનો નાશ કરી નવું શીખ રાજ્ય સ્થાપ્યું. દક્ષિણ હિંદ મરાઠાઓએ કબજે કર્યું, રાજસ્થાનનો મધ્ય પ્રદેશ સ્વતંત્ર રાજપૂત રાજાઓએ હાથ કર્યો. અને નામની મોગલાઇ સત્તા તેના પૂતળા જેવા બાદશાહોની પાયમાલી વચ્ચે ક્રુર અહમદશાહ દૂરાનીની દયાહીન, પશુ જેવી પઠાણ સેનાએ કુરૂક્ષેત્રના લોહી તરસ્યા રણક્ષેત્રમાં સદાને માટે નાબૂદ કરી. આમ અધર્મના જોર પર જામેલી અધર્મની બાદશાહી પરસ્પરના ઇસ્લામી યુદ્ધમાં વિનાશ પામી, અને અધર્મના ફળરૂપે, મોગલ શહેનશાહતના મૂળનો પણ ભારતમાંથી સર્વથા નાશ થયો. છતાંયે, હિંદના ધાર્મિક જગતમાં ઇસમાઇલી સૈયદોએ શરૂ કરેલી છલનીતિ તો છૂપી છૂપી પોતાની કપટકળા જ્યાં જ્યાં લાગ ફાવે ત્યાં કપટજાળ પાથરીને પોતાનો પંથ ચલાવી રહી હતી. એ શીયા ઇસમાઈલી ધર્મ પ્રચારકોનાં પ્રપંચી થાણાઓ આજસૂધી હિંદુસ્તાનની ચારે દિશામાં જાહેર તેમજ છૂપી રીતે પૂર દોરદમામથી ચાલીને પોતાનું કાર્ય કરી રહેલા છે, અને પીરાણાનો સતપંથ પણ એજ સંપ્રદાયની એક મુખ્ય શાખા છે. તેમજ પીરાણાનો રોજો પણ એ પંથનું એક કબ્રસ્તાની થાણું છે. તેમના એટલે સતપંથ પ્રવર્ત્તક ઇસમાઇલી, પીરો, ઇમામો અને દાઇઓનો ઇતિહાસ, તેમજ એ કલાબાજ પંથપ્રચારકોની હિંદમાંની કારકીર્દી, તેમજ તેમના સમયની ભારતની ધાર્મિક પરિસ્થિતિનું આછું આછું છાયાચિત્ર આપવાનો યથાસાધ્ય પ્રયત્ન આ પછીનાં પ્રકરણમાં કરેલો છે, તે પરથી એ પંથની કુટિલ કપટજાળનો ગુજરાતી વાચક આલમને સારો ખ્યાલ આવી શકશે.

# પ્રકરણ ૫ મું.

## "સતપંથીઓનું આદિ મુળ" અને ઈસ્લામનો ટુંકો હેવાલ.

**વિશ્વની વિચિત્ર ઘટમાળમાં,** સૃષ્ટિના આદિ કાળથી અવનવા ફેરફારો **થયા કરે છે .** જળ ત્યાં સ્થળ, અને સ્થળ ત્યાં જળ પળવારમાં પેદા કરનારી ઇશ્વરની કુદરતરૂપી કરામતી શક્તિ પોતાની દૈવી કળાથી જગત્‌માં સઘળા દેશોને તેમજ પ્રજાઓને હૃદયપલટના અદ્દભૂત્ પ્રસંગો વારંવાર અર્પે છે. માનવબુદ્ધિ પાર ન પામી શકે એવા, અદ્દભુત્ ચમત્કારો બતાવનારી ઇશ્વરી ઘટના કેવી અગમ્ય અને વિચિત્ર છે? એક તરફ પુરાણ પ્રસિદ્ધ હિંદનું પતન થવા લાગ્યું, ત્યારે બીજી તરફ આરબોની યવન જાતિનો અણધાર્યો ઉદય થવા લાગ્યો. સતપંથની બધી શાખાઓ, પછી ભલે તે ઇસનાઅસરી હોય, નિઝારી હોય, ઇસમાઇલી હોય, **તૈયબી** હોય, કે **આગાખાની** હોય, અથવા પીરાણાસતપંથની કોઇ શાખા હોય, પરંતુ, એ બધી ઈસ્લામી ધર્મરૂપી વિશાળ વર્તુળની ભિન્ન ભિન્ન શાખાઓ છે. અને તે પોતાની જુદી જુદી દિશાએ આગળ વધીને તેના મુખ્ય કેન્દ્ર **મહમ્મદી દીન**માં છેવટે મળી જવાનો દાવો ધરાવે છે.

કાળબળ યોગે આજે તો શું હિંદુ, કે શું મુસલમાન, સૌ કોઇ પોતાના આદિ મૂળ અને શુદ્ધ સ્વરૂપને જાણતા પણ નથી. તેમાં પણ અજ્ઞાનની પરાકાષ્ટા, અને અવદશાની પરિસીમાને યોગે એ બન્ને હિંદુ મુસલમાન કોમોની વચ્ચે છુટા પડી ગયેલા અને ત્રિશંકૂની પેઠે, આધાર વિના અધર લટકી રહેલા પીરાણા સતપંથીઓની તો વાતજ શી કરવી. એ અર્ધદગ્ધ કબરસ્તાની ધર્મને માનવાથી કેટલોક સમય થયાં છેકજ કફોડી હાલતમાં આવી પડેલા, અને એ પ્રપંચીપંથની જાદુઇ જાળમાં ફસાયેલા એ પંથના સઘળા હિંદુસેવકો અને મુરીદોને, પોતાના પંથનું કંઇજ ભાન નથી. તેમને એ પણ પુરીપાધરી ખબર નથી કે, તેમનો સતપંથ એ તે, કઈ જાતનો ધર્મ છે? તેઓ માને છે તે પ્રમાણે એ વૈદિક હિંદુધર્મ છે, કે માત્ર નામધારી ઇસ્લામી ધર્મ છે? તેના મુળ સ્થાપક અને પ્રવર્તક કોણ હતા! જો તે ઇસ્લામી ધર્મની એક શાખા છે, તો પછી તેના ખલીફો ઇમામો અને પીરો કોણ હતા? તેઓ કેટલા અને ક્યાં પેદા થયા હતા? સુન્ની કે શીયામાં ભેદ શો છે? સતપંથીઓ શીયા ઇસ્લામી હોય, તો શીયા પંથમાં પણ અનેક ફાંટાઓ પેદા થયા હોવાથી તેઓ કયા ફાંટા કે મતના દોરડાથી બંધાયા છે? ઇસ્લામી ફિરકાના કોણ કોણ ઇમામો, પીરો, ખલીફો અને પ્રવર્તકો થઇ ગયા? કેમકે શીયા ઇસ્માઇલીઓમાં પણ કેટલાક બારને, કેટલાક બાવીસને કેટલાક અડતાલીસને, ને કેટલાક મતવાળા

તો પોતાને ફાવે તેટલા ઈમામોને માને છે. એ ઇમામોએ અનેક દેશોમાં મોકલાવેલા તેમના દાઈ, અને દલાલોએ કેવાકેવા નવા ફાંટા ઉભા કીધા, અને પોતે પીરની પદવી પોતાની મેળે ધારણ કરી એ ફાંટાઓમાં કેવી છલનીતિથી સરદારી ભોગવી ગયા છે, અને તેમના વંશ વારસોને માટે કેવી જીવતી જાગતી જાગીરોની અદ્દભુત્ યોજના રચી ગયા છે, તેનું ખરૂં રહસ્ય એ પંથના હાલના સેવકોમાંથી કોઇ ભાગ્યેજ જાણતો હશે. અને એ રહસ્ય જો તેમના બરાબર જાણવામાં આવે તો, અમને ખાત્રી છે કે, તરતજ તેઓ એ પ્રપંચી પંથને હમ્મેશની તિલાંજલી આપી, પ્રભુના પ્રેરેલા પવિત્ર ધર્મપંથમાં પાછા વળે. એ ભાઇઓના હિતની ખાતરજ એ પંથના પ્રાચીન, અર્વાચીન સાહિત્યમાંથી અનેક પ્રમાણો મેળવી સતપંથનો ભેદ અહિં ખુલ્લો કરવાની, તેમજ જાહેર જનતાને પણ એ પંથના છુપા ઈતિહાસનો પરિચય આપીએ છીએ.

આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શીયા તેમજ **સુન્ની** મુસલમાનોનાં મૂળ પુરૂષ **હજરતમહમ્મદ છે. અરબસ્તાન** જેવા સુકા અને લુખા રેતાળ પ્રદેશમાં વસનારી આરબજાતિની સ્થિતિ હજરત મહમ્મદના જન્મ વખતે ઘણી દયાજનક હતી. **અરબસ્તાન**ની એ વખતની પરિસ્થિતિનું ચિત્ર **મૌલા**ના **હાલી** નામના નામાંકિત ઈસ્લામી સાયરે ઘણું અસરકારક આંકેલું છે. તેમજ ઇસ્લામી ખોજા વિગેરે મુસલમાન ઇતિહાસ લેખકોએ એ વખતના આરબોની ભયંકર હાલતનો હૃદયભેદક ચિતાર આપેલો છે.

ઈ. સ. ૫૭૦માં **હઝરતમહમ્મદ**નો જન્મ થયો. એજ દહાડે તેમના પિતા **હઝરતઅબ્દુલ્લા** મૃત્યુ પામ્યા. **સુબીયા** અને **હલિમા** નામની દાઈઓએ થોડો વખત તેમને ઉછેર્યા, પછી તેમની માતા **આમીના**એ તેમને ઉછેર્યા હતા. છ વરસની ઉમ્મરે તેમની માતા મૃત્યુ પામી, અને તેમના દાદા અબદુલ્લ મુતલિબે તેમની કાળજી રાખવા માંડી. નવ વરસની ઉમ્મરે દાદાનું મરણ થતાં તેમના કાકા **અબુતાલેબ** તેમના વાલી થયા. કાકાના ઘેટાં ચારવાનું કામ તેમની ગરીબીને લઇને કરવું પડતું હતું. લખવા વાંચવાની કેળવણી બીલકુલ તેમને મળી ન્હોતી છતા પણ **કુરાનેશરીફ** જેવું સારી ઈસ્લામી આલમનું સર્વોત્તમ પુસ્તક તેમની મારફતેજ મળેલું છે.

બાળપણથીજ તેઓ પ્રમાણિક, નીતિમાન અને સચ્ચાઈવાળા હતા. તેમના સદ્દગુણોથી આકર્ષાઇને **બીબીખદીજા** નામની એક ધનવાન બાઇએ તેમને પોતાના કારભારીની જગ્યા આપી. બીબી ખદીજાનો પરદેશો સાથે વેપાર ચાલતો હતો, તેને અંગે પુષ્કળ માલ આપી, મહમ્મદને **શામ** તરફ મોકલ્યો. અને શામથી પાછા આવ્યા પછી તેમણે પોતાની શેઠાણી સાથે લગ્ન કર્યાં, એ વખતે બીબી ખદીજાની ઉમ્મર ૪૦ વર્ષની અને તેમની ઉમ્મર વર્ષ ૨૫ ની હતી.

લગભગ ૩૫ વર્ષની ઉમ્મરે **મક્કાના** કાબા નામના મંદિરમાં જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું. તેમાં ઘણી મદદ કરી, અને તે પૂર્ણ થયા પછી હજરે **અસવદ** નામનો પવિત્ર કાળો પત્થર જેને એક મોટા દેવ તરીકે આરબો માનતા હતા. તેને આસન ઉપર પધરાવવાની બાબતમાં આરબો વચ્ચે કડવો મતભેદ ઉત્પન્ન થયો. દરેક પક્ષ એ કામને માટે પોતાને હકદાર જણાવવા લાગ્યો. **હજરતમહમ્મદે** ડાહપણ વાપરી એ ઝગડાનું સમાધાન કર્યું. એક મોટી ચાદર મંગાવી તેની વચ્ચે **અસવદપત્થરને** મુકી બધા પક્ષ ચારે તરફથી એ ચાદરને પકડી તેના આસન ઉપર પધરાવવાની સલાહ આપી, એથી બધાના મનનું સમાધાન થયું.

પોતાના જાતિભાઇઓને અભિમાન, અધોગતી અને અનાચારના કારાગારમાંથી ઉગારી લેવાની તેમને તીવ્ર ઉત્કંઠા થઇ. તેઓ બહુ એકાંતમાર્ગી હોવાથી ઘણો ખરો વખત હેરા પહાડની ગુફામાં ચિંતન અને ધ્યાનમાં ગાળતા.

ચાલીસ વર્ષની ઉમ્મરે તેમણે પોતાના ધર્મપ્રચારનું કામ પહેલ વહેલું શરૂ કર્યું. તેમના પત્નિ **બીબી ખદીજા**, તેમના પિત્રાઇ અને જમાઇ **હજરતઅલિ** અને તેમના પિત્રાઇભાઇ **હજરત અબુબકર** તેમના ઉપર શરૂઆતમાં ઇમાન લાવ્યા. પ્રથમ તેઓ ખાનગી ઉપદેશ કરતા પણ પાછળથી તેમણે જાહેર રીતે મૂર્તિ પૂજાની નિંદા, અને એકેશ્વરની ( અલ્લાની ) ઉપાસનાનો બોધ આપવા માંડયો. સઘળા આરબો તેમની સામે થયા, તેમને જાદુગર, જૂઠા, સ્વાર્થી વિગેરે શબ્દોથી અપમાન કરી અનેક પ્રકારનાં આળ મુકવા લાગ્યા અને તેમના સાથીઓને પણ અનેક રીતે દુ:ખ આપવામાં કંઇ ખામી રાખી નહિ.

તેમના કાકા અબૂતાલિબના મરણ પછી કીનાખોર આરબો વધારે ઉશ્કેરાયા, અને એક દિવસ તેઓનું ઝનુની ટોળું તેમને જાનથી મારી નાખવાને તેમના મકાનની આસપાસ ફરી વળ્યું. આ ભયંકર પ્રસંગ જોઇને જીવ બચાવવા ખાતર પોતાના જમાઇ **હજરતઅલિને** પોતાની પથારી પર સુવરાવી, પોતાના ભાઇ **હજરત અબુબકર** સાથે ચુપચુપ મક્કા છોડી મદીના જતા રહ્યા. તે દિવસથી ઇસલામીઓની હી. સ. ની શરૂઆત થઇ.

**મદીનામાં** લોકોએ તેમનો સારો સત્કાર કર્યો. અને તેમનો મત સ્વિકારનારાઓની સંખ્યા વધવા માંડી; આરબો સખ્ત વિરોધ બતાવી સામે થયા, લડાઇ તેમજ ભયંકર કાવત્રાં કરવા લાગ્યા, એથી તેમને પણ શત્રુઓ સામે હથિઆર ઉઠાવવાની જરૂર પડી. એ લડાઇમાં ઇસલામનો વિજય થયો અને મક્કા શહેર કબજે કરી કાબાના મંદિરમાંની મૂર્તિઓ પોતાના જમાઇ **હજરતઅલિ** સાથે રાતને વખતે મંદિરમાં દાખલ થઇ તોડી નાખી. ઈ.સ. ૬૩૨માં ૬૩ વર્ષની ઉમ્મરે **મદીનામાં** તેમની વફાત થઇ, એ વખતે લગભગ આખા

અરબસ્તાનમાં ઇસ્લામનો પ્રચાર થયો હતો, અને **હજરતમહંમદ** સાહેબે બાંધેલા કાયદા અને નિયમો પ્રમાણે આરબોના રીતિ રિવાજ અને જીવન વ્યવહારમાં ઘણા સારા ફેરફારો થયા હતા. જુગાર, શરાબ, મનુષ્યોનાં બલિદાન અને સ્ત્રી જાતિ ઉપરનું ઘાતકીપણું, એ વખતની ક્રુર આરબજાતિમાંથી **હજરત-મહંમદ સાહેબને** પ્રતાપે દૂર થયાં. એક જાતિ અને એકજ ધર્મ એકજ ખુદા અને એક ઇમાનના ચુસ્ત શિક્ષણથી ઇસ્લામીઓમાં બંધુભાવ અને ધાર્મિક ઝનૂનની બહુ વૃદ્ધિ થઇ, જેને લીધે ઇસ્લામનો અર્ધચંદ્રકાર વાવટો **હજરત મહંમદ** પછી બે ત્રણ સદીઓમાંજ જાણીતી દુનિયાના ઘણા દેશોમાં ફરકી રહ્યો; અને આજ સુધી ઇસલામ ધર્મ દુનિયાના મોટાં ધર્મોમાંનો એક મનાઇ રહ્યો છે.

### ઇસ્લામના શરૂઆતના ખલીફો અને મત-ભેદ.

સુન્ની લોકોના ચાર ખલીફો:—હજરત **મહંમદની** વફાત પછી તેમની લાશ દફન થયા પહેલાંજ જૂદાજૂદા વંશોના આરબોમાં ખિલાફતના લોભથી ઘણી કડવી તકરાર ઉભી થઈ. **મોહજરીન અનસારી** વિગેરે કુંટુમ્બોએ પોતાની જુદી જુદી ટોળી જમાવી ખલીફ થવાની ઉમેદવારી પોતાના પક્ષ માટે શરૂ કરી. હજરત **અબુબકર**, અને ઉમ્મર જે બન્ને **હજરત મહંમદના** સસરા હતા, તેઓ પણ પોતાના પક્ષની સંભાળ માટે તૈયાર થયા. ખીલાફતના સવાલનો નિર્ણય કરવા સાદા ( ઇસલામીઓની સભા ) માં બધા એકઠા થયા; **અનસારી મોહાજરીનોએ** પોતાનો હક્ક આગળ ધરતાં જણાવ્યું કે, ઇસ્લામને માટે અમે વતન છોડી ઘણા દુઃખો સહન કરી હજરત **મહમ્મદને** કીમતી મદદ આપેલી છે માટે અમારામાંથી ખલીફ ચુંટાવો જોઇએ.

હજરત **અબુબકરે**, જણાવ્યું કે **હા. મહમ્મદના** ફરમાન મુજબ તેમના **કુરેશી** કબિલામાંથીજ ખલીફ નીમવો જોઇએ. અને હા. **અલી**, એ કામને માટે લાયક છે ત્યારે એક માણસે જણાવ્યું કે, તેઓ એકાંતમાં ઈશ્વરની ઉપાસના કરી શાંત જીંદગી ગાળવા ચાહે છે. અને ખલીફ થવાને તેઓ ખુશી નથી. એથી હા. **અલીના** સબંધી દરખાસ્ત ઉડી ગઇ.

એ વખતે હા. **ઉમ્મરે**, હા. **અબુબકરને** ખીલાફત આપવાની દરખાસ્ત મુકી. હા. **અબુબકરે** જણાવ્યું કે, હા. **ઉમ્મર** પોતે અથવા **અબુઓબેદા** એ ગાદીને માટે વધારે લાયક છે પરંતુ, **અબુ** તથા **ઉમ્મરે** પોતાની દરખાસ્તને વળગી રહી ખલીફની પદવી માટે હા. **અબુબકરને** સર્વ વાતે લાયક જણાવી, પોતાની આગલી દરખાસ્તને તરતજ અમલમાં મુકી. એજ સભા વચ્ચે એ બન્ને જણાઓએ હા. **અબુબકરની** બેઅત કરી, તેમને ખલીફ તરીકેનું માન આપ્યું. એટલે એમના પક્ષના બીજા માણસોએ પણ તરતજ તેને ખલીફ તરીકે માન આપી બેઅત કરવા માંડી. એથી કેટલાક

આરબો જેઓ હા. અલીને ખરા હકદાર સમજતા હતા, તેઓ નારાજ થયા, અને તેઓએ બેઅત નાકબૂલ કરી. એમાનાં અબુસુફીઆન, તલહા, અને ઝોબેરે હા. અલીને એ ગોઠવણુની સામે થવા આગ્રહ કર્યો. આરબોનો મોટો ભાગ હા. અલીનો પક્ષ સ્વિકારવાને તૈયાર હતો. પરંતુ ઉદાર દિલના હા. અલીએ જણાવ્યું કે, હવે ખીલાફતની તકરાર ઉઠાવવાથી અંદરઅંદર લડાઇઓ જાગશે, લોહી રેડાશે, અને એથી ઇસલામને બહુ ધક્કો પહોંચશે, માટે હાલ તો જે ગોઠવણુ થઇ છે તે સહુએ માન્ય રાખવી.

એ વખતે તો હા. અલીએ ઇસલામમાં શાંતિ જાળવી રાખવાને માટે પોતાના પક્ષકારોના મનનું સમાધાન કર્યું. પરંતુ એ વખતથીજ આરબોમાં જે બેદીલી ઉત્પન્ન થઇ તેનું ઘણું ખરાબ પરિણામ આવ્યું, મહાન ભયંકર વિગ્રહો થયા, અને ઇસલામમાં **શીયા** અને **સુન્ની** એવા બે મુખ્ય વિભાગો પડયા.

હા. અબુબકરના વખતમાં ઇસલામીઓએ **શામ** ઉપર ચડાઈ કરી જીત, તેમજ સારી દોલત મેળવી હતી. તેમણે ફક્ત સવાબે વરસ ખીલાફત ભોગવી. અને હી. સ. ૧૩ માં તેમની વફાત થઇ. કેટલાકનો મત છે કે તેમને ઝેર દેવામાં આવ્યું હતું, ત્યારે કોઇ લખે છે કે તાવની બીમારીથી એમનું મૃત્યુ થયું હતું. એમના વખતથીજ **શીયા** લોકો તેમને ગેરકાયદેસર ખલીફ થયેલા જણાવી, ખરા ખલીફ હા. અલીનેજ માનવા લાગ્યા. સુન્ની લોકો હા. અબુબકરને હકદાર જણાવી માનવા લાગ્યા. આવા મતભેદ સિવાય એમના વખતમાં તકરારે વધારે જોરદારરૂપ પકડયું ન્હોતું.

( ૨ ) **ઉમ્મર**—હા. અબુબકરે પોતાની હયાતીમાંજ ઉમ્મરના લાભમાં વસીઅત કરી હતી. તે પ્રમાણે હા. ઉમ્મર ખલીફ થયા. એમના વખતમાં **શામના** સઘળા પ્રાંતો કબજે કરી ઇસ્લામીઓએ **જેરૂસલેમ** ઉપર હલ્લો કર્યો. ખ્રિસ્તીઓને હરાવી તેમની સાથે સલાહ કરી, અને **જેરૂસલેમમાં** એક ઇસ્લામી મસ્જિદ બાંધી.

અબુઓબેદાએ પણ એમના વખતમાં ઘણી મોટી લડાઈઓ કરી હતી. યુનાની બાદશાહ **હીરાકલીશને** હરાવી તેનું પાયતખ્ત **ઍન્ટીઓક** જીતી લીધું. ત્યાર પછી તેણે **ઈરાન** પર ચ્હડાઇ કરી એ વખતે **પૂરાનદૂખ્ત** નામની બહાદૂર રાણી ત્યાં રાજ્ય કરતી હતી. પહેલી લડાઇમાં મુસલમાનો હાર્યા, પરંતુ એટલામાં બીજી બળવાન મદદ આવી પહોંચવાથી તેમની જીત થઈ. ત્યારબાદ પણ કેટલીક લડાઇઓ થઈ. **નેહાવદની** છેલ્લી લડાઇમાં ઇરાનીઓ હારીને છેકજ હતાસ થઈ ગયા. અને ઇરાનનો ઘણો ખરો ભાગ મુસલમાનોના કબજામાં આવ્યો.

ઉમરૂઆસ નામનો સરદાર મોટા લશ્કર સાથે મીસર ઉપર ચઢાઈ લઈ ગયો, અને ત્રિપોલી, સિજારીઆ વિગેરે કેટલાક કિલ્લાઓ જીત્યા પછી, છેવટે મીસર દેશ જીતી ત્યાં ઇસ્લામી અમલ ચાલૂ કીધો.

હી. સ. ૨૩ માં ફિરોઝ નામના એક ગુલામે હા. ઉમર જ્યારે નિમાઝ પઢતા હતા ત્યારે છુરીથી ઘાયલ કરી તેનો જાન લીધો.

(૩) ઉસમાનઃ-હા. ઉમરે પોતાની વસીઅતમાં જણાવ્યું હતું કે મારા મરણ બાદ હા. અલી, ઉસમાન, સાદ, તલહા, ઝોબેર, અને અબદુર-રહેમાન એ છ જણમાંથી એકને ખલીફ નીમવો. એ વસીઅત પ્રમાણે ઇસલામીઓની સભામાં એ છએ હકદારોને બોલાવવામાં આવ્યા, અને હા. અલીને જણાવવામાં આવ્યું કે, કુરાન, હદીશ તેમજ ખલીફ અબુબકર અને ઉમ્મરે બાંધેલા ન્યાયના બંધારણ અને કાયદાઓને કબૂલ રાખવા તૈયાર હો તો, તમને ખલીફ નીમવામાં આવે. પરંતુ હા. અલીએ તેમ કરવાની સાફ ના પાડી અને કુરાન સિવાયના બીજા ધારાઓને તેણે ઇસલામથી બરખીલાફ જણાવ્યા. એથી એ ધારાઓને કબૂલ રાખવા તૈયાર થનાર હા. ઉસમાનને ખલીફ નીમી, હા. અલીનો હક બાજુએ મુકવામાં આવ્યો.

હા. ઉસમાનમાં રાજદ્વારી કુશળતા ન્હોતી, તેણે કશી પણ લાયકાત જોયા વિના પોતાના સગા અને વગવસીલાવાળા માણસોને મોટી મોટી જોખમ-દારી ભરેલી પદ્વીઓ આપવા માંડી, એથી રાજ્યકારભારમાં બહુ અંધેર ચાલવા માંડયું. એ ઉપરાંત બૈતુલમાલની તીજોરીમાંથી લાખો રૂપીઆની રકમો તેણે પોતાના સગાંઓને આપી દીધી. હા. અબુબકર અને ઉમ્મરના વખતમાં કુરાનના લખાણોને જે અનુક્રમથી ગોઠવવામાં આવ્યાં હતાં તે તેણે રદ કરી બાળી નાંખ્યાં, અને નવી કમીટી નીમીને કુરાનના પૃષ્ઠો ફરીવાર નવી પદ્ધતિએ ગોઠવ્યાં. વળી મરવાન અને હારસ નામના બે દુષ્ટ ભાઈઓ જેમને હા. મહમ્મદે, ગરદન મારવાની શિક્ષા કરી હતી, પણ એ વખતે હા. ઉસમાને વચ્ચે પડી, શિક્ષા ઓછી કરાવી જેથી તેમને દેશનિકાલ કરવામાં આવેલા હતા, તેમજ હજરત અબુબકર અને ઉમ્મરના વખતમાં તેઓ દેશનિકાલ જ હતા, તેમને પાછા બોલાવી પોતાના ખાસ કારભારી નીમ્યા. મીસરના સૂબા ઉમરૂઆસને બરતરફ કરી તેની જગ્યા પોતાના ભાઈને આપી. પણ પુરી લાયકાત ન હોવાથી તે મીસર સાચવી શકયો નહિ, અને કેટલાક પ્રાંતો પાછા સ્વતંત્ર થયા. એથી નિરૂપાયે એ જગ્યા પાછી ઉમરૂઆસને જ આપવી પડી.

મસ્જીદના પીમ્બરપર છેક ઉપરનું પગથીઉં ખાસ પેગંબરને માટેજ રહે છે, તેના ઉપર હા. ઉસમાન બેસવા લાગ્યા, એથી તેમજ બૈતુલમાલના ધર્માદા

પૈસા ગેરવ્યાજબી રીતે વપરાય છે, એવી એક માણસે ફરિયાદ કરી, તેને સખ્ત શિક્ષા કરી, તેથી લોકોમાં ભારે કચવાટ પેદા થયો, તથા પોતાના સગાંઓને જ્યાં જ્યાં ગવર્નરની જગ્યાઓ આપી હતી ત્યાં ત્યાં તેમની ગેરવ્યવસ્થા અને ઓછી આવડતના કારણે ફસાદો ઉભા થયાં. અને કુફા, બસરા, તથા મીસરથી સેંકડો લોકો ફરિયાદો લઇ આવ્યા હતા, જેથી લડાઇ જાગવાની તૈયારી થઇ રહી હતી, પરંતુ હજરતઅલી વચમાં પડવાથી સમાધાની થઈ. હજરતઅલી તે લોકોને ખલીફ ઉસમાન પાસે લઇ ગયા, અને જણાવ્યું કે ખલીફ તમોને અન્યાય થવા દેશે નહિ, તેઓ તમારૂં દરેક રીતે રક્ષણ કરશે, એમ તેઓને જણાવ્યું. વિશેષમાં હા. ઉસમાને દરેક રીતનું રક્ષણ અને અન્યાય ન થવાની લેખીત કબૂલાત આપી. અને તેવા મજમૂનનો એક લેખ કરી તે પર સહી કરી આપી.

**મીસરના** લોકોએ **મરવાનનો** ભાઇ હારસ જે **મીસરનો** ગવર્નર હતો, તેને ખસેડી તે જગ્યા મહમ્મદબીન અબુબકરને આપવા જણાવ્યું. અને ખલીફ ઉસમાને તે વાત કબૂલ રાખી, અને તે બાબતનો હુકમ લખી આપ્યો, પરંતુ પાછળથી તેને મારી નાખવાનો હુકમ લખી પોતાના ગુલામને મીસર તરફ રવાના કર્યો. પરંતુ રસ્તામાં મહમદની સાથે તેનો ભેટો થતાં, મહમ્મદે તે કાગળ જોરજુલ્મથી તેની પાસેથી લઈ લીધો, અને સત્ય હકીકતથી વાકેફ થતાં તે પાછો ફર્યો, અને પોતાના પક્ષકારોને **મદીને** બોલાવી સભા ભરી, અને ત્યાં ખલીફનો પત્ર રજુ કરી સત્ય બીના જાહેર કરી, હા. અલીએ તે બાબતની તપાસ કરતાં ખલીફે જણાવ્યું કે એ પત્ર મેં નથી લખ્યો, પરંતુ મરવાને લખ્યો હશે. મહમદ બીન અબુબકરે તે વખતે ત્યાંજ જણાવ્યું કે જો આ પત્ર તમોએ લખ્યો હોય તો તમો દગાબાજ છો, એમ સાબીત થવાથી તમો ખીલાફતને માટે નાલાયક છો, વળી તમો આ પત્ર **મરવાને** લખ્યાનું જણાવો છો, જેથી તમારી નબળાઈ સાબીત થાય છે. ખલીફ નબળો હોય તો તે મુસલમાનનું રક્ષણ કરવાને પણ નાલાયક છે. અને મરવાને જો આવી દગલબાજી કીધી છે. એમ સાબીત થાય છે, તો તેને શિક્ષા થવી જોઇએ, પરંતુ ખલીફે તેમ કરવાની ના પાડવાથી ભારે ટંટો થઇ પડયો. અને તેમના ઘરને ઘેરો ઘાલવામાં આવ્યો. ઘેરો છ અઠવાડીયાં સુધી ચાલૂ રહ્યો તે દરમ્યાન મહમ્મદે ખલીફ ઉસમાનને જણાવ્યું કે તમો ખલીફ થવાને નાલાયક છો, કારણકે તમારાથી બરાબર શાંતિ જળવાતી નથી, જેથી ખીલાફત છોડી દેવી, પરંતુ ખલીફ ઉસમાને ના પાડયાથી તેનો તલવારથી જીવ લેવામાં આવ્યો. ખલીફ ઉસમાન હી. સ. ૨૩ માં ખલીફ થયા અને તેમણે લગભગ ૧૩ વર્ષ ખિલાફત ભોગવી હી. સ. ૩૫ માં તેમનું મૃત્યુ થયું.

૪ હજરતઅલી—હા. ઉસમાનના મૃત્યુબાદ મદીનાના લોકોએ હજરતઅલીને ખલીફ થવા જણાવ્યું, હજરતઅલીએ ખલીફ થવાની ના પાડી, પરંતુ મદીનાના લોકોનો ભારે આગ્રહ જોઇ છેવટે હા. અલીએ ખીલાફત પદ સ્વીકારવાની હા પાડી. બીજે દિવસે મસ્જીદમાં હજરતઅલીને ખલીફ પદવી આપવાની હતી, તેથી મદીનાના ઘણા માણસો મસ્જીદમાં આવ્યાં હતાં. ત્યારે હજરતઅલીએ જોયું તો તેમાં તલહા અને ઝોબેર હાજર ન હતા. તેથી તેમને માણસો મોકલી બોલાવી લીધા. બન્ને હાજર થયા એટલે હા. અલીએ તેમને જણાવ્યું કે તમો બન્નેમાંથી કોઇ પણ એકજણ ખલીફ થાઓ તેમાં હું રાજી છું. અને તમારા કામમાં હું સહાયતા કરીશ. ત્યારે તે બન્ને જણાઓએ જણાવ્યું કે, "યાઅલી" તમે ખલીફ થાવ તેમાં અમે રાજી છીએ. તમારા કામમાં અમે બન્ને જણ મદદ આપતા રહીશું. એટલું કહીને બન્ને જણે હા. અલીની બેઅત કીધી. અને ત્યાર બાદ બીજા લોકોએ પણ બેઅત કીધી. એટલે હજરતઅલી સાહેબ ખલીફ થયા. આ વાતથી બનીઉમૈયાના લોકો ઘણા નારાજ થયા અને હજરતઅલીપાસેથી ખીલાફત છીનવાઇ જાય તેવી પેરવીઓ કરવા લાગ્યા. તેઓએ લોકોમાં એવી અફવા ઉડાવી કે, હા. ઉસમાનને હા. અલીએ કતલ કરાવી નાંખ્યા છે. બની ઉમૈયાના લોકોએ હા. ઉસમાનનું લોહીવાળું પહેરણ તથા તેની કપાયેલી આંગળીયો એક ભાલા ઉપર ઉંચે ટાંગી ઠેકઠેકાણે ફેરવી, અને પછી શામમાં લઇ ગયા. શામનો ગવર્નર મોઆવીઆ કે જે હા. અલી સાથે સખ્ત અદાવત રાખતો હતો તેણે બળવાખોરોને આશ્રય આપ્યો, આથી શામના લોકો હા. અલી વીરૂદ્ધ થઇ ગયા. એટલુંજ નહિ પણ હા. અલીએ ખલીફ થવાની સાથેજ હા. ઉસમાનના વખતના અન્યાયી ગવર્નરોને બરતરફ કરી, તેમની જગ્યાએ બીજા લાયક માણસો મોકલી આપ્યા. બરતરફ કરવામાં આવેલા બધા ગવર્નરોએ ખલીફના હુકમને માન આપી, પોતાના હોદ્દાનો ચાર્જ નવા ગવર્નરોને સોંપી આપ્યો. પરંતુ મોઆવીઆ કે જે હા. ઉમર, ઉસમાનના વખતથી શામનો ગવર્નર હતો તેણે નવા ગવર્નનરને પોતાનો હોદ્દો આપ્યો નહિ. તેથી સહલ પાછો ફર્યો.

તલહા અને ઝોબેર બન્ને ખલીફ થવાની કોશિષ કરતા હતા. પરંતુ લોકોનું વલણ તેમના તરફ ન હોવાથી હા. અલી ખલીફ થયા. મોઆવીઆએ આ બન્ને જણને પોતાના પક્ષમાં લીધા, અને જણાવ્યું કે તમારા માટે શામના લોકોની બેઅત લીધી છે. અને મોટો ભાગ તમારી બેઅત કરવા કબૂલ થયો છે. તમો કુફા અને બસરાના લોકોને હાથ કરવામાં ઢીલ કરશો તો, હા. અલી તેમને પોતાના પક્ષમાં લઇ લેશે; અને તમારૂં કંઇ વળશે નહિ, શામ અને બસરાના લોક હાથ આવી જાય તો ખીલાફત તમારી કાયમ થાય. આ ઉપરથી તલહા અને ઝોબેરે મોઆવીઆનો પક્ષ

પોતા માટે બહુજ ઉપયોગી જોયો. જેથી કુફા અને બસરાનાં લોકોને પોતાના કબજામાં લેવા ગોઠવણ કરી.

**હજરત મહંમદ** પેગંબરની બીબી **આયશાને** કોઇએ એમ વાત કરી કે હા. **ઉસમાનનું** ખૂન કરનાર ખુદ **હજરતઅલી છે.** અને તેથી તે ખૂનનો બદલો લેવો જોઇએ. બીબી **આયશાના** આવા ઇરાદાથી **તલહા** તથા **ઝોબેરને** ખબર પડતાં તેઓએ કંઇ બહાનું કાઢી મક્કા જઈ તેનો આશ્રય લેવાનું નક્કી કર્યું **તલહા** તથા **ઝોબેરે મક્કા** જઈ બીબી **આયશાને** પોતાના પક્ષમાં કરી લીધાં, એટલુંજ નહિ પણ તેણીનેજ આગેવાન બનાવી તેમના નામથી એવો ઢંઢેરો ફેરવ્યો કે, બીબી **આયશા, તલહા,** અને **ઝોબેર** હા. **ઉસમાનના** ખૂનનો બદલો લેવાને **બસરા** જાય છે માટે જેઓ દીનની હિમાયત કરવા ચાહતા હોય તેઓએ સાથે આવવું. આ ઉપરથી એક હજાર માણસો તેમની સાથે જવા તૈયાર થયાં. બીબી **આયશાએ** બસરા જઇ ત્યાંનો કબજો પોતાના હસ્તક કરી લીધો, અને ત્યાંના ગવર્નરની દહાડી તથા આંખોના વાળ એક એક કરી ખૂંચવી ઘણું અપમાન કરી કાઢી મેલ્યો. આ વાતની ખબર હા **અલીને** થતાં **કુફામાંથી** દસ હજાર માણસોની ફોજ લઇ **બસરે** ગયા. બીબી **આયશા** ઘણાં ગભરાઈ ગયાં, અને સુલેહ કરવાની ઇચ્છા જણાવી, પરંતુ **તલહા** અને **ઝોબરે** જોયું કે સુલેહ થશે તો, અમારો તો બારજ વાગી જશે, જેથી કોઇ પણ પ્રકારે સુલેહ થવા ન દીધી. અને લડાઈ ચાલુ રાખી, તેમાં **તલહા** અને **ઝોબેર** માર્યા ગયા. અને બીબી **આયશાને** હા. **અલીએ** તેના ભાઇ મહંમદ સાથે મદીના રવાના કરી આપ્યાં.

આ લડાઈમાં હા. અલીની જીત થવાથી **મોઆવીઆને** ભારે દીલગીરી થઇ, તેણે ફરીથી હા. અલીને ખીલાફતથી દુર કરવા એક બીજો પ્રપંચ આદર્યો. હા. **ઉસમાનના** વખતમાં **મિસરના** ગવર્નરની પદ્વિથી બરતરફ થયેલા **ઉમરૂઆસને** પોતાની જાળમાં ફસાવવાનો નિશ્ચય કર્યો. **મોઆવીઆએ** તેને પોતાના વજીરની જગ્યા આપી. અને જણાવ્યું કે જો ખીલાફત મારા હાથમાં આવે તો તને મિસરના ગવર્નરની જગ્યા આપીશ. આ ઉપરથી **ઉમરૂઆસ** હા. **અલીને** ખીલાફતથી દૂર કરવાના કામમાં **મોઆવીઆને** સંપૂર્ણ મદદ રૂપ થયો.

**ફૈરાત** નદીના કાંઠા પર **સીફીન** નામની જગ્યા પર **મોઆવીઆ** તથા હા. **અલી** વચ્ચે ૧૧૦ લડાઇઓ થઈ. હા. **અલીનાં** એંસી હજાર અને **મોઆવીઆના** એક લાખ વીસ હજાર માણસો માર્યા ગયાં. છેલ્લી લડાઈમાં મોઆવીઆનાં પુષ્કળ માણસો માર્યા ગયાં તેથી તે ગભરાઇ ગયો, જેથી તેણે **ઉમરૂઆસની** સલાહથી હા. **અલીના** સેનાધીપતી **આશાશ** બીન **કેશને** મોટી લાંચ આપી, છુપી રીતે તેણે હા. અલીનો વિરોધી બનાવી દીધો, અને

ત્યાર પછી પણ **મોઆવીઆએ** અનેક છળ પ્રપંચો હા. **અલી** સાથે કર્યા, તેમાં તે ન ફાવ્યો. છેવટે મોઆવીઆનો કાંટો દૂર કરવા માટે લશ્કર એકઠું કરવા હા. અલી કુફામાં આવ્યા દરમ્યાન **અબ્દરહેમાન ઈબ્ને મુલ્જીમ** નામના એક ખારજીએ રમજાન તા. ૧૯ ના રોજ હા. અલી જ્યારે મસ્જિદમાં સવારની નમાજ ગુજારી રહ્યા હતા, ત્યારે તલવારથી હુમલો કર્યો, તેના જખમથી **તા. ૨૧ રમજાનના** રોજ તેમની **વફાત** થઈ. તેમણે ચાર વર્ષ અને નવ માસ ખીલાફત ભોગવી. તેમની લાશને **નજફ** નામની જગ્યામાં **દફન** કરવામાં આવી છે. **વફાત** વખતે તેમની ઉમ્મર વર્ષ. **૬૩ની** હતી. **તેમની કબરની** જીયારત કરવાને લાખો શીયા લોકો દરવર્ષે **નજફ** જાય છે.

હજરત**અલી સાહેબે પ્રથમના** ખલીફોને ન્યાયના કામમાં ઘણી સારી મદદો આપી લોકપ્રીય થયા હતા. અરબી ભાષાનું વ્યાકરણ તેમણેજ બનાવ્યું છે. તેમના નીતિ વચનો ઈસ્લામીઓમાં એકે અવાજે વખણાય છે.**શીયાઇસના અશરી** તથા વહોરા લોકો તેમને પોતાના **માઅસુમ** ઇમામ ગણે છે. તુસેરી, તથા આગાખાની તેમજ પીરાણા સતપંથના લોકો તેમને ખુદા કહે છે. તેઓ અરબીભાષાના સુનંદા વિદ્વાન હતા. તેમની વકત્વ શક્તિનું આખું અરબસ્તાન એક અવાજે વખાણ કરે છે.

ઉપર મુજબના ચાર ખલિફોને **સુન્નીઓ** અનુક્રમે પેગંબરના **નાયબ** માને છે. **શીયા** મતના લોકો તેમની માન્યતાથી અલગ પડી હા. **અલીને** પહેલા ખરા હકદાર માને છે. આ માન્યતાથી **શીયા** તથા સુન્ની એમ બે ફાંટા થયા છે.

**ચાર ખલીફની ખીલાફતની મુદત્ત બતાવનારો કોઠો.**

| ચાર ખલીફનાં નામ. | | ખલીફ થયા. | | વફાત પામ્યા. | | ક્યાં દફન થયા. |
|---|---|---|---|---|---|---|
| | | હી. સ. | ઇ. સ. | હી. સ. | ઇ. સ. | |
| (૧) | અબુબકર | ૧૧ | ૬૩૨ | ૧૩ | ૬૩૪ | મદીના |
| (૨) | ઉમર | ૧૩ | ૬૩૪ | ૨૩ | ૬૪૪ | ,, |
| (૩) | ઉસમાન | ૨૩ | ૬૪૪ | ૩૫ | ૬૫૫ | ,, |
| (૪) | અલી. | ૩૫ | ૬૫૫ | ૪૦ | ૬૬૦ | નજફ |

ઉપર બતાવેલા કોઠામાનાં ખલીફોને **સુન્ની** લોકો માને છે. **શીયા લોકો** **હજરતઅલીને ખરા હકદાર સમજી,** તેમનેજ **પહેલા** ખલીફ અથવા **પહેલા** ઈમામ તરીકે માને છે.

## શીયા લોકોના ઈમામોની ગણત્રી—નીચે પ્રમાણે છે.

(૧) અલી, (૨) હસન, (૩) હુસેન, (૪) ઝએનુલ આબેદીન, (૫) મોહંમદ બાકર, (૬) જાફર સાદક, (૭) મુસા કાજમ, (૮) અલીરઝા, (૯) મોહંમદ તકી, (૧૦) અલીય્યુન નકી, (૧૧) હસન અસકરી, (૧૨) મોહંમદ મહેદી.

## વોહરાઓના ઇમામોની ગણત્રી નીચે પ્રમાણે છે.

(૧) અલી, (૨) હસન, (૩) હુસેન, (૪) ઝએનુલ આબેદીન, (૫) મહંમદ બાકર, (૬) જાફર સાદક, (૭) ઇસમાઈલ, (૮) મહંમદ, (૯) રઝીઅબદુલ્લા, (૧૦) તકી આહમદ, (૧૧) ઝકી અબદુલ્લા, (૧૨) અબદુલ્લા મેહદી, (૧૩) કાયમ, (૧૪) મનસુર, (૧૫) મોએજ, (૧૬) અઝીઝ, (૧૭) હાકમ (૧૮) ઝાહેર, (૧૯) મુસ્તનસર, (૨૦) મુસ્તેઅલી, (૨૧) આમર (૨૨) તૈયબ.

## ઈસમાઇલી નીજારી આગાખાની ઈમામોની મુદત બતાવનારો કોઠો.

| નીઝારી ઇમામોના નામો. | ઇમામ થયા. | | વફાત પામ્યા. | | નીઝારી ઇમામોના નામો. | ઇમામ થયા. | | વફાત પામ્યા. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | હી. સ. | ઇ. સ. | હી. સ. | ઇ. સ. | | હી. સ. | ઇ. સ. | હી. સ. | ઇ. સ. |
| ૧ અલી | ૩૫ | ૬૫૫ | ૪૦ | ૬૬૦ | ૨૫ જલાલુદ્દીન | ૬૦૭ | ૧૨૧૦ | ૬૧૮ | ૧૨૨૧ |
| ૨ હુસેન | ૪૦ | ૬૬૦ | ૬૧ | ૬૮૦ | ૨૬ અલાઉદ્દીન | ૬૧૮ | ૧૨૨૧ | ૬૫૩ | ૧૨૫૫ |
| ૩ ઝએનુલ આબેદીન | ૬૧ | ૬૮૦ | ૯૪ | ૭૧૩ | ૨૭ રૂકનુદ્દીન | ૬૫૩ | ૧૨૫૫ | ૬૫૪ | ૧૨૫૬ |
| ૪ મહંમદ બાકર | ૯૪ | ૭૧૩ | ૧૧૪ | ૭૩૨ | ૨૮ શમશુદ્દીન | ૬૫૪ | ૧૨૫૬ | ૭૧૦ | ૧૩૧૦ |
| ૫ જાફર સાદક | ૧૧૪ | ૭૩૨ | ૧૪૮ | ૭૬૫ | ૨૯ કાશમશાહ | ૭૧૦ | ૧૩૧૦ | ૭૭૧ | ૧૩૭૦ |
| ૬ ઇસમાઇલ | ૧૪૮ | ૭૬૫ | ૧૫૮ | ૭૭૫ | ૩૦ ઇસ્લામશાહ | ૭૭૧ | ૧૩૫૦ | ૮૨૭ | ૧૪૨૪ |
| ૭ મહંમદ | ૧૫૮ | ૭૭૫ | ૧૯૭ | ૮૧૩ | ૩૧ મહંમદ | ૮૨૭ | ૧૪૨૪ | ૮૬૮ | ૧૪૬૪ |
| ૮ વફી અહમદ | ૧૯૭ | ૮૧૩ | ૨૧૨ | ૮૨૮ | ૩૨ મુસ્તનસર | ૮૬૮ | ૧૪૬૪ | ૮૮૦ | ૧૪૭૬ |
| ૯ તકી મહંમદ | ૨૧૨ | ૮૨૮ | ૨૨૫ | ૮૪૦ | ૩૩ અબ્દુ-સલામ | ૮૮૦ | ૧૪૭૬ | ૮૯૯ | ૧૪૯૪ |
| ૧૦ રઝીઅબદુલ્લા | ૨૨૫ | ૮૪૦ | ૨૬૨ | ૮૭૬ | ૩૪ ગરીબમીરજા | ૮૯૯ | ૧૪૯૪ | ૯૦૨ | ૧૪૯૭ |
| ૧૧ મેહદી મહંમદ | ૨૬૨ | ૮૭૬ | ૩૨૨ | ૯૩૪ | ૩૫ ભુદરઅલી | ૯૦૨ | ૧૪૯૭ | ૯૧૫ | ૧૫૦૯ |
| ૧૨ કાયમ | ૩૨૨ | ૯૩૪ | ૩૩૪ | ૯૪૫ | ૩૬ મુરાદમીરજા | ૯૧૫ | ૧૫૦૯ | ૯૨૦ | ૧૫૧૪ |
| ૧૩ મનસુર | ૩૩૪ | ૯૪૫ | ૩૪૧ | ૯૫૨ | ૩૭ જુલફેકારઅલી | ૯૨૦ | ૧૫૧૪ | ૯૨૨ | ૧૫૧૬ |
| ૧૪ મોએઝ | ૩૪૧ | ૯૫૨ | ૩૬૫ | ૯૭૫ | ૩૮ નુરદીનઅલી | ૯૨૨ | ૧૫૧૬ | ૯૫૭ | ૧૫૫૦ |
| ૧૫ અઝીઝ | ૩૬૫ | ૯૭૫ | ૩૮૬ | ૯૯૬ | ૩૯ ખલીલ્લાઅલી | ૯૫૭ | ૧૫૫૦ | ૯૯૩ | ૧૫૮૫ |
| ૧૬ હાકમ | ૩૮૬ | ૯૯૬ | ૪૧૧ | ૧૦૨૦ | ૪૦ નીજાર | ૯૯૩ | ૧૫૮૫ | ૧૦૩૮ | ૧૬૨૯ |
| ૧૭ જાહેરઅલી | ૪૧૧ | ૧૦૨૦ | ૪૨૭ | ૧૦૩૫ | ૪૧ સૈયદઅલી | ૧૦૩૮ | ૧૬૨૯ | ૧૦૭૧ | ૧૬૬૧ |
| ૧૮ મુસ્તનસર | ૪૨૭ | ૧૦૩૫ | ૪૮૭ | ૧૦૯૪ | ૪૨ હસનઅલી | ૧૦૭૧ | ૧૬૬૧ | ૧૧૦૬ | ૧૬૯૫ |
| ૧૯ નીજાર | ૪૮૭ | ૧૦૯૪ | ૪૯૦ | ૧૦૯૭ | ૪૩ કાસમઅલી | ૧૧૦૬ | ૧૬૯૫ | ૧૧૪૩ | ૧૭૩૧ |
| ૨૦ હાદી | ૪૯૦ | ૧૦૯૭ | ૫૩૦ | ૧૧૩૫ | ૪૪ અબુલ હસન | ૧૧૪૩ | ૧૭૩૧ | ૧૧૯૪ | ૧૭૮૦ |
| ૨૧ મોહતદી | ૫૩૦ | ૧૧૩૫ | ૫૫૨ | ૧૧૫૭ | ૪૫ ખલીલ્લાઅલી | ૧૧૯૪ | ૧૭૮૦ | ૧૨૩૩ | ૧૮૧૭ |
| ૨૨ કાહેર | ૫૫૨ | ૧૧૫૭ | ૫૫૭ | ૧૧૬૨ | ૪૬ હસનઅલાશાહ | ૧૨૩૩ | ૧૮૧૭ | ૧૨૯૮ | ૧૮૪૧ |
| ૨૩ અલી ઝીકરે સલામ | ૫૫૭ | ૧૧૬૨ | ૫૬૧ | ૧૧૬૬ | ૪૭ અલીશાહ | ૧૨૯૮ | ૧૮૮૧ | ૧૩૦૨ | ૧૮૮૫ |
| ૨૪ મહંમદ | ૫૬૧ | ૧૧૬૬ | ૬૦૭ | ૧૨૧૦ | ૪૮ મહંમદસુલતાન | ૧૩૦૨ | ૧૮૮૫ | હયાત | હયાત |

આગળ બતાવેલા કોઠામાંના પહેલા પાંચ ઇમામો એટલે હા. અલીથી ઇમામ જાફર સાદક સુધીના મક્કા અને મદીનામાં રહેતા હતા. હઝરત ઈમામ ઈસ્માઈલથી હા. ઇમામ રઝીઅબદલ્લા સુધીના પાંચ ઈમામો તુર્કસ્તાનમાં આવેલા સલમીયા ગામમાં રહેતા હતા. હજરત અબદલ્લા મેહદીથી હજરત મુસ્તનસરબિલ્લાહ સુધીના ઇમામો મીસર અને મગરીબ આફ્રીકામાં રહ્યા હતા. આ ઈમામો ફાતમાઇત ખલીફાઓ તરીકે પ્રખ્યાત થયેલા છે, હજરત ઇમામ નીઝારથી હજરત ઈમામ રૂકનુદ્દીન સુધીના ઇમામો ઈરાન દેશના અલમોતગઢમાં જઈ રહ્યા હતા. હજરત ઈમામ શમશુદ્દીનથી હજરત ઈમામ હસનઅલી સુધીના ઇમામો ઈરાન દેશમાં કેહક બાબક, વિરચા, દહેલમ વિગેરે સ્થળે વસ્યા હતા.
તેમાં હજરત ઇમામ હસનઅલી પહેલવહેલા હિંદુસ્તાનમાં આવ્યા હતા, અને તેમની પછીના સઘળા એટલે હાલના હયાત હીઝ હાઇનેસ સર સુલતાન મોહમદશાહ આગાખાન સુધીના સઘળા ઇમામો હિંદુસ્તાનમાંજ વસવાટ કરી રહ્યા છે.

## પંજેતન પાકના જન્મ તથા વફાતની સન બતાવનારો કોઠો.

| | પંજેતનના નામ | જન્મ | | વફાત | | ક્યાં દફન થયા. |
|---|---|---|---|---|---|---|
| | | હી. સ. | ઇ. સ. | હી. સ. | ઇ. સ. | |
| ૧ | મોહમદ | પૂર્વે | ૫૭૦ | ૧૧ | ૬૩૨ | મદીના |
| ૨ | અલી | પૂર્વે | ૫૯૮ | ૪૦ | ૬૬૦ | નજફ |
| ૩ | ફાતમા | પૂર્વે | ૬૧૩ | ૧૧ | ૬૩૨ | મદીના |
| ૪ | હસન | ૩ | ૬૨૫ | ૪૯ | ૬૬૯ | મદીના |
| ૫ | હુસેન | ૪ | ૬૨૬ | ૬૧ | ૬૮૦ | કરબલા |

(૩) હજરત ઇમામ ઝએનુલ આબેદીનનો જન્મ હી. સ. ૩૭માં મદીનામાં થયો હતો. અને હી. સ. ૯૪ની સાલમાં કોઇ કાફરોએ ઝેર આપી તેમને શહીદ કર્યા.

(૪) હજરત ઈમામ મહંમદ બાકરનો જન્મ મદીનામાં હી. સ. ૫૭માં થયો હતો. ઓગણીસ વર્ષ ઇમામત ભોગવી ૫૭ વર્ષની વયે કાફરોએ ઝેર આપવાથી તેમનું મૃત્યું થયું હતું.

(૫) હજરત ઈમામ જાફર સાદકનો જન્મ હી. સ. ૮૩માં મદીનામાં થયો હતો. ઇમામ જાફર સાદકના વખતમાં શીયા અને સુન્નીનાં તડાં ઘણા જોરથી ખીલી નીકળ્યાં હતાં, અને તેમાં ઘણી તકરારો અને બખેડાઓ ઉભા થયા હતા. ૬૫ વર્ષની વયે દુશ્મનોએ તેમને મારી નાંખ્યા હતા. તેમની કબર મદીનાએ મુનવરમાં છે. તેમને બે પુત્ર હતા, હા. ઇમામ ઈસ્માઈલ અને હા. ઈમામ મુસાકાજમ. અબસાઇડ ખલીફાઓની બીકથી તેણે પોતાના પુત્ર ઇસમાઈલને શામ તરફ મોકલી આપ્યો હતો. અને લોકોમાં તેની વફાત થવાનું જાહિર કર્યું હતું. તેમના મૃત્યુબાદ તેમના બીજા દીકરા મુસા કાજમ ઇમામત પર આવ્યા; પરંતુ તેમને બધા લોકોએ ઈમામ તરીકે સ્વિકાર્યા નહિ. જેઓ ઇસમાઇલને શામ મોકલી દીધાની વાત જાણતા હતા, તેઓએ ઇસમાઇલને, અને તેના વારસને પોતાના ઈમામ તરીકે સ્વીકાર્યા, અને તેઓ ઈસ્માઈલીઓ કહેવાયા. અને જેઓએ મુસાકાજમને અને તેમના વારસને પોતાના ઇમામ તરીકે સ્વિકાર્યા તેઓ ઇસના અશરી કહેવાયા.

(૬) હજરતઈમામ ઈસ્માઈલ હી. સ. ૧૪૮માં ઇમામત પર આવ્યા હતા. તેમના વખતમાં ઇસમાઇલી દીનનો ફેલાવો કરવા ઘણા દાઈઓ જાહેરમાં આવ્યા હતા, જેમાં હજરત નુરૂદ્દીન હિંદુસ્તાનમાં આવ્યા હતા. જેઓ નુરસતગોર તરીકે પ્રખ્યાત છે. તેમણે દશ વર્ષ ઈમામત ભોગવી હી. સ.૧૫૮માં મૃત્યુ પામ્યા હતા. તેમની દરગાહ શરીફ સલમયામાં છે.

(૭) હજરત ઈમામ મહંમદ હી. સ. ૧૫૮ માં ઇમામત પર આવ્યા, તેઓ શરૂઆતમાં મદીનામાં રહ્યા, પરંતુ દુશ્મનોના ડરથી તેઓ કુફા, રાઈ, નેહાવદ સાબુર તથા સલમીયાના પ્રદેશોમાં દુશમનોથી બચવા ફરતા રહ્યા હતા, તેમના વખતમાં ઇસ્માઇલી દીનનો ઘણો ફેલાવો થયો હતો. તેમની વફાત હી. સ. ૧૯૭માં થઇ હતી તેમને પણ તેમના પીતાની કબરની પાસેજ દાટવામાં આવ્યા હતા.

(૮) હજરત ઇમામ વફી આહમદ હી.સ. ૧૯૭ માં ઈમામત પર આવ્યા. તેમના વખતમાં અબ્દુરહેમાને સ્પેનમાં ઉમૈયા શાખાને સ્થાપન કરી ખીલાફત સ્થાપી હતી. તેમણે ૧૫ વર્ષ ઈમામત ભોગવી હી.સ. ૨૧૨માં સલમીયા ખાતે તેમનું મૃત્યુ થયું હતું.

(૯) હજરત ઇમામ તકી મહમદ હી. સ. ૨૧૨માં ઇમામત પર આવ્યા. તેમણે હમશ પાસેના ઈસમાલીયા શહેરમાં રહીને ઈસમાઈલી મઝહબનો ફેલાવો કરવા ઘણા દાઇઓને રવાના કર્યા હતા, જેના પરિણામે યમન, યમામા, બહેરેન, સિંધ, મુલતાન, મિસર અને શોમાલી લાઈન-માં ઇસમાઇલી દીનનો ફેલાવો થયો હતો. હી. સ. ૨૨૫માં તેમની વફાત થઈ.

( ૧૦ ) હજરત ઇમામ રઝી અબદુલ્લાહ હી. સ. ૨૨૫ માં ઇમામત પર આવ્યા. તેઓ હમદાન અને આઝર બાઇજાન થઇને કોન્સ્ટેન્ટીનોપલ આવી રહ્યા. તેમણે ઇસ્માઇલી દીનનો ફેલાવો કરવા ઘણા દાઇઓને જુદે જુદે સ્થળે મોકલ્યા હતા, શામરામાં હી. સ. ૨૬૨માં તેમનું મૃત્યુ થયું હતું.

હા. મેહદી મહંમદ અને તેની પછીના બીજા સાત ઇમામો એટલે હા. ઈમામ જાહેરઅલ્લીના વખત સુધ્ધીમાં એવા કંઇ જાણવા જોગ બનાવ બન્યા નથી. જેથી ફક્ત તેમના નામોજ આગળ આપ્યાં છે. હા. ઈમામ જાહેર અલી પછી તેમના પુત્ર હા. ઇમામ મુસ્તનસર બિલ્લાહ ઇમામ થયા.

(૧૮) હા. ઈમામ મુસ્તનસર બિલ્લાહ. હી. સ. ૪૨૭ માં ઈમામતપર આવ્યા. એમના વખતમાં વિદ્યા, હુન્નર અને ફીલોસોફીના વિદ્યાલયો આખી દુનીયામાં ઝળકી નીકળ્યાં હતાં, અનેક લોકો ઇલ્મ શીખવા ત્યાં જતા હતા. એનાજ વખતમાં હસનબીન શબ્બાહ તથા નાસરખુસરો ખોરાસાનથી મીસર ગયા અને અભ્યાસ કરી ઇસ્માઇલી દીનનો ફેલાવો કરવા તેઓ પાછા ખોરાસાન તરફ ગયા પણ ત્યાંના કેટલાક અકીબ લોકો વિરૂદ્ધ થવાથી તેઓ પહાડો અને ખોણો તરફ નીકળી ગયા, ત્યાં ૨૦ વર્ષ તેઓને પાણી અને ઘાસ પર તેમનું ગુજરાન ચલાવવું પડયું હતું.

હા. ઇમામ મુસ્તનસર બિલ્લાહને ત્રણ ફરજંદ હતા, જેમાં શાહ નિઝારને પોતાની પાછળ ઈમામ અને ખલીફ ઠરાવ્યા હતા, પરંતુ પાછળથી નાખુશ થઇ પોતાના બીજા દીકરા મુસ્તઅલી બ અલ્લાની વસીયત કરી હતી. તેના મૃત્યુબાદ ઇસમાઇલીઓમાં બે તડ પડયાં. એક બાજુએ મુસ્તઅલીની બેઅેત કરી; અને બીજી બાજુવાળાઓ નિઝારની વસીયત ઉપર ઈતબાર લાવી તેના નામની દાવત કરતા હતા. હસન બિન સબ્બાહ આ બીજા ફિરકાની પક્ષમાં હતો, તેથી તેને મીસરની દરબાર છોડવી પડી, અને ઇરાનમાં જઈ તેણે ઇસમાઇલી દીનનો પ્રચાર કરી આલમોતમાં ઇમામને લઇ જવા કોશેશ કરવા લાગ્યો. આ ઉપરથી ઇસમાઈલીઓમાં બે ભાગ પડી ગયા. જેઓએ નિઝારને પોતાના ઈમામ તરીકે સ્વિકાર્યો તેઓ નિઝારીઓ કહેવાયા; અને જેઓએ હા. મુસ્તઅલીબઅલ્લાને ઇમામ તરીકે ચાલૂ રાખ્યા તેઓ ઈસમાઈલી કહેવાયા, તેમનો કોઠો ઉપર આપેલો છે.

( ૧૯ ) હજરત ઈમામ નિઝાર હી. સ. ૪૮૭માં ઇમામત પર આવ્યા. પરંતુ મુસ્તેઅલી, તેને મારી નાંખવાની ચેતરણ કરતો હતો, જેથી તેમને અલેક્ઝાંડ્રીઆ ભણી જતા રહેવું પડયું. ત્યાંના હાકેમે તેમનો સારો સત્કાર કર્યો, પણ મુસ્તેઅલીએ લશ્કર મોકલી ત્યાંના હાકેમને મારી નંખાવી, હા. ઇમામ

નિઝારને કેદી બનાવી, કેરો લઈ ગયા કે જ્યાં હી. સ. ૪૯૦ માં તેમની વફાત થઇ. તેઓ પોતાની પાછળ મૌલાના હાદીની વસીયત કરી ગયા હતા.

( ૨૦ ) હજરત ઇમામ હાદી. હી. સ. ૪૯૦માં ઈમામત પર આવ્યા. હસન બીન શબ્બાહને મુસ્તેઅલીનો પક્ષ ફાવ્યાથી મીસર છોડવું પડયું હતું, ત્યારે નિઝારના પુત્ર હાદીને છુપી રીતે પોતાની સાથે લઇ ગયો હતો, અને જ્યારે અલમોતનો કિલ્લો તેને હાથ આવ્યો ત્યારે, સર્વ માલમતા અને સત્તા હજરત ઇમામ હાદીના કદમોમાં સોંપી દીધી. હા. ઇમામ હાદીએ રાજ્યનો વહીવટ ચલાવવા હસન બીન સબ્બાહને સોંપ્યો હતો. તે મુજબ હસન બીન સબ્બાહે જીવન પર્યંત ઇમામની ઘણી સેવા બજાવી હતી. તેઓ હી.સ. ૫૩૦માં મૃત્યુ પામ્યા.

હજરત ઈમામ હાદીના પછી તેમના પુત્ર મોહતદી ઇમામ થયા હતા. તે અને ત્યાર પછીના હા. ઇમામ રૂકનુદીન સુધીના એટલે સાત ઇમામોના વખતમાં એવા કંઈ જાણવા જેવા બનાવો બન્યા નથી.

( ૨૮ ) હજરત ઈમામ શમશુદ્દાન હી સ. ૬૫૪ માં ઈમામત પર આવ્યા. ઇરાન ખંડમાં હકમૌલાના શાહ શમશુદીન મહમદ થયા, અને અનેક લોકોને પાક ઇસ્માઇલી દીનથી મુશરફ કીધા. તેઓ હી. સ. ૭૧૦ મૃત્યુ પામ્યા.

( ૨૯ ) હજરત ઇમામ કાશમ શાહ હી. સ. ૭૧૦માં ઇમામત પર આવ્યા. એમનાં વખતમાં પીર શમસે હિંદુસ્તાનમાં ઘણા હિંદુઓને ઈસમાઈલી દીનમાં વટલાવ્યા. હી. સ. ૭૭૧માં તેમનું મૃત્યુ થયું.

(૩૦) હજરત ઇમામ ઇસ્લામશાહ. હી. સ. ૭૭૧માં ઇમામત પર આવ્યા. તેમણે પીર સદરૂદીનને હિંદુસ્તાનમાં મોકલ્યા હતા. કે જેણે પીર સતગુર નુર અને પીર શમ્સે રોપેલ ઈસ્માઈલી દીનને ઘણો ફળદ્રુપ બનાવ્યો હતો. અને અનેક લોકોને તેણે ઇસ્માઇલી દીનમાં દાખલ કરી ખોજા લકબ આપ્યું હતું. પહેલ વહેલાં તેમણે સિંધના કોટડા ગામમાં પોતાનું જમાતખાનું સ્થાપ્યું, અને હિંદુઓને વટાળી ખોજાઓ બનાવ્યા હતા. તેમનું મૃત્યુ હી. સ. ૮૨૭માં થયું.

હજરત ઇમામ ઇસ્લામશાહના મૃત્યુ બાદ તેમના પુત્ર મહમદ ઇમામત પર આવ્યા. પરંતુ તે અને તેમની પછીના પંદર ઈમામોના વખતમાં એટલે હજરત ઈમામ ખલીલલ્લા અલીના સમય સુધીમાં કોઇ જાણવા જોગ બનાવ બન્યા નથી. તેમનાં નામો તથા ઇમામ કયારે થયા, અને વફાત કયારે પામ્યા તે બાબતનો આગળ ઉપરના કોઠામાં ઉલ્લેખ કરેલો છે. તેમના મૃત્યુબાદ તેમના પુત્ર હસન અલીશાહ ઇમામ થયા.

(૪૬ ) હજરત ઇમામ હસન અલીશાહ–હી. સ. ૧૨૩૩માં ઇમામત પર આવ્યા હતા. પરંતુ તેમની દુશ્મનોની સતામણીથી તેમને ઇરાન છોડી હિંદુ-

સ્તાન તરફ આવતા રહેવું પડયું હતું. તેમણે આવી હિંદુસ્તાનની નામચીન નગરી મુંબઇમાં પોતાનું ખાનું કીધું, જ્યાં હજારો મુરીદો તેમના દીદાર કરવા જતા. તેમને અંગ્રેજ સરકાર તરફથી હીઝ હાઈનેસનો ખીતાબ મળ્યો હતો, તેમજ માસિક ૩૦૦૦નું સાલીઆણું મળતું હતું. તેઓ હી. સ. ૧૨૯૮માં ૬૫ વર્ષ ઈમામત ભોગવી મૃત્યુ પામ્યા હતા. અને તેમની લાશને મુંબઈના હસનાબાદમાં દફન કરવામાં આવી છે.

( ૪૭ ) હજરત ઇમામ અલીશાહ—હી. સ. ૧૨૯૮માં ઇમામત પર આવ્યા. તેઓ શીકારના ઘણા શોખીન હતા. તેઓ મુંબઇની લેજીસ્લેટીવ કાઉન્સીલના વધારાના મેમ્બર હતા. તેમણે પોતાની જીંદગીના. ૩૨ વર્ષ હિંદુસ્તાનમાં ગુજારી ( હી. સ. ૧૩૦૨ ) ઈ. સ. ૧૮૮૫માં પુનામાં તેમનું મૃત્યુ થયું હતું. તેમની લાશને કરબલા લઈ જઇ દફનવામાં આવી હતી. તેમના મૃત્યુ પછી તેમના પુત્ર સુલતાન મહમદશાહ ઇમામતની મસનદ પર આવ્યા.

( ૪૮ ) મૌલાના હાજર ઇમામશાહ આગા સૂલતાન—એમનો જન્મ ઈ.સ. ૧૮૭૭ માં કરાંચી ખાતે થયો છે. જેઓની નામાંકિત ઉજળી કારકીર્દી જગજાહેર છે.

ઉપર જણાવેલા ૪૮ ઇમામો નીઝારી આગાખાની સતપંથના ઈમામો ગણાય છે. પરંતુ તેઓ ઈસમાઈલી શાખાથી કયારે અને કેવી રીતે છૂટા પડયા, અને પોતાનો નીઝારી પંથ કેવી રીતે અને કોણે ફેલાવ્યો તેની ટુંકી નોંધ ઉપર આપી ગયા છીએ. પરંતુ એ નીઝારી શાખાનો ફેલાવો કરનારા દાઇઓ, ઉપદેશકો અને હાકેમોના ચારિત્રોની ટુંકી નોંધ આપવાથી એ નીઝારી પંથ કેવા સ્વરૂપમાં ખડો થયો છે, તેનો વાચક વર્ગને થોડે અંશે ખ્યાલ આવશે.

મૌલાના શાહઅલીથી, મૌલાના શાહ મુસ્તનસર બિલ્લાહ સુધીના ૧૮ ઈમામોને ઈસમાઇલીઓ તેમજ નિઝારી આગાખાનીઓ પણ પોતાના ઇમામો તરિકે માને છે. મૌલાના શાહ મુસ્તન સર બિલ્લાહને ત્રણ ફરજંદ હતાં. પ્રથમ તેમણે પોતાના મોટા પુત્ર મૌલાના શાહ નીઝારને માટે ગાદીની વસીઅત કરી હતી, પરંતુ બાપદીકરા વચ્ચે ટંટો થવાથી તેણે પોતાની હયાતીમાંજ પોતાના બીજા દીકરા મૌલાના મુસ્તઅલીની ગાદી માટે વસીઅત કરી આપી. તેમના મૃત્યુ બાદ ઇમામત માટે ટંટો થયો. જેઓએ મુસ્તેઅલીને પોતાના ઇમામ તરીકે સ્વિકાર્યા, તેઓ ઈસમાઇલીઓ કહેવાયા કે જેઓ હાલ વોહરાને નામે ઓળખાય છે. અને જેઓએ નિઝારને પોતાના ઈમામ તરીકે સ્વિકારયા છે તેઓ નિઝારીઓ કહેવાય છે. હસનબીનસબ્બાહ હા. નીઝારની

તરફેણમાં રહ્યો હતો. પરંતુ મુસ્તેઅલીનો પક્ષ ફાવી જતાં નીઝારને પકડી મારી નાંખવામાં આવ્યો, જેથી હસન બીનશબ્બાહને નીઝારના પુત્ર મૌલાના હાદીને લઇ છુપી રીતે નાશી છુટયો. ત્યાંથી તેણે પોતાના સાથીઓ સાથે નિઝારી પંથનો ફેલાવો કરવા માટે મીસર, અને ઈરાનમાં શરૂઆત કરી; કે જેમાં તેને ફત્તેહ મળી હતી. તે એવી રીતે કે પ્રથમ તેઓ પોતાના ઉપદેશકોને ગામે ગામ મોકલતા, તેઓ પોતાના મતનાં બીજો છાંટી જમીન તૈયાર કરતા, ત્યારે વખત જોઇ પોતે ત્યાં જતા અને છુપાં કાવત્રાંથી અથવા પોતાના મૂર્ખ શીષ્યો કે જેઓ ફિદાઈના નામથી ઓળખાતા હતા, તેમની મારફતે આડે આવતા શખ્સોને ઝેર અપાવી અથવા કતલ કરાવી પોતાનું કામ કહાડી મુખત્યાર થઇ બેસતા જેનો ઇતિહાસ બહુ લાંબો છે, પરંતુ જેની સાથે આપણી વાતનો સંબંધ છે તે નીઝારી શાખાનો એક શખ્સ હસન બીનશબ્બાહ નામે હતો, કે જેણે પોતાનો અમલ ઈરાનમાં જમાવી અલમોત નામે એક મજબુત કિલ્લો હાથ કરી ત્યાં પોતાની હકુમત જમાવી હતી.

## હસન બિન સબ્બાહની યુકિતઓ અને બનાવટી સ્વર્ગ

હસનના મુરીદોમાં તેનું જે માન અને સત્તા હતી, તેવી કોઇ મોટા મોટા શેહેનશાહને પણ હતી નહિ. તેમાં તેની યુકિતઓ શું હતી, તેનો આજ સુધી સ્વપ્નામાં પણ કોઈને ખ્યાલ આવ્યો નહિ હોય? હસનની યુકિતઓ એવી હતી કે પ્રથમતો તેણે એક બનાવટી સ્વર્ગ બનાવ્યું હતું. એ સ્વર્ગમાં મનહર બાગો, સુંદર ફુવારાઓ, રમણીય મેહેલો, ઊંચા મિનારાઓ, ખુશનુમા દીવાનખાનાંઓ, અને વિચિત્ર ઝરૂખાઓ, લાખો કરોડો રૂપીઆ ખર્ચી બનાવ્યા હતા. તેમાં ખુશબોદાર ઝાડોના બગીચાઓ, ભિન્ન ભિન્ન પ્રકારનાં ભોજનો, વસ્રો તથા મનુષ્યના અંતઃકરણને જાદુની પેઠે હરી લે એવી ખૂબસુરતમાં ખૂબસુરત યુવતીઓને સ્વર્ગની અપ્સરાઓ તરીકે મોટી સંખ્યામાં રાખી હતી, કે જોનારને આ જગ્યા ખરેખર બીજીજ દુનિયા છે એમ લાગે. ટુંકામાં એટલુંજ કે મુસલમાની મતમાં જીન્નતનું જે વર્ણન કીધું છે, તેની આબેહુબ નકલ કીધી હતી. એટલી હદ સુધી કે જીન્નતમાં દૂધ, મધ અને દારૂની નદીઓ વહેછે એવું વર્ણન મુસલમાની ગ્રંથોમાં છે તો તે પણ તેમાં બનાવેલું હતું, આ સ્વર્ગમાં બાહેરથી જે જે ચીજો લાવવામાં આવતી તે એવી તો ગુપ્ત રીતે લાવતા કે તેનો કોઇને વેહેમ પણ ન આવે. આ સ્વર્ગ ખાસ ઇમાન લાવનારા મુરીદો માટે હતું.

આ સ્વર્ગ બનાવ્યા પછી હસને પોતાના મુરીદોના 'દાઈ' 'રફીક' અને 'ફીદાઇ' નામના ત્રણ વિભાગ કીધા હતા. દાઈઓનું કામ, પાદરીઓની પેઠે જૂદા જૂદા દેશોમાં જઇ ધર્મબોધ કરવો, તથા રફીકનું કામ ધર્માચાર્યની યોગ્યતા રાખવી અને હસનના ખરા મિત્ર હોવાનો મરતબો ધરાવવો એ હતું. સહુથી વધારે અને વિચિત્ર ટોળું ફીદાઇઓનું હતું. તેઓ હસનના દરેક વચનનો વગર આનાકાનીએ આંખો મીંચીને અમલ કરતા હતા. હસન, એ ફીદાઇઓ પૈકી કોઇ પણ સખ્સને કોઇની કતલ કરવાનું કામ સોંપે, તો તે ફીદાઇ જૂદો પોશાક અને જૂદો દેખાવ કરી ધારેલી જગ્યાએ જતો, અને રફતે રફતે જેની કતલ કરવાનો પોતાને હુકમ મળેલો હોય તેના સમાગમમાં આવી જઈ, તેને ઝેર દેવાનો લાગ ફાવે, તો ઝેર આપતો, નહિ તો તેના પેટમાં ખંજર ભોંકી દઇ, તેને મારી નાંખતો. પછી પોતાને બીજા લોકો મારી નાખે, અથવા ફાંસીને લાકડે લટકાવે તેની તેને જરા પણ પરવા ન હતી; કારણ કે એ ફીદાઇ લોકોને એ કામ કરવાથી સ્વર્ગ અથવા જીન્નતનાં સુખો ભોગવવાની સંપૂર્ણ ખાત્રી હતી. આવા ફીદાઈઓના હાથથી હસને હજારો ખૂનો કરાવી પોતાની સત્તા ખૂબ જમાવી હતી, અને એ કારણથી મોટા મોટા શાહેનશાહો પણ હસનના નામથી થર થર ધ્રૂજતા હતા.

આ ફીદાઇઓને સ્વર્ગને માટે એટલી બધી ખાત્રી કેમ થતી? તે વિષે હિસ્ટરી ઓફ ધી એસેસીન્સ; મારકોપોલોની મુસાફરીના ગ્રંથમાં, કવી ડી. જાનવીલના ગ્રંથમાં અને ચીનાઇ ગ્રંથકાર વાર્ગનના ગ્રંથમાં વિસ્તારથી વર્ણન આપેલું છે.

ભાંગ કે જેને અરબીમાં 'હશશ' કહે છે. તે વસ્તુ તે સમયમાં પ્રસિદ્ધ ન હતી. ઈરાનમાં એ કેફી ચીજનો ઉપયોગ કરનાર પ્રથમ હસનજ હતો. આ ચીજથી તેણે એવું તો વિચિત્ર કામ લીધું હતું કે આજ સુધી તેવું કોઇએ લીધું નથી; અને હવે પછી લઇ શકશે પણ નહિ. તે એવી રીતે કે રૂપાળા, તન્દુરસ્ત અને કદાવર પુરૂષો કે જેઓ ભોળા અને જલદીથી ઈમાન લાવી શકે એવા હોય, તેઓને રૂદબાર અને તાકલાન પ્રાંતમાંથી ચુંટી પસંદ કરવામાં આવતા હતા. આ ઉમેદવારોને થોડી મુદત પોતાના ધર્મનું શિક્ષણ આપ્યા પછી જ્યારે "તેઓ બરાબર તૈયાર થયા છે;" એવી ખાત્રી થતી ત્યારે તેઓને હસનના દરબારમાં પ્રવેશ કરવાનું માન મળતું; અને હસન તેઓને ભાંગના શરબતનો પ્યાલો પાઇ, બેહોશ કરી નાંખતો. ભાંગ પીનારા સખ્સ, ભાંગની વાસથી અજાણ હોવાને લીધે તેમજ 'આ કેફી ચીજ છે' એમ સમજતા ન હોવાને લીધે તેઓને કંઇ પણ વહેમ પડતો નહિ. જ્યારે તેઓ બરાબર બેશુદ્ધ થતા ત્યારે તેઓને તૈયાર રાખેલા ઉંટો ઉપર ચડાવી

સ્વર્ગમાં મોકલી આપવામાં આવતા હતા. જ્યાં તેઓનો કેફ ઉતરતાં તેઓ પોતાને એક અપ્સરાના ખોળામાં સૂતેલા જોતા, અને આંખ ઉઘડતાં બગીચાઓની થંડી સુવાસિત લહેરો, કદી પણ નહિ જોયેલા એવા સુંદર મેહેલો, ખળખળાટ વહેતી પાણીની નેહેરો, અને ફુવારા ઈત્યાદી જોતા. વળી તેઓને માટે રત્નજડિત પોશાકો તથા સ્વાદિષ્ટ ખોરાકો હાજર થતા; તથા નાજુક નખરાંવાળી અપ્સરાઓ તેઓનાં મ્હોં આગળ નારંગી શરાબની પ્યાલીઓ ધરતી; અને તે 'શરાબે તહુર' (સ્વર્ગીય શરાબ) ના નામથી તેઓને પીવરાવવામાં આવતો. તે પરીઓ એઓની બધી મરજીઓ ઉઠાવી એઓનું અંતઃકરણ જીતી લેતી હતી; જેથી તેઓ આ દુનિયાના વૈભવોની યાદ ભૂલી જઇ બરાબર મશગુલ થઈ જતા, અને પરીઓ તેઓની સાથે અવિચળ રહેવાને વચન આપતી. તથા તેઓ પોતે પણ તે પરીઓને પ્રાણ આપવા તૈયાર થઇ જતા. એ પ્રમાણે તેઓ સંપૂર્ણ વિલાસી થઇ જતા, ત્યારે પરીઓ તેઓને એક પ્યાલો પાઇ બેશુદ્ધ કરી દેતી, એટલે જે રસ્તે અને જે વાહનથી તેઓને સ્વર્ગમાં આણ્યા હતા, તેજ રસ્તા અને તેજ વાહનથી તેઓને પાછા હસનના દરબારમાં પહોંચાડી દેવામાં આવતા હતા.

આ વખતે તેઓનું મન પોતાને પ્રિય થઇ પડેલી પરીઓને મળવાને કેટલું આકુળવ્યાકુળ થતું હશે ? તેનો ખ્યાલ સહજ સમજાઇ શકાશે. આવો સખસ પોતાને પાછો તેજ ઠેકાણે પહોંચાડવા માટે જ્યારે હસનને વિનંતિ કરતો ત્યારે તેને હસન કહેતો કે: "તારે હજી આ દુનિયામાં ઘણાંક કામો કરવાનાં છે, અને તેમ કરતાં તારા આ મનુષ્ય દેહનો ભોગ આપીશ એટલે તુરત તને બીજો દેહ પ્રાપ્ત થશે; અને તને તારી પસંદ કરેલી જગ્યા–સ્વર્ગમાં પહોંચાડવામાં આવશે. એટલે પછી અનંતકાળ સુધી તું ત્યાંજ મોજ કરજે." આવી લાલચોથી હસને, હજારો ખૂનો કરાવી પોતાનો અમલ જમાવ્યો હતો. એટલે જે કામ મોટાં મોટાં લશ્કરોથી ન થાય તે કામ આવા એક મરણીઆ માણસથી થતું હતું; જેને લીધે હસને ખ્રીસ્તી કોમમાં 'શેખ ઉલ જબાલ'નું નામ મેળવ્યું હતું; અને ઇસલામી દુનીયામાં જબરજસ્ત હેબત બેસારી હતી, તે એટલે સુધી કે હશશ (ભાંગ) શબ્દ ઉપરથી અંગ્રેજી ડિક્ષનેરીમાં નવો એસેશીન શબ્દ ઉમેરાયો, કે જેનો અર્થ ખૂની, હત્યારો, ઘાતકી ઇત્યાદિ થાય છે. આવાં કારસ્થાનનું મૂળસ્થાન '<u>આલમોત</u>' નામે એક પહાડી કિલ્લો કાસ્પિઅન સમુદ્રના દક્ષિણ કાંઠા તરફ ઈરાનના ઉત્તર ભાગમાં આવેલો છે; ત્યાં નિઝારીઓએ પોતાનું રાજ્ય જમાવ્યું હતું, અને તેમાં હથિયાર કરતાં ધર્મનો ઉપયોગ વિશેષ કરવામાં આવતો હતો. તેમના તરફથી કેટલાક ઉપદેશકો પ્રથમ હિંદુસ્થાન–કાશ્મીરમાં આવ્યા. ત્યાંથી પંજાબ, સિંધ, કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત તરફ ફેલાયા.

તેમની ધર્મ ફેલાવવાની યુક્તિ એવી હતી, કે પુંકી પુંકી પગલાં ભરવાં, જેઓને પોતાની જાળમાં ફસાવવા હોય તેના ધર્મનાજ પોતે બની જવું, અને પછી તેમાં પોતાના ધર્મનાં બીજ છાંટવાં. ઇ. સ. ૧૮૬૬ માં મુંબઇમાં ખોજાઓ કયા પંથના છે ? તેનો નિર્ણય થવા માટે હાઇકોર્ટમાં કેસ ચાલ્યો હતો, તેમાં તે વખતના વિદ્વાન જજ્જે ઇસ્માયલી ધર્મની એક કિતાબ, નામે " કીતાબે શીયસેસ્ત " ને આધારે જે બતાવ્યું છે તે નીચે પ્રમાણેઃ—

" અગર એક સીયા, કે જે ઇસમાયલી ધર્મનો ન હોય તેને જો વટલાવવો હોય તો ધાઈ અથવા પાદરી શીયા મતનો દિલોજાનથી સ્વીકાર કરે છે. અલ્લી અને તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું તથા હુસેનની સાહદત તથા તેના કુટુંબને કેદ કરવા વિષે ઘણી દયા ઉપજે એવો વિલાપ કરવો અને બની ઉમૈયા તથા અબ્બાસી તરફ તિરસ્કાર બતાવવો એ રીતે પોતાને માટે રસ્તો તૈયાર કરીને પછી ઇસારો કરવો કે સીયા ધર્મને સંપૂર્ણ સમજવા માટે ઇસમાયલી ધર્મના છુપા ભેદો સમજવા જોઇએ. "

" જો એક યાહુદીને વટલાવવો હોય તો તેણે ખ્રીસ્તી અને મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું, અને તેની સાથે મળી જઇને કહેવું કે " મસીયા આવનાર છે. " એવું જે તમારા ધર્મનાં પુસ્તકોમાં લખ્યું છે તે ખરો " મસીઆ " તે ઇસ્માયલી ધર્મના મોટા " મસીઆ " હજરતઅલ્લી સિવાય બીજો કોઇ નથી.

" જો તેણે એક ખ્રીસ્તીને વટલાવવો હોય તો તેની પાસે યાહુદી લોકોની હઠ અને મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું, અને ખ્રીસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ ઘાલવો, પણ ધીમે રહીને એવો ઇસારો કરવો કે એ બધું અલામતી છે; અને તેમાં ઊંડા ભેદ છે. તે ભેદ માત્ર ઇસ્માયલી ધર્મમાંથી જણાશે એમ કહી, એવી સૂચના કરવી કે ખ્રીસ્તી લોકોએ પારાકલીટ ( તારનાર ) નો અર્થ જૂદોજ કીધો છે. એક ' પારાકલીટ " તો છે જ અને તે તો ધાઇ, અથવા ઉપદેશ કરનારો એજ છે, ત્યારે ખરો તારનાર કોણ ?

" પોતાના ધર્મના વિચારો છુપા રાખવા અને જે ધર્મવાળાઓને વટલાવવા હોય તેજ ધર્મવાળા પોતે બની જવું. " આવા પ્રકારના પ્રપંચો નીઝારી પંથના ઇમામો પોતાના મુરીદો બનાવવા કરતા હતા.

## પ્રકરણ ૬ ઠું.

## હિંદુસ્તાનમાં આગાખાની સતપંથની ઉત્તપત્તિ

હિંદુસ્તાનમાં પ્રથમ નુર સતગોરે આવી આ કપોળ કલ્પિત પંથનો ફેલાવો કરવા પોતાની જાળ પાથરી હતી, એ વાત એ ધર્મનાં ઘણાં પુસ્તકો માંથી મળી આવે છે.

આગાખાની ખોજાપંથના પુસ્તકોમાંથી એવી વાત બહાર આવે છે કે, તેમના ૬ઠ્ઠા ઈમામ હજરત **ઇસમાઈલે નુરસતગોરને** હી. સ. ૧૪૮ ( ઇ. સ. ૭૬૫ ) માં **હિંદુસ્તાન** તરફ પોતાના પંથનો ફેલાવો કરવા મોકલ્યા હતા.

ખોજા વૃતાંતના લેખક જણાવે છે કે તેમને નીઝારી પંથના ૨૩ માં ઈમામ **અલી ઝીક્રુતરસલામે** હી. સ. ૫૫૭ ( ઇ.સ. ૧૧૬૨ ) માં પોતાના ધર્મના ઉપદેશ અર્થે **હિંદુસ્તાન** તરફ મોકલ્યા હતા.

નવસારીવાળા **પીર સૈયદ સદરૂદ્દીન.** એચ. દરગાહવાળા કે જેઓ પોતે તેમના ( નુરસતગોર ) વંશના હોવાનો દાવો કરે છે, તેમના " **તવારીખે પીર** " નામના પુસ્તકમાં તેમના જન્મની સાલતો આપી નથી; પરંતુ હી.સ. ૪૮૭ માં તેમની વફાત થવાનું જાહેર કરે છે.

પીરાણા સતપંથના " **હજરત હસન હુસેનનું ફરસીનામું** " નામના હસ્ત લીખીત પુસ્તકમાંથી મળી આવે છે કે તેઓ ( નુરસતગોર ) સંવત ૮૮૧ ના ચૈત્ર માસની ૬ઠ્ઠી તારીખે ( હી. સ. ૨૪૩ ) પહેલવહેલા પાટણપટમાં આવ્યા, અને રાજા **સિદ્ધરાજ જયસિંહને** તેમણે પહેલ વહેલો ધર્મનો બોધ આપ્યો હતો.

" **તવારીખે પીર** " ના લેખક જણાવે છે કે ગુજરાતના પ્રસિદ્ધ શહેર **પાટણમાં** નુરસતગોર જ્યારે પધાર્યા; અને તેઓ ફરતાફરતા હિંદુઓનાં મંદિરમાં ગયાં, જ્યાં તેમને મુસલમાન જોઇ બ્રાહ્મણ પુજારીઓએ અટકાવ્યા, જે ઉપરથી નુરસતગોરે કહ્યું કે જો તમારા દેવ સાચા હોય તો કહો કે તેઓ બોલે ? બ્રાહ્મણ પુજારીઓએ કહ્યું કે મૂર્ત્તિઓ કંઇ બોલી શકે નહિં; તે ઉપરથી નુરસતગોરે સઘળી મુર્ત્તિઓને નૃત્ય કરવાનું કહેતાં તે સઘળી નાચવા અને ગાવા લાગી. પૂજારીઓ એ જોઇ બહુ આશ્ચર્ય પામ્યા. અને રાજા સિદ્ધરાજને એ વાતની જાણ કરી. રાજા પોતાના રાજગુરૂ **કાર્નીપા** જોગીને લઇ હાજર થયો, અને મુર્ત્તિઓને નૃત્ય કરતી જોઇ વિસ્મય પામ્યો. એટલામાં નુરસતગોરે ગણેશની મૂર્ત્તિને હુકમ કરતાં તે મંદિર પાસેના સરોવર પર જઇ વજુ કરવાનું પાણી લઇ આવી. એ સ્થિતિ જોઇ સઘળાઓ

હેરત પામ્યા, અને નૂરસતગોરે ત્યાં મૂર્તિઓ સાથે ઘણી વાતચીત કરી. મૂર્તિઓ તેમને બરાબર માણસની પેઠે ઉત્તર આપતી, અને લોકોને સંબોધીને કહેતી કે "હે ગફલતમાં પડેલા મનુષ્યો, એકજ ખુદાની પુજા કરવી જોઇએ, અને તેજ એક પૂજવા તથા ભક્તિ કરવા પાત્ર છે"

આ સિવાય કાનીપા જોગીની સાથે ચમત્કારો બતાવવામાં નૂરસતગોરે પોતાની શ્રેષ્ટતા જાહેર કીધી હતી. વિશેષ નૂરસતગોરે નવસારી પાસેની ધારાનગરીના રાજા સુરચંદને અનેક ચમત્કારો બતાવી તેમની કુંવરી પાલણદેને પરણ્યાનું બતાવે છે. તે સિવાય તેમનો એક બીજો ચમત્કાર એ છે કે, હાલ નવસારી મુકામે જે જગ્યા પર તેમની દરગાહ છે, ત્યાં એક મહાન યોગાભ્યાસી મહાત્મા રહેતા હતા. એ જગ્યા તેમને વધુ પસંદ પડવાથી, મહાત્મા પાસે તેની માગણી કરી, જણાવ્યું કે મને મારા કિરતારનો એવો હુકમ થયો છે કે મારે અત્રે રહેવું. મહાત્માએ એ વાતની સાબીતી માગી, જે ઉપરથી બન્નેએ પોતપોતાના ચમત્કારો બતાવવાનું શરૂ કર્યું. બન્ને જણાએ એક તળાવમાં ડુબકી મારી, સાધુએ ૬૦ કલાક સુધી પોતાનો શંખ ફુંક્યો, અને નુરસતગોરે ૭૨ કલાક સુધી બાંગ પોકારવાની જારૂ રાખી. પાછળથી મહાત્માનું મૃત્યુ થયેલું માલમ પડયું, પરંતુ નૂરસતગોર જીવતા બહાર નીકળ્યા હતા. તે સિવાય તે મહાત્માના સેવકોને દ્વારકાંની જાત્રા તથા શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન પોતાના જામાની બાંય ખોલી કરાવ્યાં હતાં. આથી લોકો તેમના પર વિશ્વાસ લાવી સતપંથના સેવક બન્યા, અને કલમો પઢી તેના મુરિદ થયા. આવી આવી અનેક ગપોળ કથાઓ તેમના જીવનચરિત્રમાં "તવારીખે પીર" ના લેખકે લખી છે. આ બધું તપાસતાં સત્ય એજ માલમ પડે છે કે આ બધી વિગતો જુઠી છે. તે ફકત તેમનો મહિમા વધારવા તથા હિંદુ ધર્મ અને મૂર્તિપૂજા ઉપરથી હિંદુઓની આસ્તા ખસેડી, પોતાના ધર્મના મૂરિદો બનાવવા ખાતર ઉભી કરેલી કપોળકલ્પિત બનાવટી યોજનાજ છે. કારણ કે ઇતિહાસનું પ્રમાણ જોતાં સિદ્ધરાજ જયસિંહ અને નુરસતગોરના હિંદમાં આવ્યાનો વખત તપાસતાં ત્રણસો સાડાત્રણસો વરસનું અંતર માલમ પડે છે, તેમજ નુરસતગોરના લગ્ન નવસારીના રાજા સુરચંદની પુત્રી વેરે થયાં હતાં, તો સિદ્ધરાજના અને એમના નવસારી આવવાના સમયમાં પણ બસો અઢીસો વર્ષનું અંતર માલમ પડે છે. એટલુંજ નહિ પણ પત્થરની મૂર્તિઓને બોલાવવાની તેમજ નાચ કરાવવાની અને ગણેશની મૂર્તિ, કે જેમને હિંદુઓ વેદધર્મના ૐકારના જેટલું માન આપે છે, અને દરેક શુભકાર્યમાં પ્રથમ તેમની સ્થાપના કરે છે, એવા પવિત્ર દેવને પોતાને માટે વજુ કરવા પાણી લાવવાનું કહેવાની ધૃષ્ટતા કરવા ઉપરાંત હિંદુ દેવોની મૂર્તિઓના મુખે

એક ખુદાની પૂજા કરવાનું કહેવરાવવું, એ હિંદુધર્મ અને હિંદુજાતિનું હડ-હડતું અપમાન નહિ તો બીજું શું ? નુરસતગોર પ્રથમ તો આગાખાની ઈમામો તરફથી હિંદુસ્તાનમાં પોતાના પંથનો બોધ કરવા આવેલા અને હિંદુઓને વટલાવી, આગાખાની મતપંથમાં લાવવા નીમાયા હતા. પરંતુ પાછળથી નુરસત-ગોરના વંશવારસોએ આગાખાની ઇમામોથી છુટા પડી પોતાનો જુદો સતપંથ ચલાવવો કાયમ રાખ્યો છે, તે ઘણે ભાગે પીરાણા સતપંથની શાખા જેવોજ છે. તેના સેવકો કોળી, કાછીઆ, મુમના, ખારવા વિગેરે હિંદુ કોમનાજ છે, કોઈ મુસલમાન એ સતપંથનો સેવક નથી.

ઘણી ખેદજનક વાત તો એ છે કે, આજના સુધરેલા જમાનામાં પણ હજારો ભોળા અને અજ્ઞાન હિંદુભાઇઓ એવી બનાવટી વાતો અને ખોટા પર-ચાઓમાં વિશ્વાસ લાવી નવસારીમાં આવેલી નુરસતગોરની દરગાહને પૂજ્ય માની, ધન અને હિંદુધર્મનું સત્યાનાશ વાળી રહ્યા છે, અને તેનેજ પોતાના મોક્ષદાતા તરીકે સ્વિકારે છે.

**પીર સૈયદ શમસુદ્દીનસાહેબ**—નો જન્મ હી. સ. ૫૬૦માં તથા મૃત્યુ હી. સ. ૬૭૫ થવાનું "**તવારીખે પીર**" ના લેખક જણાવે છે.

"દરેખુલ્દેબરી" ના લેખક પીરાણાવાળા સૈયદ બાવાસાહેબ અહમદ અલીખાકી તેમનો જન્મ હી. સ. ૫૪૦માં તથા મૃત્યુ હી. સ. ૭૧૦માં થવાનું જણાવે છે.

ખોજાકોમની તવારીખના લેખક મી. **એદલજી ધનજીકાબા** તેમજ ખોજા વૃતાંતના લેખક રા. **સચેદ્દીના નાનજીઆણી** પોતાના પુસ્તકોમાં એમના જન્મ સબંધે કોઇ ચોક્કસ વાત પર આવ્યા નથી; પરંતુ ખોજા વૃતાંતના લેખકે **પીરશમસ** ૧૨૦૭ની સાલમાં હયાત હતા એવી વાત સુરભાણુનામના જ્ઞાનમાંથી ટાંકી છે.

"**મઝહરે ઝાતે અલ્લાહ**" ના લેખક મી હરજી પુંજા **માસ્તર** પીર શમસને માટે હી. સ. ૭૧૦માં મૌલાના કાસમશાહના વખતમાં તેમણે ઘણા હિંદુઓને ઇસમાઈલી દીનમાં વટલાવ્યાનું જાહેર કરે છે. તે સિવાય પીરાણા સતપંથના "પીરશમસનો શુઝરો" નામના હસ્ત લિખીત ગ્રંથમાંથી તેમની ઉમ્મર વર્ષ સાડા ત્રણસોની હતી એવું મળી આવે છે. તવારીખે પીરના લેખક તેમની ઉમ્મર ૧૧૫ વર્ષની બતાવે છે, પીરાણાવાળા સૈયદ બાવાસાહેબ અહમદઅલી ખાકી તેમની ઉમ્મર ૧૭૧ વર્ષની બતાવે છે. આ ઉપરથી આ બધી ઉપજાવી કાઢેલી વાતો હોય એમ સાબીત થાય છે. તેમના જન્મ તથા મરણની વિગત હજુસુધી નક્કી થઇ નથી. હવે તેમણે હિંદુસ્તાનમાં આવી ઇસમાઇલી દીનનો ફેલાવો કરવા માટે શું શું પ્રયાસો કીધા હતા, તેનું વર્ણન આપીશું.

પીર શમસે પોતાના પંથનો પ્રચાર કરવા માટે અનેક બનાવટી ગ્રંથો તેમજ ગરબીઓ લખી ગયા છે. તે ઉપરાંત પોતાના શિષ્યોને અનેક બનાવટી

પરચાઓ બતાવતા હોવાથી, તેમના શિષ્યોને તેમનામાં બહુ ઇમાન હતું. એક વખત પીર શમસે પોતાના શિષ્યો પાસેથી થોડા માંસની માગણી કરતાં તેમના ચંદ્રભાણુ નામના શિષ્યે પોતાનું માથું કાપીને આપ્યું હતું. તેનું ખાણું બનાવી ખાતી વખતે પીર શમસસાહેબે પાછો ચંદ્રભાણુને જીવતો કરી સાથે ખાણું ખાધું હતું, એવી વાત તેમના ચંદ્રભાણુ નામના જ્ઞાનમાંથી મળી આવે છે. તેવીજ રીતે તેના બીજા ભક્ત સુરભાણે પણ પીરને માટે મોજડી બનાવવા પોતાની ચામડી ઉતારી આપી હતી. એવી બીજી ઘણી અસંભવીત વાતો તેમના જ્ઞાનમાં છે. તેમના ચંદ્રભાણુનાં જ્ઞાનમાંથી થોડીક લીટીઓ નમુનારૂપે વાચક વર્ગની સમક્ષ રજુ કરી છે.

પહેલા નામ અલાકા લીજે—દુજા કલમા મહંમદકા કીજે.
અલ્લાહ મહમદ એક ભણીએ—ગુરૂનર ગતમાં નીતોનીત મલીએ.
જ્ઞાન ગુરૂનર તણા સુણીએ –પીરશાહ નામ નીતો નીત જપીએ.
સાચા નામ નબી કીલાવે—તબ શાહકા દરશન પાવે.
દીલ અપની શાહાસુ લાવે—સાચા સાહેબસુ નેહ આવે.
રે–તુંહી સાચા સાંહીઆ પીયુજી.

પીર શમસે પોતાના પંથના ઘણાં જ્ઞાનો લખ્યા છે; શુરભાણુ, ચંદ્રભાણુ સુરભાણુની વેલ, ચંદ્રભાણુની વેલ, રાજા ગોવરચંદનું આખ્યાન, રાજા ગોવરચંદના બેનનું આખ્યાન, વિગેરે વિગેરે.

પીર સૈયદ શમસ સાહેબ પોતાના ઇસલામી દીનનો ફેલાવો કરવા ઘણા દેશો ફર્યા હતા; અને તેમાંના ચોવીસ મુલકો અને તે દેશના ગામોના નંબર સતપંથીઓ નીચે આપ્યા મુજબ માને છે.

(૧) ઓખામંડલ દેશમાં બે કરોડ ગામ. (૨) વૈરાટ દેશમાં આઠ કરોડ ગામ. (૩). રજની દેશમાં બહુંતેર લાખ ગામ. (૪). પદ્માકર દેશમાં એક લાખ ગામ. (૫). રાંગડદેશમાં પચવીસ લાખ ગામ. (૬). ઘાડુલે દેશમાં નવ કરોડ ગામ. (૭) મહીભુર દેશમાં એક કરોડ ગામ. (૮). સાધ દેશમાં એક કરોડ ગામ. (૯) કનાજ દેશમાં તેત્રીસ કરોડ ગામ. (૧૦) મારવાડ દેશમાં નવ કરોડ ગામ. (૧૧) સોરઠ દેશમાં પચીસ હજાર ગામ. (૧૨) ગજગડ દેશમાં પાંચ હજાર ગામ. (૧૩) કનોજ દેશમાં પાંચ હજાર ગામ. (૧૪) માલવા દેશમાં બાણુ લાખ ગામ. (૧૫) નરેવાણુચીણુ દેશમાં છ હજાર ગામ. (૧૬) મહાચીણુ દેશમાં સોળ હજાર ગામ. (૧૭) ધરમી ધુમ દડ દેશમાં બાર લાખ ગામ. (૧૮) ખુરાસન દેશમાં બાર લાખ ગામ. (૧૯) સવસવન દેશમાં બાર લાખ ગામ (૨૦) ગજની દેશમાં બાર લાખ ગામ. (૨૧) મથુરા દેશમાં એક કરોડ ગામ. (૨૨) ગુજરાત દેશમાં પાંચ કરોડ ગામ. (૨૩) કાશ્મીર દેશમાં બાર લાખ ગામ. (૨૪) પાટણ દેશમાં બાર લાખ ગામ.

ઉપર બતાવેલા દેશોના બધા ગામોમાં ફરતા ફરતા પીર શમસ ચીનબ નગરીમાં કાલીંગા દૈત્યને ત્યાં પોપટરૂપે તેની સ્ત્રી સુરજારાણી તથા તેના પુત્ર કેમળા કુંવર અને અવળ ચવળ, અજીયા ને વજીયા, તેમજ રગ, રૂપ બધાં મળીને આઠ જણાંને સતપંથનો ધર્મ દેખાડી સતપંથી બનાવ્યાં હતાં. એ વાત આગળ ઉપર દશમાં નકલંકી અવતારમાં વિસ્તારથી આપવામાં આવી છે. આવી રીતે ઉપદેશ કરતા તેઓ મુલતાનના ઉંચ શહેરમાં આવી એક મસજીદમાં ઉતર્યા હતા. ત્યાંથી એક દિવસ તેઓ કાગળની હોડી બનાવી દરિઆમાં સહેલ કરવા નિકળ્યા હતા. એ વખતે તે શહેરનો બાઉદ્દીન નામે પીર પોતાની મેડીના ઝરૂખામાંથી આ બનાવ જોઇ રહ્યો હતો, તેણે પોતાની કરામતથી હોડીને ભીંજવી નાંખી, તેથી પીર શમસે તેને શ્રાપ આપ્યો. જેથી પીર બાઉદ્દીનને તરત બે શીંગડાં ફૂટી નીકળ્યાં, તેથી તેનું ડોકું ગોખમાં અટકી પડયું. તે ઉપરથી તેણે પોતાના દીકરાઓને પીર શમસની ખોળ કરવા મોકલ્યા, તેમણે આવી પીર શમસની માફી માગી જેથી તેનાં શીગડાં તો સમાઇ ગયા, પરંતુ તેની નીશાની તો તેના વંશજોમાં હજુ સુધી રહી ગઈ છે. એમ લોકો કહે છે.

પીર શમસની પાસે એક અમીરનો છોકરો હંમેશા જતો હતો. પરંતુ તેનું અકાળ મૃત્યુ થતાં તેના બાપે ગામના પીરોને પોતાના પુત્રને જીવતો કરવા બહુ વિનવ્યા, પરંતુ કોઈનાથી તે બન્યું નહિ. તેથી આખરે પીર શમસની આગળ તેને લાવવામાં આવ્યો. પીર શમસે કહ્યું કે 'ખુદાના હુકમથી ઉઠ' પણ છોકરો ઉઠયો નહિ; ત્યારે પીર શમસે કહ્યું કે 'મારા હુકમથી ઉઠ' એટલે છોકરો આળસ મરડી બેઠો થયો. આવો ચમત્કાર જોઇ લોકો દીંગ થઈ ગયા. પરંતુ ઉંચના પીરોને પીર શમસને માટે ઈર્ષા થઈ, અને ખુદાનું અપમાન કરવાનું તહોમત મુકી, તેના શરીરનું ચામડું ઉતારી લેવાનો વિચાર કર્યો. એટલે પીર શમસે પોતાની જાતેજ ચોટલી પકડી પોતાનું ખોળીયું ખેંચી કહાડયું. એટલું છતાં પણ ઉંચના પીરોએ ગામમાંથી પીર શમસને કોઇ પણ ચીજ ન આપવાનું સખ્ત ફરમાન કર્યું હતું. જ્યારે તેમને ભૂખ લાગી, ત્યારે શેરીએ શેરીએ ભીખ માંગતાં કોઇએ કંઇ આપ્યું નહિં, આખરે એક કસાઇએ સવાશેર કાચું માંસ આપ્યું, પરંતુ તેને પકાવવા માટે કોઇએ અગ્નિ આપ્યો નહિ, જેથી પીર શમસે આકાશમાં સૂર્ય તરફ જોઇ કહ્યું કે,—"આવ તુમબી શમસ હો ઓર મેં બી શમસ હું" એટલે સુર્ય નીચે ઢળી આવ્યો અને પીર શમસે તે માંસના ટુકડાને ભાલાની અણી પર રાખી સૂર્યના તાપથી પકાવી લીધો. ઉંચના લોકો તેમનો આવો પ્રતાપ જોઇ તેમના શિષ્ય થયા હતા. એ ઉપરાંત ઘણા ચમત્કારો બતાવી તેણે ભોળા હિંદુઓને વટલાવી

પોતાના પંથમાં વાળ્યા હતા. તેઓ હિંદુઓના નવરાત્રીના તહેવારોમાં હિંદુઓ સાથે ગરબીઓ ગાવા જતા હતા. તેમણે અઠાવીસ ગરબીઓ સતપંથ શાસ્ત્રને માટે લખી છે, તેમાંની એક વાચક વર્ગની આગળ નમુના રૂપે ધરી છે.

" ભુલા મ ભુલે ભમજોરે હિંદુઓ—જુઓ છો શું શું મરમ.
પથર પુજતા શું પામો રે હિંદુઓ—માથે લીઓ છો કરમ.
ફૂલ ચડાવો છો પથરને રે હિંદુઓ—ભુલી મ જાઓ ગમાર.
ભુલે જે વણશે સારથીરે હિંદુઓ—તો કીયાં ન પામે ઠામ.
ત્રન વેદ જે ઘે આવતારે હિંદુઓ—વહી ગયો અવસર જેહ.
વહી ગયા નવ અવતાર આરે હિંદુઓ—ધી આવો તમે છે જેહ.
વહી ગયા ભામણ બ્રહ્મીઆરે હિંદુઓ—થયા હુસેની ઇમામ.
વહી ગઇ પુજા ગઉ તણીરે હિંદુઓ—પુજા અલીજીને નામ.
અડસઠ તીરથ ચલ ગયારે હિંદુઓ—તે કલા ભરમાં ભરપુર.
ઓહોલ ભમીને શું ફીરોરે હિંદુઓ—પીઓ તમે નીરમળ નીર.
માથા પથર માંહે શું હણોરે હિંદુઓ—ઓળખો નર કાસમ શાહ અવતાર
કેહક નગરીમાંહે જે રહેરે હિંદુઓ—તે સાહેબ વર દાતાર.
તેને આરાધતાં છુટશોરે હિંદુઓ—સાચો કહું તમને આજ.
વાસો વૈકુંઠ પામશોરે હિંદુઓ—કરશો તે અવિચલ રાજ.
હુરાં પચાસ તમે પામશોરે હિંદુઓ—લશો જો સતપંથ ધરમ
ગતમાંહે પાપ છોડાવજોરે હિંદુઓ—તો ટળશે સગલાં કરમ.
પીર શમસ એમ ભાખેઆરે હિંદુઓ—કહું છું તે છેલી વાણ.
ભુલે મ ભુલો મુરખારે હિંદુઓ—સેવો તે સારંગ પીરાણ. "

આ ઉપરાંત તેમણે બીજાં પણ ઘણાં સતપંથના બનાવટી શાસ્ત્રો, તેની ક્રિયાઓ, ભજનો, અને જ્ઞાનો બનાવેલાં છે; તે બધાંનો મુખ્ય હેતુ ફક્ત હિંદુઓને પોતાના ધર્મ પરથી આસ્થા ઉઠાડી, પતિત બનાવવાનો, તથા ઇસમાઈલી મજહબમાં લેવા માટેનીજ ગોઠવણો છે. ખરૂં જોતાં તો આ બધાં ગપાષ્ટકોજ છે. તેમના પરચાઓની બાબતમાં પણ એવુંજ છે. કારણ કે કાગળની નાવ દરીઆમાં ચાલે નહિ; બાઉદીનને શીંગડા ઉગાડવાનું અને પાછાં મટી જવાનું; તથા અમીરના પુત્રને અલ્લાહના હુકમથી નહિ પણ પોતાના હુકમથી જીવતા કર્યાનું; તેમજ પોતાના એક શિષ્યનું માથું કાપી ભોજન બનાવવાની, અને પછી તેને જીવતો કર્યાનું; તથા એક શિષ્યના શરીરની ચામડી ઉતારી તેના જોડા બનાવવાની; અને પોતાના શરીરની ખાલ પોતાનાજ હાથે ચોટલી પકડીને ઉતારી આપવાની, તથા ખાલ ઉતારેલા શરીરે ગામમાં ઘેર ઘેર ભીખ માગવાની; અને માંસ શેકવા સુર્યને નીચે બોલાવવાની; એ બધી વાતો તદન જુઠી, અને ન માની શકાય તેવી કલ્પિતજ છે. કારણ કે માંસ શેકવા સુર્યને બાલા

જેટલે નીચે બોલાવી માંસ શેકયાનું જણાવે છે, અને તેમનું ચામડી વગરનું શરીર એટલે માંસનો લોચો તે ન શેકાયાનું તથા જીવતા રહ્યાનું જણાવે છે, એ બધું કેવળ અસંભવિત છે.

અમારા સાંભળવામાં એવું આવ્યું છે કે પીર શમસ સુફી મતના હતા, એટલે આધ્યાતમિક અને ફિલસુફીમાં તેઓ પ્રવીણ હતા, એટલે ઉપર બતાવેલા પરચાઓ જેવી બાબતો તેઓ માને નહિ, તેમજ કહે પણ નહિ એમ સાબીત થાય છે. જેથી આ બધી બનાવટી બાબતો તેમણે નહિ, પરંતુ તેમની પછીના તેમના વંશ વારસોએ અથવા કોઈ લાગતા વળગતાઓએ તેમના નામથી જીવન નિર્વાહ કમાઇ ખાવા માટે જોડી કાઢી, તેમને બહુ ગેર ઇન્સાફ આપ્યો છે.

પીર શમસનો રોજો પંજાબમાં આવેલા મુલતાન શહેરમાં છે. એમના મુરીદોનો મુખ્ય ભાગ પંજાબ અને કાશ્મિરમાં છે. પીરાણા સતપંથના "પીર શમસનો શુજરો" નામના હસ્ત લિખિત ગ્રંથમાંથી મળી આવે છે કે, તેમને બે સ્ત્રી હતી, એક સૈયદ જમાલ અબદુલ્લાની દીકરી, તે સલાઉદીનની બેન; હાફ્સ બુજરખ, તેમને સૈયદ પીર નસીરદીન નામે એક છોકરો હતો. બીજી બીબી શાપરી કે જેને સુલેમાનના તખ્તમાંથી મંગાવી હતી, તેના ત્રણ દીકરા હતા. (૧) સૈયદ અહમદ, (૨) અહમદ કબીર, (૩) અહમદ, કે જેમના વંશજો હાલ પંજાબમાં છે, એમ કહેવાય છે.

પીર શમસના સેવકોમાંથી હાલ કેટલાક તન્નાસરી શીયા થઇ ગયા છે, અને કેટલાક સુન્ની લોકોની જબરાઇથી તેમના પંથમાં પણ ભળી ગયા છે, તેમની સંખ્યા આશરે પોણાલાખની છે. તે સિવાય તેમણે ભોઈ, કંસારા, સોની વિગેરે બીજી અન્ય હિંદુ કોમમાંથી પોતાના મુરીદો બનાવ્યા હતા, કે જેઓ હાલ પણ પોતાની જાતમાં રહી તેમના રોજાની માન્યતા માને છે, તથા તેમના વંશજોને દશોંદ વિગેરે લાગા આપે છે. એવા લોકોની સંખ્યા આશરે ત્રણહજાર માણસોની ગણાય છે.

એમના પછી હિંદુઓને વટલાવી આગાખાની સતપંથમાં લાવનાર મીસનરીઓમાં પીર નસીરદીનનું નામ આવે છે, અને તે પીર શમસની બીબી હાફ્સ બુજરખ, સૈયદ જમાલ અબદુલ્લાની દીકરીના પેટે જનમ્યાની વાત આપણે પીર શમસના ચારિત્રમાં વાંચી ગયા છીએ. પીર શમસની બીજી બીબીના વંશજો પંજાબ મુલતાન તરફજ રહ્યા છે, જ્યારે પીર નસીરદીન ગુજરાત તરફ આવ્યા છે, અને તેમણે ગુજરાતમાં પોતાના ઘણા હિંદુ સેવકો બનાવ્યા છે, એ વાત પીર સદરદીનના બનાવેલા "અનંત" નામના જ્ઞાનના પાઠમાંથી મળી આવે છે. તે નીચે પ્રમાણે,—

" અલી થકી બહુ ચેનજ ચાલ્યાં સો સતગુર નૂરે પાયા.
સાલેદીન પુરા કહીએ, હુઆ સુદીન રહેમાન;
શાહ શમસ કેરે દિન પીછાણ્યા, ચોદિશ તેણે પાય.
સુરજ મંગાવી જોત દેખાડી, નર સોઈ અવતાર;
કરણી કારણ ખાલ ઉતારી, પ્રત્યક્ષ એ પરમાણ્યા.
મૂઆ જીવતા તે નર કરીઆ, કરણી વિના નવ હોય.
નશીરદીન નૂરજ પાયા, હુઆ સુદીન રહેમાન.
હિંદુ કેરી પૂજા કરતા, કિન્ને ન પાયા ભેદ.
ચરીતર હિંદુ અંદર મુસલમાન, કોઇ નવ તેને જાણે;
રોમ રાય કાયા નવ રાખે રાતીઆં કરે ઉજાગા.
નશીરદીન એવા બુજરગ કહીએ, તેણે કેક હિંદુને તારયા;
તિસ્કી આલ પીરસાહેબ દીન હુઆ, હુઆ સુદીન રહેમાન.
સાહેબ દીન ગરીબી વેશે, ફકીરી પુરી રાખી;
સફળ તેણે દશોંદ કીધી, પાયા દીન રહેમાન. "

**પીર નસીરદીન**ના દીકરા **સાહેબદીન**ની વાત ઉપર જણાવેલાં જ્ઞાન-માંજ જણાય છે, તે સિવાય બીજી કોઇપણ જગ્યાએથી તેમના વિશે કશી બાતમી મળતી નથી. અને ત્યાર પછી પીર **સદરદીન**નું નામ આવે છે. તે પીરે હિંદુઓને અર્ધદગ્ધ ન મુસલમાન તેમ ન હિંદુ એવી સ્થિતિમાં રાખીને સતપંથ ધર્મમાં વટલાવ્યા છે. જેની વિગત હવે પછી પીર **સદરૂદીન**ના ઇતિહાસથી જણાશે.

**પીર સૈયદ સદરૂદીનઃ—** એમનો જન્મ કયારે અને કયાં થયો હતો, તેનો કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કરેલો નથી. પરંતુ તેઓ નુરસતગુરના વંશના હતા, એવું ઘણા પુસ્તકોમાંથી મળી આવે છે. "**અસલીયતે ખોજા**" ના લેખક મી. **હાશમ બોઘા માસ્તર** પોતાની બુકમાં જણાવે છે કે; ઇ. સ. ૧૪૩૦ માં ઇરાનના શાહ **ઈસ્લામશાહ** તરફથી તેમને પોતાના ઇસ્લામ ધર્મના પ્રચાર માટે હિંદુસ્તાન તરફ મોકલવામાં આવ્યા હતા. તે વખતે **વામ-માર્ગ** અને **માતા પંથ** છુપો છુપો હિંદમાં પ્રસરી રહ્યો હતો, પીર સદરૂદીનને હિંદુઓને જાહેર રીતે વટલાવીને મુસલમાન કરવાનું યોગ્ય ન જણાવાથી, તેણે હિંદુ ધર્મનો ઘણો બારીક અભ્યાસ કરી, હિંદુઓને પ્રપંચથી ઇસમાઇલી દીનમાં જોડવા, વામમાર્ગ અને માતાપંથના કેટલાક વિચારો મેળવીને સતપંથ નામનો એક અર્ધદગ્ધ, નહિ હિંદુ કે નહિ મુસલમાન એવો મિશ્રીત ધર્મ ઉભો કર્યો હતો. હિંદુઓમાં ભગવાનના નવ અવતાર પ્રસિદ્ધ છે, અને દશમો **કલકી** અવતાર કલીયુગનાં અંતે થશે, એવી માન્યતા છે. જેથી પીર સદરૂ-

દીને પ્રથમ હિંદુઓના નવ અવતારના મત સાથે મળતા થઇ ધીમે ધીમે હિંદુ શાસ્ત્રોમાં થોડી થોડી મુસલમાની વાતો દાખલ કરી, હિંદુ અને મુસલમાન બન્ને ધર્મના શાસ્ત્રોને ભેળસેળ કરી દઇ, જે દશમો કલંકી અવતાર થવાનો છે તે અરબસ્તાનના મક્કા શહેરમાં આરબજાતિમાં હા. અલીરૂપે થઇ ગયાનું જાહેર કર્યું, અને તેનું કારણ અજ્ઞાન હિંદુઓને એવું સમજાવ્યું કે; પાંડવ કૌરવની લડાઇ થઇ રહ્યા પછી, પાંડવોએ પોતાના ભાઈઓની ઘાત કર્યાનું પાપ ઉતારવા શ્રી કૃષ્ણ ભગવાનને જણાવ્યું, ત્યારે શ્રી કૃષ્ણે જણાવ્યું કે ધર્મ યુદ્ધમાં લડાઈ કરતાં ગમે તેનો ઘાત થાય એ પાપ ગણાતું નથી એમ કહી, ગીતા રૂપે ઉપદેશ આપી તેમના શંશયને દુર કર્યો હતો. પરંતુ પીર સદરદીનના કહેવા પ્રમાણે તે વખતના બ્રાહ્મણોએ તે પાપ ઉતારવા યુધિષ્ઠર પાસે યજ્ઞ કરાવ્યો. જેથી શ્રી કૃષ્ણ ભગવાન રીસાઈ ગયાનું જણાવી બ્રાહ્મણો ઉપરના કોપ ખાતર કલકી અવતાર હિંદુઓમાં લેવાને બદલે મ્લેચ્છ જાતિમાં લીધાનું જણાવે છે. માટે હા. અલી એજ ભગવાનનો અવતાર છે, એમ અજ્ઞાન હિંદુઓને સમજાવી કહ્યું કે તેનેજ માનવાથી મોક્ષ મળે છે. વળી હા. અલીના માટે આ પીરોએ એક કવિતા રચીને જણાવ્યું છે કે:—

"તમે ઓળખીને ધાવો આજેરે, મુરખ લોકોને આવે છે લાજરે;—ટેક.
જીરે કૃષ્ણ બોલતા તે અમૃત વાણીરે, હવે અરબી ભાષા કયાંથી આણીરે.—તમે.
જીરે કૃષ્ણ ચાલતા તે તિલક તાણીરે, હવે કલીમાંહે વધારી છે દાઢીરે;—તમે.
જીરે કૃષ્ણ પહેરતા પીતાંમ્બર ધોતીરે, હવે કલીમાંહે પહેરી છે કફની ને ટોપીરે.—તમે
જીરે કૃષ્ણ જમતા તે સુવર્ણ થાળીરે, હવે માટીની સહાનક ધારીરે;—તમે.
જીરે કૃષ્ણ ચાલતા તે બ્રાહ્મણ વેશેરે, હવે આવી બેઠા તે આરબ દેશેરે.—તમે.
જીરે કૃષ્ણ રૂપે તે જાપ જપાવ્યોરે, હવે કલીમાંહે મોહંમદ નામ ભણાવ્યોરે."—તમે.

એ સિવાય પીર સદરદીને એક બીજું એવું જ્ઞાન બતાવ્યું છે કે,—

"જીરે ભાઇરે આજ કલજુગમાં, ઇશ્વર આદમ નામ ભણાયાં,
ગુરૂ બ્રહ્મા તે નબીમહંમદ કહાવ્યા, હો જીરે ભાઇ. (૧)
જીરે ભાઇરે પુરૂખ ઉત્તમ વિષ્નુજી, અલી રૂપે નામ ભણાયાં,
તે તો નામ રખીસરે ધાયાં હોજીરે ભાઇ." (૨)

પીર સદરદીનના વખતમાં ઉપર જણાવેલા દાદા આદમ, પેગંબર મહમ્મદ અને હજરત અલી કોઇ હતા નહિ; પરંતુ સદરદીને તે નામોનો સંબંધ લગાડી એમ યોજના કીધી હતી કે, પીર સદરદીન એટલે પોતે ગુરૂ બ્રહ્મા, તુરસતાગર અથવા નબીમહમ્મદ, અને ઇમામ ઈસલામશાહ વિષ્ણુ અથવા અલી એમ જાહેર કર્યું.

એ ઉપરાંત પીર સદરદીને પહેલવહેલા સિંધ મુલકમાના હિંદુઓને વટલાવી ખોજા લકબ આપ્યો હતો, એ વાત ઈમામશાહે બનાવેલા "જિન્નત નામાંના પાઠ" માંથી મળી આવે છેઃ—

"પીર સદરદીન પંથજ કીયા જાહેરખાનાં મકાન,
પેલો ખાનો આવી કર્યો કોટડા ગામ નિધાન.
પીર સદરદીન જાહેર થયા, હિંદુ કર્યા મુસલમાન,
લોવાણા ફેરી ખોજા કર્યા તેને આપ્યો સાચો ઇમાન.
ખોજા ગુલામ શાઅલીના કહીએ તે મુરીદ આલનો જાણ.
ત્યાં પંથ સમારીને ખાનાં કર્યા તેને પીરે બોધ્યા પ્રમાણ.
આગળ ખાનું સુરજા રાણીનું કહીએ તે તો ગુમ પીછાણ,
સત ગુર સદરદીન જ્ઞાન સુણાવ્યા તે કોટડા ગામમાં જાણ.
એજી કોટડા ગામમાં કહીએ ત્રીકમ રહે તેણે ઠામ,
તે જાહેર ઈમામ લાવીઓ અને ખોજો ધરાવ્યો નામ.
એવા દીન ગુરૂજીના ચાલીઆ ત્યારે શ્રી ઇસલામશાની વાર,
આજ ઉંચ મુલક જે કહીએ ત્યાં અમારો ઠાર."

એ સિવાય પીર સદરદીને પોતાના સેવકોને હિંદુ અને મુસલમાન બન્ને ધર્મથી ઉત્તમ એવું સતપંથ નામ પોતાના મત પંથનું ઠરાવી, તેનું શ્રેષ્ઠપણું બતાવવા હિંદુ તથા મુસલમાન ધર્મની વિરૂદ્ધ ટીકા કરતાં જણાવ્યું કેઃ—

"રોવે રોવે હિંદુઅડા હૂજા મુસલમાનાં,
રોવે બાંમણ જોસીઅડા વાંચન પોથ પુરાણાં.
રોવે મુલ્લાં કાજીઅડા જિકકો પઢણ કુરાના,
રોવે કૂડા સુન્ની સગ સચેશા ન સિભાંણાં.
રોવે જંદા જોગીઅડા જિકકો મરન મસાણાં,
રોવે રોવે સંસારી, તે સઘળા રોવે.
એક ન રોવે જિને શાહ પીર પાયા,
બાલ ગુરૂ બોલીયા જીએ પીર સાહેબદીન."

એવાજ એક બીજા જ્ઞાનમાં જણાવ્યું છે કે,—

"હજ નિમાજ રોજા ધરે, કુડી ક્રિયાએ કામ ન સરે.
ત્રણ વેદ ન ધ્યાઇએ મુનીવર ભાઇ,
તમે કાંઇને ખૂવો પૂર્વ જન્મની કમાઇ."

સતપંથના શાસ્ત્રોનું સંશોધન કરતાં ચોખ્ખી રીતે જણાય છે કે સતપંથની શરૂવાત પીરનુર સતગોર અથવા પીર શમસના વખતથી શરૂ થઈ છે, પરંતુ તે પંથના નીયમો, ધારા ધોરણ અને બંધારણ પૂર્વકની રચનાઓ તો પીર સુદરદીનેજ કરી છે. અજ્ઞાન હિંદુઓને વટલાવવા સૃષ્ટિની ઉત્પત્તીની વાત

ચાર યુગમાં કોણું કોણુ ભગત, કયા કયા અવતારો, તેમાં કયાં કયા દૈત્યોને મા્યા, દરેક અવતારમાં કોણુ કોણુ મુખી હતા, કયા કયા જાપ જપાતા; કયા કયા વૃત ઉપવાસ થતા, અને શું શું દાન અપાતાં, તે વખતે મડદાંને શું શું દાગ આપતા, દરેક યુગમાં પાવળ શેનું થતું, અને કઇ દીસામાં બેસી પ્રાર્થના કરતા, અને કોળીપ્રસાદ શેનો શેનો થતો, એ બધી બાબતોની ગોઠવણુ પીર સુદરદીને તેમજ પીર ઈમામશાહે કરી છે તે બાબતોમાંની થોડી સંક્ષેપમાં નીચે પ્રમાણે વાચક જાણી શકે એ હેતુથી લખી છે, પરંતુ બધી બાબતો વિસ્તારથી પીર ઇમામશાહના ચારિત્રમાં આવશે.

**નબુવ્વત**—એક લાખ ચોવીસ હજાર પેગંબરો, છેલ્લા પેગંબર હજરત મોહંમદ, અલી તે ખુદા તથા હજરત મોહંમદ તે તેમના તરફથી નીમાયેલા પીર. હજરત અલીથી તે હાલના નામદાર આગાખાન સુધીમાં જેઓએ ઉપદેશકો નીમ્યા તે બધા ઉપદેશકો પીરો, અને તે હજરત મોહંમદના અવતારો. ઈશ્વરનો અવતાર તે આદમ,બ્રહ્માનો અવતાર તે નબી મોહંમદ, વિશ્નુનો અવતાર તે હજરત અલી, પ્રહલાદનો અવતાર તે ઈબ્રાહીમખલીલુલ્લાહ, હરિશ્ચંદ્રનો અવતાર તે મુસા પેગંબર, સુખદેવનો અવતાર તે ઈમામશાહ વિગેરે. સતપંથમાં હજરત અલીથી તે હાલના નામદાર આગાખાન સુધીની વંશાવળી વાળા સઘળા ઇમામો મનાય છે. તે સિવાય એ પંથમાં એવી પણુ માન્યતા છે કે કયામત પહેલાં હા. અલી આવશે, અને દુનીઆમાં એકદીન કરશે, અને દૈત્ય કાલીંગાને મારશે, ત્યારબાદ હા. અલીને માનનારાઓને હજારો વર્ષ રાજ કરાવશે ત્યારબાદ કયામત થશે. અને જેવી જેની કરણી તે પ્રમાણે દોજખ અને જન્નત મળશે. આ પંથવાળા પૂનર્જન્મ અને લખચોર્યાશીની વાતને માને છે. તે સિવાય અથરવેદને કુરાન તરીકે માને છે. નિમાજને બદલે ત્રણુ વખતની દુઆ પઢે છે. એ દુવાઓમાં હિંદુ અને ઈસલામની બાબતો અરબી, ફારસી અને કચ્છી તેમજ ગુજરાતી ભાષામાં છે.

ખુદા અથવા ઇમામ તરીકે ફક્ત આગાખાનનેજ માને છે. મસ્જિદને બદલે જમાતખાનામાં એક સિંહાસન ઉપર હા. અલી, અબ્બાસ, બરાક, જુલ્ફીકાર તથા આગાખાનનાં ચિત્રો રાખે છે. ખાનામાં દુઆ પઢી રહ્યા પછી, મીસનરી પીરોએ રચેલાં જ્ઞાનો, અને પદો ગાય છે. શક્તિમાર્ગની માફક ગટપાટની ક્રિયા કરે છે, ત્યાં કરબલાની માટીવાળું પાણી કે જેને પાવળ તરીકે ઓળખાવી સૌને પાય છે. પુજાની ક્રિયા વખતે, તેમજ બીજા અનેક પ્રસંગોએ ધર્મદાન નિમિત્તે જે પૈસા કાઢવામાં આવે છે તે અને કમાઇનો દસમો ભાગ જેને દશોંદ કહેવામાં આવે છે, તે સઘળાં નાણા નામદાર આગાખાનને આપવામાં આવે છે.

મીશનરી પીરોની ગોઠવણ પ્રમાણે સૃષ્ટીની ઉત્પત્તિ, ખોદાતાલાએ પ્રથમ પ્રીણ બનાવી, તે પ્રીણમાંથી ઈંડાના જેવો આકાર બનાવ્યો, અને તે ઇંડામાંથી સાત પાતાળ અને સાત આકાશ બનાવ્યા પછી, પોતાના નુરમાંથી ચાર સુરત બનાવી તેની સાથે પોતે આ દુનીઆમાં અવતર્યા. આ પાંચે સુરત તે પંજેતન પાક તરીકે ઓળખાય છે. (૧) હજરત મોહમંદ. (૨) હજરત અલી. (૩) બીબી ફાતમા. (૪) હસન. (૫) હુસેન.

કલપઃ—જાયલા. ફાયલા. અરજલા. ખલીફા. યુગચાર. સતયુગ, ત્રેતા, દ્વાપર, અને કલીયુગ.

**સતયુગમાં ચાર ભકતો થયા.** ૧. રૂકમાગત ૨. અમરીષ. ૩. ધ્રુવ. ૪. પ્રહલાદ. **ત્રેતાયુગમાં** ત્રણ ભકતો થયા. ૧. કમળાદેન, ૨. કમળાપતિ. ૩. હરિશ્ચંદ્ર, **દ્વાપરયુગમાં** બે ભકતો થયા. ૧. સહદેવ, ૨. યુધિષ્ઠિર. **કલીયુગમાં** ભક્ત એક. ૧. કમલાકુંવર.

**મુખી ચાર.** સતયુગમાં પ્રહલાદ. ત્રેતાયુગમાં રાજા હરિશ્ચંદ્ર. દ્વાપરમાં રાજા યુધિષ્ઠિર અને કલીયુગના મુખી પીર સદરદીન.

**જાપ.** સતયુગમાં નરસિંહ ભગવાનનો, ત્રેતાયુગમાં રામચંદ્રજીનો, દ્વાપર યુગમાં શ્રી કૃષ્ણ ભગવાનનો, અને કલીયુગમાં પીર શાહનો જાપ જપાવવામાં આવે છે.

**વ્રત અપવાસ.** સતયુગમાં રવિવારી એકાદશી. ત્રેતાયુગમાં મંગળવારી ચૌદશ, દ્વાપરયુગમાં સોમવતી અમાસ અને આજે કલીયુગમાં શુક્રવારી બીજ.

**દાન.** સતયુગમાં હાથીનું, ત્રેતાયુગમાં ઘોડાનું, દ્વાપરયુગમાં ગાયનું કલીયુગમાં બકરીનું.

**ગટપાટ.** સતયુગમાં સોનાના, ત્રેતાયુગમાં રૂપાના, દ્વાપરયુગમાં ત્રાંબાના, કલીયુગમાં માટીના.

**આદગુરૂ** સતયુગમાં બ્રહ્માજી. ત્રેતાયુગમાં વસિષ્ઠ ઋષિ, દ્વાપરયુગમાં વેદવ્યાસજી, કલીયુગમાં નબીમહંમદ મુસ્તફા રસુલ સલલલ્લાહે અલૈહી વસલ્લમ,

**દાગ.** સતયુગમાં જળદાગ, ત્રેતાયુગમાં વનદાગ, દ્વાપરયુગમાં અગ્નિદાગ, કલીયુગમાં ભુમીદાગ.

**પાવળ.** સતયુગમાં આંસુનું, ત્રેતાયુગમાં પરસેવાનું, દ્વાપરયુગમાં સાધુના પગના મેલનું, કલીયુગમાં વીર્યનું. ( વીર્યનું અપવિત્ર પાવળ રદ કરી તેને બદલે 'ખાકે સફા' એટલે કરબલાની માટીનું પાવળ. ) બનાવવામાં આવે છે.

**કોળી.** સતયુગમાં હાથીના માંસની, ત્રેતાયુગમાં ઘોડાના માંસની, દ્વાપરયુગમાં ગાયના માંસની, અને કલીયુગમાં બકરાના માંસની. ( હાલમાં ફળાહાર જેવો સમય ચાલે છે તેથી કોળી ખીર, ખાંડ, ઘૃત, અમૃતભોજનની થાય છે.)

**ઘટપાટનો મંત્ર અને તેની ક્રીયા પીર સદરદીને માતા પંથની માફક ગોઠવી કલીયુગના ચોથા ભગત બલીરાજાને બદલે પોતાનું નામ ઉમેર્યું છે.**

## ઘટપાટના મંત્રનો નમુનો.

"સતગુરૂ સોહદેવ, બ્રહ્મા હો વાચ, પ્રથમ સતયુગ મધે સાહેબનાં ચાર રૂપ, ઉત્તર દશે પાંચ કરોડી શું રાજા પ્રહલાદ, ઘટપાટ સ્થાપનતાં, સોનાના ઘટ, સોનાના પાટ, કુંજર જાગ કરતવા, સોનાનું મુલ દેતવા, એણે ફ્ળેથી પાંચ ક્રોડીસું પ્રહલાદ સીજંતાં તે અમ્મર અમરાપુરી પહોંચતાં. (૧) ત્રેતાજુગ મધે સાહેબનાં ત્રણ રૂપ પુરવ દશે સાત ક્રોડીશું રાજા હરચંદ, તારારાણી, કુંવર રોહીદાસ, ગટપાટ સ્થાપંતાં રૂપાંના ઘટ, રૂપાના પાટ, અશ્વજાગ કરતવા, રૂપુ મુલ દેતવા એણે ફ્ળેથી સાત ક્રોડીશું રાજા હરચંદ, તારા રાણી, રોહીદાસ સીજંતાં, તે અમરાપુરી પોચંતા (૨) દ્વાપરજુગ મધે સાહેબનાં દોય રૂપ, દખણુ દશે નવ ક્રોડીશું રાજા યુધિષ્ઠિર, પાંચ પાંડવ, માતા કુંતા, સતી દ્રુપતી, ઘટપાટ સ્થાપંતાં, ત્રાંબાના ઘટ, ત્રાંબાના પાટ, ગૌઆં જાગ કરતવા, ત્રાંબાદાન દેતવા, તેણે ફ્લેથી નવ ક્રોડીસું રાજા યુધિષ્ટર, પાંચપાંડવ, માતા કુંતા, સતી દ્રુપતી સીજંતાં, અમ્મર અમરાપુરી પોચંતા, (૩) આજ કલજુગ મધે સાહેબનું એક રૂપ પછમ દશે, બાર ક્રોડીસું પીર સદરદીન, ઘટપાટ સ્થાપતાં, માટીના ઘટ, માટીના પાટ અજા જાગ કરતવા અજાનું મુલ તે સેજાદાન દેતવા, એણે ફ્લેથી બાર ક્રોડીશું પીર સદરદીન સીજંતાં, અમ્મર અમરાપુરી પોચંતા. (૪)"

"આજ છેલ્લી સંઘ તળફ્ળ વેળા મધે અનંત ક્રોડીસું પીર હસન કબીરદીન વર સ્વામી રાજે આવશે, રખીઆ મોમનાને તારશે, સોનાનાં કાંકણુ કરી રાખશે, રખીઆને ઉગારશે, સતદાન, સુક્રીત, ખીર ખાંડ, ગુરૂમુખે દેતવા, એણે ફ્લેથી અનંત ક્રોડીશું પીર હસન કબીરદીન સીજંતાં, અમ્મર અમરાપુરી પોચતાં. અન્નદાન ગુરૂ મુખે દેતવા, હક સચા હેજંદા કાયમ પાયા, ફરમાન શા પીરજો."

આ ઉપરાંત બીજાં પણ ઘણાં જ્ઞાનો, પાઠો તેમજ સતપંથના શાસ્ત્રો પીર સદરદીને રચેલાં છે. તેમના વખતમાં તેમના મુરીદોની ગણત્રી છત્રીસ કરોડની હતી. અને તેના ત્રણ ભાગ પાડવામાં આવ્યા હતા. પહેલા ભાગના બાર કરોડનો મુખી તુળશિયો કાશ્મિર તરફ રહેતો હતો. બીજા ભાગના બાર કરોડનો મુખી શામદાસ લાહોરમાં હતો, અને સિંધ તરફના બાર કરોડનો મુખી ત્રીકમ હતો. આ ત્રણ મુખી અને છત્રીસ કરોડ શિષ્યોને લઇ પીર સદરદીન, ભગવાનના અવતાર આગા ઇસલામશાહને મળવા ગયા હતા. તે હકીકત તેમના '**છત્રીસ કરોડી**' નામના જ્ઞાનમાં છે. એ સંઘ અટક નદીના પૂર્વ કિનારા તરફ "**ગુજરાત**" નામના ગામમાં ઉતર્યો હતો. પીર સદરદીન ગામમાં ફરવા નીકળ્યા હતા ત્યાંથી એક ગુણીકાને ઘેર ગયા. સંઘના મુખીઓએ

તેમની શોધ ખોળ કરતાં તેઓ એક ગુણીકાને ઘેરથી મળી આવ્યા, જે ઉપરથી તુલસીયા મુખીએ પીરને સંઘમાં આવવા વિનતી કરી, ત્યારે ગુણીકાના લેણા પૈસા વસુલ થયા વગર પાછા ફરવાની ના પાડી, જેથી મુખીએ પીરને કહ્યું કે તમે પીર થઇ અવાં કામ કરો છો! ત્યારે અમારા બેટા બેટીની લાજ કેમ રહે? એવું કહી તુલસીયો મુખી સંઘમાં જતો રહ્યો. શામદાસ મૂખી પણ પીરની આવી વર્તણુકથી નારાજ થઈ ચાલ્યો ગયો. ત્રીજે દિવસે ત્રીકમ મુખીએ આવી ગુણીકાના પૈસા આપવા માટે, પોતાની દીકરી શામસુંદર અને દત દયાળને ભીમ રાજાને ત્યાં ગીરો મુકી ગુણીકાના પૈસા ચુકવી આપ્યા; અને પીરને સંઘમાં જવાનું કહેતાં, મુખીને કેફની મસ્તીમાં ત્રણ તમાચા માર્યા છતાં, વિશ્વાસ ન છોડતાં મુખી પીરને સંઘમાં લઈ ગયા.

ત્યારપછી પીર સદરદીન ઇમામ ઈસલામ શાહની હજુરમાં પહોંચ્યા, પણ તેમનાં દર્શન ન થયાં. પરંતુ એક લોઢાની ભીંત ઉભી થઇ હતી, પણ પીરે છ મહીના તપશ્ચર્યા કરી ત્યારે ભીંત પીગળી, અને શાહના દર્શન પામ્યા. પીર સદરદીને સંઘના છત્રીસ કરોડને કશી જોયા હતા, તેમાં બાર કાયમ રહ્યા તે સ્વર્ગે ગયા, અને ચોવીસ પાછા ફર્યા તે નર્કમાં ગયા. આવી આવી અનેક બાબતો પીર સદરદીનના સબંધમાં ખોજા ઇતિહાસકારોએ લખી છે. પીર સદરદીને આગળ થઇ ગયેલા પીર શમસ તથા પીર નુરસતગોરે હિંદુઓને વટાળી પોતાના પંથમાં ભેળવવાના આરંભેલા કાર્યમાં ઘણી મદદ કરી હતી. તેમની વફાત કયારે થઈ તે વિષે કંઈ ખુલાશો નથી. પરંતુ ઉચમાં મૃત્યુ થયું હતું, અને તેમની લાશને સિંધના જેતપુર નામના પંજાબના ગામમાં દફનવામાં આવી છે. સીંધના ખોજાઓએ તેમના પર રોજો ચણાવ્યો છે. અને તેઓ એ પીરની ઝયારત કરવા જતા હતા, અને તેઓમાં એવી માન્યતા હતી કે જે માણસ એક વખત પણ તેની કબરની ઝયારત કરવા જતો નથી. તેને મરી ગયા પછી પગને બદલે માથાંથી ચાલી ત્યાં ઝયારત કરવા જવું પડે છે. એમના શિષ્યો હજુ જેઓ હિંદુની આકૃતિમાં રહી ગયા છે, તેઓ પોતાને ગુપ્તી તરીકે ઓળખાવે છે, અને તેમનો ઘણો ભાગ પંજાબ અને સિંધમાં હજુ પણ છે. પીર સદરદીનને પાંચ દીકરા હતા. (૧) પીર જાહેરદીન. (૨) પીર સલાઉદીન. (૩) પીર તાજદીન. (૪) જલાલઉદીન. (૫) પીર કબીરદીન.

તે સિવાય એક જૂના હસ્તલિખિત લેખના આધારે **મી. એદલજી ધનજી કાબાએ "ગુપત પંથકા શુજરા"** નામની બુક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. તેમાં '**સતપંથ**' અથવા '**ગુપ્તપંથની**'ની યોજના **પીર સુદરદીન અને સહદેવ** નામના વટલીને મુસલમાન થયેલા બ્રાહ્મણે કેવી યુક્તિથી કરેલી છે, તેનો ટુંકસાર આ પ્રમાણે છે.

પંજાબમાં ઉગમણી દીશાએ ધાધ જીલ્લામાં **હરીચંદા** નામે બ્રાહ્મણોનું એક ગામ હતું. તેમાં **હરીચંદ** નામે એક મોટો ધનાઢ્ય બ્રાહ્મણ રહેતો હતો. હરીચંદ વિશ્નુમાર્ગી હતો, આ વખતે તેના વૈશ્નવધર્મને માનનારાં છત્રીશ કુટુમ્બો હતાં, અને તેમાંના બાર કુટુમ્બો **કાશમીર** તરફના દેશમાં રહેતાં હતાં, અને તેમનો ગુરૂ **તુલસીદાસ** હતો. બીજાં બાર કુટુમ્બોનો ગુરૂ **સામદાસ** મુખી પોતાના ભાવીક ગૃહસ્થોને લઇ **લાહોરના** મુલકમાં રહેતો હતો. અને ત્રીજાં બાર કુટુમ્બો સીંધ તરફના મુલકમાં **ત્રીકમ** ભગતના આસરા નીચે રહેતાં હતાં. ગુરૂ હરીચંદને એક કપુરો કરીને મુખ્ય કારભારી, તથા એક છોકરો હતો. તે છોકરાનાં ચાર નામ હતાં. જન્મ નામ **સહદેવ જોશી**, વિદ્યા નામ **બાલગુરૂ સોહોદેવ**, શાસ્ત્રી નામ **સતગુરૂ સહદેવ** અને પાછળથી તે ગુરૂ હરીજનના નામથી ઓળખાતો હતો. ગુરૂ **હરીચંદના** મરણ બાદ સંવત ૧૪૪૦ માં પઠાણ લોકોએ ચડાઇ કરી **હરીચંદા** ગામ જીતી લીધું. અને તેના છોકરા **સહદેવને** પકડી ગળામાં બેડીઓ નાંખી છ મહીના અને છ દીવસ સુધી, ઉંચ મુકામે જેલમાં કેદ રાખી, છેવટે તેને મુસલમાન બનાવી છોડી દીધો. કપુરાને શોધ્યો હતો, પરંતુ તે હાથ આવ્યો ન હતો.

સહદેવ મુસલમાન થવાથી શરમાઇને પંજાબ છોડીને ઇરાનનાં શીરાજ શહેરની બહાર ઇસ્પેહાનના રસ્તા પર આવેલા **બાબાકુઇના શેખ સના** અને **શેખ અતારની** પાસે જઇને તેમનો મુરીદ બન્યો. અને પછી શેખ **મહમદની** સાથે કેક પરગણાના **અલમોતગઢમાં** આગા **ઇસલામશાહની** પાસે ગયો હતો. અને ત્યારપછી છત્રીશ વર્ષે પાછો પોતાના ગામ **હરીચંદાપુરીમાં** ફરતો ફરતો આવ્યો. જ્યાં પોતાના વજીર **કપુરાનો** અચાનક ભેટો થવાથી, પોતાનો સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. કપુરા સિવાય તેનો આ વૃત્તાંત તથા તે ગુરૂ હરીચંદનો છોકરો છે, એમ કોઇના જાણવામાં આવ્યું ન હતું. **સહદેવ જોશી** વિદ્યા, કળા, હુન્નર તેમજ બધાં શાસ્ત્રો જાણતો હતો, અને વિદ્યા તો તેની જીભે વરેલી હતી, એટલે ટુંકમાં તે મોટો પંડીત હતો. તે મુસલમાન થયો ત્યારપછી બાર વર્ષ કુવામાં લટકીને અને બાર વર્ષ સુધી લાકડાની રોટી પેટ ઉપર બાંધીને તેમજ બાર વર્ષ વનનાં પાંદડાં ખાઇને જીવ્યો હતો. તે પોતે મુસલમાન થયા પછી **શેખ ફરીદના** નામે ઓળખાતો હતો.

**સહદેવ** તથા તેનો વજીર **કપુરો** કે જે હિન્દુ **લુહાણો** હતો, એ બન્નેને **પીર સદરૂદીનની** સાથે ઘણી મહોબત થઇ હતી. એક વખતે પીર સદરૂદીને સહદેવને પૂછયું કે, તમો દીન ધર્મમાં કેમ અને કેવી રીતે આવ્યા, ત્યારે તેણે પોતે પઠાણોથી વટલીને થયો તેમજ "શેખ સના અને શેખ અતારથી કરીને મને દીન ધર્મનો સંસ્કાર થયો." એમ જણાવ્યું. ત્યારે સદરૂદીને પોતાના

મુસલમાની ધર્મમાં કેવી મજા છે, એમ પુછયું, તેના જવાબમાં સહદેવે હિન્દુ ધર્મમાં પણ મજા છે, અને તેની મહત્તામાં વિશેષ જણાવ્યું કે હિન્દુઓની માન્યતા મુજબ "અમારા દાદા વ્યાસજી કહી ગયા છે કે પશ્ચિમમાં નિકલંકી અવતાર થશે, હાલ તો બુદ્ધા અવતાર ચાલે છે." ત્યારે પીર સદરૂદીને દીન ધર્મની સઘળી વાત સહદેવને કીધી, અને કહ્યું કે "અમારામાં પણ બાર ઇમામો થઇ ગયા છે. (૧) અલી, (૨) હસન, (૩) હુસેન, (૪) જેનુલ આબેદીન, (૫) મહમદ બાકર, અને છઠ્ઠી પહેડીએ અમારા દાદા ઇમામ જાફર સાદક થયા. અને તેમણે શીયા ધર્મ ચલાવ્યો. અને સાતમી પહેડીએ અમારા દાદા શાહ ઇસમાઇલ અને મુસેકાજમ બન્ને ભાઇઓ થયા. તે વખતના મુરીદોમાંના થોડાએ મુસા કાજમને ઇમામ તરીકે માન્યા. અને અમારા દાદા શાહ ઇસિમાઇલને માન્યા નહિ, જેથી બન્ને ભાઇઓમાં તકરાર થઇ અને મુરીદોમાં પણ ઘણી અદાવત થઈ જેથી અમારા દાદા શાહ ઈસિમાઈલ યમન (જર્મન)ની તરફ જઇને રહ્યા. અને મુસેકાજમ ઇમામ તરીકે રહ્યા. તે પછી મુસેરજા આઠમો, પછી મહંમદ તકી નવમો અને અલી નકી દસમા, હસન અસકરી અગીઆરમાં, અને બારમા મહમદ મેહદી ઇમામ થયા કે જે સામરાના કુવાની અંદર ગેબ થઈ ગયા, અને હવે કહે છે કે તે પાછા જીવતા નીકળશે, અને છેલ્લા ઇમામ મહેદી તરીકે પ્રખ્યાત થશે." આ પ્રમાણે બાર ઇમામો થયા.

હવે "અમારા દાદા શાહ ઇસમાઈલના નાના છોકરા નુર મહમ્મદ નવસારી વાળાની ઓલાદ સાંભળો, નવમા પીર ઇનદર ઈમામદીન, દસમા પીર મહમદ મનસુર, અગીઆરમાં પીર આહમદ, બારમા પીર અબદલ મજીદ, તેરમા પીર મુસતન સર બિલ્લાહ, ચૌદમા પીર અહમદ હાદી, પંદરમા પીર હાશમશાહ સોળમા પીર મહંમદશાહ, સત્તરમા પીર માલામુદશાહ, અઢારમા પીર મોહેબદીન, ઓગણીસમા પીર ખાલકદીન, વીસમા પીર અબદલ મોમનીન, એકવીસમા પીર સોલેહદીન, બાવીસમા પીર સલાઉદીન, ત્રેવીસમા પીર શમસદીન, ચોવીસમા પીર નસીરદીન, પચીસમા પીર સાહેબદીન, છવીસમાં પીર સદરૂદીન એટલે અમે છવીસમી પેઢીના છીએ, અને અમને શીયા અને સુન્ની કોઇ માનતા નથી. કારણ કે મોઆવીઆની અદાવતથી અમને સુન્નીઓ માનતા નથી, કારણ કે તેઓ અલીની ઓલાદના છે. અને મુસે કાજમની અદાવતથી અમને શીયા માનતા નથી, કારણ કે અમે શાહા ઈસમાઈલની ઓલાદના છીએ. જેથી અમને કોઇ માનતું નથી." ત્યારે સહદેવ જોશીએ કહ્યું કે, આપણે બન્ને જણ મળીને એક બીજો હિંદુ અને મુસલમાન બન્નેનો મીશ્ર ગડબડ ગુચ્છાવાળો દીન ધર્મ ઉભો કરીએ, ત્યારે પીર સદરૂદીને કહ્યું, બહુ સારૂં. એ ઉપરથી તેમણે બન્ને જણે મળીને સંવત ૧૪૭૬માં પોતાના નવા

પંથનું નામ "ગુપ્તપંથ" રાખીને એવી યોજના કરી કે નવમા બુદ્ધ-અવતારને હિંદુઓ માને છે, તે બુદ્ધદેવનો છોકરો તે શિસ ઠરાવ્યો અને તેની સાથે મુસલમાની ધર્મનો સંબંધ મેળવ્યો તે આ પ્રમાણે છે.

શ્રી અનાથ, આધ, અવીગત, ઐહેદ, હવ, કવ, ધરમ, ટેક, તેજ, નાથ, ઓતરા, હરીતક, પુરવા, અંત, અતીત, પ્રેમરૂખ, વંશ શ્રી મચ્છ, કચ્છ, વારાહ, નરસીંગ, વામન, ફરસરામ, રામ, કાન-કાનના પરીખત. પરીખત તો પાંડવની ઓલાદના હતા, અને જાદવોની ઓલાદ તો ફનાફાતીયાં થઈ ગઇ છે. એમ હિંદુઓ કહે છે તો કાનનો પરીખત કેમ થયો ?

પરીખતને કાનનો છોકરો ઠરાવવા માટે પાંડવકુળને જાદવકુળ સાથે જોડી દઈ કાનનો પરિખત ઠરાવ્યો, અને પરીખતનો જનમેજય, શેસાનંદ, સતાનંદ, વિણુવછુરાજ અને તેનો બુદ્ધ. અને બુદ્ધનો છોકરો શીશ—શીશને દીન ધર્મના લોકો દાદા આદમનો બેટો કહે છે, ત્યારે તે બુદ્ધનો છોકરો કેમ થયો ?

તે એટલા માટે કે **નકલંકી અવતાર હાસમી કુળથી** ઉભો થયો, તે બતાવવા ખાતર બુદ્ધનો છોકરો શીસ ઠરાવ્યો. અને સંબંધ જોડી કહાડયો, તે આ પ્રમાણે.

બુદ્ધનો શીસ, શામ, મલક, સલામ, એસલામ, હારાન, (હારૂન) સામાન, સાફાન, આધાન, નીજાર, મીજાર, એલીઆસ, માલક, મધરૂક, કજીમ, કુનાંન નસરીત, ફઈઆલ, ગાલબ, લબેકાબ, મુરાદ, કજીમ, મુતહર, અબદમુનાફ તેમના અબુહાશમ અને ઉમૈયા. ઉમૈયાના હુલમ, સુફીઆન અને માવીઆ. અને અબુ-હાશમના અબુમુતલેબ, અને તેમના અબુતાલેબ અને અબદલા. અબદલાના **તબીમહંમદ સલલહાએ સલવાતુલા અલેહે વસલમ.** અને અબુતાલેબના **અલી** મુશકીલ કુશાશેરે અઝદાં. અલીસાહેબ તે **વીશનજીના** અવતાર, નબી સાહેબ સતગુરૂ **બ્રહ્માજીના** અવતાર, અને બાવા આદમજીને ઈશ્વરરૂપ ત્રીજા દેવ તરીકે ગણ્યા. સંવત ૧૪૭૬ હી. સ. ૮૩૬માં ઉપર જણાવેલા અલી, મહંમદ તથા બાવા આદમજી કોઇ હતા નહી. જેથી આગા ઈશલામશાહને -આરબીરૂપે તેમજ અલી અલ્લાહ ઈમામ મેહેદી નકલંકી દશમા અવતાર શ્રી વિશ્નુરૂપે–સેંતર દ્વીપમાં દેલમ દેશ મધે એરાક ખંડે ગઢ અલમોતમાં કેકપુરી, હેમપુરીમાં હાજર બેઠા છે, એમ જણાવ્યું. એવી રીતે ગુપ્ત પંથ ચાલૂ કર્યો, અને તેનું નામ 'સતપંથ' રાખ્યું. અને પોતાના મુરીદાને એ પંથનો પડદો ન ખોલવાનું સખ્ત ફરમાન કરતાં કહ્યું છે કે,—

**એજી સતપંથ જો પડદો જેજાર, (જોઇએ જન)**
**ખોલે તેનો જીવડો દોજખે જાસે. હોજી.**

એવી એવી અનેક કલ્પનાઓથી જોડી કાઢેલો ગુપ્તપંથ અથવા જેને 'સતપંથ' કહેવામાં આવે છે, તેની વાતો "ગુપ્તપંથકા શુઝરા" માં લખેલી છે. પરંતુ વિસ્તાર ભયથી અત્રે તે બધી બાબતો આપવામાં આવી નથી. પરંતુ તેના સારરૂપ તથા સતપંથ ધર્મ કેમ પેદા થયો તે જણાવવા ખાતર ઉપરની નોંધ ફક્ત લીધી છે. પીર સદરદીન પછી સતપંથના ઉપદેશક તરીકે તેમના દીકરા **પીર કબીરદીનનું** નામ આવે છે.

**પીર કબીરદીનઃ**—એમનો જન્મ હી. સ. ૭૩૧ ઇ. સ. ૧૩૩૦ માં થયાનું "દરે ખુલ્દેબરી" ના લેખક સૈયદ બાવાસાહેબ અહેમદઅલી ખાકી પીરાણાવાળા જણાવે છે. તે સિવાય બીજી કોઇપણ જગ્યાએથી તેમનો જન્મ ક્યારે થયો, તે સંબંધી હકીકત મળતી નથી. તેમને અઢાર ફરજંદ હતાં. ઘણે ઠેકાણે તેમને ઓગણીશ ફરજંદ હતાં એવું જણાવેલું છે. પરંતુ "પીરશમસના શુઝરા" નામના હસ્ત લીખીત ગ્રંથમાં પીર કબીરદીનને સાત બીબીથી સત્તર છોકરા અને એક છોકરી બાઇ બુઢાઇ હોવાનું મળી આવે છે, તે નીચે પ્રમાણેઃ—

(૧) બીબી જાબલાબાઇ, સૈયદ રૂકાનદીનની દીકરી, તેમને ચાર દીકરા હતા.
(૧) પીર ઓલીયા, (૨) પીર સુલતાન મહંમદ, (૩) પીર નુરમહંમદ
(૪) પીર આલમશાહ તથા એક દીકરી બાઇ બુઢાઈ નામે હતી.

(૨) બીજી બીબીને ત્રણ દીકરા હતા,
(૧) પીર રહેમતુલા, (૨) પીરઆલમશાહ, (૩) પીર લાલાસાબાજી.

(૩) બીબી આરફાખાતુમ જાતની મુગલાણી હતી, તેમને ત્રણ દીકરા હતા.
(૧) પીર ઇસમાઇલદીન, (૨) પીર ફરમાનોદીન, (૩) પીર ઇમામશાહ.

(૪) બીબી સમસકદ જાતની જહુદી જેને અમરકોટથી આણીને મુસલમાન બનાવી પરણ્યા હતા, તેમને બે દીકરા હતા.
(૧) પીર સેરઅલી, (૨) પીર અલીશાહ.

(૫) બીબી ફાતમા કે જેઓ ગુજરાતનાં હતાં તેમને બે દીકરા હતા.
(૧) પીર કલંદરશાહ, (૨) પીર દરવેશ મહંમદ.

(૬) છઠ્ઠી બીબી સુલતાન હાસમની દીકરી હતી, તેમને બે દીકરા હતા.
(૧) પીર નુરમહંમદ, (૨) પીર તઆરગાજી.

(૭) બીબી ફાતમા, પીર બાઉદીનની પૌત્રી તે સૈયદ રૂકાનદીનની દીકરી, જેને પીર બુલંદર અલી નામે એક છોકરો હતો.

પીર કબીરદીને પોતાના પીતા પીર સદરૂદીન સાહેબ પાસેથી સતપંથ ધર્મ ચલાવવાની સંપૂર્ણ માહીતી મેળવી હતી. એક વખત તેઓ પોતાના પીતા

સાથે **શ્રી ઈસલામશાહાની** હજુરમાં ગયા હતા, જ્યાં તેમણે નજરાણામાં પોતાના હાથે આકડાના ફળમાંથી રૂ કાઢી, તેને કાંતી ગજગજને અંતરે શ્રી ઇસલામશાહની સ્તુતિના ફકરાઓ વાળી બનાવેલ પાઘડી અર્પણ કરી હતી. જે ઉપરથી ઇસલામશાહે ખુશી થઇને તેમને અનંત કરોડીના ઉદ્ધારકનો વર આપ્યો હતો. તે સિવાય પીર કબીરદીને પોતાના પિતાને પગલે ચાલી **સતપંથની** ઘણી સેવા બજાવી હતી. તેમનાં બનાવેલ શાસ્ત્રો તથા જ્ઞાનો આજે પણ સતપંથીઓ હોંસથી વાચે છે. તેમનું મૃત્યુ સંવત ૧૫૦૫ ના કારતક વદી ચોથ રબીયુલ આખરની તા. ૧૭ મી એ પંજાબમાં આવેલા ઉંચ શહેરમાં થયું હતું. તે વખતે તેમના બધા દીકરા હાજર હતા, ફક્ત પીર ઇમામશાહ કે જેમને પીર કબીરદીને ગુજરાત તરફ પોતાના ધર્મપ્રચાર અર્થે મોકલેલા હોવાથી ગેરહાજર હતા, પરંતુ રસ્તામાં પોતાના પિતાની વફાતના સમાચાર મળતાં, તેઓ તરત પાછા ફરી ઉંચમાં આવ્યા, એ વખતે પિતાનો જનાજો લઇને તેમના બધા ભાઇઓ કબરસ્તાન તરફ જતા હતા. ત્યારે પીર ઇમામુદીને જનાજો અટકાવીને પિતાની પાસેથી પોતાના હકની પાંતી માગી, ત્યારે જનાજામાંથી હાથ કહાડીને પીર કબીરદીને એક માલા (તસબી) આપી. જે પીર ઇમામશાહને ઓછું પડવાથી વધુ માંગણી કરવાનું અને પીતાને વીનવવાનું જારૂ રાખ્યું; ત્યારે પીર કબીરદીને મોઢામાંથી સાકર કાઢીને તેમને આપી. એટલે ખુશી થઇને બધા ભાઇઓની સાથે તે પણ પિતાના જનાજા સાથે તેમને દફન કરવા ગયા હતા.

**પીર ઇમામશાહ** ઘણાજ ચાલાક, બુદ્ધિવાન્ તેમજ પરાક્રમી હતા. તેમનાં બનાવેલાં સતપંથના લગભગ સઘળાં શાસ્ત્રો, આજે પણ આગાખાની સતપંથીઓમાં પ્રચલીત છે. આવા પરાક્રમી અને બુદ્ધિશાળી સૈયદ ઇમામશાહને તેમના પિતાના મૃત્યુ પછી પીર તરીકે ન નીમતાં તેમના કાકા **તાજદીનને** તે વખતના ઈમામોએ પીર તરીકે માન્ય રાખવાથી, પોતાનું અપમાન થયેલું સમજી, આગાખાની ઈમામોથી છુટા પડી, સૈયદ ઈમામશાહે પોતાનો નવો પંથ ચાલુ કર્યો હતો કે જે હાલ "પીરાણા સતપંથ" ને નામે ઓળખાય છે. અને આ પુસ્તક લખવાનો મુખ્ય હેતુ પણ એ બનાવટી પંથમાં **ઇમામશાહે** તેમના હિંદુસેવકોને દુનીઆની નજર આગળ હિંદુ જેવા રાખી તેમને ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી અર્ધદગ્ધ એટલે ન હિંદુ કે ન મુસલમાન જેવા બનાવવા પોતાની પ્રપંચી જાળ કેવી રીતે પાથરી છે, તેનું પોકળ પ્રકાશમાં લાવવા માટેનો જ આ પ્રયત્ન છે. એ બાબતનું હવે પછીના પ્રકરણમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવશે.

# પ્રકરણ ૭ મું.

## પીરાણા-સતપંથના સ્થાપક.

## (સૈયદ ઈમામુદ્દીન ઉર્ફે પીર ઈમામશાહની જીવનરેખા.)

અહિંથી '**પીરાણા-સતપંથ**'નો નવો યુગ શરૂ થાય છે. સૈયદ નુર સતગોર, શમ્સુદ્દીન, (શમ્સ તબ્રેજી) સદરૂદ્દીન, કબીરૂદ્દીન વિગેરે આગળના ઇસ્માઇલી દાઈઓએ માત્ર આગાખાની ઇસ્માઇલી ફિરકાના ઉપદેશક તરીકે સેવા ઉઠાવી, ઇમામતનો હક્ક તો ઇરાની ઇમામોનોજ કાયમ રાખીને, તેમના પ્રતિનિધિ તથા ઉપદેશક તરીકેજ કામ કીધું હતું. તેઓ કોઇએ પોતાનો નવો મત કે સંપ્રદાય સ્થાપ્યો કે ચલાવ્યો ન્હોતો; પરંતુ અહિંથી આગલા પ્રકરણમાં જણાવ્યા મુજબ, **ઈમામશાહે** પોતાના નવા '**સતપંથ**'ની નવી ગાદી સ્થાપી; અને ગુજરાતમાં અમદાવાદ પાસે **ગીરમથા**ની બાજુમાં પોતાનો નવો અડ્ડો જમાવી, '**પીરાણા સતપંથ**'ની નવી ડુગડુગી, નવાજ રાગરંગો અને તાલમેલ સહિત બજાવવા માંડી! **સૈયદ ઈમામશાહ** ઘણોજ વ્યવહાર કુશળ, બુદ્ધિશાળી, અને સમય-સૂચકતાવાળો ચતુર પુરૂષ હતો. દેશ-કાલ-સ્થિતિનો તેને બહુ સારો પરિચય હતો. પોતાના જમાનામાં, કયા પ્રકારે સત્તા જમાવી, અજ્ઞાન જગતને પોતાની વિચિત્ર ઇંદ્રજાળમાં વિંટાળી લઈ, **પીરપદાં**ની માન ભરી પદવી કેવી રીતે મેળવવી, તેનો રચનાત્મક કાર્યક્રમ ગોઠવવાની તેનામાં સંપૂર્ણ નિપુણતા હતી. **ઇસ્માઈલી, નિઝારી**, કે **ઈમામી શીયા** મુસલમાનો તરફથી, આજસૂધી '**સતપંથ**'ની જે માયાજાળ રચાતી અને ગુંથાતી હતી, તેની પણ વ્યવસ્થિત યોજના તો એ ચતુર નર ઇમામશાહેજ કરી છે.

મ્હોઢાની દંતકથાઓ, અને ભક્તોની ચમત્કારિક વાતો સંભળાવી, એ વખતના અજ્ઞાન અને ભોળા હિંદુ લોકોમાં, **હિંદુ-મુસલમાની** ભેળસેળીયા વિચારો ફેલાવી, આજસૂધીના સૈયદો અથવા પીરોએ તો માત્ર **વામમાર્ગ, વેદાંત** અને **સુફીમાર્ગની** સિદ્ધાંતત્રિપૂટી ઉપરજ પોતાના '**સતપંથ**'નો કાચો કિલ્લો ચણ્યો હતો; પરંતુ એ '**સતપંથ**' ઉટપટાંગ, અનિયમિત, અને ધારાધોરણ કે બંધારણ રહિત હતો. જૂદા જૂદા દેશોમાં તેની જૂદી જૂદી માન્યતાઓ ચાલતી હતી. સિદ્ધાંતોનું એકીકરણ અને દ્રષ્ટિબિંદુનું શુદ્ધિકરણ હજુ એ નવાજ પંથમાં કોઇ પણ પ્રકારે સ્થાયી થયું ન્હોતું, અર્થાત્ એ પંથની ઇમારતના, શીયા ઇસલામી મુસ્લીમો તેમજ દાઇઓએ ખોદી રાખેલા પાયામાં આગલા ઇસ્લામી સૈયદ ઉપદેશકો તો પોતાનાં પેટ, શેઠ અને સ્વાર્થ તેમજ દીનને માટે, વખતે વખતે કંઇ કંઇ છુટા છવાયા ઉપદેશોના અણઘડ પાણાઓ જ ગોઠવી રહ્યા હતા! પણ તેમાં ચૂનો, સીમેન્ટ, કોંક્રેટ અને ઘડતરના ઘાટદાર

પથરાઓ ગોઠવી, એ **'સતપંથ'**ની ડોળદાર દીવાલો તો સૈયદ **ઈમામુદ્દીનેજ** બાંધી આપી, તેને શાસ્ત્રો રચી આપ્યાં; ધારાધોરણ અને નિયમો બાંધીને બંધારણ નક્કી કરી આપ્યાં. સતપંથીઓનાં નિત્યકર્મ, તેમના પૂજા-પાઠ, તેમની દુવાઓ, નવા મિશ્રિત કલમા અને નામાંઓ, ઘટ-પાટની અવનવી યોજના, તેમના પીર, વડવા અને ઓરસ તહેવારોનું વ્યવસ્થિત બંધારણ **ઈમામશાહેજ** બાંધી આપ્યું. તે ઉપરાંત જે જે હિંદુ-ઈસલામી, અર્ધમિશ્રિત સિદ્ધાંતોના ઉપર **'સતપંથ'**ના એ બંધારણની યોજના કરેલી હતી, તેમનો રીતસર પાક્કો પાયો એ કુશળ સૈયદ **ઈમામુદ્દીનેજ** નાંખી આપ્યો છે. તેને માટે આગાખાની, નવસારીવાળા, તેમજ બીજા બધા **'સતપંથી'** ઓએ ખાસ ઇમામશાહનોજ મ્હોટો આભાર માનવો જોઇએ; કેમકે માત્ર ઉપર ઉપરનું સુંદર દેખાવવાળું કાચું બંધારણ યોજીને બેસી ન રહેતાં, **'સતપંથ'** નો ચોમેર ફેલાવો કરવા માટે, તેમજ એ નવો પંથ લોકપ્રીય અને ચિરસ્થાયી થાય તેને માટે, એ જમાનાને અનુસરતાં અનેક અદભુત અવનવાં શાસ્ત્રો રચી, તેમાં હૃદયદ્રાવક ઉત્તમ ભક્તોની વાતો ગોઠવી, હિંદુઓનાં પુરાણ ઈતિહાસાદિ પ્રાચીન શાસ્ત્ર ગ્રંથોમાંથી આકર્ષક પ્રસંગો ઉઠાવી લઈ, પોતાનાં એ ચતુરાઇ ભરેલાં શૌર્ય વડે, ત્હેણે ઇમામીઓના નવા **'સતપંથ'** ને બનતે પ્રયત્ને સુદૃઢ બનાવ્યો, અને શોભાવ્યો. આદિ પુરૂષ બ્રહ્મા, વિશ્ણુ, મહાશક્તિ, પાંચ પાંડવો, કપિલવસ્તુ-ગૌતમબુદ્ધ, હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ આદિક ઈતિહાસ પ્રસિદ્ધ મહાપુરૂષોને પણ પોતાની એ બનાવટી ગપોળકથાનાં ચમત્કારિક સતપંથ પુરાણોમાં સંડોવી દઈ, એ જમાનાને આકર્ષક પણ વિચિત્ર કાવ્યરચનામાં, ચમત્કારો અને વિચારોનાં અજબ મિશ્રણથી, લોકોનાં મન મોહ પામે અને તરતજ તેઓ સૈયદ બાવાની જાદુઈ જાળમાં સપડાઇ જાય, એવી મહાન્ ઉસ્તાદી ભરેલી અનેક યુક્તિ પ્રયુક્તિઓ, એ ચાલાક, વિચક્ષણ અને સમયસૂચક સૈયદે ઘણીજ કાર્યકુશળતા પૂર્વક અજમાવીને પોતાનો હેતુ બહુ ભાગે સફળ કર્યો છે. નસીબ તેમજ સંયોગોની પણ સારી અનુકુલતા હોવાથી, પોતાના અવનવા દાવપેચોમાં સૈયદ ઇમામુદ્દીન ઘણે અંશે સહેલાઈથીજ સફળ થયેલો જણાય છે.

એ બધા સ્વકલ્પિત કૂડા દાવપેચો, સતપંથના શાસ્ત્ર ગ્રંથોમાં, બનાવટી ભજનોમાં, અને તોપમારૂ પરચાઓનાં પ્રપંચપુરાણોમાં પગલે પગલે ઝળકી રહ્યાં છે. અને તેમાંના કેટલાક ધ્યાનમાં લેવા લાયક દાવપેચોનો સુજ્ઞ વાચકને પરિચય કરાવવા, આ પછીના પ્રકરણોમાં-**ઇમામશાહી** સાહિત્ય વિભાગમાં—સવિસ્તર પ્રસિદ્ધ કરવાનું હોવાથી, અહિં તેમની વિશેષ ચર્ચાથી નકામું પીષ્ટ-પેષણ કરવાની અમને કશી આવશ્યકતા જણાતી નથી. એ બધા ગ્રંથો, લેખો,

ભજનો, ક્રિયાઓ વિગેરેમાં સૈયદ ઈમામશાહે કેવી કપટજાળ ગુંથેલી છે, અને ઇતિહાસ તેમજ ધર્મસિદ્ધાંતોને પણ ઠોકરે મારીને, કેવી સ્વાર્થની બાજી ખેલી બતાવી છે, તેની સવિસ્તર ચર્ચા પણ એ સતપંથી સાહિત્ય સાથે સાથેજ કરેલી હોવાથી, એકવાર એ પ્રકરણો ધ્યાન પૂર્વક ખાસ વાંચી જવાની ભલામણ કરૂં છું, કેમકે તેના વાચનથી સુજ્ઞ વાચકોની અનાયાસે ખાત્રી થશે કે, અમારો એ ઉલ્લેખ અથવા સતપંથીઓ માટેની માર્મિક ચર્ચા કેવી મહત્વની, સત્યના આધાર અને પ્રમાણો ઉપર લખાયેલી, નિષ્પક્ષપાત અને સત્ય વસ્તુસ્થિતિનેજ સમજાવનારી છે, તેમજ એ કુટિલ પંથ અને તેનાં શાસ્ત્રોએ હિંદના અન્ય ધર્મીઓની કેવી કેવી નાલાયકી ભરેલી ખોટી નિંદાઓ કરી, હિંદુ મુસલમાન, ખ્રીસ્તી, જૈન, બૌદ્ધાદિ અનેક પ્રાચીન મતવાદીઓનો કેટલો બધો ઘોર અન્યાય કરેલો છે ! એ વિષયની ચર્ચા પણ અહિં ન કરતાં, **ઈમામુદ્દીનનાં જીવનની** જ અત્રે ટુંકી નોંધ આપી, તેમાંના પ્રસંગો લક્ષપૂર્વક વાંચવાની વિનંતી કરીએ છીએ.

આગલા પ્રકરણમાં સંક્ષેપમાં જણાવ્યા મુજબ સૈયદ **કબીરૂદ્દીનને** ઘેર, પંજાબમાં આવેલા **ઉંચ** મુકામે હીજરી સને ૮૫૬ માં સૈયદ ઈમામુદ્દીનનો જન્મ થયો હતો. કબીરૂદ્દીનનો એ અઢારમો અને છેલ્લો છોકરો હતો; એમ '**સતપંથ**'ના સાહિત્ય લેખક સૈયદ મી. બાવાસાહેબ અહેમદઅલી ખાકી વિગેરે ખુદ પિરાણાવાળા સૈયદો જણાવે છે. પણ પ્રમાણ પાત્ર અનેક ઇતિહાસ-કારોના લેખો ઉપરથી તથા એ પંથનાજ હસ્તલિખિત '**પીર શમસનો શુજરો**' નામના ગ્રંથમાં જણાવ્યા મુજબ તો, સૈયદ કબીરૂદ્દીનને સાત બીબીઓ હતી; તેમને સત્તર છોકરા અને એક છોકરી બાઈ બુઢાઈ, એ પ્રમાણે બધાં મળી અઢાર ફરજંદો હતાં. અને સૈયદ ઈમામશાહ તો કબીરૂદ્દીનની ત્રીજી બીબી મુગલાણી આરફાખાતુનને પેટે અવતરેલો કબીરૂદ્દીનનો નવમો પુત્ર હતો. તેના પ્રમાણમાં ખુદ ઇમામશાહ પોતે જ પોતાનાં "**જીન્નતનામાં**" નામના ગ્રંથમાં લખી જણાવે છે કે;—

"આજ ઉંચ મુલક જે કહીયે—ત્યાં અમારો છે ઠાર.
તેનાથી પીર હસન કબીરદીન ગુરૂ હુઆ—તેને કીધો વિસ્તાર.
ઉંચ મુલકથી પ્રબોધીઆ—તેણે રાખ્યો શાહાસુ વેપાર.
હિંદુ ફેરી તેણે મુસલમાન કીધા—અને કીધા તે બહુ અપાર.
તેને મુસલમાન કરી ગુરૂએ બોધીઆ—તેણે રાખ્યો શાહાસું વેવાર.
તે વારો હતો શ્રી ઇસલામ શાહાનું–બહા તે પીર હસન કબીરદીન જાણું.
અઢાર ફરજંદ તેના કહીએ—અને સાત હુરમ તેના પ્રમાણ.
એક તેની બેટી કહીએ—બાઇ બુઢાઇ તેનું નામ.

જાફરી તેનો મઝહબ કહીએ—જાફર સાદક કહે 'ઇમામ.
અલીશાહા હમારો દાદા કહીએ—અને દાદી તે બીબી ફાતમત સાર.
હસન હુસેન શાહા અલીના કહીએ—આલ ઇમામ તેનું પરિવાર.
રસુલ હમારો નાનું કહીએ—તે અબદલાનું પરિવાર.
બીબી અમીના તેની માતા કહીએ—તે કહીએ અબદલાની નાર.
બીબી ખતીજત કુબરા નાની કહીએ-તમે જુઓ તે એલમ વિચાર.
સમજુ હશે તે સમજશે—અને ભુલ્યા મુરખે ગમાર.
આલ ઇમામ તેના ગુરૂ જાણજો-તેનું તાત પીર હસન કબીરદીન જાણ.
ત્યારે નુરશાહાની વાર છે-એમ બોલીઆ પીર ઇમામશાહ પ્રમાણ."

એ વખતે સિંધ પંજાબમાં 'સતપંથ'નું ઘણું જોર ચાલતું હતું. આપણી તરફ ગુજરાત વિગેરેમાં તો તેનું નામ નિશાન પણ ન્હોતું. ખાસ ઉંચ ગામમાં એ વખતે એ નવા પંથના ઘણા સૈયદોની જગ્યાઓ અને દરગાહો હતી. પંજાબની વસ્તી એ વખતે આજની ગુજરાતી પ્રજા જેવી જ ભોળી, અંધશ્રદ્ધાળુ અને બહુ ભાગે ધાર્મિક અજ્ઞાનનાં ઘોર અંધકારમય વાદળથી ઘેરાએલી જ હતી; એટલે "આંધળામાં કાણો રાજીયો!" એ કહેવત પ્રમાણે, અનેક દેશનાં પાણી પી આવેલા, અને પરધર્મીઓને વટલાવવાના પોતાના કપટ પ્રપંચી ધંધામાં પૂરેપૂરા પ્રવીણ, તેમજ પાવરધા બની ચૂકેલા એ શીયા ઇસમાઇલી ઇમામી દાઇ ઉપદેશક ચાલાક સૈયદોને, પંજાબ જેવા ભોળા અને શ્રદ્ધાળુ પ્રદેશમાં પોતાના દંભની ડાકલી વગાડવાની ઘણી સારી જોગવાઇ અને અનુકૂલતા મળી ગઇ હતી! એથી એ વખતે ઘણા સૈયદો, એવા અર્ધદગ્ધ ખીચડીયા 'સુફીવાદ'નો કપટ—વ્યાપાર, પંજાબનાં ઉંચ શહેરમાં પોતાનું મુખ્ય થાણું જમાવીને, આખા ઉત્તરહિંદમાં જોસભેર ચલાવી રહ્યા હતા. ઉંચગામ એ ભાવલપુર રાજ્યના અહેમદપુર પરગણાના તાબાનું છે, અને તે ઘણું પુરાતન નગર છે, એમ સતપંથીઓનું કહેવું છે. કરાંચી, લાહોર થઇને અહેમદપુર સ્ટેશને ઉતર્યા પછી, 'ઉંચ' જવાનો ૧૪ માઇલનો પગ રસ્તો છે. એજ ગામમાં સૈયદ કબીરૂદ્દીન રહેતા હતા, અને જે વખતે ઈમામુદ્દીનનો જન્મ થયો, ત્યારે હિંદમાં ઇસલામી રાજ્યનો સૂર્ય મધ્યાહ્નમાં તપી રહ્યો હોવાથી તેમનાં કપટકાર્યને રાજસત્તાનું મનમાન્યું રક્ષણ અને પોષણ મળતું હતું.

એ વખતે સિંધ–પંજાબમાં દિલ્હીની ઇસલામી પાદશાહીના સૂબાઓ રહેતા હતા. બંગાળ, મધ્યહિંદ અને છેક દક્ષિણ સુધી ઇસલામી રાજ્યસત્તા ફેલાવી જતી હતી. રાજપૂતોનું જોર કુસંપકલહથી તુટી ફૂટીને નરમ બની રહ્યું હતું. પ્રતાપી શિવાજી, ગુરૂ ગોવિંદ જેવા શીખવીર અને વીર પ્રતાપ જેવા હિંદુ ધર્મરક્ષક ક્ષત્રિરત્નો હજી પાકયાં ન્હોતાં. એટલે પાખંડી, પરધર્મી અને શીયા સૈયદો જેવા કુટિલ કલ્પિત મતપંથીઓને, પોતાનો

ધર્મ ફેલાવવાની ઘણી સારી અનુકૂળતા મળી ગઇ હતી, એવી સાધન સંયોગોની સગવડથીજ આગળના બીજા સૈયદો કરતાં, ઈમામુદ્દીનને પોતાનો એ કપોળ કલ્પિત સંપ્રદાય ચલાવવાનાં ઘણાં સાનુકુળ ભર્યાં સારાં સાધનો પ્રાપ્ત થયાં હતાં.

બાલ્યાવસ્થામાંજ ઈમામુદ્દીનની બુદ્ધિ અને સતેજ પ્રતિભા જોઇને તેના માતાપિતાઓને તથા સગા સંબંધીઓને તેને માટે ઘણી સારી આશાઓ બંધાઇ હતી. વળી ફક્ત પંજાબમાંજ અઢાર અઢાર ફરજંદોના વિશાળ કુટુંબને પોષવાનું, તેમને જોઇએ તેટલું મન માન્યું ક્ષેત્ર ન મળવાથી સૈયદ કબીરદ્દીને પોતાના પુત્રોને જૂદા જૂદા પ્રદેશોમાં પોતાના ધર્મનો ફેલાવો કરી, જીવનનિર્વાહ ચલાવવા માટે મોકલી દીધા હતા. એજ રીતે આ પુત્રનું ભવિષ્ય પણ નક્કી કરી રાખ્યું હતું. બાળક ઈમામુદ્દીનનું લકબ ( જન્મ નામ ) સૈયદ 'અબદુલ રહીમ' હતું. પણ તેની વાચાળતા, ચપળતા અને બુદ્ધિશક્તિ ઉપરથી તેના ઘણાખરા સગા સંબંધીઓ લાડમાં બાળપણુથીજ તેને 'ઇમામ' કહીને બોલાવતા હતા. એ પરથી વખત જતાં તેમનું "ઈમામુદ્દીન" નામજ નક્કી ઠર્યું. પાછળથી પોતાનું ગૌરવ વધારવાને તેમણે પોતે તેમજ તેમના વંશ વારસો અને લાગતા-વળગતાઓએ પણ તેમને પીર 'ઈમામશાહ"જ બનાવી દીધા ! એટલે ઈમામોનો પણ શાહ અર્થાત્ ધર્મપ્રચારકોનો શાહ એટલે શિરોમણી ઠેરવી દીધા !

માત્ર પંદર વર્ષનીજ બાલાવયમાં તો, ઈમામુદ્દીન પોતાના જાહેરી અને બાતેની શીયા પંથના કપટમય ઇલ્મોથી સારી રીતે વાકેફ થઇ ગયો, અને પરધર્મીઓને કપટકળાથી કેવી રીતે ભોળવીને પોતાની ઇંદ્રજાળમાં સંડોવી લઈ ધર્મભ્રષ્ટ કરીને વટલાવવા, તેનો સંપૂર્ણ અભ્યાસ તેણે કરી લીધો ! એટલી ન્હાની વયમાંજ તેમના પિતા કબીરૂદ્દીને ઈમામુદ્દીનને 'સતપંથ'ના પ્રચાર માટે 'ગુજરાત' તરફ મોકલાવ્યો. 'સતપંથી' શાખાના નવસારીવાળા સૈયદ સદરૂદ્દીન પોતાના 'તવારીખે પીર' નામના પુસ્તકમાં લખે છે કે,—એ વખતે કબીરૂદ્દીને ઇમામુદ્દીનને કહ્યું હતું કે—"હે પુત્ર ! તું ત્યાં જઈ, કુફ્રના અંધકારથી લોકનાં હૃદયને પાક બનાવી, ખુદાની વહેદાનીયત રોશન કર." એટલે ઈસલામનો ધર્મ છુપી રીતે ત્યાં ( ગુજરાતમાં ) જઇને ફેલાવ. એ હુકમ માથે ચ્હડાવીને ઇમામુદ્દીન તરત ગુજરાત તરફ રવાના થયા; પરંતુ થોડે દૂર જતાં તેને પોતાના પિતાના મરણના સમાચાર મળવાથી તે અધરસ્તેથી પાછા ફર્યા, અને અમે આગલા પ્રકરણમાં જણાવ્યું છે, તે પ્રમાણે, પોતાના મરેલા પિતા તરફથી તેમના કિંમતી વારસા રૂપે એક તસબી અને સાકરનો પ્રસાદ મૃતપિતાના જનાજામાંથી મળ્યા ! એ સિવાય બીજી કંઈ જાગીર કે માલ મિલ્કત તેમને આપવામાં આવી ન્હોતી ! એથી પિતાની દફનક્રિયા કર્યા બાદ, પાછા તેમણે ગુજરાત તરફ પોતાનાં પગલાં કર્યાં.

થોડાજ દિવસો બાદ 'ગુજરાત' ને રસ્તે જતાં, તેઓ સિંધના જીન-બદીના નામનાં એક ન્હાનાં ગામડામાં આવી પહોંચ્યા. આગલા સૈયદોએ સતપંથનો પ્રચાર કરીને ત્યાં પણ એક ખાનું સ્થાપ્યું હતું; પણ એ સૈયદોએ તો પોતાના મુરીદોને પોતાના મુળ સિદ્ધાંત પ્રમાણે, ઈસમાઇલી પંથમાંજ ભેળવીને ખોજા બનાવી દીધેલા હતા. એ ખોજાઓનાં ઇમામી ખાનામાં ઇમામુદ્દીને આવીને ઉતારાનો મુકામ કર્યો; પરંતુ કેટલોક મતભેદ પડવાથી, ત્યાંના ખોજાઓએ ઈમામુદ્દીનનો કંઈપણ સત્કાર ન કર્યો; એટલુંજ નહિ પણ, ત્યાંના ખોજા તેમજ ઇસલામીઓએ પણ તેમના ખાનપાનની કશીપણ સગવડ ન કરી. એથી ઇમામુદ્દીનને ત્રણ દિવસ તો લાંઘા ( અપવાસો ) કરવા પડયાં ! ત્યારબાદ ખોજા જમાતે તેને ખૂબ માર મારીને ખાનાંમાંથી હાથ પકડીને બહાર કાઢી મૂકયા ! પરંતુ એ વખતના ત્યાં રહેતા એક મેમજી નામના દયાળુ ખોજાએ, તેમની દયા લાવી પોતાને ઘેર આશરો આપ્યો, અને ઘેર તેડી જઇ સૈયદનાં લાંઘા છોડાવ્યાં ! આવી દુઃખદ પરિસ્થિતિથી નિરાશ થઇને, ઈમામુદ્દીને પોતાનુ ભવિષ્ય બીજે રસ્તે ઉજ્વળ કરવાના નવા માર્ગો શોધવા માંડયા. તેમને લાગ્યું કે, **"જગત ચમત્કાર વગર નમસ્કાર કરવાનું નથી, અને હિંદમાંજ એસી રહેવાથી ખોટી ચમત્કારની વાતોને કોઇ માનવાનું એ નથી."** એજ વખતે ઇરાની મોગલોની રાજસત્તા હિંદમાં શરૂ થતી હતી, અને એ મોગલો શીયા ઇસમાઈલી નિઝારી તેમજ શમ્સી પંથના હતા. વળી દાઇ અને ઉપદેશક સૈયદો તો જે બાદશાહની સત્તા હિંદ દેશ પર વધારે ચાલતી હોય, તેમનાજ પંથમાં ભળી જઈ, શીયા ઈસ્લામી ધર્મને નામે પોતાનો કુટિલ ધંધો ચલાવતા હતા. એથી ઇમામુદ્દીને પણ વિચાર કર્યો કે, ઇરાનના ઇસલામશાહની મહેરબાની મેળવ્યા વગર મારૂં રગશીયું ગાડું ચીલે ચડવાનુંજ નથી. એથી તેઓ હિંદભૂમિ છોડીને ઈરાન વિદાય થયા, અને ઇરાનનાં એ વખતનાં પ્રસિદ્ધ કેક નગરમાં, ઈસ્લામશાહની ગાદી હોવાથી, એ વખતના રાજમાન્ય પુરૂષ બાવા ગુલમહંમદની મહેરબાની મેળવીને આગાઇસલામશાહની તહેનાતમાં હાજર થયા. ત્યાં શાહને કેટલીક કિંમતી ભેટ સોગાદો ધરીને ઈસ્લામશાહને તેમણે ખુશ ખુશ કરી દીધા ! એ હકિકત તેમના 'જીન્નતનામા' નામના કાવ્યમાં ઘણી અતિશયોક્તિ સહિત ઇમામશાહે પોતે વિસ્તારથી વર્ણવેલી છે.

ઈમામશાહની ઘણીજ ઉત્કંઠા અને આજીજીથી આગા ઈસ્લામશાહે ઈસમાઈલી પંથના ભેદભરમોથી ભરેલા 'અલમોત' ના કિલ્લા તરફ તેમને જવાની મંજૂરી આપી, રસ્તાનો બંદોબસ્ત કરી આપ્યો. અલમોત તરફ ગયા બાદ અમે આગળ વર્ણવેલાં હસન સબ્બાહનાં રચેલાં, પેલાં બનાવટી અદભુત જીન્નત (સ્વર્ગ) ની તેમણે હૈદરબેગ નામના એક ભોમીઆ સહીત મુલાકાત

લીધી. ઈમામશાહ પોતે, તેના વંશજો, તેમજ ખોજાઓ વિગેરે બીજા 'સતપંથી'ઓ પણ સદરહુ જીન્નતનામાંની સૈયદ ઈમામશાહે જોડી કાઢીને ગોઠવેલી, ઘણી અતિશયોક્તિ ભરેલી જૂઠી હકીકતો ઉપર આજસૂધી બહુ વજન મુક્તા આવ્યા છે, અને જાણે ઈમામશાહ તો પ્રત્યક્ષ જીન્નતમાં (સ્વર્ગમાં) જઈ આવ્યા હોય ! એવું ચોક્કસ માની રહ્યા છે ! તેઓ બધા જણાવે છે કે, એ સ્વર્ગમાં ભક્ત પ્રહલાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, પીર સદરદીન, કબીરદીન વિગેરેની ઇમામશાહને પ્રત્યક્ષ મુલાકાત થઈ હતી. અને તેમની સાથે સૈયદે સતપંથ સંબંધી ઘણી ઘણી વાતો કરી હતી ! એ ઉપરાંત ઈમામશાહે જીન્નતમાં ઘણા હિંદુઓ, અને મુસલમાનોને ભયંકર દુઃખી હાલત ભોગવતા જોયા, અને 'સતપંથ' ન માન્યો માટેજ એ બધાં દુઃખો તેમને ભોગવવાં પડેલાં છે, એવું તેમણે ઇમામશાહને મોઢામોઢ કહી બતાવ્યું ! આ બધું ઇમામશાહ–જાદુઇ ફાનસની કથા જેવાં–પોતાનાં "જીન્નતનામા" માં લખે છે કે, 'મેં નજરે જોયું તેવુંજ જણાવ્યું છે !' વળી એજ વખતે તેઓ જણાવે છે કે,—જેમણે સતપંથ સેવ્યો હતો, તેઓ તો અનેક હુરીઓ સાથે હીરાજડિત સોનાના બાદશાહી મહેલોમાં મોજશોખ ઉડાવતા, અને બહુજ આનંદ ભરેલી હાલત ભોગવતા હતા ! તેઓએ સ્વમુખે પણ **ઇમામશાહને** જણાવ્યું કે,—"**અમે સતપંથ સ્વિકારીને દશોંદ આપી, એથીજ અમે આવાં જીન્નતનાં અલૌકિક સુખો અહિં ભોગવી રહ્યા છીએ !**" આ સાક્ષાત્ મુલાકાતનું રસીલું વર્ણન પણ ઉપર જણાવેલા '**જીન્નતનામા**' વિગેરે પોતાનાં પુસ્તકોમાં બહુજ છટાદાર રીતે કરેલું છે, જે હકીકત વાંચીને સમજુ જનો તો તરતજ સમજી શકશે કે, ભોળા લોકોને લલચાવી, વટલાવી, ઉંધે માર્ગે ઉતારીને પોતાની ઇમામજાળમાં ફસાવવાનીજ અને દશોંદના દોકડા કઢાવવાનીજ એ બધી સૈયદ ઇમામશાહે જોડી કાઢેલી કુટિલ યુક્તિઓ છે; પરંતુ એ વખતે તો તાર, ટપાલ કે રેલ્વે જેવાં સુધરેલાં સાધનો ન હોવાથી, ઇરાન જેવા દૂરના દેશોની વાતોનું રહસ્ય સામાન્ય જનસમાજને કયાંથીજ સમજવામાં આવે ? એટલે સ્વાભાવિક રીતેજ મૂર્ખ, અજ્ઞાન અને ભોળા લોકો, એ બધી બનાવટી, રસભરી ચમત્કારોની વાતો ઉપર શ્રદ્ધા અને ઇતિબાર લાવી, ઈમામુદ્દીનને મ્હોટા કરામતી પીર સ્હમજીને તરતજ તેના મુરીદો થવા લાગ્યા ! પાછા ફરતી વખતે ઈમામુદ્દીને આગા ઇસ્લામશાહને મળીને તેમની પાસેથી 'સતપંથ'નો ફેલાવો કરનારા એક દાઈ તરિકે ધર્મપ્રચાર કરવા માટેનો પરવાનો મેળવ્યો હતો.

સદરહુ **હસન સબ્બાહનું** જાદુઈ સ્વર્ગ જોઇ આવ્યા પછી, થોડાજ વખતમાં **ઈમામુદ્દીનને** ખબર મળી કે, કેટલાક કૃતઘ્ન દગલબાજ મુરીદોએ, તેમના કાકા **તાજદીનને** બહુજ સતાવવાથી તેમણે છેવટે આપઘાત કર્યો હતો.

આ શોકજનક સમાચાર મળતાંજ ઇમામશાહની કેટલીક આશાં ઉમેદો તો ત્યાંજ તૂટી ગઈ, અને પંજાબનો પ્રદેશ, તેમજ ખોજાઓની જમાત તો પોતાને કોઇપણ રીતે લાભકારક નહીંજ નીવડે અને શાંતિ સમાધાનથી રહેવા પણ નહિ દે; એવું બરાબર સ્હમજીને, સિંધ-પંજાબનો પરિત્યાગ કરી, તેઓ પાછા ગુજરાત તરફજ આવવાને તૈયાર થયા. કામ પાર ઉતારવા માટે સિદ્ધ–સાધકના સંજોગ પ્રમાણે, હાજરબેગ નામના એક શ્રદ્ધાળુ મુરીદને સાથે લઈને હિંદુઓમાંથી નવા મુરીદો બનાવવાના ખાસ હેતુસર ઈમામશાહે સતપંથ પ્રચારનો પ્રવાસ એ સમયથીજ શરૂ કર્યો.

ગુજરાતમાં સતપંથનો પ્રચાર. ઇસમાઈલી ઇતિહાસકારો જણાવે છે, તે પ્રમાણે સંવત ૧૫૦૮ ના ભાદરવા શુદિ અગિઆરસને દિવસે સૈયદ **ઈમામુદ્દીને** ગુજરાતમાં આવેલાં **અટુણા** નામનાં ગામમાં પ્રથમ આવીને ત્યાંની મસ્જીદમાં મુકામ કર્યો. અહિં સઘળા મુસલમાનો નિયમ પ્રમાણે હંમેશાં નિમાજ પઢવાને આવતા, તેઓ આ સૈયદને કોઇ વખત નિમાજ પઢતા નહિં જોવાથી બહુ આશ્ચર્ય પામ્યા. અને તેમણે સખેદ ચિત્તે પૂછ્યું કે,—**"તમે મુસલમાન હોવા છતાં નિમાજ કેમ પઢતા નથી?"** સૈયદ ઇમામુદ્દીને ઉત્તર આપ્યો કે,—**"મારી નિમાઝ તો ખુદાને ત્યાં વસૂલ થઈ ગઇ છે. તમારી મરજી હોય, તો મારી વતી આ મસ્જીદના મિનારાને જ નિમાઝ પઢાવી તમારી ખાત્રી કરી આપું"** સ્વાભાવિક રીતેજ આવો ચમત્કાર જોવાને મુસલમાનો બહુ આતુર થયા, અને સૈયદ ઇમામુદ્દીને ત્યાં હુકમ કર્યો, એટલે મસ્જીદનો મિનારો સીજદાને માટે નીચો નમ્યો! એથી તાજૂબ થયેલા મુસલમાનો ભય પામીને ત્યાંથી ન્હાશીજ ગયા! ઈમામુદ્દીનના આ કરામતની વાતો વાયુ વેગે આખા દેશમાં ફેલાવા લાગી, અને થોડાજ વખતમાં અમદાવાદના એ વખતના સુબા **સુલતાન મહમદ બેગડાને** પણ એ વાતની જાણ થઇ. એથી તેણે ઇમામશાહને પોતાની હજૂરમાં બોલાવી મંગાવ્યો. અને પોતાની ખાત્રી માટે તેની કેટલીક કસોટીઓ કરી જોઈ; ઈમામશાહે એ વખતે **સુલતાનની** હજૂરમાં ઘણા ચમત્કારિક તમાશાઓ કરી બતાવીને પોતાના કરામતી ઇલમની સુલતાનની કચેરી ઉપર સજ્જડ છાપ બેસાડી દીધી. એથી સુલતાન મહંમદશાહ ( બેગડો ) ઘણો ખૂશ થઇ ગયો. અને તેણે એ કરામતી સૈયદને ઘણાં કિંમતી ઇનામો આપવા માંડયા; પરંતુ નિઃસ્પૃહી સૈયદે મુસાફરી માટે એક સારી જેવી વ્હેલ ( રથ જેવું ગાડું ) નો સ્વીકાર કરી, બાકીનાં બધાં બાદશાહી ઇનામોનો આભાર સહિત ઇનકાર કર્યો! એવું સતપંથના શાસ્ત્રો અને સતપંથી સેવકો માને છે, તેમજ કહે છે. પરંતુ એ બધા મહારીના ચમત્કારોમાં કેટલું સત્ય અને અસત્ય હશે, તેનો નિર્ણય કરવાનો તો હું વિચારવાન વાચકનેજ સોંપુ છું.

એ પ્રમાણે સુલતાન મહંમદશાહને રીઝાવ્યા પછી, બાદશાહી વ્હેલ ઉપર ચ્હડીને સૈયદ ઇમામશાહ પોતાના ધ્યેયની સફળતા અર્થે આગળ વધ્યા. ઇમામી 'સતપંથ'નો પ્રચાર કરતા કરતા, તેઓ અમદાવાદથી થોડે દૂર ગીરમથા ગામની નજીક આવ્યા ત્યાંના એ વખતના નિર્જન જંગલના ઉજાજડ માર્ગમાં નાંચોકોળી નામનો એક ભયંકર ભીલ લૂટારો તેમને સામો મળ્યો. તેણે પોતાની ટોળીનાં માણસો સહિત વ્હેલ ઘેરી લીધી, અને સૈયદને નીચે ઉતારી લૂટી લેવાનો વિચાર કર્યો, એ વખતે સતપંથી શાસ્ત્રો કહે છે કે,—" ઇમામુદ્દીને એ લૂટારાને એવો અસરકારક ઉપદેશ આપ્યો, કે જેથી તેનું મન બદલાઈ ગયું અને તે ત્યાંજ સૈયદ ઈમામશાહનો મુરીદ થયો. ઇમામશાહના ખાસ નોકર હૈદરબેગે એ વખતે તેને સતપંથનું કંકણુ બાંધ્યું! ત્યાર પછી ટહેલતા, ટહેલતા અને સતપંથનો પ્રચાર કરતા, સૈયદ ઇમામુદ્દીન લાથારે નામના એક ગામમાં આવ્યા. એવું સતપંથીઓ લખે છે. પરંતુ એ લાથારે ગામ કયાં આવ્યું, એની શોધ કરતાં અમને તો હજૂ સૂધી તેનો કશો પણ પત્તો મળ્યો નથી! પીરાણા 'સતપંથ' વાળા સૈયદ મી. બાવાસાહેબ ખાકી, લાથારેને બદલે બરહાનપુર તરફનું લાછોરા ગામ જણાવે છે. કેટલાક સતપંથી ઇમામશાહી લેખો અને વૃતાંતોમાં જણાવ્યું છે કે,–લાથારે ગામમાં ઇમામુદ્દીને ઘણા ઘણા સેવકો કર્યા. ઘણા હિંદુઓના જનોઇઓ અને કુંડળો ઉતરાવીને, તેમને સતપંથી બનાવ્યા! એ જનોઇઓનો ઢગલો પાંચમણનો અને કુંડળનો સવામણ થયો હતો) એવી વાત ખોજા ઇતિહાસકાર સચેદીના નાનજીઆણી કૃત 'ખોજા વૃતાંત'માંથી મળી આવે છે.

ત્યારબાદ તેના ચમત્કારિક પરચાઓની અનેક જોડી કાઢેલી વાતો ઇમામશાહના વંશજ સૈયદો તેમજ બીજા સતપંથી સેવકોએ અનેક ઠેકાણે પોતાનાં પુસ્તકોમાં ગોઠવી ઘાલી છે, પણ તેમાંની કોઇ હકીકત વિશ્વાસપાત્ર જણાતી નથી. માટે એવી બનાવટી જોડી કાઢેલી ચમત્કારિક વાતોનો અહીં વિસ્તારથી ઉલ્લેખ કરવો જ નિરર્થક છે. દાખલા તરીકે સૈયદ ખાકી પોતાના 'બાબારામ સુબોધ' નામના એવાંજ એક ચમત્કારોનાં ભંડારથી ભરેલાં કલ્પિત પુસ્તકમાં જણાવે છે કે–" ઈમામશાહે આંધળાંને આંખો આપી! પ્રવાસમાં જોગીઓ સાથે મેળાપ થતાં, તેમની સાથે વાદવિવાદ કરી, તેમને સતપંથી બનાવ્યા! સિંધુનદીને તીરે વણજારાના કાફલાનો ઉદ્ધાર કર્યો! ચિતોડગઢના રબારીને સતપંથનો બોધ આપી, પોતાના ચમત્કારથી પુત્ર આપીને પોતાનો મુરીદ બનાવ્યો! હિંદુ જાત્રાળુઓના એક મ્હોટા સંઘને રસ્તામાંજ, કાશી તેમજ વિશ્વનાથ મહાદેવનાં સ્વપ્નામાં દર્શન કરાવ્યાં, અને સતપંથનો મહિમા બતાવીને પોતાના સેવકો કર્યા! નવસારી મુકામે ખારવાઓનાં ડૂબતાં વહાણને

બચાવી ખારવાઓને પોતાના સેવકો બનાવ્યા ! સાત દુકાળમાં દુઃખી થયેલી પ્રજાને વરસાદ વરસાવી સુખી કરી ! સાબરમતીનાં પૂરમાં નાવ પણ ન્હોતાં ચાલતાં ! ત્યાં પોતાની વ્હેલ ચલાવી, સામે કાંઠે વગર નાવેજ ઉતર્યા ! રેવાતીરે કરામતથી નૌકા અટકાવી દીધી. અને પાછળથી ખારવાઓની આજીજીથી તેને ચાલુ કરી ! બળી મરેલાઓને ફરીથી સજીવન કર્યા ! પાટણ પ્રદેશમાં વાંઝીઆ-ઓને છોકરાં આપ્યાં, મૃગલીનો ઉદ્ધાર કર્યો ! કોચરબ ગામે મુકામ કરી કેટલાક સેવકોને ચમત્કારો બતાવ્યા ! આવા પગલે પગલે ચમત્કારોના ભંડારો કરીને સૈયદે **ગીરમથે** ગમન કર્યું ! ત્યાં પણ દુકાળનો નાશ કરી, ત્યાંના પટેલના એકના એક મૃતપુત્રને સજીવન કર્યો. એથી પટેલે પ્રસન્ન થઇને મ્હોટાં ઇનામો આપવાં માંડયાં, અને પોતાને ત્યાં પધરાવી સેવા સત્કાર કરવાની ઇચ્છા જણાવી; પણ તેનો સ્વિકાર ન કરતાં, સતપંથનો બોધ આપીને તેમને પોતાના સેવક બનાવ્યા, અને પટેલ પાસેથી માગી લીધું કે " હું અહીંથી તીર ફેંકું છું તે એક કુમારિકા જમીનમાં જઇને પડશે, કે જેનું રક્ષણ તે ભયંકર જંગલમાં રાજ્ય કરતો એક સિંહ કરી રહ્યો છે, ત્યાં મને મારૂં સ્થાનક બનાવી આપો." એવી રીતે એ પ્રદેશમાં તીર ફેંકી એટલી જમીન માત્ર માંગી લઇ ત્યાં પોતાનું સ્થાન જમાવી, સૈયદ ઇમામુદ્દીને પોતાના ચલાવેલા નવા સતપંથનું ત્યાં મુખ્ય ધામ ઉપસ્થિત કર્યું. તેને પાછળથી ઇમામપુરી, હેમ-પુરી, ઇમામશાહનો રોજો, પીરાણાનું સંસ્થાન વિગેરે ઘણાં ઘણાં નામો આપવામાં આવેલાં છે. ઉપરની બધી ચમત્કારીક ગપોળ કથાઓ છેકજ હસવા લાયક અને નાદાન છોકરાંઓને રીઝાવવા માટે કહેવામાં આવતી પરીઓની વાતો જેવી, અથવા તો શામળભટ્ટની બનાવેલી બત્રીશ પુતળીની કલ્પિત કથા જેવીજ છેક નાપાયાદાર, બનાવટી અને નિર્માલ્ય છે. તે જાણવાની જેમને ઉત્કંઠા હોય, તેમણે સતપંથી પુસ્તકો મંગાવીને તેમાંથી વાંચી લેવી. એવી ગપોળ કથાઓ લખી અત્રે નકામાં પાનાં ચીતરવાની કંઇ અગત્યતા જણાતી નથી.

સંવત ૧૫૧૨ની સાલમાં ' ખોજા વૃત્તાંતકાર ' કહે છે કે, " આલમ-શાહના વંશના મહમદ બૂખરીની બેટી **બતીજાબીબી** ( સૈયદ મહમદ બુખારી –ભડીયાદવાળાની પુત્રી ) સાથે ઈમામુદ્દીનની સાદી થઈ, અને સંવત ૧૫૨૪માં પીરાણાની ભવ્ય દરગાહનો તેમણે પાયો નાંખ્યો. એજ અરસામાં તેમને ત્યાં **આલમશાહ** ( **બાલકશાહ** ) નામના પુત્રનો જન્મ થયો. ત્યાર પછી **બાકરશાહ, બાલાશાહ,** અને **નુર–મહંમદશાહ** એ નામના બીજા ત્રણ છોકરા થયા. અને **શમ્સખાતુન** નામની એક પુત્રી થઈ. એ ફરજંદોમાંથી ચોથા પુત્ર **નુર–મહંમદશાહ** સિવાયના બાકીના ત્રણે પુત્રો અને પુત્રી શમ્સ-

ખાતુન ઇમામશાહની હયાતીમાંજ બાલવયમાં ગુજરી જવાથી તેમની કંઇપણ ઓલાદ રહી નથી, જેથી ઇમામુદ્દીનના મૃત્યુબાદ તેના વારસ તરીકે ફક્ત **નુર-મહંમદશાહજ** રહ્યા.

સૈયદ ઇમામુદ્દીનના મોટા પુત્ર **આલમશાહ** ઉર્ફે **ખાલકશાહની** દરગાહ ગુજરાતના કડી પ્રાંતમાં **પાટણ** શહેરમાં આવેલી છે. તેમનો ઓરસ રજબ મહિનાની પંદરમી તારીખે થાય છે. એ દરગાહ '**સેદખાની**' વંશજોને તાબે છે. તેના મુરીદો કંદોઈ, ભાવસાર, મોઢઘાંચી વિગેરે છે. મુરીદોના કુટુમ્બો લગભગ પચાસેક છે, અને દશોંદના રૂપિયા તેઓ **સેદખાની સૈયદોને** આપે છે.

ઇમામુદ્દીનના બીજા પુત્ર **બાકરશાહની** દરગાહે અમદાવાદમાં જૂના ચાર-તોડાનાં કબ્રસ્તાન, પાસે છે. તેમાં એક મુસાફરખાનું છે, અને તેની પાસેજ મુજાવરને રહેવાનું મકાન છે. મુમનાઓ તેમને માને છે. અને તેમની વસ્તિ અમદાવાદના **જમાલપુર-તાજપુરમાં** વિશેષ છે. એ દરગાહનો વહિવટ પણ મુમનાઓજ કરે છે; પરંતુ સૈયદોને દશોંદ વિગેરે લાગા આપે છે. કેટલાક મુમના ઇશનાઅશરી પણ થયા છે. **તફ્ઝીલિયાનો** ભાગ વિશેષ હોવાથી, જમાલપુરમાં આવેલી મુમનાઓની મસ્જીદમાં ઇશનાઅશરી અને તફ્ઝીલીયાના મતભેદને લીધે, બે વખત બાંગ પોકારવામાં આવે છે! તફ્ઝીલીયાની ધર્મક્રિયાઓ સુન્ની જમાતના મુલ્લાંઓજ કરે છે.

ઇમામુદ્દીનના ત્રીજા પુત્ર **બાલાશાહની** દરગાહ ખંભાતના નારંગસર તળાવના કાંઠા ઉપર આવેલી છે, અને તેની બાજુમાંજ તેમની બેન **શમ્સખાતુનની** કબર પણ આવેલી છે. તેમના મુરીદો '**સેદખાની**' કહેવાય છે. મુસલમાન, કુંભાર, ગોલા, કાછીયા, કડીઆ વિગેરે બસોએક કુટુંમ્બો તેમના મુરીદોનાં છે. તેઓ દર વરસે દશોંદના રૂપિયા પીરાણાવાળા સૈયદોને આપે છે.

• સૈયદ ઇમામુદ્દીન પોતાના ચોથા પુત્ર **નુરમહંમદશાહને** પીરાણા સતપંથના શાસ્ત્રોમાં વિષ્ણુ ભગવાનના અવતાર તરીકે તથા પોતાને (ઇમામુદ્દીન ઉર્ફે ઇમામશાહ) સદ્‌ગોર બ્રહ્મા તરીકે ઓળખાવી ગયા છે. નુરમહંમદને હિંદુઓના વિષ્ણુ અને ઇસલામીઓના ઇમામ હઝરત અલીનો અવતાર મનાવ્યો! અને નુરમહંમદની બીબી બુજરખ બેગમને આદ્યશક્તિનો અવતાર મનાવી, તેમણે આગાખાની ઇમામોથી છેકજ છુટા છેડા કરીને પોતાનો સ્વતંત્ર સતપંથ ચલાવ્યો! અને પીરાણા ગામને પોતાના સતપંથીઓમાં પવિત્ર ધામ તરીકે મનાવ્યું.

સૈયદ ઇમામશાહને પોતાની તહેનાતમાં રહેનારા નાંયાકોળા, (લુંટારાની ટોળીનો આગેવાન પાછળથી સતપંથી ભગત) બાબારામ, (પેટલાદના રહીશ કાલીકોચી જાતના પાટીદાર, ઇમામશાહની ગાડી હાંકનાર) કીકીબાઇ, (બાબા-

રામની બેન. ઇમામશાહની રસોઇ કરનારી. ) શાણુકાકા, ( લેઉંવા પાટીદાર ) અને હાજરબેગ, એ પાંચે જણા ઉપર અનહદ પ્યાર હતો, જેથી પોતાનાં મૃત્યુ સમય પહેલાં એ પાંચેજણાને પોતાની સમક્ષ બોલાવી કહ્યું કે " તમોએ આજ સુધી મારી, તેમજ સતપંથની બહુ સારી સેવા કરી છે. જેથી હું તમને આપણા પૂર્વાશ્રમની વાત કહી સંભળાવું છું. હું ( ઇમામશાહ ) સુખદેવજીનો અવતાર હતો, નાંયાચાકા શૃંગી રૂષિના ચેલા હતા, અને ભાભારામ પરીક્ષિત રાજા હતા. જ્યારે પરીક્ષિત રાજા ( ભાભારામ ) શીકાર કરવા વનમાં ગયા હતા, ત્યાં મશ્કરિમાં રૂષિને ગળે મરેલો સાપ વિંટાળવાથી ચેલાએ ( નાંયાકાકાએ ) રાજાને ( ભાભારામને ) શ્રાપ આપવાથી, તથા ચેલાને રૂષિએ, શ્રાપ આપવાથી આ અવતાર તમારે લેવા પડયા છે. પરંતુ તમે મારી તેમજ સતપંથની પણ બહુ સારી સેવા કરેલી હોવાથી હું તમને ' **પીરતન** ' બક્ષું છું. " એમ કહી **નાંયાનું નસીરૂદ્દીન** નામ રાખી કાકાનો ખિતાબ આપી કાનમ જીલ્લાના કુકસ ગામમાં જઈ ગાદી સ્થાપવાનું કહ્યું. અને તેજ પ્રમાણે નાંયાકાકા ત્યાં જઇને રહ્યા, અને તેમનું મૃત્યુ પણ ત્યાંજ થયું. કબર ઉપર સારો રોજો ચણાવેલો છે, અને ત્યાં ભાદરવા સુદ બીજને રોજ મોટો મેળો ભરાય છે. તેમની જમાત મુમના પાટીદાર ગણાય છે. નાંયાકાકાની ગાદી પીરાણાની એક શાખા છે.

૪ **ભાભારામને** ચરોતર જીલ્લામાં જવાનું કહેવાથી તેમણે પેટલાદ પ્રગણાના નડીઆદ તાલુકામાં દેવા ગામે જઇ પોતાની ગાદી સ્થાપી, અને ત્યાંજ તેમનું મૃત્યુ પણ થયું હતું. **કીકીબાઈએ** પણ **દેવા** ગામથી એક માઇલ છેટે **કીકીબાઈની રોણુ** નામનું ગામ વસાવી, પોતાની ગાદીની જમાવટ કીધી, તે બન્ને ગામોમાં તેઓના રોઝા છે. ત્યાં સદાવૃત અપાય છે. ત્યાંની પેદાશના અને જગ્યાના માલેક તેમના વંશના છે તેઓ ' કાકા ' ઉપનામથી ઓળખાય છે.

૮ **હાજરબેગ** ઘણોજ જુનો, નિમકહલાલ અને ઇમામશાહનો અંગરક્ષક હતો. તેને કહ્યું કે " મારા મૃત્યુ પછી થોડા દિવસમાં તારૂં પણ મૃત્યુ થશે, અને ઉન્હાળામાં ગમે તેટલી ગરમી પડશે, છતાં તારી ( હાજરબેગની ) કબર શીતળ રહેશે અને મુરીદો પહેલાં તારી કબરને ફૂલ ચ્હડાવી પછી મારી કબરને ચ્હડાવશે.)

**શાણુકાકા**—સૈયદ ઇમામશાહે પ્રથમ જ્યારે હિંદુઓને પોતાના ધર્મથી તથા કર્મથી ભ્રષ્ટ કરી, દીન ધર્મમાં મેળવવા માટે ' **સતપંથ** ' ધર્મમાં દાખલ કર્યાં, ત્યારે તેમની અસલ સ્થિતિમાંજ રહેવા દઇ, ભોળા હિંદુઓને ફોસલાવીને પોતાના સેવકોમાં વધારો કરવાના હેતુથી, એક હિંદુને મુખ્ય મુજાવર કાકા તરીકે નીમી ગાદીએ બેસારવાની પ્રથા ચાલુ કરી હતી. ઇમામશાહે પોતાની

હયાતીમાંજ પ્રથમ ઉપર જણાવેલા શાણાકાકા કે, જે હંમેશા તેની તહેનાતમાંજ રહેતા હતા, તેને એ જગ્યા આપી હતી. એવા **મુજાવર કાકાની** મુખ્ય ફરજ, ઇમામશાહે દોરેલા માર્ગ પ્રમાણે હિંદુઓને વટલાવી **સુમના સતપંથી** બનાવવાની; દશોંદ, ચડતર તથા એવાં બીજાં અનેક લાગાઓ ઉઘરાવી, ઇમામશાહના કુટુમ્બી સૈયદોને વેંચી આપવાં; ઇમામશાહના રોજામાં દીવાબત્તી, ધૂપ—લોબાન ઇત્યાદિનો બંદોબસ્ત કરવો; પોતે (કાકાએ) સંસારથી વીરક્ત થઇ, બ્રહ્મચારીના વેશે ભગવું ધારણ કરવું, તથા પંચકેશ રાખવા વિગેરે છે.

આ પ્રમાણે સૈયદ **ઈમામશાહ** (ઇમામુદ્દીન) ના ગોઠવેલા કાર્યક્રમ પ્રમાણે તેમના વંશજ સૈયદો, તથા પીરાણા સતપંથી સેવકોની સમંતીથી, એવા મુજાવર કાકાના મરણ બાદ બીજા નવા મુજાવર કાકાની ચુંટણી થતી આવી છે. તેઓના નામોનો ક્રમ નીચે પ્રમાણે છે.

(૧) કાકા શાણા.
(૨) કાકા શેરમહંમદ.
(૩) કાકા અબ્દુલ્લાહ.
(૪) કાકા ઈબ્રાહીમ.
(૫) કાકા રહીમ.
(૬) કાકા કરીમ મહંમદ.
(૭) કાકા સામદ.
(૮) કાકા હશન.
(૯) કાકા રહીમ.
(૧૦) કાકા રાજે મહંમદ.
(૧૧) કાકા નુરમહંમદ.
(૧૨) કાકા ભુલા.
(૧૩) કાકા પોચા.
(૧૪) કાકા પ્રાગજી.
(૧૫) કાકા નથુ.
(૧૬) કાકા દીપા. (અબદુર રહીમ)
(૧૭) કાકા મનજી.
(૧૮) કાકા નથુ.
(૧૯) કાકા નાગજી.
(૨૦) કાકા સામજી.
(૨૧) કાકા નથુ.
(૨૨) કાકા પેથા.
(૨૩) કાકા નથુ.
(૨૪) કાકા કરમસી.
(૨૫) કાકા લખમણ.
(૨૬) કાકા રામજી (હયાત)

સૈયદ ઈમામુદ્દીનનું મૃત્યું હી. સ. ૯૧૯ માહે રમજાન તા. ૨૫ મીએ થયું. તેમના સંદલની ક્રિયાના ઓરસની વખતે પીરાણા ગામે મોટો મેળો ભરાય છે. ત્યારે ઘણા હિંદુઓ એકત્ર થાય છે. તે સિવાય બાર મહિનાની બાર બીજો, ગોકુળ આઠમ, ધરો આઠમ, તથા ભાદરવા સુદ ૧૧ ને દિવસે પણ ત્યાં મેળો ભરાય છે. ત્યાં જીવહિંસા થતી જોવામાં આવતી નથી. એમ લોકો કહે છે.

ઈમામશાહનો રોજો પીરાણા ગામે આવેલો છે, તે ઘણો સુંદર અને

પાકી બાંધણીનો છે. ત્યાં દર વરસે હજારો રૂપિયા તેમના સેવકો તરફથી આવે છે. એમના સેવકોની સંખ્યા તેમના વખતથીજ ઘણી સારી વધેલી છે. તેમાં મુખ્યત્વે ઉચ્ચ કોમોમાંથી લેઉવા તથા કડવા કણબીઓ છે, તે ઉપરાંત કોળી, કાછીયા, ભીલ, સોનારાં, કંસારા, ઘાંચી, ગોલારાણા, તથા કોઈ કોઇ બ્રાહ્મણ વાણીઆ પણ છે; પરંતુ કોઇ મુસલમાન પીરાણા સતપંથનો સેવક નથી. એમના ઘણા સેવકો ગુપ્તીજ રહ્યા છે. અને થોડો ભાગ જે પ્રગટ થઇ ગયો, તેઓ શેખ તથા મોમના તરીકે ઓળખાય છે.

મુમના મુસલમાન છે. તેઓ પીરાણામાં બીજો રોજો નુરશાહનો છે તેને માને છે. તેમની ગાદીએ મોમનાની ન્યાતનો કાકો બેસારવામાં આવે છે. મોમનાઓ હિંદુઓમાંથી વટલીને મુસલમાન થયેલા કહેવાય છે. તેઓ મુસલમાનો સાથે ખાવા પીવાનો વ્યવહાર રાખે છે, અને લગ્ન વિગેરે બીજી ક્રિયાઓ પણ મુસલમાનની પેઠેજ કરે છે.

ત્રીજી જગ્યા સુરાભાઇની છે. તેમાં રોઝો નથી, પણ ગાદી છે, અને રબારી લોકો તેને માને છે.

ચોથો બાલા મહંમદશાહનો રોઝો છે, તેને શેખ મુસલમાન જાતના લોકો માને છે.

પાંચમી જગ્યા બાકરઅલીની છે. તેના મુરીદો "આઠીયા" કહેવાય છે. ઈમામશાહની ગાદીને માનનારા મુરીદો "ઈમામશાહી" કહેવાય છે. સુરાભાઈની ગાદીને માનનારા "પાંચીઆ" અને બાલા મહંમદશાહની ગાદીને માનનારા "સાતીઆ શેખ" તરીકે ઓળખાય છે.

ઈમામશાહના મુરીદો મુખ્યત્વે સુરત જીલ્લામાં, ખાનદેશ, બુરાનપુર, કચ્છ, ભાવનગર, વડોદરા, ખંભાત, ચડોતર અને અમદાવાદ વિભાગમાં છે.

સુરાભાઈની ગાદીના મુરીદો પાટણ પ્રગણાના બાલેસણ ગામમાં રબારી છે, તથા શીહોરમાં સોની, અને કચ્છ, ભૂજ, અંજાર, માંડવી તથા મુંબઇમાં સોની અને કંસારા છે.

બાલા મહંમદશાહના રોજાને માનનારા સેવકોમાંનો મુખ્ય ભાગ, વસો, પેટલાદ, ખંભાત, નડીઆદ અને બોરસદમાં છે; તે ઉપરાંત અમદાવાદના શેખ લોકો પણ એના રોજાને માને છે.

બાકરઅલીના સેવકો (મુરીદો) કાછીયા, કણબી, કોળી, અને સુતાર લોકો છે. તેમનો મુખ્ય ભાગ સુરત, વડોદરા, અમદાવાદ, મહીકાંઠા, અને કાઠીયાવાડમાં છે.

સૌથી વધારે સેવકો ઇમામશાહના છે. મોટાં મોટાં ગામોમાં તેમના ધર્મની જગ્યાઓ છે. કાકા લોકો ત્યાં ફરવા જઈને ઉતારો કરે છે, એવી ધર્મની જગ્યાને

તેઓ "ખાનાં" તરીકે ઓળખાવે છે. અમદાવાદના જમાલપરામાં કાછીઆ શેરી આગળ હળદરીઆની પોળમાં ઇમામશાહી સેવકોનું એવું એક ખાનું છે.

સૈયદ નુરમહંમદશાહ:—સૈયદ ઇમામશાહના જીવન ચરિત્રમાં ઉપર જણાવ્યા પ્રમાણે તેમને ચાર પુત્રો અને એક પુત્રી હતાં જેમાંથી **નુરમહંમદશાહ** સિવાયનાં બધાં ફરજંદો ઇમામશાહની હયાતીમાંજ મૃત્યુ પામ્યાં હતાં. નુરમહંમદશાહને તેમના પિતાશ્રી પોતાના પીરાણા સતપંથના શાસ્ત્રોમાં ખાસ વિશ્નુનો અવતાર મનાવી ગયા છે. એમની સાદી ખોજા ઇતિહાસકારો તેમજ સતપંથ પવર્તકોના કહેવા પ્રમાણે **અમદાવાદના** સુલતાન મહંમદશાહની પુત્રી **બુજરખ બેગમ** સાથે થઈ હતી. તે ઉપરાંત ભાવનગરના રજપૂત પૂંજાસિંહ (**પોચાંકાકા**) નામના મુરીદની બે પુત્રીઓ, **પરમાબાઈ** અને **જમાલબાઇ** સાથે થઇ હતી.

**બુજરખ બેગમને** પેટે સૈયદ **શાહબુદ્દીન** અને **મુસ્તફા** નામના બે પુત્રો થયા હતા. તેમના વંશજો હાલ "**જલાલશાહી**" અને '**નુરશાહી**' તરીકે ઓળખાય છે. પરંતુ સામન્યતઃ મુરીદોમાં તો તેમની ગણત્રી ઈમામશાહી સૈયદ તરીકેજ થાય છે.

**પરમાબાઈને** પેટે સૈયદખાન નામનો એક પુત્ર જનમ્યો હતો. તેના વંશજો "**સૈયદખાની**"ના નામથી ઓળખાય છે. સૈયદખાની સૈયદોની ગાદી તેમજ **સૈયદખાનનો રોજો નવસારીમાં** છે. તેઓ પણ તેમનો પોતાનો જુદો સતપંથ ચલાવે છે. ઇમામશાહના રોજામાં તેમજ પીરાણાની માલ મીલ્કતમાં સૈયદખાની સૈયદોનો કશો પણ હક્ક હિસ્સો કે અધિકાર ઈલાકો નથી એવું ઇમામશાહી સૈયદો સ્પષ્ટ જણાવે છે.

**નુરમહંમદશાહના** પછી તેમના પુત્ર શાહબુદ્દીન ગાદીએ આવ્યા, અને તેના **જલાલુદ્દીન** થયા, જેથી એમના વંશજો '**જલાલશાહી**' કહેવાય છે.

નુરમહંમદશાહના બીજા પુત્ર **સૈયદ મુસ્તફાના** દીકરા સૈયદ **નુરશાહ** થયા અને તેમના વંશના સૈયદો પોતાને '**નુરશાહી**' તરીકે ઓળખાવે છે. '**જલાલશાહી**' તથા '**નુરશાહી**' બન્ને ફીરકાના સૈયદો તેમને '**ઈમામશાહી**' સૈયદ તરીકેજ ઓળખાવે છે. (કાકા કારભારીની મારફતે પીરાણાની મીલ્કત અને આવકમાંથી તેમના જીવનનિર્વાહની યોજના આજસુધી ચાલુ રહી છે.)

**આ ઉપરથી એ ધર્મના ઉપદેશકો, ઇમામો, પીરો, પ્રચારકો અને સંસ્થાપકો કોણ હતા? તેમણે શા હેતુથી આ નવા પંથને 'સતપંથ' એવું એક માત્ર ઉપર ઉપરનું હિંદુ નામ આપ્યું છે! અને શા કારણથી તેઓ વિષ્ણુ, શક્તિ, બ્રહ્મા આદિ હિંદુ દેવતાઓને પણ પોતાનાં પ્રપંચીશાસ્ત્રોમાં ગોઠવી ઘાલી**

ભોળા હિંદુઓને ' સતપંથ ' ની જાળમાં સંડોવી, તેમને છેવટે કયે માર્ગે દોરી જાય છે, એ પ્રત્યક્ષ જોઇ અને જાણી લેવાનું આ ઐતિહાસિક પ્રમાણ અત્રે પુરૂં થાય છે. અને હવે પછી એ **ઇમામશાહે “ સતપંથ ”** ની યોજના તેમજ તેનાં વ્યવસ્થિત બંધારણ માટે જે જે શાસ્ત્રગ્રંથો અને “ સતપંથ પુરાણો ” લખેલાં છે, તેમાંના મુખ્ય મુખ્ય મુદ્દાનાં પુસ્તકો અને લખાણોનું સાહિત્ય, પીરાણા સતપંથીઓની હસ્તલિખિત છુપી ગ્રંથસમૃદ્ધિ તથા તેમની છપાયેલી સામગ્રીમાંથી મેળવીને, જે જે વિષયો વાચકોનું ખાસ ધ્યાન ખેંચવા જેવા મહત્વના જણાયા, તેમજ જે જે ગ્રંથો, શાસ્ત્રો, ધર્મક્રિયાઓ અને પૂજા પાઠનાં કલ્પિત પ્રકરણો ઉપર **“ પીરાણા સતપંથ ”** નો સકલ આધાર છે, તે બધાં જેવાને તેવા સ્વરૂપમાં અક્ષરશઃ અહીં પ્રકટ કરીએ છીએ.

પ્રથમ ગ્રંથ વિશ્વના મૂળ પાયારૂપે **“સૃષ્ટિનું મંડાણ”** અને **“દશાતરી ગાવંત્રી”** તથા **“દસ અવતાર”** એ નામના સૈયદ ઇમામશાહનાં લખેલાં આ પછીના પ્રકરણથી શરૂ થાય છે. તેના સંબંધમાં અમારી સ્વતંત્ર ટીકા અને ચર્ચાનો વિભાગ એ ગ્રંથો પૂર્ણ થતાં તેની સાથેજ જોડાયેલો છે. જે પરથી સુજ્ઞવાચક, મૂળ લેખકનાં કલ્પિત તરંગો સાથે સત્યાસત્યનો નિર્ણય કરાવનારી દલીલો મેળવીને, અમારા ઉલ્લેખોનું તેમજ સતપંથ પ્રવર્તકોનું રહસ્ય, હાર્દ અને ન્યૂનાધિક મહત્વ પોતાની મેળેજ અનાયાસે સમજી શકશે એ **' સૃષ્ટિ મંડાણ '** ના ગ્રંથમાં જ્યોતિષ નિર્ણીત સમય સિદ્ધાંતોને કાયમ રાખી, હિંદુ વિચાર પદ્ધતિ અનુસાર સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સમજાવી, છેવટે કેવી રીતે એ ચતુર અને કળાકુશળ સૈયદ પોતાના ઇસમાઇલી ઇમામી વાડામાં, ભોળી હિંદુ પ્રજાને ખેંચી ગયો છે, એ પણ તાદ્દશ્ય દર્પણની પેઠે દેખાઇ આવશે.

# શ્રૃષ્ટીનું મંડાણ.

## પ્રકરણ ૮ મું

રચનાર–સૈયદ ઇમામશાહ.

—આઠ લાખ કરણની ઉત્પતી.—

શ્રી નકલંકી નારાયણ હો સ્વામીજી, પ્રથમ આદનુર તમે પરમેશ્વરા, તમે પરસોતમ અમરતો અલખ નરીજંન હો સ્વામીજી, પરથમ નીલ વરણ ધંધુકાર, તારે સ્વામીજી આપોહિઆપ નરિજંન હો સ્વામીજી, તારે તમારો કોણ ચહેન હો સ્વામીજી, હો પરમેશ્વરા; તારે દેવની દેહી છે નુરાની, આદ પુરૂશ આપ પુરૂશ આપ મન આપ ધ્યાન કરતવા હો સ્વામીજી, તે નુર નીરવાંણ હો સ્વામીજી; તારે તદા આદ નરીજંન હો સ્વામીજી ત્યારે સાદ નહી સબદ નહી, અહુંકાર નહિ, જલ નહી, થલ નહી, ધરતી નહી, આકાશ નહી, હો સ્વામીજી; ત્યારે નહિ ચાંદો, સુરજ નહિ, તારા નહિ, પવન નહિ, નહિ પાણી, હો સ્વામીજી; ડુંગર નહિ, મેર નહિ, કઇલાસ નહી હો સ્વામીજી; નહિ તારા મંડળ, તીસમધે કોઇ ન હોતા હો સ્વામીજી, ત્યારે પરથમ આદ રૂપ પરવતંતે હો સ્વામીજી; ત્યારે પરથમ રૂપતો આદ મનથી નામ કરતવા હો સ્વામીજી; ત્યારે આદ પુરૂશ આપોહીઆપ ધ્યાન કરતવા હો સ્વામીજી; તે પરથમ આદ પુરૂખ રૂપ પરવરતંતે હો સ્વામીજી; ત્યારે આદ પુરૂશના અંગથી સતગુર ઉપના તો ઉતપુતી ઉપનાં હો સ્વામીજી; ત્યારે રૂપ નુર એક તે નામ ચાર ધારજંતે હો સ્વામીજી; એક નામતો ગુર હશનશાહે શેશ્ટીના ગુર હો સ્વામીજી; બીજો નામ તે ગુર બ્રહમા ધારજંતે હો સ્વામીજી; ત્રીજો નામ તે સતગુર ધારજંતે હો સ્વામીજી; ચોથો નામ તો ગુર નબી માહમદ મુસ્તફા સલેલા અલેહી વ સલામ, તમે તો આપોહી આપ હો સ્વામીજી; ઈ ગુર પ્રસાદે સાત ફીરસ્તા દેવની સેવા કરતવા હો સ્વામીજી, તે આઠ લાખ કરણ મધે પરવરતંતે હો સ્વામીજી; અને દેવ ધ્યાન કરતવા હો સ્વામીજી; ત્યારે આઠ લાખ કરણ મધે સ્વામી તમે અનત કરોડ દેવ નારાયણ નીપાવ્યા હો સ્વામીજી; તે ગુર પ્રસાદે નામ ધારજંતે હો સ્વામીજી; ત્યારે આઠ લાખ કરણ, કરણ મધે જુગ એક ધારજંતે હો સ્વામીજી; તે અગીયાર લાખ વરસ પરવરતંતે હો સ્વામીજી ત્યારે ત્રીશ જુગ મલી મજમે એક કરણ મધે પુરણ પરવરતંતે હો સ્વામીજી; ત્યારે આઠ લાખ કરણ મધે સવામી તમે અનત જીવ નીસ્તગાયા હો સ્વામીજી; તે આઠ લાખ કરણ ભરપુર ભવસ્તો હો સ્વામીજી.

## —ત્રણ કરણના અવતાર પાત્રનું નામ—

ત્રણ કરણ મધે સ્વામીના અવતાર પાત્ર (૧૭) પરવરતંતે તે અવતારના નામ લીખંતે હો મુનીવરો.

(૧) શ્રી અહુણાદ
(૨) અહુણાદથી અલખ
(૩) અલખથી નામનીલ
(૪) નામનીલથી અનીલ
(૫) અનીલથી સુન
(૬) સુનથી સાન
(૭) સાનથી નાન
(૮) નાનથી ગનાન
(૯) ગનાનથી નુર
(૧૦) નુરથી તેજ
(૧૧) તેજથી જલ
(૧૨) જલથી કમલ
(૧૩) કમલથી અદબુધ
(૧૪) અદબુધથી જાગ
(૧૫) જાગથી તંતવ
(૧૬) તંતવથી પ્રેમ તંતવ
(૧૭) પ્રેમ તંતવથી આદ પુરૂશ

તે રૂપનું ધ્યાન કરલવા હો મુનીવરો; ઈ ધરમ ભવોભવ સતપંથ સદાઇ ઉત્તમ હો મુનીવરો, ઈ ત્રણ કરણના અવતાર પાત્ર (૧૭) ભવસ્તો હો મુનીવરો.

## —ધંધુકારની હકીકત—

અહુનાદ મધે સ્વામી તમ નરીજંન અહું ધંધુકાર મધે સ્વામી તમે અલખ નરીજંન હો સ્વામીજી; અહુંકાર મધે છત્રીશ જુગ ને ચોરાશી ચોકડી ઉતમ એક ધ્યાન પરવરતંતે હો સ્વામીજી, ત્યારે તમે આપો આપ નરીજંન કહાવ્યા હો સ્વામીજી, તારે તમે નારાયણ વેદ રૂપી કહાવ્યા હો સ્વામીજી, નરીજંનની જવું સુકરીત પ્રેમ ધ્યાન દુકરીત ન હવો સુન હવો. સુંન હો, સ્વામીજી પહેલાં અનત કરોડ જીવ તારે અણુ આદ નામ અલખ નરીજંન નર પાંચ નર ભીહો સ્વામીજી, ત્યારે તમે અનત સુરત અગોચર ત્યારે તમે અવતાર ધારજંતા હો સ્વામીજી, ત્રણ લાખ વરસ હો સ્વામીજી, શ્રી સતગરૂ બ્રહમા હો વાચ્યા સાંમીજી, બ્રહમાવેદ સંમપુર્ણ સંસાર મધે પ્રકાશતે હો સ્વામીજી, જેમ લોહા પારસ હેમ કરતવગ હો સ્વામીજી, તેમ સતગુરૂ મુનીવરને આપ સમાન કરતવંગ, તેમ સતગુરજી અન પાન હો સ્વામીજી, શ્રી સતગુર બ્રહંમા હો સ્વામીજી અર બંધ નર બંધ ધંધુકાર ગયા અનત જુગમાંહે તેજ રહયા હો સ્વાગીજી, ત્યારે આદપુરૂશથી અહુંકાર (૧૮) અહુંકારથી પ્રકાશ (૧૯) તે ચાર વેદ હો સ્વામીજી, તમે નવ ખંડ પૃથ્વીની બાંધી પીઠ હો સ્વામીજી, શ્રી સતગુર બ્રહમા હો વાચ્યા હો સ્વામીજી, આજ વકરૂ જળ બંધણા જુગ પાંચ, પાંચ જુગતો પઈયાળ થોભંતા, પાંચ જુગતો બ્રહમંડ જડંતા, પાંચ જુગતો મેર ઉઠતાં, આઠ જુગ ગવરી ઉધરંતે, નઉ જુગતો નીરવાંણ જડતે, બાર જુગતો રૂઢમાળા ફેરવતા, વીશ જુગતો ભભુત ભુસતા, ત્રણ જુગતો ત્રીશુળ ધરતા, એક જુગતો અહંકાર કરંતે, એવા તોતેર ૭૩ જુગ શ્રી સ્વામીજીને રમત કરતાં વહી ગયા હો સ્વામીજી, તારે સો નર નાસી માતા, નાસી પીતા, નાશી ભારજા, નાસી સગા, નાસી દોસદારા, તારે નહી ધરતી, નહી

આકાશ, નહી પવન, પાણિ હો સ્વામીજી, ચાંદો નહી, સૂરજ નહી. હો સ્વામીજી, મેર નહી, નહિ કઇલાશ, હો સ્વામીજી, રાત નહી, દીવસ નહી, ખંડ નહી, દીપ નહી, ત્યારે કોઈ ન હોતા હો સ્વામીજી, અગમ અગોચર હો સ્વામીજી.

## —આદ કળસ ઘટ થાપના અને સૃષ્ટિની ઉત્પતી —

હેત ધરીને પ્રથમ ફીણ ઉપાયા હો સ્વામીજી, ત્યારે ફીણ થકી એક ઇંડ ઉપાયા હો સ્વામીજી, ઇંડ ફોડી ત્રણ ભવન રચાયાં હો સ્વામીજી, અમરતે બંધ બંધાયા હો સ્વામીજી, તમે અલખ પુરૂખ શંચરાચર હો સ્વામીજી, દુતીયા બ્રહમા આદ ગુર ધરતી સ્થાપી આપોઇઆપ હો સ્વામીજી, તમે ગગન થંભાવણુ આકાશ ગુર નર ઉપાઇ, ધરતી આકાશ, વેદ ત્રણ માંહે હુવા પ્રકાશ, પીર ઇમામ શાહા હો વાચા ધરતી આકાશકા મંડાણ કહો હો સ્વામીજી, અમે ઉંચ ઉદાવલકા ખબરજ લહુ હો સ્વામીજી, પ્રથમ અહંકાર મધે ગુબત કલસ થાપતા હો સ્વામીજી, ત્યારે આદ કુંભ કમળનો ઘડો ઉત્પુત પાણી સાથે ભરયો, તે દેવે લઇને બ્રહમા આગલ ધર્યો હો સ્વામીજી, અહુંકાર મધે હો સ્વામીજી, ત્રણ કલપ મધે હો સ્વામીજી, તમે સેઝ નામ ભણાવ્યાં હો સ્વામીજી, તે ભણી નામ હોય વાચા સાર તેનો સાંભલો સબ દેવ નીજાર હો સ્વામીજી ત્યાં બેઠા સંભુદેવ ચાહ્રી લોક વાંણિ ગત માંઇ વીમરસ ભાંખે ત્યાં બેઠા બ્રહમા વીશનુ મહેશ્વર હો સ્વામીજી ત્યાં બેઠા બાર કલાસું સુરજ ત્યાં સોળા કળાસું ચાંદો ત્યાં બેઠા દેવ નરીજંન ગોવીંદ નાથ હો સ્વામીજી ત્યાં બેઠાં ગુરગત ગંગા ત્યાં બેઠા સાત શાહેર નવશો નવાણું નદીઓ હો સ્વામીજી જ્યાં કલશ થાય ઘટ થાપના ત્યાં બેઠા બાવા ગોરખજતી હો સ્વામીજી પ્રથમ સ્વામીજીયે આદ કુંભ ઉપાવ્યો જે જીવ જાતા એકમના જાઇને કુંભની સેવા કરતવા તે ભવોભવ અમરાપુરી ભોગવંતા હો સ્વામીજી ગુરનર પ્રથમ ઘટ થાપ્યું તારે પેહેલાં મૃતલોક-માંહે માનવી નહીં અને ઇંદ્રા લોકમાં દેવતા નહિ હો શામીજી તારે ગુરનરને પાવળ પ્રમાણે ગુરનરના નુરની ઉપાઇ તે કળશમાં પાંણી સાચનુ નામ્યુ હો મુનીવરો તારે પહેલાં મંડાણ સુરજ ભવન રચ્યું હો સ્વામીજી બીજુ ચંદ્રમાં ભવન રચ્યું હો સ્વામીજી ત્રીજુ ભવન તો રચ્યો તારા મંડણ રચ્યું હો સ્વામીજી ચોથુ ભવન તે ધરૂં ભવન રચ્યો હો સ્વામીજી પાંચમું તો ઇંદ્ર ભવન રચ્યું હો સ્વામીજી છઠું તો બ્રહમાંડ રચ્યું હો સ્વામીજી સાતમું ભવન મધે આકાશ પ્રકાશ'તે સરવે થાને વસુંદ્રા બ્રહમાજ હો મુનીવરો પહેલું થાનક શેશનાગની ફેંણ ઉપર રાખ્યું સ્વામીજી બીજે થાનક ધમલા ધોરીના શીંગ ઉપર શેશનાગ રાખ્યો સ્વામીજી ત્રીજે સ્થાનક કાચબાના ફેણ ઉપર ધમલાધોરી રાખ્યો છે સાંમીજી. ચોથો સ્થાનક મગરના વાસા ઉપર કાચબો રાખ્યો સ્વામીજી. પાંચમું સ્થાનક માસા પંખી ઉપર રાખ્યો સ્વામીજી. છઠું સ્થાનક તો પાણી ઉપર માસ પંખી

રાખ્યો સ્વામીજી. સાતમું સ્થાનક તો પવન ઉપર પાણી રાખ્યું સ્વામીજી. તમે રાખી ધરતી શેશનાગ આધારે અને શેશનાગ તે ધમલાધોરીને આધારે હો સ્વામીજી. ધમલાધોરી કાચબાને આધારે હો સ્વામીજી. કાચબો તે કરટ મગરને આધારે હો સ્વામીજી. મગર તો માંસ પંખીને આધારે હો સ્વામીજી. માંસ પંખી તો પાણીને આધારે હો સ્વામીજી. પાણી તો પવનને આધારે હો સ્વામીજી. પવન તો તમે પોતે ઉપાયો આપોહી આપ હો સ્વામીજી. પવનને આધારે મેદની ચઉદ ભવન હો સ્વામીજી. પવન તો તમે આપોહી આપ નરીંજન હો સ્વામીજી નરીંજનથી અહુંકાર હો સ્વામીજી અહુંકાર મધે આદ રૂપે ભવે બ્રહમા હો સ્વામીજી બ્રહમા વીધરતો અવતાર રૂપી દેત દેવતા મહિસરા એક સુરત ત્રણ દેવ કરતવા હો મુનીવરો શ્રી સતગુર હો વાચા હો સ્વામીજી તમે નરીંજનથી અવતાર ધર્યો. મજમેં ત્રણ લાખ વરસ.

## —સાત દિવસમાં વાર પ્રમાણે શું ઉપાવ્યું તે હકીકત.—

સંસાર પ્રકાશતે હો ઇ અરવે સતગુર સીરજંતે હો સ્વામીજી, શુકરવારે સ્વામી સીરજી ચાર ખાણુ હો સ્વામીજી, ચારહિ વાણુ ચોરાશી લાખ જીવા જોડ ચાંદો, સુરજ, પવન, પાણી, તમે શુકરવારે સીરજંતે હો સ્વામીજી, જમી માતાને દશ આસમાન તે તમે શનીવારે સીરજંતે હો સ્વામીજી, આદીતવારે સીરજંતે ચાર દીશુ ને ચઉદ ભવન હો સ્વામીજી, સાત શાહેરને નવસો નવાણું નદિયું તે તમે સોમવારે સરજ્યા હો સ્વામીજી, અસ્ટ કરોડ પરબતન નવકુળ નાગ ચોસઠ લાખ દેવીચું પેદા કહ્યા હો સ્વામીજી, તે મંગળવારને દહાડે હો સ્વામીજી, બુધવારને દહાડે સરજ્યા નવાણું કરોડ જંખ છપન કરોડ મેઘ બત્રીશ કરોડ કીનરે તેત્રીશ કરોડ દેવતા હો સ્વામીજી, ભીસપતવારે તમે સરજ્યા ગુરનર ચતુર ખાંણુ હો સ્વામીજી.

## —ચાર ખાણુની હકીકત—

પરથમ જરેજ ખાંણુ સરજંતે હો સ્વામીજી, જરેજ ખાણુ મધેથી કીયા લખણુ દોપગા અને કીયા લખણુ ચોપગા અને કયા લખણુ ખડચરા તમે કંથો હો દેવ મહેશ્વરા એક એક ખાણુ એકવીસ લાખ બંધાણા જરેજ ખાંણુ મધે કોણુ કોણુ વસ્રત પવીત્ર હો સ્વામીજી, અને કોણુ વસ્તુ વખાણીયે હો સ્વામીજી, જરેજ ખાણુ મધે ત્રણુ વસ્ત પવીત્ર હો સ્વામીજી, અને ત્રણ વસ્ત વખાંણીયે હો સ્વામીજી, નરસીહી ને ગજાઈ નર રૂપી ભવે બ્રહમા સીંહિ રૂપીતો સીરજનહાર જનતીમે દેવી ને ગજા સોહિયે પણુ હમ દેવ સદા નરીંજનાં હો સ્વામીજી.

હવે ઇંડેજ ખાંણુ મધે કયા લખણુ મોટા કિયા લખણું વખાણીયે હો સ્વામીજી, કીયા લખસણુ જળચરા હો કીયા લખણ પંખી જાત હો સ્વામીજી,

ઇંડેજ ખાણુ મધે નાગ લોક જીવજાત મોટા વખાણિયે આઠ લાખ જીવ જળચરા અને ચતુર લાખ જીવ જાત પંખી એક એક નીરવાણુ હો સ્વામીજી, એકવિશ લાખ બંધાણુ ઇંડેજ ખાંણુ મધે કોણુ વસ્ત પવીત્ર ક્રોણુ વસત વખાંણીયે હો સ્વામીજી હંશ કોરભ ને ગરૂડ હંસ રૂપી, ભવે તો બરમા કારેવ રૂપેતો શ્રીજનહાર જંનદેવીને તો ગરૂડ સોહી એ પણુ હમે દેવ સદા નરીંજન હો સ્વામીજી.

ઉદભુદ ખાંણુ મધે કયા લક્ષણુતો સુગંધ કયા લક્ષણુ તો કંધ મુડાહો સ્વામીજી, તમે કંથો હો દેવ મહેશ્વરા ઉદભોદ ખાણુ મધે તો નવ લાખતો સુગંધ કર્યાં અને ચતુર લાખતો નીરગંધ કયા હો સ્વામીજી, અને અશ્ટ લાખતો કંદમુળા કીયાં એક એક નીરવાણુ એકવીશ લાખ બંધાણુ હો સ્વામીજી.

ઉદભોદ ખાંણુમધે કોણુ કોણુ વસત પવીત્રાં અને કોણુ કોણુ વસત વખાણીયે હો સ્વામીજી, ત્યારે ઉદભોજ ખાંણુમધે ત્રણુ વસત વખાણીયે હો સ્વામીજી અન વોંણુ ને ચંદન હો સ્વામીજી. અનરૂપીતો ભવે બ્રહમા અને વોંણુ રૂપીતો સીરજનહારંજન અને દેવીને તો ચંદન સોહિયે પણુ હમ દેવ સદા નરીજંના હો સ્વામીજી.

સીંતેજ ખાંણુ મધે કીયા લક્ષણા તારા અને કીયા લક્ષણુ તો મેગ મંડાણુ. કીયા લક્ષણુ તો પરબતા હો સ્વામીજી, તમે કંથો હો દેવ મહેશ્વરા હો સ્વામીજી સીંતેજ ખાણુ મધે તો નવ લાખ જાત તારા મંડાણુ હો સ્વામીજી, અને ચતુર લાખતો મેગ મંડાણુ ને આઠ લાખતો જાત પરબતા હો સ્વામીજી એક મંડાણુ એકવીશ લાખ બંધાણુ હો સ્વામીજી સીંતેજ ખાણુ મધે કોણુ કોણુ વસત પવીત્રા વખાણીયે હો સ્વામીજી, તારા ત્રાંબાને સોવન તારા રૂપીતો ભવે બ્રહમા અને ત્રાંબા રૂપીતો સીરજનહારજંન તમ દેવીને તો સોવન, સોહિયે પણુ હમ દેવ સદા નરીજંન હો સ્વામીજી, ચતુર ખાંણુ સીરજંતે હો સ્વામીજી, આસણુ બેસણુ કરી જાણો હો સ્વામીજી, સતગુર બોલ્યા સક્યત સક્ાનતી વાંણુ.

## —ત્રણુ દેવની ઉત્પતી.—

એટલા જુગતો રમત કરતા વહી ગયા હો સ્વામીજી, તારે સાંમીજીયે એક શક્તિ દેવી પેદા કીધી હો સ્વામીજી તે શક્તી લઇને અલગી મેલી હો સ્વામીજી, ત્યારે શક્તિયે જાણ્યું છે જે હું છું તારે સ્વામીજીના મંન માંહેથી શક્તીની જીભીયાને તેજ મેલ્યું છે પચાસ લાખ જુગ પછે નાભ કમળથી ભવે બ્રહમા થયા છે તારે સ્વામીજી મુખથી જીભીયા તેજ શક્તીને મેલ્યું તારે ચાલીસ લાખ જુગ પછી સ્વામીજીયે મુસ્તક થકી વિષરૂ રૂપ પેદા કીધું તારે સ્વામીજીયે શક્તિમાં તેજ મેલ્યાં તારે પછે સાઠ લાખ જુગ પછે સ્વામીજીએ મુસ્તકથી તેજ શક્તી જબા મુકયું હો સ્વામીજી, અમતર વીધીયા તે ઇશ્વર પેદા કર્યો હો સ્વામીજી, ત્રણુ દેવ પેદા કર્યો હો સ્વામીજી, તારે છત્રીશ જુગ ચોરાશી ચોકડી

વઈ ગયા પછે નરજી બોલ્યા જે વેદ ગયા તે જાવા દો, નવ વેદ પૈદા કરો, નહી તો કાયર થઇને ઉભા રહો.

ત્યારે બ્રહમાએ કહયું જે અમે છત્રીસ જુગ ચોરાસી ચોકડીએથી અમે નાનેરાભાઇ, ત્યારે પછી ઈશ્વર ઢુંઢે ઢુંઢે કરે વિચાર, આવી ઉભા વિશનુ મહારાજ કે પાસ, એ વિશનુ માહારાજ કોપા કરો–કરો વેદની સાર હો સ્વામીજી; ત્યારે વિશનુ બોલ્યા જે વેદ ગયા તો જાવા દયો, નવા વેદ પેદા કરો, બ્રહમા વિશનુ ને મહેશ્વર પોતે પેદા કર્યા હો સ્વામીજી.

## —ધર્મની ઉત્પતી અને ઘટપાટની સ્થાપના તથા સૃષ્ટિની ઉત્પતી.—

ત્યારે ચાર પુતલાં મેરને માથે પેદા કર્યાં હો સ્વામીજી, તે ધરમ શાળાએ બેઠા હતા હો સ્વામીજી, હવે ચાર પુતલાં બેઠા હતા જ્યાં સ્વામીજીયે મુસ્તકથી તેજ નાખ્યું છે ત્યાં જાણુ આદ પેદા કર્યા હો સ્વામીજી, તારે ધરમ જમણે ખંભે પેદા કર્યો હો સ્વામીજી અને બ્રહમા મહેશ્વર વીધરૂને ધરમ પુછવા લાગે. કહેવા લાગો જે તમારો કોણ ધણિ છે ત્યારે બ્રહમાજીયે કહ્યું છે જે હમારો તમારો ધણી શ્રી પરમેશ્વર છે હો સ્વામીજી, અને તેને પાઇ લાગા ત્યારે ધરમને કાજે સ્વામીજીયે મુખથી અખેપાત્ર આપ્યું છે હો સ્વામીજી, ત્યારે ધરમ લઇને ગુર-બ્રહમાજીને આપ્યું છે હો સ્વામીજી, ગુરબ્રહમાજીયે ઘટપાટ થાપ્યું છે હો સ્વામીજી ત્યારે ગુર બ્રહમાજીએ એક નુરની છાંટ નાંખી ત્યારે સાત સમુદ્ર પેદા કર્યા છે હો સ્વામીજી, ત્યારે સતગુર બ્રહમાજીયે બીજી નુરાની છાંટ નાખી છે ત્યારે અસ્ટ કરોડ પરબત પેદા કર્યા હો સ્વામીજી ત્યારે સતગુર બ્રહમાજીયે ત્રીજી નુરાની છાંટ નાખી ત્યારે નવાણું કરોડ જંખ, છપન કરોડ મેગ, બત્રીશ કરોડ કીનર તેત્રીશ કરોડ દેવતા અને સાત રખી રાહો ચાંદો, સુરજ, તારા, મંડળ સરવે સેસ્ટી પેદા કીધી છે હો સ્વામીજી.

તારે સતગુર બ્રહમાજીયે ચોથી નુરાની છાંટ નાખી છે ત્યારે જેટલા સીંતેજ ખાણુના જીવ, જેટલા ઇંડેજ ખાણુના જીવ, જેટલા ઉત્ભેજ ખાણુના જીવ, જેટલા જરેજ ખાણુના જીવ, ઇ ચાર ખાણુના ચોરાશી લાખ જીવાજોડ કરતવા હો સ્વામીજી, તે પ્રેમ બ્રહમાજી થાપ્યા હો સ્વામીજી, ત્યારે બ્રહમાજીના મનમાંહેથી મોટાઇ આંણી છે જે સેસ્ટી તો મેં નીપાઇ હો સ્વામીજી, ત્યારે વેદનું અજવાળું હતું એક કલપ ધંધુકાર શુધી હો સ્વામીજી, ત્યારે બ્રહમાના મનમાં મોટાઇ આવી તે પહેલાં બંધણુ હો સ્વામીજી, એસા પુરૂખ જુગો જુગ ધંધુકારે જુગો જુગ અહુનાદ ગુરકે છોડા શકતી દેવી કે છોડા ઈ શકતી દેવી જાયા તેનો પુત્ર બ્રહમા ઇ બીધરૂ મહેશ્વરા હો સ્વામીજી;

## —ત્રણે સુરતને ઉપજેલો અહંકાર.—

ત્યારે બ્રહમા કહે જે સેસ્ટી હમારી હો જલે બ્રહમા; થલે બ્રહમા, આકાશે બ્રહમા, પાતાલે બ્રહમા, ઘર મેર પરબતે બ્રહમા; ઈ સરવે માયાહમારી હો સ્વામીજી.

ત્યારે ધરમે કહ્યું જે સુણો હો ગુર બરહમાજી તમે ન જાણો સેસ્ટકા ભેદ સેસ્ટ કરતા કોઈ દુજા દેવ ચતુર ભોજકી કળા સારી ઇ નઇ સેસ્ટી તમારી હો સ્વામીજી.

ત્યારે ઈશ્વરે કહ્યું જે તમે સુણો હો ગુર બરહમા જલે ઇશ્વર; થલે ઇશ્વર, આકાશે ઇશ્વર, પાતાલે ઇશ્વર, ગર મેર પરબતે ઇશ્વર, ઇ સરવે માયા હમારી હો સ્વામીજી.

ત્યારે ધરમે કહ્યું જે તમે સુણો ઈશ્વરો તમે ન જાણો સેસ્ટકા ભેદ સેસ્ટી કરતા કોઇ દુજા દેવ ચતુર ભોજકી કળા સારી ઇ નઇ સેસ્ટી તમારી હો સ્વામીજી.

ત્યારે શક્તી બોલ્યા તમે આજ કાલના છોકરા છો તમે શું જાણો સેસ્ટીકી વાત, જલે દેવી, થલે દેવી, આકાશે દેવી, પાતાલે દેવી, મઈ મંડળે ઘર મેર પરબતે દેવી, એ સરવે માયા હમારી.

ત્યારે ધરમ બોલ્યા તમે સુણો હે દેવી તમે ન જાણો સેસ્ટકા ભેદ, સેસ્ટી કરતવા કોઇ દુજા દેવ. ચતુરભોજકી કળા સારી એ નઈ સેસ્ટી તમારી હો સાંમીજી.

ત્યારે શ્રી નારાયણે કહ્યું દઈતને જે તમે વેદ હરી જાવો ત્યારે દઈત વેદ હરી ગયો, ત્યારે અંધકાર થઈ રહયો, ત્યારે ગુર બ્રહમા ઢુંઢે ઢુંઢે કરે વિચાર આવી ઉભા વિશનુ મહારાજ કે પાસ; એ વિશનવ માહારાજ કીરપા કરો, કરો વેદની સાર ત્યારે છત્રી જુગ ચોરાશી ચોકડી તો વઈ ગયા, પછે નર બોલ્યા વેદ ગયા તો જાવા દયો નવા પેદા કરો નહિં તો કાહેર થઈને બેસી રહો

ત્યારે ઈશ્વર ઢુંઢે ઢુંઢે કરે વિચાર આવી ઉભા વિશનુ માહારાજ કે પાસ, એ વિશનવ માહારાજ કીપા કરો; કરો વેદની સાર. ત્યારે સાહેબજી બોલ્યા વેદ ગયા તો જાવા દયો, નવા વેદ પેદા કરો, નહિં તો કાહેર થઈને બેસી રહો.

ત્યારે આદ શક્તિ ઢુંઢે ઢુંઢે ને કરે વિચાર આવી ઉભા વિશનુ કે પાસ, એ વિશનુ મહારાજ કૃપા કરો, કરો વેદની સાર. ત્યારે શ્રી સાહેબજી બોલ્યા વેદ ગયા તો જાવા દીયો નવા વેદ પેદા કરો નહિ તો કાહેર થઈને બેસી રહો.

ત્યારે પીર ઈમામશાહાકી વાચા, ગુર. સમા તોલ નહિ, ચંદા નહી, સુરજ ગુર સમા તોલ નહી પવન નહિ પાણી, ગુર સમા તોલ નહિ ધરતી, નહિ આકાશ, ગુર સમા તોલ નહિ સગ, નહિ ભાખા, ગુર સમા તોલ નહિ દેવી, નહિ સેસ્ટી, ગુર સમા તોલ નહિ જોગ, નહિ જુગત, ગુર સમા તોલ

નહિ ત્રિલોક; ગુર સમા તોલતો કોઈ નહિ હો સામીજી, ગુરં પ્રસાદે હુઇ મુક્તી હો સ્વામીજી.

એસા તો સત વિશનુ પાત્ર અવતાર હો સ્વામીજી, દુતીયા બ્રહમા હો સ્વામીજી, બ્રહમા આદ વિશનુ તે ગુર નર વિનાં જે બીજો ગુર કહેવાસે તે તો કુંભી નરગે પડશે જુગો જુગ ને ભવોભવ જાસે રસાતળ હો સ્વામીજી, એ ગુર નર એક તન હો સ્વામીજી.

—પહેલો જાયલા કલપ.—

શ્રી સતગુર વાચા હો સ્વામીજી, હવે પેલા કલપ જાયલાનું મંડાણ માંડતે, હો સ્વામીજી, પરથમ નોસુ છમછર વઈશાક ૦)) અમાસ વાસી આદિતવાર નક્ષત્ર મુળને દહાડે તમે જાયલા કલપનું મંડાણ થાપ્યું હો સ્વામીજી; જાયલા કલપની શાખા પાછલી રાત, પાછલો પહોર કહીએ. પરથમ જાયલા કલપ મધે તમે ચતુર જુગ થાપંતે હો સ્વામીજી; બત્રીસ કરોડ, બત્રીસ લાખ, બાવીશ હજાર ગોહો મારધ, જુગ પ્રમાણુ હો સ્વામીજી, (૧) છવીસ કરોડ ને ત્રેવીશ લાખ ને બાવીશ હજાર ગોવરધ જુગ પ્રમાણુ હો સ્વામીજી, (૨) બાવીશ કરોડ બાવીશ લાખ બત્રીશ હજાર મહા વિધ પ્રમાણુ હો જુગ સ્વામીજી, (૩) અઢાર કરોડને બાવીશ લાખ ચોવીશ હજાર નીધ જુગ પ્રમાણુ હો સ્વામીજી, (૪) જમલે નવાંણુ કરોડ જાઇલા કલપના હો સ્વામીજી, તે જુગ ચાર મલી જમલે સ્વામીના રૂપ ચાર પરવરતંતે હો સ્વામીજી, હવ કવ ધરમ કેશવ સ્વામીના રૂપ ચાર પરવરતંતે હો સ્વામીજી, ત્યારે વેદ તો રગુવેદ ભણતા હો સ્વામીજી, ભાખ્યા પ્રમાણે મુખી એક (૧) માજ દેવતો ગુર બ્રહમાને પુજતા તે દેવ તો દેવ ગોડ ગોઠીનાઇના નવાણું કરોડ જંખ સીર પુજતાં તે જંખની ઈસ્રી પોપવંતી સ્રી રહેતી એક લાખ વરસ રહેતી જખસીરની સ્રી દાંન દેતી તારે વાચા ફળ ઓધાન રહેતું તારે નેવું લાખ વરસ તે બાલક ગીરભાસ્થાન રહેતું હતું તારે તે બાલક પાંચ વસ્ત્રસું ઉપજતું તે બસો તાડ તે માણુસ ઉંચુ હતું એકસો તાડ તે માણુસ અગીરસ હતું તે નવાણું કરોડ નીરવાણુ હો સ્વામીજી, જાઇલા કલપની નવાણું કરોડ નીરવાણુ હો સ્વામીજી, તારે ધરમ તો વીશ વસા, પાપ તો નાસ્ત ભવે તારે ત્રણુ લાખને ચોરશી હજાર ત્રણુસો ગીરણુ ( ખાંના ) હતા ખાંના તો ગુપ્રત ભવે તે ઈ માંહે નવાણું કરોડ તો નીમધારી તે સરવ રખીસર સતપંથ ધ્યાયવ અંતે સતપંથ સરેવતા સરવે દેવ રખીસર દેવની કાયા લક્ષમી સંપૂર્ણ પરવરતંતે તારે રખીસર રતન પદાર્થ કળસ મધે રાખતા નવાણું કરોડ રખીસર મોક્ષ મુગતી લહેતે.

ત્યારે ધરતી એકવાર વાવતા તે સહેસત્ર વાર ફુલ લેતા ગંઉ કુંભ થાર દુધ દેતી તે દુધ દેવ એક ભરખ ભોજન આહર કરતા હો સ્વામીજી, કોઈ કેને નહી

હુવતા હો સ્વામીજી, તેમાં નરગે કોઇ ન જાતા આવા ગમણુના સત સરવે સમતોલ સરગપુરી પોંચતા હો સ્વામીજી, તારે સ્વામી તમે જાયલા કલપ મધે વીશુધશ જલ કરતવા હો સ્વામીજી સરવે વીરખા પરવરતંતે મુસ્તક જલ પરવરતંતે તેજ કરતવા તારે ધરૂ તારા મંડળ શુધી સરવઇ જલ કરતવા હો સ્વામીજી; પરભાસત લખ ચોરાશી જીવ જોડ મરતક કરતવા હો સ્વામીજી, તમે ચતુર ખાંણુ ભુજતે હો સ્વામીજી, એક કહીયું સરચે મરતક ભવો સરવે જાત ભવનમધે તદા વીશ્વનુ સુરત આવણુા હો સ્વામીજી, ત્યારે સરવે નીર નીસરી જાતું તદા તમે વાયક ઓચરતે હો સ્વામીજી; તમે સુકી કીડી પરાગવણુને પાંદડે ઉપર સુકી હો સ્વામીજી, તમે તે કીડીને ફરમાન કીયા હુકમ તેરેસે કીડીયે છલા ખોલ્યા ચઉદ ભમણુનું પાણી ને માંઈ સમાણુા હો સ્વામીજી, જાઇલા કલપની શાખા જુગ ચારની પુરી સંપુર્ણ સમાપ્ત ભવસતે.

## —બીજો ફાયલા કલપ,—

પીર ઇમામશાહા હો વાચા બીજા ફાયલા કલપનુ મંડાણ મંડતે હો સ્વામીજી, તે મધે અગતીયા કલપનું મંડાણ હો સ્વામીજી, અનત અનત વનસ્પતિ પ્રકાશ કરતવા હો સ્વામાજી, અનત અનત વનસ્પતી ફળ કરતવા હો સ્વામીજી, વનસ્પતી માંહેથી અનત અનત અન ભરખ ભોજન આહાર કરતવા હો સ્વામીજી, અનંત અનત ચાર ખાણી માંહેથી પ્રગટ કરતવા હો સ્વામીજી, ચાર ખાણુ, ચાર વાણુ, માંહેથી લખ ચોરાશી જીવા જોડ પ્રગટ કરતવા હો સ્વામીજી, ફાઈલા કલપનું મંડાણુ માંડતે હો સ્વામીજી, છમછર નોમું સીરજંતે હો સ્વામીજી, નામ છમછર આસાઢ ઉતરતે અને શ્રાવણુ બેસંતે અમાસ વાર સોમવાર નક્ષત્ર અનરાધાને દહાડે ફાઇલા કલપની સાખા જુગ ચારની પરથમ કહીયે શ્રી વીસ કરોડ બાવીશ લાખ વીશહજાર ઈ નીધ જુગ પ્રમાણુ હો સ્વામીજી ( ૧ ) પંદર કરોડ બાવીશ લાખ વીશ હજાર ગીરધ જુગ પ્રમાણુ હો સ્વામીજી ( ૨ ) બાર કરોડ ત્રેવીશ લાખ વીશ હજાર પ્રેમ જુગનું પ્રમાણુ હો સ્વામીજી ( ૩ ) આઠ કરોડ બત્રીશ લાખ ચાલીશ હજાર તુલ જુગ પ્રમાણુ હો સ્વામીજી ( ૪ ) જુમલે કરોડ છપન ફાઈલા કલપ જુગ ચારનુ જુમલે સ્વામીજીના રૂપ ત્રણુ ( ૩ ) પરવરતંતે હો સ્વામીજી, કવલ ૧ તવ ૨ ઉણુાદ ૩ ઇ રૂપ ત્રણુ ( ૩ ) પરવરતંતે હો સ્વામીજી, તારે દેવ છપન કરોડયું નીમધારી તે મધે વામાપુર મધે દેવતા પુરવ દીશ નમસકાર કરતવા હો સ્વામીજી, તારે વેદતો જુજર વેદ મધે દેવતાયે પ્રમાણ્યું મેઘની ઈસ્ત્રી પોપવંતી રહેતી ઈ દશ હજાર વરસ પોપવંતી રહેતી તારે ઈસ્ત્રી દાન દેતી વાચા ફળ ઓધાન રહેતું એકવીશ લાખ તથા બે હજાર પીસ્તાલીશ વરશ બાલક ગીરભાવસે ઉપજતું એકશો પચાશ તાડ માણુસ ઉચું હતું પીસ્તાલીશ તાડ ( હાથ ) માંણુસ પોહુ હતું તે છપન કરોડ બદસ જુગ

ચારની આવરદા ભોગવતા હો સ્વામીજી, ત્યારે ધરમ તો વીસ વાસા, પાપ તો નીસંત ભવોભવ, તારે એક લાખને શુડતાલીશ હજાર સાતસો, ગીરણુ (ખાના) હતા તે માંહે છપન કરોડ નીમધારી હો સ્વામીજી, સરવે રખીસર સતપંથ ધ્યાવંતે હો સ્વામીજી, સરવે રખીસરને દેવની કાયા લક્ષ્મી સંપૂર્ણ પરવરતંતે એક વાર ધરતી વાવંતે તે પચાશ વાર ફલ લભીયંતે ગઉ કુંભ (ઘડા) ત્રણ દુધ દેતી (૩૭૦ા) મણને મજમે દેતી તે દુધ દેવ એક ભરખ ભોજન આહાર કરતવા હો સ્વામીજી, તારે કોઇ કેને નઈ દુવતા તે માંહે સુખી એક મેઘ દેવતાનું નામ તો મેઘ દેવતા ગુર બ્રહમાને મનતા તદા ડાગ ગુબત ભવોભવ તે માંહે તો નરગે કોઈ નહી જાયઅતે તારે આવાગમણ નહિ હોતા ફાઈલા કલપ સરવે સમતોલ પોંચતા હો સ્વામીજી; ફાઇલા કલપ મધે સ્વામી તમે વસુંધરા પવિત્ર જલ કરતવા હો સ્વામીજી; સરવે વીરખા પરવરતંતે મુસ્તક માંહે ગરજતા જે ચઉદ ભ્રમણ સુધી જલ પ્રકાસંતે તદા સરવે નીર નીસરી જાતું હતું હો સ્વામીજી, તારે સરવે જીવાજોડ મરતું કરતવા હો સ્વામીજી; તારે ચતુર ખાંણ્યું આજંતે ભવન મધે વીશ્નુ મુરત અવીચલ કરતવા હો સ્વામીજી, ત્યારે તમે પરાગ વડને પાંદડે વીશ્નુ મોરારી ત્યારે તમ પાસે એક બ્રહમા મહેશ્વર હતા શ્રી ગુરકથો વીશન નારાયણ એક મુરત ત્રેઈ દેવતા તારે સ્વામી તમે જણા ત્રણ ભેદ કરતવા વાયક ઓચરંતા હો સ્વામીજી, એક કીડીકું પેદા કરી પ્રાગ વડના પાંદડા ઉપર રાખી હો સ્વામીજી, એક કીડીકું ફરમાન કીયા હુકમ તેરેસે કીડી છલા ખોલા ચઉદ ભમણનું પાણિ તેમાં સમાણુ હો સ્વામીજી, વસુંધરા પવીત્રા કરતવા હો સ્વામીજી, ફાઈલા કલપના જુગ ચાર તેની શાખા સંપુર્ણ સમાપ્ત ભવસ્તો પુરી પ્રમાણ હો સ્વામીજી.

## —૩ જો અરજા કલપ.—

સ્વામી તમે અગતીયા ત્રતીયા અરજા કલપનું મંડાણ માંડયું હો સ્વામીજી, ત્યારે અનત અનત વનસ્પતિ કરતવા હો સ્વામીજી, અનત અનત ભરખ ભોજન કરતવા હો સ્વામીજી, ચાર ખાણમાંથી અનત જીવાજોડ પેદા કરતવા હો સાંમીજી, અરજા કલપનું મંડાણ માંડતે હો સાંમીજી છમછર વસતા નામ છમછર ચઇતર ઉતરતે વઇશાખ બેસતે વઇસાખ વદી—૦)) ભેસવતવારને દીને નક્ષત્ર અસવરણી દહાડે અરજા કલપ થાપ્યો હો સ્વામીજી, અરજા કલપની ચાર જુગની શાખા ગુર કહે તેર કરોડ બત્રીશ લાખ વીશ હજાર જુગ પરમાણ હો સાંમીજી, (૧) નવ કરોડ બાવીશ લાખ ત્રીશ હજાર તે ચકર જુગ પ્રમાણે હો સાંમીજી, (૨) છ કરોડ તેવીશ લાખ વીશ હજાર બેહુ જુગ પ્રમાણે હો સાંમીજી, (૩) ત્રણ કરોડ બાવીશ લાખ ત્રીશ હજાર તે નીલ જુગ પ્રમાણે હો સાંમીજી, (૪)

અરજા કલપ મલી જુમલે કરોડ બત્રીશ અરજા કલપની જુગ ચારની મલી જુમલે સાંમીજી, રૂપ બે હો સ્વામીજી ઉતરા (૧) હરિતક (૨) એ બે રૂપ પરવરતંતે હો સ્વામીજી, તારે દક્ષણ નમસ્કાર કરતવા હો સ્વામીજી, વેદ તો શામવેદ કીનર કરોડ બત્રીસની સ્ત્રી પોપવંતી રહેતી એક હજાર વરસ રહેતી. અરજા કલપમાં સ્ત્રી દાન દેતી, સ્ત્રી પુરખ મલી વાચાફળ ઓધાન રહેતાં તેત્રીસ હજાર વરસ બાલક ગીરભાવાસમાં રહેતું હતું. તે બાલક પાંચ વરસે ઉપજતું હતું. ત્યારે માણસ એકસો તાડ (પોતાના) ઉંચો હતો અને વિશ તાડ માણસ પહોલો હતો. કીનર કરોડ બત્રીસ જુગ ચાર મળી મજમે કરોડ બત્રીસ આવરદા હતી. તેમાં દાન તો ગુપત દેતા, ભવે સુખી એક મેગ દેવતા સદા ફળતવા. કીનર કરોડી બત્રીસ ગુર બ્રહમાને પુજંતા હો સ્વામીજી, ધર્મ વિશ વશા પાપ તો નાસંત ભવોભવ. એક લાખ ને બત્રીશ હજાર તો ગીરણ (ખાનાં) હતાં, ત્યારે ધરતી તો એક વાર વાવંતા તે ત્રીશ વાર ફળ પામતા. ગઉ કુંભ બે દુધ દેતી તે મણ પચીશ પકા મજમે તે દુધ એક દેવ ભરખ ભોજન આહાર કરતવા હો સ્વામીજી, ત્યારે કોઇ કેને નહિ દુવતા, આવાગમણતો નાસંત ભવોભવ તે માંહે તો નરગે કોઈ નહિ જાતા હો સ્વામીજી, સરવે રખીસર સત ધરમ સતપંથ ધ્યાવતા હો સ્વામીજી, સરવે રખીસર દેવ પંડીત કાયા હો સ્વામીજી, લક્ષમી સંપુર્ણ પરવરતંતે હો સ્વામીજી, કીનર કરોડી બત્રીસ મધે લીલ ચકર પુજતા હો સ્વામીજી, અરજા કલપ સરવે સમતોલ સરગાપુરી પહોંચતા હો સ્વામીજી, તારે કીનર કરોઠ બત્રીશ સ્વામીજી, અરજા કલપ મધે મોક્ષ મુગતી લભીયંતે હો સ્વામી તમે વસુંધરા હો સ્વામીજી. જલ કરતવા મીંહિ ગરજાતા હો સ્વામી તારે ધરૂમંડળ સુધી પ્રકાસ જલ કરતવા હો સ્વામીજી. તારે સરવે જોઇ મ્રત કરતવા હો સ્વામીજી, તારે ચતુર ખાણ ભાજતી હો સ્વામીજી, સરવે મૃત કરતવા ભવોભવ એક વીશનવ મુરત અવીચલ તારે પરાગ વડને પાંદડે સહેન મોશરી બાલા મુકંધ જલ મુસ્તક કરતવા હો સ્વામીજી, ત્યારે તમ પાસ એક દેવ બીરમા ગુર કંથો, દેવ મહેશ્વરા કંથો. કંથો દેવ નારાયણ એક મુરત ત્રણ દેવતા હો સામી, તમે વસુંધરા કરતવા ત્યારે સરવે નીર નીસરી જાતું; ત્યારે તમે નાયક ઓચરતા હો સામી. તારે તમે એક કીડી પરાગવડને પાંદડે રાખી હતી હો સામી; તારે તમે કીડીકું ફરમાન કરતા હુકમ તેરેસે કીડી છલા બોલ્યા ચઉદ ભમણનું પાણી તેમાં સમાણું તારે વસુંધરા ભેદ કરતવા હો સામીજી, તમે વસુંધરા ભેદ કરતવા હો સામીજી, તમે વસ્તો સરવે પવિત્ર કરતવા સ્વામીજી, એ ત્રણ કલપ મલી મુજમે સામીજીના અવતાર પાત્ર રૂપ ૪—૩—૨ ધારજંતે હો સામીજી, પેલા જાઇલા કલપ મધે રૂપ ૪ ચાર પરવરતંતે હો સાંમીજી. બીજા ફાઇલા કલપ મધે રૂપ ૩ ત્રણ પરવરતંતે હો સાંમીજી. ત્રીજા અરજા કલપ મધે

રૂપ બે ૨ પરવરત'તે હો સાંમીજી; એ કલપ ત્રણ મલી જુમલે જુગ બાર ૧૨ ની ૧૨ શાખા પરાગવડને પાંહડે તમે મેલી કીડી હો સાંમીજી. તદા સંસાર મધે પાત્ર ૯ નવ પુજ'તાં હો સાંમીજી, ત્રણ કલપ મલી મુજમે' ભગત કલપ ત્રણ મધે કોણ કોણ ઓધારયા હો સાંમીજી, જાઇલા કલપ મલી મુજમે' ચાર જુગની શાખા તેમાં કરોડ નવાણું જ'ખ તારયા હો સાંમીજી, ફાઇલા કલપ મધે જુગ ચાર મલી મજમે' છપન કરોડ મેગ તારયા હો સાંમીજી, અરજા કલપ મધે મલી મુજમે' જુગ ચાર કીનર કરોડ બત્રીસ તારયા હો સાંમીજી, તે સરવે મલીને ત્રણ કલપમાં મુજમે' એકસોનેસત્યાસી કરોડ દેવતા ઓધરયા હો સાંમીજી, તારે ત્રણ ટોળાં મલી મુજમે' જાઇલા કલપ મુજમે' ત્રણ લાખ ચોવીશ હજાર ત્રણસો તદા ગીરણ (ખાનાં) હતાં ફાઇલા કલપ મધે જુગ ચાર મલી મુજમે' એક લાખ ને વીશ હજાર તદા ગીરણ (ખાનાં) હતાં અરજા કલપ મીલી મુજમે' જુગ ચાર એક લાખ સુડતાલીસ હજાર સાતસો ગીરણ (ખાના) હતાં એવા ત્રણ કલપ મલી જુગ બાર મીલી મુજમે' ભાખ્યા એકાકાર કરતવા હો સાંમીજી, ત્રણ કલપમાંએ દેવતા દાન દેતા, જાઇલા કલપમાંએ દેતા દાન રતન પદાર્થ હો સાંમીજી, ફાઇલા કલપ જુગ ચાર મીલી મુજમે દાન દેતા હિરા પદાર્થ પુજા કરી રાખતા હો સાંમીજી, અરજા કલપ ચાર જુગ મલી મજમે દેતા દાન લાલ ચકર પુજા કરી રાખતા હો સાંમીજી. ત્રણ કલપ મલી જુગ બાર મલી દેવ પરણામ કરતવા જાઇલા કલપ જુગ ચાર મધે સ્વામીને ઉત્તર દીશે નમસ્કાર કરતવા હો સાંમીજી ફાઇલા કલપ જુગ ચાર મધે સાંમીને પુર્વ દીશે નમસ્કાર કરતવા હો સાંમીજી, અરજા કલપ મધે જુગ ચાર મીલી સાંમીને દક્ષીણ દીશે નમસ્કાર કરતવા હો સાંમીજી, ત્રણ કલપ મધે ધરતી નીપજતી હો સાંમીજી જાઇલા કલપ મધે એકવાર વાવતા તે સહસ્રવાર ફલ લેતા હો સાંમીજી, ફાઇલા કલપ મધે એકવાર ધરતી વાવતા તે પચાસવાર ફલ લેતા હો સાંમીજી, અરજા કલપ મધે ધરતી એકવાર વાવતા તે તેત્રીસવાર ફલ લેતા હો સાંમીજી, ત્રણ કલપ મધે કામધેન દુધ દેતી જાઇલા કલપ મધે ગઉ ચાર કુ'ભ દુધ દતી તે મણ પચાસને મજમે' દેતી, ફાઇલા કલપ મધે ગઉ ત્રણ કુ'ભ દુધ દેતી, તે મણ સાડી આડત્રીશને મજમે' દેતી, અરજા કલપમાં ગઉ દુધ દેતી કુ'ભ બે તે મણ ૨૫) પચીશને મજમે' દેતી, ત્રણ ૩ કલપ જુગ બાર ૧૨ સુધી વાચા ફલ રહેતાં ત્રણ કલપ જુગ બારનું મ'ડાણ સ'પુર્ણ સમાસ.

## —૪ થો ખલીફા કલપ.—

પીર ઇમામશાહ હો વાચા હવે ખલીફા કલપનું મ'ડાણ માંડતે હો સાંમીજી છમછર નોમું છમછર ચઈતર ઉતરતે વઇશાખ બેસતે નક્ષત્ર પુખને દહાડે તમે ખલીફા કલપનું મ'ડાણ માંડતે હો સાંમીજી, ત્યારે અનત અનત વનસ્પતી પ્રગટ

કરતવા હો સાંમી, વનસ્પતી માંહેથી અનેક અનેક ભરખ ભોજન પ્રકટ કરતવા હો સાંમીજી ચતુર ખાંણુ માંહેથી લાખ ચોરાશી જીવાજોડ પ્રગટ કરતવા હો સાંમીજી.

—(૧) કરતા જુગ.—

શ્રી સતગુર હો વાચા સાંમીજી અગતીયા ખલીફા કલપ માંહે જુગ ચાર પરવરતંતે હો સાંમીજી, તમે કરતા જુગનું મંડાણુ માંડતે હો સાંમી. કલપ ત્રણુ મંડતે હો સાંમીજી, કલપ ત્રણુમાં તમે પ્રાગવડને પાંદડે પોઢતા હો સાંમીજી. કરતા જુગે ઉત્તર સ્થાન પરવરતંતે હો સાંમીજી, માગશર એકાદશી અગીયારસને દીને આદીતવારને દહાડે કરતા જુગ પરવરતંતે હો સાંમીજી, કરતા જુગ થાપ્યો હો સાંમીજી, નોમું છમછર નક્ષત્ર અસવરણીયે બેઠો કરતા જુગ તે રૂપ પરવરતંતે હો સ્વામી પરથમ રૂપ શ્રી મછ, શ્રી મછની માતા તો શંખાવતી પીતા તો પ્રેમરૂખ, ગુરૂ તો માનધાતા શક્તીતો ચંદકા દેવી સ્વસ્થાન તો હંસપુર નગરી ક્ષેત્ર તો દવારામતી નગરી, નરે ડાર્યો દાણુવ દાણુવતો શંખાસુર પડતા ઉચરત રૂઘવેદ ઉધરત ગાવંત્રી સાત વાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જંપતા રીખી રહ્યા રીખી સ્થાપી દઈત સંઘાર્યો જુગા જુગ સાહેબ અવતર્યો તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહે થાય નમો ભાઈ સાહેબજીના નામને નમો નારાયણુના નામને નમો જેણે નામે આપણો જીવ છુટે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઇયે ભાઇ તે રૂપને ધીયાઈયે આપણા સાંમીજીને ધ્યાવીયે હો સાંમીજી, સાંમીજીના ગુબત અવતાર પરવરતંતે હો સાંમીજી, સાંમીજીના ગુબત અવતાર લીખંતે હો સ્વામીજી, શ્રી મછના મનાયક અજમેર અગરસેન ઈછાઉત ભરેસપત અસુર્મીત્ર પઉતર પડવીર વંશ શ્રી કોરંભ. શ્રી કોરંભની માતાતો કમળવંતી પીતા તો પડવીર ગુરૂતો એકારખ. શક્તી તો અજીયા દેવી, સ્વસ્થાન મનોવર ક્ષેત્ર તો ભેસાસુર નગરી નરે ડાર્યો ડાણુવતો મધુકીટક પડતાં ઓચરંતા રૂગવેદ ઓધરંતા ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જંપતા રૂખી રહ્યા રીખી થાપી દઈત સંઘાર્યો જુગા જુગ સાહેબ અવતરયા તે સાહેબસે ચીંત લાવે, તેના ધરમ વાધે ને પાપ ખહે થાય નમો ભાઇ શ્રી સાહેબના નામને નમો નારાયણુના નામને નમો જેણે જીવ છુટે જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધ્યાઈયે ભાઈ તે રૂપને ધ્યાઇયે.

સ્વામીજીના ગુબત અવતાર તો પાંચ, પ્રગટ અવતાર તો એક ૧ શ્રી કોરભના બસરીયાત દખીયાત, પ્રજાપત, અગરસેન, કદીમ, દોયલ વંસ શ્રી વારા શ્રી વારાની માતા તો પદમાવંતી પીતાતો દોયલપુર ગુરતો સેજાનંદ. શક્તી તો બહુકા દેવી સ્વસ્થાન તો બગપુર નગરી ક્ષેત્રતો માનસરોવર નગરી નરે ડાર્યો દાણુવ તો મોરડાંણુવ પડતાં ઓચરંતાં રૂગવેદ ઓધરંતા ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર

પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જપતાં રખી રહ્યા રીખી થાપી દઇત સંધારયા તે જુગાજુગ સાહેબ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વધે ને પાપ બેહે થાય નમો ભાઈ સાહેબજીના નામને નમો ભાઇ નારાયણુના નામને જેણે નામે જીવ છુટે જેણે રૂપે આપણો શાહાપીર હોવે તે રૂપને ધ્યાઇયે ભાઇ તે રૂપને ધ્યાઇયે.

ગુબત અવતાર તો છ પરવરતંતે હો સાંમીજી, પાત્ર અવતાર તો એક શ્રી નરસીંહ ગુબત અવતાર તો લખતંગ હો સ્વામીજી, શ્રી વારાના કેશવ ખત્રી-વસ અસવ ઉનસ ખલીફત ગોતમ અંત હરીતક વંસ શ્રી નરસીહ શ્રી નર-સીંહની માતાતો કમળાવંતી પીતા તો હરીતક ગુર તો અમરતેજ શક્તા તો સમ-ઈયા દેવિ સ્થાનતો મુલસ્થાન નગરી ક્ષેત્રતો કાશ્મીર નગરી નરે દાર્યો દાણુવ ત્યાં હરણાકંસ પડતાં ઉચરત રૂગવેદ ઉધરત ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બારકરણુ સુરજ મંત્ર જાપ જંપતા રખી રહેયા, રખી થાપી દઇત સંધારયા તે જુગાજુગ સાહેબ અવતરયા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે ને પાપ બેહે થાય, નમો ભાઇ સાહેબજીના નામને નમો, નારાયણુના નામને નમો, જેણે જીવ છુટે, જેણે રૂપે આપણો શાહા પીર હોય, તે રૂપને ધીયાવિયે, ભાઇ તે રૂપને ધીયાવીયે. કરતા જુગ માંહે સાંમીજીના પાત્ર અવતાર ચાર, શ્રી મછ, શ્રી કોરભ, શ્રી વારા, શ્રી નરસંગ કરતા જુગમાંએ ગુબત જાપ જપંતા, ચાર હો સ્વામી ગુર બ્રહમા વેદ તો રૂગવેદ ભાંખયતા તે સરવે શીશ કરતવા હો સાંમીજી, તદા ગીરણુ (ખાનાં) તો બસોંસીતેર ને પાંચ પરવરતંતે હો સાંમીજી, અને ફેરા તો પાંત્રીશ માનખા જનમ ભોગવતા હો સાંમીજી, રાજા પેલાજ ગુરનર હેમપુરી નગરી માંઇ દેવ બોલ્યા ખાણુ ચાર દરશન એક દિયંતે દાનતો કુંજર એકનું મુલ આપતા દાન દેતા વરતતો એકાદશી આતવારી અખંડ કરતવા હો સાંમીજી, તે જીવ અવગતીયા નહિ હોતા હો સાંમીજી, સાયનાતો સનોનામ કરતા હો સાંમીજી. પ્રણામ તેને રીખીસર સદાનાં ફળ લભીયતા હો સાંમીજી, ત્યારે સ્રી વરસ સાડા ચઉદ (૧૪॥) માસ એક (૧) દીન વીશ (૨૦) સુધી પોપવંતી રહેતી. કીરતા જુગમાં સ્રી દાન દેતી, સ્રી પુરૂખ વડે સામાન બોધાન રહેતું, ત્યારે આઠસો તેત્રીસ વરસ માસ ચાર બાલક ગીરભાવાસે રહેતું, તદા એક લાખ વરસ આવરદા ભોગવતું, તાડ એકવીશ માણુસ ઉંચું હતું. તાડ પાંચ માણુસ પોહળું હતું, ત્યારે ડાગતો જગીનું દેતા તદા લોક તો અસત નહિ બોલતા હો સાંમી. તદાસાડા ઓગણીસ વસા સત ધરમના હતા હો સાંમી. અરધો વસો પાપનો હતો હો સાંમી, ત્યારે કરોડ પંદર નીમધારી તેમાં કરોડ પાંચ આવા-ગમણુ પડ્યા હો સાંમીજી, કરોડી પાંચ તો અમર દોજકે ગયા હો સાંમીજી, પાંચ કરોડીયું તો મુક્ત હુવા હો સ્વામી, તે સતી લોક અમરાપુરી પોચંતા હો

સ્વામી, ધરતી એકવાર વાવંતા તે પુરુખ એકવીશવાર ફળ લેતા, ત્યારે ગઉતો કુંભ (ઘડા) ૪ દુધ દેતી તે મણ પાંચને મજમેં દેતી તે રીખીસર ભરખ આહાર ભોજન કરતા હો સાંમીજી, તે મધે દુઃખી કોઇ ન હોતા હો સાંમીજી, લક્ષમી તો સંપુર્ણ કોઈ કેને નવ હુવતા.

ફાગણ સુદી ૧૫) મંગળને દહાડે જ્યાં થંભમાંથી નરસંગ રૂપે પ્રગટયા હો સાંમીજી; ત્યારે હરણાકંસ દઇતને તમે માર્યો, અને ભગત પેલાજ તાર્યો ગુરૂ બ્રહ્મા સાથે પાંચ કરોડીયેસે રાજા પહેલાજ મોક્ષ મુગતી લભીયંતે હો સાંમીજી, સતર લાખ અઠાવીસ હજાર ( ૧૭,૨૮,૦૦૦ ) કરતા જુગનું પ્રમાણ હુવા હો સાંમીજી.

સાતવાર સતાવિશ નક્ષત્ર; પંદર તીથી, બાર કરણ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા, રીખી થાપી દઈત સંઘારયા તે જુગાજુગ સાહેબ અવતર્યા, તે સાહેબસે ચીત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહે થાય; નમો ભાઇ સાહેબજીના નામને નમો જેણે જીવ છુટે; જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાવીયે, ભાઇ તે રૂપને ધિયાવીયે—કરતા જુગ પુરો,

## —૨ જો ત્રેતા યુગ.—

ત્રેતા જુગનું મંડાણ માંડતે હો સાંમીજી, છમછર માંહે સુદ અનદ ચઉદસ સોમે મંગલવારને દહાડે નક્ષત્ર પુખીયાને દહાડે ત્રેતા જુગ થાપ્યો હો સાંમીજી, ત્યારે ત્રેતા જુગ માંહે ગુબત અવતાર સાંમીજીના પરવરતંતે હો સાંમીજી, મનાયેક કઉચક રેપક કેશવઢણ કેશવરૂખ, વંશ શ્રી વાયમણ. શ્રી વાયમણની માતા તો લીલાવંતી, પીતો તો કેશવરૂખ, ગુર તો બઉલોચન, શકિત તો કોયલાદેવી, સ્વસ્થાન તો વણથલી જુનાગઢ, ક્ષેત્ર તો કોયલાપુર પાટણ નરે ડાર્યો, દાણવ તે બળરાજા ચાંપ્યો પીયાળ ઉચરંતા જુજરવેદ ઉધરત ગાવંત્રી, સાત વાર સતાવીશ નક્ષત્ર, પંદર તીથી, બાર કરણ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા. રખી થાપી દઈત સંઘાર્યાં એ સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબસું ચીંત લાવે તેનાં ધરમ વાધે ને પાપ ખેહે થાય નમો ભાઈ સાહેબના નામને નમો જેણે જીવ છુટે જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાઇયે ભાઇ તે રૂપને ધીપાઇયે.

ગુબત અવતાર તો ચાર પ્રગટ અવતાર તો એક શ્રી વાયમણ શ્રી વાયમણના માનધાતા પૃથ્વી જઇસરીન જવલગણ વસે શ્રી ફરસીરામ, શ્રી ફરસીરામની માતા તો રેણુકાવતી, પીતા તો જવલગણ, ગુર તો આકાશગુલ, શકિત તો તુલજાભવાની, સ્વસ્થાન તો ભોજપુર નગરી, ક્ષેત્ર તો પીરાણું પાટણ નરે દાર્યો દાણવ તો શેઆઅર્જુન પડતાં ઉચરંતા જુજરવેદ ઉધરત ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર, પંદર તિથી, બાર કરણ; સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા, રખી થાપી દઇત સંઘારયા, તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબસું ચીંત લાવે

તેનાં ધરમ વાધે ને પાપ એહે થાય. નમો ભાઈ એ સાહેબનાં નામને નમો ભાઇ નારાયણુના નામને નમો જેણે નામે આપણો જીવ છુટે જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાઇયે. ભાઈ તે રૂપને ધીયાઇયે.

ભાઈ ગુબત અવતાર તો ૭ પ્રગટ અવતાર તો એક શ્રી ફ્ડસીરામ શ્રી ફ્ડસીરામના રૂગ નુગ જુજીયાત કુભ અલીફ અજેપાલ, જસરત વંશ શ્રી રામ, શ્રી રામની માતા તો કઉશલ્યાવંતી, પીતા તો રાજા દશરથ, ગુર તો લક્ષમણુ કુંવર, શકિત તો સીતા સતી, સ્વસ્થાન તો અજોધાપુરી નગરી, ક્ષેત્ર તો લંકાપુરિ નગરી, નરે દારેઓ દાણુવ દશ મુસ્તકનો રાવણુ પડતાં ઉચરંતા જુજરવેદ ઓધરંતા ગાવંત્રી. સાત વાર, સાતવીશ નક્ષત્ર, પંદર તીથી, બાર કરણુ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહ્યા, રખી થાપી દઇત સંઘાર્યો, જુગાજુગ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વધે ને પાપ એહે થાય નમો ભાઇ સાહેબના નામને, જેણે જીવ છુટે, જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઇયે. ત્રેતા જુગ મધે પાત્ર ત્રણુ વાયમણુ, ફ્ડસીરામ, શ્રી રામ. ત્રેતા જુગ:મધે ભગત જાપ જપંતા, તારે ગુર તો વીજેસઠણુ, વેદતો જુજરવેદ, ભગત તો રાજા હરિચંદ્ર, દરશાણુ તો એક ફેરાતો પચીશ માનખા તણુા ગુરનર બોલ્યા, બગપુરિ નગરી માંહે વેદ બોલ્યા ભાખંતે પ્રમાણુ કરતવા ખાણુ તો ચાર નામ દાન તો અશ્વદાન આપતા દેતા, દાન તો રૂપાનું દેતા, વ્રત તો ચઉદશી સોમવારી અખંડ કરતા, પ્રમાણુ તે દેવ અવગતિયા નહિ હોતા, દેવની કાયા તો નુરની તે દેવ નુર કરતવા હો સાંમીજી, તેનાં રખીસર ફળ લભીયંતા હો સાંમીજી, ત્રેતા જુગમાં સ્ત્રી પુરૂખ નજરા નજરે મળતાં તે દીન ઓધાન રહેતું, ત્યારે વરસ ૧ ને માસ ચાર તે સ્ત્રી પોપવંતી રહેતી ત્યારે વરસ ૩૦ ને માસ ૪ બાલક ગીરભાસ્થાન રહેતું ત્યારે દશ હજાર વરસની આવરદા હતી. ત્યારે માણુસ ચઉદ તાડ ઉંચુ હતું, સાડા ત્રણુ તાડ માણુસ પોહળું હતું. ધરતી એકવાર વાવંતા ત્યારે ચઉદવાર ફ્લ લભીયંતા, ગઉ કુંભ ત્રણુ દુધ દેતી તે મણુ ચાર ને મજમે દેતી તે દુધ એક દેવ ભરખ ભોજન આહાર કરતવા, ત્યારે મેદની દુઃખી ન કરતવા ત્યારે ગીરણુ (ખાનાં) તો સીંતેર ને પચાસ પરવરતંતે હો સાંમીજી, ચઇતર સુદિ નોમને દહાડે રાજા હરિશ્ચંદ્ર, તારા રાણી કુંવર રોહીદાસ તે સતસું વેચાણુા હો સાંમીજી, કાશી નગરીમાં વિશ્વામિત્રને હાથે હો સાંમીજી, તારે દાગતો વનનો દેતા તદા લોક તો અસત નહિ બોલતા, તદા ધરમ વેસુવા પનર પાપ વેસુઆ પાંચ તદા નીમધારી તો કરોડીયું એકવીશ તે માંહે સાત કરોડીયું તો આવાગવણુમાં પડયા; સાત કરોડીયું તો દોજકે ગયા, સાત કરોડીયું તો રાજા હરિશ્ચંદ્ર ગુર વીજેસઠણુ સાથે ગયા હો સાંમીજી, આસુ સુદ દશમને શનીવારે તે વારે રામે રાવણુ માર્યો આશો શુદ એકાદશને વાર દીતવારને દહાડે સકરાંતને દીને રાજા હરિશ્ચંદ્રનુ

ભરણુ ભર્યું હો સાંમી, તે સતગુર બ્રહમા વીજેસઠણને વાયકે ચાલ્યા હો સાંમીજી, તે મોક્ષ મુગત લહેતા હો સાંમીજી, બાર લાખને છનું હજાર ત્રેતાજુગનું પરમાણુ હો સાંમાજી. પુરી પુરણુ ભવસ્તો હો સામીજી.

## —૩ જો દુઆપુર યુગ—

સ્વામી દુઆપુર જુગનું મંડાણ માંડતે હો સાંમીજી, છમછર વેળાથી નામ છમછર માહાધ સરવધ અમાસ સોમવારી નક્ષત્ર ક્રીરતકાને દહાડે દુતીઆ પુરો જુગ થપ્યો માંડયો હો સાંમીજી; દુઆપુર જુગ મધે તમે ગુબત અવતાર પરવરતંતે હો સાંમીજી.

શ્રી રામના પદમ જશવઢણ વીરપાળ વાસુદેવ વંશ શ્રી કરશનજી કાન, શ્રી કાનની માતા તો દેવકીજી, પીતા તો વાસુદેવ, ગુર તો વીદુરવ્યાસ, શક્તિ તો રાણિ રૂખમણી, સ્વસ્થાનતો ગોકુલપુરી નગરી, ક્ષેત્રતો મથુરાપુરી નગરી, નરે ડાર્યો દાણુવ તે કંસાશુર પડતા ઓચરંતા શામવેદ ઓધરતાં ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જપતા રખી રહ્યા, રીખી સ્થાપી દઇત સંઘાર્યા તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબશું ચીત લાવે તેનાં ધરમ વાધે ને પાપ ખેહે થાય નમો ભાઇ સાહેબના નામને નમો ભાઈ નારાયણુના નામને નમો જેણે નમે આપણો જીવ છુટે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઇયે ભાઇ તે રૂપને ધીયાઇયે.

ગુબત અવતાર તો પાંચ પ્રગટ અવતાર તો એક શ્રી કાન શ્રી કાનના પરીક્ષત જનમેજી સેશાનંદ સતાનંદ વીણુવછરાજ વંશ શ્રી બુદ્ધ શ્રી બુધની માતા તો કરણાવંતી, પીતા તો વીણુ વછરાજ, ગુર તો હંસરાજ, શકિત તો હીરસા-દેવી, સ્વસ્થાન તો ઉજેલપુર નગરી ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર દીલ્લી નરે ડાર્યો દાણુવ તો રગતવત દુરજોધન પડતાં ઉચરતાં સામવેદ ઓધરતાં ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જંપતા રખી રહયા, રખી થાપી દાણુવ સંઘાર્યા તે જુગાજુગ સાહેબ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહે થાય નમો ભાઇ સાહેબના નામને નમો જેણે જીવ છુટે જેણે રૂપે શાહા પીર હોય તે રૂપને ધ્યાઇયે ભાઇ તે રૂપને ધ્યાઇયે.

ગુબત અવતાર તો પાંચ પ્રગટ અવતાર તો એક પરવરતંતે શ્રી બુધ હો સાંમી, દુવાપર જુગ માંહે તો ભગત રાજા જુજેસઠળ જપ તો ગુરતો વેદુર વ્યાસ વેદતો સાંમવેદ ભગત તો રાજા જુજેસઠળ પાંચ પાંડવ બાંખ્યા કરોડ કરતવા હો સાંમીજી, દરશનતો એક ફેરા તો સોળ માનખા દેઇ તણા ગુરનર સાંમપુરિ નગરીમાં દેવ બોલ્યા નીમ.દાનતો ત્રાંબાદાન દેવા વૃત તો અખંડ અમાસ સોમવારી કરતા હો સ્વામીજી, જીવ અવગતીયા નઈ હોતા હો સાંમીજી, ત્યારે સાઈના તો

સહાજી કરેતવા હો સાંમીજી, તારે પરણામ તે દેવને કરતા હોં સાંમીજી, તે શાહાના રખીસર ફલ પ્રાપ્તી લભતા હો સાંમીજી.

દુવાપર જુગમાં સ્રી દાન દેતી ઇઆ પુરખ તણે હાથોહાથ ઓધાન રહેતાં સ્રી માસ એક દીન વીસ સુધી પોપવંતી રહેતી વરસ આઠને માસ ચાર દીન ત્રણ બાલક ગીરભાવસે રહેતું તદાંઇ એક હજાર વરસની આવરદા ભોગવતું સાત તાડ માણુસ ઉંચું હતું. તાડ બે માણુસ પોહલું હતું ત્યારે ધરતી એકવાર વાવતા તે સાતવાર ફલ લેતા, ત્યારે ગઉ કુંભ બે દુધ દેતી તે મણ અઢાઇને મજમેં દેતી તે દુધ ઇ દેવ ભરખ ભોજન આહાર કરતવા હો સાંમીજી, તારે તે કોઈ કેને દુવતા નહી અસત બોલતા નઈ મેઘ દુખી નઇ કરતવા ત્યારે લક્ષમી તો સંપુર્ણ ત્યારે ગીરણુ (ખાના) નો ૭૦૨૫ સાત હજારને પચીસ પરવરતંતે હો સાંમીજી, દાગતો અગન દાગ દેતા આવાગમણુતો જીવને પડતાં તદા ધરમ તો વસુઆ દશ અને પાપતો વસા દસ નીમધારીનો કરોડી સતાવીશ ૨૭ તેમાંથી કરોડી નઉતો આવાગમણુમાં પડયા કરોડી નઉતો દોજકમાં ગયા કરોડી નઉતો રાજા જુજેસઠળ સાથે દરગે ગયા હો સાંમીજી, રાજા જુજેસઠળતો હેમાળે ગીળ્યા હો સાંમીજી, સતી જીવતો અમરાપુરી લભતે હો સાંમીજી, આઠ લાખ ને ચોવીશ હજાર ૮૨૪૦૦૦ દુવાપુર જુગનું પ્રમાણુ હો સાંમીજી, જુગ દુવાપર પુરો સમાપ્ત ભવસ્ત હો સાંમીજી.

## —(૪) થો કળયુગ.—

પીર ઇમામશાહા હો વાચા આજતો ચતુર કલપનું મંડાણુ માડયું હો સાંમીજી, છમછર નામ વઈશાક સુદી બીજ શુકરવારિ મુળ નક્ષત્રને દહાડે કલજુગ થાપ્યો હો સાંમીજી, કળજુગ મધે સ્વામીના ગુપ્ત અવતાર પરવરતંતે હો સાંમીજી, શીશ સામ સલામ મલકાન ઇસલામ હારૂન સામસુનસાફાન અદનાન માએદ નીજાર મુદર એલીયાસ મુદરખ ખુજેને કનાને નજર માલેક ફહર ગાલેબ લુએ કએબ મુરીયે કલાબ કુસીયે અબદલમુનાફ અબુહાસમ અબદુલ-મુતલબ અબુતાલબલી વંશ શ્રી શાહ મઉલા મુરતજાઅલી દશમો અવતાર નીકલંકી પાત્ર શ્રી શાહ મઉલા મુરતજાઅલી શ્રી શાહ મઉલા મુરતજાઅલીની માતાતો હજરત બીબી જલેખાં પીતાતો હાસમે અબુતાલબલી ગુરતો હજરત નબી માહમદ મુસ્તફા રસુલ સલેલાઅલેહિવસ્લમ શકતી તો હજરત બીબી ફાતમન જનતઆતુંન જોહરાં સ્વસ્થાનતો દેલમદેસ કહેકપુરી નગરી ક્ષેત્ર તો દુર મુલસ્થાન સીતપુરી કુવારકા નગરી નર ડારશે દાણુવ તે ઉષ્યાચારી કાલીંગો પડતાં ઉચરત અથરવેદ ઓધરત ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણુ સુરજ મંત્ર જાપ જંપતા રીખી રહયા રીખી થાપી દઇત સંગારશે,

તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબશું ચીંત લાવે તેનાં ધરમ વાધેને પાપ ખેહે થાય નમો ભાઈ સાહેબજીના નામને નમો, જેણે જીવ છુટે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધ્યાઇયે ભાઇ તે રૂપને ધ્યાઇયે.

| | |
|---|---|
| (૧) શાહ મુર્તુઝાઅલી. | (૧૬) સૈયદ હાદી. |
| (૨) ઇમામ હશન. | (૧૭) સૈયદ સલાઉદીન. |
| (૩) ઇમામ હુશેન. | (૧૮) સૈયદ ફાજલશાહ. |
| (૪) ઇમામ ઝયનુલ આબેદીન. | (૧૯) સૈયદ હાસમશાહ. |
| (૫) ઇમામ મહમદ બાકર. | (૨૦) સૈયદ મહમ્મદશાહા. |
| (૬) ઇમામ જાફર સાદિક. | (૨૧) સૈયદ અહમદશાહા. |
| (૭) ઇમામ ઈશમાઇલ. | (૨૨) સૈયદ નાશીરશાહા. |
| (૮) ઇમામ નૂરસદગોર. | (૨૩) સૈયદ મુસા એક શાહા. |
| (૯) સૈયદ ઇસ્માઇલ સહાની. | (૨૪) સૈયદ માહાબુ. |
| (૧૦) સૈયદ નુરમહમ્મદ. | (૨૫) સૈયદ મુસ્તગ. |
| (૧૧) સૈયદ ઇમામોદીન. | (૨૬) સૈયદ મહિયોદીન. |
| (૧૨) સૈયદ મુસાફિરોદીન. | (૨૭) સૈયદ મોમીનશાહ. |
| (૧૩) સૈયદ જમાલદીન. | (૨૮) સૈયદ ખાલકશાહ. |
| (૧૪) સૈયદ સાદિકદીન. | (૨૯) સૈયદ નીઝારશાહ. |
| (૧૫) સૈયદ મેહેરદીન. | (૩૦) સૈયદ ઇસલામશાહ. |

શ્રી ઇસલામશાહાની માતાતો ખલીફા, પીતાતો કાસમશાહા ગુરતો પીર સદરદીન શકતીતો બીબી ફાતમત સ્વસ્થાનતો દેલમ દેશ કેકપુરી નગરી ક્ષેત્ર તો જંપુદીપ મુલસ્તાન શહેર ચીણુબ નગરી નર ડારે દાણુવતો ઊણ્યાચારી કાલીંગો પડતાં ઉચરતા અથરવેદ ઓધરતા ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણ સુરજ મંત્ર જાપ જંપતા રખી રહ્યા રીખી થાપી દઈત સંઘારયા તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે નેપાપ ખેહે થાય નમો ભાઇ શ્રી સાહેબના નામને નમો જેણે નમે આપણો જીવ છુટે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધ્યાઇયે ભાઇ તે રૂપને ધ્યાઇયે.

ગુપ્ત અવતાર તો પરવરત તે પ્રગટ અવતાર તો એક શ્રી ઇસલામ શાહા કલજુગ સાથે વેદ તો અથરવેદ ભગત તો ગુરનરને ગીનાને ચાલ્યા તે પીર સદરદીન પોતા વરત કરતા પીર હસનશાહાને વર આપ્યો અનત કરોડીના વર આપ્યા સાંમીજીના ગીનાને ચાલતા તે ભગત ઓધરતા હો સાંમીજી, હવે સત ધરમનો વસો તો અરધો અને પાપ વસા તો સાડાઓગણિશ નીમ ધારી છત્રીશ કરોડીયું તેમાં ચોવિશ કરોડીયું તો દોજકે અંધારે દોજકે ગયા કરોડીયું બાર પીર સદરદીન સાથે દરગે ગયાં સતિ જીવતો બહેસ્તે ગયાં કલજુગ મધ્યે દરશનતો એક ધ્યાવંતા તે સાત ભાખ્યા કુરાન કરતવા ગુરનર જંપુદીપે વેદ બોલ્યા.

કળીજુગ માંહે નીમધારી દામતે અજાનું મુલ દેતા તે દાન સંહજા પરવરતંતે પડવા ભેસપતવાર ભગત અરધો આહાર કરતવા બીજ શુકરવારી અરધો આહાર કરતવા ભગત બાર પહોરનો અખંડ ઉજાગરો રહેતા એવી રીતે બીજ શુકરવારી રહેતા હો સાંમીજી, તે જીવ અવગતીયા નહી થાતા હો સાંમીજી તે જીવ બેહેસ્તી થાતા હો સાંમીજી, શાહાનું નામ તો હઇજંદા શાહાનું પરનામ તો કાયમ પાયા જાપ તો પીર હસનશાહાનું નામ તો ઇનશાહ ઈનાયત રખીસર ફ્લ પ્રમાણુ લભંતા હો સામીજી, પીર ઈમામશાહા હો વાચા મુલક ચોવીશ પીર સમશ દરવેશી પરતક વેશે બોધા હો સાંમીજી, ચોવીશ મુલક મધે સાત લાખ ને પચાશ ગીરાણુ (ખાંના) પરવરતંતે હો સાંમી આજ કલજુગ મધે જંપુદીપ સતગુર ઉંચ મુલસ્થાન સરેવા કરતા હો સાંમીજી, આજ કલજુગમાં ઓ દાન દેતી સ્ત્રી પુરખ મલી મીથુન કામ બોધાન રહેતાં ઓ દિન પાંચ પોપવંતી રહેતી, બાળક દશ માસ ગીરભાવાશે રહેતું કળજુગમાં આવરદા વરસ ૧૦૦ સો પણ અલપ ભોગવે તાડ (હાથ) ૩॥ (સાડાત્રણુ) માણુસ ઉંચો હશે તાડ (હાથ) એક (૧) માણુસ પોહલો હશે કલજુગમાં ધરતી એકવાર વાવતે તો એકવાર ફ્લ લભંતે ગઉ એક કુંભ દુધ દેતી તે મણ ૧। સવાને મજમેં દેતી તે દુધ કાફ્ર એક ભરખ ભોજન આહાર કરતવા હો સાંમીજી, દુવાપુર ઉતરતે કલજુગ બેસતે તારે ગાય કામધેન તથા બ્રમણને શ્રાપયો હો સાંમીજી, કલજુગમાં ફેરા આઠ માનખા દેહી તણા દાગ તો ભોગદાગ આવાગમણ નઈ આવતા હવે કલજુગમાં નહી પાંચમો જુગ નહિ અગીયારમો અવતાર હવે સંધ પોતી જુગ ચારની જેણે ગુર શોહોદેવને ઓલખ્યા તે જીવ અમરાપુરી પોંચતા હો સાંમીજી, જેણે ગુર શાહોદેવ નહી પ્રમાણ્યા અવતાર પાત્ર ન ઓલખા તે જીવ અંધારે દોજકે ગયા. સતગુર વાચા હો સ્વામીજી, કલજુગમાં જે ગુરનરથી ભુલ્યા તે જીવ ભવોભવ ડુબતે મુગતી નહી લભતે હો સામીજી.

ઈ જુગ ચાર મલી મજમે તેતાલીસ લાખ ને વીશહજાર વરસ જુગનું બંધાણુ હો ચાર જુગના વરસ તો એટલા ગુર બ્રહ્મા લખચોરાસી બેધાણુ નીશાની તે માંહે મુઆ તેને બહુ મરણુ, જીવ્યા તેને બધા લાભ અનત કરોડી અનત જુગ છોડાવે પુરૂષ માહાદેવ દાણુવ ગીરાણુ વાસ ઇ ચાર જુગમાં મલી ગુર એક તેના રૂપ ચાર કરતા જુગમાં ગુર બ્રહ્મા પાંચ કરોડીના વર દીધા હો સાંમીજી, ત્રેતા જુગમાં ઇ તો વજીસઠલ સાત કરોડના વર દીધા હો સાંમીજી, દુવાપર જુગમાં ગુર વેદુરવ્યાસ નવ કરોડીના વર દીધા હો સાંમીજી, આ કલજુગ મધે પીર સદરદીન કરોડી બારેશું સીધ્રા હો સાંમીજી, બાર કરોડીના વર દીધા હો સાંમીજી, કલજુગ મધે સીતેર સહે સો હુરોની ઇ પરવરતંતે હો સાંમીજી, ઇ જુગ ચારમાં મીલી ચાર વેદ કરતા જુગમાં રૂગવેદ પરવરતંતે હો

સાંમીજી, ત્રેતા જુગમાંહે જુજરવેદ પરવરતંતે હો સાંમીજી, દુવાપુર જુગમધે શામવેદ પરવરતંતે હો સાંમજી, આજ કળજુગ મધે અથરવેદ પરવરતંતે હો સાંમીજી, ઈ ચાર જુગ મીલી મુજમેં શ્રી નારાયણ દેવ એક તેના અવતાર પાત્ર એક તેના રૂપ આઠ હો સાંમીજી. સોહી નર

(૩૧) સૈયદ સલાએદીન.
(૩૨) સૈયદ શરૂમસદીન.
(૩૩) સૈયદ નસીરદીન.
(૩૪) સૈયદ સાહેબદીન.
(૩૫) સૈયદ સદરોદીન.
(૩૬) સૈયદ કબીરોદીન.
(૩૭) સૈયદ શ્રી સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહ.

(૩૮) આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ હક લાએલાહા ઇલિલ્લાહો મહમદુર રસુલિલ્લાહે.

સાત વાર સતાવિશ નક્ષત્ર પંદર તીથી, બાર કરણ, પીરશાહા જાપ જપંતે રીઝી રહ્યા. રીઝી થાપી દઇત સંઘારે તે સાહેબ જુગાજુગ અવતર્યા, દેવ મોરારી તે સાહેબસે ચીત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહ થાય; નમો ભાઇ સાહેબજીના નામને નમો જેણે જીવ છુટે; જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાવીયે, ભાઇ તે રૂપને ધિયાવીયે.

પીર ઇમામશાહા બોલ્યા અમ્રત વાણી જે કોઇ સાંભળે મુળ ગાવંત્રી કલપની વાત તેને અમરાપુરી લસીયંતે હો સાંમીજી. તે એકોતેર માઇના એકોતેર બાપનાં લઇને જીવ વઇકુંઠ વાસો પામશે. ગાવંત્રી સાંભલે ને જે કોઈ ધરમ પુજી દુઆ કરાવે તે ફળ પ્રાપ્ત હોવે હો સાંમીજી પીર ઇમામશાહા બોલ્યા અમ્રત વાણી હક લાએલાહા ઇલિલ્લાહે મહમદુર રસુલિલ્લાહે.

આ સિવાય સૃષ્ટિની ઉત્તપત્તિના સબંધમાં સૈયદ ઈમામશાહ "મુળબંધ" નામનો બીજો ગ્રંથ પણ લખી ગયા છે, અને તેના સારરૂપ "નકલંકી ગીતા" નામની એક બીજી ચોપડી પણ લખેલી છે. જેમાં હિંદુ વિદ્વાનોના જ્યોતિષ ગ્રંથો ઉપરથી થોડા ફેરફારો કરી સૃષ્ટિની રચના બતાવેલી છે. પ્રથમ ખુદાવંદે ધંધુકારમાં ત્રીણ ઉપાવી તેમાંથી એક ઇંડુ બનાવી સૃષ્ટિ પેદા કરી હતી તેનો ખુલાશો છે, તથા મેરૂ પર્વતનું વર્ણન, તેની ઉંચાઇ તથા વિસ્તાર અને સોના ચાંદી વિગેરે ધાતુઓનું વર્ણન તથા સાત પાતાળના નામો, તેના રાજકર્ત્તાઓ તેની પ્રજા, તથા જંબુદ્વીપ વિગેરેનું વર્ણન આપેલું છે. તે ઉપરાંત ભગવાનના વેરાટ રૂપનું વર્ણન, તથા તેનાં આઠ નામો તથા સ્વર્ગ, પાતાળ, નવખંડ, સાત દ્વીપ તેની ખાણો અને તેમાંથી નીકળતી ધાતુઓ, સમુદ્રો,

પર્વતો, દિશા, ખુણા, નદીઓ વિગેરેનું વિસ્તારથી વર્ણન બતાવેલું છે. પૃથ્વી પરના ચોવીસ દેશો તથા નવસોનવાણું નદીઓ વિગેરેનો પણ વિસ્તારથી ઉલ્લેખ કરેલો છે. ખરૂં જોતાં એ બધી બાબતો અસંબધ તથા ન માન્યામાં આવે એવી છે. પરંતુ તેના કરતાં પણ અગત્યની બાબતો સતપંથને લગતી છે તથા મુદ્દાની માલમ પડવાથી વાચક વર્ગની જાણ માટે નકલંકી ગીતામાંથી લઈ અત્રે રજુ કરી છે.

શ્રી સતગુર ભરમા હો વાચા સુણો હો સામી મુનીવર પુછંતે સતગુર ભરમા સમા તોલ કોણ તે ભેદ કંથો હો સામી શ્રીજનંહારજનં, શ્રી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, સુણો હો મુનીવરો, ગુર સમા તોલ નહી ધરતી, નહી આકાસ, ગુર સમા તોલ નહી ચાંદો નહી સુરજ, ગુર સમા તોલ નહી પવન, નહી પાણી, ગુર સમા તોલ નહી રાત, નહી દીવસ, ગુર સમા તોલ નહી ખટ દરસન, ગુર સમા તોલ નહી ત્રેઈ લોક, ગુર સમા તોલ નહી વેદ નહી શાસ્ત્ર, ગુર સમા તોલ નહી વેદ નહી ભાખેઆ, ગુર સમા તોલ નહી જોગ નહી જુગતી, ગુર સમા તોલ નહી રાગ નહી ભાખેઆ, ગુરૂથી પાઈએ અમર પદ મુગતી, તે સુણો હો મુનીવારે, શ્રી સતગુર ભરમા હો વાચા પરથમ અવતાર પાત્ર અને બીજો સતગુર ભરમા તે વિના જે કોઈ ગુર કહાવે તે જાય નરગે પોહાચે, તે જુગાજુગ અહુંકાર મધે આદ રૂપી ભવે ભરમા, વીસન અવતાર રૂપી, તથા દેવ મહેસરં એક મુરતત્રન દેવ કરતવં, સચરાચરૂ.

સીરી નારાયણ હો વાચા, આદીતવારે સરંજતે આઠ દીસા, અને સોમવારે સરજંતે સાત શાહેર, અને મંગલવારે સરજંતે અસટ કુડ પરબત, અને બુધવારે સરજંતે તારા મંડણ, અને ભેસતપતવારે સરજંતે, નવાણું કરોડી જખ છપન કરોડી મેગ માડા, કીનર કરોડ બત્રીસ, તેત્રીસ કરોડ દેવતા અને શુકરવારે સરજંતે ચાર ખાણ, ચાર વાણ, ચોરાસી લાખ જીવા જોડ, અને ચાંદો સુરજ અને પવન પાણી સુણો હો મુનીવરો.

ખેત્ર ચાર, તીરથ ચાર, કલપ ચાર, જુગ ચાર, વેદ ચાર, દાગ ચાર, ગુર ચાર, મુખી ચાર, જાપ ચાર, ઘટ ચાર, પાટ ચાર, વરત ચાર, દીસા ચાર, ખુણા ચાર, રૂપ ચાર, દાન ચાર, સાઈના ચારે, માહાદેવ ચાર તખત ચાર, પુરીઉં ચાર એવીઉ બાવીશ વાત કંથો હો સામી સીરીજનહારજનં.

સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, બાવીસ વાત. કલપ ચાર, જાએલા, ફાયલા, અરજા, ખલીફા. (૧) જુગ ચાર કીરતા, ત્રેતા, દુવાપુર, કલજુગ. (૨) વેદ ચાર રૂગવેદ, જુજરવેદ, શામવેદ, અથરવેદ. (૩) દાગ ચાર વન દાગ, જલ દાગ, અગન દાગ સોમ દાગ, (૪) ગુર ચાર ગુર ભરમા, ગુર વીજેશઠણ વીઆસ, ગુર વીદર બીઆસ, ગુરં નબી મહંમદ મુસતફા સલલ્લાહેઅલેહીવસલમ

(૫) સુખી ચાર પહેલાજ, હરીચંદ્ર, જુજેશઠલ, પીર સદરદીન. (૬) જાપ ચાર કરતાજુગ માંહે સીરી નરશીનો જાપ, ત્રેતા જુગ માંહે સીરી રામચંદ્રજીનો જાપ. દુવાપુર જુગ માંહે સીરી બુધનો જાપ, આજ કલજુગ માંહે સીરી નકલંકનો જાપ (૭) ઘટ ચાર, સોનાનો ઘટ, રૂપાનો ઘટ, ત્રાંબાનો ઘટ, માટીનું ઘટ. (૮) પાટ ચાર, સોનાનો પાટ, રૂપાનો પાટ, ત્રાંબાનો પાટ, માટીનો પાટ, (૯) વીરત ચાર, એકાદસી દીતવારી, ચઉદસી મંગલવારી, અમાસ સોમવારી, આજ કલજુગ માંહે બીજ શુકરવારી (૧૦) ખાણુ ચાર, સતેજ ખાણુ, જરેજખાણુ ઇંઢેજ ખાણુ ઉદભોજ ખાણુ(૧૧)વાણુ ચાર, સએજા વાણુ, સગમા વાણુ, અગમા વાણુ, અતીતા વાણુ. (૧૨) દસું ચાર ઉતર, પુરવ, દખણુ, પછમ. (૧૩) ખુણા ચાર એસાન ખુણ, અગન ખુણ, નઈરૂત ખુણ, વાવીય ખુણ. (૧૪) રૂપ ચાર, સીરી નરસીંહ, સીરી રામ, સીરી બુધ, સીરી નકલંકી. (૧૫) દાન ચાર, કુંજરદાન, અસવ દાન, ગઉવા દાન, અજા દાન. (૧૬) સાઇના ચાર, સંનોમાન, નરાદેવ, સદાજી, આજ કલજુગ માંહે હેજંદા કાયમ પાયા (૧૭) માહાદેવ ચાર, સંભોજી, ઇશ્વર, માહાદેવ, આજ કલીજુગ માંહે બાવા આદમ. (૧૮) ખેત્ર ચાર કેશમીર ખેત્ર, લંકા ખેત્ર, કુલ ખેત્ર, મુલસતાન ખેત્ર. (૧૯) પુરી ચાર હંસપુરી, ખગપુરી, સામપુરી, હેમપુરી. (૨) તીરથ ચાર ગત તીરથ, સુકલ તીરથ, ભરમ તીરથ મુગત તીરથ. (૨૧) તખત ચાર ઉતર દીસે, પુરવ દીસે, દખણુ દીસે, પછમ દીસે શ્રી નકલંકી નારાયણુનો તખત (૨૨) સુણો હો રીખીસરો સુણો હો મુનીવરો શ્રી સતગુર ભરમા હો વાચા.

સુણો હો મુનીવરો, જંપુદીપ માંહે જાંબુ વરખ છે તે કંથો હો સાગી સીરીજંનહારજંન શ્રી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ, જાંબુ વરખ એકત્રીસ હજાર જોજન લાંબો વીસતાર છે. તે જાંબુ વરખનાં ફલ હસતી પરમાણે થાય છે, તે ફલ હેમાજલ માંહે ગલે છે, તે ફલ ગલીને પાણીના પરવાર ચાલે છે, તે પરવારની નદીઉં વહે છે તે નદીનું પાણી માન સરોવર માંહે આવે છે તે પછવાડે ફરતી જાવંત્રી નગરી વસે છે તે માંહે પેલી વરસાદ વરસે તે પીએ તો પાપી થાય અને બીજી વરસાદ વરસે તેનો કાચો સોન થાય અને ત્રીજી વરસાદ વરસે તેનું દાન થાય, અને જંપુદીપ માંહે જાંબુ વરખ છે તે વાસતે જાંબુ દીપ ભણે છે.

સુર મેર પરબત ઉપરે રોમ રાય રખીસર રહે છે.

શ્રી સતગુર ભરમા હો વાચા પરથમ મંડાણુ સુરજ ભવન તે કહો શ્રીજંનહારંજન, શ્રી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ સુરજ ઉગમે ને આથમે તાં સુધી એવો ચાલે છે જે એક આંખની પલક માંહે શેસ ગાઉ જીયાંથી ઉગમે ને આથમે ત્યાંથી જેટલી પલક આંખની પડે તેટલા શેસ ગાઉ સુરજ

ચાલે, પરથમ સુરજ ભવન પાંચસો વરસની વાટ છે. પરથમીથી ઉંચો છે, એવા પાંચ લાખને ચાલીસ હજાર જોજન પરથમીથી ઉંચો છે, એ લાખ જોજન સુરજ ભવનનું ભુંભ વીસતાર છે, એવા પરથમીથી સાત ભવન છે, કોઇ નરગી કોઇ આવાગમણી કોઈ રસાતાળ, અનત કલપ તીઆં મરણા નહી અગોચરં જીવણા, એ આર કહી ન ચલે તો પરમેસરં પરથમ સુરજ ભવન તીઆં મોહીની તો બે, એક કામની રૂપી અપછરા અને બીજી માહાદેવ રૂપી નરમલા, તીઆં અનેક અનેક લીલા સુખ ભોગવંતે, તીઆં મન ઇછા ભોજન પરવતંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઈ વીરધા, નહી કોઇ હીણાં ખીણાં, સરવે એક ભાવના, શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી તીઆં કોણ લોક વસતવા મીરત લોક માંહે કોણ દાન પુન કોણ વરત સાધી લીઆ, જે પરપમ સુરજ ભવન પોચંતે તે ગીનાન કંથો હો સામી શ્રીજંનહારજનં, શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, હીઆં તે લોક વસતવા જેણે પાણીની પરબો મંડાવી છે અને જેણે એકાદસીનાં વરત સાધીઆ છે તે લોક વસતવા, શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર થયા કે નહી થયા, શ્રી નારાયણ વાચા નહી સતગુરૂ, એ લોક અમર નહી થયા, બે હજાર વરસની આવરદા ભોગવીને પછે તે મરત લોક માંહે પડંતે, આવાગમણ મધીએ પહેલો અવતાર સુવાનનો ભોગવંતે, શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે, શ્રી નારાયણ વાચા એ ન ભેટતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર મુખે દાન ન દેતવા અને દસદોસ ન ખમંતવા દેખત કનક કામની પર જાયંતે પંજલુ આતમા વંસ ન કરંતે, વેદ કુરાનની સાખેઆ તે સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. પેહેલો સુરજ ભવન સમાપત સંપુરણ ભવસ તો.

શ્રી સતગુર ભરમા હો વાચા બીજો ચંદ્રમા ભવન તો પાંચ લાખ ને ચાલીસ હજાર જોજન ઉંચો છે અને એક લાખ જોજનનું ભુભ વીસતાર છે, શ્રી સતગુર ભરમા હો વાચા બાર કલા સુરજની છે, અને સોલ કલા ચંદ્રમાની છે, પછે ચાર કલા સુરજની તે કીઆં ગઇ હો સામીજી, શ્રી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, એ ચાર કલા તો ભરમ ગીનાની તે સતી લોકના ઘટ માંહે વસે છે, એ ચાર કલા સતીએ સાધી છે, તે સતી સુરજ પરમાણે ભયાં છે, તીઆં મોહોની તો ચાર કામ રૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા, અનેક અનેક માહા લીલા ભોગવંત, વીલાસ કરતવા, મન ઇછા ભોજન પરવરતંતે તીઆં નહી કોઈ બાલા નહી કોઇ વીરધા, અને નહી કોઇ હીણાં નહી કોઈ ખીણાં, સરવે એક ભાવના, શ્રી સતગુર ભરમા હો વાચા શામીજી તીઆં કોણ લોક વસતવા અને કોણ મરત લોક માંહે દાન પુન દેતવા અને કોણ વરત સાધી લીઆ, જે એવા ચંદ્રમા ભવન પામે છે, તે ગીનાન કંથો સામી શ્રીજંનહારજંન.

શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ હીઆં તે લોક વસતવા જેણે પરબ મંડાવેઆં છે, અને કુવા ખોદાવીઆ છે અને તલાવ ખોદાવીઆ છે અને અનનાં દાન દીધાં છે તે લોક વસતવા, શ્રી સતગુર ભરમા હો વાચા તે લોક અમરથીઆ કે ના થીઆ, શ્રી નારાયણ હો વાચા સતગુરૂ એ લોક અમર ના થીઆ ચાર હજાર વરસની આવરદા ભોગવીને પાછા મરત લોક માંહે પડે છે, પેહેલો અવતાર દેડકાનો ભોગવે. શ્રી સતગુર ભરમા હો વાચા સામી તે શીઆ માટે, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર મુખે દાન ન દેતવા, દસ દોસ ન ખમતવા દેખત કનક કામની ઉપર જાયંતે પંજણુ આતમાં વશ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ તીઆં કોઇ નરગી કોઈ આવાગમણી કોઇ રસાતાડ, અનંત કલપ અનંત જુગ તીઆં મરણા નહી, જીવણા અગોચરં બીજો ચંદ્રમા ભવન સંપુરણ સમાપત ભવસતો.

સીરી સતગુરૂ ભરમા હો વાચા ત્રીજો તારા ભવન તે પાંચ લાખ ને ચાલીસ હજાર જોજન ઉંચો છે, એક લાખ જોજનનું તારા મંડળનું ભુંભ વીસતાર છે ફરતો વીસતાર છે તે માંહે મોહીની તો દસ કામ રૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા અનેક અનેક માહા લીલા ભોગવંતે કેવલાસ કરતવા, મન ઇછા ભોજન પરવરતંતે તીઆં નહી કોઈ બાલા, નહી કોઈ વીરધા નહી કોઇ ખીણાં ભીણા સરવે એક ભાવના, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી ઇંઆ કોણ લોક વસતવા, મીરત લોક માંહે કોણ દાન પુન કરેઆ, તથા કોણ વીરત સાધી લીઆ જે આવા તારાભવન પામે છે તે ભેદ કંથો હો સામી સીરીજનહારજંન, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એ લોક ઇઆં વસતવા જેણે તલાવ ખોદાવેઆ છે અને અનના દાન દીધા છે, ઇઆં તે લોક વસતવા સીરી સતગુરૂ ભરમા હો વાચા સામીજી એ લોક અમર થીઆ કે ના થીઆ, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એ લોક અમર ના થીઆ છ હજાર વરસની આવરદા ભોગવીને પાછા મીરત લોકમાં પડે આવાગમણ મધે પેલો અવતાર કાચબાનો ભોગવે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે, સીરી નારાયણ વાચા એ ન ભેટંતે સતગુરૂ એ ન ઓળખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા દસ દોસ ન ખંમતવા દેખંતા કનક કામની ઉપર જાયંતે પંજણુ આતમા વસ ના કરતવા, વેદ કુરાનની, સાંખે આ તે સુરત અસુરત કરતવા તે કેમ પામે આવા અમર પદ હો સતગુરૂ, તીઆં કોઈ નરગી કોઇ આવાગમણી કોઇ રસાતાડ, અનંત અનંત કલપ જુગ તીઆં મરણા નહી જીવણા અગોચરં એ ત્રીજો તારા મંડણ સમાપત ભવસતો.

સીરી સતગુર ભરમા હો વાચા ચોથો દ્રુ ભવન પાંચ લાખ ને ચાલીસ હજાર જોજન ઉંચો છે અને આઠ લાખ જોજનનો દ્રુ ભવનનો બુંભ વીસતાર છે, તીઆં આઠ સરગ મેર પરભતે બાંધેઆ છે તેને પુરીઉં પણ કહે છે તે આઠ પુરીઉં આઠ પુલ માંહે છે, સીરી સતગુર ભરમા હો વાચા તે કોણ કોણ સરગ તે એસટ સરગ મધે ચાર દેવી ને ચાર પુરીએ અસટ થાપીઆ છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં !

સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ આઠ પુરીની વાત, પરથમ પછમ દીસ માંહે સરગ તેનું નામ તો કવલાસ પુરી (૧) તેનો એક લાખ જોજનનો બુંભ વીસતાર છે, એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીયાં મોહીની તો પનર કામરૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા; અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવંગ મન ઇંછા ભોજન પરવરતંતે, તીયાં નહી કોઇ બાલા નહી કોઇ વીરધા નહી કોઈ હીણાં ન ખીણાં સરવે એક ભાવનાં, શ્રી સતગુરૂ ભરમા હો વાચા એ કીવલાસપુરી માંહે કોણ લોક વસતવા એણે મીરત લોક માંહે કોણ દાન પુન કીયાં અને કોણ વીરત સાધી લીઆ જે કીવલાસ પુરી માંહે પોચંતે તે ભેદ કંથો હો સીરીજંનહારજંન, તારે સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, જેણે માહા તપસા કરી છે તે લોક ઇયાં વસતવા, સીરી સતગુર ભરમાં હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ એ લોક અમર ના થીયા, પંદર હજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણ મધે પહેલો અવતાર રાજાનો ભોગવે, સીરી સતગુર ભીરમા હો વાચા સામીજી તે શીઆ માટે, સીરી નારાયણ વાચા એ ન ભેંટતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે, પંચભુ આતમા વસ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ.

સીરી સતગુર ભીરમા હો વાચા બીજો ઉત્તર દીસ માંહે એક નામ તો પંનઇસરગ, અને બીજુ નામતો વસંતપુરી, તેનું એક લાખ જોજન બુંભ વીસતાર છે, અને એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની પંનર કામ રૂપી અપછરા, અને માહાદેવ રૂપી નીરમલા, તીઆં અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા, મન ઇછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઇ વીરધા નહી કોઈ હીણા નહી કોઇ ખીણા, સરવે એક ભાવના સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ વસંતપુરી માંહે કોણ લોક વસતવા એણે મીરત લોક માંહે કોણ દાન પુન સાધી લીઆ, જે વસંતપુરી માંહે

પોચંતે, તે ભેદ કંથો હો સીરીજંનહારજંન? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, જેણે માહાપુન કરેઆ છે અને મુનીવરત કરેઆ છે, અને તેણે અનનું દાન માહા વીસેક કરેઆ છે, તે લોક ઇઆં વસતવા. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ એ લોક અમર ન હુવા, પંનર હજાર વરસની આવરદા ભોગવી પછે મીરત લોક માંહે પડે, તે આવાગમણ મધે પેહેલો અવતાર માહારાજાનું ભોગવે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે? શ્રી નારાયણ વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, દસદોસ ન ખમતવા, પંજભુ આતમા વંસ ન કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ! (૨)

સીરી સતગુર ભરમા હો વાચા! ત્રીજો દખણ દીસ તેનો એક નામ તો ગગન સરગ, અને બીજું નામ તો કરસનપુરી, તે એક લાખ જોજનનું બુંભ વીસતાર છે, તે એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહીની તો પંનર કામરૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા, અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા, મન ઇંછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઇ વીરધા, નહી કોઇ હીણા નહી કોઇ ખીણાં સરવે એક ભાવના, સીરી સતગુરૂ ભરમા હો વાચા સામીજી એ કરસનપુરી મધે કોણ વસતવા, મીરતલોક માંહે એણે કોણ વરત સાધી લીઆ જે એવા કરસન પુરી પોચંતે, એ ભેદ કંથો હો સીરીજંનહારજંન? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે નીત નીત ગંગાજીના સનાન કીધા છે અને સરવે આચાર પાલીઆ છે, અને તાલ માંદલ વજાડીઆ છે, અને સંભલાવીઆ છે, તેણે હરીના ભજન કરીઆ છે, તેણે મલી ઠાકરની સેવા કરી છે, તે એવી કરસનાપુરીએ પોતા છે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? સીરી નારાયણ વાચા ના સતગુરૂ એ લોક અમર ના હુવા પનર હજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણ મધે પહેલો અવતાર અસવ (ઘોડાનું) ભોગવંતે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે? સીરી નારાયણ હો વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની ઉપર જાયંતે પંચભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ તે સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ. (૩)

સીરી સતગુર ભરમા હો વાચા, ચોથો પછમ દીસ તેનો એક નામ તો ગંધમસરગ, અને બીજો તો સભાગપુરી, તે એક લાખ જોજનનો બુંભ વીસતાર

તાર છે, અને એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની તો પંનર કામ રૂપી અપછરા માહાદેવ રૂપી નીરમલા અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા મન ઇછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઈ બાલા નહી કોઇ વીરધા નહી કોઇ હીણા ખીણા સરવે એક ભાવના. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે કોણ દાન પુન વરત સાધી લીઆ, જે એવી સુભહાગ પુરી પોચંતે એ ભેદ કંથો હો સામી સીરીજંન-હારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, જેણે છત્રીસ રાગ ગીઆન ધીઆન ભાખેઆ છે, અને જેણે વીશનવ પદ ભાખેઆ છે પોતાને મન ઇંછે ભાખેઆ છે, જે એ ધરમે ચાલેઆ છે. તે લોક સુભહાગ પુરી પોચંતે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા ના સતગુર એ લોક અમર ના હુવા પંનર હજાર વરસની આવ-રદા ભોગવીને પછે મીરત લોક માંહે પડંતે, આવાગમણ મધે પહેલો અવતાર ઉતમ કુલ માંહે અવતરે અને ઉતમ દેહી અને ઉતમ અવતાર ભોગવે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી, તે શીઆ માટે સીરી નારાયણ હો વાચા એ ન ભેટંતે સતગુર ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે અમર પદ હો સતગુરૂ !

શ્રી સતગુર ભરમા હો વાચા પાંચમી વાવચ ખુણ માંહે માલવંત સરગ તીઆં દેવી હેંગલાજ ભવાની થાપી છે. તે એક લાખ જોજનનો બુંભવીસતાર છે, અને એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની પંનર કામ રૂપી અપછરા, અને માહાદેવ રૂપી નીરમલા અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા, મન ઇછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઇ વરધા નહી કોઈ હીણા ન ખીણાં સરવે એક ભાવના સીરી સતગુર ભરમા હો વાચા સામીજી, એ માલવંત સરગ ને વાવીય ખુણ મધે કોણ લોક વસતવા, તેણે કોણ જપ તપ સાધી લીઆ જે એવા ઠામ પામે છે !

સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ જેણે એકવીસ દાડા હીંગલાજ ભવાનીની સેવા કીધી છે, અંન પાણી ન ખાતા પીતા અને રખ વરખ ચાર પરબત તીરથ કરતવં તે લોક માલવંત સરગ વસતવા. સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા ના સતગુરૂ એ લોક અમર ના હુવા પંનર હજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણ મધે પહેલો લખ ચોરાસી ભોગવીને પછે કાપડીનું અવતાર ધરે કાપડી નહી થાય તો સીરીપતનું અવતાર ભોગવે,

જો શ્રીરીપત ન થાય તો જટાધારી થાય. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એ ન ભેટંતે સતગુર ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુરૂ મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા ન દેખત કનક કામની પર જાયંતે પંજણુ આતમા વસ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ !

શ્રીરી સતગુર ભરમા હો વાચા છઠી ઇસાન ખુણુ તેનું નામ તો ઉંચ સરગ. તીઆં દેવી દુરગા વસે છે, તે એક લાખ જોજનું ખુંભ વીસતાર છે, અને એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની તો પંનર કામ રૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા તીઆં અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા મન ઇછા ભોજન પરવરતંતે તીઆં નહી કોઇ બાલા નહી કોઇ વીરધા નહી કોઈ હીણા ન ખીણા સરવે એક ભાવના. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી ઇસાન ખુણુ માંહે કોણુ લોક વસતવા એણે કેવા જપ તપ સાધી લીઆ જે છઠે ઉંચસરગ પોચંતે તે ભેદ કંથો હો સામી શ્રીજંનહારજનં ! સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ જેણે દુરગા દેવી આગલ કમલ પુજા કરી છે, તથા તલ જવના હોમ કરેઆ છે, નીત નીત ભવાનીની પુજા કરી છે, તે લોક ઇઆં વસતવા. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા. શ્રી નારાયણુ વાચા ના સતગુરજી એ લોક અમર નહી હુવા, પનંર હજાર વરસની આવરદા ભોગવી પછે મરત લોક માંહે પડંતે, આવાગમણુ મધે પહેલો લખ ચોરાસી ભોગવી પછે વીદારથી અથવા જોતકી અથવા ધનવંત અથવા માહા પીંઢત થાય એવા ચાર અવતાર માંહેથી એક અવતાર થાએ. શ્રી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે ? શ્રી નારાયણુ વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજણુ આતમા વસ ન કરતવા વેદ કુરાનની સાખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ !

શ્રી સતગુર ભરમા હો વાચા, સાતમી અગની ખુણુ તેનો નામ તો રૈવત સરગ તીઆં દેવી તુલજાભવાની રહે છે, તેનું એક લાખ જોજનનું ખુંભ વીસતાર છે, એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની તો પંનર કામ રૂપી અપછરા અને માહાદેવ રૂપી નીરમલા તીઆં અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા મન ઇછા ભોજન પરવરતંતો, તીઆં નહી કોઇ બાલા નહી કોઈ વીરધા, નહી કોઈ હીણા ન ખીણા, સરવે એક ભાવના. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી ઇઆં કોણુ લોક વસતવા એણે મીરત લોક માંહે કોણુ દાન પુન કીઆ, કોણુ જપ તપ સાધી લીઆ,

જે સાતમા રેવતસરગ પોચંતે, તે ભેદ કંથો સામી શ્રીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, જેણે તુલજા ભવાનીની એકમને પુજા કરી છે, જગમાં રૂધરની ધાર એક મને પુજા નીત નીત કરતવા તથા સમરણ કરતવં, તે લોક હીંઆ વસતવા હો સતગુરૂ. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? શ્રી નારાયણ વાચા નહી સતગુરૂ એ લોક અમર ના હુવા, પંનરહજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, પેહેલો લખચોરાસી ભોગવીને પછે વીદેઆવંત થાય, જંતર મંતર જાદુગરી એવા મનખા અવતાર ભોગવે. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? શ્રી નારાયણ વાચા એ ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાંન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ !

શ્રી સતગુર ભરમા હો વાચા આઠમી નઇરૂત ખુણ, તેનું નામ તો નીલસરગ, તીઆં દેવી આદસકતી વસે છે, તે એક લાખ જોજનનું ભુંભ વીસતાર છે, એક લાખ જોજન આપસ મધે અંતરો છે, તીઆં મોહની તો પંનર કામરૂપી અપછરા માહાદેવ રૂપી નીરમલા તીઆં અનેક અનેક લીલા ભોગવંતે વીલાસ કરતુવા મન ઇછા ભોજન પરવરતંતે તીઆં નહી કોઇ બાલા નહી કોઇ વીરધા નહી કોઈ હીણા નહી કોઇ ખીણા સરવે એક ભાવના. શ્રી સતગુર ભરમા હો વાચા, સામીજી એણે મરત લોકમાં કોણ જપ તપ સાધી લીઆ જે એવા નીલસરગ પોચંતે તે ભેદ કંથો હો સામી શ્રીજંન-હારજંન ? શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, જેણે માહાલખમીની પુજા કરી છે, તે લોક ઇંઆં વસતવા. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા નો સતગુરજી એ લોક અમર ના હુવા પંનરહજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે પેહેલો લખચોરાસી ભોગવી પછે માનખા દેહી ધરે છે. તીઆં માહા ધનવંત થાય માહા વેવારીઓ થાય. એવો માનખા દેહીનો અવતાર ભોગવે. સીરી સતગુર ભરમા વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુરૂ મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતુઆ, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ !

સીરી સતગુર ભરમા હો વાચા પાંચમો ઇંદ્ર ભવન તેનો એક લાખ જોજનનો ભુંભ વીસતાર છે, તીઆં મોહની તો પાંત્રીસ કામ રૂપી અપછરા

અને માહાદેવ રૂપી નીરમલા, અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવં, મન ઇછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઈ બાલા નહી કોઇ વીરધા નહી કોઇ હીણા નહી કોઇ ખીણા, સરવે એક ભાવના. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી, ઈઆં કોણુ લોક વસતવા, એણે મીરત લોક માંહે કોણુ દાન પુન કરેઆ છે જે આવા ઇદ્રભવન પોતા છે? સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ એણે કીનેઆ દાન દીધા છે, જેણે લીલ પરણાવીઆ છે, તે લોક વસતવા. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે નહી હુવા? સીરી નારાયણુ વાચા ના સતગુરૂજી એ લોક અમર નહી હુવા, પાંત્રીસ હજાર વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણુ મધે પેહેલો અવતાર શેઠનો ભોગવે છે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે? શ્રી નારાયણુ વાચા એ ન ભેટંતે સતગુરૂ, એણે સતગુર સુખે દાન ન દેતવા, ન ઓલખંતે અવતાર પાત્ર, દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજણુ આતમા વસ ન કરતવા તે વેદ કુરાનના સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ! તીઆં કોઇ નરગી, કોઇ આવાગમણી, કોઈ રસાતાલ, અનંત જુગ અગોચરં!

સીરી સતગુર ભરમા હો વાચા છઠો રૂદ્રભવન એક લાખ જોજનનું બુંભ વીસતાર છે, તીઆં મોહીની તો ચાલીસ કામ રૂપી અપછરા, અને માહાદેવ રૂપી નીરમલા, તીઆં અનેક અનેક માહા લીલા ભોગવંતે વીલાસ કરતવા, મન ઈછા ભોજન પરવરતંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઈ વીરધા, નહી કોઈ હીણા નહી કોઈ ખીણા સરવે એક ભાવના. સીરી સતગુર હો વાચા સામીજી ઈઆં કોણુ લોક વસતવા, એણે મીરત લોક માંહે કોણુ દાન પુન કરતવા, જે એવા છઠે ભવન પોચંતે, તે ભેદ કંથો સામી શ્રીજંન હારજંન? શ્રી નારાયણુ વાચા સુણો સતગુરૂ, જેણે રતન પદારથનો દાન કરેઓ છે તે ઇઆં, વસતવા. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? શ્રી નારાયણુ વાચા ના સતગુરૂ એ લોક અમર નહી હુવા, ચાલીસ હજાર વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણુ મધે પેહેલો અવતાર હસતીનો ભોગવે. શ્રી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે? શ્રી નારાયણુ વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર સુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજણુ આતમા વશ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ, તીઆં કોઈ નરગી કોઇ આવાગમણી કોઇ રસાતાલ અનંત કલપ અનંત જુગ નહી મરણા નહી જીવણા અગોચરં ભવો ભવંગ. (૬)

શ્રી સતગુર ભરમા હો વાચા સાતમો ભવન તે કહીએ, અમરાપુરી તે એક કરોડ ને એક લાખ ને સાત હજાર જોજનનો બુંભ વીસતાર છે, તીઆં કોઈ કોઇ પોચંતે તીઆં સુખે સોતા ચેન શરીરે, તીઆં મોહની સતર તે સુરજ રંગની સતર ચંદરવરની, ચાર ચાર દેવ કનેઆ એક બેઠી અરધા અંગના મીરત લોકની સતી સાધવી, તે તીઆં પટરાણી થાય, તે સુણો હો મુનીવરો તીઆં મન ઇછા ભોજન પરવરતંતે અનેક અનેક બહુ લીલા ભોગવંતે બહુ વીલાસ કરતવા અનેક અનેક બહુ નુર ફલ પાવંતે સવા ભારનું આહાર ભોગવંતે ઉપર કલપ વરખની છાયા થાય, તીઆં માણુક મોતી રતન પદારથ મધે વસતવા તીઆં દેહી નુરાની તેજ રૂપી દીસંતે અનેક અનેક વસતર નુરાની પરવરતંતે તીઆં મોતી પદારથ હીંદોલા ખાટે જડેઅંતે તીઆં મુનીવર પોઢંતે, તીઆં નહી કોઇ બાલા નહી કોઈ વીરધા નહી કોઇ હીણા ન ખીણા સરવે એક ભાવના. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી અમરાપુરી માંહે કેવાં છે ઘર? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, આઠ હજાર ચારસો ને એકવીસ જોજન અમરાપુરીનો કોટ, દરવાજે માણુક મોતી જડીઆ છે, બે હજાર ચારસોને એકવીસ જોજન કોટ માંહે ઘર તેનો પાયો પોહોલો છે, અગીઆર હજાર પાંચસો ને એકવીસ કુંગરા એ પુરીને જડેઆ છે, એ ઘરને સાત હજાર બારણાં છે, એ ઘરને સોનાની ઇંટુ અને રૂપાની વરીઉં ને કસતુરીના ગારા છે, તે તમે સુણો મુનીવરો ચાલીસ લાખ જોજન એક એક અવાસ ઉંચો છે, એ ઘરને આંગણે પાંચસો કુંવર નુરાની સોનાની દડીએ રમે છે, એ ઘરને જમણે પાસે સાત સરોવર અમીના ભરીઆ છે, તે સરોવરની પાર છે તે તમે સુણો હો મુનીવરો, માણુક મોતી રતન પદારથની તે સરોવર માંહે વેલુ ઘણી પડી છે, એક એક મુનીવરને એવા ઘર આલસે એકોતેર (૭૧) માઇના પુરીઆ એકોતેર બાપના પુરીઆ અને સાત પેઢી સાસરાની એવા વર મુનીવરને આલસે, તે સરવેને તેડીને વઇકુંઠ માંહે જાય, તીઆં એક વૈતરણી નદી વહે છે, તે નદી ઉતરીને જાવું છે, જે કોઈ સંસાર માંહે વેતરણી નદી ઉતરેઓ હસે, તે સીરી સતગુરને વચને અને નારાયણને વચને તે તીઆં ઉતરસે, બાકી સરવે ઉભા થઇ રહેશે, જો કોઈ મુનીવર સાચા હસે, તે સીરી સતગુરને વચને અને સીરી નારાયણને વચને અમરાપુરી જાયસે, તે તમે સુણો હો મુનીવરો. સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી એણે મરત લોક માંહે શી કમાઇ કીધી છે જે એવી અમર ભોંમ અમરાપુરી પામેઆ છે? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે મરત લોક માંહે સતપંથ ધીયાઆ છે, અને સતગુર ભરમાજીને ઓલખીઆ છે, અને ખરી દસોંદ નારાયણને આપી છે, સતગુર મુખે દાન દીક્ષા છે એણે હંસ દોસ બંમેઆ

છે. એણે પંજભુ આતમા વશ કરીઆ છે. એણે વેદ કુરાનની સાખેઆ પાળી છે તે એવા સાતમો ભવન અમરાપુરી પામેઆ છે, સમાપત ભવસતો (૭) !

આઠમો ભવન તેનો એક નામ તો નીરકાર અને બીજો નામ તો લોહકલમ, એક લાખ જોજન તેનો ખુંભ વીસતાર છે, તીઆં સરવે સુન છે, તીઆં સરવે મલાએક રહેઆ છે. દેવ દેતવા સો નર મુનીવરો જેમ સોના કસોટી માંહે સોનું કસીએ, તેમ સતપંથ વાટ મુનીવર કસીએ, હકીકતી મુનીવર સરજંતે, તે મોખ મુગત પામંતે તે ભવોભવ સતપંથ સદા ઉતમ સુણો હો મુનીવરો. (૮)

સીરી સતગુર ભરમા હો વાચા નવમો ભવન તેનો એક નામ તો કુરસી, અને બીજો નામ તો નીરાકાર, તેનો તેજ તે અનત તેજ અનત તેજ અનતજોત, કુરસીનો ખુંભ વીસતાર છે. સીરી સતગુર ભરમા હો વાચા કુરસી કોણ રૂપી, તીઆં કોણ રચના રચી છે, એ ગીનાન કંથો હો સામી શ્રીજંનહારજંન ? શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, કુરસીઆ કુદકી તીઆં સરવે ફરમાન દેસે એક જવેર એક ચસમુ છે, એક નર એક નુર માધા પીઆલા સાહેબના સઉના હાથ માંહે ભરેઆ હસે, તીઆં હસીઆ ખમેઆ કરતવા. કુરસીની એવી રચના રચી છે તે તમે સુણો હો મુનીવર રીખીસરો. (૯)

શ્રી સતગુર ભરમા હો વાચા દસમુ ભવન તેનું એક નામ તો અરશ અને તેનો અનત તેજ અનત જોત, તેજ રૂપી તો નીરીજંન અને નુર રૂપી તો નારાયણ, કવંગ થાનક વીસતાર, તે અરશ કવંગ રૂપી, સીરી સતગુર ભરમા હો વાચા તે ગીનાન કંથો હો સામી સીરીજંનહારજનં, શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, અરશ નુર રૂપી તીઆં અનત નુર, અનત તેજ ખુંભ વીસતાર છે તીઆં નુર રૂપી સીરીજંનહારજનં ? સીરી પરમેશ્વરં, જુગત જીવનં તે સાહેબ તીઆં વસે છે તેજના વખત ઉપર તીઆં નુર તજલા છે નુર રૂપી નરીજંન તીઆં વસે છે તીઆં અગમ અગોચર તીઆં સાહેબ અમર છે, તેના હુકમથી સરવે શ્રેષ્ટ ચાલે છે અને દસ અવતાર તેજ નુરના છે તે જે અવતારનો હુકમ હોય તેને સાહેબ કરી માનો જેનો હુકમ ઉતરેઓ તેનો અમલ ઉતરેઓ, જે અવતારનો વારો વહે, તેના હુકમ માંહે સઉ કોઈ રહે, મરત લોક માંહે જે રૂપે ભરમા વીસનવ માહેસર હોય, તે રૂપને ધીઆઈએ ભાઈ તે રૂપને ધીઆઈએ, દસમું ભવન સમાપત ભવસતો (૧૦) !

સીરી સતગુર ભરમા હો વાચા એક એક ભવન પાંચ લાખ ને ચાલીસ હજાર જોજન ઉંચો છે, એક એક ભવનનું જોજન દલ છે. એવા દસ ભવવ છે, તેનું સુમાર સીરી નારાયણે બાંધેઆ છે, સીરી સતગુરે સંભલાવેઓ છે, એટલા જોજન તેનું હીસાબ છે તે સુણો હો મુનીવરો !

સીરી સતગુર ભરમા હો વાચા નવ પદમ અડતાલીસ નીલ, ચોતરીસ ખરવ ને ઓગણોતેર અબજ, સતાણું કરોડ, પાંસઠ લાખ પંચાવન હજાર, પાંચસો ને એકવીસ જોજનનું સરવાલો છે, સાત પાતાલ ને નવખંડ પીરોથમી અને દસ આસમાન સંપુરણ સમાપત ભવસતો પુરા થીઆ છે.

સીરી સતગુર ભરમા હો વાચા સામીજી કોણ પાસેથી કોણ હુવા તે ભેદ કંથો હો સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, તે જોત સરૂપી સીરી નારાયણ આપોઇ આપ, તેજ રૂપથી ભરમા વીઆપ, ભરમા પાસેથી ભયા અહુંકાર, અને અહુંકાર પાસેથી ચાર વેદ હુઆ, ચાર વેદ પાસેથી હેવા હરસ હુવા, હેવા હરસ પાસેથી ધરમ હુઆ, ધરમ પાસેથી ઉધક હુઆ ઉધક પાસેથી પરથમી આકાસ સરવે હુઆ, તીસ મધે છપન કરોડ જોજન મીરત લોકનું વીસતાર છે, પરથમીની પીઠ બાંધી છે, તીસ મધીએ ચાર કરોડ જોજન પુરબ દીસે અજવાલું છે. અને ઇશાન ખુણ માંહે બે કરોડ જોજન અંધકાર છે, બાકી સરવે ચાંદા સુરજનું અજવાલું છે અને અંધકાર માંહે મીરત લોકના જીવ રહે છે, જેને સરગ માંહેથી આવાગમણ છે, તે એવી અંધકાર માંહે રહે છે, તે ઇશાન ખુણ માંહે અંધકાર છે, અને ઉતર દીસ માંહે મેહેર પરબત છે, અને પરથસી માંહે ત્રણ અરૂણ છે, તેના નામ દગક, ચપક, નમક, અને પરથમી માંહે ત્રણ રણ છે, તે રણના નામ અરૂણ છે, અને પરથમી સાડાત્રન પીઠ છે, એક કુંવારી ધરતી, અને બીજી વુઠાસ ધરતી, અને ત્રીજી પગજાલ ધરતી, અને અરધો પગ બલરાજાની પીઠ ઉપરે ધરેઓ છે, એણી રીતે સાડાત્રન પીઠ છે. શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી પરથમી માંહે કેટલાક શણગાર છે, તે ભેદ કંથો શ્રીજંનહારજનં ? શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ પરથમી માંહે સોલ શણગાર છે, તે સોલે શણગારનાં સ્ત્રીનાં નામ છે, પરથમ મડન વીલાસ શણગાર (૧) બીજો ચાર હસા શણગાર (૨) ત્રીજો વીસવા લોચન શણગાર (૩) ચોથો કમખી શણગાર (૪) પાંચમું સામરી શણગાર (૫) છઠમુ પદમણી શણગાર (૬) સાતમું હસતની શણગાર (૭) આઠમું ચેતની શણગાર (૮) નવમું સોખણી શણગાર (૯) દસમું મારતા ચેત શણગાર (૧૦) અગીઆરસું ઉરવાસી શણગાર (૧૧) બારમો મેલતમ શણગાર (૧૨) તેરમો મજરોહોક શણગાર (૧૩) ચઉદમો મઉવાએ શણગાર (૧૪) પંનરમો મકાસર શણગાર (૧૫) સોલમો સોભા શણગાર (૧૬) એવા સોલ શણગાર સ્ત્રીની જાતમાં છે, શ્રી સતગુર પુછે શ્રી નારાયણ વાચા પરથમી માંહે અસટ કરોડ પરબત છે, અને પાંચ નદીઉ છે તે સુણો હો સતગુરૂ પરથમ મીલીઆગર પરભત, અને બીજો હેમાજલ

પરભત, અને ત્રીજો ધરણાગર પરભત, અને ચોથો વીંધીઆચલ પરભત, અને પાંચમો ગરીજલ પરભત, અને છઠમો કોઈલ જલ પરભત, અને સાતમો સવા લાખ પરભતનો એક પરભત, અને આઠમો ઉતરદીસ માંહે મેરૂ પરભત, જેને આધારે સાત પાતાલ એકવીસ ભરમંડણ બાંધેઆ છે.

શ્રી સતગુર ભરમા હો વાચા સામી એકવીસ પુરી કંથો હો સામી શ્રીજંનહારજનં ? શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, મેરૂ આધારે એકવીસ પુરી, તેને એકવીસ સરગ કહે છે, તે ઉપરે ચાર દસ માંહે ચાર ખુણ છે, તે ખુણ માંહે આઠ પુરીઉં છે, તે એકવીસમી અમરાવતી પુરી તેમાં આસું રાજા રાજ કરે છે, તે માંહે પહેલી પછમ દીસ માંહે ધરણાવતી પુરી છે, અને દખણ દીસે આઠ મુની સીધ છે. તે માંહે પહેલો મુનીવરા મુની, બીજો ભેરવ મુની, ત્રીજો સેલાર મુની, અને ચોથો મુગટ મુની, અને પાંચમો હારી મુની, અને છઠમો હીરા, અને સાતમો સમરત, અને આઠમો પરજાપત મુની, એવા આઠ નામના મુની છે, અને પુરભ દીસે જાંબુ વીરખ છે, તેનો પાંચ હજાર જોજનનો વીસતાર છે, તે વરખનો ફલ હસતી પરમાણે છે, તે ઉતર દીસે રાજા ધરમ રાજ કરે છે, તીઆં સરવે સોવરણા મેહ વરસે છે, એક પેલી ઈસાન ખુણ માંહે પુરી છે, તીઆં રાજા આસું રાજ કરે છે, અને અગન ખુણ માંહે પુરી છે, તીઆં રાજા કુબેર રાજ કરે છે, અને નઇરૂત ખુણે એક પુરી છે અને વાવીય ખુણે એક પુરી છે, એવી આઠ દીસાએ આઠ પુરીઉં છે, તેમાં અજવાલું પડે છે ઉતર દીસ માંહે મણી છે તેનું નામ પરકાસ મણી છે, અને ઇસાન ખુણ માંહે મણી છે તેનું નામ ઇંદ્રકાલ મણી છે, અને પુરભ દીસે મણી છે તેનું નામ પરભાત મણી અને અગન ખુણ માંહે મણી છે તેનું નામ તેજ જકાર મણી, અને દખણ દીસ માંહે મણી છે તેનું નામ ચંદ્રકાંત મણી છે અને નઇરૂત ખુણ માંહે મણી છે તેનું નામ સેસરંભા મણી છે, અને પછમ દીસ માંહે મણી છે તેનું નામ પરકાલ મણી છે, અને વાવીય ખુણ માંહે મણી છે તેનું નામ આદકાલ મણી છે, અને તીઆં તેત્રીસ કરોડ દેવતાનો વાસ છે, અને તીઆં બાવન ચંદન છે તે સાતસો જોજન ઉંચો છે, અને પીસતાલીસ જોજન ફરતો પોહોળો છે, અને એક હજાર એકવીસ જોજન તેની છાયા પડે છે, અને મેરૂ ઉપરે બાર (૧૨) મેઘ છે, અને મેરૂ પરભત ઉપરે એ અગીઆર સીધ છે તેનાં નામ સુણો હો મુનીવરો પરથમ ચાક સીધ છે અને બીજો હામવતી સીધ છે, ત્રીજો દેવતા સીધ અને ચોથો નગ સીધ, પાંચમો નીલ સીધ, અને છઠમો સેવત સીધ, સાતમો ઉંચ સીધ, અને આઠમો મગલા સીધ નવમો ગદમ, અને દસમો આમરીઆદ સીધ અને અગીઆરમો સરના સીધ, એવા

અગીઆર સીધ છે, અને એક એક સીધને અંતરો ત્રન ત્રન હંજાર જોજનનો છે, ત્રીસ જોજન વેગલા છે, એકસો એકસો જોજન સીધ જાડા છે, અને એંસી હજાર જોજન આઠ સીધ સરવ મલી ઉંચા છે, અને આઠ સીધ ઉપર આઠ ભેરવ રહે છે કઉંચા સીધ ઉપર અંબર ભેરવ રહે છે તેનો સેન નવ કરોડ છે, અને હેમાવતી સીધ ઉપરે અસુધ ભેરવ રહે છે અને તેનો શેન અઠોતેર હજાર દેવીનો છે, અને દેવચા સીધ ઉપરે અમર ભેરવ રહે છે તેનો સેન અઉંઠ કરોડ ભુતનો છે, એસી હજાર જોજન તે સીધ ઉંચા છે, અને અગન સીધ ઉપર અકલ ભેરવ રહે છે તેનો સેન છંપન કરોડ ચંબાદી ભવાની છે, તે એંસી હજાર જોજન ઉંચું છે, અને સીવતા સીધ ઉપરે અનીકાલ ભેરવ રહે છે, તેનો સેન ચોતરીસ લાખ જોગણી રૂધર ભરખી રહે છે, તે સીધ એસી હજાર જોજન ઉંચો છે અને બીજા ત્રન સીધ ઉપરે ત્રન પુરી વસે છે, તે ત્રન સીધ કીઆ કીઆ છે. ઉંચ સીધ, સરમા સીધ, ઉતરીઆ આદ સીધ, એ ત્રન સીધ છે, અને ત્રન પુરીના નામ છે, પહેલી ભરમા પુરી, બીજી વીસનવ પુરી, ત્રીજી રૂધર પુરી, જુમલે એ ત્રન પુરી છે તે પુરી માંહે લોક વસે છે, તેની વીગત છે, પરથમ રૂદ્ર પુરી માંહે બાર અગન રહે છે, તેના નામ સુણો હો મુનીવરો, પરથમ મુગતી કોર પાવક, અને બીજો માતુ પાવક, ત્રીજો મલ સીરીઓ પાવક, ચોથો દેવકી પાવક, પાંચમો ગદલ પાવક, છઠમો ગીરત પાવક, સાતમો પની પાવક, અને આઠમો પીતલ પાવક, અને નવમો દખણુ અગુ પાવક, અને દસમો એ પાવક, અને અગીઆરમો ગુર પતી પાવક, અને બારમો દેવતા પાવક (૧૨) એવી દુવાદસી અગન વસે છે, એ વીશનવ પુરી માંહે અને ભરમાજ પુરીમાં દુવા દસ ભરમ રહે છે, તે ભરમાની ગીનાનની દેહી છે, તીઆં તેની જાતો ભરમ દુવાદસ, તે બાર ભરમના નામ સુણો હો મુનીવરો, પેહેલો ગીનાન ભરમ, બીજો જઉનાદ ભરમ, ત્રીજો અવીઆગત ભરમ, ચોથો આદ ભરમ, પાંચમો ભરમા પતી ભરમ, છઠમો પરજાપત ભરમ, સાતમો આવા કપત ભરમ, અને આઠમો જીદાર ભરમ, અને નવમું સત ભરમ, અને દસમું સત નુર ભરમ, અને અગીઆરમું પરજાપત ભરમ, બારમો પરજાવાસ ભરમા, તીઆં પરજાપતી ભરમા વસે છે બ્રહ્મપુરી માંહે દોઆદસી ભરમ વસે છે, ત્રીજી વીશનવ પુરી માંહે નર બાર વસે છે, તે સુણો હો મુનીવરો પરથમ અલખ નર (૧) બીજો પુરી ભરમા નર (૨) ત્રીજો સદાશીવ નર (૩) ચોથો વીશનવ નર (૪) અને પાંચમો રૂદ્ર નર (૫) અને છઠમો પુરખ નર (૬) અને સાતમો વેરા નર (૭) અને આઠમો સકત નર (૮) અને નવમો ભરમા નર (૯) અને દસમો વીવેક સાન નર (૧૦) અગીઆરમો પુરવા નર, (૧૧) અને બારમો અલખ નર, (૧૨) તે અગીઆર કરોડ જીવસું વસે છે, એવી ત્રન પુરી સમાપત ભવસતો.

શ્રી સતગુર ભરમા હો વાચા તે ઉપરે પચવીસ જોજન માયાપુરી વસે છે, તીઆં ચેતની માયા રહે છે, અને તીઆં નવ સકત રહે છે. પરથમ ચેતની માયા સખતી, અને બીજી જસોવરી દેવી સકત, અને ત્રીજી ભદર કાલી સકત, અને ચોથી નારાયણુની સકત, અને પાંચમી સમેઆ દેવી સકત, અને છઠમી વરણાવતી સકત, અને સાતમી ભગવંતી સકત, આઠમી બાલાદેવી સકત, અને નવમી ચંદ્રાએની સકત, એવી નવ સકતુ માયાપુરી માંહે વસે છે, શ્રી સતગુર ભરમા હો વાચા માયાપુરી ઉપરે પચવીસ હજાર જોજન આએ વંશનું લખમી રહે છે, તે પુરીનો નામ ખીરસાગર પુરી છે, અને આદ વીશનવ મીરત લોક માંહે આવેઆ છે, શ્રી સતગુર ભરમાને કોલ આલીઓ છે, તે માટે અવતાર લીધો છે, અને ખીર સાગર માંહે પુરી છે તે માંહે લખમી દેવી રહે છે, એ ખબર સતગુર ભરમાને છે, બીજા કેને નથી. શ્રી નારાયણુની ગત કેને માલુમ નથી, એની વાત તે અકલ ગત છે, જેને સતગુરૂ ભરમાજી નથી મલેઆ, અને અવતાર પાત્ર નથી જાણુતા, અને અથર વેદની વારતા નથી જાણુતા, તે સરગની વાત શું જાણે, અને તે મેરૂ પરબતની વારતા શું જાણે, ખીર સાગર ઉપર અમરાવતી પુરી છે, તીઆં આમું રાજા રાજ કરે છે, તે તમે સુણો હો મુનીવરો, શ્રી સતગુર ભરમા હો વાચા મેરૂ આધારે એકવીસ સરગ બાંધેઆ છે, તેને એકવીસ ભરમંડણ કહે છે, તથા એને એકવીસ પુરી કહે છે, એ ગીનાન કંથો હો સામી શ્રીજંનહારજનં, શ્રી સતગુર ભરમા હો વાચા શ્રી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એકવીસ પુરીની વાત, પહેલી પુરી મધે ભુત રાજા રાજ કરે છે, તેનો નામ ભુત સુપાત છે, શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? શ્રી નારાયણ વાચા સતગુરૂ એ લોક અમર ના હુવા, એણે મીરત લોક માંહે પોતાની દેહી પુજાવી છે, અને જાહેર થઈને રહેઆ છે, તે માટે એ બત્રીસ વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણુ મધે લખ ચોરાસી ભોગવીને પછે પહેલો અવતાર જે કોઈ ભુત ભગતી કરતો હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે? સીરી નારાયણ હો વાચા, તે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ તે સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી બીજી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજનંહારજનં? સીરી નારાયણ વાચા સુણો સતગુરૂ બીજી પુરી મધે મોજીઓ રાજા રાજ કરે છે, સીરી

સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શીઆ વીરત કરીઆ છે, જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે મીરત લોક માંહે મોજીઆ દેવીની ઘણી ભગતી કરી છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા નહી સતગુરૂ એ લોક અમર ના હુવા પચાસ વરસની આવરદા ભોગવીને પછે મોજીઆ દેવીનો ભગત હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એ ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતા, દસદોશ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૨)

સીરી સતગુર ભરમા હો વાચા સામીજી ત્રીજી પુરી મધે કોણ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, ત્રીજી પુરી મધે સકત રાજા રાજ કરે છે તેના નામ તો ચાર છે, મસકી મેહેરાણી, (૧) કનકાએ કરણી (૨) આતસમી સતી (૩) તથા રાનલ, (૪) એવા ચાર નામ છે, સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે, જે એવા ઠામ પામેઆ, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, જેણે સકતીની સેવા કરી છે, તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? સીરી નારાયણ વાચા નહી સતગુરૂ એ લોક અમર નહી હુવા, એક સો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણ મધે લખ ચોરાસી ભોગવીને શકત દેવીનો ભગત હોય તે ઘર અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એણે ન ભટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતા, દસદોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૩)

સીરી સતગુર ભરમા હો વાચા ચોથી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, ચોથી પુરી મધે ભરમ રાકાસ રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે શીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એણે મીરત લોક માંહે ભરામણની સેવા કરી છે તે એવા ઠામ પામીઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા નહી

સતગુરૂ એ લોક અમર ન હુવા, એકસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણુ મધે લખ ચોરાસી ભોગવી પછે જે ભરામણુને સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણુ હો વાચા એણેન ભેટંતે સતગુર, ન ઓલખંતે અવતાર પાત્ર, સતગુર મુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતા, દેખત કનક ( સોનું ) કામની (સ્રી) પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ. (૪)

સીરી સતગુર ભરમા હો વાચા, પાંચમી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં, સીરી નારાયણુ વાચા પાંચમી પુરી મધે દેવતા રાકાસ રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણુ વાચા એણે મરત લોક માંહે મધવા દેવની પુજા કરી છે તે એવા ઠામ ખમેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? સીરી નારાયણુ વાચા નહી સતગુરૂ એ લોક અમર ન હુવા, એકસો વરસની આવરદા ભોગવીને મરત લોક માંહે પડે આવાગમણુ મધે લખચોરાસી ભોગવીને પછે જે મધવા દેવનો પુજારો હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણુ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓળખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા દસદોસ ન ખમતવા, દેખત કનક ( સોનું ) કામની ( સ્રી ) પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ. (૫)

સીરી સતગુર ભરમા હો વાચા સામીજી છઠી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ, છઠી પુરી મધે ગંધરવ રાજા રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ એણે મીરત લોક માંહે ભેરવની પુજા કરી છે તે એવા ઠામ પામીઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ એ લોક અમર ના હુવા, એકસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, લખ ચોરાસી ભોગવી પછે જે ભેરવનો સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણુ હો વાચા એણે ન ભેટંતે સતગુર, ન ઓલખંતે અવતાર પાત્ર, સતગુર મુખે દાન ન દેતા, દસદોસ ન ખમતા,

વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ. (૬)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી સાતમા પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજનંહારજનં ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, સાતમી પુરી મધે ગણેશ રાજા રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મીરત લોક માંહે ગણેશની પુજા કરી છે તથા ભગતી કરી છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા ના સતગુરૂ એ લોક અમર ના હુવા, એકસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, તે લખચોરાસી ભોગવીને પછે જે કોઇ ગણેશ દેવનો સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર સુખે દાન ન દેતવા, દશદોશ ન ખમતવા, દેખત કનક (સોનુ) કામની (સ્ત્રી) પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતવા, તે વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ (૭).

શ્રી સતગુર ભરમા હો વાચા આઠમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા આઠમી પુરી મધે ભેરવ રાજા રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મરત લોક માંહે ભેરવની પુજા કરી છે તે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? નહી સતગુરૂ એ લોક અમર ન હુવા, એકસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણ મધે લખચોરાસી ભોગવીને પછે જે કોય ભેરવનો સેવક હોય તેને ઘરે અવતરે, શ્રી સતગુર ભરમા વાચા સામીજી તે શીઆ માટે ? શ્રી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર એણે સતગુર સુખે દાન ન દેતા, દસદોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમરપદ હો સતગુરૂ. (૮)

સીરી સતગુર ભરમા હો વાચા નવમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સારીજંનહારજનં ? સીરી નારાયણ વાચા નવમી પુરી

મધે રાજા અખેદેવ રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે, જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મીરત લોક માંહે ગરીબોને દાન પુન કરીઆ છે તથા સીરી નારાયણનું સમરણ કરીઓ છે. તે એવા ફલ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? સીરી નારાયણ વાચા નહી સતગુરૂ એ લોક અમર નહી હુવા, અસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, લખચોરાસી ભોગવી પછે જે કોઇ અખેદેવનું સેવક હોય તેને ઘર અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ. ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતા, દસ દોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા. વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૯)

શ્રી સતગુર ભરમા હો વાચા દસમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા દસમી પુરી મધે રાજા સુરમાન રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે મીરત લોક માંહે સુરમાન દેવનું સમરણ કીધું છે તથા વેદ વાંચેઆ છે, તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા નહી સતગુરૂ, એ લોક અમર ન હુવા, અસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણ મધે લખ ચોરાસી ભોગવીને પછે જે કોય સુરમાન અવતારને પુજે છે અને વીરતીઆ વેદ વાંચે છે અને અથર વેદ નથી જાણતા તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા, એણે ન ભેટંતે સતગુરૂ. ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, એણે દસદોસ ન ખમતવા, દેખત કનક ( સોનું ) કામની ( સ્રી ) પર જાયંતે, પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ તે સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૦)

સીરી સતગુર ભરમા હો વાચા અગીઆરમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો સામી સીરીજંનહારજનં, સીરી નારાયણ વાચા અગીઆરમી પુરી મધે રાજા સુરરાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી

નારાયણુ વાચા, સુણો હો સતગુરૂ, એણે મીરત લોક માંહે સુરજની ભગતી કરી છે, અને સુરજ મંત્ર જાપ જપેઆ છે, તે એવા ઠામ પામેઆ છે સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? નહી સતગુરૂ એ લોક અમર ના હુવા, બસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, આવાગમણુ મધે લખચોરાસી ભોગવીને પછે જે સુરજનો ભગત હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણુ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૧)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી બારમી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે, તે ગીનાન કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણુ વાચા બારમી પુરી મધે રાજા મુની રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ એણે મરત લોક માંહે મુનીજન હોઇ રહેઆ હતા, તે મુની થઈને બોલતા નહી તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? નહી સતગુરજી એ લોક અમર ના હુવા, બસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે લખચોરાસી ભોગવી પછે જે મુનીદેવનું ભગત હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણુ વાચા એ ન ભેટંતે સતગુરૂ ન ઓલખંતે અવતાર પાત્ર સતગુર મુખે - દાન ન દેતવા, દસદોસ ન ખમતા, દેખત કનક ( સોનું ) કામની ( સ્ત્રી ) પર જાયંતે પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૨)

શ્રી સતગુર ભરમા હો વાચા તેરમી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજનંહારજનં ? સીરી નારાયણુ વાચા સુણો હો સતગુરૂ, તેરમી પુરી મધે રાજા સુરદેવ રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે, જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણુ વાચા એણે મીરત લોક માંહે તીરથ જાત્રા કરી છે અને બ્રાહ્મણુ પુજેઆ છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણુ વાચા ના સતગુરૂ એ લોક અમર ના હુવા, બસો વરસની આવરદા ભોગવીને

પછે મીરત લોક માંહે પડે, લખચોરાસીના ફેરા ફરીને ઠાલા તીરથવાસીને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે! સીરી નારાયણુ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, દસદોશ ન ખમતવા, દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૩)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી ચઉદમી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણુ વાચા ચઉદમી પુરી મધે રાજા મરત રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણુ વાચા એણે મરત લોક માંહે ચીત્રામણની પુજા કરી છે, તે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? ના સતગુરૂ એ લોક અમર ના હુવા, બસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, લખચોરાસી ફરીને જે કોય ચતુર દેવનો સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે? સીરી નારાયણુ વાચા એ ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, સતગુર મુખે દાન ન દેતવા, દસ દોસ ન ખમતા. દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૪)

સીરી સતગુર ભરમા હો વાચા સામીજી પનરમી પુરી મધે કોણુ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં, સીરી નારાયણુ વાચા પનરમી પુરી મધે રાજા ધરમ રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણુ વાચા, એણે મીરત લોક માંહે ધરમ કરીઆ છે, અને ગુરૂને માનેઆ છે, પણુ શેષ્ટ ગુર નથી મલેઆ તે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી એ લોક અમર હુવા કે ના હુવા? ના સતગુરૂ એ લોક અમર ના હુવા, ત્રનસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, લખચોરાસી ફરીને પછે જે સતગુર ભરમાજી વીનેઆ ધરમ કરે છે તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે? સીરી નારાયણુ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, સતગુર મુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરંત અસુરત કરતવા તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૫)

સીરી સતગુર ભરમા હો વાચા સોલમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સોલમી પુરી મધે ગુપ્ત રાજા રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શીઆ દાન કરેઆ છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ એણે મીરત લોક માંહે ગુપ્ત દાન દીધા છે, અને કોહોઠા માંહે ઘાલીને દાન દીધા છે તે માટે એવા ઠામ પામીઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા, ના સતગુરૂ એ લોક અમર નહિ હુવા, ત્રનસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણ મધે લખ ચોરાસી ફરીને પછે જે સતગુર વીના ગુપ્ત દાન દીએ છે તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે ન ભેટંતે સતગુરૂ, નહી ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતા, દસદોસ ન ખમતા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૬)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી સતરમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા સતરમી પુરી મધે રાજા અમે રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ હો વાચા એણે વીસવાસ આણીને સઉને દાન દીધું છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? ના સતગુરૂ એ લોક અમર ન હુવા, ત્રનસો વરસની આવરદા ભોગવીને, પછે મરત લોક માંહે પડે, આવાગમણ મધે લખ ચોરાસી ફરીને જીઆં અમ દેવનો સેવક હોય તેને ઘરે અવતરે, શ્રી સતગુર ભરમા વાચા સામીજી તે શીઆ માટે ? શ્રી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, દસ દોસ ન ખમતવા દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુર કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૭)

સીરી સતગુર ભરમા હો વાચા સામીજી અઢારમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી. નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, અઢારમી પુરી મધે રાજા અમદેવ રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે,

જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા સુણો હો સતગુરૂ, એણે મીરત લોક માંહે ગરીબોને વસ્ત્રનાં દાન દીધાં છે, તથા અનનાં દાન દીધાં છે, તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? સીરી નારાયણ વાચા ના સતગુરૂજી એ લોક અમર ના હુવા, ત્રનસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, લખચોરાસી મધે પેલો અવતાર જગન માંહે તલ તથા જવ તથા ધાન આલેઆ છે, તે માંહે સજીવ થઇને અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર સુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, પંજભુ આતમા વસ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૮)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી ઓગણીસમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા ઓગણીસમી પુરી મધે રાજા વસકરમ રાજ કરે છે સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઈ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મીરત લોક માંહે વસકરમની સેવા કરી છે, તથા ભગતી કરી છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ન હુવા ? સીરી નારાયણ હો વાચા સુણો હો સતગુરૂ, એ લોક અમર ન હુવા, એ ત્રનસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, આવાગમણ મધે લખ ચોરાસી ભોગવીને પછે જે વસકરમ દેવનો સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ! સીરી નારાયણ વાચા, એણે ન ભેટંતે સતગુર, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર સુખે દાન ન દેતવા, દસદોસ ન ખમતવા, દેખત કનક (સોનું) કામની (સ્ત્રી) પર જાયંતે, પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૧૯)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી વીસમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા વીસમી પુરી મધે રાજા વસવેસર રાજ કરે છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મીરત લોક માંહે વસવેસરની સેવા કરી છે, તથા વસવેસરનો જાપ જપેઓ છે તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે ના હુવા ? નહી

સતગુરૂ એ લોક અમર ન હુવા, ચારસો વરસની આવરદા ભોગવીને પછે મરત લોક માંહે પડે, લખચોરાસી ફરીને પછે જે વસવેસરને। સેવક હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા, એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, તે દસ દોસ ન ખમતવા, દેખત કનક કામની પર જાયંતે, પંજભુ આતમા વશ ન કરતવા, વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. (૨૦)

શ્રી સતગુર ભરમા હો વાચા સામીજી એકવીસમી પુરી મધે કોણ રાજા રાજ કરે છે, તે ભેદ કંથો હો સામી સીરીજંનહારજનં ? સીરી નારાયણ વાચા એકવીસમી પુરી મધે વીધાતા રાજા રાજ કરે છે. સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એણે મીરત લોક માંહે શી કમાઇ કરી છે જે એવા ઠામ પામેઆ છે, સીરી નારાયણ વાચા એણે મરત લોક માંહે વીધાતાની સેવા કરી છે, તે માટે એવા ઠામ પામેઆ છે, સીરી સતગુર ભરમા હો વાચા સામીજી એ લોક અમર હુવા કે નહી હુવા ? નહી સતગુરૂ એ લોક અમર નહી હુવા, પાંચસો વરસની આવરદા ભોગવીને પછે મીરત લોક માંહે પડે, લખચોરાસી ફરીને જે કોય વીધાતાનો ભગત હોય તેને ઘરે અવતરે, સીરી સતગુર ભરમા હો વાચા, સામીજી તે શીઆ માટે ? સીરી નારાયણ વાચા એણે ન ભેટંતે સતગુરૂ, ન ઓલખંતે અવતાર પાત્ર, એણે સતગુર મુખે દાન ન દેતવા, દસ દોસ ન ખંમતા, દેખત કનક કામની પર જાયંતે પંજભુ આતમા વસ ન કરતવા વેદ કુરાનની સાંખેઆ સુરત અસુરત કરતવા, તે કેમ પામે એવા અમર પદ હો સતગુરૂ. એકવીસ પુરીઉં સંપુરણ સમાપત ભવસતો સંપુરણ થઇ સહી, એવી પીર ઇંદ્ર ઇમામદીને વાણી કહી.

## દરસણ છની હરહકીકત સુણો હો મુનીવરો.

શ્રી સતગુર ભરમા હો વાચા પરથમ ભરમ દરસણ સુણો હો મુનીવરો, પરથમ કરતા જુગ માંહે શ્રી સતગુરનું નામ તો ભરમા, તારે રઘુવેદના વારા હોતા, તે રઘુવેદ પરમાણે ચાલતા, તારે સાહેબજીના અવતાર ચાર, શ્રી મછ, શ્રી કોરભ, શ્રી વારાહા, શ્રી નરશીં એવા અવતાર ચારની ભગતી કરતવા, જાપ જપતા, ખંમેઆ કરતવા, તે જારે કરતાજુગ સંપુરણ થયો, શ્રી સતગુર ભરમાજીનો વારો ઉતરેઓ અને રૂગુવેદનો વારો ઉતરેઓ, તારે રૂગુવેદી ભરામણનો ઠાલો લેખ રહેઓ છે, તે માંહે ભરમા નથી.

જારે બીજો ત્રેતાજુગ બેઠો તારે ગુર વીજેશઠણને હુકમ થયો છે, જે ભરમાનું કામકાજ અને ભરમાનુ તેજ તમ માંહે થયો છે, ભરમાનુ હુકમ

તમને આલેઓ છે, અને તમે ભરમાના અવતાર થયા છે, જારે ત્રેતાજુગ પુરો થયો, તારે જુજરવેદનો ચલણુ ઉતરેઓ, તારે ગુર વીજેશઠણુનો ચલણુ ઉતરેઓ છે, તારે જુજરવેદી ભરામણુનો ઠાલો લેખ રહેઓ છે, તે માંહે ભરમા નથી.

જારે ત્રીજો દુવાપુર બેઠો છે, તારે ગુર વીદરવીઆસને હુકમ થયો છે, જે ગુર વીજેશઠણુનું કામકાજ તમે કરો, ગુર વીજેશઠણુનું તેજ, ગુર વીજેશઠણુનો હુકમ તમને થયો છે, તમે ગુર વીજેશઠણુના અવતાર થયા છો, અને શામવેદનું ચલણુ થયો છે, જારે દુઆપુરજુગ ઉતરેઓ છે, તારે ગુર વીદરવીઆસનો વારો ઉતરેઓ છે, ગુર વીદરવીઆસનો ચલણુ ઉતરેઓ, તારે શામવેદનો ચલણુ ઉતરેઓછે, તારે શામવેદી ભરામણુનો ઠાલો લેખ રહેઓ છે, તેમાં ભરમા નથી, ગુર ભરમા, ગુર વીજેશઠણુ, ગુર વીદરવીઆસ, જારે વઈ ગયા, તારે ઠાલા લેખ રહેઆ છે, તે માંહે ભરમાજી નથી, સીરી સતગુર ભરમાજીને મલે તો છુટકો થાય, અને જે ઠાલા વેદને પુજે તેમાં છુટકો નથી, એ ભરમ દરસણ સમાપત ભવસતો.

સીરી સતગુર ભરમા હો વાચા. બીજો નાયક દરસણુ, તેને સંન્યાસી દરસણુ પણુ કહે છે, તે સુણો હો મુનીવરો, ત્રેતાજુગ મધે કવલાસ પુરી માંહેથી ઇશ્વર તથા પારવતી ભરમપુરી માંહે આવેઆ છે, અને ભરમાને કહેઓ છે જે તમે ભરમપુરી ઉઘાડસો, તારે ભરમાજીએ ભરમપુરી ઉઘાડી છે, તારે તે પુરી માંહે ગીઆ છે, તારે ભરમાજીએ ઇશ્વર તથા પારવતીને માન ઘણું દીધું છે, પોતાનું શીગાસણુ બેસવાનું આલીઓ છે, પછે સાવંત્રીજીએ તથા પારવતીજીએ બેઇ મીલીને વીચાર કરેઓ છે, જે બેએ મીલીને કહેઓ છે જે, સામીજી અમ જેવી કોય બીજી સતીઉં છે કે નહી, તારે ઇશ્વર કેવા લાગા છે જે તમે સતીઉં કસા માંહે નથી, મીરત લોક માંહે અનસીઆ સતી છે, તે માહા સતી છે, તારે પારવતી અને સાવંત્રીએ કહેઓ છે, સામી તમે એવીઉં વાત શું કરો છો, પણુ અમથી મોટી સતી કોઇ નથી, એમ બે સતીએ ગુમાન કીધું છે, તારે ભરમા અને ઇશ્વરે કહેઓ છે જે, અમે અનશીઆ સતીને ઘરે જાઇએ છઇએ, પછે તમે આવીને અમને ઓલખી લેજો, તો તમે પરતીવંતા માહા સતીઉં છો, પછે ભરમા ઈશ્વર મીરત લોક માંહે આવેઆ છે, તારે શ્રી રામચંદ્રજી અને કુંભકરણુ બેહી વઢતા હતા, જારે રામચંદ્રજીએ લંકા ભાગી, અને રાવણુ મારીઓ, તારે સુદરસન ચકરને હુકમ થયો જે, જીઆં દાણુવનું બીજ હોય તેને જઇને મારો, અને જેને ગીરભ હોય તેનાં પેટ ચીરીને ગીરભ કાઢીને મારો, તારે સુદ્રસન ચકરે સરવેનાં પેટમાંથી ગીરભ કાઢીને મારીઆ, તારે કુંભકરણુની એક વઉં હતી, તેના પેટમાં ગીરભ હતું તેને માસ પુરા થયા હતા, તેણે શું કરીઉ જે એક દેરો ઠાકરનો હતો, તેમાં આગલ હંમેશ શ્રી રામચંદ્રજી બેસતા હતા, તે જઆને

વર હતો, તે સુરતને પછવાડે જઇને છીપી રહી, તે જીઆં કુંભકરણની વહુ છીપી હતી તીઆં સુદ્રસન ચકર નહી ગયો, તે માટે ઉગરી તેને દીકરો એક થયો, તેનું નામ કુંભકા કુંવર રાખીઉ હતું, તે કુંવર વરસ બારનો થયો, ત્યારે તેની માતાને પુછવા લાગો જે મારો બાપ દાદો કોય દેખાતા નથી, તે કીઆં ગીઆ છે, તારે તેની માતા કેવા લાગી જે તારા બાપને દાદાને શ્રી રામચંદ્રજીએ મારી નાખેઆ છે, તું એવો કારે થાઇશ જે તારા બાપ દાદાનું વેર લઇશ તારે તેને મેણું લાગો છે, તારે તપ કરી માહાદેવ પાસેથી વર લઇને શ્રી રામચંદ્રજી સાથે વઢવાને ગયો છે, તારે તે રામચંદ્રજી શું બહુ વઢઓ છે, તારે રામચંદ્રજીએ પુછીઉં જે એ કોણ છે એને કોણે વર આપેઓ છે તારે કહેઉ છે જે એ કુંભકરણનો છોકરો છે, એને માહારૂદરે વર આપેઓ છે, અને એનું નામ તો કુંભકા છે એણે તપ કરેઓ છે, તારે માહારૂદ્ર પરસન થયા ને વર આપેઓ છે તારે રામચંદ્રજીએ સાચું માનીઉ છે, ત્યારે શ્રી રામચંદ્રજીએ જુધ કરીને સીતા લાવેઆ છે. આ તે દાડાની વાત છે, ભરમા તથા ઈશ્વર બેઇ અનસીઆ સતીને ઘરે આવેઆ છે, તારે અનસીઆ સતી ઘણું રાજી થઈ છે, જે સામીજી અમારા ભાગ જે તમો અમારા ઘરે આવેઆ, તારે ભરમાજી તથા ઇશ્વર કેવાને લાગા જે અમો તમારા ઘરે આવેઆ છઇએ તે તમો અમોને જમાડસો, તારે અનસીઆ સતીએ કહીઉ છે જે અમો તમને જમાડસું, તારે ભરમાજી તથા ઇશ્વર કેવાને લાગા છે જે તમે અમોને નગન થઇને જમાડસો, તારે અનસીઆ સતી બોલેઆ છે જે સામીજી અમારો સત તે કેમ રહે, તારે દેવ બેહી કેવાને લાગા છે જે અમારી શક્તીઉંનો ગુમાન ઉતારવો છે તે માટે તમારો સત અમો રાખસું તારે અનસીઆ સતી કેવા લાગી જે સામી અમોને કોલ આલો તારે બેઇ દેવે કોલ આપેઓ છે, તારે તે કોલને કાજે બે દેવ તીઆં બાલક થીઆ છે, પછે અનસીઆ સતીએ નગન થઇને પરસાદ કરેઆ છે, તારે દેવ બેને નવરાવીને પારણામાં પોઢાડેઆ છે, અને પારણે પોઢાડીને હીંડોલેઆ છે. એટલે સાવંત્રીજી તથા પારવતીજી સખતું બે આવીઉ ચે તારે બેઉએ મલીને પુછેઉ છે જે અમારા પુરસ આવેઆ છે, તારે અનસીઆ સતીએ કહેઉ છે જે જાઈ જુઓ પારણા માંહે બેઉ પુરસ પોઢેઆ છે, પછે બેઉ સતીઉ જોવા લાગીઉ છે તેણે પોતપોતાના પુરસ ઓળખેઆ નહી, તારે તીઆં હાર પામીઉ છે, તારે તીઆં તેઉનો ગુમાન ઉતરીઓ છે, તારે અનસીઆ સતીએ લઇને પોત પોતાનો પુરસ આલેઓ છે, જે જેનો પુરસ તે તેના હાથમાં આલીઓ છે, તારે તેઓનો ગરવ ઉતરેઓ છે, તારે દેવ બે અનસીઆ સતીને કેવા લાગા છે, જે તમે માગો તે તમને આલીએ, તારે અનસીઆ સતી કેવા લાગાં છે

જે સામીજી તમારો કોલ આલો, તારે પછે અમે માગશું, તારે દેવ બે મલીને કોલ આલેઓ છે, તારે અનસીઆ સતી કેવા લાગી જે, સામીજી એક પુત્ર આપો જે કોઇક માહા દેવપુરશ થાય, તારે ભરમાજીના મુખ માંહેથી વચન નીસરેઓ. જે જાઓ તમારે એક પુત્ર થાસે, તે માહા દેવ થાયસે, તારે ઇશ્વરે વીચાર કીધો છે જે ભરમાજીએ સાત અવતાર લઇને ભગત તારેઆ છે, તારે ઇશ્વરે કહીઉ જે હું વીશનવની ભગતી દેખાડીને ભગત તારૂં, પછે અનસીઆ સતીને કહેઉ છે જે તું તારા હાથ જોડ, તો દીકરો થાસે, તારે અનસીઆ સતીએ હાથ બેઇ જોડેઆ છે, તારે ઇશ્વરે હાથ માંહે દતાત્રીઅનો અવતાર લીધો છે, તે દતાત્રીઅ પાસેથી સંન્યાસી થયા છે, તીઆં રામચંદ્રનો જાપ આલેઓ છે, બાર લાખ ને છનુંહજારનો ત્રેતા જુગ તેમાંથી બાર લાખ ને ચોસઠ હજાર વરસ ગીઆ હતા, તે દાડાની એ વાત છે, પાછલા બત્રીસ હજાર વરસ રહેઆ છે, તારે દતાત્રીઅ પયદા થયા છે, તે દતાત્રીઅ પાસેથી સંન્યાસી થયા, ગુર વીજેશઠણુ સાથે શાતકરોડ જીવ તારેઆ છે, બાકી સવા કરોડ દતાત્રીઅ (દત–આપેલો) અને (અત્રીઅ–એનસીઆનો ધણી અત્રીરૂશી) સાથે મલેઆ છે, તેણે જટા માથે રખાવી છે, પછે સંન્યાસીનો ભેખ રહેઓ છે, તે ઘર માંહે ધણી નથી, ઘર ખાલી છે, તે તમે સુણો હો મુનીવરો, એ સંન્યાસી દરસણ સંપુરણ ભવસતો. (૨)

શ્રી સતગુર ભરમા હો વાચા ત્રીજે જેન દરસણ તેની હર હકીકત સુણો હો મુનીવરો, ઘરેણું લખમીજીને ચડાવાને સારૂ શ્રી કરસનજીએ જાદવોને મોકલેઆ છે, સાથે નીમનાથ તથા પારસનાથને મોકલેઆ છે, તે જાદવ જાઇને બેઠા છે તારે જોએ તો એક વાડા માંહે જનાવર બાંધીઆ હતા, તીઆં હરણા તથા રોજ તથા બકરા બાંધેઆ છે, તારે જાદવ કેવાને લાગા જે આ જનાવરોને શું કરશો, તારે વેવાઇ કેવા લાગા જે લખમીજીને પરણાવસું તારે જાદવુંને ખવરાવસું જારે, કરસનનાથને પરણાવસું તારે સઉને જમાડસું, તારે જેન જાદવે બહુ ત્રાસ કરેઓ છે, પછે રીસાઇને ગરનાર ગઢ ઉપરે જેન જાદવે તપ કરવા માંડીઓ છે, પછે કીરસનનાથે જાણીઉ છે જે જાદવ તો તપ કરવા ગીઆ, તારે કરસન નાથે ભલા ભલા જાદવુને મનાવાને મોકલેઆ છે, જે જેટલા તપ કરવાને ગીઆ હોય તેટલાને તેડી લાવો. તમે સેને માટે જુઠો તપ કરો છો, તોએ તે કહેઉ જેન જાદવે માનીઉ નહી ને તપ મુકેઓ નહી પછે કરસનનાથજી લખમીજીને પરણીને લાવેઆ છે, પછે કરસનનાથજી પોતે મનાવાને ગીઆ છે, તો પણ કરસનનાથનુ બોલ જાદવે રાખેઓ નહી, અને બોલ માનીઉ નહી, તારે કરસનનાથે એક વીચાર કરેઓ છે, જે એને છલ પાડવું. આજ વિષયને લગતું પીર સદ્દીનનું બનાવેલ ગીનાન નીચે પ્રમાણે છે.

તારે જીઆં જાદવ મલી તપ કરતા હતા, તીઆં એક કુવો હતો, તે ઉપરે એક મઉડાનો જાડ પએદા કરેઓ છે, તેનાં મઉડા ગલી ગલીને કુવા માંહે પડે છે, તેનો પાણી દારૂ જેવો થયો છે, તારે સરવે રીખીસરે તે પાણી પીધું છે, તારે તે સઉને દારૂ ચડેઓ છે, તારે તેઓને ખુધીઆ લાગી છે. તારે શ્રી કરસનજીએ શું ભેદ કીધો છે જે એક વાછડી પએદા કીધી છે તે વાછડી માયા રૂપી પએદા કરી છે, અને તે વાછડીને વન માંહે મેલી દીધી છે, તારે તે વાછડી ચરતી ચરતી રખીસરૂને પાસે આવી છે, તારે તે રખીસરે વાછડીને મારીને ખાધી છે, તે વાછડીના ખરીઉં તથા પુછડી તથા ખાલડી તથા માથું એ ચારઇ વસતુ મંઢી માંહે છુપાવી છે, એટલે શ્રી કરસનનાથ ભરામણનું રૂપ લઇને તે રીખીસરૂના પાસે આવેઆ છે, તારે રીખીસરોને પુછવા લાગા છે. ભાઈ રીખીસરો અમારી એક વાછડી આંહી આવી છે ? તારે રીખીસરૂ એ કહેઉ જે અમે રીખીસર દેવતા શું જાણીએ તારી ગાય. તારે તે ભરામણ સઉની

---

## ગીનાન પીર સરદીનનું.

જુગ દુઆપુરમે જગન આદરેઓ, તીઆં રખીએકુ તેડી બોલાયા સામી. (૧)
રખીએ શબદ ન માનેઓ, તેનો જાઇ રહેઆ વન માંહે સામી. (૨)
વન માંહે વારેઆ ઝુંપડા, માથે ચારે કોરે ચમર ઢરાયા સામી. (૩)
રખીઆને ત્રસનારે ઉપની, તેતો ચીંતા કરે મન માંહે સામી. (૪)
વીશનવ ઉપાઇ એક વાવડી, માથે ઉભો મવડાનો જાડ સામી. (૫)
પાકા મવડા માંહે ટબટબે, તેનું પાણી પીતો નવ જાય સામી. (૬)
રખીઆને ત્રસના ઉપની, તેણે પાણી પીધો તીન માંહે સામી. (૭)
પાણી પીધે ખુધીઆ ઉપની, તેતો ચીંતા કરે મન માંહે સામી. (૮)
વીસને ઉપાઇ એક વાછડી, તેતો ચરતી ફીરે વન માંહે સામી. (૯)
રખીઆને ખુધીઆ ઉપની, તેણે મારી ખાધી શાહાની ગાય સામી. (૧૦)
કોટે જનોઇ હાથે લાકડી, સામી વાછડી ઢુંઢવા જાએ સામી. (૧૧)
તમે રખીસર દેવતા, તમે ઇઆં કાંય દીઠી ગાય એજી. (૧૨)
અમે રખીસર દેવતા, સામી શુંરે જાણું તારી ગાય. (૧૩)
કોટે જનોઇ હાથે લાકડી, સામી મંઢલી ઢુંઢવા જાય સામી. (૧૪)
પેલા નીસરેઆ હાદ પાસરાં, પછે નીસરેઆ પગ ચાર સામી. (૧૫)
ચરણ મુંઢી સરવે નીસરી, તેની ખાલડી કરે જમકાર સામી. (૧૬)
તમે કેહેતા અમે દેવતા, તમે કાંયરે ખાધી મોરી ગાય એજી. (૧૭)
અમે ભુલા અમે આવરા, સામી અમને લાગી ખુધીયાએ. (૧૮)
આગે પંથ ન જાણતા, સામી ભુલડાને મારગે લંગાએ સામી. (૧૯)
તબરે નારાયણ કોપેઆ, તે રખીઆને બાંધી ચલાયે સામી. (૨૦)
પીર સદરદીન બોલેઆ, સામી રખીઆના બંધ છોડાએ સામી. (૨૧)

મંઢીઉ ઢુંઢવા લાગો છે તારે રખીસરૂની મંઢી માંહેથી ચામડી તથા પુછડી તથા ચરણુ તથા મુંઢી નીસરી છે, તારે સરવે રીખીસરૂને તીઆં જાણેઆ છે, જે અમારી વાછડી તમે મારીને કેમ ખાધી છે, પછે શ્રી કરસનનાથ પરગટ થયા છે, તારે સરવે રીખીસર તીઆં કરગરવાને લાગા છે, જે સામી અમારા પાપ તમે દુર કરો, એમ સઉ રીખીસર કરગરવા લાગા છે, પછે કરસનનાથે શું ભેદ કરેઓ છે જે એક લાકડાનું મંડાણ કરીને તેને તેલ ચડાવેઓ છે, તે મંડાણ ચાર આંચલ કરેઆ છે, ને તેઉનાં હાથમાં આલેઆ છે, પછે તે રીખીસરૂને કહેઓ જે તમે જીવ દયા પાલજો, તો તમારો ગઉ પાપ જાસે, અને તમે ગાયને મારી છે તેને બહુ દુખ થયો છે, બહુ દુખ દીધું છે તે માટે તમારૂ માથું લોચન કરાવો, તો તમારો ગઉ પાપ જાસે, એવો ચોવીસ જાદવે નીઅમ આદી ધરમ લીધો છે, તેના ચોવીસ તતીખણુ કરેઆ છે, તીઆં તેઉને થાપ આપેઓ છે, બીજા રહેઆ તે ચોવીસને માને છે, તેમાં મોટા નીમનાથ તથા પારસનાથ, જો તમે ચોવીસ તતીખણુને માનો તો તમારા પાપ જાસે, તારે બીજા ચોવીસ તતીખણુને માનેઆ છે, તેને શ્રી કરસનનાથે જાપ આલેઓ છે, શ્રી હરી અંત શ્રી હરી અંત, નમો સીધાંણુ નમો સીધાંણુ એ જાપ જપવા લાગા છે, તારે શ્રી કરસનજીએ પોતાનું કુલ જાણીને તે ઉપરે દયા આણી છે, તારે તે ચોવીસ મોવડીને વાંસે જીવ ચારહજાર આઠસો ને અડતાલીસ ઓધરેઆ છે, એક લાખ ને ચોવીસ હજાર વરસ બાકી દુવાપુરનાં રીઆ હતા તારે વરતીઆનું ધરમ પેદા થીઓ છે, અને વીશનવ ધરમ પણુ તે દાડાનું પેદા થીઉં છે, તે માંહે ભગત સદામોજી ઓધરેઆ છે તથા બીજા ભગત સાત સદામાજી સાથે હતા, તેઓને સાથે પણુ કેટલાક જીવ ઓધરેઆ છે, તે વીશનવ ધરમ પણુ જેન દરસણુ માંહેથી પેદા થયો છે, તે જેન દરસ-નનું ભેખ રહેઓ છે, તે ઘર ખાલી છે, તે માંહે ધણી નથી, તે સુણો હો મુનીવરો, જેન દરસણુ સંપુરણુ સમાપત ભવસતો પુરો થયો છે.

ચોથું બુધાદરસન તે તમે સુણો હો મુનીવરો, દુવાપુર જુગ માંહે રાજા જુજેશટણુ સાથે નવકરોડી જીવ ઓધરેઆ છે, દુવાપુરજુગ માંહેથી બાકી કાંઇક રહીઉં હતું, તારે શ્રી કરસનનાથ માંહેથી જીવ સમાઇ ગયો છે, તારે લોક શ્રી કરસનજીનાં રૂંઢને બાલવા લાગા છે, તે બલતો બલતો રૂંઢ જેવું રહેઉં, તેવું નદી માંહે વેતું મેલીઉં છે, તે વહેતો વહેતો એક મુલક માંહે ગયો છે, તેને એક જણે કાઢેઉં છે, જેણે કાઢીઉં તેને સપનામાં રૂંઢે કહેઓ છે, જે એ રૂંઢને ઘરમાં રાખો, અને કોઇને એકવીસ દાડા સુધી જોવા દેસો નહી, તારે રાજા વીરપારને માત ગવનનો પાપ હતો, તેણે જઇને સીંગી રીખીની સેવા કીધી છે, તારે તેણે કહેઓ છે જે, જારે તમને શ્રી કરસનના રૂંઢનાં દર-સન થાસે, તારે ત્મ ઉપરથી માત ગવનનું પાપ ઉતરસે, અને ગીરત કોઢ પણુ ઉતરસે, તારે વીરપાર રાજાને ખબર થઈ છે, જે ચાલીને તીઆં આવેઓ છે,

તેણે આવીને શ્રી કરસનનાથના રૂંઢને જોઇઉં છે, તારે તેના ઉપરેથી પાપ માત ગવનનું ઉતરેઉં છે, અને ગીરત કોઢ પણ ગયો છે, પછે તે રૂંઢને ઘર માંહેથી બાહેર કાઢેઓ છે, તારે રાજા વીરપારે કહેઓ છે જે, એ રૂંઢ અમને લઈ જાવા દેઓ તો હું એની સેવા કરૂં, તારે તે રૂંઢ અલુપ થઇ ગયો છે, શ્રી સતગુર ભરમા હો વાચા તે માંહેથી બુધદરસણ થયો છે, તીઆંથી બુધ પંથ ચાલેઓ છે, અને બુધ જાપ જપાવેઆ છે, તારે રાજા વીરપાર કેવા લાગા છે જે જારે શ્રી કરસનજી જીવતા હતા, તારે અઢારે આલમ શ્રી કરસનજીને દેખતા હતા, તારે તેઓના પાપ કેમ જાતા નહી, તારે તે રખીસર જેના સપનામાં રૂંઢ આવીઓ છે તેણે કહીઉ છે જે, જેણે શ્રી કરસનજીને શ્રી નારાયણ દેવ કરીને જાણેઆ છે, અને શ્રી સતગુરજીના જાપ જપેઆ છે, તેઓના પાપ ગયા છે, તીઆંથી રાજા વીરપારે પંથ ચલાવેઓ છે, તે બુધપંથ ચાલેઓ છે, પણ સીરી બુધ તો અલુપ થઇ ગીઆ છે, તેને ધણી બાવો કરીને માને છે, અને જોત થાપે છે, પણ સીરી બુધ તો અલુપ થઇ ગયા છે, તેનો ભેખ રહેઓ છે, તે ઘર માંહે ધણી નથી, તે તમે સુણો હો મુનીવરો, બુધદરસણ સમાપત ભવસતો.

(૧) પરથમ ભરમ દરસણ. (૨) બીજો સન્યાસી દરસણ. (૩) ત્રીજો જેન દરસણ. (૪) અને ચોથો બુધ દરસણ, એ ચાર દરસણ સંપુરણ સમાપત ભવસતો.

## પાંચમો શીવ દરસન સુણો હો મુનીવરો.

સીરી સતગુર ભરમા હો વાચા, દુવાપુર ઉતરીને કલજુગ બેઠો તે દાડાની વાત છે, જારે ત્રન જુગનો ચલણ ઉતરેઓ છે, અને નવ અવતારનો વારો ઉતરેઓ છે, અને ત્રન વેદનો વારો ઉતરેઓ તે ઘર ઠાલા થયા, આજ કલજુગ માંહે નકલંકી અવતારનો વારો બેઠો, ગુર નબી મહંમદનો વારો બેઠો, અને અથરવેદનો ચલણ બેઠો, એણે ચલણે જે કોય ચાલશે, તે જીવને મોખ મુગત થાસે, શ્રી સતગુર ભરમા હો વાચા, આદમની હકીગત સુણો હો મુનીવરો, આદમને અલ્લાહનો હુકમ થયો જે આદમ તમે બેહેસતમાં જાઓ, બેહેસતમાં સરવે મેવા ખાજો, પણ એક ઘઉંનો દાણો મ ખાજો, એવું ફરમાન દાદા આદમને થયો છે, પછે દાદો આદમ ને દાદી હવા બેહેસતમાં જાઈ રહેઆ છે, તારે સેતાને ઘઉંનો દાણો સવાસેરનો લાવીને દાદી હવાને આલીઓ છે, કહેઉં જે તમે ખાઓ, તારે માતા હવાએ ના કહી. તારે સેતાને કહેઉં જે તમે શા માટે ખાતાં નથી, બાવા આદમે એ દાણો ખાધો છે, તે તમે પણ ખાઓ, જો ખાઓ નહી તો ચાખી જુઓ, તારે માતા હવાએ ઘઉંના વીચે નખ કીધો છે, તે નખ ચાખેઓ તારે ઘણો સવાદ લાગો, તારે અરધો દાણો ખાધો છે, અને અરધો દાણો આદમને કાજે રાખેઓ છે, એટલે અજાજીલ સેતાન ગયબ થઇ ગીઓ છે, તારે ખુદાતાલાએ વઇ જબરાઇલને હુકમ કીધો છે, જે માતા હવાને બાહેર કાઢી નાંખો, તારે દાદા આદમને માલમ થઈ છે, તારે દાદા આદમ

પોતાને ઠેકાણે આવીને જુવે તો માતા હવા દીલગીર થયા છે, તારે દાદા આદમે કહેઓ જે કેમ દીલગીર થયા છો તારે માતા હવાએ આદમને કહેઓ છે જે મેં અરધો દાણો ઘઉંનો ખાધો છે, તારે બાવા આદમે સીર ધુણાવેઓ છે, જે સેતાન છેતરી ગીઓ છે, એવો ગુમાન કરેઓ છે, તારે માતા હવાએ અરધો દાણો બાકી રહેઓ હતો તે લાવીને આદમના મોઢા આગલ મેલેઓ છે, તારે ત અરધો દાણો આદમે ખાધો છે, તારે વઈ જબરાઈલને હુકમ થઈઓ છે જે એ જણ બેને બેહેસત માંહેથી બાહેર કાઢી નાંખો એઓને મેદાનની હાજત થઈ છે, એ બેફરમાની થયા છે, તે માટે કાઢી નાંખો, તારે આશમાન ઉપરથી ફેંકી દીધા છે, તારે દાદા આદમને તો દખણ દીસે સેલાન પરબત ઉપરે નાખી દીધા છે, અને દાદી હવાને ઉતર દીસે સવાલાખ પરભત ભેળા છે તીઆં નાખી દીધા છે, તારે દાદા આદમે સેલાન પરબત ઉપરે એકસો વરસ સુધી તપસા કરી તારે તેનું વીરજ છુટો છે તેમાંથી એક વીરજ માછલી ગળી ગઈ તે માંહેથી મછુંદરનાથ પેદા થયા છે અને બીજો વીરજ ગોબર માંહે પડીઓ છે, તે માંહેથી ગોરખનાથ પેદા થીઆ છે, તે ગોરખ સરવે લોકની ગાયો ચારતો હતો, તારે તીઆં ફરતા ફરતા મછંદરનાથ આવેઆ છે, તારે ગોરખને કહેઉ છે જે ગોરખજી અમને ગાયનું દુધ પાઓ, તારે ગોરખે કહીઉ છે, જે સામીજી તમે અમારૂં નામ કેમ જાણીઉ, તારે મછંદરે કહીઉ છે જે તમે ગાએઉ ચારો છો તે માટે તમને ગોરખ કહીઉ છે, તારે ગોરખે એક ગાય વાંજાણી લાવી આપી છે, તારે તે વાંજણી ગાયને મછંદરે દોહી છે, તારે ગોરખ આવીને મછંદરને પગે લાગા છે, સામીજી તમે અમારા ગુરૂ થાઓ, અમને તમે મુરીદ કરો, તો અમને મોખ થાય, તારે મછંદરે કહીઉ જે ભાઈ ગોરખ, આજ કલજુગ માંહે શ્રી સતગુર ભરમાનું બેસણ આસણ, તે નબી માહામદને થીઓ છે તમે નબી માહામદના પાસે જાઇને મુરીદ થાઓ, તારે બાવા ગોરખ નબી માહામદમુસતફા પાસે જાઇને મુરીદ થીઆ છે, તારે નબી સાહેબે બાવા ગોરખનું નામ બાવા હાજરાવલરતન રાખીઉં છે, અને સરવે હીંદુ તેને બાવા ગોરખ કહે છે, તારે નબી માહામદે બાવા ગોરખને વર આલેઓ છે, જે તારે હાથે પાંચ લાખ જીવ છુટશે, તારે બાવા ગોરખ સાથે પાંચ લાખ જીવ જોગી ગોદાવરી માંહે છુટા છે, અને જગમ છનું હજાર પણ તે માંહે થીઆ છે, તેમાંથી જણ ચાર ઓધરેઆ છે, તે શીવ દરસણને જોગ દરસણ પણ કહે છે, તે શીવ દરસણ સંપુરણ સમાપત ભવસતો.

તારે આજ કલજુગ માંહે સતગુર ભરમાનો આસણ જાણીને જે કમાઈ કરસે, તે જીવ છુટશે, પછે સેલાન પરબત ઉપરે બાવા આદમે નવસો વરસ એક પગે તપ કરેઆ છે અને લોહીનાં આંસુ આંખેથી પડીઆ છે, તારે ખુદાતાલા મેહેરબાન થયા છે, તારે બાવા આદમને વઈ જબરાઈલ તેડવા આવેઆ

છે, તારે સેલાન પરબત ઉપરે સાહાત્રન હાથના પગલાં બે થઈ રીઆં છે, તે માંહેથી પગલો એક હીંદુ લંકામાં લઇ ગયા છે, તેને સરવે લોક ઇશ્વર કરી પુજે છે, બીજો પગલો મુસલમાન લોક મકામાં લઇ ગયા છે તેને બાવા આદમ કરીને માને છે, અને મુસલમાન લોક તેને ખાને કાબતુલ્લા કહે છે પણ એ શીવ દરસનને ભેખ રીઓ છે, અને જોગી તથા જંગમીનો ભેખ રીઓ છે, એ ઘરમાં ધાણી નથી જોગી જંગમીનો હાલો ભેખ રીઓ છે, એ શીવ દરસણુ સંપુરણુ સમાપત ભવસતો. (૫)

## છઠો મીલછ દરસણુ લીખેઓ છે.

શ્રી શતગુર ભરમા હો વાચા છઠો મીલછ દરસન સુણો હો મુનીવરો, આદ પુરખ ચતુર મુખ મધે ઉપારજંતો, સરવે શીવમાયા જીવજંત ગીનાન, શ્રી સતગુર નર ગુણુ સરવે સરજંતે હો સામી આદ પુરસ નુર પરવાર, મહીપત નુર પરવાર સુણો હો મુનીવરો, તે પુરસ માંહે ચાર મુખ હુવા છે નવ કુરસી માંહે ચતુર મુખ ભરમા થીઆ છે, તે ચાર મુખ પાસેથી દસ મુખ થીઆ છે, તે મુખના નામ સુણો હો મુનીવરો, પરથમ તો (૧) માહામદ મુખ. (૨) બીજો દીપક મુખ. (૩) ત્રીજો તંમ મુખ (૪) ચોથો અબદ મુખ. (૫) પાંચમો સમગઈ વીર મુખ. (૬) છઠમો તો અબદલ સતા મુખ. (૭) સાતમો તો અબદલ જમાલ મુખ. (૮) આઠમો તો અબદલકરીમ મુખ. (૯) નવમો તો અબદલ રહીમ મુખ. (૧૦) દસમો તો તથામુખ. એવા દસ મુખ ભરમાના છે, કરતાજુગ મધે તો ગુર સતભરમા નામ હોતા, અને મુસલમાનીમાંતો પરથમ ઈબરાહીમ ખલીલીલાને માનતા હો મુનીવરો, ત્રેતા જુગ મધીએ ગુર ભરમાનો નામ તો ગુર વીજેશઠણુ થીઆ છે, અને તેને મુસલમાનીમાં મુસાકલામ અલાહ કરીને માને છે, ત્રીજા દુવાપુર જુગ મધીએ ગુર ભરમાનો નામ તો ગુર વીદર વીઆસ થીઆ છે, તેને મુસલમાની માંહે ઇસા રૂહુ અલ્લા કરી કહે છે, હો મુનીવરો આજ કલજુગ માંહે ગુર ભરમાનો અવતાર તે સતગુર સોહોદેવ પીર સદરદીન થયા છે, અને મુસલમાની માંહે નબી માહામદ રસુલીલ્લા કહે છે, અને તેને જપે છે તે મુસલમાની દીન માંહે ગુર ભરમા નામ તે નબી માહામદ રસુલીલ્લાહ કહે છે, અને તેને હીંદુ તો પરીભરમ કહે છે, એવા દસ મુખ છે તે દસ નામ ભરમાના છે, તે મુલ દરસણુ છે, તે નબીમાહામદ મુસતફા પાસેથી થયા છે તેના નામ ચાર કીતાબ છે, પરથમ તોરેત કીતાબ તે મુસા નબીને ઉતરેઓ છે, સતગુર ભરમાએ પોતાની વતીએ મોકલેલા છે, જે તમે જાઇને દીન જાહેર કરો. તેણે આવીને દીન જાહેર કીધો છે, તે તોરેત કીતાબને સતી લોક તો રૂગવેદ કહે છે, અને મુસલમાની માંહે તો તોરેત કીતાબ કેહે છે, બીજો જંબુર કીતાબ તો દાઉદ

નબીને ઉતરેઓ છે, તેને સતી લોક તો જાુજરવેદ કહે છે, અને મુસલમાનતો જાંબુર કીતાબ કહે છે, દાઉદ નબીને તો સતી લોક ગુર વીજેશઠણુ કહે છે, અને મુસલમાન તો દાઉદ નબી કહે છે, અને અંજીલ કીતાબ તો ઈસારૂહ અલ્લાને ઉતરેઓ છે, તેને સતી લોક તો શામવેદ કહે છે, અને મુસલમાન તો અંજીલ કીતાબ કહે છે, અને ઈસારૂહ અલ્લાહને સતી લોક તો ગુર વીદરવોઆસ કહે છે, અને મુસલમાન તો ઇસારૂહ અલ્લા કહે છે, અને ફુરકાન કીતાબ તો નબી માહામદ મુસતફા રસુલ સલલ્લા અલેહ વસલમને ઉતરેઓ છે, તેને સતી લોક તો અથરવેદ કહે છે, અને મુસલમાન તો પુરકાન કીતાબ કહે છે. અને નબી માહામદને સતી લોક તો સતગુર સોહોદેવ પીર સદરદીન કહે છે, અને મુસલમાન તો નબી માહમદ રસુલ્લીલ્લાહ કહે છે, અને પછે માહામદ મુસતફા તો દસમે આસમાને ગયા છે, તીઆંથી ફુરકાન કીતાબ થયો છે, પછે માહામદ મુસતફા નવલાખ વાતું લઇને મીરત લોક માંહે આવેઆ છે, તેનો વીચાર છે જે ત્રનલાખ તો ગુજરી, અને ત્રનલાખ તો ફારસી, અને ત્રનલાખ તો આરબી, કુરાન મજમે નવલાખ વાત તે કાદરે, નબી હજાુર આંખી છે પછે મીરત લોક માંહે આવીને આ કલજાુગ માંહે કુફરાન તોડેઆ છે, અને સવાલાખ રાજા મારેઆ છે, પછે કલમો પરગટ કીધો છે, અને કલમો જાપ જપાવેઓ છે, જે લા ઇલાહ ઈલલ્લાહ મહમદ રસુલીલ્લાહ એ કલમું જપાવેઓ છે, તીઆં એક લાખ ને ચોવીસ હજાર પેકાંબર છુટા છે, તેને મોખ મુગત થયો છે, પછે સીંતેર સોહોસ હુસેની અલીની આલ ચાલી છે, તે બેહેસતમાં ગયા છે, પછે માહામદ મુસતફા તો દુનીઆમાંથી સધારેઆ છે, અને આગલ જે અડસઠ (૬૮) તીરથનો મેમા હતો તે આજ પંજતન પાક માંહે આવેઆ છે, તે પંજતન પાકના નામ સુણો હો મુનીવરો, અવલ હઝરત નબી મહમદ મુસતફા રસુલ સલલ્લા અલેહે વ સલમ, બીજો નામ તો હઝરત મઉલા મુરતજા અલી, ત્રીજો નામ તો માતા બીબી ફાતમત જેહેરા રજી અલ્લાહુ તઆલા, ચોથો નામ હઝરત ઇમામ હસન, પાંચમો નામ તો હઝરત ઇમામ હુશેન, તે તમે સુણો હો મુનીવરો, શ્રી સતગુર ભરમા સતગુર સોહોદેવ વાચા, પીર ઈમામશાહા વાચા, શ્રી નકલંકી ગીતા તથા છ દરસનની ઉતપુત સંપુરણુ સમાપત ભવસતો.

હક અશહદો અનલા ઇલાહ ઇલલ્લાહ, અશહદો અન મહમદ રસુલીલ્લાહ, અશહદો અન અમીરલ મોઅમેનીન અલી સહી અલ્લાહ.

આ સિવાય સૃષ્ટિની ઉત્પત્તિના સબંધમાં સૈયદ **ઇમામશાહે** પોતાના સતપંથીઓ માટે **“મોટી દશતરી ગાવંત્રી”** લખી છે તે પણ વાચક વર્ગની જાણ માટે અત્રે રજુ કરવામાં આવી છેઃ—

# મોટી દશતરી ગાવંત્રી લખી છે.

## શ્રી સતગોર બ્રહ્મા વાચા ફર્માનજી, બિસ્મિલ્લાહ્ હિર્રહ્માં નિર્રહીમ.

પ્રથમ પરમેશ્વરા, પરવાદે લેજે સાગરા, સેવાને કારણે હેત રચંતે, ધરતી ઉપર પાએ ન દેતવા, તારે સદાએ સર્વે પરલેગત, પ્રથમ લિલ વર્ણ તે ધંધુકાર, ત્યારે સ્વામી તમે આદ નિરંજન નિરાકાર. ત્યાં કવન ચેન પરિવર્તતે ? દમ્ દઇઆ પુરુષ નારાયણ, આપ મને આપ ધ્યાન કર્તવંગ હો સ્વામીજી !

તે નુર નિર્વાણ આપ હસ્તકે તદા નિરંજન તે નિરાકારે, તદાં લિલ વર્ણ તે ધંધુકારે, ત્યારે નહિ સાદ, નહિ શબ્દ, નહિ આદ, નહિ ઉનાદ, નહિ રેવંત, નહિ રચના, નહિ પવન, નહિ પાણી, નહિ ખાણી, નહિ વેદ, નહિ ભેદ, નહિ જલ, નહિ કમલ, નહિ વમલ, નહિ પર્વત, નહિ પાષાણ, નહિ નદિયો, નહિ નવાણ, નહિ સમુદ્ર, નહિ સાગર, નહિ ઘેવર, નહિ કૈલાશ, નહિ મેર, નહિ મેખલા, નહિ સ્વર્ગ, નહિ નર્ક, નહિ મૃત્યુ, નહિ પાતાળ, નહિ ધરતી, નહિ આકાશ, નહિ ચંદ્ર, નહિ સૂરજ, નહિ તારા, નહિ ધ્રુ, નહિ મેઘ, નહિ માઝા, નહિ રેહણી, નહિ દિવસ, નહિ સુંન, નહિ પોકાર, નહિ જરણ, નહિ મરણ, નહિ સૃષ્ટિ, નહિ સંજોગ, નહિ ભાવ, નહિ ભ્યંકાર, નહિ રૂપ, નહિ રેખા, નહિ રાગ, નહિ ભાષા, નહિ ભેદ, નહિ દમ, નહિ કદમ, નહિ રીત, નહિ કરીત, નહિ યોગ, નહિ માયા, ત્યારે ભાવ ભેદ કાંઇ ન હુતા, તદા આદ નિરંજને કેઇ પેરે સૃષ્ટિ નિપાઇ ? હો સ્વામીજી !

પરથમ જમીનનાં જડબંધન જુગ પાંચ ( ૫ ) પાંચ જુગતો પિયાલ થોભંતા ( ૫ ), પાંચ જુગતો ગઢમેર ઉઠંતા ( ૫ ), પાંચ જુગતો બ્રહ્માંડ જડંતાં ( ૫ ), આઠ જુગતો ગીતા ગાવંત્રી ઓચરંતા ( ૮ ), નવ જુગતો નીર નવાણ ભરંત બાંધતાં ( ૯ ), બાર જુગતો રૂઠ માલા ફેરવંતા ( ૧૨ ), વીસ જુગતો વભૂતી વનસપતી વસંતા ( ૨૦ ), ત્રણ જુગતો ત્રિભુવન ત્રીશુળ ધરંતા ( ૩ ), એક જુગતો ૐ [ ઓંમ ] કાર બોલી ભણતાં, એવા તોંહોતેર જુગતો વહિ ગયા સ્વામીજીને અટ્કલ કરંતા ( ૭૩ ).

તે દન અગમ્ અગોચર સદ્દગોર બ્રહ્મા, નરનારાયણ, દેવ માહેશ્વર, એ ત્રણ દેવની જે કોઇ પૂજા કરે તેને આવાગવનના ફેરા ટલે.

તદા સ્વામીજીએ પેહલા રોપ્યા સત્ય, સત્ય ઉપર દત્ત, દત્ત ઉપર ક્ષમા, ક્ષમા ઉપર ગજા, ગજા ઉપર નીલ, નીલ ઉપર શેષ નાગ, શેષનાગની ફેણ ઉપર ધબળો ધોરી, ધબળા ધોરીનાં સીંગ ઉપર એક રાઇ, એટલા ઉપર સ્વામીજીએ સૃષ્ટી નીપાઇ.

જે કરણુ કલ્કના અવતારપાત્ર તે સુણો ઋષિવર ભાઈ! જ્યાં થકી સ્વામીજીએ રૂપ ધર્યા, તે રૂપ ઓળખીને કરો કમાઈ.

પ્રથમ નામતો અહુંકાર, ભહુંકાર, વહુકાર, નીલ, અનીલ, સુન્, સાન્, ધ્યાન, જ્ઞાન, મયાન, તુર, તેજ ખંખ, જલ, કમલ, કદમ, આદબુદ્ધ, નાદબુદ્ધ, ગજતત્તવ, પરમતત્વ, આદપુરૂષ, આદ પુરૂષથી નાભી ચક્ર, નાભી ચક્રથી ભયે ગોર બ્રહ્મા, સદ્ગોર બ્રહ્માથી સર્વ સૃષ્ટીની ઉત્તપત હુઇ જે ચાર કલકના અવતાર પાત્ર તમે સાંભળો મુનિવર ભાઇ ! જ્યાં થકી ગોર નરે અવતાર લીધા, તે ઓળખીને આજ કરો કમાઈ.

પ્રથમ નામતો (૧) અહુ (૨) ઉનાદ (૩) અવીગત (૪) ઐહેદ (૫) હવ (૬) કવ (૭) તત્વ (૮) ધર્મ (૯) તેજ (૧૦) કેવલિક (૧૧) નાદ (૧૨) ઓત્રા (૧૩) હરિતકૃત (૧૪) પ્રુરવા (૧૫) અતિત્ વંશી (૧૬) પ્રેમ ઋષિ (૧૭) વંશ તો શ્રી મચ્છ

શ્રી મચ્છની માતા તો શંખાવતી, પિતા તો પરમઋષિ, શક્તિ તો દેવી ચંદ્રિકા, ગોર તો માનધાતા, અસ્થાન તો હેમપુર, ક્ષેત્ર તો દ્વારામતી, નરદલો દાણુવ તો શંખાસુર, વિચાર તો ઋગ્વેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ, બાર કરણુ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી ઋષિયોને તારી, શંખાસુરને દઇતને સંહારી, સાતે પાતાળના રાજાઓને વચન આપી, ગોર બ્રહ્માનાં વેદ વાળી, સવાક્રોડી સહ રુખમાંગત્ ભક્તને ઓધારી, ભલે અવતર્યા યુગે યુગે દેવમુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષ્ય થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નર નારાયણુના નામને, જેણે રૂપે આપણો સ્વામી સદ્ગોર બ્રહ્મા હોએ તે રૂપને ધાઇએ. અવતાર પહેલો શ્રી મચ્છા સંપુરણુ છે.

શ્રી મચ્છાના ૧૮ મનાઈત, ૧૯ ઉગ્રસેન, ૨૦ અજુવ્રત, ૨૧ બ્રહસ્પતી, ૨૨ અસુમિત્ર, ૨૩ પ્રીકમ્ ઋષિ, ૨૪ વંશ તો શ્રી કૂર્મ.

શ્રી કૂર્મની માતા તો કમળાવતી, પિતા તો પ્રીકમ ઋષિ, શક્તિ તો દેવી એચરા, ગોર તો ઐકારૂખી, સ્થાન તો અગપોર, ક્ષેત્ર તો માનસરોવર. ત્યાં નરદલો દાણુવ તો મધુકેટ્ક, વિચાર તો ઋગ્વેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથ્ ને બાર કરણુ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ! ઋષિયોને તારી, મધુકેટક દાણુવને સંહારી, સવા ક્રોડીશું રાજા અમરિખને ઓધારી, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાયે. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નરનારાયણુના નામને જેણે રૂપે આપણો સ્વામી સદ્ગોર બ્રહ્મા હોએ, આજ તે રૂપને ધાઇએ, અવતાર બીજો શ્રી કૂર્મ, સંપૂર્ણ છે.

શ્રી કૂર્મના (૨૫) વસરત, (૨૬) હકાઇત, (૨૭) કાજંપ, (૨૮) પરજાપત, (૨૯) ડાઠમ ઋષિ, (૩૦) વંશ તો શ્રી વરાહ.

શ્રી વરાહની માતા તો પદ્માવતી, પિતા તો ડાઠમ ઋષિ, શક્તિ તો દેવી સોમૈયા, ગોર તો એકાસુર, સ્થાન તો માયાપુર [મહિકાપુર] ક્ષેત્ર તો ભૈકાસુર, ત્યાં નરદલો દાણવ તો મુરધ્વજ, વિચાર તો ઋગ્વેદ. ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, મુરધ્વજ દહીંતને સંહારી, સવા-ક્રોડીશું રાજા ધ્રુ ભક્તને ઓધારી, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નારાયણનાં નામને, જેણે રૂપે આપણો સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી હોયે આજ તે રૂપને ધાઇએ. અવતાર ત્રીજો શ્રી વરાહ સંપુરણ છે.

શ્રી વરાહના (૩૧) દેહેર, (૩૨) રૂપક, (૩૩) ખલિપત્ય, (૩૪) ગૌત્તમ, (૩૫) અમરિષ, (૩૬) વંશ તો શ્રી નૃસિંહ.

શ્રી નૃસિંહની માતા તો ચંદ્રાવલી, પિતા તો અમરિષ, શક્તિ તો તુલજા ભવાની, ગોર તો અમ્મર તેજ, અસ્થાન તો કાશ્મિર, ક્ષેત્ર તો ચરણાપુરી. ત્યાં નરદલો દાણવ તો હિરણ્યાક્ષિપુ. વિચાર તો ઋગ્વેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીસ નક્ષત્ર, પંદરતિથ ને બાર કરણ, નવગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, હિર્ણાક્ષિપુ દાણવને સંહારી, સવાક્રાડીશું રાજા પ્રેહલાદ ભક્તને ઓધારી, પાંચ ક્રોડીનું ભરણ ભરાવી, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધે ને પાપ ખે થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નારાયણનાં નામને, જેણે રૂપે આપણો સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી હોયે, આજ તે રૂપને ધાઇએ અવતાર ચોથો નરસંગ સપુરણ છે.

શ્રી નૃસિંહનાં (૩૭) મનાઇએત, (૩૮) વંશ વઠણ, (૩૯) વિર લોચન, (૪૦) કાસમરૂખ, (૪૧) વંશ તો શ્રી વામન.

શ્રી વામનની માતા તો લિલાવતી, પિતા તો કાસમરૂખ, શક્તિ તો દેવી કોકીલા, ગોર તો સેહજાનંદ, સ્થાન તો કોલેલા પાટણ, ક્ષેત્ર વનથળા, ત્યાં નર-દલો દાણવ તો બળીરાજા, વિચાર તો યજુર્વેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ, ને બાર કરણ, નવ ગ્રહ. સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયો ને સ્થાપી, બળા દંહીતને સંહારી, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેના ધર્મ વધે ને પાપ ખે થાએ. નમો નમો ભાઈ પરિબ્રહ્મા નારાયણનાં નામને, જેણે રૂપે આપણો

સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી હોયે આજ તે રૂપને ધ્યાઇએ. અવતાર પાંચમો શ્રી વામન, સંપુરણ છે.

શ્રી વામનના (૪૨) માનધાતા, (૪૩) પૃથ્વિજય, (૪૪) અસરત, (૪૫) જમદગ્નિ ઋષિ, (૪૬) વંશતો શ્રી પરશુરામ.

શ્રી પરશુરામની માતા તો રેણુકાવતી પિતા તો જમદગ્નિ રૂખી ગોર તો જનકદેવ, સ્થાન તો માયાપુર, ક્ષેત્ર તો કેલાસ પાટણ, ત્યાં નરદલો દાણવ તો શેહ-આર્જુન, વિચાર તો રગ્યુવેદ, ઓચરંતે ગાવંત્રા સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ ને બાર કરણ, નવગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, શેહઆર્જુન દાણવને સંહારી, ભલે અવતર્યા જુગે જુગે દેવ-મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ખે થાએ. નમો નમો ભાઈ પરિબ્રહ્મા નારાયણનાં નામને, જેણે રૂપે આપણો સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી, હોયે આજ તે રૂપને ધ્યાઇએ. અવતાર છઠ્ઠો શ્રી પરશુરામનો સંપૂર્ણ છે.

શ્રી પરશુરામના (૪૭) રઘુ, (૪૮) નઘુ, (૪૯) જેજાઇત, (૫૦) કેવલિક, (૫૧) અજેપાલ, (૫૨) દશરથ, (૫૩) વંશ તો શ્રીરામ.

શ્રીરામની માતા તો કૌશલ્યા, પિતા તો દશરથ, શક્તિ તો સીતા દેવી, ગોર તો વશિષ્ઠ મુનિ, સ્થાન તો અયોધ્યા, ક્ષેત્ર તો લંકાપુરી, ત્યાં નરદલો દાણવ તો દશાશિશ રાવણ, વિચાર તો યજુર્વેદ, ઓચરંતે ગાવંત્રી સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ ને બારકરણ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, દશાશિર રાવણને સંહારી, સાત ક્રોડીશું રાજા હરિચંદ્ર ભક્તને ઓધારી, ભલે અવતર્યા જુગે જુગે દેવ મુરારી, જે કોઈ ચિત્ત હરિ શું લાએ, તેના ધર્મ વધે ને પાપનો ખે થાએ. નમો નમો ભાઈ પરિબ્રહ્મા નારાયણના નામને, જેણે રૂપે આપણો સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી હોયે, આજ તે રૂપને ધ્યાઇએ. શ્રી રામચંદર અવતાર સાતમો સંપુરણ છે.

શ્રી રામના (૫૪) લવ, (૫૫) પદ્મ, (૫૬) પરિક્ષિત, (૫૭) વિરપાલ, (૫૮) વાસુદેવ, (૫૯) વંશ તો શ્રી કૃષ્ણ.

શ્રી કૃષ્ણની માતા તો દેવકી, પિતા તો વાસુદેવ, શક્તિ તો દેવી રૂક્ષ્મણી, ગોર તો વેદવ્યાસ, સ્થાન તો ગોકુલ, ક્ષેત્ર તો મથુરાં. ત્યાં નરદલો દાણવ તો કંશાસુર, વિચાર તો સામવેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ. સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, કંશાસુર દાણવને સંહારી, સહદેવ ભક્તને ઓધારી, ભલે અવતર્યા, જુગે જુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાયે, તેના ધર્મ વધે ને પાપ ખે થાએ. નમો નમો ભાઈ પરિબ્રહ્મા નારાયણના નામને. જેણે રૂપે આપણો સ્વામી સદ્‌ગોર બ્રહ્માજી હોયે, આજ તે રૂપને ધ્યાઇએ. અવતાર આઠમો, શ્રી કૃષ્ણ સંપુરણ છે.

શ્રી કૃષ્ણના (૬૦) પ્રદુમન, (૬૧) શેષસ્થાન, (૬૨) બુદ્ધસ્થાન, (૬૩) વેણીવચ્છરાજ, (૬૪) સિંહરાજ, (૬૫) વંશતો શ્રી બુદ્ધા.

શ્રી બુદ્ધાની માતા તો રેણુકાવતી, પિતા તો સિંહરાજ, શક્તિ તો દેવી હરશદ, ગોર તો હંસરાજ, સ્થાન તો હીમપુરી, ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર, ત્યાં નરદલો દાણવ તો દુર્યોધન, વિચાર તો સામવેદ, ઓચરંતે ગાવંત્રી, સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથ ને બાર કરણ, નવ ગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી, ઋષિયોને સ્થાપી, કરણગર દાણવને સંહારી, નવ કોડીશું રાજા યુધિષ્ઠિરને ઓધારી, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ખે થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નારાએણના નામને. જેણે રૂપે આપણો સ્વામી સદ્ગોર બ્રહ્માજી હોયે આજ તે રૂપને ધાઇએ. શ્રી નવમો બુદ્ધાવતાર સંપુરણ છે.

શ્રી બુદ્ધાનાં (૬૬) શીશ, (૬૭) સામ, (૬૮) સુલકાન, (૬૯) ઇસ્લામ, (૭૦) હારૂન, (૭૧) આદમ, (૭૨) નીઝાર, (૭૩) મીઝાર, (૭૪) ઇલિયાસ, (૭૫) મિલ્યાસ, (૭૬) મુલ્કાન, (૭૭) કાઝમ, (૭૮) કાહેર, (૭૯) કાયેમ, (૮૦) ગાલિબ, (૮૧) એલબ, (૮૨) કાએમ, (૮૩) મુરાદ, (૮૪) મુનાફ, (૮૫) હાસમ, (૮૬) મુત્તલિબ, (૮૭) અબુતાલિબ, (૮૮) વંશ તો શ્રી નકલંકી નારાયણ શાહા શ્રી મુરતજાઅલી.

શ્રી મુર્તુઝાઅલીની માતા તો ફાતેમાહબિન્તે અસદ, પિતા તો અબુતાલિબ, શક્તિ તો દેવી ફાતમાહ, ગોર તો નબી મહમ્મદ, સ્થાન તો દલમ દેશ, વરજા શેહેરગામ, ક્ષેત્ર તો કુંવારીકા પંચ નદી મુળ સ્થાને. ત્યાં નરદલો દાણવ તો કાળીંગો ધુજ્જાલએ વિચાર તો અથર્વવેદ, ઓચરંતે ગાવંત્રી. સાત વાર ને સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથી ને બારકરણ, નવગ્રહ, સૂર્ય મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ઋષિયોને સ્થાપી, દાણવ કાળીંગાને સંહારસે. બાર ક્રોડીશું ભક્તને ઓધારશે, ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી, જે કોઈ ચિત્ત હરિશું લાએ, તેનાં ધર્મ વધે ને પાપ ખે થાયે. નમો નમો ભાઇ પરિબ્રહ્મા નારાયણનાં નામને, જેણે રૂપે આપણો સ્વામી સતગોર બ્રહ્માજી હોયે તે રૂપને આજ ધાઇએ. ધર્મ તે શાસ્ત્ર સુણે તે, પાપ હણંતે મુખ મુગતકા ફલ લાભંતે માને તેને સરગાપરી ન માને તેને નર્કાપરી ગુપ્ત અવતાર ત્રેવીસ પ્રગટ અવતાર એક.

(૧) શાહ મુર્તુઝાઅલી, (૨) ઇમામ હશન, (૩) ઈમામ હુશ્યેન, (૪) ઇમામ ઝયનુલ્આબેદીન, (૫) ઈમામ મહમ્મદ બાકર, (૬) ઇમામ જાફર સાદિક, (૭) ઈમામ ઇસમાઇલ, (૮) ઈમામ નુર સદ્ગોર, (૯) સૈયદ ઈસમાઇલ સાહાની, (૧૦) સૈયદ નુરમહમ્મદ, (૧૧) સૈયદ ઇમામોદીન, (૧૨) સૈયદ મુશાફિરોદીન,

(૧૩) સૈયદ જમાલદીન, (૧૪) સૈયદ સાહિકદીન, (૧૫) સૈયદ મેહેરદીન, (૧૬) સૈયદ હાદી, (૧૭) સૈયદ સલાહ્દીન, (૧૮) સૈયદ ફાજલશાહા, (૧૯) સૈયદ હાશમશાહા, (૨૦) સૈયદ મહમ્મદશાહા, (૨૧) સૈયદ અહમદશાહા, (૨૨) સૈયદ નાશિરશાહા, (૨૩) સૈયદ મુશાએકશાહા, (૨૪) સૈયદ માહાબુ, (૨૫) સૈયદ મુસ્તગ, (૨૬) સૈયદ મહિયોદીન (૨૭) સૈયદ મોમિનશાહા, (૨૮) સૈયદ ખાલકશાહા, (૨૯) સૈયદ નિઝારશાહા, (૩૦) સૈયદ ઇસ્લામશાહા, (૩૧) સૈયદ સલાઓદીન, (૩૨) સૈયદ શમ્મસદીન, (૩૩) સૈયદ નસીરદીન (૩૪) સૈયદ સાહેબદીન, (૩૫) સૈયદ સદરોદીન, (૩૬) સૈયદ કબીરોદીન, (૩૭) સૈયદ સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા, (૩૮) આદવિષ્ણુ નિરંજન નરઅલી મહમ્મદશાહા. **હક્કલાએલાહા ઈલ્લાહ્ હો મહમ્મદુરસુલિલ્લાહે.** દશે અવતારની દશતરી ગાવંત્રી સંપૂર્ણ છે.

આ ઉપરાંત **સૈયદ ઈમામશાહ** પોતાના '**સતપંથ**' માટે '**દશાવતાર**' નામનો મોટો ગ્રંથ લખી ગયા છે, તેમાં પણ હિંદુશાસ્રોનાજ આધારે ચાલી કોઇ કોઇ જગ્યાએ થોડો ઘણો સુધારો વધારો કરી છેલ્લો દશમો '**નકલંકી અવતાર**' કે જે હિંદુઓની માન્યતા પ્રમાણે હજુ થવાનો છે, તેને તેઓ પોતે **અરબસ્તાનની** આરબ જાતિમાં **હજરતઅલી** રૂપે થઈ ગયાનું જણાવી ગયા છે, તથા બીજા પણ કેટલાક ફેરફારો કર્યા છે. તે સઘળા વાચક વર્ગના જાણવામાં આવે તથા તેમાં સત્ય કેટલું છે તે ખાસ જણાવાનાજ હેતુથી અત્રે તે સઘળા અવતારો, સતપથ ધર્મના હસ્તલિખિત ગ્રંથમાંથી લઇ જેવાને તેવા સ્વરૂપમાં અનુક્રમે રજુ કર્યા છે.

## " શ્રી મચ્છા અવતાર–રચનાર સૈયદ ઇમામશાહ. "

## શ્રી સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઇમામશાહા વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.

**પહેલો શ્રી મચ્છા અવતાર લખ્યો છે તે સુણો મુનીવરો ભાઈ!**

આદ ઓહુંકાર નરીજંન નિરાકાર નારાયણ તમે પરીવર્તન્તે હો સ્વામીજી. ૧
ત્યારે તમે અનંત કરોડી જીવ નિસ્તારા હો સ્વામીજી! છત્રીસ જુગ ચોરાશી ચોકડી એક ધ્યાન ધરી બેઠા હો સ્વામીજી. ૨
ત્યારે એક ઝાડ હતું તેના પાન ઉપર સ્વામીજી બેસતા ત્યારે જુગ એક હજારમાં તે ધ્યાન નીદ્રા ધરતા હો સ્વામીજી. ૩
એવા સ્વામીજી રંગ રાખતા હતા, તે રૂપ દેખી ધાયા તે અમર પદ પામ્યા હો સ્વા૦ ૪
ત્યાર પછી કલફ વરખ સરજંતે હો સ્વામીજી. તેના જુગ સોલ કરતવા હો સ્વા૦ ૫
પેલા જાયલા કલફ માંહે જાંખા નવાણુ સીધા હો સ્વામીજી. ૬
બીજા ફાયલા કલફ માંહે છપ્પન કરોડી મેઘા સીધા હો સ્વામીજી. ૭
ત્રીજા અરજલા કલફ માંહે કેનર કરોડી બત્રોશ સીધા હો સ્વામીજી. ૮
ત્રણે કલફ. સર્જનતે હો સ્વામીજી, ત્રણ કલફ સંપૂર્ણગ હો સ્વામીજી. ૯
પેલો અવતાર જખાનો હતો હો સ્વામીજી, તે અવતારના વખાણ સુણો હો સ્વા૦ ૧૦
તે અવતાર ઉજળો હતો. સુરજ જેવો રંગ હતો હો સ્વામીજી. ૧૧
તેની આંખ સવા તસુની હતી હો સ્વામીજી, તેના હાથ સવા વેંતના હતા હો સ્વા૦ ૧૨
તેની આંગળીઓ ચાર તસુની હતી હો સ્વામીજી, તે આંગળી ઉપર નખ સવા તસુના હતા હો સ્વામીજી. ૧૩
તેનું માથું સવાપાંચશેર તમારો ગોર કહે મે તોલ્યું હતું, તે સવાપાંચશેર તોલ તોલ્યો છે હો સ્વામીજી. ૧૪
તથા નાક સવા તસુનું હતું હો સ્વામીજી, તેની મુછ સવા તસુની હતી હો સ્વા૦ ૧૫
તથા હોઠ સવા તસુના હતા, તેના દાંત સવા તસુ પરમાણે હતા હો સ્વામીજી. ૧૬
તથા દાઢું પોણા તસુની હતી, તેની કાયાના બંધ ત્રણસેને સાઠ હતા હો સ્વા૦ ૧૭
તેની હદીયા સાત ગજ પ્રમાણે હતી, તેની બાહુ બે સવાબે હાથ હતી હો સ્વા૦ ૧૮
પગ બે સવાબે હાથના હતા, તેની આંગળીઓ ચાર બરાબર હતી હો સ્વા૦ ૧૯
તે આંગળીઓ સવાતસુ પ્રમાણે, પાંચમો અંગુઠો દોઢ તસુ પ્રમાણે હતો હો સ્વા૦ ૨૦
એવાં રૂપ ઝાંખા માંહે સ્વામીનું હતું હો સ્વામીજી. ૨૧
તે રૂપ દેખીને જે જીવે ઓળખ્યા તે જીવ અમરાપુરમાં વાસ પામ્યા, તે ઝાંખા માંહે સરવે સીધા હો સ્વામીજી. ૨૨
તે ઝાંખા માંહે બે જીવ નરકે પોતા છે તે સુણો હો મુનીવરો. ૨૩

એક માલકબાઈ સુંદર રાજાની દીકરી, તથા ભગત શવદાસ રાજા સેહેનનો
દીકરો હો સ્વામીજી. ૨૪

તે જીવ બે પોતા માંહે ભ્રાંત રાખતા, અને ગતની નિંદા કરતા તે કારણ
નર્કે પોતા હો સ્વામીજી. ૨૫

સતગોર કહે સુણો મુનીવરો, જે જીવ પોતાના સાહેબને ન ઓળખતે, ૨૬

તે જીવ કેમ કરી એ અમર પદ પામે તે નરવાણ નર્કે પોચંતા હો સ્વા૦ ૨૭

બીજા ફાયલા કલફની રચના સુણો હો મુનીવરો ભાઈ, તે ફાયલા કલફના
વખાણ ગુરૂ કહે. ૨૮

સાહેબનું રૂપ વાદળાં સરખું હતું, કાળો જેવો મેઘ કહીયે. ૨૯

તે એક દહાડા માંહે ત્રણ રૂપ રાખતા, જ્યારે રાત થતી હતી; ૩૦

ત્યારે કાળા મેઘ જેવો થાય, અને પરભાતે સુરજ માંહે સમાઈ. ૩૧

અને બપોરે માણસ જેવા દુનીયા માંહે ફરતા જાય, ત્યારે મેઘા કરોડ
છપ્પન રખેસર હોતા હો સ્વામીજી. ૩૨

ને ગોર નર માહેસરને આરાધતા, તે સ્વામીજીના હ્રદયના સાર સુણો મુનીવર ભાઈ. ૩૩

સવાદશ તાલ ઉંચા હતા, બીજા મુનીવર સવાપાંચ તાલ માણસ હોતા હો સ્વા૦ ૩૪

સ્વામીનું માથું સવાપાંચ હાથ હતું, તથા અઢી તસુ આંખ હતી હે સ્વા૦ ૩૫

પાંચ તસુનું નાક હતું, ચાર તસુ મુછ હતી હો સ્વામીજી. ૩૬

બાર તસુ હોઠ હતા, પાંચ આંગળ જીભ હતી હો સ્વામીજી. ૩૭

તે મુખમાંહે અનેક જીવ રહેતા, બત્રીસ દાંત તે પાંચ તસુ પ્રમાણે હતા હો સ્વા૦ ૩૮

તેની દાઢ સવાચાર તસુની હતી. હ્રદીયા બહુ વાધતી હો સ્વામીજી. ૩૯

તેની પચાસ ગજ પ્રમાણે હોતી, તે બહુ રૂપ રાખતા હો સ્વામીજી. ૪૦

તેના હાથ સવા ગજ હતા, તેના પગ ચાર વેંતના હતા હો સ્વામીજી. ૪૧

તેની બાહુ પાંચ ગજની હતી, એવાં રૂપ મેઘા માંહે હતાં હો સ્વામીજી. ૪૨

ત્યારે અવગતીયા કોઈ ન હતા, તેમાંથી જીવ ચાર અવગતે પોતા હો સ્વામીજી. ૪૩

એક તો મખી હતા તે તો મોટો સિદ્ધ હુતો, તેનું નામ તો પારસનાથ
ગોંદનો દીકરો હો સ્વામીજી. ૪૪

બીજો અરજ સુમન કહીએ માધવનો દીકરો હો સ્વામીજી. ૪૫

ત્રીજા પંજા દેવી કહીએ તે પુંજાની દીકરી હો સ્વામીજી. ૪૬

ચોથા માધવભાઈ કહીએ તે મુલાનો દીકરો હો સ્વામીજી. ૪૭

એ ચારે ભ્રાંત ગતમાં રાખતા હો સ્વામીજી, તે જીવ નરકે પોતા મેઘા
માંહેથી હો સ્વામીજી. ૪૮

સુણો સતગોર કહે મુનીવરો, એ જીવ ચારે ગતમાં ભુંડી નજરે ચાલતા હો સ્વા૦ ૪૯

સતગોર કહે સુણો મુનીવરો, જેણે એવાં રૂપ દેખીને ઓળખ્યાં, ૫૦

તે અમરાપુરનાં ફળ પામ્યાં, જેણે એવાં રૂપની શંકા આણી હો સ્વામીજી. ૫૧
તે નર્કે પોતા હોય તે ચારે જીવ સોઇ હો સ્વામીજી. ૫૨
ત્રીજા અરજલા કલફનાં બેલ સુણો હો મુનીવરો. અરજલા કલફ માંહે
કેનર કરોડી બત્રીસ હોતા હો સ્વામીજી. ૫૩
તેમાં સ્વામીજીનાં રૂપ હોતાં તે સુણો સતગોર કહે હે મુનીવરો, માણુસ
જેવા હોતા તે બાલક રૂપે કહે હો સ્વામીજી. ૫૪
જેવાં કલજુગનાં માનવી તેવાં રૂપ હોતાં, પણુ હાથ મોટા હતા હો સ્વામીજી. ૫૫
તે રૂપ દેખીને જેણે ઇમાન આણ્યું, તે અમરાપુરના વાસ પામ્યાં હો સ્વામીજી. ૫૬
તેમાં એક ગોવંદ મુખી અવાગમન અવતારમાં પડયો, તેણે ગતની નિંદા
કરી તે માટે હો સ્વામીજી. ૫૭
સતગોર કહે મુનીવરો ચોથા ખલીફા કલફનું મંડાણુ હો સ્વામીજી. ૫૮
તેમાં જુગ ચાર પરિવર્તન્તે હો સ્વામીજી, તેમાં પેલો અવતાર ધરજંતે હો સ્વા૦ ૫૯
એ જુગ ચાર માંહે તેત્રીસ કરોડી દેવતા, વૈકુંઠવાસ લાભન્તે હો સ્વામીજી. ૬૦
અને તે ભગતોને કારણે દસ અવતાર ધરજંતે હો સ્વામીજી. ૬૧
ગોર બ્રહ્માને પેટ દૈત્ય અવતર્યો, જે તેણે ગણેસ આગળ જઇ તપ સાધ્યાં તેહે. ૬૨
ત્યારે રાત સારી સવાપોર દન સુધી તપ કરતાં પછે, દુનીયામાં આવતા હો સ્વા૦ ૬૩
ત્યારે એક દીન રાજા અંબરીકનો જગન હતો, ત્યારે ભૂપ મળી માંડવે
આવ્યા હતા હો સ્વામીજી. ૬૪
ત્યાં નારાયણુ, આદશક્તિ, બ્રહ્મા, વિશ્નુ, મહેશ્વર, એ સર્વે દેવ જગનમાં આવ્યા હતા. ૬૫
ત્યારે શંખાસુરને તો લાગી વાર, અને ભોજન તો જમ્યા સર્વે સંસાર. ૬૬
ત્યારે આવ્યા શંખાસુર લાગી રીશ, તેણે શ્રાપ દીધા રાજા અંબરીકને હો સ્વા૦ ૬૭
એકસો અવતાર રાજા તું લે, એવો શ્રાપ શંખવે દીધો તે. ૬૮
ત્યારે રાજા દેવ પાસે ચાલી ગયા, સ્વામી શંખવે એવો શ્રાપ દીધો. ૬૯
ત્યારે શ્રી નારાયણુદેવ શંખવા પાસે ગયા, એ શ્રાપ શંખવા તું મેલ. ૭૦
ત્યારે શંખવે એંશી શ્રાપ મેલ્યા, ત્યારે વીશ શ્રાપ લાગી રહ્યા. ૭૧
નારાયણુ કહે મેલ શંખવા તને દુઃખ લાગશે. ૭૨
ત્યારે શંખવે રીસ મનમાં લાવી, તારે તે કારણુ દસે અવતાર લીધા. ૭૩
ત્યારે પેલો અવતાર મચ્છનો થયો, ત્યારે શંખવો દાનવ વેદ હરી ગયો. ૭૪
ત્યારે તે કારણુ મચ્છ રૂપ થયા, ત્યારે ચારે વેદની રચના થઇ. ૭૫
તે માટે મુખી તે જે મનને મારે વારા કોરા પુરૂષને ધાયે તે પુરૂષ વૈકુંઠમાં જાએ. ૭૬
હાલ મુસાફર રાખે ચીત્ત દઇ હક સાચી દર્શદ દેવે એક મને તોબાં કરે
ને હક પીછાણે સતશું. ૭૭
અને ઇંદ્ર ગોરે ભાખ્યું તે રાખો નિરાકાર નામ, તો સહી સરશે જીવોનાં કામ. ૭૮

ગોર નર કહે અમને રીજવે જેહ, સાચી દસુંદ આપે તેહ. ૭૯
દસુંદ વિના તો ઠામજ નહિ, દસુંદ વિના તો ઠીકજ નહિ. ૮૦
દસુંદ વિના તો કામજ નહિ, દસુંદ વિના તો ધર્મજ નહિ. ૮૧
દસુંદ વિના નોક નહિ, દસુંદ વિના તો સ્રી નહિ. ૮૨
દસુંદ વિના તો મારગ નહિ, દસુંદ વિના તો વણસે કાજ. ૮૩
દસુંદ વિના જાવે પાકા માલ, દસુંદ વિના ગુરૂ નહિ આવે હાથ. ૮૪
અને દસુંદ વિના તો રોવે સઘળો સંસાર, અને દસુંદ વિના નહિ કોઇ પામે ઠામ-૮૫
દસુંદ વિના તો ઓર ધામ, દસુંદ વિના તો મુક્ત ન થાયે કોઇ. ૮૬
દસુંદ વિના તો અમને ના સોહાય. ૮૭
આલ ઇમામની દસુંદ જે ખાય, તે નિશ્ચે દોજકમાં જાય. ૮૮
તે એમ કરતાં સમજે નહિ, તો નવ પાંતિ લાકડી કરૂં તાંહિ. ૮૯
સવા પોર સુધી મચ્છરૂપે ભયા, તે પછે મનખા રૂપે થયા. ૯૦
ભણે ઈંદ્ર ઇમામશાહા તે નિશ્ચે જાય સંસાર. ૯૧
પ્રથમ હતા સરવે ધંધુકાર, ત્યારે આદનરંજન વિશ્વા એક આધાર. ૯૨
આદે અંતે જે હતા નરંજન દેવ, સ્વામીજી તેના કોઇ ન જાણે ભેદ. ૯૩
આદ એહદ રૂપ થકી ખળકયાં નુર, તેનાં હુઆ બ્રહ્મા સતગોર. ૯૪
એ સતગોર બ્રહ્મા તે નરંજના નુર, ત્યાં થકી બ્રહ્માએ લીલા નીપાય ભરપુર. ૯૫
શબ્દ એકને ઓહુંકાર, ત્યારે નારાયણે કર્યો વિચાર. ૯૬
ધ્યાન ધરીને સમુદ્ર તારા, બ્રહ્મા બાંધી બેઠા ધીર. ૯૭
ત્યાં બ્રહ્માએ ધર્યું ધ્યાન, ત્યારે વેહગતીનાં ઉપજ્યાં જ્ઞાન. ૯૮
તે નુર બ્રહ્મા થકી માંડયાં મંડાણ, તેમાં સરજી લખ ચોર્યાશી ખાણ. ૯૯
પ્રથમ આઠ લાખ કરણ જો કર્યા, તેમાં અવતાર બ્રહ્માજીએ તેર જો ધર્યા. ૧૦૦
તે આઠ લાખ કરણ મદ્ધે નબી નામ બંદગીમાં જો રહ્યા. ૧૦૧
તેનાં જપ તપ થકી અનંત કરોડી જીવ ઓધર્યા. ૧૦૨
ત્યારે છત્રીસ જુગ ચોરાસી ચોકડી, તેમાં ધ્યાન ધરી બેઠા નરહરી. ૧૦૩
ત્યારે કલફ ચારનાં મંડાણ માંડયાં, તેમાં સોળ જુગ પ્રમાણ. ૧૦૪
(૧) જાએલા (૨) ફાએલા (૩) અરજલા જાણ, તેમાં જાંખા મેધા કૈનર
છુટા નિવારણ. ૧૦૫
એ ત્રણ અવતાર એ ત્રણ કલફમાં, સોળ અવતાર હરીનાં જાણ. ૧૦૬
ત્યાં દસરૂપ બારમા જીવા વરતાં જાણ, તેણે નરનાં માન્યાં કહ્યાં નરવાણ. ૧૦૭
તે કલફ ત્રણ અગમરૂપ હરીનાં જાણ, તે ઉણ ચોથા ખલીફા કલફ માંહે
જુગ કરતાખું માડયું મંડાણ. ૧૦૮

ત્યારે બ્રહ્માએ સેસટ સંજોગ ગવરીશું આરંભ કર્યો, ત્યારે ગોર બ્રહ્માને પેટ શંખવો અવતર્યો. ૧૦૯
ત્યારે વરતી વેળાને બ્રહ્માજી જોતીક કહે છે આજ, ભાઈ એ પુત્રથી આગળ વણુસે કાજ. ૧૧૦
ત્યાં બ્રહ્માજીએ ધર્યું ધ્યાન, વેદગતે ત્યાં ઉપજયું જ્ઞાન. ૧૧૧
એ શંખવો થયો તસ્કર દાનવનો અવતાર, ભાઇ કરો જતન વેદ લઈ જાસે ચાર. ૧૧૨
વળી એકદીન બ્રહ્માજી મનમાં એવું ધરે, જે પુત્ર હોઇને એવું કારજ ના કરે. ૧૧૩
તહાં શંખાસુર ઘાત જો કરી, ફરમાન નારાયણનું લાવા પરા. ૧૧૪
જ્યારે બ્રહ્માએ ધર્યું ધ્યાન, ત્યારે નારાયણે તેને આલ્યું ફરમાન. ૧૧૫
જો માયા તણો કરો વિસ્તાર, ત્યારે હરીએ કીધો એ વિચાર. ૧૧૬
જુગમાં લીધું એવું રૂપ, તો જુજવાં કીધાં ત્રણે સ્વરૂપ. ૧૧૭
ચોથા રહ્યાં શક્તિ એક, તેના કરવા અનેક વિવેક. ૧૧૮
ત્યારે નારાયણે તો નજર જ ધરી, ત્યારે ચાર સુરત જુજવી કરી. ૧૧૯
બ્રહ્મા શબ્દ તે ઓહુંકાર, વિશ્નુ અખર એક વહેવાર. ૧૨૦
મહાદેવ મહા તરતવ કરી, ત્યારે શંખવો ચાલ્યો નીસરી. ૧૨૧
પ્રથમ શ્રી મચ્છરૂપના સંજોગ જો થાયે, ત્યારે બ્રહ્મા નારાયણના વેદ શંખવો લઈ ગયો. ૧૨૨
ત્યારે નિરગત બ્રહ્માજી થઇ રહ્યા ત્યારે સદાશિવ ત્યાં આવીયા. ૧૨૩
ત્યારે રૂદ્રે હ્રુદયમાં વમાસ્યું ત્યાંહે, ત્યારે બ્રહ્મા પ્રતે વચન બોલ્યા છે ત્યાં. ૧૨૪
કહો કાંરે બ્રહ્માજી એ શું થયું, તમારૂં હતું તે કયાં ગયું. ૧૨૫
ત્યારે રૂદ્ર પત્યે બ્રહ્માજી બોલ્યા સઇ, અકળગત અપરમની થઇ. ૧૨૬
વળતાં શિવ વિચારે એહે, કહો બ્રહ્મા થાશે તેહે. ૧૨૭
ત્યારે બ્રહ્મા તો મહાદેવને કેહે, અકળગત અમપર જો લેહે. ૧૨૮
એ ગત તો ન જાણીએ અમો, નારાયણ પાસે શિવજી જાવો તમો. ૧૨૯
ત્યારે તો શિવજીએ ત્યાં કર્યો પ્રકાસ, કહે બ્રહ્મા બેઠા છે સાસ. ૧૩૦
સ્વામી તું છે અપરંપાર, તારી મૂરત તું કરે વિસ્તાર. ૧૩૧
એવી વિનતી સદાશિવે કહી, ને બ્રહ્મકલા ત્યાં ઓછી થઇ. ૧૩૨
ત્યાં હેત ધરી બોલ્યા હરી ને, શિવ કહું છું તને એ કારજ વળી કરવું છે મને. ૧૩૩
એવા શબ્દ હરીએ કહ્યા હતા, બળવતો શંખવો વેદ લઈ કેમ ગયો. ૧૩૪
વિશ્નુને શક્તિ કયાં ગયા, હીણ કળાએ જુજવાં થઈ રહ્યાં. ૧૩૫

ત્યારે કહે શિવ સ્વામિ તું છે કિરતાર, તમે ચાર મુરતનો કરો વિસ્તાર. ૧૩૬
સ્વામી તારા સરજ્યાં છું વળી એ અમો, તેજ તમારૂં પ્રકાશો તમો. ૧૩૭
એવાં શિવનાં સુણી વચન, ત્યારે હરિ ઘણું હરખાયા મન. ૧૩૮
ત્યારે વિશ્નુ નાઠા તહાં, વળી શક્તિ આવ્યાં અહાં. ૧૩૯
ત્રણ મુરત શક્તિ અવતાર, ચારે ને આપ્યો વિસ્તાર. ૧૪૦
વિશ્નુને આપ્યું ફરમાન, ને આપે થયાં આપ સમાન. ૧૪૧
મહાદેવની ત્યાં થાપના કરી, તો દૈત્ય કુળની ઇચ્છા ધરી. ૧૪૨
એક શબ્દ ને ઓહુંકાર, તેમાં થયા અનંત વિસ્તાર. ૧૪૩
અનેક વિસ્તાર ને શબ્દ એક સાર, તેમાં થયા અનંત વિસ્તાર. ૧૪૪
એકેકી મુરતને આલ્યું વરદાન, નારાયણે કહ્યું ફરમાન. ૧૪૫
પ્રથમ ઓહુંમકાર બ્રહ્મા પડયા, શક્તિ વિશ્નુ તહાં રહ્યા ખડા. ૧૪૬
સતગોર કહે ઓહુંમકારની વાત, ભાગે દિવસ ને નિપજે રાત. ૧૪૭
ચારે મુરત થાપી તહાં, વિશ્નુ બ્રહ્મા હતા જહાં. ૧૪૮
વિશ્નુ પત્યે હરીએ કહ્યું વચન, તમે અમે છું એક તન. ૧૪૯
અમે અલેખ નરંજને દયાધરી, વિશ્નુને વર આપ્યો ફરી. ૧૫૦
વિશ્નુ વળી તમે જુગમાં જાવ, જે સતવાદી જીવ પુજસે તમારા પાય. ૧૫૧
જુઓ બ્રહ્મા બેઠા છે કહાં, વળી વિવેક પુછો તમે તહાં. ૧૫૨
દુષ્ટ વેદ લઈ નાઠો છે સહિ, તેને તમે હણજો જઈ. ૧૫૩
જ્યારે તેને હણશો તમો, ત્યારે ચાર મુરતમાં છતા થસો તમો. ૧૫૪
ત્યારે વિશ્નુ ફરી બોલ્યા પ્રમાણ, સ્વામિજી શું દ્યો છો અમને માન. ૧૫૫
સતમાનીને કર્યો પ્રણામ, તો તેને તમે આપજો ઠામ. ૧૫૬
એવું વચન કહું છું અમો, રખે કળા વધારતા તમો. ૧૫૭
જગોજગમાં ધરો અવતાર, તે દૈતને મારી કરો વેદનો વિસ્તાર. ૧૫૮
જીવ અમારા હોશે જેહ, તમને આવી પુજશે તેહ. ૧૫૯
જે તમારો જપસે જાપ, તેને અમો મળ્યા આપોઆપ. ૧૬૦
એવી થાપના ત્યાં હરીએ કરી, વિશ્નુએ તહાં સેસટ જો ધરી. ૧૬૧
વિશ્નુ આવ્યા બ્રહ્માની પાસ, બ્રહ્મા બેઠા બહુ ઉદાસ. ૧૬૨
ઉઠો બ્રહ્મા ધરો ધ્યાન, વાળું વેદને રાખું નામ. ૧૬૩
ત્યારે ગોર બ્રહ્માજીએ હરી શું કહો, સ્વામી વેદ ચારે શંખવો લઇ ગયો. ૧૬૪
ગયા વેદ બ્રહ્મા કરે વિચાર, તમે દેવ સહાય કરો મોરાર. ૧૬૫
ત્યારે ગોર બ્રહ્માએ હરી શું કહ્યો વિચાર, સ્વામી વેદ વિના હુંઆ અંધકાર. ૧૬૬
સ્વામી જેણે વેદ આધારે ચાલે સંસાર, તે શંખવો લઇ ગયો નિરધાર. ૧૬૭
કહો બ્રહ્મા કઇ પાસે ગયો, કઇ કળાએ દૈત્ય જો થયો. ૧૬૮

બ્રહ્મા બોલ્યા તેણીવાર, અમે દુષ્ટ નથી દીઠો લગાર. ૧૬૯
દુષ્ટે આવીને વચન જો કહ્યાં, શુણી શબ્દને પગલું પાછુ ભરૂં. ૧૭૦
તો કુરંભના લોક કહાવે છે જેહ, જાણું છું તે મારગ નાઠો છે તેહ. ૧૭૧
વિશ્નુ દોડયા તર્ત જો તહાં, તે નળને માથે શંખવો ઉભો હતો જહાં. ૧૭૨
તહાંથી શંખાસુર નાશી ગયો, જઇ તલાતલમાં પ્રસિદ્ધ થયો. ૧૭૩
ત્યારે પવન પાણી વેગે જાયે વહી, અને ધરતીને મંદિર પુછે જઇ. ૧૭૪
તો તલપાતાળે ધરતી જો રહે, અને અકલ વાત તો આ સતગોર કહે. ૧૭૫
ત્યાંથી શંખાસુર નાસી ગયો, તે જઈ ધરતી માતા પાસે રહ્યો. ૧૭૬
ત્યારે માતાના મંદિરમાં પોતે પેઠો જઈ, કોળ આધીન સ્તુતિ કરી. ૧૭૭
સાંભળ ધરતી માતા કહું છું તને, હું બ્રહ્મા નારાયણના વેદ લાવ્યો છું તું રાખને મને. ૧૭૮
હરી વેદ આવ્યો છું હું, મુજને માતા રાખને તું. ૧૭૯
તુજમાં ધરતિ સર્વે સમાય, તુજ વિના મુજને કોઈથી ન રખાય. ૧૮૦
ઉપનીસત બ્રહ્મા બેઠા હુતા જેહે, સર્વે ગુણ સાંભળી આવ્યો છું તેહે. ૧૮૧
એવી વાત તહાં શંખાસુરે ધરતીને કહી, વિશ્નુ મુજને જાલવા આવશે સહી. ૧૮૨
સાંભળ ધરતી માતા હું તુજને કહું, અહિ જો મુજને રાખો તો રહું. ૧૮૩
ફરી શંખાસુરને ધરતી કહે, તો બ્રહ્મા નારાયણનો ચોર મુજથી ના રહે. ૧૮૪
તુજ કેડે વિશ્નુ આવે જેહ, તુજને ઘસડી જાસે તેહ. ૧૮૫
જો ધરતિ તું મુજને નહિ રાખે આજ, ત્રણ સુરત આગળ તારી નહી રહે લાજ. ૧૮૬
ત્યારે ધરતીએ વિચાર્યું મન, એ મસે હરી થાસે પ્રસન્ન. ૧૮૭
એ કારણે હરી આવે મુજ દ્વાર, તો માગી લઉં વર અપાર. ૧૮૮
એટલે શંખાસુરને ધરતિ રાખવા કરે, તહાં શ્રી હરી આવી સંચરે. ૧૮૯
ધાઈ કરી પેઠો શંખાસુર ધરતિના મંદિર મોઝાર, વિશ્નુ પધાર્યા તેને દ્વાર. ૧૯૦
ત્યારે હરિ આવી ઉભા રહ્યા, જો તહાં ત્યારે પ્રણામ વિશ્નુએ ધરતી શું કર્યા. ૧૯૧
સાંભળ ધરતી કહું છું તને. ચોર મારો તુંજ પાસે છે તે તું આલને મને. ૧૯૨
ત્યારે બોલ્યાં ધરતી સુણો દિનદયાળ, તમે છો હરી અતુલ બળીયા કૃપાળ. ૧૯૩
સ્વામી વચન તમારૂં તે કેમ સહેવાઇ, ચોર તમારો રાખ્યો ન જાઈ. ૧૯૪
બોલ્યા હરી હું તુજને કહું, તેને લીધા વિણ હું નવ રહું. ૧૯૫
ફરી કર જોડીને ધરતી કહે, સ્વામી માનો તમે મારો રાખ્યો ન રહે. ૧૯૬
સ્વામી ઉભા રહો આણે ઠાર, હું જાઉં મારા મંદિર માંહે સાર. ૧૯૭
હું જોવું મારા ઘર માંહે, સ્વામી હસે તો આણી આપીશ આંહે. ૧૯૮
કર જોડીને વચન કહે કથી, હું જાણું છું તે મુજ ઘરમાં નથી. ૧૯૯

ત્યારે ધરતીએ વિચાર્યું મન, એ છે વિશ્નુ આપો આપે તન. ૨૦૦
સ્વામી એ કારજ આવ્યા મુજદ્વાર, સ્વામી વચન એક મુજને આપો સહી. ૨૦૧
આદે ઇચ્છા ધરૂં છું અમો, વર એક દયોને તમો. ૨૦૨
સ્વામી અમને ઈચ્છા મનમાં ઘણી અમને વરો તમો ત્રિભુવન ધણી. ૨૦૩
કહે વિષ્નુ પ્રત્યે વદી વાત, ચોર તમારો લાગે હાથ. ૨૦૪
ત્યારે ધરતી પ્રત્યે બોલ્યા ભગવાન, રૂતે ફળ ને રૂતે દાન. ૨૦૫
ચારે પોર જ્યારે વિતશે સહી, ને દસ ઘડી પુરી થાસે તહિ. ૨૦૬
કરી કમાઇ ને દેવતા મળશે આએ, તે જાન લાવી પુરૂં તારી આશ. ૨૦૭
જ્યારે જાંબુદ્વિપે કરશે મેલાણ, તુજને ધરતી વર્યાનું એ એધાણ. ૨૦૮
જ્યારે સર્વે જીવોના થાસે દેદાર, ત્યારે તમને વર દેસે કિરતાર. ૨૦૯
નર નકલંકી નામ ધરાવશું અમો, ત્યારે તે વર પામશો ધરતી તમો. ૨૧૦
જ્યારે કુંવારી ભુમી માંહે આસણ ધરૂં, અનંત રૂપે દેવ નકલંકી અવતરૂં. ૨૧૧
સતગોર જેનું નામ તે ઇંદ્ર ઇમામશાહા, તે કરશે જીવોના કામ. ૨૧૨
ત્રણ સુરતને શક્તિ અવતાર, અને સરવે વરણ થાશે એકાકાર. ૨૧૩
તો હીણા ખીણ નહિ નરતાણ, તમને એ વરયાનાં એધાણ. ૨૧૪
તું સાંભળ ધરતિ હું તુજને કહું, સર્વેનું કલંક ઉતારે સહુ. ૨૧૫
એટલાં લક્ષણ જાણસે જેહ, નકલંકી નર થાસે તેહ. ૨૧૬
જ્યારે અનંત કળાને વેદવખાણ, તમને ધરતી વરયાનાં એ એધાંણ. ૨૧૭
એવી વાત જ્યારે હરીએ કહી, ત્યારે ધરતીએ માન્યું સહી. ૨૧૮
ત્યારે હરીને ધરતી એકજ થયાં, તે શબ્દ શંખવે સુણ્યાં. ૨૧૯
ત્યારે શંખાસુરે વિચાર્યું મન, એ બેઉ થયાં એકે તન. ૨૨૦
એમ શંખવો મન શું કહે, પંડ પ્રાણ તારાં નવ રહે. ૨૨૧
ત્યારે ધરતી શંખાસુરને લેવા જાઇ, ત્યાંથી શંખાસુર નાઠો તરત ત્યાંય. ૨૨૨
ત્યાંથી શંખાસુર નાશી ગયો, વિતલ પાતાલ નગર જઇ રહ્યો. ૨૨૩
તે નગરનો રાજા જેહ, અન્નપાલ નામે તેહ. ૨૨૪
સતવાદી તે મહા કહેવાય, સત તણી તે કરે સેવાય. ૨૨૫
નાશીને તેની સભામાં ગયો, જઇને દીવેટીઓ થઇને રહ્યો. ૨૨૬
ત્યાં વિશ્નુ કેડે દે ડી ગયા, તે જઈને રાજાની પોળે રહ્યા. ૨૨૭
ત્યાં જઈને હરીએ વચન જો કહ્યાં, સતવાદી રૂપ પોતે ધર્યાં. ૨૨૮
ધરી રૂપ બોલ્યા ભગવાન, અને સતવાદીનું બોલ્યા જ્ઞાન. ૨૨૯
હરયું તેજ જો દીવા તણું, ત્યારે અનુપાલ રાજા આકુળવ્યાકુળ થયા ઘણું. ૨૩૦
કહે કાં ગયું મુજ સભાનું તેજ, મારી સભામાં એ શું ન ભેદ. ૨૩૧
ત્યારે હરીએ પોળીઆ શું વચન જો કર્યું, જા પોળીઆ સભામાં શું થયું. ૨૩૨

ત્યારે પોળીએ મન વિચાર્યું સહી, આ પુરૂષ આ દેશનો કોઇ નહિ. ૨૩૩
અતુળ બળનું દેખ્યું રૂપ, પોળીયે નિરખ્યું સર્વે સ્વરૂપ. ૨૩૪
વેગે વહી રાજા પાસે ગયો, જઈ સભામાં ઉભો રહ્યો. ૨૩૫
ત્યાં સભામાં થયો શોરબકોર, ત્યાં ઉભો છે વિષ્ણુ બ્રહ્માનો ચોર. ૨૩૬
રાજા થઇ રહ્યો નિસ્તેજ, દિવા તણું હાર્યું છે તેજ. ૨૩૭
તહાં પોળીએ વચન કર્યું પ્રકાશ, સુણો રાજા તમને કહે છે દાસ. ૨૩૮
પુરૂષ ઉભો છે તમારે દ્વાર, નથી વચન બોલતો લગાર. ૨૩૯
રહીને વચન એમ જો કહે, જા પોળીઆ સભામાં શું થાહે. ૨૪૦
થોડી વાણી બોલે પ્રકાશ, તે કારણ તમ પાસે આવ્યો દાસ. ૨૪૧
એ વાત પોળીએ રાજાસું કહી, વિતળ લોકનો એ પુરૂષ નહિ. ૨૪૨
કોણ કારણ આવ્યો છે આંહે, તમે આવીને પૂછો તાંહે. ૨૪૩
એનું રાજાએ સુણ્યું વચન, સતવાદિએ વિચાર્યું મન. ૨૪૪
એ કોઇ પુરૂષ પરલોકી તન, જેણે બાંધ્યા ચૌદ ભુવન. ૨૪૫
શુણી શબ્દ ઉઠી ઉભો થયો વસ્ત્ર સંભાળી દોડી ગયો. ૨૪૬
એ છે પુરણ બ્રહ્મ ભગવાન, એવું હૃદીયામાં આણ્યું જ્ઞાન. ૨૪૭
જઈ કરી હરીને લાગે પાય, કેમ પધાર્યા ત્રિભુવન રાય. ૨૪૮
અતિ ચતિત પર કૃપા કરી, મુક્તિનાં કારણે દેવોની દયા ધરી. ૨૪૯
રાંક તણું કરવા કાજ, અને વિતલ લોકે આવ્યા ભગવાન. ૨૫૦
અગમ નિગમ સુણતાં ઠામ, પતિતે વળી જાણ્યાં નામ. ૨૫૧
એવું યાદ ધરી મહારાજ, સરજાવા તણી રાખવા લાજ. ૨૫૨
હરિએ ત્યાં હેતજ ધરી, અને મુકિત તણો વર આપ્યો ફરી. ૨૫૩
સાંભળ રાજા કહું છું તને, ત્રિકમ વળી જાણો મને. ૨૫૪
આદ વચનની દયા ધરી, અનુપાલ પર ત્રુઠયા હરી. ૨૫૫
સેસટ બ્રહ્માની વસે ભુતાન, એક મૂરત ત્રણ દેવના ઠામ. ૨૫૬
મુત્યુ લોકમાં આપું વાસ, કરી લીધો પોતાનો દાસ. ૨૫૭
રૂકમાગત તો ધર્યું નામ, અને અમરાપુરમાં આપું ઠામ. ૨૫૮
સુણી વચન ત્યાં હરી તણાં દુષ્ટ તણાં તો ભાગ્યા ચરણ. ૨૫૯
ત્યાંથી શંખાસુર નાશી ગયો, જઈને સુતળ દેશને માર્ગે જઇ રહ્યો. ૨૬૦
પાતાળ માંહે નાઠો જાઈ, અઘોર વન હતું જયાંય. ૨૬૧
ઘર દીઠું તહાં ગુનકાં તણું, ત્યાં જઇને દૈત્ય હરખ્યો ગણું. ૨૬૨
વઇવ છોકરાનું નામ, તેનો ત્યાં રમવાનો ઠામ. ૨૬૩
અને જવા તણો મુજને મારગ દેખાડ, તુને ઇચ્છું છું બંધવને ઠામ. ૨૬૪
તેને જવાનો દેખાડયો ઠામ, વળી પુછયું દુષ્ટનું નામ. ૨૬૫

આગળ શંખાસુર નાઠો જાઈ, કેડે આવે દેવ મોરાર. ૨૬૬
જઈ વઇવત હરીને પાયે જો પડે, કરજોડીને ત્યાં ઉભો રહે. ૨૬૭
આ લોક ઉપર દયા ધરી, ભલે પધાર્યા શ્રી હરી. ૨૬૮
ત્યારે હરી બોલ્યા તેણે વાર, ચોર આવ્યો છે આણે ઠાર. ૨૬૯
સ્વામી ચોર તમારો કયાં જસે, એ કારણ કઈકના કારજ થસે. ૨૭૦
સ્વામી તમે ઉભા રહો આણે ઠામ, પકડી લાવું ચોર તમારો તરત આમ. ૨૭૧
આધીન થઇને હેતજ ધરી, એણે ઓળખ્યા શ્રી હરી. ૨૭૨
જો હું આવ્યો છું તે જાણો મને, તો વળી વર આપું છું તને. ૨૭૩
મેં તુજને કીધો મારો દાસ, અને મૃત્યુ લોકમાં આપું વાસ. ૨૭૪
તો મેં તુજને આપ્યું લંકાનું ઠામ, તારૂં ભભિક્ષણ ધરાવું નામ. ૨૭૫
જયારે હું લઇશ રામ અવતાર, ત્યારે તને આપીશ રાજને કરીશ નિસ્તાર. ૨૭૬
રાવણથી લંકા લઇશ, તને રાજ ત્યાનું દઇશ. ૨૭૭
એમ કહી હરી દોડયા જાઈ, માર્ગ રહ્યો છે આણી વાર. ૨૭૮
આગળ શંખવો ને પાછળ હરી, એણે દુષ્ટે યુદ્ધની ઇચ્છા ધરી. ૨૭૯
મન મંત્રસુ વેહેરે દેત એવી શંખાસુરની રીત. ૨૮૦
અતુલ બળનો રહ્યો મરોડ, એની પાસે છે દૈત્ય છાસઠ કરોડ. ૨૮૧
એંકાર નવ બીએ મન, અને દૈત્ય તણા ઉપજાવ્યાં તન. ૨૮૨
યુદ્ધ કરતાં ગયા સુતલ મોજાર, એણે દૈત્ય ઉપજાવ્યા અપાર. ૨૮૩
આગળ શંખવો નાઠો જાય, દૈત આવીને લાગે હરિને પાય. ૨૮૪
કે તાં એક દૈત્ય જો કરે, કે તાં એક આવી હરિને પાયે જો પડે. ૨૮૫
યુદ્ધવાળા ઉપર હરી કોપ જો કરે, અને ચરણે નમે તેની ઉપર દયા જો ધરે. ૨૮૬
ત્યાં સુતલ દેશમાં જઇ રહ્યો, ત્યાં જઇ દૈત પ્રાક્રમી જો થયો. ૨૮૭
ત્યાં જેવત રાજા વસે છે જહાં, તહાં દૈતે વિચાર્યો ઠામ. ૨૮૮
તે નગરીનો પોળીઓ એક, તે સતવાદી કહાવે છે તેહ. ૨૮૯
ભોમમંડલિક છે તેનું નામ, તે હરીનું કરવા કામ. ૨૯૦
ત્યારે તે પોળે જઈ હરી ઉભા રહ્યા, તહાં શંખાસુરને જોતા ગયા. ૨૯૧
ત્યારે ભોમમંડલિકે વિચાર્યું જ્ઞાન, અતુલ બળ છે ભગવાન. ૨૯૨
ત્યાં જઇ હરીને લાગો પાય, ક્ષમા કરો તમે ત્રાભુવન રાય. ૨૯૩
ભાઇ શું ક્ષમા કરાવે છે મને, એ કથા કહું છું તને. ૨૯૪
વેદ હરી આવ્યો છે દુષ્ટ અંધ, અમારી સાથે કરે છે યુધ. ૨૯૫
ત્યારે પોળીયો બોલ્યો તેણીવાર, સ્વામી તમ સાથે નહિ જીતે લગાર. ૨૯૬
એવાં વચન સર્વે સુણી, તુઠયા કૃપા કરી ઘણી. ૨૯૭
મૃત્યુ લોકમાં સુતલ વાસ, સાથ લાવીને કરીશ દાસ. ૨૯૮

અંબરિક રાજા એનું નામ, તે પોળીયા તણું જો કરતો કામ. ૨૯૯
લેવા રતન કોરંભ અવતરૂં, ત્યારે સેસટમાં તુંને વરૂં ૩૦૦
હેત કરીને દીધું વચન, વળી પોતાનો કીધો તન. ૩૦૧
તે શંખાસુરને ત્યાં થઈ છે જાણ, ત્યાંથી તો નાહો નિરવાણ. ૩૦૨
સર્વે દૈત્ય યુદ્ધ બહુ જો કરે, હરી દ્રષ્ટે અચેતા થઇ પડે. ૩૦૩
નજીવ થઇને સજીવ જો થાય, હરીશું યુદ્ધ કરતા જાય. ૩૦૪
રસાતાલે દુષ્ટ તો ગયો, જઈ દમનરાજાને મંદિર જઈ રહ્યો. ૩૦૫
જયાં દમનરાજા રસાતલ દેશ, ત્યાં શંખાસુરે બદલ્યો વેશ. ૩૦૬
ત્યાં વિપ્ર થઇને સભામાં ગયો, દઈ આશિષ ને સભામાં રહ્યો. ૩૦૭
ત્યાં ઉભો રહીને કીધી અરદાસ, હું બ્રાહ્મણ આવ્યો તમારી પાસ. ૩૦૮
દમનરાજા જેનું નામ, તેનો બુદ્ધિશાળી પરધાન. ૩૦૯
તે પ્રધાન કહે તેણી વાર, વિપ્ર તો તું નહિ નિરધાર. ૩૧૦
તને નેણ વેણ દેખું છું હું, મને દુષ્ટ ભાસે છે ઘણો તું. ૩૧૧
એવું વૃત્તાંત દમનને કહે, એ વિપ્ર આપણો રાખ્યો ન રહે. ૩૧૨
એ દીસે છે મહા વળી ચોર, અને યુદ્ધ કરાવે હલાહોલ. ૩૧૩
એવું રાજા પ્રધાન કરે વિચાર, અને હરિ આવ્યા વળી તેણે ઠાર. ૩૧૪
ત્યારે દેખી સુરત બેઉ જઇને પાયે જો પડે,સ્વામિ એ કારણ શું તમે આંહી જડે ૩૧૫
અમ પર કૃપા કીધી આજ, નારકી જીવના કરવા કાજ. ૩૧૬
તમે બેસો અમારા મંદિર માંહે, શંખાસુરને પકડી લાવું આંહે. ૩૧૭
ત્યારે શ્રીહરિ બોલ્યા તેણી વાર, અમથી પકડી ન જાએ લગાર. ૩૧૮
સ્વામી તમે ઉભા રેહજો આંહે, જઇ પકડું રહ્યો હોય જયાંહે. ૩૧૯
જો એ લેશે અમારો પ્રાણ, તો અમે ભાંગશું એનાં ચરણ. ૩૨૦
તમે મસ્તક દયોને અમારે હાથ, જો કરી આવું છું ઘાત. ૩૨૧
વચન સુણી દતદમણ તણું, હરીમાંહે ત્રુઠયા ઘણું. ૩૨૨
મૃત્યુ લોકમાં ભુતલવાસ, બેઉ કીધા પોતાના દાસ. ૩૨૩
દતદમણને આપું રાજ, દમનને તો કીધો પ્રહલાદ. ૩૨૪
ત્યારે બેઉ મનમાં હરખ્યાં ઘણું, નામ ગુણ લીધાં હરી તણું. ૩૨૫
હું એ દુષ્ટ કારણ ધરીશ અવતાર, તમ તણા વળી કરવા કાજ. ૩૨૬
દમન પ્રહલાદ ઉપર બહુએ પ્યાર, પાંચ કરોડીના કીધા સરદાર. ૩૨૭
એ વાત સુણી હરી તણી, પ્રહલાદે કસણી માગી ઘણી. ૩૨૮
એ સુણી શંખાસુરે વાત, હરીશું કરવા આવ્યો ઘાત. ૩૨૯
ત્યારે દોડયા હરી શંખાસુર કેડે ધાએ, ને અનંતકળા કરે તેણી વાર. ૩૩૦
જે જે કળા દૈત્ય જો કરે, તે કળાનું તેજ સર્વે હરી જો હરે. ૩૩૧

અતુલી બળ અનંત અપાર, આગળ શંખાસુર નાઠો જાએ. ૩૩૨
તલાતલ પાતાળની વાટે ગયો, અને નપત ઘરમાં જઇ ઉભો રહ્યો. ૩૩૩
તપનગર કહાવે છે જ્યાંહે, ગર્ધવસેન રાજ કરે છે ત્યાંહે. ૩૩૪
તે રાજાનાં શું કરૂં વખાણ, સતગોર કહે સર્વે લોક અજાણ. ૩૩૫
ગર્ધવસેન રાજા જો એક, તેની સભાના કહું વિવેક. ૩૩૬
ત્યાં શંખાસુર નાશી ગયો, સહસ્ત્ર કલાશું અછતો થઇને રહ્યો. ૩૩૭
ઘણી સભા ને મોટો ભૂપ, ત્યાં જઇ દુષ્ટે ફેરવ્યું સ્વરૂપ. ૩૩૮
ત્યાં જઇ સભામાં શંખાસુર શું કરે, અનેક કળા અનેરી ધરે. ૩૩૯
ત્યાં જોઈ એકલા દૈત્ય ભણી, સભા મનમાં હરખાઈ ઘણી. ૩૪૦
ત્યાં ચલિત્ર દૈત્ય કરે અપાર, અને લોકોમાં થયો હલહલકાર. ૩૪૧
પ્રજા સર્વે વદે એમ, એ પુરૂષ આવ્યા છે કેમ. ૩૪૨
અલોકી કોઈ પુરૂષ આવ્યો છે એહ, ત્રીભુવન પતિ કહાવે છે જેહ. ૩૪૩
એવું લોકે ધર્યું ઇમાન, જોઈ ચરિત્ર દૈત્ય તણાં. ૩૪૪
જ્યારે ગર્ધવસેનને જાણ જો થયું, ભોળા લોકને મન શું આવ્યું. ૩૪૫
ભુલી સભા ને ભુલ્યા લોક, રાજાએ કીધા સર્વે ફોક. ૩૪૬
ત્યારે ગર્ધવસેન રાજા બોલ્યા તેણીવાર, એવાં વચન સુણ્યાં હતાં વેદ મોઝાર. ૩૪૭
એ દીસે છે કોઇક દૈત્ય અવતાર, જે ચરિત્ર કરે છે અપાર. ૩૪૮
ત્યાં એવો રાજા કરે છે વિચાર, હરિ હમણાં આવશે આણે ઠાર. ૩૪૯
સતપંથી રાજા હોતા તેહ, જાપ અમર થવાનો જપતા તેહ. ૩૫૦
ત્યારે ખંભ હુતા સૃષ્ટિ મોઝાર, પાંચ રખેસરી અવતાર. ૩૫૧
તે ચરણામૃત રાજા પીએ, દુષ્ટ તણું તે મુખ કેમ જુવે ૩૫૨
ત્યારે રાજા પ્રધાન કરે વિચાર, એને ઘેરી રાખવો આણે ઠાર. ૩૫૩
તે ચલિત્રવાદિ ઘણો, ચોર દીસે છે હરી તણો. ૩૫૪
ત્યારે પ્રધાને વિચાર્યું મન, તમે બોલ્યા તે સત્ય વચન. ૩૫૫
તેને જાલવા તણી કીધી પેર, ત્યારે હરી પધાર્યા ઘેર. ૩૫૬
વેદીઆ વિપ્ર થઈ આવ્યા સહિ, રાજતણે દ્વારે ઉભા જઇ. ૩૫૭
ત્યારે હરિતણાં શબ્દ રાજાએ સુણ્યાં, રાય અતિ મન હરખ્યાં ઘણાં. ૩૫૮
એ બ્રાહ્મણ તો વિપ્ર ના હોએ, ત્રિભુવન પતિ કહાવે છે તેહ. ૩૫૯
ગર્ધવ રાજાના પુત્ર જે એ, ગર્ધવસેન પ્રત્યે કહે છે તેએ. ૩૬૦
તમે કહો છો ત્રિભુવન નાથ, તો અમને રાખજો તમારી સાથ. ૩૬૧
પુણ્ય નામે કહીએ પ્રધાન, તેને સુઝયું બ્રહ્મજ્ઞાન. ૩૬૨
ત્યાં ત્રણ પુરૂષ તો અળગા રહ્યા, સર્વે લોક પાંખડે ગયા. ૩૬૩
પાંખડી ચિંતા કરે અપાર, સર્વે લોભાયા ત્યાં સંસાર. ૩૬૪

પુષ્પગંધ અને ગર્ધવસેન ચોથા બઈ ત્યાં દમનીસેન. ૩૬૫
એ ચારે મળી કીધો વિચાર, જે હરી લઈ આવ્યા અવતાર. ૩૬૬
દમની પુત્રી રાજા તણી, સતવાદી તે કહાવે ઘણી. ૩૬૭
તે બાઈને સતેજ કરી, રાજાએ ઓળખ્યા હરી. ૩૬૮
જ્યાં રાજા તમે હરી છે તહાં, હમે પાખંડીને રાખશું અહાં. ૩૬૯
ગયા રાજા જ્યાં હરી હતા ત્યાં, ઉભા રહ્યાં ત્યાં પાયે પડી. ૩૭૦
એ ભાગતો એવી રીત, જાણે જગોજગની પરતિત. ૩૭૧
ક્રોધે હરી બોલ્યા તેણે ઠામ, ચોર છે તારા ઘર માંહે. ૩૭૨
એણે ડમડોલ કીધો છે પૃથ્વીમાંહે, ચોર મારો રાખ્યો છે આંહે. ૩૭૩
લાવી કરી મુજ આગળ ધર, દેવા આવ્યો છું તુજને વર. ૩૭૪
ત્યારે રાજાએ હરી પ્રત્યે કહ્યું, સ્વામી અગમ જ્ઞાન લહું. ૩૭૫
તમે ઉભા રહો આણે ઠાર, ને પકડી લાવું આણી વાર. ૩૭૬
એવી વિનતી રાજાએ કહી, ગંદ પકડવા લાગ્યો સહી. ૩૭૭
પ્રાક્રમ હુતા દૈત્યમાં અપાર, જાણે નાઠો તેણી વાર. ૩૭૮
ત્યારે કેડે દોડયા રઘુનાથ, રાજા પ્રધાન ચાલ્યા સાથ. ૩૭૯
કેટલાએક પ્રેમી સાથે જો ગયા, આગળ જઈ હરી ઉભા જો રહ્યા. ૩૮૦
રાજા પ્રધાન સ્તુતિ જો કરે, ક્ષણે ક્ષણે પ્રેમે પાય જો પડે. ૩૮૧
દમની ગંદ બેઉ જણા જો જાયે, દોડયા આવે ત્યાંહે. ૩૮૨
અનંત ભક્તિ અપાર, પ્રેમે હરિ તૃઠયા તેણી વાર. ૩૮૩
ગર્ધવસેનને કહ્યું હરી, પુષ્પ પ્રધાન પર દયા કરી. ૩૮૪
વામન રૂપ ધરી આવીશું હું, કમળાધેન થાસે તું. ૩૮૫
પુષ્પસેન તારો પ્રધાન, જેદેવ થાસે તારો નામ. ૩૮૬
તેણી વારે તુને વર દઇશ, જ્યારે મારી દુષ્ટને રાજ લઇશ. ૩૮૭
ગદદમની પર દયા કરી, એમને વર આપ્યો વળી. ૩૮૮
ગદ પ્રત્યે બોલ્યા ત્રીભુવન ધણી, દમની માતા થાશે તુજ તણી. ૩૮૯
કમળાપતિ તારૂં નામ, જ્યારે સહસ્ત્રાઅર્જુનના કેટડે થામ. ૩૯૦
હું જીતીશ દૈત્ય આવીશ આણી વાર, તમે આવશો પૃથ્વી મોજાર. ૩૯૧
એવાં વચન હરિએ કીધાં ત્યાંય, ચારે વર લઈને પાછા વળ્યા ત્યાંય. ૩૯૨
આગળ શંખાસુર નાઠો જાય, ને પુઠે ત્રીભુવનનો રાય. ૩૯૩
ત્યાં દૈત્ય તણાં બાણુ એવી ભરી, સર્વને પ્રજાળે હરી. ૩૯૪
આગળ આવે રસાતલ પાંતાલ, વળી શંખવો ઉભો રહે સાર. ૩૯૫
અનંત દૈત્ય શું યુદ્ધ કરે, ત્યાં બોલે વચન ને રૂએ. ૩૯૬

શા માટે હરિ આવ્યો છે તે આમ, જાણ્યો નથી આગળ જવાનો ઠામ. ૩૯૭
ત્યારે વચન બોલ્યા તેણીવાર, તમે કેમ ધરસો મુજ દ્વાર. ૩૯૮
ત્યારે નાસીને પૃથ્વીમાં ગયો, અને જઇ કનકાસુરની સભામાં રહ્યો. ૩૯૯
સતગોર બોલ્યા અગમ વાણ, જે હરિતણા હું કરૂં વખાણ. ૪૦૦
સતગોર કહે છે એ નિર્વાણ, સતવાદી જીવનાં કરૂં વખાણ. ૪૦૧
સાંભળો રખેસર સતગોર કહે, ચૌદભુવન જીવ સતવાદી રહે. ૪૦૨
પણ તે લોકને એ વિચાર બ્રહ્મા, વિશ્નુ, મહેશ્વર લઇ આવે અવતાર. ૪૦૩
સતગોર વાણી બોલે છે, આંહે ભાઈ ચૌદ લોકના જીવ ઓધારવા છે આ પૃથ્વી માટે. ૪૦૪
જેમાં ઇશ્વર થઇ આવે છે અંશ, જેઓ બ્રહ્મા વિષ્ણુના છે વંશ. ૪૦૫
તેણે વંશથી એ એકે અવતાર, તે સર્વે જીવનો કરે નિસ્તાર. ૪૦૬
તે ધરી અવતાર આવે છે અહાં, જીવ કારણ પૃથ્વી માંહે. ૪૦૭
આદે વાચા દીધી છે જેહ, આદે વચન સંભારી આવે છે તેહ. ૪૦૮
આદે વચન સાંભળા આવ્યો છું અમે, દીધી વાચામાં કાંઈ ભુલો છો તમો. ૪૦૯
જો દીધી વાચા તમે ભુલી જાઓ તો, સતગોર કહે તમે દુઃખીયા થાવો. ૪૧૦
તમે જાણો છો જે બ્રહ્મા આવે છે આંહે, બ્રહ્મા વિષ્નુ મહેશ્વર વસે છે ચૌદ લોક માંહે. ૪૧૧
સર્વે લોકનું અમે ઉતાર્યું છે પાપ, તે લોક જપે છે અમારા જુજવા જાપ. ૪૧૨
જો અમારૂં સતગોર નામ, તો કંઇએ જુજવા જપ ને જુજવા ઠામ. ૪૧૩
સતગોર વિનતી કરે છે ઘણી, સાંભળો કથા રાજા કનકાસુર તણી. ૪૧૪
જે એક ટોલના જીવ જેહે, તે સર્વે મંડલ વસાવા તેહે. ૪૧૫
તેણે ઓળખ્યાં અમારા તન, તો અમે દીધું તેને સતવચન. ૪૧૬
વચન બાંધ્યા અવતર્યા છીએ આંહે, સર્વ જીવને ઓધારવા છે પૃથ્વી માંહે. ૪૧૭
જ્યાં ત્યાં ફળ હોસે તેઓને વાસ, અમારા જીવ તે હોશે અમારે પાસ. ૪૧૮
એવી વાણી સતગોર કહે. અમારા જીવ એ અમારી પાસે રહે. ૪૧૯
ત્યાં જઇ શાંખાસુર શું કરે, પરપંચ લઇને સભામાં સંચરે ૪૨૦
ત્યાં શ્રી હરિ શું કરે, જે અનંત કળા સંપુંણ ધરે. ૪૨૧
ત્યારે દૈત્ય રાજાની સભામાં ગયો, અન અતુલ્ી બલતો અછતો થઈ રહ્યો. ૪૨૨
ત્યારે હરિ એવું ચિતમાં ધરે, તે દેવ પૃથ્વીને લઇ જઇ સંચરે. ૪૨૩
જ્યારે પૃથ્વીના માર્ગે જઇ બેઠા દેવ, ત્યારે ગાંધર્વ મળ્યા તતખેવ. ૪૨૪
ત્યાં દેવે અગમ અગોચર ચલિત્ર કર્યા, ને ગાંધર્વ સાથે આપ સંચર્યા. ૪૨૫
ત્યાં દેવ કુદરતિ એક સર્પજ વસ્યો, તે સર્પ જઇ માહળીયાને ડસ્યો. ૪૨૬
ત્યાં માહળીયું સર્પે ડસ્યું, ને ગોર પરવારી ગંધર્વ વસ્યો. ૪૨૭
ત્યાં ગંધર્વ ખેલ કરતા ભઆ, ભાઈ તે કારણ હરી સાથે ગયા. ૪૨૮
ત્યાં ગાંધર્વના મનમાં એવી ફિકર જો થાઈ, હવે માહળીયા વિના માહલ કોણ બજાઈ. ૪૨૯

ત્યારે હરિ મનમાં બોલ્યા વિચાર, તમે કહો તો માદલ બજાવું અપાર. ૪૩૦
ત્યારે ગંધર્વ બોલ્યો તતખેવ, તું તે માદલીયાની સુણજો ભેદ. ૪૩૧
ત્યારે ત્રિભુવની દેવ એમ જો કહે, ત્યારે સતરા એ નામે ગંધર્વ રહે. ૪૩૨
તેને દ્વારે દેવ ત્રુઠયા સહી, ત્યાંથી માદલીયાની પેર જો લહી. ૪૩૩
ત્યારે ગંધર્વ બોલ્યા તેણી વાર, હવે આપણું કારજ સર્યું અપાર. ૪૩૪
ત્યારે ગંધર્વ ઉતર્યા તતખેવ, તે તો બેઠા કનકાસુરને ઘેર દેવ. ૪૩૫
ત્યાં જઇ કીર્તનનો માંડયો મંડાણ, ત્યાં શંખાસુર દાનવ બેઠો જાણ. ૪૩૬
ત્યાં રાગકિર્તન માંડયો અભાસ, ત્યારે માદલ લઇને બેઠો દાસ. ૪૩૭
જ્યારે શંખવો મનમાં આનંદ જો કરે, તારે માદલીયું અચંબી રહે. ૪૩૮
ત્યારે શ્રી હરી સભામાં ગયા, આપો આપે માદલીયા થયા. ૪૩૯
ટેર એક વજાડી જ્યાં, ત્યારે ત્રણ ભુવનમાં નગર જ્યાં ત્યાં. ૪૪૦
જ્યારે માદલ બોલ્યા ધમધમકાર, ત્યારે કંપ્યાં છે પાતાલ. ૪૪૧
જ્યારે મૃદંગ વજાડયાં શ્રીહરિ, ત્યાં દેવે ત્રણ ભુવનમાં ગર્જના કરી. ૪૪૨
ત્યારે શંખાસુર મનમાં એવું ધરે, માદલીયું હોય તો એવું ના કરે. ૪૪૩
ત્યારે કનકાસુર રાજાએ જાણ્યું સહી, એ પરમ પુરૂષ માણસ નહિ. ૪૪૪
કનકાસુર, કરૂણાસુર, વદરીયાસુર, વ્યાસુર, ચોથા એ. ૪૪૫
ચારે બંધવ જાયને એ શું કરે, લાગે પાય હરિની સેવા ઓચરે. ૪૪૬
સ્વામી તમે વસો છો પૃથ્વી માંહે, ધનભાગ્ય અમારાં જે પધારયા આંહે. ૪૪૭
જે ઈચ્છા કરતા હતા અમો, કૃપા કરી સ્વામી આવ્યા તમો. ૪૪૮
સ્વામિ તમે અવિનાશી અવનીના છો દેવ, અમે શું કરીશું તમારી સેવ. ૪૪૯
ભલે શંખવો આવ્યો આંહે, જે તમે પધાર્યા પાતાળ માંહે. ૪૫૦
જ્યારે તમે આવ્યા પાતાલ, ત્યારે અમને મુક્તિ થઇ હો દિનદયાળ. ૪૫૧
સ્વામિ કરી સ્થાપના ને આપો ધર્મ, તારો અમારાં જગોજગના કર્મ. ૪૫૨
ત્યારે પ્રેમે હરિ પામ્યા આનંદ, અને શંખાસુરનો કરવા ફંદ. ૪૫૩
ત્યારે ત્રિભુવન પતિએ દીધું વચન, અને કનકાસુર કીધા હરિચંદ. ૪૫૪
તમે અમે એક કુળમાં થઇ, વાસો વસશું અમરાપુર જઈ. ૪૫૫
સમ વચન ભાંખસું અમો, મુક્તિ કારણ રાજા કહાસો તમો. ૪૫૬
ત્રણ બાંધવ રહ્યા તેણે ઠાર, સરજાવા સહુ એક કુળ મોઝાર ૪૫૭
હવે શંખાસુરને પકડવા ચાલ્યા શ્રી હરિ, ત્યારે મોટે માર્ગે ચાલ્યો નિસરી. ૪૫૮
દૈત્ય કલા હિણાં જો થઇ, શ્રી હરિ પકડશે જઇ. ૪૫૯
તે પાતાળમાં ભૂતલ દેશ, ત્યાં જઈ શંખવે મેલ્યો વેશ. ૪૬૦
ભાગ્યું બળ ને કોપ્યો મન, હમણાં મારૂં ભાંગશે તન. ૪૬૧
ભુતળ દેશ ભેદ નગર કહાવે છે જહાં, રાજા મચ્છ રાજ કરે છે તહાં. ૪૬૨

ત્યાં એક અઘોરી સતવાદી એક, એણે મહા તપ વળી કીધાં અનેક. ૪૬૩
તેણે અનેક અગ્નિની ખમી આંચ, તે તપે પુત્ર પામ્યો પાંચ. ૪૬૪
પાંચે પુત્ર મળી શું કરે, તાતની સેવા આચરે. ૪૬૫
એવું તેણે જાણ્યું જ્ઞાન, સેવાતણું તેણે લીધું ધ્યાન. ૪૬૬
એ પાંચે બંધવની એવી રીત, એક એક સાથે બાંધી પ્રિત. ૪૬૭
મહા સંતોષે પાંચે રહે, પોતાનો ગુણ કો કોને ના કહે. ૪૬૮
તે ધર્મ તણો કરે અંહકાર, એકમના થઈને એક વિચાર. ૪૬૯
એક માંહી થકી વાણી કહી, તો પાંચેને મન આવ્યું સહી. ૪૭૦
તે સમે હરિ ત્યાં ગયા, જઇ તે દ્વારે ઉભા રહ્યા. ૪૭૧
ત્યારે મચ્છ રાજાને થયું જાણ, હરિ આવ્યા તે સહિ પ્રમાણ. ૪૭૨
ત્યારે રાજા સામો આવ્યો જેહ, પાંચ પુત્ર વળી સાથે તેહ. ૪૭૩
આવી હરિને લાગ્યા પાય, વચન વદો ત્રિભુવનરાય. ૪૭૪
ત્યારે હરિએ વાણી કહી, ચોર મારો આવ્યો છે અહીં. ૪૭૫
ચોર દેખાડશે જેહ. મુગત પદારથ પામશે તેહ. ૪૭૬
મંગની નામે પુત્ર જેહ, પાંચમાં મોટેરો તેહ. ૪૭૭
તેણે વચન કહ્યું તેણી વાર, તે ચોર આવ્યો છે અમારા ઘર મોઝાર. ૪૭૮
બોલ્યા હરિ સર્વે ધાઓ મળી, રખે ચોર જાએ ટળી. ૪૭૯
ત્યારે મંગની દેવ બોલ્યો એહ, સ્વામી ચોર ટળી જાય તો પાડું દેહ. ૪૮૦
સુણી વચનને ત્રુઠયા બ્રહ્મ, તારૂં નામ યુધીષ્ઠિર થાપું ધર્મ. ૪૮૧
થાપી પુઠને મસ્તક દીધો હાથ, દેશું કષ્ટ પણ લેશું અમરાપુર સાથ. ૪૮૨
એ વચન સુણ્યા તેણીવાર, ચારે બાંધવ લાગ્યાં હરિને પાય. ૪૮૩
ત્યારે શ્રી હરિ બોલ્યા ત્યાંય, પાંચે એકમના થઈને રેહજો પૃથ્વીમાંય. ૪૮૪
છેલ્લો જુગ ઉતરતાં અવતાર, અથરવેદનો પેહલો વિસ્તાર. ૪૮૫
લેશું કલંકને બુદ્ધા અવતાર, તમ તણા કરીશું વિસ્તાર. ૪૮૬
કરી પ્રણામને દોડયા શંખવા ભણી, ત્યાં દૈત્યે કળા કીધા ઘણી. ૪૮૭
ત્યાંથી શંખાસુર નાશી ગયો, મહા પાતાળમાં જઇને રહ્યો. ૪૮૮
સતગોર બોલ્યા અગમ વાણ, સુણી લેજો તમે સર્વે જાણ. ૪૮૯
જેણે સરજ્યાં ચૌદભુવન, અને માંડયા મંડાણ તેનું શું કરૂં વખાણ. ૪૯૦
અનંત કળા દૈત્યમાં હોય, જેણે સરજ્યા તે મારે સોય. ૪૯૧
મહા પાતાળમાં શંખવો ગયો, સુરમલરાજાની સભામાં જઇ રહ્યો. ૪૯૨
સુરમલ રાજા કહાવે છે જેહ, દૈત્ય ઉપાસણીક એ તેહ. ૪૯૩
વ્રત દૈત્ય તણું કરે, ધ્યાન ઉપાસન રાક્ષસનાં ધરે. ૪૯૪
દાનવ કુળના કરે વિવેક, ચંદ્રસેન તેને પુત્ર એક. ૪૯૫

પુત્ર પિતાને નવ બને લગાર, ભક્તિ કારણ થાયે નિત રાડ. ૪૯૬
નગરના લોક સર્વે કેવા મળે, તેના આગળ વચન કોઇનાં નવ ફળે. ૪૯૭
શંખવાને હરિ જોતા ગયા, દૈત્ય ઘરમાંને હરિ દ્વારે રહ્યા. ૪૯૮
ભાખે વાણીને સતગોર હસે, ભાઇ એવા લોક પાતાળમાં વસે. ૪૯૯
ત્યાં રાજા દૈત્યને રાખી રહ્યો, કુંવર દોડી હરિ પાસે ગયો. ૫૦૦
સતગોર કહે એ પુરૂષ છે એક, પણ ચાદ લોકમાં એનાં જુજવા વિવેક. ૫૦૧
સતગોર કહે ભાઇ સુણજો તમો, જાણું છું તે કહું છું અમો. ૫૦૨
સુણી લેજો તમે જાણ સુજાણ, મુક્તિ કારણે સર્વે માંડયું મંડાણ. ૫૦૩
જે લોકમાં મુક્તિ નહિ, સતગોર કહે ત્યાં શું કરે જઈ. ૫૦૪
ત્યાં પુત્ર પિતાને પડયો વિવાદ, ચંદ્રસેનને સુરમલરાજ. ૫૦૫
કહે શંખવો શુણ સુરમલરાજ, તુજથી રહે દૈત્ય કુળની લાજ. ૫૦૬
અનેક દેશ મેલી આવ્યો છું હું, રૂદ્ર રે કુળમાં કહાવે છે તું. ૫૦૭
મેં લીધા વેદ ને વસાવું વેર, હરિ આવશે મુજ માટે તુજ ઘેર. ૫૦૮
જો તું બળ બાધે બળવંત, તો જાય ફરીને થાય આનંદ. ૫૦૯
એ છે એકલાને તારો કુંવર જોડ, એને મારે દૈત્ય છાસઠ કરોડ. ૫૧૦
બાંધ બળને ઘરની રીત, એ દૈત્ય કુળની પ્રતિત. ૫૧૧
તુજ આગળ હોસે એહ, તુજને ગાંજી જાસે તેહ. ૫૧૨
હું ભણી મંત્રને હુંકારૂ દૈત, તારા કુંવર તણી જે રિત. ૫૧૩
સતગોર કહે અગમ કથા, સુરજમલ શંખવા સાથે મથ્યા. ૫૧૪
ત્યારે શંખવો રાજા સુરજમલને કહે, તું રાખે તો દૈત્ય સર્વે તુજ પાસે રહે. ૫૧૫
ત્યારે ચંદ્રસેન બોલ્યો તેણીવાર, અહિં દૈત્ય ન રહે લગાર. ૫૧૬
દૈત્ય રાખી અમે શું કરૂ, વિશ્નુ આગળ જઇ કયાં રહું. ૫૧૭
નથી મારગ પૃથ્વી માંહે, એ આગળ નાસી જાસે કયાંહે. ૫૧૮
સુન્ય તણો આવ્યો વિસ્તાર, માટે તુને મારસે નિરધાર. ૫૧૯
જઇ હરિતણે લાગે પાયે, એ થકી તારો અનુગ્રહ થાયે. ૫૨૦
સુણી વચન ને દૈત્ય ક્રોધે ચડયો, ઘણી રીશને બહુ બળે ભર્યો. ૫૨૧
કહો મે બ્રહ્મા જીત્યા તેણી વાર, જીત્યાં શક્તિ તતંકાલ. ૫૨૨
જીત્યા શિવને રાખ્યું નામ, જેણે મને આપ્યું હતું જ્ઞાન. ૫૨૩
જીત્યા દેવતા સહુ, જે બ્રહ્મા પાસે હતા બહુ. ૫૨૪
એ વિષ્નુ દોડી આવ્યો આંહિ, મેં સર્વે જીત્યા ત્યારે હતો કાંઇ. ૫૨૫
મને નારાયણે કહ્યું ફરમાન, ત્યારે મૈ ઉતાર્યાં સર્વેનાં માન. ૫૨૬
એવું વચન કહુછું અમો, જાઓ પાછા વળી તમો. ૫૨૭
શુદ્ધતણું રાખોછો જોર, તો હું દૈત્ય રાખું છું છાસઠકરોડ. ૫૨૮

એવી વાત કહે છે કથી, હું જેવો બીજો નિપજ્યો નથી. ૫૨૯
જેણે નિપજાવ્યો છે તેનો દાસ, તેનાં અંગના હસો તો આવીશું તમારી પાસ. ૫૩૦
એવાં ચંદ્રસેન પર તે કરે વખાણ, જઈ હરિશું કરો જાણ. ૫૩૧
ત્યારે આવ્યા ચંદ્રસેન હરિની પાસ, અને દૈત્યતણા કર્યાં વચન ફરમાસ ૫૩૨
હો સ્વામી એ દુષ્ટ તો ક્રોધે ભર્યો, રાજા સુરજમલ્લની પાસે રહ્યો. ૫૩૩
અહંકાર કરે છે એહ, અને વચન નથી માનતો તમારૂં તેહ. ૫૩૪
કે છે અમે સર્વે જીવના તહાં, ત્યારે તમે વળી હુતા કહાં. ૫૩૫
સાને કારણ વળી તમે દુઃખીયા થાવો, તમે વળી નારાયણ પાસે જાવો. ૫૩૬
ત્યારે હરિ બોલ્યા તેણીવાર, સુણો ચંદ્રસેન કહું વિચાર. ૫૩૭
અમને નારાયણે આપ્યું ફરમાન, અમને કીધા આપ સમાન. ૫૩૮
આપમાંથી ઉપજ્યા અમે, કહ્યું સૃષ્ટિમાં જાવો તમે. ૫૩૯
અમને આપ્યું વૈકુંઠને સર્વે કૈલાસ, આપ્યા બ્રહ્મા કરી વેદ પ્રકાસ. ૫૪૦
જે કોઈ પુજસે તમારા પાય, તેણે ઓળખ્યા ત્રિભુવન રાય. ૫૪૧
પોતાતણું અમને આપો જોર, મારે દૈત્ય હણવા છે છાસઠ કરોડ. ૫૪૨
ચંદ્રસેન પ્રત્યે બોલ્યા હરિ, નારાયણે રચના માંડી ફરી. ૫૪૩
ચોકડીના જુગ કિધા ચાર, એનાં અમને સોંપ્યા વિસ્તાર. ૫૪૪
જો ચંદ્રસેન હવે શું થસે, એ દુષ્ટ મુજ આગળ કયાં જસે. ૫૪૫
ભાંગી ભડ નાખું પાતાળે, અને ચૌદ પળ કરૂં એકાકારે. ૫૪૬
જો હું નારાયણ તણું છું તેજ, તો મારી દૈતને કરૂં નખેદ. ૫૪૭
જે સૃષ્ટિ સર્વે બ્રહ્માતણી, એ દુષ્ટને કષ્ટિ છે ઘણી. ૫૪૮
મુક્તિતણાં અમને આપ્યા છે ભેદ, અખંડ વાસ જો રાખો તેહ. ૫૪૯
તેવાં સતે સરજ્યા આપોઆપ, સૃષ્ટિતણું મુકાવા પાપ. ૫૫૦
જાણી વંશ જપે અમારા જાપ, અમે મળ્યા નારાયણ આપોઆપ. ૫૫૧
એ ફરમાન લાવ્યો છું સહિ, એવી વાત ત્યાં હરિએ કહિ. ૫૫૨
તારા પિતાથી અળગો રહે, ચંદ્રસેન પ્રત્યે વિશ્નુ કહે. ૫૫૩
મારે ચૌદ લોકમાં જપાવવો જાપ, પૃથ્વી ઉપર મેલવું પાપ. ૫૫૪
મારે ધરવા છે દસે અવતાર, દૈત્યતણા કરવા નિસ્તાર. ૫૫૫
જેને વાચા દીધી આંહિ, એ સર્વે લેવા છે મૃત્યુલોક માંહિ. ૫૫૬
એ દુષ્ટ થશે દસવાર, મુજ હાથે થાસે સંહાર. ૫૫૭
ચંદ્રસેન લાગો હરીને પાય, સ્વામિ તમ આગળ એ કયાં જાય. ૫૫૮
અમને વર દોને સ્વામિ તમો, અનંત આશા કરિએ છીએ અમો. ૫૫૯
ત્યારે ત્રુઠયા દિનદયાળ ચંદ્રસેન ઉપર ત્રુઠયા મોરાર. ૫૬૦
તેહ પાસે ને દીધી આંહિ, કમલા કુંવર કીધા છે આંહિ. ૫૬૧

અસુર મંત્ર હતા જેહ, વળી સર્વ ઉથાપ્યા તેહ. ૫૬૨
સુર મંત્રના કીધા ઠામ, દૈતકું આપ્યા વિશ્રામ. ૫૬૩
ત્યારે શંખવો વિચારે મન. સુરમલ શું પુછે તન. ૫૬૪
જાઓ રાજા હરિ પાસે તમે, સત પ્રકાશિ કહું છું અમે. ૫૬૫
ચંદ્રસેન હરિ પાસે ગયો, તે ફરીને આવીયો. ૫૬૬
જઈને તમે પુછો વિચાર, એ શું કરવાના છે વિસ્તાર. ૫૬૭
કેવે પ્રાક્રમે ઉભા હરિ, એ વાત તમે લાવો ફરિ. ૫૬૮
સુરમલ હરિ પાસે ગયો, લાગી પાયને ઉભો રહ્યો. ૫૬૯
રાજા પ્રત્યે હરિ બોલ્યા તેહ, ચારો મારો ક્યાં છે એહ. ૫૭૦
રાજાજી ચોર મારો મુજને આલો, તો હઇશ પૃથ્વીને સ્વર્ગ પતાળ. ૫૭૧
મારે સૃષ્ટિ તણું કરવું જો કામ. અને દૈત્ય તણાં મેલાવા નામ. ૫૭૨
જે શંખ છે એને હાથ, તે કારણ કરીશું ઉતપાત. ૫૭૩
એવાં વચન હરિએ રાજાશું કહ્યાં, શંખ તારે હાથે ન રહે. ૫૭૪
કે વેદ મારે લઈ જવા પૃથ્વી માંહે, શંખ કારણ હું આવ્યો આંહે. ૫૭૫
મુજ પર પ્રસન્ન થાસે મહારાજ, એ વેદ શંખ લેવાને કાજ. ૫૭૬
હવે તુજને નથી આગળ જવાના ઠામ, એ કયાં જઈને છુપાવશે નામ. ૫૭૭
ત્યારે રાજા હરિશું કહે, સ્વામી તમથી નાશીને કયાં રહે. ૫૭૮
એક વાર તમે મેલી જાવો, શાને કારણ તમે દોહીલા થાવો. ૫૭૯
ત્યારે હરિ ક્રોધ કરીને બોલ્યા તેણી વાર, તું કોઢીઓ થઈને અવતરે દૈત્યને દ્વાર. ૫૮૦
એ દૈત્ય જ્યારે રાજ્ય જો કરે ત્યારે દૈત્ય દ્વારે તું કોડીઓ થઇને રહે. ૫૮૧
જો તું એ ઉપર ધરે છે હેત, તો તુજને કષ્ટ પમાડશે એહ. ૫૮૨
એવું વચન હરિએ કહ્યું જ્યાં, કોઢીઓ પોળીયો થઇને રહેજે ત્યાં. ૫૮૩
દૈત્ય તણો પોળીઓ જેહ, સુરજમલ રાજા હોતાં તેહ. ૫૮૪
સતગોર બોલ્યા અગમ વાણ, કહો અકરમી રાજાના શા કરૂં વખાણ. ૫૮૫
સતગોર બોલ્યા અગમ કથા, સુરમલ રાજા ત્યાં કંઈ મથ્યા. ૫૮૬
જે હરિ પાતાળે આપે ગયા, ત્યાં દશરાજાને વર આપ્યા. ૫૮૭
પુત્રને આપ્યું વૈકુંઠનું રાજ, અને ત્યાં પિતાને કીધો નિરાધાર. ૫૮૮
સતગોર વાણી અગમ કહે, કર્મ વણા તે શું કરે. ૫૮૯
અકર્મીને નહિ ઈમાન, અને સકર્મીને સઘળું. જ્ઞાન. ૫૯૦
કોના પુત્ર ને કોના પિતા, કર્મ સાથે લગાવે વાદ. ૫૯૧
ત્યારે શંખવે વિચાર્યું મનમાંહે, હવે નથી જવાનાં ઠામ. ૫૯૨
ત્યાંથી શંખાસુર નાશી ગયો, સાતમે પાતાળ જઇ રહ્યો. ૫૯૩
જ્યારે દૈત્ય નાશી સમુદ્રમાં પેઠા સતદેવ, ત્યારે માછળાથી ચાલ્યા નારાયણદેવ. ૫૯૪

ત્યારે પુઠેથી શ્રી હરિ નિસર્યા, તે દેવ સમુદ્રને દેશ સંચર્યા. ૫૯૫
અગમ અગોચર સદા ચલિત્ર કીધા સહા, તે સ્વામીએ કરતા જુગમાં
મચ્છરૂપ લીધાં તહાં. ૫૯૬
ત્યાં હરિ તેજ શ્રી મચ્છ રૂપ થયા, અરે દૈત્ય. દુષ્ટ મારા વેદ લઇને કયાં જાયે. ૫૯૭
તું મેલ વેદ તુંને મારીશ કર ધરી, ત્યાં એવાં વચન બોલ્યા શ્રી હરિ. ૫૯૮
ત્યાંથી દૈત્ય નાઠો ન રહ્યો ઠામ, તે જઇ પેઠો સમુદ્ર મુકામ. ૫૯૯
કંપતો શરિરે ધ્રુજતો ગયો, જઈ શંખોદર બેટમાં શંખવો થઈ રહ્યો. ૬૦૦
ત્યાં શંખમાં ઘાલ્યું તન, અને સર્વે દૈત્ય દીઠા એક મન. ૬૦૧
તે જઈ પડયો શંખાદર મોઝાર, ત્યારે વિષ્નુ થયા તે ઠાર. ૬૦૨
ત્યારે દૈત્યે ધર્યો શંખમાં અવતાર, ત્યારે હરી મચ્છ થયા મોરાર. ૬૦૩
ત્યારે હરિ કહે ભલા ભલારે શંખવા, તું સમુદ્રમાં કયાં રહ્યા. ૬૦૪
તારાં ચલિત્ર તું કરે પ્રકાર, જો તું ચારે વેદનો એકજ કાર. ૬૦૫
ત્યારે હરિ તણી સતગોર કહે કથા, જુઓ શંખવો થયો છે મથા. ૬૦૬
સાત પાતાળની કોરે ગયો, અનંતકળા અનેરી લઈ રહ્યો. ૬૦૭
ત્યાં મચ્છ રૂપ હરિ દોડયા સહિ, શંખોદરને પકડયો જઇ. ૬૦૮
જ્યારે હરિએ જઇને ગ્રહ્યા હાથ, એને પુછી સર્વે પુર્વે તણી વાત. ૬૦૯
અતલિબલ હરી કયાં ગયો, અને દેખી હરિને આધીન થયો. ૬૧૦
તારૂં બળ તું કર પ્રકાશ, કઈ વેળાએ તું દૈત્યજ થાસ. ૬૧૧
ફરી ટાણું નહિ આવે એહ, હરિ પ્રકાસી બોલ્યા તેહ. ૬૧૨
ત્યારે કર જોડીને લાગ્યો પાયે, ક્ષમા કરો તમે ત્રિભુવન રાયે. ૬૧૩
સ્વામિ તમને સોપ્યાં ફરમાન, તમે કીધા છે આપ સમાન. ૬૧૪
માટે સ્વામી તમે સરજ્યા સર્વે તન, દેવ દૈત્યને ચૌદ ભુવન. ૬૧૫
સ્વામી તમે રચના બાંધી આણી વાર, મુજ ઉપર તમ દયા ધરો દેવ મોરાર. ૬૧૬
સ્વામિ પતિત ને ઉગાર્યા તમે, કૂળ ઉદ્ધારવા સરજ્યા છું અમો. ૬૧૭
સ્વામિ દયા કરીને હસો મન, સર્વે ઉદ્ધારવા છે તુંને, ૬૧૮
સ્વામિ ભાગ્યવંતા સર્જ્યા છીએ અમો, જે મુજ હણવા આવ્યા તમો. ૬૧૯
કરે સ્તુતિને તળાંસે પાય, અને હરિ દર્શનમાં સમતો જાય. ૬૨૦
ભાવે ભક્તિ ધરે છે મન, અને મસ્તક તળે ધરે પોતાનું તન. ૬૨૧
તુજને મારવા આવ્યો છું હું, શાને સ્તુતિ કરે છે તું. ૬૨૨
આણી વેદ લાવ્યો છે તું, શણગાર શક્તિના લાવ્યોછું હું. ૬૨૩
સત પ્રકાશી બોલ્યા મન, આલને મને ચૌદ રતન. ૬૨૪
પાંચ આભુષણ અમતણાં, પાંચે બ્રહ્માને તે અમને વાલાં ઘણાં. ૬૨૫
તે સર્વે ઉથાપીને મેલું પાયે, તુંને કેમ મેલ્યું આણીવાર. ૬૨૬

કરોડ ભક્તિનો કરે ભાવ, અને મસ્તક મેલ્યું હરીને પાયે. ૬૨૭
સ્વામિ મુને મહાદેવે આપ્યું ફરમાન, મુસ્તક થાપી કીધો મેરૂ સમાન. ૬૨૮
જો બ્રહ્માએ કર્યો અહંકાર, તો અમે હર્યા વેદ જો તેણી વાર. ૬૨૯
શક્તિ બહુ બળવંત મન, તમે જઇને લીધાં રતન. ૬૩૦
તમે કહો તો જે હું છું કોઇ અવતાર, તો મેં લીધો તે મારો વહેવાર. ૬૩૧
ત્યારે સદાશિવ ગયા હરિની પાસ, જઇને વચન કર્યું પ્રકાશ. ૬૩૨
ત્યારે હરિએ તમ ઉપર ધર્યું માન, દેવ દૈત્યના કરવા કામ. ૬૩૩
જો સર્વે વસ્તુ લીધી હતી અમો, તે આપ સમાન કરી મોકલ્યા તમો. ૬૩૪
સ્વામિ જો મેં કિધું છે કામ, તો ચાદ લોકમાં પ્રકાસો તે મારૂ નામ. ૬૩૫
ચોર કહેવાયો હું જો આપ, તો દેવ દૈત્યમાં જપસે તમારો જાપ. ૬૩૬
એવા વચન શંખવો કહે, તેમ તેમ હરિ દયા જો ધરે. ૬૩૭
સ્વામિ મારા મસ્તક ઉપર જો ધરો પાય, તો મારૂં કુળ શુદ્ધ જ થાય. ૬૩૮
સ્વામિ તમે ત્રણ સુરત એક જો છોયે, અને પ્રેમતણો જે રહે. ૬૩૯
ત્યારે ફરી શંખવાને હરિ શું કહે, એ વસ્તુ તો જપાસે નહિ. ૬૪૦
ત્યારે વાત શંખવે કહિ, સ્વામિ એ વસ્તુ રાખું નહિ. ૬૪૧
જો સ્વામિ હસે અમારે પાસ, સુપ્રત કરીને થઈ રહું દાસ. ૬૪૨
બોલ્યા એમ જો કરી પ્રણામ, અને નિગમ વાણીનું દેખાડયું ઠામ. ૬૪૩
ક્ષમા કરીને દુર્બળ જો થયા, અને દૈત્ય તણાં જો સર્વે મેલ્યા ભાવ. ૬૪૪
સ્વામી જો તમે છો દિનદયાળ, તો મને ઉગારી કરો પ્રતિપાળ. ૬૪૫
ત્યારે હરિએ વચન કહ્યું પ્રકાસ, મારે જાવું નારાયણની પાસ. ૬૪૬
તુજ તણો તેને કેહવો વિચાર, અને શક્તિ બ્રહ્માનો રાખવો વહેવાર. ૬૪૭
જો મન ઇચ્છા ધરતો હોય મન, તેનાં વર વલી આપું હું તન. ૬૪૮
તુષ્માન થઇ બોલ્યા હરિ, અને શંખાસુર પર કૃપા કરી. ૬૪૯
સ્વામિ હું એ વર માગું દિનદયાળ, જો સ્વામી મુજ કારણે ધર્યો અવતાર. ૬૫૦
સ્વામિજી કહ્યું તમારૂં હું ના કરૂં, તો આગળ તમારે હાથે મરૂં. ૬૫૧
સ્વામિ વેદ તમારો હું નવ ઓચરૂં, અને તમ વિના કોઈથી નવ મરૂં. ૬૫૨
સ્વામિ ભક્તિભાવ તમારા જોયા, અને જઇ ભંગાણ પડાવું તહાં. ૬૫૩
જ્યાં વેદ તમારાં કરે વખાણ, ત્યાં જઈ મારી દેવરાવું આણ. ૬૫૪
જે કોઇ લેશે તમારૂં નામ, તે જઇ મેલાવું એ મારૂં કામ. ૬૫૫
ભજન કરી જે સમરે તુંને, તે વળી ભગત સમરે મુને. ૬૫૬
એવી કહી શંખાસુરે હરિ શું વાત, એવું વચન મુજને દોને નાથ. ૬૫૭
સૃષ્ટિ બ્રહ્માની મને માને સહુ, અને અવધ લગી હું મરૂં નહિ. ૬૫૮

વચન કોઇ નવ ઉથાપે જેહ, ત્રણ દેવને શક્તિ જેહ. ૬૫૯
ચાર તમે ને પાંચમો હું, એવો વર સ્વામી દેને તું. ૬૬૦
ત્યારે દૈત્ય પત્યે હરિએ શું કહ્યું, એ શંખવાને મન ભાવ્યું. ૬૬૧
તું રહેજે મહાદેવની પાસ, તે તને પોતાનો કરશે દાસ. ૬૬૨
કરાવિ તપ દેશે વરદાન, તે તમારૂં વધારસે નામ. ૬૬૩
જા શંખવા તું કે છે મને, તું તેની કેડે લાગને એક તને. ૬૬૪
તે ધરસે ભક્તિ ને આવસે મારી પાસ, તો તુજને મારવાનો હું ખાસ. ૬૬૫
સ્વામિ તમને કહું વિચાર, મને મારીને આપો ઉદ્ધાર. ૬૬૬
ત્યારે હરિ કહે શુણ શંખવા વાત, તું દૈત્ય ને અમે નાથ. ૬૬૭
જાંબુદ્વિપે જુગમ અવતાર, અને નિર્મળ સૃષ્ટિ તણો વિચાર. ૬૬૮
છેલ્લી કળાને છેલ્લું રૂપ, મળશે સઘળા દેવને ભૂપ. ૬૬૯
આદ અંતનો એક અવતાર, ત્યારે તારો થાસે ઓધાર. ૬૭૦
હરિએ વચન કહ્યાં એહ, મસ્તકે ચડાવી લીધાં તેહ. ૬૭૧
શંખોદર એટને સાત પાતાળ, સત તણી ત્યાં ઉઠે જાળ. ૬૭૨
ક્રોધે દૈત્ય જો પડયો ત્યાં, અને શક્તિરૂપ તેડાવ્યાં ત્યાં. ૬૭૩
જેમ જેમ હરિ પાવ ધરે, તેમ તેમ શંખવો સ્તુતિ કરે. ૬૭૪
અમો દુઃખીઆ થયા જો હરિ, અને પ્રેમ પ્રાણ જાસે નિસરી. ૬૭૫
કહે હરિ દુઃખીયા નહિ થાવું, તુજ કેડે હું શાને ધાઉં. ૬૭૬
મારૂં પ્રાક્રમ ના આચરૂં, તુજ માટે શાને અવતરૂં. ૬૭૭
ત્યાં ધરી પાયને વેરૂ શરિર, અને રૂદ્ર જેવું થાએ નિર. ૬૭૮
મારી દૈત્યને રાખું નામ, સુણે લોકો કહું બ્રહ્મજ્ઞાન. ૬૭૯
શંખથી દૈત્ય ગયો ટળી, હરિ ત્યાંથી આવ્યા પાછા ફરી. ૬૮૦
દૈત્ય માર્યાનાં થાય વખાણ, ચૌદ લોકમાં થયું જાણ. ૬૮૧
જે માર્ગે હરિ ગયા, જીતિ દૈત્યને ફરી આવીયા. ૬૮૨
શક્તિ દેવી તણો પરવાર, સર્વે લોકમાં થયો જેજેકાર. ૬૮૩
બ્રહ્મા બેઠા હતા સહિ, ત્યાં તતકાળ કહ્યું જઇ. ૬૮૪
સુણો બ્રહ્મા દુત જો કહે, વેદ વિના પૃથ્વી કેમ રહે. ૬૮૫
ગયા વેદ ને તમે ચિંતાતુર થયા, તે કારણ હરિ પાતાળે ગયા. ૬૮૬
ત્યાં પાતાળે હરિએ શું કર્યું, દૈત્ય કારણે મચ્છારૂપ ધર્યું. ૬૮૭
ત્યારે શંખવો થઇ રહ્યો એટજ માંહે, ત્યારે હરિ એ ઘર હોતા તાંહે. ૬૮૮
જ્યારે ન લાગો ઉપાય, ત્યારે લાગે પાય અને ઓળખ્યા છે ત્રિભુવનરાય. ૬૮૯
ત્યારે આધિન થઈ સ્તુતિ કરે ઘણી, ત્યારે દીધો વર તેને હણી. ૬૯૦
તે માટે તમને બ્રહ્મા કહું, તે દ્રષ્ટિએ જોઇને આવ્યો છું. ૬૯૧

સરજાયો તે તમારો છું દાસ, અને હરિ આવે છે હમણાં તમારી પાસ. ૬૯૨
વિનતિ કરે સર્વે દુત ઉભા રહી, તે જગ્યાએ હરિ ત્યાં આવ્યા સહી. ૬૯૩
ત્યારે બ્રહ્માને મન થયો આનંદ, હરખ્યા દુત દેવને ચૌદ ભુવન. ૬૯૪
ત્યારે બ્રહ્મા પૂછે છે વિશ્નુને એહ, કહો સ્વામિ કેમ નિપજ્યું તેહ. ૬૯૫
ત્યારે કહે હરિ બ્રહ્મા કૃપા તમ તણી, અમ ઉપર તુષ્માન ત્રીભુવન ધણી. ૬૯૬
તે કારણ અમે ગયા પાતાળ, ત્યાં અમને માન્યા દિનદયાળ. ૬૯૭
મચ્છ તલાતલમાં પાતાળો જોયાં, એક ભગત અમને મળ્યો ત્યાં. ૬૯૮
ત્યારે તેને મન ઉપજ્યો આનંદ, ત્યારે અમે દીધાં ધરમ આપ્યો સતપંથ. ૬૯૯
ત્યારે દૈત્યે તહાં કીધી શી પેર, સર્વે વસ્તુ મેલી પૃથ્વીને ઘેર. ૭૦૦
ત્યાં હતો મચ્છ રાજાનો દેશ, અમે થયા ત્યાં તેવે વેશ. ૭૦૧
ધરતી શંખાસુરને રાખવા થઇ, ત્યારે અમો ત્યાં પોતા જઈ. ૭૦૨
ત્યારે જાણ્યું આવ્યા ત્રિભુવન ધણી, તો તેણે લીધી વાટ પાતાળજ તણી. ૭૦૩
ત્રીજે પાતાળે પોતો જઈ, દૈત્યે યુદ્ધ માંડયો સહિ. ૭૦૪
ત્યાં પ્રરાક્રમ કીધાં અનેક, અને સર્વે દૈત્યે કીધો વિવેક. ૭૦૫
ત્યાં વહારા કરે રાજ, તે તો આવ્યો અમારે કાજ. ૭૦૬
ત્યાં ભગત અમારા હતા એક, તે લાગ્યો પાય તેણે પુછયો વિવેક. ૭૦૭
ખંડના રાજા જે વસ્યા પાતાળ, તેમણે ઓળખ્યા અમને દિનદયાળ. ૭૦૮
આવ્યો સામે અમે હતા જ્યાં, અમે વર દીધો વૈકુઠનો ત્યાં. ૭૦૯
ત્યારે અમે જઈ રહ્યા ચોથે પાતાળ, અને તલાતલમાં બહુ અંધકાર. ૭૧૦
ત્યાં રાજા એક ભગતને ઘેર ગયો. હુતા ભગત તે નવ રાખીયો. ૭૧૧
ત્યાં રાજા હસ્તિ કરે છે રાજ, તે તો આવ્યો અમારે કાજ. ૭૧૨
ત્યારે તેને ભક્તિ ભાવે દીધો વર, અમ હરિ આગળ લાંબો કીધો કર. ૭૧૩
એવી સ્તુતિ કરે વિષ્નુ બ્રહ્મા આગળ કહે,સ્વામિ ચોર તમારો તમથી કયાં જઈ રહે.૭૧૪
સ્વામિ અમે ગયા સાતમે પાતાળ, અમને માન્યા દિનદયાળ. ૭૧૫
ત્યાં સતવાદિ જીવ હતાં ઘણાં, એવા ભાગ્યવંતા તેજ તેજ તણા. ૭૧૬
ત્યારે તમ કૃપાએ આપ્યો વર, તે વરને તમે સાચો કર. ૭૧૭
ખંડના ભુપ હતા જેહ, પાસે એ મારી ન આવ્યા તેહ. ૭૧૮
રસાતલમાં અમે ગયા જ્યાં, સુરજમલ ઉથાપ્યા ત્યાં. ૭૧૯
તહાં ધબળ રાજાને થયું જાણ, તેમણે ન લોપી અમારી આણ. ૭૨૦
સુરજમલ શંખવા સાથે થયો, તેને વળી અમરાનીઓ. ૭૨૧
વિશ્નુ બ્રહ્માજી આગળ કહે, શંખવો રાખ્યો કોનો નવ રહે. ૭૨૨
જે આભુષણ હતાં શકિત તણાં, તે ધરતિ ઘેર મેલ્યાં તહાં. ૭૨૩
જે હતો અમારો શણગાર, તે મેલ્યો સુરજમલને દ્વાર. ૭૨૪

અમે હણતાં તેને કીધી વાર, વેદ વાણી લીધી તત્કાળ. ૭૨૫
એટલી વાત વિશ્નુ બ્રહ્માને કહે, અકલ ગત તો અપરમ લહે. ૭૨૬
ત્યારે હરખ્યા બ્રહ્માને ભયો અહુંકાર, અને ચૌદ લોકમાં તેજ અપાર. ૭૨૭
સ્વામી હું ગયો સાતમે પાતાળ, મને નાગે માન્યો દિનદયાળ. ૭૨૮
ત્યાં સર્વે લોકમાં થયું જાણ, મારી શંશવો લીધી આણ વાણ. ૭૨૯
વિશ્નુ બ્રહ્માશું કહે, સતપંથ ગોષ્ટી જ્ઞાન જો ધરે ૭૩૦
આદે સતપંથ હુતા જેહ, પેલા જુગમાં મુકયા તેહ. ૭૩૧
બ્રહ્મા કહે સ્વામિ સતપંથ વરો, અમે આગળ જશું ને તમે અવતરો. ૭૩૨
ત્યાં નારાયણે અમને આલ્યો છે વર, જે અમને મળશે તેની તમે સારજો કર. ૭૩૩
અમે જઈ દેખાડશું સૃષ્ટિમાં જ્ઞાન, તમે આવશો ત્યારે અમારૂં વધશે નામ. ૭૩૪
ત્યારે વિશ્નુ બ્રહ્માને કહ્યું, વચન તમારૂં મેં સત માન્યું. ૭૩૫
ત્યાં હતા બ્રહ્માને આવ્યા મહાદેવ, ત્યારે આવ્યાં શકિત કરે છે સેવ. ૭૩૬
ત્યારે ચારે મુરત કરે છે વિચાર, ત્યારે શક્તિએ માગ્યો શણગાર. ૭૩૭
સ્વામિ તમે વેદ કારણે પાતાળે ગયા, આભુષણ મારૂં કાં ન લાવ્યા. ૭૩૮
તું સુણ સ્વામિ હું કહું છું તને, તમે ત્રણ દેવ જાણતા નથી મને. ૭૩૯
આદશકિત છે મારૂં નામ, કહે તો ફેરવું તમારો ઠામ. ૭૪૦
નારાયણે ઉપજાવી મુને, ગુણ મારા સર્વે કહ્યા છે તુને. ૭૪૧
અનંત કળાએથી હું અવતરૂં, ક્ષણ માંહે અનંત રૂપજ ધરૂં. ૭૪૨
ક્ષણું કામ ધરૂં માતાનું જ્ઞાન, ક્ષણુંક મા નહિ મને સુતક સનાન. ૭૪૩
સૃષ્ટિ સર્વે રાખું મુજ મોજાર, સરજી રહું ઘેર થઈ હું નાર. ૭૪૪
એવે પ્રાકમે હું જો ભરિ, મારો ગુણ ન જાણ્યો હરિ. ૭૪૫
અજામેલને પૂજતા તમે, હણી કટકા કીધા અમે. ૭૪૬
બ્રહ્મા વિષ્નુ ને મહાદેવ, તમે ત્રણે કરતા તેની સેવ. ૭૪૭
મને હણતા ન લાગી વાર, તેને મારી કટકા કીધા બાર. ૭૪૮
તેને મારી ત્રીશુળ ને છેદયું શરીર, તમ આગળ વળી રાખું ધીર. ૭૪૯
ત્યાં વળી માયારૂપી સર્જ્યાં છે અમો, હું નારી એક ને ત્રણ પુરૂષ તમો. ૭૫૦
એવાં વચન જો શકિતએ કહ્યાં, તે બ્રહ્મા વિશ્નુ મહાદેવે મનમાં લહ્યાં. ૭૫૧
ત્યારે વિશ્નુએ કહ્યું શક્તિને ત્યાં, જે શણગાર તમારો લાવ્યો છું અહાં. ૭૫૨
મારે સૃષ્ટિ તણું કરવું છે કામ, અને રતન મુકાવાના છે જુદા ઠામ. ૭૫૩
અમે ફરી જાશું પાતાળ, હવે લેશું કુરંભ અવતાર. ૭૫૪
મેલી આવ્યો છું ધરતીને ઘેર, તો જાવું તેની કરવા પેર. ૭૫૫
શું કહો છો શક્તિ વારંવાર, અને મારો ત્યાં રહ્યો શણગાર. ૭૫૬
મેલી આવ્યો છું નાગને ઘેર, જાવું છે તેની કરવા પેર. ૭૫૭

જો અમે હઇએ દીનદયાળ, તો ત્રીજી વાર જાવું રે પાતાળ. ૭૫૮
શક્તિ મન હરખ્યા અનંત, સ્વામી અમારે તમારે શું વચન. ૭૫૯
ત્યારે વિશ્નુ કહે સુણો શક્તિ તમો, તમે આવો તો વળી જાવું અમો. ૭૬૦
સ્વામિ જો તમે હસો ચૌદભુવનનાનાથ, તો અમે આવીશું તમારી સાથ. ૭૬૧
વિશ્નુ શક્તિ બ્રહ્મા મળી, ત્રણે ચાલ્યા માંહે ભળી. ૭૬૨
ત્રણે થકી જે નિપજે અંશ, તે વળી કહાવે હરિનો વંશ. ૭૬૩
સતગોર કહે જે કોઇ તેના પુજે પાય, તે જીવતો અમરાપુરમાં જાય. ૭૬૪
એ વંશમાં જે મુરત એક, જેમાં કળા અનેકાઅનેક. ૭૬૫
તેણે ટાણે આવે જેહ, તેણે સમે ઉપજે તેહ. ૭૬૬
મારે દૈત્ય ને જપાવે જાપ, સતગોર કહે તે આપોઆપ. ૭૬૭
પાતાળે ગયાનું રખાવ્યું વચન, અને ભકતના ઉગારવા તન. ૭૬૮
ચૌદ લોકમાં ઉપન્યા આપોઆપે જેહ, આપોઆપે કહ્યો તેહ. ૭૬૯
બાકી સર્વે પાત્રમાં ખપે, લેવાને તેના જાપે. ૭૭૦
ત્રણ મળીને કરે વિચાર, તમે બ્રહ્મા વિશ્નુ શક્તિ અવતાર. ૭૭૧
એ મચ્છ અવતારે બાંધ્યા બંધ, સતગોર કહે એ છે છેલ્લી સંધ. ૭૭૨
સતગોર કહે એ એંધાણ, જ્યારે થયા મચ્છ ને આલવા વાણ. ૭૭૩
એક મળીને અવતર્યા તન, એને બ્રહ્માએ કહ્યું વેદ વચન. ૭૭૪
સર્વે આગે તો બ્રહ્મા થયા, શક્તિ વિષ્નુ કહે આવીયા. ૭૭૫
અને મહાદેવ ધ્યાન ધરી રહ્યા, જોગ કળા લઇને નારાયણ પાસે ગયા. ૭૭૬
હરિવંશ એનું ધર્યું નામ, અને બ્રહ્મા તણાં અહીઆં જુદા ઠામ. ૭૭૭
બ્રહ્મા કુળે શકિત અવતાર, તે શું વિષ્નુ કરે વહેવાર. ૭૭૮
કળા ધરીને વરે જેહ, આપોઆપે કહ્યું તેહ. ૭૭૯
ફેરવે વેદતણી જે વાણ, ચૌદ લોકમાં કરે જાણ. ૭૮૦
અતિ બળનો આવે પાર, મારી દૈત્યને કરે સંઘાર. ૭૮૧
વેળાનો વારો જેહ, અજંપા કાંડી જપાવે તેહ. ૭૮૨
ભુલાવી દુનીયા વર્ણ અઢાર, અને ખગોળ ભુગળ સહુ સંસાર. ૭૮૩
જુગ અંતે ચલાવે વહેવા માન, હરિકળાનું એ એંધાણ. ૭૮૪
એ કુળમાં જુદા છે એ વંશ, જે કોઇ હોય બ્રહ્માનો વંશ. ૭૮૫
અગમ વાણી ભાંખી અપાર, નિગમ અગમ વેદ વિચાર. ૭૮૬
આદ અંતની વાત કહે જેહ, જે ઘર વાસો વિશ્નુ રહે. ૭૮૭
નારાયણે ઉપજાવ્યું ઇંડ, થયા પોતે બાંધ્યો બ્રહ્માંડ. ૭૮૮
ત્યાંનો જે કોઈ કહે વિચાર, એ કુળ કહે બ્રહ્મા અવતાર. ૭૮૯
હરિ તણાં જે કરે વખાણ, અને સરજ્યાનાં સર્વે કહે એંધાણ. ૭૯૦

અવતાર તેનો જાણે વિચાર, તેને કહે બ્રહ્મા અવતાર. ૭૯૧
ચાર મુખને વેદ વાણુ, જીવ બાંધ્યા ચારે ખાણુ. ૭૯૨
જીવ જાતના જે રતન, તે ઉપજ્યા બ્રહ્માને તન. ૭૯૩
નાભી ચક્રનું જાણ્યું જ્ઞાન, ઉપજયાનું વળી કહે સરવે ઠામ. ૭૯૪
મુક્તિ મારગનો જાણો ભેદ, કહી દેખાડે ચારે વેદ. ૭૯૫
પોતે હરિનો જપે જાપ, અને સૃષ્ટિને જપાવે જાપ. ૭૯૬
પંડ વરમંડનો કહે વિચાર, અને તે કુળમાં કહીએ બ્રહ્મ અવતાર. ૭૯૭
સતગોર કહે તમે મુનીવર સુણો, પણ વંશ માન્યાનો ભેદ છે ઘણો. ૭૯૮
પાત્ર અભ્યાગત કહાવે જેહ, દાન લેવા ઉપજાવે તેહ. ૭૯૯
દીપ હૃદયે જે કોઈ દેહ ધરે, અને વચન જેનું ખાલી ના પડે. ૮૦૦
જે અવતાર થાય પ્રધાન, જે બ્રહ્મા વિષ્નુ એક જો જાણુ. ૮૦૧
પુજે પાત્ર ને આપે દાન, તેનું થાય વળી મેરૂ સમાન. ૮૦૨
અમર ભેદની કહે દેખાડે વાટ, કહે સતપંથ મુક્તિના ઘાટ. ૮૦૩
આસન એંધાણે ઉપજે તેહ, નિત કળા અનેરી જેહ. ૮૦૪
જે દુનિયાને વિશે મન, અને બુડતાં કાઢે પોતાના તન. ૮૦૫
ચૌદ ભુવનના કરે વખાણુ, તેવા સતિ લોકના સર્વે એંધાણુ. ૮૦૬
ટાણે અવતાર ધરે જેહ, વેલ વર્તમાન ભાખે તેહ. ૮૦૭
બ્રહ્મા આસન બેઠા હોય જેહ, અને નારાયણ શું ગોષ્ટી રાખે તેહ. ૮૦૮
વૈકુંઠનું વર્ણન કહે જેહ, ચતુર મુખી બ્રહ્મા કહીએ તેહ. ૮૦૯
અગમ સતગોર ભાખે જેહ, વંશે અવતરે તે સરવે પાત્ર લે એહ. ૮૧૦
તે પાત્રને જે કોઇ દાન જો દે, અને સંતોકે સુપાત્રે જો લહે. ૮૧૧
પ્રભાતે વળી વાવે જેહ, અને સાંજે વળી ફળ પામે તેહ. ૮૧૨
સંતોકે એક ઘણું જો દે, અને સતે ધર્મે સવાલાખ ઘણું લે. ૮૧૩
એવા સત રાખે જેહ, તે કુળ પાત્ર હોયે તેહ. ૮૧૪
વંશ તણો એ પ્રતાપ, છુટે ચોર્યાશી ને ઉતરે પાપ. ૮૧૫
બ્રહ્મા વિશ્નુ શકિત કરે વિચાર, હવે આપણે ધરીએ અવતાર. ૮૧૬
ત્યાં દૈત્ય તણો નથી ઠામ, એકા મચ્છ જપાવા નામ. ૮૧૭
ભકત રૂખમાગતને આલ્યો વર, પેલા ભકતનો સોહીકાર. ૮૧૮
ગાત્રીનો મંત્ર જેહ, અને તારા વંશ લખ્યા તેહ. ૮૧૯
લીવ વગુણથી આવ્યા હરિ, ત્યારે વંશ રહ્યા અવતરી. ૮૨૦
ત્રણેનું કુળ એકજ થયું, ત્યારે જુગનું પાપ જો ગયું. ૮૨૧
અકળ કળાથી ભણાવ્યો વેદ, સવા કરોડીએ લહ્યા ભેદ. ૮૨૨
હરિ બ્રહ્માનો એકજ વંશ, જુદા થયાને એકજ અંશ, ૮૨૩

એ પળ એકમાં ધર્યો અવતાર, તે ચાર લાખ વરસ બત્રિસ હજાર. ૮૨૪
સુરજ મંત્ર હતા જેહ, વિશ્નુ કુળમાં આવ્યા તેહ. ૮૨૫
અસુર મંત્ર અળગા રહ્યા, દૈત્યને મહાદેવ લઇ ગયા. ૮૨૬
સતગોર કહે અગમ વિચાર, સુણો રખેસરો એ નિર્ધાર. ૮૨૭
સતગોર કહે અગમ જે હોય, એ તે પરમ તત્વ જાણે વિરલા કોઈ. ૮૨૮
બીજ તીથી ને ગુરૂવાર, હરિએ ધર્યો એ મચ્છા અવતાર. ૮૨૯
સતગોર બ્રહ્મા આગમ ભણ્યા, ભગત તારીને દૈત્યો હણ્યા. ૮૩૦
પાતાળ તણા જે હતા ભેદ, હરિ તે જોઇને આવ્યા ને લાવ્યા વેદ. ૮૩૧
મહાદેવને આપ્યો શંખ, વળી આપ્યા દવાદસી લીંગ. ૮૩૨
એક હરિએ રાખ્યો છે હાથ, ધરી પોતે કહેવાય નાથ. ૮૩૩
શકિત ત્યાં અવધ કરી, તમ કારણે અમે જાસું ફરી. ૮૩૪
ત્યારે શકિતએ આણ્યું મન, સ્વામી અમોને મારા આપો રતન. ૮૩૫
ત્યારે હરિએ કહ્યું સહિ, એ વસ્તુ તો પાતાળે રહી. ૮૩૬
હવે હું એકવાર ગયો, અને નારાયણની કળા જોઈ આવ્યો. ૮૩૭
વળી હું જોઈશ ત્રણવાર, તેવા હું ધરિશ અવતાર. ૮૩૮
વસ્તુ અમારી છે જે પાંચ, છે જયાં નાગ કુળ ત્યાંય. ૮૩૯
તે જોઇને આવ્યો છું હું, તે લિધા વગર નવ રહું. ૮૪૦
એવાં વચન શકિતને કહ્યાં, શકિત મનમાં આનંદ પામ્યાં. ૮૪૧
સવાપોરનો મચ્છ અવતાર, તે માંહે હરિએ કર્યો ઉદ્ધાર. ૮૪૨
મચ્છ નાળની જોઇ આવ્યા વાટ, જોયા સર્વે તતવ ઘાટ. ૮૪૩
સાતે સમુદ્રના જોયાં મુળ, ઉપજ્યા છે તે આણી ત્રીશુળ. ૮૪૪
મેરૂનું મુળ રોપ્યું છે જ્યાં, અને અષ્ટ કુળ પરવત બાંધ્યા તહાં. ૮૪૫
મારે પૃથ્વી રાખવી છે એવાર, તે કારણ ધર્યો છે મચ્છ અવતાર. ૮૪૬
કલપ ત્રણના જે હતા જીવ, તેને તો કરવો છે શિવ. ૮૪૭
સતગોર વાણી બોલ્યાં ત્યાં, ભાઇ હરિએ વચન દીધું છે આંઇ. ૮૪૮
વચન તણો એ સમો જાણ, જેણે નવ મેલી પોતાની આણ. ૮૪૯
ત્યારે બ્રહ્માને સોપ્યાં છે વેદ, બોલતાં અજવાળું થયું અલેખ. ૮૫૦
બોલ્યા બ્રહ્મા ઉંચે સુર, ચૌદ ભુવનમાં તેજ ભરપુર. ૮૫૧
થયું અજવાળું બ્રહ્મા ઉભા થયા, સૃષ્ટિએ જાણ્યું હરિ વેદ લાવ્યા. ૮૫૨
ઉઠી વાણી મટયો અંધકાર, ચૌદ ભુવનમાં જેજેકાર. ૮૫૩
ત્યારે બ્રહ્મા વિશ્નુને કહે, સ્વામિ એ અજવાળું ક્યાં લગી રહે. . ૮૫૪
જો તમે છો હરિ અવતાર, તો સૃષ્ટિ તણો તમે કરો વિચાર. ૮૫૫
વિશ્નુને બ્રહ્મા પુછે છે એહ, સ્વામિ તમે મચ્છ કેમ થયા તેહ. ૮૫૬

કેવો મચ્છનો હતો આકાર, સ્વામિ કેવો દૈત્યતણો વિસ્તાર. ૮૫૭
સ્વામિ કેવાં નેત્ર ને કેવી આંખ, સ્વામિ કેવા પગ ને કેવી પાંખ. ૮૫૮
સ્વામિ કેવું પંડ ને હતું જ્ઞાન, સ્વામિ કેવાં વરણ ને કેવી વાણ. ૮૫૯
સ્વામિ મનધર હતું તે મારૂં નામ, કેવા મચ્છ થયા તે ઠામ. ૮૬૦
સ્વામિ મનધરના જપતા જાપ, અને તમે મચ્છ થયા છો આપ. ૮૬૧
ત્યારે બ્રહ્મા પ્રત્યે બોલ્યા હરી, નારાયણને ફરમાને કરી. ૮૬૨
જાતે શંખવો પડયો સમુદ્ર માંહે, અને હું જઇ પોંચ્યો તરતજ ત્યાંહે. ૮૬૩
તે જઈ પડયો શંખોદર માંહે, અમે મચ્છરૂપ લીધું ત્યાંહે. ૮૬૪
હું સવા હાથનો મચ્છ જો થયો, અને જઇ પાતાળમાં ગરીયો. ૮૬૫
જ્યારે દીઠું મારૂં રૂપ, ત્યારે થરથર ધ્રુજ્યો ભુપ. ૮૬૬
જળ તણા જીવાનો આકાર, તેવો મેં લીધો મચ્છ અવતાર. ૮૬૭
રકતવર્ણાં નેત્ર જેહ, અને સેવત વરણી પર ને પાંખો તેહ. ૮૬૮
ત્યાં વળી મારે હતા બે દાંત, ત્યાં થયો મનધર ને જાલ્યો હાથ. ૮૬૯
તરતજ કળા નોરની લઈ, મેં મારયો શંખવો સહિ. ૮૭૦
નિગમ વાણી તેના પેટજ માંહે, મુને બહુ બળ પડયું ત્યારે. ૮૭૧
જો આલે વાણી આવે મુજ પાસ, ત્યારે દૈત્ય થયો નિરાશ. ૮૭૨
લોચન થયો તહાં સહિ, અને કરજોડીને વિનતી કહી. ૮૭૩
ત્યારે તેણે શંખ મેલ્યો અળગે ઠામ, આધીન થઈને લીધું મારૂં નામ. ૮૭૪
મેં સર્વે વસ્તુનો પુછયો ઠામ, તો અજામેલનો જપતો નામ. ૮૭૫
એમ કરીને શંખવો હણ્યો, પરમે દૈત વળી ત્યારે ગજ્યો. ૮૭૬
સ્વામિ સતગોર જુગમાં દીવો તમો, વેદે દીધી વાચા પાળો તમો. ૮૭૭
હણ્યો શંખાસુરને કીધાં કાજ, ત્યાં મચ્છરૂપ લીધાં મહારાજ. ૮૭૮
કર્ત્તા જુગમાં હરિ અવતાર ત્યાંથી મચ્છરૂપ હરિ પરવાર. ૮૭૯
એ શંખાસુરને માર્યો જહાં, ભકત રૂકમાંગદને સવાકરોડી શું તારીયો. ૮૮૦
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સરવે સંસારે ઓળખ્યા નિરધાર. ૮૮૧
ત્યારે મચ્છની માતા તો શંખાવતી કહીયે, અને પીતા તો પ્રેમરૂખ કહીયે. ૮૮૨
ત્યારે ગુરૂ તો માનધાતા જાણ, અને શકિત તો ચંદ્રિકા દેવી પ્રમાણ. ૮૮૩
ત્યારે સ્વસ્થાન તો હંસપુર નગરી જાણ, ક્ષેત્ર તો દુવારામતી પ્રમાણ. ૮૮૪
નરહડો દાનવ તો શંખાસુર જાણ, ત્યારે ભક્ત રૂકમાંગદને ઉગાર્યો નીરવાણ. ૮૮૫
ત્યારે ચાર લાખને બત્રિસ હઝાર શ્રીમચ્છરૂપે જાણ, ત્યારે રૂગવેદ હોતા પ્રમાણ. ૮૮૬
ઈઆંથી શ્રી મચ્છરૂપ સંપૂર્ણ સહી, એવી ગુરૂ બ્રહ્મા પીર ઈમામશાહાએ વાણી કહી. ૮૮૭

# "શ્રી કૂર્મ અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

**શ્રી સતગોર બ્રહ્મા વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.**
**બીજો શ્રી કૂર્મ અવતાર લખ્યો છે તે સુણો મુનીવર ભાઇ !**

બીજે કૂર્મ રૂપે અવતર્યો દેવ, સ્વામિ તમારો કોઇ ન જાણે ભેદ. ૧
તે દૈત્ય કારણે છળ ભેદ જો કર્યો, મેરૂ પર્વત દેવે પીઠ ઉપર ધર્યો. ૨
જેમ પીઠે તો એસો ભરિયો ભાર, શોહી કોરંભ તે નર આકાર. ૩
તે મેરૂ પર્વત ઉપર દૈત્ય મધુકૈટક રહે, તેના બળનો કોઇ પાર ન લહે. ૪
તે દૈત્ય દાવો કરી વચન બોલ્યા સોએ, એસા પરવતે રહું જે ન મારે કોઈ. ૫
નીચો રહું તો મને મારે ધરી, હવે બેસું જઇ પર્વતે ચડી. ૬
જ્યારે કોરંભ રૂપે હરી અવતાર, તારે પીઠિ ધર્યો પૃથ્વીનો ભાર. ૭
જ્યારે પૃથ્વીમાં ભકત હરીનો જાપ કરે છે જાયે, ત્યાં છાસઠ કરોડ દૈત્ય વ્યાપક થાયે. ૮
તેમાં દૈત્યમધુકૈટક બળીઓ આએ, તે સંગે છાસઠ કરોડ અસુરો મેરૂ પર્વતે જાએ. ૯
ત્યાં કોરંભ રૂપે હરિ એસો કીયો, લઈ મેરૂ પર્વત સમુદ્રમાં દીયો. ૧૦
ત્યારે માન સરોવર દૈત્યનું થાનક જાણ, અને તહાં સમુદ્ર મથન કર્યો છે જાણ. ૧૧
ત્યારે મથવા દેવે મેરૂ પર્વત સમુદ્રમાં દીયો જાય, ત્યાં મધુકૈટક દૈત્ય શણગાર્યો સહી. ૧૨
ત્યાં દેવે મેરૂ પર્વતનો રવાયો કીધો વાલ, અને વાસંગ નાગ આણ્યો તતકાળ. ૧૩
બીજે કોરંભ રૂપે કરૂણા કરી, વાસંગ કાડે ને ધરણી ધરી. ૧૪
ત્યારે મેરૂ પર્વતનો રવાયો કીધો હરિ, મથ્યો મેરામણ ને લક્ષ્મી વરી. ૧૫
એવાં ચલિત્ર કીધાં શ્રી હરિ, ત્યાં ભકત કારણે ભાવજ ધરી. ૧૬
ત્યાં વાસંગનાગ હરિને નમે કરજોડ, ત્યાં દેવ મળ્યા છે અનંત કરોડ. ૧૭
તે મેરૂ મથવા એકીકોરે વિરલોચન સર્વે દેવ થયા, બીજી ગમમાં હરિ આપે એકલા ભયા. ૧૮
ત્યાં વાસંગનાગનું નેત્રુ કર્યું, ત્યાં એકીગમ હરિ બળ આપે ધર્યું. ૧૯
મધુ સાગરથી કીધો ઘોરસ, અને દાનવ માર્યો મધુચોરસ. ૨૦
જ્યારે મથ્યો સમુદ્ર માવજીએ મનજો ધરિ, ત્યારે રતન ચતુર્દસ કાઢયા શ્રી હરી. ૨૧
પુછનિગમ દેવ મળ્યા બહુ વીર, ને મુખનીગમ દાનવ મળ્યા સોધીર. ૨૨
કરે વમાસણ નાખે જોફવે વેલ, અને દાનવ મર્ણ હુઆ તતકાળ. ૨૩
ત્યાં દેવે મંથ્યો મેરામણ ને અમૃત કાઢયાં જેહ, તે લઇ ચંદ્ર સુરજને પાયા તેહ. ૨૪
એવું ચંદ્ર સુરજ બોલ્યાં ત્યાં, સ્વામિ એ દૈત્યને અમૃત પાવો કાં. ૨૫
ત્યાં બેઠો રાહુ દેખ્યો જુગદીસ, દૈત્ય આડો થયો ત્યારે ચડી રીસ. ૨૬
જ્યારે અમૃત પીતાં દેખ્યો જુગદીસ, ત્યારે દૈત્ય દેખીને મન ચડી રીસ. ૨૭

દેવે મારી દૈત્ય શીર લીયો ઉતાર, દૈત્ય મારણે કુશીકોરંભ રૂપ ધર્યું મોરાર. ૨૮
ત્યાંથી શ્રી કોરંભ રૂપ હરિ અવતાર, દેવે મથી સમુદ્ર રત્ન કાઢયાં દશચાર. ૨૯
ત્યાં ચૌદ રત્ન ચિતમાં ધરી, અને માયા મોહે અનંત હરી. ૩૦
મથ્યો સાગર ને વર્તયો જેજેકાર, ત્યાર પછી પ્રગટ થયા કિરતાર. ૩૧
જ્યારે બીજે કોરંભરૂપે દૈત્ય મધુકૈટબને મારીયો, ત્યારે સવા કરોડીશું ભગત અમરીષને તાર્યો. ૩૨
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખીયા સાર. ૩૩
ત્યારે શ્રી કોરંભની માતા તો કમળાવતી કહીએ, પીતા તો પરીકમ રૂખ કહીએ. ૩૪
ત્યારે ગુરૂ તો એકારૂખ જાણુ, શક્તિ તો અજીયા દેવી પ્રમાણુ. ૩૫
ત્યારે નરદળો દાણવ મધુકૈટબ જાણુ, ત્યારે ભકત અમરીખને તાર્યો નિરવાણુ. ૩૬
ત્યારે ચાર લાખ ને બત્રિસહજાર શ્રી કોરંભરૂપે જાણુ, ત્યારે રૂગવેદ હોતા પ્રમાણુ,૩૭
ઇઆંથી શ્રી કોરંભરૂપ સંપૂર્ણ સહી,એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામશાહાએ વાણી કહી.૩૮

## "શ્રી વરાહ અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

**શ્રી સતગોર બ્રહ્મા વાચા ફુરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.**

**ત્રીજે શ્રી વરાહ અવતાર લખ્યો છે તે સુણો મુનીવર ભાઈ !**

ત્રીજે શ્રી વરાહ રૂપ ધર્યો મહારાજ, ભક્ત સતીઉનું કરવા કાજ. ૧
દેવ રખેસરમાં વતર્યો જે જે કાર, જે ત્રીજે શ્રી વરાહ રૂપ ધર્યો અવતાર. ૨
જ્યારે વરાહ રૂપે દેવનો અવતાર, ત્યારે પૃથ્વી રાખી ડાઢ વચાળ. ૩
જે મોરવો દૈત્ય આકાશમાં રહે, તેના બળનો કોઇ પાર ન લહે. ૪
ત્યાં વરાહ રૂપે છળબળ કરી, સકળ પૃથ્વી ડાઢે ધરી. ૫
ત્રીજે ત્રિકમ દેવ ત્રિભુવન સાર, તબ હરિએ લીયો વરાહ અવતાર. ૬
ત્યાં દેવતાની તો કીધી સાર, સ્વામિએ દાનવ માર્યો તે ઠાર. ૭
ત્યાં લડે જોદ્ધાઓ ભંગજ થાય, અને પૃથ્વી તો પાતાળે જાય. ૮
ત્યાં એક ડાઢમાં પૃથ્વી ધરી, બીજી ડાઢે દૈત્યની મોતજ કરી. ૯
ત્રીજે વરાહ રૂપે ભકતોના પ્રતિપાળ, ત્યાં દેવે પૃથ્વી રાખી દાઢ વચાળ. ૧૦
જ્યારે ભાર પૃથ્વીના દેવે ઉતાર્યો, ત્યાં મહારૂપ તો સુવેર અવતર્યો. ૧૧
ભેસાસુર પાટણુ દાનવનું ક્ષેત્ર જાણુ, ત્યાં મોર દૈત્યના લીધા પ્રાણુ. ૧૨
જે મોરવો દાનવ. દેવે હણ્યો, તે દૈત્ય મારવાને અવતાર સુવરકો ધર્યો. ૧૩
જ્યારે ત્રીજે રૂપે હરિ આવ્યા સંસાર, ત્યારે દેવ હરખ્યા અપાર. ૧૪
જ્યાં વરાહે દાઢ દીધી ધાર, ત્યારે દાનવ મોરવો માર્યો તેણી વાર. ૧૫

મોરવો દૈત્ય હરિએ સંહાર્યો જ્યાં, સ્વામિએ ધ્રુ ભકતને ઓધાર્યો ત્યાં. ૧૬
જે દૈત્ય તણો કીધો સંઘાર, શ્રી વરાહ રૂપ ધર્યો મોરાર. ૧૭
તે સુવર રૂપે સુરીજનહાર, ત્યાર પછી સૃષ્ટિમાં પ્રગટ થયાં કિરતાર. ૧૮
સુણો મુનીવરો સતગોર કહે, હરિ ચલિત્રનો કોઇ પાર ન લહે. ૧૯
જે હરિ સાથે ભગત રાખે ચિત્ત, તે કહાવે હરિ તણો મિત્ર. ૨૦
જ્યારે ત્રીજા વરાહ રૂપે દૈત્ય મોર દાણવને મારીયો, તારે સવા કરોડીશું ભક્ત ધ્રુવને તારીયો. ૨૧
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વ સંસારે ઓળખીયા જાણ. ૨૨
વરાહની માતા તો પદ્માવતી કહીયે, અને પીતા તો દાઢમ રૂખી કહીયે. ૨૩
ત્યારે ગુરૂ તો સેજાનંદ જાણ, અને શક્તિ તો સોમીયા નીરવાણ. ૨૪
ત્યારે સ્વસ્થાન તો બગપુર નગરી જાણ, ક્ષેત્ર તો માન સરોવર પ્રમાણ. ૨૫
નરે મારીયો મોરદાણવ જાણ, ત્યારે ભકત ધ્રુવને તારીયા નીરવાણ. ૨૬
ત્યારે ચાર લાખ ને બત્રીસ હજાર શ્રી વરાહ રૂપે જાણ, ત્યારે રૂધવેદ હોતા પ્રમાણ. ૨૭
ત્યારે શ્રી વરાહ રૂપ સંપૂર્ણ સમાપ્ત સહી, એવી ગુરૂ બ્રહ્મા પીર ઈમામશાહાએ વાણી કહી. ૨૮

## "શ્રી નરસિંહ અવતાર--રચનાર સૈયદ ઈમામશાહ."

**શ્રી સતગોર બ્રહ્મા વાચાફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહિમ.**

**શ્રી નરસિંહ અવતાર લખ્યો છે તે સુણો મુનિવર ભાઇ !**

ઈઆં થકી હરિએ નરસિંહ રૂપે પ્રકટયા સાર, ત્યાં દેવ ચતુર ભુજ અવતર્યા મોરાર. ૧
ત્યારે ચોથા કર્તા જુગમધ્યે દૈત્ય હિરણ્યાકશ્યપ ભયો. ત્યારે તે અંગુષ્ટા ભર તપ કરવા ગયો. ૨
તે દૈત્યે વનમાં જઇ મહાતપ સાધ્યો જેહ, તેને શંકરે દસ વર આપ્યા તેહ. ૩
ત્યારે તે વર લઈ ચાલ્યો નગર મોઝાર, ત્યારે દૈત્યનો ગોર આવ્યો તતકાળ. ૪
હાંરે જજમાન તેં વર માગ્યો શું, રખે માગતાં ચુકયો તું. ૫
મેં તો ગોરજી અમરકાયા દસવર માગ્યા સહી, તો સ્વામિ અમે માગતાં ચુકયો નહિ. ૬
ભાઇ તારૂં મોત છે ઘરને બાર, કે તને નરસિંહ સાવજથી ઉપજે કાલ. ૭
ત્યારે હરણ્યાકશ્યપ દૈત્ય પાછો તપ કરવા ગયો, ત્યારે શ્રી નરસિંહ નામ સ્વરૂપે પ્રગટ થયો. ૮
ત્યારે દૈત્ય મહા ક્રોધ ધરી બોલ્યો છે જેહ, ત્યારે ફરમાની ફિરસ્તો ચાર રૂપે થઇ ઉડયો છે ત્યાંય. ૯

જ્યારે ફરમાનિ ફિરસ્તો દેવસભા માંહે જાય, ત્યારે ભગત પ્રહલાદ શ્રી
નરસિંહજીને લાગે પાય. ૧૦

## ' ભગત પ્રહલાદના જનમના પરછા.'

ત્યારે દૈત્ય કોપ ધરી નગર સ્થાને ગયો, તે રાત્રે જઈ અણુમાનીતી સ્રીઘર વાસો રહ્યો. ૧૧
તે પ્રહલાદ ભગત મૃત્યુ લોકમાં આવ્યા ભગતને કાજ, તે ભગત પ્રહલાદને
પેટ વસ્યા તેણી રાત. ૧૨
તે ભગત પ્રહલાદ આ સતગોર વચને શ્રી નરસિંહને સાથ લાવ્યા, તહાં
ભગત હરણાકશ્યપને ઘેર આવ્યા. ૧૩
ત્યારે રાજાએ સ્રીનો ગર્ભ સાધ્યો જહાં, તે દિન સ્રીને મહા દુઃખ પડયું છે તહાં. ૧૪
તે ભક્ત પ્રહલાદે દૈત્ય કારણ માતા ગર્ભવાસે, દુઃખ દીઠાં જેહ ત્યારે
શ્રી નરસિંહે કુખ ફેરવી ભગત રાખ્યા ત્યાંહે. ૧૫
જે હરણાકશ્યપ દૈત્ય કરતો રાજ, તેનો પુત્ર હુવા ભગત પ્રહલાદ. ૧૬
જ્યારે ભગત પ્રહલાદ ગર્ભવાસ બંધનથી છુટા જાણ, ત્યારે બહુ રૂદન
માતા કરે પ્રમાણ. ૧૭
બાઇ એની આપણી નજરે એ બાલકહત્યા વેઠાશે નહિ, હવે બાઇ તમે
એ બાલકને મેલો વનમાં જઈ. ૧૮
જયારે ભકત પ્રહલાદનો જન્મ હુવો, ત્યારે લઇને વનમાં એને મેલ્યો જુવો. ૧૯
ત્રણે દેવ ભમરપલંગે પોઢયા હરિ, તે ભકતની વનમાં ચિંતા કરી. ૨૦
તહાં ભગત ભમરપલંગે પોઢયા જહાં, તે ભગત ઉપર તે વખતમાં
કામધેનુ દુધ પાય તહાં. ૨૧
તે ભગતને સુવર્ણ પારણું હિરારત્ને જડયું સહિ, તે વનમાં આસુપાલવે બાંધ્યો છે જઈ. ૨૨
તે વનમાં સહુ મલીને ગોર ગોવાળીઆ વીમરસ કરે ભાઇ, એ કોઈ
મહારાજ કળી કુંવર અવતર્યો. ૨૩
ભાઈ સર્વે આપણ મળી રાજાને કરીયે જાણ, એ વાંઝીઆ રાજા છે કુંવર
માટે બહુ દેશે માન. ૨૪
જ્યારે સહુ મલીને કુંવરનું જાણ કર્યું છે જહાં, ત્યારે તતખેવ પ્રતિહાર
દળ આવ્યાં તહાં. ૨૫
તહાં બ્રાહ્મણે કુંવરને દીધી સહસ્ર ગાળ, એ અક્ષર ન ભણી શકે બાળ. ૨૬
કહે પ્રહલાદ સુણો વિપ્ર સુજાણ, નરસિંહ નામ ઉપર વારૂં પ્રાણ. ૨૭
ત્યારે બ્રાહ્મણ બોલ્યા રાજા શું સોચે, જે કુંવર કહ્યું નથી માનતો જોયે. ૨૮
જે નરસિંહ હોય તમારો કાળ, આજ તેનું નામ જપે છે બાળ. ૨૯
ત્યારે પંડિત કહે રાજા એક વણુસ્યું છે તમારૂં બાળ, એણે મારી વણુસાડી
સર્વે નિશાળ. ૩૦

હાંરે રાજા એ કુંવર કરે છે એવું કામ, તે સર્વે નિશાળીયાને જપાંવે તમારા દુશ્મન નરસિંહનું નામ. ૩૧

હાંરે રાજા તમે એ કુંવરને શું દયો છો માન, ભાઇ તે સુનું શું પહેરીયે જેણે પોતાના તુટે કાન. ૩૨

ત્યારે હરણાકશ્યપ કોપ કરી બોલ્યો ભુપાળ, હવે ડેરા માંહે લેઇ મેલ્યો બાળ. ૩૩

ભુત પ્રેત જ્યાં બહોળાં હોય, એ બાળકને ફાડી ખાય. ૩૪

હરણાકશ્યપ દેવળ દેરાં પુજે છે જહાં, એક રાતે ભકત પ્રહલાદ સહી રાખ્યા ત્યાં. ૩૫

જ્યારે ભક્ત પ્રહલાદને દેરાંમાં ધર્યો, ત્યારે ટુંક હાથે દેવળ પડયું. ૩૬

ત્યારે બેઠા પ્રહલાદ નામ નરસિંહનું ભણે, ત્યાં હરણાકશ્યપ વાત જો સુણે. ૩૭

જ્યારે પ્રહલાદને આંતિકથી ઉતાર્યો જ્યાં, ત્યારે દેવળનાં હાથપગ મોં નખ છેદાતા તહાં. ૩૮

ત્યારે હરણ્યાકશ્યપ કુંવરને સમુદ્રમાં ધરે, એ બાલક મોત વગર અવગતે મરે. ૩૯

જ્યારે દેત્ય બાલકને સમુદ્રમાં ઘાલીને પાછા વળ્યા, ત્યારે હરિએ હંસરાજ બાળકને લઇ બહાર નિકળ્યા. ૪૦

જે દૈત્યે કુંવર સમુદ્ર મહાં મેલ્યો જહાં, ત્યાંથી ભક્ત પ્રહલાદ હંસજીસું ઝીલ્યા તહાં.૪૧

દૈત્યે જે બાલકને સમુદ્રમાં દીયો, ત્યાં હંસરાજાએ ઉગારી લીયો. ૪૨

ત્યારે બેઠા પ્રહલાદ નામ નરસિંહનું ભણે, ત્યારે દૈત્ય હિરણાકશ્યપ વાતજ સુણે. ૪૩

ત્યારે પ્રહલાદ કુંવરની માતા આવી એ જાણું કહે, પાંચ દિવસ તું શાંત રહે. ૪૪

તાં માતા કુંવરને વારે જેહ, પછે આપણે પુજીશું સ્વામિ તેહ. ૪૫

ત્યારે પ્રહલાદ વચન બોલ્યા છે તહાં, માતા આજ નરસિંહ નામે ઉગરીએ અહાં.૪૬

ત્યારે દૈત્ય કહે વાણી શર્પ ડસાવો બાળ, જે ચડે વિખને મરે તતકાળ. ૪૭

ત્યાં આણ્યો શર્પ જે પ્રહલાદને ડસે, તે વીખ પ્રીટીને અમરત થસે. ૪૮

ત્યારે બેઠા પ્રહલાદ નામ શ્રી નરસિંહનું ભણે, દૈત્ય હિરણ્યાકશ્યપ વાત તે સુણે. ૪૯

દૈત્ય કહે રે હસ્તિ તળે લઇ નાંખો બાળ, કુંવરને મારી નાખે તતકાલ. ૫૦

બાંધી બાળને હસ્તિ તળે દીયો, પણ ચરણે લાગી કુંવર ગયો. ૫૧

દૈત્યે ભકત પ્રહલાદ હસ્તિ આગળ ધર્યો જહાં, કરી પ્રણામ ને ગજંદર પાછો વળ્યો તહાં. ૫૨

ત્યાં બેઠા પ્રહલાદ નામ શ્રી નરસિંહનું ભણે, તે દૈત્ય હરણાકશ્યપ વાત જો સુણે. ૫૩

દૈત્ય કહે ઘાણીમાં બાળક પીલાવો જઇ, જે મુસ્તક ચૂર્ણ થાય. ૫૪

જ્યારે ભકત પ્રહલાદને ઘાણીમાં ઓરીને પીલ્યા જઇ, ત્યારે ઘાણીની લાટ ફાટી નવ કકડા થઇ. ૫૫

ત્યાં બેઠા પ્રહલાદ નામ શ્રી નરસિંહનું ભણે, ત્યાં હિરણાકશ્યપ વાંત જો સુણે. ૫૬

દૈત્ય કહે અમે દેવળ દેહરાં પુજ્યાં છે જ્યાં, તે બાળકને લઇ મેલો ત્યાં. ૫૭

તે કુંવરને દેવળ દેશમાં ઘાલ્યા જઇ પ્રતિહાર, ત્યારે ભુત પ્રેત ઉઠયા તેણીવાર. ૫૮
તેણે ભક્ત પ્રહલાદને હજુરથી હથિઆર ઉતર્યાં જહાં, તેણે દેવળના હાથ
પગ નાક મસ્તક છેદયાં તહાં. ૫૯
ત્યાં બેઠા પ્રહલાદ નામ શ્રી નરસિંહનું ભણે, દૈત્ય હરણાકશ્યપ વાત જો સુણે. ૬૦
ત્યારે હરણાકશ્યપ બોલ્યા તતકાળ, હવે ડુંગરે લઈ ચડાવો બાળ. ૬૧
તે ભક્તને ચામડે મઢીને ડુંગર ઉપર ચઢાવ્યાં જહાં, ત્યારે દેવે અમર ડોલ
ડોલાવતા તહાં. ૬૨
જ્યારે ડુંગર ઉપરથી કુંવર ઠેલ્યા જહાં, ત્યારે પ્રહલાદને પવન વેગે દેવ
ધાઇ પોતા છે તહાં. ૬૩
ત્યારે બેઠા પ્રહલાદ નામ શ્રી નરસિંહનું ભણે, દૈત્ય હરણાકશ્યપ વાત જો સુણે. ૬૪
માત કહે કુંવરને પાંચ દિવસ ઘરમાં ટીલળા ધરો, પછે આપણાં સ્વામિની સેવા કરો. ૬૫
ત્યારે ભગત પ્રહલાદ માતાશું વચન બોલતા તહાં, આપણે શ્રી નરસિંહ
હાજર બેઠા છે અહાં. ૬૬
બેઠા પ્રહલાદ શ્રી નરસિંહ નામ ભણે, દૈત્ય હરણાકશ્યપ વાત જો સુણે. ૬૭
ત્યારે બોલ્યો દૈત્ય મારૂં હા એ કાજ, હવે એનું હોળીમાં ઘાલીને બાળો આજ. ૬૮
તે દૈત્ય હરણાકશ્યપને મન કોપ થયો છે તહાં, હવે કુંવરને હોળીમાં લગાડી
બાળો અહાં. ૬૯
દૈત્યે જ્યારે હોળી લગાવી કીધી મોટી જાળ, શ્રી નરસિંહ વૃદ્ધ બ્રાહ્મણ થયા તતકાળ. ૭૦
ત્યારે દેવે હોળીને અનામત સુત્ર વિંટયા ત્યાંય, અગન તું મારા ભગતને
એણી પેરે રાખો માંઈ. ૭૧
તે દીન પ્રહલાદની માતા રૂદન કરે છે જઈ, હાંરે બાઇ શું રૂવે છે તમારા કુંવરને
દેવ અનામત રાખશે સહી. ૭૨
તે પ્રહલાદની માતાએ હોળી વધાવી આપ, તમે એવા ત્રુઠજો સહુને સાથ. ૭૩
તે કુંવરને હોળીમાં ઘાલ્યો જે વારે, અને ઉપર કાષ્ટ સિંચ્યા અપાર. ૭૪
ઉભા લોક અને દાઝે આગ, ભાઇ હવે કુંવર કયાં જાસે ભાગ. ૭૫
ફરતા લોક ઉભા રહે પાસે, વચ્ચે ન અગ્નિ લાગ્યો પ્રકાસે. ૭૬
જેનો સખા છે દિનદયાળ, ત્યાં ચડી સંતોસે બેઠો બાળ. ૭૭
ત્યારે બોલ્યો દૈત્ય મારૂં અવિચળ રાજ, એ દુશ્મનને હોળીમાં બાળો આજ. ૭૮
હવે વાણું વાઈને ઉગે રવિભાણ, ત્યાં ભણે પ્રહલાદ શ્રી નરસિંહ નામ. ૭૯
ત્યારે દૈત્યને મન તો વસિઓ કાળ, કહે હવે સ્થંભ શું બાધું રે બાળ. ૮૦
આણી થંભ અગન સુ ધીકાએ, ધગધગતો ફરતો થંભ થયો. ૮૧
લોહ થંભ માંહેથી અગ્નિ નીસરે, ત્યાં પ્રહલાદ નામ શ્રી નરસિંહ ઓચરે. ૮૨
ત્યારે નગર લોક મળી ઉભા થાય, તહાં સકળ સભાશું બેઠા રાય. ૮૩

ત્યારે બોલ્યો હિરણાકશ્યપ લાવો એ બાળ, અને થંભસું તાણી બાંધ્યો તત્કાળ. ૮૪
ત્યારે પ્રહલાદને આણી સભામાં ધર્યો, ત્યાં શીર ઉઘાડે ઉભા રહ્યા. ૮૫
જ્યારે આણી સાંકળને બાંધ્યો થંભ, ત્યારે દૈત્ય ત્યાં બોલ્યો આનંદ. ૮૬
એ જહાં તહાંથી નાસે છે બાળ, હવે થંભસું તાણી બાધું તત્કાળ. ૮૭
તે નરસિંહ નામ કો સમરણ કીયો, હવે તારો સ્વામિ કયાં ગીયો. ૮૮
અરે બાળક તું એવો શું અજાણ, એ નરસિંહથી ખોસે પ્રાણ. ૮૯
અરે મુરખ મન માંહાલે શું કર, આ લોક દેખતાં તું કા મરે. ૯૦
લોકશું કુંવર બોલ્યો સત્ય પ્રકાસ, અમારે હૃદયમાં હાજર નરસિંહ પાસ. ૯૧
ત્રણલોક માંહે ભરપુર, આ લોહા થંભમાં છે નહિ દુર. ૯૨
જે સકળમાં જાણો વાસ, તે શ્રી નરસિંહ અમારે પાસ. ૯૩
જેસી નયણામાં પુતલી સત જોએ, તેસા નરસિંહ હાજર મોએ. ૯૪
હાંરે પ્રહલાદ અમે કહું છતાં એ પણ, હાજર હોય તો દેખાડ મોય. ૯૫
ત્યારે પ્રહલાદ વચન એવું કહે, મારા સ્વામિ આ થંભમાં રહે. ૯૬
જ્યારે એવાં વચન કહ્યાં પ્રહલાદ, ફાટો થંભ ને હવો અવાજ. ૯૭
ત્યારે નરસિંહ રૂપ થયા પ્રકાસ, જાણે ત્રુટી પડયો આકાશ. ૯૮
ચોથે શ્રી નરસિંહ હરિ અવતાર, ભક્તોની વારે ધાયા મોરાર. ૯૯
તે ભક્ત કારણ ચોથે શ્રીનરસિંહ ભયા, ત્યારે દેવ કરોડી થંભમાંહે પ્રગટ થયા. ૧૦૦
જ્યાં થંભ તોડી પ્રગટયા નરસિંહરાય, ત્યાં ભગત પ્રહલાદ લાગો પાય. ૧૦૧
શ્રી નરસિંહ રૂપે પ્રગટ જાણ, જેમ સહસ્ર કળાસું ઉગ્યા ભાણ. ૧૦૨
ચોથે શ્રી નરસિંહરૂપ જો ધરિ, અને ભગત કારણ આવ્યા હરિ. ૧૦૩
ધધરી વેળાએ ધર્યું ધ્યાન, ત્યાં નરસિંહરૂપ ધર્યું ભગવાન. ૧૦૪
શ્રી નરસિંહ રૂપે ત્યાં હવાજબ, અને જીભ્યાએ શ્રી વીજળી લબ. ૧૦૫
દાંત જેવા પુનમકાચંદ, તહાં ભગતને મન થયો આનંદ. ૧૦૬
જ્યારે ફેરવ્યું પુછ જેમ વાસંગ નાગ, ત્યારે હિરણાકશ્યપ ચાલ્યો ભાગ. ૧૦૭
જ્યારે નરસિંહ રૂપે ચાલ્યો, ત્યારે થરથર ધ્રુજે હિરણાકશ્યપ રાય. ૧૦૮
જ્યાં દેખ્યો દૈત્યને કોપ્યા શ્રીહરિ, ત્યાં દેવે ધર્યું મહાબળ તેજ જો કરી. ૧૦૯
હરિ દૈત્ય, દુષ્ટ શું સારો કામકીયો, મારા ભગતને દુઃખ કેમ દીયો. ૧૧૦
હરિ હાંરે શ્રી નરસિંહ તમે કેમ મારસો મોયે, મારી વાત એક સુણજો
કહું છું તોયે. ૧૧૧
હરિ તમે સાંભળો વાત, શું કહિએ ઘણી, શ્રી શંકરે અમર કાયા કીધી છે મુજતણી. ૧૧૨
સુણો નરસિંહ કેમ મારશો મોયે, મારી વાત એક સુણ કહું છું તોયે. ૧૧૩
જ્યારે ઇશ્વર આગળ બહુ તપ કીયો, ત્યારે ઇશ્વરે દસ વરદાન દીયો. ૧૧૪
ઇશ્વરના વચન વમાસી જોયે, શ્રી નરસિંહ કેમ મારસો મોયે. ૧૧૫

ખોળે લીધો ને ખાંધે ચડે, આપ્યો કોલ તે જુઠો કેમ પડે. ૧૧૬
ધરતિ આકાસમાં મોત નહિ મોચે, સ્ત્રી પુરૂષ ન મારે કોઈ. ૧૧૭
ઘર આંગણે બહાર ન મરૂં, એસા વચન નરહરિ તમસું ઓચરૂં. ૧૧૮
લોઢે લાકડે મોતજ ન હોય, લીલે સુકે ન મારે કોઇ. ૧૧૯
હું રાત દિવસ મોતે નહિ મરૂં, એવી વાણી તમ શું ઓચરૂં. ૧૨૦
સુણો નરસિંહ વાત શું કહું ઘણી, મારા કાયા છે અમરતણી. ૧૨૧
સકળ જનમારો અમર કીયો, ઇશ્વર મહાદેવે એવો વર દીયો. ૧૨૨
ઇશ્વર વચન વિમાસી જોઇ, તુ નરસિંહ કેમ મારે મોય. ૧૨૩
મારી શ્રી શંકરે અમર કાયા કીધી, હું નવ મરૂં શ્રી નરસિંહ વાણી
તમશું ઓચરૂં. ૧૨૪
એસો વર શંકરે દીયો શ્રીહરિ, તો તમે મુજને મારો કહો કોણ પેરજ કરી. ૧૨૫
ત્યારે શ્રી નરસિંહ વચન બોલ્યા સત્યજ ભાઇ, સુણો વચન હરણાકશ્યપરાય. ૧૨૬
તું સાસો એ જીવ્યાએ ધરે, ઈશ્વરવચન જશ કળા ધરૂં. ૧૨૭
અર્ધબંબ જ્યારે સુરજ અસ્ત થાયે, ત્યારે હરિએ બેસારયો માંડી પાયે. ૧૨૮
સુણો રે દૈત્ય કહું વિચારે, શ્રી નરસિંહરૂપે લઇ બેઠા ઉંબરાબારા. ૧૨૯
જ્યારે સુરજ આથમે સમીસાંજ થાય, ત્યાં દેવધરી બેઠા માંડયા પાયે. ૧૩૦
સુણો રે દૈત્ય કહુ સતભાયે, એ ઘર કે આગણું કહેવાયે. ૧૩૧
સુણરે દૈત્ય તું મુરખ અજ્ઞાન, આ ધરતી છે કે અસમાન. ૧૩૨
સુણોરે દૈત્ય હું પુછું વિચાર, આ હું છું નર કે નાર. ૧૩૩
જારે હરીએ રૂપ પ્રકાસિ પ્રાક્રમ કર્યા જે, ત્યારે દેવે અજબ નખ વધારયા તેહ. ૧૩૪
નખથી બોર દેખાડા પાયે, આ લોઢું છે કે લાકડું રાયે. ૧૩૫
લીલું સુકું વમાસિ જોઈ, ઇશ્વર વાચા એસી કળ હોઇ. ૧૩૬
ત્યારે દૈત્ય બોલ્ય સત જો ધરી, ઇશ્વરે સિંહની સીકલ કરી. ૧૩૭
સુણો નરસિંહ કહું સતભાઇ, એટલું માગતો ચુકો હુંઈ. ૧૩૮
હરિએ હરણાકશ્યપ રાખ્યો નેવા હેઠ, માર્યો દૈત્ય નખ વધારી પેટ. ૧૩૯
નરસિંહે માર્યો દૈત્ય રાખી નેવા હેઠ, તેને વકટ નોહર માર્યા છે પેટ. ૧૪૦
જે મારી હરણાકશ્યપને નકંદ કીયો, તે દૈત્ય મારણકું અવતાર નરસિંહે લીયો. ૧૪૧
તેવાં વિઘ્નો હરે, મારયો દૈત્ય જહાં, કરેડી પાંચસું પ્રહલાદ તારયો તહાં. ૧૪૨
મારયો દૈત્ય જ્યારે રૂપ નિધાન, નરસિંહે રગતે કીધાં અસનાન. ૧૪૩
જ્યારે દૈત્યને રગતે નાયા સબ દેવા, ત્યારે ભકતોને ઘેર ઓછવ મંગળ
વર્ત્યા તતખેવ. ૧૪૪
ભગત સર્વેની પુરી આસ, અને ભક્ત પ્રહલાદ હરિકે પાસ. ૧૪૫
જ્યારે ચોથોરૂપ હરી નરસિંહ અવતાર, ત્યારે ભકેત પ્રહલાદને દીધા આધાર. ૧૪૬

જ્યારે દૈત્ય હિરણ્યાકશ્યપ માર્યો નખેધાર, ત્યારે ભકત પ્રહલાદને વર આલ્યો તેણે ઠાર. ૧૪૭
શ્રી નરસિંહ રૂપે ત્રુઠયા ભકતુંને કાજે, તેને દેવે આપ્યું અવિચળ વૈકુંઠનું રાજે. ૧૪૮
ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, અને પાંચ કરોડીને ઉતાર્યાં પાર. ૧૪૯
જે કર્ત્તા જુગમાં ચારે રૂપે હરિએ ધર્યો અવતાર, ભાઇ ત્યાં ખલિફા કલફ મોઝાર. ૧૫૦
જ્યારે ચાર દાનવ દેવે સંધાર્યા જાણ, ત્યારે ચાર ભગત ઓધર્યાં પ્રમાણ. ૧૫૧
શંખવો, મધવો, મોરવ ને હિરણ્યાકશ્યપરાય, એ ચાર દાનવ દેવે માર્યા. ૧૫૨
રૂકમાગત, અંબરિષ, ધ્રુવ, પ્રહલાદ એ ચાર ભકતના દેવે કીધાં કાજ. ૧૫૩
જ્યારે ભકત પ્રહલાદ આ સતપંથ ધાયા જાણ, ત્યારે સર્વે લોકનાં થયાં નિર્વાણ. ૧૫૪
એ ભકત પ્રહલાદ લોહ થંભસું બાંધ્યા જેહ, ભાઈ તેણે તો પીઠ ન ફેરવી તેહ. ૧૫૫
કર્તાજુગમાં પંદર કરોડી ગોર બ્રહ્માએ નિમ્યા જે, તેમાં પાંચ કરોડી દેવ
સનમુખ રહ્યા ત્યાંય. ૧૫૬
જ્યારે પ્રહલાદને બહુ કષ્ટ પડયું જાણ, ત્યારે કરોડી દસ ત્રુઠયા છે ત્યાંય. ૧૫૭
કર્તા જુગમાં મુખી પ્રહલાદ ઘેર પંદર કરોડી ધાયા જેહ, તેમાં કરોડી
પાંચ દેવ સાચા જણાયા તેહ. ૧૫૮
તેમાં કરોડી પાંચે વિશ્વાસ ઓછો આણ્યો જાણ, તે ફરી ફરી પડયા લખ
ચોરાસિ ખાણ. ૧૫૯
તેમાંથી પાંચ કરોડી પરલે ગયા જેહ, જેણે આવ્યા ગોર નર ઉપર આણ્યો નેહ. ૧૬૦
જાણી જોઇને ભુલ્યા છે અજાણ, તે દોઝીખે નિષ્ટે પડયા નરક ખાણ. ૧૬૧
તે ભક્ત પ્રહલાદ આ સતગોર પુરા સેવ્યા જેહ, તેણે આ ગોરની વાચા પાળી. ૧૬૨
જે પાંચ કરોડીસું દેવ નિપજ્યા જહાં, તેની શાખ ચાલી કર્ત્તાજુગ મહાં. ૧૬૩
તો મુનિવરો ભાઈ એસા સત કમાઇએ આજ, જેસા સતે ધાયા પ્રહલાદ. ૧૬૪
જેણે સઘળા જનનો કીધો ત્યાગ, તેણે ક્ષણું એક ન રાખી લોકની લાજ. ૧૬૫
તો મુનિવર ભાઇ એસા સત જો કીજીએ આજ, તમે ગોર નરસું પુરાં હેત
રાખો તો થાયે કાજ. ૧૬૬
જો જીવ કારણ ટુંક ટુંક થઈને ભોંયે પડો, તમે તો ગોર નરસું હેત નવ છોડો. ૧૬૭
કર્ત્તા જુગમાં ચાર રૂપજ ધરિ, ચાર દાનવ સંગાર્યા શ્રી હરિ. ૧૬૮
ભાઈ મુનીવરો સાચું જાણજો એ ભગત ઓધાર, ભાઈ તમે નરસું રહેજો નિરધાર. ૧૬૯
એ કર્ત્તા જુગમાં સ્વામિજીના ચાર અવતાર, હું અજાણ ત્યાં ચાર દાનવ
સંધાર્યા નિર્વાણ. ૧૭૦
એવાં શ્રી નરસિંહ રૂપે કીધાં કામ, ત્યાં ગોર અમર તેજ હુવા નામ. ૧૭૧
ભકતો કારણ કીધાં કામ, મારી દૈત્યને ટાળ્યાં ઠામ. ૧૭૨
વ્રતે એકાદસી આદિતવારી ઉતરી સહિ, ને ચૌદસ મંગળવારી બેઠી તહી. ૧૭૩

કર્ત્તાં જુગના ઉતર્યા ધ્યાન, જુગ ત્રેત્રા બેઠા નિરવાણ. ૧૭૪
જ્યારે નરસિંહરૂપે કીધું છે કામ, ત્યારે મારી દૈત્યને ફેરાવ્યું ઠામ. ૧૭૫
ત્યારે દેવે હરણાકશ્યપને માર્યો જેણીવાર, ત્યારે સંસારમાં પ્રગટ થયા મોરાર. ૧૭૬
જ્યારે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે ઓળખ્યો સંસાર. ૧૭૭
ત્યારે શ્રી નરસિંહની માતા તો ચંદ્રાવતી કહીયે, પીતા તો હરિતક કહીયે. ૧૭૮
ત્યાં ગુરૂ તો અમર તેજ જાણ, શક્તિ તો સમીયા દેવી પ્રમાણ. ૧૭૯
ત્યારે સ્વસ્થાન તો કાશ્મીર મંઢણ જાણ, ક્ષેત્ર તો મુલતાન નગરી પ્રમાણ. ૧૮૦
ત્યારે મારીયો દાણવ હરણાકંસ જાણ, ત્યારે ભક્ત પ્રહલાદને તારીયા નરવાણ. ૧૮૧
ત્યારે ચારલાખ ને બત્રિસ હજાર નરસિંહરૂપે જાણ, ત્યારે રૂગવેદ હોતા પ્રમાણ. ૧૮૨
ત્યારે સત્તર લાખ ને અઠ્ઠાવીસ સહસ્ત્ર જુગકર્ત્તાનું પ્રમાણ, ત્યારે ભક્ત પ્રહલાદ પામીયા અમરાપુરી જાણ. ૧૮૩
ત્યારે તેણે તો ગુપ્તપંથ આરાધીયા જાણ, તેણે અમરાપુરીનું ઠામ પામીયા નિરવાણ. ૧૮૪
ભાઈ ઇઆં થકી ચોથો નરસિંહરૂપ સંપૂર્ણ ભવસ્તો સાચ, એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામશાહા ઓલીયા વાચ. ૧૮૫

# "શ્રી વામન અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

## શ્રી સતગોર બ્રહ્મા ઈંદ્ર ઇમામશાહ વજેસ્ટલની વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.

બીજા ત્રેતા જુગનું માંડયું મંડાણ જેહ, તમો સુણો મુનિવર ભાઇ તેહ. ૧
જ્યારે ચતુદશીને મંગળવાર જાણ, તે દિન જુગ ત્રેતાનું માંડયું મંડાણ. ૨
ઇઆં થકી બીજા ત્રેતા જુગની સાંખ્યા સાચ, અને ગોર તો વજેષ્ટલ વ્યાસ. ૩
ત્રેતા જુગમાં દૈત્ય બલીરાજા હોય અવતર્યો, તે છાસઠ કરોડી દૈત્ય સાથે પરવર્યો. ૪
ત્રેતા જુગમાં બળીરાજા રાજ કરે નિર્વાણ, તે દૈત્યના ગોર તો વાચે વેદ પ્રમાણ. ૫
તે ગોર શુક્રાચાર્યને બલીરાજા પુછે વિચાર, તો ગોરજી નારાયણસું યુદ્ધ કરતાં મુજને આવે હાર. ૬
ગોરજી તમે એવા જ્યોતિક જોઇને કેહજો ભેદ, હવે સ્વામિ તેવી વાત કરીશું દેવ. ૭
ત્યાં ગોર વાંચે પુરાણ સુણો બલરાજ, એ વચન અમતણાં ગોર હવે બલરાજા જગનદાન તમે માંડો ઘણાં. ૮
તમે જગન તણો માંડો મંડાણ, મન ઇચ્છા દાન કરો પ્રમાણ. ૯
તે ગોર નરને બલીરાજાએ સત વચને દીયા, ત્યાં રાજાએ જગનદાન વરત જ લીયા. ૧૦
જો કોઇ જાચક માંગણ આવે તુજ કને, તેને બહુ દાન આપે સુવર્ણ જ તણું. ૧૧
ત્યારે રાજા બલીના મનમાંહે એવી ચિંતા થઇ, આંઇ જગનનો આરંભ માંડયો સઈ. ૧૨

ત્યારે બલીરાજાએ વિપ્ર તેડાવ્યા બહુ વિદ્યાવંત જાણ, તેણે મહા હોમ-
જગન માંડયો તેણે ઠામ. ૧૩

ત્યારે હોમે દુધ ખાંડ ઘ્રત ભરખ ભોજન અઢાર, તહાં હોમે પરમલ પાંચ
બહુ સુગંધ સાર. ૧૪

તહાં બહુ રાજા બ્રાહ્મણ ક્ષત્રિય અપાર, તે જગનમાં આવી બેઠા સહુકો તેણે ઠાર. ૧૫
ત્યાં બ્રાહ્મણ તે પૂરણ હોમ જગન માંડે, તે ભણિ મંત્ર સર્વે આહુતિ આપે. ૧૬
જ્યારે અગ્નિ જાળ જઈ લાગી બ્રહ્માંડ, ત્યારે કંપ્યા ઇંદ્રદેવ લોક નવ ખંડ. ૧૭
ત્યાં બળી રાજા એણી પરે જગન નવ્વાણું કર્યા, તહાં દેશ ભમેરીના પુરોહિત
આવી સંચર્યા. ૧૮

ભાઈ અમે રાજા ભરમસેન પુછાવું છું મોહે, તેની કન્યા છે બહુ રૂપવંતી એ. ૧૯
હાંરે બળરાજા તમે પરણજો કન્યા છે બહુ રૂપવંતી જાણ, તે ઉગતા સુરજ
જેમ દીસે ભાણ. ૨૦

તે દૈત્ય મદનુમાતો જગનમાંથી ઉઠી બેઠો થયો, તે કન્યા રાજ બ્રહ્મસેનને
ઘેર પરણાવા ગયો. ૨૧

ત્યાં સર્વે દેવ રખેસર મળીને નારાયણ દેવશું કહ્યો, હવે સ્વામિ એ દૈત્ય
બલીરાજ મહાભાગી થયો. ૨૨

હવે સ્વામિ તમે કાંઇક છળ બળ કરો શ્રી હરિ, એ બદલ દૈત્યને સંઘારો ધરી. ૨૩
એવું કહિને દેવ રખેસર વળ્યા તેણીવાર, ત્યારે ત્યાં દેવે વૃદ્ધ બ્રાહ્મણ રૂપ
લીધું તત્કાળ. ૨૪

ત્યારે સ્વામિજીએ તેનું સત જોવાને હાથે કરવત લીધી સાર, તે દેવ ક્ષણું
એકમાં ગયા રાજા બ્રહ્મસેનને દ્વાર. ૨૫

જ્યાં જાન મળી ત્યાં જાચક કરોડ કરોડ, ત્યાં રાજા બલિ બેઠા મંડપમાં અબળ જોડ. ૨૬
જ્યાં દેવ આશિર્વાદ દઇને બ્રાહ્મણ રૂપે ઉભા રહે, ત્યાં સ્વામિજીને નમસ્કાર
બળી રાજા કહે. ૨૭

સ્વામિજી તમે ઇઆં મંડપે આવ્યાનું કોણ સ્નેહ, તો સ્વામિ તમને મારો
પ્રતિહાર બહુ દાનજ દેહે. ૨૮

ત્યાં નારાયણ દેવ કહે સુણો બલીરાજા કહુ એક વાત, જો તમે દાન આપો
તો લેવું મારે હાથ. ૨૯

ત્યારે બલીરાજાને સ્વામિજી એમ જો કહે, રાજા હું માગું તે દાન મુજને દહે. ૩૦
બળીરાજાએ શ્રી નારાયણ દેવને બહુ દીધાં માન, સ્વામિજી જે માગો તે આપું દાન. ૩૧
ત્યાં બલીરાજાને વિપ્ર જાચે તતખેવ, સ્વામીજી કહો તો આપું હસ્તિ, ઘોડા,
સુવર્ણ આપું ઘણું. ૩૨

ત્યારે સ્વામીજી બોલ્યા સુણો બળીરાજા કહુછું વિચાર, મારે ઘર નહિ એક સંત-
તિ નાર. ૩૩

તેની બહુ ઇચ્છા ધરૂં છું રાજા શું કહું વિચાર,જો તું તારી પરણી આપે એક નાર. ૩૪
ત્યાં બલીએ બહુ વિપ્ર બોલાવ્યા રાજા તણા, તો સ્વામી વળી મારા નગ્રમાંહે
વિપ્ર છે ઘણાં. ૩૫
જો સ્વામીજી તેની તમને કન્યાચાર અબળા બાલી પરણાવું સહી, ત્યાં એવી
વાત બળીએ વિપ્ર શું કહિ. ૩૬
ત્યારે બોલ્યા વિપ્ર તમે સુણો બળરાય, હવે મુજથી હાથે વળે કાંઈ એઠું ન જાય. ૩૭
તો રાજા કહે વરે વિવાહો તે નાર, તો કાયર થાય અમારી ગરસતા ચાર. ૩૮
જો તેં પરણી છે નાર બાલી સુંદરી, જો તું આપે નાર મુજને એક મન કરી. ૩૯
ત્યાં બલીરાયે એસા વચન સુણ્યા તે વાર, તેણે ત્યાં આપી કન્યા તે પરણી નાર. ૪૦
ત્યારે સર્વે રાજા સગા સજ્જન રહ્યા બળીના મુખસામું જોઇ, ભાઇ એવું ધીરજ
કોઇ અવરથી નહોઇ. ૪૧
ત્યાં નારાયણ દેવ હસી કરી બોલ્યા તેણે ઠાર, ભાઇ હું તો તારૂં ધીરજ જોવા આવ્યો
છું હું રાય. ૪૨
હું તો ઘરડો બ્રાહ્મણ નારીનો કોણ વિચાર, ત્યારે સ્વામીજીએ પાછી ફેરવી
આપી તે નાર. ૪૩
ભાઈ તું બળીરાજા મોટો ત્યાગી મહાસુજાણ,તેં બહુ દાનપુન કરીને કાઢયું નામ. ૪૪
ત્યાં એવાં વચન કહીને સ્વામી ઉઠયા તે વાર, તે બલી પરણી આવ્યો ઘેર જયાં
જગનનો ઠાર. ૪૫
ત્યાં એવી છળ ભેદ કરી નારાયણ દેવે બ્રાહ્મણનુ રૂપ ધર્યું, પણ ત્યાં દૈત્ય
બલી મહામન મોટું કર્યું. ૪૬
ત્યારે વામન મન વિચારે પેર, સ્વામિ ગયા બળીરાજાને ઘેર. ૪૭
આ ત્રેતા જુગમાં હરિ બેઠાસાર, પાંચમે શ્રી હરિ વામન અવતાર. ૪૮
જયારે પાંચમે રૂપે હરિ વામન અવતાર, ત્યારે દેવ જઇ ઉભા બલીરાજાને દ્વાર. ૪૯
જે બલીરાજાએ દાન જગન માંડયો અપાર, તે હું આજ સર્વ ઘાલું પૃથ્વી મોઝાર. ૫૦
ત્યાં વામનરૂપ લીધાં જદુરાય, તે બલિ દ્વારે પોતે જાય. ૫૧
હાથ માળા કરીને નિર્મળ ભયા, સુંદર રૂપે હરી વામન થયા. ૫૨
ત્યારે સુંદર મુર્ત રૂપે થયા પ્રગટ, ત્યાં ચારે વેદ કહે મુખ પાઠ. ૫૩
નારાયણ દેવે રાજા બલીને છળવા કર્યો વિચાર, ત્યાં દેવે ધર્યો પાંચમો શ્રી વામન
રૂપ અવતાર. ૫૪
પાંચમે વામન વિપ્ર વેશ જો ધરે, પ્રભાતે ગયા બલીને ઘેર. ૫૫
પાંચમે વામન રૂપ અવતાર, ત્યારે દેવ જઈ ઉભા બલીને દ્વાર. ૫૬
તે પોળે ઉભા પોકારે જેજેકાર, જાણે બ્રાહ્મણ મુખ બોલ્યા વેદ ચાર. ૫૭
દેવે વેદ ચાર મુખથી કહ્યા, ત્યારે સર્વ નગરના લોક અચંબી રહ્યા. ૫૮

ત્યાં અમૃત વાણી શ્રી વામનજી કહે, ત્યાં નગરના લોક અચંબી રહે. ૫૯
ધુતીએ વાત બલી શું કહી, વીપ્ર એક આવ્યો છે સહિ. ૬૦
તે પોળે ઉભો પોકારજ કરે, તે ચારે વેદ મુખમાંથી ભણે. ૬૧
સુંદર રૂપ લીયો અવતાર, એ ચોર વિમુખ માથાપર ધાર. ૬૨
ત્યારે પ્રતિહારે કહી વાત રાજા બલી શું જોયે, આપણે દ્વારે એક વિપ્ર ઉભો છે હો રાયે. ૬૩
તે પંડીત એક મહા દીસે અઘાત, તે ચારવેદ ભણે મુખ પાઠ. ૬૪
તેનું દીસે છે વામન રૂપ સપ્રાત અપાર, સુણો બલીરાજા એક સુપાત્ર ઉભા છે બહાર. ૬૫
તે સુણી વાત બલી સનમુખ ચાલીયા, ત્યારે, પ્રતિહાર ત્યાં એક સાથે લીયા. ૬૬
ત્યાં સ્વામીજીને કરી પ્રણામ બલિ ઉભો રહે, ત્યાં વિપ્ર એમ વાણી કહે. ૬૭
સુણી વાતને બલીરાજા બહાર આવિયા, નમસ્કાર ત્યાં વિપ્રકું કર્યાં. ૬૮
શ્રી વામન દેખીયો ને રાજાબલિ અચંબે ભયો, આવ્યો વિપ્ર કોઇએ ના દેખ્યો. ૬૯
સુંદર મુરત એક રૂપ અઘાત, ચાર વેદ ભણે મુખ પાઠ. ૭૦
ત્યારે હસી કરી બલી બોલે રાજ, સ્વામિ જે માગો તે આપું આજ. ૭૧
બોલાવી ગોરને દીધું બહુ માન, વિપ્ર કહે તે આપીયે દાન. ૭૨
કહે બલિ રાજા પરનિધાન, જે તમે કેસો તો આપીશું દાન. ૭૩
કહે બલિરાજ તમારો જશ ચોખંડમાં હોય, તે કારણ હું જાચણ આવ્યો છું તોય. ૭૪
આવ્યો બ્રાહ્મણ કુબડે વેષ, રળીયાત કરો રાજા હું બ્રાહ્મણ છું એક. ૭૫
ત્યાં દેવતા એવા વચન સુણી બલી ઉભો રહે, સહિ માગ માગ રે વિપ્રને કહે. ૭૬
સ્વામીજી જે ઈચ્છા તમારા મનમાં હોય, કહો તો અન્ન વસ્ત્ર આપું તોય. ૭૭
સુણો બલીરાજા અન્ન વસ્ત્રની ઇચ્છા નહિ મોય, સ્વામી કહો તો સુવર્ણ દાન બહું આપું તોય. ૭૮
હાંરે રાજા સુવર્ણ દાનને હું શું કરૂં, સ્વામિ કહો તો હસ્તિ ઘોડા તમ આગળ ધરૂં. ૭૯
હાંરે રાજા હસ્તિ ઘોડાશું મારે નહિ કાજ, સ્વામિ કહો તો દઉં પૃથ્વીનું રાજ. ૮૦
હાંરે રાજા રાજપાટ મારે ભોગવનારો નહિ કોઈ, કહો તો ગરથ ભંડાર આપું તોય. ૮૧
હાંરે રાજા ગરથ ભંડાર શું નહિ અમારે કાજ, સ્વામિ કહો તો આપું મંદીર અવાસ. ૮૨
મંદીર એવું સેને લહુ સાર, સ્વામી કહો તો રાખું અમારી પાસ. ૮૩
બોલ્યામાં ન અસત્ય બોલૂં, એટલું દાન લઇને હું શું કરૂં. ૮૪
સગાં કુટુંબ મારે નહિ બાળ, એવાં દાન લઇને કોણ કરે જંજાળ. ૮૫
જે માગો તે આપું તમને ધર્મ, એવી વાણી બલીરાજા બોલ્યા ભરમ. ૮૬
સ્વામિ તે જે માગો તે આપું તમને, પછે દોષ ન દેસો અમને. ૮૭
ત્યારે વામન વાણી, બોલ્યા મરમ, મેદની માગું તણ જ કરમ. ૮૮
ત્યાં રાત રહું ને કરૂં આસન, અવનિ ભરૂં મારા ત્રણ કરમ. ૮૯
કહે બલિરાજા વિપ્ર સુણો મારી વાત, કેટલા લોક છે તમારી સાથ. ૯૦

હાંરે રાજા લોક કુટુંબ અમારે નહિ કોઇ, હું એકલો જાચણુ આવ્યો છું તોય. ૯૧
ત્યાં કહે બલીરાજા વાત તમે સુણો સ્વામિ અમ તણી, જો બહુ પૃથ્વી છે મારે ઘણી.૯૨
તો સ્વામીજી ઇચ્છા તમારા મનમાં થાય,તેટલી પૃથ્વી પ્રતિહાર પાસે તમે લો જાય.૯૩
ત્યાં બોલ્યા વિપ્ર સુણો બલિરાય, ભાઈ અમે વણમાપી પૃથ્વી લીધી કેમ જાય. ૯૪
માપી પૃથ્વી આપો રાજ, જો ઇચ્છા હોય તો પુરણ કરો કાજ. ૯૫
સુણો રે બલી હું તમસું કહું, વણ માપી પૃથ્વી હું નવ લહું. ૯૬
તમે ચાલો હું માપી લઉં આજ, ત્યાં હું એક મઢી બાંધી રહુ ચતુરમાસ. ૯૭
ત્યાં બોલ્યા શુક્રાચાર્ય તમે સુણો બલિ વાત, પણ એ વીપ્ર તો તમને
કરશે ઘાત. ૯૮
ત્યાં પ્રતિહાર બોલ્યો સુણો તમે બલિરાય, એ વિપ્ર નહી નારાયણ દેવ કહેવાય. ૯૯
ત્યાં શુક્રાચાર્ય વચન બોલે છે એહ, ભાઇ એ તો વૈકુંઠનાથજી છે તેહ. ૧૦૦
ભાઈ નિશ્ચે વાત માનજો મોય, એ વિપ્ર છળ પાડવા આવ્યો છે તોય. ૧૦૧
એનું વામનરૂપ દીસે છે અહાં, પણ એ બ્રાહ્મણ ત્રણભુવન સુધી વધે તહાં. ૧૦૨
અંજલી આણી ઉદકે જો ભરી, ત્રણ કરમની સ્વસ્તી જો ભણી. ૧૦૩
ધનધનરે રાજા તારો ધરમ, દખણા જોઇએ અરધું કરમ. ૧૦૪
પુન પવિત્ર સફળ જો થાયે, દક્ષિણા આલ્યાનો છે મહિમાય. ૧૦૫
સુણો રે બલિ વચન કહું તોયે, ત્રઉટ પાવ ધરતી દેજો મોય. ૧૦૬
એવાં વચન કહ્યાં ત્યાં જગદીશ, ત્યારે શુક્રાચાર્યને ત્યાં ચડી છે રીસ. ૧૦૭
સુણો રે બલી બોલ્યા શુક્રાચાર્ય માન, એ ધરતિ મણુંના દિજે દાન. ૧૦૮
એવાં વચન માનો સતભાઇ, એ વિપ્ર નહિ નારાયણ દેવ છે આંહે. ૧૦૯
એ છળ પાડવા આવ્યો છે હો રાયે, તેને દેવા ઉત્તર જે નિરમળ કાયે. ૧૧૦
ત્યારે બોલ્યા બલીરાજા સુજાણ, જો સત ચુકું તો ન ઉગે ભાણ. ૧૧૧
હું બલીરાજા દાતાર સુણો મોહે વાત, આજ વિષ્નુ સરખા જોડે છે હાથ.૧૧૨
બોલાવી વિપ્રને બલી બેઠો પાયે, હાથમાં ઝારી લીધી બલી રાયે. ૧૧૩
દેવું દાન ભુમીનું શિખ, મુજ આગળ વિશ્નું માગે છે ભીખ. ૧૧૪
નામી ઝારી ને લાગી વાર, શુક્રાચાર્યે બાંધી પાણીની ધાર. ૧૧૫
દેવે સળી મુકી ત્યાં કખ, ત્યારે શુક્રાચાર્યની ફોડી ત્યાં આંખ. ૧૧૬
બલીરાય જહાં મુકે ઉદક તહાં શુક્રાચાર્ય જઇ રહ્યો, તેણે તો ખોઇ
આંખ ને કાણો થયો. ૧૧૭
હું બલિરાજા દીધાં છે મોટા દાન, મુજ આગળ શ્રી નારાયણદેવ ધરે છે હાથ. ૧૧૮
ત્યાં બોલાવ્યા બલીએ મહા જોદ્ધા વિરજો તહીં, ભાઇ એ વિપ્રને મારી શખો અહિં.૧૧૯
ત્યાં બલિરાયે મુકયું ઉદક વિપ્રે હાથે લીધા, ત્યારે સ્વામિજી ધ્રુવ મંડળ
સુધી વધીયા. ૧૨૦

ત્યારે પડયું ઉદક હરિને મેલ્યું હાથ, ત્યારે વધ્યા હરિ ધ્રુવ મંડળ સાથ. ૧૨૧
ઉદક ભરીને મેલ્યું હાથ, ત્યારે વૈરાટરૂપ ધર્યું શ્રી જુગનાથ. ૧૨૨
પગ પાતાળે આકાસે શિશ, ત્યારે વૈરાટ રૂપ ધર્યું જુગદીસ. ૧૨૩
વૈરાટ રૂપ હુવા ત્રણવાર, પડયો અચંબો નગર મોજાર. ૧૨૪
તે દેવને દૈત્ય લાગા જહાં, તેને આ સતગોરજીએ ભુતખાનાં સોંપાવ્યાં તહાં. ૧૨૫
ત્યાં દેવોએ સાએક રૂપ કર્યું છે સહિ, ત્યાં દેવની ત્રણ કરમ સર્વે પૃથ્વી થઈ. ૧૨૬
ત્યારે વામને ધરતિ માપી સહી, ત્રણ કરમ સરવે ધરતી થઇ. ૧૨૭
ત્રણ ભુવન ભરયા થયે, અઉઠ માનો નહિ કયું હાએ. ૧૨૮
ત્યારે વામન રૂપે બોલ્યા સતભાયે, વાત અમારી સુણો બલીરાયે. ૧૨૯
અર્ધો પાવ ધરતી દીજે મોય, નહિ તો સત ચુકો તોય. ૧૩૦
ત્યારે બલિરાજા ત્યાં બોલ્યા સાચ, દેખો પૃથ્વી ત્યાં લેજો માપ. ૧૩૧
સુણો બલિ તું સુખે બોલતો ગરભ, ત્રણ પાવમાં આવ્યાં સરવ. ૧૩૨
સુણ બલિ હું સત બોલું સહી, અર્ધો પાવ પૃથ્વી દેણી રહી. ૧૩૩
માપી આપો મોંએ બોલ્યું પાળે, તો તારૂં દાન સંપુર્ણ થાયે. ૧૩૪
બોલ્યા બલિ વચન કરૂં પ્રમાણ, લો સ્વામી કાયા તણું દાન. ૧૩૫
કરી સ્નાનને લાગો પાયે, શ્રી વામન આગળ ઉભો રાયે. ૧૩૬
જમણો પગ મસ્તકે દીયો, ત્યારે બલીરાજા પાતાલે ગયો. ૧૩૭
ત્યાં અર્ધું કરમ પૃથ્વા વિપ્રને દેવી રહી, દેવે બલીને મસ્તકે પગ દઇ ચાંપ્યો સહિ. ૧૩૮
ત્યારે ત્રણ ભુવનના ત્રણ કરમ જો કરી, દક્ષિણા કારણ દેહ જો ધરિ. ૧૩૯
ભક્ત કારણ ઉપન્યો ભાવ તાળે, મેલ્યો પગ ને ચાંપ્યો પાતાળે. ૧૪૦
તે બલિરાજાએ બીજી દેહ જો ધરી, સ્વર્ગ પાતાળથી આવ્યો ફરી. ૧૪૧
જો કોઈ મારી કરે કુમક શુદ્ધ, ફરી આવી માંડું વિશ્નુ શું યુદ્ધ. ૧૪૨
સ્વર્ગ જઈ આવી બલિ પાતાલે જાયે, જ્યાં દેખે ત્યાં વિશ્નુનો પાયે. ૧૪૩
ત્યારે બલિ જો બોલ્યો ચત કરી, જ્યાં ચાંપ્યો ત્યાં આવ્યો ફરી. ૧૪૪
ત્યારે તહાં બલી બોલે જે કરી અમશું ઘાત, ત્યારે વિશ્નુને પુછી વાત. ૧૪૫
કીયા કારણ મને કીધી ઘાત, બોલો મો સુકી જે વાત. ૧૪૬
મૃત્યુ લોક માંહે મેં કીધું બહુ દાન, તેવું સ્વામિ મારૂં રાખો માન. ૧૪૭
બળે સંસાર ભેગો કીયો, તેનું દાન પુન તો એળે ગીયો. ૧૪૮
જે કોઇ આગે જમના તપ કીયા, તે ચુકા ત્યાં ગોર કહે સર્વે ભુખે મુઆ. ૧૪૯
તે કારણ હું વિનવું તોય, બલી કહે ચિંતા કીજે મોય. ૧૫૦
ત્યાં માગ માગ મેં બલિને કહ્યું જોયે, તું જે માગે તે આપું તોયે. ૧૫૧
ત્યારે બલિરાજા તો એમજ કહે, તું મારા પાંચ દિવસ તો પોળીયો થઇ રહે. ૧૫૨
ત્યારે વિશ્નુ બોલ્યા સત્ય જ ભાઈ, વાત અમારી સુણો બલીરાય. ૧૫૩
માસ ચાર હું સુતો જોયે, ને વિવાહ પગરણ ત્યાં નહિ હોયે. ૧૫૪
માસ ચાર હોરા રાખો માન, આગળ જુગમાં કરસે બહુ દાન. ૧૫૫

દેવ સુતા તે નવ જાણે કોઇ, ઉતપત લોક કહાંથી હોઈ. ૧૫૬
દેવ સુએ તો વરખા ન ગળે, અને વનસ્પતિ ના ફળે. ૧૫૭
દેવ સુવે તો ન ઉગે ભાણુ, માસ ચાર તો રાખું માન. ૧૫૮
દેવ સુવે તો પૃથ્વી કેમ જાગે જેહ, અને સંસાર કેમ વર્તે તેહ. ૧૫૯
મૃત્યુ લોકમાં કીયો કાજ, અને દક્ષિણ દિશામાં આપું રાજ. ૧૬૦
બલિકી ઓલાદે જે અવતરે, તેનું નામ ફરી બલજો ધરે. ૧૬૧
દક્ષિણ સમા કરે છે રાજ, વામન રૂપ પુરા કાજ. ૧૬૨
પાતાળનું તો આપ્યું રાજ, વામનરૂપ તમે ધર્યું મહારાજ. ૧૬૩
ત્યાં એવાં વચન બલિ બોલ્યો સિધ, તો એવા ચરિત્ર કરીને જગન પાડયા રદ. ૧૬૪
ત્યાં પાંચમે રૂપે હરિ અવતાર, તે દૈત્ય કારણ શ્રી વામનરૂપ થયો મોરાર. ૧૬૫
જ્યારે બલિ દૈત્ય માર્યો જેહ, ત્યારે ભગત કમળધન ઓધાર્યા તેહ. ૧૬૬
ત્યારપછી સંસારમાં પ્રગટ થયા મોરાર, જ્યારે બલિ દાનવને ચાંપ્યો પાતાળ. ૧૬૭
જ્યારે પ્રગટ થયા મોરાર જોયે, બલીએ બહુ દાન પુન કર્યાં બ્રાહ્મણને ત્યાંએ. ૧૬૮
જ્યારે હરિએ પાતાળે ચાંપ્યો ત્યાંયે, કર્યું દાન તે એળે જાયે. ૧૬૯
તમે સુણો લોક સતગોરજી કહે વાત, તમે કેટલું દાન દેશો વિપ્રને હાથ. ૧૭૦
રાજા બળી સરખાનો એળે ગયો અવતાર, ભાઇ તમો રીયા કરો તે કોણ માત્ર. ૧૭૧
તો સુણો લોકો તેણે ગોર વસિષ્ટ ન ઓળખ્યા જેહ, અને દાનપુન કીધું
છ દર્શનમાં તેહ. ૧૭૨
ભાઇ તેથી કામ ના નીપજે જેમ, ગરધવ ખેતર ખાયે તેમ. ૧૭૩
ત્યારે દૈત્યના મનમાં એસો ભયો. ને ઇશ્વર આગળ બહુ તપ કીયો. ૧૭૪
ત્રુઠયા ઇશ્વર દૈત્યે વર માગ્યો સોયે, દૈત્ય કહે હજાર ભુજા સ્વામી મારે હોયે. ૧૭૫
સહસ્ર હસ્તિ બળ હોએ એક ભુજ, તો ફરી વિશ્નુ સાથે કરૂં યુદ્ધ. ૧૭૬
બલીએ તો વર લીયો તે વાર, તે બળી તે સહસ્રા અર્જુન અવતાર. ૧૭૭
એ વિશ્નુ ચલિત્ર અનંત અપાર, ભગત કારણ લે છે અવતાર. ૧૭૮
જ્યારે પાંચમે વામન સ્વરૂપ માંહે દૈત્ય બલીરાજાને મારીયો, ત્યારે ભક્ત
કમળાધેનને ઉગારીયો. ૧૭૯
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સરવે સંસાર ઓળખ્યો નિરવાણ. ૫૮૦
ત્યારે શ્રી વામનની માતા લીલાવતી કહીયે, અને પીતા તો કેશવરૂખ કહીયે. ૧૮૧
ત્યારે ગુરૂ તો બહુલોચન જાણ, શક્તિ તો કોયલા દેવી પ્રમાણ. ૧૮૨
ત્યારે સ્વસ્થાન તો કોયલાપુર પાટણ જાણ, ક્ષેત્ર તો વણથળી જુનાગઢ પ્રમાણ. ૧૮૩
ત્યારે નરે મારીયો દાવણ તો દૈત્ય બલીરાજા જાણ, ત્યારે ભકત કમળાખેન તારીયા
નીરવાણ. ૧૮૪
ત્યારે ચારલાખ ને બત્રીસ હજાર શ્રીવામન રૂપે જાણ, ત્યારે યુજરવેદ હોતા પ્રમાણ. ૧૮૫
ત્યારે શ્રી વામન રૂપ સંપૂર્ણ ભવસ્તો સાચ, એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામ શાહ
બોલીયા વાચ. ૧૮૬

# "શ્રી ફરસરામ અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

## શ્રી સતગોર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.

શ્રી ફરસરામ અવતારના પરછા નિરવાણુ, તમે સુણો મુનીવરો સુજાણુ. ૧
છઠ્ઠે શ્રી ફરસરામ અવતાર, ઉત્તમ જન્મ લીધો સંસાર. ૨
જ્યારે શ્રી ફરસરામ અવતાર કરે, ત્યારે દેવ ધનુષ બાણુ હાથ ધરે. ૩
તે જુગમાં ક્ષત્રિ બહુ વાપક ભરપુર, તે ફરસરામે મારી કીધા દુર. ૪
તે દેવે ક્ષત્રિ મારી નક્ષત્રિ કરી, તેમાં મોટા મોટા જોદ્ધા છત્રી હણ્યા. ૫
ક્ષત્રિ તણો કીધો સંઘાર, ધનુષ બાણુ હાથે અદઅદ કાર. ૬
ક્ષત્રિ મારી નક્ષત્રી કીધા, માતા રેણુકા તણા પુત્ર સીધા. ૭
પિતા જમદગ્નીના પુત્ર જેહ, અને પાતાળેથી આવ્યા તેહ. ૮
આદમાતા શક્તિ તુલજા જેહ, ફરસરામ રૂપે અર્ધાંગના ગ્હે. ૯
જ્યારે ફરસરામે લીધો અવતાર, ત્યારે કાંપ્યા દૈત્ય સર્વે સંસાર. ૧૦
સહસ્રાઅર્જુન દૈત્ય મહાબળીયો એહ, તે શું યુદ્ધ કોણે કર્યો ન જાય. ૧૧
સહસ્રાઅર્જુન પુછે ગોરને વાત, મારૂં મોત છે કોને હાથ. ૧૨
ત્યારે દૈત્યનો ગોર બોલીયો સોય, ફરસરામ રૂપ મારે તોય. ૧૩
સુણો રે ગોર વાણી ઓચરૂં, સહસ્રકાંતીની લોહ પિંજરૂં કરૂં. ૧૪
જાલી ફરસરામ લાવું તાર, લોહ પીંજરામાં ઘાલું તત્કાળ. ૧૫
પીંજરામાં ફરસરામ ફરે, ને સહસ્રકાંતી શું કપાઈ મરે. ૧૬
એવી બુદ્ધિ જો દૈત્યે કરી, લોહ પીંજર ઘડાવ્યું ધરી. ૧૭
તે દૈત્યે મનમાં એવું ધર્યું, તેણે ફરસરામ મારણકું લોહ પીંજર કર્યું. ૧૮
ત્યારે ફરશરામ એવું કરે, વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરે. ૧૯
હાથે માળા નિરમળ ભયા, દૈત્ય દ્વારે પોતે ગયા. ૨૦
તે દૈત્ય લોહ પિંજર લઈને આલવા ગયા, ત્યારે શ્રી નારાયણ દેવ કપટ કરીને વિપ્ર ઘરડા થયા. ૨૧
ઘડયું લોહ પિંજર પુરૂં થાય, ત્યાં સહસ્રાઅર્જુન બેઠા રાય. ૨૨
દેખી વિપ્ર ને દીધાં માન, ત્યાં પોતે કહે મારો જજમાન. ૨૩
અમે તારા બ્રાહ્મણ ગોર કહે, ત્યારે ત્યાં દૈત્ય અચંબી રહે. ૨૪
ત્યારે દૈત્ય ત્યાં પુછે ભેવ, કોણ દેશથી આવ્યા દેવ. ૨૫
પરનગર છે મારૂં ગામ, ત્યાં રાજ કરે છે શ્રી ફરસરામ. ૨૬

એવાં વચન ફરસરામ ઓચરે, ત્યારે બહુજ બ્રાહ્મણ કું દૈત્ય આદર કરે. ૨૭
સુણો સ્વામિ હું પુછું કાજ, તમે ફરસરામ દેખાડો આજ. ૨૮
તેવા અમને કેહજો ભેદ, તે સારૂ પાંજરૂં બનાવ્યું દેવ. ૨૯
ત્યારે બ્રાહ્મણ બોલ્યા સરનામ, જેવા તમે તેવા ફરસરામ. ૩૦
હાંરે જજમાન એક માથે પાંજરૂં લીધું ભાઇ, તારી પાંચ પેઢી સરાવી મે. ૩૧
હોરે સહસ્ત્રાઅર્જુન જો તું બળને વશ ન હોય, તો શ્રીનારાયણશું યુદ્ધ કરજો તોય. ૩૨
તેણે તારી પાંચ પેઢી સંહાર કરી, ત્યાં એવા વચન બોલ્યા શ્રી હરિ. ૩૩
હું તમને પુછું ગોરજી વાત, તે નારાયણ દેવ કેમ આવે મારે હાથ. ૩૪
સ્વામિ મેં આ લોહ પિંજર કીધું છે તેને કાજ, હું તો તેને જીવતો લઈ આવું આજ. ૩૫
હાંરે જજમાન મારૂં કહ્યું માને આજ, તો સહિ સરસે તમારૂં કાજ. ૩૬
ભાઇ જો એ પાંજરૂં તમને પુરૂં હોય, તો તે પ્રમાણમાં હાથે શી જાય. ૩૭
તમે પાંજરા માંહે પેસી જુઓ આજ, લઉં પ્રમાણું ન વણસે કાજ. ૩૮
ત્યારે દૈત્યે માન્યું સતભાઈ, તે પાંજરા માંહે પેઠો જાઈ. ૩૯
ત્યારે પાંજરા માંહેથી દૈત્ય બોલ્યો, એ પાંજરાની કળ તમે ફેરવી દીયો. ૪૦
ત્યારે ત્યાં સ્વામીજીએ દૈત્યને માહે પેસારીને દીધું દ્વાર, તે દેવે દૈત્યને
કળ કરીને ઘાલ્યો તર્તકાળ. ૪૧
કપટ રૂપે કીધું એટલું કામ, પ્રગટ રૂપે હુવા ફરસરામ. ૪૨
પાંજરા માંહે ફરે દૈત્યનો સાસ, ઉછળે પાંજરૂં જાય આકાશ. ૪૩
પાંજરા માંહે દૈત્ય થરથર કાંપે, ધરતીને પરવત પડે. ૪૪
તલપે પીજરામાં ને ધરતી ઉપર ફરે, સહસ્ત્રાર્જુન સહસ્ત્ર કાંતિશું કપાઇ મરે. ૪૫
મરતાં દૈત્ય એમ ઓચર્યો, ઓ ફરસરામ તે કપટ જ કર્યો. ૪૬
જો તું વિચારી મારે મોય, તો હું તમાસો દેખાડું તોય. ૪૭
યુદ્ધે કરી માર્યો મેહે અપાર, બળે બંધાણો સઘળો સંસાર. ૪૮
ત્યાં સહસ્ત્રાઅર્જુન દૈત્ય મર્યો જે, તો ફરસરામ રૂપે થયા તે. ૪૯
તે દેવ કપટ કરી દાનવ પાંજરે દીયા, તે દૈત્ય મારણકું શ્રી ફરસરામ
અવતાર હરીએ લીયા. ૫૦
છઠ્ઠે છત ફરસરામે કીધી તાંહી, ક્ષત્રિ નરવંશ કીધો સહી. ૫૧
છઠ્ઠે ફરસરામ રૂપ જો ધરી, ફરસી લઇને કરૂણા કરી. ૫૨
થતા આગળ રહ્યા કરજોડ, હણ્યા ક્ષત્રિ માતા બંધન છોડ. ૫૩
ક્ષત્રિના મેલાવ્યાં પરણ, માર્યો તે સહસ્ત્રાઅર્જુન. ૫૪
ત્યાં ક્ષત્રિનો રાખ્યો ધરમ, માતા પિતાના છોડાવ્યા બંધ. ૫૫
ત્યાં વિપ્રને તો આપ્યાં દાન, આલ્યાં પૃથ્વી વિષે સહસ્ત્ર ગ્રામ. ૫૬
ઇંદ્રિઓ સંભાળી આપે રહ્યા, વિપ્ર તો સઘળા કેડે ગયા. ૫૭

બોલ્યા વિપ્ર ચડાવી રીસ, પૃથ્વી પોતી વાર જો વીસ. ૫૮
વિપ્રને તો આલ્યો વર, ભીખી ખાવ સહુ ઘરના ઘર. ૫૯
વળતાં બ્રાહ્મણ પોકારે નામ, પછે ક્ષત્રિરૂપ ધર્યું ફરસરામ. ૬૦
જ્યારે સહસ્ત્રાઅર્જુન માર્યો જેહ, ભગત સુખી કમલાપતી તાર્યો તેહ. ૬૧
ત્યારપછી સંસારમાં પ્રગટ થયા મોરાર, એ ફરસરામ રૂપે ધર્યો અવતાર. ૬૨
ત્યારે શ્રી ફરસરામની માતા તો રેણુકાવતી કહીયે, અને પીતા તો જમદગ્ની કહીયે. ૬૩
ગુરૂ તો જનક વિદેહી જાણ, શક્તિ તો તુલજા ભવાની પ્રમાણ. ૬૪
ત્યારે સ્વસ્થાન તો મુંજપુર નગરી જાણ ક્ષેત્ર તો કોયલાપુર પાટણ નિરવાણ. ૬૫
ત્યાં નરે મારીયો દાણવ તો સહસ્ત્રાઅર્જુન જાણ, ત્યારે ભકત કમલાપતિને ઓધાર્યા નિરવાણ. ૬૬
ચાર લાખ ને બત્રિસહજાર શ્રી ફરસરામ જાણ, ત્યારે જુજર વેદ હોતા પ્રમાણ. ૬૭
ત્યારે શ્રી ફરસરામ રૂપ તો સમાપ્ત ભવસ્તો સાચ, એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામશાહ બોલીયા છે વાચ. ૬૮

## "શ્રી રામા અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

**શ્રી સતગોર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહ વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.**

જ્યારે સાતમે રૂપે દૈત્ય રાવણ પ્રગટ થયો, ત્યારે તે નાસજાલતાઇ વનમાં વણવાઇ તપ કરવા ગયો. ૧
તેણે ત્યાં તપે બેસીને કીધું કાજ, તેણે તહાં દેવના દશ અવતારનું માગ્યું રાજ. ૨
સ્વામિ સહી ન મરૂં યુદ્ધ કરતાં નરવાણે, તો હું ન મરૂં સ્વામી કો ન બાણ. ૩
જો સ્વામી એવો વર તમે મુજને આપો સહી, તો હું મુખથી નત્ર બોલું કાંઇ. ૪
તમને એવું કહું છું મારા ગોર એ હીરભાણ, જો કોઈ હાર ન કહે એવું માગી લઉં નિરવાણ. ૫
તે દૈત્યે દેવ કને મહા તપ કરી વર લીધા તહાં, તે દૈત્યે આવી સરવે દેવ સભા કબજે કરી છે અહાં. ૬
ત્યારે સરવે દેવ કહે ભાઇ વિધાતાએ વેર લખ્યું જે, ત્યારે તે દૈત્ય ઘેર નવગ્રહે સેવા કીધી તેહ. ૭
તે દૈત્યને ઘેર સર્વે દેવતા ઉદરણા ભરે છે જર્મ, તે ઘેર પવન આંગણા વળે સહિ. ૮
સે ઘેર સમુદ્ર પાણી ભરતાં નીર, ત્યાં ચંદ્ર સુરજ સેવા કરતા ધીર. ૯

તે દૈત્ય ઘરે સર્વે દેવતા ઉદક લીધો નિરવાણુ, જે અમે તહાં સતગોરજી
આગલ પામું માન. ૧૦

તે દૈત્ય ઘેર પનોતિ બારણે બાંધી છે જેહ, અને દેવ હુતાસન રાંધણા રાંધે છે તેહ. ૧૧

તે સર્વે દેવતાએ સતગુરૂ વચને કીધાં કાજ, તે દૈત્યને દેવે તપ કરતાં એવું
આપ્યું રાજ. ૧૨

તે પેલા જુગ મધે મેઘ દેવતાએ છત કીધી છે ત્યાં, તે માટે વીરલોચન
તુજ ઘેર ભગતતારણ આવ્યા છે અહાં. ૧૩

તે મુખી સર્વે જુગમાં ભકતોને કારણ આવ્યા સહિ, તે મુખીની દવા તપસી–
ગોરની મહોર છાપવાની કોતરસે હો નહિ. ૧૪

ત્યારે મુખી વીરલોચન રાજા હરિચંદને ઘરે ચોલેંગ કરે, તે મુખી વિર-
લોચનના ઘરે દેવ સભા ગુપત ભરે. ૧૫

તે દેવ સભામાં વાજીંત્ર વજાડે ઢોલ જે, ત્યાં મુખીગત કળશ પખાલે તેહ. ૧૬

તે મુખી એ કળશ પખાલે જેહ. ત્યાંથી તારાસતી કુળતારણ ઉપન્યા તેહ. ૧૭

તે સતીની રાજા હરિચંદે પરિક્ષા કીધી તહાં, તે સતીનાં પહેરયા ચીર પટોળાં
ધોતા તહાં. ૧૮

ત્યારે રાજાએ તેડાવ્યો પુત્રીનો બાપ, ભાઇ અમે પુત્રી તમારી વરીશું આપ. ૧૯

અરે રાજા તમે પરછો અમારો મર્મ, તમે ભલા ક્ષત્રિ તમારો કોણ ધરમ. ૨૦

ત્યાં રાજા હરિચંદ મુખે એવું બોલ્યા વચન, ભાઇ અમે ક્ષત્રિ ઉકરડેથી લીધું રતન. ૨૧

ભાઈ અમો એક નાર જાણી તેને પરણીયે જેહ, એને અમે પટરાણી કરીશું તેહ. ૨૨

ત્યારે રાજા પરણ્યા તે તારાનાર, ભાઈ અમે એને ઘરમાંથી નહિ કાઢું બહાર. ૨૩

ત્યારે તારારાણી શ્રી ગોર વસિષ્ટને કહે છે એમ, ગોરજી અમારૂં સત રાખજો તેમ. ૨૪

ત્યારે રાણી કહે શ્રી ગોરજી તમ આગળ વિનંતી કરૂં જે, ધણી એક અસ્તુતિ
કરી માગું તેહ. ૨૫

તો સ્વામી હવે સર્વે દરવાજા દેવે જે, સ્વામી તાળાં ભોંગળ ભાંગજો તેહ. ૨૬

ત્યારે રાણીએ હંસલો રેવંત પલાણ્યો જ્યાં, ત્યારે આ સતગોરજી વચન પાર
ઉતાર્યા તહાં. ૨૭

સતગોર હાજર આવે જહાં, અંતરિક્ષથી આખર ઉતાર્યા તહાં. ૨૮

ત્યારે રાજાની સેવા રાણી કરતા આપ, આ સતગોરની સેવા કરવા પુત્રી
જાયે બાપને ઘેર. ૨૯

તે રાણી ત્યાં દેવસભામાં જાતાં કરવા હાળ, તે રાણીને દાસી સઘળી બોલતી વાણુ. ૩૦

તે સર્વે દાસીએ મલીને રાજાને રાણી જાતાનું કીધું જાણ, રાજા તમો
એ રાણીને શું દ્યો છો માન. ૩૧

તે દાસી વચને રાજા આચરિત્ર જોવા રાણી સાથ ગયા, તે હંસલા ઘોડાને
મુછડે બાળીને, રાજા દેવસભામાં ગયા. ૩૨

તે સભા માંહે ગોરજીને સેવે નાનાં મોટાં સરવે બાલગોપાલ, ત્યાં
રાણીનો હંસલો ઘોડો વિરોધી મતમાં કીધી થાળ. ૩૩
તે ઘોડાના હાડચામ મેલીને મુખીગત વીનતી માગે સર્વે દેવ, તહા હંસલો
ઘોડો બેઠો થયો તતખેવ. ૩૪
તે રાણી સર્વે દેવશું વિદા થાયે, સર્વે ભાઈ વોળાવા જાય. ૩૫
પણ થાળ બેન લ્યો કુંવરને કાજ, અને પોતે અનામત બાંધી છે સાથ. ૩૬
તે થાળ રાણીએ સાથે બાંધી હંસલો પલાણ્યો જ્યાં, ત્યારે રાજા પાછા
ફરી પુછડે વળગ્યા તહાં. ૩૭
તે થાળ રાણી લાવ્યાં છે આપણે ઘેર, ત્યાં રાજા હરીચંદ કહે ભાઈ એ
રાણીને જીવ્યાની કોણ પેર. ૩૮
ત્યાં હાથમાં લોહા ખડગ લઇને રાજા હરિચંદ બોલ્યા આલ, હાંરે રાણી
તું સાચું કહે રાતે શું લાવી છે થાળ. ૩૯
હાંરે રાણી હવે જો તું બાહેર પગ કહાડે તો વાઢું આજ, અમે જોયું
સર્વે દાસી કહેતી તે સાચ. ૪૦
ત્યાં અઢાર વર્ણ એકઠી મળે છે રાત, તે મળી સર્વે કરે છે જીવહિંસાની ઘાત. ૪૧
સ્વામી તમે દાસી વચન પ્રમાણ કરીને જે, શું જખો છો આળ પંપાળ તે. ૪૨
જો તમે ખડગ મેલો તો અમે સર સહું તતકાળ, અમે અબળા સ્ત્રી
ઉપર શું બોલો આળ. ૪૩
ત્યાં રાજા હરિચંદ કોપ કર્યું બહુ કાજ, અમો હજુર થાળ દેખાડો આજ. ૪૪
તો રાણી અમને શું જુઠાં કરે છે આપ, તારૂં વધારે મળ્યું છે પાપ. ૪૫
તે એવાં વચન સુણી રાણી મંદિરમાં જાય, ત્યાં વિનતિ કરે ત્રિભુવન રાય. ૪૬
સ્વામીજી સદા સુખીયા ભકતોનો આધાર, ફરીયાદ કરે છે તારારાણી નાર. ૪૭
રાણીની સ્તુતિ ચાલી તતકાળ, ત્યાં રાજા ઉભા છે મહા વિક્રાળ. ૪૮
તે રાણી થાળ લાવી ઉભા જહાં, સરવે આપે દષ્ટે દેખતાં તહાં. ૪૯
તે સર્વે આ સતગોર વચને થાળ મટી છાબડી નીપજે જહાં, રાજા હરિચંદ અચરત
થાય છે તહાં. ૫૦
તે આ સતગોરને પ્રસાદે જેહું કંકણના મોતી નિપન્યાં તેહ. ૫૧
અને પોળી થઇ નાગરવેલના પાન, માંસે ફીટી ફળ નિપન્યાં જાણ. ૫૨
તે તો હુઆ સતગોર કેરે ફરમાન, તે ફળ બીજોરાં થયાં નરવાણ. ૫૩
કહીયે જે કમોદ કેરો કુર, તે સતગોરે કીધા જુઇ કેરાં પુલ. ૫૪
એણી રીતે પેરનાં ભોજન નિપન્યા જહાં, અને રાજા હરિચંદે ઇમાન આણ્યું તહાં. ૫૫
રાજા હરિચંદ ખડગ નાખી ઉભા રહ્યા જે, હવે રાણી અમે ધરમના સર્વે
[illegible] ભરમ અવધમા છે ૫૬

પણુ તમે અમકુળ તારણુ આવ્યા જે, હવે અમને દેખાડો સતધરમ તે. ૫૭
રાજા તમે રાજ કરીને કરો પાર, પણુ આ સતપંથ છે ખાંડા કેરી ધાર. ૫૮
ખરી ખાટી ખાધે ખોટ ભાગશે આળ, એવો સતપંથ છે ચલણુા સરકે વાળ. ૫૯
હાંરે રાજા સિધાસણુ વાલું તમને રાજ, અને એના વગર ગમસે આજ. ૬૦
કહે તમુને વાલો ઘોડો તેજી હંસલો, અને વાલા મંદીર આવાસ. ૬૧
તમને વાલી તારાલોચની નાર, અને વાલા કુંવર રોહીદાસ. ૬૨
પ્રેમે પ્રજાને બાંધ્યા ગામ ગરાસ, તે સર્વે રાજા તમને મેલાવસે એવડું શું
છે તમારે કાજ. ૬૩
આ ગોરજી સર્વે માગે સતશું જહાં, જો પુરૂં અવિચળ ઇમાન હોય ત્યાં. ૬૪
આ ગોરજી રાજપાટ સર્વે માગશે જેટલે, તે વળી કાળજું કાયા માગશે તોયે. ૬૫
રાણી એ સર્વે રાજપાટ અમે આપીશું મન, અને આ સતગોર કહે તો ચાલું વન. ૬૬
જો અમે સતપંથ પ્રમાણું સતવચન, પછે આલે તેવું લઇએ અંન. ૬૭
તે રાજા હરિચંદે આ સતગોરજી કારણુ સવાલાખ છંદ મેલ્યા જેહ, અને
સવાલાખ આસણુ ધારી તેહ. ૬૮
તે ઘેર સવા લાખ પુસ્તક વાંચતા જેહ, તેણે આ સતગોર વચને સર્વે મેલ્યાં તેહ. ૬૯
તે રાજા હરિચંદ ઘેર બેતાલીસ લાખ રાજ મજરે આવતા જે, પોતાની
પાયગામાં હાથી છન્નુ લાખ ઘોડા પુઠે ચડતા તે. ૭૦
ચળકે મળકે આણુ ફરે નરવાણુ, એવો જો રાજ કરે પરમાણુ. ૭૧
તેને દરબ કોટડીઆના પાર નહિ જે, સરવે સતગોર વચને મેલ્યાં તેહ. ૭૨
તે ભગત હરિચંદે આ સતગોર સેવા સતશું જેહ, અને જન્મવૃત પાળ્યાં તેહ. ૭૩
તે રાજા હરિચંદે લોહાર ઘેર ઘણુ કુટયા જાય, ભાઈ તેણે ખરી ખટી કરીને
ખાધું ત્યાંય. ૭૪
તે રાજા હરિચંદ દેવ સભા ઘેર લાવ્યા જાત, તેણે ચક્ષુએ નિંદ્રા ન કીધી રાત. ૭૫
તેણે રાત દિવસ ગતની સેવા કરી જાણુ, તે આ સતગોરજીને ફરમાન. ૭૬
તે ભગત કારણુ સાતમો અવતાર શ્રી હરિએ ધર્યો, ત્યારે દેવ દશરથને
ઘેર શ્રી રામ અવતર્યા. ૭૭

સાતમે શ્રી રામજી અવતાર, દશરથ કુળ અવતર્યા દેવ મોરાર. ૭૮
માતા કૌશલ્યા તણા પુત્ર રામ જે, સુમીત્રાના પુત્ર લક્ષમણજી તે. ૭૯
ભરત શત્રુઘ્ન કેગઇના ભયા, એ ચાર પુત્ર દશરથકા થયા. ૮૦
કેગયના મનમાં કુડ જો થાય, કપટ કરીને છળ્યા દશરથરાય. ૮૧
કેગય વચન ત્યાં બોલી એમ, વાત અમારી સુણો મારા શ્યામ. ૮૨
રામ લક્ષ્મણને દીયો વનવાસ, ભરત શત્રુઘ્નને રાખો પાસ. ૮૩
રામ ને લક્ષમણ વનમાં સંચરે, ભરત શત્રુગણ રાજ જો કરે. ૮૪

કેગય વચન એવાં કહે, ત્યારે રાજા દશરથ અચંબી રહે. ૮૫
રામ લક્ષ્મણ બેહુ રાજ કરાય, તે કેગઇથી નજરે ન જોવાય. ૮૬
ત્યાં લક્ષ્મણ મનમાં એસું ધરે, તે ભગત સેવા બહુ રામની કરે. ૮૭
ત્યાં કેગય મનમાં અંદેશો ધરે, એ રામ લક્ષ્મણ બેહુ રાજ કેમ કરે. ૮૮
ત્યારે કેગયના મનમાં કપટ જો થાયે, તે વચન છાગવા રાજા દશરથ પાસે જાયે.૮૯
તમે સુણો સ્વામી વચન માગું આજ, તમે ભરત શત્રુગણને આપો રાજ. ૯૦
રામ લક્ષ્મણને દ્યો વનસાસ આજ, સ્વામી હું એવું વચન માગું તમ પાસ. ૯૧
કેગય કપટ વાણી ઓચરે, વચને હા ના હાસું કરે. ૯૨
રામ લક્ષ્મણ ને લીધા બોલાય, કહી વાત દશરથે ત્યાંય. ૯૩
ભરત શત્રુગણ કરસે રાજ, તમે વનમાંહે જાઓ પુત્ર આજ. ૯૪
કહ્યાં શું વચન હરાએ કાજ, તમે જાઓ વનવાસ પુત્ર મેલો રાજ. ૯૫
ત્યારે પિતાવચન ચઢાવી શીશ, કરી પ્રદક્ષણા પાયે લાગ્યા જગદિસ. ૯૬
કહે કેગય વચન એવાં કો સોયે, ત્યારે માત કે પાયે લાગ્યા તોય. ૯૭
રામ લક્ષ્મણને સીતા પાસ, એ ત્રણે જણા ચાલ્યા વનવાસ. ૯૮
જ્યારે રામ લક્ષ્મણને એવી રજા દશરથની થાયે, ત્યારે શ્રી રામ લક્ષ્મણ
સીતા સાથે લઈને વનમાં જાયે. ૯૯
જ્યારે નગર છોડીને ચાલ્યા નાથ, ત્યાં ભગત સહુકો ચાલ્યા સાથ. ૧૦૦
જ્યારે શ્રી રામે રાજ મેલ્યું અયોધ્યા તણું, ત્યારે બંધવમા રોઆ ઘણું. ૧૦૧
ત્યારે રોયા ભગત સર્વે અયોધ્યાતણા, ત્યાં પશુ પંખી રોયાં ઘણાં. ૧૦૨
ત્યાં રોયા હસ્તિ, તોરીંગને તુખાર, ત્યાં રોયા સર્વે કુટંબ પરવાર. ૧૦૩
ત્યાં રોયા મરગ પંખી જગલ તણાં, ત્યારે રખેસર લોક રોયા ઘણાં. ૧૦૪
ત્યારે રખેસરે મળીને મહાદુઃખ ધર્યું, હાંરે બાઈ કેગયને શું કરૈ. ૧૦૫
બાઇ તમે કાંઈ ન જાણ્યા શ્રી રામ તણા પ્રતાપનો પાર, એ દેવ છે ત્રણ ભુવનનો
સરજનહાર. ૧૦૬
ત્યાં સર્વે રખેસરે કીધી વાત, ભાઇ આપણ સહુ જઈએ શ્રી રામની સાથ. ૧૦૭
ત્યાં સહુ રખેસર ચાલ્યા મનસુદ્ધ ધરી, ત્યાં પાછું જોયું ને બોલ્યા શ્રી હરિ. ૧૦૮
ભાઈ તમે સર્વે વળ્યા પાછા શિદ આવો છો અમભણી, અમને રાજા થઈ છે શ્રી
દશરથ તણી. ૧૦૯
ત્યાં શ્રી રામે સર્વે રખેસરને સમજાવી કહ્યો છે મરમ, ભાઇ અમે ભોગવીશું
અમારાં કરમ. ૧૧૦
ત્યાં તમો સાથે આવ્યાનો નહિ કાજ, તમે પાછા ફરી જાઓ અયોધ્યામાં આજ. ૧૧૧
ભરત શત્રુઘણ ચાલ્યા સાથે, વ્યાકુળ રૂપ કર્યું આપ ઘાતે. ૧૧૨
ભરત શત્રુગણ બોલ્યા સતભાયે, તેં કપટ કીધું રે કેગય માયે. ૧૧૩

ત્રણ ભુવનને નાથે લીધો અવતાર, ધનધન વંશ આપાણું જીવતર સાર. ૧૧૪
તમથી કેગય મુરખ નહિ કોઇ, ત્રિભુવની નાથ પુત્ર તોય. ૧૧૫
ચાલ્યા ભરત રામજી સાથ, રૂવે ત્યાં કૌશલ્યા માત, ૧૧૬
રૂવે લોક તે આયોધ્યા તણાં, દશરથ રાય રોયા છે ઘણાં. ૧૧૭
રૂવે પ્રજા સર્વે સંસાર, રામ વન ગયા હુઓ અંધકાર. ૧૧૮
વનમાં રામ પોતા જાણ, ત્યારે દશરથ રાજાએ છોડયા પ્રાણ. ૧૧૯
દશરથ રાયે પુગે કર્યો કાળ, ત્યારે નગરમાંહે પડી હડતાલ. ૧૨૦
વનમાં રામ પોતા જાણ, દેખ્યા રામે ઉત્તમ ઠામ. ૧૨૧
ત્યારે લક્ષ્મણ બોલ્યા સરનામ, વાત અમારી સુણો શ્રી રામ. ૧૨૨
એણે વને છે ઉત્તમ ઠામ, બાંધી મઢી ને રહો શ્રી રામ. ૧૨૩
ત્યાં ગોર વસિષ્ટલ વાસ કરે, શ્રી રામ બેહુ બેઠા એક કોરે. ૧૨૪
ત્યારે શ્રી રામની રજા લઇને આયે, ગોર વજેસ્ટળ તપ કરવા જાયે. ૧૨૫
ત્યાંથી શ્રી ગોરની રજા લઇને શ્રી રામ નિસર્યા, તે દેવ કનલી વનમાં જઈ સંચર્યા.૧૨૬
ત્યાં દીઠું વન ઉત્તમ ઠામ, ત્યાં બાધી મઢીને રહ્યા શ્રી રામ. ૧૨૭
ત્યાં રામે વચન કીધો પરમ, લક્ષ્મણ મઢી બાંધી તેણે ઠામ. ૧૨૮
તે વન કનલી બહુ અપાર, ને વનસ્પતિ ત્યાં ભાર અઢાર. ૧૨૯
તેણે વન રામ વસ્યા વાસ, ફળ વરખ બહુ ફાલે પાસ. ૧૩૦
ડમરો મરૂઆની મઢીવાળી છે જાણ, તેમાં ખાંપ વાંસ જડી છે પરમાણ. ૧૩૧
શિયાળ વૈયાળને સિંદુરીયા જહાં, એવાં વનત કહીયે તહાં. ૧૩૨
ડમરો મરૂઓ લાવી મઢી આગળ વાડી કરી, કેટલાક દિવસ ગયા વનમાં નિસરી.૧૩૩
ત્યાં દેવ બાર વરસ તે વનમાં રહ્યા છે સહી, ત્યારે તેની રાવણ દૈયે સુધ જો લહી.૧૩૪
તે કનલી વનમાં તપસી ગોરે દેવ પધારયા આપ, ત્યાં શ્રી રામે પુછી વાત.૧૩૫
હવે દૈત્ય સકળ વ્યાપક પ્રગટ થયો આજ, તમે ગોરજી કહો દેવસભાની કુલ વાત.૧૩૬
તે નગરીમાં પેલા નારદ રખેસર આવ્યા જો,તહાં સરવે દેવે માન બહુ દીધાં છે તે.૧૩૭
સ્વામી તે સહુ સતવાદી લોક, એ અમદેવ સભામાંહા જઇ બોલ્યા તેહ. ૧૩૮
ત્યારે વિશ્વામીત્ર રૂષી બોલ્યા સહી, અમે ભમર તપ સાધી અંગુષ્ટા ભેર તપ કીધો છે જાય. ૧૩૯
શું તેથી તો અદકો થયો નહિ, હવે હું એને છળ પાડું સહિ. ૧૪૦
ત્યારે ગોર વજેસ્ટલ વાંસે મુસાફર મોકલ્યો ત્યાં, રાજા હરિચંદ તારા રાણી હુતા જ્યાં. ૧૪૧
રાજાશું મુસાફર બોલ્યો ત્યાં, વિશ્વામીત્ર માગે તે કેજો હાય. ૧૪૨
જો અમરાપર લેવાનો અર્થ હોયે, તાંયે તો મુખમાંથી ન કરસો નાય. ૧૪૩

સ્વામી તમે આજ ગોરજી ભલે પધાર્યો તાત, નહિ તો અમારે જીવ નરકે જાત. ૧૪૪
આજ સ્વામી જો તમને મસ્તક કાપી આપીયે તોયે,ગુણ ઓશીંગણ ન થાઇએ તોય.૧૪૫
ત્યાં વિશ્વામીત્ર પોતે પધાર્યા આપ, આસો મંત્રનો કીધો જાપ. ૧૪૬
જ્યારે વિશ્વામીત્ર પોતે ગયા જહાં, અને સુવરનું રૂપ લીધું તહાં. ૧૪૭
ત્યાં વિશ્વામીત્ર આવ્યા સહી, અને વરાહ રૂપ લીધું જઈ. ૧૪૮
તે રાજાની વાડી વલભ છે ત્યાં, તેના પુલઘટ કટસે ચડે છે ત્યાં. ૧૪૯
ત્યાં જઈ વાડીના વરખ ઉખેડયાં જહાં, રાજા હરિચંદ્ર કોપ્યા તહાં. ૧૫૦
રાજા ચડીને આવ્યા જહાં, અને સુવર તો વાડી મહાં. ૧૫૧
વાડી વીટીને બોલ્યા આમ, હવે સુવર જાયે કેમ. ૧૫૨
જોહે ત્યારે વતહેઠ સુવર ઓજાય, તેનો દેશનિકાલ થાય. ૧૫૩
ત્યારે વિશ્વામીત્ર વિચારે મન, હવે એને કાઢું વંન. ૧૫૪
અમે રાજાના અશ્વ આગળ નીસરૂં જાણ, બાકી કોનું ન લેવું નામ. ૧૫૫
સમરથ શીકાર ચાલ્યો જેહ, રાયના રૈવત હેઠળ નિસર્યો તેહ. ૧૫૬
ત્યારે રાજા હરિચંદ સુવર સાથે ધાય, અને શિકાર તો ચાલ્યો જાય. ૧૫૭
તે નહિ વિશ્વામિત્ર જોય, અને બ્રાહ્મણરૂપ લીધું છે ત્યાં ૧૫૮
બ્રાહ્મણ રૂપ થયા જ્યાં, અને રાજા ઉભા રાખ્યા ત્યાં. ૧૫૯
તે વિશ્વામીત્ર બાલક બે નીપાવા મરોડ, રાજાએ વરકન્યા છે બેહુજોડ. ૧૬૦
જો રાજા હરિચંદ તમે ના કહીને ઉભા રોહ મારે નહિ જોર, તો વળી અમે પરણાવીશું નવકરોડ. ૧૬૧
રાજા હરિચંદે વરકન્યાનાં દાન દઇ પરણાવ્યા તહાં, અને નદી વિશ્વામીત્ર જહાં.૧૬૨
તે રાજા હરિચંદે રાજપાટ અરથ ગરથ હસ્તિ ઘોડા સર્વે આપ્યાં જહાં, તે ચાર મંગળ વર્તાયાં તહાં ૧૬૩
હાંરે રાજા હરિચંદ તમે કન્યાદાન દઈ રહ્યાં, ત્યાં હવે વરકન્યા સંતોકયાં અહાં. ૧૬૪
હવે ચારજણને કાંઇ આપસોવે અમે શા ભરોસે વણ માગું તેહ. ૧૬૫
સ્વામી અમો તમને હાથ જોડી આલીસું તેહ, નહિતો તમ આગળ ધરીસુ દેહ.૧૬૬
અમે અનપાણી ત્યારે આરોગીએ, જયારે અમે બ્રાહ્મણના રૂણથી છુટીએ. ૧૬૭
ત્યાં રાજા હરિચંદ તારા રાણી કુંવર રોહીદાસ, ત્રણે જણાં વેચાવા ચાલ્યા તે સાથે.૧૬૮
તો દેવ ગોરજી સ્વામીશું અમે ગણી એક, અસ્તુતી કરી તમશું કહું. ૧૬૯
સ્વામીજી અમે કિયાવણા છીએ આજ, તો સ્વામી તમે રાખો લાજ. ૧૭૦
સ્વામી તમે ભાર દીયા અમે સહી લીયા આજ,તો હવે લેવા અમરપદનું કાજ.૧૭૧
સ્વામી અમે કોટ ગઢ તો મેલ્યાં આજ, અમે સતગુરૂ વચને મેલ્યા રાજ.૧૭૨
ત્યારે રાજા હરિચંદ કહે રાણી સાંભળો કાજ, આપણા સતગોરજીને પુછો આજ.૧૭૩

અવર કોય અદકી કરણુ કમાઈએ અહાં, ત્યારે પછી અમને ન કહેસો તહાં. ૧૭૪
તો સ્વામીરાજ આ ગોરજીનો શબ્દ સર ચઢાવી તાપ તો આપણુ વેચાઈએ
સર ધરીયે ન પાપ. ૧૭૫
તો તો દેવશું હાજર હોઈએ આપ, તો હવે સર્વે જુગના જાએ પાપ. ૧૭૬
ભગત હરિચંદ તારાલોચના કુંવર રોહિદાસ જે, તે કાશીખંડમાં વેચાયાં તહાં. ૧૭૭
માથે ખડનો પુળો લીધો જહાં. તે ભગતે એણી પેરે આ પગલાં તહાં. ૧૭૮
એ ત્રણ જણ સતશું વેચાયાં જહાં, ભાઈ તેણે તો અમરપદ લીધાં તહાં. ૧૭૯
ત્યારે કુંવર રોહિદાસ તે ખડનો પુળો લાવ્યો જહાં,તેનો મુદરકા એકે આપીતહાં.૧૮૦
તે વળી મુદરિકા દઈ ખાંડવા જાય, અમુલખ કહે ને કેડે ધાય. ૧૮૧
અરે ભાઈ બાકી વધે તે શું કરૂં આંઈ, હવે તેની સત ગઉને ચરણ નીરો તાંઇ.૧૮૨
તે ભગત પહેલે વસ્યા બ્રાહ્મણ જહાં, રાજા ઝાંપડા ઘર વેચાયા તેહ. ૧૮૩
તે ભગતે પરની સેવા કીધી જહાં, તે ભકતુંને વિશ્વામીત્રે કસ મુકા તહાં.૧૮૪
તે સતગોર વચને દુઃખ વેઠયાં જહાં, પણ તે સતિ સત ના ચુકયાં તહાં. ૧૮૫
તે ભકતોને વર આપવા જે, સ્વામીજી દૈત્યને મન વસિયા તેહ. ૧૮૬
તે દૈત્યે રાવણુ રાજા હરીચંદ સાથે બહુ કીધો વખવાદ, અઠોતેરસો બુદ્ધિમાંયે
એક ન સુજી ત્યાંયે. ૧૮૭
તે દૈત્યને પેલે અઠોતેરશો બુદ્ધિ સુજતી જેહ, પણ ત્યારે એક બુદ્ધિ ન સુજી તેહ.૧૮૮
ત્યારે વેર વાદશું કરતા દૈત્ય હાર્યો આંએ, જ્યારે સંગ સર્વે પુરો થાયે. ૧૮૯
ત્યારે તેણે શ્રી રામ લક્ષ્મણશું અડયો, ત્યારે તહાં સતી સીતાને હરવા જાયે. ૧૯૦
હાંરે ભાઈ રામ લક્ષ્મણ બેહુ જે, આવીને વનમાં રહ્યા તેહ. ૧૯૧
સહેશ્વર દેવતા વશ કરી કહે રાવણુ, હું છું લંકાનો ધણી. ૧૯૨
હું તાં જો લાવું રામ તણી સીતા જે, એમ તહાં રાવણુ કહે. ૧૯૩
મઢી બાંધી રહ્યા છે સાર, રામ લક્ષ્મણે મેલ્યો સંસાર. ૧૯૪
દૈત્ય કહે તેની લાવું નાર, જેણે વન છે રામ તહાં જાઉં સાર. ૧૯૫
તેતો વન માંહે જો પોતે આહે, કારમો મૃગ સુવરણુનો થાયે. ૧૯૬
ત્યારે રાવણુ દૈત્યે એવો ધરમ મનમાંહે ધર્યો, તેણે તહાં કારમો મૃગ
સુવરણુનો કર્યો. ૧૯૭
ગયો મૃગ ત્યાં વન મોજાર, જ્યાં હતાં સિતા સાધવી નાર. ૧૯૮
સિતાની વાડી માંહે ચરવા ગયો, સુવરણ રૂપે એવો મૃગલો થયો. ૧૯૯
મૃગલો પાપી રાવણુ તણો, આવીને હેરૂ કરે ઘણો. ૨૦૦
મારો મૃગ એમ સીતા કહે, સુણો રામ વચન કહું તેહ. ૨૦૧
એ ચરતો મૃગ દીઠો સીતા પાસ, રામ લક્ષમણ બે ઉઠયા સાથ. ૨૦૨
સીતાએ વચન કીધાં તે વાર, સુવરણ મૃગ વાડીમાં સાર. ૨૦૩

મૃગ તે જાની પેરૂ કાંચળી મારો મૃગ ત્રિભુવનધણી. ૨૦૪
મારે હોંસ છે કાંચળી તણી, મારી મૃગ લાવો ત્રિભુવન ધણી. ૨૦૫
સત વચન લક્ષ્મણ સીતાને કહે છે જાણ, સુવરણ મૃગ નથી એ રાક્ષસી માયા પ્રમાણ. ૨૦૬
એ સત વચન શ્રી રામ ચિતમાં ધરે, ધનુષ બાણ કરમાં લહે. ૨૦૭
સુણો સ્વામિ એમ સીતા કહે, ધનુષ બાણ ચડાવી મેલો આંહે. ૨૦૮
સુણો સિતા કહું નિરધાર, મોહે રખાજો રણ માંહે સાર. ૨૦૯
એસો શ્રી રામ કયો ભેદ, વનમાં જાઈ પોતા દેવ. ૨૧૦
રામ રૂપે વનમાં ગયા, સિતા કારણ વ્યાકુળ થયા. ૨૧૧
ચરતો મૃગ દીઠો સિતારામ, જોડી બાણ કીધો સંગ્રામ. ૨૧૨
લાગ્યું બાણ જબ મૃગલો પડયો, લક્ષ્મણ પોકાર પડતો મૃગલે કર્યો. ૨૧૩
પડતો મૃગલો પોકારે શ્રીરામજી આએ, સિતા કહે લક્ષ્મણ દોડી જાવ. ૨૧૪
કહે સિતા તમે સુણો લક્ષ્મણરાયે, શ્રી રામ તો કેમ ગાંજ્યા જાયે. ૨૧૫
ઘરે થકી લક્ષ્મણ કરે વિચાર, એ રામ બંધવ કોણે હારવના હાર. ૨૧૬
મૃગને જોયે મુકયો જેવાર, પડતે મૃગે કર્યો પોકાર. ૨૧૭
ત્યારે લક્ષ્મણ કહે સુણો સિતામાયે, બંધવની વારે જાઉં છું સિતા તમો બાર ન કાડસો પ્રાયે. ૨૧૮
રામ રક્ષા માટે જાણો આજ, અમે દોઇ બંધવ કરી આવીયે કાજ. ૨૧૯
એવું કહીને લક્ષ્મણ જાય, ત્યારે દૈત્ય પોતો આય. ૨૨૦
ત્યાં ભભુત ભેખ ધરી રાવણ ઉભો છે બહાર, તે ભેખનો ભેદ ન લહ્યો સીતાનાર ૨૨૧
ભભુત મુખ ભર્યો જો પાય, રાવણ સીતાકે દ્વારે જાય. ૨૨૨
ગાય ગીત જે બોલે અપાર, મોઇ ભીક્ષા આપો નાર. ૨૨૩
સુણો અભ્યાગત તુંને કહું સતભાઇ, રામ રક્ષાએ માની જાયે. ૨૨૪
સુણો સિતા કહું છું વિચાર, એક પગ બાહેર દેજો નાર. ૨૨૫
મોહે અભ્યાગત ગજું જોઈ આવ્યો આજ, નર મુખ જોવું તો આવે લાજ. ૨૨૬
દેવા ભિક્ષા પગ બાહેર નીસારા, સિતાકે હાથ જો દૈત્યે ધર રહા. ૨૨૭
લઇ સીતા જો ખાંધે ધરી, ચાલ્યો દૈત્ય જો કપટ જ કરી. ૨૨૮
તે સતી સીતાએ આ રાક્ષસનો ભેદ ન લહ્યો, તે સીતાને ખાંધે ઘાલીને રાવણ લઇ ગયો. ૨૨૯
તે જટાયુ પક્ષિએ દેખ્યો જ્યાં, તે દૈત્ય શું યુદ્ધ માંડયું તહાં. ૨૩૦
ત્યારે દૈત્યના મનમાં ઉપની સાન, છાંટી રૂધીર ને આપ્યું માંસ. ૨૩૧
માંસને લોભે પંખી જો જાયે, ગયો દોડી તેણે ઠાયે. ૨૩૨
સીતા લઇ દૈત્ય ચાલ્યો તેણીવાર, જઈ પોતા લંકા મોઝાર. ૨૩૩
ત્યારે રામ લક્ષ્મણ મળ્યા એક ઠામ, ત્યારે વચન બોલ્યા સરનામ. ૨૩૪

કહો લક્ષ્મણ આવ્યા શે કાજે, સુની સીતા કેમ મેલી આજે. ૨૩૫
ચાલો બંધવ જઇએ ઘેર, એકલી સીતા શી કરસે પેર. ૨૩૬
વનથી ફરી આવ્યા મઢી કે પાસ, સુનું ઘર દીઠું થયા ઉદાસ. ૨૩૭
ત્યારે શ્રી રામ લક્ષ્મણ આવ્યા મઢીને ઠામ, ત્યાં નહિ સીતા કહે શ્રી રામ.૨૩૮
ત્યારે ત્યાં સુની મઢી દીસે ઉદાસ, ત્યારે રામ લક્ષ્મણ બેઉ થયા નિરાસ. ૨૩૯
ત્યાં કહે શ્રી રામ લક્ષ્મણ ભાઈ આપ કેશી કરીશું બુધ, હવે સીતા તણી કેમ લઇએ સુધ. ૨૪૦
ત્યારે શ્રી રામ લક્ષ્મણસુ કહે, જે સીતાને કોઇક દૈત્ય લઈ ગયો. ૨૪૧
વનમાં શોધવા ગયા શ્રીરામ, પક્ષીએ ભેદ કહ્યો તેણે ઠામ. ૨૪૨
ત્યારે જટાયુ પક્ષીએ ભેદ શ્રી રામ લક્ષ્મણને કહ્યો, સ્વામી સીતાને રાવણ લંકામાં લઇ ગયો. ૨૪૩
ત્યારે રામ બોલ્યા ઘણું દુઃખ જો ધરી, મળશે નાર જો લક્ષ્મણ ફરી. ૨૪૪
ત્યારે હનુમંતે કીધાં ભલાં બળ, પવનવેગે આવ્યા એણે સ્થળ. ૨૪૫
ત્યારે શ્રી રામ લક્ષ્મણે હનુમંતે હંકારી દીયા, ત્યારે દેવે મર્મ સઘળા હનુમં-તને કહ્યા. ૨૪૬
ત્યારે શ્રી રામે કહ્યું હનુમંતને જેહ, સીતાને લઈ ગયો લંકાનો રાય તેહ. ૨૪૭
ભાઇ આપણે કેસો કરશું ઉપાઇ, સીતાને લઈ ગયો લંકાનો રાય. ૨૪૮
ત્યારે શ્રી રામે હનુમતને દીધી બુધ, ભાઇ સિતા તણી જો લાવે સુધ. ૨૪૯
ત્યારે હનુમંતે એક ફાળે લંકા છોડી પર લંકા ગયો, ત્યાંથી રામ સંભારી પવન વેગી થયો. ૨૫૦
આઈ તહાં હનુમાન પુછે કોણ જો ઠામ, ભાઈ પરલંકા છે એહ ગામ; ૨૫૧
ત્યાંથી હનુમાન પાછા ફર્યા, તે લંકાની વાડીમાં જઇ સંચર્યા. ૨૫૨
જ્યાં બેઠા છે સિતામાત, તે લંકાની વાડીમાં કીધો ઉત્પાત. ૨૫૩
સીતા રાવણની વાડી માંહે, કારણ કરતાં હનુમાન રોયે. ૨૫૪
રામની મુદ્રિકા સીતાને દેખાડી જ્યાં, ચરણે લાગીને ઉભા રહ્યા ત્યાં. ૨૫૫
શ્રી રામજી કહ્યો એમ સીતાને કહે, દેખી હનુમાન સકળ પૂછયો જેહ. ૨૫૬
ત્યાં માતા કહે હનુમાન તું વાડીમાં જાયે, ભલે પડયાં ફળ વીણી ખાયે. ૨૫૭
સીતા વચનસર લીયો ચડાઈ, રાવણની વાડીમાં પેઠો ધાઇ. ૨૫૮
મરડી વરખ નાખ્યાં ઉપાડ, ત્યાં રાવણ આગળ પડયો પોકાર. ૨૫૯
ત્યાં હનુમાને માતાનું કહ્યું કીધું નહિ, વરખ ઉપાડયાં પડયાં ફળ ખાધાં સહિ. ૨૬૦
ત્યાં માતા કહે હનુમાનને શું કીધું બળ, ઉખેડી વાડી શું ખાધા ફળ. ૨૬૧
સકળ જોદ્ધા આવ્યા તેણે ઠામ, રામ કોણ આવ્યો તમે જાણ. ૨૬૨
બોત કષ્ટ કરીને ધરીયો કુધ, ત્યારે લંકાના લોકે જાણી બુજ. ૨૬૩

તબ હનુમાને રાવણુ શું કહે સોયે, હમારી માતુ પૂછે તોયે. ૨૬૪
જો તું છે મહા બળવંત, તો તું કહે તારો મરવાનો કેમ અંત. ૨૬૫
ત્યારે રાવણુ પુછે ભાઇ એ હનુમાનનું મોત છે કહિં, તમે એને પૂંછડે ગોદડાં
તેલ ભરી બંધાવો સહિ. ૨૬૬
જો તમે પુછ લગાવી દ્યો નિરધાર, તો તાં હું સહિ બળી મરૂ તતકાલ. ૨૬૭
એસો હનુમાને કહ્યો ભેદ, તો બળી મરૂ તતખેવ. ૨૬૮
પૂંછડે અગ્નિ દેજો મોહે, તો મારી મોત નિશ્ચે હોય. ૨૬૯
ત્યારે હનુમંત કરે એવી ગુંજ, ત્યારે રાવણુ કહે પૂછડે અગ્નિ મુકો સુજ. ૨૭૦
ત્યારે મુકી અગ્નિ ને ઉઠી ઝાળ, ત્યાંથી હનુમંત ઉછળ્યો તતકાળ. ૨૭૧
ત્યાં હનુમંતે ત્યાંથી ચાલ્યો ભાગ, ત્યારે લંકા બાળી દીધી આગ. ૨૭૨
તે હનુમંતે લગાડી પુછ કોટ ઉપર જાયે, ત્યારે બાળી લંકા સરવે પ્રલય થાયે. ૨૭૩
બાળી લંકા ખાખ જો થઈ, સમુદ્રે પુછ ઓલાવ્યું જઇ. ૨૭૪
એકી ફાળે સુધ લઇ આવ્યો જહાં, શ્રી રામ હુતા જંગલ મહાં. ૨૭૫
તે વેળા રામ નાવા બેઠા છે જંગલ મહાં, તેને દીવેલ કટોરો આલ્યા તહાં. ૨૭૬
હાંરે ભાઈ હનુમંત મુંડે લછેન લાગુ કહાં, એમ માતાનું વચન લોખ્યા તહાં. ૨૭૭
તે લંકા બાળી હનુમંત આવ્યા ઠામ, તે જતિ પાછા આવ્યા જ્યાં હતા શ્રીરામ.૨૭૮
હાંરે હનુમંત તમે સીતા તણી લાવ્યા સુધ,હવે આપણુ રાવણ શું કેમ કરીસું યુદ્ધ.૨૭૯
ત્યારે શ્રી રામ બોલ્યા હનુમાન તું બુમ હકાર, ત્યાં મળ્યું સેન અપરંપાર. ૨૮૦
રામની પાસે ઉભા રહ્યા જ્યારે, રામ હનુમાન બેઠા એક ઠારે. ૨૮૧
ત્યારે હનુમાને કીધી બુંબાકાર, મળ્યા વાનર રીંછ અપાર. ૨૮૨
ત્યાં નિલ અનિલ જાબુવંત સાર, તેના બળ તણો નહિ પાર. ૨૮૩
ત્યારે ત્યાં આવિયા અગંદ જોદ્ધા જે ઠાર, ત્યાં મળ્યા વાંદર રીંછ પદમ અઢાર. ૨૮૪
ત્યારે મલ્યા વાંદર રીંછ અણુગણુતર સહી, સર્વે જોદ્ધા મળ્યા છે તહીં. ૨૮૫
તે ચાલ્યું સેન મહા બળવંત વીર, તે જઈ ઉભા રહ્યા સમુદ્રને તીર. ૨૮૬
એવું રામનું સેન મળ્યું અતિસાર, યુદ્ધ કહો કરીસું કીયે ઠાર. ૨૮૭
ત્યાં મળ્યા છે જોદ્ધા બળીયા અપાર, આપો આજ્ઞા રામજી સાર. ૨૮૮
ત્યાં વાજીંત્ર તો વાગે અપાર, રામ સેના મલ્યું જેજેકાર. ૨૮૯
રામ લક્ષ્મણે દળ દેખ્યું નેણુ, હસી હરખી બોલ્યા વેણુ. ૨૯૦
સમુદ્ર તીરે કર્યાં મેલાણુ, ત્યાં વાજે વાજીંત્ર અતિ નિશાન. ૨૯૧
રામ લક્ષ્મણુ કરે વિચાર, કેમ કરી સેના ઉતરસે પેલે પાર. ૨૯૨
ત્યારે કરજોડીને લક્ષ્મણુ કહે સેવ, સુણો વિનતિ ત્રિભુવન દેવ.. ૨૯૩
અરે સ્વામી તમે ફીણુથી રચ્યું ઇંડ, તમે વણુ થંભે રાખ્યું બ્રહ્માંડ. ૨૯૪
સકળ સૃષ્ટિ તમે પેદા કરી, હાલે ભોળા કાં થાઓ શ્રી હરિ. ૨૯૫

એસી વિનતિ લક્ષમણ કહે, તે સ્વામીજી રામ મનમાંહે લહે. ૨૯૬
ત્યારે તહાં હનુમંતને લીધો બોલાય, રામે કહી વાત એક સમજાય. ૨૯૭
ત્યાં શ્રી રામનું સૈન્ય મળ્યું શું કરૂં વખાણ, સહુ સુરા બળવંતા જાણ. ૨૯૮
સરવે ભેદ રામે કહ્યો સમજાય, લાવો પત્થરને બાંધો પાજ. ૨૯૯
આણી પત્થર ને પાણીમાં ધર્યાં, શ્રી રામ નામે પત્થર જો તર્યાં. ૩૦૦
ત્યાં શ્રી રામે હણ્યો મૃગ તે રાવણ કાજ, સાંહેર માંહે બાધી પાજ. ૩૦૧
ત્યાં શ્રી રામનું સૈન્ય મળ્યું શું કરૂં વખાણ, ત્યાં શ્રી રામે પાણીમાં તાર્યાં પહાણ.૩૦૨
ત્યાં દેવે બાંધ્યો સમુદર મહાવે મન ધરી, ત્યાં પેલા રીંછ વાંદર લંકા
ઉપર ગયા ઉતરી. ૩૦૩
બાંધ્યો સમુદ્ર ક્ષણ એકજમાં સાર, સર્વે સેન ઉતારી પેલે પાર. ૩૦૪
ત્યારે લશ્કર ઉતર્યું છે ઘણું, એવું સૈન્ય તે શ્રી રામજી તણું. ૩૦૫
શ્રી રામને વિભિષણ લાગ્યો પાય, લંકાજી તજો ત્રિભુવનરાય. ૩૦૬
તેમાં કુંભકરણ સુતો છે જ્યાં, તેને નિદ્રામાંય જગાડ્યો ત્યાંય. ૩૦૭
ત્યાં જાગ્યો જોધ્ધો ભુખે ઉઠયો જહાં, તેણે છપનકરોડ સેન ભરખ્યું તહાં. ૩૦૮
ત્યાં પુંઠેથી હનુમાન ખોળો થયો, ત્યારે તે દૈત્યનો ભરખ પુરો થયો. ૩૦૯
ત્યાં ફફડતે મોઢેથી કર્યો વિકાસ, ત્યારે તહાં ચાંપી મારી કર્યો નિરાસ. ૩૧૦
હાંરે હનુમંતે મહાબલિયો તું આવ્યો બહાર,જો તું કરે યુદ્ધ તો જ્યાસ રે બહાર.૩૧૧
જો તું છે મહા સહી બલવંત, તો તું કહે મરવાનો અંત. ૩૧૨
તે હનુમાન આવ્યો તેણે ઠામ, તે જતિ પાછા સેન લઇ આવ્યા જ્યાં હતાં શ્રી રામ.૩૧૩
ચઢયું સેન શ્રી રામજી તણું, તે રાક્ષસ શું યુદ્ધ થયું છે ઘણું. ૩૧૪
રામ સેના મળી છે અપાર, ત્યાં રાવણ સેન કરે સંઘાર. ૩૧૫
નિલ અનિલ બળિયા જોદ્ધા આયે, પૂર્વ પોહે વળીઆ જાયે. ૩૧૬
પશ્ચિમ પોળે જોદ્ધા જાબુંવાન, દક્ષણ પોળે રહ્યા હડમાન. ૩૧૭
ઉત્તર પોળે રાઘવરાય, સેન અનંત ઘણું જણાય. ૩૧૮
મારી હાંક જોદ્ધા વીર હડમંતે ચારે દીસાથી ઘેરી લંક. ૩૧૯
રાવણ સેન રાક્ષસ બળવંત, રામ સેન શું વઢે કનમંત. ૩૨૦
ગગન નાખે હલો પરેવી સુર, પગતળે પત્થર થાયે ચુર. ૩૨૧
મારી હાંક જોદ્ધા થરહરે, કંપે ધરતી ને પરવત પડે. ૩૨૨
દુદંભી વાજાં ગડગડે ત્રીણ, લોક માંહે હાંક જો પડે. ૩૨૩
રાવણ રાક્ષસ કાંપ્યો ઓત ગણો, માર્યો ઇંદ્રજીત લક્ષમણ તતખેણ. ૩૨૪
ત્યાં દૈત્ય ઇંદ્રજીત મહાબળીયો ચાલે, તેને બાણે લક્ષમણ મુર્છાગત થાયે. ૩૨૫
ત્યાં શ્રી રામે હડમતને શિખ દીધી જોઇ, ભાઈ તમે દ્રોણાગર પર્વતથી સલાનો
દીવો લાવો ત્યાં. ૩૨૬

ત્યારે શ્રી રામ વચને હડમતે માગી શીખ ગયા છે જ્યાં, તે પરવત
દ્રોણાચળ હતો ત્યાં. ૩૨૭

ત્યાં જતી હડમતને પરબત દ્રોણાચળે જોઈને દેવને કર્યું પ્રણામ, ત્યાં
રાક્ષસી હેડંબાએ કીધું યુદ્ધ સાધી બાણ. ૩૨૮

ત્યાં જતિ હડમતે પૂછ ફેરવી જપ્યા શ્રી રામ, તે જતિ લાવ્યા પરવત
દ્રોણાચળ તેણે ઠામ. ૩૨૯

તે જતિ હનુમંતે સલ વસલાનો દિવો જોય લાવ્યાં, તેવા જોય
લક્ષ્મણ જતિ બેઠા થયા છે ત્યાંય. ૩૩૦

ત્યાં શ્રી રામ સેન્યે છાસટકરોડ દૈત્યશું યુદ્ધ જો કર્યો, તહાં જતિ લક્ષ્મણને
બાણે ઇંદ્રજીત પડયો. ૩૩૧

હડમતે તે હકારી જોઇ, ઇંદ્રજીત સાથે વળી લક્ષ્મણ રાયે. ૩૩૨

બહુ દળ સુરા ચડે ચાર, રાવણનું દળ માર્યું અપાર. ૩૩૩

ત્યાં માર્યાં રાક્ષસ અનંત જાણ, ત્યાં પાડી કોટને કીયો મેદાન. ૩૩૪

પાડી પોળને નાખ્યો ઢોળ, કોટ કાંગરા કરોડ. ૩૩૫

જ્યાં દેવે માર્યો કુંભકરણ જ્યમ ત્યમ લડયો, શ્રી રામને બાણે રાવણ પડયો. ૩૩૬

માર્યાં કુંભકરણ બળીગો સોચે, રાવણ વંશમાં ન રહ્યું કોઈ. ૩૩૭

અતિ બળ કોપી હનુમંત જોયે, રામને બાણે પડયો રાવણ રાયે. ૩૩૮

માર્યો રાવણ પરીવાર સહિ, સર્વે દૈત્ય યોદ્ધા પડયા રણક્ષેત્ર. ૩૩૯

ભભિક્ષણને તો ભેટયા રામ, માર્યો રાવણ ને ફોડયાં ઠામ. ૩૪૦

સીતા વાળવા લંકા ગયા, મનોહરી કેરે ઘેર રહ્યા. ૩૪૧

ધન ધન સ્વામી ધન ઘડી, રામ પધાર્યા લંકાપરી. ૩૪૨

પાત્ર પરમેશ્વર આવ્યા ઘેર, નાના વિધની કીજે બહુ પેર. ૩૪૩

માણેક મોતી સોનાથાળ, શ્રી રામને વધાવ્યા બાળગોપાળ. ૩૪૪

લંકાના લોક દર્શન કરે, સર્વે વસ્તુ લઇને આગળ ધરે. ૩૪૫

તો હરિ ત્યાં માગે માન, તમે કબુલ કરો શ્રી ભગવાન. ૩૪૬

લંકા આપી ત્યાં સોનાદાન, ખુશી થયા શ્રી ભગવાન. ૩૪૭

તહાં છોડાવી સીતા સર્વે સારા થયાં કાજ, ત્યા દેવે ભગત ભભીક્ષણને
સોપ્યાં રાજ. ૩૪૮

લંકા કારણ વિભિખણ ફુટયા, સીતા મળી શ્રી રામ આવીયા. ૩૪૯

ત્યાં દેવે છોડાવી સીતા ને ફરયા શ્રી રામ, ત્યાં આવ્યા ફરી જ્યાં
આપણો ઠામ. ૩૫૦

જીત ખેલ યુદ્ધ શ્રી રામે કર્યો, પણ અસત ધર્મ કર્મ કો ન કર્યો. ૩૫૧

જે રામચરિત્ર સાંભળે અપાર, થોડા માંહે ઘણો કહ્યો વિસ્તાર. ૩૫૨

સુણો મુનીવરો બોલ્યા સહદેવ, શું શું કથીને કહું ભેદ. ૩૫૩
હરિભક્તિ તણો નહિ અનંત પાર, પણ થોડા માંહે ઘણો કહ્યો વિચાર. ૩૫૪
જુગ તેત્રામાંહે પુરો પ્રસંગ, ભક્ત રહ્યા જે હરિચંદ. ૩૫૫
ધર્મે થયા તો તેને સારા કર્મ, એવી સેવા કરી તેણે ઓળખ્યા શ્રી રામ વિર. ૩૫૬
ત્રેતાજુગ સંગે ભક્ત હરિચંદ વિર, રહ્યા ઝાંપડા ઘર ભરીયાં નિર. ૩૫૭
અને રાણી તારાદે સતી જોયે, તે હરવસ બ્રાહ્મણ ઘેર દાસી ત્યાંહા. ૩૫૮
ત્યારે વિશ્વામિત્ર બોલ્યા જેહ, સર્પ થઈ ડસું કુંવર રોહીદાસને તેહ. ૩૫૯
વિશ્વામિત્ર કાશીખંડ નગરીમાં આવ્યા જહાં, અને હરવસ બ્રાહ્મણ ઘેર
બ્રહ્મભોજન થાતાં તહાં. ૩૬૦
અરે બાઈ તારા પુત્રને સર્પે ડસ્યો જોયે, પણ સતિ સત ન ચુકી તોયે. ૩૬૧
તે બ્રહ્મભોજન વેળા વહી ગઇ જ્યારે, અને બ્રાહ્મણ અગ્નિસું માર અગર-
ચંદનનાં લાકડાં લાવ્યા તારે. ૩૬૨
અરે ભાઇ અમારા કુંવરને સર્પે ડસ્યો. તે અમને સ્નાન ઉપન્યું છે ત્યાંય. ૩૬૩
ત્યાં સતિએ કુંવરને પધરાવ્યો જહાં, અને અગરચંદન હાગે લીધા ત્યાં. ૩૬૪
સ્વામી તમે દેવળદેરામાં પધારજો જઇ, ત્યાં અમે સહી દેશું વન દાગ. ૩૬૫
ત્યારે વિશ્વામિત્રે બાર મેઘ બોલાવ્યાં જહાં, અને મહા વૃષ્ટિ કીધી છે ત્યાંય.૩૬૬
ત્યારે નદીએ પુર આવ્યાં જહાં, અને સતિ વનદાગ દેતાં તહાં. ૩૬૭
ત્યાં રાજા હરિચંદ મસાણ ખુલી થઈ આવ્યો જહાં, રાણી દાગ દયો તો અમને
કાંઇક આપો ઇંઆં. ૩૬૮
ત્યારે રાણીએ ચીર ફાડી હક આપ્યો જહાં, પણ સતી સત ન ચૂકયાં તહાં. ૩૬૯
ત્યાં કાશીખંડનો રાજા જેહ, તેનો વિશ્વામીત્રે પુત્ર હર્યો છે એહ. ૧૭૦
ત્યારે પોતે ત્યાં પંડીત થાયે. તે પંડીત થઇને રાજ દ્વારે જાયે. ૩૭૧
હાંરે રાજા તારે કુંવરને મસાણમાં શિકોતરી ચંડાળ બેઠી ખાયે. ૩૭૨
ત્યારે રાજદ્વારેથી દળ આવીયાં ભાઇ, આ પંડિત કહ્યું તે સર્વે સાચ. ૩૭૩
હવે એ ચંડાળ ને ચોફેરથી દંડ માર કરો કાજ, હવે એનું મોઢું શું જુવો આજ ૩૭૪
ત્યાં હરવસ ઝાંપડો બોલાવીને સેન મેલ્યાં સહિ, પણ સેન સતિને જુવે નહિ. ૩૭૫
તે ઝાંપડા ઘેર રાજા હરિચંદ કરતા કાજ, રાણી જે સમરવું હોય તે સંભારજો આજ૩૭૬
રાણી આપણા સતગોરજી વાંસ, તે સ્વામી અંતકાળે પુર આસ. ૩૭૭
હવે સ્વામિ સંભારૂં શ્રી ગોરનરનું નામ, બીજા સભારૂં શ્રી રામ. ૩૭૮
વળી ત્રીજા સુખી ગતગંગાનું સંભારીયે નામ, જે શ્રી ગોર નર આપ
અમરાપર ઠામ. ૩૭૯
જે દૈત્ય રાવણને મારી પુરી થાળ, તે વેળાએ રાણીની અસ્તુતિ થઇ ફરીયાદ. ૩૮૦
હવે શ્રી નારાયણ દેવ મનવેગે પધાર્યા આજ, હવે ભાઇ ભકતોના તે કરવા કાજ.૩૮૧

ત્યારે રાજા હરિચંદ જમણે હાથે ખાંડું, ડાબે હાથે ચોટલો જહાં, ત્યારે સતિએ સંભાર્યા શ્રી રામ તહાં. ૩૮૨

ત્યાં ખડગ સાહીને દેવ ઉભા રહ્યા તેણે ઠામ, ભક્ત તું માગ વરદાન હવે તારાં સારૂં કામ. ૩૮૩

ત્યાં રાજા હરિચંદને રાણી કહે આપણે ગોર પુરા સેવીયા, સ્વામી આપણી વારે ગોર નર આવીયા. ૩૮૪

દેવ ભકતોને કાજે આવ્યા તતખેવ, હવે સ્વામી રાજા તમે ચતુર ખાણુના ફેરા છોડાવજો, આપણા શ્રી ગોરનર કહે છે દેવ. ૩૮૫

ત્યારે શ્રી ગોરનર કહે જે ભગત ગોરનરના નુરમાં નિતનિત મરતા હોય. ૩૮૬

જેણે પુરણ ઇમાન રાખ્યાં જાણ, તે વૈકુંઠ પામ્યા નરવાણ. ૩૮૭

તે અખંડ અવિચળ ઓધર્યા તે તહાં, તેના જીવ અમર રહે અમરાપરી મહાં. ૩૮૮

સ્વામીજી અમ ભાગે જે વિશ્વામીત્ર અમ ઘેર પોતે પધાર્યા તાપ, સ્વામીજી અમારાં ઇમાન રાખ્યાં આપ. ૩૮૯

સ્વામી જે વિશ્વામીત્રે પણ પાકી કરી આપ, તે સ્વામી તમે પેલા તે કરજો માફ.૩૯૦

સાતમે રૂપે હરિ નરઆકાર, ત્યાં ધર્યો શ્રી રામે અવતાર. ૩૯૧

જયારે દેવે દસાસર રાવણ દૈત્ય મારીને વરઆપ્યો ત્યારે, ત્યારપછી સંસારમાં પ્રગટ થયા મોરારે. ૩૯૨

અને ત્રેતાજુગમાં ત્રણ રૂપે હરિ અવતાર દેવ, શ્રી રામરૂપે દશરથ ઘેર કીધી સેવ.૩૯૩

ત્રણ દાનવ દેવે સંહાર્યા જહાં, સાત કરોડીશું ભકત હરિચંદ તાર્યા તહાં. ૩૯૪

તે હરિચંદ સતપંથ ધાયા સધીર, તે ભકતે બહુ કસ્યાં શરીર. ૩૯૫

તે રાજા હરિચંદે રાજપાટ સર્વે છોડયાં સહી,તેણે હરવસઝાંપડા ઘેર નીર ભર્યાં તહી.૩૯૬

તે ભક્ત હરિચંદે ગોર વજેસ્ટળ પુરા સેવાય,તેણે સતપંથ પુરા પ્રમાણ્યા ત્યાંય.૩૯૭

તે સતી બાલક પોતે આપે વેસા, બ્રાહ્મણ મળી ઝાંપડા ઘેર વેચાય, તેણે તો તે પાછા પર્વ નહિ ધોતાય. ૩૯૮

ત્રેતાજુગમાં ગોર વસિષ્ટ વસ્યા જહાં, એકવીસ કરોડી જીવ નીમ્યા તહાં. ૩૯૯

તેમાંથી સાતકરોડી સાચા થયા જાણ, તે અમર થયા પ્રમાણ. ૪૦૦

તેમાં કરોડી સાતે વિશ્વાસ ઓછો આણ્યો જાણ, તે ફરી ફરી પડયા ચારેખાણ. ૪૦૧

તે માંહેથી સાત કરોડી પરલે ગયા જેહ, જેણે ગોરનર ઉપર આણ્યો નહિ નેહ. ૪૦૨

તે જાણી બુજી ભુલા ગાફલ આજે, ભાઇ જાણી દોઝખ પડયા ત્યાંયે. ૪૦૩

તે ભગત હરિચંદ તારારાણી કુંવર રોહીદાસ, પુરા સતપંથ સેવ્યા ગોરની વાચા પાળી સાચ. ૪૦૪

તે સાત કરોડીશું નિપન્યા હરિચંદ ભાખ, તે ભક્તની જુગમાં ચાલી સાંખ. ૪૦૫

ભાઇ મુનીવરો આજ એસા સત જો કીજીએ જે સતે ધાયા હરિચંદ, તેણે
તન, મન, ધન, સર્વે સોંપીયા સાચા સતગોરજીને વચન. ૪૦૬
ત્યાં સાત કરોડીસું વૈકુંઠે ગયા, ત્યારે જુગ ત્રેતા પુરા થયા. ૪૦૭
ત્યારે સાતમું રૂપ હરી દેવ મોરાર, ત્યાં હરિએ ધર્યો શ્રી રામ અવતાર ૪૦૮
ત્યારે દૈત્ય રાવણને દેવે માર્યો જેણીવાર, પછે સંસારમાં પ્રગટ થયા છે મોરાર. ૪૦૯
દેવે સાતમે રૂપે દૈત્ય રાવણને મારીઓ, ત્યારે દેવે ભક્ત હરિચંદને તારીયો. ૪૧૦
પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સરવે સંસારે ઓળખીયો સાર. ૪૧૧
ત્યારે શ્રી રામચંદ્રની માતા તો કૌશલ્યા કહીયે, અને પીતા તો રાજા દશરથ કહીયે. ૪૧૨
ત્યારે ગુરૂ તો વસિષ્ટ મુનીજાણ, ને શક્તિ તો સીતા પ્રમાણ. ૪૧૩
ત્યારે સ્વસ્થાન તો અયોધ્યા નગરી જાણ, ક્ષેત્ર તો લંકાપુરી નગરી પ્રમાણ. ૪૧૪
ત્યાં નરદળો દાણવ દસ માથાનો રાજા રાવણને મારી, ત્યારે ભક્ત હરિચંદને
ઉગાર્યો વારી ૪૧૫
ત્યારે ચારલાખ ને બત્રિસહજાર શ્રી રામ રૂપે જાણ, ત્યારે યુજરવેદ હોતા પ્રમાણ. ૪૧૬
ત્યારે બારલાખ ને છન્નુહજાર જુગ ત્રેતાનું પ્રમાણ, ત્યારે ભક્ત હરિશ્ચંદ્ર સાત
કરોડીસું પોતા વેકુંઠ નિરવાણ. ૪૧૭
તેણે ગુપ્ત પંથ આરાધ્યા જાણ, તેણે અમરાપુરીનો વાસો પામ્યો નિરવાણ. ૪૧૮
ત્યારે રામ અવતાર સંપુર્ણ ભવસ્તો સાચ, એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામશાહ
બોલીયા વાચ. ૪૧૯

# "શ્રી કૃષ્ણ અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

## શ્રી સતગોર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહ વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહિમ.

ત્રીજા દ્વાપરજુગનું માંડયું મંડાણ, તમે સુણો મુનીવરો સહિ નરવાણ. ૧
અમાવાસ ને સોમવંતી જાણ, તે દિન જુગ દ્વાપરનું માંડયું મંડાણ. ૨
ત્યાં થકી ત્રીજા દ્વાપર જુગની સાંખ સાચ, એ જુગમા ગોર તે વેદવ્યાસ. ૩
દ્વાપર ઇંઆ થકી બેઠો સાર, આઠમે શ્રી કૃષ્ણ અવતાર. ૪
કૃષ્ણ નાથ હરિએ લીધો અવતાર, શ્રાવણ વદ અષ્ટમી બુધવાર. ૫
જ્યારે આઠમો અવતાર શ્રી હરિ ધરે, દેવકીને કુળ શ્રી કૃષ્ણદેવ અવતરે. ૬
ત્યારે ઘરઘર પડત કરે પોકાર, જુગ દ્વાપર બેઠો સાર. ૭
પિતા વાસુદેવ દેવકીમાય, ત્યાં અવતર્યાં શ્રી ત્રીભુવન રાય. ૮
ત્યારે દૈત્ય કંશ પૂછે ગોરને વાત, મારૂં મોત છે કોને હાથ. ૯

ત્યારે દૈત્યનો ગોર બોલ્યો સોયે, કહે દેવકી પુત્ર મારે તોયે. • ૧૦
ત્યારે કંશ દૈત્ય શું કરે, દેવકી ઘેર રખેવું કરે. ૧૧
જે પુત્ર હોય તે મારો આપ, આપણે સર્વેંશું કંશ સંતાપ. ૧૨
દેવકી ઘરમાં રખેવું બાર, જે પુત્ર હોય તે મારો સાર. ૧૩
ત્યારે શ્રાવણ વદ અષ્ટમી ને બુધવાર, ત્યાં શ્રી કૃષ્ણદેવે લીધો અવતાર. ૧૪
દ્વાપર જુગમાં રૂપ જો ધરી, કાન આવ્યાં મથુરાંપુરી. ૧૫
વસુદેવ દેવકીના છોડાવ્યાં બંધ, પિતા પ્રત્યે બોલ્યા વચન. ૧૬
જાગો વાસુદેવ બેઠા થાવ, અમને લઇને ગોકુળમાં જાવ. ૧૭
જાગો વાસુદેવ નરમ છે બાળ, દીઠું રૂપ તે મદનગોપાળ. ૧૮
કર ધરીને લીધું બાળ, દીઠું રૂપ તે કંશનો કાળ. ૧૯
ખોલ્યા દરવાજા સાતે બાર, ચોકી પેહરા ન જાણે સાર. ૨૦
ભાંગી ભુંગળ ને ઉઘાડયાં કમાડ, વાસુદેવ ચાલ્યા તેણી વાર. ૨૧
વેગે પહેલે વઇને ગયા, જઈ જમનાને તીરે રહ્યા. ૨૨
ગડગડે જમના ઉછળે બાળ, વરસે મેહ અખંડ ધાર. ૨૩
ત્યાં ઈંદ્ર મહારાજની દીધી આણ, ત્યારે બારે મેઘે કર્યા પ્રણામ. ૨૪
રહ્યા મેઘને થંભ્યા નીર, વાસુદેવ ઉતર્યા જમનાને તીર. ૨૫
ત્યારે વાસુદેવ ચાલ્યા તેણી વાર, જઇ મુકયા જસોદાને દ્વાર. ૨૬
જસોદાને ઘેર પુત્રી જાય, તેને વાસુદેવ લાવ્યા સહિ. ૨૭
વાણું વાયુ ને જાગ્યા સોયે, પુત્રી મારણકું ચાલ્યા સહુ કોયે. ૨૮
જ્યારે કન્યાકું મારણ જાયે, ત્યારે કંસકુ કહ્યો સમજાય. ૨૯
તુજકુ મારણ કીયો ઘાત, મને મારે તે ફોકટ વાત. ૩૦
એવું કહીને કન્યા ગઇ ભાગ, કંસ તણે હૈયે લાગી આગ. ૩૧
ગોકુળ માંહે વરત્યો જેજેકાર, કંસતણે ઘેર પડયો પોકાર. ૩૨
ત્યારે ગોકુળમાંહે અવતર્યા દેવ મોરાર, ઓછવ હુવા સર્વે સંસાર. ૩૩
અષ્ટમે શ્રી કૃષ્ણ દેવ ત્યારે ગોકુળમાં અવતર્યા દેવ મોરાર. ૩૪
ત્યારે આહેરમાં આવ્યા કાન, ત્યાં નંદ જસોદાએ દીધાં માન. ૩૫
ગોકુળ માંહે આવ્યા હરી, ભકતુને ઘેર મનોહર ફરી. ૩૬
દેવ દેવકીને કુખે અવતર્યા છે આંહે, દેવે દુધ પીધું છે જસોદા માયે. ૩૭
ત્યારે જસોદાને ઘેર મંગળ વર્તયાં ચાર, ત્યારે તહાં વાજાં વાજીંત્ર નાદ અપાર.૩૮
ત્યારે બહુ આનંદ ગોકુળમાં ભયો, કંશાસુરને સાલે હયો. ૩૯
જેમ જેમ કળા શ્રી કૃષ્ણની ચઢે, તેમ તેમ કંશાસુરને નિસાસો પડે. ૪૦
કશ તણે મન ઉપન્યો સાખ, ભાગી નંદને આવ્યું દુઃખ. • ૪૧
કરે અંદેસો જે ઉપન્યો કાળ, એસો કોઈ નહિ જે મારે બાળ. ૪૨

ત્યાં કંશ વચન બોલ્યા છે આંહે, કોઇ એસો છે જે એ બાળકને મારે જાય. ૪૩
ત્યારે પુતના કંસને કહે છે આય, ભાઇ કો તો હું એ બાળકને મારૂં જાય. ૪૪
કહે પુતના જે સુણો કંશરાજ, જસોદા બાળક મારૂં આજ. ૪૫
માસીએ ટોપી કંદોરો લીધું પારણું, ત્યાં સ્તનમાં વિખ લગાડયું ઘણું. ૪૬
તે મનસુ કપટ કરીને ગોકુળમાં જાય, ત્યાં બેન જસોદા મળ્યા આય. ૪૭
તે કુળ કરી જસોદાને ઘેર ગઇ, દ્વારે જઇને ઉભી રહી. ૪૮
બેન જસોદા ત્યાં મળ્યા આયે, લઇ બેસણુ આલ્યાં ને હરખિત થાય. ૪૯
ત્યાં હસી હરખીને પુતનાએ ગાયાં ગીત, દુત લક્ષણ માંડયું છે સચિત્ર. ૫૦
તે મુખ માંહેથી બોલે હરખપણે, પણ પેટમાંહે છે કાળ, કહો તો બાઈ
હું હરખેશું તેડું તમારૂં બાળ. ૫૧
અરે બાઈ બહુ હેતે ચિત્ત છે મારે મને, કહો તો એ બાળકને ધવરાવું સ્તને. ૫૨
પારણામાંહેથી બાળક લીયો, ગળે ઘાલીને ચુંબન કીયો. ૫૩
તે માસીએ બે હાથે બળ કર્યું ત્યાંયે, માંડી પગને બેઠી ત્યાંયે. ૫૪
ટોપી કંદોરો પહેરાવ્યો બાળ, તેડયો હેતેસુ પણ મનમાં કાળ. ૫૫
બેન જસોદા તમે કરો કાજ, આ બાળકને ધવરાવું આજ. ૫૬
સ્થાને લગાવ્યું વીખ ને પેટમાં કાળ, મનમાં જાણે જે મરડી મારૂં બાળ. ૫૭
તે સ્તનમાં વીખ લગાવ્યું સબળ, પણ મનમાં જાણે જે દાબું ગળ. ૫૮
એસો પુતનાએ કર્યો વિચાર, અંતરજામી જાણે સરવે વિસ્તાર. ૫૯
પુતનાએ બાળક લીયો, સ્થાને સોંપતા પુતનાનો પ્રાણ ગયો. ૬૦
ત્યાં દેવે ચુસી પુતનાના લીધા પ્રાણ, મોસામગત ચલાવા જાણ. ૬૧
ત્યાં દેવે સોખી પુતનાના લીધા પ્રાણ, ઇંદ્રેવે દૈત્ય દાનવ માર્યા જાણ. ૬૨
જે દેવ એકવીશ બ્રહ્માંડની સુધ જો લહે, ચૌદ ભુવનનો છે એ રાય. ૬૩
જેણે દેવ ત્રણ ભુવન પેદા કર્યા છે, તો એ દેવ પુતનાના છળ્યા કેમ જાય. ૬૪
મરી પુતના કર્યો પોકાર ત્યાંહે, તબ માતા જસોદા પોંચી જાયે. ૬૫
ત્યારે ખબર કંશ તણે ઘેર ગઇ, હવે દુશ્મન મારો આવ્યો સઈ. ૬૬
કંશે મારવાને ઘાત બહુ કીયો, અંતરજામી સેવાએ જાણીયો. ૬૭
બાલક રૂપે હરિ દેખ્યો બોલતાં નામ, દૈત્ય તણું તો ફેડવા ઠામ. ૬૮
જ્યારે વરસ આઠના કરસનજી થયા, તે લાવી વાંસળી ને ગો ચારવા ગયા. ૬૯
નવ લખ ગાય જસોદાકે દ્વાર, ને અવર ગોવાળ બહુ અપાર. ૭૦
એકજ ધેનુ ને એકજ બારે, તે પણ કરે આપણો રોજગારે ૭૧
તવ કૃષ્ણે કર્યો વિચાર, છે એ શ્રીબાળ ગોકુળ મોજાર. ૭૨
જે જાદવકુળમાં લહે અવતાર, તેનો કેમ રાખું દુબળો પરવાર. ૭૩
સર્વે ગોવાળીયાને ધનવંત કરૂં, લક્ષ્મી આણી ગોકુળમાં ધરૂં. ૭૪

પુન્ય પ્રતાપે લક્ષ્મી આવે, કીયાને પુને ન જાણે કોયે. ૭૫
જેણે સપાત્ર મુખે ન દીધું દાન, તે દુઃખીયો અને અજ્ઞાન. ૭૬
દુધ દહીં તે ગારીને ખાઉં, એણી પેરે હું પ્રસન્ન થાઉં. ૭૭
કામકાજે ગોવાળણી જાય, સુરાઘર તો દીધાં જહાં. ૭૮
છોકરાં બોલાવી લીધાં કને, પછે ઉઘાડીને પેઠા ઘર માંહે. ૭૯
દહીં દુધ ખાય કર્યા વણુસાડ, છોકરાં શ્રી કરસનજી થાય. ૮૦
ઘેર ઘેર કરસનજી એવું કરે, તેમ તેમ સહુ કોને લક્ષ્મી વસતરે ૮૧
સર્વે ગોવાળીયા પોકારે જાય, કરસનજી દહીં દુધજ ખાય. ૮૨
ત્યારે બોલ્યા ગોવાળ જુઠ કરીયે જાર, આપણે છુપી રહીને અડીયે ચોર. ૮૩
સર્વે ગોવાલણી છુપી રહી એકે ઠામ, ત્યારે કરસનજી પેઠા ઘર મહાં. ૮૪
ત્યાં નાના છોકરાં સાથે આય, ગોવાલણીનું દહીં દુધ ખાય. ૮૫
દોડી ગોવાલણી ને દીયો કમાડ, માંહે છોકરા શું કરે પોકાર. ૮૬
બાળક સર્વે હોય એક ઠામ, કરસનજી ત્યાં અલોપજ થાય. ૮૭
થાપડ મારે બાળકને જે નાર, ત્યારે પાડે રાડોને ને કરે પોકાર. ૮૮
ત્યાં દહીં દુધ કરસનજી ખાઈ ગયા, ને ન જાણ્યું કંઇ અલોપ થઈ રહ્યા. ૮૯
હમકું તમે કેમ મારો માય, દહીં દુધ તમારા કરસનજી ખાય. ૯૦
ત્યારે ગોવાલણી કરે વિચાર, ચાલી જાયે જસોદાકે દ્વાર. ૯૧
સર્વે છોકરાં લઈ ગોવાલણી જાય, તમારો કરસનજી દહીં દુધ ખાય. ૯૨
દ્વાર આંગણે જસોદા કે જાય, તમારો કરસનજી દહીં દુધ ખાય. ૯૩
જસોદાને દ્વારે જઈ ઉભા રહ્યાં, ત્યારે કરસનજી નાસીને ગયા. ૯૪
સુણો જસોદા અમારી વાત, તમારો કરસનજી કરે ઉત્પાત. ૯૫
સુનું ઘર ઉગાડે દ્વાર, પાછળ ગોવાળીયા છોકરા ચાર. ૯૬
તે દહીં દુધના કરે વણુસાડ, અમે આવ્યાં છીએ તમારે પાસ. ૯૭
સુણી જસોદા એમ જો કહે, મારો કાનજી કંઈ નથી ગયો. ૯૮
મારો બાળક જેમાં સમાય, તે ગોવાળણીતણાં દહીં દુધ ખાય. ૯૯
ત્યારે ત્યાં કોપી જસોદા માય, કરસનજી ત્યાં ચાલ્યો જાય. ૧૦૦
ઝાલી કરસનજીને ઘરમાં લઇ જાય, છોડી દામણી ને બાંધે પાય. ૧૦૧
નવસેં દામણી છોડી જોઈ, તો તે પુરા પગ ન બંધાઈ. ૧૦૨
રોવા સરખી જસોદા થઈ, ત્યારે કરસનજી બંધાયા સઇ. ૧૦૩
લાકડાતણો ખાટણીયો આણ્યો તહાં, ત્યારે કરસનજી બાંધ્યા સહિ. ૧૦૪
રોતા કરસનજી બહાર જો આયે, પગે બાંધ્યો ઉખળો જાયે. ૧૦૫
વડ પીપળો દ્વારે હતાં દો ઝાડ, તે વચને કરસનજી ગયા તે વાર. ૧૦૬
તે લીંગો ઉખલો ઝાડ શું અડયો, અડયા પણ દઇ ઝાડ ઉખડી પડયો. ૧૦૭

તે તણાં બે માણુસ હુઆ, હતા શ્રાપ તે સફળ થયા. ૧૦૮
ત્યારે જસોદા મન અચંબો થાય, જ્યારે તમાસો દીઠો એવો. ૧૦૯
એ વિમળા અરજનકું, ત્યાં શ્રાપ હુવા એનકું. ૧૧૦
એ નારદ મુનીકે શ્રાપ, કરસનકો પગ અડે ગયા સર્વે પાપ. ૧૧૧
એવા ભગત ઓધાર્યા ઘણાં, ધનધન પુત્ર જસોદાતણા. ૧૧૨
વરસ બારના કરસનજી થયા, લઈ વાંસળી ને ગૌ ચારવા ગયા. ૧૧૩
કાનરૂપે તો ચારી ગાય, વાઇવણુ તે બહુ ગુણુ ગાય. ૧૧૪
ગોપી ગોવાલણી ટોળે મળી, રમો રાસ તરગ મટળી. ૧૧૫
પરિતે પ્રેમદા લાગા પાય, ને ત્રિકમજી ત્યાં કરમ લખાય. ૧૧૬
નવ નારી જેણે રાખી ઘેર, લોક દુરીજન બોલે પેર. ૧૧૭
ખટ માસની જેણે રેણી ધરી, સૈયર સરવે સરખી કરી. ૧૧૮
સોળ સોળ સરવે સરખી નાર, તેમાં કૃષ્ણુજી બાળ બ્રહ્મચાર. ૧૧૯
પ્રેમે પ્રમદા ભમરી દો, મનલીની હૃદયામાં લહો. ૧૨૦
છળ કરીને વૃંદા છળી, પડયો જાળધંર કરમાઈ કળી. ૧૨૧
મલ્લ અખાડે પેટામાં હાવ, દીઠા દેવ જેને જેવો ભાવ. ૧૨૨
કાનજીરૂપે તો લીલા કરી, ગોપી સઘળી પ્રેમે વળી. ૧૨૩
તે દેવ જમના તીરે ખેલે બાળ, ત્યાં મળ્યા ગોવાળીયા બહુ અપાર. ૧૨૪
ત્યાં જુવે ખેલ માંડયો મન ધરી, ત્યારે દેવે કર ગોવરધન તોળ્યો શ્રીહરિ. ૧૨૫
ત્યાં દેવે તોળ્યા ગોવરધન કારણુ એ, દેવે માંહે ગાય વાછરૂ રાખ્યાં તેહ. ૧૨૬
ત્યાં એ દેવ સોળ સહસ્ત્ર ગોપી વરયા સહી, ત્યાં દેવને સવાલાખ ધેનુ મળે સહી. ૧૨૭
ત્યાં દેવ ગોકુળમાં ગાયે ચારતા હરખે કરી, એવાં ચરિત્ર કીધાં શ્રી હરિ. ૧૨૮
યમુનાની તીરે ખેલે બાળ દડો દોટ, મળ્યો ગોવાળીયા કરોડ દરોડ. ૧૨૯
ત્યાં ગેડી દડો હરિ ખેલવા જાય, જઈ ઝંપલાવ્યું જમના માંય. ૧૩૦
દડો દોટાવી કાનજી જળમાંહે પડયા, જસોદા કો બાળક જમના માંહે સંચર્યો. ૧૩૧
ત્યાં કરે વિલાપ જસોદા રડે, કીએ ઠામે મારો કરસનજી જડે. ૧૩૨
કીયે ઠામે બુડયો કરસનજી જોયે, એવું બોલ્યાં જઈ જસોદા માય. ૧૩૩
જ્યાં જંપલાવ્યું કરસનજીએ, ત્યાં જઈ ઉભા જસોદા માય. ૧૩૪
જમનાજી જળમાં દીઠો જાય, ત્યારે પાછાં નાઠાં જસોદા માય. ૧૩૫
ત્યાં દેખી જળ ને કાંપ્યાં શરીર, માતા જસોદા આવ્યાં ફરી. ૧૩૬
જળ માંહે કરસનજીએ ધર્યું ધ્યાન, જાણ્યું મારી માતા તજશે પ્રાણુ. ૧૩૭
જળ માંહે કરસનજી બુડયા જે વાર, ત્યારે સરવે નગર માંહે પડીયો પોકાર. ૧૩૮
માતા જસોદા રોવે તેણીવાર, કંસતણે ઘેર ઓચ્છવ મંગળ ગવાય. ૧૩૯
કરસનનાથ ગયા પાતાળે, જઈ ઉભા વાસંગ કે દ્વાર. ૧૪૦

ત્યારે કરસનજી તો પાતાળે જાય, જ્યાં સુતા છે વાસંગરાય. ૧૪૧
ત્યાં બેઠી પગ ચાંપે નાગણી, દીઠું બાળ અચંબે ઘણી. ૧૪૨
ત્યાં સુતો વાસંગ નાગણી ચાંપે પાય, દેખી કરસનજી અચંબે થાય. ૧૪૩
કહે નાગણી સુણો રે બાળ, આ છે વાસંગ વસીઅળ નાગ. ૧૪૪
અરે બાળક તું કાંઇ ભુલ્યો ઘાટ, તું કેમ આવ્યો વસમી વાટ. ૧૪૫
જ્યારે બાળક ઇઆંથી જાળ, જાગસે વાસંગ તો થાસે કાળ. ૧૪૬
બાળક વચન તું સુણજે મોય, જાગસે વાસંગતો મારસે તોય. ૧૪૭
હાંરે બાળક તું વળ પાછો વચન સુણજે મોયે,મારો સ્વામી જાગશે તો ડંસસે તોયે.૧૪૮
સુણ રે નાગણી કરસનજી કહે. મથુરા નગરી માંહે કંસરાય રહે. ૧૪૯
તે સુણ નાગણી એક વાત, કાંઇ હું નથી ભુલ્યો વસમો ઘાટ. ૧૫૦
કંસરાય છે મથુરા તણો, તેસુ જોવા ખેલ માંડયો ઘણો. ૧૫૧
ત્યાં હું હાર્યો વાસંગનું શિશ જાણ, તે હું કહું તે સત કરી માન. ૧૫૨
હું તે કારણ આવ્યો છું જાણ, તારા વાસંગનું શીશ લઉં પ્રમાણ. ૧૫૩
એણે બોલે ત્યાં કાંપી નાગણી, મરડી મૂછ ને જગાડયો ધણી. ૧૫૪
ત્યાં જગાવી નાગણીએ નાગને કર્યું છે જાણ, ત્યારે શ્રી કરસનજી સાથે થયું ઘમસાણ. ૧૫૫
ત્યાં મચ્યું ઘમસાણ શ્રી કરસનજી નાથસું જાણ, તેને ત્યાં વખે નહિ શ્રી સારંગ પ્રાણ. ૧૫૬
જાગ્યો નાગ ત્યાં હુવો સચેત, ત્યારે કરસન નાથસું હુવો રણક્ષેત્ર. ૧૫૭
વાસંગ ઝાળ કરસન ઉપર પડી, ધોળી અમૃત થાય તે ગળી. ૧૫૮
હુઓ સચેત ધરૂજે બાળ, નાથ્યો નાગ પગ દઇ પાતાળ. ૧૫૯
કોપી કરસન ને ધર્યું ભુજબળ, ત્યારે શ્રી કરસને નાથ્યો વાસંગ. ૧૬૦
હુવા અસ્વાર વાસંગ ઉપર જ્યારે, કમળફુલ લઇ આવ્યા ત્યારે. ૧૬૧
પાતાળથી નાગ નાથી લાવ્યા શ્રી કરસનરાય,ત્યારે ગોકુળ મથુરા માંહે ઠાઠ વરતાય.૧૬૨
મથુરા નગરીમાં આવ્યા તે વાર, પડયો અચંબો નગર મોઝાર. ૧૬૩
ગોકુળ માંહે વરત્યો જે જે કાર, ત્યારે આનંદ ઓછવ મંગળ થાય અપાર. ૧૬૪
ગોકુળ મથુરામાં વરત્યો જે જે કાર, પણ કંશ આગળ પડયો પોકાર. ૧૬૫
અરે કંશ કરસન તો ગયા પાતાળ, ત્યાંથી નાથી લાવ્યા મહા નાગ વિકાળ. ૧૬૬
તે ઉપર કમળ ફૂલ લાવ્યા શ્રી હરિ, ત્યાં દેવે બહુ દાનવ દૈત્ય સંધાર્યા ધરી.૧૬૭
ત્યાં નગરના લોક અચંબો પામ્યા ઘણાં, ધન ધન પુત્ર જસોદા તણાં. ૧૬૮
વાસંગ રાજા રહે પાતાળે, કરસનજી લાવ્યા તતકાળે. ૧૬૯
દેખવા સંગ સુરી નર દેવ, નગરના લોક દેખે તતખેવ. ૧૭૦
ત્યારે સર્વે ગોવાળીઆ બોલ્યા સતધારી, અમે ન જાણ્યું કરસનજી નાથ ધણી. ૧૭૧

જેવા સુણ્યાં નામ તેવાં સેવ, એ છે તરણ તારણ ત્રિભુવન દેવ. ૧૭૨
ત્યારે કરસને ફિરત સર્વે સાંભળી, કંશ ઘેર વાદર ટળી. ૧૭૩
ટળી કરસન મથુરામાં જાય, કંશના દળ જાડાં થાય. ૧૭૪
તે કંશ સુરેદળ જાડાં જે ત્યારે દેવે જાદવાસ્થળી કરીને હસ્તિદંત સંઘાર્યો તે.૧૭૫
ત્યારે ચડી કરસન ને મથુરામાં જાય, કંશ સુંરે યુદ્ધ હુવા તેણે ઠાર. ૧૭૬
માર્યો કંશને પડયો પોકાર, મથુરા નગરીમાં વર્ત્યો જે જે કાર. ૧૭૭
ત્યારે પગટ હુવા ત્રિભુવની દેવ, દૈત્ય કંશ માર્યો તતખેવ. ૧૭૮
શીશુપાળના મોડયાં માન, ત્રણ ભુવનમાં વરતી આણ. ૧૭૯
દૈત્ય કંશ માર્યો જે વાર, સોળ સહસ્ત્ર નારી પરણ્યા તે વાર. ૧૮૦
હરખ્યાં ત્યાં દેવકી માય, પિતા વાસુદેવ હરખાય. ૧૮૧
બાળક સબળ દેખ્યો માય, ત્યારે દૈત્ય તણો ત્યાં ફોડાઈ. ૧૮૨
પાંચ પાંડવ મહા ભગત જો આઈ, તેના સખા શ્રી હરિ હોતા જોઈ. ૧૮૩
ત્યાં આઠમેરૂપે હરિ આવ્યા જ્યારે, દૈત્ય મારણકું ધર્યો શ્રી કૃષ્ણ અવતારે. ૧૮૪
જ્યારે દેવે કંશાસુર દૈત્ય માર્યો જહાં, ભગત સહેદવ તાર્યો તહાં. ૧૮૫
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે કરસન રૂપે ધર્યો અવતાર. ૧૮૬
ગોકુળ મથુરામાં હરિએ રમત કરી, પછે હરિ આવ્યા દ્વારકા નગરી. ૧૮૭
દ્વારકાં નગરી ઉત્તમવાસ, ત્યાં રહ્યા હરિ વૈકુંઠ નાથ. ૧૮૮
શંખ ચક્ર ગદા આસણ બેસણાં, ચતુર્ભુજ ત્યાં રાજ કરે ઘણાં. ૧૮૯
ત્યાં ભગતને કાજે રૂપ જો ધર્યાં, મહા દૈત્ય દુષ્ટ સંઘાર્યાં ઘણાં. ૧૯૦
ત્યારે શ્રી કરસનજી ત્રિભુવનકા ધણી, અને ભક્તજન ઉપર કૃપા ઘણી. ૧૯૧
ઘટઘટ વ્યાપક સચરાચર, ભક્ત કારણ રૂપ ધર્યા મોરાર. ૧૯૨
પાંચ પાંડવ ઉપર કૃપા કરી, તેના સખા થયા શ્રી હરિ. ૧૯૩
પાંડવ રાજા રાજ ધરમવત કરે, સત સંતોક દયા મનમાં ધરે. ૧૯૪
વચ્છ કચ્છ પુન્ય પવિત્ર, દેવ ધરમશું નિરમળ ચિત્ત. ૧૯૫
સતતણી તે કરે પ્રતિપાળ, મહા જ્ઞાનવંતા બન્ને એક દયાળ. ૧૯૬
ત્યાં દુરજોધન સોએ બંધુ શું આએ, તે રાજ કરે હસનાપુરમાંએ. ૧૯૭
કૌરવ પાંડવ દોએ રાજ કરાએ ત્યારે પાંડવ તણાં જશ વરતાએ. ૧૯૮
ત્યારે કૌરવના મનમાં સેંસો થાય, પાંડવ મારણ કીયો ઉપાય. ૧૯૯
ત્યાં ભીમસેને ઉખેડયા જાય, ને સોએ બાંધવના ભાગ્યાં હાડ. ૨૦૦
ત્યારે તહાં દુષ્ટ બોલ્યા બોલ, તહાં દુર ઉભા રહ્યા સોએ અતોલ. ૨૦૧
ત્યાંપર નાકા મુખે. પાણી ગયાં, ત્યારે મરતા સરખા કૌરવ થયા. ૨૦૨
ત્યાં ક્રોધવંતા દરજોધન ભયા, વિખના લાડુ ભીમકુ દીયા. ૨૦૩
ત્યાં સમર પાંજરા અમુલખ કર્યાં, સુઆ ભીમ તે ગગને ધર્યાં. ૨૦૪

વળી ત્યાં ભીમ પીઆલે ગયા, ત્યાં વાસંગ બેટીએ જીવતા કર્યાં. ૨૦૫
ત્યાં વાસંગબેટીસું વીઆ થયો, તાંકો પુત્ર બબરીક ભયો. ૨૦૬
જ્યારે આઠમા અવતાર સંગે શ્રી કરસન જોયે, ત્યારે દેવ દાનવને સંકટ હોયે. ૨૦૭
ભાઈ ત્યારે અરજણ દીવો પાંડવ મહાં, શ્રી કરસને તેજ મેલ્યું તે મહાં. ૨૦૮
મખી ધરમ પુત્ર થાપ્યા સોયે, અને દૈત્ય તો દુરજોધન હોયે. ૨૦૯
જ્યારે ગોર વિદુરવ્યાસ અમર પદ વાચા જહાં, ત્યારે રાજા ધરમ રળીઆત થયા છે ત્યાં. ૨૧૦
જ્યારે તહાં મહાદન વેળા સાંભળી, ત્યારે સનમુખ થયા આપે વળી. ૨૧૧
સ્વામીજી તે દેશ મુલક છે કહીં, પછે અમથી વેઠાસે નહીં. ૨૧૨
ભાઈ પાંડવો મહાદન તો પાસે છે તેહ, અને હુંપણું કરોછો એહ. ૨૧૩
તે આખરવેળા જાણો સોયે ભાઈ સહિ માદનવેળા તેહ. ૨૧૪
ત્યારે રાજા ધર્મ રોયા આપણ જીવ સકાજ, ભાઇ અમો પાંડવનું પુર્ણ મન માન્યું આજ. ૨૧૫
ભાઈ પાંડવો તમે હથિયાર હાથથી નાખજો આજ, જો અમર પદ લેવાનું હોય કાજ. ૨૧૬
ભાઇ પાંડવો આપણે રાજ કળીમાં અવતર્યાં મરમ, પણ અહિંઆ તો છે સતપંથ ધરમ. ૨૧૭
તમે લોકને દુભવસો જીવહીંસા કરસો અધરમ, તે કેમ તમે ભોગવસો કરમ. ૨૧૮
ત્યારે આ સતગોર વચને પાંડવે હથીયાર હાથથી નાખ્યાં જો, ત્યાં કૌરવ બળ વધું ત્યાંય. ૨૧૯
ત્યાં કૌરવ પાંડવને વેરવા દુઝે, પહેલે રમ્યા આમલી પલીતે. ૨૨૦
ત્યાં પાંડવ કૌરવસું દેવે હારજીત પરઠી તેહ, અને રમીયા સારા પાસા જીતે. ૨૨૧
આ રમત રમતાં હારસે જેહ, ભાઈ સહિ વનમાં જાસે તેહ. ૨૨૨
ત્યાં ભીમસેન બોલીયા મન, સહેદેવ, નકુળ, ને અર્જુન. ૨૨૩
ભાઈ સારા પાસે ખેલીસું યત્ર, ત્યાં વદીયા છે ધરમ પુત્ર. ૨૨૪
ત્યાં પાંડવે અશ્વ ગજરથ વદીયા જેહ, અને વદીયા સરવે દેશ મુલકનું રાજ.૨૨૫
નહિ તો બાર વરસ વન ભોગવું આજ, ત્યાં ગોરના સેવક થઇને કરવું કાજ.૨૨૬
એવું વદીને પાસા ઢાળ્યા તહાં, અને ભીમસેન એવું બોલ્યા જહાં. ૨૨૭
તે પાસા સરવે સવળા પડીયા જહાં, પણ અવળા ન પડે તહાં. ૨૨૮
તે ભગત પાંડવે સારે પાસે ખેલ્યા જહાં, ભાઈ તે હસનાપર જો મહાં. ૨૨૯
તે તહાં પાંચ પાંડવ હારીયા જહાં, ભીમનો મસ્તમલ હસ્તિ છુટયો તહાં. ૨૩૦
તહાં રાજા જુજેષ્ટળ નીચું નિહાળી રહ્યા, ત્યાં ભાઇ અમને પુરો વસવાસ હોતા ત્યાંય. ૨૩૧

સભા માંહે શ્રી કરસન પોતે પધાર્યા જેહ, ભાઇ અમારે સવળા પડશે તેહ. ૨૩૨
સ્વામી જ્યાં દેવ પોતે પધાર્યા સહી, સ્વામીજી જ્યાં ભકતુને વેળા પડી તહિં. ૨૩૩
ત્યારે સ્વામી તમે સાર કરી તતકાળ, હરજી તમ હાથથી મેલીયા તે સેવા
કરવી દયાળ. ૨૩૪
ભાઇ પાંડવો એવડી વિમાસણ કરો કેમ, ત્યારે તહાં બોલીયા રાજ સતધરમ. ૨૩૫
જો રમત રમતાં હારીયે જન, ભાઇ તે તમે દુખ ન ધરસો મન. ૨૩૬
ભાઇ પાંડવો તમે પગે ચાલી દેવની સેવા કરો એમ, અને તપસી જળ રાખો મન. ૨૩૭
જો દેવની સેવા કરતાં જીતસો તન, તો દેવ આપે અશ્વ ગજ રથ બહુધન. ૨૩૮
ત્યાં ઘુતસભાથી ઉઠયા મન, તે સુભટ દરજોધન. ૨૩૯
તે હસિ તાલી લઈ રહ્યા મન ભાઈ તે, તહાં દુઃશાસન ભાઇ આપણુ માત-
પિતાને પાયે લાગીએ સવેળાએ સતગોરજીને નમ્યું શીશ. ૨૪૦
આજ આપણો બોલે ઉપર થયો જસ, તે આપણુને જીતાડયા જગદીશ. ૨૪૧
ભીષ્મ દ્રોણ ને કૃપાચાર્ય, અને અશ્વથામા કહીએ જેહ. ૨૪૨
જે સહુએ મહા વિદુર અળગા થઈ રહ્યા જેહ, તે સભા સર્વે જોઇને કેજો તેહ. ૨૪૩
તે પાંડવ ભગત છે તમો તણા જાણુ, તે સ્વામી આજ તમે હરાવ્યા નિરવાણ. ૨૪૪
પણ તેને આખર વેળાએ આપસો જાણુ, તમો છો સમરથ સારંગપાણ. ૨૪૫
ત્યાં દૈત્ય દુરજોધન એમ બોલ્યો સહિ, ભાઇ દુસાસનની ધીરજ રહે નહિ. ૨૪૬
પાંડવો તમે શું મોં લઇને વન જાવો પાંચે વિર, નહિ તો નાર પંચાળીના
કહાડે ચીર. ૨૪૭
ત્યાં દુસાસન દુત પાંડવ ઘેર મોકલ્યો જાય, જઇ પોતો નાર પંચાળી ઘેર માંય. ૨૪૮
તે સતીએ પરપુરૂષ સરખો દીઠો આવતો સાર, તે નાશી મોહલમાં પેઠાં તે નાર. ૨૪૯
તે દુત દાસીએ પાછો વાળ્યો મરમ, જે ભાઇ આજ રાણીને છે અસ્રિધરમ. ૨૫૦
આજે કોને અભડવાનો અધિકાર નહિ કરમ, આપણો બ્રાહ્મણ સમો ક્ષત્રિધર્મ. ૨૫૧
દુત દાસીના વચન સુણીને પાછો વળી જાય, તે આવતો દીઠો દુરજોધન રાય. ૨૫૨
એણે ભુંડે દોમણ કામ નિપજાએ, ભાઈ દુસાઃસન તું ત્યાં જાએ. ૨૫૩
તે દુત દુસાઃસન કોપ્યો અત્યંત, તે કરે મનમાં ઉત્પત. ૨૫૪
તેહને હું એમ મારતો લાવું માનું નહિ અત, જેમ કંથ પાંચે દેખે એકચંત. ૨૫૫
તે દુષ્ટ ત્યાંથી સંચર્યો પેર, તે પોતો નાર પાંચાળીને ઘેર. ૨૫૬
તે સતીએ જેમ સરખો આવતો દીઠો ઘેર, ભાઈ હવે તેની સાથે શી પેર. ૨૫૭
ને દાસીએ દુશાઃસન વારીઓ જાણુ, ભાઇ અમે અબળા ઉપર શું કરો છો પ્રાણ. ૨૫૮
તે આજ રાણી છે રજસ્વળામાં જાણુ, તે મુખમાંથી ન બોલે વાણુ. ૨૫૯
તે ઘરમાં દુષ્ટના પાપી ચરણ જો પડયા, સ્વામી તે અમે આચરણ હિણા જો થયાં. ૨૬૦
ત્યાં નારી હિંડે નાસતિ જહાં, એને દુસાસન પુઠે ધાયો તહાં. ૨૬૧

તે ધર્મ અબળા આભડી તેસ, અને તે ધસીને ગ્રહ્યા કેસ. ૨૬૨
તે સતીના ધર્યા કેસ, ભાઈ અમે છીએ અબળા બાળે વેસ. ૨૬૩
આજ વીરા અમારે નથી અવસર કીયા સાર, મુને સિદ્ધ લઇ જાવો સભા મોઝાર. ૨૬૪
ત્યાં મુને સભામાં સહુ લોક દેખસે સાર, વિરા અહિંયા જાણો તો મારો ઠાર. ૨૬૫
તે દૈત્યે કેસ ધર્યા કામની એમ, તેને મોલ મંદિર છોડાવો કેમ. ૨૬૬
ત્યાં લોકો બહુ જોવા મલ્યા મરમ, ભાઈ ઇઆનો ધણી છે રાજા ધરમ. ૨૬૭
ઇઆ શ્રી ગોરનરની ઘણીએક અસ્તુતિ કરી જાણ, કામનીએ સંભારા સારંગ પ્રાણ. ૨૬૮
સ્વામી મારા અવેળામાં તમે સાંપ્યા જાણ, તમે ભક્તવત્સલ છો સહિ ભગવાન. ૨૬૯
સ્વામી મારે તમે માતને તાત, અને તમે આજ સગાં સજન મોસાળ. ૨૭૦
આજ પીયર બંધવ સ્વામી તમે સાર, અને તમે સાસરૂં તમે સંસાર. ૨૭૧
સ્વામી આગળ સતીએ એવા વિલાપ કર્યા જાર. ત્યાં વિનંતિ કરતાં ચાલ્યાં સભા મોઝાર. ૨૭૨
તે સભા માંહે કંથ દીઠા અને મના જ્યારે, ત્યારે તે બેઠા છે અળગે ઠાર. ૨૭૩
તહાં સુભટ સહુ ટોળે મળીને આયે, તે જુવે છે સતિનું રૂપ ત્યાંયે. ૨૭૪
ત્યાં સતિ અંગ ઉઘાડું ન કરે, જે પણ તહાં બળ કરે ભુપ તેહ. ૨૭૫
તે સતીને આણી સભા મદ્ધે ઉભા કર્યાં જહાં, તેની રખે સઘળા ભુપ તહાં. ૨૭૬
ભાઇ કુણે પેલો નખ માર્યો નરખો નથી જેહ, તે પરપુરૂષ નરખે તેહ. ૨૭૭
તે સતિ સભામધે ઉભા રહ્યાં જેહ, તે તહાં બહુ પાટુ સહી તેહ. ૨૭૮
હવે હું વાટ જોવું મારા નાથની ત્યારે, તમે સ્વામી કયારે ચડસો અમારી વા'રે. ૨૭૯
સ્વામીજી જે પાંડવ મુને વનમાંથી લાવો આપ, સ્વામી તમ ચરણ પ્રતાપ. ૨૮૦
જ્યાં અરજુને મચ્છ વિંધ્યા આપ, તહાં સ્વામી હું તમનું પરતાપ. ૨૮૧
આગે શ્રી કૃષ્ણજી કે તારે બાઇ દ્રુપદી નારે, બાઇ તું છે ભગત પંચાળી નાર. ૨૮૨
પણ તુજ સરખું મહારે વાલું કોઇ નહિ નાર, બાઇ તે આણે જુગ સંસાર. ૨૮૩
તો વાલજી તે વાલપણું કયાં ગયું, તમે કમળા કેરા કહાવો કંથ. ૨૮૪
આજ કૌરવ કેશ ધરી રહ્યા અંત, તમે કેતાં વાળો તમે કેમ થઇ બેઠા નચંત. ૨૮૫
હવે સ્વામી ઇઆથી છોડાવો તો અમે છુટીએ જાણ, જો તમે પળાવો બ્રહ્મજ્ઞાન. ૨૮૬
જો એવું તમે જાણો મારા નાથજી જાન, તો તમે સાર કરો ભગવાન. ૨૮૭
હવે સ્વામી વિનતી સુણો જેમ જે રાંકની ધરમ, અને તમે પૂછજો સ્વામી સઘળા મરમ. ૨૮૮
પણ હવે ધરમ વાર કરી વિલંબ થાયે છે આમ, સ્વામી હવે તમે વેગે પ્રગટો પરિબ્રહ્મ. ૨૮૯
સ્વામી તમે જુગ માંહે ભગત કારણ આવ્યા કરોડ, અને પેલાં ભગત તારયા અનંત કરોડ. ૨૯૦

સ્વામી તમે ભક્તને કષ્ટ પડે આવી ઉભા રહો હરીરાડ, હવે તમે ભકતોની
માયાવ્યાધી છોડ. ૨૯૧
સ્વામી દાસ ભગત પાંડવ કહે ને કહે તાળ, હવે તમે રૂપે પ્રગટ કરો હો દયાળ. ૨૯૨
તમે હેંડબાથી ભગત ઉગારીયા તતકાળ, તે ભગતની આજ તમે કરો સંભાળ. ૨૯૩
ત્યારે કોપ કરીને કૌરવ ઉઠયા તે વાર, તેનાં મોં દિસે છે મહા વિક્રાળ. ૨૯૪
એ અબળાની લાજ અમે ગમાવીએ આ ઘડી, ભાઇ હવે એનુ પેરણુ લેશું કાઢી. ૨૯૫
ત્યારે પટકુળ મેલરે કામની કાજ, ભાઈ અમારો અવસર છે આજ. ૨૯૬
તે સ્વામી હવે પેરણુ પગરણુની કરો કાજ, નહિ તો હવે જાસે તમારી લાજ. ૨૯૭
અરે મારા નાથજી તમે શે નથી લાજતા કેમ, હવે સ્વામી તમે અવળો
શું કરોછો વલંબ. ૨૯૮
તમે દ્વારકાનગરી સુવરણુની કરી તાં કરો આનંદ, તમે રમો સોળસહસ્ર
ગોપીમાં ગોવિંદ. ૨૯૯
સ્વામી તમે સોળસહસ્રમાં રમ્યાં જહાં, અને તમે સવાલાખ સરજનસું પરવાર. ૩૦૦
આજ તે કારણુ અમને વિસારી તે વાર, હવે તમે જુગજીવન છો આધાર. ૩૦૧
સ્વામી હવે ભગતને ન ઉવેખીયે વળી, પરલંગા આગળ આવો શ્રી હરિ. ૩૦૨
અમે મુખથી કેમ દીજે ગાળ, એવું જાણો મારા નાથજી દયાળ. ૩૦૩
એવું જાણો મારા નાથજી દયાળ, તમે થાવો વચને બળાયા પ્રતિપાળ. ૩૦૪
સ્વામિ દૈત્ય દુસાસન પટકુળ ધરિ રહ્યો એ પાસ, તહાં વળી ઉઘાડે
અંગ ને જાસે મારી લાજ. ૩૦૫
એવું જાણીને વેલા પધારો મારા નાથજી, હવે તમે કૃપા કરો પુર્ણ જગદિશ. ૩૦૬
સ્વામી હવે પટકુળ બળનું રાખીયે માન, અમે છીએ તુજ ભરોષે અજ્ઞાન. ૩૦૭
એવું જાણો મારા નાથજી જ્ઞાન, હવે વેલા વળો તમે શ્રી ભગવાન. ૩૦૮
જહાં શ્રી કરસનજી હતા જેહ, તે દેવ નિદ્રામાં પડયા તેહ. ૩૦૯
દેવ તહાં પોઢયા, અને ઉપર કમળા ઢોળે વાય. ૩૧૦
તે દેવ નિદ્રા માંહેથી ઝબકી ઉઠયા, તે દેવ દ્વારકાનો રાય. ૩૧૧
ત્યાં વેદવ્યાસ બોલાવે તે વાર, ગોર તમે ગુરૂને તેડાવો તત્કાળ. ૩૧૨
આજ દાસ આપણા દુષ્ટ વસ પડીયા ત્યારે, તેની તમે સંભાળ કરો આવારે. ૩૧૩
ત્યારે તહાં દેવને રાણી રૂકમણી લાગ્યા પૂછવા ભાસ, હવે સ્વામીજી એવો કોણુ
છે તમારો દાસ. ૩૧૪
તે કારણુ તમે હરજી હાંકી ઉઠયા આજ, હવે વળી તેને સમરથ કરવા કાજ. ૩૧૫
તે દાસને તમે સ્નેહે ઓળખો તાર, તે ભગત પંચાળી કહોયે નાર. ૩૧૬
એ ત્રેતાજુગમાં તારાલોચની નાર, દ્વાપરમાં દ્રોપદી પાંચ વર પામી પ્રતીપાળ.૩૧૭
તે પાંડવ નાર પંચાળીના પછકુળ હરિઆંજે, તે સાથે હાર્યાં અર્થ ગર્થ ભંડાર.૩૧૮

ત્યાં પાપી પટકુળ ખેંચી રહ્યા, તે અબળા સુંદર નાર. ૩૧૯
સ્વામી તે ભગત પાંડવ મોટા છે તમ તણા સહી,તેની સાર કરો તમે તરત જઈ.૩૨૦
જેને દેવપર આધાર રાખ્યા જેવ, તેને પ્રથમ સાથ લેજો દેવ. ૩૨૧
સ્વામી જે ભગતને દુઃખ પડે દાઝે જ્યારે, તેની પ્રથમ કીજે સાર. ૩૨૨
અને તેને ઉપજે તન માંહે તાપ, સાચા સજ્જને દુખ ઉપજ્યાં આપ. ૩૨૩
તો સેવક સ્વામીને નહિ પટ આંતરો દયાળ, જે સ્વામી સાર કરો તતકાળ. ૩૨૪
સ્વામી ખરા ભગતને દેતા દુખ ઉપજે તાપ, કે દુઃખ ઉપજે ગોરનરને આપ. ૩૨૫
ત્યાં ભગત સહુ ટોળે મળ્યા અન્નદેવ સાર, ત્યાં વેગે ગરૂડને તેડી થયા અસવાર.૩૨૬
તે પાંડવની પટરાણી હો દયાળ, તને મહાદુઃખ દેછે દુષ્ટ ભુપાળ. ૩૨૭
તું પટ ગુંઘટ મેલરે કામની નાર, તારો કો નથી સારી સભામાં ભાળ કરનાર.૩૨૮
તે સહી રહ્યા પાંડવ વન જાસે નિરધાર, બાઇ તે છે તારા ભરથાર. ૩૨૯
તું આગે એમ કહેતી જે અંધકેરો પુત્ર દુરજોધન, તું હસી હતી સર્વે દેખતાં હવે અમે ભાવતાં કરસું મન. ૩૩૦
વીરા ભાઇ વેળા પડે આળ ન બોલીએ જાણ,તમે દુષ્ટ વચન ન બોલો અબુજ અજ્ઞાન.૩૩૧
પણ વળી ભોજાઇ તે માતાના ઠેકાણે જાણ, એમ દેવે લખ્યું તે સહી પ્રમાણ. ૩૩૨
તહાં કૌરવ કહે બાઈ વશીઅળને છંછેડયો આડ, ત્યારે મુખમાં ન નાખી કેમ ફાડ.૩૩૩
હવે દુશાશન તું શાંસો કાં કરે આડ, એનું વેગે તું પેરણ કાડ. ૩૩૪
તે સભામાં વિલાપ નારી બોલે ધરી, ભાઈ હવે એવા ન થઇએ વીર. ૩૩૫
તે દુસાસન સતીને વરૂને પેરે વળગ્યો શરીર, તહાં સતિનું તાણે ચીર. ૩૩૬
ત્યાં ધર્મપુત્ર કહે લાજના રોળ્યાં જશે સોયે નહિ તો હમણાં પ્રગટ થાશે જોયે. ૩૩૭
ત્યાં પનઇ નાખી ભીમ થયા રવરાતળા, પણ ધર્મપુત્રે વારીયા સહી. ૩૩૮
ત્યાં શ્રી ગોરનર દેવ મનવેગે આવી ઉભા રહ્યા સધીર, અને તે સતીનાં ત્યાં પુર્યાં ચીર. ૩૩૯
ત્યાં ભગતે સરવે વિનતી કરી એ મારૂં છે શરીર, ભાઈ હવે જેમ નદીએ વહે છે નીર. ૩૪૦
ત્યાં પાંડવે દેશ મુલક સરવે થોરીયા ત્યારે, અને હાર્યા હસ્તિ ઘોડા ગરથ ભંડાર.૩૪૧
ત્યારે તેણે કૌરવે દસતાળાં કુંચી કબજ કરી જ્યારે, ત્યાં ચીર કાડે પંચાળી નાર.૩૪૨
ત્યાં દેવે પુરણહરિ ચીર પુરયાં આજ, તે ભગત પાંડવોના કરવા કાજ. ૩૪૩
તે સંસાર સર્વે દેખતા આજ, ત્યાં દેવે આપે રાખી ભકતોની લાજ. ૩૪૪
તે દૈત્ય દુસાસને ચીર તાણી અળગું કર્યું શરીર, ત્યાં તે સતી કેરૂં સોહી જે ચીર. ૩૪૫
ત્યાં બીજું દેવે પુરીયું, ત્રીજું પુર્યું સહી, તે પુર્યાં જુગદીસે સાવ સર્વે હીર. ૩૪૬
ત્યારે કૌરવ કહે ભાઇ એક પટકુળ બીજું અંગમાં દીસે જોત, તે લીલું તે કાઢીને જોયું ત્રણે નવરંગી ભાત. ૩૪૭

ત્યાં ચોથું ચતુર્ભુજે પુર્યું આણુ. અને પાંચમું પુર્યું પરી બ્રહ્મ જાણુ. ૩૪૮
તે છઠું દયાળજીએ દયા કરી જાણુ, સાતમું પુર્યું સારંગ પ્રાણુ. ૩૪૯
તે વર્ણ સર્વે લાલ પીળાં લીલાં ત્યારે, ત્યાં શ્રી કરસનજીએ સઘળાં પુર્યાં સાર. ૩૫૦
ત્યાં દેવે પુર્યા એક એક રંગે આગળાં સાર, તેના વર્ણવ વિવેક કથ્યાના નહી આવે પાર. ૩૫૧
તે પુર્યો ત્યાંરે પૃથ્વીમાં પ્રગટ થાય, ત્યાં સરવે દેવદાનત્ર જોવા જાય. ૩૫૨
ત્યાં નવે ખંડના ભુપ સર્વે આવી મળ્યા ધાય, તે કહે દેવ ચૌદ ભુવનના રાય. ૩૫૩
ત્યાં હીરા હરજી થયા જાણો તોયે, અને વાસુદેવ વણકર થયા જોઈ. ૩૫૪
ત્યાં વસતર તેથી બવળાં જાણુ, તે વાત જાણી નવખંડમાં પ્રમાણુ. ૩૫૫
તે દેવે નવસેં નવાણું ચીર સતી પાસે રાખ્યાં જાર, તે સતીએ પેહર્યા જુગમાં સાર. ૩૫૬
તે અચરત જોવા સર્વે એકઠા સાર, ત્યાં મળ્યા જુગ સઘળો સંસાર. ૩૫૭
ત્યાં સતગોર વિદુરવ્યાસ એમ બોલ્યા વાણુ, ભાઈ તે તો સુકરીત સાચું જાણુ ૩૫૮
તે સતીને દેવે તારના પટકુળ પુર્યા જાણુ, તે તો નવસે નવાણું પ્રમાણુ. ૩૫૯
તે પટકુળ પુર્યા કામીની જાણુ, તે પોતે પુર્યા ગોરનરે નિરવાણુ. ૩૬૦
પણ આ સતગોર કહે મેં થોડા વર્ણવ કર્તાતત, તે પટકુળ વર્ણવા રંગજાત ને ભાત. ૩૬૧
તે વખત દ્રોણ કૃપાચાર અસ્વથામા સુદ્ધ ભાઇએ કૌરવની સભાનું ઉધું વર્ત્યું જ્યારે પાંડવસું કીધો વેર. ૩૬૨
ભાઈ એ પાંડવને પાસું સમરથ શેહનું આયે, ભાઈ તે કેમ ગાંજ્યા જાયે. ૩૬૩
ભાઇ જેણે નવસેનવાણું ચીર પુરીયાં ત્યાંહે, તે પુરીયાં એકવીસ બ્રહ્માંડ કેરા રાયે. ૩૬૪
એકવીસ બ્રહ્માંડ કેરે નાથે ચીર પુરીયાં આજ, ત્યાં નાર પંચાળીની રાખી લાજ. ૩૬૫
ત્યાં દેવ એક આવી ઉભા રહ્યા મહારાજ, ભાઇ તે ભકતોના કરવા કાજ. ૩૬૬
ત્યારે રાજા દુષ્ટ બોલ્યો એણી પેરે જાણુ, બાઇ અમે છું અંધ ને અજ્ઞાન ૩૬૭
હવે સતી તમે શીતળ વચન સીંચજો જ્ઞાન, અમો એમ માગું છું વરદાન. ૩૬૮
હાજી તમે સંસાર એમ બહુ વર જાત, એને તમે એસી કહો છો વાત. ૩૬૯
એ લખ્યું થયું અમારા કરમનું જે, હવે કોને દેજે ઉપાવાદ જે. ૩૭૦
એ રમત રમતાં હારજીત ખાતર, વટ પાળવા તાર અમે રાજા તુ પાડું કુળ દાસી નાર. ૩૭૧
અમો પાંડવ ભક્તિ સેવા કરવા સાથે વન ચાલશું આજ, અમે માગું વેકુંઠ દીનદયાળ. ૩૭૨
જે ઈઆ દેવે નવસે નવાણું ચીર પુરીયાં તાર, તે તો જાણે સર્વે જુગ સંસાર. ૩૭૩
તે પાંડવ વન ચાલે આજ, અને દૈત્ય દુરજોધને લીધાં રાજ. ૩૭૪
તે પાંડવ આ સતગોર વચને ચાલ્યા ધીર, અને આ સાચા સતપંથ પ્રમાણુ થયા વીર. ૩૭૫

તોએ પગ પાછો નહિ માંડીયો રાખ્યું ધીર, જો દૈત્યે નાર પાંચાળીના
કાઢયા ચીર. ૩૭૬
ત્યાં હાર્યો પાંડવ વન ગયા કાજ, તે કૌરવ કહે અમે બહુ કરીસું રાજ. ૩૭૭
ત્યાં દુરજોધનશું રમવાને ગયા, ત્યાં હરાવી રાજ ને વન મોકલ્યા. ૩૭૮
બાર વરસ તો વનવાસ ભોગવે આજ, ત્યારપછી હું આલું રાજ. ૩૭૯
તે પાંડવ બાર વરસ વનમાં રહ્યા આજ, એણે ત્યાં સેવા કીધી શ્રી મહારાજ. ૩૮૦
ત્યાં તેણે એકમને કરી આરાધ્યા સાર, એને તો વનપાનનાં લીધા આહાર. ૩૮૧
ત્યારે દુરજોધને દુર્વાસા મોકલ્યા જહાં, અને વિદ્યાર્થી સહસ્ર અઠીઆસી તહાં. ૩૮૨
ત્યારે પાંડવે કાષ્ટ પ્રજાળી કીધા સાથ, પણ નાર પંચાળીએ રાખ્યા હાથ. ૩૮૩
ત્યાં અબળાની વિનતી વલવલે તાપ, સ્વામી તમે પોતે પધારયા આપ. ૩૮૪
તે દુરવાસા સંધ્યા તરપણ કરવા ગયા આપ, સહસ્ર અઠીઆસી દેસે શ્રાપ. ૩૮૫
સ્વામી તમે પેલા ગોર બ્રહ્માના વેદ વાળ્યા જે, અને તમે સાયર મથીયા તેહ. ૩૮૬
ત્યાં ચૌદ રત્ન કાઢયાં જેહ, અને ભક્તોને અમરત પાયાં તેહ. ૩૮૭
સ્વામી તમે ધરણીધર દાઢે ધરી મહારાજ, તમે લોહ થંભમાં પ્રગટ
થઈ ભક્તોના કીધાં કાજ. ૩૮૮
ત્યારે પાંચ કરોડીસુ તાર્યો પ્રહલાદ, તેને દેવે આપ્યું અવિચળ રાજ. ૩૮૯
સ્વામી તમે બલીરાજા બુધીએ છળ્યો જેહ, અને ઈંદ્રનું ઈંદ્રાસન રાખ્યું તેહ. ૩૯૦
તમે પોતાનું વ્રત પાળી રાંક એક કર્યો જેહ, તમે સહસ્રાઅર્જુન મારી
લોહાપંજર લાવ્યા તેહ. ૩૯૧
સ્વામી સાંહેર પાળ બાંધી પત્થર તાર્યો જેહ, અને દસ મસ્તકનો રાવણ
છેદ્યો તેહ. ૩૯૨
તમે હનુમંતને દ્રોણાગર પર્વતે જઇ પ્રગટ થયા જેહ, અને સતી સીતાને
લાવ્યા તેહ. ૩૯૩
સ્વામી તમે ભગત હરિચંદની લોહાખંણગથી ઉગાર્યાં તારા રાણી તે,
અને તહાં ગોરનરે તપ બહુ કીધાં જેહ. ૩૯૪
સાત કરોડીશું ભગત હરિચંદ નીપના સીધાં કાજ, તેને આપ્યું અવિચળ
અમરાપુરી મહારાજ. ૩૯૫
સ્વામી તમે દુવા દલપીને ગોકુળ રાખ્યું તેહ, અને કરે ગોવરધન તોળ્યો જેહ. ૩૯૬
તમે પાતાળે પેસી નાગ નાથી કમળ લાવ્યા જે, અને અબળાના પટકુળ
પુરયાં તે. ૩૯૭
સ્વામી ત્યારે તમે ભગત સહુની વીનંતી સાંભળી તાત, ત્યાં અનંત
ભગત મળ્યા બહુ જાત. ૩૯૮
ત્યાં પાંડવે કાષ્ટ એકઠાં કીધાં જાણ, તે દુરવાસા ભોજન કે માત્ર. ૩૯૯

તે સતીએ દેવને તહાં એ વિનતી મોકલી જહાં, રૂક્ષ્મણી થાળ પુરે તહાં. ૪૦૦
ત્યાં મહાવેગે પોતે પધારયા રાજ, તે દુરવાસા ભોજન કાજ. ૪૦૧
અમે ભુખ્યા બેન આ લાવ્યો થાળ, કાંય હોય તો લાવો ભોજન તતકાળ. ૪૦૨
ત્યાં દેવે પાંદડું ગરાસી આળ, ત્યાં ત્રણ ભુવનમાં પુરયા થાળ. ૪૦૩
તે પાંડવને બાર વરસ પુરા થયાં તહાં, તે ગયા કનલી વન છે જ્યાં. ૪૦૪
ત્યારે પોતે શ્રી ગોરનર પધારયા જહાં, ભાઇ સત ધર્મે પુછયું છે તહાં. ૪૦૫
તે ભગતે ત્યાં કાયા કસી છે ઘણી અતીજોગ, અને તહાં વનપાનના લીધા ભોગ. ૪૦૬
શ્રી ગોરનરે એણી પેર સત રાખ્યાં ભોગ, તો થયા સ્વામી દર્શન જોગ. ૪૦૭
તે પાંડવ દેવને કાજે નિશાની કળપ વખની તન, ત્યારે તેની પાસે કાંઈ ન હતું અન્ન. ૪૦૮
ભાઈ જો વનફળ આપો દેવ શ્રીકૃષ્ણ કહે આરોગીયે અન્ન, તો બાર વરસના બમણા ચોવીસ રહીયે વંન. ૪૦૯
ત્યાં દેવ હરિએ હા કૈય પાંડવ રાજન, ભાઇ હવે તમે ધીરજ આપે થાઓ દીન. ૪૧૦
રોપી આંબા ફળ પુરાં પડે, ભાઈ તો તહાં ભોજન ભીડે. ૪૧૧
ત્યાં સરવે ધીરજ આપીયાં તે લેવા અમરપદને કાજ, તેને એણી પેરે ગોરનરે પૂછયું તેની ક્ષાણું ન રાખી લાજ. ૪૧૨
ત્યારે પાંડવે ત્યાં ભક્તિ કરી, ગોરના વચન શીર ઉપર ધરી. ૪૧૩
ત્યારે બાર વરસ ભોગવ્યો વનવાસ, જો છતા થસો તો રાખીસું દાસ. ૪૧૪
તે વચન બાંધ્યા સતીઆ વનમાં ગયા, જ્યારે બાર વરસ પરીપૂર્ણ થયાં. ૪૧૫
જ્યારે દેવની વીનતી કરી જહાં, તે દરજોધન પાંડવને પુરણ ઘેર તેડી આવ્યો તહાં. ૪૧૬
તે જઈ ઉતાર્યો લાખા મંદીર મહાં, ત્યાં પાંડવને લાડુ વિખના ભોજન પીરસ્યા તહાં. ૪૧૭
જ્યારે સતીએ ભોજન પીરસ્યા જહાં, પણ તે સતિ ભાનુમતિ સત ન ચુકાં તહાં. ૪૧૮
ત્યારે દરજોધને લાખા મંદર લગાવી અને કીધું વિશ્વાઘાતનું કરમ, ત્યાં પાંડવ લાગા દાઝવા તારે જોશી સહદેવને પૂછયા મરમ. ૪૧૯
જયારે દેવ દીધી આગ ને ઉઠી જાળ, ત્યારે તહાં કીટચોરે પાંડવનો રે કાળ. ૪૨૦
ત્યારે લાખા ઘરમાં સુરંગ બાંધી જહાં, વન વિસે નાસી આવ્યા તહાં. ૪૨૧
પણ રાખનારો મોટો દેવ જળથળમાં ચીંતા કરી તતખેવ. ૪૨૨
પાંડવ તણે શિર મોટા જગદીસ, પાંડવ ધર્મ પુન્ય પવિત્ર. ૪૨૩
ત્યારે બોલ્યા પાંડવને કુંતાજી માય, સામું જુવે રે જુજેષ્ટળ રાય. ૪૨૪
ત્યારે ભીમસેન તો એમજ કહે. ભાઇ સહદેવ જોસી કાંઈ મારગ છે. ૪૨૫
એક લાખ મણની શિલા જ્યાંય, તે હેઠળ સતગોરે સુરંગ કરી કહેવાય. ૪૨૬
પેહલાં ઉતર્યા સતિ દ્રૌપદી કુંતાજી માય, પછે ઉતર્યા જુજેસ્ટળ રાય. ૪૨૭

પછે ચાલ્યા નિકુળરાય સેહદેવ સહીને, પછી ઉતર્યો અર્જુન ભીમસેનભાઈ. ૪૨૮
સુરંગે પાંડવ ઉતર્યાં જઇ, ત્યાં અગ્નિને વાચા થઈ. ૪૨૯
આ ધણી ઉપર રાખો પરતીત, તો ભગત સખા જાણે શ્રી હરિ. ૪૩૦
ત્યાં પાંડવ સુરંગે ચાલ્યા સતશું ત્યાર, તે જઈ પોંચા પાંચ નદી મોઝાર. ૪૩૧
તીરથ નદીએ સ્નાન કીધું સતસો હોય, જઇ પોતા વિરાટ નગર મોઝાર. ૪૩૨
તે પાંડવે એણીપેરે આપજ ગાળીયા, ત્યાં સેવક થઈ કાજ કર્યાં અપાર. ૪૩૩
તે ભગત રાજદ્વારે જઇ ઉભા રહ્યા સહુ, રાજા વૈરાટ તમસું કહું. ૪૩૪
ભાઈ અમુને વેળા વસમી છે આજે, અમો પંડવના વિરતા ઘરા છું. ૪૩૫
ભાઈ એણે પાપી કૌરવે પોતાનું કુળ નકંદન કરયું જાણ, અને કૌરવે જુગમાં ખોયું નામ. ૪૩૬
લાખા મંદિર પ્રજાળી પાંડવ હોમ્યા જાણ, રાજા કહે ભાઈ તમે ત્યાં શું કરતા કામ. ૪૩૭
ત્યારે રાજા વૈરાટની જોડે બેસારીઆ જાન, અને તે સહુ ભાઇને પ્રણામ કરીને દેતા માન. ૪૩૮
ત્યાં જોસી સેહદેવ શાસ્ત્ર વાંચતા જાણ, ભીમ ઘેર સીધા પાક રાંધે ધાન. ૪૩૯
તે રાજા વૈરાટ ઘેર પાંચે પાંડવે સેવા કરી સોયે,અને નીકુળને છોડયા દરવાજે જઇ.૪૪૦
તે અર્જુને અભિમાન મુકી સોય, અને તહાં હાથમાં છાગળ જાલી જોઈ. ૪૪૧
તે રાજા વૈરાટ પાંડવને પૂછે વિચાર, ભાઇ તમે એ સ્રીને મોકલો મોલમાં જ્યાં અમ નાર. ૪૪૨
ત્યારે ત્યાં દ્રુપતી મંદિર અવાસ, ત્યારે જઇ રહ્યાં પટરાણી કે પાસ. ૪૪૩
ત્યાં રાણી નાર દ્રુપતિ દેખી કરે વિચાર, ભાઇ એવી સુંદરી નહિ કો નાર. ૪૪૪
ત્યાં આવ્યાં બાઇ કહી બહુ રાણી દેયા હુંકાર, હવે બાઇ તમને પહેરાવું સોળ સણગાર. ૪૪૫
ત્યાં કૈયો કીચક રાણીનો બંધવ આઈ, તેણે દ્રોપદીનું રૂપ દીઠું તેણે ઠાર. ૪૪૬
તે દૈત્ય બોલ્યો સતિ દ્રોપદીના મોં સામું જોયે, હાંરે દાસી મુજ પાસે તું આવસે સોયે. ૪૪૭
નહિ તો હું તને જોરે તેડાવું નાર, કૈયો કીચક બોલ્યો તેણે ઠાર. ૪૪૮
સતીએ એવાં વચન કઠણ સુણી ગયાં પાંડવ દરબાર, તે તહાં જઇ ઉભા રહ્યાં પંચાળી નાર. ૪૪૯
દૈત્યનો ભાવ સતીએ કહો છે ત્યાંય, ત્યારે પાંડવો દૈત્ય કૈયોકીચક મુજને બોલાવે છે ડેરા માંહે. ૪૫૦
પાંડવો તમે તમારૂં કરજો કાજ, નહિ તો પાંડવ કુળની જાશે લાજ. ૪૫૧

ત્યાં પાંચ પાંડવ મળી ભીમસું વિચાર જો કરે, ત્યારે ભીમસેન નારી રૂપ ધારી ડેરામાં સંચરે. ૪૫૨
ત્યાં ભીમે કૈયો કીચક દૈત્ય સાથે લીમો બોલાઇ, તે બેઉ જણ ચાલ્યાં ડેરા માંય. ૪૫૩
તે ત્યાં ડેરે જઇને બેઠાં દોએ જણા, ત્યાં દૈત્યે ખેલ હુસરત માંડયાં ઘણાં.૪૫૪
ત્યારે ભીમસેનનાં મનમાં ઉઠી ઝાળ, ભીમે દૈત્ય કીચક માર્યો મહા વિકરાળ ૪૫૫
તે દત્યને ભીમે દેવળ કુંભી તળે ચાંપ્યો ઘ.ર, ત્યાં લખ્યા અક્ષર ભીમ બહાર નિસર્યો.૪૫૬
ત્યારે વાણું વાયું લોક જાગ્યા સર્વે કોઇ, તે વૈરાટની સભામાંહે ચર્ચા હોય. ૪૫૭
તે સર્વે સભામાં ઉપન્યો ક્રોધ, ભાઇ આ ત્રિયા કારણ મુઓ યોધ. ૪૫૮
ત્યાં જે કોઈ જઇને રાજા વૈરાટની પાસે ઉભો રહે, તે સર્વે મેં માર્યો કહે.૪૫૯
તે અગન દાગ દેવા જોદ્ધો કહાડયો નગર મોઝાર, ત્યારે ભીમસેને સાથે તેડયા છે તેણીવાર. ૪૬૦
તે દૈત્યે ભીમસેન તેડયા છે ત્યાંય,ભીમ બાર વનની કાષ્ટ લાવ્યા ક્ષણું એક માંય. ૪૬૧
જયારે કાષ્ટ લગાડી મોટી જાળ ઉઠી ત્યાંયે, ત્યાં ભીમસેન સોભાઇ સમેત કૈયો અગનમાં દીયો જાય. ૪૬૨
ત્યાં એકસો બાંધવ પરવાર, તે સોનો ભીમે વાળ્યો સંહાર. ૪૬૩
ત્યાં ભીમસેને કૈયા કીચકના માર્યા સોભાઈ સમેત, તહાં ભીમે જીભ્યા કાઢીને મરતો રાખ્યો એક અચેત. ૪૬૪
તે પાંડવ બાર વરસ ગુપ્ત હોય રહ્યા જાણ, તે પાંડવ રહ્યા છે દાસપણા માંહે પરમાણ. ૪૬૫
ત્યારે દરજોધને જેવત મલ મોકલ્યો જોયે, ત્યારે ભીમ ત્યાં છતા થયા છે શોયે. ૪૬૬
ત્યારે ભીમે ભોજન માગ્યા અલુ ઢગલા જેહ, સતીએ સંભાર્યાં શ્રી કરસનજી દેવ ભોજન લાડુ પુર્યાં તહાં. ૪૬૭
જેવત મલે સરવે દેશ મુલકના રાજા જીત્યા જે, તે રાજા વૈરાટ ઘેર આવ્યો તે. ૪૬૮
ત્યાં ભીમે ભોજન ગરાસ્યાં જેહ, તે જેવતમલ આકાશે ઉડયો તેહ. ૪૬૯
તે જેવતમલ તો ત્રણ દહાડે આવ્યો તહાં, અને તેની ખબર ગઇ દરજોધન જહાં. ૪૭૦
આપણે ફસાવ્યા લાખામહેર જળાવ્યાં જહાં, પણ પાંડવ છે વૈરાટ મહાં. ૪૭૧
ત્યારે દરજોધનના આથમણેથી દળ આવીયાં જહાં, રાજા વૈરાટ પાસે ચાલી જાય તહાં. ૪૭૨
એક ઉતરા કુંવર અળગો રહે ત્યાંય, બાકી સર્વે દળ સાથે થાય. ૪૭૩
ત્યારે તહાં સરવે ધેનુ વાળી ને ઉગમણા ગયા જેહ, ત્યાં અર્જુને ઉતરા કુંવરને ઉઠાડીને ભાઇ રથે બેસારયા તેહ. ૪૭૪
ત્યાં અર્જુન બોલ્યા સતશું આઈ ભાઇ, આપણો ક્ષત્રિ ધરમ તો જાય. ૪૭૫
ત્યારે ઉતરાકુંવર બોલ્યા આપસું જોય, ભાઇ મુજથી કાંઈ નવ થાય. ૪૭૬

ત્યાં અરજનને ઉતરાકુંવર બાંધ્યો અંગસું સાથ,ને સમળીએથી હથીયાર લીધાં હાથ.૪૭૭
ત્યાં અશ્વ મંત્ર કરીને પવન વેગે રથ ખેડીયો આપ, સંભારયા શ્રી કરસનને લીધા સાથ. ૪૭૮
જેમ દિન ઉગે અલપસું જોયે, ત્યારે બાણુ એકના સહસ્ત્ર લાખ કરોડ હોયે. ૪૭૯
કામધેનુ ત્યાંથી વાળી આવ્યા જોયે, ત્યાંથી વૈરાટપર આવ્યા સોયે. ૪૮૦
તે ઉતરાકુંવર ધેનુ વાળી આવીયા ત્યાંય, ત્યારે દન બે પટાંતરે જાયે. ૪૮૧
ત્યારે પાંડવે રાજા વૈરાટ ઘેર બારબાર વરસે સવાલ કીયો જાયે, ત્યારે સરવે સિધ પરિપૂર્ણ થાયે. ૪૮૨
તે સંઘે પાંડવ પ્રગટ થયા આજે, સ્વામી અમથી બહુ અપરાધ થયો છે તે. ૪૮૩
ત્યારે રાજા વૈરાટ એક પગલે ઉભા રહ્યા આપ, સ્વામી તમે હવે અમને કરજો માફ. ૪૮૪
ભાઇ અમે ક્ષત્રાવટ ધર્મ પળાવ્યો તે, અમને દેવે લખ્યું હતું જે. ૪૮૫
અમે અન્નપાણી તમારૂં આરોગ્યું જે, સ્વામી પેલાં માફ કરજો તે. ૪૮૬
જ્યારે બાર વરસ પુરાં થયાં ત્યારે, ગયા હસનાપુર છે જહાં. ૪૮૭
તે એક રાતમાં સેન આવી મળ્યાં જ્યાં, ભાઇ સાત ક્ષોયણી દળ આવ્યાં તહાં. ૪૮૮
તે શ્રી કરસનજી સભા સઘળી જોયે, અને પોતે તો પધારયા તહાં. ૪૮૯
ભાઇ તમે એ પાસે રહી આરોગશો શું જહાં,ભાઇ એ પાંડવ ભુખ્યા આવ્યા છે આંહિ.૪૯૦
ત્યાં શ્રી કરસનજી બોલ્યા સોયે, ભાઇ કૌરવો એ ભાઇ તમારા હોયે. ૪૯૧
જો એ પાંડવ તમથી અળગા રહે જોય, તો એને પાંચ ગામ આપો તોયે. ૪૯૨
અમે સોભાઇ જીવતાં તો, સોયના નાકાં જેટલો ન આલીએ અમો. ૪૯૩
પણ અમે જાણુતા જે તમે ડાયા છો, પણ ભોળા ભરવાડ છો તમે. ૪૯૪
જો યુદ્ધ કરતાં જીતસે ને કરસે રાજ, ચોવીસ વરસ સુધી સુખ ભોગવીયાં વળી મોં શું લઈ આવ્યા આજ. ૪૯૫
અમે અઢારક્ષોણી દળને સોભાઇ પણ એ તો પાંચજ વીર, હમણાં બળ ત્યારે પરખ્યાં જ્યારે દ્રુપદીનાં કાઢયાં ચીર. ૪૯૬
ભાઈ પાંડવે તમે બળીયા હોય તો આપજો આજ, સામા યુદ્ધ કરવાની કાજ.૪૯૭
અમે સો ભાઇ અઢારક્ષોણી દળ અવટાયે આજ, ભાઇ ત્યારપછી તમે લેશો રાજ.૪૯૮
ત્યાં જોસી સેહદેવ શાસ્ત્ર બોલ્યા જેહ, ભાઈ હવે સામવેદ એમજ કહે. ૪૯૯
ભાઈ હવે વેદના મંડપ પૂરાં પડયાં જે, ભાઇ આજ યુદ્ધ કરનારા પાસે છે તેહ. ૫૦૦
એમ પાંચપ્રાણી ભાવે શું આપ, અને શ્રી કરસનજી ન લેશું સાથ. ૫૦૧
જેણે દેવે ડાબા કરથી ગોપી ગોવરધન તોળ્યા જાય, તેને અગિઆર ક્ષોણી કોણુ માત્ર. ૫૦૨
ત્યાં વિદુરવ્યાસે સુરત આપીયાં જે, અને કરૂક્ષેત્ર જોવા ગયા તે. ૫૦૩
ત્યાં ટીટુળીનાં ઇંડાં પાંચ દસ તે પડયાં તતખેવ, પાંડવ કહે તમે અનામત રાખજો દેવ. ૫૦૪

કૌરવ કહે અઢાર ક્ષોણીદળ આવીયા તેહ, અને હસ્તિ તોખારના ટોળાં
પડે ભાઈ ટીટુળી કોણ માત્ર. ૫૦૫
ભાઇ લખ્યું દેવનું હસે તે થાસે જોર, પણ ટીટુળી ઈંડા ઉપર કરવી મેહેર. ૫૦૬
ભાઈ સતે ઈંડા રાખશો જોર, પાંડવો જઈને કેહજો ઘેર. ૫૦૭
તો કલક્ષેત્ર જોઈ આવી આજ, ગોર વિદુરવ્યાસે વાચા એ. ૫૦૮
જે રણથંભ આગમથી આરોપશે જેહ, ભાઇ યુદ્ધ જીતસે તેહ ૫૦૯
તે કૌરવે આગળથી રણથંભ આરોપ્યો જહાં, ભાઈ કુરૂક્ષેત્ર તહાં. ૫૧૦
ત્યાં રણથંભ ભીમે વાંકો કર્યો જહાં, ભાઈ કુરૂક્ષેત્ર જો મહાં. ૫૧૧
ત્યાં કુંવર ઘટુકો આવીયો હું કરૂક્ષેત્ર જોવા જાવું, જે યુદ્ધ કરતાં હારસે
ભાઈ હું તેની પાસે થાવું. ૫૧૨
તે કુંવરને હાથે ત્રણ તીર એક કામઠી તેને પાસે ન દીસે કોઈ, એક
ઓળખીને બીજો મારસે ભાઇ સંગ્રામ જીતસે સોયે. ૫૧૩
તે દેવે કુંવર બત્રિસલક્ષણો, તે કહે સ્વામી મુજને યુદ્ધ જોવાનું કોડ. ૫૧૪
તેનું દેવે ગ્રહી મસ્તક ચઢાવ્યું સોયે, ભાઈ તું તો અહિંઆ બેઠો જોયે. ૫૧૫
ત્યાં રાજા જુજેષ્ઠળ કહે સ્વામી, તમે રથે બેસોને યુદ્ધ કરવાને કાજ. ૫૧૬
શું પાંડવો મુજસારૂ જીતસો તમે, પરાનસી જો આજ. ૫૧૭
ત્યાં જોશી સેહદેવ શાસ્ત્ર વાંચી ત્યાં બોલ્યા સેવ, દેવ મંડપ તમારા
પુરા પડે હવે પ્રગટ થાઓ દેવ. ૫૧૮
સ્વામી તમે પેલાં આઠ દૈત્ય પરલે કર્યા, ને સર્વે દેવના સારાં કાજ. ૫૧૯
અમે પરાણે ઝાલી પાસે ઉભા રહું, સ્વામી તમે રથ બેસો આજ. ૫૨૦
ભાઇ હવે હું તો ઘરડો થયો જાણ, હવે મુને મોહ કેમ થાયે નરવાણ. ૫૨૧
ભાઈ પેલાં આઠ દૈત્ય મેં માર્યા જાણ, પણ હું રહેતો જવાન. ૫૨૨
પોતી અવધને વળીયા ભુપ, ભીમ થયા વિકાળ સ્વરૂપ. ૫૨૩
ભીમ ફેરવે ગદા વારે કુંતાજીમાય, ક્ષમા કરો રે ભીમસેન રાય ૫૨૪
તમે જુજેષ્ઠળને પુછો વાત, ક્રોધ મુખે કેમ કીધો ઘાત. ૫૨૫
ત્યારે રાજા જુજેષ્ઠલે વાણી કહી, મનની વાત ભીમ શું મનમાં રહી. ૫૨૬
તમે ધરો સબુરી ને ક્ષમા કરો, અવસર નથી ભીમ શુરા તણો. ૫૨૭
ત્યારે ઓચર્યા ભીમ સુણો ધર્મરાયે, અવસર આવે કેમ ચુકીયે દાયે. ૫૨૮
તમે દરજોધનને સંભળાવો આજ, અમે મુરત લીધી છે બેસવા રાજ. ૫૨૯
ત્યારે દરજોધનને થયું જાણ, ઉઠી ઝાળ ને ભાગા ઘરણ. ૫૩૦
ત્યારે પ્રાક્રમ કરી બોલ્યા દરજોધનરાય, અમે ઉભા તમથી રાજ કેમ થાય. ૫૩૧
ત્યારે ભડભીમ એકલો જે આજ, અમે સોએ જીવતા કેમ આપીયે રાજ. ૫૩૨
પાંચ પાંડવ ને ક્ષોણી અઢાર, સુરા હસ્તિ ને ગદાધાર. ૫૩૩

મરડી મૂછ ને દીધી ફાળ, રચી એરણુને તેડીયા ભુપાળ. ૫૩૪
ત્યાં ભીમ ફેરવે ગદા ધમધમકાર, નવતેરો યુદ્ધ થાયે અપાર. ૫૩૫
રહ્યા રાણા ત્યાં ઉભા રહે, ત્યાં ભીમ સામું કોઇ નવ જુવે. ૫૩૬
ત્યાં ભીમ ફેરવે ગદા ને ઉડે રૂધીરની સેણુ, ત્યારે દ્રૌપદી ફેરવે મોકળી વેણુ. ૫૩૭
ત્યારે સામા દળ અથડાયાં જોયે, ત્યાં ભીમ ને દુશાઃસન હોયે. ૫૩૮
ત્યાં ભીમ દુશાઃસનના દસ સહસ્ર હસ્તિ ગગને ઉડાડયાં જોયે, ભાઇ
પેલો ઝગડો જીતસો સોયે ૫૩૯
ત્યારે દેવની રજા લઇને અરજણે બાણુ પુરીયાં જાય, તે એકના દસ
સહસ્ર લાખકરોડ થાય. ૫૪૦
ત્યારે અઢારક્ષોણી દળ ઉડાડયાં આંહે, તહાં દરજોધન નાઠો જાયે. ૫૪૧
ત્યાં ભીમે દુઃસાસન માર્યો જે, અને પાંડવ ઝગડો જીત્યા ત્યાંય. ૫૪૨
દુઃસાસને જે હાથે ચીર ફાડીયાં તે, ભાઇ તેવાં ભીમે આપ્યાં જે. ૫૪૩
તે દરજોધન સરોવરમાં નાઠો જઇ રહ્યો ત્યાંજ, ત્યાં ભીમ કહે ભાઇ તેં
શું કીધું કાજ. ૫૪૪
તેં સોભાઈ પાડયા ને ક્ષોણી દળ મરાવ્યાં આજ, ભાઈ તોયે તને
નહિ આવી લાજ. ૫૪૫
ભાઈ ભીમ દીસે છે એકલો, હને હું બહાર નીસરૂં છેક, મારૂં વેર
ત્યારે વળે જો ભીમને મારૂં એક. ૫૪૬
ત્યારે ભીમે ભુજદર તોડીયાં ને પાટુ દીધી જહાં, ત્યાં દેવ શ્રી બુદ્ધરૂપ
ધરી બળ મુકીયાં ભાઈ મૃત આળેખું તહાં. ૫૪૭
ત્યારે ગાંધારીએ શોક પાળીઆ, મારી દેહી કરૂં તાજ, સો પુત્ર મારા
ગયા તો અન્નપાણી શું લેવું આજ. ૫૪૮
ત્યાં દેવે મુકી ભુખને સો પુત્રને એમાં સીચાવ્યા જાં, દેવે કારમો
આંબો પેદા કર્યો ભુખ ચણુગી મુકી ત્યાં. ૫૪૯
જુગ દ્વાપર પોતા નરવાણુ, કૌરવેકી સખ પુરી જાણુ. ૫૫૦
કુળક્ષેત્રમાં પુરો સળરામ હુવા યુદ્ધ કુરૂક્ષેત્ર કે ઠામ. ૫૫૧
રાક્ષસ દૈત્ય મુઓ તતખેવ, હવે દ્વાપર પુરો થયો છે દેવ. ૫૫૨
સેના સઘળી કીધી તારાજ, હરાવી કૌરવ ને લીધું રાજ. ૫૫૩
ત્યારે કૌરવથી જીતી આવ્યા પાંડવરાય, ત્યારે સનમુખ થયા કુંતાજી માય. ૫૫૪
કહે કુંતા તમે કહાવો છો ધરમ, ભ્રાત મારીને શું કીધું કરમ. ૫૫૫
હાંરે પાંડવો શું કીધો પરોડ, કુળમાં લાંછન લાગું આપણુને ખોટ. ૫૫૬
તેડાવી પંડીતને પુછો આજ, ઉતારો પાપ ને મેલો રાજ. ૫૫૭
ત્યારે રાજાને મન વિમાસણુ થાય, વીચારમાં બેઠા પાંચે ભાઇ. ૫૫૮

તેડાવ્યા પંડીત ને પુછયું પ્રસન, હમે કૌરવ માર્યો છે દરજોધન. ૫૫૯
પુછયું ભીમે સુણો ધરમરાયે, વાદે વઢયા તેનું પાપ ન લેખાય. ૬૬૦
ત્યારે પઢી પંડીતે કહ્યો ભેદ, કૌરવહત્યા ઉતરે જો યજ્ઞ કરો અશ્વમેધ. ૫૬૧
ત્યારે મુરત લઇને રાજા મંદીરમાં ગયા, ત્યારે ત્યાં રથે બેસી કરસનજી આવીયા. ૫૬૨
ઓચર્યાં કરસનજી સાંભળો ધરમ રાય, અમૃત મેલીને વીખ કાં ખાય. ૫૬૩
લાવો ઉદકે મેહલીયો અમારે હાથ, કૌરવ હત્યા તે અમને પાપ. ૫૬૪
વળતાં રાજા બોલ્યા ધરમ, સ્વામીજી પુજીયે પાયે, તેને કેમ આપીયે કરમ. ૫૬૫
ત્યારે ઓચર્યા કરસનજી રાજા જગન કરો શુદ્ધ ભાવ, રખે અવસર આવે ચુકતા દાવ. ૫૬૬
ભાવ જોઈને વળ્યા ભગવાન, આવે અભ્યાગત ને દેજો માન. ૫૬૭
ત્યારે રાજા જુજેષ્ટળ પુછે આપ, સ્વામીજી તમ અઢાર ક્ષોણીના ઉતારો પાપ. ૫૬૮
ત્યારે કરસનજી એ મુકી છે દેહ, ત્યારે શ્રી કરસનજી સ્વધામ ગયા છે એહ. ૫૬૯
ત્યારે જગનમાંથી દેવ ઉઠી ગયા કીરતાર, તે દેવે લીધો છે બુદ્ધ રૂપ અવતાર. ૫૭૦
ત્યાં પાંડવ પ્રગટ થયા ભાઈ રાજકલી બહુ ગાયે, જે આપણે પાસે શ્રી કરસનજી આવી બેસતા તે ગુપ્ત થયા છે પાત્ર. ૫૭૧
ત્યાં રાજા જુજેષ્ટળે વાગો વખાણીયો મરમ, અને તેણે માથે લીધું છે કરમ. ૫૭૨
ત્યાં શ્રી ગોર કહે પાંડવો બાર વરસ વનમાં મરમ, ભાઈ તો સેને સંભારો ધરમ. ૫૭૩
ત્યાં ગોર વિદુરવ્યાસ પેલા ઓળખ્યા જે, અને કુદરતી બે જીવ મોકલાવ્યા તે. ૫૭૪
તે રાજા જુજેષ્ટળ મહાદિન ભાગા નાસ્તાજ ભાઈ હવે આગળ થાઉં છું તે. ૫૭૫
ભાઈ એ તો કુદરતી જીવ છે હોયે, રાજા તમ પાસે અનામત રાખ્યા જોયે. ૫૭૬
જે વેળાએ શ્રી કરસનજી દેવ માગસે જે, ભાઇ ત્યારે હાજર કરજો તે. ૫૭૭
તે રાજા જુજેષ્ટળે દેહીમાં છ માસ સુધી જીવ બે રાખ્યા જે, ત્યાં દેવે લીધું ધીરજે તે. ૫૭૮
જો રાજાએ એવાં મહાકષ્ટ ભોગવ્યાં જે, પણ ત્યારે તો સલે કીધાં તે. ૫૭૯
ત્યાં રાજા જુજેષ્ટળે બ્રાહ્મણ તેડાવીયા આપ, ભાઇ અમારૂં અઢાર ક્ષોણીનું કેમ ઉતરે પાપ. ૫૮૦
રાજા તમો જગન રચો ને બ્રાહ્મણ વરૂણો આજ, શત્રુકાર માંડો આજ. ૫૮૧
તે પુને પાપ છેદાસે જેહ, અને ઘણીએક બ્રાહ્મણની સેવા કરજો તે. ૫૮૨
ભાઇ સુવરણ થાળ અમરી પુરયાં જે, તમે બ્રાહ્મણને સંતોખો તે. ૫૮૩
ત્યારે રાજા જુજેષ્ટળે જગન માંડીયો જે, અને દેવ સહુ સંતોકયા તે. ૫૮૪
તે વેળા બ્રાહ્મણનું કહ્યું કરયું જે, પણ જોશી સેહદેવને ન પૂછયું તે. ૫૮૫
ત્યારે રાજા જુજેષ્ટળે પોતે ભીમને મુકજો તે, કોઇ ચંડાળ આવસે તે. ૫૮૬

તેની આભડછેટ જગનમાં ઉપજે, તેથી જગન થાશે રદ. ૫૮૭
તે જુગમાં દેવરૂપ અષ્ટમો તાર, તે શ્રી કરસનદેવે ધર્યો શ્રી બુદ્ધ અવતાર. ૫૮૮
પેહલે શ્રી કરસને કંસાસુર મારીયો, ગુપત બુદ્ધરૂપે દરજોધન સંહાર્યો. ૫૮૯
ત્યારે કૌરવને મારી પાંડવે લીધું રાજ, તે બળજગ આવ્યા આજ. ૫૯૦
પણ થોડા પ્રસંગમાં ઘણા વિચાર, સુણો રખેસરો સેહદેવ બોલ્યા સાર. ૫૯૧
કહું કથા ન આવે ભેવ પાંડવ રાજ કરે છે દેવ. ૫૯૨
હવે લાગો કળજુગ દ્વાપરનો અંત, સાંભળો રખેસરો એકચંત. ૫૯૩
આઠમે શ્રી કરસનજીરૂપે દૈત્ય કંસાસુરને માર્યો, ત્યારે ભક્ત સેહદેવને તાર્યો. ૫૯૪
ત્યારપછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખ્યો જાણ. ૫૯૫
ત્યારે શ્રી કરસનની માતા તો દેવકી કહીયે, અને પીતા તો વાસુદેવજ કહીયે. ૫૯૬
ત્યારે ગુરૂ તો વિદુરવ્યાસ જાણ, અને શક્તિ તો રાણી રૂકમણી પ્રમાણ. ૫૯૭
ત્યારે સ્વસ્થાન તો ગોકુળ નગરી જાણ, ક્ષેત્ર તો મથુરાં નગરી પ્રમાણ. ૫૯૮
ત્યારે નરદળો દાણુવ તો મામો કંસાસુર જાણ, ત્યારે ભક્ત સોહદેવ ઓધાર્યા નરવાણ. ૫૯૯
ત્યારે ચારલાખ ને બત્રિસહજાર શ્રી કરસનજીરૂપે જાણ, ત્યારે શામવેદ હોતા પ્રમાણ. ૬૦૦
જ્યારે આઠમો અવતાર શ્રી કૃષ્ણજીરૂપ સંપૂર્ણ સહી, એવી ગુરૂ બ્રહ્મા પીર ઈમામશાહાએ વાણી કહી. ૬૦૧

# "શ્રી બુધ્ધા અવતાર—રચનાર સૈયદ ઈમામશાહ."

## શ્રી સતગોર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહ વાચા ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાન નરરહીમ.

જ્યારે નવમો અવતાર શ્રીહરિએ લીધો સહી, ત્યારે તહાં બુદ્ધા રૂપે પારસી કહી. ૧
તહાં બુદ્ધા રૂપે પારસી બોલ્યા છે મીર, તેને હાથે શીંગી બાંધી કેડે તરવાર ને તીર. ૨
મરોડ કેશ પાગ બાંધી શિસે સધીર, પગે ખાસ ખેસ પહેરી છે મીર. ૩
નવમે રૂપે હરિ બુદ્ધા અવતાર, મુસલમાની રૂપે લીધું મુરાર. ૪
મુખ ચંચા પગ વંકા જાણ, પગે ખાસ ખુસ પેહેરી દીવાન. ૫
છરી કટારી બાંધી તરવાર ને તીર, કમાન ખાંધે ચડાવી છે મીર. ૬
ગલત્ર કોઢ શરીરે વહે, તેની પાસે કોઇ ઉભું નવ રહે. ૭
દુરગંધ ગંધાએ શરીર, એસો રૂપ લીઓ હરી. ૮
શ્રી બુદ્ધ મુખે પારસી હરિ ત્યાં કહે, તેવુંની પાસે કોઇ ઉભું નવ રહે. ૯

વિકટ રૂપ લીધું જદુરાએ, અને તે પાંડવ દ્વારે પોતે જાએ. ૧૦
જ્યારે વિકટ રૂપ હરિનું દેખાડિ જાએ, ત્યારે પાંડવને દ્વારે ઉભા છે રાએ. ૧૧
ત્યારે પાંડવ યજ્ઞ હોમજ કરે, ત્યાં બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ૧૨
જ્યારે લાગ્યો કલિયુગ ને દ્વાપર ગયો, ત્યારે સર્વ દેવ ઋષિ ગુપ્ત હોઇ રહ્યો. ૧૩
હવે કલિયુગ માંહે બહુ પાપ કહેવાએ,તેથી દેવ ઋષિવરે એથી છોડયા ઠામ હાં રાએ.૧૪
ત્યારે યુધિષ્ટિરે કર્યો વિચાર, પૂછે બ્રાહ્મણને વેદનો સાર. ૧૫
સુણો બ્રાહ્મણો યુદ્ધિષ્ટિર જો કહે, એ કૌરવનું પાપ અમ શિર કેમ જહે. ૧૬
ક્ષોણી અઢારની હોઈ છે ઘાત, તેનો અમ શિર ચડિયું છે પાપ. ૧૭
સુણો રે બ્રાહ્મણ પુંછું છું ભેદ, એ પાપતણો કેશો હોએ નિષેધ. ૧૮
કહે બ્રાહ્મણ સુણો હો રાએ, માંડો હોમ યજ્ઞ આણે ઠાએ. ૧૯
સવા સહસ્ત્ર બ્રાહ્મણ વોહોરજો હો રાએ, મન ઇચ્છિત ભોજન દેજો સતભાએ. ૨૦
સોવણ પાત્ર સવાસહસ્ત્ર દેજો નિત્ય, એશો યજ્ઞ કરજો એકે ચિત્ત. ૨૧
એશો બ્રાહ્મણોએ કહ્યા રે ભેદ, તો તહાં હોએ પાપ તણો નિષેધ. ૨૩
ત્યાં બ્રાહ્મણ વચને પાંડવ ભૂલ્યા જાએ, ત્યારે માંડયો હોમ યજ્ઞ તેણે ઠાએ ૨૩
ત્યારે રાજા યુધિષ્ટિર ઘણું રળિયાત થાએ, ત્યારે ઘેર ઘેર ઓચ્છવ મંગળ ગવાએ. ૨૪
ત્યારે તેડી સેદેવને પૂછી પેર, ભીમને મોકલો બ્રાહ્મણને ઘેર. ૨૫
ત્યારે ઓચરે ભીમ રાજા પાંડવ યજ્ઞ કરે અસ્વમેદ, ત્યાં બ્રાહ્મણ નોતર્યા ચારે વેદ.૨૬
ત્યારે આવ્યા બ્રાહ્મણ અસત બહુ પરોડ, આણી અસ્વ ને બાંધ્યો ગરોડ. ૨૭
ત્યાં રચી ભદ્રાશણ ને બેઠા ધર્મ રાએ, તહાં બ્રાહ્મણને હેમના દાન દેવાએ. ૨૮
ત્યાં અન્ન, પાણી, વસ્ત્રનો નહિ લેખ, તહાં ભાવતા ભોજન સોર્વણ મુદ્રા એક. ૨૯
તહાં અન્ન પાણીનાં પ્રવાહ વહે, તારે રાએ મોકલ્યો ભીમને પોળે રહે. ૩૦
તારે તેડી ભીમને રાએ શિખામણ દેએ, જે માંગે પાણી તેને પાજો રે પેએ. ૩૧
આવે અભ્યાગત તેને દેજો માન, તેની કરી પુજાને દેજો એ દાન. ૩૨
ત્યાં બ્રાહ્મણ વચન બોલ્યા સાર, તમે સુણો યુધિષ્ટિર કહું વિચાર. ૩૩
તે ચંડાલ એક આવશે આણે ઠામ, તે તો યજ્ઞ માંહે કરશે ઉત્તપાદ. ૩૪
એ યજ્ઞ તણો ધ્વંશ જો કરે, એશો જોતિષ હમારો ઓચરે. ૩૫
રાએ પોળે પોળિયા મેલો સાર, ભલો બુરા કોએ નાવે આણે ઠાર. ૩૬
ત્યારે ભીમસેનને બોલાવ્યા તેણી વાર, પોળે રખવાલા મેલો દ્વાર. ૩૭
તેને દ્વારે ભીમ ઉભા આગેવાન, દ્વારમાં ભલો બુરો કોઇ ન આવે જાણ. ૩૮
જહાં પાંડવ યજ્ઞ હોમ જો કરે, તહાં બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ૩૯
તે બ્રાહ્મણ વચન બોલે સાર, તબ લગી શ્રી બુદ્ધ આવ્યા દ્વાર. ૪૦
તહાં નવમું રૂપ હરીએ લીધું પાંડવ દ્વારે જાએ, બ્રાહ્મણ વચને ભુલ્યા પાંડવ
હોમ યજ્ઞ કરાએ. ૪૧

તહાં ગદા સાહીને ભીમ પોળે રહ્યા, ત્યારે યજ્ઞ જાણી અભ્યાગત આવીયા. ૪૨
દ્વારે ભીમ બેઠા તત્ક્ષણ, દેખી રૂપ ને ભીમ અચંબે ઘણું. ૪૩
વિકટ રૂપ લેઈ હરિ આવ્યા જાણ, તારે મુખથી બોલેઆ અમૃત વાણ. ૪૪
કલિયુગ સંધે બ્રાહ્મણ ભુલ્યા જાણ, અવતાર પાત્રની ખબર ન જાણ. ૪૫
તહાં વિકટ રૂપનો દેહી ગંધાએ, સ્વામીની દ્રષ્ટે સામું નવ જોવાએ. ૪૬
દુરગંધ ગંધાએ શરીર, અને એશો રૂપ લીઓ શ્રી હરિ. ૪૭
ત્યાં ભીમે મહાવિકટ રૂપ દેખ્યું, તહાં ભીમસેન બોલે છે વેણ. ૪૮
ત્યાં ભીમે સત્ય બોલીને વાણી કહી, ને ક્રિયા પાલે તે ધર્મિ સહી. ૪૯
તુજ કાયા મધે જીવે છે કોણ મર્મ, તને કોણ પાપ લાગ્યું છે કર્મ. ૫૦
ત્યારે બોલ્યા છે શ્રી બુદ્ધા સુણો ભીમ વાણ, હમકું આગે દીયોને જાણ. ૫૧
ભાઇ તમારો યજ્ઞ જાણી આશાકરી આવ્યો છું સાર, પણ ક્ષુધાર્થિ મહા ભૂખ્યો છું અપરંપાર. ૫૨
હું છું ક્ષુધાર્થિ ભૂખ્યો અપાર, તે જાણી આવ્યો રાજા યુધિષ્ટિરને દ્વાર. ૫૩
હું માગું અન્ન ને દેખું દિદાર, ત્યાં હોમ યજ્ઞ તણા સુણું વિચાર. ૫૪
ભાઇ તમે હાજર હોએ તો આપો જેહ, હરિ કહે જેમ દુર્બલને આપો તેહ. ૫૫
તહાં ભીમ કહે પોલે રખવાલો રહ્યો છું હુંએ, તેતો સહી કરીને માનજે તુંએ. ૫૬
ભાઇ આ ભોજન વેલા થઇ છેરે આએ, ત્યાં પ્રાતુશકાલે પછીશું મળીએ જાએ. ૫૭
ઓચર્યા ભીમ તમે ઉભા રહો, જે જોઇએ તે મુજને કહો, ૫૮
આલું અન્ન ને આલુંરે દાન, આલું હસ્તી ઘોડા વાહન. ૫૯
ત્યારે ઓચરે અભ્યાગત ભીમ તુને ઘટે છે એહ, આ હમારી દુર્બલ છે દેહ. ૬૦
અમારે ના જોઈએ અન્ન ને ના જોઇએ દાન, ના જોઈએ હસ્તી ઘોડા વાહન. ૬૧
હરી કહે હમારે ભોજન શું નહિ કામ, મને તું દિયોને રજા યુધિષ્ટિર પાસે જાણ. ૬૨
જો તું આવા રૂપની શંકા આણો છો તમો, પણ તારી શંકા છેદવા આવ્યો છું હમો. ૬૩
હમે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણું, તેહે દર્શન કરે અભ્યાગત તણું. ૬૪
અરે ચંડાળ ! વચન તું સુણજે મોએ, અને આગે જાણેકી રજા નહિ તોએ. ૬૫
તહાં રાજા યુધિષ્ટિર યજ્ઞ જો કરે, તહાં બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ૬૬
તહાં હોમ યજ્ઞ તણું આરંભ જ હોએ, ત્યાં ચંડાળ મુખ નાં દેખે કોએ. ૬૭
ત્યારે બોલ્યા શ્રી બુદ્ધા ભીમ વચન સુણો મોએ, તે સર્વ ચંડાળની વાત કહું છું હું તોએ. ૬૮
આજે બ્રાહ્મણ સર્વે દિશે છે અશુદ્ધ, તે આજ અવતાર પાત્રકી નાં જાણે બુધ. ૬૯
તે આજ પેટને કાજે વાંચે ઠાલા વેદ, તે કેમ અમને કરે નિષેધ. ૭૦
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, ચંડાળ તણી કહું તુને વાત. ૭૧

એ બ્રાહ્મણ માંહેથી બ્રહ્મા ગયા, તે અવતાર પાત્ર નબીમહંમદ થયા. ૭૨
એ બ્રાહ્મણ વાંચે સર્વે હમારા વેદ, તે તો રૂપ અમારાને કરે નિષેધ. ૭૩
જે આજ ઠાલા વેદની વાચે વાણ, તેને ચંડાળ ભીમ લેજો જાણ. ૭૪
જે ઠાલા વેદ બ્રાહ્મણ કહે, તે હરિ અવતાર કી શુદ્ધ નાં લહે. ૭૫
જે અવતારનો જે યુગમાં વારો હોય, તે અવતાર પાત્રની બ્રાહ્મણ શુદ્ધ નાં જોય. ૭૬
આપ સ્વાર્થમાં જે દુષ્ટ મન જો ધરે, તે પાપી હરિ અવતારની ખંડના કરે. ૭૭
આપ સ્વાર્થે એ તો જૂઠું બોલી ભણે, તે તો મોક્ષ મુગતની શુદ્ધ નાં ગણે. ૭૮
ભાઈ એથી આગલ બ્રાહ્મણ એશા હોએ, તે મહા લંપટ કપટી ને નિર્લજ સોએ. ૭૯
નહિ હરિ શું નેહને વાંચે નિત્ય વેદની વાણ, અથર્વવેદ માને નહિ તે ચંડાળ લેજો જાણ. ૮૦
જે વાંચે ઠાલા વેદને ખાલી તિર્થે જાએ, પાણી પથ્થર પુજે તે પાવન નહિ થાએ. ૮૧
આ તેમણે જૂઠો યજ્ઞ મંડાવ્યો છે સોએ, તે લોભ સ્વાર્થે સત્ય ધર્મ નાં બૂજે કોએ. ૮૨
કહે ભીમ ત્યાં હે ચંડાળ! સુણ આએ, યજ્ઞ સ્થાને ભલા બ્રાહ્મણ ક્ષત્રી બેઠા જાએ. ૮૩
તે તો સર્વે આચારવંતા દીશે છે ઘણા, એ પણ સાંભળે વેદ એ બ્રાહ્મણ તણા ૮૪
ત્યાં ત્રણે વેદની રચનાં એકમેક હોએ, ત્યાં તમ ચંડાળ મુખ તો નાં દેખે કોએ. ૮૫
ત્યારે હરિ કહે ભીમ વચન સુણ તું મોએ, સર્વ ચંડાળ તણી વાત કહું છું હું તોએ. ૮૬
આ ક્ષત્રી બ્રાહ્મણ હોઇ મન દયા નાં ધરે, અને બ્રહ્મ જ્ઞાન, સત્ય ધર્મની નિંદા કરે. ૮૭
હે ભીમસેન! સત્ય વિના કોઇ શુદ્ધ નાં હોએ, એવા કારણે બ્રાહ્મણ ચંડાલ તે લેજો જોએ. ૮૮
એ ત્રીકાળ સંધ્યા તો બ્રાહ્મણ કોઇક કરે, અને વળી તે ચોથી સંધ્યાકી ખબર નાં લહે. ૮૯
ભીમસેન! જે ચોથા વેદકી ના જાણે વાણ, તેને રાજા! ચંડાળ સહી લેજો જાણ. ૯૦
ભીમ! દ્વાપર અંતે ત્રણ વેદ જો પૂરા થયા, અને આઠ અવતાર તો શ્રી હરીનાં ગયા. ૯૧
આજ નવમે રૂપે આવ્યો છું જોએ, 'તે' મને બ્રાહ્મણ વળી નહિ માને કોએ. ૯૨
હે ભીમ! એ ચંડાળ બ્રાહ્મણ મહા અજ્ઞાન, તે મારા બુદ્ધા અવતારનો ખંડે છે નામ. ૯૩
સુણો આ સત્ય વાત ભીમ અમો તણી, હું માગું છું અન્ન જે ક્ષુધા વ્યાપી છે ઘણી. ૯૪
જો મુજ દુબળને વિધિએ દેસોરે દાન, તોજ આ યજ્ઞ સફળ હોશે સત્ય જાણ. ૯૫
ત્યાં ભીમસેન ચિંતા કરે છે જોએ, એ છે અવતાર પાત્ર કોએ. ૯૬
કાયા કદરૂપ દીશે ઘણી, અને વચન બોલે જેમ વૈકુંઠનો ધણી. ૯૭
સુણો રે યોગિશ્વર ભીમ જો કહે, સાંસો એક મારા મનમાંહે રહે. ૯૮
ક્ષત્રી મહાજનમાં કોણ ચંડાળ, અને તે સાંસો મોહે કેજો દયાળ. ૯૯
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા ભીમ સુણો વિખ્યાત, ક્ષત્રી ચંડાળ તણી કહું તોએ વાત. ૧૦૦

જે ક્ષત્રી મનમાં દયા નહિ ધરે, તે બાંધી હથિયાર ને જીવહિંસા કરે. ૧૦૧
જે વાછરૂ વિન્યાની વાળે રે ગાએ, વસ્ત્ર બીજાનાં લે છીનાએ. ૧૦૨
એ અતી અભિમાન કરે મન માંહે, ભાઈ બંધવ દેખ્યો નાં સેહવાએ. ૧૦૩
અતિ બાંધવને હણુસે જાણુ, માણસ મારતાં નાં કરશે કેણુ. ૧૦૪
તે ક્ષત્રી ચંડાળ ભૂલ્યા જાણુ, તે ચંડાળ ! ભીમ સહી પ્રમાણુ. ૧૦૫
તે બાળે વન ને વાળે ગાએ, તેને પરપ્રાણી મારતાં હૃદય દયા નહિ થાએ. ૧૦૬
આ જીવની કાજે પરજીવની હિંસા કરે, આવાં બ્રહ્મજ્ઞાન મનમાંહી ધરે. ૧૦૭
તે લોક અતી કુડ, કપટી વિરોધી હોએ, ભીમ ! તેને તું ચંડાળ સહી જોએ. ૧૦૮
તે બહોત ઘણા આચાર કરે ને અડસઠ તિર્થે જાએ, જે આજ શ્રી નારાયણ
દેવના દશે અવતારને ઓળખે નહી તે ચંડાળ કદી પાક ન થાએ. ૧૦૯
આ સત્પંથમાં ધર્મી હોય ને નવ પાલે ધર્મ, અને ઉલટાં ચોર દહિતનાં કરે કર્મ. ૧૧૦
જે પૂરી દશોંદ ન આપે ને બ્રહ્મકણ ખાએ, હાલનાં ગુજારે ને ગતમાં નાં જાએ. ૧૧૧
ન પીએ અમી ને ન શિખે આવાં બ્રહ્મજ્ઞાનની વાણ, ભીમ તું તેને
ચંડાળ સહી લેજો જાણુ. ૧૧૨
જે આવા સતપંથ ધર્મ લેઇને પરહરી જાએ, અને મુખી ગતની નિંદા કરી
ઘેર દશોંદ ખાએ. ૧૧૩
તે વળી નીસાની વેલાએ હાજર થાએ, તે ચંડાલ કેમે પાવન નાં થાએ. ૧૧૪
એવા સુણી વચન ભીમ અચંબે હોએ, આતો અવતાર પાત્ર દીસે છે કોએ. ૧૧૫
એ સર્વે અગમ નિગમની કરે છે વાત, એની કાયા એવી દીસે છે પણ
પ્રાણી મહા વિખ્યાત. ૧૧૬
કહે ભીમ સુણો દેવ દયાળ, અને મહાજન જાતમાં કોણ ચંડાળ. ૧૧૭
ત્યારે કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત, મહાજન ચંડાળ તણી તોએ કહું વાત. ૧૧૮
તે મહાજન મનમાં કરે અભિમાન, અને તોલતાં દિલ નાં રાખે ઠામ. ૧૧૯
તે લેતી વેળા ઘણેરૂ લીએ, અને દેતી વેળા થોડેરૂ દીએ. ૧૨૦
તે કરે અભિમાન ને વખાણે આપ, તે એવી ડાંડી તોલ્યાનું મહા છે પાપ. ૧૨૧
દયા ધર્મ ક્ષમાકી નાં કરે કહેણ, તે મહાજન ચંડાળ ભૂલ્યા જાણુ. ૧૨૨
કહે ભીમ સુણો યોગિશ્વર દયાળ, એ મનુષ્ય જાતમાં કોણ ચંડાળ. ૧૨૩
તે સંક્ષેપે મોએ કેહજો દયાળ, જે કોણ કરમથી હોય ચંડાળ. ૧૨૪
કહે શ્રી બુદ્ધા સુણો ભીમ ! વિખ્યાત, તે મનુષ્ય ચંડાળ તણી તોએ કહું વાત. ૧૨૫
જે દયા, ધર્મ, ને નાં આણે મન, તે સુવે નિચિંત્તા ને પોષે પિંડ. ૧૨૬
જે કોઈ માત પિતા સામો હોઇને લડે, તે તો પાપી ચંડાળ દોજક માંહે પડે. ૧૨૭
જે પરજીવ મારીને પેટ જો ભરે, અને પરનારી શું સંગમ કરે. ૧૨૮
જે નર પારકું ધૂતીને આપે રે ખાએ, તે ચંડાળ પાપી દોજકમાં જાએ. ૧૨૯

પુરૂષ એક તે સ્રી કરે રે દોએ, એકશું અતી પ્રિત રાખે સોએ. ૧૩૦
પહેલી કલકલે ને હિલે માંહે લાવે દુ ખ, તે પાપી ચંડાળ મુવે નાં પામે મોક્ષ. ૧૩૧
તે ચંડાળ તો દોજક માંહે જાએ, તેના પૂર્વજો કદીએ પાક નાં થાએ. ૧૩૨
જે કન્યા તણો જે કાંહી દ્રવ્યજ લહે, તે વિશ્વાસઘાત કરીને વિષ જો દહે. ૧૩૩
વણ કેહે જે કોઇ પર ઘેર જમવા જાએ, જાુઠું બોલીને મીઠું ખાએ. ૧૩૪
જીભ સ્વાદે પર જીવને હણે, તે ખાએ માંસ અને દોષ નાં ગણે. ૧૩૫
જાૂઠી ગવામી પૂરે ને ચઢાવે આળ, તે મનુષ્ય જાતમાં ચંડાળ. ૧૩૬
જે સદ્‌ગોર બ્રહ્મા નબીની આલ, તેનો જે કોઇ ચોરી ખાસે બ્રહ્મમાલ. ૧૩૭
જે ગોરે દિધા ધર્મ ને દેખાડયા હરિ, તે શું સુમન બોલે પ્રપંચ કરી. ૧૩૮
જેણે લીધા ધર્મને પરહરે પાએ, તે પાપી ચંડાળ જીવ નિશ્ચે નર્કમાં જાએ. ૧૩૯
આપણને અક્ષર એક શીખાડે નર જેહ, તેને તો ગુરૂ કરીને સત્ય માનવો તેહ. ૧૪૦
જે જાુઠા સમ હરીનાં ખાએ, તે ચંડાળ તો કદીએ પાવન નાં થાએ. ૧૪૧
મનુષ્ય એક બીજાની નિંદા કરે જે સાર, જે પર નિંદા કરે તે મહા ચંડાળ. ૧૪૨
તે ભીમ કહે સુણોરે દેવ દયાળ, ચોપગા અને પક્ષીમાં કોણ ચંડાળ. ૧૪૩
કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત, ચોપગા અને પક્ષી તણી કહું તોએ વાત. ૧૪૪
ચોપગા માંહે શ્વાન, ગર્ધવ ને શીયાળ, પક્ષી જાત માંહે એક કાગ ચંડાળ. ૧૪૫
કહે ભીમ સુણો દીન દયાળ, સ્રી જાતમાં કોણ ચંડાળ. ૧૪૬
કહે શ્રી બુદ્ધા સુણ ભીમ વિખ્યાત, સ્રી ચંડાળ તણી કહું તોએ વાત. ૧૪૭
જે સ્રી હોઈ ને પર પુરૂષ શું રમે, અને ઘરકો પુરૂષ દેખ્યો નવ ગમે. ૧૪૮
એક ને છોડી દુજા પર પુરૂષને જાએ, તેથી ચંડાળ દુજી કોઇ નહિ આએ. ૧૪૯
જે સ્રી હોઇને પર ઘેર ભમે, અને ઘરકો કામકાજ દેખ્યો નવ ગમે. ૧૫૦
જે નાર પુરૂષ તણો નાં કરે રે કહ્યો, નિત્ય ઉઠીને સંતાપે રહ્યો. ૧૫૧
જે સાસુ સસરાકી નાં રાખે લાજ, તે નણંદ જેઠાણી શું કરે વીષવાદ. ૧૫૨
જે સાસુ સસરાકો નાં કરે કેણ, નણંદ જેઠાણી કો ના રાખે વેણ. ૧૫૩
જે જાુઠું બોલીને ચઢાવે આળ, સ્રી જાતમાં તે કહો ચંડાળ. ૧૫૪
જે વિધવા હોઇને વકરમ કરે, તે માઇ બાપકી લાજ નવ ધરે, ૧૫૫
તે પાડે પેટ ને બાળક હણે, તે મન માંહે શંકા કશી નવ ગણે. ૧૫૬
જે કુળ લજાવે ને વેચે બાળ, આજ સ્રી જાતમાં મહા ચંડાળ. ૧૫૭
જે સ્રી હોઇને પુરૂષકી સેવ નાં કરે, અને કુડું બોલતાં શંકા નવ ધરે. ૧૫૮
આજ વ્રત ધર્મ જે ના કરે નાર, સ્રી જાતમાં તે ચંડાળ. ૧૫૯
સુણો રે યોગિશ્વર ભીમ કર જોડી કહે, સ્વામી સાંસો એક મોરા મનમાં રહે. ૧૬૦
મનુષ્ય જ્ઞાતિમાં મધ્યમ કોણ ચંડાળ, હવે તે સાંસો મોએ કેજો દયાળ. ૧૬૧
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, મધ્યમ ચંડાળ તણી કહું તોએ વાત. ૧૬૨

જે સાચ વિના હરિની પૂજા કરે, દ્વારેથી અભ્યાગત પાછો ફરે. ૧૬૩
જે ક્રીયાધર્મ નાં પાળે જેહ, મધ્યમ ચંડાળ કહીયે તેહ. ૧૬૪
જે વેચે દહીં, દૂધ, મદ્ધને માંશ, અને બોલે બહુ ને કરે વણાશ. ૧૬૫
જે વ્યાજ સવાયા ખાએ નર જેહ, મદ્ધમ ચંડાળ કહિયે તેહ. ૧૬૬
એક હરિની ભક્તિ મન માંહે ધરે, અને બીજો આવી મન ભંગ જો કરે. ૧૬૭
દાન, પુન, કરતાં વારે નર જેહ, મહા મધ્યમ ચંડાળ કહીયે તેહ. ૧૬૮
જે પશુ, ઢોર, નર પાલે જેહે, તેના ચાર પાણીની ખબર નાં લેહે તે. ૧૬૯
તે તો ભુખ્યા તર્ષ્યાં બહુ દુઃખ સહે, આપની વેદના તો કોને નવ કહે. ૧૭૦
તે નર થાયે મધ્યમ જેહ, પરવેદના નાં જાણે તેહ. ૧૭૧
જે ઋષિવર હોઇ ને દુનિયામાં ખાએ, તે ગુરૂ પોતાના પરહરી જાએ. ૧૭૨
જ્ઞાન, ધર્મની નીંદા કરે નર જેહ, મહા મધ્યમ ચંડાળ કહીએ તેહ. ૧૭૩
જે થાપણ મુકીને મકરે નર જેએ, જેહ સુરાપાન આચરે તેહ. ૧૭૪
નર જે જુઠું બોલીને ચડાવે આળ, મહા મધ્યમ પાપી તે ચંડાળ. ૧૭૫
જે રાજા બ્રાહ્મણનું અન્ન જો ખાંએ, ને જે ક્રિયા બારમું જમવા જાએ. ૧૭૬
જે જીવને ફાંસી દઈને મારે નર જેહ, તે મહા મધ્યમ ચંડાળ કહીયે તેહ. ૧૭૭
જે કામણ ટુમણ રૂષિવરને કરે, પર ઉપગારે પેટ પોતાનું જો ભરે. ૧૭૮
સ્રી ગર્ભને જે વેધે બાળ, મહા મધ્યમ કહિયે તે ચંડાળ. ૧૭૯
જે ધર્મિ હોઇ ને નાં પાલે ધર્મ, સુવે નિચિંત્તા ને કરે કૂડા કર્મ. ૧૮૦
હાલ નાં નિમડે ને ગતમાં નાં જાએ, દશાંશ ન દેવે ને દુનિયામાં ખાએ. ૧૮૧
જે મુખે નામ હરિનું નાં લેવે જેહ, મહા મધ્યમ ચંડાળ કહીયે તેહ. ૧૮૨
જે પાંચ માસ સ્રી ગર્ભ જો ધરે, તે નારીશું જે પુરૂષ સંગમ કરે. ૧૮૩
પશુ ખાશી કરાવે નર રે જેહ, મહા મદ્ધમ ચંડાળ કહિયે તેહ. ૧૮૪
વણ આદરે જે નર જમવારે જાએ, જે કરજે લેઈને મુક્કર થાએ. ૧૮૫
વણ વાંકે સ્રીને પરહરે નર જેહ, મહા મધ્યમ ચંડાળ કહિયે તેહ. ૧૮૬
માત પિતા થઇ બાળકને વેચે જેહ, મહા મધ્યમ ચંડાળ કહિયે તેહ. ૧૮૭
ત્યારે ભીમ કહે સ્વામી પુછું એક વેણ, મનુષ્ય જાતમાં ઉત્તમ કોણ. ૧૮૮
ત્યારે શ્રી બુધ્ધા બોલ્યા વિખ્યાત, ઉત્તમ તણી કહું હું તોએ વાત. ૧૮૯
જે પ્રાણીને સદ્‌ગોર બ્રહ્માજી મળ્યા, તેને આવાગમનના ફેરા ટળ્યા. ૧૯૦
હાલ વાયકે ખરા દશોંદી જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૧૯૧
જે સદાએ ધ્યાન હરિકા કરે, અને બ્રહ્મજ્ઞાન મન માંહે ધરે. ૧૯૨
નિત્ નિત્ ગતમાં મળે નર જેહ, મનુષ્ય જાતમાં ઓતમ તેહ. ૧૯૩
દયાવંતા ક્ષમાવંતા જે નર હોઇ, એ ક્રિયા ચાલીસ પામે સોઈ. ૧૯૪
જુઆ હિરસા વિસારે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૧૯૫

જીભ્યા ઈંદ્રિ સ્વાદ પરહરે નર જેહ, કામ ક્રોધ મન વશ કરે તેહ. ૧૯૬
પાંચ તત્વકો ભેદ જાણે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૧૯૭
ગોર નરનાં વચન શિર ઉપર ધરે, ગોર કહે તે નિશ્ચે કરે. ૧૯૮
સતી સંતોષી ક્ષમાવંત નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૧૯૯
જે નર જીવતાં મૃતક હોઇને રહે, સુખ દુઃખ દિલનાં હરિ શું કહે. ૨૦૦
હરદમ હરિ નામ નાં વિશારે જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૨૦૧
માત પિતાની ભાવે ભક્તિ કરે, કૂડ કપટ સર્વે મનથી પરહરે. ૨૦૨
સર્વ ગત્ કુંટુંબનો ખેંચે ભાર, વિષ્ણુ ભક્તિ ઉપર સદા રાખે પ્યાર. ૨૦૩
પર વેદનાં આપ સહે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૨૦૪
ગત્ લોકમાં જેનો જશ હોય, અને રતી અવગુણનાં બોલે કોએ. ૨૦૫
વાચ, કાચ્છ, દ્રષ્ટે નિર્મલ હોએ, નાત પરનાતે ગુણ બોલે સર્વ કોએ. ૨૦૬
દયા, ધરમે, ક્ષમાવંતા હોય નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ તેહ. ૨૦૭
ત્યારે ભીમ કહે સુણો યોગિશ્વર દેવ, સ્વામી એક વાતનો પૂંછું હું ભેવ. ૨૦૮
સ્ત્રી જાતમાં ઉત્તમ કોણ, સ્વામી એ સંક્ષેપ અમને કેહજો હોણ. ૨૦૯
ત્યારે કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત, ઉત્તમ સ્ત્રી તણી કહું તોએ વાત. ૨૧૦
જે સ્ત્રી હોઇને પુરૂષની સેવામાં રહે, જે વચન કહે તે શિર ઉપર ધરે. ૨૧૧
જે હરિ નામની સેવા નાં વિશારે નિત્ય, ક્રિયા ચાલીસ પાલે એકે ચિત્ત. ૨૧૨
દાનવંતી ક્ષમાવંતી જેહ, સ્ત્રી જાતમાં ઉત્તમ તેહ. ૨૧૩
જે સ્ત્રીના હ્રદયમાં નિર્મળ જ્ઞાન, સાસુ સસરાકો રાખે માન. ૨૧૪
કોઇ કૂડું બોલે તો નાં આણે કાલ, લક્ષણી જેવું નાનેરૂં બાલ. ૨૧૫
નીચી દ્રષ્ટીને હસમુખી હોય નાર જેહ, સ્ત્રી જાતમાં જે ઉત્તમ તેહ. ૨૧૬
જે સ્ત્રી હરિની સેવા વિના અન્ન નાં ખાએ, દ્વારેથી અભ્યાગત પાછો નાં જાએ. ૨૧૭
થોડા માંહેથી થોડેરૂં દેવે જેહ, અને સદા કાલ સત્યવંતી તેહ. ૨૧૮
જે ધરમ કરતાં ના કરે કેણ, સ્ત્રી જાતમાં મહા ઉત્તમ જાણ. ૨૧૯
જે સ્ત્રી પોતાના પુરૂષની સેવામાં રહે, સુખ દુઃખ દિલનાં હરિને કહે. ૨૨૦
જે સ્ત્રી હરિની સેવા કરે નિત્ય, તે મહા સત્યવતી નિર્મલ ચિત્ય. ૨૨૧
ગત્ જગમાં નમી નમી ચાલે જેહ, સ્ત્રી જાતમાં ઉત્તમ તેહ. ૨૨૨
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે એહ, સુણો ભીમ વાત કહું તેહ. ૨૨૩
કહે શ્રી બુદ્ધા સાંભલો ભીમ વિખ્યાત, અઢારે વર્ણની કહું હું તોએ સાખ ૨૨૪
કલિયુગનાં બ્રાહ્મણ જેટલા, એ તો કર્મહીણા થાશે તેટલા. ૨૨૫
વેદ તણો તો તજશે અભ્યાસ, તે કરશે નિત્ય ઉઠી પરાઇ આશ. ૨૨૬
શોદ્રાદિકની એતો કરશે નિત્ય સેવ, વળી સંધ્યા ત્રપણ તજશે વાસુદેવ. ૨૨૭
એતો કરશે છલ, કપટ, ચેટક બહુ નિષેદ્ધતે તો મહા શત્રુ સમ વેહરી ગણુસે વેદ. ૨૨૮

તો રાજાનું પ્રતિગ્રહ લેશે ઘણું, એથી તે લેશે સ્વશિશ પાતક પણું. ૨૨૯
તજસે સ્વધરમ ને સંધ્યા સાર, જઇ સેવકને ઘેર કરસે આહાર. ૨૩૦
ગજ, રથ, ભોમી છોડસે ભાર, લેશે રશાણુ, લોહ, પાષાણુ તે સાર. ૨૩૧
જે ભણુશે વેદ જઇ શુદ્રને ઘેર, મૂકસે વેદ નહિ લે તેની પેર. ૨૩૨
ચોરી ચાડીનો કરશે વિચાર, તજશે સ્વધરમ તણો વ્યવહાર. ૨૩૩
ભૂલી ભાન શૂદ્રતણા પશુ તો તે ચારશે, અને પોતાનાં ભૂખે મારશે. ૨૩૪
શૂદ્ર તણા બાલક તે તો રાખશે, અને પોતાનાં બાલક અધર્મે હાંકશે. ૨૩૫
અનેકને ઘેર જમવા જશે, અને તે બીજા પ્રતે વડવાડ કરશે. ૨૩૬
શૂદ્ર તણી ક્રિયા શ્રાદ્ધ સારસે, લોભે બ્રાહ્મણને જઈ મારશે. ૨૩૭
શૂદ્ર તણું ત્યાં દયણું દળે, રાંધે રાંધણું તે જમવા મલે. ૨૩૮
પોતે ગર્ધવની પેરે વેહેશે ભાર, મન માંહે ધરશે અતી અહંકાર. ૨૩૯
શૂદ્ર તણા કરશે સર્વે પાક, પ્રેમે નાના વિધના કરશે શાક. ૨૪૦
પ્રથમ શૂદ્રને ધીરજે પીરશે, અને કેડેથી જમતા દીશસે. ૨૪૧
દાસી દાસ બીજા જાણે જેમ, કલજુગનાં બ્રાહ્મણ જાણજો એમ. ૨૪૨
થાશે પાછલ તેવી પરજા જેહ, અંતે નરક પામશે તેહ. ૨૪૩
ન દીએ દાન ને કરશે સાર સ્વાદ, તે શૂદ્ર ઘેર જઇ કરશે આશિર્વાદ. ૨૪૪
તેપર હેરૂ કરીને દેસે આલ, સોબતે વીશરશે શ્રી ગોપાલ. ૨૪૫
કન્યા તણું તો લેશે ધન, કરશે ધીરજે છલ ગમતાં બહુ મન. ૨૪૬
પર આંગણે વિપ્ર જમવા બેઠા જાએ, વાદે વળુદયા વિરોધ કરશે વિશ્વાએ. ૨૪૭
એવા વિપ્ર કલજુગમાંના જેહ, તે દુષ્ટ ક્રિયાએ નર્ક પામશે તેહ. ૨૪૮
કહે શ્રી બુદ્ધ સુણો ભીમશેન રાએ, જે પુછો તો તે સર્વ કહું સત્યભાએ. ૨૪૯
ભીમ કહે સ્વામી સાંભલીએ સોએ, કળયુગ તણા ક્ષત્રી હવે કેવા હોએ. ૨૫૦
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, અને ક્ષત્રી તણી કહું હું તોએ વાત. ૨૫૧
કલયુગના ક્ષત્રી ચોરીએ વાલસે ગાએ, પૂંઠે મલેચ્છ મૂકાવા જાએ. ૨૫૨
બ્રાહ્મણની સ્રી કરશે અધર્મે કુડા વેપાર. અને ઉતારી તે લેશે પરના શણગાર. ૨૫૩
તે મદ્ધ માંશનો કરશે અહાર, ઘરમાંથી ધર્મ તણો જાશે આચાર. ૨૫૪
લોભે સેવા શૂદ્રની કરશે અપાર. અને સ્વામીને મારશે હથિયાર. ૨૫૫
બહુ આળશુ થઇ બેઠા હશે, અને રાજા સઘલા દુઃખિયા થશે. ૨૫૬
ગૌ બ્રાહ્મણ સ્રી શૂદ્ર જેહ, અને બેઠા નિંદા કરશે તેહ. ૨૫૭
કુપાત્રને દાન આપે હાથે આડે, અને સુપાત્રને મારી કાઢે. ૨૫૮
કરશે અહંકારથી સૌ કદળી વન છેદશે, તિર્થ તણો તો માર્ગ ભાગશે, ૨૫૯
નિશાએ બાળશે પુર ને ગામ, અંતે તે તો પામશે નર્કમાં ઠામ. ૨૬૦
એવા સર્વ કરમ કરશે સહી, કળયુગનાં ક્ષત્રીયોની વિગત કહી. ૨૬૧

શ્રી બુદ્ધા કહે સુણો ભીમસેન રાએ, કલયુગના ક્ષત્રીનો કહ્યો મહિમાએ. ૨૬૨
કહે ભીમ સાંભળીએ મહારાજ, કલિયુગે કેવા મહાજનનાં કાજ. ૨૬૩
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, કલી મહાજન તણી કહું તોએ વાત. ૨૬૪
મહાજન તે તો કપટે વેચશે ગાએ, અને કુડા વણજ કરશે સત્ય ભાએ. ૨૬૫
કુડા વણજ અને કુડા વેપાર, તે કુડા વૈસ્ય સર્વ તણા આચાર. ૨૬૬
કલયુગ તણા શુદ્ર ધર્મિ જેટલા, અજ્ઞાને દંભિક થાશે તેટલા. ૨૬૭
જે સેવા હરિની ને મૂકે ધર્મ આચાર, અને દાન તણો નાં લંભે પાર. ૨૬૮
પણ ત્યાં રશોઇ જમશે એકલા, ઉત્તમ તિર્થે જાશે થઇ ભેળા. ૨૬૯
જપસે હરિ હરિ ને તોલસે ઓછો માલ, એકની નિંદા ને દુજાને કરશે વ્હાલ.૨૭૦
એવા આચાર કરશે તે બહુ, ત્યાં કુળ લજાવી જાશે વહુ. ૨૭૧
પરણી અબલાને છાંડશે, અને પરસ્ત્રી શું ઘર માંડશે. ૨૭૨
ગલી વાવશે ખેડ જ કરી, પછી વલોવશે કોઠાઓ ભરી. ૨૭૩
ગલી તણા અખાડા જેહ, અનેક જીવની હિંસા તેહ. ૨૭૪
તે તાણું ધન્ન એકઠું થશે, ત્યારે પાપ ઉપર મનજો વશે. ૨૭૫
આદર વાડી કરશે અતી ઘણા, ધરશે અહંકાર અતી તેની નહિ મણા. ૨૭૬
ઘર પાછલ બ્રહ્મપુરી જેટલી, કુટી પાડશે તેટલી. ૨૭૭
ત્યાં કરશે ઘર પોતા તણું, કરસે થાનક રમવા જમવા ને ઘણું. ૨૭૮
ઉત્તમ ઉપજનું ક્ષેત્ર જેહ, પડી ભોમી લેઇને આપશે તેહ. ૨૭૯
માટે ભોમી આપશે સહી, જેમાં જરા દાણો પાકે નહિ. ૨૮૦
તેના ઉપર લેશે દોકડા, તે દેશે ગાલ ને કહેશે બોકડા. ૨૮૧
જે બ્રાહ્મણની વૃતિ ટળશે, તે વેશ્યાને ભોમી આપશે. ૨૮૨
જે લીલા વૃક્ષ તે વાઢસે ઘણા, ત્યાં મંદિર કરશે સોહામણા. ૨૮૩
જે ભાઠી કરશે ચુના તણી, જે મંદિર શોભા દિશે ઘણી. ૨૮૪
જે પરવતની ઇંટો જેટલી, તે ફૂટીને પાડશે તેટલી. ૨૮૫
જે ઘરને બહુ સમરાવે છજા, અત્રીક્ષે લાવે બહુ ગોખ ને ગજા. ૨૮૬
વેદ ધર્મથી અળગો રહે, પૂર્વજ દાનપુન વિનાનો પિંડ ના લહે. ૨૮૭
પુત્રા પિતા સાથે ન રાખે વિવેક વિચાર, કલયુગ તણો એવો આચાર. ૨૮૮
અથર્વવેદની નિંદા તે મૂર્ખ બ્રાહ્મણો કરે, એવા દુષ્ટ નર્કે તો વહેલા સંચરે. ૨૮૯
તે માટે તો ભ્રષ્ટ બ્રાહ્મણને કીધા નિષેધ, જે વેદ અવતારનો નાં જાણે ભેદ. ૨૯૦
જે માત પિતાને નહિ આપે રે અન્ન, એવા કલયુગ કેરા છે બ્રાહ્મણનાં ફન્દ. ૨૯૧
વિપ્ર તણી લાંચ ઘરમાં વાવરે, ઘરમાં સેવા વેશ્યાનિ હેતે કરે. ૨૯૨
પુત્રી ભગીની કુળમાં હોશે રે જેહ, આજ તે ઉપર હેત નહિ રાખે તેહ. ૨૯૩
ચારે વર્ણ કલયુગમાંની જેહ, રખે સાંભળી દુઃખ મનમાં ધરતા તેહ. ૨૯૪

તે માટે નાં દુભાશો રે વીરા કોએ, એ મહિમાં કલયુગ કેરો રે જો હોએ. ૨૯૫
કહે શ્રી બુદ્ધા સુણો ભીમસેન રાએ, એવો મહિમાં કલયુગનો રે કહેવાએ. ૨૯૬
કહે ભીમસેન સાંભળીયે મહારાજ, કલયુગનો મહિમાં કહેજો આજ. ૨૯૭
તે સાંભળીને સુખિયા જો થૈએ, શરણુ સ્વામી તમારૂં તો લૈએ. ૨૯૮
કહે શ્રી બુદ્ધા સુણો ભીમ સત્યસાર, કલિયુગ તણો કહું તોએ વિસ્તાર. ૨૯૯
કલયુગે સર્વ કલ્પવૃક્ષો તો નહિ રે ફળે, ક્રોધ વિરોધ શોક જો નહિ તો ટળે.૩૦૦
અલ્પ દૂધ કરતી હોશે ગાએ, કુંપ સરોવર તે કુંડાં સમ કહેવાએ. ૩૦૧
અલ્પ ધાન્ય નિપજશે પૃથ્વીએ સહી, અલ્પ આયુષ્ય તો કલયુગમાં થઈ. ૩૦૨
પુત્ર પિતાને નહિ દે અન્ન, માત પિતાથી કરશે તે વ્હાલું ધન. ૩૦૩
માત પિતાને પરહરશે પુત્ર, સાસુ સસરાને સોંપશે ઘરસુત્ર. ૩૦૪
બંધવ પરવાર તે માને શત્રુ સમાન, પણુ ઘરમાં સસરા સાળાનો બહુ માન.૩૦૫
સ્વપુત્રી વસ્ત્રાભૂષણુ પાખી રહે, પણુ સાલીને સાસરવાશો તે કરે. ૩૦૬
ભગ્નિને નહિ આપે એકો ઠામ, તે કલયુગે બેન તણું ન કરશે એકે કામ. ૩૦૭
કલયુગમાં વહુ તણી છે એ રીત, સાસુસસરા શું નહિ રાખે પ્રીત. ૩૦૮
દેરાણી જેઠાણી શું નહિ નેહ, શત્રુ સમાન વહુ વરને રાખે તેહ. ૩૦૯
સ્ત્રી ભરથારનું કહ્યું કાને નવ ધરે. પહેલાં તે માત પિતાને નજરે કરે. ૩૧૦
અને ધન્નને લોભે સ્ત્રી કરાવશે કર્મ, કોઈનું ઘરમાં નહિ રાખે મર્મ. ૩૧૧
રાજા પરજાનો ડંડ અતિ જો કરશે, મહા દુઃખો કલયુગમાં ધરશે. ૩૧૨
વળી તીર્થ તણા મહિમા ભાંગશે, જ્યાં ત્યાં દુઃખ દાવાનળ લાગશે. ૩૧૩
ઉલ્કાપાત થાશે અતી ઘણા, અને ભૂંડા કર્મ માંહે નહિ રહે મણા. ૩૧૪
સત્ય સ્નેહે નહિ હોય નરને નાર, તે ધન્ન લાંચ ને રાખશે કુડા વ્યવહાર. ૩૧૫
તે કુડા ત્રાજુવાને તોલા રાખે,ખોટા નાણાને ખોટી સાખે. ૩૧૬
એવા અન્યાય થાશે જાણુ, વેદ શાસ્ત્ર નહિ જાણે પુરાણ. ૩૧૭
જ્યારે બાર વરસનો ફળશે પુરૂષ, પચીસે પલ્લી આવશે મુખ. ૩૧૮
નવ વરસની જોબંતી હોશે રે નાર, તે ધરશે ગર્ભ ને દુઃખ ભોગવશે અપાર.૩૧૯
વરણા વર્ણનો જાશે ધર્મ આચાર, સત્ય ધર્મના ભાંગશે વ્યવહાર. ૩૨૦
ત્યારે વરકન્યાનું મન નહિ હેતે મલે, ધન્ન હોય ત્યાં મન તો માયાએ ભળે.૩૨૧
શીતકાળે હોશે અગ્નિનો સાર, ઉશકાળે થાશે શીત તણો વ્યવહાર. ૩૨૨
ત્યારે ખંડ ભંગ થાસે દેશાદેશ, પુન્ય તણો નહિ જાણે લવલેશ. ૩૨૩
કહે શ્રી બુદ્ધ સુણો ભીમસેન રાએ, એવો છે કલયુગ તણો મહિમાએ. ૩૨૪
ગામ દુઃખે ઉજડ થાશે અનેક, તેમાં વસવાને નહિ રહે કોઈ જણુ છેક. ૩૨૫
જ્ઞાન તણા બીજ સો સર્વે જાશે, દયાહિણા તો સર્વે નરનારી થાશે. ૩૨૬

ત્યાં રાંધ્યા ધાન વેચાશે રે બહુ, ઉત્તમ લોક લેઇ ખાશે રે સહુ. ૩૨૭
વીવાહ ધર્મ તણો તે મારગ ભાંગશે, આજ્ઞા વિના તો નારી નરને જશે. ૩૨૮
થાશે દારિદ્રિ સઘળા લોક, ઘરોઘર થાશે સઘળાને કલેહ ને શોક. ૩૨૯
પાપી બ્રાહ્મણ હોશે તે કલયુગ તણા, તે તો ફાંસી માર્ગમાં દેશે ઘણા. ૩૩૦
તે રમશે દુત્ત ને અવળો કરશે વેહેપાર, તે વારે તો તેઓ થાશે મહાપાપી અવતાર.૩૩૧
તે તો કન્યાવિક્ર દુષ્ટપણે કરશે રે બહુ, તે વારે સસરાને કુડી આલ દેશે વહુ.૩૩૨
ત્યારે વનસ્પતી તે સર્વે નિષ્ફળ થાશે, એવી વેલા કલયુગમાં વર્તાશે. ૩૩૩
પૃથવીમાં જે થકી જે બલિયા નર હોય, તે ધન્ન પિઆરૂ બળે હરી લેશે સોએ.૩૩૪
જે પુરૂષ પોતાની પરહરશે નાર, તે તો બીજાશું કરશે વ્યવહાર. ૩૩૫
ત્યારે આજ્ઞા લોપશે શિષ્ય ગુરૂ તણી, જે કલયુગે થાશે બ્રાહ્મણ એવા ગણી.૩૩૬
ત્યારે સાધુ તણી સંગત તો નહિ ગમે, કપ્ટી કેડે ભૂલી પૃથ્વી ભમે. ૩૩૭
ત્યારે ચારે વેદ તણો તો સર્વ જાશે દર્શન, પૂછે નહિ કોઇ બ્રાહ્મણને પ્રશન્ન. ૩૩૮
ત્યારે થાશે ભૂવા ભાટ કલયુગનાં ડંડ, તે તો કપ્ટેથી હરી લેશે દામ શિર મુંડ.૩૩૯
વીર સાધનાને મેલા કરશે મંતર, અને કરશે ઔષધ ચીઠીને જંતર. ૩૪૦
જે કાજલ ભૂર્કીને કરે વશીકરણ, ત્યાં તો ગરોડાને નિત્ય જાશે શરણ. ૩૪૧
ત્યારે ભાંડ ભવૈયા ઉપર બહુ પ્રીત, ત્યાં ગમશે નહિ વેદ શાસ્ત્રની રીત. ૩૪૨
ત્યારે ચેટક નાટકને જોવા જન્ન જશે, જ્ઞાન ધ્યાન સાંભળવાને આળશ થશે.૩૪૩
ક્ષેત્રપાલ, શક્ત, માતંગી ને ભુત, જે કૂડ કપ્ટી પેશાવળને બાને ખાશે ધૂત. ૩૪૪
કહે શ્રી બુદ્ધા સાંભળો ભીમ ભૂપાલ, એવો કલીનો મહિમા છે અતિ વિક્રાલ. ૩૪૫
એવા કલયુગ તણા મહિમા એ છે જન્ન, તેમાં થર નહિ રેહવે કોઇ માંણસનું મન્ન.૩૪૬
કહે ભીમ સ્વામી વિન્નતી કરીયે હમો, અને એક મારા મનનો સંક્ષે છેદજો તમો.૩૪૭
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, અને સાંભળો ભીમ અમારી વાત. ૩૪૮
જે કલયુગે વડ પીપલો વાઢશે, તે તો લેઈ ધન્ન ને વલી દેવાલું કાઢશે. ૩૪૯
તુલસી ગઉ બ્રાહ્મણને જે જુગના દેવ, તેની સર્વ કોઇ કરશે કપટ કુડથી સેવ. ૩૫૦
વેશ્યા તો લજ્યા ધરશે અપાર, અને મહા નિર્લજ થાશે કુલવંતી નાર. ૩૫૧
જુગમાં સીસાના નાણું તો ચાલશે, વલી સાચાને તો સૂલીએ ઘાલશે. ૩૫૨
સર્વે તલાવ માંહે કરશણ તો વાવશે, સત્ય સાધ હશે તો તે દુઃખિયા થશે. ૩૫૩
સુખિયા થાશે કપટી કૂડીયા પાપી જેહ, આગળ નર્કે જાશે સર્વથી પેહલાં તેહ. ૩૫૪
અન્યાયી સુક્કરને ઘેર હોશે આચાર, ઉત્તમ વરણ ખોસે ધર્મ વ્યવહાર. ૩૫૫
વેશ્યા ઉપર તો ઘણા ભાવજે થાશે, અને સર્વ ધૂર્ત ગરોડાને માનશે. ૩૫૬
માંહો માંહે તો દુઃખ દેશે રે ઘણા, એવા લક્ષણ તો કલયુગ તણા. ૩૫૭
વરણવ થઇને સર્વે આગલ નાચશે, અત્યંજ પાસે અન્ન માંગશે. ૩૫૮
સર્વ થાશે જન્ન વિદ્યાવંતારે બહુ, પણ એતો ખોટા ઔષધ દેવે તે સહુ. ૩૫૯

જે રોગ જાણ્યા વિનાં ઔષધ કરે, એવા વૈદ્ય તો નિશ્ચે નર્કે સંચરે. ૩૬૦
જોશી તે જોતિષ ભેદ કોઇ ના ગણે, ત્યારે જ્ઞાની થઇ જ્ઞાન કોઈ નાં ભણે. ૩૬૧
લેઈ કરજ ને નહિ આપે વલી, તેના મન ફેરવશે પાપી કલી. ૩૬૨
ભૂંડા પુરૂષ ને ભૂંડી હોશેરે નાર, જોવા મળશે તેનો ભવેડો સકલ સંસાર. ૩૬૩
જે નર સુખે મેળવશે ધર્મેરે અન્ન, તેનું રાજા અન્યાયે ડંડી લેશે રે ધન્ન.૩૬૪
જ્યારે ખેડુતનાં ચારે ભાગ જો જાશે, તે ઉપર કરજમાં બાલક પોતાના વેચશે. ૩૬૫
જે જૂઠ બોલીને લેશે ચોરી ને વલી લાંચ,તે તો કૂડા કરમે દેશે અન્યાય સાથે આંચ.૩૬૬
સપાત્રને કોડી દાન તો કોઇ નાં દીએ, પણ કુપાત્રનાં ચરણ તો ધોઇ ધોઇ પીએ. ૩૬૭
જ્યારે માત પિતા બાલકને વેચશે, એવા છંદ તો કલિયુગમાં થશે. ૩૬૮
જ્યારે પુત્ર પિતાનું છેદશેરે શિશ, ત્યારે સાચું કહેતાં સર્વને લાગશે રીશ. ૩૬૯
જે પુત્ર થઇને માબાપને પડશે નેટ, ત્યારે દિકરી જમાઇનું રેહશે સાસુને પેટ. ૩૭૦
વલી જે નર અતી જૂઠા બોલારે હશે, તે કલિયુગ સમે આગલ વડેરા થશે. ૩૭૧
આપો આપ મૂકશે પોતાના ધ્યાન ને ધર્મ,અને તે નિત્ય ઉઠીને કરશે અતી કૂડા કર્મ.૩૭૨
નિશાએ ભોજન કરશે બહુ, અણગળ્યા નીર તો વાવરશે સહુ. ૩૭૩
અતિત અભ્યાગતને મારી કાઢશે, એવા દુષ્ટો બેઠા સર્વે પાક ઝાડશે. ૩૭૪
જે પરણી સ્ત્રી સાથે રાખે નહિ નેહ. અને પરસ્ત્રી શું અતી રાખે સ્નેહ. ૩૭૫
કહે શ્રી બુદ્ધા સુણો ભીમસેન રાજ, હવે તો અવગુણ કહેતાં આવે છે લાજ. ૩૭૬
કહે હરિ સાંભળો ભીમસેન હો રાએ, એવો છે કલિયુગ તણો મહિમાએ. ૩૭૭
જે થાશે કૂડા રાજા ને થાશે કૂડા પ્રધાન,અને તેની રૈયત તો ચોર ધૂતારી રે જાણ.૩૭૮
જે રાખશે કૂડા તિર્થ ને કૂડા દેવલે વિશ્વાસ,વળી જે કૂડ કપટે ધરશે પિઆરી આશ.૩૭૯
જેની કૂડી આશ અને જેનો કૂડો સંસાર, તેના સર્વ કૂડા વચનવિવેક અને વિચાર.૩૮૦
જેની કૂડી છે સર્વ કરમ ને ધરમની રે રીત, અને કૂડી છે કલયુગ તણી પરતીત ૩૮૧
જે કલિયુગનિ કૂડી છે ધી ને કૂડા છે પુત્ર,વળી તે કૂડા બંધવા ને કૂડા છે ઘર સૂત્ર.૩૮૨
જે કૂડી લક્ષમી ને કૂડા દેવ મંદિર ધામ, તેના કૂડા સર્વ મનોરથ ને કૂડા કામ. ૩૮૩
જે સર્વ કૂડા દેશ ને કૂડા સર્વ સંસાર, તે કૂડે કૂડાનાં હર્ષનો શોભે વ્યવહાર. ૩૮૪
કૂડા કલયુગ અને સાચું દેસે રે દાન, જે સેવે સાચે શ્રી સદ્‌ગોર ભગવાન. ૩૮૫
જે કોઈ ઇન્દ્રિ પાંચે વશ પોતાની રાખશે,તે તો સર્વ જીવતા વૈકુઠનાં ફલ ચાખશે.૩૮૬
ત્યારે કહે શ્રી બુદ્ધા સાંભલો હે રાજન, તમે પાંચે બંધવ રાખો નિર્મલ મન. ૩૮૭
મહા પાપી છે આ કલિયુગ તો નિર્ધાર, તે તમે મન વિષે જાણો સત્ય અપાર.૩૮૮
ત્યારે ધર્મનાં મોરિ ધરા છાંડશે જેહ, તે કલયુગમાં રાજ્યનું કરો કેમ નેહ. ૩૮૯
જ્યાં સુધી કલિયુગ અહીં આવે નહિ,ત્યાં લગી તમે રાજ કરજો ને સહિ. ૩૯૦
એ માટે સતીયા તમે સર્વ હિમાલેરે જાઓ,તો તમે દર્શન શ્રી હરિનાં રે પાઓ ૩૯૧
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યારે વિખ્યાત, સુણોરે ભીમ કહું તોએ સત્ય વાત. ૩૯૨

તમે રાજા યુધિષ્ઠિરને કેજોરે જાએ, કાંઇ પૂંછવું હોય તો પૂંછજો ને આએ. ૩૯૩
સત્ય વચન કહું છું હો ભીમ રાએ, યજ્ઞ કરશો તો પણ પાપ નહિ જાએ. ૩૯૪
જો આવીને દિદાર અમારા રે જોએ, તો અનંત યજ્ઞ તણું તમને ફલ હોએ. ૩૯૫
એવું રાજા યુધિષ્ઠિરને કહેજો તતક્ષણુ, નહિ તો પછી પસ્તાવો રહેશે ઘણું. ૩૯૬
ત્યારે ભીમે ચિંત્તા મનમાં કરી છે ઘણી, એતો દિશે છે ત્રીભોવનનો ધણી. ૩૯૭
જે પાંડવ,વંશપર સદા કૃપાલ, તે જાણી અમદ્વારે આવ્યા દયાલ. ૩૯૮
સુણોરે યોગિશ્વર કહું શિર નામ, દયા કરી તમે ઉભા રેહજો આણે ઠામ. ૩૯૯
અમે જઇને પુછું રાજા યુધિષ્ટિરને જોય,પાછો સંદેસો આવી તમને કહું હું સોય.૪૦૦
તમારો યજ્ઞ જાણી આવ્યો છું આંહી, અહીં રાજા આવે કે મને તેડાવે ત્યાંહી. ૪૦૧
ભીમ કહે સ્વામી અહીં ઉભા રેહજો સહી,અમે રાજા યુધિષ્ટિરને જાઇ પુછું સહી. ૪૦૨
ઓચરે ભીમસેન સ્વામી વારૂ કહો, પણ બે ચાર ઘડી અહીં ઉભા રહો. ૪૦૩
અમે યજ્ઞમાં જઇને કરૂં રે જાણ, તમેં આઘા આવો તો રાજા ધર્મની આણ.૪૦૪
એવી આણુ દઇ ભીમ યજ્ઞ માંહી ગયા, યજ્ઞ કરતાં રાજા ઉઠી ઉભા તો થયા. ૪૦૫
ત્યાં જઇને ભીમસેન તે ઉભા રે રહ્યા, કહે રાજા કેમ ભીમસેન તમે આવિયા.૪૦૬
વલતાં વિચારી ભીમસેન તો કહે, ભાઈ આવ્યા અભ્યાગત તે પોળે રહે. ૪૦૭
ત્યારે ગયા ભીમસેનને લાગી વાર, ત્યાં રાજા શું જઇને કહ્યો વિચાર. ૪૦૮
જ્યાં ચારે બાંધવ બેઠા છે એકાંત, ત્યાં ભીમે જઇને કહી સર્વે વાત. ૪૦૯
કહે ભીમસેન ભાઇ! સર્વે સાંભલો સાર, એક દેવ બુદ્ધા વેષે ઉભા છે બાર. ૪૧૦
સુણો રે રાજા યુધિષ્ટિર કહું વિચાર, અલોકિક પુરૂષ આવ્યા આપણે દ્વાર.૪૧૧
ભીમ કહે સાંભલો યુધિષ્ટિર વાત, એ મહા બ્રહ્મસ્વરૂપી આવ્યા વિખ્યાત. ૪૧૨
અગમ નિગમની વાત સર્વે કહે, તે પાત્ર આવી આપણે દ્વારે ઉભા છેહે. ૪૧૩
પાંચે બાંધવ મલીને વિચારે જહાં, એ કોણ સ્વરૂપે હોશે ઓ ભીમ તહાં. ૪૧૪
એ સ્વામીને મુખ ચંચા ને પગ વંકા જેહ, અને શરીરે ગલત્ર કોડ વહે છે તેહ.૪૧૫
તે વાણી મુખે અમૃત સમ ઓચરે, જેના વેણે વેણે હિરા રત્ન તો ખરે. ૪૧૬
દીશે કાયા કરૂપ ને વાસ દુર ગંધાત, પણ વાત તો કરે છે જેમ વૈકુંઠના નાથ.૪૧૭
ચૌદે ભૂવનની સર્વે તે કરે છે રે વાત, ઉભા છે દેવ ત્યાં એક મના થઇને નાથ. ૪૧૮
હમશું એવી વાતો બહુ હોઈ સત્ય ભાએ, પણ હમથી ઉત્તર દીઓ નાં જાએ. ૪૧૯
ભાઈ તે નાં લેવે અન્ન ને નાં લેવે દાન,તે નાં લેવે હસ્તી ઘોડા ને વાહન. ૪૨૦
કહે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણું, તે દર્શન કરે છે અભ્યાગત તણું. ૪૨૧
તે તમને સંદેશો કહ્યો છે રે હો રાએ, યજ્ઞ કરશો તોપણ પાપ નહિ જાએ. ૪૨૨
તે કહે છે અથર્વવેદ કો હુવો વ્યવહાર, જે ભૂલ્યા બ્રાહ્મણ ને વર્ણ અઢાર. ૪૨૩
જે શ્રી બુદ્ધારૂપે અવતારે હુવા દીન દયાળ,ભાઇ તેનેજ બ્રાહ્મણો કહે છે ચંડાળ. ૪૨૪
કહે છે હરિ અવતાર ને નાં જાણે હો રાએ,ભાઇ તેથી ચંડાલ હુઓ નહિ કોઇ જાએ.૪૨૫

ભાઈ તમને એસો સંદેશો કહ્યો છે મુરાર,ત્યારે યુધિષ્ટિરે કીધો બંધુ મલીને વિચાર.૪૨૬
એવી વાત જ્યારે ભીમસેને કહી, ત્યારે યુધિષ્ટિર કાંઇક સમજ્યા તે સહી. ૪૨૭
ત્યારે યુધિષ્ટિર ભાઇને પુછે છે ભેવ, એ કોણ પુરૂષ છે કહોને સેહદેવ. ૪૨૮
દેખી જોતિષને સેહદેવે સત્ય કહ્યો,શ્રી બુદ્ધા અવતાર શ્રી કૃષ્ણજીએ લીઓ. ૪૨૯
તે વાંચીને ભેદ સર્વ વેદના સેહદેવે રે કહ્યા, બુદ્ધા અવતારે તો શ્રી કૃષ્ણજી થયા.૪૩૦
કહે સેહદેવ હો ધર્મ તમે તો સૂણો, સેવસો નહિ તો પસ્તાવો પડશે ઘણો. ૪૩૧
મૂકી યજ્ઞ ને હરિને મલવા જાઓ રાએ, એવો પ્રસંગ બોહોડ નહિ તો થાએ. ૪૩૨
એ ભૂલ્યા બ્રાહ્મણ સેહદેવ કહે, તે હરિ અવતાર કી શુદ્ધ નાં લહે. ૪૩૩
જે પેટ સ્વાર્થે વાંચે ઠાલા વેદ, તે બુદ્ધા અવતારને કરે નિષેધ. ૪૩૪
પાંચે બાંધવ ચાલ્યા તેણી વાર, ત્યારે બ્રાહ્મણોએ કર્યો વિચાર. ૪૩૫
સુણો રાજા યુધિષ્ટિર કહું સત્ય ભાએ, એ ચંડાળ મુખ દેખ્યે કેમ જાએ. ૪૩૬
હમે બ્રાહ્મણ મહા ઋષિ રાએ, હે રાજ તેના તમે કેમ પરહરો પાએ. ૪૩૭
ત્યારે સેહદેવ બોલ્યા તેણી વાર, સુણો ભાઇ યુધિષ્ટિર કહું વિચાર. ૪૩૮
ભાઇ જો તમે કહ્યું બ્રાહ્મણનું કરો, તો તમે નારાયણ દેવને નહિ મલો. ૪૩૯
ભાઇ જેણે સરજી ધર્તિ ને આકાશ, અને પવન પાણી કીધા પ્રકાશ. ૪૪૦
જેણે ચંદ્રમા સૂરજ સર્જ્યાં જાણ, જેણે નિપાઇ છે આ ચારે ખાણ. ૪૪૧
જેણે અષ્ટકુલ પર્વત સર્જ્યાં રે જાણ અને તારામંડલ રચ્યા નિર્વાણ. ૪૪૨
જેણે સર્જ્યાં વનસ્પતિ ભાર અઢાર, નવકુળ નાગ સર્જ્યાં તેણી વાર. ૪૪૩
જેણે સાતે સમુદ્ર સર્જ્યાં જાણ, અને નવસો નવ્વાણુ નદિ પ્રમાણ. ૪૪૪
એ સર્વ રચનાં કરતાં નાં લાગી વાર, તે સ્વામી ઉભા છે આપણે દ્વાર. ૪૪૫
જ્યારે એવી વાત સેહદેવે કહી, ત્યારે યુધિષ્ટિર સમજ્યા સહી. ૪૪૬
જો રાજા તમે સુણો બ્રાહ્મણકી વાત, તો પસ્તાવો રહેશે દિવસ ને રાત. ૪૪૭
આજ નવમે શ્રી બુદ્ધા રૂપ ધરી, તે તો આવ્યા છે પાંડવ દ્વારે હરિ. ૪૪૮
જે આ પ્રેમે યજ્ઞ કરો છે હે ધર્મરાએ, હવે આ વિધિનો નથી રહ્યો મહિમાંએ. ૪૪૯
ત્યાં બ્રાહ્મણનાં મનમાં પડિયો છે રે ત્રાશ, કોણ આવ્યો છે એવો વેદિયોવ્યાશ. ૪૫૦
તમે જૂઓને ધર્મરાજા યુક્તિએ કરી, અને કોણ આવ્યો છે પોલે હસનાપરી. ૪૫૧
જે જુગ્તે કરીને હે રાજન જૂઓ જોગ, ત્યાં ભિક્ષા માંગે છે ભાવભક્તિનો ભોગ. ૪૫૨
અમે આવ્યા છું યજ્ઞ જાણીને યહાં, એ કહે છે આવે રાજા કે હમને તેડે તહાં. ૪૫૩
વલતાં રાજાને વિચાર જો થાએ, એ ના હોય અભ્યાગત કૃષ્ણજી આએ. ૪૫૪
વલતાં રાજા ઓચરે ભીમ વેગે જાઓ વલી,રખે એ અભ્યાગત જાગે પાછા વલી.૪૫૫
જઇને અભ્યાગતને અતી આદર કરો, જે માંગે તે સર્વ તેઓની આગલ ધરો.૪૫૬
એ આવે છે રાજા ક્ષેણું નહિ લાગે રે વાર,આદર કરે છે તમને મળવા તણો અપાર.૪૫૭
'ભીમ' મોકલાવી રાજા યજ્ઞ માંહે જો ગયા,ત્યાં વેદ વદંતા બ્રાહ્મણને એ પુછીઆ. ૪૫૮

સત્ય વચન વિચાર રાજાએ બ્રાહ્મણુને કહ્યા, આવ્યા અભ્યાગત જે પોલે રહ્યા. ૪૫૯
તે માંગે છે રાજા દર્શનનું રે દાન, દુર્બલ છે દેહી પણ કથે છે બ્રહ્મજ્ઞાન. ૪૬૦
બોચરે બ્રાહ્મણુ સાંભલો ને રાજા ધર્મ, સત્યવાદી રાજાનું એ નાં હોએ કર્મ. ૪૬૧
બોલ્યા પંડિત રાજા શું ઘેલા થાઓ,મૂકી અધુરો યજ્ઞ ને બાહેર કેમ જાઓ. ૪૬૨
વિચારી મનનાં રાજાએ રાખી વાત, આજ્ઞા આપી સર્વ બ્રાહ્મણનાં સાથ. ૪૬૩
ત્યારે બ્રાહ્મણે આપ્યો ભડકણો તે ભૂર, અને એથી થતો યજ્ઞ કરાવ્યો દૂર. ૪૬૪
ત્યાં બ્રાહ્મણને અતી ઘણી ચડી છે રે રીશ,જેથી બ્રાહ્મણ સર્વ ઉડી ગયા છે દોહિશ.૪૬૫
વલતાં બ્રાહ્મણ તો ચિંત્તાગ્રસ્ત થાએ,તે તો ફરીને રાજા પ્રતે બોલ્યા છે આએ. ૪૬૬
તમે તો રાજા ભલે અભ્યાગતનાં દર્શન કરો, પણ એક વાત હમારી ચિત્તમાંહે ધરો. ૪૬૭
વલાવો છાર ને આ ધરતીએ છંટાવોને નીર,તેની ઉપર પથરાવો પવિત્ર પટકુલ ચીર.૪૬૮
તે ઉપર તો રાજા તમે ચાલીને રે જાઓ,અને તમ પૂંઠે બ્રાહ્મણ પાસે વેદ ભણાવો.૪૬૯
ત્યારે ચાલ્યા પાંચે બાંધવ રે જહાં.અને જ્યાં શ્રી બુદ્ધા અવતાર ઉભા છે તહાં.૪૭૦
જ્યારે ચાલ્યા યુધિષ્ટિર બુદ્ધા કેરે પાસ, ત્યારે બ્રાહ્મણોએ વચન કર્યો છે પ્રકાશ. ૪૭૧
તે રાજાને સઘલા બ્રાહ્મણ કહે છે આએ, હે રાજા તે ચંડાલ મુખ જોયું કેમ જાએ. ૪૭૨
તમે સુણો રાજા સત્યવાદી અમારીરે વાત,તમો આગળ ગલીનાં પરદા બંધાવો સાત.૪૭૩
તમે તો પાણી ગંગોદક મંગાવો સધીર,એ ગંગોદક તમે કર ધરી છાંટોને શરીર.૪૭૪
એસો આચાર કરજોને હો ધર્મરાએ,તો યજ્ઞમાંથી જઈને દેખો એ ચંડાલકા પાએ.૪૭૫
એણી રીતે અભ્યાગતને મલવા જાઓ, આગલ ગલીના પર્દા સાત બંધાઓ. ૪૭૬
સત્ય શ્રી વિષ્ણુની પરિક્ષા છેરે એહ, શ્રીજીની દ્રષ્ટિએ સફેદ થાશે તેહ. ૪૭૭
રાજા અભ્યાગત સાંભળ્યો દુર્મુખ ઘણો, તે દુષ્ટ શરીર નાં દેખે હે રાજા આપણો. ૪૭૮
ઘરમે અભ્યાગતને મલવા આદર કર્યો, સગલી વસ્તુઓને પોતે આગલ ધર્યો. ૪૭૯
રાજાએ સુણી તે બ્રાહ્મણ કપટની વાત, તે સરમે ગલીનાં પર્દા બંધાવ્યા જે સાત.૪૮૦
ત્યાં જઈને જેવા પર્દા બંધાવ્યા છે રે રાએ, તે શ્રી હરિની દ્રષ્ટિએથી ઉજલા થાએ.૪૮૧
જે ગલીનાં પર્દા બંધાવ્યા રે સાત, તે કપટી બ્રાહ્મણોએ ખાધી છે ઘાત. ૪૮૨
જ્યારે બ્રાહ્મણ વચન બોલ્યા છે રે એહ, ત્યારે દેવે શ્રાપ દઈને ઉથાપ્યા છે તેહ. ૪૮૩
જ્યાં પાંડવ દેવનું દર્શન કરવા રે જાએ, પૂળાસમ દ્રષ્ટી બ્રાહ્મણોને ભીમ ફગાએ.૪૮૪
ગલીના પર્દા બંધાવીને બ્રાહ્મણ જો ગયા,તો શ્રી હરિની દ્રષ્ટિએથી ઉજલા તો થયા.૪૮૫
પાણી છાંટતા આવ્યા યુધિષ્ટિર રાએ, ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે સત્ય ભાએ. ૪૮૬
તમે સુણો રે યુધિષ્ટિર જો હમારી રે વાત,તમે કેવા કારણે પર્દા બંધાવ્યા છે સાત.૪૮૭
તમે શા કારણે કહ્યું બ્રાહ્મણોનું રે કરો, અને કેવા કારણે મન માંહે સંક્ષે ધરો.૪૮૮
રાજા કેવા કારણે ધર્નિએ છટાવો છો નીર,તમે શાકારણે ખોટો સંક્ષધરો શરીર.૪૮૯
જો નિર્મલ મન કરી દેખો અમારા પાએ,તો રાજા પાપ તમારા તે દોહિશ જાએ.૪૯૦
મન નિર્મલે કરીને દિદાર હમારા જોએ, તો અનંત યજ્ઞ તણું અનંત ફલ હોએ. ૪૯૧

અમ સામા ચાલીને આવો જો એકે મન, તો પગલે પગલે અનંત યજ્ઞ તણા રે પુન.૪૯૨
ત્યાં હરિને નમન કરી યુધિષ્ટિર એમ કહે,સ્વામી કુરૂક્ષેત્રકો પાપતો હમ શિર રહે.૪૯૩
સ્વામી હમે પાપી ને મહા ગુનેહગાર,સ્વામી અમે એકાએક કેમદેખીએ દિદાર.૪૯૪
સ્વામી અમે મનમાંહે તે વિચારી વાત, તે કારણે પર્દા બંધાવ્યા છે આ સાત. ૪૯૫
સ્વામી હમે મહા ગુનેહગાર પાંચે વીર,તે કારણે ધર્તિએ છંટાવ્યા ગંગાના નીર ૪૯૬
જ્યાં ફાટયા પર્દા ને દો દીશ ગયા, ત્યારે તો વેદ ભણતા બ્રાહ્મણો રહ્યા ૪૯૭
ત્યાં ટાલી પરદા ને બેઠા સર્વ ભક્ત એકાન્ત,અને મલેચ રૂપે દીઠા શ્રીહરિ અન્નત ૪૯૮
પાંડવ દેવનાં દર્શન કરી રળિયાત થાએ, એતો જઇ હરિને લાગ્યા છે રે પાએ.૪૯૯
જ્યારે કળા જોઈ બ્રાહ્મણ નાશી ગયા અસુખ,કહે ચંડાલ હરિને તે શું દેખડાવે સુખ.૫૦૦
જ્યારે બ્રાહ્મણ નાશી દો દિશ ગયા, ત્યારે રાજા ને અભ્યાગત એકાન્તે થયા. ૫૦૧
ભૂલ્યા બ્રાહ્મણ દેવદર્શન ઓળખ્યા નાએ,તે માટે કલયુગમાં કણ માંગી ખાએ.૫૦૨
જે ભૂલ્યા બ્રાહ્મણ સેહદેવ જોશી કહે, તે તો અવતાર પાત્રકી શુદ્ધ જો નાં લહે. ૫૦૩
પગ વંકા મુખ ચંચા દુર્બલ દેહી ગલે શરીર,તેવા ધ્યાન ધરીને ઉભા નરહરિ.૫૦૪
ત્યારે દંડવત કરીને રાજા પાએ લાગીયા,ત્યારે યુધિષ્ઠિર ઘણું રલિયાત જો થયા.૫૦૫
ધન ધન કુલ તે પાંડવ તણું, આજ ઘેર અભ્યાગત આવ્યા ઘણું. ૫૦૬
ત્યારે શ્રી બુદ્ધાને પગે જઇને પડ્યા, ત્યારે એ પાંચે પાંડવ કરજોડીને રહ્યા. ૫૦૭
યુધિષ્ઠિર પાએ લાગીને પ્રણામ જો કરે, સ્વામી તમે પધાર્યા પાંડવને ઘરે. ૫૦૮
ઓચરે રાજા હવે નો શી કરશું રે પેર, પાવન કરવા સ્વામી પધાર્યા ઘેર. ૫૦૯
અભ્યાગત ઓચરે સાંભલો રાજા ધર્મ, જેના માત પિતા પવિત્ર તેને લાગે કર્મ. ૫૧૦
તમે જાણતા હતા સકલ શાસ્ત્રનો ભેદ,વચન ઉવેખી કેમ મંડાવ્યો આ યજ્ઞનિષેધ.૫૧૧
તે માટે તમને ગુરુહત્યા લાગી હો રાએ,હેમ હસ્તી આપે તોએ પાપ નહિ જાએ.૫૧૨
ગુરૂના જે વચન ઉવેખે તે સદા રહે દુઃખી,આવા ક્રોડો યજ્ઞો કરે કેમે ના થાશે સુખી.૫૧૩
તમે સાંભળોને સતિયા રાજા ધર્મ,ક્રોડાક્રોડ યજ્ઞ કરે તોએ ના છૂટે કર્મ. ૫૧૪
રાજા ખુશી થઇને શ્રીહરિશું ઓચરે વાત,પુત્ર વિસર્યા તમ તણા ક્ષમાકરો હો તાત.૫૧૫
અભ્યાગત ઓચર્યા સાંભલોને રાજન,રીશ હમારી ઉતરી તમે બોલ્યા સત્યવચન.૫૧૬
ત્યાં શ્રી બુદ્ધાને પગે જઈને પડે, અને રાજા યુધિષ્ઠિર વિનતી જો કરે. ૫૧૭
રાજા યુધિષ્ઠિરે વિનવ્યા હર્ષ જો ધરી, અમ ઉપર કૃપા કીધી હો શ્રી નરહરિ. ૫૧૮
સર્વે જુગના પાતક અમારાં રે ગયા, આજે જગદીશના દર્શન જો થયા. ૫૧૯
સ્વામી યજ્ઞ હમારો પૂરો થયો આજ જ્યારે ઘેર પધાર્યા શ્રી મહારાજ. ૫૨૦
ત્યાં પાંચે પાંડવ કરજોડીને રહ્યા, સ્વામી ! ચરણ આણી ભોમે ભલે થયા. ૫૨૧
હાંરે પાંડવો ! તમે યજ્ઞ મંડાવ્યો કહાં, જે વારી ગયો તો હું તમને તહાં. ૫૨૨
સ્વામી ! અમે બ્રાહ્મણ વચને ભૂલ્યા એહ, તેથી હમે વચન લોપ્યું છે તેહ. ૫૨૩
ત્યારે શ્રી બુદ્ધા તણે પાએ જો પડે, પાંચે પાંડવ ઘણી વિનતી કરે. ૫૨૪

માતા કુંતા સ્વામીનાં ઓવારણા લેહે, રાજા યુધિષ્ઠિર પગે ચુંબન દેહે. ૫૨૫
જ્યાં પાંચે પાંડવ કરજોડી રહ્યા, સ્વામી આણી લોમે ભલે સંચર્યા ૫૨૬
ધન્ય ધન્ય વૈંશ પાંડવ જીવ્યા જેહ, આજ જગદીશ નયણે નિરખ્યા તેહ. ૫૨૭
આજ સર્વ યુગનાં પાપ હમારા રે ગયા, શ્રી બુદ્ધા અવતારના દર્શન જો થયા. ૫૨૮
ધન્ય ધન્ય છો તમે દીન દયાળ, જે બંદા તમારા લીઆ સંભાળ. ૫૨૯
અમે જૂઠા બ્રાહ્મણની કરી રે કેણ, તે તો સર્વે લોક લજ્જાને વેણ. ૫૩૦
થયા જૂઠા બ્રાહ્મણ ઋષિરાએ, જૂઠો યજ્ઞ મંડાવવાનો કર્યો ઉપાએ. ૫૩૧
પાંડવ ઉપર સ્વામી સદા તમે કૃપાલ, તમો ધરણી ધર છો દીન દયાળ. ૫૩૨
અમે ગોલા તમારા ગુન્હેગાર, તમે છો સ્વામી સદા બક્ષણહાર. ૫૩૩
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે રે સાર, સુણો રે યુધિષ્ઠિર ! કહું સત્ય વિચાર. ૫૩૪
લાગ્યો છે કલયુગ ને હુવો અથર્વવેદ, થાશે એથી સર્વ ષટદર્શન તણો નિષેધ. ૫૩૫
શ્રી હરિને કરજોડી યુધિષ્ટિર પૂછે ક્ષોણ. સ્વામી કલયુગમાં યોગી બ્રાહ્મણ કોણ. ૫૩૬
ત્યારે શ્રી હરિ બુદ્ધા બોલ્યા વિખ્યાત, યોગી બ્રાહ્મણ તણી કહું તોએ વાત. ૫૩૭
'બ્રાહ્મણ' તે જે જાણેરે બ્રહ્મ, બ્રહ્મજ્ઞાનના તત્વે કરીને બાળે કર્મ. ૫૩૮
આજ પ્રત્યક્ષ હરિ અવતારકો જાણે ઠામ, આજ બ્રાહ્મણ કલીનાં કહ્યા સત્યનામ. ૫૩૯
જેને પ્રત્યક્ષ બ્રહ્મા ભેટયારે જાણ, આજે તે બ્રાહ્મણ કલીમાં પરમાણ. ૫૪૦
જે વેદ ગાવંત્રીના ભેદે જાણેરે જાપ, તે બ્રહ્મવંશી બ્રાહ્મણ આપો આપ. ૫૪૧
જેણે પ્રત્યક્ષ બ્રહ્મગોર સેવ્યા રે જાણ, કલીમાં સાચા બ્રાહ્મણ તે સત્ય નિર્વાણ ૫૪૨
'યોગી' તે યુગે વેદ ધર્મકી જાણે જુગત, વેદ તત્વજ્ઞાને કરી ખોળે મુગત. ૫૪૩
જેની સુર્તા યોગધર્મમાં હરિશું રહે, અને ખરી દશાંશ શુક્તિ ગુરૂ મુખે ધરે. ૫૪૪
જેને પ્રત્યક્ષ ગોરનર ભેટયા જાણ, તે યોગી કલયુગનાં સહી પરમાણ. ૫૪૫
ત્યાં શ્રી બુદ્ધા બોલ્યા છે સત્ય ધ્યાન, સત્યમાનો અમે રામ ને અમે રેહમાન. ૫૪૬
અમે આપે યોગી ને અમે આપે બ્રહ્મ, અમેજ ગુરૂ, મુખી અમેજ સત્ય, ધર્મ. ૫૪૭
ગુરૂ મુખે નર પીછાણ તે યોગીને બ્રહ્મ. અથર્વવેદની કાંડીએ ઉતારે સર્વ કર્મ. ૫૪૮
ત્યાં રાજા યુધિષ્ટિરે બહુ વિન્નતી કરી, અમ મુક્તિ કેમ થાશે હો હરિ. ૫૪૯
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે વિખ્યાત, તમે સુણો યુધિષ્ટિર કહું હું તે વાત. ૫૫૦
હવે બેઠો કલયુગને આ દ્વાપર ગયો, સર્વ દેવ ઋષિવર અલોપ હોઇ રહ્યો. ૫૫૧
તમે તો ધર્મનાં પુત્ર છો હો રાએ, હવે તમથી કલીયુગમાં રહ્યો નહિ જાએ. ૫૫૨
તમે તો રાય કુરૂક્ષેત્રમાંહે છોરે વાઢયા, ક્ષોણી અઢાર બાંધવો રણમાં પડયા. ૫૫૩
ત્યારે દેવે દૈત્યને સંઘાર્યાં છેરે આપ, તેનાં તમો શિર લેઈ બેઠા છોરે પાપ. ૫૫૪
તેનો હિસાબ ચુકાવો ને જાએ, નહિ તો માથને દુઃખ ભોગવશો રાએ. ૫૫૫
ત્યારે પાંડવે વિન્નતી કરી છે ઘણી, આપ જે કહેશો તે કરશું હો ધણી. ૫૫૬
ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા છે સાર, જે તમે કહેશો તે કરશું હો કિર્તાર. ૫૫૭

ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા રે એહ, તમે જઇને હિમાલે ગળાવો સર્વે દેહ. ૫૫૮
જો તમે હિમાલે દેહી ગળાવો રે જાએ, તો તમે વૈકુંઠનું રાજ લેશો રાએ. ૫૫૯
ત્યારે ભીમસેન બોલ્યા ત્રત કાલ, તમે આગમ કેમ ના કહ્યું હો દયાલ. ૫૬૦
અમે સો બંધવ મારીને લીધું રે રાજ, સ્વામી તમે કલયુગ કેમ આણ્યો આજ. ૫૬૧
જો એવી અગમ કેહતા રે ગુંજ, તો હમો કુરૂક્ષેત્રમાં ન કરતા જુઝ. ૫૬૨
કહે યુધિષ્ટિર સાંભળો ભીમસેન રાએ, કર્મે લખ્યું તે ટાળ્યું કેમે ના જાએ. ૫૬૩
તમે સર્વ જે હરી કહે તે નિશ્ચે કરો, સ્વામીનાં વચન તો શિર ઉપર ધરો. ૫૬૪
ત્યારે રાજા યુધિષ્ટિર પૂછે છે ભેવ, તમે કલયુગનાં ચરિત્ર કહો હો દેવ. ૫૬૫
કલિયુગમાં કેશો અહાર ને કેશો વ્યવહાર, એ સંક્ષે મોએ કહેજો હો મુરાર. ૫૬૬
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, આ કલયુગ તણી કહું હું તોએ વાત. ૫૬૭
યુધિષ્ટિર કરજોડી વિનવી કરે છે સેવ, એ અગમનાં ચરિત્ર કેહજો હો દેવ. ૫૬૮
શ્રી બુદ્ધા બોલ્યા છે ત્યાં તો રે વેણ, અમો ભાઈ આવ્યો છું તમને રજા દેણ. ૫૬૯
વિત્યો દ્વાપર ને કલયુગ બેઠો છે આએ, હવે તમે હિમાલે શીજજો હો રાએ. ૫૭૦
એવા વચન સુણી ભીમસેન કોપે થઆ, સ્વામી તમે અગમ ભેદ કેમ નાં કહ્યા. ૫૭૧
અમે માર્યો દુર્યોધન ને ગોર ગંગેવ, જેની મહાવિદ્યા તણો ન હોતો છેહ એવ. ૫૭૨
તમ વચને માર્યો દુશાશનને ભગદંત, જેનાં બળનો નાં પામીએ અંત. ૫૭૩
અઢાર ક્ષોણી ને બંધવ મારી લીધું રાજ, સ્વામી તે કલયુગ કેમ લાવ્યા છો આજ. ૫૭૪
કહે યુધિષ્ઠિર સુણો ભીમસેન રાએ, હરિ સામે તમે ઉત્તર દિઓ છો કાંએ. ૫૭૫
આજ દેવ કહે તે વિશ્વાસે કરો, એ હરિનાં વચન તો શિર ઉપર ધરો. ૫૭૬
કહે નારાયણ સુણો યુધિષ્ટર રાએ, અમે કલયુગ તણો તો કહ્યો મહિમાએ. ૫૭૭
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે રે સાર, યુધિષ્ટિર કહું કલિયુગના વિચાર. ૫૭૮
સત્ય વાએક જેના તે બ્રાહ્મણ જાણ, જે મહા બ્રહ્મ કુળ વિષ્ણુ હોશે પરમાણ. ૫૭૯
જેને પ્રતક્ષ ગોર નર ભેટયા રે જાણ, તે યોગી બ્રાહ્મણ આ કલયુગના પરમાણ. ૫૮૦
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે અપરંમ, અમે આપે યોગી ને આપે છું બ્રહ્મ. ૫૮૧
જનોઇ ધરે તે માટે બ્રાહ્મણ તો નાંહી, બ્રહ્મ અક્ષર જાણે તે બ્રાહ્મણ સહી. ૫૮૨
બ્રાહ્મણ ઓધી કહાવે નર સબ કોએ, બ્રહ્મ જડે, પુરણ ભાગ્યવંતા હોએ. ૫૮૩
જેને સદ્ગોર બ્રહ્મા મલિયા છે સહી, તેતો ગર્ભવાસમાં ફરી આવશે નહિ. ૫૮૪
તે માટે તમો સાંભળજો હો રાએ, એ બ્રહ્મ પુજા તો અધિક કહેવાએ. ૫૮૫
હે ધરમ એ વિગતે બ્રાહ્મણ જો જાણ, તેનાં કહું હું એવા લક્ષણ વિધાન. ૫૮૬
પ્રથમ બ્રહ્મ તો આ 'પવન' ને લહે, બીજો બ્રહ્મશાસ્ત્ર આ 'જલ' ને કહે. ૫૮૭
વેદે ત્રીજો બ્રહ્મ તે 'અગ્નિ' ને કહ્યો જાણ, ચોથો બ્રહ્મ 'તેજ' સચરાચારી માન. ૫૮૮
હવે પાંચમો બ્રહ્મ તો 'પૃથ્વી' હોય, જે આ ધરા ઉપર વસે છે સબકોએ. ૫૮૯

કહે હરિ બ્રહ્મ કહાવે નર જેહ, અદકું ઓછુ કોઇને ગણે નહિ તેહ. ૫૯૦
આતમાં બ્રહ્મની ભક્તિ જે કરે, બ્રહ્મ ભક્તિએ તે બ્રહ્મ માંહે સંચરે. ૫૯૧
બ્રહ્મદ્વારે જઇ જે કોઈ કરમ તો કરે, તે કર્મનાં ફળ સર્વ ભોગવવા પડે. ૫૯૨
પછી તે ભલા કે ભુંડા કર્મ જેહ, થાએ તેને વજ્ર લેપ કહિયે તેહ. ૫૯૩
ગુરૂ ભાઈ થઇને રાખે માંહે દુર્મતિ, તેની કેમ થાએ સ્વર્ગ નીરે ગતિ. ૫૯૪
વલી જે નાં માને શાસ્ત્રની વિધી, તેવા દુષ્ટોનાં મૂખ તો જોવાના નથી. ૫૯૫
કહે શ્રી બુદ્ધા સાંભળો યુધિષ્ટિર સાર, જે કહું છું તે સત્ય માનજો નિર્ધાર. ૫૯૬
'યોગી' તે જે જાણે વેદ વેળાતણી જુગત, જે સત્યજ્ઞાને કરી ખોળે મુગત. ૫૯૭
'યતી' તે જે 'યોગ' ધર્મમાં રહીને કરે, ખરી દશાંશ શુક્રિત ગોર મુખે ધરે. ૫૯૮
ગુરુ મુખે હાલ ગુજારી પાળે ધર્મ, એ ઓળખવા ખરા 'યોગી' ને 'બ્રહ્મ'. ૫૯૯
ત્યારે શ્રી હરિને વિનવે યુધિષ્ટિર રાએ, સ્વામી હમારી મુક્તિ કોઈ પેરે થાએ. ૬૦૦
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, તમે યુધિષ્ઠિર સુણો કહું સત્ય વાત. ૬૦૧
હવે લાગ્યો કલયુગને રાજ દ્વાપુર ગયો,સર્વ દેવ ઋષિવર અલોપ હોઇને રહ્યો. ૬૦૨
કલિયુગમાં કેનું મન થર નહિ તો રહે, સાઠી ઓગણીસ વસા તો પાપનાં વહે.૬૦૩
જ્યાં અર્ધો વસો સત્ય ધર્મનો રે જાણ, ત્યાં એવી કઠણ વેલા વીતશે પરમાણ.૬૦૪
શ્રી બુદ્ધાને યુધિષ્ઠિર પૂછે છે વિચાર, સ્વામી કેશો કલયુગનો ચાલે સંસાર. ૬૦૫
ત્યાં કેવા રાજા ને કેવા પરધાન, અને કેવા લોક રૈયત હોશે નીર્વાણ. ૬૦૬
કેવા પંડિત પઢે વેદ પુરાણની રે વાણ,અને કેવા શ્રોતા ત્યાં બેઠા સાંભળે જાણ.૬૦૭
ત્યાં કેવા યોદ્ધા રણે સનમુખ લડે, વળી અને કેવા યોદ્ધા ત્યાં રણમાં પડે. ૬૦૮
કેવા હોશે યોગી યતી તે યુગમાં જાણ, કેવા દાતા હોશે જે દેશે પુન ને દાન. ૬૦૯
ત્યાં કેવા વર્ષા કલયુગમાં રે હોએ, હે પ્રભુ કેશી ધર્તિ પાકશે સોએ. ૬૧૦
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ઠિર કહું હું તોએ વાત. ૬૧૧
અલ્પ વર્ષા કલયુગમાં સર્વે રે હોએ, અને અલ્પ ધર્તિ પાકશે સબકોએ. ૬૧૨
કલયુગમાં વર્ષા ઘટતી નહિ નાખશે મેહ, ગોરનાં પ્રતાપે પૃથ્વી પાક આપશે તેહ.૬૧૩
જે કલિનાં રાજા મહા કપટી હોએ, સેના નાએક ને રૈયત ધૂતારી સોએ.૬૧૪
લોભી રાજા ને લંપટી થાશે પ્રધાન, તેની રૈયત ચોર ધૂતારી હોશે જાણ. ૬૧૫
ત્યાં લોભી પંડિત વાંચે સ્વાર્થે પુરાણ, ત્યાં તો લંપટ શ્રોતા બેઠા જાણ. ૬૧૬
યુદ્ધ સમે સેહસ્ર યોદ્ધા રણ માંહે લડે, સેહસ્ર માંહે કોઇ એક સન્મુખે પડે. ૬૧૭
લાખ મધે એક દાનવંતા નર રે જોએ, ક્રોડ મધ્યે એક યોગી યતી હોએ. ૬૧૮
ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા છે વિખ્યાત, તમને શ્રી બુદ્ધા પૂછું એક વાત. ૬૧૯
કલિયુગ માંહે કોણ તિર્થ તે કહિયે જાણ,ત્યાં કોણ સપાત્ર મુખે દિજીએ દાન. ૬૨૦
ભાગવન્ત કોણ વર્ત કલયુગ માંહે કરે, કોણ દિશાએ બેશીને જાપ આચરે. ૬૨૧
કલયુગ માંહે કયાં વાશો રહેશે ધર્મ, કયાં જઈને પાપનાં છુટિએ કર્મ. ૬૨૨

ક્યાં થાસે તે ધર્મ કહો હે મહાદેવ, ક્યાં જઇ વાણી સુણીએ વ્રત એવ. ૬૨૩
કવણ દાન કલિયુગ માંહે દહે, કોણ વિધિએ કેવા સપાત્ર તો તે લહે. ૬૨૪
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા રે ત્યાં વાત, સુણો યુધિષ્ટિર હું કહું તમને સાક્ષાત. ૬૨૫
આજ ગત તિર્થ કલયુગમાં રે જાણ, અને સદ્દગોર બ્રહ્મા મુખે દીજીએ દાન. ૬૨૬
બીજ શુકરવારી કલયુગ માંહે વૃત કરો, અને પશ્ચિમ દિશા બેશી જાપ આચરો.૬૨૭
ત્યાં તો દયા આલંભે ઉપજશે ધર્મ, ગત ગંગા માંહે જઈ છુટીએ કર્મ. ૬૨૮
સંપતે જે સેજદાન કલયુગમાં રે દહે, તેને સંતોષથી વિધિએ સપાત્ર જો લહે. ૬૨૯
કલિયુગમાં જો ક્ષમા રૂપી થાપંતે ધર્મ, ક્રોધી વાણીનાં નાં સુણિએ મર્મ. ૬૩૦
ત્યારે યુધિષ્ટિર બોલ્યા ત્યાં તો વિખ્યાત, કહો શ્રી ભગવાન કલિયુગની વાત. ૬૩૧
ચારે યુગમાં કલિયુગ છેલ્લો આવે સાર, તે તો પાપ પુનકો કેવો કરે વ્યવહાર.૬૩૨
કહો રે સ્વામી કલિયુગ કેરી સર્વ વાત, ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા મહા વિખ્યાત. ૬૩૩
શ્રી બુદ્ધા કહે સુણો યુધિષ્ટિર કહું સાક્ષાત, સર્વ કલિયુગ તણી કહું સત્ય વાત.૬૩૪
જે ચારે જુગમાં આ કલયુગ છે સાર, તે તો સર્વ પાપ પુનકો કરે નિસ્તાર. ૬૩૫
કલયુગમાં પાપી ધર્મિ એકજ તેડે ફરે, ત્યાં તો પાપી બૂડે ને ધર્મિ તો તરે. ૬૩૬
જે પેહેલા સત્ય યુગમાં કરતા પુન, તેની કથા સુણો રાજા એકે મુન્ન. ૬૩૭
સેહસ્ત્ર વાર જ્યારે દેતા રે દાન, ત્યારે તેનું ફલ એકવાર લેતા પ્રમાણ. ૬૩૮
એકવાર દાન જો કલિયુગમાં રે દહે, તે સવાલાખ ઘણેરૂં મુનિવર લેહે. ૬૩૯
એશા પુન તો કલયુગ માંહે વિસ્તરે, એ યુગમાં અન્નત કરોડી જીવ ઓધરે. ૬૪૦
મુખ્ય અથર્વવેદ કલિયુગ માંહે વહે, તે ત્રણ વેદીનું દિલ તો ઠામ નહિ રહે. ૬૪૧
બહુ પાપ આ કલિયુગમાં વિસ્તરે, તો પણ આ કલિ ધર્મને સાચો તો કરે. ૬૪૨
કઠણ દાનને છે આ કઠણ સંસાર, વલી કઠણ રાજ્ય પરજાના વ્યવહાર. ૬૪૩
જે ચોર ધુતારાના તો કર્મ જો કરે, આવા બ્રહ્મજ્ઞાન તે મન માંહે નવ ધરે. ૬૪૪
શ્રી હરિને મૂકીને માને પથ્થર ને ભૂત,જેમ માઇ બાપને નાં માને દુષ્ટ કપુત.૬૪૫
જે કલિયુગનાં બ્રાહ્મણ વાંચે ઠાલા રે વેદ, તે કલિયુગમાં અથર્વવેદને કરે નિષેધ. ૬૪૬
કલિયુગનાં બ્રાહ્મણ લાલચુ ને અશુદ્ધ, ભાઇ તેથી તો તેઓની ગઈ છે બુદ્ધ. ૬૪૭
યુગ પ્રમાણે નાં ઓલખે સદ્દગોરની સુદ્ધ, તે દશમા અવતારકી નાં જાણે બુદ્ધ. ૬૪૮
કલિયુગ માંહે ગાએ તો વિષ્ટા રે ખાએ, ધર્મેથી પૂજાએ પણ તેજ ગલું કપાએ.૬૪૯
કલિયુગનાં લોક મન દેયા નવ રે તે ધરે, અને જીવની હિંશાઓ તો બહુજ કરે.૬૫૦
એવા કલિયુગમાં ચંડાલ જાણો નર તેહ,સમયનાં વિષ્ણુ રૂપને ના ઓળખે જેહ.૬૫૧
વિષ્ણુ કુળ વિના તો બ્રાહ્મણ નહિ, ચંડાળ નિંદા બ્રહ્મા વિષ્ણુની કરશે સહી. ૬૫૨
આજ મલેચ્છ રૂપે વિષ્ણુ માનિએ, ભેદ તેનો અથર્વવેદ ભણે જાણીએ. ૬૫૩
શ્રી વિષ્ણુ કહે દ્વાપર તો ગયો વહી, એથી કુળ મર્યાદા સર્વ ઝાંખી થઈ. ૬૫૪
આદ્ય નારાયણે કલિયુગને તો આપ્યું રાજ,તેમાટે વિષ્ણુ મલેચ્છરૂપે થયા મહારાજ.૬૫૫

"અક્ષી" હોશે ચંદ્રવંશી વંશે રાજન, અથવ વેદી આવશે એ અશરણાશરણ. ૬૫૬
શ્રી બુદ્ધા કહે બ્રાહ્મણ કલિયુગમાં જાણ,તે તો એજ હરિવંશ માંહે સહી પ્રમાણ.૬૫૭
કલિયુગ માંહે વિષ્ણુ બ્રાહ્મણ ઘર જાણ, બીજા બ્રાહ્મણ તે ભકતો નિર્વાણ. ૬૫૮
ત્યારે જે ભક્ત બ્રાહ્મણની નિંદા તો કરે, તેના પાપ તો કેમે કરીને નહિ ઉતરે. ૬૫૯
જે ભક્તને વ્હાલા હોશે શ્રીહરિ સહી,તે તો નિંદા અરીપરી કોઇની કરશે નહિ. ૬૬૦
મનુષ્યરૂપ માંહે સાચા દેવ કહિએ તેહ, સતપંથ પાળી દેવના ગુણ રાખે જેહ. ૬૬૧
મનુષ્ય માત્ર માંહે કોઈ મદ્દમ તો નથી,મદ્દમ કર્મે તો મદ્દમ કાવે છે રે મતી.૬૬૨
શેહસ્ત્ર નામ પોતે ભણાવ્યા છે રે હરિ, સત્ય સેવાને પાંચ જ્ઞાન રાખે પાઠ કરી. ૬૬૩
પોતે ગતગંગા આગળ હાલ નિવેદન કરે,તે તો જીવ મુવે યમ યાતના નવ સહે.૬૬૪
વળી જે નર શેહસ્ત્ર નામ શિખે રે નહીં, આપ ડહાપણે મિથ્યા લવરી કરશે સહી. ૬૬૫
હરિ કહે તેવાનું મુખ જોતાં લાગે બહુપાપ,સર્વે સાધુજન તેને તો દેવે અતિશ્રાપ.૬૬૬
મનુષ્યા માંહે નાં શિખે જ્ઞાન જેહ, હરિ કહે ધિક અવતાર જાણો તેહ. ૬૬૭
જે શિખવતાં મન સંકોચ કરે, તેનાં શિર પાપીનાં પાપ જો ચડે. ૬૬૮
જે હરિદ્વારે જઇ પ્રસાદ માંગી લેહે, હીણે કાજે કુલ મરજાદા મૂકે તેહે. ૬૬૯
આંબલા પ્રમાણે કહ્યો પ્રસાદ જાણ, ભેટ મોકલેલ ભગવાનની તે માન. ૬૭૦
જે ભેટ આપ્યા વિના પ્રસાદ લેહે, તે તો દેવનો કૃતઘ્ની પાપી છેહે. ૬૭૧
હરિદ્વારે ચોરી કરે નર જેહ, રોમે રોમે દુઃખિયો થાશે તેહ. ૬૭૨
પ્રસાદમાં જે કરે ભાગ વિભાગ, તેને તો માથે પડે છે મોટું પાપ. ૬૭૩
ઋષિ શ્રાપ તો ભલેરો રે સહી, પણ ચોરી સરખું કોઈ પાપ તો નહિ. ૬૭૪
જે જન ધર્મ ઉપર શું પ્રીત ઓછી કરે, તેનું પાપ તો તેને મસ્તગે ચડે. ૬૭૫
તે માટે તમે ધર્મ સાંભળો સાર, એ સમો બીજો પાપ નહિ નિર્ધાર. ૬૭૬
એમાં પ્રસાદની ચોરી જે કરે, તે પાપી તો કદી કહીં નહિ ઠરે. ૬૭૭
અન્યાએ લેઇને ડગ જો ભરે, એને બ્રહ્મહત્યા તો માથે ચડે. ૬૭૮
ઋષિવરનું લક્ષણ પ્રસાદ માંગે નહિ. હરિદ્વારે ગએથી પ્રસાદ પામે સહી. ૬૭૯
પ્રસાદ માંગ્યાનું છે મોટું પાપ, હરિદ્વારેથી ફરે તેને લાગે છે શ્રાપ. ૬૮૦
તે માટે જ્ઞાન શિખીએ સહી, જેમ અજાણ્યો દોષ લાગે નહિ. ૬૮૧
જે નર જાણે ને શિખે રે જ્ઞાન, તે નરને પ્રિતી હોએ શ્રી ભગવાન. ૬૮૨
જ્ઞાની તો કરે વિચારની રે વાત, જેથી વધે તેનાં દિલની ખ્યાત. ૬૮૩
અજ્ઞાની નર જુગમાં હોએ જેટલા, અને એતો સ્વર્ગ નહિ પામે તેટલા. ૬૮૪
વેદ વિના તો હરિ ઓળખાએ નહિ, જેમ કોઇ મૂર્ખને અન્ન આપે સહી. ૬૮૫
અજ્ઞાની હોય તેનાં જાણે ભગવાન, જ્ઞાની તે જાણે પુરૂષ પુરાણ. ૬૮૬
તે માટે તમે યુધિષ્ઠિર જોએ, ધર્મ વિનાં સત્યની છાપ નાં હોએ. ૬૮૭
અથર્વવેદી સર્વ કરમ એહ, અને ચાલતું દાન અજિયાનું જેહ. ૬૮૮

હરિ એમ ઓચરે સાંભળો સતી જન આજ, અમે સધામે સધારશું, તમે સબળા
કરજો રાજ. ૬૮૯
ત્યારે પાંડવ બોલીયા, અમને અહીં નાં સોહાએ, ચરણ ધારણ કીધા આજ લગી તે
કેમ છોડાએ. ૬૯૦
આ ચાલે કલિયુગમાં સર્વ કપટનું કાજ, ત્યાં તમો પાંડવો કેમ કરી કરશો રાજ. ૬૯૧
સુણો રાજા યુધિષ્ટિર તમસુ કહું, હમે તો કલિયુગમાં પ્રગટ નહિ રહું. ૬૯૨
ત્યારે પૂછે યુધિષ્ટિર સુણો મુરાર, સ્વામી તમ વિનાં કેમ ચાલે સંસાર. ૬૯૩
સુણો રે યુધિષ્ટિર હું તમસું કહું, અમે તો ત્રણ ઠામે ગુપ્ત હોઈને રહું. ૬૯૪
જો તમો ધરણી પગ નાં ધરો યદુરાએ, તો સંસાર સઘલો પ્રલે જાએ. ૬૯૫
તમે સુણો વિન્નતી દેવ મુરાર, અમને કહો તમ્ રેહવાનો ઠાર. ૬૯૬
જો તમે રાજા યુધિષ્ટિર પૂછો એહ, તો ઠામ અમારૂં બતાવું છું હું તેહ. ૬૯૭
જેસી ફુલમાં વાસનાં હોએ, તેસો ઘટ ઘટ વ્યાપિક જોએ. ૬૯૮
જેસા તન્ માંહે કહિયે પ્રાણ, તેસા ચૌદ ભોવનમાં વ્યાપિક જાણ. ૬૯૯
સુણો રે યુધિષ્ટિર તમને કહું, એણી પેરે હું કલિયુગમાં રહું. ૭૦૦
ત્યારે યુધિષ્ટિર બોલ્યા સાર, તમે પ્રગટ રૂપ કયાં ધરશો મુરાર. ૭૦૧
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ટિર તમને કહું વાત. ૭૦૨
પશ્ચિમદિશા માંહે આરબ દેશ, ત્યાં દશમો અવતાર મનુષ્ય વેષ. ૭૦૩
જે સેહસ્ત્રદ્વિપ ને એરાખંડ જાણ, ત્યાં દશમો અવતાર અલી બળવાન. ૭૦૪
સેહસ્ત્રદ્વિપમાં ઠામ અમારો છેએ, કલા અમારી ગોર બ્રહ્મામાં રહે. ૭૦૫
ત્યાં યુધિષ્ટિર પૂંછે શિર નામ, અમને ગોર બ્રહ્માનું બતાવો ઠામ. ૭૦૬
શ્રી બુદ્ધા કહે ગોર બ્રહ્માજીનું ઠાએ, તમે વચન હમારા સુણજો હો રાએ. ૭૦૭
જે જંબુદ્વિપ ભરથખંડ રે જાણ, ત્યાં કુંવારિકા ક્ષેત્ર મહા ઉત્તમ ઠામ. ૭૦૮
ઈમામપુરી નગરીમાં ગોર ઈમામશાહ રહે,કલિયુગમાં ગોર બ્રહ્માનું થાનક યેહ છેએ.૭૦૯
ત્યાં ગોર બ્રહ્મા કુળે નરમહમ્મદશાહ હોએ,તેને ગાફલ દુનિયા નહિ જાણે કોએ. ૭૧૦
ત્રણ દેવની કલા લઈ ફરશે સહી, તે ગોર મસ્ત દિવાના દેખાશે સહી. ૭૧૧
જ્યાં ગોરનર ઈશ્વરના કહ્યા ઠામ, ત્યારે પાંડવ કર્યા હરિને પ્રણામ. ૭૧૨
હે યુધિષ્ટિર સત્યવચન સુણજો મોએ, વલી હમારો ત્રીજો ઠામ કહું છું તોએ. ૭૧૩
જ્યાં મલે ગત ને એકાન્ત હોએ, ત્યાં નિત નિત અમી પીએ સબ કોએ.૭૧૪
જ્યાં એકમનાં કરગરે ને પાલે વેદની વાણ, રાએ તે ઘર વાશો હમારો જાણ. ૭૧૫
જે પાલે બ્રહ્મક્રિયા ગ્રહસ્થા ધર્મમાં રહી, તે ઘર વાશો હમારો સહી. ૭૧૬
જ્યાં મલી ગત ને હરિનું સ્મરણ કરે, જે એકમનાં થઇ જ્ઞાન ઓચરે. ૭૧૭
જે ધરે હરિનું ધ્યાન એકમના થઈ, રાએ તે ઘરવાસો અમારો સહી. ૭૧૮
જે વિષ્ણુ ભક્ત દયાવંતા રે હોએ, અને ક્રિયા ચાલીસ પાલે સોએ. ૭૧૯

આજ ધરમ કરતાં નાં કરે વાણ, રાએ તે ઘેર વાસો અમારો જાણ. ૭૨૦
જ્ઞાની ધ્યાની ગુરૂ આજ્ઞાએ રહે, અને સુખ દુઃખ દિલનાં હરિને કહે. ૭૨૧
જે સત સંતોષિ ક્ષમાવંતા હોએ, રાએ તે ઘર વાશો હમારો જોએ. ૭૨૨
જે ઉદ્યમ કાજે જગમાંહે ફરે, હરિનું સ્મરણ હ્રદયમાં ધરે. ૭૨૩
જે નિચી દ્રષ્ટે હસમુખા હોએ, તે ઘર વાશો હમારો જોએ. ૭૨૪
જે ધનવંતા જોબનવંતા જાણ, તે ન ગરભા થઇ ફરે નિર્વાણ. ૭૨૫
જેના હ્રદયમાં જ્ઞાન ધ્યાન હરિ તણો, રાએ તે ઘર વાશો અમારો ઘણો. ૭૨૬
સુણો રે યુધિષ્ઠિર ! તમસુ કહું, એણીપેરે કલયુગમાં ગુપ્ત હોઇ રહું. ૭૨૭
જ્યારે હરિએ કહ્યો ગોર નરનો ઠામ, ત્યારે યુધિષ્ઠિરે તે દિશાને કર્યો પ્રણામ.૭૨૮
ત્યાં પાંડવ વિનવે ત્રતખેવ, હવે હમને રજા કેશી દો છો હો દેવ. ૭૨૯
ત્યાં હરિએ કહ્યો મોક્ષનો ઠામ, પણ હિમાલે ગયા વિના નહિ થાએ કામ. ૭૩૦
જ્યારે એસો વચન શ્રી બુદ્ધા બોલિયા, પાંડવે એ વચને શિર ડોલાવિયા. ૭૩૧
સ્વામી ! જે કહો તે નિશ્ચે કરૂ, પણ તમ સ્મરણ કદી નાં વિશરૂં. ૭૩૨
સુણો રે રાજા યુધિષ્ઠિર તમને તો કહું, નિશ્ચે અમો તો તમ સાથે રહું. ૭૩૩
ભકતો તમો મન રાખો વિશ્વાસ, સ્મરણ કરશો ત્યાં હું છું પાસ. ૭૩૪
ત્યાં શ્રી બુદ્ધા બોલ્યા સત્ય સાર, તમે સુણો યુધિષ્ઠિર કહું વિચાર. ૭૩૫
ભાઇ તમે હવે વેધો ગાએ ને રાખો ઇમાન,તો અમ્મર ઠામ તમે પામો નિર્વાણ.૭૩૬
અમો આવી યજ્ઞનો જાણ્યો ભેદ, હત્યા તમારી ઉતરે કરો ગૌમેધ. ૭૩૭
તમે યજ્ઞ કરો ગૌમેધ આજ, તો સરે પાંડવો તમારા કાજ. ૭૩૮
અમો તમારૂં કહ્યું કરશું કિર્તાર, પણ ગૌ વધનો કોણ વિચાર. ૭૩૯
પાંડવ ઉપર હરિએ ધરિયું હેત, અઢાર ક્ષોણી દલ જે માર્યું રણખેત. ૭૪૦
તેનું પાપ તમોએ શિર લિધું સહી, તે નિંદા કરાવ્યા વિનાં ઉતરશે નહિ. ૭૪૧
ઘણા જણ મલી જો અતી નિંદા કરે, મહા વક્રમ તો એણીપેરે ઉતરે. ૭૪૨
શ્રી બુદ્ધા કહે એ પાપને જાણ્યો હોય સહી, તો શુરભી યજ્ઞ નિશ્ચય કરોને અહીં. ૭૪૩
કહે ધરમ જેને અમે પુજીયેરે સહી, હમે તેનો વધ કેમ કરિયે રે અહીં. ૭૪૪
હરિ કહે સામવેદકો ઉથાપન હુવો જેહ, જ્યારથી સ્યામ શ્રી કૃષ્ણ પધાર્યા તેહ. ૭૪૫
શ્રી કૃષ્ણને વ્હાલી હતી શુરભી તો સહી, તે શુરભી વિના યજ્ઞ વિધિ થાએ નહિ.૭૪૬
હે રાજા જો તમો ખોવા ઇચ્છો છોરે પાપ,તો તમે શુરભી યજ્ઞ કરી જપો જાપ.૭૪૭
ભાઇ હું એમ કેહતાં ફલ જાણે સહી, તે માટે એમાં મેં કહેવાએરે નહિ. ૭૪૮
ત્યાં તે ઉપજી ચિંત્તા ને કરે વિચાર, ક્ષત્રી ધર્મ જશે ને લોક લજવશે ગાલ.૭૪૯
ત્યાં અભ્યાગત કહે સાંભલોને રાજા ધરમ,અમને રજા આપો કાંએ કરોછો વિલંબ.૭૫૦
રાજા વિચારી મનમાંહે કરે છે ઉપાએ, હું પુછું દ્રુપતિને વલી કુંતા માએ. ૭૫૧
હું પુછું પ્રેમશું તમે સાંભલો સર્વ સાથ,અભ્યાગતની આજ્ઞા નહિ દિવસ નહિ રાત.૭૫૨

રાએ પુછે સેહદેવને કશ પંડિત વિચાર, મધ નિરે નાવ ભાંગી કેમ ઉતરિએ પાર. ૭૫૩
ત્યારે સેહદેવને સર્વ રાજા પૂછે વિચાર, સાચું કહો સત્ય શું એ સત્ય કિરતાર. ૭૫૪
સેહદેવ કહે તમે દ્રૌપતીને પૂછો ઠ,વાઘેશ્વરી વાણી ઓચરે જેને વદને વરસે નુર.૭૫૫
રાજા રાતા માતા થઇ ગયા દ્રુપતીને દ્વાર,પ્રણામ કરી પુછે તમ સાચું બોલો સાર ૭૫૬
કહે દ્રુપતી સાંભલો રાજા સત્યવાત,આપી અભ્યાગતે આજ્ઞા જેવો આપણો અપરાધ.૭૫૭
તમે યજ્ઞ આદર્યો પાપ ઉતારવા કાજ,વિપ્રિત વેળાએ ઉગારવા પધાર્યા મહારાજ. ૭૫૮
કહે સમો નાં વર્ત્યો તમે હે રાયે ધર્મ, શ્રી કૃષ્ણ વચન ઉવેગીયા તેનું લાગ્યું કર્મ. ૭૫૯
કર્યું હતું હરિએ તે પાંડવે ના જાણી પેર,પાવન કરવા પાંડવને સ્વામી પધાર્યા ઘેર. ૭૬૦
સર્વ થાઓ સાબદા તમો મલી પાંચે વીર,એ છે સમર્થ સારથી જેણે પૂર્યા પટકુળ ચીર.૭૬૧

એણે લજ્જા રાખી ત્રણ લોકમાં અને દ્રુપતીની પૂરી આશ,
નવ ખંડમાં રવી ઉગીયો તમે જાણો હરિ આવ્યા પાસ. ૭૬૨
થાલ ભરાવો સગ મોતીએ અને હરિ વધાવા જાએ,
કાષ્ટ ખાતાં સંભારીઆ જે હરિ આવ્યા વન માંહે. ૭૬૩
આશા તે પૂરી આપણી અને તૃપ્ત કીધા મુનિ જન,
શ્રી કૃષ્ણે પાત્ર પખાલિયા ત્યારે ઉદ્દકે દીધા છે અન્ન. ૭૬૪
ભોજન આલ્યા ભાવતા જેના મન્ માંહે હતું જેહ,
એવા સ્વામી મહા સમર્થ છે સમર્યા સાએ કરે છે તેહ. ૭૬૫
પૂર્વ પુને રાએ પાંડવ અને હરિ પધાર્યા આપ,
કરમ ઉતરાવવાને કારણે ભણાવવા અજંપા જાપ. ૭૬૬
શંકા તે મનમાં નાં લાવશો એ સતી કહે છે વાત,
જે શ્રી ગુરૂ વાણી ઓચરે તે હાં કહેજો તમ સર્વે સાથ. ૭૬૭
હવે પકવાન કરો ને પ્રેમશું અને જમાડોને શ્રી મહારાજ,
સત્ય તમારો તો વાધશે કોડ યજ્ઞનું સરશે કાજ. ૭૬૮
રાજા સમજી વિચારી પધારજો અને લાગો અભ્યાગતને પાએ,
ભોજન પીરસશે ભગવાનને પોતે કોડે કુંત્તા માએ. ૭૬૯

એટલી વાત તો શ્રી બુદ્ધાજી શું થઇ, ત્યારે કુંતા માતા આવ્યા છે સહી. ૭૭૦
ત્યાં લઇ આવ્યા ભોજનના થાળ, પાંડવ બોલ્યા તમો જમો દયાલ. ૭૭૧

ત્યાં કરજોડી કુંતાજી વિનવે સ્વામી તમો છો પ્રતપાલ,
ભોજન જમોને ભાવશું તો અમો છુટિએ કરમ જાલ. ૭૭૨
વલતાં તો શ્રી હરિ ઓચરે અને સાંભળો સતી એક મન્,
જો કામધેનું પૂજો અમ દેખતાં તો અમે જમીએ ભોજન. ૭૭૩
ત્યારે પાંચે બાંધવ પાંડવા દ્રુપતી અને કુંતાજી માત,
ત્યાં યોગિશ્વર વાણી ઓચરે જ્યાં છે પાંડવ સર્વે સાથ. ૭૭૪

ત્યાં તો શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, તમે સુણો પાંડવો અમારી વાત. ૭૭૫
પાંડવ જો અમ્ ભેગા જમશો રાએ, તો પાપ તમારા દો દિશા રે જાએ. ૭૭૬
જ્યારે પાંડવો હરિ ભેગા જમ્યા પ્રકાશ, અદ્રશ્ય ઘંટાવળ વાગી આકાશ. ૭૭૭
શ્રી બુદ્ધા કહે સાંભળો ધર્મરાએ, હવે યજ્ઞ તમારો તો સંપુરણ થાએ. ૭૭૮
રાજા કહે હમારો યજ્ઞ થયો ધન્ન ધન્ન, તમ્ દર્શને સ્વામી અન્નત યજ્ઞ કો પુન. ૭૭૯
ધન્ન ધન્ન જીવ્યું હમારૂં હો મહારાએ, અન્નત યજ્ઞનું ફલ વશે તમ પાએ. ૭૮૦
પાંડવો હરિ ભેળા જમ્યા જે વાર, ત્યાં લોકે નિંદા કીધી છે અપાર. ૭૮૧
કહે શ્રી બુદ્ધા તમે સાંભળો ધર્મરાએ, હવે ગૌમેધ યજ્ઞ કરવાનો કરો ઉપાએ. ૭૮૨
તે કર્યા વિના તો પાપ નહિ જાએ, એશો ભેદ હરિએ કહ્યો સમજાએ. ૭૮૩
પાંચે પાંડવ વિનવી કરે ત્યાં સેવ, જે તમે કહેશો તે કરશું હો દેવ. ૭૮૪
કહે શ્રી બુદ્ધા સાંભળો પાંચે ભાઇ, હવે યુગમાં અથર્વવેદ વર્ત્યો છે સહી. ૭૮૫
એસો ભેદ હરિએ કહ્યો સમજાએ, તમો મનમાં શંકા ન ધરશો હો રાએ. ૭૮૬
ત્યારે પાંડવ બોલ્યા છે સતી સાથ, જે તમો કહેશો તે કરશું હો દીનાનાથ. ૭૮૭
અપાર ચરિત્ર ત્યાં શ્રી બુદ્ધા તો કરે, તે પાંડવો હરિના વચન મન માંહે ધરે. ૭૮૮
ઉપાસિક નાના વિધનાં હતા રે જેહ, તેવા હરિવંશી બ્રાહ્મણ તેડાવ્યા તેહ. ૭૮૯
સામ વેદની કાંડી જ્યારે ત્યાં કહી, ત્યારે કામદુર્ગા ગાય આવી સહી. ૭૯૦
ત્યાં આભ્રણ સજ્યા દ્રુપતીએ અંગ, મણી તણા મોડ ધરીયા અતી ઉમંગ. ૭૯૧
શોભે ત્યાં અતી ઝાલરને મુકતા રે મણી, તેને રત્ન જડિત્ર છે શોભા ઘણી. ૭૯૨
હરિવંશી મંત્ર જ્યાં ભણવા કરે, ત્યારે અતી શોક શુરભી મનમાંહે ધરે. ૭૯૩
મંત્ર સહિત અર્પે જ્યાં આહુતી એહ, સત્ય સંતોષી અખંડ સેહદેવ જેહ. ૭૯૪
ત્યારે યજ્ઞ જ્વાળા ગગને રે ગઇ, ત્યાં તો પુષ્પ વૃષ્ટી શુરભીને રે થઈ. ૭૯૫
જ્યારે સર્વ યજ્ઞવિધિ કરી છે જેટલે, હવે શુરભી ભાગ જ્યાં વેહેંચાએ તેટલે. ૭૯૬
અહીં સામવેદનો ઉથાપન જો કરે, અથર્વવેદની કાંડી હવે ત્યાંથી કહે. ૭૯૭
અથર્વવેદી કર્મ કરે નર જેહ, કલયુગમાં મૂક્તિ પામશે તેહ. ૭૯૮
ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે સાર, ભાઈ તમે હવે કેવો કરો છો વિચાર. ૭૯૯
યજ્ઞ માંહેથી કામધેનુ લાવોને રે સાર, હવે એ ગાયને તે લાવો આણે ઠાર, ૮૦૦
શ્રી બુદ્ધા સામું જોઈ કામધેનું ઓચરે, આ ચંડાલનું કહ્યું ભકત પાંડવો કરે. ૮૦૧
ગૌ બ્રાહ્મણને તો પૂજે છે સર્વ કોએ, પણ ચંડાલ વચને પાપી મારે છે મોએ. ૮૦૨
શ્રી બુદ્ધાનું રૂપ દેખી ધેનું કરે રે ગુમાન, શ્રી હરિ પારસી ત્યાં બોલ્યા નિર્વાણ. ૮૦૩
ધેનું કલિયુગમાં તું જા વિષ્ટા રે ખાએ, અને તું એમ ગલું કપાતી જોએ. ૮૦૪
કામધેનું, તે આણી પૂજવા અને જોવા તે મલિયા લોક,
મનમાં જો શંકા આણુશો તો બેશસે તમ શિર ગૌ દોષ. ૮૦૫
ત્યાં પાંડવોએ હરિવચન શિર ચડાએ, ત્યારે ગૌમેધ યજ્ઞ માંડયો છે તે ઠાએ. ૮૦૬

જ્યારે પાંડવે તો માંડયો છે યજ્ઞ ગૌમેધ, ત્યાં આપો આપ શ્રી હરિ ભણિયાવેદ. ૮૦૭
સ્વર્ગ સોવનથી આણી હરિએ ગાએ, ત્યાં તેને તો પ્રેમે પૂજી યુધિષ્ઠિર રાએ. ૮૦૮
રાજાએ મસ્તક કાપીને અળગોરે ધર્યો, તેના કાપી ચાર પગને જુજવો કર્યો.૮૦૯
જ્યારે ખાલડી ઉતારીને અલગી ધરે, ત્યારે શ્રી બુદ્ધારૂપે વાણી ઓચરે. ૮૧૦
ખાલડીને તો ઓઢાડો કુંતીરે માએ, અને મુસ્તક માથે ધરે યુધિષ્ઠિર રાએ. ૮૧૧
ચારે ચરણ બાંધવ જે ચારે તો ધરો, અને હસ્તીનાપુર વચે સૌ સાથે નીશરો. ૮૧૨
શ્રી હરિ કહે પાંડવો કહ્યું હમારૂં કરો, હસ્તિનાપુરના ચોરાસી ચૌટા લેઇ ફરો. ૮૧૩
જ્યારે પાંડવોને ચોપાસે રક્ત ઉતરે, ઝરી ઝરી પાંડવ અંગથી હેઠો પડે. ૮૧૪
હરિઈચ્છાએ તેના હિરા માણેક થઇ સરે, 'શ્રી બુદ્ધા' પાંડવ જાપ મુખથી ઓચરે.૮૧૫
લોહીની બુંદો જે પૃથ્વીએ પડતી જાએ, ત્યાં તેનાં માણેક મોતી પરવાળા થાએ. ૮૧૬
પાંડવો નિંદા કરાવવા ભાગોળે રે ગયા, તે જોઇ પ્રજા કહે પાંડવ ભૂંડા થયા. ૮૧૭
એમ પાપ રાજા તમારા મૂકાશે સહી, શ્રી બુદ્ધાએ રાજા પ્રતે એ વાણી કહી. ૮૧૮
ત્યાં પાંડવ અંગે રક્તનાં ટીપાં પડે જેહ, ભાઈ તેના માણેક મોતી થાએ છે તેહ.૮૧૯
દ્રુપતિએ કરે પૂંછ ગ્રહી લીધી સાર, હસ્તીનાપુરને ગોંદરે સર્વે આવ્યા બાર. ૮૨૦
ત્યારે શ્રી બુદ્ધા ભીમને કહે છે રે સહી, તમે માતા કુંતા લાવી પધરાવો અહીં. ૮૨૧
ભીમસેનને ક્રોધ ત્યાં માએ નહિ, અને રક્તનેત્ર અર્જુનના પણ સહી. ૮૨૨
શેહેરમાં ભીમ અર્જુન આવ્યા જેટલે, ત્યાં કૌતક પ્રતક્ષ દીઠું છે તેટલે. ૮૨૩
ત્યાં ગરીબ અમીર સર્વે દોડયારે જાએ, જે સર્વ નગરીમાં પડિયો છેરે ત્રાહે. ૮૨૪
પાપી પાંડવોએ તો કર્યું મહા પાપ, વેધી ગાએ ને ટાલ્યું પોતાનું આપ. ૮૨૫
જ્યારે ચૌટે ચૌટે પાંડવ ચાલ્યા જે વાર, ત્યારે તો સર્વ નગ્રહમાં પડયો પોકાર. ૮૨૬
સર્વ લોક નિંદા કરે ને જોવા જાએ, ભાઇ ચંડાલ વચને એણે મારી ગાએ. ૮૨૭

પ્રથમ સો ભાઇ કૈયા એણે માર્યા અને ગોહત્યા કીધી આજ,
અઢાર ક્ષોણીને સો ભાઈ માર્યા હવે પાંડવ કુળનું ખૂટયું રાજ. ૮૨૮
સર્વ 'ભક્ત' પાંડવની નિંદા કરે અને તેઓએ મૂકયા તે ઘરનાં કાજ,
હવે એ પાપી પાંડવનું મુખડું કોઇએ પણ નાં જોવું આજ. ૮૨૯

જગત જેમ પાંડવની નિંદા રે કરે, તેમ તેઓ પાંડવનાં પાપ ઉતરે. ૮૩૦
જ્યારે એ પાપ ઉતરી દો દિશરે જાએ, ત્યારે 'ભક્ત' વર પામે છે તેણે ઠાએ. ૮૩૧
ત્યાં સર્વ પ્રજા હરિને પાએ જો પડે, તમે તો ક્ષમાં કરજો હે હરે. ૮૩૨
ત્યાં તો મોટા મુનિવર આવે છે રે સહી, તમે આવ્યા પણ અમે જાણ્યા નહિ.૮૩૩
કહે અર્જુન ભીમસેન વાત સાંભળો, એ મહા મોટી માયા અશંભવે કળ્યો. ૮૩૪
જો વણ પ્રિછે કરતા કંઈ ઉત્તપાત, તો કયાં છૂટતા એ મહા મોટું,પાપ. ૮૩૫
ત્યારે માતા કુંતાજીને લઇ આવ્યા જેટલે, શ્રીબુદ્ધાજીને પાએ પડયા તેટલે. ૮૩૬

ઓ પ્રભુજી હમે તો જાણ્યો રે નહિ, તમારા કર્તવ્ય અપરંપાર રે સહી. ૮૩૭
અમે અજ્ઞાની છું હો અંત્તરજામી, તમે ઉતારોને પાર શેસ્ટનાં સ્વામી. ૮૩૮
જે હમે ખેદ કર્યો હોય મનમાં આજ, તે તમે ક્ષમાં કરજો હો મહારાજ. ૮૩૯
અમ અજ્ઞાનીથી કલ્પના જે થાએ, તે હરિ મનમાં નાં આણુશો રે કાંએ. ૮૪૦
ધર્મ કહે હરિ શામાટે ક્રોદ્ધ રાખે હે વીર, વિસ્તરી કહોને વાત હો સધીર. ૮૪૧

વલતાં હરિ એમ બોલિયા અને સાંભલો રાએ સુજાણ,
શુરભી યજ્ઞ કરાવ્યો પાંડવને નિંદા કરાવવા સહી નિર્વાણ. ૮૪૨
ભાગ લઇ મંશ નાં ફેરવ્યા તે હસ્તિનાપુરનાં ચંદ,
તે દુઃખ લાગ્યું આકરૂ રાજા ભીમ અર્જુનના મન. ૮૪૩
મારવા હરિને મંત્રણા કરી, તેવો હરીએ જાણ્યો મરોડ,
માતા કુંતાને તેડવા મોકલ્યા તે ક્રોધ સમાવવા પ્રોઢ. ૮૪૪
પ્રજા તે પાએ લાગતાં અને ભાગ્યો તે સર્વ ભ્રમ.
માયા રચી આ વિશ્નુએ તે નાં જાણ્યું અર્જુને મન. ૮૪૫
પારથ કહે તમે દેવ છો અને અનંત ગતી વિષ્ણુ તેહ,
પાર તમારો કોઇ પાવે નહિ તમો અખંડ અમ્મર છો જેહ. ૮૪૬

નિંદા તો જ્યાં લોકે કરી છે રે અપાર, તત્‌ક્ષણ પાપ પાંડવોનું ઉતર્યું નિર્ધાર. ૮૪૭
જ્યારે નગર છોડીને રાજા બાહેર રે ગયા, અખંડ વર ત્યારે પાંડવો પામીઆ. ૮૪૮

પાંડવે ગૌમેધ માંડીઓ વસ્ત્ર પેહર્યાં ગલી વર્ણ,
માથે મુગટ ચડાવ્યો મોતી તણો, ત્યાં લોકને દેખાડયા કર્મ. ૮૪૯
હસ્તિનાપુરમાં સર્વે ફેરવ્યા અને આગલ હરિ થયા આપ.
નિંદા કરાવી સર્વે લોકમાં ત્યારે ઉતર્યા પાંડવના પાપ. ૮૫૦
ત્યારે ભીમ થયા રીશે રાતડા, અને સામું તો જોયું રાજા ધર્મ,
અક્ષેપાત્ર વિશારીયા તે તમે લેઇ આવો ભીમ. ૮૫૧
ત્યાં થકી ભીમ પાછા વળ્યા અને આવ્યા નગરને છેહ,
ત્યાં લોક પૂછે નગર તણા આતે માણ કેસે ઉઠયા મેહ. ૮૫૨
આગણા તે વાલે આપ આપણા અને મુખે જપે શ્રી રામ,
આવડું આપણે જો જાણતા તો નક્કી પૂજતા ગૌદાન. ૮૫૩
ત્યારે નગર મધ્યે નરનારી મલી અને કરે તે એક વિચાર,
ચારે દિશે મોકલો શોધવા પાંડવ મળે તો ઉતરીએ પાર. ૮૫૪
ભીમ સાંભળી ત્યાંથી વળ્યા અને ઉલટ અંગ ના માએ,
રાજા ધર્મ આણું વધામણી પાંડવની સવાસ વચાએ. ૮૫૫
કાલા તે વસ્ત્ર થયા ઉજળા અને પરચો દેખાડયો ધર્મ,
હવે ગોરહત્યા તમ ઉતરી અને ઉતર્યા કૌરવના કર્મ. ૮૫૬

ત્યાં લોક દુરિજન બોલ્યા આળ, પણ સતીએ બાંધી ક્ષમાની પાંળ. ૮૫૭
વિર પાંચે રહ્યા મનમાં હશી, ત્યાં સર્વ લોકની કર્મકથા શી વશી. ૮૫૮
પાંચે પાંડવને તો કીધા ન પાપ, ત્યાં હરિએ ભણાવ્યો અજંપા જાપ. ૮૫૯
પાંડવ વર પામ્યા આનંદ ઘણો, માથે મુગટ ઝલકે હીરા તણો. ૮૬૦
રત્નજડિત્ર મુગટ સોવણ શીર, શોભે છે ચંદ્ર સમ તેજે સધીર. ૮૬૧
માતા કુંતાને સોવણનાં ચીર વસ્ત્ર નુરાણી ઘેર ગંભિર. ૮૬૨
ગલે હિરા રતનકો હાર, પગે રત્નમોજાડી ઝલકે અપાર. ૮૬૩
હાથે મુંદ્રિકા હિરા રત્ન તણી, તેની રચના દિશે અતી ઘણી. ૮૬૪
પાંડવ તો વર લેઇને પાછા ફર્યા, તે તો હસ્તિનાપૂર વચ્ચે નિશર્યા. ૮૬૫
ત્યારે નગરના લોક અચંબે થાએ, ધન્ય ધન્ય પાંડવો પુજી ગાએ. ૮૬૬
ત્યારે નગરનું લોક બોલે ઘણું, ધન્ય ધન્ય વૌંશ એ પાંડવ તણું. ૮૬૭
ભક્ત જે ફરી આવ્યા હસ્તિનાપુર મહાં,ભક્તને શ્રી બુદ્ધાએ વર આપ્યો તહાં. ૮૬૮
જ્યારે પાંડવોના રૂપ ફેરવ્યા યદુરાએ, ત્યારે લોકોના મનમાં અચંબો થાએ. ૮૬૯
પાંડવ તો જાતા ગૌ મુસતક લેઈને ગયા, વલતા સોવણ મુગટ કઈ પેરે થયા. ૮૭૦
દર્શન પાંડવોને શ્રી બુદ્ધાના થાયે, ગાય પૂજી ત્યાં બ્રાહ્મણ પેહલા જાયે. ૮૭૧
પડયા છે ત્યાં ગૌના આંતરડા જેહ, બ્રાહ્મણે લેઇ ગલે ઘાલ્યા તેહ. ૮૭૨
કલીમાં ગૌ આંતની જનોઈ રહી, આજ તે બ્રાહ્મણ દર્શનની વેલા ગઇ. ૮૭૩
જ્યાં પુરનાં લોક દોહોડયા ધરી ભાવ,કોઇને શિંગડી હાથ લાગી તેને ઠાવ. ૮૭૪
જે કલિયુગમાં જોગી દર્શનની વેલા ગઈ, આજ ફોગટ શીંગડી ગલે બાંધી રહી. ૮૭૫
ત્યાં દોડયા અબદાલ ના લાગી વાર, તેને ગૌચામ હાથ લાગ્યું તે ઠાર. ૮૭૬
તે અબદાલની તો આજ વેલા ગઈ, તે તો ફોગટ કેડે બાંધી ફરે છે સહી. ૮૭૭
ત્યાં દોડયા વર્તિયા કરી મન ભાવ, તેને પૂંછ આંચલ હાથ લાગ્યા તે ઠાવ.૮૭૮
તે વર્તિયાનાં વર્તની વેલા ગઈ, આંચલ પુંછ લઈ ફોગટ ફરે છે સહી. ૮૭૯
બ્રાહ્મણ ક્ષત્રીની બેટી ત્યાં દોડી જાએ, તેને ગૌ ગોબર હાથ લાગ્યું તે ઠાએ. ૮૮૦
જે ગૌત્રાટ વ્રતની વેલા ગઇ, તે આજ ફોગટ ભૂખે મરે છે સહી. ૮૮૧
ત્યાં દોડયા શુદ્ર વૈશ્ય ક્ષત્રી સબ કોએ, તે આજ ફોગટ ગૌ પુજા કરે છે સોએ. ૮૮૨
જે આજ પૂજે તે ભૂલ્યો સકલ સંસાર, અથર્વવેદ બોલે જે દશમો અવતાર. ૮૮૩
ત્યારપછી ભકત ને વૈરાગી જેહ, અને સર્વથી પાછલ દોડયા તેહ. ૮૮૪
ગૌનાં મુખમાંહેથી ચંદન પડયું છે જહાં, ત્યાં તેમણે હાથે લાધ્યું છે તહાં. ૮૮૫
ગૌચંદનનાં ટીલા ટપકા કાઢે છે અહીં, ધૂતી લોકને ફોગટ પેટ ભરેછે સહી. ૮૮૬
એ ખોટા બાનાએ લોક વળગશે જઇ, તેતો નાશીને ઓલવા લેતા ફરશે તહીં. ૮૮૭
તમે અમને ધૂતી ખાધું છે સહી, હવે એનો હિસાબ આલોનેં અહીં. ૮૮૮
સર્વ જન મલીને એકઠા થાએ, જ્યાં ગાએ વેધી ત્યાં દોડયા જાએ. ૮૮૯

કોઇને ચામડી' પુંછડી લાગી હાથ, કોઇને તો ત્યાં સીંગડી લાગી સાથ. ૮૯૦
વાણીયા બ્રાહ્મણની બેટી ચાલી સાથ, તેને ગૌનું ગોબર લાગ્યું હાથ. ૮૯૧
ગૌત્રાટ વ્રત તો ત્યાંથી કરે, તે વેલા વહી ગઈ ઠાલા વ્રત ધરે. ૮૯૨
જે પાંડવ આવ્યા આપણે વાશ, તે જઈ મલ્યા દ્રુપતીને પાસ. ૮૯૩
શ્રી બુદ્ધા પાએ પડાવે જે વૈકુંઠના નાથ, કુંતામાતા પાંડવ ને દ્રુપતીજી સાથ. ૮૯૪

દ્વાપર ઉતરતાં પાંડવને ક્રોડી નવશું વર જો થયા,
ભકત વિનવે સર્વ દેવને દોકર જોડીને ઉભા રહ્યા. ૮૯૫
હરિ જ્યાં ભકતને એવું કહી અને રૂપ પાલટે જે વાર,
ત્યાં તો પાંચે પાંડવ જઇ હરિને પાએ લાગે છે સાર. ૮૯૬
હરિ આગળ બહુ વિન્નતિ કરી અને રોયા તે પાંચે વીર,
હવે સ્વામીજી તમે રાખજો હરિ પત હમારી સધીર. ૮૯૭
સ્વામીજી હવે આ વિન્નતિ અને શું કહીયે બોહોડ ઘણી,
હમને માધન માંહે નાથજી ન વિસારજો હે અન્નતનાં ધણી. ૮૯૮
ઘણી તે કરે છે વિન્નતી પાંડવ દ્રુપતી ને કુંતા માત,
હમને ઘટે છે સ્વામી આપવી આજ્ઞા તમે છો અનાથનાં નાથ. ૮૯૯
કહે શ્રી બુદ્ધા કલી પ્રગટયો તેમાં તમથી નહિ રહેવાએ,
હવે રાજ આપો પરિક્ષતને કરો હિમાળે પગરણ રાએ. ૯૦૦
એવા શ્રી બુદ્ધાનાં વાચક સાંભળી લાવ્યા તે હરિને હસ્તિનાપુર,
પરોણા રાખ્યા નરહરિ ને માસ એક ઘેર પોતાને મધુર. ૯૦૧
હરિવેંશી વિપ્ર સંગ છે વોળાવે તે વૈકુંઠના નાથ,
દક્ષણા આપી મન ગમતી ત્યાં ભોજન કર્યાં હરિસાથ. ૯૦૨
વિપ્ર સર્વ ગયા પછી હરિએ માગી આજ્ઞાએ,
હમે પશ્ચિમ દિશામાંહે પરવરૂં તમે સાંભળો ધર્મરાએ. ૯૦૩
કલયુગ માંહે નામ અમારૂં અને તેનો કહું મહિમાએ,
અથર્વવેદી નામ અમતણું તે શ્રી 'અલી' શોહાએ. ૯૦૪
'અલી' વંશે સાંખ માહેરી અને ચંદ્ર વંશીનું એધાણ,
રમુ યુગમાં સર્વ સાથ પણ ઓળખ 'અલી' વંશે પ્રમાણ. ૯૦૫
ત્યાં તો અજંપાના જાપથી અને થાએ અમારૂં દર્શન,
એમ કલિયુગમાં હમને ભજે તે તો આવે હમારે ભોવન. ૯૦૬
વચન અસત્ય મુખ માંહેથી અને નાં વદે નર જેહ,
સત્ય વાણીએ વિચરતાં અમ્મર પદ પામે તેહ. ૯૦૭
હમે તો વશું પશ્ચિમ દિશે અને સહસ્ર દ્વીપ સાર,
અવતાર તો વણતાં જે લેશું તે તો જાંબુદ્વિપ મોઝાર. ૯૦૮

એ એધાણીએ ઓળખજો અને એષ્ટ ગુરૂ અવતાર,
ત્યાં ભેટ આપી પાંડવે શ્રી હરિને અનંત અપાર. ૯૦૯
પછે પાએ લાગીને કહે અમે જાશું સર્વ હિમાલે સાથ,
તમે દયાએ ચરણમાં રાખશો હો સ્વામી વૈકુંઠના નાથ. ૯૧૦
છે પોતે વૈકુંઠનાથજી તે માટે નાથ ધરાવ્યું નામ,
છે પુરૂષ પુરાણ એ તો તે અલી વંશે પુરષોતમ જાણ. ૯૧૧
તાર્યા તુજને તેજ કહેશે અને મકારે લેજો નામ,
મકાર એતો ' રસુતુજા ' અલી મકારે ' મહંમદશાહ ' નામ. ૯૧૨
' મકાર ' મૂકીને ' લકાર ' જપે તે યોગી રૂપે સાર,
ગ્રહસ્થીને ' મકાર ' કહ્યો અને યોગીને કહ્યો ' લકાર. ' ૯૧૩
લકાર અને એ મકારમાં ભેદ તે મોહોટું જોએ,
તે એક એકનાં પ્રાકર્મ જુદા વળી પ્રકાર પણ જુદા હોએ. ૯૧૪
લકાર તે આદ નિરંજન તે તો તેજ સ્વરૂપી સોએ,
મકાર તે તો આદ વિષ્ણુ શ્રી ' અલી ' રૂપે હોએ. ૯૧૫
ગ્રહસ્થ અને જોગીનો એકતે મંત્ર મકાર સાથે લકાર,
ઇમામ ઇલ્લિલ્લાહ સાથે ષટ અક્ષરની મંત્ર વિધિસાર. ૯૧૬
ત્યાં ઘણી વિન્નતી કરી અને હરિને પોહોંચાવા જાએ,
ત્યાં પાંડવ થાનકે આવીને અને લાગે હરિને પાએ. ૯૧૭
આવ્યા જ્યારે શ્રી બુદ્ધાજી ચાલી પાંડવ દ્વારે ગયા,
પાંડવો ત્યાં વર પામીને હસ્તિનાપુરમાં તે આવીયા. ૯૧૮
ત્યારે પાંડવ વિચારીને કહે અને સી ગત્ કીજે આજ,
હવે આપણે શ્રી હરિ વચને મૂકી દેવું જોઇએ આ રાજ. ૯૧૯
હરિ પાએ પાંડવ લાગીને અને વિન્નતી કરે છે અપાર,
સ્વામી તમો છો સદાએનાં અમ શરણાગતના આધાર. ૯૨૦
સ્વામીજી અભયવચન બોલીયા અને સુણો તે પાંચે ભાઇ,
અઢાર ક્ષોણી સો બંધવ માર્યા તેની તમો શિર રહી છે લાઇ. ૯૨૧
હિમાલે જઈ હિસાબ ચૂકાવો તો તમે બેસશો શાહોની પાસ,
સાથે નવ કરોડી જીવોની તે ત્યાં પૂરે તમારી આશ. ૯૨૨
પાંડવ વચન આ અમતણો અને સત્ય કરી માનશો તમો,
જો રાજપાટ સર્વ ત્યાગો તો હિમાલે આવી મળશું અમો. ૯૨૩
પાંડવને છોડી હરિ જબ જાએ, ત્યારે અડસઠ તિર્થ આવી લાગ્યાં પાએ. ૯૨૪
જ્યારે સામે આવતાં હરિ દીઠા સહી, ત્યારે ગંગાજીએ સર્વ તિર્થ શું કહી. ૯૨૫
સર્વ લોક ગંગાજીએ તિર્થને કહ્યો, શ્રી બુદ્ધા અવતાર કૃષ્ણજીએ લીઓ. ૯૨૬

શ્રી બુદ્ધા પારસી બોલ્યા છે આએ,ત્યાં સર્વ તિર્થ હરિને લાગ્યા પાએ. ૯૨૭
ગંગાજીએ વિન્નતી કરી બહુ વિવેક, ત્યાં વચન હરિ બોલ્યા છે એક. ૯૨૮
અડસઠ તિર્થ હરિશું કહ્યો છે આએ, સ્વામી અમથી કલયુગમાં રહ્યો નવ જાએ. ૯૨૯
ગયો દ્વાપર ને કલયુગ બેઠો સાર. સર્વ દેવ ઋષિવરે છોડયા છે દાર. ૯૩૦
ત્યારે ગંગાજીએ વચન હરિશું કહ્યો, જો તમે કલયુગમાં પ્રગટ નહિ રહો. ૯૩૧
તમે કલયુગમાં પ્રગટ ફરો નિર્વાણ, તો હરિ હમને મૂકો પાછા હમારે ઠામ. ૯૩૨
જ્યારે વિન્નતી એવી તિર્થે સર્વેરે કહી, ત્યારે શ્રીહરિ બુદ્ધારૂપે બોલ્યા સહી. ૯૩૩
સુણો રે ગંગાજી વાત તમને તો કહું, અમે તો કલયુગમાં પ્રગટ નહિ રહું. ૯૩૪
પશ્ચિમ દીશામાં શહસ્ત્ર દ્વિપ કહું, ત્યાં દશમો અવતાર ગુપ્ત હોઈ રહું. ૯૩૫
ત્યારે તિર્થ હરિશું કહે સત્યભાએ, સ્વામી ગોર નર વિનાં રહ્યું કેમ જાએ. ૯૩૬
કરે જીવહિંશાને કૂડ કપટ શું કામ, જ્યાં લોભ લાલચે કરી જોડે દામ. ૯૩૭
તે દામ લાવીને પૂજા હમારી રે કરે, સ્વામી તેનું પાપ હમ શિર ઉપર ચડે. ૯૩૮
એવા મહા પાપ તો કલિયુગ માંહે થાએ, સ્વામી કલિયુગમાં રહ્યો નહિ જાએ. ૯૩૯
શ્રીહરિ જે વકર્મ કરીને હમમાં નાંહે, તે પાપીનાં મુખ તો દેખ્યા કેમ જાએ. ૯૪૦
ત્યારે શ્રી બુદ્ધે વચન એ તિર્થને કહ્યા, તમો બ્રહ્માની કલા માંહેથી પેદા થયા. ૯૪૧
જે બ્રહ્માનાં થાપ્યા તિર્થયુગમાં આએ, તે ગોર બ્રહ્માની કલામાંહે રહેશો જાએ.૯૪૨
એવા વચન હરિએ ગંગાજીને રે કહ્યા, ત્યારે સર્વ તિર્થ મન હર્ષિત તો થયા. ૯૪૩
ત્યારે નારાયણને ગંગાજી પૂંછે શિરનામ, સ્વામી હમને કહો ગોર બ્રહ્માનાં ઠામ. ૯૪૪
ત્યારે ગોર બ્રહ્માનો દામ નારાયણ કહે, ત્યાં સકલ તિર્થ ચિત્ત દઇને રહે. ૯૪૫
જાંબુદ્વિપે કુંવારકા ક્ષેત્ર ઇમામપુરી ગામ, પ્રગટરૂપે બ્રહ્માજી બેસશે તેણે ઠામ. ૯૪૬
ઇમામપુરી નગરીમાં ગોર બ્રહ્માજીનો ઠામ,તે કલિયુગ અંતે ઇન્દ્ર ઇમામશાહ નામ.૯૪૭
ગોરે જે ઘેર તપ કર્યો તે લેજો જોએ, તેને ગાફલ દુનિયા નાં જાણે કોએ. ૯૪૮
જ્યારે નારાયણે કહ્યા ગોર બ્રહ્માના ઠામ, ત્યારે સર્વ તિર્થે તે દિશાને કર્યો પ્રણામ.૯૪૯
ત્યારે સકલ તિર્થ પૂછેરે શિરનામ, સ્વામી હમને કહો હવે તમારા ઠામ. ૯૫૦
શ્રી નારાયણ દેવ ગંગાજીને ઠામ તો કહે, અને કલા હમારી ગોર બ્રહ્માજીમાં રહે. ૯૫૧
જ્યારે વચન શ્રી બુદ્ધાએ ગંગાજીને કહ્યા, ત્યારે સર્વ તિર્થ મન હર્ષિત તો થયા.૯૫૨
એશો ભેદ શ્રી બુદ્ધાએ કહ્યો રે પઠાએ, અડસઠ તિર્થ બ્રહ્મકલામાં બેઠા જાએ. ૯૫૩
કલિયુગમાં સર્વ તિર્થ બ્રહ્મકલામાં ગયા, ત્યારે સર્વ તિર્થનાં ઘર તો ઠાલા થયા.૯૫૪
ત્રણ વેદને અડસઠ તિર્થનો મહિમાં ગયો, ઠાલા વેદ વાંચે તે સુન્ પુજાએ ભયો. ૯૫૫
જ્યારે અડસઠ તિર્થ ચાલીનેરે ગયા, તે તો સર્વ જામ્બુદ્વિપ માંહે આવિયા. ૯૫૬
તે સર્વ તિર્થ તો રજા વંતારે આપે થયા, તે ગોર બ્રહ્માની કળા માંહે આવિયા. ૯૫૭
અહિં તિર્થને વોલાવી હરિ જબ જાએ, ત્યારે ભેરવો ભૂત આવીને લાગ્યો પાએ.૯૫૮
ત્યાં પાએ લાગીને વિનતી કરે છે ઘણી, હવે હમને રજા કયેશી દો છો શ્રી ધણી. ૯૫૯

હરિ ઇશ બ્રહ્મા પ્રગટ નહિ હોય દયાળ, ત્યાં હરિ કોણ કરશે હમારી પ્રતિપાલ. ૯૬૦
જ્યારે એશા વચન ભેરવ ભૂત કહે, ત્યારે નારાયણ દેવ વચન ઓચરે. ૯૬૧
ત્યારે નારાયણે ભેરવને કહ્યો વિચાર, તમે કાએ છોડો છો આવો રૂડો સંસાર ૯૬૨
જે મધ માંશનો છે અહાર રે તમતણો, તે કલિયુગનાં ભુલ્યા લોક પુજશે ઘણો. ૯૬૩
જ્યારે એવા વચન નારાયણે કહ્યા, ત્યાં શકલ ભેરવ ભૂત હર્ષિત થયા. ૯૬૪
ભેરવ ભૂત કરજોડીને કહે શિર નામ, સ્વામી કલિયુગમાં કહો હમારો ઠામ. ૯૬૫
તમે જ્યાં કહેશો ત્યાં રેહશું જાએ, એશો ભેરવ ભુતે કહ્યો સમજાએ. ૯૬૬
ત્યારે નારાયણ ઠામ ભેરવ ભુતને કહે, આજ અડસઠ તિર્થના ઘર ઠાલા છેહે. ૯૬૭
સર્વ તિર્થ ઉઠીને ગયા ગોર બ્રહ્મા પાસ, તેનાં ઘરમાં જઇ તમે પૂરજો વાશ. ૯૬૮
ત્યાં કરી રૂડા ચરિત્ર ને કરજો પ્રતુત, સર્વ ભોળા લોકોને તમે ખાજોરે ધૂત. ૯૬૯
જેમ જેમ ચરિત્ર કરશો તમે તતક્ષણ,તેમ તેમ લોક તમારા તિર્થે આવશે ઘણું.૯૭૦
અથર્વવેદની કાંડી વિના જે કોઇ પૂજા કરે, તે તો ભેરવા ભૂતને સર્વે તો ચડે. ૯૭૧
તમારે ત્યાં ગાફલ દુનિયા આવશે સહી, તેને તમે તો ધૂતી ખાજો રે લેઇ. ૯૭૨
જે પુજે તે તમે લેજો ચરિત્ર રે કરી, ત્યાં માથા મૂંડાવી પાછા આવશે ફરી. ૯૭૩
કલિયુગમાં પથ્થર દેવની પૂજા રે થાએ તે સર્વ પૂજા ભેરવ ભૂત લેઇ જાએ. ૯૭૪
ભેરવા તમે કરજો ચરિત્ર તો તહીં, કલિયુગમાં લોક પ્રતિત લાવશે સહી. ૯૭૫
હરિએ ભેરવાને દીધા છે એવા રે ઠામ, ત્યાં સકલ ભેરવે દેવને કર્યો પ્રણામ. ૯૭૬
ત્યારે શ્રી હરિએ કહો સર્વ ભેરવને રે ઠામ,જઇને રહેજો તમે અડસઠ તિર્થ મૂકામ.૯૭૭
નવખંડ ચોવીસ મુલકે વ્યાપિક ભેરવ ભૂત,તે સર્વ ગાફિલ દુનિયાને ખાએ છે ધૂત.૯૭૮
કલયુગમાં જે વેદ વિધીવિના પૂજા થાએ, તે સર્વ પૂજા ભેરવ ભૂત લેઇ જાએ. ૯૭૯
કલયુગમાં નિષ્કલંકી બ્રહ્મા ઘેર હોએ, તેને ગાફલ દુનિયાં નાં જાણે રે કોએ. ૯૮૦
કલિમાં દશમા અવતારની પૂજા હોએ, સેહદેવ વચને સદગોર ઘેર લેજો જોએ. ૯૮૧
એસો કહી ભેરવ ભૂત દીઓ રે પઠાએ,સર્વ તિર્થોનાં દેવલ ડેરે બેઠા જાએ. ૯૮૨
કલિયુગમાં સર્વે વ્યાપિક ભેરવ ભૂત, તે તો ગાફિલ દુનિયાને ખાએ છેરે ધૂત. ૯૮૩
જે પથ્થર મૂર્તે તિર્થે ચરિત્ર રે થાએ, સર્વ ખેલ એ ભેરવ ભૂતનાં કેહવાએ. ૯૮૪
ગાફિલ દુનિયા નાં જાણે સદગોરનાં ઠાએ,સર્વ પાખંડે રાચી પથ્થરને લાગે પાએ. ૯૮૫
ચરપટે રાચ્યો છે આ સકલ સંસાર, તે નાં જાણે કોઈ સદગોર મૂરતનો ઠાર. ૯૮૬
જ્યારે ભેરવને નારાયણ દેવ એશો કહે, ત્યારે પથ્થર પાત્રી આવીને ઉભા રહે. ૯૮૭
તે પાએ લાગી વિનંતી કરે છે ઘણી, હવે હમને શી રજા દો છો હે ધણી. ૯૮૮
પથ્થર પાત્રીને નારાયણે પુછયું આએ, તમે અહીં આવ્યા કોણ સત્યભાએ. ૯૮૯
ઘડી ફૂટી ચૂટી પૂજા કરશે અમતણી, હરિ અમારો એમનો ન્યાય કરશો ધણી. ૯૯૦
સ્વામી તમ નામ લેઇ પૂજા અમારી કરે,તે પાપ તો સ્વામી અમો શિર ઉપર ચડે. ૯૯૧
તે પૂજા ભેરવ ભૂત છલ કરીને રે ખાએ, ભૂલ્યા ચડાવે પાત્રી ને પૂજે હમારા પાએ. ૯૯૨

સુણો પથ્થર પાત્રી વચન તો અમતણો,તમને ફૂટી ચૂંટી દુઃખ દઇ પૂજે રે ઘણો. ૯૯૩
ઘડે ચૂંટે ફૂટે તેનો રોશ નાં ધરશો કોએ,સર્વ પૂછશું જ્યારે મહાદન હોએ. ૯૯૪
ત્યાં આદ્ય અંતનાં જીવ એકઠા થાએ, જ્યાં ગોરનર તખતે બેસશે આએ. ૯૯૫
હમે અદલ ન્યાય કરી પૂછશું રે ત્યાંએ, જે ઘડી ચૂંટી ફૂટીને લાગે તમારે પાએ. ૯૯૬
વચન સાંભળો પથ્થર પાત્રી અમતણો, લોઢી અમરાપુરીમાં કરશું ન્યાય ઘણો. ૯૯૭
નારાયણે વચન પથ્થર પાત્રીને કહ્યા, શ્રી બુદ્ધા વચને દુઃખ કલજુગમાં સહ્યા. ૯૯૮

ભાઇ દેવની ખેલ રમત સવાપોહોરની જેહ,
શ્રી બુદ્ધાજીએ અગમ કથી સંભળાવી તેહ. ૯૯૯

આ વેદ વચન સહી પ્રમાણે નર જેહ, શ્રી બુદ્ધા અવતારે અગમ ભાંખ્યા તેહ. ૧૦૦૦
જે નવમો રૂપ દ્વાપર અંતે હુવો છે સાર, ત્યાં તો દેવે ધર્યો છે શ્રી બુદ્ધ અવતાર. ૧૦૦૧
ત્યારે દૈત્ય દુરજોધનને માર્યો જેણીવાર, પછે સંસારમાં પ્રગટ થયા મોરાર. ૧૦૦૨
જ્યારે નવમે શ્રી બુદ્ધરૂપે દૈત્ય દુરજોધનને માર્યો ત્યારે ભગત પાંડવને ઓધર્યો. ૧૦૦૩
ત્યાર પછે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે જાણ્યો સાર. ૧૦૦૪
શ્રીબુદ્ધાની માતા તો રેણુકાવતી કહીએ, અને પિતા તો શ્રી સિંહરાજ કહીએ. ૧૦૦૫
ત્યારે ગોર તો શ્રી હંસરાજ જાણ, શક્તિ તો દેવી હરશદ પ્રમાણ. ૧૦૦૬
ત્યારે સ્થાન તો હીમપુરી નગરી જાણ. ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર પ્રમાણ. ૧૦૦૭

ત્યારે નરદળો દાણવ તો દુરજોધન જાણ,
ત્યારે નવ કરોડીશું ભકત જુજેષ્ટલ ઓધાર્યા નિરવાણ. ૧૦૦૮

ત્યારે ચાર લાખને બત્રીશ હજાર શ્રીબુદ્ધા રૂપે જાણ ત્યારે શામવેદ હોતા પ્રમાણ.૧૦૦૯

ત્યારે આઠલાખને ચોસઠ હજાર જુગ દુવાપરનું પ્રમાણ,
ત્યારે ભગત પાંડવ વૈકુંઠમાં પોતા નિરવાણ. ૧૦૧૦

તેણે ગુપ્તપંથ આરાધીઆ જાણ, તે તો સહી અમરાપુરી પોતા નિરવાણ. ૧૦૧૧
ત્યારે શ્રી બુદ્ધાવતાર સંપૂર્ણ સાચ, એવી ગુરૂ બ્રહ્મા પીર ઇમામશાહ
બોલ્યા વાચ. ૧૦૧૨

# નકલંકી અવતાર–રચનાર સૈયદ ઈમામશાહ.

**શ્રી સતગુર બ્રહ્મા ઇંદ ઇમામશાહ વાચા ફરમાનજી બીસમિલ્લાહ હરરહેમાન નરરહિમ.**

પહેલા વૈશાખ સુદ બીજ ને શુક્રવાર, તે દિન કલજુગ બેઠો સાર. ૧
જ્યારે લાગો કલજુગ ને દ્વાપર ઉતર્યો, ત્યારે દૈત્ય કાલીંગો ચીણ મહાચીણમાં અવતર્યો. ૨
તે ચિણ મહાચિણમાં બેઠો છે આજ, જે દૈત્ય કાલીંગો કલજુગ લાગતે બેઠો છે રાજ. ૩
તે નવે ખંડમાંહે ભરીપુરી વ્યાપક હોય કરે છે કામ,
જે આજ કલીજુગમાં કાશીવિશ્વનાથ જપાવે નામ. ૪
તે ભાઈ મુનીવરો આ કલીયુગ માંહે સહી કરો અથરવેદ પરમાણ,
અને ગોર બ્રહ્માજીએ નબીમહંમદ ધરાવ્યું નામ. ૫
જે ઈશ્વર આદમ કલયુગમાં હુવાસાર, તે આજ કલીયુગમાં હરીનો દશમો અવતાર. ૬
જે દશમેરૂપે હરીપાત્ર નકલંકી અવતાર, તે આજ બેઠા છે આરબ દેશ મોઝાર. ૭
જે આ ગોરે કેટલાંક ચલીત્ર હરીનાં કહ્યાં, તે દેવ આજ કલજુગમાં ગુપ્ત હોઈ રહ્યા. ૮
જે ગોર બ્રહ્મા તે આ કલયુગમાં પીર શમસ અવતાર,
તે ગોર દરવેશી લઇ ફર્યા ચોવીસ મુલક મોઝાર. ૯
જે ગોર ચોવીસેમુલકમાં પ્રત બોલી રહ્યા, તે ગોર ફરતા ફરતા ચીણમહાચીણ નગરીમાં ગયા. ૧૦
ત્યાં સુરજા રાણીએ સાધ્યું હતું રાક્ષસનું જ્ઞાન, ને સમરણ કરે કાલીંગાનું એકે ધ્યાન. ૧૧
તેહને સપ્તખંડી મેડી ને ફરતા જરૂખા ચાર, તહાં ઉગાડા મહેલ તે રાજદ્વાર. ૧૨
જહાં સુરજારાણી મોતી વીણે ને સામી નજર ધરે,
તહાં મધ્યાનકાળે આવી પંખીકલોલ જ કરે. ૧૩
ત્યારે આવ્યાં જનાવર તેમાં સુડા બહુ, તેતો સમરણ કાલીંગાનું કરે છે સહુ. ૧૪
ત્યારે સુરજારાણી મનમાંહે બહુ કરે વિચાર, એતો કોઈ બ્રહ્મસ્વરૂપી આવીયા નગર મોઝાર. ૧૫
એસો છે કોઇ નગરમાં દાસ, એ બ્રહ્મસ્વરૂપીને લાવે અમારી પાસ. ૧૬
જે સતગોર શમસ પોપટરૂપે દીઠા, તે જઇ સામા કદમના ઝાડ ઉપર બેઠા. ૧૭
ત્યાં સરવે જનાવર બહુ કરે કલોલ, પણ તેમાં બ્રહ્મ સ્વરૂપી બોલે નવા નવા બોલ. ૧૮
તે સુરજા રાણીના મનમાં એવી ચિંતા થાય, જે રખે બ્રહ્મ સ્વરૂપી પોપટ ઉડી જાય. ૧૯
તારે સુરજા રાણી મનમાં એવી ચીંતા કરે, તેતો વચન પોપટના રૂદીયામાં ધરે. ૨૦
એસો છે કોઈ અમારો દાસ, એ પોપટને કરે ફાંસો ને પાસ. ૨૧
ભાઇ જે ફાંદો ને પાસ પોપટને કરો, તે પોપટ લાવી મુજ આગળ ધરો. ૨૨
રાણી તમે શાને કરો ફાંદો ને પાસ, ભાઇ હું તો કરવા આવ્યો છું તમને દાસ. ૨૩
સુણો સુરજા રાણી એક હમારી વાત, ભાઈ તમે કહો તો આવું તમારી પાસ. ૨૪

તમે સુણો સુરજા રાણી અથરવેદી બ્રહ્મજ્ઞાન, તમે જે થકી આગળ પામો અમરાપુર ઠામ. ૨૫
આજ સુરજારાણી તમે રાજદ્વારે દૈત્ય ઘેર આયે,હવે બાઈ તમારો જન્મ પદાર્થ એળેજાયે.૨૬
એસા વચન સુણીને સુરજારાણી અચંબે થાયે.ત્યારે બાઇ ગોર શમસ પોપટને લાગ્યાં પાયે.૨૭

ત્યારે બોલ્યાં સુરજારાણી ભાઇપોપટજી તમે વારૂ કહો,
પણ અમારા જીવની ચિંતા તમે શાને લહો. ૨૮
ત્યાં પોપટસ્વરૂપે ગોરશમસ બોલ્યા વિખ્યાત,
તમે સુણો સુરજારાણી આજ અથરવેદની વાત. ૨૯
હાંરે બાઇસુરજાદે અમે આદેઅંતે જીવના વોરતિઆ છું,
તે માટે તમને આગમ કેહવા આવ્યો છું. ૩૦

આજ દસમે રૂપે નકલંકી અલી અવતાર, તે હરિએ ધર્યો છે જાંબુદ્વીપ મોજાર. ૩૧
ત્યાં તમારા જીવના કારજ થાશે હો સુરજાનાર, જો આજ વોહોરો આ સતપંથ ધરમ સાર.૩૨

એવા શબ્દ સુણી સુરજારાણીને અચંબો થાયે,
ત્યાં ગોર પીરશમસને તખત બેસાડયા આએ. ૩૩

ત્યારે તખતે બેસીને પીર શમસ બોલ્યા વિખ્યાત, સાંભળો સુરજા રાણી હમારી વાત. ૩૪
હાંરે રાણી કર્તાજુગમાં અમે ગોરબ્રહ્મા રઘુવેદીવેપાર,ત્યાં ભકત પાંચકરોડીશું તાર્યા પ્રહલાદ.૩૫
જે ચાર અવતાર હરિએ લીધા કર્તા જુગમાંહે, તે દેવે ચાર દૈત્ય સંઘાર્યા ત્યાંહે. ૩૬
રાણી બીજા ત્રેતાજુગમાંહે અમેગોરવસિષ્ઠ સતજાણ,ત્યાં વેપાર યજુરવેદી હુઆ પરમાણ.૩૭
જે હરિએ ત્રણ અવતાર લીધા ત્રેતાયુગ માંહે, તે દેવે ત્રણ દૈત્ય સંઘાર્યા ત્યાંહે. ૩૮
જે સાત કરોડીસું તાર્યા હરિશ્ચંદ્રરાયે, બાઇ તે પોતા અમરાપર જાયે. ૩૯
રાણી દ્વાપરયુગમાં અમે ગોરવિદ્દરવ્યાસ સહીજાણ, તહાં વેપાર સામવેદી હુઆ પરમાણ.૪૦
ત્રીજા દ્વાપર યુગમાં બેઉ અવતાર હરિના જાણ,ત્યાં દેવે બેઉ દૈત્ય સંઘાર્યા નિરવાણ. ૪૧
ત્યાં નવકરોડીસું તાર્યા પાંડવ યુધિષ્ટિર રાય, બાઇ તે પોતા અમરાપરમાં જાય. ૪૨
રાણી આ કલજુગમાં અમે ગોર સુદરદીન જાણ, ત્યાં વેપાર અથરવેદી હુઆ પરમાણ. ૪૩
આ ચોથા કલીયુગમાં જે હરિનો દસમો અવતાર, બાઈ તેના અથરવેદમાં છે પ્રકાર. ૪૪
જે આજ નકલંકી અવતાર ધર્યો જાંબુ દ્વિપ મોજાર,તે દેવ તારા ભરથારને મારસે હો નાર.૪૫
જે દેવને અથરવેદમાં એસો વિચાર, તે હું તમને આગમ ભાખણ આવ્યો છું નાર. ૪૬
હાંરે બાઈ તમે સેને જાણો હમારો સતભાએ,જે ગોરબ્રહ્મા અવતાર તે પીરશમસકેહવાએ.૪૭
બાઈ તમને સતવંતી જાણી નાર, ત્યારે પોપટરૂપ ધરીને આવ્યા તમારે દ્વાર. ૪૮
ત્યાં ગોરને છેડા છોડીને રાણી લાગ્યાં પાયે, હવે મોક્ષ મુગતના દેખાડો ઠાએ. ૪૯
તમે સુણો સુરજારાણી પીર શમસ કહે વિચાર,જો બાઇ આ જુગમાં સતપંથ ધાઓ સાર.૫૦
જો આગળ આ સતપંથ વિના સીધા નહી કોએ,તો આ સતગોર વિના મુક્તિ ન હોએ. ૫૧
આજ કલજુગમાં જો આ સતપંથ ધાઓ સાર, તો તમે સુરજા રાણી ઉતરો પાર. ૫૨
હાંરે રાણી તમે પાળો આ સતપંથ ગુપત હોય, જેમ દાણવ તમને નવ જાણે કોય. ૫૩

તબ સુરજા રાણી ત્યાં બોલ્યાં છે બહોર, તમે વચન સુણો સતગોર. ૫૪
સ્વામી અમારા ઘરમાં આઠ પ્રાણી મળી એકે વિચાર, તો એવા સતપંથ ધર્મ દેખાડો સાર. ૫૫
જ્યાં અમે આઠ પ્રાણી મળીને બેસીશું એકાંત, ત્યાં આ સતપંથ ધરમની કરીશું વાત. ૫૬
જ્યારે સુરજારાણી કમલાકુંવર કહે સતગોરસુ મરમ, ત્યારે પીરશમસે આલ્યો સતપંથધરમ. ૫૭
જ્યાં આઠ પ્રાણી ઉભાં છે કરજોડ, ત્યાં પીર શમસ બોલ્યા બોહોડ. ૫૮
તમે સુણો સુરજા રાણી કમલા કુંવર અગમ નરવાણ, બાઈ તો આગળ મહાદન આવે છે જાણ. ૫૯
જ્યારે નવનેજા ઉપર આવશે અસમાન, ત્યારે સહસ્ત્ર કળા લઈને તપસે ભાણ. ૬૦
ત્યારે ત્રાંબાવરણી ધરતીથાશેશુંકરૂં વખાણ, જેણે આસતપંથ સેવ્યો નહિ તેતોજલસેઘણા. ૬૧
બાઇ જો આ સતપંથ સાચસુ ધાઓ સાર, તો તેને મહાદન નહિ લોપે લગાર. ૬૨
જે સાચા સતપંથી લોકો ઉતરે છે પહેલે પાર, ત્યાં જુઠાને શીર પડશે ઘણનો માર. ૬૩
બાઈ જો એક મહાદનમાં થાય છે ઠોકાઠોક, તેવું જાણી આ સતપંથ ધાઓ તમે સતિ લોક. ૬૪
જ્યારે એસી વાત સુરજા રાણીને સતગોરે કહી, ત્યારે આઠ જણા સતશું રોયા સહિ. ૬૫

ત્યાં સુરજારાણીને કમલાકુંવર વિનતી કરે સતભાએ,
સ્વામી હવે અમથી મહાદન વેઠયા નહિ જાએ. ૬૬

અમને આલો ધરમ તમે સૃષ્ટિના ધણી, અમે અપરાધી જીવ કયાં લગી સિફાયત કરૂં તમતણી. ૬૭
જો સ્વામી અમે હતા નાદાન તમારા પ્રાણ, તો હમે આજ દૈત્ય ઘેર આવ્યા જાણ. ૬૮
જેમ બત્રિસ દાંત વચ્ચે તમે જીભ્યા રાખી સાર, તમે સ્વામી અમને લેજો ઉગાર. ૬૯
જ્યારે પૂર્વજનમની સેવા અમો સર અમથી રહી, ત્યારે આ દૈત્ય ઘેર આવ્યા સહી. ૭૦
હાંરે બાઇ સતગોર કહે દૈત્ય દુષ્ટ કાલીંગો જાણ, હવે એને શ્રી હરિ મારશે નરવાણ. ૭૧
સ્વામી તે દૈત્ય ઘેર વાસો જન્મ અમારો ભયો, હવે સતગોર સમ છે સારથી અમારો થયો. ૭૨
જે જીવ તમારા હતા તે તમે લીયો ઉગાર, તે માટે વળી દોડી આવ્યા દૈત્યને દરબાર. ૭૩

એવું સુરજારાણી કમળાકુંવર બોલ્યા તેણે ઠાએ,
ત્યાં એકાંતે આઠજણા પીરશમસને લાગ્યાં પાયે. ૭૪

અજીઆ વીજીઆ બેની એલકા કુંવર તે કેવળ ભાઇ, રંગરૂપ કમળા કુંવર ને સુરજા માય. ૭૫
એ આઠ જણાની એક સજાઇ, ત્યાં એવી સતગોર શમસ બોલ્યા છે ભાઈ. ૭૬
જે પીરશમસ ગોરે ત્યાં એસા કીયા, તે આઠ જણાશું નીમ ધરમ પ્રત બોલજ દીયા. ૭૭

બાઈ તમે પાળો આ સતપંથને ચાલો આજ અથરવેદ,
જેમ કોઇ દૈત્ય દરબારમાં ન જાણે ભેદ. ૭૮
તે ગોરે સાડીસાતકરોડી જીવને નીમજ દીયા જહાં,
ત્યારે ગોરનરનો જાપ પીરશાહા જપાવ્યો તહાં. ૭૯

બાઈ તમે પાળજો એવા સતપંથના મરમ, અને ખરી દશોંદ આલજો સતગોરને ધરમ. ૮૦
એ ધરમ અમને અનામત પોંચે સઇ, જો તમે પેટીમાં ઘાલીને દરીયા મુસાફરને સોંપજોજઇ. ૮૧
ત્યાં એસી પીર શમસ બોલીયા સતવાત, અને સુખી કમળાકુંવર શીર દીયાં હાથ, ૮૨

એવા પીર શમસ ત્યાં ચાલ્યા કહી,

હવે ભગત કમળાકુંવરશીર બાર કરોડીના ભારલખ્યા સહી. ૮૩

ત્યાં મળી ગત ને મુખી સહુ કરે વિચાર,ગોરજી જબ ચડે સેન સાહેબનુંતબ દેજો દેદાર. ૮૪

બાઈ અમે તો પાસે તમારી છું તે હરદમ જાણ,તમને દેદાર દેણેકુ નીત આવું પરમાણ.૮૫

હાંરે બાઈ અમે ભગતુને દેદાર દેવા નતનત આવું સહી,

ત્યાં પીર શમસે મુનીવરસુ એસા કહી. ૮૬

ત્યાં પીર શમસે સર્વે ભકતો શું વિદા થઇ, અને મુસાફરીએ સધાર્યા સઈ. ૮૭

દરવેસી વેસે ચોવીસ મુલકમાં પ્રત બોલ્યા જેહ, વળતાં ફરીને જાબુંદિપમાં આવ્યા તેહ.૮૮

જે ગોર શમસચોટના પીર નસરદીન જાણ, તે ગોરના પીર સાહેબદીન હુઆ પરમાણ. ૮૯

જે ગોર અવતાર પીર સુદરદીન ભઆ,તે ગોર ભકતોને કારણે આ કલીજુગમાં પ્રગટ થઆ.૯૦

જે ગોર પ્રગટ થઈ ભક્તોમાં આરંભ કીઆ,ત્યાં છત્રીસ કરોડીને પ્રતનીમ ધરમ જો દીયા.૯૧

તે તેમાં બારકરોડી દેવ સહી સાચા કેહવાય,બાકી ચોવીસ કરોડી તે કુડા દોજકમાં જાયે.૯૨

જે બારકરોડી દેવે સાચા મુનીવર ભયા, તે પીર સુદરદિન સાથે શાહા દરગે ગયા. ૯૩

જે ગોર સાથે ગયા પીર કબીરદીન બાળ,તે શાહા દરગે જાતાં વજ્રની ભીંત ઉઠી તત્કાળ.૯૪

તહાં સતગોરે મનમાં કહ્યું છે એક આણી મોટ,તે કારણ શાહા દરસણની આવી ખોટ. ૯૫

જે પીર સુદરદીન છ માસ લગી વિનતી કરી સઇ, તે વિનતીએ વજ્રની ભીંત ફૂરાક જે થઇ.૯૬

તે પીરસુદરદીને છમાસ લગી એકપગે તપ કીધો આએ,

ત્યારે વજ્રની ભીંત ફાટીને દુર કટકા થાએ. ૯૭

જ્યારે પીરસુદરદીને છમાસ લગી તપ કર્યો છે આએ,

ત્યારે પીરકબીરદીનને મન આરંભ જો થાએ. ૯૮

જહાં પીર સુદરદીન ગલામાં તોક પહેરી તપ કીધો સહી,

ત્યારે પીરકબીરદીને પચાસ ગજની પાઘડી વણાવી તહીં. ૯૯

જે પીર કબીરદીને પચાસ ગજની પાઘડી વણાવી ધરી,

તેમાં ગજ ગજને પરમાણે શાહાની શીફાયતે કરી. ૧૦૦

જ્યારે પીર સુદરદીને સંપ કરી તપ કીધો જાણ, ત્યારે શાહોજી પ્રગટ થયા નિરવાણ. ૧૦૧

જે પીર સુદરદીન એક પગે ઉભા સત ભાએ,તે ગોર સફાએત કરે ભલે આવ્યા તમે શાએ. ૧૦૨

શાહોજી અમે ઉણીયાચારી તમે બકસણહાર, હવે આ ગત તમારી ને દેજો દેદાર. ૧૦૩

શાહોજી આ ગત ઉપર તમે ચિંતા ધરો, સ્વામી તમે ખાક માંહેથી જીવ પેદા કરો.૧૦૪

શાહોજી અમે ન કુછ તમે ત્રીભુવન કીરતાર,

સ્વામી તમથી પહેલાં અનંતકરોડીદેવ ઉતર્યા પાર. ૧૦૫

શાહોજી તમે ભગત સખા આ સદા કરે પાલ, સ્વામી તમે ધરણીધર છો દિનદયાળ. ૧૦૬

એવી સતગોર વિનંતી કરે શાહોજી શું ચંતા દહિ, સ્વામી તમે પિતા અમે બાલક સહી.૧૦૭

શાહોજી અમે ગુનેગાર તમે બક્ષણહાર, સ્વામી હવે આવી ગત ને દેજો દેદાર. ૧૦૮

એવા સતગોરનાં વચન સુણી શાહોજી બોલ્યા સોએ, પીર હમતમ આખર નહિ કુછ દોએ.૧૦૯
સતગોર હમતમ મલીને એકજ દેહ, પીર તમે કાયકુ ઈતના ધરો સ્નેહ. ૧૧૦
જ્યાં પીરે ગલામાં તોક પહેરી છમાસ લગી તપ પુરો કરે,
ત્યાં પીર કબીરદીન શાહા પાસે આવી સાંચરે. ૧૧૧
ત્યારે શાહોજી બોલ્યા ગોરજીશું બહુ હેતજ કરી,
અને પોતાની શીરપાઘ તેગોરના શિર ઉપર ધરી. ૧૧૨
જ્યારે શાહોજી પોતાને મસ્તક ઉઘાડા કરે,
ત્યારે પીર કબીરદીન સરબંધ કાઢીને શાહા આગળ ધરે. ૧૧૩
તે સતગોર શિરબંધનો છેડો છોડી દેહે શાહાને હાથ,
અને તે ગજ પ્રમાણે લખી શાહાની સફાત. ૧૧૪
તે પાઘડીનો છેડો લઈશાહોજી સરપાવ બાંધે જાણ, અને ગોર સફાત વાંચી રીઝયા પ્રમાણ.૧૧૫
જ્યારે તહાં બાંધી પાઘડી નવછોગાં સમેત,ત્યારે શાહોજીના દીલમાં ઉપન્યું હેત. ૧૧૬
તે શાહોજી એ હેત ધરીને પીર કબીરદીનકું બોલાવીયા,
તે ગુરૂને અનંતકરોડીના વર ત્યાં દીયા. ૧૧૭
જ્યારે તે નવ છોગાની પાઘડી ગોરને શિર મૂકી જાણ,
ત્યારે પીર કબીરદીનનું નામ તો પીર હસનશાહ ધર્યો પ્રમાણ. ૧૧૮
જ્યારે શાહોજીએ પીરહસનશાહા નામ ગોરના દીધાં તહી,ત્યારે નવખંડના પીર થયા સહી.૧૧૯
આજ હુસેનીમાં ધર્યાં હસનશાહા તે પીર કબીરદીનનું નામ,
સતગોર તમે આ કલજુગમાં અનંત કરોડી જીવના કરજો કામ. ૧૨૦
ત્યારે પીર કબીરદીન રોયા એક વિનતી શાહાસુ કહી,
સ્વામી અમથી આ કલીયુગનાં લોકોનો ભાર ઉપડશે નહિ. ૧૨૧
આજ કલજુગમાં પાપ વરતે સબકોએ,તે માટે અનંત કરોડી જીવની કેમ નીપજ હોએ.૧૨૨
સુણો પીર હસનશાહા તમને કહું એક વાત,
અમે ભકતો કારણે ઈમામશાહા ઘેર આવીશું નર વિખ્યાત. ૧૨૩
જ્યારે એવો કોલ સતગોરે કબીરદીનને આપ્યો જાણ,
ત્યારે શાહોજીએ કોલ દીધો સહી પ્રમાણ. ૧૨૪
અમે આવશું તેના નિશાન એ જાણ,જે ગોર જામાને છઠ્ઠીમાં હાદરી કોસી લેઉં પ્રમાણ.૧૨૫
સતગોરજી તમે આગળ દેખાડો ભકતોને અમારાં ઠામ,
અમે પાછળથી કરીશું અનંતકરોડી દેવના કામ. ૧૨૬
જે અનંતકરોડીનો વર શાહે પીર હસનશાહને આપ્યો જહાં,
તે સતગોરે પીર શાહાનો જાપ જપાવ્યો તહાં. ૧૨૭
જે આજ કલીજુગમાં ભગત જપસે પીર શાહાનું નામ,
તે મુનીવર આગળ અમરાપર પામસે ઠામ. ૧૨૮

જે આજ કલીમાં અવલ આખર જપે છે પીરશાહા જાપ, તે સહી અમરાપર લે છે આપ. ૧૨૯
જે પીરશાહા વિના કલીમાં બીજા જાપ જપાવે છે કોએ,
તે દૈત્ય કાલીંગાના ચેલા અવતરસે એ. ૧૩૦
જે અનંતકરોડીના વર લઇ પીર હસનશાહા પાછા ફર્યા,તે ગોર જાંબુદ્વીપમાં આવી સંચર્યા.૧૩૧
જે અનંતકરોડીના વર લઇ પીરહસનશાહા જાણ,
તે ગોર તનથી પીરઇમામશાહા હુવા પ્રમાણ. ૧૩૨
જે પીર ઇમામશાહાને શાહોજીએ બોલજ દીયા,તે સતગોર ઇમામપુરી નગરીમાંપાઠવીયા.૧૩૩
જ્યારે ગોર ઇમામશાહા મુલક હિંદુસ્તાને આવ્યા જાણ,
તે ભકતને કારણે પરત બોહ્યા નિરવાણ. ૧૩૪
તે ગોર ઇમામશાહના સૈયદ મહંમદશાહા હુવા જાણ,
જેણે પીર હસનશાહાને આલ્યા વર ઘણા. ૧૩૫
ત્યાં લગી સતગોર શાહોજીએ આપ દેખાડયા જાણ,તે પછી ગોરનરે આલ્યો પંથ નરવાણ.૧૩૬
જે ગોર આદ અંતનાં અંગથી નબીમહમ્મદ રસુલ હુઆ જાણ,
તે ગોર કલીજુગ અંતે પીર ઇમામશાહા પ્રમાણ. ૧૩૭
જે ગોરે આઠ લાખ કરણ લગી પ્રથમ તપ કીધો નરવાણ,
તે ગોર આજ ઇંદ્ર ઇમામશાહા અવતાર જાણ. ૧૩૮
જે આ કલીજુગ અંતે બ્રહ્મા નારાયણ આવ્યા હોએ,આજ તે સપાત્રને પરણી લેજો સબકોએ.૧૩૯
તે ગોર આજ અનંત કરોડીને વરદાન આલે જાણ,
પણ જે સાચા ઇમાની હસે તે નીપજે છે નરવાણ. ૧૪૦
મુનીવર ભાઇ સો દિન તેડાં આવ્યા જોએ, હવે તે ગોરનરની કુરસી પુરી હોએ. ૧૪૧
જ્યારે આપ કપટ કલીમાં બહુ વ્યાપસે જાણ, ત્યારે મુનીવર સોઇ દિન આવસે નરવાણ.૧૪૨
તે ગોરને તપે સીત્તેર સહસ્ત્ર હુસેનીવર પામસે પ્રમાણ,જે ગોરનરનો લંગાર ખાતા જાણ.૧૪૩
તમે સુખી મુસાફર ગત સાંભળો સરવે કોએ,
આ તપસી ગોરનરના પગની પાવલ પીધા વિના મુગત ન હોએ. ૧૪૪
આ કલીજુગમાં અથરવેદ કહે સતભાએ,આજતપસી ગોરને ન માને તે નદે દોજક જાએ.૧૪૫
જે આજ તપસી ગોર ઉપર આણે ઇમાન, તે સવાલાખની અમરાપરી પામે ઠામ. ૧૪૬
જે કોઇ આ તપસી ગોરને પુરા સેવી કરશે દેદાર, તેને મહાદિન નહિ લોપે લગાર. ૧૪૭
આજે ઇમામપુરી નગરી પાસે સાબરમતી નદી જાણ,
ત્યાં ગોરનર તીરથ જાંબુદીપે આવ્યા નિરવાણ. ૧૪૮
ત્યાં સુખી કમલાકુંવર થાસે જાણ,
અને તપસી ગોરની દુવાથી ચોવીસ મુલકના જીવ છુટે નિરવાણ. ૧૪૯
આજ બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર જાબુંદીપે બેઠા જાણ,
તે ઘર સુખી સંદેશ મોકલે તો જીવ છુટે નિરવાણ. ૧૫૦

ત્યાં ચોવીસે મુલકના દેવલોક આવ્યા જાણ, જે ગતમાંહા ગોરનર બેઠા પ્રમાણ. ૧૫૧
જે નવખંડના દેવ લોક જંબુદીપમાં આવ્યા સોએ, ગોરનરને પ્રતાપે ગતમાં મેળા હોએ.૧૫૨
આજ ગોર ઈમામશાહા વિના બીજા ગોર કલીયુગમાં મત જાણ,
તે એવા સતગોરે આગમ ભાખ્યાં નિરવાણ. ૧૫૩
આ કલીયુગના શા નિશાન તેના પરછા જાણ, તમે સાંભળો મુનીવર તે નિરવાણ.૧૫૪
જ્યારે કલીયુગમાં કાયમ પ્રગટસે પધારસે જાણ,
ત્યારે કલીયુગનાં સો નિશાન પુરાં હસે નિરવાણ. ૧૫૫
જે દુનીઆનું પાપ મુનીવરનું પુન લોપસે દીએ, તે પહેલું નિશાન કલીનું જોએ ૧૫૬
જ્યારે દરીઆ લીહી લોપસે અપાર, ત્યારે બેટી બુડસે તે સહી નીરધાર. ૧૫૭
ત્યારે દહીં ઉપર માખણ નહિ ઉતરે વાલ, અને સ્ત્રી મેલશે રોતાં બાલ. ૧૫૮
જ્યારે પાતાળના પાણી ખુટશે ધાર, ત્યારે ધરતી પાપે નહિ ઝાલે ભાર. ૧૫૯
જ્યારે બ્રાહ્મણ શુદ્રને પરણશે જાર, અને પુરૂષ મેલશે પોતાની નાર. ૧૬૦
ત્યારે દોનું બંધવ લડશે અપાર, અને તે હ્રદયમાં દયા નહિ લાવે લગાર. ૧૬૧
જ્યારે એવાં પાપ કપટ કલીમાં વરતાયે સહી, અને રાજ બોલાસે આલજ કહી. ૧૬૨
ત્યાં નવ વરસની નારી બેટા પ્રસવે નરણે, અને ગૌઆ વાછરૂ દો દો જણે. ૧૬૩
ત્યારે એક નારીને ત્રણ બાળક સાથે જન્મે જોએ,ભાઇ તે પણ નિશાંનકલિજુગનાં હોએ.૧૬૪
આજ કલીમહાં અનાજ એસા પાકસે જે, અને વરસાદ વિના કાળ પડશે તે. ૧૬૫
ત્યારે માતપીતાને તો વરસે આલ, અને બંધવ બેનીને દેશે ગાળ. ૧૬૬
ત્યારે દાસી જાયો પુત્ર રાજ કરસે જોહ, અને કુળનું કાળજું ખાસે તેહ. ૧૬૭
ત્યારે બ્રાહ્મણના ત્રાગા ત્રુટા કેવાએ, ત્યાં ક્ષત્રિના ક્ષત્રાવટ જાએ. ૧૬૮
જે સર્વે લોક પાપી પાખંડે રાચસે તહીં, તે કાલીંગાના ચરપટ કરશે સહી. ૧૬૯
જ્યારે એવાં પાપ કલીમાં વ્યાપસે અપાર, ત્યારે વાસંગ છોડે પ્રથમીનો ભાર. ૧૭૦
ત્યાં આયુષ ઓછાં માનવીના હોએ, અને જુઠાં કર્તવમાં જાસે સોએ. ૧૭૧
જ્યારે લોભ કપટ આ કલીમાં વ્યાપસે જોહ, ત્યારે રાજા દીધી વાચા નહિ પાલે તેહ.૧૭૨
જે લોક વિશ્વાસઘાત કરસે ઘણી, અને હ્રદયામાં દયા નહિ પાળે ઘણી. ૧૭૩
જે લોક જીવહિંસા કરશે બહુ કામ, તે કુડકપટ કરીને મેળવસે દામ. ૧૭૪
જે કાંઈ દામ લઇને દાટે ધરતીમાં જાણ, તે ઉપર ફણિધર ફરસે નિરવાણ. ૧૭૫
જે એવાં કપટ કરી કળીજુગમાં અવતરે, તે આગળ સરૂપે સર કુટી મરે. ૧૭૬
જે ચરપટ ચાળા કરશે દાણવના કામ, આજ તીર્થવાસા છે તેનાં નામ. ૧૭૭
જે પૂર્વજ થઇને પરમાં બોલશે જેમ, આજ તે ચરપટરાના અજાજીલનાં કામ. ૧૭૮
જ્યારે એવા ચરપટ આ કલીમાં વ્યાપક હોએ, ત્યારે સાચા સતગોરને નહિમાને કોએ.૧૭૯
આજે કલીમાં અંતે આચર લોપાસે જાણ, તે જુઠા કરામત કરીને દેખાડશે નિર્વાણ. ૧૮૦
જ્યારે મુનીવરના ચીતથી પુન પલટાસે જાણ, તેના ચંતચાળા કરસે વખાણ. ૧૮૧

ત્યાં સતગોર ઉઠસે ને ઘોર અંધાર, ત્યારે હરીશું હેત નહી રાખે લગાર. ૧૮૨
આ દેવથાપનાનો ભેદ ન જાણે જેહ, અને ગોર ગતશું દાવો કરસે તેહ. ૧૮૩
જે કોઈ માસ છમાસે ગતમાં આવસે અજાણ, તે સતગુરૂના ભાખ્યાં નહિ કરે પ્રમાણ ૧૮૪
જે સતગોર ફરમાવે ત્યાં પાછા ફરે, તે તો નીશાની વેળા આવી સંચરે. ૧૮૫
ત્યારે આ ગતના મેળા ભાંગસે જાણ, જ્યારે તે મોમનના ચિત માંઠા કરી પરમાણ.૧૮૬
જે આ સતગોરના એલમ ઓસપત ધરે, તે આ જગત ઉપર હેત નહિ ધરે. ૧૮૭
તે પાસે મખી હાલમાલ દસોંદ માગસે, ત્યારે દેવના દર્શન ઉઠી જસે. ૧૮૮
ત્યાં રોલા હસે તે રાના અતિ ઘણા જાએ, જ્યારે બ્રાહ્મણ અન્ન શુદ્ર નાં ખાએ. ૧૮૯

જે મોમનના આગળથી મન ઉઠસે અપાર,
ત્યારે આ ધરમશળાએથી પાપ નહિ ઉગરે લગાર. ૧૯૦

જયારે મુનીવરને હૃદયમાં દયા નહિ આવે સાર,ત્યારે આ ગતમાં ખાંપણ હસે નિરધાર.૧૯૧
પણ આજ કલીના ચરપટ ચલાવશે જે કોએ, તે સતગોર કહે અંતે એળે જાસે સોએ. ૧૯૨
ત્યારે કરતીઆ ફળ તો આવસે જોએ, અને ફળ વનસપતિમાં ઓછાં હોએ. ૧૯૩
જે વાઘને મરગ એક નાળે પીએ ને ખાએ, આજ સતગોરની ગત સોહી કહેવાએ.૧૯૪
જે ગતમાં આવે એક ને પ્રસાદ લેવે ચાર, તેનું આ ગોર નરસું હેત નહિ લગાર.૧૯૫
જે પાત્ર પ્રમાણે પ્રસાદ રાખે આપ, ભાઈ તેને માથે ચડે મોટું પાપ. ૧૯૬
જે આ સતગોરના એલમ ઓસપત ધરે, તે આ જગત ઉપર હેત નહિ ધરે. ૧૯૭
તે પાસે મખી હાલમાલ દશોંદ માગસે, ત્યારે દેવના દર્શણથી ઉઠી જસે. ૧૯૮
આગે પોતે બેઠા મહા જે વેહેરો કરે, ભાઇ તેના પાપે સુરજ થરહરે. ૧૯૯
જે આ બોલ્યા પ્રમાણે લખ્યો સતગોર પ્રસાદ,ભાઇ તેનો આ ગતમાં ન કીજે વાદ.૨૦૦
તે માટે મોમાન સુખી વાદ ન કરીએ કોએ, અને જે વાદ કરે તે દોજકી હોએ. ૨૦૧
એવા પીર શમસે આગમ કહ્યાં એધાણ, ભાઇ સાંભળો આ કલીનાં નરવાણ. ૨૦૨
એવાં નબીમહમ્મદે અગમનિશાન ભાખ્યાં જોએ, જે આજ તમાકુ પીવે તે દોજકી હોએ. ૨૦૩
તેની ઉત્પતનો કોઇ ન જાણે ભેદ, ભાઇ આ કલીમાં બોલે એમ અથરવેદ. ૨૦૪
શાહોજી હુકમ એસા પડયા જોએ, ભાઇ તમે દોજકના નિશાન સાંભળો સબકોએ. ૨૦૫
જે દોજખનો ધ્રો ભેજયો આ કલજુગ મહાં, તે અણુસતિ પીવે સરવકો તહાં. ૨૦૬
દોજકને હુકમ એસા કીયા, ને સવાટાંક ધુંવા સો ઉડાઇ દીયા. ૨૦૭

તે ધુંવો ઉડીને ચિણમહાચિણ નગરીમાં ગયો,
અને સાડા ત્રણ દિવસ કાલીંગાના પેટમાં રહ્યો. ૨૦૮

તે પેટમાંથી દૈત્ય કાલીંગો કુઠામે વાસર્યો, તેણે દોજકનો ધુંવો કાઢી નાંખ્યો. ૨૦૯
તે ધુંવો હલિખુરાશાનમાં આવી ઉડાડ, ભાઈ ત્યાં ઉગ્યું તમાકુનું ઝાડ. ૨૧૦
એ તમાકુ પીવે તે દોજકી હોએ, ભાઈ તેનો ભેદ જાણે જો સબકોએ. ૨૧૧
ત્યાં થકી પાપ આ કલયુગમાં પરવરયું હોએ, ભાઇ એ નિશાન કલીના જોએ. ૨૧૨

તેહને પાપે આ કલજુગદેવ પુરો કરશે જાણુ, અને વરસ દાડા દસનું કીધું પરમાણુ. ૨૧૩

આ વરસ જાએ દસ દાડો દન પાણીની વેલ,
જે આગમ સતગોર કહ્યા તેના આવી પોતા છે મેલ. ૨૧૪

જ્યારે એ નિશાન સઘળાં આવી મલસે હો સુરજાનાર, તારે સરવે થશે એકાકાર. ૨૧૫
જ્યારે એવી વખત વેળા આવસે વકરેમ, તારે કલી માંહાથી ઉડસે દયાને ધરમ. ૨૧૬
એક અવિચળ ધરતી બીજો આ સતપંથ જાણુ, બાકી સરવે કોએ માથે કરમ લીધું પરમાણુ. ૨૧૭
જ્યારે શુદ્ર નહિ માને બ્રાહ્મણને વસેક, ત્યારે ગત ગંગાનું નીર જાશે છેક. ૨૧૮
એવાં પાપ કલીમાંહી પ્રગટ થઇ વ્યાપશે અનેક, ત્યાં અઢારે વરણ થાશે એક. ૨૧૯
તેહણે પાપે ગોરનરની મેહેર ઉઠશે નીરધાર. ત્યારે ધરમદ્વારથી પાપ નહી ઉતરે લગાર. ૨૨૦
ત્યારે વનસ્પતિ નહિ ફલે આવો કલીકાલ, અને સ્ત્રી નહી પ્રસવે બાલ. ૨૨૧
ત્યારે આ કલ માંહા કાએમ પ્રગટ પધારસે જાણુ, જ્યારે એવાં નિસાન પુરાં હસે નિરવાણુ. ૨૨૨
ત્યારે મુનીવર કે ઘર ઓછવ મંગલ વરતાએ, અને દુનીયા સર્વેના પ્રાણુ ત્રુટી જાએ. ૨૨૩
જ્યારે હાથણી દૂધ આલસે સહી જાણુ, ત્યારે દરીઆ નીર મીઠાં થાસે નીરવાણુ. ૨૨૪
જ્યારે પીપલે ફુલ નાગરવેલ માહાફલ જાણુ અને ત્યારે પશ્ચિમ દિશાએ ઉગસે ભાણ. ૨૨૫
જ્યારે આવાં સો નીસાન કલીનાં પુરાં થાશે જાણુ, ત્યારે સાહેબ અસવારી કરશે નિરવાણુ. ૨૨૬
એવાં સતવચન પીર શમસ બોલા સહી પરમાણુ, ભાઇ મુનીવરો એ કહ્યાં છેલ્લા એંધાણ. ૨૨૭
સેહેદ અસમાઇલની અસવારીના પરચા જાણુ, તમે સુણો મુનીવરો તેહેના નિરવાણુ. ૨૨૮

પરથમ શાહાની મોહર લઇ સેહેદઅસમાઇલ આવસે જાણુ,
તેહની સાથે હશે બાણું લાખ કોતલ અસવાર. ૨૨૯

જેઓની આગે અસમાઇલ ચડસે સઇ,
તે તાંહાં દોહાઇ શાહોની ફેરાવસે નવ ખંડમાંહે જઈ. ૨૩૦

તે દોહાઈ ફેરાવ શાહો નવખંડ માંહા, તે જઇને સેહેતાન શેહર વીટસે તાહાં. ૨૩૧
રાણી જ્યારે એવાં પાપ આ કલજુગમાંહા વરતાએ, ત્યારે શાહાઘેર સૈન્ય મેલાવો થાયે. ૨૩૨

આજકલ સેતરદીપ માંહા નકલંકી નારાયણનો ઠામ,
તે તો પીરહસનશાહા મુનીવરને કહે નિરવાણુ ૨૩૩

જે વીરચા શહેરમાંહા શાહોજી બેઠા હોએ, રાણી તે રાજા રૈયતને નવજાણે કોએ. ૨૩૪
તે શાહાને અખંડ દેહી રેખનર આકાર, શાહાને અખંડ વાધા પેરણુ સાર ૨૩૫
તાહાં સ્વામી સૈન્ય મેલાવો કરે, ત્યારે સરવે દેવતા આવી સંચરે. ૨૩૬
જે પેલી અસવારી સાહેદ અસમાઇલ કરે, તે દેવ નવખંડ માંહા જઈ સંચરે. ૨૩૭
તાહાં દેવની સાથે બાણુ લાખ કોતલ કેહવાએ, તેણે દોવાઈ ફેરાવી ચીણનગરીમાં જાએ. ૨૩૮
ત્યાં શાહોજી સેના મેલાવો કરે, ત્યાં આઠ અંતના દેવતા આવી સંચરે. ૨૩૯
જે સાચા મુનીવર હોસે તે શાહાને મલસે આએ, તે જુઠાને શિર પેલો દેસો ઘાએ. ૨૪૦

જે પેહલી સ્વારી સેહેદ અસમાઇલ જાએ ચીણુનગરી મોઝાર,
તે જઇને ઉભા રહ્યા પશ્ચિમ કે દ્વાર. ૨૪૧
ત્યારે હાંક મારી સેહેદ અસમાઇલિ બોલા સતસાર, હવે તું કાએ સુતો કાલીંગ ગમાર. ૨૪૨
એતા આવા અભંગ શાહા તારૂં કાટવા શીસ, ત્યાં બોલ્યા યોદ્ધા મન કરી બહુ રીસ. ૨૪૩
ત્યાં દેવની હાક સુણી દૈત્ય સર્વે ખલભલે, ત્યારે પેહલા કોટ એકના કાગરાં ઢલે (પડે). ૨૪૪
ત્યાં સર્વે નગરમાં થયો હલાહલકાર, એવી સેહેદ અસમાઇલે કીધી પોકાર. ૨૪૫
જ્યારે સેહેદ અસમાઇલ પાછા વળી શાહા આગળ જાએ,
ત્યારે સર્વે દૈત્યને મન ક્રોધ ન માએ. ૨૪૬
દૈત્ય કાલીંગાની અસવારીના પરછા જાણુ, હવે સુણો મુનીવર સહી પરમાણુ. ૨૪૭
ત્યાં સઘળા દૈત્ય મલીને એકઠા થાએ, હવે તમારો દુશ્મન આપણાથી જીતી કેમ જાએ.૨૪૮
તે દૈત્યને અનંત ક્રોધે મન છુટી કાપણી,અમે છું બહુ બલવંત છાસટ કરોડ જોધાનો ધણી.૨૪૯
તે દૈત્ય કાલીંગાનું કુલ્યું અંગ ન ચડે સલે બકતર ને ટોપ,
તેને બે સહસ્ત્ર યોદ્ધા બાંહે વલગે મહા ભોપ. ૨૫૦
એક માસ દિન સોળ લગી પેહરે સલે બકતર સાર,
ત્યારે છાસટ કરોડ દૈત્ય એવા બાંધે હથીઆર. ૨૫૧
જે સર્વે યોદ્ધા સેરો બકતર પેહરે સા સાથ, તે દૈત્ય સુભેટ કરીને બોડા દે હાથ. ૨૫૨
તમે સુણોભાઈ યેદ્ધા કાલીંગો કહે નિશંક,તાંહા રણક્ષેત્ર માંહા ઝુઝતા ન આણુસો ધખ.૨૫૩
ત્યારે મજલસમાંહા જે ઉમરાવ બેઠા છે પાંચ, તે દૈત્ય કાલીંગાસુ બોલે મુખવાચ. ૨૫૪
પેલો દૈત્ય મલકેશર કહે હું પાંચ પાંડવસું લડું, બાકી અવર યોદ્ધા ચીતમાં નવ ધરૂં. ૨૫૫
બીજો દૈત્ય ગજકેશર મુખથી બોલ્યો કાલ, હું તો અઉઠ કરોડ ભુતનો કાલ. ૨૫૬
ત્રીજો દૈત્ય રણકેશર બોલ્યો વિખ્યાત, હું તો બાણુલાખ મારૂં પેસવલ જાત. ૨૫૭
ચોથો દૈત્ય રગતકેશર બોલ્યો મહા ભડવીર, હું તો નવ કુળ નાગ મારૂં સધીર. ૨૫૮
પાંચમો દૈત્ય નાગકેશર કહે સાંભળો ચીણુના ધણી, હું તો ચોસઠલાખ મારૂં જોગણી. ૨૫૯
ત્યારે ટીલાવંત દૈત્ય ડમાલ કાલીગો બોલ્યો બોહોડ તેતો અભંગસરીખા મારૂં કોટમકરોડ.૨૬૦
ત્યારે કમલાકુંવર બોલ્યા દઇતની સભા માંહી જઇ,આપણે રાજ ક્ષત્રીવટ પાલવાં સહી. ૨૬૧
તાહાં કાંઇ જોદ્ધ હસે તે છુપા નહિ રહે, અને ઘણુના ઘાઓ તે એરણુ સેહે. ૨૬૨
એવા ઘણુકા ઘાએ સોબંકે ભુપાલ, તમારૂં લખ્યું તે થાશે કરમ કપાલ. ૨૬૩
એસર્વે વાતો તમે ભોગવસો એમ કમલાકુંવર કેહે,બાવા ત્યાં ક્ષત્રી હશે તે છુપ્યા નહી રહે.૨૬૪
ત્યારે દૈત્યકાલીંગો ચંચલ તોરીંગ પલાણુસેં વાહન,તેહેને સાડાબાર મણુની હાથે કમાન.૨૬૫
તેહેને સાડાબાવીસ શેરનો તરકસ મહાતીર, ભાઇ જેથી ફાટે વજ્રની ભીંત. ૨૬૬
તે પાસે છરી કટારી મગફલ તલવાર, એવા દૈત્ય છમાસ લગી બાંધે હથીયાર. ૨૬૭
તે ઘોડાને પાખર ઘાલી બાંધે ફરતી ઘુઘરમાલ,
અને દૈત્ય કાલીંગો ચંચળ તોરીંગ થાએ અસવાર. ૨૬૮

તે દૈત્ય કાલીંગો ઘેર થકી ચાલ્યો જ્યારે થઇ અસતાર.
ત્યારે આગે રોઈ ઉઠી રાંડી વિધવા નાર. ૨૬૯
વળી દૈત્યને સુકે કાંટે કાગડી કલકલે, તેને નકટી નાર એક સામી મલે. ૨૭૦
એ આવા માઠા સુકન દઇતને થઆ, તોપણ ક્રોધ કરી મનશું બોલ્યો કાલીંગો રાએ. ૨૭૧
હાંરે રાણી અમારા દલનો કંઈ પાર ન પાએ. હવે મુજ આગળ અભંગ જીતી કેમ જાએ. ૨૭૨
હાંરે રાણી મારી સાથે જોદ્ધા અતી બળીયા જાણુ, તે ત્યાં અભંગનું સૈન્ય મારસે નિરવાણુ. ૨૭૩
એવો ગર્વ કરી દૈત્ય નગરથી બાહેર નીસરો, તે ઉત્તર દીસાને દરવાજે જઇ સાંચરે. ૨૭૪
જે ઉત્તર દિશામાંહા એકવીસ દરવાજા ઉત્તમ સાર,
એક એક બારાનો ગાઉ ગાઉ પોહળો છે વિસ્તાર. ૨૭૫
જે દૈત્યના દલનો પાર ન લેવાએ, તે સૈન્ય એકવીસ દરવાજે સભટ બરાબર ચાલુ જાએ. ૨૭૬
ત્યાં ચોસઠ પોર લગી એકવીસ દરવાજે દલ નીસરે,
તે સરવે જઇને પશ્ચિમદીશામાં પીઆણુ કરે. ૨૭૭
તે દૈત્ય કમલાકુંવરને રાજ બેસારી નીસરો,
હવે રાણીકુંવર તમે આ ચીણુ નગરીના રાજ કરો. ૨૭૮
જે કમલા કુંવરને રાજપાટ નગર સર્વે સોંપીઆ,
ત્યારે મખી ગત આ સતપંથ લે એક ધાન થઆ. ૨૭૯
ત્યાં મુખી કમલા કુંવર ગત સર્વે દેવલોક નરનીજાર,
તે હાથે સ્મર્ણીજ કરે તે સતગોરજી અમને દો દેદાર. ૨૮૦
જ્યારે દેવને એવી વીનતી મખીગત કરસે સેવ, ત્યારે મનવેગે પીરશમસ પ્રગટ થઆ દેવ. ૨૮૧
જ્યારે ગોર પશ્ચિમ દિશાને દરવાજે ઉભા છે આએ,
ત્યાં સુરજારાણી કમલા કુંવર મુખી ગત સરવે લાગ્યાં પાએ. ૨૮૨
ત્યાં દેવને કરી પ્રણામને સર્વે ઉભા કરજોડ, ત્યારે મુખી કમલા કુંવેર બોલ્યા બોહોડ. ૨૮૩
તમે સુણો સતગોરજી વીનતી અમો રાંકજ તણી,
હવે અમને માહાદંન વેલા ન દેખાડસો ધણી. ૨૮૪
સ્વામી નકુછ ગત સર્વે તમારી કેવાએ, અમે ગુનેગાર જીવ લાગું તમારે પાએ. ૨૮૫
સ્વામી અમે ઉણીઆચારી તમે બકસણુહાર, હવે અમારા ગુનાનો નહી અનંતને પાર. ૨૮૬
ત્યાં પીર શમસે સરવે ગતરખેસરને વાત કહી,
હવે મખી કમલા કુંવરને સરભરણ ભરાવે સહી. ૨૮૭
તે માટે સર્વે દેવલોક ચીણુ નગરી છોડી બાહેર નીસરો,
તે જાંબુદીપે ઇમામપરી નગરીમાં જઇ સાંચરો. ૨૮૮
તાંહાં તમશ્રીનારણ સેન માંહા મલજો જાહે હવે ચીણુ માહા ચીણુને ડુબાવે શાહે. ૨૮૯
જ્યારે એવાં કહીને પીર શમસ આલા વદા થઆ,
તાંહાં સરવે દેવલોક જઈ લાગા સતગોરને પાએ. ૨૯૦

ત્યારે સુરજા રાણી વિનંતી કરે સતગોરસું ઘણી,હવે અમને અંતકાલે ન વિસારસો ધણી.૨૯૧

જે દેવલોક સરવે ચીણુ નગરી છોડી ચાલી નીસરા,
તે દેવ જાંબુદીપ ઈમામપરીમાં આવી સંચરા. ૨૯૨

જે સુરજા રાણી મખીગત મલીને શાહાના દલમાંહા જાએ,
તે જઇ લાગે સતગોર શાહાને પાએ. ૨૯૩

તે સરવે ગતમખી પાએ લાગી સ્તુતી કરે ઘણી,હવે અમને ચરણે રાખો તમારે ધણી.૨૯૪

જ્યારે માતાને કુંવર સેહેદ અસમાઇલ પાસે ઉભા જાએ,
ત્યારે શાહોજી સેહેદ અસમાઇલને પૂછે સતભાએ. ૨૯૫

ત્યારે સેહેદ અસમાઇલ શાહોજી શું કેહે સત વાત,
હવે મેલાવો સેહેન તમે ત્રીભોવન નાથ પ્રગટ થાઓ વેકુંઠ તમે નાથ. ૨૯૬

શ્રી નારણ પ્રગટ થયાના પરછા જાણુ, ભાઈ સુણો મુનીવર તેહેના વખાણુ. ૨૯૭

જ્યારે શાહોજી દૈત્ય મારવાનો કરે વિચાર,
ત્યારે સાહેબ છેદની માંહેથી પ્રગટ થઓ તે વાર. ૨૯૮

જે શાહાનો દલદલ ઘોડો સરણગાર વખાણુ,તે ઘોડાના સોવરણ રત્ને જડીઆં પલાણુ. ૨૯૯
તે ઘોડાની લગામે પટા સોનેરી કડા, તે બહુ રત્ન પદારથ હીરે જડા. ૩૦૦
તે ઘોડાની કોટે બાંધી હીરા રત્નકી માલા,તે ઘોડાને મોતી પરોવાં છે બાલોબાલ. ૩૦૧
તેઘોડાને તંગ સોવણસુતરના બાંધે કુમતારા,તારે આ સતગોર કેહે ઓર અનત શણગાર.૩૦૨
તે શાહાનો દલદલ ઘોડો શણગાર્યો માહાભરપુર જાણે સહસ્રકલા લઈને ઉગા સુર. ૩૦૩
ત્યારે હસી શાહોજી બોલા બોલ, અને તે માણક જડત્રની કરે સંજોગ. ૩૦૪
શાહાની પગની મોજડી સુર્વણ ઝલકાત, તે શાહા પેરે ઈજાર બહુ રંગીન ભાત. ૩૦૫
ત્યાં એવો કેડે પટકો બાંધે જહુરાએ, આ સતગોર કહે તે અમુલખ કહો ન જાએ.૩૦૬
શાહોજી સુખે તંબોલ ખાએ જહાં, અને જબરાઇલ પાનબીડાં હાથમાં દેવે તહાં. ૩૦૭
શાહાને માથે મુગત કાને કુંડલ ઝલકાએ, ત્યારે શાહાની નજર સામું દેખુ નવ જાએ. ૩૦૮
જે છરી કટાર શાહા કેડે કસ બાંધે તેણીવાર, શાહાને ખડકત્ર ધાર્યું હાથ માહાસાર. ૩૦૯
જ્યારે દલદલ ઘોડે શાહા થાએ અસવાર, ત્યારે ત્રીભોવન માંહે પડસે પોકાર. ૩૧૦
જે સતગોરજી હરખસું બોલ્યા વિખ્યાત, તેહે શાહાના હાથમાં ચાબકો બહુ રંગી ભાત ૩૧૧
જે વરજા શેહેર માહા શાહાના સૈન્ય જો મલે, તાંહાથી મજલે મજલે પીઆણુ કરે. ૩૧૨
હડમાન વીર તાહાં દેસે હાક, અને મલસે ચોદ્ધા ત્યાં લાખો લાખ. ૩૧૩
સાહેબ સેન મેલાવના પરછારે જાણુ, તમે સુણો મુનીવર તેહે નિરવાણુ. ૩૧૪
ત્યાં પેલી ચોસઠલાખ જોગણીઓ આવે જે વાર, તે હાથ ડમરૂ બજાડે ને બોલે જેજેકાર.૩૧૫
જે સૈન્ય સાથે અઉઠ કરોડી જન ભુતાત, તેમાં બાણુ લાખ ચડે પેસાવલ જાત. ૩૧૬
તેમાં દેવી જોગણીને ભુત પેસાવલ જાત, તે શાહાના સૈન્ય આગલ માર્ગ સમારે ઉત્પાત.૩૧૭

જે ગોર નબી સહંમુદ થકી આદે અંતના કરોડી દેવ ઓધરા જેહ,
તો અંતે શાહાની સેનમાંહી આવી સંચરા તે. ૩૧૮

જે દેવ જાખા નવાણું કરોડી કહેવાગો, તેપણ આવી લાગે શાહોજીને પાએ. ૩૧૯
જે દેવ જાખા છપન કરોડી મેઘા સત સંધાને, તે પણ આવી મલ્યા છે સાહેબને સાથ. ૩૨૦
જે કોઈ બત્રીસ કરોડી કેનર દેવ, અને તે પણ આવા સાહેબનો સેવ. ૩૨૧
જે દેવ તેત્રીસ કરોડી મુનીવર ભઆ, અને તે પણ શાહાની પાસે ગયા. ૩૨૨
જે દેવ પાંચ કરોડીસું પેરલાજ સરદજાત, તે પણ આવી મલ્યા શાહાની સંઘાત. ૩૨૩
જે દેવ સાત કરોડીસું હરીચંદરાએ, તે પણ આવી લાગા શાહોને પાએ. ૩૨૪
જે દેવ નવ કરોડીસું ભગત જુજેસટલ જાણુ, સરવે તે પણ રણુ ચડ્યા છે નિરવાણુ. ૩૨૫
જે દેવ બાર કરોડીસું કમલા કુવર સાથ, તે પણ આવી મળ્યા શાહોજીની જાત. ૩૨૬
એવા સાહેબના સેહેન આપ છે ઉત્તમ સાર, પણ તેહમાં પાંડવદલનો અનંતને પાર. ૩૨૭
કાસમેર નગરી ઉત્તમ કહેવાએ, અને ત્યાં ઉપન્યા જુજંસ્ટલ રાએ. ૩૨૮
જે દેવ અઢાર લાખ ખડકા ધારી જાણુ, અને તે પણ રણ ચડે નરવાણુ. ૩૨૯
જે નગર ઉજેણી મહા ઉત્તમ સહી, અને સેહદેવ જોસી ઉપન્યા છે તહીં. ૩૩૦
જે દેવ ચઉદ લાખ ચકરાધારી જાણુ, અને તે પણ રણ ચડે નિરવાણુ. ૩૩૧
જે નગર ઉમરકોટને જલંદરી દેસ, ત્યાં ઉપન્યો ભીમસેન તઅવલે કેસ. ૩૩૨
જે દેવ ચાલીસ લાખ ગદાધારી જાણ, તે પણ રણ ચડે નિરવાણુ. ૩૩૩
જે ઉંચમુલ સ્થાને નગર સહી જાણ, ત્યાં અર્જુન ઉપન્યા પરમાણુ. ૩૩૪
જે દેવ છત્રીસ લાખ ધનકા ધારી જાણુ, અને તે પણ રણ ચડે નિરવાણુ. ૩૩૫
જે નગર પંચાવલ માહા પુરબ કહેવાએ, ત્યાં ઉપન્યા છે નીકુલ રાએ. ૩૩૬
જે દેવ પચાસ લાખ નેજા ધારી જાણુ, ભાઇ તે પણ રણ ચડે નિરવાણુ. ૩૩૭
જેવા પાંચે બંધવમલા એકજ થાએ, તેહની સેનની ગણત્રી કહી નવ જાએ. ૩૩૮
જે સરવે પાંડવના દલ એકઠા થાએ, તેહેના ઘોડા બહુ અમુલખ કેવાએ. ૩૩૯
તેહેમા ઘોડા હરણ હંસલા અરબીસાર, ત્યાં નેજી તુરકીને તોખાર. ૩૪૦
જરદ ભમર મજીઠા મહુઅર જાત, કચ્છી કુમેદ કલણી સાહેર સાથ. ૩૪૧
કાલા, કાટુવા, કાબરા ને કોકલી સાર, કટરજટર અબલખી અપાર. ૩૪૨
ત્યારે કેહેરડા કાહાડા કલોલ એ રાખી જાત, બાઇ એવાં દલ તે શોભે સવે પાંડવ સાથ. ૩૪૩
એતો પચીસ જાત ઘોડાની કેહવાએ, બાકી અવર તોરીંગ કહાનું જાએ. ૩૪૪
તે દલ માંહા ધજા નિસાન તણો નાહી પાર, ત્યાં ચડે જોદ્ધા માહા ઝુઝાર. ૩૪૫
તે પાંડવના દલ ચાલતાં લોપે ચંદરમાં સુર, જેમ સમુદર નદીઉં આવે છે પુર. ૩૪૬
નવસે નવાણુ નદીઉં આવે જેમ, અને પાંડવ સૈન્ય ચાલે છે એમ. ૩૪૭
નારણુ નકલંકી તણું સૈન્ય જો મલે. અને દેવ રખેસર તે રણસંગ્રામે ચડે ૩૪૮
વાજે તબલ દદામને જલકે નીસાણુ. જેમ ગંગાની છોલે પરભા જાણુ. ૩૪૯
અનંત વરણી છત્ર ઉપરે સુરજ મખી ઓધરે, તે મજલે મજલે પીઆણુ કરે. ૩૫૦
તે દલ આવી પોતા છે જ્યાં શ્રીનારાયણહરી, ત્યાં સ્વામીને પાએ લાગી વિનતી કરી. ૩૫૧

ત્યારે શાહોજી હસીને હરખસું બોલ્યા જાણ, પાંડવના દલ કરીશું આગે વાણ. ૩૫૨
જે દેવ વાસંગ રાજા વસે પીઆલ, તે પણ શાહાને આવી મળે તત્કાળ. ૩૫૩
જે નવકુલ નાગ ટીલાવંત મણાધારી વીર, તે એવા નાગુના સૈન્ય રણ ચડે સધીર. ૩૫૪
જે દેવ ગોરખ જતી મહામુનીવર જાણ, તે સાથે પાંચ લાખ જોગેસર રણ ચડે નિરવાણ.૩૫૫
ત્યાં આવ્યા ગોરખ શાહોજી સબંદ, તે પાંચ લાખ સીંગી પુરાવે નાદ. ૩૫૬
જે દેવ સવાકરોડી સહેસ્ત્ર શંખ વાજે ઝણકાર, ત્યાં દેવ દત્યનો સૈન્ય આવે અપાર. ૩૫૭
જે દેવ એક લાખને એંસી હજાર પેગાંબર જાણ, તેહે પણ આવી શાહાને મલ્યા પ્રમાણ. ૩૫૮
તે માંહે સીતેર સહસ્ત્ર હોસેની જાણ, તે સર્વે પેલા શાહોને આવી મલ્યા પરમાણ. ૩૫૯
જે દેવ સીત્તેર હજાર હોસેની જવાન, તેને બારમણનો તીર હાથે સોમણની કમાન. ૩૬૦
જે દેવ સાતે ફરસ્તા માંડા બુજરખ આએ, તેતો શાહોજીને શીર ચમર ઢોળે છે વાએ. ૩૬૧
જે દેવ અઢાર ભાર વનસ્પતિ બહુરંગીભાત, તે પણ આવી મલશે શાહાની જાત. ૩૬૨
જે સાતે સમુદર મુનીવર કહેવાએ, તે પણ શાહાના સૈન્ય આગળ મલશે આએ. ૩૬૩
જે સતી નવસેનવાણું નદીઓ જાણ, તેહે પણ આવી મલે શાહાને પરમાણ. ૩૬૪
જે દેવ પાણી પવન બેહુ બલીઆ કેહવાએ, તેહેના બલ કાંઈ કયા નવ જાએ. ૩૬૫
જે દેવ આદે ચાલા એ સતગોરને ફરમાન, તેતો શાહાના દલમાં અંતે આવા જાણ. ૩૬૬
ત્યાં મલ્યા સરવે દેવલોક મુનીવર સજાત તે દેવ અનંત કરોડી પીર હસનશાહા સંઘાત.૩૬૭
જેદેવ આજ કલજગમાં લાગ્યા સતગોરને પાએ, તે મુનીવર શાહાને મલસે જાએ. ૩૬૮
જે કોઈ આદ અંત લગી રખેસર દેવ, તે સઘળા આવે સાહેબની સેવ. ૩૬૯
જે આજ સાચા સતપંથી મુનીવર કેહવાએ,તે શાહાના દલમાં આવે રખેસર રાએ. ૩૭૦
જે દેવ આવે હનુમાન બહુ બલીઆ કેહેવાએ, તે પરવત મસ્તક લેઇ ચડાએ. ૩૭૧
તે માવાધર યોદ્ધા આવે મહા બલીઆ સાથ,ત્યાં આવી મલ્યા સર્વે શાહા જદુનાથ. ૩૭૨

જ્યારે દેવ રખેસર શાહાને પાએ લાગીને ઉભો રહે,
ત્યારે સઉને રથ બેસાડો એમ શાહોજી કહે. ૩૭૩

એકેકા મુનીવર સાથે એંસીલાખ ઉંટા સામલ સાર,તે ત્યાં હાણો પાણી ઉપાડે ચાર.૩૭૪
એકેકા રખેસરના એવાં દલ ચાલે ઉતપાત, તેહેમાં ચારલાખ ઉંટા તંબુ નીસાન સાથ.૩૭૫
ત્યાં બે લાખ ઉંટાતીર કમાને હોએ,તે સલે બકતર નોબત નગારાં જોએ. ૩૭૬

એક એક મુનીવર સાથે એવા દલ ચાલે જાણ,
તે આગળ સાતલાખ જાચકને જલકે નીસાણ. ૩૭૭

તે સરવે શાહા આગળ ઝલકે નીશાન વાજે સુર, બીજા અઢાર ક્ષેણું વાજે રણતુર.૩૭૮
ત્યાં વાજે દદામાને નફેરી ભેરભેર, ત્યારે બહુ નાદ નીશાને ધરતી થરહરે. ૩૭૯

ત્યાં અનંત દડદડીઉં રણસીંગીને સરણાઇઓ અપાર,
ત્યારે વાજે ભેરભુગલ માદલ ધંમધંમકાર. ૩૮૦

ત્યાં વાજે તાલમરદંગ ધંમધંમકાર, જે વાણ વાસલી ચંગ સોરંજી સાર. ૩૮૧

એવાં અનંત વાજીંત્ર વાજે, મોરલી અનોપમ વાણુ,
બાકી અવર વાજાંનો કોઇ પારનું જાણુ. ૩૮૨
ત્યાં મલ્યું સૈન્ય શાહાનું કુસ કહ્યું નવજાએ, તે દલ પાએ દલ ધરતીનું મ એ ૩૮૩
જે બ્રહ્મા વિશ્નુ માહેસર હાજર લાગા પાએ.તે તે પાસે રથ બેસી બરોબર ચાલ્યા જાએ.૩૮૪
જે મુનીવર લોકને સૈન્ય મેલાવે સ્વામીનાથ,તારે નવ ગ્રહે પણ ચાલ્યા શાહાને સાથ. ૩૮૫
જે કોઇ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ હુતા દેવ,
તે શાહાનું સૈન્ય મલી ઉલટું તે ત્યારે દોડી આવ્યા તતખેવ. ૩૮૬
જે મલ્યું સૈન્ય અનંત અનોપમ સાર,તેમાં ધજા નિશાનનાં આવે નહી પાર ૩૮૭
ત્યારે શાહાનું સૈન્ય દેખેને બહુ આનંદ જો થાય,
ત્યાં અકેકા મુનીવરની સૈન્ય વખાણ્યા ન જાણ. ૩૮૮
તે સર્વે મુનીવરના ઘોડાની પાખરો ઝલકે ઘણી,
ત્યાં સલેબક્તર પેરી બેઠા ગતમાં ગોર નર ધણી. ૩૮૯
જે શાહાને મસ્તક ટોપ સેરો બહુ રંગીભાત,તે શાહાને હસમણની કમાન હાથ. ૩૯૦
તેને અઢાર શેરનો તરકસ માહાતીર, જેથી દૈત્યના છેદે શરીર. ૩૯૧
તે શાહાની કેડે કટારી છરી મગદલ તરવાર,ત્યાં સર્વે દેવલોક બાંધે હથીઆર. ૩૯૨
ત્યાં ગરજે ગુરજ કાડે જેમ સાસ, અને મારી દૈત્ય કરસે નિરાસ. ૩૯૩
જે દેવ બાંધી હથીઆરને એકઠા થાએ, તે સર્વે જઇ લાગે ગોર નરને પાએ. ૩૯૪
જે ચાર જગામાં રખેસરના જુજવો રંગ તેહેના પરછા જાણુ,
તમે સુણો મુનીવર તેહેના સહી નરવાણ. ૩૯૫
રગતા, પેચા, કરસના સેતા જાણુ, સરદ, જરદ, સામ, સ્વેત પરમાંણ. ૩૯૬
જે ચાર જુગના સૈન્ય ચોરંગા એકઠા થાએ, તે બહુ રૂપવંતા રખેસર કહ્યા નાં જાએ.૩૯૭
જે કર્તા જુગમાં મુનીવર હુઆ પ્રમાણ, તેના સૈન્ય લાલ રંગે સહી પ્રમાણ ૩૯૮
જે દેવના સરદ ઘોડાને સરદ પલાંણ, તેહેને સરદ વસ્ત્ર પેહરાવ્યા જાણ ૩૯૯
તેહેને સરદ વાઘા ને લાલ સરબંધ જાણુ, તેહેનો કેડે નો પટકો સરદ વખાણુ. ૪૦૦
ત્યારે સરદ ધજાને સરદ જલકે નિસાન, તેહેના પગની મોજડી સરદ જાણ. ૪૦૧
જે કર્તા જુગમાં દેવ ભક્ત રાજા પ્રહલાદ જાણ, તેહેના સરવે સેહેન સરદ થાય પરમાણ.૪૦૨
જે કર્તા જુગમાં રધુવેદ સરદ રંગે જાણ, તેથી સૈન્ય સરદ હુવા પરમાણ. ૪૦૩
જે ત્રેતા જુગમાંહો મુનીવર ભયા, તેહેના સૈન્ય સર્વે જરદ રંગે થાએ. ૪૦૪
તે દેવોના જરદ ઘોડાને જરદ પલાણ, તેહેના જરદ ધજાને ઝલકે નિસાન. ૪૦૫
તે દેવને જરદ વાઘાને જરદ પેરીક ભાએ, તેહેની જરદ મોજડી પેહેરણ પાએ. ૪૦૬
તેહેને જરદ વસ્ત્રને જરદ શીરબંધ જાણ, તેહેને કેડેનો પટકો જરદ વખાણ. ૪૦૭
જે ત્રેતા જુગમાં દેવ ભગત રાજા હરીચંદ સતવાદી જાણ,
તેહેના જરદ સૈન્ય કીધાં પરમાણ. ૪૦૮

જે ત્રેતા જુગમાંહે જુજરવેદ જરદ રંગે જાણ, તેથી સર્વે સૈન્ય જરદ થઆં નિર્વાણ. ૪૦૯
જે દ્વાપર જુગમાંહા મુનીવર સુજાણ તેના સર્વે શામ સેન હુવા પરમાણ. ૪૧૦
તે દેવનાં શામ ઘેડા ને શામ પલાણ, તેહની શામ ધજા ને ઝલકે નિસાન. ૪૧૧
તે દેવના શામવાધ ને વસ્ત્ર પરણુક બાંધે, હેના પગની મોજડી શામ કહેવાએ.૪૧૨
તેહેના શામ શીરબંધ સર્વે એકરંગે જાણ, તહેને કેડનો પટકો શામ વખાણ. ૪૧૩
જે દ્વાપર યુગમાં સાચા દેવ રંખેસર ભગત રાજા જુજેસ્ટલ જાણ,
તેહેના શામ સૈન્ય હુવા પરમાણ. ૪૧૪
જે દ્વાપર યુગમાંહા શામવેદ શામરંગે જાણ, તેથી સરવે શામસેન થઆ પરમાણ. ૪૧૫
આજે કલજુગમાંહા જે મુનીવર ખરા ઇમાની જાણ, તે અનંત કરોડી બારના સેતર વખાણ.૪૧૬
જે સેત્ર ઘોડા ને શાહા દલદલ અસવાર, તેહે શાહને સેત્ર વાઘા પેગણુસાર. ૪૧૭
તે દેવના સેત્ર ઘોડાને સેત્ર પલાણ, તેહેના સેત્ર વાઘાને વસ્ત્ર પ્રમાણ. ૪૧૮
તે દેવને સેત્ર તીરને સેત્ર કમાન, તેહેના સેત્ર ધજા ને ઝલકે નીસાન. ૪૧૯
તે દેવને મસ્તક શીરબંધ સેત્ર જાણ, તેના પગની મોજડી સેત્ર વખાણ. ૪૨૦
તે દેવનો કેડનો પટકો સેત્ર રંગે તાર બાઇ તેના રૂપતણો ન આવે પાર. ૪૨૧
એવા સેત્ર સર્વે સૈન્ય સાહેબનાં ચડે, તેહેને શાહા મેઘાડંબરના શિર છત્ર ધરે.૪૨૨
આજ કલજુગમાં દેવ ભગત રાજાકમલા કુવર જાણ, તેના સેત્ર સન્ય કીધાં વખાણ.૪૨૩
આ કલજુગમાંહા જે અથરવેદ સેત્ર રંગે જાણ, તેથી સેત્ર સર્વે સૈન્ય હુવા પરમાણ. ૪૨૪
એવા ચારજુગના સૈન્ય ચોરંગે ઉત્તમસાર, આસતગોર કહે બાકી વર્ણનનો ન આવે પાર.૪૨૫
જ્યારે એવાં સૈન્ય ચોરંગા શાહોજીએ દેખા નેણ, ત્યારે હસી હરખસું બોલા વેણ. ૪૨૬
રે શાહોજી મુનીવરને એમ કહે નિરવાણ હવે તમે જાંબુદ્વીપ માંહા જઈને કરો મેલાણ.૪૨૭
જેણી આલે અલા આવા નિરવાણ, તે આખરીત મેદી ચડે છે જાણ. ૪૨૮
જ્યારે ઇછે મેદી ચડસે દોએ, અને દૈત્ય કાલીંગાને મારશે સોએ. ૪૨૯
જે સાહેબની અસવારીના પરછા જાણ, હવે તેહેના મુનીવર સુણો નિરવાણ. ૪૩૦
જે દીન છમસર ચલોતરો ચઇત્ર માસને ગુરૂવાર,
તે દિન શાહાના ન્ય ચડે સૈને સાહેબ થાએ અસવાર. ૪૩૧
જ્યારે ઘેરથી પગલાં ચાર શાહોજી ચાલીનીસરે, ત્યારે નાર એક સામી આવી સંચરે. ૪૩૨
તે પેહરી આભરણ સોળશણગાર તેને માથે, સોવર્ણ કુંભ લઈને ચાલી આવે શોહોગણનાર.૪૩૩
તે કુંભ ઉપર સુવર્ણની થાલ અનોપંમસાર, તેમાં છે ભરખ ભોજન અમરત અઢાર.૪૩૪
જ્યારે એવા સાર શુકન શાહોજીને થાએ, ત્યારે ગોર બ્રહ્માજી બોલા સતભાએ. ૪૩૫
શાહોજી આજ ભલા સુકન છે, મહાબલી આ કહેવાએ,
તે સરવે દૈત્યના દલ સરવે ખરીઓ મોહો જાએ. ૪૩૬
ત્યાં થકી દલ ચાલી જાંબુદ્વીપમાં જાએ, ત્યારે સૈન્ય ગઢ, પર્વત પેલી કુંકે ઉડાએ ૪૩૭
જ્યારે એવા ખોરાસાની દલ ઉલટે સધીર, ત્યારે નદી સમુદ્રમાંનું પાવે નીર. ૪૩૮

જે શાહાનું સૈન્ય ચાલે તેમાં બહુ ઘોડાને ઊંટ,
તે સાતે સમુદ્રના પાણી પેહેલી ફોજને થાએ એકાકા ઘૂટ. ૪૩૯
પેહેલી ફોજને એકેકો ઘુંટ ભરાએ, ત્યારે પાછલી ફોજને રેહેમત થાએ. ૪૪૦
જે દલ નાહેર સખર વચે સાચી વાટ, ત્યારે લંકાગઢ આવે શાહાની સાથ. ૪૪૧
જે શાહાનું સૈન્ય મેર શિખર વચ્ચે નહિ માએ,
તે સૈન્ય ચાલતાં ધરતીએ સવા ગજ લીદ ચડાએ. ૪૪૨
એવાં દલ ચાલતાં ઉડે બહુ ગરદ ચડે, ત્યારે સુરજ ચંદરમાના દીઠા નહી પડે. ૪૪૩
ત્યાં લોપે સુરજને જેમ ભાદરવાની રાત, અને ધરતી પગ તલે ના સુઝે જાત. ૪૪૪
ત્યારે શાહા ખડગ ત્રધારૂ હાથમાં લેસે ભરપુર, જ્યારે સહસ્ત્ર કલા લઈને ઉગે સુર. ૪૪૫
ત્યાં ખડકને અજવાળે અજવાળે દલ ચાલે અપાર,
તે શાહાના સૈન્ય દલ આવી પહોંચે જાંબુદ્વીપ મોઝાર. ૪૪૬
જે શાહાના દલમાં તોરંગ હેસાર કરે, ત્યારે જમીન આકાશ બહુ નક્ષત્ર થર હરે. ૪૪૭
જ્યારે એવાં દલ ચાલે ને ધરતિકંપે અપાર, ત્યારે ધખલા ધોરી શીર થંભે ભાર. ૪૪૮
જે એવાં પશ્ચિમ દિશાથી શાહાના દલ આવે જાણ,
તે ભરત ખંડને જાંબુદ્વીપ મોહા કુંવારકા ઉત્તમ ઠામ. ૪૪૯
આજ ઇમામપરી નગરી મહા કુંવારકા ક્ષેત્ર જાણુ,
તે ગોર બ્રહ્માને થાનકે નારાએણ નકલંકી આવી કરે મેલાણુ. ૪૫૦
ઇમામનો રોજો સુવર્ણ થાએ તેના પરછા જાણુ, તમે સુણો સુનીવરો સઇ નિરવાણુ. ૪૫૧
જ્યારે શાહા જાંબુદ્વીપે કુંવારકા ક્ષેત્રમાં પ્રગટ હેસે પાએ,
ત્યારે ગોર ઇમામશાહાનો રોજો સાવ સોનાનો થાએ. ૪૫૨
ત્યારે ઢાળી તખત નગીના ગુમતીએ શાહા બેઠા જાએ,
ત્યારે ગોર ઇમામશાહા પાસ શાહા વાતો કરાએ. ૪૫૩
જે ગોર ઇમામશાહા સાહેબ પાસે બેઠા જાએ, ત્યાં સાચા મોમનને બક્ષિસો થાએ. ૪૫૪
જે એ દર ઇમામશાહાના મેલ આગલ નગીના ગોમટી કેહવાએ,
ત્યાં આખર દહાડે પાપ ધરમના ત્રાસ બંધાએ. ૪૫૫
શાહા જાંબુદ્વીપે ઇમામપોર નગરીમાંહા બજાવે તુર,
બાકી દુનીયાના ગોરસ રૂપે થાસે શુર. ૪૫૬
જે સર્વે દેવલોક આવી લાગ્યા સતગોરને પાએ,
ત્યારે દેવ દાણવના સૈન્ય વચ્ચે નદી સરસ્વતી કેહેવાએ. ૪૫૭
જ્યારે ગોર નરના દલ સરવે એકઠા થાએ,ત્યારે દૈત્ય કાલીંગાના દલ પોતા છે આએ.૪૫૮
જેચીણુ માહાચીણુ નગરી છે પુરવ દેસ, ત્યાં દૈત્ય કાલીંગો રહે છે મનખા વેસ. ૪૫૯
જે દૈત્ય કાલીંગો મહા બળવંત, તેહેના સૈન્ય તણો નહિ આવે અંત, ૪૬૦

તેહેના સેહેન જોદ્ધા અનંત અપાર, અને માહાસુરા બલવંત સાર. ૪૬૧
જેચીણુ મહાચીણુ થકી કાલીંગો ચડીઓ જાણુ, તેણે જાંબુદીપે આવી કીધો મેલાણુ. ૪૬૨
જે ચોવીસે ચેલા છે દૈત્ય કાલીંગાતણા, તે ચરપટ કરશે અતિઘણા. ૪૬૩
જે દૈત્યના સૈન્ય ચાલતાં ધરતી વાજે ધમધમકાર,તે દલનો નહિ કાએ અનંતને પાર.૪૬૪
જે આવા દલ ચરપટ કરતા અપાર, તે આસણપુરી અંત્રીક્ષ બેસે તેણીવાર. ૪૬૫
તે દૈત્ય અંત્રીક્ષ આસન બેસીને ચાલ્યો આકાશ, એવી કારમી વસતો કરે પ્રકાસ. ૪૬૬
જે દૈત્ય અન્નના પરભા ચલાવે જાણુ, તે દૈત્ય પાણી મંત્રીને ઘરથ કરે નિરવાણુ.૪૬૭
તે દૈત્યે વેલુ મંત્રીને ખાડ જહોએ, તે કારમાં માઈ બાપ દેખાડે સોએ. ૪૬૮
જે દૈત્ય કાષ્ટના ઘોડાને ખવરાવે ખાંણુ, તે નદીઓનાં નીર ઉલટાં ચલાવે નિરવાણુ. ૪૬૯
એવા ચરપટ કરતા દૈત્ય આવે એ ઠાએ, તેહેને બેઈમાની દુનીઆ મલસે જાએ. ૪૭૦
જે આવા દૈત્યને ન લાગી વાર, તે ચાલી આવ્યા લાલપોર સીતપોર મોજાર. ૪૭૧
જે દૈત્ય પાવડીઆ આરો ઉતરી આએ, તેહેના અણુગણુત સૈન્ય કહાં નવ જાએ. ૪૭૨
તે દલમાં સર્વે જોદ્ધા મહા બળવંતા કેહવાએ,ત્યારે દલ આવતાં વાટે ખટ મહીના થાએ. ૪૭૩
જે પાવડીએ આરે ઉતરો છે દૈત્ય કાલીંગો રાએ, દૈત્ય નગારે વાળે ઘાએ. ૪૭૪

જે દૈત્યે પાવડીએ આરો મુકી આણી મોરા થાએ,
તે દલમાંહા ધજા નીસાનનો પાર નુ લાવે એ. ૪૭૫

એવા દૈત્ય ચરપટ કરસે અપાર, ત્યારે ભુલસે સઘળો સંસાર. ૪૭૬
એક નહિ ભુલે સાચા રખેસર જાણુ, જેને સતગોર બ્રહ્મા ભેટયા પ્રમાણુ. ૪૭૭

તે દૈત્યના દલમાંહા કોઇ અન્ન નો ખાએ,
અને સાહેબના સૈન્ય માંહા સોનાએ એક રોટી થાએ. ૪૭૮

તે બેઉ સૈન્ય જયારે એકી દષ્ટ કરે, અને તે વચ્ચે નારદ મુખી આવી સંચરે. ૪૭૯
તે બેઉ દલ વચ્ચે નારદ ચાલ્યા કરસે સહી, ત્યાં દેવ દૈત્યને ઝુઝવો સહી. ૪૮૦
જયારે એવાં ચરપટ દૈત્ય કાલીંગો કરસે અપાર, ત્યારે શ્રી નારણુ દેવતા ચડસે અસ્વાર. ૪૮૧
હવે યુદ્ધ કરવાના પરસા જાણુ, તેહેના મુનીવર સુણો નિરવાણુ. ૪૮૨

ત્યાં આવ્યા હડમાન ધજાધારી બોઉં કંઝસ જો કરે,
તેહેની હાક સુણીને દૈત્ય સઘળા થરહરે. ૪૮૩
ત્યારે આવી ચોસટ લાખ જોગણી શાહોજીને પૂછે વિચાર,
સ્વામી તમે કહો તો દૈત્યના દલ સોસી લઉં નિરધાર. ૪૮૪

ત્યાં આવ્યા પવન પૂછે અમને રજા દેવ ત્રીભોવન રાએ,તોએ દૈત્યના દલ સર્વે મેલું ઉડાએ.૪૮૫
ત્યારે આવ્યા ભીમસેન સ્વામી ઉં વિનતી કરૂં,હવે તમે રજા દોતો અમે રણુસંગ્રામે લરૂં.૪૮૬

સ્વામી તમે કહો તો સ્વંગ મંડલ ફેરવીને ઉફરા ફું કરૂં,
કહો તો દૈત્ય દઝાલને જીવતો તમ આગલ ધરૂં. ૪૮૭

ત્યારે શાહોજી બોલ્યા ભીમ સુણો સતભાએ, તમે પાંચે પુત્ર પાંડવ માહા બલીઆ રાએ.૪૮૮

જ્યારે આવી વાત શાહોજીએ બીમસું કહી,ત્યારે સુરજા રાણીને કમલાકુંવર આવ્યા સહી.૪૮૯
જાહાંગોરનર બેઠાછે એક જો ઠાએ,ત્યાં સુરજારાણી કમલાકુંવર પ્રદક્ષણા ફરીને લાગ્યા પાએ.૪૯૦
ત્યારે માતાને કુંવર ગોરનરસું વિનતી કરે આપ,સ્વામી અમારા પૂર્વેજન્મના બક્ષો પાપ.૪૯૧

સાહેબ પૂર્વ જન્મના પાપ આજ અમારા ગયા,
જારે અમને દરસન ગતમાં ગોરનરનાં થયા. ૪૯૨
સ્વામી અમે મધમ જીવ તે તમસુ ઉત્તમ થઇએ આજ,
હવે અમારાં દુઃખ દલદર તમે કરો તાજ. ૪૯૩

ત્યારે હેત ધરીને શાહોજી બોલ્યા વિખ્યાત, સુણો બાઇ સુરજારાણી કહું એક વાત. ૪૯૪

આજ કલીમાં દૈત્ય કાલીંગો મહા દુષ્ટ કેહેવાએ,
બાઇ તેની સઘલી સંઘ પોતી હવે તમે સંઘારો જાએ. ૪૯૫
જ્યારે શાહોજી એસા વચન બોલા સતભાએ,
ત્યારે કરી પ્રણામને માતા પુત્ર દૈત્યના દલમાં જાએ. ૪૯૬
જે શાહાના દલમાંથી માતાને કુંવર રજા માગી નીસરાં,
તે દૈત્ય કાલીંગાના દલમાંહા જઈ સાંચરા. ૪૯૭

જ્યારે દૈત્યે આવતા દીઠા કુંવર ને પોતાની નાર,ત્યારે દૈત્ય કાલીંગોબોલ્યો તેણે ઠાર. ૪૯૮
સુણો કમલાકુંવર એમ કહે કાલીંગો રાએ, તમે ઇંઆ આવ્યા તે કોણ સતભાએ. ૪૯૯
તમને ચીણ નગરીના અમે સોપ્યાં રાજ, તમે તે દેશ છોડી કેમ આવ્યા આજ. ૫૦૦
ત્યારે બોલ્યાં સુરજારાણીને કમલાકુંવર સતભાએ, એ અભંગ સાથે યુદ્ધ કયો નહિ જાએ. ૫૦૧
જે દેવ ત્રણ ભુવનના ધણી કેહવાએ, તે અભંગસું યુદ્ધ કેમ કરસો હો રાએ. ૫૦૨
એ દેવ શ્રી મચ્છારૂપે દૈત્ય શંખાસુર માર્યો છેદ, અને વાળ્યા સતગોર બ્રહ્માના વેદ. ૫૦૩

એ દેવ શ્રી કોરંભરૂપે મેરામણ મથ્યો,
મેરૂ સમુદ્રમાં ધરી ત્યારે દૈત્ય મધુકટબને મારી રત્નચર્તુદસ કાઢ્યાં હરિ. ૫૦૪

એ દેવ શ્રી વરાહ રૂપે ધર્યા કૈલાસ, ત્યારે પૃથ્વી રાખી તહાં દાઢે પ્રકાસ. ૫૦૫
એ તો મોરધ્વજ દૈત્ય સંઘાર્યો દાઢે જો ધરી, ત્રીજે વરાહ રૂપે હુવા નરહરિ. ૫૦૬
એ દેવે શ્રી નરસીંહ રૂપે થયા હો રાએ, અને દૈત્ય હરણાકંસ માર્યો જાએ. ૫૦૭
ત્યાં પાંચ કરોડીસું તાર્યો પ્રહલ્લાદ, તેના દેવે કીધા છે અમર રાજ. ૫૦૮
એ દેવ શ્રી વામન રૂપે બહુ ચલિત્ર કરી, ત્યારે બળી દૈત્ય પાતાળે ચાંપ્યો ધરી.૫૦૯
એ દેવ શ્રી ફરસરામ રૂપે જો થયા, અને શસ્ત્રાઅર્જુનને લોહપિંજરમાં ભરીઆ. ૫૧૦
એણે તો પૃથ્વી સર્વે નક્ષત્રી કીઆ, જ્યારે છઠ્ઠા અવતાર હરીએ લીઆ. ૫૧૧
એ દેવ શ્રીરામ સ્વરૂપે દૈત્ય માર્યો લંકાપતિ જાએ,અને સાતકરોડીસું તાર્યા હરીચંદરાએ.૫૧૨
જ્યાં રાવણદૈત્ય માર્યો પરવાર સમેત, ત્યાં રાજાભિભીક્ષણને સોંપ્યા લંકા રાજસમેત.૫૧૩
એ દેવ શ્રી કૃષ્ણ રૂપે બહુ ચલિત્ર કર્યાં, અને ચૌદ ભુવન તો મુખમાં ધર્યાં. ૫૧૪
ત્યાં માર્યો દૈત્ય કંસાસુર આઠમે અવતારે, એણે સર્વે જાદવકુળનો કીધો સંઘાર. ૫૧૫

એ દેવ શ્રી બુદ્ધ સ્વરૂપે હરિ આપે થયા, તે ભગત પાંડવોને દ્વારે ગયા. ૫૧૬
એતો ભક્ત સખા સહાએ કરે પાલ, તેતો ધરણીધર છો દીનદયાળ. ૫૧૭
ત્યાં દૈત્ય દુરજોધન સંઘાર્યો જાએ, ત્યારે નવ કરોડીસું તાર્યા જુજેસ્ટલ રાએ. ૫૧૮

આજ કલીજુગમાં દેવનો દસમો નકલંકી અભંગ અવતાર,
તે માટે તું ભરથાર ચેત હો કાલીંગા ગમાર. ૫૧૯
એ દેવના દસે અવતારના ગુણ જ્યારે રાણીએ કહ્યા સમજાએ,
ત્યારે દૈત્યના મનમાં ક્રોધ ન માએ. ૫૨૦

હરે રાણી અજા પાણી ખાય અમારૂં ને શું વખાણે હરિ, ત્યારે તું અમોઘર નાર કેવી સ્ત્રી. ૫૨૧
હરે રાણી જેનાં તમે સેવો છો પાએ, આજ તે અભંગને હું મારૂં આએ. ૫૨૨
હાંરે રાણી જેનાં તમે સમરણ કરો છો રાતને દિવસ, આજ તેના હું લાવું કાટી શીસ. ૫૨૩
હાંરે રાણી એનાં સર્વે સૈન્ય મારીને લેવું જો અંત, તો હું દૈત્ય કાલીંગો મહાબળવંત. ૫૨૪

એવાં દૈત્યના વચન સાંભળીને સુરજા રાણી કોપ્યાં તતકાળ,
ત્યારે હાથમાં કુલહડો લીધો સાર. ૫૨૫
જે જનમ મધે સતીએ મુખમાંહેથી ના કહ્યો માર,
તે લઈ દડોને દૈત્યના ગરદનમાં દીધો તેણે ઠાર. ૫૨૬

જ્યારે સતીના મુખ માંહેથી એવી વાત નીસરે, ત્યારે દૈત્યનું મસ્તક ત્રુટી ધરણી ધર પડે. ૫૨૭
ત્યાં સર્વે સૈન્યમાં પડચો પોકાર, જે સુરજારાણીએ માર્યો કાલીંગો પોતાનો ભરથાર. ૫૨૮
દેવ દૈત્યના દલ સામસામાં આવ્યાં તેના પરછા જાણ, હવે સુણો મુનીવરો તેહ નરવાણ. ૫૨૯

ત્યાં મહા યોદ્ધા ઉઠયા મહા ક્રોધજ કરી,
હવે એનું મારો સૈન્ય સઘળું શ્રીએ કહ્યા જ્યાં છે હરિ. ૫૩૦
જે રાણીએ સ્વામી માટે માર્યો પોતાનો ભરથાર,
તે અભંગનું શીસ આપણે કાપી લાવો તત્કાળ. ૫૩૧

ત્યારે હલાહલકાર એવુ સૈન્યમાં થાએ, તે રણક્ષેત્રમાં સામસામ દલ ચડી જાએ. ૫૩૨
બાઇ પ્રભાતે જેમ ઉગે સબળા સુર તેમ, એવું સામસામા વાજે રણતુર. ૫૩૩
એવાં સેન્ય રણસંગ્રામે ચડીને બજાવે તુર, ત્યાં અનંત નિશાન ફરકે જ્યાં પુર. ૫૩૪
ત્યારે બેવું સૈન્યમાંથી જોદ્ધા ઉઠયા છે વઢવા ચાર, તેમાં કોએ કેને ના આપે હાર. ૫૩૫
ત્યારે દૈત્ય મલકેસર સાથે લડે ભીમસેનરાએ, ત્યાં મારે યોદ્ધા ગદાના ઘાએ. ૫૩૬
ત્યારે દૈત્ય રગતકેસર સાથે લડે નીકુળરાએ, જેનાં બળ તણો કો પાર ન પાએ. ૫૩૭
ત્યારે દૈત્ય રણકેસર સાથે લડે જન ભુત, તેમાં યોદ્ધા બળીઆ છે અદભુત. ૫૩૮
જે દૈત્ય ગજકેસર છે મહા બળવંત, તે સાથે લડે ત્યાં વીર હડમંત, ૫૩૯
જે વિર હડમાન પરવત લાવે સંભાળ, તે દૈત્ય ગજકેસરના રથ ઉપર દેસે શાલ. ૫૪૦
જે દૈત્ય આવતો પરવત લે સંભાર, તે કટકા વચ્ચેથી કરસે નિરધાર. ૫૪૧
ત્યારે હડમાન બીજો પરવત લાવે ઉઠાએ, તેથી દૈત્ય ગજકેશર [illegible] ૫૪૨

જ્યાં કોપ ધારીને જતિ હડમાને દૈત્ય સંઘાર્યો જાણ,
ત્યાં દૈત્ય ગજકેસર એવું યુદ્ધ કીધો જો નિરવાણ. ૫૪૩
ત્યાં બીજા જોદ્ધા પડે અનંત અપાર, ત્યારે એવું દલમાં એકેની ના આવે હાર. ૫૪૪
ત્યારે હસી હરખમાં બોલ્યા શાહોજી વિખ્યાત,અને ખડગ ત્રધારૂ શાહે લીધું છે હાથ. ૫૪૫
તે ખડગ મન વેગે મેલ્યું જદુપતિ રાએ, તેથી સર્વે દૈત્યનું સૈન્ય સંઘાર્યું જાએ. ૫૪૭
ત્યારે માહામદ હનીફ જે ગોર બ્રહ્માનો પૂત,તેણે બહુ દૈત્યના દળ કાર્યા અબદ્દૂત.૫૪૮
જેનદી સરસ્વતી દૈત્યને રગતે પુરી વહે,જે રગતસું છોકરાનાં કાન ભીના તે સબ કોઇ કહે ૫૪૯
જે જુગ ચાર સુધી નદી સરસ્વતી ઠાલી રહી, તે દૈત્યના રગતસું પુરજ વહી. ૫૫૦
ત્યાં દેવ ઉગર્યા તે સર્વે શાહાને હેત, ત્યારે દૈત્ય કાલીંગાના દળ પડયાં રણખેત. ૫૫૧
જ્યારે શાહાના દલ સર્વે એકઠા થાએ,ત્યારે દૈત્યનાં મસ્તક સર્વે ખરીઆ મોહો જાએ. ૫૫૨
જે દલદલ ઘોડાને ડાબલે દૈત્ય કાલીંગાનું શિર અથડાય,તે લઈ નાખે ચીણનગરીમાંએ.૫૫૩
ત્યારે શાહાનો દલદલ ઘોડો ચીણ નગરીમાં જાએ,તે કોટના કાંગરા નાખે રોળા તેણે ઠાએ ૫૫૪
જે ચીણ નગરી દૈત્ય કાલીંગાનું થાનક કહેવાએ, તે સર્વે લઈ સમુદ્રમાં ડુબાવા સાએ.૫૫૫
જ્યારે તે દૈત્ય સંધારીને શાહા તે નરવંસ કરે, ત્યારે ભક્ત કમલાકુંવર સહી ઓધરે. ૫૫૬
તે ભક્ત કમલા કુંવરને શિર બારકોડીના ભરણ જો ભરે,
ત્યારે અજરાઈલ ફીરસ્તાને શાહોજી હુકમ કરે. ૫૫૭
જે નવખંડ ચોરાસી લાખ છે જીવાજોન જાત, તે સર્વે કબજ રાખો તમારે હાથ. ૫૫૮
તે જીવ સર્વે અજરાઈલ ફિરસ્તો કબજ કરે, ત્યારે તે શાહા પાછા આવી સંચરે. ૫૫૯
હવે શાહોજી તમે ફરમાન દીઓ તે અમે સત કરૂં,
અને સરવે જીવ કબજ કરીને એકઠા તમ આગળ ધરૂં. ૫૬૦
ત્યારે હરિ હરખમાં શાહોજી બોલ્યા સતભાએ,
પણ જે જીવ જહાંનો તે તહાં જીવતો કરજો જાએ. ૫૬૧
ત્યારે શાહાની ફરમાન તે ફિરસ્તો અજરાઈલ કરે,
તે નવખંડમાં જે જીવ જેનો તે ત્યાં લઇને ધરે. ૫૬૨
જ્યારે સુરવાઇલ ફરસ્તો સુરદેસે જાએ, ત્યારે જે જહાં પ્રાણી તે તહાં ઉડીને બેઠા થાએ. ૫૬૩
ભાઈ મુનીવરો મહાદન વેળામાં શાહોજી કરે અદલાઇ આણ,
શાહા સર્વેને મુઆ પછી જીવતા કરશે જાણ. ૫૬૪
ત્યારપછી સૃષ્ટિ સંજોગ સર્વે રચના થાએ, ત્યાં રખેસરને રાજ કરાવે સાએ. ૫૬૫
જ્યારે શાહા તખત બેઠાને ગોર બ્રહ્મા નબી મહમ્મદ વજીર,
ત્યારે રખેસરને રાજ કરાવે ગોર ઈમામશાહા પીર. ૫૬૬
ત્યાં ગોર બ્રહ્મા વજીર થાસે તે રખેસરને કાજ, અને ત્રણ ત્રિભુવનકા ધણી કરસે રાજ. ૫૬૭
લોડી અમરાપુરીના પરછા જાણ, હવે સુણો મુનીવર તેનાં વખાણ. ૫૬૮
જે આઠ અનંત કરોડી દેવ કારણે મહાનિપન્યા આએ, તે રખેસરને રાજ કરાવે સાએ. ૫૬૯

કહે ઇંદ્ર ઇમામશાહા સુણો રખેસર રાએ,
હવે લોડી અમરાપુરીના મોહલ વખાણુ કર્યાં નવ જાએ. ૫૭૦
ત્યાં ક્ષણું એકમાં એવી રચના શાહોજી કરે, તે સતગોર બ્રહ્મા વચન તમસું ઓચરે. ૫૭૧
ત્યાં કંકુના ગારાને રૂપાની ઇંટ શાહે તેની અનુપમ ઉઠાવી ભીંત. ૫૭૨
એવા મુનીવરના મોલ દીસે ઉંચા અવાસ અપાર,
તે મોહોલો સુવરણુના તે પણુ આ જગ સંસાર. ૫૭૩
તે મોહલને કમાડ બારણાં બારસાખ કહ્યાં નવ જાએ,
તેને બહુ રત્ન પદારથ જડતર કેહવાએ. ૫૭૪
તે મોલમાં મોતી મલાણુા નીખ્યાત જણુકે તતખેણુ,
તહાં સેન રંગી રંગી પલંગ બીછાઆ ઘણુા. ૫૭૫
જે કંકુની રતી સર્વે મુનીવરને દો વાલ, ત્યાં મોમન ખેલે નાના બાળ. ૫૭૬
ત્યાં સર્વે મોમનને વસ્ત્ર મન ગમતાં જાણુ, તેના અનોપમ રંગતણુા શું કરીએ વખાણુ. ૫૭૭
ત્યાં સર્વે રખેસર મા ટાડી ધામ રસ જાણુ,બાઇ તેનાં રૂપતણું શું કરીએ વખાણુ. ૫૭૮
એવા રખેસરને પેરણુ વાઘા સોનેરી જાત, તેને પેરણે ઇજાર કરમદી ભાત. ૫૭૯
ત્યાં મુનીવરને સુવરણુમાં જડીત પેહરણુ સોહાય, તેની કેડનો પટ કહ્યો નવ જાય.૫૮૦
ત્યાં મુનીવર સુવરણુના શીરબંધ બાંધે સત શીર, તેને પામરી ઓઢણુ સુનેરી હીર.૫૮૧
સર્વે મુનીવર પેહેરે શીરબંધ તે પટકા બંધ, અને તે શોભે જેવા પુનમકા ચંદ.૫૮૨
ત્યાં મુનીવર એસા પેહરે સર્વે શણુગાર,તે અકેકા મુનીવરને ઘેર સતીઓ પચાસ નાર.૫૮૩
ત્યાં બહુ રૂપવંતી દીસે સર્વે સતીઓ નાર,તેને પેરવા આભરણુ તે સોળે શણુગાર. ૫૮૪
ત્યાં સતીઓને પેરવા કાંચળી સીંદુરીઆ જાત, તેને પેરણુ પટોળાં નવ રંગી ભાત. ૫૮૫
ત્યાં સતીઓને હાથમાં ચુડીઓ પંચ સાર, તેમાં રત્ન પદારથ જડીઆં અપાર. ૫૮૬
સતીઓની કોટમાં હીરા રત્ન જડતર એકાવલી હાર,ત્યાં એવા સતીઓ કરે શણુગાર.૫૮૭
ત્યાં સતીઓને ગલામાં હાંસડી અમાલ, તેને મોતી જડતર કાને પેરવા જાલ. ૫૮૮
તેને હૈયામાં ચળકતો હાર પાંચે હીરા લાલ, રત્નજડીત્ર ટીલડી જળકે લેલાટ. ૫૮૯
ત્યાં સતીઓને ઓઢણુ અનોપમ દખણીના ચીર,તેમાં ગુલબુટી દીસે સોનેરી હીર. ૫૯૦
ત્યાં સતીઓને પગમાં કાંમી કડલાં વીંછીઆ સાર,તેને અણુવટ ઝાંઝરનો ઝમકાર. ૫૯૧
ત્યાં સતીઓને હાથમાં આરસી બહુ તેજવંતી દીસે,
તેને કેસર કસ્તુરીએ સેંથા ભર્યાં છે શીસ. ૫૯૨
ત્યાં સતીઓ એવા કરે શોળ સણુગાર, તે મુનીવરને ઘેર સર્વે શીલવંતી નાર. ૫૯૩
જે મુનીવરના મનમાં ભોજન ઇચ્છા હોએ, રાણી ત્યાં તેવાં ફળ ખાવે સોએ. ૫૯૪
ત્યાં ગરમ ટાઢાં કોઇ મુનીવર ખાએ, જેને જે ભાવે તે મનવાચ્છા ફળ પાએ. ૫૯૫
તેની દેહીમાં કસ્તુરીની વાસના હોએ, ત્યાં પસીને અમી ઝરાવે સોએ. ૫૯૬
જે રેણી દિવસનો એવો પટાંતરો કેહવાએ, તે કાયામાં ખસબોઇ પરસેવો છુટાએ. ૫૯૭

ત્યાં મુનીવર એવાં સુખ ભોગવસે જાણુ, ભાઇ તેના અગમ સતગોરે કંહ્યા નરવાણુ.૫૯૮
ત્યાં મુનીવર તખત બેઠા સોનેરી સાખ, તેની પાસે કોતલ ચારે બુરાપ. ૫૯૯
હાંરે રાણી ત્યાં એવાં સુખ મુનીવર ભોગવે સહી, અને તે લીલા લાડ કરસે તહીં.૬૦૦
જેણે ઇઆ પાંચ ભુતવારી દલ રાખ્યાં ઠામ,અને સતપંથ સેવે સતગોર નરસામ. ૬૦૧
એવા રખેસરને રાજ આલે શાહા બોલ્યા પંડ, ત્યારે સવાલાખ વરસની લીલા કરે નવખંડ.૬૦૨
તે નવખંડમાં રાજ રખેસરના હોએ, તે શાહા તખત બેઠા વસમકુંમારી પરણે સોએ. ૬૦૩
ત્યાં એવા રાજ રખેસર કરશે જે, આજ દસોંદ સુકરીત સતગોર મુખે હાલ ગુજારે તેહ. ૬૦૪
જે નીતનીત અમી પીએ ને આચાર પાળે એકસો ચાલીસ કીયા તણુ,
તે મુનીવર તહાં સુખ ભોગવે ઘણું. ૬૦૫
જો મોમન હોય ને આ ગોરમુખે દસોંદ સુકરીત આલે નહી,
અને ધરમશાળાએ જાતાં આળસ કરે સહી. ૬૦૬
તે તાહાં પેલા દલમાં પાલો થઈને રળવળતો ફરે, ત્યાં એવી વાણી સતગોર ઓચરે. ૬૦૭
જે અહાં દસોંદ સુકરીત દેતા આળસ કરે અપાર,
તે તહાં કાઠી ઘાસના ભારા માથે લઈ મરસે ભાર. ૬૦૮
જે ઇઆ પુરી દસોંદ સુકરીત આ ગોર સુખે દેસે આજ,
તે તહાં અવિચળ અમરાપરીમાં કરસે રાજ. ૬૦૯
જે મુનીવર ઇઆ પુરા સતપંથ કમાવે આજ,
તે એકોતેરસો પરીઆ સાથે ત્યાં અમરાપુરીમાં કરે છે રાજ. ૬૧૦
જે છ દરસણ પુજાના પરછા જાણ, હવે સુણો મુનિવર તેના સહી નીરવાણ. ૬૧૧
જે ગાફલ દુનીઆ આ સતપંથ ધરમની નીંદા કરે,તે મહાદન વેળામાં માથું કુટી ત્યાં મરે.૬૧૨
જ્યારે તે રખેસરનું રાજ દુનીઆ દેખે તતખણા, ત્યારે તે લોક છાતી કુટી ત્યાં મરશે ઘણા.૬૧૩
જે કોઇ ઇઆ પત્થર મુર્તી બહુ પુજા કરે, તે બોહોત પુજા પાખંડે દેવળ દેરામાં ધરે. ૬૧૪
જેણે ઇઆ છ દરસનની ભક્તિ કીધી આએ, તેણે દેતાં પુલ તે પાએ. ૬૧૫
સુણો ભાઇ મુનીવરો ઇઆ જેવાં બીજ વાવીએ જાણ,તો આગળ તેવાં ફળ પામીએ નરવાણ.૬૧૬
જે ઇઆ સુતે પાત્રીને પત્થર મુરતીની પુજા કરે,તે ત્યાં સવાપોર લગી છાતી ઉપર લઇને ફરે.૬૧૭
જે કોઇ આજ ઇઆ તીરથે પાણીની યાત્રા કરે,
તેણે દીન સવાપોર લગી તહાં નાતનીત પાણીમાં ડુબી મરે. ૬૧૮
જે કોઈ આજ બ્રાહ્મણ સેવડા જોગી સંન્યાસીની પુજા કરે,
તહાં તણે દીન સવાપોર લગી ખાંધે લઇને રવડતા ફરે. ૬૧૯
જે કોઇ આજ ઇઆ છ દરસનમાં ગૌ પીપળો પુજે અજાણ,
ત્યાં તેણે દીન સવા પોર લગી છાતી ઉપર લઇને ફરે નિરવાણ. ૬૨૦
જે કોઈ આજ ઇઆ વ્રત વરતુલાને અપવાસ કરે,
તહાં તેણે દન દોહી રૂડી પામે પણ તે કાઠી ઘાસ વેચીને ભુખે મરે. ૬૨૧

જે કોઈ આજ દુનીઆ લોકને આ ગોર જપતપની પુજા કરાએ,
તે ત્યાં એણીપેરે પુન ફળસે કાંઈ તેનું વિઘન નહિ થાએ. ૬૨૨
જે કોઇ આજ કલીમાં દાન પુન બ્રાહ્મણ જોગી જંગમને દેહે,
અને સેવડા સંન્યાસીની સોપ્રી માગી લેહે. ૬૨૩
એ છ દરસનના ગોરને ધરમ આલીને જમાડે જઇ,
તેને આ ગોર ઈઆનું ઇઆ સો ગણું પાછું આલે સહી. ૬૨૪
તે દુનીઆ લોક ઇઆની કમાઈ સર્વે ઈઆ ખાઇ રહ્યા,
તે લોક મુનીવરની વર વેળાએ સહી પાછા ઠાલા ગયા. ૬૨૫
જે કોઇ આજ કલજુગમાં વિતી વાત જાણીને હૃદયમાં ધરે,
અને પાણી પત્થર પાંખંડની પુજા જે કરે. ૬૨૬
જે આ સતગોર વિના ભુલી દુનીયા લોક,
ત્યાં રળવળી મરે અને તે સરવે ફળની વેળા છાતીઓ ઉપર લઈને ફરે. ૬૨૭
જે કોઇ આજ જેવી મુનીવર પુજા કરે ભાઇ, તેને ત્યાં તેવો પરતાવો ધરે. ૬૨૮
ત્યાં વર વેળાએ શાહા અદલ કરસે જાણ,
જેણે જેવી ઇઆ પુજા કરી તેને તહાં તેવા ફળ આ ગોર આલે નરવાણ. ૬૨૯
જે કોઇ ઇઆ આવા ધરમ સતપંથ ધાએ,અને દસોંદ સુકરીત સતગોર મુખે દીધી જાએ.૬૩૦
જેણે ઈઆ દસમો અવતાર ઓળખ્યો સતભાએ આજ,
એક ઈમાને પુજા સતગોર નર જનની પાએ. ૬૩૧
તે આજ કલી માંહા ધર્મ આ સતપંથ પાળે દુનીયા લોક,
જાણી કોએ અને તે તહાં પ્રાણી નીસ્ટે અમર હોએ. ૬૩૨
તે તહાં સવા લાખ વરસ લગી નવખંડમાં રખેસર લીલા કરે,
પછી વળી શાહોજી સૃષ્ટિ બાંધી સંઘારી કરે. ૬૩૩
જ્યારે સૃષ્ટિ સંઘારી શાહા જમીન પાટ ફેરાએ,
ત્યારે નવ ધરણી ગાજી મેઘ મુસળ ધારા વરસાએ. ૬૩૪
ત્યારે સુરવાઈલ ફરસ્તો સુર દેસે જાએ, તહાં સરવે પ્રાણી ઉઠીને ઉભાં થાએ. ૬૩૫
જે મહાદનની હકીકતના પરછા જાણ, હવે તેનાં સુણો મુનીવર નરવાણ. ૬૩૬
ભાઈ મુનીવરને વૈકુંઠ દુનીઆ દોજકમાં જાએ,ત્યાં આરખી રૂપે બેઠા નુર નકલંકી રાએ.૬૩૭
ત્યાં અસમાન નવનેજાં ઉપર આવસે પુર, ભાઇ મુનીવરો એટલો ઉંચો રહેસે દુર. ૬૩૮
ત્યારે ધરતી ત્રાંબા વરણી થાસે સહી જાણ,ત્યાં સહસ્ત્ર કલા લઇને તપસે રવી ભાણ.૬૩૯
જ્યારે અગ્નિઝાળ પડસે ધરતી ઉપર આએ, ત્યાં સર્વે ત્રાંબાવરણી જમીન થાએ. ૬૪૦
તે વેળાએ સતગોર શાહોજી એમજ કરે,તહાં મેઘાડંબર છત્ર સાચાં મોમન શરધરે. ૬૪૧
ત્યાં આરખીરૂપે શાહાનું સહિ કરી જાણ, ત્યારે કહેની અરજ નહિ માને ફરમાન.૬૪૨
ત્યાં એઠ સહસ્રમણની હેઠળ એરણ સહી જાણ,એકસહસ્રમણનો ઉપર ઘણ પ્રમાણ.૬૪૩

આજ કલીમાં જે કોઇ મોમન થઈને કરીઆ બારમું ખાએ,
તે નહિ હાલ ગુજારે નહિ ગોરગતમાં જાએ. ૬૪૪
જે ઈંઆ ધાન સરવે અમથાં રહે, ત્યાં ધાન ખાવો તે ઉપર દેહે. ૬૪૫
ત્યાં તલતલના લેખાં શાહા પુછે વાત, પણ જેનો કાગળ હસે તેને દેસે હાથ. ૬૪૬
જે આ દેહીના અઉઠ કરોડી રૂમ રાએ તેનાં કર્તવ જાએ,
તે તહાં ગોર નર આગળ તેની ગવાઈ પુરે સાએ. ૬૪૭
એ સરવે અઉઠકરોડ રૂમરાએ લોઢાના થાએ,
ત્યાં જીવ જુઠા બોલે તો પાછા ફરીને તેને ધાએ. ૬૪૮
ત્યાં જીવને ઉપર સુરજની અગન તળે ધરતીની જાળ,
તેને વેસે નેત્રે લોઇ અગ્નની ધાર. ૬૪૯
જ્યારે ઉંધે મસ્તક જીવને અગન ધિકાએ, ત્યારે માથેના ભેજા કાને નિસરી જાએ. ૬૫૦
ત્યાં રોવે ગુનેગાર બહુ કરસે શોરબકોર,
જેણે ઇંઆ ગુના ગતમાં ચુકાવ્યા નહિ તે થાશે ચોર. ૬૫૧
તે શાહા આરણીરૂપે નજર કરડી દેખાએ,તહાં ગોર બ્રહ્માની અરજ નહિં માને શાહાએ. ૬૫૨
ત્યાં નહિ વરખ નહિ વાશે વાએ, ત્યારે નહિ અન્ન પાણી તેણે જો ઠાએ. ૬૫૩
ત્યાં માતા પીતા નહિ બેની ને વીર, તે આપે આપણા કરતવ ભોગવે શરીર. ૬૫૪
ત્યાં રૂવે ગુનેગાર બહુ બુમજ કરે, તેના મુખમાંથી અગ્નિઝાળ નીસરે. ૬૫૫
ત્યાં સ્ત્રી નહિ પુત્ર એકલા આપોઆપ, ત્યારે આપે આપણા કરતવ ભોગવસે પાપ. ૬૫૬
ત્યાં અગ્નિ લોહા આકાસથી વરસે જાણ, ત્યારે તેનાં દાઝે કાયા ને પ્રાણ. ૬૫૭
ત્યાં દેહી જળી બળીને ખાકજ થઈ જાએ, ત્યારે દેહી બેઠી કરે પાવલ છાંટીને શાહે. ૬૫૮
જ્યારે એવા સોવાર એકદેહી ભાંગે ગળે નરવાણ,
ત્યારે શાહાની નજર આગળ તેનો એક ગુનો ઉતરે જાણ. ૬૫૯
એણી પેરે શાહોજી માહાદનમાં ગુના ઉતારે જીવાજન,
તહાં પચાસ હઝાર વરસનો થાશે એક દિન. ૬૬૦
રાણી તહાં એવો સોર પડે તો કાંઈ કહ્યો નવ જાય,
ત્યારે એમ દુઃખ ભોગવે જેમ વાઘે ઝાલી ગાય. ૬૬૧
ત્યાં એકેકા જીવના એવા હિસાબ મહાદનમાં થાએ,
ત્યારે સાચા મોમન તે મનવેગે પ્રસલાં ઉતરી જાએ. ૬૬૨
જ્યાં ગુનેગાર જીવને માર પડસે સહી, ત્યાં દેવ લોકો એકઠા મળસે જઇ. ૬૬૩
જે ઇંઆ સતપંથ સેવી નીતનીત પાવળ પીએસોએ, ભાઇ તેને તહાં માર ન દેવે કોએ. ૬૬૪
જે ઇંઆ પાવળ પીએ ને ગફલતે રહે, તેને ઘણુનો માર તે ફિરસ્તો જીબ્રાઇલ દેહે. ૬૬૫
જે નુરશાહ પરછા વલીજીના જાણ, હવે સુણો મુનીવર તેહના નરવાણ. ૬૬૬

ત્યારે શાહાને જમણે પાસેથી તપસીનુર સાવલીજી ઉઠયા જોએ,
તહાં ગોર મુરીદ પોતાના છોડાવા સોએ. ૬૬૭
ત્યાં ગોર મુરીદ પોતાના છોડાવા પોતાના ખાસ,
તેને બાહેર ઝાલીને લઈ ગયા શાહોજીને પાસ. ૬૬૮
હવે મેહી સાહેબ એ જીવના ગુના બક્ષો જોએ, એવી એણે આશા કરી છે આપણી આએ. ૬૬૯
શાહોજી એમણે મોટી આશા કીધી છે અમર તણી,
તે અંધ થઓ પણ આવીને દાણુવ લાગા આપણી. ૬૭૦
હવે તમે મેર કરો શશીઅરચંદ બાવા તે, આવી પોતા આજ જુગ છેલી સંગ. ૬૭૧
એ નુરશાહવલીજી ઇસ ઉપર મેર કીજે કીસ ભાત,
તમે સુણોને ગોરજી કહું ઇસ મોમનકી બાત. ૬૭૨
એ જીવે ગતગંગામાં આવીને સાંભળ્યા નહિ વેદ સફાત, એણે જકરબંદગી નહિ કીધી રાત.
નુરશાહાવલીજી એ જીવતો ચાર જુગમાં ભગત ફેરતા અપાર,
આજ શરણે તમારી આવ્યા ગમાર. ૬૭૪
હવે નુરશાહવલીજી શરમ તમારી રાખું સતસાર, ગોરજી નહિ કાયા સજીવકુ લહુ દેતા માર. ૬૭૫
બાવા આજ શરમ અમારી રાખવી જોએ, સાહેબ તમે સદા મેરવાન હોએ. ૬૭૬
બાવા જો આપ મારણે પુત્રકું આએ, તો પીછે બેટા કીશીકે શરણે જાએ. ૬૭૭
સુણો સાહેબ પાંચ પુત્ર એક બાપના હોએ, બાવા ઉસમે પાંચે સરખા નહિ કોએ. ૬૭૮
ઉસે બાવા બેટાકું પાળવો સકર કર મોટાની પાએ, બાવા ઉસમે એક દો ગાફલ થાએ. ૬૭૯
હાંરે શાહોજી એ બેટા ભલાબુરા તે આપકા કેહેવાએ, અને શોહી આપકું શરમજ આએ. ૬૮૦
તે શાહે મોમન બાલક આપણા કેહવાએ, બાવા સો કેમ હવે દોજક જાએ. ૬૮૧
એતો નુરશાહવલીજી તમે સાચી વાતજ કહી, પણ ગોરજી એકવાત હમારી સુણજો સહી. ૬૮૨
અમે જગમાં ભેજ્યા તમકું બહુ દીધી બડાઇ, ગોરજી તમે તબ ઉસકું કહું ન કાંએ ત્યાંય. ૬૮૩
સુણો શાહોજી ઉંચે માળે અમે ચડાવા રોવાર, બાવા ઉસ મોમનકું જગોજગ કર્યા પોકાર. ૬૮૪
ભાઇ મુનીવરો આગળ મહાદન આવશે ખાંડારે ધાર, તહાં માથે પડશે તમારે ઘણો માર. ૬૮૫
ભાઇ મુનીવરો એવી માર પડે છે મહાદન વેળા માંએ,
આજ તમે દુનીઆ દેખી મત ભુલો અહાં. ૬૮૬
ભાઇ તહાં આર જબ મેહેર નહિ માને મોજ, અને જબ આવે કીયામત રોજ. ૬૮૭
સુણો શાહોજી તબ એસી મોમનકું કહ્યા પ્રકાસ, બાવા તો પણ ગાફલ રહ્યા નરાસ. ૬૮૮
પણ એ મોમને આશા કરી છે આપણા ગોરનર તણી,
હવે તે કેમ નરાસ જાએ હો ત્રીભુવનના ધણી. ૬૮૯
તબ હાકરજોડી નુરશાહા વલીજી વિનવે ઉમતને કાજ, તમે વિનતી સુણો અમારી મહારાજ. ૬૯૦
એ સરવેકું કુછ મોમનગત આપણી કહેવાએ આજ, હવે રાખો બાવા નુરશાહાકી લાજ. ૬૯૧
સુણો નુરશાહા વલીજી તમે જે બક્ષો તે અમે બક્ષ્યા હોએ,
ગોરજી હમતમ આખર નહિ કુછ દોએ, ૬૯૨

એ ગોરનર આખર એક કેહેવાએ, હવે જે સતગોરજી કરે તે થાએ. ૬૯૩

જ્યારે શાહોજીએ નુરશાહા વલીજીકું એસા કહ્યા જાણ,
ત્યારે સર્વે મોમને તહાં ગોરનરને કીધા પરમાણ. ૬૯૪

ત્યારે હસી શાહોજી સતગોરસું બોલ્યા સતનામ,હવે એ મોમનકું દીયો અમરાપુર ઠામ. ૬૯૫

ત્યાં આરબી રૂપે શાહોજી થયા મેહેરવાન,
હવે જાવો ગોરજી એ મોમનકું દયો જન્નત મુકામ. ૬૯૬

જેણે ઇઆ દસોંદ સુકરીત કરી પાળ્યાં જાણ, તે મોમનકું મહાદન એળે ગયા નરવાણ.૬૯૭

જે સાચા મુનીવર નીપન્યા તે શાહાના છત્ર તળે રહ્યા.
અને કુડીઆ પાપી તે દોજકમાં ગયા. ૬૯૮

ત્યાં મહાદન વરતા પછે રચના કેહવાએ, શાહા સતગોર બ્રહ્માના હુકમ ફરમાએ. ૬૯૯

મોટી અમરાપરીના પરછા જાણ, હવે સુણો મુનીવર તેના વખાંણ. ૭૦૦

ત્યારે હસી હરખમાં શાહોજી સતગોરને બોલાવે પાસ,
હવે આપણે મોમનકું દીયો મોટી ભીસત અમરાપુરીમાં વાસ. ૭૦૧

જે સાચા મોમનકું સતગોર ચલાએ,
તો પોતાની કમાઇએ વેતરણી નદી ઉતરી પરસલા ઉપર થઇને જાએ. ૭૦૨

તે પુરસલાનીત ઘાટી માથે કંપે ગુનેગાર, ત્યાં ચાલવું જેમ ખાંડાની ધાર. ૭૦૩

પણ તહાં સાચા મોમન તે આગળથી ઉતરે પાર, તે જઈ પોતા ભીસતની વાડી મોઝાર.૭૦૪

જે મોમન ભીસતની વાડીથી બોલાવે સાર,
ત્યારે જઇ પોતા અમરાપરીના દરવાજા બહાર. ૭૦૫

જે કોઇ મોમન અદરાઇલ ફરસ્તાના કોલ શું પુરા કેહવાએ,
તે ગોરનરને ભીસતમાં લીધા બોલાએ. ૭૦૬

જે મુનીવરને ચુક પડી આ સંસાર માંએ, તેથી પ્રાણી બાહેર ફેરા ખાએ. ૭૦૭

ત્યાં મોમને દેખ્યા ભીસત અનોપમ સાર, તેના સોવરણ કોટને ફરતાં કાંગરા અપાર.૭૦૮

ત્યાં સરવે મોમનને ઘેર કેસર કસ્તુરીના ગારા, તેમાં સોવરણની ઇંટ ચણતર અપાર. ૭૦૯

જે ગોરનરને નામે સોના રૂપાની ઇંટો, શાહે તેની અનોપંમ ઉઠાવી ભીતો. ૭૧૦

તેના બારસાખ કમાડ સોનાનાં ઘડયાં, ત્યાં રત્ન પદારથ નંગજ જડયાં. ૭૧૧

ત્યાં શોવરણના મોલ ઝળકે બહુ તેજ અપાર,ત્યારે સહસ્ત્ર સુરજના તોરણ બાંધ્યાં દરબાર.૭૧૨

ત્યાં એકએકનાં મંદિર સોનાનાં ઘડયાં, તેનાં પાણીઆરાં માણેક મોતીએ જડયાં. ૭૧૩

એક એકને મોલે હિરા રત્ન માણેક જડીત્ર કહેવાએ,તે મંદીરનારૂપ કહ્યાં નવ જાએ.૭૧૪

તે મંદીરને ઉપર સાતખંડ કળસ દીસે અનોત,તે એક કળસની સહસ્રકળા સુરજની જ્યોત.૭૧૫

જે સહસ્રરંગી પલંગ સતગોરે મેલ્યા છે બીછાઇ, ત્યાં રત્નજડીત્ર હીંચોળાખાટ કેહેવાએ ૭૧૬

ત્યાં મુમન પોઢીને એવાં સુખ ભોગવસે સાર, તેને સુરજા રંગની સત્તર નાર. ૭૧૭

ત્યાં ચંદ્રવદની સતીઓ સત્તર સાદ, તેમાં ચાર દેવકન્યા નાર. ૭૧૮

જે ઇઆ મૃત્યુ લોકની સ્ત્રી પોતાના ધણી સાથે ધરમ કમાએ,
તે તહાં અર્ધાંગનાં સર્વે ઉપર પટરાણી થાયે. ૭૧૯

એક એક રખેસરને ઘેર સતીઓ પચાસ નારે,
તેનાં પચાસે કુંવરનું રાણી ખેલે દરબાર. ૭૨૦

રત્નજડીત્ર જીક દીસે ને રૂપ અપાર, તેના હાથમાં સોનાની ગેડી અનુપમ સાર. ૭૨૧
તે મુનીવરોને સરવે દેહી નુરાણી હોએ, ત્યાં નુરાણી વસ્ત્ર પેહરસે સબકોએ. ૭૨૨

એવી રચના ભીસતમાં ગોરનરે રચી છે સહી,
તેને જમણે પાસે સાતે સરોવર અમીએ ભર્યા છે તહિં. ૭૨૩

તે સરોવરને સોનાનાં આરા કસ્તુરીની પાળ, તેનાં માણેક મોતીએ જડયાં પડથાલ. ૭૨૪

તે સરોવર માંહે માણેક મોતીની વેળુ અપાર,
તેના ફરતા આરા બાંધ્યા ને સોનાનાં પગથીઆં સાર. ૭૨૫

તે સરોવરની સામી પાળે કલ્પવૃક્ષ કેહવાએ, જેણે સઘળી અમરાપુરીને ધાએ. ૭૨૬
એવું સતગોર શાહજીએ વરખ નિપાએ, તે બહોત ગઈ અરકાઇ કહ્યા નવ જાએ. ૭૨૭
ત્યાં અનંત પંખી બહુ રંગે પોપટ અમોલ, તેણે વરખે બેઠાં જનાવર કરે છે કલોલ. ૭૨૮
જે સરોવરની જમણી પાસે મહાવરખ કેહેવાએ, તેમાં એડાળ છે તે ગુરૂ નરસે નિપાએ. ૭૨૯
જે પંખેરૂ થઇને જીવના વાસ વાસાએ, તે સાહેબની રચના કહી નહિ જાએ. ૭૩૦

જે અનેક પંખી પોપટને સોનાની ચાંચો રૂપાની થસે,
તે વરખની ડાળે બેઠાં પંખી ઝુલસે. ૭૩૧

તે જેમ જેમ જુવેને તેમ તેમ રોસે જઈ, હાકરણી વિના જીવડા ભુલસે. ૭૩૨
એ સર્વે ભીસતની રચના કહી નવ જાએ, તે સૌને ઘેર રતન પદારથ જડેલા હોએ. ૭૩૩
જે ચંદ્રમાં સુરજ આ જુગમાં સાર, તે મુનીવરને ઘેર જડીઆ અપાર. ૭૩૪
ભાઇ મુનીવરનો વાસ છે અમરાપુર માંએ, તે ઉપર કલ્પવૃક્ષની છાંઆં થાએ. ૭૩૫
તે સવા સવા મણનો આહાર ભોગવે જાએ, અને મન વાંછીત ફલ જો ખાએ. ૭૩૬
ત્યાં આહાર છે પણ નાર નહિ કેહવાએ, ભાઇ મુનીવર તે નુરાણી પરસેવો થઈ જાએ. ૭૩૭

જે કોઇ આજ ઇંઆ પુરા સતપંથ કમાએ,
તેની તહાં અનેક રચના શાહા સતગોર નીપાએ. ૭૩૮

જે એકોતેરસો માઇના, એકોતેરસો બાપના કેહવાએ,
તે સાતકુળ સાસરી સાથે અમરાપુર જાએ. ૭૩૯

એવાં સુખ મુનીવર ભોગવે છે સાર, ત્યાં વારંવાર હોસે ગોર નરતણા દેદાર. ૭૪૦

જ્યારે આદ અંતના દેવ આવ્યા શાહોજીની પાસ,
ત્યારે સતગોર શાહોજી આપે વૈકુંઠમાં વાસ. ૭૪૧

ત્યારે સતગોરે એવાં તપ કીધાં વિસમે ઘાટ,
ત્યારે શાહોજીએ સાચા મુનીવરને ભીસતની આલી વાટ. ૭૪૨

જે મુનીવર અમરાપુરમાં સુખ ભોગવસે જાણ, તે દેવઅમરપદ પામ્યા સતગોરને ફરમાન. ૭૪૩
જે સતગોરના જપતપ થકી જીવ ઓધર્યા જાણ, ભાઈ મુનીવર તે અમર થયા નરવાણ. ૭૪૪
પ્રથમ આઠ લોખ કરણ શાહોજીએ સરજ્યાં જાણ, તહાં સતગોર બ્રહ્માએ તપ કીધાં પ્રમાણ. ૭૪૫

તે સતગોરના તપજપ થકી દેવ નીપન્યા કરોડી અનંત,
જેણે સાહેબસું અવિચળ રાખ્યો ચંત. ૭૪૬
પ્રથમ જાએલાકલફમાં તપસીગોરબ્રહ્મા જાણ,ત્યારે આંખા નવાણું કરોડી નિપના નરવાણ.૭૪૭
બીજા ફ્રાએલા કલફમાં તપસી સેસટગોર જાણ,
તાહાં મેઘા દેવ છપ્પન કરોડી ઓધર્યા પરમાણ. ૭૪૮
ત્રીજા અરજલા કલફમાં તપસી ગોર ઈમામ જાણ,
ત્યાં બત્રીસ કરોડી કેન્નર સીધા નરવાણ. ૭૪૯
ચોથા ખલીફા કલફમાં તપસી ગોર નબીમહમ્મદ જાણ,
ત્યાં ત્રેત્રાસ કરોડી દેવ કીધા પરમાણ. ૭૫૦
જે ગોરના જપ તપ થકી પાંચ કરોડી દેવ છુટા આજ,
તહાં પામ્યા અમરાપરમાં અવિચલ રાજ. ૭૫૧
પેહલા કર્ત્તાજુગમાં તપસી ગોર અમર કીધા કાજ,
ત્યાં સતગોર વચને આ સતપંથ ધાયા પ્રહલાદ. ૭૫૨
જે ગોરનરના જપ તપ થકી પાંચ કરોડી દેવ છુટયા આજ,
ત્યાં પામ્યા અમરાપરમાં અવિચળ રાજ. ૭૫૩
બીજા ત્રેતા જુગમાં તપસી ગોર વસિષ્ટે આ ધરમ દેખાડયાં જાણ,
ત્યાં સતગોરે બહુ તપ કીધાં નરવાણ. ૭૫૪
એ ગોરના જપ તપ થકી સાત કરોડી દેવ નીપન્યા જાણ, તેનો વૈકુંઠ પામ્યા નરવાણ. ૭૫૫
ત્રીજા દ્વાપર જુગમાં તપસી ગોર વેદવ્યાસે આ ધરમ દેખાડ્યા જાણ,
ત્યાં સતગોરે બહુ તપ કીધાં નરવાણ. ૭૫૬
એ ગોરનાં જપ તપ થકી નવ કરોડી દેવ નીપન્યા પાંડવ રાએ,
અને તે અમરાપુરમાં પોતા જાએ. ૭૫૭
ચોથા આજ કલજુગમાં તપસી ગોર સુદરદીને આ ધર્મ દેખાડયો જાણ,
તે સતગોર તપસીએ કાગળની હોડી કીધી નરવાણ. ૭૫૮
ત્યાં પીર સુદરદીને કહ્યું એક મોટાઇ દીલમાં આણ, તે થકી વ્રજની ભીંત ઉઠી નરવાણ.૭૫૯
જ્યારે પીર સુદરદીને છ માસ લગી એક પગે ઉભા રહ્યા,
ત્યારે ગળામાં તોક પેહરીને આદીન જો થયા. ૭૬૦
જ્યારે એણી રીતે તપસી ગોરે તપ કીધાં અપાર, ત્યારે નર અસલામશાહે દીધા દેદાર.૭૬૧
તે ગોરના જપ તપ થકી બાર કરોડી દેવ કલજુગમાં સંગે નીપન્યા જાણ,
તેને કમલાકુંવરને શિર બાંધા નરવાણ. ૭૬૨
જે આઠ લાખ કરણમાં અનંત કરોડી દેવ નીપના છે જાણ,
તે કલતાર વેળામાં પેલાં વર પામસે નરવાણ. ૭૬૩
જે કરણ કલફમાં તપસી ગોર બ્રહ્માએ તપ કીધાં જાણ,
ત્યારે એટલા દેવનાં લખ્યા નિશાણ. ૭૬૪

આજ અથરવેદમાં ભાંખ્યા તે કલજગ છેલી સંગ,
એ નબી મહમ્મદને સતે કરી માનો અમવેદ કુરાને બાંધ્યા બંધ. ૭૬૫
જે તપસી ગોર બ્રહ્મા જે નબી મહમ્મદ આએ,
ભાઇ આ નત સરવે તેની કેહેવાએ. ૭૬૬
જે આદ અંત જોગ તપ ગોર બ્રહ્માનો આએ,
તે જોગેસર છાનો જોગ સતશું કમાએ. ૭૬૭
જે નવે અવતારે નારાયણ દેવ આવ્યા ભગતને કાજ,
તે આજ કલી દસમે સાચા મુનીવરને આલવા રાજ. ૭૬૮
જે શ્રી નારાયણ દેવ તે વિષ્નુ અવતાર,તે દેવ ધરી અવતાર ને દૈત્ય સંઘાર્યા તેણે ઠાર.૭૬૯
પેલા નવ અવતારે નવ દૈત્ય હણ્યા ને દસમે કાલીંગો જાણ,
એવા પીર શમસ કહે અગમ પાછળ એંધાણ. ૭૭૦
એ દેવના અગમ પાછળ ચરિત્ર સાંભળો અપાર,
અને સુખ દુઃખ તે દુનીઆનો વેહવાર. ૭૭૧
જો આજ દેવના વેદ વચન સહી કરો પરમાણ,ભાઈ તમે તો પામો અમરાપુર ઠામ. ૭૭૨
એ દેવના વેદવચન મુનીવર ભાઇ પરમાણ, એમ કહે પીર હસનશાહા ગોર ઇમામ. ૭૭૩
પણ જે કોઇ આ ગોરના વેદવચન ઉથાપે જાણ, તેનો મેળો પીસતાલીસમે ઠામ. ૭૭૪
આજ કલજુગમાં અથરવેદ સહી પરમાણ, અને જે અથરવેદ બોલે તે કરવું કામ. ૭૭૫
આ ગોરના વેદ વચન થકી આગળ દેવ નિપના જાણ,
તે સાંભળો સુરજા રાણી એમ કહે ઇંદ્ર ઇમામ. ૭૭૬
જે આજ અથરવેદમાં ચવનરૂપી બ્રહ્મા નારાયણ,
તે ભરતખંડને જાંબુદીપે પ્રગટ બેઠા જાણ. ૭૭૭
જે શાહાનો દસમો અવતાર અગમ ભાખ્યા જાણ,
તે સતગોર બ્રહ્માએ આદ અંતના મેળા કીધા પરમાણ. ૭૭૮
જે કોઈ દસમા અવતારની દસતરી સહી પરમાણે લેવ,અને તે મુનીવર હોસે દેવ. ૭૭૯
સુણો સુરજા રાણી પરતંગ આગમ નરવાણ,આજ ગોરનર જાંબુદીપમાં બેઠા પરમાણ.૭૮૦
આજ ગોર નરનું નામ વીસારો નહિ, તો અમરાપુરમાં પોંચો સહી. ૭૮૧
જે દસમા અવતારની દસતરી પુરી પરમાણી નરને નાર,
તે લખચોરાસી માંહે ન પડે ફરી આ જગસંસાર. ૭૮૨
જે કોઇ ભગત સતીઓ આ ગતગંગામાં આવી સાંભળો જાણ, ૭૮૩
તે દસે અવતારની દસતરી અથરવેદની વાણ. ૭૮૪
જે એકએક હરફ સાંભળે લખે નરવાણ, અને વળી ભણે સાંભળે તે એકજ ધ્યાન. ૭૮૪
તેને વીસંભ રાજ ધન કીધાનું ફળ વરદાન હોએ,
અને જે આ ગતમાં એક મના આવી સાંભળે સોએ. ૭૮૫

જે દસમા અવતારની દસતરી ભણે, અને સતી લોક હરફે હરફ સાંભળે. ૭૮૬
તે ભગતને એક હરફે હરફ ધરમદાન, અને કરોડ કરોડ હસ્તિનું ફળ પામે નરવાણ ૭૮૭
જે આ ગતમાં ભણે શ્રી નારાયણ દેવના દસે અવતાર,
તે આજ એક ધ્યાને સાંભળે નરનેનાર. ૭૮૮
એમ સતગોર કહે તેનાં પુન તણો નાઆવે પાર,તેતો ફરીને લખચોરાસી ન પડે લગાર.૭૮૯
જે કોઇ ભગત સતીઓ આ વેદ પ્રમાણે સુકરીત કરસે જાણ,
તેને એંસી લાખ ઉંટા સામલ આલે નરવાણ. ૭૯૦
તે ગોર શમસ કહે શ્રી નારાયણ દેવના દસે અવતાર,
આજ પુરા ભણે સાંભળે જે કોઈ નરને નાર. ૭૯૧
તે ભગત સતીને મહાદનની જાળ નહિ લોપે લગાર,બાકી જુઠાને શીર પડશે અગ્નિધાર.૭૯૨૦
સતગોર સુદરદીન સાથે બાર કરોડી નિપના કમલાકુંવર વીર,
તે હસન શાહા થયા અનંત કરોડીના પીર. ૭૯૩
એવી સત વાણી કહે ઇંદ્રિ ઇમામશાહા પીર, અને તે તમે સાચું માનો મોમનવીર. ૭૯૪
એક દન મહાદન આવે છે તમે સત સબુરીસું રાખો ધીર,
તહાં ખુદાતાલા કાજી થાસે ને મહમ્મદ હોસે વજીર. ૭૯૫
ત્યારે દસમુંરૂપ ત્યાંનકલંકી નારાયણ સાર,ત્યાં દેવેધર્યો શ્રીમૌલા મુરતજા અલીનોઅવતાર ૭૯૬
ત્યારે દેવ દૈત્ય કાલીંગાને મારશે જેણીવાર, પોતે સંસારમાં પ્રગટ થસે મોરાર. ૭૯૭
જ્યારે સંસારમાં પ્રગટ થાસે દેવ મોરાર, ત્યારે સંસાર સર્વે ઓળખસે સહી નિરધાર.૭૯૮
ત્યારે શ્રી દસમા રૂપે મૌલા મુરતજાઅલી નામ ભણાવ્યાં સહી જાણ,
ત્યારે અનંત કરોડીનું પીર હસન કબીર દીનને તારસે નરવાણ. ૭૯૯
શાહા મૌલામુરતજાઅલીની માતાતો બીબી જલેખાં કહીએ,પીતાતો હાસમીઅબુતાલબએ.
ત્યારે ગુરૂ તો નબીમહમ્મદ મુસતફાસ લલ્લા અલેહે વસલમ જાણ,
અને શક્તિમાતા બીબી ફાતમા પ્રમાણ. ૮૦૧
ત્યારે સ્વસ્થાન તો કેહકપુર નગરી જાણ, અને ક્ષેત્ર તો સીધપુર દ્વારકાં નગરી પ્રમાણ.૮૦૨
ત્યારે નર મારસે દાણવ દૈત્ય કાલીંગો જાણ,
ત્યારે બાર કરોડીનું પીર સુદરદીન ઓધાર્યો નિરવાણ. ૮૦૩
ત્યારે ચાર લાખ અને બત્રીસ હઝાર શાહા મૌલા મુરતજાઅલી રૂપે જાણ, ૮૦૪
ત્યારે અથરવેદ હુઆ પરમાણ, ચાર લાખને બત્રીસ હઝાર કલજુગનું પ્રમાણ.
ત્યારે બાર કરોડીનું પીર સદરદીન અમરાપુરીમાં પોતા નરવાણ. ૮૦૫
તેણે તો ગુપ્ત પંથ આરાધ્યા જાણ, તેણે તો સહી અમરાપુરીનો વાસો પામ્યા નરવાણ. ૮૦૬
ત્યારે શ્રી નકલંકીનો દસમો અવતાર સંપૂર્ણ થયો સહી, એવી ગુરૂ બ્રહ્માએ વાણી કહી.૮૦૭
અહિંથી શ્રી નારાયણ દેવના દસમા અવતારની દસતરી સંપૂર્ણ સાચ,
એવી ગુરૂ હસનશાહા સુત પીર ઇમામશાહા બોલ્યા વાચ. ૮૦૮

આગળ જણાવેલા 'સૃષ્ટિનું મંડાણ, નકલંક ગીતા, દશતરી ગાવંત્રી, દસ અવતાર' વિગેરે ઈમામશાહકૃત સઘળાં તોપમારૂ શાસ્ત્રોમાં, સૈયદ ઈમામશાહે મુખ્યમુદ્દો હિંદુઓને તેમના પોતાના ધર્મશાસ્ત્રો પરથી આસ્થા ઉઠાડી તેમને ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી, મુસલમાની રાહત ઉપર લઇ જવાનો જ ખાસ ધ્યાનમાંજ રાખ્યો છે. એ ઉપરાંત પોતાના કલ્પીત પંથનો મહિમા વધારવાના ઉદ્દેશથી સૈયદ ઇમામશાહે હિંદુ શાસ્ત્રોનું અને જ્યોતિષના ગણિતમાં જણાવેલી સૃષ્ટિની ઉત્પત્તિ વિગેરેમાં થોડો ઘણો સુધારો વધારો કરી, પોતાના નીચ હેતુ પાર પાડવાના ઉદ્દેશથી નવા ગ્રંથો લખ્યા છે કે જે, સઘળામાં હિંદુ ધર્મ તથા અન્ય ધર્મો અને તેમના દેવોની હડહડતી નીંદા કરી, પોતાની પાપી જાળ બીછાવવામાં કશી મણા રાખી નથી, તે સર્વે આગળ આપણે એમના બનાવટી શાસ્ત્રોમાં વાંચી ગયા છીએ. એ સઘળામાં સૈયદ ઇમામશાહે ટાઢાપોરનાં ગપ્પાંજ માર્યા છે. એથી વધારે ખેદજનક વાત તો એ છે કે સૈયદ મીંયાએ પોતાના અજ્ઞાન તેમજ ભોળા હિંદુ મુરીદોની મુર્ખાઇ અને નાલાયકી બતાવવામાં પણ પાછી પાની કરી નથી.

સૃષ્ટિની ઉત્તપત્તિના સંબંધમાં સૈયદ ઇમામશાહ પોતાના જ્ઞાનનો ભંડાર ખુલ્લો કરતાં જણાવે છે કે, "ખોદા તાલાએ પ્રથમ ફીણ ઉપજાવી, તેમાંથી, એક ઇંડુ બનાવ્યું, અને તે ઇંડાને ફોડીને ત્રણ ભૂવન રચ્યાં છે." ત્યાર પછી સાત વાર બનાવી, દરેક વારો પ્રમાણે શું શું કીધું છે, તે સઘળું પણ આપણે ઉપર વાંચી ગયા છીએ. આ ઉપરાંત ચાર ખાણના જીવોની ઉત્તપત્તિ, 'જાયલા, ફાયલા અરજલા અને ચોથા ખલીફા' કલફની રચના, વિગેરે સઘળામાં તો સૈયદ ઇમામશાહે પોતાની તરફડી બુદ્ધિનુંજ દીગદર્શન કરાવ્યું છે. ત્યારબાદ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર અને કલીયુગમાં તેણે (ઇમામશાહે) સદ્‌ગોર બ્રહ્માના સ્વરૂપમાં શું શું નાટકો ભજવ્યાં હતાં, તેનું વર્ણન ગાઇ બતાવ્યું છે.

આ પછી 'મુળબંધ'ના સારરૂપ 'નકલંક ગીતામાં' સૂય ભૂવનનું સુંદર વ્યાખ્યાન કર્યું છે, તે ઉપરાંત ત્યાં વસનારા લોકોના આનંદનો મહીમાં પણ ઠીક ગાયો છે. એ ઉપરાંત ત્યાં કોને જવા દેવામાં આવે છે, તેને માટે સૈયદ ઇમામશાહ જણાવે છે કે; "જેમણે મૃત્યુ લોકમાં એકાદશીના વૃત કર્યા હોય, તથા પાણીની પરબો મંડાવી હોય તેવા જઇ શકે છે, ત્યાં તેઓને બે હજાર વર્ષ સૂધી સૂર્ય ભૂવનનું સુખ ભોગવવા દીધા પછી મૃત્યુ લોકમાં પેલો અવતાર શ્વાનનો (કુતરાનો) થાય છે. તેઓનો મોક્ષ થતો નથી. કારણ કે 'જેઓ સૂર્યની ઉપાસના કરે છે તેમને કુતરાની યોનીમાં જન્મ લેવો પડે છે,' પરંતુ સતપંથના સિદ્ધાંત પ્રમાણે, 'ઈમામશાહને ઇશ્વરના અવતાર તરીકે ઓળખ્યા હોય, તથા તેના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન દીધાં હોય તેમનેજ મોક્ષ મળે છે.

(૨) **ચંદ્રભૂવન.** જેમણે આ લોકમાં પાણીનો પરબો મંડાવી હોય, તથા કુવા તળાવ વિગેરે બંધાવ્યા હોય, તથા અન્નનાં દાન દીધાં હોય, તેવા-ઓનેજ ચંદ્રભૂવનમાં વાસ મળે છે. પરંતું સૈયદ ઇમામશાહના કહેવા પ્રમાણે તે લોકો પણ અમર થતા નથી, કારણ કે તેમણે ઇશ્વરના અવતાર પાત્ર સૈયદ ઇમામશાહને આ પૃથ્વીમાં ઓળખ્યા ન હતા, તથા તેના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન દીધું ન હતું, જેથી તેમને ચાર હજાર વર્ષ સુધી ચંદ્રભૂવ-નનું સુખ ભોગવ્યા પછી. મૃત્યુ લોકમાં અવતરવું પડે છે, તેમાં પેલો અવતાર તેમનો દેડકાની યોનીમાં થાય છે.

(૩) **તારાભૂવનમાં** પણ જેમણે મૃત્યુ લોકમાં પુન્ય દાન કીધાં હોય તેવા જઈ શકે છે. પરંતુ સૈયદ ઇમામશાહના કહેવા પ્રમાણે તેમને પણ મોક્ષ પદ મળતું નથી. કારણ કે તેમણે આ દુનિયામાં ઇમામશાહને ઇશ્વરના અવ-તાર પાત્ર તરીકે ઓળખ્યા ન હતા, તથા તેના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન પુન્ય કર્યા ન હતાં, જેથી તેમને છહજાર વર્ષ સૂધી તારા ભૂવનનું સુખ ભોગવવા દીધા પછી તેમને મૃત્યુલોકમાં પ્રથમ કાચબાની યોનીમાં અવતરવું પડે છે.

(૪) **ધ્રુભૂવન** કે જે મેરૂપર્વત ઉપર આવેલું છે, તેમાં આઠ સ્વર્ગ બાંધેલાં છે તે ઉપરથી તેને ' આઠપુરી ' પણ કહે છે, તેમાંની પ્રથમ પુરીનું વર્ણન કરતાં સૈયદ ઇમામશાહ જણાવે છે કે, જેમણે આ દુનીઆમાં પુન્ય-દાન કીધાં હોય, તેમને જવા દેવામાં આવે છે, તેમને ત્યાં પંદર હજાર વર્ષ સૂધી સુખ ભોગવવા દીધા પછી, મૃત્યુ લોકમાં પ્રથમ અવતાર રાજાનો આપે છે, પરંતુ તેમનો મોક્ષ થતો નથી, કારણ કે તેમણે મૃત્યુ લોકમાં અવતાર પાત્રને ઓળખ્યા ન હતા, તથા ઇમામશાહના વંશજોને દાન પણ ન દીધું હતું.

(૨) સ્વર્ગપુરીમાં જનારાઓને પણ ત્યાં પંદર હજાર વર્ષ સુખ ભોગ-વીને પછી મૃત્યુ લોકમાં અવતરવું પડે છે. તેમાં પ્રથમ અવતાર તેમનો મહા-રાજા તરીકે થાય છે. પરંતુ તેમને પણ મોક્ષ મળતું નથી, કારણ કે તેમણે પણ ઈશ્વરના અવતાર પાત્ર ઇમામશાહને ઓળખ્યા ન હતા, તે ઉપરાંત તેમના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન પુન્ય કર્યા ન હતાં.

(૩) સ્વર્ગપુરીમાં જનારાઓને પણ મોક્ષ મળતો નથી. તેઓને ત્યાં પંદર હજાર વર્ષ સુધી સુખ ભોગવ્યા પછે મૃત્યુ લોકમાં અવતરવું પડે છે, તેમાં પ્રથમ અવતાર તેમનો ઘોડાની યોનીમાં થાય છે. કારણ કે તેમણે પણ મૃત્યુ લોકમાં સતગુરૂના અવતાર પાત્રને દાન દીધું ન હતું.

(૪) સ્વર્ગપુરીમાં જનારાઓને પણ ત્યાં પંદર હજાર વર્ષ સુખ ભોગવ્યા પછે મૃત્યુ લોકમાં અવતરવું પડે છે, તેમનો પ્રથમ અવતાર ગૃહસ્થને ઘેર થાય

છે, પરંતુ તેમને પણ અમરપદ મળતું નથી. કારણકે તેમણે આ દુનિયામાં અવતાર માત્ર ઇમામશાહને ઓળખ્યા ન હતા, તથા તેના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન પૂન્ય કર્યાં ન હતાં.

(૫) સ્વર્ગપુરીમાં જે લોકોએ હીંગલાજ માતાને પ્રસન્ન કર્યાં હોય તેવાજ જઈ શકે છે. પરંતુ તેમને પણ અમરપદ મળતું નથી. કારણકે તેમણે આ દુનિયામાં અવતાર પાત્ર ઇમામશાહને ઓળખ્યા ન હતા. તથા તેમના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન દીધાં ન હતાં, તેથી પંદર હજાર વર્ષ સુખ ભોગવવા દીધા પછી મૃત્યુ લોકમાં તેમનો અવતાર જટાધારી તરીકે થાય છે.

(૬) સ્વર્ગપુરીમાં જે લોકોએ આ દુનિયામાં દૂર્ગાદેવી આગળ કમળ પૂજા કરી હોય, તેવાનેજ વાસ મળે છે. સૈયદ ઇમામશાહના કહેવા પ્રમાણે તેમને પણ અમરપદ મળતું નથી. પરંતુ વિદ્યાર્થી, જોતકી અથવા પંડિત થાય છે, કારણકે તેમણે ઇમામશાહને ઇશ્વરના પાત્ર તરીકે ઓળખ્યા ન હતા, તેમજ તેના વંશજ સૈયદોને પણ સુપાત્ર જાણી દાન પૂન્ય કર્યાં ન હતાં.

(૭) સ્વર્ગપુરીમાં જે લોકોએ તુલજા ભવાનીની પૂજા કરી હોય તેવા જઈ શકે છે, પરંતુ તેમને પણ અમરપદ મળતું નથી, પંદર હજાર વર્ષ સુખ ભોગવ્યા પછી પ્રથમ અવતાર તેમનો જંતર મંતર કરનારા તરીકે થાય છે. કારણ કે તેમણે સૈયદ ઇમામશાહને સદગુરૂ તરીકે ઓળખ્યા ન હતા. તથા તેના વંશજોને પણ સુપાત્ર જાણી દાન દીધાં ન હતાં.

(૮) સ્વર્ગપુરીમાં પણ જે લોકોએ આ દુનિયામાં મહાલક્ષ્મીની પૂજા કરી હોય તેવાજ જઇ શકે છે, પરંતુ પંદર હજાર વર્ષ સુખ ભોગવ્યા પછે મૃત્યુ લોકમાં અવતરે છે. ત્યાં ધનવાનને ઘેર જન્મ થાય છે, પણ અમરપદ મળતું નથી, કારણકે તેમણે સતગુરૂ સૈયદ ઇમામશાહને નામે દાન પૂન્ય કર્યું નથી. તથા તેમના વંશજોને પણ સુપાત્ર ગણ્યા ન હતા.

(૫) ઈંદ્ર ભૂવનમાં પણ જે લોકોએ ધર્મ, ધ્યાન, દાન પૂન્ય કર્યા હોય તેવાજ જઈ શકે છે. પરંતુ સૈયદ ઇમામશાહના કહેવા પ્રમાણે પાંત્રીસ હજાર વર્ષ સુખ ભોગવ્યા પછે તેમને મૃત્યુલોકમાં અવતરવું પડે છે, ત્યાં પણ શેઠાઈ ભોગવે છે. પરંતુ તેમને મોક્ષ મળતું નથી. તેનું મુળ કારણ પણ સૈયદ ઇમામશાહને અવતાર પાત્ર તરીકે ન ઓળખ્યાનુંજ છે

(૬) રૂદ્ર ભૂવનમાં પણ જેમણે આ દુનિયામાં તપધ્યાન કર્યાં હોય તેવાજ જઈ શકે છે, પરંતુ તેમને પણ અમરપદ મળતું નથી, કારણ કે તેમણે અવતાર પાત્ર, સૈયદ ઇમામશાહને ઓળખ્યા ન હતા. તથા તેમના વારસોને સુપાત્ર સમજી દાન દીધું નહતું. તેથી ચાલીશ હજાર વર્ષ રૂદ્ર ભૂવનનું સુખ ભોગવ્યા પછી મૃત્યુ લોકમાં પ્રથમ અવતાર તેમનો હાથીનો થાય છે,

(૭) **અમરાપૂરી ભૂવન.** આ ભૂવન તો ખાસ સતપંથીઓ માટેજ છે, એટલે જેમણે સતપંથ સેવ્યો હોય, તથા અવતાર પાત્ર તરીકે સૈયદ ઇમામશાહને ઓળખ્યા હોય, તથા તેમના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દશોંદ વિશોંદ વિગેરે બીજાં દાનો આપ્યાં હોય તેમનેજ માટે છે.

તેજ પ્રમાણે આઠમા નવમા અને દશમા ભૂવનનો ઈજારો પણ ખાસ કરીને સતપંથીઓ માટેજ ઇમામશાહે રાખી મૂકયો છે. એટલે કે જેઓ ખાસ કરીને સૈયદોને ગુરૂ કરે, તથા ઈમામશાહને ઇશ્વરના અવતાર પાત્ર તરીકે કબુલ રાખે, તેમનેજ એ સ્વગનાં સુખો મળે છે. સૈયદ ઇમામશાહે આવાં આવાં અનેક ગપ્પાંઓ મારી ભોળા હિંદુઓને ભરમાવી પોતાની પાપ જાળમાં એવા તો સજ્જડ સંડોવ્યાં છે, કે તેમાંથી તેઓ કાલાન્તરે પણ છટકવા પામેજ નહિ, અને આખર સુધી એ અર્ધદગ્ધ પંથમાં સંડોવાઇને સ્વર્ગનાં મીથ્યા સુખની લાલશાથી, તથા અમરપદ, પચાસ હુરાંઓ અને પાંચસો છોકરાઓ જીન્નતમાં મળશે એવી આશા રાખી, છેવટની ઘડી સુધી સૈયદ મુસલમાનને ગુરૂ તરીકે કબૂલ રાખી, દાન પુન્ય આપી પોતાંની મુર્ખાઇનો ભોગ બની, સ્વર્ગની લાલશામાં પોતાની જાતને દોજકની અંધારી ખીણમાં ખેંચી રહ્યા છે.

આ પછી **"છ દરશનની હકીકત"** ઇમામશાહે લખી છે તેમાં તો હિંદુ ધર્મના જૂદા જૂદા મત પંથોની નિંદા અને અવગણના કરવામાં કંઇ બાકીજ રાખ્યું નથી.

(૧) **બ્રહ્મ દર્શન.** તેના વર્ણનમાં ઇમામશાહ જણાવે છે કે, આદ્ય બ્રહ્માજી સતયુગમાં હતા, ત્યારે વારો રઘુવેદનો હતો. અને ભગવાનના અવતાર ચાર હતા; 'શ્રી મચ્છ, શ્રી કોરંભ, શ્રી વારાહ, અને શ્રી નૃસિંહ.' આજે સતયુગ નથી, એ બ્રહ્મા પણ નથી, તેમજ એ અવતારો પણ થઇ ગયા છે, જેથી રૂઘવેદ વાંચવામાં પણ સાર નથી, તેમજ આજે જે બ્રાહ્મણો રગુવેદ વાંચે છે તે પણ ફોકટના ફાંફાં મારે છે.

(૨) **સંન્યાસી દર્શનમાં** જણાવે છે કે જોગી, જંગમ અને જટાધારીનો વારો ચાલ્યો ગયો છે. સંન્યાસીના ભેખમાં ધણી રહ્યો નથી, તેમનાં ઘરો ખાલી છે.

(૩) **જૈન દર્શનની** વાતમાં પણ સૈયદ ઇમામશાહે જૈન ધર્મની ઘણી હડહડતી નીંદા કરી છે. તથા તે વાતની જોડમેળ કરવામાં પણ તેની બુદ્ધિએ દેવાળુંજ કાઢયું છે એમ પ્રત્યક્ષ માલમ પડી આવે છે. કારણ કે કયાં શ્રી કૃષ્ણચંદ્રના! અને નીમીનાથ, પારસનાથના વખતનું છેટું! વચલા અઢી હજાર વર્ષના અંતરનુંજ તેમને ભાન રહ્યું નથી. આ ઉપરાંત જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત **'અહિંસા પરમો ધર્મ'ને** વીસારી મૂકી જૈનોના મહાન તીર્થંકરને માંસાહારી, ગૌભક્ષ, તેમજ દારૂ પીવાનું હડહડતું જુઠું આળ મુકી એવું ભયંકર અપમાન કર્યું

છે કે જો તેટલું અગર તેથી પણ સો દરજજે ઓછું એક હિંદુ કુરાન અથવા મુસલમાની ઇમામનું અપમાન કરે તો મુસલમાનો જમીન આસમાન બન્ને એક કરે તોય ન છોડે ! પરંતુ આજે તો હિંદુ ભાઇઓ પોતાનું ગૌરવજ ભૂલી ગયા છે, જેથી સૈયદ ઇમામશાહ જેવા બીજા નફ્ફટો પણ હિંદુ દેવ દેવીઓને ગમે તેવા ચીતરે, તોપણ તેઓ મુંગે મોંઢે સહન કરી બેસી રહે છે. એજ ઘણી અપસોસની વાત છે.

(૪) **બુદ્ધ દર્શનમાં** પણ એવાજ ગપ્પાં હાકયાં છે.

(૫) **શીવદર્શનમાં** પણ તેવીજ નીંદાઓ ચાલુ રાખી જોગી જંગમો અને અબધૂતોની ભારે નીંદા કરી છે. એ સઘળાંમાં ઈમામશાહનો ખાસ મુદ્દો હિંદુ ધર્મોની નીંદા એટલે 'શીવમાર્ગ વિશ્નુમાર્ગ વિગેરે સઘળા ધર્મો ખોટા છે, પરંતુ તેનો ઉભો કરેલો એ કલ્પિત સતપંથજ એક સાચો છે, અને તેને સેવ્યાથીજ સાચા સ્વર્ગનાં ફળ મળે છે.

(૬) **મલેચ્છ દર્શનમાં** તો સઘળા હિંદુધર્મના દેવ દેવીઓને, તથા રૂષિમુનિઓ વિગેરે સર્વને મુસલમાની અવતારના જણાવી પોતાનો નીચ આશય પુરો કર્યો છે. એ સઘળાની ટીકા લખવા કરતાં મૂળ લેખજ સ્પષ્ટ હોવાથી તેની ટીકા લખવી મુલતવી રાખી, તેના સત્યાસત્યનો નિર્ણય કરવાને સુજ્ઞ વાચકનેજ સોંપું છું.

**કુરાનને** તો સૈયદમીંઆએ કલીયુગના વેદ 'અથર્વવેદ' તરીકે જાહેર કર્યું છે, તથા લા ઇલાહ ઇલિલ્લાહનો જાપ જપાવે છે, તથા અડસઠ તીર્થ કર્યાથી જે પૂન્ય પામ થવાની આશા હોય, તેવી આશા સૈયદ ઈમામશાહે જણાવ્યું છે કે, પંજેતન પાકનું નામ લીધાથી મળે છે, તેમજ બ્રહ્માજીને બાજુએ રાખી, પોતેજ (ઇમામશાહ) કલીયુગનો બ્રહ્મા બની બેઠો છે. તથા વિશ્નુની જગ્યાએ તેના દીકરા નુરમહંમદશાહને ગોઠવી ઘાલ્યો છે. એટલુંજ નહિ પણ તેમના બાપદાદાઓ ખાસ આદ ઉનાદથી ઉતરી આવ્યા છે એમ પણ કહે છે. તે સઘળાની સાબીતીમાં સૈયદ ઇમાશાહે 'દશતરી ગાવંત્રી' લખી છે, તથા હિંદુઓના 'દશાવતાર' પરથી એણે પણ 'ઇમામશાહી દશાવતારની' લીલા ગોઠવી છે, તેના ઉપર વાચક વર્ગનું ધ્યાન ખેંચવા, તથા સૈયદ ઇમામશાહનું કપટ પ્રકાશમાં લાવવાના હેતુથી, તથા ભોળા અજ્ઞાન હિંદુઓને તે દશ અવતાર તથા તેની દશતરી ગાવંતરીમાં સત્ય શું છે? તથા અસત્ય કેટલું છે તે જણાવવાના હેતુથી અત્રે તેનું ટુંક વર્ણન આપવું ઘણું જરૂરનું છે.

પ્રથમ મચ્છા અવતારની વાત આવે છે, તેમાં મચ્છ ભગવાનના પિતા તરીકે પરમરૂખને ગોઠવ્યા છે, તથા શંખાવતી નામની સ્રીના પેટે ઉત્પન્ન થયાનું જણાવે છે. 'મચ્છા અવતાર પછી દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે, મચ્છ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મનાયત, અને તેખા ઉગ્રસેન; એ પ્રમાણે

પ્રમાણે પરિક્રમ રૂષિનો વંશ કહેતાં તેમના દીકરા તે કૂર્મ ભગવાન ! શું બુદ્ધિનો ઉપયોગ કર્યો છે ! મચ્છ ભગવાન માછલાનું રૂપ, અને તેમના વીર્યથી જન્મ્યા તે બધા માણુસ ! તે છેક પરિક્રમ રૂષિ સુધી, અને પરિક્રમ રૂષિની સ્ત્રી કમળાવતીના દીકરા કૂર્મ કહેતાં કાચબાનો અવતાર ! ધન્ય છે ઇમામશાહની બુદ્ધિને, અને ધન્ય છે છે તે ભગવાનને માનનારા ભોળા પીરાણા સતપંથી ભાઈઓને ! કૂર્મ અવતાર કયા કારણને લઈ પરમાત્માનો અવતાર મનાય છે, તે જો પીરાણા સતપંથી હિંદુભાઇઓ હિંદુધર્મના દશ અવતારો વાંચે તો તેમની આંખોજ ઉઘડી જાય. પણ બિચારાઓને 'મુળબંધ, નુરનામું, બાજનામું, ઘટપાટની ક્રીઆઓ' વિગેરે વાંચતા પરવાર આવે તોજ તે વાંચેને ! કૂર્મ ભગવાન પાછા કાચબાના રૂપે પરણ્યા હશે, ત્યારેજ તેમના વીર્યથી પ્રજા ઉત્પન્ન થઇ હશે ને ! દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે કૂર્મના વંશમાં પણ મનુષ્યો જનમ્યા છે.

કૂર્મના દીકરા વસરત, તેમના દકાઈએત, એમ કરતાં કરતાં પરજાપતના દાઢમ રૂષિ, અને તેની સ્ત્રી પદમાવતીના ઉદરથી પાકયા તે વારાહ ભગવાન, વારાહ એટલે સુવર, શું ! ઇમામશાહે બુદ્ધિ પોંચાડી છે ? માણસમાંથી સુવર જન્મે એ પણ ઠીક છે. આ તો એમની કથાની ચોખ થાય છે. કોઈ હૈયા કુટયાએ વળી સુવરને પણ કન્યા આપી હશે, જેથી વારાહ ભગવાનનો પણ વંશ ચાલુ રહ્યો. વારાહના દીકરા પણ પાછા માણુસ જનમ્યા, તેનું નામ દેહેર, તેના રૂપક, એમ કરતાં ગૌતમના અમરિષ. વળી અમરિષ માથે પણ કલંક લગવાનું હશે, તે વળી તેમની સ્ત્રી ચંદ્રાવતીને પેટે પાછા સીંહના સ્વરૂપમાં નૃસીંહ ભગવાન જનમ્યા. આવી આવી ગપોડ કથાઓનો ઉલ્લેખ કરતાં પણ શરમ આવે છે, શું ઇમામશાહની નજરમાં એટલું પણ નહી આવ્યું હશે કે, આ બધું છાનું તે કયાં લગી રહેશે ! માછલામાંથી માણસ જન્મે, ને વળી માણસમાંથી કાચબો પેદા થાય, અને કાચબાના વંશમાં વારાહ ( સુવર ) જન્મે. પોલંપોલની તે કાંઇ આથી વિશેષતા હોય ! વળી વારાહનાં વંશમાં માણસો જન્મે ! અને તેમનો પાછો સિંહ જન્મે.

નૃસીંહ અવતાર તો જ્યારે હરણ્યાકંશે પોતાના દીકરા પ્રહ્લાદને અસંખ્ય સંકટો દીધાં, પરંતું તેનો વાળ પણ વાંકો થયો ન્હોતો, જેથી છેવટે ધગધગતા લોહ થંભે વળગાડી કુરતાની હદ કરી, ત્યારે લોહથંભ ફાટી તેમાંથી નીકળી પ્રહ્લાદની વા'રે આવનાર તે નૃસિંહ ભગવાન, કે જેણે હરણ્યાકંશને માર્યો હતો, તેમાં કયાં નૃસિંહ ભગવાનની મા, અને પિતા ! પરંતુ ઈમામશાહના અદભુત પ્રાક્રમની પ્રસાદી રૂપ પીરાણા સતપંથની દશતરી ગાવંત્રીમાં વારાહના વંશના તે નૃસિંહ ભગવાન ! અહા હા ! કેટલું જુઠું ! અરે ! પીરાણા સતપંથને હિંદુધર્મ માનનારા આર્યો જરાક તો આંખ ઉઘાડીને

આ તમારા પુજ્ય શાસ્ત્રની પોલો જુઓ. હવે નૃસિંહ ભગવાન કે જેઓ સિંહ સ્વરૂપમાં હતા, તેમને પણ કોઇ કમભાગીએ કન્યા આપી હોય એમ ઇમામશાહે નક્કી કરી, તેમનો વંશ પણ ચાલુજ રાખ્યો છે. નૃસિંહ ભગવાનના દીકરા મનાઇએત, અને તેમના વંશવઢણ એમ ક્રમે ક્રમે કાસમરૂખ, અને તેમના દીકરા તે શ્રી વામન ભગવાન. આ બાબતમાં તો ખરેખર ઇમામશાહે કોઇની પાસેથી ઉછીતી બુદ્ધિ લીધી હોય એમ માલમ પડે છે, કારણ કે માણસના માણસ જનમ્યા એમ બતાવે છે.

પાછળથી વામન ભગવાનના વંશમાંજ ફરસુરામનો પણ જન્મ થયાનું બતાવે છે. અને ફરસુરામ અખંડ બ્રહ્મચારી હતા તે વાત ભૂલી જઈ તેમને પણ પરણવાની લપ વળગાડી, તેમના પુત્ર રઘુ, નઘુ વિગેરે જણાવે છે, તેમના અજેપાળ, તેના દશરથ, અને તેમના શ્રી રામ વિગેરે જણાવે છે, પરંતુ વળી પાછું અહિં બુદ્ધિનું પ્રદર્શન ખુલ્લું કરતાં બ્રાહ્મણના વંશમાં સૂર્યવંશી જનમ્યાનું જાહેર કરી દીધું છે. વળી રામા અવતાર તો ખાસ કરીને હરિશ્ચંદ્રને તારવા માટે, તથા રાવણ દૈત્યને મારવા માટે જ થયો હતો. આ તે કાંઇ નાની સૂની ગપ કહેવાય! રામા અવતાર તે ખાસ હરિશ્ચંદ્ર માટે જ! કયાં રાજા હરિશ્ચંદ્ર અને કયાં શ્રી રામ! સૂર્યવંશમાં રામચંદ્રજીના દીકરા લવ સૂધી તો ઠીક પણ પાછળથી લવના પદમ, અને એમ કરતાં કરતાં વાસુદેવના દીકરા તે શ્રી કૃષ્ણ એ વાત તો સાચી ખરી! પરંતુ સૂર્યવંશમાંથી એટલો જલદી ચંદ્રવંશ કેમ ફૂટી નીકળ્યો! એમાં જરૂર ઇમામશાહે પોતાનો એલમનો ઉપયોગ કર્યો હોય એમ દેખાય છે! કારણ કે આગળ પણ માણસમાંથી પશુ, અને પશુમાંથી માણસ બનાવવાની ઈમામશાહની જાદૂઈ શક્તિ પણ આગળ ઉપરે આપણે જાણી ગયા છીએ. ત્યાર બાદ શ્રી કૃષ્ણના દીકરા તે પ્રદુમન, તેના સેસથાન, બેલસ્થાન વિગેરે ચાલે છે, પરંતુ પ્રદુમનના દીકરા અનીરૂદ્ધ તો દેખાયાજ નહિ! કદાચ તેને જીન્નતની એકાદ હુરાં ઉપાડી ગઇ હોય એમ માલમ પડે છે. એટલે તેની ખબર ઇમામશાહને કયાંથી રહે!

એ બેલસ્થાન પછી અનુક્રમે સંહીરાજના દીકરા બુદ્ધ ભગવાન. ભલે! ભલે! ઇમામશાહના બુદ્ધ ભગવાન તમે ભલે જન્યા! પણ કયાં તમો! અને હિંદુશાસ્ત્રો માને છે તે બુદ્ધ ભગવાન! કે જેમનું મુખ્ય સુત્ર "અહિંસા પરમો ધર્મ" ને વિસારી મૂકી, પાંડવો પાસે ગાય કપાવી તેમનું પાપ ઉતરાવનારા તમો! વાહરે! ગાય કપાવવા શ્રી કૃષ્ણ ભગવાનની છઠ્ઠી પેઢીએ ફૂટી નીકળનાર ઈમામશાહના બુદ્ધ ભગવાન! આ ઉપરાંત પીરાણા સતપંથનો નવમો શ્રી બુદ્ધાવતાર કે જે તદ્દન ગપગોળાથી ભરપુર છે, કે જેમાં ધર્માવતાર પાંડવો કે જેઓ જેઓ શ્રી કૃષ્ણ

પ્રભુ ગૌપાળ ગોપાલના ખાસ ભક્ત હતા, તેમને પણ પીરાણા સતપંથે એવા ભુંડી દશામાં ચીતર્યો છે, કે જે વાંચી એકેએક હિંદનું હૃદય કકળી ઉઠયા શીવાય રહેજ નહીં, તેવી દશામાં પાંડવોને એ પાખંડી પીરાણા સતપંથમાં કેવી રીતે સંડોવ્યા છે. જેનો ટુંક સાર આ પ્રમાણે છે. ઇમામશાહી બુધા અવતારના સ્વરૂપની ઓળખાણમાં જણાવ્યું છે કે બુદ્ધ ભગવાનનું મોઢું ગોળ, પગ વાંકા અને શરીરે કદરૂપાનો વેસ લઇ પાંડવો જ્યાં રાજસુયજ્ઞ કરતા હતા ત્યાં આવ્યા. મુખ્ય દરવાજે ભીમની ચોકી હતી તેથી, આવા કદરૂપા શરીરવાળા બુદ્ધને અટકાવી ભીમે પુછયું કે તું કયાં જાએ છે ? ત્યારે બુદ્ધે જણાવ્યું કે મને ભુખ લાગી છે, તેથી રાજા ધર્મની પાસે જાઉં છું. ભીમે કહ્યું કે રાજા ધર્મ તો યજ્ઞ કરાવે છે. અને બ્રાહ્મણો વેદ ભણે છે. ત્યાં તારા જેવી અપવિત્ર વ્યક્તિને જવા રજા નહીં આપું. તું કોઇ પાપી માણસ છે. માટે તારે યજ્ઞમાં જવું નહીં, ત્યારે બુદ્ધે કહ્યું કે ભીમ! હું પાપી નથી પરંતુ જે બ્રાહ્મણો યજ્ઞ કરાવે છે, તે બધા અસુદ્ધ અને પાતકી છે. અવતાર પાત્રને તે જાણતા નથી, માત્ર પેટ ભરવાની ખાતર ઠાલા ઠાલા વેદ વાંચે છે. આજે તો હવે " બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા, તે ગુરૂ બ્રહ્માજીનું રૂપ નબી મહંમદ થયા. " એ બ્રાહ્મણો અથરવેદને જાણતા નથી, અને ત્રણ યુગના વેદને જાણે છે. તે આજે ચંડાળ સરખા છે. " તે બહુજ વેદ વાંચે ને અડસઠ તીર્થની જાત્રાએ જાએ અને નીતનીત ગંગામાં નાએ, આજ પથર મુર્તિની પુજા કરે તે ચંડાળ પાક શી રીતે થાએ ? " આ પ્રમાણે ભીમ સાથે બુધ્ધે વાત કરવાથી, ભીમને આ બુદ્ધની વાતમાં ભારે શંકા થઇ. ને મનમાં જાણ્યું કે આ કોઇ દેવમુર્તિ છે. તેથી ભીમે કહ્યું કે મહારાજ તમે ઉભા રહો, હું રાજા ધર્મને તમારી વાત કરૂં છું. એમ કહી ભીમ તેને દરવાજે ઉભા રાખી ધર્મરાજાની સાથે વાત કરી, કે માહારાજ કોઇ મહાન પુરૂષ દરવાજે ઉભા છે. તે અગમનીગમની વાતો કરે છે. શરીરે કદરૂપા પગ વાંકા, ગળતકોડ શરીરે વહે છે. આવી જ્યારે ભીમે વાત કરી ત્યારે ધર્મરાજાએ પાંચે પાંડવ સાથે સહદેવને પુછયું કે ભાઇ એ કોણ છે ? ત્યારે સહદેવ જોસીએ કહ્યું કે બુદ્ધ અવતાર તે શ્રી કૃષ્ણજી થયા છે. માટે તમે જગનને મુકીને મળવા જાઓ, આવો પ્રસંગ ફરી નહીં મળે, આમ જ્યારે સહદેવ જોસીએ કહ્યું ત્યારે સઘળા બ્રાહ્મણો બોલી ઉઠયા કે મહારાજ, એવા ચંડાલનું મુખ જોવામાં પાપ છે. માટે તમે ત્યાં ન જશો. એટલે ભીમે બ્રાહ્મણોના હાથ જાલી બહાર કાઢયા. અને પાંડવો તો બુદ્ધ ભગવાનને મળવા ગયા, અને બ્રાહ્મણોએ દેવને ઓળખ્યા નહીં, તેથી આજ કળયુગમાં ભીખ માગીને પેટ ભરે છે. પાંડવોએ બુદ્ધનાં દર્શન કર્યાં અને સમજ્યા કે આપણાં પાપ સર્વે ગયાં અને આપણો યજ્ઞ પુરો થયો. ધર્મરાજાને બુદ્ધે કહ્યું કે રાજા ધર્મ, તમે યજ્ઞ શા માટે કરો છો, ત્યારે ધર્મે

કહ્યું કે પાપ ઉતારવા માટે, બ્રાહ્મણોના કેવાથી, ત્યારે ભગવાન બુધ્ધે કહ્યું કે જો તમોને પાપ ઉતારવું હોય તો ઇમાન રાખો, અને ગાયને વરોધો તો તમે વૈકુંઠમાં જશો. ત્યારે પાંચે પાંડવે સ્વામી બુદ્ધનું કેવું કબુલ કર્યું, અને ગાયને કાપ્યાનો વિચાર નક્કી કર્યો, એટલે પાંડવો કામધેનું ગાયને લાવ્યા. કામધેનું ગાયે બુદ્ધનું વીકરાળ સ્વરૂપ દેખી પાંડવોને કહ્યું કે તમો આ ચંડાલના કહેવાથી મારો વધ કેમ કરો છો, હિંદુ આર્યધર્મની સઘળી દુનીયા ગાય બ્રાહ્મણને પુજે છે, અને તમે આ પાપીના કહેવાથી મને મારો છો ! માટે કંઇક વિચાર કરો. ચંડાળ અને પાપી વિગેરે શબ્દો બુદ્ધને કહેવાથી ગાયને બુદ્ધ ભગવાને શ્રાપ આપ્યો કે અત્યારે ગળું કપાવીને કળજુગમાં તું વીષ્ટા ખાજે, આ પ્રમાણે કામધેનું ગાય અને બુધ ભગવાનનો સંવાદ થયો, અને પાંચે પાંડવોએ મળીને ગૌવધ કીધો. ગાયનું માથું રાજા ધર્મે માથે લીધું, અને ચાર પગને ચારે ભાઇએ માથે ઉપાડયા, ગાયનું ચામડું સતી દ્રૌપદીએ ઓઢયું, એટલે બુધે કહ્યું કે તમે હસ્તીનાપુરના બજારમાં નીકળો ગાયનું લોહી વહે જાય છે, અને પાંડવો મુખે બુધ ભગવાનનું નામ જપે જાય છે. હસ્તી-નાપુરમાં હોહાકાર થઇ રહ્યો, અને પાંડવોની લોકો નીંદા કરવા લાગ્યા. તેથી પાંડવોનું પાપ ઉતરી ગયું, અને પાંડવોના મુગટ સોનાના થયા. તેથી લોકોને અચંબો થયો કે, આતો પાંડવોના મુગટ સોનાના થયા. જેથી પેલાં બ્રાહ્મણો કે જ્યાં ગાય કાપી હતી ત્યાં ગયા અને ગાયની જે આંતરડી પડી હતી, તે ઉપાડી આવ્યા અને તે આંતરડીની જનોઇ કરીને ગળામાં ગાલી. તેથી ભાઈઓ આજ કલજુગમાં બ્રાહ્મણની જનોઇ તે ગાયની આંતરડી છે. એમ ઇમામશાહ જણાવે છે. બાકી બ્રાહ્મણની વેળાતો વઈ ગઇ. જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં યોગી લોકો દોડયાં. તેને શીંગડાં હાથ લાગાં જેથી જોગીઓ કોકટ સીંગી ગળામાં નાખે છે. આજ કળજુગમાં જોગીની વેળાતો ચાલી ગઈ છે. ત્યાર પછી જ્યાં ગાય પાંડવોએ કાપી હતી ત્યાં અબદુત લોકો દોડયા તેને ગૌચાંમ હાથ લાગાં તે લાવ્યા. " ભાઇ આજ અબદુતની વેળા તો વહી ગઇ બાકી ફોકટ ચાંમડાં કેડે બાંધે છે સહી. " ત્યાર પછી જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં વૃત્ત પાળવા વાળા લોકો ગયા, તેમને પુંછડું અને આંચળ મળ્યા તે આજ કળયુગમાં વૃતની વેળા વહી ગઇ છે. જેથી મુર્ખ લોકો ગાયના આંચળને અને પુંછડું દોવરાવે છે જ્યાં ગાય કપાણી હતી, ત્યાં બ્રાહ્મણ અને કણબીની છોકરીઓ દોડી ગઇ, તેને ગાયનું છાણ હાથમાં આવ્યું તેથી આજ કળયુગમાં કણબીની તથા બ્રાહ્મણની છોડીઓ છાણ મેળે છે, ત્યાર પછી કેટલાક ક્ષત્રી અને વૈશ્ય લોકો ગાય કપાણી હતી ત્યાં ગયા, આજ કળયુગમાં ફોકટ ગાયની પુજા કરે છે. અને સંસાર એળે ગુમાવે છે. " જો તમે આજ પીરાણા સતપંથ અથેરવેદને સોધો તો મળે દેવ દસમો અવતાર નબી મહંમદનો, "

ત્યારપછી પાંડવોએ બુદ્ધ સ્વામીજીને કહ્યું કે કળજુગમાં કળી*કાળમાંથી ઉગરવાનો અમને રસ્તો બતાવો, ત્યારે બુદ્ધ સ્વામીજીએ કળજુગનું કેટલુંક વર્ણન કર્યું, અને કહ્યું કે તમે હેમાળે શરીર ગાળો, ત્યારે પાંડવોએ કહ્યું કે પ્રભુ તમારા વગર અમારાથી કેમ રહેવાય, ત્યારે બુધ્ધે કહ્યું કે કળજુગમાં હું ગુપ્ત રૂપે રહીસ ત્યારે પાંડવોએ કહ્યું કે તમારા ગુપ્ત અવાસનું ઠેકાણું કહો, ત્યારે બુધ્ધે કહ્યું કે "પશ્ચિમ દીસામાં આરબ દેશ, ત્યાં હું દસમો મનુષ્ય અવતાર લઇશ, અને ભરતખંડમાં જાંબુદીપે દ્વારકાં ક્ષેત્રે ઈમામપુરી કેતાં પીરાણામાં ગુરૂ બ્રહ્મા રૂપે હું ગુપ્ત રહીશ." કળયુગમાં ગુરૂ બ્રહ્માનું નામ નબીમહંમદ રૂપે છે. તેને ગાફ્લ દુનીયા નવ જાણે કોઈ. બીજું ઠેકાણું ગુરૂ બ્રહ્માવીસનું મહેસ રૂપે ત્રણે કળા લઈ ગુરૂ નબી મહંમદ ફરસે સહી, તેને ગાફલ દુનીયાં જાણે નહીં, જ્યાં કહ્યા બુદ્ધ સ્વામીએ ગુરૂ બ્રહ્મા, નબી મહંમદના ઠામ ત્યારે પાંચે પાંડવ લાગ્યા પાએ, ત્યારે સ્વામી બુધ દેવ બોલ્યા કે, અમારૂં ત્રીજું ઠેકાણું જ્યાં "ખાનામાં ગત એકાંતજ હોય, નીત નીત અમી પીએ જે કોય, ત્યાં નીત્ય નીત્ય વાસ અમારો હોય." અને બુદ્ધ સ્વામી બોલ્યા કે તમે જ્યારે જયારે યાદ કરશો ત્યારે તમારી સમીપ હું હાજર રહીશ. એમ કહી પાંડવોને પોતાના અવાસ મોકલ્યા. એટલે બુદ્ધ સ્વામીની પાસે આડસઠ તીર્થ આવ્યા, કે પ્રભુ તમારા વગર અમથી કળીયુગમાં કેમ રહેવાય, માટે અમેં ક્યાં જઇએ ? કારણ કે કળીયુગમાં મનુષ્યો પાપ કરીને તીર્થ સ્નાન કરે, તેનાં પાપ અમ શીરે ચડે, તેથી અમે તમારા વગર નહીં રહીએ, ત્યારે બુધ સ્વામીજીએ કહ્યું કે, "હું કળજુગમાં પ્રગટ નહીં રહું, પણ ગુપ્ત વાસ રહીશ; મારૂં ઠેકાણું પશ્ચિમ દીશા એરાંક ખંડમાં હું મનુષ્ય રૂપે દશમો અવતાર લઈશ, તમો સગળાં તીર્થ બ્રહ્માજીએ સ્થાપ્યાં છે, માટે તમે કળજુગમાં ગુરૂ બ્રહ્મા નબીમહંમદની કળામાં જઈ રહેજો. જંબુદ્વીપ નગરીમાં ગુરૂ હુમનશાહ રહે તે ગુરૂ નબીમહંમદ અંતે કહે, જે ગુરૂના ઘરમાં તપસી ફકીરી તેને જોઈ લેજો, ગાફ્લ દુનીઆં તેને જાણશે નહીં." આજે કળજુગમાં ઇમામપુરીમાં ગંગુઆ કુવામાં અડસઠ તીર્થ આવી રહ્યા છે. બુધ સ્વામીનાં વચન સાંભળી તીર્થ સૌ ખુસી થયાં, અને ગંગુઆ કુવામાં ગયાં, ત્યાર પછી બુધ સ્વામીજી પાસે ભૈરવ ભુત પ્રેત વિગેરે આવ્યાં, અને કહેવા લાગ્યાં કે પ્રભુ તમે જ્યારે ગુપ્ત રહેશો ? ત્યારે અમારૂં કળજુગમાં શું થાશે ? તમારા વગર અમેં કેમ રહી શકીએ, ત્યારે બુદ્ધ સ્વામી બોલ્યા કે, આજ કળજુગમાં અડસઠ તીર્થ તથા દેવ મંદીરોમાંથી સૌ ચાલી ગયા છે, અને ઇમામપુરીમાં ગયાં છે, જેથી તેનાં ઘર ખાલી છે, માટે તમે સૌ ભેરવ ભુત પ્રેત વિગેરે તીર્થ સ્થળમાં જાઓ અને પરચા પુરજો, ભોળી દુનીઆ તમને માનશે, "આજ કળજુગના ભુલ્યા લોકો ફોકટ તીર્થ જાત્રાએ જાય છે, દંડ મુડ દેવરાવી ફોકટ હેરાન થાય છે. પથર મુર્તી દેવળ દેરામાં જે પુજા થાય, તે સર્વે ભૂત પ્રેતની પુજા થાય." આજ કળીયુગમાં સતપંથના અથરવેદની

રચના વીના જે પુજા થાય છે તે સર્વે ભૂત પ્રેત ખાઇ જાય છે. આજ કળી-યુગમાં ગુરૂ નબીમહંમદ હાજર ઇમામને ગાફલ દુનીઆં નવ જાણે કોય, અને ફોકટ ફાંફાં મારે છે. અને પથર મુરતી અને મંદીરોમાં ઠાલા ઠાલા સમજ્યા વિના ભુત પ્રેતોને પગે લાગે છે. પરંતુ સાચા સતગોરના ગરને કોઇ જાણતું નથી. આ પ્રમાણે બુદ્ધ ભગવાને કહીને ભૈરવ ભુત પ્રતાદીને રવાના કર્યાં. આ પ્રમાણે હીન્દુ ધર્મ કર્મનું. તેમજ હીન્દુઓના દેવ તેમજ તીથસ્થળનું, ભારેમાં ભારે અપ-માન કરનારો પીરાણા સતપંથનો કહેવાતો બુદ્ધાઅવતારનો ટુંકસાર આ પ્રમાણે છે.

આ ઉપરાંત સૈયદ ઈમામશાહે પોતાના દશમાં નકલંકી અવતારની જોડ-મેળમાં પણ એથી વધારે ગપ્પાં માર્યાં છે. દશમો નકલંકી અવતાર કે જે હિંદુઓની માન્યતા પ્રમાણે હજુ કલીયુગ પુરે થયે થવાનો છે. તે અવતાર તો અરબસ્તાનની આરબ જાતિમાં હજરતઅલી રૂપે થઈ ગયો છે, એમ જણાવે છે, તથા પોતાના ભોળા તેમજ અજ્ઞાન હિંદુ સેવકોને, એ અવતાર આરબ જાતિમાં કેવી રીતે થયો, તેની જોડમેળ બતાવવા ખાતર, સૈયદ સુદરદીનની બીછાવેલ જાળ પ્રમાણે બુદ્ધા અવતારને પુંછડે, દાદા આદમની પેઢીઓ લગાડીને, મૌલાના હજરતઅલી સાહેબનેજ દશમા નકલંકી અવતાર તરીકે ગોઠવી દીધા છે. અને તેમના વંશજો તરીકે છેવટે પોતે ( ઈમામશાહ ) આ કલજુગના બ્રહ્મા છે એમ જાહેર કરી, તથા પોતાના પુત્ર ( નુરમહંમદશાહ ) ને વિશ્નુ ભગવાનના અવતાર તરીકે ગોઠવી દઇ, પોતાના ભોળા સેવકોમાં, એ કલીયુગના બ્રહ્મા, અને વિશ્નુ ભગવાનને, માને તોજ મોક્ષ મળે છે, એવી ખોટી માન્યતા ફેલાવી, તેમના ધન, તથા ધર્મને ચુસી લેવાની અજબ યુક્તિ એ ચાલાક સૈયદ ઇમામશાહ ગોઠવી ગયા છે.

એ ઉપરાંત એમ પણ જાહેર કર્યું છે કે, "પેલા વૈશાખ સુદ ૨ શુક્રવારને દિવસે દ્વાપર યુગ પુરો થયો છે, તથા તેજ દિવસથી કલિયુગની શરૂઆત થઈ છે. અને કાલીંગો દૈત્ય પણ તેજ દિવસે ચીણ મહાચીણ નગરીમાં અવતર્યો છે; કે જે આજે પોતાને કાશી વિશ્વનાથ તરીકે આખી પૃથ્વી પર જાહેર કરી, નવે ખંડમાં પોતના નામનો જાપ કરાવે છે." આવી આવી અનેક રીતે સૈયદ ઇમામશાહ હિંદુ દેવોનું અપમાન કરતોજ રહ્યો છે. એ ઉપરાંત પોતાના બુદ્ધિ આકમરૂપ દશમાં અવતારમાં એમપણ જણાવે છે કે, કલીયુગના અંતે હજરત અલી• સાહેબ ફરી જન્મ લઇ કાલીંગા દૈત્યને મારશે, અને જેઓ ખરા સતપંથી હશે તેમને રાજ કરાવશે! ત્યારપછી અત્યારે કાલીંગો દૈત્ય રાજ કરે છે, તે ચીણ મહાચીણ કયું! પીર શમસે પોપટ રૂપે સુરજા રાણીને બોધ કર્યો હતો, જેને આજે લગભગ છસો વર્ષ થવા આવ્યાં છે, તો પછી આ વાત પણ ઇમામશાહના લખવા પ્રમાણે ખોટી ઠરે છે. કમળા કુંવર, સુરજા રાણી અને બીજાં છ જણ કુલ્લે આઠ જણને સતપંથ ધર્મનું જ્ઞાન આપ્યુ, અને સુરજા રાણીના હાથેજ કાલીંગા દૈત્યનું મૃત્યું થઇ ગયાની વાત પણ સૈયદે લખી

નાખી છે, તથા સરસ્વતી નદી કે જે ચાર યુગ સુધી પાણી વગરની ખાલીજ હતી, તે એ વખતે દૈત્યના લોહીથી ભરપુર વહી હતી, એમ પણ જણાવે છે. ત્યારે હવે કાલીંગો મરી જાય છે એ પણ સાબીત થાય છે, અને વળી પાછો બીજે લખે છે કે, કલીયુગને અંતે શાહા સૈન્ય ભેગું કરીને કાલીંગાને મારવા જશે, એ પરથી એમ સાબીત થાય છે કે આ બધી ગપ કથાઓજ છે. કારણ કે દૈત્ય કાલીંગો મરી ગયો છે, જેથી શાહાના લશ્કરને પણ ભેગા થવાની જરૂર નથી, અને ઈમામશાહનો રોઝો પણ સોનાનો થયો નથી. આવી જુઠી વાતો લખવામાં તેમનો મુખ્ય હેતુ, અજ્ઞાન હિંદુઓને હિંદુધર્મ પરથી આસ્થા ઉઠાડવાનોજ છે. પરંતુ આ બધામાં ઇમામસાની બુદ્ધિની ખરેખરી કિંમત અંકાઇ જાય છે.

કાલીંગા દૈત્યના પેટમાં દોજકનો ધ્રો ભર્યો હતો, તે સવાપોર તેના પેટમાં રહ્યો, તે કાલીંગો દૈત્ય વાસર્યો, અને દોજકનો ધ્રો ખાલી કરી નાખ્યો તે ખોરસનમાં જઇ પડયો, તેમાંથી તમાકુનું ઝાડ ઉગ્યું. ભાઇ આજ તમાકુ પીવે તે દોજકમાં જાયે, ત્યારે સૈયદ ઈમામશાહના વંશના સૈયદો તમાકુથી ભરેલા હુક્કા તથા બીડીઓ પીએ છે, તેનું કેમ થશે ? આ ઉપરાંત સુરજા રાણીના હાથેજ કાલીંગા દૈત્યનું મૃત્યુ થવાનું હતું, ત્યારે શાહે આખી દુનિયાંના લશ્કર શા માટે ભેગા કરવાનાં તસ્દી લીધી. કાલીંગા દૈત્યને મારવા માટે તેત્રીશ કરોડી દેવતા, નવાણું કરોડી યક્ષ, છપન કોડી મેઘ, બત્રીસ કરોડી કેતર, પાંચ કરોડથી પ્રહેલાદજી, સાત કરોડસું રાજા હરિશ્ચંદ્ર, નવકરોડથી પાંડવ રાજા ધર્મ, બાર કરોડનું પીર સુદરદીન, અનંત કરોડથી પીર કબીરદીન, ચોસઠ લાખ જોગણી, વાસંગ નાગના દળ, ભૂત પ્રેત, પલીત, એક લાખ ચોવીસ હજાર પીર પેગાંબર, અઢાર ભાર વનસ્પતિ, સાત સમુદ્ર, નવસે નવાણું નદીઉં, પાણી, પવન, હનુમાનજી, રૂષીમુનીઓ, નવગ્રહ, સતયુગ, ત્રેતા, દ્વાપર, અને કલીયુગના મુનીવરો એ સઘળાને એકઠા કરી દુલદુલ ઘોડા ઉપર શાહ બેસી કાલીંગાને મારવા નીકળ્યા. ત્યાં તો કાલીંગા દૈત્યને સુરજા રાણીએ ફૂલના દડાથી મારી નાખ્યો. એ પરથી એમાં સત્ય શું છે તે માલમ પડતું નથી. આ બધાની જોડેમેળ કરવામાં સૈયદ ઇમામશાહે ભારે થાપ ખાધી છે, તેમાં પણ તેમનો પ્રપંચ છેકજ ઉઘાડો પડી જાય છે. છતાંએ એવા કેટલાક હૈયાફુટા અર્ધદગ્ધ સતપંથી હિંદુઓ પડ્યા છે, કે જેઓ એ વાતને પણ સાચી માની રાગડા તાણી, એ કુટિલ દશઅવતારને ગાય છે; અને તેને સત્ય માને છે, તેમને પરમાત્મા આ બધા પાપ પ્રપંચોમાં સત્ય શું છે, તે જાણવાની સદ્‌બુદ્ધિ આપે.

આ ઉપરાંત સૈયદ ઇમામશાહે સતપંથીઓને ભવિષ્યની લાલચો આપવામાં પણ જરા કંજુસાઇ કરી હોય એમ માલમ પડતું નથી. જેમ બને તેમ છૂટે હાથે ઉદારતા વાપરેજ ગયો છે. આ કલીયુગમાં પીરાણા સતપંથને માનનારાઓ દશોંદ આપે, નીત્ય નીત્ય ખાનામાં જાય, તથા અમી પીએ છે, તેઓ અમરાપરમાં સવા લાખ વર્ષ સુધી રાજ ભોગવે છે. તથા અમરાપરમાં એક એક મુમનને માટે હીરા જડીત્ર અને સોના રૂપાની ઇંટો અને કેશર કસ્તુરીના ગારાથી બનેલા

રત્ન જડીત ચળકાટ મારતા પાંચસો માઇલના ઘેરાવામાં આવેલા, આલીશાન મહેલો, બાગ બગીચાઓ, કે જેની અંદર અમૃતના ફુવારાઓ, આંખને આંજી નાખે એવી ખુબસુરત સ્વર્ગની પચાસ હુરાઓ, પાંચસો છોકરાઓ, તુરી ફીરસ્તાઓ, વિગેરે સેવામાં હાજર રહે છે, તે ઉપરાંત અનેક પ્રકારની અચરત પમાડે એવી હજારો જાતની કીંમતી જણસો, એક એક સતપંથી મુમનને મુવા પછી મળે છે. પરંતુ જેઓ આજે ઈમામશાહના વંશને સુપાત્ર જાણી દશોંદ વિગેરે દાન પૂન્ય આપતા નથી, તથા ખાનામાં નથી જતા, તેમને શાહાના લશ્કરમાં પાળો ફરવો પડશે. આ સઘળામાં સૈયદ ઇમામશાહે ખાસ મુદ્દો અજ્ઞાન તેમજ ભોળા હિંદુઓને ભડકાવી હિંદુધર્મ તેમજ તેમના દેવો ઉપરથી આસ્થા ઉઠાડી તેમને મુસલમાન બનાવવાનોજ ખાસ ધ્યાનમાં રાખીને પોતાના ભોળા સેવકોને સમજાવ્યું છે કે,—

જે લોક આજ પત્થર મુર્તિની પુજા કરે, તે બહુત પુજા પાખંડ દેવળ દેરામાં ધરે,
ફુંડી પત્રીને પથરની પુજા કરે, તે મુવા પછી સવાપોર લગી છાતી ઉપર લઇને ફરે.

જે કોઇ આજ આ દુનિયામાં તીરથ પાણીની યાત્રા કરે,
તે દીન સવાપોર લગી મુવા પછી નતનત પાણીમાં ડુબી મરે.

જે કોઈ આજ દુનિયામાં બ્રાહ્મણ સાધુસંત જોગી સેવડા સન્યાસીની પુજા કરે,
તે મુવા પછી દીન સવાપોર લગી ખાંધે લઇને રવડતા ફરે.

જે કોઈ આજ દુનિયામાં ગાય પીપળાને પુજશે,
તે મુવાપછી સવાપોર લગી ગાય પીપળાને છાતી ઉપર લઇને ફરસે
જે કોઇ માણુસ આ દુનિયામાં વૃત અપવાસ કરશે,
તે મુવા પછી લાકડાં અને ઘાસ વેચીને ભૂખે મરસે.
જે કોઇ આજ દુનિઆમાં ગોર ઈમામશાહના જાપ પારશાહને જપસે,
તેને સ્વર્ગનાં અનેરાં સુખ મળસે.

જે કોઈ આજ કલયુગમાં ગોર ઇમામશાહની આલ સૈયદોને જમાડસે,
અથવા દાન પુન્ય આપસે તેને ગોર ઇમામશાહ ઇઆંને ઇઆં સોગણું આપસે.

આવી આવી અનેક ગપકથાઓ લખી, સૈયદ ઈમામશાહે હિંદુધર્મ, અને હિંદુ જાતીઓનું ભારેમાં ભારે અપમાન કર્યું છે. તે સિવાય પોતાના અજ્ઞાન સેવકોને તો એ પંથ કલીયુગના વારા પ્રમાણે અથરવેદી હિંદુધર્મજ છે એમજ સમજાવી ગયા છે, તથા હાલના કલીયુગના વારા પ્રમાણે અથરવેદ (કુરાન)ને માનવાની ખાસ ભલામણ કરેલી છે. બીજા વેદોનો હાલ વારો નથી, અથર્વેદ એટલે ઈમામશાહે રચેલાં શાસ્ત્રો, તથા તેના અર્ધદગ્ધ કલમાઓનો સંગ્રહ.

આ ઉપરાંત બીજાં પણ ઘણાં શાસ્ત્રો, અને તે સિવાય બીજાં અનેક જ્ઞાનો પણ ઇમામશાહે લખેલાં છે, તે સિવાય પીરાણા સતપંથના પુજા પાઠ ગાવંત્રી સતપંથની ક્રિયાઓ, અને તેના ચમત્કારીક એલમો વિગેરેનું વિવેચન હવે પછીના પ્રકરણમાં કરવામાં આવશે.

## પ્રકરણ ૯ મું.

### પીરાણા સતપંથીઓની રાત્રિના વખતે ખાનામાં થતી પુજાની ક્રિયાઓ.

પીરાણા સતપંથના મુળ સ્થાપક સૈયદ ઈમામશાહે પોતાના હિંદુ સેવકોને ખાસ મુસલમાન બનાવવાનાજ ઈરાદાથી, અનેક યુક્તિ પ્રયુક્તિ અને છળભેદો વાપરીને પોતાની પ્રપંચ જાળ પાથરી છે, કે જેમાંથી અજ્ઞાન અને ભોળા હિંદુઓ ભડકીને છટકી જાય નહિ. એજ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખીને પોતાના ભોળા સેવકોને સમજાવ્યું છે કે, પીરાણા સતપંથ એ કલીયુગના વારા પ્રમાણે અથરવેદી સનાતન ધર્મજ છે. અને અથરવેદ એ કલીયુગનો મુખ્ય વેદ છે. અથરવેદ એટલે ઇમામશાહનાં બનાવેલાં બનાવટી શાસ્ત્રો, તથા અર્ધદગ્ધ કલમાઓનો સંગ્રહ, આ ઉપરાંત એ પ્રપંચ કુશળ સૈયદે પોતાનો ઉભો કરેલો પીરાણા સતપંથ એ ખરેખરો હિંદુધર્મ જ છે એમ બતાવવા ખાતર પોતાનાં અર્ધદગ્ધ શાસ્ત્રોનાં નામ પણ હિંદુશાસ્ત્રોને મળતાંજ આપ્યાં છે. જેવાં કે યોગવાણી, વિવેક વણજારો, સતવેણી ધ્રુ આખ્યાન, સતપંથીઓનું નીત્યકર્મ વિગેરે. આ ઉપરાંત હિંદુઓની ગાયંત્રી, જન્મ, લગ્ન, અને મરણ પ્રસંગે કરાતી વૈદિક ક્રિયાઓ ઉપરથી એ કુટીલ કપટી સૈયદે પણ એ દરેક પ્રસંગોને માટે અર્ધદગ્ધ મુસલમાની દુવાઓ બનાવી છે કે, જે વડે હિંદુ જ્ઞાતીઓનાં ધન તેમજ ધર્મની ખુવારી થઈ રહી છે. જન્મ અને લગ્ન જેવી ઉચ્ચ ભાવનાવાળા ક્રિયાઓ કે જે વિદ્વાન બ્રાહ્મણો પાસેજ કરાવવી જોઇએ, તેને બદલે એ દરેક ક્રિયાઓ પૈસા ધુતી લેવાના કારણથી સતપંથના મુખી પાસેજ કરાવવી એવો નિયમ ઘડયો છે, અને તે મુખીએ એ દરેક પ્રસંગે મળતા સઘળા પૈસાઓ ઇમામશાહના વંશજ સૈયદોને મોકલી આપવાં જોઇએ, એવી ગોઠવણ કરી છે. તે ઉપરાંત મરણ પછીની દશા, એકાદશા, દ્વાદશા ઈત્યાદિ શ્રાધાદીક ક્રિયાઓ જે પ્રમાણે હિંદુઓ કરે છે તે પ્રમાણે, એ દરેક પ્રસંગોને માટે પણ સૈયદ ઇમામશાહ જુદી જુદી દુવાઓ લખી ગયા છે. તથા મૃત દેહને સ્વર્ગમાં મોકલવાને માટે પણ સૈયદ ઇમામશાહના વંશજ પૈસા લઈને દોવા પડી ગોઠવણ કરી આપે છે. એ ઉપરાંત દેહશુદ્ધિ પ્રાયશ્ચિત, સુતક નિવારણ ઈત્યાદિ માટે પણ દુવાઓ બનાવી છે, કે જે સઘળામાં કોઈપણ હિંદુ દેવની અગર બ્રાહ્મણની જરૂરજ ન પડે તે કાળજી ખાસ ધ્યાનમાં રાખી છે. એ ઉપરાંત ઘટપાટ કળસપુજા વિગેરેની દુવાઓ બનાવી છે કે જે સર્વે વાંચતાં એક સાચા હિંદુના હૃદયમાં કંપારી છુટ્યા વગર નજ રહે. તે સઘળામાં જ્યાં જુવો ત્યાં શરૂઆતમાં ફરમાનજી બીસમીલ્લાહ હરરહેમાનથી આરંભ કરે છે, અને અંતમાં હક લાએલાહા ઈલીલ્લાહ મહંમદુર રસુલિલ્લાહના કલમાનો જાપ હોય છે. એવી રીતની સઘળી ક્રિયાઓ સતપંથીઓમાંનો જે એક પાકો ઇમાની હોય, તેને મુખીનો ઈલકાબ આપે છે તેજ કરાવી શકે છે. આ પછી એ સઘળી દોવાઓમાંથી અનુક્રમે એક પછી એક વાંચક વર્ગની સમક્ષ રજુ કરવામાં આવશે. જેમાં પ્રથમ દોવા મુખીની ક્રિયાની આવે છે, એમાં મુખી કોણ થઇ શકે! તથા મુખીની શું શું ફરજો હોય, તથા દરરોજ મુખીએ શું શું કરવું જોઇએ વિગેરે જણાવેલું છે.

# દોવા મુખીની ક્રીયાની લખી છે.

**ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી માંહમદશાહા તમારી દોવા.**

પ્રથમ આઠ લાખ કરણ મધે ગોર ઈમામે બંદગી કીધી,
ત્યારે હાલમાલ ભેસ્તની કુંચી તે લઇ ઈમામકું દીની. ૧
ભેસ્તની કુંચી ગોર ઈમામને હાથ દોજકની કુંચી ફીરસ્તા અજાજેલની પાસ. ૨
જે ધર્મને માર્ગ ચાલસે, તે સહી અમરાપર માલશે. ૩
ત્યાં મલશે સતગોર સાહાના દેદાર, ત્યારે ચૌદભવન શાહા ઇમામને બાર. ૪
જે સ્વર્ગ મૃત્યુને પાતાળ તે સતગોર સાહેબ સરજન હાર. ૫
આજે તેનો ભેદ ન જાણે કોઈ, અને સાચા મુનીવર બુજે સોઇ. ૬
બીજા કોઇ ન જાણે દુનીઆં લોક, આજ ગોર નર રહ્યા જગમાં અલોપ. ૭
તેના અંતની કોઈ વાત ન જાણે, સર્વે આપે અકલે રહ્યા વખાણે. ૮
માઇને બાપ ભેણ બંધવ નહીં કોએ, ત્યાં સુરખ હાથ ગસતા જોએ. ૯
તમે સાચા મોમન જાણો જેહ, આપ મોરાદા નસ્ટે દોજક જાસે તેહ. ૧૦
તમેં ગત માંહે મળો મુનીવર ભાઇ, ત્યાં અર્મી નીસાની લોને જાઈ. ૧૧
મખી તે જે જીવને મોખજ આલે, મોખ મુગતના મારગ બતાવે. ૧૨
મખી તે જે કોઈને ગેર જો જાવે, તો ઉનકે જીવકા ભલા કરાવે. ૧૩
મખી તે જે અસતને મારગ ન જાવે, જીવને મોખ મુગત કરાવે. ૧૪
મખી તે જે સર્વે બલા નીકાલે, લખચોરાસીના ફેરા ટાળે. ૧૫
મખી તે જે મુવા માનવીને જીવતાં કરે, જનકા દલ હોવે તેનાં કારજ સરે. ૧૬
મખી તે જે સર્વે ઘરકા જીવ આવે, તેની બમણી કમાઇ કબુલ કરાવે. ૧૭
મખી તે જે ડાહ્યા હોવે, સારે જીવકું વૈકુઠમાં લાવે. ૧૮
મખી તે જે આપે અમર ભેદ જાણે, અગમ નીગમકી બાત પીછાણે. ૧૯
મખી તે જે સુધ બુધ બરસાત કી જાણે, સર્વે નગરકી બાત પ્રમાણે. ૨૦
મખી તે જે પીર પેગામ્બરકું નજરે દેખે, જરણ મરણકા હાલજ પેખે. ૨૧
મખી તે જે સત વાત સાચી કરી માને, તાંહાં કમાઈ સહી કરી જાણે. ૨૨
તે મખીની સેવા અમર જાગે, જે સત સબુરી સંતોક માગે. ૨૩
જે એકેમને એકેચંતે સતપંથ ધાએ, તે મખી તો વૈકુઠમાં જાએ. ૨૪
જે દસોંદ સુકરીત ખરા સુમન હશે, તે જીવતો અમરાપર જશે. ૨૫
તમે રખેસર સાહેબસું રાખો ચંત, ગોર ગતમાં મળવું નત નત. ૨૬
તમેં અમરાપરમાં જસો સહી, આજ ભુલાવે ન પડસો કોઈ. ૨૭
ભુલા કાંએ ભમો છો ગમાર, સાચા રખેસર તે સચી ધાર. ૨૮

રબેસર હશે તે સાહેબના સેનમાં મળસે, નુરાણે ઘોડે મુમન ચડસે. ૨૯
ગોરનર આગલ હજુર ફરસે, નત નત દેદાર સાહેબનો કરશે. ૩૦
જ્યારે આવી આપ સાહેબ તખત બેસે, ત્યારે નત નત દેદારી મુમન રહેશે. ૩૧
આજ ગોર ગતમાંહે મલીને કરો તખત બેસે, ત્યારે નતનત દેદારી મુમન રહેશે. ૩૨
આજ ગોર ગત માંહે મલીને કરો કમાઇ,
ભણે ગોર ઇમામશાહા તમે સત ચલો સચીઆરાભાઈ. ૩૩

**સતગોર ઇમામશાહા નરઅલીમહંમદશાહા, હકલાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલિલાહે.**

## (૧) દોવા દેવ સ્થાપનના મંડાણની છે.

### ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્રબ્રહમા ઇંદ્ર ઇમામશાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.

તમે સુણો મુનીવર વેદ વીચાર, મણીતણા કરીઆ આચાર. ૧
આવી ગતમાંએ હેજંદા કહે, એકમનો થઇને ઉભો રહે. ૨
ગોર ગત પાસે માગે વચન, નરમલ કરાવે જીવને પંડ. ૩
ગોર ગત મળીને કરે આસીસ, આજ ગતમાંહે ગોરનર છે જગદીસ. ૪
તાંહાં નાનામોટા સહુ કરગરે, જપે પીરસાહા ને તોબાં કરે. ૫
કહી ફરમાનને માંણજ લહે, તાંહાં નરવખ થઇને ઉભો રહે. ૬
રદયે રાખે પીરશાહનો જાપ, તોબાં થકી ઉતરે પાપ. ૭
માંણ તણી આસીસ જો કરે, જાપ જપે પાતક ઉતરે. ૮
દોજણ મળીને ઉતરાવે ગાંણ, એક બીજાને કહી ફરમાન. ૯
માંણ ઉતારીને ઉભો રહે, નમી ગતને હેજંદા કહે. ૧૦
એક મનો થઇને ડગ જો ભરે, અને મણી તણે આસણે સંચરે. ૧૧
આસણ જઇને કરે હેજંદા, બકસે ગુના ગોર ગતના બંદા. ૧૨
બેઠી આસણ બેસે કાયા, દીલથી દૂર કરે મોહ માયા. ૧૩
જે સંત સંતોકે બેસે સહી, તે દયા બેમ્યા રહેણી રહી. ૧૪
પુરવ દીસા પુંઠજ ધરે, ને પછમ દીસા સુંનમુખ કરે. ૧૫
દખણ મેલે ડાબે પાસ, જમણી ઉત્તર પુરે આસ, ૧૬
ગોર ગતને પુછે ફરમાન, કહી જગનનું માંડે કામ. ૧૭
ત્રણ દરવાજા બંધજ કરે, જ્યાં થકી પવન નાં સંચરે. ૧૮
કહી ફરમાન ને માંડે પાટ, સર્વે જીવતણા મુગતા ગાટ. • ૧૯
માંડી પાટ ને આખર પૈસાને કલસ જો લે, ત્યારે ધૂપ દીવાને અરપણ કરે. ૨૦

ભરી કળસને ગુજારે આપ, ભણે કાંઠી પીરશાહાનો જાપ. ૨૧
માંડી કળસને એક ચીંતે રહે, આખા લઈને કળસમાં ધરે. ૨૨
ફુલ હાર ગટ પાટે ધરે, ચુવા ચંદન અરપણ કરે. ૨૨
આલ ભણીને ઉપજાવે નુર, આલે નરંજન છે ભરપુર. ૨૪
ત્રણ દેવની પુજા કરે, નુર લઈને કળસમાં ધરે. ૨૫
નુર માંહે શક્તિનો વાસ, નુરે નારાયણ થાએ પ્રકાશ. ૨૬
પાંચ તનનો નુરમાં રહે, ચોવીસ પાત્ર કળજગમાં છે. ૨૭
એક મનો થઈને મખી જે ભણે, ગોરનર આલે એક કરી ગણે. ૨૮
આલે ગોરનર બેઠા સહી, દોવાથી મખીએ દીઠા તહીં. ૨૯
પરદખણાનું મોટું દાન, પુજીએ તો મેરૂ સમાન. ૩૦
એવી દોવા મખી જો કરે, કલસ આગળ પરસાદ ધરે. ૩૧
જીવ તો મરતંગ હોઈને રહે, દુઃખ સુખ દીલનાં સતગોરને કહે. ૩૨
પુજા કરે કલસની સાર, માંહે નરંજન સચરાચાર. ૩૩
મખી તે જે ભાર ગતનો આપે સહે, પરવેદના દુખ દીલમાં ગ્રહે. ૩૪
મખી તે જે મન મારી રહે, મુખમાંથી મર કોઈને ન કહે. ૩૫
નતનત હાલ ગુજારે આપ, દુવા ભણી ઉતારે પાપ. ૩૬
કરી આસીસને છોડાવે કરમ, ગોરગતની કરીઆ આચારે વાધે ધરમ. ૩૭
બોલે સાચું ને વચને પળે, બાર કરોડીને સંગ જઈ મળે. ૩૮
મખી તે જે એટલી ક્રીયા પાળે, નતનત હાલ ગુજારીને માંણજ લહે. ૩૯
મખી તે જે ક્રીયા આચારસુંનરસે રહે, એવી દોવા તે ગોર ઇમામશાહા કહે. ૪૦

**સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા, હકલા એલાહા ઇલ્લલાહો મહમદુર રસુલિલાહે.**

## (૨) દોવા મુખીને તોબાં પડવાની છે.

**ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદ વીસનવ, નરંજનનરઅલી, મહંમદસાહા તમારી દોઆ.**

સાહેબ તોબા હજારવાર, આ બંદા ગુનેગાર, બકસો ગુના લાખ. અવલ આખર સાહા મુરતજા અલી પાક, અવલસાહા અલી, આખર ઈમામ મહેંદી. જાંબુદીપના ધણી વીસનવ નારાણ વસમના આધાર, સેસટના સરજનહાર, જાંબુદ્વીપે ધર્યો અવતાર. રહેણી કીજે ખેર, દીવસ કીજે મહેર. નેકનજર ધરો. બંદાની મુસ્કેલ આસાન કરો. **સતગોર ઈમામશાહા નરઅલી મહંમદસાહા હકલા એલાહા ઈલ્લલાહો મહમદુર રસુલિલાહે.**

## (૩) દોવા મુખીને આસણ ઉપર આસણ આગળ રહીને ભણવી.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામશાહા નર અલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. પ્રથમ અહુંકાર, અહુંકારથી ધંધુકાર નરંજન નરાકાર, તમે સેસટના સરજનહાર. સ્વામી તમે ધર્યા અવતાર સ્વામી દીનમાં તમે, દુનીઆમાં તમે, જાહેર તમે, હજુર તમે, કાયમ તમે, દાયમ તમે, અવલ તમે, આખર તમે, નુર તમારૂં, જહુર તમારૂં, ભાવ ભક્તી ઇમાન અમારૂં. અમે બંદા ગુનેગાર, તમે સાહેબ ગુના બકસણહાર. બંદાને દેદાર દેજો, આખરવેળામાં ઉગારી લેજો. તમે આસણ સીંગાસણ આવીને પરવરો, કીધા ગુના બકસો. બીજા ગુના ન કરાવશો, પાંચ સાત નવ બાર તેત્રીસ કરોડીના મેળા દેજો. લખ ચોરાસીના ફેરા ટાળો, સગળી જમાતનું દેદાર આલો. સ્વામી એકાંત કરો, દોહાંત દુર કરો. ધર્મ સ્થાપો, ને પાપ કાપો. સમજણ આપો, સતીઓની સોબતમાં રાખો. સમર્યા સાર કરો, કરગર્યા કાન ધરો. આવાગવન દુર કરો, **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલીલાહે.**

## (૪) દોવા મુખીને આસણ ઉપર પેલો જમણો પગ મુકીને તહાં ઉભા રહીને હાથ જોડીને ભણવી.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામશાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

સાહા હેજંદા કાયમ દેવ પાયા, સતગોર નુર પાયા, સાહા પાયા, સાહાકા દેદાર પાયા, સતીઓની સોબત પાયા, રખીઓનાં રાજ પાયા, અમરાપોરમાં વાસ પાયા, અનંત કરોડીની સોબત પાયા. **સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા. હક લાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫) દોવા પાટ માંડવાની ગટના આસણુની છે.

**ફુરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

સ્વામી તમે અહુંકાર માંહે આપો આપ, સકતી રૂપી જપાવો જાપ. સકતી રૂપી રચ્યો સંસાર, સકતી વેદ ઉત્તમ આચાર, હેઠળ શકતી રૂપને ઉપર કલા, પાંચ દેવ તે સંભરે ભરા. આસણુ શકતી નુરી તેજ, નુરે ખલકાં નરંજન હેજ. સેસટ શકતી મીટી સહી, મીટી બાજનાં ઉપનાં કોઇ. માટી ઘટ ને માટી પાટ, માટી મોખ મુગતની વાટ. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬) દોવા પાટ માંડીને સરદો કરવાની છે.

**ફુરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ, સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

નવતન અસલામ અરજતલા સલામ, મામા અરજુલા સલામ, અજામ અમલ હરામ, શક્તિ માતા સલામ, ગોર અજબ સલામ. હકસાહા મુરતઝાઅલી અલા તમે, અલખ તમે, કાયમ તમે, કરતાર તમે, સાહા પાયા અમે, સબકુલ જમીપર સરદા. સરદા મન સાહેબ. સાહેબ મન ફુકર, ફુકર મન અલા, અલા મન મહમદ, મહમદ મન ઉમત. **સતગોર ઈમામસાહા હક લાએલાહા ઈલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૭) દોવા પાટ ઉપર આખા મુકવાની છે.

**ફુરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોરપીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નરઅસલામશાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. પ્રથમ આદ નરંજન ધંધુકાર, સેસટને કારણે ગોર નરે લીધા અવતાર. ધંધુકારમાં ધ્યાનજ ધરી, છત્રીસ જુગને

ચોરાસી ચોકડી પેલી કરી. પેલા સરજ્યા બ્રહમસતંન, તેહેથી સરજ્યા રોહો રતન. આપ સતનથી જરીઆં નુર, તેહનાં સરજ્યાં ચંદ ને સુર. નારાણે સરજી સુરત ચાર, ચતુર વેદને અહુંકાર. અહુંકારથી સરજ્યા સતપંથ, ધરી અવતારને બાંધ્યા બંધ. અથરવેદને ચોક સીંગાસણ આવો, ગટમાં આવીને વાસ કરો. પાટની પુજાએ રહો, કલસ માંહે કલા ધરો, ગટ ગતમાં આવી પરવરો. આદ બ્રહ્માએ ગટ થાપો ચોદેશ નાંખી ફરોઇ, અનંતરૂપે ચળત્ર કીધાં કરતાર સુરત સોહી. અરલોક પરલોક દેવલોક જમલી જમાત ગોરગત ગંગા ફરમાની બંદાને ઇમાને અજનતમેં કબુલ કરો, કલસ માંહે તમારી કળા ધરો. અલી નરંજના નકલંકી પાત્ર, સતગોર સુદરદીન નર અસલામસાહાની કરાવી જાત્ર. ઇમામસાહા નરમહંમદશાહે દીધો દેદાર, જીવ સહી કીધા કરોડી બાર. નબીનુર સતગોર આદ બ્રહ્મા, પીર સમસે થાપાં ધર્મ. પીર સોદરદીને ન જપાવ્યા જાપ, પીર કબીરદીને કીધા પાક. ઇમામશાહા મહમદશાહા પુરી સાંખ, સુખી થાપ્યા સવાલાખ. સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા. હક લાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે

## (૮) દોવા પાટને ચારે દીસે પૈસા મુકવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

સ્વામી આજ કલજુગનું વર્તમાન જો નારાયણનું સ્થલ. ગટે બ્રહ્મા, ગટે વીસનવ, ગટે દેવ મહેશ્વર. ગટે મધે ચૌદ લોકના વાસ, તેત્રીસ કરોડી દેવતા પ્રકાસ. ગટ મધે બ્રહમા વીસનવનો પરવાર, જો આજ કલજગમાં હોવે તેહનો વાસ. પાત્ર નકલંકી નારાણ, તે નર અલી મહંમદસાહા. સીંગાસણ તમારૂં તમે સ્થાપો. તમે બેસો, સત તમારૂં, દત તમારૂં, કરમ તમારૂં, ધર્મ તમારૂં, દીવાન બાદશાહાજી આ બંદા ગનેગાર તમારી પનામાં રાખો. કરગરા કાન ધરો, સમરા સાર કરો. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલ્લલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૯) દોવા પૈસા મુકીને સરકાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.**

પ્રથમ આદ નારાણે કીધો વીસ્તાર, ત્યારે દીસા લખી ચાર. ચતુર દીસા માંહે કીધાં ચતુર મુકામ, તાંહાં સતગોર સાહાનાં દેખાડયાં ઠામ. જાયલા ફાયલા અરજલા ખલીફા ચતુર કલફની સાંખ ધરી, ગોર નામ ભણાવ્યાં હરી. જાંખા, મેઘા કેનર અનંત,જેણે અવીચળ રાખ્યાં સત. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલ્લાહો મહમ્દુર રસુલીલ્લાહે.**

## (૧૦) દોવા કલસને ધુપ લોબાનની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.**

અહેર દરદ, જાહેર દરદ, દરદ નબી ઉપર, અલ્લાહો ફાતીઆ. અગર જલે, પીડા ટલે. સાહેબ જાગે, સેતાન ભાગે. ધુપ તાંહા રૂપ. દેવ તાંહાં પુજા. અલખ નરંજન નરાકાર, અવર દેવ નહીં દુજા. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદસાહા હકલાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલિલાહે.**

## (૧૧) દોવા દીવા જોતને પ્રણામની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

ગોર દીવો, ગોર દેવતા, ગોર વનાં ઘોર અંધાર, ગોર વનાં જુગત નહીં, ગોર વનાં મુગત નહીં. મન તાળું, કલમો કુંચી, ખોલો ધર્મદોવારાં, દેખો **મહમદશાહાકા દેદાર. જાગે જોત, ને ભાગે ભોત. સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાંએલાંહા ઇલલાહો મહમદુર રસુલીલાહે.**

## (૧૨) દોવા કલસમાં જળ ભરવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામસાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. અહું, ઉનાદ, સાદ, શબ્દ, નુર, તેજ, બંબ. આપોઆપ ઉપાયા ઇંડ, ઇંડ માંહેથી સરજ્યાં પંડ. પંડ માંહે ઇચ્છા કીધી, અનંત કળા વરતી લીધી ઇંડ છેદીને ઉપના આપ, ચતુર સુરત કીધી થાપ. કહી ફરમાને અહુંકાર, પરગટ કીધી સુરત ચાર. ખાંણી વાણી સરજ્યા વેદ, જુજવા વારાના જુજવા ભેદ. આલ કુરસીમાં છે ભરપુર, અસતળ બાંધી સરજ્યાં નુર. નુર કાંડી અજંપા જાપ, ચતુર સુરતને નરંજન આપ. અંનદેવ તે ઉપનાં બ્રહ્મ, મચ્છ કળસ કરીને થાપાં ધર્મ. સવા પુરૂષને શકતી સાર, વીસનવ જળને કળસ કીરતાર. આસા પુરો વાસ ધરો, નુરનો પ્રકાશ કરો. કળસ માંહે કળા ધરો, રખેશર જીવને પાવન કરો. નબીનુર સતગોર નર અસલામશાહા. સતગોર સલાઓદીન, પીર સમ્સદીન, પીરનસીરદીન, પીર સાહેબદીન, પીર સોદરદીન, પીર કબીરદીન, પીર ઈમામશાહા અરજ કરે. જાંબુદીપે કુંવારકાં ક્ષેત્રમાં નકલંકી નારાણ આરબી રૂપે કલસ માંહે કળાં ધરો, ઘટમાં વાસ તમારો કરો. **સતગોર ઈમામસાહા હક લાએલા હઈલીલ્લાહા મહમદુર રસુલીલ્લાહે.**

---

## (૧૩) દોવા કલસ માંડીને સરદાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

વીસનવ ઉપજંતે, માહાવેવારંગ શકત ઉપજંતે. અનંત ત્રનવંગ સ્વામી તમારૂં સીંગાશન થાપો. તમે નુરં પરવરો, ગટમાં તમારો વાસ ધરો. તમે અનંત વાર થાપો તમે અનંતવાર ઓચરો, તમે અથરવેદને વાયકે ફરો. તમે આદનારાણ કળા પ્રકાસી ત્રણ દેવ પેદા કીધા, તે દેવ જગોજગ આવી અવતર્યા. ગટે બ્રહ્મા, ગટે વીસનવ, ગટે દેવ મહેશ્વર, અથર વેદની કળા ધરો. ગટમાં અલ્લા ઇશ્વર તમે કરતા. તમે હરતા. આદ બ્રહ્માએ ઘટ સ્થાપીઓ આદેસ નાખી ફરેઈ, અનંત રૂપે ચળત્ર કીધાં કરતા સુરત સોઈ. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહા મહમદુર રસુલીલ્લાહે.**

## (૧૪) દોવા કળસ ઉપર આખા મુકવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્રિ ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન સતગોર પીર સમસદીન, નર અસલામસાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા પ્રથપ આદ નરંજના અહુંકાર, અહુંકારથી ધંધુકાર, સેસર તણો કીધો વીસ્તાર. મનમાં હરીએ ધરીઉં હેત, તાંહાં રચ્યું એક બ્રહ્મજ ખેત. બ્રહ્મ સતનથી જરીઆં નુર, તારે સરજ્યાં રોહો રતન ભરપુર હરીએ કીધાં દ્રષ્ટે કાંમ, તારે સરજ્યાં પંડ ને પરાણ. તે પંડમાંહે મેલી માયા, અનંત સરૂપી સરજી કાયા. જળ અખરે પુરોવાસ, આદ નરંજન માંહે પ્રકાસ. કળસે ચાર સુરત મળીને કરો જુગત, રખેસર જીવને આલો મુગત. નર અસલામસાહા દાતાર, નર અલીમહંમદસાહા હુશેનીમાં સલદાર, જાંબુદીપે ભરતખંડે કુવારકાં ખેત્રને અસ્થળે બેસો, તમેં નરંજન નકલંકી નારાણ સાહેબ સુલતાન બાદસાંહાંજી નબીનુર સતગોર બ્રહ્મા તમે આખર સ્વરૂપે ગટમાં કળા ધરો. સતગોર **ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો. મહમદર રસુલીલ્લાહે.**

---

## (૧૫) દોવા કળસમાં આખા તારીને સરદો કરવાની છે.

**ફરમાનજી બીસ્મલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામસાહાં નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. મહમદ રસુલહુ, જલજલાલહુ, વેનાંમત મયો, અલ્લાવેનામતવકી અલ્લા વેનામતે નસીબ સાહેબ સતાર. સાહેબ ગુફાર, સાંહાં પરવરદીગાર, સાંહાં બેલી, સાંહાં ખલક, સાંહાં અવલ, સાંહાં આખર, સાંહાં અવતાર, સાંહાં પાતર, સાંહાં મચ્છ, સાંહાં કોરંભ, સાંહાં વરાહ, સાંહાં નરસીંહ, સાંહાં વામન, સાંહાં ફરસરામ, સાંહાં રામ, સાંહાં કરશન, સાંહાં બુદ્ધ, સાંહાં નકલંકી નારાણ, નરંજનાં નરાકાર, અલી નબી શકી સોને દેદાર. નર અસલામ સાહા દાતાર, સતગોર સોહદ્દીન ફ્રાર, નબીનુર સતગોર ઈંદ્ર ઇમામસાહા નરઅલા મહંમુદસાહા તમારાં નામ ઉપર અલીહારી આઉં,

તમારાં કામ કર્તવ્યથી વારી જાઉં. અનંત અવગુણ અમારા, આ બંદા ગુનેગાર. બાહસાહાજી તમેં ગુના બકસણહાર, જાંબુદીપ કુંવારકાં ક્ષેત્રમાં રખેસર જીવોને આલો દેહાર. સાહેબ તમે મહેર કરો, કળસ માંહે કળા ધરો. સ્વામી તમે નુર સ્વરૂપે કળસ માંહે પરવરો. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલાહા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૧૬) દોવા ગટપાટને ફુલહાર ચડાવવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરેહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામ સાહા નરઅલી નરંજના નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી પાનફુલના ભોગદારી તમે છો, આસના વાસનાના ભોગદારી તમે છો, ઘટપાટના ધણી તમે છો, ઘટ માંહે વાસ તમારો છે, સ્વામી દાતા ભોગતા તમે છો, બ્રહ્મા વીસનવ માહેશ્વર આદ નારાણ ઘટમાં વાસ પુરો, અવલ આખરના ધણી તમે છો અથરવેદની કળાધરો, તમે પ્રગટ રૂપ કરો. **જાંબુદીપના સુલતાન સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલાહા ઈલ્લલ.હો મહમદુર રસુલીલ્લાહે.**

## (૧૭) દોવા ઘટપાટે ચુવાચંદન અબીલ ચડાવવાની છે.

**ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદશાહા તમારી દોવા.**

સ્વામી પાન પુલના ભોગતારી તમે છો, સ્વામી આસના વાસનાના ભોગતારી તમે છો, સ્વામી કેશર કસ્તુરીના ભોગતારી તમે છો, સ્વામી અગર ચંદન મુસકના ભોગતારી તમે છો, સ્વામી અતર અબીલ ગુલાબના ભોગતારી તમે છો, સ્વામી પરેમળ વાસનાના ભોગતારી તમેં છો સ્વામી દાતા ભોકતા તમે છો, સ્વામી પાન ફુલનો અહાર તમારો છે, સ્વામી તમારો આહાર વેવાર સ્વામી પાન ફુલનો તમે લો આહાર. **સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમ.મસાહા નરઅલી મહંમદસાહા હક લાએલાહ. ઈલ્લલ.હો મહમદુર રસુલીલ્લાહે.**

## (૧૮) દોવા ગોરનરની આલ ગાવંત્રી છે.

મુખીએ હાથમાં ગોળી જાલીને બુધ લગી આલ ભણવી પછે કળસ માંહે પાવળ ગોળવી. મીરાં મહંમદસાહા લગી આલ ભણવી.

### ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ.

પ્રથમ પરમેશ્વરા, પરદે જલે સાગરા, સેવાને કારણ હેત રચંતે, ધરતલી ઉપર પાઉં ન દેતવા સદા સર્વે પરલેગત. પ્રથમ લીલ વર્ણ તે ધંધુકાર, ત્યારે સ્વામી તમે આદ નરંજન નરાકાર. તાંહાં કવન ચેહનાં પરીવરતંતે. દબદેહી તે આદ પુરૂષ નારાણ. આપ મન આપ ધ્યાન કરતવંગ હો સ્વામીજી. તે નુર નરવાણ આપ હસ્તકે, તદા નરંજન તે નરાકાર, તાંહાં લીલ વર્ણ તે ધંધુકાર. તારે નહીં સાદ, નહીં સબ્દ. નહીં ઉનાદ, નહીં ઉંકાર, નહીં ઉતપત્ત. નહીં રેવત, નહીં રચના. નહીં પવન, નહીં પાણી. નહીં ખાણી, નહીં વાણી. નહીં વેદ, નહીં ભેદ. નહીં જળ, નહીં કમળ. નહીં હમલ, નહીં વમલ. નહીં પરબત. નહીં પાખાણ. નહીં નદીઓ, નહીં નવાણ નહીં સમુદ્ર, નહીં સાગર. નહીં ગેવર, નહીં કેવળાસ. નહીં મેર, નહીં મેખળા. નહીં સ્વર્ગ, નહીં નર્ક. નહી મરત, નહી પાતાળ નહીં ધરતી, નહીં આકાસ. નહીં ચંદ, નહીં સુર. નહીં તારા, નહીં ધ્રુ. નહીં મેઘ, નહીં મંડળ. નહીં રેહેણી, નહીં દીવસ. નહીં સુન, નહીં પોકળ. નહીં જરણ, નહીં મરણ. નહી સેસટ, નહી સંયોગ, નહીં ભાવ, નહીં ભેંકાર. નહીં રૂપ, નહીં રેખા. નહીં રાગ, નહીં ભેખા. નહીં દમ, નહીં કદમ. નહીં ધમ, નહીં ધમકાર. નહીં રીત, નહીં કરીત. નહીં જોગ, નહીં જોગત. નહીં સંગત, નહીં ભગત. નહીં મોહો, નહીં માયા. નહીં કાયા. તારે ભાવ ને ભેદ કાંઇ નવ હુતા, તદા આદનરંજના કઇ પેરે સંસાર નીપાયા. તાંહાં સ્વામીજીએ પ્રથમતો લીલવર્ણ ધંધુકાર મધે, અહુંકારથી હેત ધરીઆં. હેત થકી નીર જરીઆં, નીર થકી ખીર કરીઆં. ખીર થકી ફેણ ઉપાયા, ફેણ માંહેથી ઈંડ નીપાયા. ઇંડ થકી રચંતે સર્વે રચના. તારે ઈંડ છેદીને ત્રણ ત્રભોવન સરજ્યાં હો સ્વામીજી. પરથમ તે જમીનનાં જડબંધન જુગ પાંચ, પાંચ જુગતો પીયાળ થોભતાં. પાંચ જુગતો ગડમેરૂ ઉઠંતાં, પાંચ જુગતો બ્રહ્મમંડ જડંતાં. આઠ જુગતો ગીતા ગાવંત્રી ઉધરંતા, નવ જુગતો નીર નરવાણ બાંધંતા. બાર જુગતો ફેઠમાળ ફેરવંતા, વીસ જુગતો વભુત વનસપતિ વસંતા. ત્રણ જુગતો ત્રીભોવનના ત્રીભુજ ધરંતા, એક જુગતો અહુંકાર બોલી ભણંતા. એવા તોતેર જુગતો વઇ ગયા સ્વામીને અટકળ કરંતા. તદા અગમ અગોચર સતગોર બ્રહ્મા નરનારાયણ દેવ માહેશ્વર. એ ત્રણ દેવની જે કોઈ પુજા કરે, તેને આવાગવનના ફેરા ટળે. તદા સ્વામીજીએ

પેલા ચોથા સત. સત ઉપર દત. દત ઉપર ખમયા. ખમયા ઉપરં ગજા. ગજા ઉપર નીલ. નીલ ઉપર સેસનાગ. સેસનાગના શીર ઉપર ધબળો ધોરી. ધબળા ધોરીના સીંગ ઉપર એક રાહી. એટલા ઉપર જતન કરીને સ્વામીજીએ સેસટ નીપાઈ. જે કરણ કલફના અવતાર પાત્ર, તે સુણો રણેસર ભાઈ. જાંહાં થકી સ્વામીએ રૂપ ધર્યાં, તે રૂપ ઓળખીને આજ કરો કમાઈ. પ્રથમ નામ તો નીલ, અનીલ, સુન, સાન, નાંન, ગ્યાન, મેંઆન, નુર, તેજ, જળ, કમળ, કેદમ, આદબુદ, નાદબુદ, ગજતત્વ, પરેમતત્વ, આદપુરૂષ. આદપુરૂષથી અહુંકાર. અહુંકારથી ચાર વેદ પ્રકાસ. આદ પુરૂષથી નાંભ ચક્રે. નાંભ ચકરથી ભવે ગોર બ્રહ્મા. સતગોર બ્રહ્માથી સર્વે સેસટની ઉતપત. જે ચાર કલફના અવતાર પાત્ર તે સાંભળો મુનીવર ભાઇ. જાંહાં થકી ગોરનરે અવતાર લીધા, તે અવતાર ઓળખીને આજ કરો કમાઇ. પ્રથમ નામ તો અહું, ઉનાદ, અવીગત, એહેદ, હવ, ક્રવ, તથા ધરમ, તેજ, લવ, નાદ, ઓતર, હરીતક, પુર્વી, અતીત્રવંસી પરેમરખ. વૈંસ તો શ્રી મચ્છ, મનઈત, ઉગ્રસેન, અજુવત, બ્રેસપત આસોમંત્ર, પરીકમરખ. વૈંસ તો શ્રી કોરંભ, વસરત, હકાઇત, કાજમ, પ્રજાપત, દાઢમરખ. વૈંસ તો શ્રી વરાહ, દેહર, રૂપક, કેશવ, નસખત્રીપત, ગૌતમ, અમીરખ. વૈંસ તો શ્રી નરસીંહ, સુનાયક, વંસવઢણ, વીરલોચન, કાસમરખ. વૈંસ તો શ્રી વામન, માનધાતા, પૃથ્મીજે, અસરત, જમદગની રખ. વૈંસતો શ્રી ફરસરામ, રઘુ, નઘુ, જબાઇત, કેવળીક, અજેપાળ, દશરથ. વૈંસ તો શ્રી રામ, લવ, પદમ, પરિખત, વીરપાળ, વાસુદેવ. વૈંસ તો શ્રી કરશન, પરતુમલ, સેસસ્થાન, બીલસસ્થાન, વેણીવચ્છરાજ, સહીરાજ. વૈંસ તો શ્રી બુદ્ધ.

**ફરમાન કહીને કળસમાં ગોળી ગોળવી. ( આલ ભણવી. )**

સીસ, સામ, સુલકાન, અસલામ, હારૂન, આદમ, નીઝાર, મીઝાર, અલીઆસ, મલીઆસ, સુલકાન, કાજીમ, કાહર, કાંહંમ, ગાલબ, એલબ, કાહેમ, મોરાદ, અબદલમુનાફ, હાસમ, અબુમતલબ, અબુતાલબ. વૈંસ તો સાહા શ્રી મુરતજાઅલી, ઇમામ હશન, ઇમામ હોશેન, ઈમામ જેનલાબદીન, ઈમામ મહમદ બાકર, ઈમામ જાફર સદક, ઈમામ અસમાઇલ, ઇમામ નુર સતગોર, સેહેદ અસમાએલ સાહાની, સેહેદ નુરમહમદ, સેહેદ ઇમામદીન, સેહેદ મુસાફરદીન, સેહેદ મનસુરદીન, સેહેદ ગલાબદીન, સેહેદ જમાલદીન, સેહેદ સાદકદીન, સેહેદ મેહેરદીન, સેહેદ સાલેદીન, સેહેદ હાદીન, સેહેદ ફજલસાહા, સેહેદ હાસમસાહા, સેહેદ મહંમદસાહા, સેહેદ એમદસાહા, સેહેદ નાસરશાહા, સેહેદ મુસાએકસાહા, સેહેદ માહાબુ, સેહેદ મસ્તંગ, સેહેદ મહીઓદીન, સેહેદ મોમનસાહા, સેહેદ ખાલકસાહા, સેહેદ નીઝારસાહા, સેહેદ અસલામસાહા,

સેહેદ સલાઓદીન, સેહેદ સમસદીન, સેહેદ નસીરદીન, સેહેદ સાહેબદીન, સેહેદ સોદરદીન, સેહેદ કબીરદીન. સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહમદસાહા હક લાએલાહા ઇલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે.

## (૧૯) દોવા ચાળીસ ઇમામની કાંકણુ પેલી.

### ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ.

હુકમુલાંણું સાહા મુરતજાઅલી. (૧) ઇમામ હશન. (૨) ઈમામ હોશન. (૩) ઇમામ જેનલાબદીન. (૪) ઇમામ મહંમદ બાકર. (૫) ઇમામ જાફર સાદક. (૬) ઈમામ અસમાઇલ. (૭) ઇમામ મહંમદ અસમાઇલ. (૮) ઇમામ સાજીઓતમ. (૯) ઈમામ રાજીઓતમ. (૧૦) ઇમામ બકીઅહંમદ. (૧૧) ઈમામ તકી મહંમદ. (૧૨) ઇમામ કાહેમદીન. (૧૩) ઇમામ મોદી અબદલા. (૧૪) ઇમામ કાયમ કલંદર. (૧૫) ઇમામ મનસુરદીન. (૧૬) ઈમામ સામેહેજી. (૧૭) ઇમામ અજીજ મહંમદ. (૧૮) ઇમામ હકીમઅલી. (૧૯) ઇમામ જાયેર હશન. (૨૦) ઇમામ મુસતમ સરબલા. (૨૧) ઇમામ સા નીઝાર. (૨૨) ઇમામ હાંદી. (૨૩) ઇમામ મેંદી. (૨૪) ઇમામ જફર અસલામ (૨૫) ઈમામ મહંમદ અસલામ (૨૬) ઇમામ હશનઅલી. (૨૭) ઇમામ અજીજ મહંમદ. (૨૮) ઇમામ જેનલાવદીન. (૨૯)ઇમામ રકાનદીન ખુરાસાની. (૩૦) ઇમામ સમસદીન. (૩૧) ઇમામ સલાઓદીન. (૩૨) ઇમામ કાશમ બનકાસમ. (૩૩) ઇમામ અસલામ સાહા બન અસલામ સાહા. (૩૪) ઈમામ મસતુમ સરબલા. (૩૫) ઇમામ ગરીબ નમોરજા (૩૬) ઇમામ બાકરઅલી. (૩૭) ઇમામ મોરાદઅલી. (૩૮) ઇમામ જલપોકાર અલી. (૩૯) ઇમામ નુરધરઅલી ઇમામ સાહેબઅલી. (૪૦) ઇમામ સાહા નીઝાર. હક લાએલા હઇ લલ્લાહો મહમદ રસુલલ્લાહે.

## (૨૦) દોવા ગોરનરની આલકાંકણુ પેલી.

### ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ.

આદ વીસનવ નરંજના નરાકાર, સેસટ કારણુ સતગોરે લીધો અવતાર. (૧) અહુ. (૨) અનાદ. (૩) અમી. (૪) નુર. (૫) તેજ. (૬) ઇંડ. (૭) ઉદબીજ. (૮) ઉત્તપેત. (૯) વઈ તેજ. (૧૦) ઉમરરૂખ (૧૧) બરમ. (૧૨) બંબ

(૧૩) મરમ. (૧૪) હરીતતવ. (૧૫) પરી. (૧૬) પરીતમ. (૧૭) પરીભાંણ. (૧૮) કઉતમ. (૧૯) કમાઇ. (૨૦) અડરખ. (૨૧) આદમરખ. (૨૨) અચીગત. (૨૩) પરેમરખ. (૨૪) હરીવંસી. (૨૫) હરીતખત. (૨૬) અકાસ વેહની. (૨૭)એકારણી (૨૮) રીખવ (૨૯) રેવંક. (૩૦) અમરીત. (૩૧) દાડમ રખ. (૩૨) ગરીવર. (૩૩) વંસી. (૩૪) અમરીક.(૩૫) અકાસ બંબ. (૩૬) ભવસાગર. (૩૭) મારકુંડ. (૩૮) ગરૂભાણ. (૩૯) વનીતેજ. (૪૦) અગનીપુરી (૪૧) અમરતેજ. (૪૨) વાયેવંસી. (૪૩) હરવંસી. (૪૪) બ્રહ્મવંસી. (૪૫) ઇખવંનદ. (૪૬) સજાનંદ. (૪૭) પરીસુગત. (૪૮) વની. (૪૯) વદેવ. (૫૦) જમદગની. (૫૧) જદેવ. (૫૨) ગુરૂદેવ. (૫૩) વશેસટગ. (૫૪) વેણીગોર. (૫૫) પારાસુર. (૫૬) વીદરવ્યાસ. (૫૭) સુખદેવ. (૫૮) અગસથાની. (૫૯) વેણી વછરાજ. (૬૦) આદમ. (૬૧) મીઝાર. (૬૨) નુર. (૬૩) પરકાસ. (૬૪) મુતલબ. (૬૫)હાસમ. (૬૬) અબુતલબ. (૬૭) અબદલા. (૬૮) નબીમહમંદ રસુલલ્લા, (૬૯) સેદ તઇઅબ. (૭૦) સેદ તાહાર. (૭૧) સેદ હાસમ. (૭૨) સેદ કાસમ. (૭૩) સતગોર ઇમામસાહા. હકે લાએલા હઈ લલાહો મહમદુર રસુલીલ્લાહે.

## (૨૧) દોવા કળસને પ્રદખણાની છે.

ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.

(૧) હકમુલ્લાણાસાહા મુરતજાઅલી. (૨) નર ગાલબસાહા. (૩) નર ફાજલસાહા. (૪) નર હાસમસાહા. (૫) નર મહંમદસાહા. (૬) નર અેહમદસાહા. (૭) નર મેહેદીસાહા. (૮) નર નાસરસાહા.(૯) નર મુમનસાહા (૯) નર ખાલકસાહા. (૧૧) નર નીઝારસાહા. (૧૨) નર અસલામસાહા. (૧૩) નર અલીમહમદસાહા. જો પ્રદખણા દઇને પુજીએ ઘટપાટ, તો સોહેલી થાએ અમરાપરની વાટ. સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હકે લાએલા હઇ લલલાહો મહંમદુર રસુલીલ્લાહે.

## (૨૨) દોવા કળસને ઓત્ર દેશે ઉદક મેલવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

ઉતર, દખણ, પુરવ, પછમ, ચાર ખાણુ, ચાર વાણુ, ચાર વેદ, ચાર કતેબ પાંચ તન પાક, સાત મલાક, ચાર દેમાસુમ. દોવા દશ ઇમામ સત્ર સહેસત્ર હોસેની કુલ કાયમનો પરવાર. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઈ લલ્લાહો મહંમદુર રસુલલ્લાહે.**

## (૨૩) દોવા કળસને પુરવદસા ઉદક મુકવાની છે.

**ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ, સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

ધરતી આકાશ, પવન પાણી, અઢારભાર વનસપતિ, એકવીસ બ્રહ્માંડ, સાત દીપ નવખંડ, સાત સાંહેર, નવસે નવાણું નદીઉં, અસટકુળ પરબત, નવકુળ નાગ, ચારકુળ મેઘ, દસેદસા દસમો અવતાર નકલંકી નારાણ. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લલાહો મહંમદુર. રસુલલ્લાહે.**

## (૨૪) દોવા કળસને દખણ દસા ઉદકની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

સીતા, કુન્તા, તારા, ધરોપદી, કનકા શકતી, તુળજાદેવી, રૂખમણી, સકતી ક્ષાતમાં, જોગમાયા અલખ નરંજના સંસાર નીપાયા. **એક લાખને એંસી હજાર** પીર પેગમ્બર, સોળ કરોડ કળ પરવાર, છત્રીસ કરોડ કળ **પરવાર છપન કરોડ** કળ પરવાર, સેત્ર સેસત્ર હોસેની કળ પરવાર, નવાણું કરોડી જાંખા, છપન કરોડી મેઘા, બત્રીસ કારેડી કેનર, તેત્રીસ કરોડ દેવતા, અનંત કરોડીના પીર હશનસાહા. સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક **લાએલા હઇ લલ્લાહો** મહંમદુર રસુલીલાહે.

## (૨૫) દોવા કળસને પછમ દસા ઉદકની છે.

ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ બીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.

ચાંદો સુરજ, નવલખ તારા, સાત ફરસ્તા, નરમહંમદ સાહા, નુર અંગારા નરંજના તે નરાકાર અરસ કુરસી ને લોહો કલમ, તે વઇકુંઠ દ્રઆરા કહે સતગોર બ્રહ્મા, સતપંથ સદા ઓતંભંગ, મુગત મારગ ભેદ તે બ્રહ્મ દુવારા. **સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૨૬) દોવા દશે દશામાં છાંટ નાંખી સરદો કરવાની છે.

ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.

અહુંકાર, વહુંકાર, મહુંકાર, ભહુંકાર, નરંજના નરાકાર. આદે ચતુર રોપો થંભ, તમે માંડયો પાટ ને ઉપર કુંભ. કુંભમાં બેઠા સુરત ચાર, માંહે નરંજના નરાકાર. ચાર પુરૂષને એકજ નાર, માંહે સાત સરદાનો આચાર. પરદખણાનું મોટું દાન, પુજીએ તો મેરૂ સમાન કરી ફરમાન ને નાંખી છાંટ, ધરતી અસમાન રહ્યાં એકાંત. ચતુર દીસાને ખુણા ચાર, ઓગળ ભોગળ સઉ વસતાર. સત સંતોકી ઇંડ આકાર, ઇંડ થકી રચ્યો સંસાર. કુંભે નુર કળસના ભેદ, જગન થાપો હોએ જાંભેદ. અથરવેદ જગન નીસાની વસંભરા ભોજનંગ. એક સુરત ત્રણ દેવ મળી એ સેસટ જો થાપી, આદ સતપંથ સરજ્યા અને પાપ નાખ્યાં કાપી. આસ પુરો વાસ ધરો નુરનો પ્રકાસ કરો, કળસમાં મળા ધરો રખેસર જીવને પાવન કરો. અલી નરંજના નકલંકી રૂપ, નર અસલામસા જીવોના ભુપ. નર ગહંમદશાહાએ કીધી મહેર, વાસા ધર્મ ને ટાળ્યા કહેર. નબીનુરે સતગોર નરજંની કાયા, સ્વામી તમથી ઉપના ને તમુંમે સમાયા. **સતગોર ઇમામસાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૨૭) દોવા કુલ રખેસરને હેજંદા કીધાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. આદ નારાયણને હેજંદા, બ્રહ્મા વીસનવ માહેસરને હેજંદા, આદ્ય શક્તી લક્ષ્મીજીને હેજંદા, સાત ફરસ્તાને હેજંદા, બાવા આદમ, મામા હવાને હેજંદા, નબી મહંમદને હેજંદા, હક્સ મુરતજાઅલીને હેજંદા, બીબી ફાતમાને હેજંદા, ઈમામ હશન હુશેનને હેજંદા, સત્ર સૈસત્ર હોસેની કુલ કાયમના પરિવારને હેજંદા, ધરતી આસમાનને હેજંદા, પવન પાણીને હેજંદા, ચાંદ સુરજને હેજંદા, નવલક્ષ તારાને હેજંદા, બાર મેઘને હેજંદા, નવકુળ નાગને હેજંદા, સાત સમુદ્રને હેજંદા, નવસેનવાણું નદીઉંને હેજંદા, સાતવાર સતાવીસ નક્ષત્રને હેજંદા, પંદર તીથીને બાર કરણને હેજંદા, નવગ્રહને હેજંદા, સાતદ્વીપને હેજંદા, નવખંડ પૃથ્વીને હેજંદા, ચોવીસ મુલકને હેજંદા, અસટકળ પરબતને હેજંદા, અઢાર ભાર વનસપતીને હેજંદા, ચાર વેદ, ચાર કતેબને હેજંદા, ચાર ખાણી, ચાર વાણીને હેજંદા, અગની, તેજ, અનદેવને હેજંદા, આદ અંત મધને હેજંદા, ઓતર દખણ પુરવ પછમને હેજંદા, નવનાથ ચોરાસી સીધ ને હેજંદા, એઠાસી સહસ્ર રૂખીને હેજંદા, એક લાખ એંસીહજાર પીર પેગમ્બરને હેજંદા, નવાણું કરોડી જાંબાને હેજંદા, છપન કરોડી મેઘાને હેજંદા, બત્રીસ કરોડ કેનરને હેજંદા, પાંચ કરોડીસું પ્રહલાદને હેજંદા, સાત કરોડીસું હરીચંદને હેજંદા, નવ કરોડીસું જજેસ્ટરને હેજંદા, બાર કરોડીસું કમળા કુંવરને હેજંદા, કુલ રખેસર ગત ગંગાને હેજંદા, મખી મુસાફરને, ચૌદ ભવનના દેવલોકને હેજંદા, કરણ કલકનાં અનંત કરોડી દેવને હેજંદા, નબીનુર સતગોર નર અસલામશાહા. હમારા ગુના બકસો, સતપંથના મારગમાં રાખો. લખચોરાસીના ફેરા ટાળો, તેત્રીસ કરોડીના મેળા આલો. **જાંબુદીપના ધણી સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હકલાએલાહા ઈલ્લલાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૨૮) દોવા પેલી વીસનવને થાળ જમાડવાની છે.

પરસાદ પેલો લાખસીનો મુકવો. થાળ ઉપર પાવળ મુકયાથી પેલાં દોવા ચારે ભણવી. ત્યાર પછી થાળમાં નુર મુકીને દોવા પાંચમી ભણવી.

ફુરમાનજી બીસમલ્લા હુર્રરહેમાન નર્રરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર શમ્સદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમેં આદે રેખ, પછે અલેખ, ચતુર ગુણ તમે એક. અહુંકાર નરંજના નરાકાર ઉપજા પંડ તે સાહાં આકાર. નરજને તારે હેમત કરી, સત સીંચીને ઉપના હરી. હરીએ તાં ધરા અવતાર, તમે નરંજના નરાકાર. ચતુરવેદ કીધો વીસ્તાર. તમે નરંજના નરાકાર. ચતુર જુગમાં દસે અવતાર. શાહા મચ્છ, શાહા કોરભ, શાહા વરાહ, શાહા શ્રીનરસીંહ અવતાર. સોળ કરોડી કુળ પરવાર. શાહા વામન, શાહા ફરસરામ, શાહા શ્રી રામ અવતાર. છત્રીસ કરોડ કુળ પરવાર શાહા કરસન, શાહા શ્રી બુદ્ધાવતાર છપન કરોડ કુળ પરવાર, સાહા મુરતજાઅલી. શાહા શ્રી નકલંકી દસમા અવતાર. સત્ર સેસત્ર કોસેની કુળ પરવાર. નબીનુર સતગોર નર અસલામ શાહા સતગોર સલાઓદીન. સતગોર સમ્સદીન સતગોર નસરદીન, સતગોર સાહેબદીન, સતગોર સુદરદીન, સતગોર કબીરદીન. સતગોર ઈમામશાહા નર અલીમહંમદશાહા નરંજના નકલંકી નારાયણ. તમારી નેઅતે, તમારી દસતરે. મોમન રખેસર બંદા નરનારી બાલગોપાલની થાળ બત્રીસી કબુલ કરો, નીશાની મહેમાનીના રેજો કબુલ કરો. પાંચ તન પાક, રૂયા પાક અરૂવા પાક, નવતન શાક, દેવ આસીસ તમારી, બંદગી અમારી, તમે કબુલ કરો. તમારે ભાવ સભાવે તમારી નેઅતે દસતરે કબુલ કરો અનપાણીના આહાર, પાનફુલના ભુગતાર. તમે દાતા, તમે ભુગતા, કરમ ધર્મ તમારૂં, ભાવભક્તી ઈમાન અમારૂં સ્વામીજી તમે કબુલ કરો, આજ કળમાં દેદાર આલો. અથરવેદના આચારે હો નર અલી મહંમદશાહા નરંજના નકલંકી નારાણ. મબી મુસાફરની દોવા આસીસ ફુરમાન ફાતીઓ કબુલ કરો. સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલ્લા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.

## (૨૯) દોવા બીજી બ્રહ્માને થાળ જમાડવાની છે.

### પરસાદ બીજો સીરાનો મુકત્તો.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પ્રાત્ર બ્રહ્મા. ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન. સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન. સતગોર પીર સમ્સદીન. નરઅસલામશાહ નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા નરંજનાં તે નરાકાર. ઇંડથી કીધો વીસ્તાર. કરપર કીધું દ્રષ્ટે કામ, આપો આપે વદયા ફરમાન નાભે વેધુ નેત્ર વાલ. ઉપજા બ્રહમા અહંકાર, અનંદ બ્રહમા ભયા મલંગ, હરી હાથમાં થયા કલંમ. બરમ સતનથી કતરા ખરા, અનંત કરોડી જીવ અવતર્યો. રચી ખાણુ ને વરત્યા વેદ, સરજ્યા સતપંથ અમરભેદ. બ્રહ્મા વીસનવે ધર્યા અવતાર, વંશ એકને જુદા પરિવાર. વંશ જેવા ચંદરમા સુર, ધરી: અવતાર ને સરજ્યા નુર. વેદ વંશે અસર ભેદ, પ્રગટયા બ્રહમા ચારે: વેદ. ઓળખ્યા બ્રહ્મા અમર તેજ. પાંચમે સુંપે અમરભેદ. વજેસટલ વીદરવ્યાસ, હંસ આદમ નુર પરકાશ. અમઝીર સુનાફ, મુતલબ હાસમ અબદલા નબી મહંમદ રસુલલ્હા. શક્તી બીબી ફાતમા. ઈમામ હશન હુસેન, ઇમામ જેનલાબદીન ઇમામ મહંમદ બાકર, ઈમામ જાફર સાદક, ઇમામ ઇસમાયલ, ઈમામ નુર સતગોર. સેદ અસમાઈલ શાહાની. સેદ નુર મહંમદ, સતગોર સલાઉદીન પીર સમ્સદીન, પીર નસીરદીન. પીરસાહેબદીન, પીર સુદરદીન. પીર કબીરદીન. સતગોર ઇમામશાહા. નરઅલી મહંમદશાહા નરંજના નકલંકી નારાણ. તમારી નૈઅતે, તમારી દસતરે. મોમન રખેસર બંદા નરનારી બાલ ગોપાલની થાળ બત્રીસી કબુલ કરો. નીસાની નારેજો કબુલ કરો. તમારા અસવાર પરવાર સાથે કબુલ કરો. તમારૂં ખાણું નીસાની કબુલ કરો. તમારે કરમે તમારે ધરમે કબુલ કરો. બંદાનો ભાવ સભાને કબુલ કરો, તમારી આસના વાસના કબુલ કરો. દોસતી તમારી કબુલ કરો. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદસાહા હક લાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલિલાહે.**

## (૩૦) દોવા ત્રીજી માહેશ્વરને થાળ જમાડવાની છે.

પરસાદ ત્રીજો ખીર રોટલીનો મુકરો.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. અહુંકાર આદ નરંજનાં ધરીઆં હેત, પેસાનીથી લીધાં સવેત. લઇને ધ્યાન ધરી રહાં, લખ ચદરણાં ધંધુકાર વહી ગયા. કરમધે ધ્યાન ધરી રહા, છત્રીસયુગ ચોરાસી ચોકડી વહી ગયા. તદા સવેતથી નીર. નીરથી ખીર. ખીરથી ફીણ. ફીણથી ઇંડ. ઇંડથી કીધાં પ્રકાસ, ચતુરગુણ ધરતી આકાસ. નુરથી સરજ્યાં સર્વે જાત, અરસ કુરસીને ફરસતા સાત. તમે નરંજના અમરદેવ, મસ્તકથી ઉપના મહાદેવ. હઇએ વીસનવ, નાંભે બ્રહ્મા, જંગ બે અસતલે ઇચ્છા કરી. અંગથી અરધાંગના અવતરી, ઉપની શક્તી તે માયા પરવરી. માયા માંએ ધર્યો સંતોક, તારે ઉપના ચૌદ લોક. આદે સરજ્યા ત્રણ ટોળ, નહીં વાચા ને નહીતા બોલ. બ્રહ્માને આપ્યું ફરમાન, જઇ બ્રહ્માએ કીધું જાણ. દોમકરને એકે રાખું ઈમાન, ઇમાનીને આપ્યો સતપંથ. છુટા લખચોરાસી ફેરા ફંદ. રગુવેદની દેખાડી વાટ, સોપ્યાં જગન તે કળસને પાટ. જીવ બોધર્યો નવાણું કરોડી જાંખા, છપન કરોડી મેઘા, બત્રીસ કરોડી કેનર, તેત્રીસ કરોડી દેવતા, તે સેવતા ઘટપાટ, નરસહી અમર તેજ, સામો રામ વજેસટળ, બરમેસર બુધ વીસેસર. અલી નબી આદમથી વસતાર, વંસ એક ને જુદા અવતાર. બ્રહ્મા પરવાર, વીસનવ પરવાર, સબ અવતાર, શક્તી અવતાર, તમારો પરવાર. પ્રલાજ, હરીચંદ, જજેસ્ટળ, કમળાકુંવર, નબીમહંમદ રસુલલ્લા હકસાહા મુરતજાઅલી, ઈમામહસેન હુસેન, ઇમામ જેનલાબદીન, ઇમામ મહંમદ બાકર, ઇમામ જાફર સાદક, ઇમામ ઇસિમાયલ, ઇમામ નુરસતગોર, સેદ અસમાઇલ સાંહાની, સેદ નુર મહંમદ, સતગોર સલાઉદીન, સતગોર સમ્સદીન, સતગોર નસીરદીન, સતગોર સાહેબદીન, સતગોર સુદરદીન, સતગોર કબીરદીન, સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા નરંજન નામ નકલંકી નારાયણ તમારી નૈઅતે, તમારે દસતરે. મોમન રખેસર બંદાઓ નર નારી બાલ ગોપાલની થાળ બત્રીસી કબુલ કરો. તમારે ભાવે ઇમાને કબુલ કરો, તમારે અરવાર પરવારસું કબુલ કરો. કુળ પરવાર સાત પ્રીસ્તા સમેત કબુલ કરો. તમારા વારાની દોસ્તી બાણું નીસાની કબુલ કરો,

સવ સકત પરવાર, વીસનવ પરવાર, બ્રહ્મા પરવાર, ચતુર કુળ તમે નરંજના કબુલ કરો. દોવા આશીસ કરમ કરી કબુલ કરો. તમે દાતાર, તમે ભુગતા, કરમ તમારૂં, ધરમ તમારૂં, માનું ગુણ તમારા જમો તમે, જમાડો તમે એ બંદા ગુનેગાર દીવાન બાદશાહજી તમે ગુના બકશણહાર. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લલ્લાહો મહંમદુરરસુલીલ્લાહે.**

## (૩૧) દોવા ચોથી શકતીને થાળ જમાડવાની છે.

પરસાદ ચોથો ચુરમાનો મુકવો.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામશાહા નરઅલી નરંજના નામ નબી નુર સતગોર તમારી દોવા. પ્રથમ આદ નરંજના ધંધુકાર, સેન એક કીધો વીસ્તાર. આપે ઉપના ઈંડ આકાર, ઈંડ માંએ ધર્યો અવતાર. લીલા ઈચ્છા અનંત અપાર, કરી કોધ ઉંચે સાસ નરંજનાં થયા પ્રકાસ. પેલા શબ્દ અહુંકાર, તહાં ઉપજા નર આકાર. હતું તેજ તે ધંધુકાર, પેદા કીધા તતવ ચાર. ચતુર ગુણ, ચતુર રંગ, ચતુર ખાણ, ચતુર વાણ, ચતુર વેદ, કરમ ધરમના સરજ્યા ભેદ. ધરમે તો સરજ્યો સંસાર, કરમ તમે કરો કરતાર. માયાનો કીધો વીસ્તાર, શક્તીરૂપી રચ્યો સંસાર. નરંજને તો કરતવ કરી, ઇચ્છા લીલા પ્રગટ ધરી. અરસ કુરસી ને ધરતી આકાસ, પવન પાણી કીધાં પરકાસ. અસટ કળ પર્વત સમુદ્ર સાત, નવખંડ પૃથ્વી દીપ સાત. ચાર કળ મેઘ નવકુળ નાગ, ચંદ સુરજ મેલ્યા સાંખ. નવલખ તારા ધર્યા આકાસ, નવસેં નવાણું નદીઉં જાણ. અડસઠ તીર્થ સહી પરમાણ, પંદર તીથીને કરણ જ બાર. નવલખ તારાનો વસતાર, સરસતી વનસપતી ભાર અઢાર. અગની લખમી સહી પરકાર, ચૌદ લોકમાં દીવસ ને રાત. ગ્રહ નખેત્ર છમછર માસ, દસા ખોણના દીગપાળ. સાત સના ને ભીત્ર બાર, ભીત્ર તો સરજ્યો સંસાર. બાહેર વરતો ધંધુકાર, ગોર નરે ધર્યો અવતાર. શ્રી મચ્છ એકારબી, શ્રી વામન સેઝનંદ, શ્રી કરશન વીદર વ્યાસ, શ્રી નકલંકી સાહા મુરતજાઅલી નબીમહંમદ જીવના સરજનહાર, રખેસર બંદાનો કરો નસતાર. આઠ લાખ કરણના અનંત કરોડી દેવ, ચતુર કલ્પમાં દેવ. નવાણું કરોડ જાંખા, છપન કરોડ મેઘા, બત્રીસ કરોડ કેન્નર, તેત્રીસ કરોડી દેવતાએ પુરી સાંખ, રખેસર બંદાને કરો પાક, રખમાગત, અમરીખ, ધ્રુ, પ્રહ્લાદ, કમળાધન,

કમળાપતી, હરીચંદ, સેહેદેવ, જજેસ્ટળ, કમળા કુંવર, નવનાથ, ચોરાસી સીધ. એઠાસી સહત્ર રૂષી તે ધાયા સતપંથ જાણી, જેણે લીધી અથરવેદની વાણી. શકતી માયા જોગણી, જે ઝેર કીધો જંગ, જતી સતી સાર. પરજા તારા મનોવરી, ચંદ્રાવતી, ધરૂપતી, સુરજારાણી ધાયા સતપંથ જાણી, જેણે લીધી અથરવેદની વાણી. અથરવેદી ઓલીઆ અંબીઆ, એક લાખ એંસીહજાર પીર પેગંમ્બર, ફરસતા મલાએક. ગોસકતબ, સાંહાં રમે હેજબ. ચાર કુરસી ચાર પીર, ચૌદ ખાન વાહાં ચાર. દેમાસુમ દોવા દે ઇમામ. હકસા તમને સલામ, નરંજના નકલંકી નારાણ તમારી નૈઅતે હુરલોક, અરલોક, પરલોક, દેવલોક, મેરના, પરીના, જળનાં, થળનાં, હકમદારા ઉમેદવારી ફાતીઓ કબુલ કરો. અલી નરંજના નકલંકી અવતાર, રખેસર બંદાને આપો દેદાર. સર્વે જીવ ઉમતનો કરો નીસતાર. નબી મહંમદ રસુલ, શક્તી બીબી ફાતમા હકસા મુરતજાઅલી, ઇમામ હશન હોશેન, ઈમામ જેનલાબદીન, ઈમામ મહંમદ બાકર, ઈમામ જાફર સાદક, ઈમામ ઇસમાયલ, ઇમામ નુર સતગોર, સેદ અસમાયલ સાંહાંની, સેદ નુરમહંમદ, સેદ નર અસલામશાહા, સતગોર સલાઉદીન. સતગોર સમસદીન, સતગોર નસીરદીન, સતગોર સાહેબદીન, સતગોર સુદરદીન, સતગોર કબીરદીન, સતગોર ઇમામશાહા નર અલી મહંમદશાહા નરંજના નકલંકી નારાણ. તમારી નૈઅતે તમારી દસતરે. મોમન રખેસર બંદા નરનારી બાલ ગોપાલની થાળ બત્રીસી કબુલ કરો. તમારે ભાવે સભાવે કબુલ કરો, તમારૂં ખાણું નીસાની કબુલ કરો. નીસાની મહેમાની નારેજો કબુલ કરો, તમારે કરમે, તમારે ધરમે, કબુલ કરો. નરંજનો તમારી દોસ્તી, ગોરનરની દોસ્તી, તમારા પરવાની દોસ્તી, માહાદેવ આદમ અવતારની દોસ્તી, તમારૂં ખાણું નીસાની કબુલ કરો. તમારા વારાની દોસ્તી, તમારૂં ખાણું નીસાની કબુલ કરો. તમારા વારાની દોસ્તી, ગોરનરની દોસ્તી, ગોરનરના જાપની દોસ્તી, ખાણું નીસાની કબુલ કરો. વખત વેળા વારાનું વરતમાન, અથરવેદના જ્ઞાન ધ્યાનની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. શાહા અલી નરંજનાં નામ, નબી મહંમદ કરો જીવનાં કામ. શક્તી બીબી ફાતમાં તમને પરનાંમ, તમારા સંગ સોબતની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. તમારા નુરની દોસ્તી, તમારા નામની દોસ્તી, તમારા કલમા કાંડીની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. સાહા અલી મુકાંમ વરજા શહેર ગામ, જાંબુદીપે કુંવારકાં ક્ષેત્રમાં ઇંદ્ર ઇમામશાહાએ કીધાં ઠામ. તે ઠામ સ્થળની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. સાડત્રીસ પાત્ર, અડત્રીસમા નર મહંમદશાહાની દોસ્તી, ત્રેવીસ પાત્ર ચોવીસમા શાહા મુરતજાઅલીની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. ચતુર વેદ, ચતુર કતેબ, ચતુર વાચા, ચતુર અંસશક્તી પરવાર.

આદ શબ્દ અહુંકારની દોસ્તી નીસાની કબુલ કરો, કબુલ કરાવો. શાહા તમારાં કીધાં કરાવ્યાંની દોસ્તી, સાહેબ તમારી ઈચ્છા, સાહેબ તમારી લીલા, સાહેબ તમે સરજ્યાં તમારા સરજાવ્યાની દોસ્તી નીસાની ખાણું કબુલ કરો, કબુલ કરાવો. બ્રહ્મા વીસનવના દશે અવતારની દોસ્તી નીસાની મહેમાની કબુલ કરો, કબુલ કરાવો. સાહેબ તમે પાક, અમે ખાક, નવતન સાક, નરંજન તમારી દોસ્તી નીસાની ખાણું કબુલ કરો, કબુલ કરાવો. એ બંદા ગુનેગાર સાહેબ ગુના બકસણ હાર. **સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૩૨) દોવા પાંચમી સર્વે દેવ રખેસરને જમાડવાની છે, તથા દસોંદ પૈસા વીગેરે લેવાની છે.

પ્રસાદ પાંચમો ચોખાનો મુકવો. થાળ ઉપર પાવળ મુકયા પછી ભણવી.

**ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ, સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદ્દીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. દીવાન બાદશાહાજી હોસેની પાત્ર જીવોના આધાર, સેસટના સુરીજનહાર જંબુદ્રીપે ધર્યો અવતાર. તમે અવીચળ, તમારી વાચા અવીચળ, તમારૂં આસણ અવીચળ, તમે થાનકના ધણી, તમે રચના રચી. ચૌદ ભવન તણી. તમારે વારે તમારી નેઅતે, તમારે દસતરે તમારી દરગાએ, તમારી જગ્યા ખાને, જે કોઇ મોમન બંદો હીણો ખીણો બાઇ બાવડી જે કોઈ મનની મોરાદે, ઈચ્છાએ તમારા ભંડારમાં ભાવ કરીને તમારે લંગરખાને જે કોઇ બંદે માન્યું ઇચ્છયું હોય, લાહી લાહાણનું જે કોઇ બંદે દમડો દોકડો, સુતર વશતર, કણ કાકણ, દાણો ખાણું, ત્રાંબુ રૂપું, હીમ કુંદન, ઠણુઓ પૈસો, દામ દરમ, કોડી દોકડો, રૂપાનાણું અનપાણી, પાન ફુલફળ, શાક પાક, જે કોઈ બંદા તમારી દરગાએ ઇમાનસું ગત ગંગામાં પુજે, દોવા કરાવે તે કબુલ કરો. દીવાન બાદસાહાજી બંદાનાં રજક પાણી મુગતાં કરો, અનપાણીના ભંડાર અખુટ કરો. ખટી કમાઈમાં બરકત કરો, વાટ ઘાટ સોહેલી કરો, દુ:ખ દોહેલાં દુર કરો, રખેસર બંદા ઉપર રહેમની નજર ધરો. બંદાઓની ખેતીવાડી વણજ વેપારમાં સાહે પુરો, આવાગવન દુર કરો. એકઘણું દાન, સવાલાખ ગણું પુન્ય. એકવાર દાન રૂખેસર દેહે, તે સવાલાખ ગણેરૂં લહે. નબીનુર સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામશાહા

તેની સાખ ભરે, નર અલીમહંમદશાહા નરંજના નકલંકી આણું ધરે. હરીવંસ પરવાર શાહા મુરતજાઅલી તે નારાયણ નકલંકી અવતાર. આદ વીસનવતમે કરો બંદાની સફાયત, બંદાની પુજાપત્રી કબુલ કરો. બંદાને નીમે ધરમે સતપંથના મારગ માંહે ભર્મો પુરા રાખો. દસોંદ સુકરીતમાં મેળો આપો, ગત જમાતમાં ભેળો રાખો. અનંત કરોડીની સોબત આપો, ફરમાન ફાતીઓ કબુલ કરો, મહેર સમાનદાન વંશમરા ભોજન કબુલ કરો. પૃથ્વી પ્રદક્ષણાનું ફળ આપો, રખેસર બંદાના પાપ કાપો. મહાદન વેળામાં ઉગારજો, રોજે કીયામતમાંહે દેદાર દેજો. બંદાની આકબતખેર ઇમાન સલામત રાખો. પાંચ સાત નવ બાર ત્રેત્રીસ કરોડીના મેળા આપો, લખચોરાસીના ફેરા ટાળો. કમળા કુંવરની સોબતમાં રાખો. દેહેદર દુનીઆં સહસત્ર આખર. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૩૩) દોવા જીવને માણ લીધાની છે, ગુના ઉતાર્યાની છે. (૧)

ગતમાં ઉભા રહીને તોબાં પડવા.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઇંદ્ર ઈમામશાહા આદવીસનવ નરંજનનરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નરસરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામસાહા નર અલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. દીવાન બાદશાહાજી તમારે વારે આવો. તમે ઈંડ માંહે આલેખણ કીધી, ત્યારે બ્રહમા વીશનવ માહેસર શક્તી ઉપજી, તહાંથી સૃષ્ટી જો થઇ, ત્યારે બ્રહમાની સેસટના ત્રણ ટોળ થયા; તે ટોળ માંહે બ્રહમાજી પુછવા ગયા. ત્યારે ફરમાન નારાયણનાથી વાયક બે ટોળે ન માન્યા તાહાં, એક ટોળે વાયક માન્યા, તે જીવ અમર થયા. પેલા જાયલા કલફ માંહે નવાણું કરોડ જીવ જાંબા સાથે અમર થયા. જેણે બ્રહમા વીસનવના પરવાર પુજ્યા, તે રગુવેદ ને વાયકે ચાલ્યા. આ સતપંથને આધારે તે જીવ અમર થયા. (૧) બીજા ફાયલા કલફ માંહે છપન કરોડ જીવ મેઘા સાથે અમર થયા, જેણે બ્રહમા વીશનવના પરવાર પુજ્યા પાએ પુજા તે જજુરવેદને વાયકે ચાલ્યા. આ સતપંથના આધારે તે જીવ અમર થયા. (૨) ત્રીજા અરજલા કલફ માંહે બત્રીશ કરોડ જીવ કેનર સાથે અમર થયા, જેણે બ્રહમા વીશનવના પરવાર પુજ્યા પાએ પુજ્યા, તે સામવેદના વાયકે ચાલા, આ સતપંથને આધારે તે જીવ અમર થયા. (૩) ચોથા ખલીફા કલફના જુગ કીધા ચાર, તેમાં વીશનવ નારાયણે ધર્યા દશ અવતાર. પેલા કરતાજુગ માંહે પાંચ કરોડી જીવ સાથે

રાજા પ્રહલાદ અંમર થયા, જેણે બ્રહમા વીશનવના પરવાર પુજ્યા પાએ પુજ્યા, તે રગુવેદના વાયકે ચાલા. આ સતપંથને આધારે તે જીવ અમર થયા. (૧) બીજા ત્રેતા જુગમાંહે સાત કરોડી જીવ સાથે રાજા હરિચંદ અમર થયા, જેણે બ્રહમા વીશનવના પરવાર પુજા પાય પુજ્યા, તે જજુરવેદને વાયકે ચાલા, આ સતપંથને આધારે તે જીવ અમર થયા. (૨) ત્રીજા દ્વાપર જુગમાંહે નવ કરોડ જીવ સાથે રાજા જજેસ્ટલ અમર થયા, જેણે બ્રહમા વીશનવના પરવાર પુજા પાએ પુજ્યા તે સામવેદને વાયકે ચાલા, આ સતપંથને આધારે તે જીવ અમર થયા. (૩) ચોથા કળજુગ માંહે બારકરોડી જીવ તે કમળાકુંવરની સોબતમાં રાખો, હમારા ગુના બક્ષો, અમે ગુનેગાર ગડી ગડીના, પળ પળના, તલ તલના, દીવાન બાદશાહાજી જે હીસાબ મહાદીનમાં પુછો, તે જીવના હીસાબ ઘટપાટ આગળ ચુકાવો. તે ગોર ગતમાં હીસાબ ચુકાવો એ પરતીત જીવ તમારો છે. તે જીવને પાવન કરો, તમેં પાવન કરવા જોગ છો. આજ અથરવેદને વાયકે આ સતપંથને આધારે એ જીવને પાવન કરો. સહત્ર સેસત્ર હોસેનીકુલ કાયમના પરવારને પ્રતાપે કરી, હમારા ગુના બક્ષો. જાંબુદ્વીપે કુંવારકા ક્ષેત્રે સ્થળ કરી હમારા ગુના બકસો. તહાં જે નરંજના બેઠા હોય તેને પરતાપે કરીને હમારા ગુના બકસો. ચૌદ લોક માંહે જે કોઇ દેવતા હોએ, તેને પ્રતાપે કરીને હમારા ગુના બકશો. સાહેબ તમે સાચા, તમારો સતપંથ સાચો, જે કોઈ તમારા સતપંથમાં દેવતા હોય તે પણ સાચા, જેણે આજ કળીયુગમાંહે બાર કરોડીને સતપંથ દેખાડયા, તે સતગોર સુદરદીન સાચા. તમારે સતે, તમારે દતે કરીને એ જીવના ગુના બકસો. જે કોઇ ગુનેગાર જીવ તમારે સીંગાશણ આવે તે જીવના ગુના બકસો. જુગોજુગ ગોરગતના ધણી છો. ચાર ખાણના ફેરા ઉતારો, ચોરાસી અવતારનાં દુખ નીવારો. જાંબુદ્વીપમાં આસ પુરો, અમરાપરમાં વાશ કરો. ભુલા જીવ ગુપતી, પ્રગટી, ઉણીઆંઆચારી, સર્વે જીવ તમારી કળામાં રાખો. ત્રેત્રીસ કરોડીના મેળા આપો, અનંત કરોડીની સોબતમાં રાખો. મેરૂ સમાન દાન, પૃથ્વી પ્રદખણા વસમરા ભોજન કબુલ કરો. આ સતપંથને આધારે, અથરવેદને વાયકે જે નર જાંબુદ્વીપમાં હોય તેના પરતાપે કરીને, નકલંકીને પરતાપે કરીને, એ જીવના ગુના બકશો. એ બંદા જુગોજુગના ગુનેગાર છે, કરગર્યાં કાન ધરો, સમર્યાં સાર કરો. કીધા ગુના બકશો, બીજા ગુના ન કરાવશો. તમારી કળામાં રાખો, તમારી નજર તળે રાખો, તમારા છત્ર તળે રાખો, સતીઆની સોબત આપો. સતી જતી સંતોકીના મેળામાં રાખો. અમેં બંદા ગુનેગાર, તમે દીવાન બાદશાહાજી ગુના બકશણહાર. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હ્ઇ લલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

# (૩૪) દોવા જીવને ગુના ઉતારવાની છે. (૨)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈદ્રિ ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામસાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા.

ગોર વાચા નર વાચા સવ શક્તી વાચા, આદ ઉનાદ જગો જગનો એ જીવ ભુલો ચુકો આવ્યો છે. જાયલા ફાયલા અરજલા એવા ત્રણ કલક અને ચોથા ખલીફા કલકનાં ચાર જુગ થયા છે, પહેલા કરતા જુગના ભુલા જીવ તે ત્રેતાજુગમાં આવી મળ્યા છે. બીજા ત્રેતા જુગના ભુલા જીવ તે દોવાપર જુગમાં આવી મળ્યા છે. ત્રીજા દોવાપર જુગના ભુલા જીવ આજ કળજુગમાં આવી મળ્યા છે. તે સતગોર બ્રહ્માને પ્રતાપે કરીને એ જીવ ગત ગંગામાં આવી મળ્યો છે. એ જીવ આદ ઉનાદનો છે. સુતક ટાળો, એ જીવે ખોટું ઉચાર્યું હોય તે માફ કરો. એ જીવે ચોરીઉં, હર્યું હરામ લીધું હોય તે માફ કરો. એ જીવે ગેરહક દાણા ખાધા હોય તે માફ કરો. એ જીવે દીન દુનીઆ માંહે ખાધું પીધું હોય તે માફ કરો. એ જીવે પર સ્ત્રી ઉપર બુરી નજર કીધી હોય, તે માફ કરો. એ જીવના પરાછત કરમ બંધન છોડાવો, એ જીવે ખારૂં ખાટું, એઠું જુઠું કહ્યું હોય તે માફ કરો. એ જીવે અદકાં ઓછી આગી પાછી કરી હોય તે માફ કરો. એ જીવે નંદા બદગોઈ કીધી હોએ તે માફ કરો. નવાણું કરોડી જાંબાને તપે કરી માફ કરો, છપન કરોડીસુ મેઘાને તપે કરી માફ કરો, બત્રીસ કરોડીસું કેનરને તપે કરી માફ કરો, પાંચ કરોડીસું પ્રહલાદને તપે કરી માફ કરો. સાત કરોડીસું હરીશ્ચંદ્રને તપે કરી માફ કરો. નવ કરોડીસું જુજેસ્ટળને તપે કરી માફ કરો. આજ કળજુગમાં બાર કરોડીના ગોર સુદરદીનને તપે કરી માફ કરો, હવે કળજુગ સંગે ગોર ઇંદ્ર ઇમામશાહાને તપે કરી એ જીવના પરાછીત ટાળો, કમળાકુંવરની સોબતમાં રાખો. સાતે ફરસતા સત્ર સેસત્ર હુસેની કુલ કાયમના પરવાર આજ ગોર ઇમામશાહાની દોસ્તીએ કરી એ જીવ ગતમાં દાખલ થયો છે. તે કળસ આગળ કબુલ થયો છે. જે હીસાબ મહાદનમાં પુછો તે હીસાબ ગોર ગત માંહે મળીને ઘટપાટ આગળ ચુકાવો. એ જીવ તમારે ચોલે દામણે બાંધ્યો છે. સાહેબ તમે એ જીવને હેલ્ને ઉગારી, મહાદન વેળા ન લોપે લગાર. નબીનુર સતગોર નર અસલામશાહા, નર અલીમહંમદશાહા મુલાણાં તમે જીવોના તારણહાર. સતગોર સલાઓદીનની દોસ્તી, સતગોર સમ્સદીનની દોસ્તી, સતગોર નસીરદીનની દોસ્તી, સતગોર

સાહેબદીનની દોસ્તી, સતગોર સુદરદીનની દોસ્તી, સતગોર કબીરદીનની દોસ્તી, સતગોર ઇમામશાહાની દોસ્તી, નરઅલી મહંમદશાહાની દોસ્તી, એ જીવના ગુના માફ કરો. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લોલ્લાહો. મહમદર રસુલીલ્લાહે.**

## (૩૫) દોવા જીવના ગુના ઉતારવાની છે. (૩)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહમા ઈંદ્ર ઇમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામસાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા.

શાહા અલ્લા, શાહા ખુદા, શાહા ખાલક, શાહા અવતાર, શાહા પાતર, શાહા દીનમાહા, શાહા દુનીઆં, શાહા ગીરા, શાહા મેરબાન, શાહા રામ, શાહા રહેમાન, શાહા ઈમામ, શાહા મહંમદ, શાહા મુસ્તફા, શાહા મુરતજાઅલી, શાહા હબસી ઇલલ્લા, શાહા નામત નચોલા, શાહા નામ તવકીલ, શાહા સતાર, શાહા ગુફાર, શાહા પરવાર દગાર, શાહા બાલક, શાહા બેલી, શાહા શ્રી મચ્છ, શાહા શ્રી કોરંભ, શાહા શ્રી વરાહ, શાહા શ્રી નરસીંહ, શાહા શ્રી વામન, શાહા શ્રી ફરસરામ, શાહા શ્રી રામ, સાહા શ્રી કરશન, શાહા શ્રી બુધા, શાહા શ્રી નકલંકી દસમા અવતાર, શાહા અલી વઈસ મેદી, નર અસલામ શાહા દાતાર, નરઅલીમહંમદશાહા હક ફરમાન તમારાં, સાહેબ ગુના બકસો હમારા, મહેર કરો નજર ધરો, કળસમાં તમે પરવરો, ઘટમાંહે તમારી કળા ધરો. અગંમ અગોચર થાન થાનંત્ર કળસમાં પુજા અરચનાં પરમાણ, સ્વામી તમે અનાથ દેવ રહેમાન રહીમ તમે સદાએ નરંજના નરાકાર, રૂપ રેખા નહીં આકાર. તમે ઓલીઆ તમે અંબીઆ, તમે અલા પીર પેગાગ્બર, એ સર્વે રચના તમારી છે. આ સતપંથ તમારો સ્વામી તમે સંભાળો, ત્યારે સાહેબ મહેર તમારી, ફરીયાદ હમારી. ફરીઆદ અવલની, ફરીઆદ આખરની, ફરીયાદ મમી મુસાફરની, ફરીયાદ કુલ રખેસર ગતગંગાની, ફરીયાદ કુલ ગુનેગાર જીવોની, સ્વામી તમે અવલ, તમે આખર, તમે દીન દુનીઆના બાદશાહા તમારા ગુણના પાર નહીં, અમારા અવગુણનો છે નહીં. તમારા નામ ઉપર બલીહારી જાઉં, તમે અમારૂં રહથ ના ડોલાવસો, દરીઆ માં ચુકાવસો વખડી વેળામાં ઉગારજો. તમને માલમ છે, તમોને રોશન છે, તમે સર્વે જાણો છો, બાપજી

અમેં તો અજાણુ છઉં, અમેં અજાણુના ગુના બકસો, દીવાન બાદશાહાજી અંતર બાંહાં હેજો. હલ બેસી કામ કરો, અંધારે અજવાળાં કરો. ખેરસલા પેદા કરો, કુલબલા દફે કરો, રહાં ને રહેમ કરો. ચાલતાંને દેદારમાં ધરો, એકાંત કરો, દોહાંત દુર કરો. નૈઅત મોરાદ હાંસલ કરો. સ્વામી તમે કરતા જુગમાં શ્રી મચ્છરૂપે વાચા દીધી, આજ કળજુગમાં તમે તે વાચા પાળો. વીનતી નબી નુર સતગોરની વીનતી, સતગોર સલાઉદ્દીનની વીનતી, સતગોર સમસદીનની વીનતી, સતગોર નસીરદીનની વીનતી, સતગોર સાહેબદીનની વીનતી, સતગોર સોહદીનની વીનતી, સતગોર કબીરદીનની વીનતી, સતગોર ઇમામશાહાની વીનતી, નર અલીમહંમદશાહાની આદ નરંજના તમેં જીવને કબુલ કરો, જગો જગનાં પાતક ઉતારો. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૩૬) દોવા જીવના ગુના ઉતરવાની છે. (૪)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર શાહેબદીન સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામશાહા નર અલી-મહંમદશાહા નર અલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા.

મહેરબાન બાદશાહા મહેર કરો, ફજલ કરો, ફરસત કરો, રહેમની નજર ધરો, કુડીબલા દફે કરો, મુલતાનની ઘડી કરો, મુખી મુસાફરની વાટે નુર ચાદરણાં કરો. જામો જુગતો કરો, કાલ ભાગતો કરો, શાહા ઘટ સગટ કરો, ઘટમાં તમારી કળા ધરો, ઘટે બ્રહ્મા, ઘટે વીશનવ, ઘટે મહેશ્વર, ચાલીસ લાખ ત્રઉ આગલાં વીસ સહસ્ર એતા ચાર જુગના હીસાબ લખ્યા, અવર ન જાણું કેતા, ચાર જુગમાં ચોરાસી અવતાર, સ્વામી તેનો તમેં કરો નસતાર. જે કોઇ માને તેને સરગાપરી, જે ન માને તેને નરકાપુરી. બારગોરને હરીચંદને ધાએ, તે જીવ અમરાપરમાં જાએ. અડસઠ તીરથનાં ફળ લભંતે, ખટ લંલાએ તે જે વાર કામ જમી મોલાંણા, નેક નજર ધરો. કષ્ટીઆના કષ્ટ ટાળો. એ જીવના કીધા ગુના બકશો, બીજા ગુના ન કરાવશો. પાંચ સાત નવ બાર ત્રેત્રીસ કરોડીના મેળા આલો, લખ ચોરાસીના ફેરા ટાળો. સઘળી જમાતનું દેદાર આલો. અમરાપરમાં વાસ ધરો. સ્વામી એકાંત કરો, દોહાંત દુર કરો. રખેસરને રાજ આપો, સતીઓની સોબતમાં રાખો. ગટકળા થાપો, પરાછત કાપો, સામળ સુકીત આપો, રહેમની નજર ધરો, પડ્યા પંડ તે પરગટ કરો. શીર ઉપર છત્ર ધરો,

નુરનબી મહંમદશાહાની કળાએ તમેં પ્રગટ રૂપ કરો. સીંગાશણુ તમારે તમે થાપો, તમે ઉથાપો. કરગર્યા કાન ધરો, સમર્યા સાર કરો. એ બંદા ગુનેગાર, સાહેબ ગુના બકસણહાર. સાહેબ તમારી દોસ્તી, દીવાન બાદશાહાજી કરમ ધરમ તમારૂં, ભાવ ભગતી ઇમાન અમારૂં. તમારા બંદાના ગુના બકશો, તમેં સાહેબ સુલતાન વારાના સારંગધર, શ્રી મચ્છ તમે, શ્રી કોરંભ તમે, શ્રી વરાહ તમે, શ્રી નરસિંહ તમે, શ્રી વામન તમે, શ્રી ફરસુરામ તમે, શ્રી રામ તમે, શ્રી કૃષ્ન તમે, શ્રી બુધ તમે, શ્રી નકલંકી તમે, એ મીરાં મુરતજાઅલી નબીનુર સતગોર નર અસલામશાહા દાતાર, નર અલી મહમદશાહા સુલાણું જાંબુદ્વીપના સુલતાન, તમેં જીવોના તારણહાર. **સતગોર ઇમામશાહા નરઅલી મહમંદશાહા હક લાએલાહા ઇલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૩૭) દોવા જીવને ગુના ઉતારવાની છે. (૫)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. તમે આદ નરંજનાં ધંધુકાર, કરણ કલફના સરજનહાર. જીવ પંડના કરો નીસતાર, અવલ તમે આખર તમે જાહેર તમે બાતન તમે શાહા શ્રી મચ્છ રૂપની દોવા, શાહા શ્રી કોરંભ રૂપની દોવા, શાહા શ્રી વરાહ રૂપની દોવા, શાહા શ્રી નરસિંહરૂપની દોવા, શાહા શ્રી વામન રૂપની દોવા, શાહા શ્રી ફરસુરામ રૂપની દોવા, શાહા શ્રી રામરૂપની દોવા, શાહા શ્રી કરશન રૂપની દોવા, શાહા શ્રી બુધ રૂપની દોવા, શાહા શ્રી નકલંકી રૂપની દોવા, શાહા મુરત્તજાઅલીની દોવા, એક લાખ એંસી હજાર પીર પેગંબરની દોવા, ધરતી આસામાનની દોવા, અસ્ટકળ પરબતની દોવા, નવ કુળ નાગની દોવા, ચાર કળ મેઘની દોવા, ચાર ખાણુ ચાર વાણુની દોવા, ચારવેદ ચાર કુતેબની દોવા, ચાંદ સુરજની દોવા, નવલાખ તારાની દોવા, ધ્રુમંડળની દોવા, સાત સાંહેરની દોવા, નવસે નવાણું નદીઉની દોવા, સાત ફરસતાની દોવા, અનંત કરોડી કરણના દેવની દોવા, નવનાથ ચોરાસી સીધની દોવા, અઠાસી સહસ્ર રૂષીઓની દોવા, નવાણું કરોડીસું જાખાની દોવા, છપન કરોડીસું મેઘાની દોવા, બત્રીશ કરોડીસું કેનરની દોવા, પાંચ કરોડીસું પ્રહલાદની દોવા, સાત કરોડીસું રાજા હરીશ્ચંદ્રની દોવા, નવ કરોડીસું રાજા જુજીસ્ટલની દોવા, બાર કરોડીસું કમળાકુંવરની દોવા, મબી મુસાફરની દોવા, કુલ રખેસર ગતગંગાની દોવા, જમલી જમાતની દોવા, નબી નુર સતગોર નરઅસલામશાહાની દોવા,

અડસઠ તીર્થની દોવા, આદ શક્ત ચોસઠ લાખ દેવીઉની દોવાં, બાવા આદમ મામા હવાની દોવા, સત્ર સહેત્ર હુરોની કુલ કાયમના પરિવારની દોવા, નબીની ઉમતને આખરીત વેળામાંહે ઉગારજો, રોજે ક્યામતમાંએ દેદાર દેજો, તમે દીન દુનીઆના બાદશાહાજી, તમે સાહેબ સુલતાન જે ઉપના અરબસ્તાન, શેત્ર દ્વીપ એરાકખંડે કીધાં મકાન. જે આવી વસ્યા ઉંચ મલસ્થાન, જેણે ગુજરખંડે કીધાં ઠામ જે આવી વસ્યા આજ ગરમઠા ગામ, તેના પાત્ર બ્રહમા ઇંદ્ર ઇમામશાહા નામ. જે કરશે અનંત કરોડી જીવોનાં કામ, આદ વીસનવ નર અલી મહમદશાહા નામ. તમે કરો બંદાની મુશ્કેલ આસન લખ ચોરાસીના ફેરા ટાળો, તેત્રીસ કરોડીના મેળા આલો. જાંબુદ્વીપના ધણી સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.

---

## (૩૮) દાવા જીવને ગુના છોડાવવાની છે. (૬)

—————oo—————

**ફરમાનજી બીસમીલા હર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ ઈમામસાહા આદવીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નરઅસલામશાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. શાહા સલામ આલેકમ, વે મોલાણા ફજલ કરો, વેહલ કરો, વેક ઉવત કરો, વેજુવંત કરો. અલા હક તમે, અલાપાક તમે. અલ્લા દીન તમે, અલ્લાદુની તમે. અલ્લા ખોદા તમે, અલ્લા ખાલક તમે, અલ્લા ઇંદર તમે, અલ્લા ઇમામ તમે. અલ્લા રામ તમે, અલ્લા રહેમાન તમે. અલ્લા અવલ તમે, અલ્લા આખર તમે, અલ્લા જાહેર તમે, અલ્લા બાતન તમે. અલ્લાં કાદર તમે, અલ્લા કરીમ તમે. અલ્લા હુતા તમે, અલ્લા હોસો તમે. અલ્લા છો તમેં, અલ્લા આદમ તમેં. અલ્લા અંત તમેં, અલ્લા મધ તમેં. અલ્લા કરમી તમેં, અલ્લા ધર્મી તમેં. અલ્લા નકલંકી તમેં, અલ્લા નારાયણ તમેં. અલ્લા હજરત મુરતજાઅલી તમેં, અવલ અલી, આખર અલી, જાહેર અલી બાતનઅલી. બરજ સુલાણુ અલી, ગુમટ ગરદેના અલી. એ ત્રણપોર ત્રણ તારા અલી, ચોથે પોરે પાર ઉતારો અલી. જાંબુદ્વીપે તખત રચાવ્યાં અલી. જગોજગ ફરે મનોવરી, દઇતના પીયાણુ ભાંગો. ધર્મની જે કરો, પાપની ખે કરો. સાચ પેદા કરો, કુડ પરહરો. અકલ સુખ બરકરો, તમારા નામથી સબદીન જીવે સાહા જીવો અનંત જીવો હરમ કરી મહમદ આરબી નબી રસુલલ્લાહે હક સન્યાસી દફેબલા હે, ઇઆ સાહેબ ખુરાસાનની વાડી હરી કરો, ઈઆ સાહેબ અગરેબ

મઅરેબની વાડી હરી કરે. ઈઆં સાહેબ મુલતાનની વાડી હરી કરે. ઇઆં સાહેબ તમારા નગરની વાડી હરી કરે. ઇઆં સાહેબ તમારા જનમતની વાડી હરી કરે. સાહેબ સલામ અસલામની વાડી હરી કરે. હમેશ નામ મોતીઆ કુતા તુમારે દરબાર ઉભા, હાડ હાડ કરે તો જાઉં કુ કુ કરતા આઉં, ગળે બાંધી જે વડી જાએ એ દોરી ત્યાં દોરયો જાઉં. ઇઆં સાહેબ ફજલ કરો, ઇઆં શાહાં રહેમ કરો, ઇઆં શાહા મહેર કરો, ઈઆં શાહા કરમ કરો. ઇઆં શાહા વકરમ પરહરો, ઈઆં શાહા ગુના માફ કરો, ઈઆં શાહા સેજ નફા કરો, ઇઆં શાહા ખાને અવાં દાન કરો. ઈઆં શાહા પુરાને પાર ઉતારો, દોસ્તી મહમદ મુસ્તફાની, દોસ્તી બીબી ફાતમાની, દોસ્તી શાહા મુરતજાઅલીની, દોસ્તી ઇમામ હશન હુસેનની, દોસ્તી ખુડા ખુરખાંની, દોસ્તી નબીનુર સતગોર નર અસલામશાહાની, દોસ્તી પીર સલાઉદ્દીનની, દોસ્તી પીર સમસદીનની, દોસ્તી પીર નસીરદીનની, દોસ્તી પીર સાહેબદીનની, દોસ્તી પીર સુદરદીનની, દોસ્તી પીર કબીરદીનની, દોસ્તી સતગોર ઇમામશાહાની, દોસ્તી નરઅલી મહંમદશાહાની, દોસ્તી સેત્ર સેહસ્ર હોસેની કુળ કાયમના પરવારની, દોસ્તી એક લાખને એંસી હજાર પીર પેગંબરની, દોસ્તી સાત ફરસ્તાની, દોસ્તી નવનાથ ચોરાસી સીદ્ધની, દોસ્તી અઠાસી સહસ્ર રૂષીઓની, દોસ્તી સાત સાહેરની, દોસ્તી નવસેનવાણું નદીઓની, દોસ્તી ચાંદા સુરજની, દોસ્તી નવલાખ તારાની, દોસ્તી અડસઠ કુળ પર્વતની, દોસ્તી નવકુળ નાગની, દોસ્તી ચાર કુળ મેઘની, દોસ્તી અઢાર ભાર વનસપતીની, એ જીવના ગુના માફ કરો, જગોજગના કરમ બંધન છોડો. ચોરાસી અવતારનાં દુખને ભાંગો. દોસ્તી નવાણું કરોડસું જાંખાની, દોસ્તી છપન કરોડીસું મેઘાની, દોસ્તી બત્રીસ કરોડી કેનરની, દોસ્તી પાંચ કરોડીસું પ્રહલાદની, દોસ્તી સાત કરોડીસું રાજા હરીશ્ચન્દ્રની, દોસ્તી નવકરોડીસું રાજા જુજેસ્ટળની, દોસ્તી બારકરોડીસું કમળા કુંવરની, દોસ્તી અનંત કરોડીસુ પીર હશનશાહાની દોસ્તી જમી આકાસની, દોસ્તી પવન પાણીની, દોસ્તી મખી મુસાફરની, દોસ્તી કુલ રબેસર ગત ગંગાની, દોસ્તી જમલી જમાતની, દોસ્તી પીર શાહાના જાપની, એ જીવના ગુના બકસો, લખચોરાસીના ફેરા ટાળો. દોસ્તી કુલશાહી દરગાની, દોસ્તી પીર વકીલની, દોસ્તી ચોસઠલાખ દેવીઉંની, દોસ્તી અગ્ની તેજ અન્ન દેવની, દોસ્તી જતી સતી સંતોકી જીવની, દોસ્તી ચાર ખાણુ ચાર વાણુની, દોસ્તી ચાર વેદ ચાર કતેબની, દોસ્તી સાતવાર સતાવીસ નક્ષેત્રની, દોસ્તી પનર તીથી બાર કરણુની, દોસ્તી નવગ્રહેની, દોસ્તી અડસઠ તીરથની, દોસ્તી દશ દીસાની, દોસ્તી હીણા ખીણા જીવોની, દોસ્તી લખ ચોરાસી જીવા જોનની, એ જીવનાં પાપ પરલે કરો, એ બંદાને વૈકુંઠમાં વાસ આપો. એ બંદા નકુચ અણુજ છે. એ બંદા પેટારથી ખુધારતી છે. એ બંદા ઘટારથી

લોભારથી છે. બંદા સ્વાર્થી લવારથી છે, બંદા સતહીણા દત હીણાં છે. બંદા લોઇ સુતકે ભર્યા છે. બંદા મોહોના જુઠા, દીલના ખોટા છે. મહેરબાન બાદશાહા મહેર કરો, અંધારે અજવાળું કરો. પાંડવાને પરગટ કરો, જે કોઈ આવા સતપંથ દેખાડે તેહનાં એકોતેરસો પરીયા તારો. બંદા કરણ કલઝુમાંહે જગો-જગના ગુનેગાર છો. રાત રાતના દાડે દહાડાના એ બંદા ગુનેગાર છે. મન ચતના ગુના, આંખે દીઠાના ગુના, કાને સાંભળાના ગુના, મનસા કરમણાના ગુના. તમે કાદર છો કરમ કરો. કીધા ગુના બકશો. બીજા ગુના ન કરાવશો. દીવાન બાદશાહાજી શાહા શ્રી મચ્છ તમે, શાહા શ્રી કોરંભ તમે, શાહા શ્રી વરાહ તમે, શાહા શ્રી નૃસિંહ તમે, શાહા શ્રી વામન તમે, શાહા શ્રી ફરસરામ તમે, શાહા શ્રી રામ તમે, શાહા શ્રી કરશન તમે, શાહા શ્રી બુધ તમે, શાહા શ્રી નકલંકી તમે, દશમા અવતાર હક મોલાણા શાહા મુરતજાઅલી તમે જીવોના તારણહાર. કરમ નબીનુર સતગોર મહંમદ મુસતફાનું. સફાયત બીબી ફાતમાંની. હક તાલા કબુલ કરો, એ બદાંના ગુના માફ કરો. જાંબુદ્વીપના ધણી તમે જીવોના **તારણહાર સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહોમહમદુર રસુલીલ્લાહે.**

## (૩૯) દોવા ગુના છોડાવવાની છે.

**દોવા ચાલ્યા જીવને ઉઠાસણાની પેલી સ્વેત ખાણની ભણવી.**

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઓદીન, નર અસલામસાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી આદ તમે, ઉનાદ તમે, સાદ તમે, શબ્દ તમે, તેજ તમે, બંબ તમે, ઇંડ તમે, પીંડ તમે, નુર તમે, નરંજના તમે, નરંજના તે નરાકાર, પેદા કીધી સુરત ચાર, શબ્દથી સરજ્યો સંસાર. આદે સરજી ચારજ ખાણ, ચતુર સુરત વરતી વાણ. ત્યારે બ્રહમા થયા પ્રકાશ, ઉપજા પંડ તે જીવને સાસ. ત્રીઆસણ બેઠા રહ્યા, હરીએ ગોરને કહ્યું જ્ઞાન, જઈ સતગોરે કીધું જાણ. એકે વચન માના સોય, બેઈમાની મકરા દોએ. ઇમાનીને આલ્યો સતપંથ, બેઈમાની પડીઆ ફંદ. પરમાણા તે પામ્યા ધર્મ, મકરા તે શર બેઠા કરમ. તેના કીધા ત્રણજ ભાગ, જગ શરૂપી સરજ્યા દાગ. લખચોરાસી

ફેરા ફર્યા, કરણે કલફમાં જીવ અવતર્યા. જે એકી દેહે આસણ રહ્યા, વારા સહીત અમરાપર ગયા. જે કોઇ ભણીઆ રઘુવેદ, તે જીવ પામ્યા અમર ભેદ. સેત્ર ભ્યારાં કલફ જો રહ્યા, તારે બ્રહમાને હુકમ જો થયા. તેના કીધા જુગ ચાર, સકત રૂપી રચ્યો સંસાર. કરતા જુગમાં સવેતજ ખાણ, જેણે ગોરનર કીધા પરમાણ. રગુવેદી દેખાડયા ધર્મ, તે જીવ અમર થયા ને છુટા કરમ. માન્યા તે અમરાપર ગયા, મકરા તે ફેરામાં રહ્યા. (૧) ત્રેતા જુગમાં ઇંડજ ખાણ, જેણે ગોરનર કીધા પરમાણ. જજુરવેદી દેખાડયા ધર્મ, તે જીવ અમર થયા ને છુટાં કરમ. માન્યા તે અમરાપર ગયા, મકરા તે ફેરામાં રહ્યા. (૨) દોવાપર જુગમાં ઉદભીજ ખાણ, જેણે ગોરનર કીધા પરમાણ. સામવેદી દેખાડયા ધર્મ, તે જીવ અમર થયા ને છૂટાં કરમ. માન્યા તે અમરાપર ગયા, મકરા તે ફેરામાં રહ્યા. (૩) આજ કળજુગમાં જરૌજ ખાણ, જેણે ગોરનર કીધા પરમાણ. અથરવેદી દેખાડયાં ધર્મ, તે જીવ અમર થયા ને છુટાં કરમ. માન્યા તે અમરાપર ગયા, મકરા તે ફેરામાં રહ્યા. (૪) તમે અલી નરંજના નકલંકી નારાયણ, નર અસલામશાહા દાતાર. નર અલી મહંમદશાહા મોલાણા સાહેબ સુલતાન જીવને છોડાવો સવેતખાણ, ફેરા છોડાવો એકવીસ લાખ રગુવેદે પુરી સાંખ. તમારો આડો તમારો પાડો તમારો વાડો એ જીવને સ્વેત ખાણી માંહેથી કાડો. સતગોરપાત્ર બ્રહમા ઇંદર ઇમામશાહા પંચમુખી બ્રહમા નરઅલી મહંમદશાહા આદ વીસનવ નારાયણનો અવતાર, તમે ધર્યો આઉત ને લો સણગાર. બાંધો હથીયાર વારાના ધણી, ચીંતા કરો એ જીવ તણી. તમે બાંધો દેતસુ આડો, તમારા જીવને સ્વેત ખાણીમાંહેથી છુટાડો. તમે જાણો ને તમે પીછાણો, છોડાવો ખાણ જીવને મારગ આણો. અલી નબી નર અસલામ શાહા સતગોર સુદરદીન તમારે વાયકે, તમારો ગજસકો, તમારો પાડો, તમારા નામ નુરની દોસ્તી, જાંબુદ્વીપ કુંવારકાં ક્ષેત્રની દોસ્તી, એ જીવને સ્વેત ખાણીમાંહેથી કાડો, એકવીશ લાખ ફેરાનાં કરમ બંધન છુટાડો. એ જીવને સતી લોકની સોબતમાં જોડો, એ જીવને ભવોભવના પાપ મોડો. તમે જીવ ઉપજાવ્યા તમે જીવને સમારો. એકવીસ લાખ ફેરા પરલે કરો, આ સતપંથની દોસ્તી તમે જીવને કરધરો. તમે જીવને જાણો, તમારે પારે આણો. **નબીનુર સતગોર પાત્ર બ્રહમાજી સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લીલલાહો મહંમદુર. રસુલલ્લાહે.**

## (૪૦) દોવા બીજી ઇંડજ ખાણની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઈંદ્ર ઇમામશાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામશાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ નરંજન નરાકાર, એહેદ થકી રચ્યો સંસાર. પહેલી સરજી ખાણી ચાર, ચતુર સુરતથી વીસ્તાર. ચતુર વેદ સચરાચાર, તેમાં નરંજના ધર્યાં અવતાર. નરનારીનો એક વીચાર. સ્વામી તમે સતગોરને સોંપ્યા ધર્મ, રચી સતપંથને ઉતાર્યાં કરમ. ત્રણ સુરતે ધર્યો અવતાર, શક્તરૂપી રચ્યો સંસાર. માયા રચી અનંત અપાર, તમે નરંજના સરજનહાર. ઈંડજ ખાણીમાં જીવ અવતર્યો, એકવીસ લાખ તો ફેરા ફર્યો. જુજરવેદે પુરી સાંખ, ફેરા ટાળ્યા એકવીસ લાખ. અમરભેદસું લાગું ધ્યાન, વારો ગોરનરને કરી ફરમાન. ઓળખ્યા અમે વીસનવ નારાયણ વારાના ધણી, તમે ચંતા કરો એ જીવ તણી. તમારો આડોજ, તમારો પાડો, તમારો વાડો, એ જીવને ઇંડજ ખાણી માંહેથી કાઢો. તમે એ જીવના પાપ મોડો, ભવોભવના કરમબંધન છોડો. તમે અલી નરંજના નકલંકી નારાયણ, એ જીવને આશા છે ગણી. છુટાડો ઇંડખાણી માંહેથી ત્રીભોવનના ધણી. તમે સાહેબ, તમે સુલતાન, તમે સુભાન, તમે જીવોના સરજનહાર, જાંબુદ્રીપે કુવારકા ક્ષેત્રને અસ્તળે એ જીવને આલો દેદાર. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લેલાહો મહંમદુર રસુલીલ્લાહે.**

---

## (૪૧) દોવા ત્રીજી ઉદબીજ ખાણની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર શમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ નરંજન દેવ, બ્રહ્મા વીસનવ માહેશ્વર. શીવ શક્તિથી સરજ્યો સંસાર, તમે નરંજના નરાકાર, ખાણીથી રચ્યો સંસાર, વેદથી કર્યો વીસ્તાર,

સરજી ખાણુ ને રચી માયા, ખાણે ઉપના તે ખાણે સમાયા. વીસનવ બ્રહ્મા ને માહેશ્વર કાયા, મરતુ માંહાં દેવને શક્તિ માયા. ચતુર સુરત નરંજનાં તમે ઉપાયા, ઉદભીજ ખાણી માંહે જીવ અવતર્યા. એકવીસ લાખ તો ફેરા ફર્યા, સામવેદ પુરી સાંખ ફેરા ટાળ્યા. એકવીસ લાખ ત્રણ દેવને શક્તિ સાર, તમે નરંજના ધર્યા અવતાર. ત્રણ દેવથી થયો સતપંથ, તમથી છુટે જીવના ફેરાફંદ. નર તમે, નરંજન તમે, નરાકાર તમે, નકલંકી તમે, નારાયણ તમે, ગુનેગાર છું અમે, સ્વામી ગુના બકસો તમે, ઉણીઆઆચારી છું અમે, તમે અલી નબી નરંજના નર અસલામશાહા દાતાર. નરઅલી મહંમદશાહા મોલાણા. તમે કરો અનંત કરોડી જીવોનો નસતાર. અલીનરંજના નકલંકી નારાયણ તમથી છુટે પંડને પ્રાણ. પીર સમસથી ધર્મ પ્રમાણ, પીર સુદરદીનથી જીવોનાં નરવાણ. ઇમામશાહા મહંમદશાહા કરો જીવોને પરમાણ, છુટાડો જીવને ઉદભીજ ખાણ. આદ વીસનવ નરંજના નકલંકી નર અસલામશાહા ધણી, તમે ચીંતા કરો એ જીવ તણી. તમારો આડો, તમારો પાડો, તમારો વાડો, એ જીવને ઉદભીજ ખાણી માંહેથી કાઢો. જાંબુદ્વીપના ધણી નરઅલી મહંમદશાહા તમે ચંતા કરો, એ જીવ તણી. એ જીવના ભવોભવના પાપ મોડો, અમર ભેદની સંગત સોબત માંહે જોરો. તમે દેખાડો જીવને પાર, તમે ચૌદ ભવનના સરજનહાર. **સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઈ લલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૪૨) દાવા ચોથી જરોજ ખાણીની જીવની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીને, સતગોર પીર સમસદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામશાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દાવા. સ્વામી આદ નરંજન તમે, અગમ અગોચર તમે. થાન થાનંતર તમે, કરણ કલફમાં તમે, જુગ જગાત્ર તમે, આસણ અસતળમાં તમે. ધ્યાનમાં તમે, ધંધુકારમાં તમે. ઇંડમાં તમે, પીંડમાં તમે, નવખંડમાં તમે, બ્રહ્માંડમાં તમે. તમે ભણુતાં તમારો જાપ, તમે ઉપના તે આપોઆપ. સ્વામી તમે ત્રણ દેવ ઉપાયા, કરી શક્તિ ને સરજી માયા. તમે સરજી ચારે ખાણ, સરજ્યા પંડને પ્રાણ. પછે સરજ્યાં ચારજ વાણ, વાણુથી કરયા વીસ્તાર. સરજ્યા વેદને અહુંકાર, સરજી સેસટને સકળ સંસાર. લખચોરાસી ફેરા ફર્યા, રૂંઢમાળાએ સઉ અવતર્યા.

ફેરે પડયા સૌ જીવને જંત, રચી માયા તે સકળ અનંત. તંમે નરંજના આપે હરી, બ્રહ્મા વીસનવે સેસટજ કરી, કુરતી કીધી ચારે ખાણુ, ઉત્તમ મધ્યમ સરજ્યા પ્રમાણુ. તમે અવતરીઆ નારાણુ, બહ્મા વીસનવ રહ્યા પરમાણુ. સરજ્યા સતપંથ ને થાપ્યા ધર્મ, ઇમાની જીવને આપ્યા મરમ. બેઇમાની શર બેઠાં કરમ. અથરવેદની પુરી સાંખ, ફેરા ટાળો એકવીસ લાખ. આદ નરહરી નારાણુ, બ્રહ્મા વીસનવ માહેશ્વર ત્રણુ સરજ્યા પરાણુ. નરંજના નકલંકી અલી અવતાર, તમે કીધા આવા વેદ ને વીસ્તાર. આદ બ્રહ્મા નબી મહમંદ રસુલ, હક શાહા સુરતજાઅલી, ઇમામ હશન, ઇમામ હુશેન, ઈમામ જેનલાબદીન, ઇમામ મહમદ બાકર, ઇમામ જાફર સાદક, ઇમામ ઇસમાયલ, સેદ નુરમહંમદશાહા તમારો પરિવાર. નબીનુર સતગોર, નર અસલામસાહા દાતાર. સતગોર સલાઉદીન, સતગોર સમ્સદીન, સતગોર નસીરદીન સતગોર સાહેબદીન, સતગોર સુદરદીન, સતગોર કબીરદીન, સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા મોલાણા સુલતાન વારાના ધણી, તમે ચીંતા કરો એ જીવ તણી. તમારો આડો, તમારો પાડો, તમારો વાડો, એ જીવને જરોજ ખાણીમાંથી કાડો. એ જીવ લખચોરાસી ફેરા ફર્યો, જરોજ ખાણી આવી અવતરો. સતગોર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહા આદ વીસનવ નરઅલી મહંમદશાહા મોલાણા તમે જીવોના તારણહાર. કરગર્યા કાન ધરો, સમર્યા સાર કરો. વારાના મરદ તમે જીવને છુટાડો, જરોજ ખાણીમાંથી કાડો. જાંબુદ્વીપને ભરતખંડ કુવારકા ક્ષેત્ર માંહે પરવાર તમારો. નરનામની દોવા સહી, આસણુ અસતલ અજંપા જાપની દોવા સહી. તમારા જીવ જમલી જમાતની દોવા સહી, હીણા ખીણા જીવ રખેસરની દોવા સહી. કાયમ તમારા વંશ પરવારની દોવા સહી. અલી આલ નબી ઓલાદની દોવા સહી. તમારા કલમા કાંડીની દોવા સહી. તમારા નુર ફરમાનની દોવા સહી. એ જીવને લખચોરાસીના ફેરાથી છુટાડો, જરોજ ખાણી માંહેથી કાઢો. ચારે ખાણુના ફેરા ટાળો, ત્રેત્રીસ કરોડીના મેળા આલો. જાંબુદ્વીપના ધણી ચીંતા કરો એ જીવ તણી. **સતગોર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લલાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૪૩) દોવા પાંચમી જીવને રવીમંડળ પોંચાડયાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, સતગોર પીર સલાઉદ્દીન, નર અસલામશાહા નર અલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ નરંજના નરાકાર, અહુંકારથી સહુ વીસ્તાર. બ્રહ્મા વીશનવ મહેશ્વર શકિતી સાર, તમે નરંજના એહેદ રૂપે કીરતાર. તમે શ્રી મચ્છ, તમે શ્રી કોરંભ, તમે શ્રીવરાહ, તમે શ્રી નૃસિંહ, તમે શ્રી વામન, તમે શ્રી ફરસુરામ, તમે શ્રી રામ, તમે શ્રી કૃષ્ન, તમે શ્રી બુધ, તમે શ્રી નકલંકી નારાયણ દસમા અવતાર, નર અસલામશાહા દાતાર. નરઅલી મહમદસાહા તમે જીવના તારણહાર, જાંબુદ્વીપને ભરતખંડે કુંવારકાં ક્ષેત્રને સ્થળે અથરવેદગું જીવનો કરો વેપાર, હવે ઈયાં થાશે એકાકાર, તમે રચ્યો મહાદન વારો વસમને વર દાતાર. સ્વામી તમે ફલાણા જીવને તારો, સ્વર્ગ અમરાપર બેસારો. નરઅલી મહંમદશાહા, સતગોર ઈમામસાહાની દોવા, સતગોર પીર કબીરદીનની દોવા, સતગોર પીર સુદરદીનની દોવા, સતગોર પીર નસીરદીનની દોવા, સતગોર પીર સમસદીનની દોવા, સતગોર પીર સલાઉદીનની દોવા, નબી નુર સતગોર નરઅસલામશાહા તમારી દોવા. આદ વીસનવ નારાણ સૃષ્ટીના ધણી, તમે રચ્યો સતપંથ ચીંતા કરો એ જીવ તણી. દશે અવતાર માંહે તમે નરંજના નરાકાર, ચાલીસ ઇમામની દોવા, શક્તિ બીબી ફાતમાની દોવા, એ જીવને સ્વર્ગમાં અમરાપરમાં લાઓ, સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા, તમારો આડો, તમારો પાડો, તમારો વાડો, એ જીવને ચાર ખાણમાંથી કાઢો, એ જીવને મરત લોકને આસણથી ઉઠાડો, રવીમંડળને મુકામ પોચાડો. ચતુરવેદની દીધી સાંખ, સાહેબ દોસ્તી તમારી, દોસ્તી તમારા સતપંથની, દોસ્તી તમારા નામ નુરની, દોસ્તી તમારા નીમ કાંકણની, દોસ્તી તમારા કરમ ધરમની, દોસ્તી તમારી આલ ઓલાદની, એ જીવનું આસણ ઉઠાડો, રવી મંડળ માંહે પોંચાડો. દોસ્તી તમારા અરવાર પરવારની, દોસ્તી તમારા કલમા કાંઠીની. એ જીવની માયા મમતા ઉઠાડો, રવીમંડળ માંહે પોંચાડો. દોસ્તી સત્ર સહસ્ર હોસેની કુળ કાયમના પરવારની, દોસ્તી હરીવંસ બ્રહ્મા પરવારની દોસ્તી એ જીવની મુમતા મોડો, માયાનું કર્મબંધન છોડો. એ જીવને ચાર ખાણનાં પાપ તોડો, એ જીવ અનંતવાર અવતર્યો તે ફેરાના કરમબંધન છોડો. સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા ફલાણા જીવનો પંડ પડયો, તે જીવનાં કુળગોત્ર માંહે પોચાડો. એકોતેરસો માએના, એકોતેરસો બાપના, સાતકળ

સાસરીના, એ જીવને અરવાર પરવારના, એ જીવ વાસના કરે, જે જીવ આસના રાખે. તે જીવને સુખ સોહેલા કરો, દુખ દોહેલા દુર કરો. એ જીવને મરત લોકને આસણથી ઉઠાડો, રવી મંડળને મુકામ પોચાડો. સુરજ મંડળ તે રવી મકાંમ, તાહાં કુલ રખેસર સતપંથ જીવોના ઠામ. એ જીવને કળ ગોત્રમાં પોંચાડો, પાંચ સાત નવ બાર તેત્રીસ કરોડીના મેળા દેખાડો. લખ ચોરાસીના ફેરા ટાળો, સઘળી જમાતસુ દેદાર આલો. અથરવેદમાં અલી દસમા અવતાર, નર અસલામશાહા દાતાર. નરઅલી મહંમદસાહા મોલાણા જાંબુદ્વીપના સુલતાન, તમે જીવોના તારણહાર. **સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૪૪) દોવા છઠી જીવને ઉઠાસણાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર સાહા ઈદ્રિ ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામ શાહા નરઅલી મહંમદશાહા નરઅલી નરંજના નામ, નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે જાહેર મીરાં, ખલકના બાદસાહા તમે સાહા શ્રી મચ્છ, સાહા શ્રી કોરંભ, સાહા શ્રી વારાહ, સાહા શ્રી નૃસિંહ, સાહા શ્રી વામન, સાહા શ્રી ફરસરામ, સાહા શ્રી રામ, સાહા શ્રી કૃષ્ન, સાહા શ્રી બુધ, સાહા શ્રી નકલંકી દશમો અવતાર, નરઅલી મહંમદસાહા મોલાણા સુલતાન, તમે જીવોના તારણહાર, જે જીવનું ઉઠાસણું કરે તે જીવને ચલાવો મુકામ. દીવાન બાદશાહજી તે જીવને રવી મંડળ પોંચાડોજી, એ જીવને ત્રેત્રીસ કરોડીના મેળામાં રાખોજી, તમને જે જીવ જપે તે જીવને છોડાવોજી, એ સર્વે રચના તમારી રચી છેજી. એ જીવની ચીન્તા તમને છેજી. જે ચાલ્યા જીવનું ઉઠાસણું કરે તે સ્વામી તમે કબુલ કરોજી. મખી મુસાફર ગોર નર ગતની દોવા કબુલ કરોજી, દોસ્તી દરગાની કબુલ કરોજી. દોસ્તી નર અસલામ સાહાની, દોસ્તી દશમા અવતારની, દોસ્તી કુલ રખેસર ગત ગંગાની, દોસ્તી મખી મુસાફરની, આજ કલજુગમાં જપીએ તે ગોરનરની દોસ્તી, જતી સતી સંતોકી જીવની વીનતી. જે જીવ આસના વાસના રાખે તે જીવને તમે કબુલ કરોજી, હવે એ જીવની દયા માયા ઉઠાસણું જે મખી મુસાફર ગત કરે તે તમે કબુલ કરોજી, વળી એ જીવને નામે ઉઠાસણું જે મખી. કરાવે તે કબુલ કરોજી, એ જીવને બેસ્તમાં લાવોજી, એ જીવને તમારાં લાડ લડાવોજી, એ તો

ખાખી જીવ છેજી, એ ખાખી જીવની દોવા કબુલ કરોજી જે જીવનું ઉઠાસણું કરાવે તે જીવને લખ ચોરાસીના ફેરાથી છુટાડોજી. ત્યાર પછી મહાદન થાસે, તહાં આરબી રૂપે બેસીને એ જીવના ગુના માફ કરોજી. પછે બેસ્તમાં લાડ લડાવોજી. ઈહિા રેહેમ અલા જાહેર મુસલમાની દીવાન બાદસાહા તમે છોજી. સ્વામી જેમ તમે સમુદ્રમાં ઘોડા ઉગાર્યાજી, જેમ સાત ફરસતાને તાર્યાજી. જેમ કરણ કલફમાં ભગત ઉગાર્યાજી, જેમ રાજા પ્રહલાદ ઉગાર્યાજી. જેમ રાજા હરીશ્ચંદ્ર ઉગાર્યાજી. જેમ રાજા જુજેસ્ટળ ને પાંચ પાડવ ઉગાર્યાજી, જેમ કાગળની નાવમાં પીર સુદરદીને જીવ ઉગાર્યાજી, સ્વામી એણી રીતે વખડી વેળામાં એ જીવને ઉગારોજી. ફરીયાદ ગોરગત ગંગાની, ફરીયાદ મખી મુસાફરની, ફરીયાદ અનત કરોડી દેવની, ફરીયાદ નવાણું કરોડી જાંખાની, ફરીયાદ છપન કરોડી મેઘાની, ફરીયાદ બત્રીસ કરોડી કેનરની, ફરીયાદ પાંચ કરોડી પ્રહલાદની, ફરીયાદ સાત કરોડી હરીચંદની, ફરીયાદ નવ કરોડી જુજેસ્ટળની, ફરીયાદ બાર કરોડી કમળા કુંવરની. ફરીયાદ કુલ રખેસર જીવોની, દીવાન બાદસાહાજી એ જીવને ઈમામપરીમાં લાવોજી, એ જીવને તેત્રીસ કરોડી સાથે લાડ લડાવોજી. જાંબુદ્વીપના સુલતાન તમે કરો બંદાને આસાનજી. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.**

## (૪૫) દોવા સાતમી જીવને બાવન ઘાટીની છે.

**ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ, સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામસાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી મહેર કરો, જીવને તમારા પગને પરતાપે કરી, જીવને મુગતા ઘાટ કરોજી. અથરવેદને ચલણે કરી એ જીવને સ્વીમંડળ પોંચાડો. નબીનુર સતગોર નરઅસલામસાહા, સતગોર સલાઉદીન, સતગોર સમસદીન, સતગોર નસીરદીન, સતગોર સાહેબદીન, સતગોર સુદરદીન, સતગોર કબીરદીન, સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા તમે આદ વીસનું નારાયણ વલી વલાયતના વસનારા, મુલસ્થાનના મુગટ જીવોના વર દાતાર. તમે તમારી વાચા પાળો. જ્યારે ત્રણ ટ્રોળ હતા ત્યારે તમે વાચા દીધી આજ તે વાચા તમે પાળો. તમારે કરમે, તમારે ધર્મે કરી, તમારે સતે તમારે દતે કરી, તમારી દયાએ, તમારી માયાએ કરી, તમારી ક્ષમા સંતોકે કરી, તમારી મહેર નજરે કરીને એ જીવને

બાવન ઘાટી પોંચાડો. જેમ નવાણું કરોડ જાંખા પોતા, જેમ છપન કરોડી મેઘા પોતા, જેમ બત્રીસ કરોડી કેનર પોતા, હવે તેત્રીસ કરોડી દેવ જીવના મેળા પુરા કરો, જાંબુદ્વીપના ભરણુ જાગતાં કરો. આજ અથરવેદને વાયકે આ સતપંથને પરતાપે કરી, બ્રહ્મા વીસનુની કળાએ કરી, સીત્ર સેહત્ર હોસેની કોલ કાયમનો પરવાર. તમારે સતે, તમારે દતે કરી, સર્વ શક્તિના પગને પરતાપે કરીને, એ જીવને બાવન ઘાટી પોંચાડો. રવી મંડળમાં વાસ આલો, ચાર ખાણુના ફેરા ટાળો. નરઅલી નરંજન નકલંકી નારાયણ દશમા અવતાર સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહંમદસાહા મુલાણા. તમે જીવોના તારણહાર, એ જીવના કળગોત્ર માંહે એકોત્રસો માએના, એકોત્રસો બાપના, સાત કળ સાસરીના, જે જીવ વાસના કરે, જે જીવ આસના રાખે, તે જીવને તમારી પાવળને પરતાપે કરીને બાવન ઘાટી પોચાડો, વળી જે જીવને નામે ખરચે વાવરે, તથા કરીઆવર કરે, જીવને ઉઠાસણે દોવા ભણે, તાહરે રોકડ નાણું મેલે, તમારી પાવળના પરતાપે કરીને એ જીવનું ઉઠાસણું કબુલ કરો. એ જીવને બાવન ઘાટીના હસાબ ચુકાવો, ફલાણા જીવનો પંડ પાડો તેને પાંચ સાત નવ બાર તેત્રીસ કરોડીના મેલા આલો, લખ ચોરાસીના ફેરા ટાળો, સઘળી જમાત દેદાર આલો, અમરાપરમાં વાસ કરો. સતીઓની સોબતમાં રાખો, રખીઓનાં રાજ આલો. સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઇમામશાહા સહેજાદા રખેસર જીવોને ભસ્ત આવાની તમારે સતે, તમારે દત કરી એ જીવને રવી મંડળમાં વાસ આલો, બાવન ગાટીના હીસાબ ટાળો. દીવાન બાદસાહજી કરમ ધરમના ધણી તમે છો. જાંબુદ્વીપના સુલતાન સતગોર ઇમામસાહા, નરઅલી મહંમદસાહા, બાકરસાહા, ખાલકસાહા, બાલેસાહા, નીઆરસાહા, સેહેદસેર, સૈયદ સાહેબદીન, સૈયદ મુસ્તફાજી, સૈયદ ખાનબાવાજી, હક લાએલા હઈ લેલ્લાહો મહમદુર રસુલલ્લાહે.

## (૪૬) દોવા બાવન ઘાટી માંહે ભણવી.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

ભેરવની ચોકી, ભુતની ચોકી, પ્રેતની ચોકી, મેરૂ ફરસ્તો હોય અજરાઈલનો વોળાવો, એવા સાત ફરસ્તાનો વોળાવો. જબરાઈલ ફરસ્તાનો વોળાવો, મીકાઈલ ફીરસ્તાનો વોળાવો. અસરાફેલ ફરસ્તાનો વોળાવો, નુરવાઈલ, નુરબાઈલ ફરસ્તાનો વોળાવો, આંટી ઘાંટી સોહેલી કરો, તન ઘાંટીના વીગન હરો. કંઠ ઘાંટી, મોહો

ઘાંટી, સંતાસણુ ઘાંટી, જમ ઘાંટી, એ ચારે ઘાંટીનાં બંધ ખલાસ કરો, શુળ ઘાંટીના વીગન દૂર કરો. મોહો ઘાંટી સુખમ ઘાટીની ચોકીથી છોડાવો, રવી ઘાંટી ચાર ઘાંટીયે સાથ તમારો રાખો, બાવન ઘાંટીનો હીસાબ નીવારીને રવી મંડળમાં વાસ આપો. બાવન ઘાંટી પાર ઉતારો, સાત ઘાંટી તે બાવન ઘાંટી માંહે જબરાઈલનો વોળાવો, એ જીવનું નવ મહોરૂ કાંકણ બાંધ્યું છે. નબી સાહેબ, નુર સતગોર,. પીર સમ્સચોટ, પીર નસીરદીન, પીર સાહેબદીન, પીર સુદરદીન, પીર કબીરદીન, પીર ઇમામસાહા એ આઠ ગોરની સાંખ સાહેદી. નરજામા સાહા સુરતજાઅલી (૧) નરઅસલામ સાહા (૨) નરઅલી મહંમદસાહા. (૩) પાત્ર નકલંકી નારાયણુ જમલે જાહાંન જીવ તમારો છે. સ્વામી ગજસંકો તમારો. કુલ જગને વર્તમાને. અથરવેદને વાયકે. તમારો આડો, તમારો પાડો, તમારો વાડો, તમારો ગજસકો પાડો, એ જીવ છુટે ત્યારે અનંત કરોડીના મેળા માંહે રાખો. મબી કમળા કુંવરની ટોળી માંહે રાખો. મબીઓની ટોળી માંહે રાખો. સ્વામી મહોર છાપ તમારી સાથે છે સહી. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઇ લેલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

---

## (૪૭) દોવા જીવને આસણુ વસ્ત્રની છે.

**ફુરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસરદીન, સતગોર પીર સમ્સદીન. નરઅસલામ સાહા નરઅલી નરંજના નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ વીસનવ નારાયણુ નકલંકી રૂપ, બ્રહ્મા વીસનવ માહેશ્વર ભુપ. સ્વામી તમે શ્રી મચ્છ, સ્વામી તમે શ્રી કોરંભ, સ્વામી તમે શ્રી વરાહ, સ્વામી તમે શ્રી નૃસિંહ, સ્વામી તમે શ્રી વામન, સ્વામી તમે શ્રી ફરસરામ, સ્વામી તમે શ્રી રામ, સ્વામી તમે શ્રી કૃષ્ન, સ્વામી તમે શ્રી બુધ, સ્વામી તમે શ્રી નકલંકી નરંજન દસમો અવતાર. સાહા અલી વંસ મેહેદી નબી નુર સતગોર નર અસલામ સાહા, તમે જીવોના દાતાર છોજી. સ્વામી તમે સુભાવ સંભવે શુત્ર વસ્ત્રની દોવા કરાવે તે તમે કબુલ કરોજી. એ જીવે અનપાણી, સુત્ર વસ્ત્ર બુરાંનાં લીધાં હોએ તે બકસોજી, એ જીવે કામ ક્રોધ બુરાના કીધાં હોએ તે તમે બકસોજી. મહેરબાન બાદસાહાજી તમે જેવાં કામ કરતા આવ્યા. આજ તેવાં કામ કરોજી. તમારા ગુણનો પાર નહીં; અમારા અવગુણનો છેહે નહિં. સ્વામી તમારા નામપર બલીહારી જાઉં,

તમારા નામ ઉપર સદખે જાઉં. દીવાન બાદસાહાજી તમે જેમ કારજ નીપાયા તેમ કારજ નીપાઓજી. સ્વામી તમસું ભાવ સુભાવે, ઘટપાટ આગળે સુત્ર વસ્ત્રની દોવા કરાવે તે તમે કબુલ કરોજી, મબી મુસાફરની દોવા કબુલ કરોજી. એ જીવના પાંચે વસ્ત્ર કબુલ કરોજી. એ જીવને આવાગમન દુર કરોજી. એ જીવને લખચોરાસી ફેરા ભાંગોજી, તમે દીન દયાળ બાદસાહ છોજી. એ બંદા જુગોજુગના ગુનેગાર છેજી, સાહેબ ગુના બકસણહાર છેજી. સ્વામી તમે નેક નજર ધરોજી. અંધારા ઘરમાં અજવાળાં કરોજી. તમે જાંબુદ્રીપના ધણી, ચીન્તા કરો એ જીવતણી. **સતગોર ઈંદ્ર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હકે લાએલા હઈ લોલ્લાહો. મહમદુર રસુલીલ્લાહે.**

## (૪૮) દોવા નવમી જીવને ઉઠાસણે આસની છે સહી.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહમા ઈંદ્ર ઇમામસાહા આદવીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોરપીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામસાહા નરઅલી નરંજના નામ નબી નુર સતગોર તમારી દોવા. સ્વામી તમે એ જીવને મહેર કરો, ફજલ કરો, રહેમ કરો, કરમ કરો, વકરમ પરહરો. તમારે કરમે, તમારે ધર્મે જમલી જમાતને સતે દતે કરી, તમારી આસના તમારી વાસનાએ કરી, તમારા વેદ વંસ પરવારે કરી, એ જીવનું ઉઠાસણું કબુલ કરો. નબીનુર સતગોર નર અસલામસાહા નરઅલી મહંમદસાહા દશમા અવતાર. ચાલીસ ઇમામની આસીસ તમે કબુલ કરો. ઇમામ હશન, હોશન, સાહાઅલી મુરતજા, હજરત બીબી ફાતમાંની આસીસ તમે કબુલ કરો. તમે અવતાર પાત્ર સેસટના ધણી છો, તમારા નામ નુરની દોસ્તી, તમારા પગ પાવળની દોસ્તી, એ જીવના ગુના બકસો. એ જીવની આડીવાડી સોહેલી કરો, દુખ દોહેલાં દુર કરો. તેની ઘાંટીના વીગન હરો, બાવન ઘાંટી પાર ઉતારો. સ્વર્ગની વાટે જીવને તારો, મરત લોકને આસણેથી ઉઠાડો. રવી મંડળને મુકામ પોચાડો, ઉતમ જીવની આસા પુરો. દોસ્તી સત્ર સેસત્ર હોસેની કુલ કાયમના પરવારની દોસ્તી એ જીવને ઉતારો પાર, તમે જીવોના તારણહાર, તમે નારાયણ, તમે નરીજન, તમે અલખ, તમે અલ્લા, તમે રામ, તમે રહેમાન, તમે આદ વીસનવ નારાયણ નકલંકી નબી નુર સતગોર નર અસલામસાહા દાતાર. સલાઉદ્દીનની આસીસ, સતગોર સમ્સદીનની આસીસ, સતગોર નસીરદીનની આસીસ, સતગોર સાહેબદીનની આસીસ, સતગોર સુદરદીનની આસીસ, સતગોર કબીરદીનની આસીસ,

સતગોર ઈમામસાહાની આસીસ, નરઅલી મહંમદસાહા સ્વામી તમે કબુલ કરો. તમે સાહેબ સુલતાન જે ઉપના અરબસ્તાન સહૃઅદીપે એરાકખંડે કીધા મુકામ. જેઓ આવી વસ્યા ઉચ મુલસ્થાન. જેણે ગુજરખંડે કીધાં ઠામ, જે આવી વસ્યા ગરમઠા ગામ. તેનું પાત્ર બ્રહમા ઈંદ્ર ઈમામસાહા નામ. જે કરસે અનંત કરોડી જીવોનાં કામ. તેનું નરઅલી મહંમદસાહા નામ, તમે કરો જીવને મુસ્કેલ આસાનજી. **સતગોર ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લેલ્લાહો મહમદુર રસુલલ્લાહે.**

## (૪૯) દોવા ઉઠાસણે વાસણને છાંટ નાખવાની છે.

**ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.**

અલા મેહેદી, સાહાઅલી સેરખુદા, હક સનાસી દફે બલા. ત્રાંબેકા કોટ, લોહેકા કમાડ, નવસેનવાણું નદીઉં સાહેબદ્વાર. કુલ ગુના દફે થાએ, સબકું ફરાન સેતાન બાજી દુર કરો. દમ દોહેલી, વાટ સોહેલી. દમે સાહા મુરતજાઅલી, કદમે સફાતર સુલી. ખુદા આસણ વાસણ કબુલી, સમસ તબરેજ અલી. સાહા સુદરદીન વલી, બફેજઅલી સાહા બરકત નવે તનકી ભલી. એ દોવા આસણ વાસણ તવગીર દાન, સ્વામી તમે કબુલ કરો. ફરમાન રેહેમાનકું ફરીયાદ કરૂં, અલીકું ફરીયાદ કરૂં, ઉમત કાજ ફરીયાદ કરૂં. તમે પાક પરવરદીગાર નરઅલી મહંમદસાહા જેણે પીર પાયા, તેના અમરાપુરમાં વાસ, સુખ મીઠા ગરાસ, અલ્લા નબીકા દેદાર પાસ. બંદા ગુનેગાર ખાક, એ જીવનાં આસણ વાસણ પાક. **સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઈ લેલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫૦) દોવા ઉઠાસણે દેવેથાળ નીસાનીની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઈંદ્ર ઈમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, નર અસલામ સાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તેજે સુરીજનહાર,

બ્રહમા વીસનુ કુળ અવતાર. નબીનુર સતગોર કાયમ રૂપ, આદ નરંજન એક ને જુજવા સ્વરૂપ. તમારા નુર, તમારા જહુર, તમે ગત સેસટમાં છો ભરપુર, કુલ ગતના ગુના કરો દુર. તમારાં નામ, તમારાંઠામ, તમારાં ફરમાન, નીસાની મહેમાની કબુલ કરો. પાન, ફુલ, ફળ, સાક, પાક, અનપાણી, વસ્ત્ર વાસણ, દમડો દોકડો, કોડી બદામ, કબુલ કરો. મુમી મુસાફરની, ગત જમાતની દોવા કબુલ કરો. તમે દાતા, તમે ભોગતા, તમે વસમને વરો, સ્વામી તમે નુરે પરવરો. તમારા નામ નુરની રહેમ કરો, ગતગંગા જમલી જમાત ઉપર નેક નજર ધરો. તમારી સફાત સનાને જામો હક હલાલ કરો, વારાનું આઉત ધરો .ને ખુસાલ કરો. વેદ વરતમાનાનું ફળ આપો, સીંગાસણ તમારૂં તમે થાં .. રખેસર બંદાનાં પાપ કાપો, ખટી કમાઈમાં બરકત આપો. મમી મુસાફરનો રાડો, ગત જમલી જમાત માંહેથી દોહાંત કાડો. જીવ જામાને જગાડો, ચલાવી ધર્મ ને વસાવો પાડો. રખેસર બંદાની સફાત કબુલ કરો. કર્યા તમે, કરશો તમે, વરા તમે, વરસો તમે, ગુરનર બેલી એક. આખર મહેંદી કાયમ અવતાર, જાંબુદ્વીપમાં ગોરનરનો પરિવાર. રખેસર બંદા ઉપર રહેમ કરો, કુલ બલા દફે ધરો. દોવા આશિસ અમારી, બરકત સફાત દેવ તમારી. વેગે જાઓ ને વેલા આવો, રહેમ કરમ કરીને વાડી વસાવો. સત સાહેનાં નુર કાંડી, જપાવો અજંપા જાપ, તમે ઉતારો બંદાનાં પાપ. મોમન રખેસર બંદાઓ નરનારી, બાળગોપાલ ચાલ્યા જીવની થાળ નીસાની કબુલ કરો. **સતગોર ઈન્દ્ર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫૧) દોવા બાળક તથા નવા ધર્મીને કાંકણ બાંધવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર અસલામસાહા, નરઅલી મહંમદસાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ નરંજન ધંધુકાર, જીવ પંડના સરજનહાર. બ્રહમા વાચા, વીસનવ વાચા, માહેશ્વર વાચા, સબ શક્તિની વાચા, શ્રી મચ્છની વાચા, શ્રી કોરભની વાચા, શ્રી વરાહની વાચા, શ્રી નૃસિંહની વાચા, શ્રી વામનની વાચા, શ્રી ફરસરામની વાચા, શ્રી રામની વાચા, શ્રી કૃષ્નની વાચા, શ્રી

બુધની વાચા, શ્રી નકલંકી નારાયણની વાચા, હક મોલાણા સાહા મુરતજાઅલી નબીનુર સતગોર નર અસલામસાહા વેદ વારાના મરદ, સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા સત્ર સેહઅ હોસેની કુલ કાયમના પરવાર, જાંબુદ્વીપ ભરતખંડે કુંવારકા ક્ષેત્રમાં હુવા દશમા અવતાર. નકલંકી નારાયણ પાત્ર બ્રહ્મા નરહરી અથરવેદની કાંડી ભણીને જીવનાં કાંકણ બાંધીએ. તો જીવની કાયા નુરાણી થાએ, તે જીવ અમરાપુરમાં જાએ. તે જીવ ફેરાથી છુટે, અમર આસણ બેઠો મનકો અમારો, ગજસકો તમારો. એ જીવને કસળા કુંવરની સોબતમાં રાખો, ત્રેત્રીસ કરોડીના મેળા આપો. ચાંદ સુરજ, પવન પાણી, જમીઆકાસ, અસટ કુળ પરબત, નવ કુળ નાગ, ચાર કુળ મેઘ, ચાર ખાણ, ચાર વા' ાર વેદ, ચાર કતેબ, તેત્રીસ કરોડીની પુરી સાંખ. ત્રીલોકની દીધી વાચા, ર... ી તમારે નીમ કાંકણે, તમારે કર્મે ધર્મે, એ જીવને સતપંથના મારગમાં રાખો, ગોરનરના દેદાર આપો. એ જીવના ગુના બકસો, અમરાપુરમાં વાસ આપો. એ જીવની ચીન્તા તમને છે, એ જીવને પાકપાવન કરો. સતગોર ઈન્દ્ર **ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લલ્લાહો મહમદુર રસુલીલ્લાહે**

## (૫૨) દોવા વર કન્યાને કાંકણ બાંધવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામસાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. ગોર વાચા, નર વાચા, રૂદ્ર-શક્તિની વાચા, બ્રહ્મા વીસનવ મહેશ્વરની વાચા, ફરમાન નારાયણનું સતે વાચા, દતે વાચા, વેદ વાચા, આદ આલ સતપંથની વાચા, વેદ વંસ પરવારની વાચા, નવખંડ પૃથ્વીની વાચા, ચોવીસ મુલકની વાચા, અસ્ટકુળ પરબતની વાચા, નવકુળ નાગની વાચા. ચાર કળ મેઘની વાચા, સાત સાંહેરની વાચા, નવસે નવાણું નદીઉંની વાચા, ચાર ખાણ ચાર વાણની વાચા, ચાર વેદ ચાર કતેબની વાચા, અઢાર ભાર વનસપતીની વાચા, ચાંદ સુરજની વાચા, નવલખ તારાની વાચા, ચૌદ ભુવનના દેવલોકની વાચા, અગ્નિ તેજ અનદેવની વાચા, ધંધુકાર કરણ કલફની વાચા, જડબંધણ જુગની વાચા. ઈંડ છેદાની વાચા, સત દતની વાચા, દયા ક્ષમાની વાચા, સતી જતીની વાચા, સંતોક રેહેણીની વાચા,

અડસઠ તીર્થની વાચા, નવનાથ ચોરાસી સિદ્ધની વાચા, સહસ્ત્ર અઠાસી રૂષીઓની વાચા, એકલાખને એંસી હજાર પીર પેગંમ્બરની વાચા, નવાણું કરોડ જાંખાની વાચા, છપન કરોડ મેઘાની વાચા, બત્રીસ કરોડ કેનરની વાચા, પાંચ કરોડી પ્રહલાદની વાચા, સાત કરોડી હરીશ્ચંદ્રની વાચા, નવ કરોડી જજેસ્ટળની વાચા, બાર કરોડી કમળાકુંવરની વાચા, અનંત કરોડીના પીર હસનશાહાની વાચા, કુલ રખેસર ગતગંગાની વાચા, મુખી મુસાફરની વાચા, સાત ફરસ્તાની વાચા, ચોસઠ લાખ દેવીઉંની વાચા, સત્ર સહસ્ત્ર હોસેની કુલ કાયમના પરિવારની વાચા, આદ ઉનાદ અહુંકારે ધર્મ થાપી, સતગોરે કીધો વીસ્તાર. આદ સતપંથની થાપના કરી, વેદ વંસે તો આવ્યા હરી. થાપના કરીને દેખાડયાં ધર્મ, રખેસર જીવોનાં ઉતાર્યા કર્મ. પેલા સરજ્યા વેદ ને વાણ, પછી સરજી ચારે ખાણ. જે જીવ સતપંથે મળ્યા, તેને આવાગમનના ફેરા ટળ્યા. ફરમાન તમારૂં, સત દત વાચા તમો, ફરીયાદ વીનતી અમો. **સતગોર ઇન્દ્ર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫૩) દોવા કળસ ઉપરથી આખા ઉતાર્યાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા નબીનુર સતગોર તમારી દોવા.**

આખે જીવ રાખે, જીવતણા હો આધાર, સેસટના સુરીજનહાર. જમડા રૂઠા કયા કરે, જસ બેલી કીરતાર. કરતા માનો કળ નમો, કળસને દીજે બહુ માન. તેત્રીસ કરોડી દેવતા આવીયા, ધરે સ્વામીનું ધ્યાન. સેવા કરે સફળ હોય, સ્વામી કરો કબુલ.નર નારાયણ ભેટીઆ, હાજર સતગોર રસુલ. જે જીવ નુરે મળીઆ, તેને આવાગમનના ફેરા ટળીઆ. કાયા જમી જીવ અમર, અમરાપર વાસ, સતગોર મળે સાહાકા દેદાર પાસ. અમર ગોઠ અમરાપરી સતગોર મળે તો જાઓ, ઇયાં કરણી કમાઇએ, તાંહાં દેદાર અલ્લાકા પાએ. અનમો શ્રી નકલંકી નારાયણ. જનાઅરજનો અલખ નરંજન. પીતાંબર કેશવ માધવ દામોદર, હમ સુગન ગરૂડધ્વજ. આંદ વીસનવ દેવ, અહુંકાર મધે સેવ, છત્રીસ યુગ ચોરાસી ચોકડી, તમ મધે આદ બુંદ સેસટ નામ ભણાવ. આદ આખર તમે છો. **સતગોર ઇંદ્ર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫૪) દોવા મોટી છાંટ નાખી સરદો કીધાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.** સ્વામી તમે આદ નરંજના નારાયણ નકલંકી આરબીરૂપ, ત્રણ સુરતનાં એક સ્વરૂપ. આદ પુરૂષથી અહુંકાર, તમે સેસટના શરીજનહાર. છેદી ઇંડ રચ્યો સંસાર, ત્રણ સુરતનો એક વીચાર. સાતે સ્વર્ગે એકાકાર, ખોગળ ભોગળ સચરાચાર. સ્વર્ગ મરત ને પાતાળ, જળ થળ ને પરબત. બેહેર બાર ને થાવર, જંગમ ગામ સીમ ને વભુત નગરે. નવખંડ ને ચોવીસ મુલકે, એકવીસ બ્રહ્માંડ માયા વસુંધરા તમે રચી છે. આસણ સીંગાશન ઘટપાટ એક સુરત ત્રણ દેવ મળી, કળસ માંહે કળા ધરી. સ્વામી તમે અમીનુરની છાંટ નાખો, તમારા જીવને તમારી પનામાં રાખો. **સતગોર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લેલાહો મહંમદુર રસુલીલ્લાહે.**

## (૫૫) દોવા સ્રીને લાઇસુતક ઉતારવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર શમસદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબી નુર સતગોર તમારી દોવા. પ્રથમ આદ નરંજના અહુંકારથી ધંધુકાર, તમે સરજી સુરત ચાર. તમે સેસટના સરજનહાર, તમે કીધા વેદ ને વીસ્તાર. સ્વામી તમે ધર્યાં અવતાર, અથર વેદમાં સચરાચાર. ખાણી વાણીને સરજ્યા વેદ, તમે સરજ્યા અમર ભેદ. અમર ભેદની અમર કાયા, આદ અંતે નુર નીપાયા. નુરથી નીરમળ જીવ નીપાયા. સુતક ટાળો, પાતક બાળો. નુરે જીવનાં પડળ ખાળો, ઈમામશાહા મહમદશાહા છાંટ દારો, છોત ઉતારો, પાપની મોટ દેખો, સુતક પાતક લાઈ લેખો. દન એક માસ છ માસ દશ માસ દો ચારા સોદન ચાર જરોજ ખાણીમાં મનખા અવુતાર, તમે ઉતારો બંદાનો ભાર. પર અન પર જળ દુનીઆં તણો વહેવાર.'તે નુરથી કરો નસતાર, સુતક ટાળો પાંચેનાં પાતક બાળો. સાચો જુઠો, ભુલ્યો ચુકો, વાચા વચને વેદ હીણો, ઉણીઆ આચારી, અવગુણ પાતકે ભર્યો, પાંચે પાતક દુર કરો, વારોવાર લગી પાવન કરો. નુર ફરમાન કાંડી જપાવો અજંપા જાપ, તમે ઉતારો બંદાના પાપ. જત ગંગાજમની જમાત, અનેક વરણ તે 'એકજ નાત.

નુરથી કરો પાતક દુર, અલી નબી તમે કરો જીવની સફાત. સતગોર સુદરદીન નર અસલામશાહા તમે જીવને આલો દેદાર, ઇમામશાહા મહંમદશાહા તમે જીવના તારણહાર. એ બંદાને પાક કરો, એ જીવને ગુના માફ કરો. **સતગોર ઈંદ્ર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૫૬) દોવા પુરૂષને સુતક ઉતાર્યાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઈંદ્ર ઇમામશાહા આદ વીસનત્ર નરંજના નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.** પીર પાક, નુર પાક, નરંજન નારાયણ પાક, પાંચ તન પાક, સાત મલાક પાક, ચાર દે માસુમ પાક, દોવા દે ઇમામ પાક, તમારૂં નામ પાક, તમારૂં ઠામ પાક, તમારા નામ નુરને પરતાપે કરી બંદા પાક, ધરતી આકાસ પાક, પવન પાણી પાક, ચંદા સુરજ પાક, તારામંડળ ધ્રુ પાક, અસ્ટકળ પરબત પાક, નવકુળ નાગ પાક, ચાર કુળ મેઘ પાક, સાત સાહેર પાક, નવસે નવાણું નદીઉં પાક, તમારા નામ નુરને પરતાપે કરી બંદા પાક. નવનાથ ચોરાસી સિદ્ધ પાક, અઠયાસી સહસ્ત્ર રૂષીઓ પાક, એકલાખ ને એંસીહજાર પીર પેગંમ્બર પાક, સત્ર સેહસ હોસેની કોલ કાયમનો પરવાર પાક, અડસઠ તીરથ પાક, નવાણું કરોડ જાંખા પાક, છપન કરોડ મેઘા પાક, બત્રીસ કરોડી કેનર પાક, તેત્રીસ કરોડી દેવતા પાક, અનંત કરોડીના પીર હસનશાહ પાક, તમારી પાવળને પ્રતાપે કરી બંદા પાક, નુરની છાંટે કરી બંદા પાક. **સતગોર ઇંદ્ર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લીલ્લાહો મહંમદુર રસુલલ્લાહે.**

## (૫૭) દોવા રખેસરને મોડે છાંટ નાંખ્યાની છે.

**ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.**

અથરવેદી કાયમ પાયા, પીર શાહા નુરી અમર કાયા. અવલ આખર દેદાર આપો, ઈમાન સલામત રાખો. સમત સબુરી આપો, કરોડ કરોડ ગુના કાપો. ખોળે તે છુટે, ડરે તે તરે. નુર નકલંકી પીર શાહનું જે રખેસર પીએ, તે જીવ બાર કરોડીની સોબત મળે **સતગોર ઇંદ્ર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલાલ્લાહે.**

## *(૫૮) દોવા મુખીને પાવળ પીધાની છે.

**ફરમાનજી બીસમલા હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.**

તમે દેવ નરંજન નરાકાર, નકલંકી નારાયણ દસમા અવતાર. ઇશ્વર જગોજગના બ્રહ્માજી, પરખ પાવળની છાંટેથી સપત પાતાળ ને એકવીસ બ્રહ્માંડના બંધ બાંધ્યા, તે નુર પાવળે બંધ બાંધ્યા. બ્રહ્મા વીસનવ માહેશ્વર કળસ માંહે કળા ધરી બેઠા, તે નુર છાંટના બાંધ્યા. હરી આલના હંસરાજા, પરી દેવના ટોળ, અહુંકાર આલે બાદશાહા, પાતાળ દેવતાએ જમી આકાસ, પવન પાણી ગુપતી પ્રગટી. કળ માંહે ગોત્ર માંહે, આણી વેળાએ જે કોય નુરની વાસના કરે, તે જીવની આસના પુરો. આદ્ય બ્રહ્માએ ઘટ થાપીઓ ચોદસ નાખી ફરોઇ, અનંતરૂપે ચરિત્ર કીધાં કરતા મુરત સોહી. **સતગોર ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલલ્લાહે.**

## (૫૯) દોવા કળશને ઉઠાડવાની લખી છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમસદીન, નર અસલામશાહા નરઅલી નરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. અહુંકાર અનમો, શ્રી નકલંકી નારાયણ. મન હેત બાંધ્યા જલ કુંભે રહે, જળે બાંધ્યા કુંભ છે, કુભે બાંધ્યા જળ રહે. જળ વીના કુંભ ન હોય, જ્ઞાને બાંધ્યા મન જોયે. ગોર વીના જ્ઞાન ન હોય. આદ કુંભ કળસની ઘડી, ઉતપત જળસેથી ભરી. તે આદ કુંભ સદા ઓતમ ઉપના, જે કુંભની પુજા પરીવરતંતે હો સ્વામી. સતગોર દરસણ બુંજતે હો સ્વામી. જીવું કારણ ભવે બ્રહમા, અહુંકારે આદ ઉનાદ અલી, તેમાં જોધંગ દેવતા, આજ કલયુગમાં અલી અલખ નરંજના અવતાર પાત્ર, તે નર ઉત્તમ ઉપના હો સ્વામી, જે નર માનતે, જે નર પુજતે, તે નર લહંતે. મેર મેહેલંગ, અમર ભોજંગ, અમરાપુર વાસંગ. જે નર ના માનતે, ના પુજંતે. તે નર જાવંતે ગોર અંધારે. તે જીવ ભવો ભવો ભવ બુડંતે હો સ્વામી. સતગોર સુદરદીન વાચા, પેલા કરતાયુગમાં ચાર રૂપ, મચ્છ, કચ્છ, વરાહ, શ્રી નૃસિંહ. ત્રેતાયુગમાં ત્રણ રૂપ, વામન, ફરસરામ શ્રી રામ, દોવાપર યુગમાં બે રૂપ, કૃષ્ન અને શ્રી બુધ.

આજ કળયુગમાં એક રૂપ, શ્રી નકલંકી નારાયણ ઘટપાટ સ્થાપી રખીઓ ઓધાર્યા, દઈત દીયા પાતાળ, એણી પાવળે સીધાર્યા પ્રહલાદ, પાંચ કરોડી જીવોનાં તો કીધાં કાજ. એણી પાવળે સીધાર્યા હરીશ્ચંદ્ર, ગોરને વચને મેલ્યા રાજ, સાત કરોડી જીવનાં કીધાં કાજ. એણી પાવળે સીધાર્યા જજેસ્ટળ, પાંચે પાંડવે છોડયાં રાજ. નવ કરોડીનાં સીધાં કાજ, એણી પાવળે કસ્યા પીર સુદરદીન, કાગળનાં કીધાં જાજ, બાર કરોડી જીવનાં કીધાં કાજ. નીમ જલ, નીમ થલ, નીમે બાંધી પાળ, સતગોર બેઠા જાંબુદ્વીપે, ઘટપાટ પખાલા ઘટપાટ થાપી રૂખી ઓધાર્યા, દઈત દાબ્યા પાતાળ, હક સાચા સાહા હેજંદા, એ પાવળેકા એહી વીચાર. સતગોર કબીરદીન કથતે, પીર સુદરદીન શાહા વાચા, ગગન મંડળમાં અમીરસ હોય તાંહાં નરંજનકા વાસા, સોગરા હોય સો ભર ભર પીવે, નુગરાજ એ પાયા[illegible]. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૦) દોવા પાટ ઉપરથી પૈસા ઉપાડયાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદવીસનવ નરંજન નરઅલી મહંમદશાહા.**

નબીનુર સતગોર તમારી દોવા. સ્વામ હક તમે, પાક પીર તમે, અવલ તમે, આખર તમે, જાહેર તમે, બાતન તમે, દાતાર તમે, ખલક તમે, કાયમ તમે, દાયમ તમે. સખી તમે, સાહેબ તમે કરો તે થાય. તમારી દરગેકું આવે, કુલ જમાતકું ભાવે. જુનાં બકસો, નવા ન કરાવસો. પાંચ સાત નવ બાર તેત્રીસ કરોડીના મેળા આલો, લખ ચોરાસીના ફેરા ટાળો. સઘળી જમાતસું દેદાર આલો. બંદા ખુધારથી પેટારથી છે. બંદાના કુલ ગુના બકસો. **સતગોર ઇમામસાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૧) દોવા નીસાની થાળ અખેપાત્રની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.**

હરીચંદ ચતુર વેદી બ્રહ્મા, મોક્ષદાતા દેવ મહેશ્વર, અને સેહદેવ તપ કસે કળસ કરતાર. ચાર જુગ મધે જીવ ઓધર્યા પાંચ સાત નવ બાર, તેત્રીસ કરોડી અનંત નીસતાર. તમે હોસેની પાત્ર દીવાન બાદશાહા, ભાવ

ભગતિ સીધો સ્વરૂપ, થાળ પ્રસાદ, નીસાની મહેમાની, દરૂદ સુકરીત, દામ દોકડો, પાન ફુલ ફળ, અનપાણી, સાકપાક, જકર બંદગી કબુલ કરો. સાહેબ તમસું બલીહારી, અમને આસા દેવ તમારી. અખેપાત્ર અખુટ કરો, સ્વામી તમે ગત જમાતમાં નુર નીશાનીએ પરવરો. અનપુરણ અન પુરો, પાણી પુરો, ગણેશ રીધી સીધી આલો, માતા ભવાની મહાદેવ સ્વામી, ભોજન પીરસો માતા ભવાની. માતા ભવાની ગયે બ્રહમાની પાસ, રધ સધ આલ તમારા દાસ, ભરો ભંડાર થાવ સુખી, અનદેવ પુરણ જાલંધર સુખી. **સતગોર ઈન્દ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૨) દોવા નીસાની થાળ અખેપાત્ર જમવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદશાહા નબીનુર સતગોર તમારી દોવા.**

હરીચંદ ચતુર વેદી બ્રહમા મોખ દાતા, સ્વામી તમે સેસટના સહજહાર, નીશાની મહેમાની ભાવ સભાવ તમારી નેઅતે, દસતરે કબુલ કરો. અન પાણીના અહાર, પાન પુલના ભોગતાર. જમલી જમાત ઉપર રહેમની નજર ધરો, તમારાં નુર તમે વરો. અનંત જીવ તપ કરી આવ્યા, એમ દેવ વેદ વાચકે ભાખંતે, સતગોર હેત કરીઆ તે ચતુરવેદી બ્રહમા. સ્વામી હક દાણા સેવાય આણા, જાંકા દાણા ખટી કરે કમાણા. સતસું લાણા, પ્રેમસું પકાણાં. દરવેસી ગરાસે દાણા, હક હલાલ ખાણાં. સાહેબ તમકું પોંચાંણા. **સતગોર ઈન્દ્ર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.**

## (૬૩) દોવા નીસાની થાળ જમીને ભણવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નબીનુર સતગોર તમારી દોવા.**

દેહેદર દુનીઆં, સેસત્ર આખર, આકા બતખેર. ઈમાનકી સલામતી, યા સતગોર ખેર કર કબુલ. મદત અલ્લા રસુલ, જીસ ભંડારથી રોજી આવે, સો ભંડાર કરો ભરપુર. ખાયા નુર, હુવા હજુર. અલા આદમ રસુલ બંદે ખાયા ફરમાન બીસમલા સાહા તમકું પોચાયા. **સતગોર ઇંદ્ર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૪) દોવા ગત જમાત પરવારી ઉઠયાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા નર્બાનુર સતગોર તમારી દોવા.**

સ્વામી તમે વાટે ઘાટે મુસ્કેલ આસાન કરો, સહેતાન તોફાન દુર કરો. વાડી તમારી હરી ભરી રાખો, ખટી કમાઈમાં બરકત આપો. દીન દનીયામાં સરખરૂં રાખો, લજા આબરૂ શરમ તમે રાખો. તમારે નીમે ધર્મે, તમારી દશોંદ સુક્રીતે, તમારી ક્રીઆ આચારે, તમારી ગત ઉપરે મહેરબાની રાખો. જાંબુદ્વીપના સુલતાન જે ઉપના અરબસ્તાન, સેત્ર દ્વીપ એરાકખંડમાં કીધો મુકામ, જે વસ્યા ઉંચ્ચ મલસ્થાન. જેણે ગુજર ખંડમાં કીધાં ઠામ, જે વસ્યા આજ ગરમઠા ગામ. તેહનું પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા નામ, જે કરશે અનંત કરોડી જીવોનાં કામ. તે આદ વીશનવ નારાયણ નરઅલી મહંમદશાહા નામ, તમે કરો બંદાને મુસ્કેલ આસાન. લખચોરાસીના ફેરા ટાળો, તેત્રીસ કરોડીના મેળા આલો. **સતગોર ઈન્દ્ર ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૫) દોવા બીજનો ચંદ્ર જોવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

બરકત રહેમત, સાહેબ સલામત. અરજ ઉમેદવાર, અજહો ચંદ્રમા ગોર, તમે સતીઓનાં સત રાખજો. નબીની ઉમતના કરગર્યા કાન ધરો, સમર્યા સાર કરો. કીધા ગુના બકસો, બીજા ગુના ન કરાવશો. જાંખા, મેઘા, કેનર, દેવ તેત્રીસ કરોડીના મેળા આલો, અનંત કરોડીની સોબતમાં રાખો, લખ ચોરાસીના ફેરા છુટાડો. **સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૬) દોવા સુરજની સામે ભણવાની છે.

**ફરમાનજી બીસમલ્લા હર્રહેમાન નર્રહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજના નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

ઉગંતાં સુરજ, આથમતાં ભાંણુ, નર બીજ તે મહંમદશાહા નામ. પડંતે ગોર ગાવંત્રી, જપ તપ બંબ ઉપાયા, તબ તમે સુરજ દેવતા, તમારે ચરણે આયા, અબદલા જબાર, અબદલા સતાર, અબદલા ગુફાર, અબદલા રહીમ, અબદલા કરીમ, ચાર પીર માંહમદ સફાત, આટલી દોવા ભણે સુણે ઉનકું **દોજક હરામ. સતગોર ઈમામશાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## (૬૭) દોવા નાદેઅલીની છે.

**ફરમાનજી બીસ્મલા હર્રહેમાન નર્રહીમ.**

**નાદે અલીયંન, મજહરીલ, અજાએબ તજદહું, અવનલકા, રીન્નેવા એબ કુલ્લોહમીન, વગમીન, સેએનજલી બકુદરતકા, ઈયા અલ્લા, ઈયા અલ્લા, ઇયા અલ્લા, બી નણુવતકા, ઇયા મહંમદ, ઇયા મહંમદ, ઈયામહંમદ, બા વીલાયતકા, ઈયા અલી, ઈયા અલી, ઇયા અલી, અદરીકની.**

## નાદેઅલીની ખાસીએત લખી છે.

જે માણુસને દુસમન વેરી વધારે હોએ, ને બીતો હોએ, તો એ દોવા હરરોજ વાર સાત પડીને અલ્લા આગળ દોવા માગે, તો તેના દુશમન દુર થાએ (૧) વળી કોએના ઉપર કોઇએ જાદુ કરેલું હોએ, તો સાત કુવાનું પાણી મંગાવીને, તેના ઉપર નાદેઅલી સાતવાર પડીને, તે પાણીથી નવરાવે, ને થોડું પાએ તો જાદુ દુર થાએ, ને સારે થઈ જાએ (૨) કોઈ માણુસને ઝેર ખવરાવું હોએ, તો તેને કાચની રકાબીમાં કેસર અને કસતુરીથી નાદેઅલી લખી પછે ધોઈને તેના ઉપર નાદેઅલી પચીસ ફેરા પડી ફુંકીને પાએ તો સારૂં થઇ જાએ (૩) કદી કોઈ માણુસને મંદવાડ હોએ, અને તેના ઓસડથી હકીમ વૈદ થાકી ગઆ હોએ, તેને નાદેઅલી પાણી ઉપર પડીને રોજ પીવરાવે, તો સારો થઇ જાએ, મંદવાડ જાતો રહે (૪) કોઇ માણુસને માથે દુઃખ તથા મુસકીલ પડી હોએ, તો નાદેઅલી હજાર વખત પડે, તો દુઃખ દુર થાએ. (૫) કદી કોઇ માણુસ આપણા ઉપર ગુસ્સે થયો હોએ, ( ખફા થઓ હોએ ) તો

નાદેઅલી ઈકોતેર ફેરા પડીને તેની પાસે જાએ, ને ત્રણ વખત પડીને પોતાના પંડ ઉપર ફુંકે, તો તે માણસ તેના ઉપર મેહેરવાન થાએ (૬) પોતાની મુરાદ ઇચ્છા પુરી પાડવા સારૂ રોજ છત્રીસ વખત પડે, તો તેની ઇચ્છા પુરી થાએ (૭) સવારે મોટે પરોઢીએ નાદેઅલી બાર વખત પડીને બાહેર જાએ, તો જે મળે તે સરવે તેના દોસદાર થાએ (૮) બીજું કોઇને માથે ખોટી તોહોમત મુકી હોએ, તો તે માણસ નાદેઅલી હમેસાં ચાલીસ (૪૦) વખત પડે તો તેના માથેથી તોહોમત દુર થાએ (૯) કોઇ માણસ પૈસાવાળો થવા ઇછ્છતો હોએ, તો બાર વખત સવારે ને બાર વખત સાંઝે પડે તો પૈસાવાળો થઈ જાએ (૧૦) કોઈ જરૂર કારણુને લીધે સંતાઇ જવું હોએ, તો નાદેઅલી અઢાર વખત પડીને સંતાઈ જાએ, તો તેને કોઈ જોઈ ના શકે. એ સિવાય ઘણીજ ખાસીએત છે પણ લખતાં પુરી થાએ તેમ નથી.

ઉપર જણાવેલી બધી મુખીની ક્રિયાની દોવાઓ ઉપરાંત સતપંથીઓને પોતાના નીત્યકર્મ તરીકે કરવાની દોવાઓ, તથા મુડદાંને નવરાવવાની, તેમજ તેને ભૂમીદાહ (દાટવાની) કરવાની દોવા; તથા પીરાણા સતપંથની રગ્વેદ, સામવેદ, જજુરવેદ, અથરવેદ, અને પાંચમી મુગત માર્ગની ગાયત્રી, અને તેનું બ્યાન, તથા જુદી જુદી જાતના કલમાઓ વિગેરે પીરાણા સતપંથીઓ ભણે છે, તે બધા અનુક્રમે નીચે પ્રમાણે છે.

## દોવા દિવા જોતને પ્રણામ કરવાની છે.

ખાનામાં પાટ આગળ ઘીની જોતને પ્રણામ કરતી વખતે બોલવાની દોવા.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.**

ગોર દીવો, ગોર દેવતા, ગોર વિંના ઘોર અંધાર. ગોર વિના યુક્તિ નહિ, ગોર વિના મુક્તિ નહિ. મન તાળું કલમો કુંચી, ખોલો ધર્મદ્વાર. દેખો મહંમદશાહાકા દેદાર. જાગે જોત, ભાગે છોત. **સતગોર ઈન્દ્ર ઇમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

ઉપર પ્રમાણેની દોવા બોલી જોત પાટને પ્રણામ કરી, દરેક સતપંથી ભાઇઓ માંહોમાંહે "હેજંદા કાયમ પાયા ફરમાનજી પીરશાહ." એ પ્રમાણે બોલીને એક બીજાના હાથમાં હાથ મીલાવીને પોંચો લે છે. સૌ એ પ્રમાણે એક બીજાને મળીને પોંચો લીધા પછી બેસે છે, અને ત્યાં પીરશાહાના નામની માળા ફેરવે છે.

# પીરાણા સંતપંથીઓને સવાર, બપોર, સાંજ અને મધરાતની વેળાએ ભણવાની દોવા.

## ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ.

સદગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહ આદે વિષ્ણુ નિરંજન નરઅલી મહમ્મદશાહ. તમારી અમ્મર દ્રષ્ટે કરી, કરમ મેહેર કરી, અમારા પાતક દુર કરો. તોબાં વખત ત્રણ કબુલ કરો. યા શાહ અલી મુર્તુઝા (૧) યા ઇમામ હશન હુશેન (૨) યા ઇમામ ઝયનુલ આબેદીન (૩) યા ઇમામ મહમ્મદ બાકર (૪) યા ઇમામ જાફરો સાદીક (૫) યા ઇમામ ઇસમાઇલશાહ (૬) યા ઇમામ નુરમહમ્મદશાહ (૭) યા ઇમામ મુન્તે સરબિલ્લાહ (૮) યા ઇમામ શમ્સોદ્દિન (૯) યા ઇમામ ઇસ્લામશાહ (૧૦) યા ઇમામ નુરમહમ્મદશાહ (૧૧) યા ઇમામ નરઅલી મહમ્મદશાહ (૧૨) આખર જમાનાના શાહો. અમારી તોબા બંદગી કબુલ કરો. દિદાર દો, તોબો તોબો બંદો ગુનેગાર, સાહેબ તો બક્ષણહાર, બંદો તોબાં કરે, સાહેબ કબુલ કરે. બક્ષો બક્ષણહાર, સચ્ચો પીર ફર્માન.

**હક લાએલા હઈ લિલ્લાહો મહમદુર રસુલિલ્લાહે.**

આટલું બોલી રહ્યા પછી શીજદો કરવો, ત્યારબાદ એક માળા 'હક લાએલા હઇ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.' એ નામના કલમાની કરવી, પણ જો મધરાતની વેળા હોય, તો બે માળા કલમાની અને એક માળા 'પીરશાહના' જાપની કરવી. પછી શિજદો કરી બે હાથ જોડી માથું જમીન ઉપર જ રહેવા દઈ નીચેની દોવા ભણવી.

**સુભાનલ્લાહે, યા અલ્લાહ, યા અલી, યા અલી, યા અલી, હક લાએલાહા ઇલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

(એટલું કહી બેઠા થઇ મોઢાં ઉપર હાથ ફેરવી, નીચેની દોવા ભણવી.)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ આદ નિરંજન નરઅલી મહંમદશાહા, આદ વિષ્ણુ તમારી દોવા.** પ્રમથ તમે સ્વામી (૧) શ્રી મચ્છ, (૨) શ્રી કચ્છ, (૩) શ્રી વ્યારાહ, (૪) શ્રી નૃસિંહ, (૫) સ્વામી શ્રી વામન, (૬) શ્રી પરશુરામ, (૭) શ્રી રામ, (૮) શ્રી કૃષ્ણ, (૯) શ્રી બુદ્ધ, (૧૦) શ્રી શીસ, (૧૧) શ્રી નુહ, (૧૨) શ્રી ઇબ્રાહીમ, (૧૩) શ્રી ઇસ્માઇલ, (૧૪) શ્રી સુલેમાન. તેજ અલી, તેજ આજ નરઅલી મહંમદશાહ, અંતે શ્રી નકલંકી નારાયણ, ઇમામ મેંહદી. તમારા રખેસરોની લાજ રાખી ગુનાહ બક્ષી કરમ મેહર કરી, તમારા બંદા જાણી, અરજ બંદગી કબુલ કરો. સુભાન, કરીમ, રહીમ, કિરતાર, તુંહી દાતાર. યા અલી, યા અલી, યા અલી. નુરેનુર આયા સોહી. તે નુર અલી મહંમદશાહ હેજો જોઈ. તુંહી નુર અલી

હમારી દોવા કબુલ કર. સચ્ચો ફરમાન નુર સદગોર બ્રહ્મા પાત્ર ઈંદ્ર ઈમામશાહ. નિરંજન નરઅલી મહંમદશાહ, હમારી દોવા કબુલ કરો. હક **લાએલાહા ઇલીલ્લાહો મહંમદુર રસુલલ્લાહે.**

( આટલું ભણ્યા પછી શિજદો કરી એક માલા 'પીરશાહ'ની કરી શિજદો કરવો. )

## પીરાણા સતપંથીઓની હેજંદાની દોવા.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહમા ઈંદ્ર ઇમામસાહ, આદ વીસનવ નીરંજન નરઅલી મહંમદસાહા.**

સદગોર પીર કબીરદીન, સદગોર પીર સુદરદીન, સદગોર પીર સાહેબદીન, સદગોર પીર નસીરદીન, સદગોર પીર શમ્મસદીન, નર ઇસલામશાહ, નર અલી નરંજન નામ, નબીનુર સદગોર તમારી દોવા. આદ નારાયણને હેજંદા. બ્રહ્મા વિષ્ણુને હેજંદા, આદ્ય શક્તિને હેજંદા. સાત ફિરસ્તાને હેજંદા. બાવા આદમને હેજંદા. મામા હવાને હેજંદા. નબી મહંમદને હેજંદા. હક શાહ મુરતુઝાઅલીને હેજંદા. આદશકિત બીબી ફાતમાને હેજંદા. ઇમામ હશન, હુસેનને હેજંદા, સિતેર સેહેસ્ર હુશેની કુલ કાયમનાં પરવારને હેજંદા, ધરતી આકાશને હેજંદા, પવન પાણીને હેજંદા, ચંદ્ર સુરજને હેજંદા, નવલખ તારાને હેજંદા, બાર મેઘને હેજંદા, નવકુળ નાગને હેજંદા, સાત સમુદ્રને હેજંદા, નવસે નવાણું નદિઓને હેજંદા, સાત વાર સત્તાવીશ નક્ષત્રને હેજંદા, પંદર તિથી બાર કરણને હેજંદા, નવ ગ્રહને હેજંદા, સાત દ્વીપને હેજંદા, નવખંડ પૃથ્વીને હેજંદા, ચોવીસ મુલકને હેજંદા, અષ્ટકુલ પર્વતને હેજંદા, અઢાર ભાર વનસ્પતીને હેજંદા, ચાર વેદને હેજંદા. ચાર કિતાબને હેજંદા. ચાર ખાણી, ચાર વાણીને હેજંદા, આગ્ન, તેજ, અન્ન દેવને હેજંદા, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમને હેજંદા, નવનાથ, ચોરાશી સિદ્ધને હેજંદા, અઠયાસી શેહેસ્ર ઋષિને હેજંદા, એક લાખ એંસીહજાર પીર પેગંબરને હેજંદા, નવ્વાણું કરોડી ઝાંખાને હેજંદા, છપન કરોડી મેઘાને હેજંદા, બત્રીસ કરોડી કિન્નરને હેજંદા, પાંચ કરોડી પ્રહલાદને હેજંદા. સાત કરોડીસું હરિચંદને હેજંદા. નવ કરોડીશું યુધિષ્ઠિરને હેજંદા. બાર કરોડીશું કમલાકુંવરને હેજંદા, કુલ ઋષિવર ગતગંગાને હેજંદા. સુખી મુસાફિરને હેજંદા. ચૌદ ભુવનનાં દેવ ઋષિવરને હેજંદા. કરણ કલફનાં અનંત કરોડી દેવને હેજંદા. નબીનુર સદગોર, નરઅસલામશાહા હમારા ગુના બક્ષો, સતપંથનાં મારગમાં રાખો, લક્ષ ચોરાસીનાં ફેરા ટાળો, તેત્રીસ કરોડીનો મેળો આલો. **જાંબુદ્વીપના ધણી સદગોર ઈમામસાહા નરઅલી મહંદસાહા હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.**

## મુડદાંને નવરાવવાની દોવા.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા. તમારી દોવા.**

સ્વામી તમે હેત ધરિયું, હેતથી નીર ઉપાયા. નીરથી બાંધ્યા જુગ ચાર, ચાર દિશાએ કર્યો પ્રકાશ. નીર ખર્યું પિંડથી સાર, તે નીરે પવિત્ર વિસ્તાર. નીરે કર્યો નુર, નીરે સર્જ્યા ચંદા સૂર. નુર મોક્ષ મુગતનો ઘાટ, પવિત્ર માંડયા ઘટ ને પાટ. નવાણું કરોડી ગાંખા, છપન કરોડી મેઘા, બત્રીસ કરોડી કિન્નર, તેત્રીસ કરોડી દેવતા, અઠયાસી સેહસ્ર રૂષિ. એકલાખએંસીહજાર પીર પેગંબર પામ્યા મોક્ષમુગતની વાટ. સદગોર પીર સલાહોદીન, સદગોર પીર શમસદીન, સદગોર પીર નશીરદીન, સદગોર પીર સાહેબદીન, સદગોર પીર સુદરદીન, સદગોર પીર કબીરદીન, સદગોર પીર ઈમામશાહ આ જીવને પવિત્ર કરો, દુઃખ દોહેલા દૂર કરો. મોક્ષ મુગતનો મારગ આપો, તમે પવિત્ર છો, તમારા સેવકોને પવિત્ર કરવાનો ધર્મ છે. તમારે ધર્મે, તમારે કર્મે, આ જીવની દેહ પવિત્ર કરો. તેત્રીસ કરોડીનાં મેલામાં રાખો. ફરમાન પીરશાહ હક **લાએલાહા ઈલીલ્લાહો મહમદુર રસુલીલાહે.**

## મુડદાંને દાટવાની દોવા.

( મુડદાંને કબરમાં ઉતારીને ભણવી, અને પછી માટી વાળવી. )

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા આદ વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા તમારી દોવા.**

સ્વામી તમે પ્રથમ રોપ્યા સત. સતથી દત. દતથી ક્ષમા. ક્ષમાથી હેત. હેતથી નીર, નીરથી ખીર, ખીરથી નીલ, નીલથી અનીલ, અનીલથી ફીણ, ફીણથી ખાક, ખાક તે સદાએ પાક.

સ્વામી નીરથી પવન, પવનથી અગન, અગનથી રચી ખાક, જુગ ચારનાં ચાર દાગ, ખાકપાક, મોક્ષ મુગતની વાટ, સતપંથી જીવને આલી હાથ, ચાર જુગનાં દશ અવતાર, દશ અવતારે ચાર દાગ. શ્રી મચ્છની રક્ષા, શ્રી કોરંભની રક્ષા, શ્રી વારાહની રક્ષા, શ્રી નૃસિંહની રક્ષા, શ્રી વામનની રક્ષા, શ્રી ફરસુરામની રક્ષા, શ્રી રામની રક્ષા, શ્રી કૃષ્ણની રક્ષા, શ્રી બુદ્ધની રક્ષા, શ્રી નકલંકી નારાયણ તે શ્રી મૌલા મુરતુજા અલીની રક્ષા. આજ કલવારે ખાકપાક **પવિત્ર સોભદાગ. સદગોર નબી મહંમદ પાક, શ્રી સદગોર નુર પાક,**

શ્રી સદગોર શમસ પીર પાક, શ્રી ગોર નસીરદીન પાક, શ્રી ગોર સાહેબદીન પાક, શ્રી ગોર સુદરદીન પાક, શ્રી ગોર કબીરદીન પાક, શ્રી ગોર ઈમામશાહ નરઅલી મહંમદશાહ પાક, મૌલાના સતપંથી જીવની સોહલી કરો મોખ મુગતની વાટ. ચારે જુગના ભૂલેલા જીવ સતપંથના આશરે ભોમદાગે પવિત્ર થઇ, આપની રક્ષા માંહે આવેલો તેને પાક પવિત્ર કરી, તેત્રીસ કરોડીનાં મેલા આપી, તમારા નુરમાં વાશ આપો. ગુના બક્ષો, દુઃખ દોહેલાં દૂર કરો. સદગોર પાત્ર બ્રહ્મા નબી નુર સદગૌર ઇંદ્ર ઈમામશાહ, નરઅલી મહંમદશાહ ફરમાન પીરશાહ. **હક લાએલાહા ઇલિલ્લાહો મહંમદુર રસુલિલ્લાહે.**

## મુડદાંને દાટયા પછી બોલવાની દોવા.

(આ દોવા કબરને ફુલ લોબાન ચડાવ્યા પછી પાસે ઉભા રહીને બોલવી.)

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામસાહા આદે વીસનવ નરંજન નરઅલી મહંમદસાહા.**

શ્રી નકલંકી નારાણ સતપંથી જીવનો ફરમાન ફાતીઓ, મોક્ષની આશીશ, દુવા દાન, ફુલ લોબાન, આપની પવિત્ર મેહેરે. સતપંથના સરદાર, કલજુગના દાતાર. પહોંચડાવો, જીવને દુખમાંથી છોડાવો. સુખ સોહેલાં કરો, દુઃખ દોહેલાં દુર કરો. શ્રી નકલંકી મુર્તજાઅલી, શ્રી નબી નુર સતગોર આશિશ કબુલ કરો. **સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહા નરઅલી મહંમદશાહા હક લાએલા હઇલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહ.**

## મુડદાંને દાટયા પછી નાવાની દોવા.

**ફરમાનજી બીસમલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઇમામસાહા આદ નારાણ શ્રી નકલંકી નરઅલી મહંમદસાહા.**

તમો પાક પાવન છો, જીવોને પાક પાવન કરવા જોગ છો, અનંત કરોડી જીવ પાવન કરણહાર છો. મારા સ્થુળ શરિર સાથે જીવને પાક પાવન કરો. કરમ મેહેર કરો, હમારી અરજી કબુલ કરો. **શ્રી સતગોર નબી નુર મહંમદ શ્રી ઈમામસાહા નરઅલી મહંમદસાહા હક લાએલા હઇ લિલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.**

## પીરાણા સતપંથની રધુવેદી ગાયત્રી.

ઓહંગ, ઓહંગ, અહુંકારંગ, ઉનાદ પુરસંગ, નારૂપો, નારેખો, નાકરંગ, નવાણુના પાદંગ, મચોઅંગ, મંગલંગ વરતંતે. બ્રહ્મા અંગ, બ્રહ્મા નાદંગ, પરીબ્રહ્માહા. ચતુર મુરતી ઈશ્વર કરતવંગ, વેદો પરીબ્રહ્મા, રધુવેદ રતુવરણાંગ. વરણાવેદી વિશ્નુ બ્રહ્મા વંશ પાજ, અતિ પરીબ્રહ્માહા પરમેસરંગ, પરંમ, પરમો, પરીબ્રહ્માહા પરજાલંતે પાતગો, હુતાસનંગ, મિયો તેજંગ, વઈસાદી પાત્રંગ, વેદો પરી બ્રહ્માહા. અહુનાદો, અહુંકારંગ, પરંમ, પરમો, પ્રેમવેદો પરમેસરંગ, વઈસાદી પાત્ર વેદ પરીબ્રહ્માહા.

## પીરાણા સતપંથની જુજરવેદી ગાયત્રી.

અહોમ, અહોમ, અહુંકારંગ, વેદ વાએકે આખર બ્રહ્મા, વભુતી પંચ ભુતાંગ, ખટલલાઅંગ, પરીવરતંતે, પરજાલંતે, પાતકો, પરમેસરંગ. પરીબ્રહ્મા રૂપરેખા વેદ, મઓ જુગતંગ પરમેસરંગ, પરંમ પરમો, પરિબ્રહ્મા, વઈસાદી પાત્ર મઓજુગતંગ, વેદ પરમેસરંગ. પરીબ્રહ્મા જુજરવેદ જરદ વરણાંગ, વરણાવેદી વિશ્નુ.

## પીરાણા સતપંથની સામવેદી ગાયત્રી.

અહોમ, અહોમ, અહુંકારંગ, કરસન વેદી વરણાંગ, તદા વેદ પરમેસરો, ઉપજંતે ધરમો, તદા અરધંગ પાતગો. પરજાલંતે સરવે વઈસાદી પાત્ર. પુજાઅંગ, પરીબ્રહ્માહા ખટલલાઅંગ, તરતવ મંગલેચા, મમાએગંમ, વરતંતે, સબદો ચોવેદ, પરીબ્રહ્માહા. અહુ ચકસુ પરીબ્રહ્માહા. અહુ, ઉનાદ, માહાવેદંગ, પરીવરતંતે, વેદાંગ, પરમેસરંગ, પરીબ્રહ્માહા.

## પીરાણા સતપંથની અથરવેદી ગાયત્રી.

અહોમ, અહોમ, અહુંકારંગ કલીઉંગ કરતા વિસમ, વીસવા પાપંગ. અરધ વીસવા ધરમંગ. અનરોધી પાતંગ કરંગ, ધરમો રેખા માત્રંગ, ધરમેતી પરીબ્રહ્માહા. અથરવેદ સવેત વરણાંગ, વરણાવેદી વિશ્નુ, તેજરૂપ વિશ્નુ નારાએણંગ. બ્રહ્માઅંગ, બ્રહ્મા વઇસાદી પાત્ર, વરણા વેદી ધરમંગ મલેચો, મચોજુગતંગ, દ્રચ્છાઅંગ, વિશ્નુનારાએણંગ, અતી પરવર ખામીંન માહા ગેનાના ભેદો,

જાંબુદીપે કળા અંગ, પવિત્રંગ, વરતમાનંગ, માહા કલીયુગે ઉપજંતે, નારાએણુંગ. તેજો નવેતંગ, કરતા પરજાલંતે પાતગો, અનાદ પુરસંગ, મઓ જીવનંગ, ભવેતી આરજાઅંગ, પરીબ્રહ્માહા. ખટલલાઅંગ, મંગલેચા સતાણી સત. અતીપાત્રાદી, પરમેસરંગ, પરીબ્રહ્માહા. અનાદ અનાદંગ પુરસંગ, વેલાઅંગ ભવેતી કરમેતી, પરીબ્રહ્માહા. અસતલે સેવંગ, નમો સરવેતી પરીબ્રહ્માહા.

## પીરાણા સતપંથની મુગત મારગની પાંચમી ગાયત્રી.

ભરતખંડે ઈહાં વરતંતે, તે સ્વામી વાસતે ગતા વરતંતે. પરેમ સુખાંમી દીપે સદીપે, જાંબુદીપે કોટાંગ કોટાંગ જીવનાંગ, પરમ મુગતી આમીંદ. ઓત્રંગ દેશંગ કુમારિકા ક્ષેત્રંગ મુગતગંગ. સતમુખંગ વભુત નગરે, વૈરાટવામે ભવેતંગ. માહા સરસતી સાભ્રમતિ પૂર્વ ત્રસટે નવથળ ગુમટે, રેવા ઓત્રંગે ષોડશ જોજનંગે, પંચનદિ મૂલસ્થાને દેસા ઓત્રંગ, સોળ સોળ જોજનંગ સતરૂપી બ્રહ્મા વાએકે મહા નારાયણ વચને, કલીજુગ અંતે, બુધ શાસ્ત્રંગ, હુરાવરણે સમાવરતંગ દસાંગ સૂરજાંગ મહા મંગલંગ, ફલ પદદેહે, માસે દિવસે, તિથી વારે, નખેત્ર હુરાવરણે અસથાપનાએ, બ્રમંઢે એતે અસતલે ઉપજંતે. નકલંકી નારાએણુંગ પરીબ્રહ્માહા આદે ઉપજંતે પરમે પ્રેમ હેતવંગ ખેત્ર માહા કલીયુગે કરતવંગ નારાએણ નવી સેસટી થાંપતે. તદા હોતવંગ સમાપતંગ ઊપજંતે. છેલ્લી સંધે નકલંકી નારાએણુંગ, પરીબ્રહ્માહા સમાપતે ભવતંગ.

## પાંચે ગાયત્રીઓનું બ્યાન.

( વ્રતવંગ ગાયત્રી મોખસ પામવાની છે. )

**અથરવેદી.** શ્રી આદો બ્રહ્માજી, સહીસત બ્રહ્માજી, નુર બ્રહ્માજી, તેજ થકી સરજંતે સુરીજંન, નરંજંન નરાકાર, નરંજંન જોતસરૂપ. બ્રહ્મા વાચા, ઉતપત રચના સરજંતે, શ્રી સતપંથ ધરમ, સતમારગ, આદે સાચા મુનીવરને કાજે પ્રકાસંતે. જે કોએ મુનીવર સાંભળંતે, તે આવાગવંન મધે નહીં જાયંતે. લખચોરાસીએ નર તથા નારી છુટંતે, જે કોઇ અથરવેદી ગાયત્રી પોતાની પાસે રાખીને ભણુંતે, પોતાની પાસે રૂદીઆમાં રાખંતે, તે જીવ અમરાપર ભોમ અમરાપુરી ભોગવંતે. જે કોએ નર તથા નારી એની સુધ ના જાણંતે, તે સદાએ જનમ હારંતે. લખચોરાસી આવાગવન મધે ભોગવંતે, તે સહી સત કરીને જાણજો હો મુનીવરો. આદ જોગ તેજ થકી નુર, નુર થકી નરંજન, નરંજન નરાકાર થકી જોત સરૂપ. જોત સરૂપ થકી આદ બ્રહ્માજી, આદ બ્રહ્માજી થકી સત બ્રહ્માજી, સત બ્રહ્માજી થકી નુરના તેજ. સતગુરૂ બ્રહ્માહા. સતગોર બ્રહ્માજી થકી સરવે રચના રચંતે, સતસત ધરમ મારગ. આદ બ્રહ્માજી થકી નુર સતગોર. નુર સતગોર થકી સરજંતે, સતમુનીવરને કાજે પ્રકાસંતે.

## શ્રી ફરમાનજી બીસમીલ્લા હર રહેમાન નરરહીમ.

નુર સમાવતવલે અરજ, તેજ સમાવતવલે અરજ, નુર સમાવતવલે અરજ, વે ખુદરત, જલ જલાલ નુર સમાવત વલે અરજ, નુર સમાવત નુરમહંમદ મુસતફા, સલલા આલે વસલંમ નુર સમાવતવલે અરજ, નુર એકલાખ ચોવીસ હજાર પીર પેગાંબર, સલલા આલે વસલંમ, નુર સમાવતવલે અરજ, કાદરત કુદરત ઇલલાહે આલે વસલંમ, નુર સમાવતવલે અરજ નુર સમાવત વેહી જોત સરૂપ, નીરાકાર સલલા આલે વસલંમ, નુર સમાવત વલે અરજ, નરંજન તેજ સરૂપ, આદ સરૂપ, સલલા આલે વસલંમ, નુર સમાવત અખંડ મુરત આદે સરજંતે, જોત સરૂપ જોત સરૂપ થકી આદ સકતી સરજંતે, તીસ મધેથી અખંડ મુરતી પ્રકાસ કરતવંગ, તારે આદ બ્રહ્માજી, વીસનુજી, માહેસરજી, સાવંત્રીજી, પારવતીજી, લખમીજી, તીસ મધેથી અખંડ મુરત પ્રકાસ કરતવંગ સરજંતે, તારે સકત મુરત પ્રકાસ કરતવંગ, તારે એક મુરત અગોચર રહેતી હતી. તીસથકી સકળ સેસટ સરજંતે, જે જીવ અથરવેદી ગાયંત્રી ભણતા, તે આવાગવંન નહી જાતવા, જે જીવ ભણતાને સાંભળતા, તે જીવ લખચોરાસી ફેરા નહીં ખાતવા, તે જીવ અમરાપર ભોવનમાં અમરાપુરી ભોગવંતા, તે જીવ સદાએ અમર હોતવા, તદા ગુરૂ બ્રહ્માહા સતગોર પીર સોદરદીન વાચા, આદ ગુરૂ પીર કબીરદીન, હસનસાહા વાચા. વેદ ચાર સરજંતે પેલા રગ્નુવેદ (૧) બીજા જાજુરવેદ (૨) ત્રીજા સાંમવેદ (૩) ચોથા અથરવેદ (૪) આજ કળજુગ પ્રમાણે અથરવેદી સાર ગાયત્રી ઓચરંતે, પીર હસનસાહા કબીરદીન સુણો હો મુનીવરભાઇ તેનાં કારજ સરસે, તે જીવ અમર થાસે, નર તથા નારી. અથરવેદી ગાયત્રી એઆન સુધાં સપુરણ છે.

## પીરાણા સતપંથની માન્યતાના પાંચ કલમા

અવલ કલમે તૈયબ, લાએલાહા ઇલલ્લાહો, મહંમદુર રસુલિલ્લાહે. (૧) દોયંમ કલમે સહાદત, અસહદોઅંન, લાએલાહા ઇલલ્લાહો વહદહુ લાસરીક લહુ, વઅસહદો અન્ના, મોહંમદીન અબદહુ, વ રસુલો. (૨) સયંમ કલમે તમજીદ. સુબહાનલ્લાહે, વલહંમદો લીલ્લાહે વલાએલાહા, ઇલલ્લાહો વલ્લાહો અકબર, વલાહલવા, વલાકુવતાઇલ્લા, બીલ્લાહ, હીલ અલીયુલ અસદહો અન અજીંમ, (૩) ચહારંમ કલમે તોહીદ લાએલાહા ઇલલ્લાહો વેહદહુ લાસરીકલ હુલહુલ મુલકો વલહુલહંમદો, ચોહઇવઓ મીતો, બેયદે કલખેર, વહોવા અલ્લા કુલ્લો સ્થઇન કદીર (૪) પજંમ કલમે રદ કુફર, અલ્લાહુમ્મે, ઇન્ની, અઉજો, બેકા, મીંન, અંનઉસરેકા, બેકાસયઅંવ, વઅસતગ ફેરોકા લેમાલા, આલમોબેહી વઅના, આલમો, બેહી. તુબતો. વરજાતો; વઅસલમતો, વઅકુલો, અસહદો અંન, લાએલાહા ઇલલ્લાહો, વેહઅહુલા, શરીકલહુ વઅસહદો અંન્ના મોહંમદીન, અબદહુ વરસુલો (૫).

## તૈયબનો કલમો

અવલ કલમે તૈયબ, દોએમ કલમે સાહાદત, અસોદહે અંન, હક લાએલાહા, ઈલલાહો મહંમદર રસુલલાહે, વાએદહુ અલા, સરીકુલહુ, સેહેદવાન, મહંમદીંન, અમદહુવેહે રસુલહુ.

ઉપર બતાવેલા સઘળા કલમાઓ સૈયદ ઇમામશાહે પોતાના સતપંથી હિંદુ સેવકોને ભણવા માટે ખાસ આગ્રહ કરેલો છે; એટલુંજ નહિ પણ તેમણે કલમાઓના સબંધમાં એક જ્ઞાન બનાવેલું છે તે, "કલમાના જ્ઞાન" થી ઓળખાય છે.

## કલમાનું જ્ઞાન—રચનાર સૈયદ ઇમામસાહ.


કલમો કહો ભાઈ મુનીવરો, અને મત જાઓ તમે ભુલ,
જે રાહ નબીકી સાચ હે, તે સહાએ છે રે કબુલ.
અલ્લાએ નેઆમત ભેજીયા, ઈસિ દુનીયાકે બીચ;
રોજા નિમાજ બંદગી કરે, પણ કલમો નિઆમત ચીજ.
હેતે પ્રીતે મન ભાવશું, અને જપો અલ્લા રસુલ;
કલમો કહો દીલ સાચશું, તેને કરોડ વિઘ્ન હોવે દૂર.
નબી સોહો દાતા જીવકા, અને કલમો કહો પોકાર;
જેણે માન્યા તે ભસ્તી હુવા, બાકી ભૂલ્યા મૂરખ ગેમાર.
જે કોઈ વણ કલમે કરે બંદગી, અને સુણે વેદની શાખ;
નત ઉઠીને ચાલવું, ભાઇ જેમ નેણા વગરની આંખ.
આજ અલા નબીકું ધાઇએ, અને સુણો મુમન વાત;
કલમો કહો દીલ ચાંદરણા, ભાઈ નહિ તો કાલી રાત.
જેણે કલમો ના કહો, અને નબીએ કહા પોકાર;
તેને ઉંધે મસ્તકે ટાંગશે, તેને દોજખને દરબાર.
જેણે કહા નબીકા ના સુણા, અને કલમો ના કીયો કબુલ;
તેના મુખ માંહે ફીરસ્તા ડાલશે, ભાઈ દોજક કેરી ધુળ.
જેણે મુખ કલમો ના કહયો, 'નબી' ના જાણ્યા નામ;
તેના મુખ જેસા ભુંડકા, તેને દોજખમાં નહિ ઠામ.
ભાઈ નામ અલાકા મીઠડા, જેસી સાકર દુધ;
કલમો કહો દીલ સાચસું, ભાઇ તેમ તેમ આવે બુધ.
પાંચે કાલ વશ કરીને, અને દીલ રાખો ઠામ;
જે કલમો કહે, દીલજાનથી તેને દોજખ આંચ હરામ.
ભાઇ મુમન દલમાંહે ચાંદરણાં, અને અલા નબીકારે પંડ;
એ કલમાની દોસતી, તેના હ્રદયમાં ઉઘડયાં કમાડ.
કલમો કહો રે મુનીવરો, અને મુરખ ભૂલો રે કાંઈ;

જે મોહોર છાપ ભસતની, તેને નબી વશ્યા દીલ માંહે.
મન નીરમલ કરીને સેવીએ, અને રૂદામાં લીજે હરીનું નામ;
સુમનકુ કલમા મીઠડા, જેમ લોભીકુ મીઠા રે દામ.
કલમો કહે રે કીમતસું, અને હું હું બાજી છોડ;
માયા મનથી દૂર કરી, ભાઇ પ્રીત અલાસું જોડ.
કલમો કહો રે જાધરો, અને ઘેર હક કણુ ખાય;
ભાઇ બૂરા ફૅલ તજે નહિ, તે તો માહાદન માંહે કુટાએ.
પાંચે વંખેઆ દલ માંહે વસ નહિ, અને કુડી નજરે જોએ;
કલમાની કિંમત ના બુજે, તે જીવ ભેસ્તે કેમ કરી હોએ.
ભાઇ કલમા તણી કિંમત બુજે, અને અલા નબીકુ ધાએ;
જે મન મારી મરતગ હુઇ રહે, તે સુમન ભસ્તી કેવાએ.
ભાઈ કહેણી રહેણી શાહાસું, અને હકની રોટી ખાએ;
જે કરે નિમાજ રોજા બંદગી, ભાઇ તેથી ભેસ્ત માંહે જાએ.
ભાઇ ધન દેશ ધન નબીકુ, અને ધન ધન નરને નારી;
જેણે નબી આખું દેખીઆ, તે લોકોની હું બસહારી.
ગતમાંહે નબી બેસતા, અને કલમો કીયો રે સૂણાએ;
તે લોકોની હું બલીહારી, જે દેદાર અલાકા પાય.
જે ધન ધન જલોણી માતા પીતાકુ, ધન કટમ ઓર ભાઇ;
જેણે નબી આંખુ દેખીઆ, તે લોકોની હું બલહારી.
નબી મહંમદે જુગમે કહ્યા, અને ઈસ કલમેથી તરીએ;
જો ઈમાન અલાસું રાખીએ, ભાઇ કાફૅર થઈ ના મરીએ.
કલમો કહો અલા રસુલનો, જે કાટે જીવોના પાપ;
દુનીયા સરવે ફૅના થશે, તારે રહેશે કરીમ આપ.
ભાઇ જેણે કલમો ના કહ્યો, અને નબી ન જાણ્યા રે નામ;
તે ઘોડા શીર છત્ર હશે, તેને દોજક માંહે નહિ ઠામ.
ભાઇ જેણે કલમો ના કહ્યો, અને તીસ મુખ દીધી આગ;
એ કલમાની દોસતી, ઉપર કંઇ હરૂફ સફાયેત.
આગ બળે અપશકન થાએ, અને જુગમાંએ એસીબાત;
જેણે મુખે કલમો ના કહ્યા, તેને આગળ આગ સંઘાત.
જન્નત ખડકી ખોલીએ, ઉઘડે ભેસ્તના કમાડ;
સુમન હશે તે જાણશે, ભાઇ શું જાણે ગાફૅલ ગમાર.
ભેસ્ત દરવાજા ખોલીઆ, અને કુંચી કલમો જાણુ;
જો પાંચે તરતવ જાણીએ, અથરવેદ માંહે નરવાણ.
ભણે ગોર ઇમામશાહ સુણો મુનીવરો, અને કલમો કહોરે પોકાર;
અથરવેદને વાચકે ચાલીએ, ભાઇ તો કલમા વિના નહિ ઠાર.

મહોર નબુવત




ઝુલફીકાર



# દાવા મોહોર નબુવતની લખી છે.

## ફરમાનજી બીસમીલા હરરહેમાન નરરહીમ.

એ મોહોર નબુવત નબી સાહેબનું નુર છે. નુરચે નુર ઈમામ જાદે સાહેબ, ઇમામ હશન હુશૈન, સલલા આલે વસલંમ, મોહોર નબુવત માંહેથી પેદા કીધાં છે, નબુવત નુર ફાતમાં જહુરા, ઈમામ જેનલાબદીન નુર નબુવત પેગાંબર સવાલાખકે, નબુવત નુર સૈઈ. ઈમામ નુર નકલંકી સપ્ત બરમંઢ, અરસ કુરસી, લોહા કલમ, સ્વામી ઉનાદ અવીગત. તમે સરજંતે, સપ્ત પાતલંગ. (૧) મોહોર નબુવત મચ્છા જના અરજનંગ. (૨) મોહોર નબુવત કોરંભ જના અરજનંગ. (૩)મોહોર નબુવત વેઆરા જના અરજનંગ. (૪) મોહોર નબુવત નરસિંહ જના અરજનંગ. (૫) મોહોર નબુવત વામન જના અરજનંગ. (૬) મોહોર નબુવત ફરસરામ જના અરજનંગ (૭) મોહોર નબુવત રામ જના અરજનંગ. (૮) મોહોર નબુવત કરસન જના અરજનંગ. (૯) મોહોર નબુવત બુધ જના અરજનંગ. (૧૦) મોહોર નબુવત નકલંક જના અરજનંગ. અલી વિસનવ ચૌદ બરમંઢ, સપત પાતલંગ, સાહા અલી વીસનવ સત ધરમ, સતપંથ સુધ મારગ. સપાતરંગ, શંખ, ચકર, ગદા, પદમ, સારંગધર, ધરમ ઓતમંગ. ઈમામ હશન હુશૈન, ઈમામ જેન લાબદીન, ઇમામ મહંમદ બાકર, ઈમામ. જાફર સેહાદક, ઈમામ ઈસમાઇએલ, ઈમામ નુર સતગોર. ઇમામ ઈસમાઇએલ સાહાની, સેહેદ નુર મહંમદ સાહા, સેહેદ પીર ઈમામશાહા.

**હક લાએલાહા ઇલલાહો મહમદર રસુલલાહે.**


## મોહોર નબુવત જોયાનું ધર્મ લખ્યું છે.

(૧) સવારના પહોરમાં મોહોર નબુવત જુવે તો, ઈમામ જેન લાબદીનનું મોહો જોયાનું ફળ થાએ. (૨) દીન પોહોર ચડતાં મોહોર નબુવત જુવે તો માતા ફાતમાના દેદાર કર્યાનું ફળ થાએ. (૩) બપોર ચઢતાં મોહોર નબુવત જુવે તો, નબી સાહેબની મીજલસમાં બેઠાનું ફળ થાએ. (૪) પાછલો દીન ઘડી ચાર હોએ ત્યારે મોહોર નબુવત જુવે તો ઇમામ હશન હુશેનની દસપોસી લીધાનું ફળ થાએ. (૫) સાંજની વખતે મોહોર નબુવત જુવે તો શાહા મરદાંન મુરતુજા અલીને દસત લીધાનું ફળ થાએ. (૬) રાત પહોર જાતાં મોહોર નબુવત જુવે તો, તથા વાંચીને કાને સવાલ પાડે તો, નબી સાહેબનું મોહો જોયાનું ફલ થાએ, તથા પાંચતન પાકના ચરણ ધોઈ પીધાનું ફળ થાએ. (૭) જો માણસ મરતાં મોહોર નબુવતનાં દર્શન કરે તો, તથા વાંચીને કાને સવાલ પાડે તો, તેની રૂહુ કબજ કરતાં સોહેલો થાએ, તથા સાહેબ દીદાર આપે, તે જીવને ભેસત નસીબ કરશે.

## મોહોર નબુવતની ખાસીએત લખી છે.

એવા વખત છો મધે મોહોર નબુવતનાં દર્શન દરરોજ કરીએ (૧) એમ કરતાં જોઇ ન શકીએ તો, દીન એકમાં એકવાર જોઇએ (૨) એમ કરતાં જોઇ ન શકીએ તો, દિવસ આઠમાં એકવાર જોઇએ (૩) એમ કરતાં જોઈ ન શકીએ તો, એક મહિનામાં એકવાર જોઈએ (૪) એમ કરતાં જોઇ ન શકીએ તો, એક વરસમાં એકવાર જોઇએ. (૫) એમ કરતાં જોઈ ન શકીએ તો, ઉમર સરવેમાં એકવાર જોઈએ (૬) જે કાંઇ કામ કરવું હોય, તે મોહોર નબુવત વાંચી, તથા જોઈને કરે તો, તે કામ ફતેહ થાએ, બોલબાલા થાએ. એ મોહોર નબુવત જોયાનું સરવે ધરમ છે. કથંતે પીર સુદરદીન, પીર કબીરદીન, સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા નરઅલી મહંમદશાહા. હક **લાએલાહા ઈલલાહો મહંમદર રસુલલાહે.**

સ્વર્ગમાં લઈજનારો બરાખ



દૂલદૂલ ઘોડો



# ધંધુકારી નુરનામું.

## ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ.

પરથમ આદ નરંજન ધંધુકાર, આપે હોતા એક સતાર. ૧
આપસ માંહેથી નુર નીપાયા, વેભી ખાસા દોસત કેલાઆ. ૨
ઊનથી સારી સેસટી નીપાઇ, દેખો તમે ખાલકકી બડાઇ. ૩
હો કહેતાં માંહે સબ હોકર ગયા, ઉસ હોતે માંહે કછું ન રહા. ૪
અનંત અપારી આદમ હુવા, સાખી આદમથી નુર પ્રગટ હુવા. ૫
જીસકા અમર દીન જો ઘડીઆ, જાણુ બુઝકર ગફલતમેં પડીઆ. ૬
બંદગી કારણુ સરજ્યા સંસાર, જાણુ બુઝકર ભુલા ગેમાર. ૭
ઊસ નુર બાજ દુઆ નુર બખાનો, નરક પડે પીછે તમે જાનો ૮
નુરે નુર ચલે સબ આવે, જો કછુ ઢુંઢે સાહ જો પાવે. ૯
દીવે દીવા રોસન હોવે, સોહે જાને જવરલા કોએ. ૧૦
દીવા માંહે દીવો સાર, સોહો દીવા તે નર આકાર. ૧૧
ઊસ નુર થકી અલી મુરતુજા, રોશન હોવે દીન મુસતફા. ૧૨
મુરતુઆ અલીથી હુવે દીન ઇમામ, જીનકું જાને ખલક તમામ. ૧૩
તૈયબ કલમો કહે તમામ, સોહો પાવે દીનમાં ઠામ. ૧૪
ઈસ દીન ઢુંઢે તો ચલીઆ આવે, નુરકું પીછાણે તો શાહકું પાવે. ૧૫
દુનીઆ દુર તુમ નુરકું પાએ, ફની સોહો તો મનખો ગમાઓ. ૧૬
ચલીઆ સોહો તો ભેસ્તમે જાવે, જો નુરનામે પર કાન લગાવે. ૧૭
નુરનામા માંહે એસા ભાંખ્યા, જો કુછ થાસો ખોલકર દેખાયા. ૧૮
નુર મહંમદકા કરો બખાનો, પેદાશ ઊનકી દેખ પીછાનો. ૧૯
ખાલક આખો એક સોભાના, નુરનામાં પડે પીર ઈમામા. ૨૦
પીરકું પાવે સો ભેસ્તમાં જાવે, ગોર નરકું એક કરી ધાવે. ૨૧
અલી મહંમદ સો એક સોભાના, તમે જાનો વેહી ઈમામા. ૨૨
નુરનામાં માંહે એસા સુણાયા, મોમનકું નુર ખોલ દેખાયા. ૨૩
આંખો ખોલકર નુર સોભાના, નુર તખત હે નુર જે ઠામાં. ૨૪
આદ વિસનવ નર ગહંમદશાહા નામા, સતગોર બ્રહ્મા તે પીર ઇમામા. ૨૫
આખર અસતળ બાંધ્યા જેહે, જાંબુદીપ કુંનારકા ક્ષેત્ર તેહે. ૨૬
નુરનામાં પડે પીર ઇમામ, સુણો મુમન એકે ધ્યાન. ૨૭

**હક લાએલાહા ઈલલાહો મહંમદર રસુલલાહે.**

## " શ્રી મોટું નુરનામું લખું છે. "

## ફરમાનજી બીસમીલા હરરેહેમાન નરરહીમ.

અઉજબલાએ મન સેહેતવાન, નરલજીન, વલફજલ, ફરમાનજી બીસમીલા હરરેહેમાન, નરરહીમ, અહ્લા હંમદુલલાહે, રબલા આલમીનકા, વલે અકબતો, વલે મસ તર્કીના, વેહીસલવાતો, વેહી સલાંમો, અલા રસુલહી, મહામદીન, વહી અલાહે, વેહી અજબ હે, અલાખેર ખાલકી, વેહેનુર અરસહી, નબી નામ મહામદીન, હજરત રસુલત પનાહી. સલલા આલે વસલંમ, નુર મહંમદ મુસતફાનું પેદા કીધું છે. તારે ખબર હદીસ સરીફ માંહે કીધી છે. અને પાક પરવર દેગાર મોટા છે, વજુદ આદમને હવા, સલલા આલે વસલંમ. પરથમ ખુદાતાલાએ બેઉ ચીજ પેદા કીધી છે. તે પણ નુર અમારૂં છે. એક દીન મેહેત્ર જીબરઇલ, અલેહી સ સલામ આવા છે, તારે બીબી ફાતમા જહુરા, રજી અલાહો તઆલા, તે વખતે હાજર હોતાં, તારે બીબી ફાતમાએ કહું છે જે, સલાંમ આલે કંમરે આહો કાકા જીબરઇલ, તારે મેહેત્ર જીબરઇલ બોલા નહી. તારે બીબી ફાતમાએ કહું છું જે, તમે સલાંમનો જવાબ કેમ પાછો વાળો નહી. તારે મેહેત્ર જીબરઇલ બોલા છે, કે આહો બીબી ફાતમા, તમે અમને કાકા કેમ કહા. બાઈ અમારી ઉંમર તો ઘણી મોટી છે. તારે બીબી ફાતમા જહુરા રજીઅલાહો, તઆલા અંનહુએ, નબી સલલાહો, આલે વસલમને પુછું છે.

આહો નબી રસુલલાહે તમે મોટા છો કે મેહેત્ર જીબરઇલ મોટા છે. તારે નુર મહંમદ મુસતફાએ કહું છે જે, મોટા તો નબી રસુલલાહ છે. તારે બીબી ફાતમાએ કહું છે જે, આહો મેહેત્ર જીબરઇલ, મોટા તો નબી રસુલલાહ છે. તારે મેહેત્ર જીબરઇલ અલેહી સ સલાંમે કહું છે જે, આહો નબી રસુલલાહે, તમે મોટા છો, અને મોટા કહેવાઓ છો. પણ ઉંમર તો અમારી ઘણી મોટી છે. તારે હઝરત રીસાલત પનાહી, સલલા આલે વસલંમે કહું છે જે, આહો મેહત્ર જીબરઇલ તમારી ઉંમર કેટલીક મોટી છે. અને તમારી ઊમરમાં તમે શું શું જોયું છે. તારે મહેત્ર જીબરઇલ અલેહી સ સલાંમે કહું છે જે, આહો હજરત રસુલલાહે પરથંમ ખુદાતાલાએ એક તારો પેદા કીધો હતો, તે તારાનું નામ કેતાબ તારો હતું. તે તારો જારે ઊગમતો હતો, તારે સીત્ર હજાર વરસ લગી ઊગમણો રેહેતો હતો. તે તારો જારે આથંમતો તારે સીત્ર હજાર વરસ લગી આથમણો રેહેતો, એવા એક લાખને ચાલીસ હજાર વરસ લગી અમારી ઉંમર માંહે ઊગતો ને આથમતો દીઠો હતો. તારે નુર મહંમદ મુસતફાએ કહું છે જે આહો મેહેત્ર જીબરઈલ તે તારો અમારા નુર માંહેથી ખુદાતાલાએ પેદા કીધો છે. તસ તારાથી આગળ પચાસ લાખને ચઉદ હજાર વરસથી મોહોરે

ખુદાતાલાએ પોતાના નાભ કમળ થકી હમારૂં નુર પેદા કીધું છે. આહો મેહેત્ર જીબરઇલ તમે સુણોતો તે વાતનું બેઆંન તમારી પાસે કરીએ. જે ખુદાતાલાએ પોતાના નુરની તારીફ કીધી છે, તે તમે યાદ રાખજો. તારે મેહેત્ર જીબરઇલ એકે ચંતે રહા છે. તારે નુરમહંમદ મુસતફાએ કહું છું જે, તમે જે કેતાબ તારો દીઠો હતો, તેને કેત્રાં નીસાંન હતાં. તારે મેહેત્ર જીબરઇલે કહું છે જે તે તારાને પાંચ નીસાંન હતાં, તારે નુર મહંમદ મુસતફાએ પુછું છે જે, તે પાંચ નીસાંન તે કયા કયા છે. તારે મેહેત્ર જીબરઇલ બોલા છે, તે તારાને કાન માંહે બે ધુર હતા (૨) ગળા માંહે હંસ હતો (૩) માથા ઉપર તોરો હતો (૪) હાથ માંહે અંગુઠી હતી (૫) એવા પાંચ નીસાંન હતાં, તારે નુર મહંમદ મુસતફાએ કહું છે જે આહો મેહેત્ર જીબરઇલ, અલેહી સ સલાંમ, તે તારાને કાન માંહે બે ધુર હતા તે હસન હુસેન હતા (૨) ગળા માંહે હંસ હતો, તે બીબી ફાતમા હતાં (૩) માથા ઉપર તોરો હતો, તે રસુલીલાહનું નુર હતું (૪) હાથ માંહે અંગુઠી હતી, તે હજરત અલી હતા (૫) તે પાંચે તંન પાક છે. તે અમારા નુર બરાબર છે. એવી તારીફ સાંભળીને મેહેત્ર જીબરઈલ બોલા છે, કે વઆલેકંમ સલામ, જો બીબી ફાતમાહા, એવા સલાંમ વાલા છે. અને અમર અલાહને માંના છે. વળી ખૂદાતાલાએ કાંઇ ચીજ પેદા કીધી છે, તે નુર સરવે અમારૂં છે. તાંહાં નુર મહંમદ મુસતફાએ સીજદો કીધો છે. તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે. એ નુર હમારા, એ દોસદાર હમારા, એ હજરત હબીબ હમારા, એ મહંમદ માસુક મારા, એ નુર મુતલક મારા, એ રસુલ મેહેબુબ મારા, એ સતગોરજી તમે પોતાનું માથું ઉપાડો, તમારી મોહોબત માંહેથી અમે દસ દરીઆવ પેદા કીધા છે. તે માંહે પેલો દરીઆવ તો ઇલમનો પેદા કીધો છે (૧) બીજો દરીઆવ તો હિલમનો પેદા કીધો છે (૨) ત્રીજો દરીઆવ તો હેઆનો પેદા કીધો છે (૩) ચોથો દરીઆવ તો હીંમતનો પેદા કીધો છે (૪) પાંચમો દરીઆવ તો અકલનો પેદા કીધો છે (૫) છઠો દરીઆવ તો ફકરનો પેદા કીધો છે (૬) સાતમો દરીઆવ તો સબુરીનો પેદા કીધો છે (૭) આઠમો દરીઆવ તો ઈસકનો પેદા કીધો છે (૮) નવમો દરીઆવ તો ખુબીનો પેદા કીધો છે (૯) દસમો દરીઆવ તો ઊમત રહેમતનો પેદા કીધો છે (૧૦) એવા દસ દરીઆવ માંહે મોટા મોટા મુકાંમ ઉપર દસહજાર વરસ લગણ હમારા નુરને રાખા છે. એવા દસ હજાર વરસ થઈ ગયાં છે. તાહાં લગી નુર તો સજદા માંહાં રહા છે. તે દસ હજાર વરસ પછી ખૂદાતાલાનું ફરમાન આવું છે. એ નુર હમારા, એ દોસદાર હમારા, એ હજરત હબીબ મારા, એ મહંમદ માસુક મારા, એ નુર મુતલક મારા, એ રસુલ મેહેબુબ મારા. એ સતગોરજી. તમે બાહેર

આવો. તારે નુરમહંમદ મુસતફાના બાહેર આવા છે, અને કળા નુરાંણી પરકાસ કીધી છે. તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે, એ નુર મારા, એ દોસદાર મારા, એ હજરત હબીબ મારા, એ મહંમદ માસુક મારા, એ રસુલ મેહેબુબ મારા, એ નુર મુતલક મારા, એ સતગોરજી તમે ઉઠીને પોતાનું ડીલ ઢંઢોળો તારે હજરત પેગાંબર સલલા આલે વસલંમે ઊઠીને, પોતાનું ડીલ ઢંઢોળું છે, તારે હજરત મહંમદ મુસતફાના તન મુબારક માંહેથી અનંત અનંત નુરના કતરા પડા છે. તે માંહેથી અનંત અનંત રૂહાની જીવ જોન જણસ પેદા થઇ છે. આહો મેહેત્ર જીબરઇલ અલેહી સ સલામ.

તારપછી વલી કતરા એક લાખને એંસી હજાર અમારા નુરના, પર મુબારક માંહેથી પડા છે. તે માંહેથી એક લાખને એંસી હજાર પીર પેગાંબર પેદા કીધા છે પછી વલી કતરા આઠ હજાર ત્રણસેંને તેર (૮૩૧૩) અમારા નુરના મુખ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી આઠ હજાર ત્રણસેંને તેર મુરસલ પેદા કીધા છે. પછી વલી કતરાકેતા એક લાખ અમારા નુરના, રૂમરાએ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી કેતા એક લાખ નુરી ફરસતા પેદા કીધા છે. પછી વળી કતરા સીત્ર હજાર અમારા નુરના સીસ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી સીત્ર સેસત્ર હુસેની પેદા કીધા છે. પછી વળી કતરો એક અમારા નુરનો પેસાંની મુબારક માંહેથી પડો છે, તે માંહેથી મેહોર નબુવત પેદા કીધી છે. પછી વળી કતરા બેઉ અમારા નુરના જમણી આંખ મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કત્રેકાતો મેહેત્ર જીબરઇલ પેદા કીધા છે (૧) બીજે કત્રેકાતો મેહેત્ર મેહેકાઇએલ પેદા કીધા છે (૨) પછી વળી કતરા બેઉ અમારા નુરના, ડાબી આંખ મુબારક માંહેથી પડા છે તે માંહેથી પેલે કત્રેકાતો મેહેત્ર અસરાફીલ પેદા કીધા છે. (૧) બીજે કતરેકાતો મેહેત્ર અજરાઇએલ પેદા કીધા છે (૨) પછી વળી કતરા બેઉ અમારા નુરના જમણા નેત્ર મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કતરેકાતો મેહેત્ર સુરવાએલ પેદા કીધા છે (૧) બીજે કતરેકાતો મેહેત્ર નુરવાએલ પેદા કીધા છે (૨) પછી વળી કતરા બેઉ ડાબા નેત્ર મુબારક માંહેથી પડા છે. તે માંહેથી પેલે કત્રેકાતો મેહેત્ર અદરાઇએલ પેદા કીધા છે (૧). બીજે કત્રેકાતો મેહેત્ર અજાજેલ પેદા કીધા છે (૨) પછી વલી કતરા બેઉ અમારા નુરના જમણા કાન મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કતરેકાતો લોહો પેદા કીધો છે (૧) બીજે કત્રેકાતો કલંમ પેદા કીધી છે (૨) પછી વળી કતરા બેઉ અમારા નુરના ડાબા કાંન મુબારક માંહેથી પડા છે. તે માંહેથી પેલે કતરેકાતો અરસ પેદા કીધા છે (૧) બીજે કત્રેકાતો કુરશી. પેદા કીધા છે (૨) પછી વળી કતરા આઠ અમારા નુરના જમણા નાક મુબારક માંહેથી પડા છે (૮) તે માંહેથી આઠ ભેસત પેદા

કીધા છે. પછી વળી કતરા આઠ અમારા નુરના ડાબા નાક મુબારક માંહેથી પડા છે. તે માંહેથી સાત કતરાના સાત દોજક પેદા કીધા છે, ને આઠમા કતરાનો સેતાન ઇબલીસ પેદા કીધો છે. તે દોજકને દરવાજે બેઠો છે. ( ૮ ) તારપછી કતરા સાત અમારા નુરના જમણા ગાલ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી સાત જમીનના તબાક પેદા કીધા છે. પછી વળી કતરા સાત અમારા નુરના ડાબા ગાલ મુબારક માંહેથી પડા છે. તે માહેથી સાત આસમાંનના તબાક પેદા કીધા છે. પછી વળી કતરાકેતા એક લાખ અમારા નુરના દાંત મુબારક માંહેથી પડા છે. તે માંહેથી કેતા એક લાખ તારા પેદા કીધા છે. પછી વળી કતરા ચાર અમારા નુરના જીભા મુબારક માંહેથી પડા છે, તે માંહેથી ચાર વેદ ને ચાર કેતાબ પેદા કીધા છે. પછી વળી કત્રા અડસઠ અમારા નુરના જમણા પંજા મુબારક માંહેથી પડા છે, તે માંહેથી અડસઠ તીરથ પેદા કીધા છે ( ૬૮ ) પછી વળી કતરો એક અમારા નુરનો જમણા ખભા મુબારક માંહેથી પડો છે. તે માંહેથી રેહણી પેદા કીધી છે. પછી વળી કતરો એક અમારા નુરનો, ડાબા ખભા મુબારક માંહેથી પડો છે. તે માંહેથી દિવસ પેદા કીધો છે. પછી વળી કતરો એક અમારા નુરનો જમણી બાજુ મુબારક માંહેથી પડો છે. તે માંહેથી ચંદરમા પેદા કીધો છે. પછી વળી કતરો એક અમારા નુરનો ડાબી બાજુ મુબારક માંહેથી પડો છે. તે માંહેથી સુરજ પેદા કીધો છે. પછી વળી કતરા દસ અમારા નુરના જમણા હાથ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી પેલે કત્રેકાતો નુરીવાએ વાદલસર સુર પેદા કીધા છે (૧) બીજે કત્રેકાતો વાએ તોફાન અર અર પેદા કીધા છે (૨) ત્રીજે કત્રેકાતો ગજણ રજાદીલ પેદા કીધા છે (૩) ચોથે કત્રેકાતો વીજલી ચમકાર પેદા કીધા છે (૪) પાંચમે કત્રેકાતો રૂવેલ મકદસ સુર અસરા ફેલની ધમંણ, તેત્રીસ હજાર જોજંન સુધી લાંબી, એવી સુર પેદા કીધી છે (૫) છઠે કત્રેકાતો સીલવંત હુરાં પેદા કીધી છે (૬) સાતમે કત્રેકાતો અમરાપુરીમાં નુરાંણી કુંવર પેદા કીધા છે (૭) આઠમે કત્રેકાતો સજરતોલ મુંન તેહા ઝાડ પેદા કીધાં છે (૮) નવમે કત્રેકાતો ઝાડ તોફાન પેદા કીધા છે (૯) દસમે કત્રેકાતો અઢાર ભાર વનસપતી મેવાદાર ઝાડ પેદા કીધાં છે (૧૦). પછી વળી કત્રાદશ અમારા નુરના ડાબા હાથ મુબારક માંહેથી પડા છે. તે માંહેથી પેલે કતરેકાતો સુરાબતંન હુરાં પેદા કીધી છે (૧). બીજે કતરેકાતો સેતનો દરીઆવ પેદા કીધો છે (૨) ત્રીજે કત્રેકાતો દુધનો દરીઆવ પેદા કીધો છે (૩) ચોથે કત્રેકાતો હોજેકોસર પેદા કીધા છે (૪) પાંચમે કત્રેકાતો દુનીઆમાં જેટલું દુધ તે સરવે પેદા કીધું છે (૫) છઠે કતરેકાતો કુલ ભાતભાતનાં પેદા કીધાં છે (૬) સાતમે કત્રેકાતો એક લાખને ચાલીસ હજાર નદીઓ પેદા કીધી

છે (૭) આઠમે કત્રેકાતો ભસતનાં લુગડાં ભાતભાતનાં પેદા કીધાં છે (૮) નવમે કતરેકાતો ખસબોઇ ભાતભાતની પેદા કીધી છે (૯) દસમે કતરેકાતો દુનીઆનાં લુગડાં ભાતભાતનાં પેદા કીધાં છે (૧૦).

પછી વળી કતરા દસ અમારા નુરના બેઉ હાથની દસે આંગળીઉં મુબારક માંહેથી પડા છે. તે માંહેથી પેલે કતરેકાતો કંચન પેદા કીધા છે (૧). બીજે કતરેકાતો તરકાન પેદા કીધા છે (૨). ત્રીજે કતરેકાતો મુરાદ અંગુઠી, ખતંમ સલેમાંન પેગાંબરા, અલેહી સ સલાંમની પેદા કીધી છે (૩). ચોથે કતરેકાતો ખીસા મેહેત્ર મુસા પેગાંબર કે આસા પેદા કીધી છે તે આદંમ થકી સોએબને પોતા છે, તે સોએબ થકી, મેહેત્ર મુસાને પોતા છે (૪). પાંચમે કત્રેકાતો દુંબ્બો કુરબાંની અસમાઇએલ પેગાંબર કે વાસતે ખુદાતાલાએ ભસત થકી મોકલો હતો. તે પેદા કીધો છે (૫). છઠે કતરેકાતો ઊંટડી સાલેહ પેગાંબર અલેહી સ સલાંમની પેદા કીધી છે (૬). સાતમે કતરેકાતો ઘોડાની જાત પેદા કીધી છે (૭). આઠમે કતરેકાતો ઊંટની જાત પેદા કીધી છે (૮). નવમે કતરેકાતો કુંજરની જાત પેદા કીધી છે (૯) દસમે કતરેકાતો ચોપગ પંખીની જાત પેદા કાધી છે, જીવ જનાવર નાના મોટા પરબત સરવે પેદા કીધા છે (૧૦).

પછી વળી કતરા દસ અમારા નુરના, સેહેના મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કતરેકાતો આસક લોક પેદા કીધા છે (૧). બીજે કતરેકાતો પરજગાર લોક પેદા કીધા છે (૨). ત્રીજે કતરેકાતો મુસતંકીમ લોક પેદા કીધા છે (૩). ચોથે કતરેકાતો ફકર લોક પેદા કીધા છે (૪). પાંચમે કતરેકાતો આ લીંમલોક પેદા કીધા છે (૫). છઠે કતરેકાતો સખી લોક પેદા કીધા છે (૬) સાતમે કતરેકાતો નેકબખત લોક પેદા કીધા છે (૭). આઠમે કતરેકાતો હાજી લોક પેદા કીધા છે (૮). નવમે કતરેકાતો ઓલીઆ લોક પેદા કીધા છે (૯). દસમે કતરેકાતો મુમન લોક પેદા કીધા છે (૧૦).

પછી વળી કતરા દસ અમારા નુરના વજુદ મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કતરેકાતો નેકનામ લોક પેદા કીધા છે (૧). બીજે કતરેકાતો સબુર લોક પેદા કીધા છે (૨). ત્રીજે કતરેકાતો સલેમાંન લોક પેદા કીધા છે (૩). ચોથે કતરેકાતો સાચા લોક પેદા છે (૪). પાંચમે કરતેકાતો સાહેબની રજા નારાજી લોક પેદા કીધા છે (૫). છઠે કતરેકાતો મોખલસ લોક પેદા કીધા છે (૬). સાતમે કતરેકાતો હાફીજ લોક પેદા કીધા છે (૭). આઠમે કતરેકાતો મુસદક લોક પેદા કીધા છે (૮). નવમે કતરેકાતો જીકર લોક પેદા કીધા છે (૯). દસમે કતરેકાતો નુરી બુરાખ, નબી સલલા આલે વસલમનો પેદા કીધો છે (૧૦). પછે વળી કતરા દસ અમારા નુરના બે હોઠ મુબારક માંહેથી પડા છે,

તે માંહેથી પેલે કતરેકાતો સુખડ પેદા કીધા છે (૧). બીજે કતરેકાતો મુસક પેદા કીધા છે (૨). ત્રીજે કતરેકાતો અંબર ભસતની પેદા કીધી છે (૩). ચોથે કતરેકાતો અંબર દુનીઆંની પેદા કીધી છે (૪). પાંચમે કતરેકાતો કપુર પેદા કીધા છે (૫). છઠે કતરેકાતો જાફરાંન પેદા કીધા છે (૬) સાતમે કતરેકાતો મુરઝાંન પેદા કીધા છે (૭). આઠમે કતરેકાતો ઝવેર પેદા કીધા છે (૮). નવમે કતરેકાતો લાલ પેદા કીધા છે (૯). દસમે કતરેકાતો પાનાં નીલંમ પેદા કીધા છે (૧૦). **એટલી ઉતપત સરવે નબી સાહેબના તન મુબારક માંહેથી ખુદાતાલાએ પેદા કીધી** છે. આહો મેહેત્ર જીબરઇલ અલેહી સ સલાંમ, ખુદાતાલાના વહી, તારપછી વળી ખુદાતાલાનું ફરમાંન આવું છે. તે માંહે કલંમને હુકમ થઓ છે, અને વળી કહું છે જે, આહો કલમ તમે પોતાના દીલજાંનથી લખો, તારે વળી કલંમે કહું છું જે, આહો પાક પરવરદેગાર અમે શું લખીએ, તારે ખુદાતાલાએ ફરમાવું છે જે, આહો કલંમ તમે લખો, અને વળી કહો જે, **હક લાએ લાહા ઈલલાહો**, તારે કલંમ તો લોહો ઊપર રવાંન થઆ છે, અને તાહાં સીત્રહજાર વરસ સુધી લખું છે, અને તાંહાં કહું છે જે, **હક લાએલાહા ઈલલાહો**, એમ લખતાં લખતાં સીત્રહજાર વરસ થઇ ગયાં છે, તાર પછી વળી ખુદાતાલાનું ફરમાંન આવું છે, જે આહો કલમ તમે લખો અને વળી કહો જે, મહંમદર રસુલલાહે, એ મહંમદર રસુલલાનું નામ, કલંમે જારે સાંભળું છે, તે નામની હેબતસુ કલંમ તો વચમાંહેથી ફાટી ગઆ છે, અને કલંમ તો ઇલાહી સજદામાં રહા છે. તારે વળી એક હજાર વરસ સુધી માથું ખડું છે, અને કલંમે સીજદો કીધો છે, તારે વળી ખુદાતાલાનું ફરમાન આવું છે જે આહો કલંમ તમે સર ઉપાડો, તારે કલંમે પોતાનું માથું ઊપાડીને બારીકતાલાને કહું છે જે, આહો પાક પરવરદેગાર એ નામ કેનું છે જે, આપ નામ બરાબર લખાવો છો, તારે ખુદાતાલાએ ફરમાવું છે જે, એ નામ તો મહંમદર રસુલલાનું છે. એ નામ જો આપણે પેદાના કરતા, તો સાત પાતાળને સાત આસમાન, તથા અરસ કુરસીને લોહો કલંમ, પેદાના કરતા, જો એ નામ મહંમદનું પેદાના કરતા, તો કસીએ જણુસ પેદાના કરતા, અને પોતાની ખુદાઈ પણ જાહેર ના કરતા, તે માટે કલંમ તમે લખો, અને વળી કહો જે, મહંમદર રસુલલાહે, તારે કલંમ તો લોહો ઉપર રવાંન થઆ છે, અને સીતેર હજાર વરસ સુધી લખું છે. અને તાહાં કહું છે જે, મહંમદર રસુલલાહે એમ લખતાં લખતાં સીતરહજાર વરસ થઇ ગઆં છે. સીતરહજાર વરસ પેહેલાં ને સીતર હજાર વરસ બીજાં એવાં એક લાખને આલીશહજાર વરસ થઈ ગયાં છે, તારે કલમે કલમો લખીને તૈયાર કીધો છે, તાંહાં જમલે બીસ અક્ષરમો કલમો

લખીને તૈયાર કીધો છે, અને તાંહાં કહ્યું છે જે, **હક લાએલા હઈ લિલ્લાહો મહમદુર રસુલિલ્લાહે.** (૨૦) એવી રીતે કલમાની પેદાસ થઇ છે.

તારે વળી કલમે પુછ્યું છે જે, આહો પાક પરવર દેગાર એ કલમાની માંહે કેટલોક સવાબ કીધો છે, અને કેવડાએક ફલ લખા છે, જે એવડી કીંમત કરીને પોતાના મુખથી કલમો લખાવો છે. તારે વળી ખુદાતાલાએ ફરમાવું છે જે, આહો કલંમ તમે સુણો તો તે કલમાનો સવાબ તમારી આગળ તે વાતનું બેઆંન કરીએ. જે ભસત માંહે એક ઝાડ છે. તે ઝાડ ઉપર પંખી બેઠું છે, તે ઝાડકા નામ તો સજર તોલમું નતેહા કહે છે, અને પંખીકા નામ તો અતલહેયાત કહે છે, તે જનાવર હરેક આદમી ઉપર ખુદાતાલાનું ફરજ બેસે છે. જે કોઈ બંદો ખુદાતાલાનો દુનિઆં માહે કલમો નબી સાહેબનો પડે છે, અને તાહાં કહે છે જે, **હક લાએલાહા ઈલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે.** તારે તે પંખી ઊડીને હોજ કોસર માંહે નાહે છે. તે પંખી વળતું પાછું જઈને ઝાડ ઉપર બેસે છે. તાહાં પંખી તો બેસીને પોતાની પાંખો ખંખેરે છે, તે પાંખો માંહેથી જેટલી પાણીની બુંદ પડે છે, તે અકેકી બુંદે અકેકો ફરસનો પેદા થાએ છે. એટલા ફરસતા સરવે મળી ખુદાતાલાની આગલ જઈને, તે બંદાને વાસ્તે દોવા માગે છે, અને તાહાં ફરસતા સરવે મળીને કહે છે જે આહો પાક પરવર દેગાર જે કોઈ બંદો ખુદાતાલાનો દુનીઆ માંહે કલમો નબી સાહેબનો પડે છે, અને વળી કહેસે જે, **હક લાએલાહા ઇલ્લી-લ્લાહો મહંમદુર રસુલલ્લાહે.** તે બંદાને તો ભસત નસીબ કરસે. અને વળી ખુદાતાલાના દેદાર થાસે, તે કલમાની માંહે એવડો સવાબ કીધો છે, તાહાં એવડા ફલ લખાયા છે, તે બાર વરસનો આદમી થાએ છે. તારપછે ફરજ લખાએ છે, તે કલમાંની માંહે એવડો સવાબ કીધો છે, તે માટે કલંમ તમે સલામ કરો એ નામને, તારે કલંમે ઉઠીને સલાંમ કીધા છે, અને તાહાં કહ્યું છે જે, સલાંમ આલેકંમ જો નુરમહંમદના તાહાં મહંમદને નુરે જવાબ દીધો નથી. તારે વળી કલંમે કહ્યું છે જે, ખુદાતાલાના નામની દોસ્તીએ કરી, સલાંમનો જવાબ આપો તો વારૂ છે. તાહાં નબી મહંમદને નુરે જવાબ દીધો છે, અને તાંહાં કહ્યું છે જે, વાલેકુંમ સલાંમ જો કલંમ ખુદાતાલાએ તુંને મોટાઇ દીધી છે, અને વળી કહ્યું છે જે, વાએ રેહેમત અલાહે, વેહે બરકતહુ, અને મોટાઇ તો કલમાની છે. તારે વળી કલમે કહ્યું છે જે, સાત પાતાળને સાત આસમાન, તથા અરસ કુરસીને લોહો કલંમ તેતો અમારા પેટમાંહે છે. તમે અમને એવડી મોટાઈથી પેદા કીધા છે. તારે અમે એકલાખને ચાલીસ હજાર વરસ સુધી એ કલમો લખાવો છો. તે કલમો પડા વીનાં જીવને મુખ મુગત થાસે નહી. તે માટે એવા કલમાને કીયો બંદો પડી શકસે, તારે વળી

ખુદાતાલાએ ફરમાવું છે જે, આહો કલંમ તમે જે નાંમ મહંમંદનું લખું છે, તેને અમે આખર જમાના માંહે નબી પેદા કરીસું. તેને વળી અમે તો જાણું છું જે નબી સાહેબની ઉંમતના લોકની ઉંમર થોડી કરીસું. તેની ફીકર મોટી આસીસ એવી હીંમત આપીશું જે, એક લાખને ચાલીસ હજારવાર હરરોજ એ કલમો પડસે, અને તાંહાં કહેસે જે, **અવલ કલમે તૈયંમ દે.એમ કલમે સહાદત અસોહદેઅંન હક લાએલા હઈ લીલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે. વાએદહુ અલા સરીકુલહુ, સેહેદવાંન, મહંમદીન, અબ્બદહુ વેહે રસુલહુ.** એવો કલમો જે કોઇ પડસે, તે કલમાનો અવાજ તો ભસત સુધી પોંચસે, તારે તે કલમાની કુંચી થકી આઠે ભસતના દરવાજા ઉઘડસે, તારે તે કહેસે જે, એવો કલમો કહેનારા જીવ તો ભસત માંહે આવે સહી, એવી ફરસતા દુવા માગે છે.

આહો ભાઈ જીબરઈલ અલેહી સ સલામ ખુદાતાલાના વહી, તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે, એ નુર મારા, એ દોસદાર મારા, એ હજરત હબીબ મારા, એ મહંમદ માસુક મારા, એ રસુલ મેહેબુબ મારા, એ નુર મુતલક મારા, એ સતગોરજી, તમે મુલકુલ મોતને એલંમ, તોરીત પડાવો, તારે હજરત પેગાંબર સલલા આલે વસલંમે એલંમ તોરીત પડાવો, તારે હજરત પેગાંબર સલલા આલે વસલંમે એલંમ તોરીત કેતાબ ફરસતા અજરાઇલને પડાવો છે, જે થકી ધરતી આસમાંન થર રહા છે. અને ચંદરમા સુરજ ચાલે છે, તથા જીવાજોનની ઉતપત થાએ છે, તેને બાજનાંમું કહે છે. એ બરકત સરવે બાજનાંમાંની છે. તારે મહંમદ મુસતફાએ કહું છે જે, કતરા ચાર અમારા નુરના સુધા જુસા મુબારક માંહેથી પડા છે, તે માંહેથી પેલે કતરેકાતો વાએ પેદા કીધા છે (૧) બીજે કતરેકાતો પાણી પેદા કીધા છે (૨). ત્રીજે કતરેકાતો અગન પેદા કીધા છે (૩) ચોથે કતરેકાતો ખાખ પેદા કાધા છે (૪) એવા ચાર પદારથ પરથવી માંહે પેદા કીધા છે (૪) આહો મેહેત્ર જીબરઈલ, અલેહી સ સલામ ખુદાતાલાના વહી, તારપછી વલી ખુદાતાલાનું ફરમાન આવું છે. એ નુર મારા, એ દોસદાર મારા, એ હજરત હબીબ મારા, એ મહંમદ માસુક મારા, એ નુર મુતલક મારા, એ સતગોર બરમાજી, અમે તમારી મોહોબત માંહેથી ચાર ચીજ પેદા કીધી છે, તે માંહેથી તમે કોઇ ચીજ ઉપર અખતીઆર ધરો છે. તારપછે તમને સરવે પેબાંબરકા સરદાર કરીશું, એમ ખુદાતાલાનું ફરમાન આવું છે. તેમાં ચાર ગુંણના જવાબ લખા છે.

**પેલા વાએ ગુંણની વાત લખી છે** આહો મેહેત્ર જીબરઈલ અલેહી સ સલામ ખુદાતાલાની વહી, તારે વળી હુકમ ઈલાહી, નુરમહંમદ મુસતફાના નુરી બુરાખ ઊપર સવાર થઆ છે. તે સવાર થઇને વાએગુંણ પાસે ગઆ છે,

તાહાં જઈ મંહંમદને નુરે કહ્યું છે જે, સલામ આલેકંમ રે વાએ, ત્યારે વાએ કહ્યું છે જે, વાલેકુંમ સલામ, અને તું કોણ છે, તારે મહંમદને નુરે કહ્યું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છઇએ. પણ તું કેનો બંદો છેરે વાએ, તારે વાએ કહ્યું છે જે, એક બંદો ખુદાતાલાનો તું છે, તેમ એક બંદો ખુદાતાલાનો હું પણ છું, તારે મહંમદને નુરે જોયું છે જે, વાએ તો પોતાના જોર માંહે જાએ છે. અને મોટાઈ તથા તકબુરાઈ કરે છે. તારે મહંમદને નુરે કહ્યું છે જે, દુનીઆ માંહે જઇને તું કેવું કરીસ રે વાએ, તારે વાએ કહ્યું છે જે કાંએ મારા મનમાંહે આવસે, તે કામ હું કરીસ. જો નુર મહંમદના તારે મહંમદને નુરે કહ્યું છે, જે ના જોઇએ બંદાને, પોતાના મનમાંનું કામ કરીસ. તોબા પડ રે તું વાએ, તુજ માંહે એબ ઘણી છે, અને બંદાથી શું થાએ. સાહેબના હુકમ વીના, જે કાંએ સાહેબને ગમે તે કરે, બંદાનું કેવું ગજુ છે રે વાએ. તારે વાએ કહ્યું છે જે, મુજ માંહે કેવી એબ છે. જો નુરમહંમદના તારે મહંમદને નુરે કહ્યું છે જે, વાએ તું છપો આવે, ને છપો જાએ. તું તો સઉની એબ જુવે છે, અને તારી એબ કોઈ જોતું નથી. તુજ માંહે એવી એબ છે રે વાએ. તારે વાએ કહ્યું છે જે, તમે વણ ગને છો જે અમને ગનેગાર કરો છો, જો નુર મહંમદના, તારે મહંમદને નુરે કહ્યું છે જે, અસતબર તોબાઅલા, અમે તો બંદા સાહેબના ગનેગાર છું. મુજમાંહે તો એબ ઘણી છે. વણગને તો એક ખુદાતાલા છે, તારે મહંમદના નુર ઊપર વાએ ઇમાન આણું છે. તારે મહંમદ મુસતફાએ કહ્યું છે જે, કલમો તૈયબનો તું પડ રે વાએ, તારે વાએ કલમો કહો છે. **અવલ કલમે તૈયબ, દોએમ કલમે સહાદત, અસોદહે અંન હક લાએલા હઈ લીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે. વાએદહુ અલ્લા, સરીકુલહુ, સહેદવાન, મહંમદીન અમદહુ, વેહે રસુલહુ.** એવો કલમો પડીને મુમનદીનદાર થઆ છે, અને મહંમદના દીન માંહે આવા છે, તારે વાએ પોતાના પીર મુરસદ ગોર કબુલ કીધા છે, તાહાં પોતે નબીની ઊમત થઈને રહા છે. પેલા વાએ ગુંણની વાત સંપુરણ છે.

**લખીતંગ બીજો પાણી ગુણ** (૨) આહો મેહેત્ર જીબરઇલ, અલેહીસ સલામ તારે વળી હુકમ ઇલાહી, નુર મહંમદ મુસતફાના, નુરી બુરાખ ઉપર સવાર થઆ છે, તે સવાર થઈ બીજા પાણી ગુંણ પાસે ગઆ છે. તાહાં જઈ મહંમદને નુરે કહ્યું છે જે, સલામ આલે કંમરે પાંણી, તારે પાંણીએ કહ્યું છે જે, વાલેકુંમ સલામ. અને તું કોણ છે. તારે મહંમદને નુરે કહ્યું છે જે, જેનો તું બંદો છે, તેનો અમે નુર છઇએ. પણ તું કેનો બંદો છે રે પાણી, તારે પાણીએ કહ્યું છું જે, એક બંદો ખુદાતાલાનો તું છે. તેમ એક બંદો

ખુદાતાલાનો હું પણ છું. તારે મહંમદને નુરે જોયું છે જે, પાંણી તો પોતાના જોર માંહે જાએ છે, અને મોટાઈ તથા તકબુરાઇ કરે છે. તારે મહંમદને નુરે કહું છે જે, દુનીયાં માંહે જઈને તું કેવું કામ કરીશ રે પાંણી, તારે પાણીએ કહું છે જે, કાંએ મારા મન માંહે આવસે, તે કાંમ હું કરીસ. જો નુર મહંમદના, તારે મહંમદને નુરે કહું છે જે, ના જોઇએ બંદાને પોતાના મનમાનું કામ કરીશ. તોબા પડ રે તું પાણી, તુજ માંહે એબ ઘણી છે. બંદાથી શું થાએ. સાહેબનાં હુકમ વીનાં, જે કાંએ સાહેમને ગમે તે કરે. બંદાનું કેવું ગજુ છે રે પાંણી, તારે પાંણીએ કહું છે જે મુજ માંહે કેવી એબ છે. જો નુર મહંમદના, તારે મહંમદને નુરે કહું છે જે, આહો પાંણી તું પાક છે. પણ સારી ખાલકનો મેલ તુજ માંહે ધોવાએ છે તુજને બાંધી રાખે છે, તારે તું ગંધુ થાએ છે. તે મેલ સાથે જીવ બંધાએ છે, તુજ માંહે જીવ પડે છે, જેટલા બંદા સાહેબના ખુદાતાલાએ પેદા કીધા છે, તેટલા તુજ માંહે નાહે છે. નાપાકી ધોઇને પોતે પાક થાએ છે. પછે તુજને સુરજ પાક કરે છે. સુરજની ગરમી થકી તુજ માંહે ફીણુ થાએ છે. તારે વાએ ફીણુને કાઢી નાંખસે. તારે ખુદાતાલાની હીકમત જાહેર થાએ છે. તારે પાંણી તું પાક થાએ છે. તુજ માંહે એવી એબ છે રે પાણી તારે પાંણીએ કહું છે જે તમે વણુગને છો જે, અમને ગનેગાર કરો છો. તારે મહંમદને નુરે કહું છે જે, અસતબર તોબા અલા, અમે તો બંદા સાહેબના ગનેગાર છું, ભાઈ મુજ માંહે તો એબ ઘણી છે. વણુગને તો એક ખુદાતાલા છે, તારે મહંમદના નુર ઉપર પાંણીએ ઇમાંન આંણું છે, તારે મહંમદને નુરે કહું છે જે, કલમો તૈયબનો તું પડ રે પાંણી, તારે પાંણીએ કલમો કહો છો. **અવલ કલમે તૈયગ દોએમ કલમે સહાદત, અસોદહે અંન હક લાએલાહા ઇલલાહો, મહંમદર રસુલલાહે વાએદહુ અલા સરીકુલહુ, સેહેદવાન, મહંમદીન, અબદહુ, વેહે રસુલહુ.** એવો કલમો પડીને મુમન દીંનદાર થઆ છે. અને મહંમદના દીન માંહે આવા છે, તારે પાંણીએ પોતાના પીર મુરસદ, ગોર કબુલ કીધા છે. તાહાં પોતે નબીની ઉમત થઇને રહા છે. બીજા પાંણી ગુણની વાત સંપુરણ છે.

**લખીતંગ ત્રીજો અગંન ગુંણ** (૩). આહો મેહેત્ર જીબરઈલ, અલેહીસ સલામ, ખુદાતાલાના વહી. તારે વળી હુંકમ ઈલાહીનુ નુરમહંમદ મુસતફાના નુરી બુરાખ ઉપર સવાર થઆ છે. તે સવાર થઇને અગંન ગુંણ પાસે ગયા છે. તાહાં જઇ મહંમદને નુરે કહું છે જે, સલાંમ આલે કંમરે અગંન, તારે અગંને કહું છે જે, વાલેકુમ સલાંમ અને તું કોણુ છે, તારે મહંમદને નુરે કહું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છઇએ. પણ તું કોનો બંદો

છે રે અગંન. તારે અગંને કહું છે જે, એક બંદો ખુદાતાલાનો તું છે, તેમ એક બંદો ખુદાતાલાનો હું પણ છું તારે મહંમદને નુરે જોયું છે જે, અગંન તો પોતાના જોર માંહે જાએ છે, અને મોટાઈ તથા તકબુરાઈ કરે છે. તારે મહંમદને નુરે કહું છે જે, દુનીઆ માંહે જઈને તું કેવું કામ કરીશ રે અગંન, તારે અગંને કહું છે, જે કાંએ મારા મન માંહે આવસે તે કામ હું કરીસ. જો નુર મહંમદના, તારે મહંમદને નુરે કહું છે જે, ના જોઇએ બંદાને પોતાના મન માનું કામ કરીસ તોબા પડ રે તું અગંન તુજ માંહે એબ ઘણી છે. બંદાથી શું થાએ. સાહેબના હુકમ વીનાં, જે કાંએ સાહેબને ગમે તે કરે. બંદાનું કેવું ગજુ છે રે અગંન, તારે અગંને કહું છે જે, મુજ માંહે કેવી એબ છે, જો નુરમહંમદના. તારે મહંમદને નુરે કહું છે જે, જોર તારૂં વાએ થકી ચાલે છે, અને મોત તારૂં પાંણી માંહે છે. તુજ માંહે એવી એબ છે રે અગંન, તારે અગંને કહું છે જે, તમે વણુગને છો જે અમને ગનેગાર કરો છો. જો નુરે મહંમદના, તારે મહંમદને નુરે કહું છે જે, અસતબર તોબા અલા, અમે તો બંદા સાહેબના ગનેગાર છું. ભાઈ મુજ માંહે તો એબ ઘણી છે. વણુગને તો એક ખુદાતાલા છે. તારે મહંમદના નુર ઊપર અગંને ઈમાંન આંણું છે, તારે મહંમદ મુસતફાએ કહું છે જે, કલમો તૈયબનો તું પડ રે અગંન. તારે અગંને કલમો કહો છે, **અવલ કલમે તૈયબ, દોએમ કલમે સહાદત અસોદહે અંન, હક લાએલાહા, ઈલીલ્લાહો મહંમદર રસુલીલ્લાહે વાએદહુઅલા સરીકુલહુ, સેહેદવાંન, મહંમદીન, અબદહુ, વેહે રસુલહુ.** એવો કલમો પડીને મુમન દીનદાર થઆ છે. અને મહંમદના દીન માંહે આવા છે. તારે અંગને પોતાના પીર મુરસદ, ગોર કબુલ કીધા છે. તાહાં પોને નબીની ઊંમત થઇને રહા છે. ત્રીજા અગંન ગુંણુની વાત સંપુરણ છે.

**લખીતંગ ચોથો ખાખ ગુણ** (૪) આહો મેહેત્ર જીબરઇલ અલેહી સ સલાંમ, તારે વળી હુકમ ઇલાહી, નુર મહંમદ મુસતફાના, નુરી બુરાખ ઊપર સવાર થઆ છે. તે સવાર થઇને ખાખ ગુંણુ પાસે ગઆ છે. તાહાં જઈ મહંમદને નુરે કહું છે જે, સલાંમ આલે કંમરે ખાખ, તારે ખાખે કહું છે જે, વાલેકુંમ સલાંમ, વાલે રેહેમત અલ્લાહે, વેહે બરકાતહુ, હવે માલહુ, અને તમે કોણુ છે, તારે મહંમદને નુરે કહું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છઇએ. પણ તું કેનો બંદો છે રે ખાખ, તારે ખાખે કહું છે જે, હું તો બંદો ખુદાતાલાનો, ઊંમત નબી સલલાએ વસલંમની છું. જો નુર મહંમદના, તારે મહંમદના નુરે કહું છે જે, ખાખ ગુંણુ તો ગરીબ છે. અતીમન નીઆર છે. તથા મુસતકીંમ છે. તારે મહંમદને નુરે કહું છે જે, દુનીઆ માંહે

જઇને તું કેવું કામ કરીસ રે ખાખ, તારે ખાખે કહું છે જે; મુજ માંહેથી તો કાંએ ના થાએ. સાહેબના હુકમ વીના, જે કાંએ સાહેબને ગમે તે કરે. બંદાનું ચેતવું કાંએ ના થાએ. અમે તો બંદા ખાખ સાહેબના ગનેગાર છું. ભાઈ મુજ માંહે તો એબ ઘણી છે. ભાઈ વણુંગને તો એક ખુદાતાલા છે. નબીકા નુર તો બરહક હે, જો નુર મહંમદના, એવું નબી સાહેબ ઊપર ખાખે ઈમાન આણ્યું છે. તારે મહંમદને નુરે કહું છે જે, કલમો તૈયબનો તું પડરે ખાખ, તારે ખાખે કલમો કહો છે, **અવલ કલમે તૈયબ દોએમ કલમે સહાદત, અસોદહે અંન, હક લાએલાહા ઈલલાહો, મહંમદર રસુલલાહે વાએદહુ અલા સરીકુલહુ સેહેદવાંન મહંમદીન અબદહુ વેહે રસુલહુ.** એવો કલમો પડીને મુમંન દીંનદાર થયા છે. અને મહંમદના દીંન માંહે આવા છે. તારે ખાખે પોતાના પીર મુરસદ, ગોર કબુલ કીધા છે. તાહાં પોતે નબીની ઊમંત થઇને રહા છે. ચોથા ખાખ ગુણની વાત સંપુરણ છે.

**ચાર ગુણની ફલપત લખી છે.** આહો મેહેત્ર જીબરઈલ, અલેહી સ સલાંમ ખુદાતાલાના વહી, તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે. તે નબી મહંમદ મુસતફાએ કહું છે, એવા ચાર ગુણ માંહે સેસટ બાંધી છે. એવા ચારે ગુણના જુદા જુદા પરકાર છે. તે સરવે ગુણનાં જુજવાં લખસણ છે. તે માંહે ખાખ ગુણને તો દેખી મહંમદના નુર ઘણું રાજી ખુસહાલ થઆ છે. તે ખાખ ગુણને તો તેડી કરી પોતાને ગલે લગાડા છે. અને વળી મહંમદને નુરે કહું છે જે, ખુદાતાલા તો જુવે છે, અને તે વળી જાણે છે. અમે ખાખ ગુણને તો કબુલ કીધા છે. તે ખાખ ગુણને તો પોતાના કરીને રાખા છે. જે કોએ માંનવી જાત છે. તેમાં ચાર ચીજ વગર કોએ નથી. વાએ (૧) પાંણી (૨) અંગન (૩) ખાખ (૪) એવા ચારે ગુંણના જવાબ વિચાર છે. એમ ખુદાતાલાએ ફરમાવું છે. તે નબી સાહેબ કહે છે. આહો મેહેત્ર જીબરઈલ, અલેહી સ સલાંમ, ખુદાતાલાના વહી, જે કોએ આદમી માણુસ અમે વાએ ગુણ માંહેથી સરજા તથા પેદા કીધા છે, તે લોકો માંહે. બેઈમાંની ઘણી હસે, તથા વળી મુકર હસે (૧). જે કોએ આદમી માણુસ અમે પાંણી ગુંણ માંહેથી સરજા, તથા પેદા કીધા છે. તે લોકો માંહે મસતાઇ ઘણી હસે. તથા વળી બે રેહેમ હસે (૨). જે કોએ આદમી માંણુસ અમે અગંન ગુંણ માંહેથી સરજા તથા પેદા કીધા છે. તે લોકો માંહ જલાઈ ઘણી હસે. તથા વળી તખર હશે (૩). જે કોએ આદમીં માણુસ અમે ખાખ ગુંણ માંહેથી સરજા, તથા પેદા કીધા છે. તે લોકો માંહે ગરીબાઇ ઘણી હસે. અતિ મંન નીઆર હસે, તથા મુસતંકીમ હસે (૪). એમ ખુદાતાલાએ ફરમાવું છે. જે ચાર ગુંણ માંહેથી ચાર ચીજ પેદા કીધી છે, તે માંહેથી અમે ખાખ ગુણને તો અખતીઆર

આપો છે. તે ખાખ ગુંણુને તો અલાજીએ કબુલ કીધા છે. તે એમ નબી મહંમદ મુસતફાએ કહું છે. આહો મેહેત્ર જીબરઈલ અલેહી સ સલાંમ તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે. તેમાં ચાર ગુણની ફલપત લખી છે. જે કોએ આદમીં માંણુસ અમે ખાખ ગુંણુ માંહેથી સરજા તથા પેદા કીધા છે. તેને અમે ખાખ માંહે સોંપીસુ તથા ભસત માંહે જાગા દેસું (૧) જે કોએ આદમી માંણુસ અમે અગંન ગુંણુ માંહેથી સરજા તથા પેદા કીધા છે, તેને જો અમારા મનમાંહે આવશે તો ભસતમાં જાગા દેસું, નહીકાં અંગન માંહે હલાખ કરીસું (૨). જે કોએ આદમીં માંણુસ અમે પાંણી ગુંણુ માંહેથી સરજા તથા પેદા કીધા છે, તેને જો અમારા મન માંહે આવશે, તો ભસતમાં જાગા દેસું. નહીંકાં પાંણીમાં હલાખ કરીસું. (૩) જે કોએ આદમીં માંણુસ અમે વાએ ગુંણુ માંહેથી સરજા તથા પેદા કીધા છે, તેને જો અમારા મંનમાંહે આવશે, તો ભસત માંહે જાગા દેસું, નહીકાં વાએ માંહાં હલાખ કરીસું. એમ ખુદાતાલાએ લખા છે (૪).

આહો ભાઇ જીબરઈલ અલેહી સ સલાંમ, તારપછી વળી ખુદાતાલાનું ફરમાંન આવું છે. જે નુર મહંમદ મુસતફાના, તંન મુબારક માંહેથી અમે સરવે ખલક જીવા જંન જણુસ પેદા કીધી છે, તે ઊતપત સરવે નબી સાહેબના તંન મુબારક માંહેથી પેદા થઇ છે. આહો મેહેત્ર જીબરઇલ, અલેહી સ સલામ ખુદાતાલાના વહી, વળી તેથી પણ આગળે, નબી સાહેબના નુર થકી દાદા આદમને પોતા છે. દાદા આદંમ થકી સૈયદોને પોતા છે, તારપછે કુરાન આએત દુનીઆમાં પરવર થઆ છે, એમ ખુદાતાલાએ ફરમાવું છે, જે મસતગ મુબારક મહંમદ મુસતફાનું તે અમે ભસતની બરકત માંહેથી પેદા કીધા છે(૧) પેસાંની મુબારક મહંમદ મુસતફાની તે અમે ભસતના ચંદ માંહેથી પેદા કીધા છે (૨). આંખો મુબારક મહંમદ મુસતફાની, તે અમે ભસતના હઆ માંહેથી પેદા કીધી છે (૩). રૂ. મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતના તેજ માંહેથી પેદા કીધા છે (૪) કાન બેઉ મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતના અલફ માંહેથી પેદા કીધા છે (૫). નાક મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતનાં અંબર માંહેથી પેદા કીધા છે (૬). મુખ મુબારક મહંમદ મુસતફાનું તે અમે ભસતની જોત માંહેથી પેદા કીધા છે (૭). હોઠ મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતની તસબી માંહેથી પેદા કીધાં છે (૮). જીભા મુબારક મહંમદ મુસતફાની, તે અમે બીસતના જીકર માંહેથી પેદા કીધા છે (૯). દાંત મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતના નુર દાવંણુ માંહેથી પેદા કીધા છે (૧૦). ગળું મુબારક મહંમદ મુસતફાનું, તે અમે ભસતના મધ માંહેથી પેદા કીધા છે (૧૧). ખભા બેઉ

મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતના જદ માંહેથી પેદા કીધા છે (૧૨). બાજુ બેઊ મુબારક મહંમદ મુસતફાની, તે અમે ભસતની કઊવત માંહેથી પેદા કીધા છે (૧૩). હાથ બેઉ મુબારક મહંમદ મુસતફાના તે અમે ભસતની સખાવત માંહેથી પેદા કીધા છે (૧૪). હઈઉં મુબારક મહંમદ મુસતફાનું તે અમે ભસતના જાફરાંન માંહેથી પેદા કીધા છે (૧૫). આંતરડીઉ મુબારક મહંમદ મુસતફાની, તે અમે ભસતના સંતોક માંહેથી પેદા કીધા છે (૧૬). હરદો મુબારક મહંમદ મુસતફાનો, તે અમે ભસતની સબુરી માંહેથી પેદા કીધો છે. (૧૭) હાડ મુબારક મહંમદ મુસતફાનાં તે અમે ભસતના, કપુર માંહેથી પેદા કીધા છે. (૧૮) પગ બેઊ મુબારક મહંમદ મુસતફાના તે, અમે ભસતની બંદની માંહેથી પેદા કીધા છે. (૧૯) રૂમરાએ મુબારક મહંમદ મુસતફાના, તે અમે ભસતના પુલ ઘાસ માંહેથી પેદા કીધા છે (૨૦). એમ ખુદાતાલાએ ફરમાવું છે.

આહો મેહેત્ર જીબરઈલ અલેહી સ સલામ ખુદાતાલાના વહી. એ તારીફ સરવે મહંમદ મુસતફાની કીધી છે. તારે એવી નબીસાહેબની તારીફ સાંભળીને મેહેત્ર જીબરઈલ, પોતાના દીલજાંનથી કલમો તૈયબનો પડા છે. અને તાંહા કહું છે જે, **અવલ કલમે તૈયબ, દોએમ કલમે સહાદત, અસોદહે અંન, ઉક લાએલાહા ઈલલાહો, મહંમદર રસુલલાહે, વાએદહુ અલા સરીકુલહુ સેહેદવાંન, મહંમદીન, અબદહુ વેહે રસુલહુ.** એવો શુધ કલમો પડીને સદક આંણું છે. તે નબી ગોર ઈમાંમે કહું છે, એવો સુધ કલમો પડીને મરદ તથા ઓરત ઈમાંન સાબુત રાખસે. તે જીવ તો ભસતી હોસે, તાહાં અમર લીલા ભોગવશે, એવી નુરનામાની હકીગત તમામ સુધ સપુરણ છે. જે કોએ ભણે સાંભળે, નર કે નાર, ત ફરી નહી અવતરે આવાગવંન જુગ સંસાર. એ નુરનામું વાંચે તથા સાંભળે તે ગત જમાતકુ સલામ છે. મહેજદ મેહે રાજકુ સલામ છે. નુરનામું સપુરણ છે સહી. ..રનામના હરફ, નવસે નવાણું ઉતારી કાઢા છે (૯૯૯).

# "નુરનાંમાની ખાસીએત લખી છે."

તારપછી વળી ખુદાતાલાનું ફરમાન આવું છે આહો મેહેત્ર જીબરઈલ, અલેહી સ સલાંમ, એમ નબી સાહેબ કહે છે. એ તારીફ સરવે નુરમહંમદ મુસતફાની કીધી છે. જે કોએ ઈમાનસું વાંચે, તથા સાંભળે, નુરનાંમું લખીને પોતા પાસે રાખે, તથા લખીને પોતાના ઘર માંહે રાખે, તો તેને ખુદાતાલા પોતાની પનાહમાં રાખશે. તે બંદાને દીન દુનીઆં માંહે, પોતાના કરીને રાખસે. વળી જે કોઇ બંદાને અજલ આવી પોંચસે, તેને અંતકાળને વીખે નુરનામું સંભળાવું હોએ તો તે બંદાનો રૂહુ કબજ કરતાં સોહેલો થાએ. ફરસતા તેનું અવલનામું લખસે, અને વળી બીજી પણ મદદ ફરસતા કરસે, તે બંદાના ઘના દીન દુનીઆંના, તથા આખરીતના ઘના, સાહેબ ફજલ કરસે, તેને કબરસતાંન માંહે, આજાર થાસે નહી, તેની મીટી, ચાંમ, હાડ, ખાસે નહી. તેને ખુદાતાલા સેતાંન થકી દુર રાખસે. તેને ચાર કીતાબ પડાનો સવાબ થાશે. પેલા કીતાબ તોરીત મેહેત્ર મુસા (૧) બીજા કીતાબ જબુર મેહેત્ર દાઊદ (૨) ત્રીજા કીતાબ એન્જીલ મેહેત્ર ઈસા (૩) ચોથા કીતાબ ફુરકાન મહંમદ મુસતફા સલલા આલે વસલંમ (૪). એવા ચાર કીતાબ પડાનો સવાબ થાસે.

જે કોઇ બંદો ખુદાતાલાનો નુરનામું વાંચે, તથા સાંભળે, તથા લખીને પોતાના ઘરમાં રાખે, તો તે બંદાના ઘના, તેના માતપીતાના ઘના, તેના સાતપરીઆનાં ઘના સાહેબ ફજલ કરસે. જે કોએ નુરનામું વાંચે તથા સાંભળે, તેના દુસમન દફે થાએ. તે બંદા ઉપર સેતાન મુકર ચાલે નહી. તેને સાહેબ આખરીતના આજાર થકી રાખી લેશે. તેને ગાજી ઊમરદનો સવાબ થાસે. તેને દુનીઆંના તોફાનથી સાહેબ રાખી લેસે. તેને અવલ માંણસની સોબત માંહે સાહેબ રાખસે. અને વળી હકતાલાએ ફરમાવું છે જે નબી સાહેબનું નુરનામું છે. તે માંહે જે કોએ શંકા લાવસે તે તો કાફર થાસે. અને જે કોઇ સહી કરીને માંનસે તે તો મુમંન ભસતી હસે. જે કોએ નુરનામું વાંચે, તથા સાંભળે તેની મુરાદ હાંસલ થાશે, તેને ત્રણ હજાર ત્રણસોને સીત્ર (૩૩૭૦) પેગાંબર જમાડાનો સવાલ થાસે. તેને એટલો સવાબ ખુદાતાલાએ બકસો છે. જે કોએ નુરનામું વાંચે તથા સાંભળે તે બંદાને ગેબ થકી આવસે, તે બંદાનો મરતબો મોટો થાશે. વળી એક નકલ કહો છે જે સુલતાંન મહંમદ ગજનવીને રહેમતને કાજે, હકતાલના નુરનામા માંહેથી નવસેં નવાણું હરફ ઉતારી કાઢા છે. એ હરફ સાંભળીને ઘણું ખુસહાલ થયા છે. અને વળી મંનમાંહે જાણું છે જે, એ હરફ સુલતાંન મહંમદ ગજનવીને દેઈ મોકલીસું, તારે તે વાતની ખબર

સુલતાન મહંમદ ગજનવીને થઇ છે. તાહાં અઢાર દીવસની વાટ હતી. તાહાંથી પોથી સામી ચાલી આવી છે. તારે તે કીતાબ સુલતાન મહંમદ ગજનવીને દેઇ મુકા છે. તાહાં માણુસ ઘણાં હતા, તરકને આરબ ઘણા હતા, તે માંણુસે હરફ દીઠા, તથા સાંભળા છે, તે સાંભળીને ઘણું ખુસહાલ થઆ છે, તેને ઘણું હાંસલ થયું છે. સુલતાંન મહંમદ ગજનવીએ એ કીતાબ પોતાની પાસે લાવીને વાંચી જોઆ છે. તથા વાંચીને ખુદાતાલનું સુકરાન કીધું છે. તથા ઉઠીને ખુરબાંનીઓ કીધી છે. અલામત તથા ફજલસકાની, તથા હાલી મોવાલીને ખેરાત ઘણી કીધી છે. પછે એ હરફ ઇમાંમે મંગાવી લીધા છે. હકીગત સરવે વાંચી જોઈ છે, અને હજરત રસુલની મોહોર તે તે નુરનાંમાં ઉપરથી થઈ છે. જે એ કેતાબ સુલાતાંન મંહમદ ગજનવીને બકસા છે, એણે ઘના મોટા કીધા છે, તે પણ બકસા છે; જે કોએ નુરનામું વાંચે તથા સાંભળે, તેને ઘણી ઈજત દીધી છે. અને દોસદારી દેતા હતા, તેના મોટા ઘના સાહેબે બકસા છે. તેને કાજે ભસતના દરવાજા સાહેબે ઉઘાડી મેલા છે. તેના વખાણુના જવાબ સાંભળો, તેને બાર હજાર ગુલામ આજાદ કીધા છે. તેને એકહજાર મોલગઢ ચણાવી દીધા છે. એવડી શોભાની, તથા મેહેરવાંની, એવડી રાએત ખુદાતાલાએ બકસી છે, તેને તો બરકત નુરનાં માની છે.

જે કોએ નુરનામું વાંચે, તથા સાંભળે, તેને દુખ દવા કાંએ ના થાએ. તેને ખુદાતાલા પોતાના પનાહમા રાખસે. જે કોઇ પેદાસ મહંમદ મુસતફાની વાંચે તથા સાંભળે, નુરનામું લખીને પોતા પાસે રાખસે, તે જારે નીવાજ પડે, તારે સીજદા ઠેકાણે રાખસે, તે નુરનામાં સાથે સીજદો કરે, તો તેને કુલ ફેરા પેગાંબરને નમાનું ફળ થાએ. તેને ખુદાતાલા પોતાના પનાહમાં રાખસે, જે કોએ મહંમદ મુસતફાની પેદાસ તથા તારીફ દીલ દઇને સાંભળસે, તેને સવાબ એક હજારવાર કુલહવલા પડાનો થાસે. દોસતી ઈમાંમની જેવડો સવાબ. મરતબો મોટો થાસે જે કોએ નુરનામું વાચે, તથા સાંભળે, તે દીંન થકી બાજ. નહીં થાએ પછે વળી રેવાએત કીધી છે, જાંહાં સુધી પોતાની જાગા ભસતમાં થાસે. જે એકદીન મહંમદર રસુલલા મેહજદ ખાનાંમાં બેઠા હતા, તારે વઇ જીબરઈલને ખુદાતાલાએ મોકલા છે. તાહાં વઈ જીબરઇલ આવા છે, તે વઇઆના હાથમાં મેવા બે હતા, એક તો ઊસ (૧) બીજા તો સોફ (૨) તે વઈઆએ કહું છે જે, આહો મહંમદર રસુલલાહે એમ ખુદાતાલાએ ફરમાવું છે. જે કોએ નુરનામું વાંચે તથા સાંભળે, તથા લખીને પોતા પાસે રાખસે તેનો હકતાલાએ મરતબો મોટો કીધો છે. તે બંદાની કમાઇ મોટી થઇ છે, એમ હકતાલાએ ફરમાવું છે. તે ખબર વઇ જીબરઈલે મહંમદર રસુલલાને દીધી છે. જે કોઇ ઈમાંનસુ વાંચે તથા સાંભળે, તે બંદાને સાહેબ મોજ દેસે, તથા કરમ બકસીસ કરશે, સરવે મોમીન મરદ, તથા ઓરત, જારે

મલીને મરત લોક માંહેથી જાસે, અને આસમાંન નવનેજા ઊપર આવશે, તા હકતાલા તે બંદા ઊપર મોજ દેસે, તથા સફાએત કીધી છે, હજાર વરસ લગી જઇ મુકાંમ માંહે બંદગી કરસે, તથા સારી ઊંમર રોજા રાખશે, તેનો સવાબ તે બંદાને બકસો છે, તે ખુદાતાલાએ પોતે બકસો છે. તેના દુસમન દુર થાશે. તે બંદાપર છળજાદુ કેનું ચાલશે નહી, જે કોએ નુરનામું વાંચે તથા સાંભળે, તેને એક હજારને એક ( ૧૦૦૧ ) રોજા રાખાનો સવાબ થાશે, તથા બકરત તોબનીનું તે બંદાનાં ગનાં બકસસે, તે બંદાના ગના નાના મોટા હોએ, તો તે પણ સાહેબ બકસસે.

જે કોએ નુરનામું વાંચી, તથા સાંભળી જૂવે, તેની રૂવાંની પુરી પાક થાસે. તારે હકતાલાએ ફરમાવું છે જે, ભાઇઓ હું તેનો ખુદાતાલા છું, જે નુરનામું વાંચે, તથા સાંભળે તેને સાહેબ પોતાની પનાહમાં રાખસે, જે કોએ બંદો સોમવારની રાત્રે, તથા શુકરવારની રાત્રે વાંચે તથા સાંભળે, તથા બીજાને સંભળાવશે, તેને હરામ થકી વેગળો રાખસે, તેની ખુદાતાલાને ઉમેદ ઘણી છે. તારે વળી ખુદાતાલાનું ફરમાન આવું છે, જેમ મનીસ નાના મોટા કીધા છે, અને બુજર કાંઇ આપી છે. પેલા પેગાંબર તો ઇસેરૂહુઅલા (૧) બીજા પેગાંબર તો મુસેકરીમુલા (૨) ત્રીજા પેગાંબર તો ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (૩) ચોથા પેગાંબર તો ઈસા સાખલા (૪) પાંચમા પેગાંબર તો આકુબલા (૫) છઠા પેગાંબર તો ઇસમાએલ તેમની મુંનજાગા અમે ફરજંન સુધી, અમે ભસતમાં રાખી છે, જે કોએ નુરનામું વાંચે, તથા સાંભળે, તેનો હું ખુદાતાલા છું. અમે તેનું અવલનામું લખીએ, તે બંદાના દસહજાર ગના હોએ, તોપણ સાહેબે બકસા છે. તે બંદાને વાસતે દસહજાર હવેલીઓ ભસતમાં થાસે. તે બંદાનો મરતબો મોટા ઓલીઆના જેવડો થાએ, અને રોજ કયામતના દીન સુધી ફરસતા ભસતની કોરે લેઇ જાસે. તેને ભસતની રાહેત મોટી થાશે. તે બંદાના ડીલમાં જેટલા મુવાલા છે, તેટલા ગના હોએ, તોપણ સાહેબે બકસા છે. સાંમી બીજી પણ મદદ કરશે. તે બરકત સરવે નુરનાંમાની છે. જેમ લાએક જણ બે. એક તો મુંનકીર (૧) બીજા તો નકીર. તે બંદાની કબરમાં પુછાણું લેવા સારૂ આવશે, તે સાથે પણ સરખઇ થાશે. તારે ફરસતે કહું છે જે, સુધ રેહમત છે રે બંદા, ઘોર કયામતના દુખ આસાંન છે. તે બરકત કલમા તૈયબની છે. એવું ખુદાતાલાનું ફરમાન આવું છે. આહો મેહેત્ર જીબરઇલ, અલેહી સ સલાંમ, ખુદાતાલાના વહી, એ નુરનામાની હકીગત. નબી મહંમદર રસુલલાએ સંભળાવી છે. નુરનાંમું ખાસીએત સુધાં સપુરણ છે. **અવલ કલમે તૈયબ, દોએમ કલમે સહાદત, અસોદહે અંન, હક લાએલાહા, ઈલલાહો મહંમદર રસુલલાહે, વાએદહુ અલા, સરીકુલહુ, સહેદવાંન, મહમદાંન, અબદહુ, વેહેરસુલહુ.**

# શ્રી દોવા બાજુની બાજનાંમું લખું છે.

બીસમીલા હરરહેમાન નરરહીમ, નાદેઅલીયંન, મજહરૂલ, અજાએબ તજદહુ, અવનહ્યકા, ફીન્નવાએબે, કુલ્લો હમ્મીંવ, વગમ્મીંન, સયંનજલી, બકુદરતેકા, યા અલ્લાહ, યા અલ્લાહ, યા અલ્લાહ, બનજુવતેકા, યા મોહંમદ, યા મોહંમદ, યા મોહંમદ, બવીલાયતેકા, યા અલી, યા અલી, યા દાફી, યા માફી, યા સાફી, યા કાફી, યા સાફેઊલ અજીંમ, યા મન્નુ, યા જન્નુ, યા સુબહાનું, યા સુબહેમનુ, યા અમીરૂલ મોમેંનીન, યા જલીલ, યા જલ જલીલ, યા રબ તુંહી ખુદાવંદા, ગુંના કર દમો દુર, હરબલાએ રદબાસદ, યા અમીરૂલ મોમીની, યા અલીયુંન, યા વલીયુંન, અનામદીંન તુલઈલમે, વઅલી ઊંમબા બેહ. સુબહાનેકાત આલાહુઅલા, રબ્બીલ અરસીલ અજીમે. સુબહાનેકાત આલાહુઅલા, રબ્બીલ આલમીન. સુબહાનેકાત અલાહુઅલા, જબ્બારીલ મુત કબ્બેરો. સુબહાનેકાત આલાહુઅલા, ખાલેકીલબારીઓ. સુબહાનેકાત આલાહુઅલા, મુસવવેરીલ હર્કીમો સુબહાને કાત આલાહુઅલા, મુસવવેરીસ સાદીકો. સુબહાનેકાત આલાહુ અલા, હૈયુલ કૈયુંમે, સુબહાનેકાત આલાહુ અલા, બઆદીલ મુબાદે. સુબહાનેકાત આલાહુ અલા, વાએસે રૂતતાલેફીંન, સુબહાનેકાત આલાહુ અલા, આલીઊલ કબીરો. સુબહાનેકાત આલાહુ અલા, કાદેરૂલવાએદો. સુબહાનેકાત આલાહુ અલા, હમીંદુલ-મજીદો. સુબહાનેકાત આલાહુ અલા, અવવલુલ આખેરો. સુબહાનેકાત આલાહુ અલા, બાતેનુંજ જાહેરો. સુબહાનેકાત આલાહુ અલા, કાદેરૂલ કપુરો. સુબહાનેકાત આલાહુ અલા, અજીમુસ સત્તારો. સુબહાનેકાત આલાહુ અલા, કાદેરૂસ સમદો. સુબહાનેકાત આલાહુ અલા, જકીલુલ કફીલો. સુબહાનેકાત આલાહુ અલા, હકીમુલ કરીબો, સુબહાનેકાત આલાહુ અલા, માલેકીલ કરીંમો. સુબહાનેકાત આલાહુ અલા, મુત આલુલ હકકો. સુબહાનેકાત આલાહુ અલા, બાએસુલ વાએસો. સુબહાનેકાત આલાહુ અલા, બઆકી મુદદ દાએમો. સુબહાનેકાત આલાહુ અલા, કરીબુલ મોજુદો. સુબહાનેકાત આલાહુ અલા, મન્નાંનીલ માબુદે સુબહાનેકાત આલાહુ અલ્લા, હન્નાનીલ મન્નાનો. સુબહાનેકાત આલાહુ અલ્લા, ગનીઊલ મોજીજે. સુબહાનેકાત આલાહુ રજાકીર રરૂફો. સુબહાનેકાત આલાહુ અલ્લા, હન્નાનીલ મુસતઆંનો. સુબહાનેકાત આલાહુ અલ્લા, હબીબુસ સુલતાંનો. સુબહાનેકાત આલાહુ અલ્લા, વકીલુલ રીલો. સુબહાનેકાત આલાહુ અલ્લા, કાદેરૂલ મુક્તદેરો. સુબહાનેકાત આલાહુ અલ્લા, હૈયુલ મુંજીબો. સુબહાનેકાત આલાહુ અલ્લા. અલ્લાહો મુલકરીંમો. સુબહાનેકાત

આલાહુ અલ્લા, સત્તારીલ ઓયુબે. સુબહાનેકાત આલાહુ અલ્લા, વહાબુર રફીઓ. સુબહાનેકાત આલાહુઅલ્લા, કબીરૂલમુતઆલી. સુબહાનેકાત આલાહુ અલ્લા, સાદેકુલવાએદો. સુબહાનેકાત આલાહુ અલ્લા, તૈયબુત તાહેરો. સુબહાનેકાત આલાહુ અલ્લા, વકીલુલ વેહસરો લહુદીન. સુબહાનેકાત આલાહુ અલ્લા, વહેયુલ બકીએ. સુબહાનેકાત આલાહુ અલ્લા, વલીઉન નાસેરો. સુબહાનેકાત આલાહુ અલ્લા, સમીઉલ બસીરો, સુબહાનેકાત આલાહુ અલ્લા, કવીયુલ અતમાંમો. સુબહાનેકાત આલાહુ અલ્લા, મેહેજોરૂત તાજેએ. સુબહાને કાત આલાહુ અલ્લા, મોમેનુલ મોહયમને. સુબહાનેકાત આલાહુ અલ્લા, હબીબુલ હમીદો. સુબહાનેકાત આલાહુ અલ્લા, મઆબોદુલ મજીદો. સુબહાનેકાત આલાહુ અલ્લા, તબીબુલ વહાબો. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂલ ફાદેલીન. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂલ નાસેરીના. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂલ હાકેમીના. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂલ ખાલેકીના. સુબહાને કાત આલાહુ અલ્લા, ખેરૂલમુત આબેદીના. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂન નાતો નીના. સુબહાનેકાત આલાહુ અલ્લા, ખેરૂત તાહેરીના. સુબહાનેકાત આલાહુ અલ્લા, હાઊલાએ જલુકી અલ્લાહ, સુબહાનેકાત આલાહુ અલ્લા, વલીઉલ કરીમો. સુબહાનેકાત આલાહુ અલ્લા, વેહદહુ લાશરીકો. સુબહાનેકાત આલાહુ અલ્લા, વહોવા અલહંમદોલીલ્લાહે. વલમયુહા, ઐયા કાવલકાદેરો. હૈયુલ બાતેનો, યામને વાતો, હૈયુલલા યમુતો, બેયદેકલખેર. ઇન્નકા અલ્લા કુલ્લો સ્યઇન કદીર, બકા જુલ જલાલે. ઐયુલ ફનાએ, હરીકુલ કાદેરો, પુલ જાહેરો વહોવા કુલજનુહર. ફલ્લા અલાખે રહી, જુલકરીમા, ઇમાંનુલ્લાહ, અલાહેયો. વતરજકો મંનતસાઓ, બેગ્યરેહી સાબ અબરેદો, બાકી હેયો. અસતો હયમના વાવૈતા, હોવા અજલીના, અલા કુરાનીલ, મુસતકીંમ, વઆજલો, કુલકેતાબ, યા બાકેરૂહા, યા કાદેરૂલ્લાહા મુત્તકીના, વબલાયા મુજલ્લાહા, અમહુલ્લાહો, અલા હે યુલ્લાહો, અલા હૈયુમ, કયુંમે, વબલાયા, મુજલીના, સનેતા સીના, વયાસીન, વલ કુરાનીલ હકીમ, વલેકુલ કલે માહા, વમૈયસાઓ, તહૈયાતો ઈમાંમ, તૈયબાતો માતરા, બાકી ઊલજન્નુના, વઇન્નલ્લાહા, અજરૂનકવા કેબા, યા સમીઊલ્લાહો, સતર હુલ્લાયકી, હંમતીલ વહાબો, કુલસાંહેદીના, હકંતવરાતા, વજબુરાના, વઇન્જીલા, વકુરાનીલ અજીમે. વહાબાકુલ, હુજજેતના, હુકમ અલ્લાહો, અજમેઇન, અલાવ બલાયા, યા કાદેરહુ, યા વાહેદહુ, વજલ જલાલહુ, વજઅલો અલ્લા, તઆમુંન બહરેના, હમીદના, હંમદહુ કાલા અકુવા હનુંસાઅદના, માફૂઉવા, યા અલ્લાહ, યાનાસેરો, ઇન્નાવ ગેઈબા અબલાહો, કુલબનીયા, વાહેલાનો જમાંનહુ, હક માહાબઓ. માસુમહા હેબુલમાના, અનુઅલ્લાહો, મુલજીંના, યા સાફેયુલ અજીંમ, વાએજનાહમુમાં જન્નુના, સલામુંન અલ્લા, નહુન ફીલ આલેમીન

તાફીલના, કાલાઆફીના, રોજુલા મુસા, નાફે અલતા, 'અલ્લા અમ્મે રસુલા, હુમાઈના અલા અસુરાના, મસલોકા, મવલાએહુ, અલ્લાહો, બામીંન અલ્લાહ, ઈમાંના, યા સુબહાંના, અબુહુરૈના, વમાકુન્નાલના, અનારીયતીમોકી, બસુલતાં નલ્લાહ, બંનલકંનના, અકસમુ, લાઊલેતા, લેમાંના, અજીમાં, અલ્લજીંના, જેઆલા કવલે કુરઆંના, કીતાબુલ અજીમા ફુવારે કુલનાલા, હમીંના, અજી મોહ', રીદવાંન અલ્લાહો તઆલા, અહયહીંમ, અજમેંઈન, કુરઆંના જેઆલના, બરીના, કુરઆંના, યા અલી, યા રસુલલ્લાહે, મુસલેમીંના અલ્લાહો, અલહંમદો લીલ્લાહે, રબ્બીલ આલમીંન, અલ્લાહો અલા આખેરીત, તાજેબીના, મુસાવદના, હેચુલ કમાલે, કુલહુવલાહો કુરઆના, કુલીલ્લાહુમ્મા. યા રકુ, હાઊલાએ, રદકુલ બલાએ, અમાયા ખમાહા, અલા અબદહુ, ફીલના, ખીલના, વઆયતેહુ, ફીબની ઈસરાઈલા, વઈઆકુલ કફીઆ, વઈઆના, ઊકુલ્લાહો, જીંના કીતાબા કુરઆંની હો, અલા કવલેહી, અલાખેર ખલકેહી, અલ્લાહો અજીમા, વતહેરાતો, વલમેહેરાજે. બરેહેમતેકા, યા અરહમર રાહેમીંન, યા અલ્લાહ, નુર સમાવાતે, વલઅરદે, યા કરીમો, યા રહીંમો, યા અલીયુલ અજીમો. **હક લાએલાહા ઈલલાહો મહંમદુર રસુલલાહે.**

## બાજનાંમાંની ખાસીએત લખી છે.

એ દોવા બાજુ કહે છે, તે ખુદાતાલા પાસેથી મેહેત્ર જીબરઈલ લાવા છે. એ દોવા લાવીને નબીસાહેબને સોંપી છે. એ દોવાનો સબબ કોઇ જાણતું નથી. એક ખુદાતાલા જાણે છે. એ દોવાની કઊવત બરકતથી જમીંન આસમાંન થર રહા છે. જે મલાએક અજરાઇલ, હુકમ ખુદાતાલાનો લેઇને દુનીઆ માંહે જીવ લેવા આવે છે. તે કઊવત બરતક સરવે બાજનાંમાંની છે. એ દોવા પડીને તે આવે છે. એ દોવાની કઊવત બરકતથી મેહેત્ર અસરાફેલ, સુર ફુંકે છે. તારે દુનીઆં સરવે ઉઠશે. એ દોવા બાજુની બાજનામું કહે છે. તે ભીસતને બારણે લખી છે, તે મેહેત્ર જીબરઇલ કહે છે. હરરોજ એ દોવા વાંચે, તથા સાંભળે, તથા લખીને પોતાની જમણી બાજુએ બાંધે તો ખુદાતાલાએ ફરમાવું છે, તેને ઘોરના આજાબ દુઃખ નહિ થાએ, કાંએ તે જીવ દોજક પણ નહિં જાએ. વળી જે કોઇ સુરતા રાખીને વાંચે, તથા સાંભળે, તેને સાહેબ મેહેરવાંની કરી પોતાના ફરજનની પેઠે રાખશે, તે વહી જીબરઇલ કહે છે. ઇયાં મહંમદ મુસતફા, જે કોએ તમારી ઊંમત માંહેથી સરવે ઉંગર મધે વાર એક જીવતાં સુધી વાંચે તથા સાંભળે, તેને સાહેબ પીગાંબરને ઠેકાંણે રાખશે. વળી કોઇને દુખ થયું હોએ તો, એ દોવા લખીને ફક્ત મધ સાથે પાંએ તો, તેની દેહીના દુઃખ સરવે

જાએ, વળી કોઇને ઘેર ખાતર પડું હોએ તો, એ દોવા લખીને ઘર ઉપર મુકીએ, તો એ દોવાની કઊવત બરકતથી ચોર આવીને આંગણે ઉભો રહે. કદા દુસમનને હાથે આવા હોઇએ તો, એ દોવા પડીએ, તો સાહેબ છોડાવે સહી. વળી એ દોવા ફજરની નિવાજ વખતે વાર ત્રણ, તેવા દીન ત્રણ સુધી પડે તો મલાએક જણ સીત્રહજાર તે બંદાની રખા કારણ ઊભા રહે. તે મલાએક જીબરઈલ કહે છે, જે કોએ તમારી ઊમત માંહેથી, હરરોજ એકવાર જીવતાં સુધી પડે, તેનો સવાબ લખો છે. તે ખુદાતાલાઓ ફરમાવું છે. તેને ભસત માંહે એક હજાર શહેર બકસીસ કરશે. એક એક શહેરમાં સીત્ર હજાર ઘર હશે. એક એક ઘર માંહે સીત્ર હજાર તખત રચા હસે. એક એક તખતના ઉપર સીત્ર સીત્ર હજાર હુરાં બેઠી હસે. એક એક હુરાંના હાથમાં સીત્રહજાર જાતના મેવા ચીજો ભરી હશે. તે બંદા એકને કાજે. તે ઇઆં મેહેત્ર જીબરઈલ કહે છે. ઇઆં મહંમદ મુસતફા તમારી ઊમત માંહેથી હરરોજ દસોંદ સાહેબને આપશે, તારપછી રજખ કરસે. અને એ દોવા હરરોજ વાર એક જીવતાં સુધી પડશે, તે રોજ કયામતને દહાડે પુનમના ચંદરમા જેવા નરમલા થાશે. એમ ખુદાતાલાએ ફરમાવું છે. તે વઈ જીબરઈલ કહે છે. જે ઇયા મહંમદ મુસતુફા જે કોએ તમારી ઊંમત માંહેથી એ બાજુની દોવા વાર અગીઆર દીન એક પરતે, તેવા દીન અગીઆર લગી પડસે, તો તેને વાસતે ખુદાતાલા પોતાનો ખુરાખ મોકલસે. તારે હકતાલા પાસે હજરત પેગાંબર બેઠા હતા. તારે તે વેળાએ મહંમદર રસુલલાએ પુછું છે. ઈયા પાક પરવરદેગાર, એણે બંદે દુનીઆં માંહે કેવી કમાઇ કીધી છે. જે તમે પોતાનો ખુરાખ મોકલો છે. તારે ખુદાતાલાએ કહું છે જે, એણે બંદે દુનીઆં માંહે દીન પરતે વાર અગીઆર એ દોવા બાજુની પડી તથા સાંભળી છે તેવા દીંન અગીઆર લગી પડી છે. તે જીકર બંદગીને વાસતે ખુદાતાલાએ પોતાનો ખુરાખ મેકલાવો છે. ઈયા મહંમદ મુસતુફા તે વઈ જીબરઈલ કહે છે; જો એ દોવા ડુંગર ઉપર બેસીને પડે તો ડુંગર થરથર ધરૂજે. જો એ દોવા પડી પાણી ઉપર ફુંક નાંખે તો પાણી પાછું ફરે, અને મારગ આપે સહી. એ દોવા જીમીન ઉપર બેસીને પડે તો જમીન અજગરૂપી થાએ. એ દોવા પડે તો ખુદાતાલા મેહેરબાની ઉપર આવીને તે બંદાના કુલ ગુનાં બખસે. એ દોવાની સફાએત રસુલ પેગંબરે ઘણી ઘણી કીધી છે. એ દોવા જેવી બીજી દોવા એકે નથી એ અલાતાલાઇ બાંણુ કેલાએ છે. તે મેહેત્ર જીબરઇલ કહે છે. યા મહંમદ મુસતુફા જો કોઇ દુસમનને હાથે આવ્યા હોએ તો, એ દોવા પડીને જાએ તો, ફતેહ કરીને આવે સહી. એ બરકત સરવે એ દોવાની છે. ખાસીએત સંપુરણ છે.

# દોવા રતનનામાની લખી છે.

## ફરમાનજી બીસમીલા હરરહેમાન નરરહીમ.

ઇયા સતમલી, ઈયા સફીરગી, ઇયા સણી ખાફીરંગી, ઈયા સાહા મીનાયા, ઈયા સંગીરી ઈસાહા, ઈયા સલાઆઇ ઊનાસ, ઇયા દોવા આઇ ઊનાસ, ઇયા સખીરીઇ શાહા, ઇયા તું નાતો શાહા, ઇયા શાહા સતમલી, ઇયા શાહા ધુતાંના, ઈયા શાહા સત ધુમાંક, ઇયા શાહા સેસુવા, ઇયા શાહાને હુવા, ઈયા રતન (૧) ઈયા રતન (૨) ઈયા રતન (૩) ઈયા રતન (૪) ઈયા રતન (૫) ઈયા રતન (૬) ઈયા રતન (૭) હક લાએલાહા ઈલલાહો મહંમદર રસુલલાહે.

## રતનનામાની ખાસીએત લખી છે.

જે કોએ દુસમનાઈ કરતો હોય, અને ઘણું દુઃખ દેતો હોય, તો એ દોવા દરરોજ વાર સાત પડે તો તેનો જીભ્યાનો જુલમ બંધ થાએ સહી (૧) વળી કોઇ મોટા માણસ સાથે તથા બુજરગ પીર પેગાંબર સાથે તથા સાહેબ સાથે દોસ્તી કરવા ચાહતો હોય, તો એ દોવા લખી તાવીજ કરી પોતાની જમણી બાજુએ બાંધે તો સાહેબ સરવે કામ સુધ કરે. મેહરવાની ઉપર આવીને, તે બંદાના કુલ ગુના બકસે, અને બલા દફે થાએ. બીજું વળી ખુદાતાલા કરે તો ઘા, તીર, બંદુક લાગે નહિ. પાણી તથા આતંસ લોપે નહિ, સાહેબ કરે તો સીત્ર હજાર બલા લોપે નહિ. સલેમાન પેગાંબર એ દોવા દરરોજ વાર એક પડતા, તેને દોવાની બરકતસું દોલત બુજરગી પાયા. વળી એ દોવા હરરોજ વાર એક પડે તો તે બંદાના દરદ આજાર હોએ. તો તે સાહેબ આસાન કરે સહી. જે કોએ કામ સાહેબ પાસે માગે, તે કામ સાહેબ પુરૂ પાડે સહી. વળી કોઇને નાસુર થયું હોય, તો મીઠા તથા લોબાનનો ધુપ દઇએ. નાસકોરી ઉપર અને એ દોવા હરરોજ વાર સાત તેવા દીન સાત લગી પડે, તો તે સાહેબ આસાન કરે સહિ. બીજું વળી દુસમન ઘણું આજાર દેતો હોય, અને આપણાથી રહી ના શકાતું હોય, તો તેના નામની નઇએતે કરી, કાગળ ઉપર પુતળું કરીએ, અને એ દોવા હરરોજ વાર એકવીસ તેવા દીન એકવીસ લગી પડીએ અને પુતળા ઉપર ફુંક નાંખીએ તો, દુસમનનો સંહાર થાએ, દુસમન દફે થાએ, વળી મનમાંહે જાણે જે દુસમન ગયો કરીએ તો

કાગળનું પુતળું પાણી સાથે ધોઇ નાંખીએ, તો મુસકેલ આસાન થાય, આરામ ઉપજે સહી. વળી કોઇનો વાણોતર, ચાકર, ગુલામ, બંધીવાન નાસી ગયો હોય તો એકાંત ઠેકાણે બેસી લોબાનનો ધૂપ કરીએ ને એ દોવા હરરોજ વાર સાત પડીએ. તો પાછા ફરીને ઘેર આવે. વળી કોઇને કામણ કર્યું હોય અને માલમ પડતું ના હોય, તો ધોળા મરગડાની કોટે એ દોવા લખીને બાંધીએ તો જહાં કામણ કર્યું હોય તહાં જઇને મરગડો પગે ખોતરે તો કામણ હોય તે માલમ પડે સહી. વળી કોઈ બંદાને આજાર ઘણો હોય તો મોરના પીંછા લઇને ઝાડો નાખીએ, અને એ દોવા હરરોજ વાર સાત પડે તેવા દીન સાત લગી પડીએ, તો સાહેબ આશાન કરે સહી. વળી કોઈની આંખો દુખતી હોય, અને રહી ન શકાય તો મોરનાં પીછાં લઇને ઝાડો નાખીએ અને એ દોવા હરરોજ વાર સાત પડવી, તેવા દીન સાત લગી ઉજણી નાંખીએ તો, સાહેબ આસાન કરે સહી. રતનનામાની ખાસીએત સંપુરણ છે.

# અલીની અરજી.

## ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ.

યા શાહઅલી (૧) શેર અલી (૨) શાહદાનઅલી (૩) મરદાનઅલી (૪) પંજા અલી (૫) આખર અલી (૬) અવ્વલ અલી (૭) આગે અલી (૮) આધારે અલી (૯) ઓધારે અલી (૧૦) અનાયાસે આવે અલી (૧૧) આચારે અલી (૧૨) ઓછી નજરે ભાગે અલી (૧૩) અરજે અલી (૧૪) આભારે અલી (૧૫) અજીમ અલી (૧૬) અજર ટલે ત્યાં આવે અલી (૧૭) અઢારે અલીકા વાસ (૧૮) અઢારે વર્ણમાં વ્યાપિક અલી (૧૯) કોઇ ના જાણે અલીકી ગલી (૨૦) આણુ ચલે ત્યાં આવે અલી (૨૧) આતન અલી (૨૨) અર્થે અલી (૨૩) આપે અલી (૨૪) સાપ્રી અલી (૨૫) અક્ષર અલી (૨૬) અમ્મર અલી (૨૭) આહારે અલી (૨૮) આલે અલી (૨૯) આવે અલી (૩૦) અહેશાને આવે અલી (૩૧) હયાએ અલી (૩૨) અસીને અલી (૩૩) વસીલેથી જાએ અલી (૩૪) ઉમ્મેદે અલી (૩૫) ઉજમે અલી (૩૬) કેવળ જ્ઞાન કથે સો અલી (૩૭) ખેવટ અલી (૩૮) ખબરદાર અલી (૩૯) ખભા ઠોકીને તારે અલી (૪૦) ક્ષમા કરે ત્યાં આવે અલી (૪૧) બડાઇથી નાસે અલી (૪૨) એક તો મેં અલી (૪૩) પરવસે અલી (૪૪) ક્રિયાએ અલી (૪૫) કશણીએ અલી (૪૬) હસણીએથી ખશે અલી (૪૭) ચતીમકે પાસ આવે અલી (૪૮) અર્થ લોભકુ ધાએ અલી (૪૯) ત્યાં નહિ આવે અલી (૫૦) આંકારે અલી (૫૧) અલીકા જ્ઞાન બિચારો (૫૨)

આખર અલી (૫૩) અલીકા ભેદ ભમાવે (૫૪) આગે અલી (૫૫) અલીકી અરજી માંહે રેહવે એ ઘર અલી (૫૬) અલીકા આશન બુઝે, તો સબ કુચ્છ સૂઝે. (૫૭) બુઝ પડે તો સબ કુચ્છ પાવે (૫૮) દુઃખ દારીદ્ર ભાગકર જાવે (૫૯) અમ્મર જૂઠ નીકાલ કર દેવે (૬૦) સાચકર બંદગી કીજીએ તો અમ્મર સુખડા પ્રેમે લીજીએ (૬૧) સુખડા હોવે સબ દુઃખ જાવે (૬૨) જો બુઝે આશનકી રાહ, તો પાવે અમર અલીશાહ (૬૩) પેહેલી કીલી હિકમતની કીજીએ (૬૪) એ અલી અમ્મર ઘરમાં રહીજે (૬૫) દુજી કીલી દાવા દૂર (૬૬) અમર અલીકા વરસે નુર (૬૭) ત્રીજી કીલી તન પાક સાકી (૬૮) જો અલી પાસે રેહમત માગી (૬૯) ચોથી કીલી એકે ચંતે (૭૦) પાંચમી કીલી પાંચે વાતો (૭૧) આશ રાખીને કીજે વિન્નતી (૭૨) છઠ્ઠીના કોલ કરાર તે પાલો (૭૩) સાતમી કીલી દર્શન ધ્યાન (૭૪) જો અમ્મર અલીકા બિચારો જ્ઞાન (૭૫) જોઇએ આશન એક ઇમાન (૭૬) આશન અમ્મર કીજે વસ (૭૭) જો આશ રાખે તો પાસે છું (૭૮) દુઃખ જાવે (૭૯) દારિદ્ર જાવે (૮૦) ભૂતકા ભિતર ભાનુ (૮૧) શયતાનકા શિર ઉડાંઉ (૮૨) વીરકું ખેદન કરૂં (૮૩) મેલીકું મલ મુત્રમે ડાલું (૮૪) ચોકીકી ચોકી મેં જાણું (૮૫) ટુણા કરે ઉસે ઉભા બાલું (૮૬) બલતા રેહેવે (૮૭) અમ્મર બલ્તા (૮૮) અમ્મર જલ્તા (૮૯) અમ્મર દોજખ (૯૦) અમ્મર ભોમ (૯૧) ભેરવકે આગે ભીત ઉઠાઉં (૯૨) શીકોતરીકુ સાંકલ પીનાઉં (૯૩) કુલબલા જલ ભસમ હોવે (૯૪) સબકી અરજી અલીકી આણુ (૯૫) સંભારો અરજી સબ દુઃખ ભાજું (૯૬) સંભારો અરજી ન હોવે જાન (૯૭) અરજી ઉપર લાવો ધ્યાન (૯૮) અરજી અલી એમ બોલ્યા બયાન (૯૯) જીવતાં અવતરિયા ધ્યાન (૧૦૦) સંભારો અરજી અલી એક ઇમાન (૧૦૧) ઇમાનસે આવે અલીકા ભેદ પાવે (૧૦૨) એક બાર બાંચે તો ઇમાન રાખે (૧૦૩). દો બાર બાંચે તો કુલ દુઃખ ભાંજે (૧૦૪) તીન બાર બાંચે તો કુલ બલા. જાએ (૧૦૫) નિર્મલ હૃદય કરો તો અમ્મર થાએ (૧૦૬) અરજી અમારી (૧૦૭) કસ્ટી તમારી (૧૦૮) રાખો જારી તો આવે અલી મુરારી (૧૦૯) ઝીતો અમરાપુરી સારી (૧૧૦) ઉઘડી બારી (૧૧૧) દોવા દૂર કરારી (૧૧૨) ઇકોતેરસો પરીયા તારીયા (૧૧૩) માયા મોહને મારીયા (૧૧૪) પંચ ભુતને વારીયા (૧૧૫) કરજો અલીની યારી (૧૧૬) કરજો અલીની ઉવારી (૧૧૭) અલીવલી અલ્લાહ સાચા (૧૧૮) એક ખુદા તું (૧૧૯) હક **લાએલાહા ઇલિલાહો મહમદુર રસુલિલ્લાહે.**

## પ્રકરણ ૧૦ મું.

# જીન્નતનામું-રચનાર સૈયદ ઈમામશાહ.

એજી ગોર ઈમામશાહા જ્ઞાનજ બોલીઆ, અને બોલીઆ તે અમરત નુર;
પાંતી વહેંચી ત્યારે પાસે નહોતા, નહિ હોતા રે બાવાને હજુર. ૧
એજી સવંત પંદરેસો પીચોતેરો, અને કારતકનું માસ;
તારીખ સતરમીએ જોસું સીપારીઓ, પીર હસન કબીરદીન બાપ. ૨
એજી પ્રભાત વેલા જોસું સીપારીઓ, અને તે સીપારીઓ ઉચજ નગર માંએ;
ત્યારે જનાજો લઈ ગુરનો ચાલીઆ, અને ચાલીઆ છે ત્યાંએ. ૩
ત્યારે ગોર ઈમામશાહ કહે સાંભળીને ચાલીઆ, અને પીતાને જનાજે પાસ;
ત્યાં અટકાવી જનાજો એમ બોલીઆ, અમને પાંતી ન દીધી બાપ. ૪
તારે ભાઇઓ મીલીને વીચારીઓ, અને વીચારીઓ સરવે સંસાર;
જે પીર ઇમામશાહા ઘેલા થએયા, તે હસાવે લોક અપાર. ૫
એજી સાત ઉંચના લોકજ મીલીઆ, અને મીલીઆ તે સરવે સંસાર;
તે રૂમાલ દઇને હસવા લાગ્યા, તે હસીઆ અનંત અપાર. ૬
સાંભળો ઈમામશાહા ભાઇઓ કહે, તમને કહો તે સાચો કાજ;
પણ આ વેલા છે ખરચની, તમે પાંતી માંગો છો આજ. ૭
એમ કરતાં સવાપોર દીન ચડીઓ, અને રોકીઆ તેણે ઠામ;
તારે લોક સરવે ભુખ્યા થઈઆ, ત્યાં થયો છે એવો કામ. ૮
તારે પીર ઈમામશાહા અરજ કરે, અને કરીઆ બાપને પાસ;
હવે પીતાજી વીલંબ ન કીજીએ, અને લોક કરે છે હાસ્ય. ૯
તારે સંધુક માંહેથી સતગુરે, અને કાઢયો પોતાનો હાથ;
સંસાર સરવે દેખતાં, એક તસબી આલી ઈમામશાહને હાથ. ૧૦
વળતાં ઈમામશાહા બોલીઆ, અને મુખેસું એવી વાણ;
એક તસબી લઈ નવ જાયે શું, પીતાજી કાંઈક બીજો આલો પરમાણ. ૧૧
તારે જનાજો ફાડી મુખ કાઢીઓ, અને જોઇઓ તે સરવે સાથ;
તારે મુખ માંહેથી સાકર કાઢીઆ, તે આલી પીર ઇમામશાહાને હાથ. ૧૨
તારે લોક સરવે ઈમાન લાવીઆ, અને લાવીઓ સરવે જમાત;
હવે ગોર ઇમામશાહાને માનીએ, અને માનીએ પુરે ઇમાન. ૧૩
ત્યાંથી જનાજો ઉપાડીઆ, હોઇ ચાલીઆ આપણે સ્થાન;
પીર હસન કબીરદીનને દફનાવીઆ, પોતા તે આપણે મકાન. ૧૪

તારે બીબીઓ સરવે રોઈઉં, અને જમાયેથ રોઈ તેણે ઠામ;
આવી ઇમામશાહને બેસાડીઆ, અમારી પાંતીનું શું છે નામ. ૧૫
ચાલીસો ત્યાં પીરે પુરો કરીઓ, અને કરીઓ ઉંચજ માંહે;
ચાલીસો કરીને ચાલીઆ, અને આવીઆ તે સીંધજ માંહે. ૧૬
સીંધ માંહે તો ગુરૂજી આવીઆ, અને આવીઆ જુણ બદીણામાંહે;
તે જમાયેથ માંહે ગુરજી આવીઆ, તે બેઠા તે ખાનાં માંહે. ૧૭
ખાનાં માંહે જમાયેથ આવીઆ, અને સાંજીની વેલા સાર;
તેણે હાંક મારીને કાઢીઆ, અને કાઢીઆ ખાનાથી બાર. ૧૮
એજી નવ ફાકા ત્યાં થઈઆ, અને પુરા તેણે ઠાર;
દસમે ફાકે ગુરજી ચાલીઆ, તે ચાલીઆ ખાનાથી બાર. ૧૯
ત્રણ લાકડીયું ત્યાં ગુરને મારીયું, અને મારીયું તે પાંસળી માંહે.
તોય ગુરજી બોલીઆ નહિ, અને દુખ ન લાગો તે દીલ માંહે. ૨૦
એજી તારે જમાયેથ સાથે ગુરજી બોલીઆ, અને બોલીઆ તેણે ઠામ;
ભાઇ સઇયદ કરીને માનજો, આપજો પીર હસન કબીરદીનને નામ. ૨૧
ત્યારે જમાયેથ ત્યાં એમ બોલીઆ, પીર ઈમામશાહાને સાથ;
ગુર હસન કબીરદીન કબુલીઆ નહિ, તમને પાંતી ન દીધી હાથ. ૨૨
ત્યારે પીર ઇમામશાહા બોલીઆ, તમે સાંભળો મોમન વીર;
અમે તમ પાસે નથી માગતા, તમે કાંય થાઓ રે અધીર. ૨૩
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને ચાલીઆ તે ગામથી બાર;
ત્યારે પ્રેમજી ખોજો કેડે દોડીઓ, તે આવીયો છે તતકાર. ૨૪
ત્યારે પ્રેમજી એમ બોલીઓ, અમ સાથે એવી પેર;
ગુરજી જમી કરીને ચાલજો, પીર પધારો આપણે ઘેર. ૨૫
ત્યાં દસસું ફાકો અમે છોડીઓ, અને પ્રેમજી નામે શીશ;
ત્યારે જમી કરીને પધારીઆ, અને ઘણી દીધી આશીશ. ૨૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે ભોમ ગામ માંહે;
એણી વાટે ચાલીઆ, હવે જાવું શાહાની દરગાએ. ૨૭
ત્યાંથી સતાવીશ ફાકા કાઢીને આવીઆ, ગુર કહે આવીઆ તે પચ્છમ દેશ;
તારે લુગડો નવ મીલે પહેરવાને, અને ગરીબ અમારો વેશ. ૨૮
તારે અવતાર પાત્ર નુરશાહાનું, અરે સુખી ગુલામ તેના પાસ;
તેને ગુરજી જાઇ કરીને, અને કીધા તાસું બરદાસ. ૨૯
સાંભળો સુખી એક વાતડી, અમે ગરીબ અભીયાગત સાર;
પવિત્ર પાવન તો થાઈએ, જો દેખાડો શાહાનું દીદાર. ૩૦

ત્યારે મુખી ગુલામ નહિ ઓળખ્યો, કોઈક દીસે છે ગરીબજ સાર;
તારે મુખી ગુલામજ ચાલીઆ, તે આવીઆ હુજુર મોંઝાર. ૩૧
હાથ જોડી મુખી ઉભા રહીઆ, અને કરી છે અરદાસ;
શાહા ગરીબ એકજ આવીઓ, તેને દીદાર જોવાની આશ. ૩૨
તારે હસી કરી શાહાજી બોલીઆ, અને સાંભળો મુખી એક વાત;
એ જીવ ઘણો મોટો છે, તેની ખીજમત કરજો બહુ ભાત. ૩૩
તારે અમર માની મુખી આવીઆ, તેણે ગુરને દીધો છે માન;
ટોપી શીવીને ગયા વેચવા, તેનું આણીઓ અંન સમાન. ૩૪
ટોપી વેચીને લાવીઆ, તે ભોજન મેવા અંગુર;
સંપત પ્રમાણે લાવીઆ, તે આરોગ્યા ઈમામશાહા પીર. ૩૫
જમાડીઆ જુગતે કરી, તે સંતોખીઆ પીર ઈમામશાહા આપ;
તારે વળતાં મુખી બોલીઆ, કહો નામ તમારો બાપ. ૩૬
ત્યારે પ્રીત દેખી પીર બોલીઆ, અમે છઈએ તે ગરીબજ જાત;
દીદાર કારણ અમે આવીઆ, તમે સાંભળો મોરી વાત. ૩૭
તારે મુખી ગુલાલ નહિ ઓળખીઓ, કોઇક ખોજો દીસે છે સાર;
પણ ત્રન દહાડા સુધી અરદાસ કીધી, તે દેખાડો શાહાનું દીદાર. ૩૮
ત્રીજે દહાડે ગુરજી બોલીઆ, અને સાંભળો મુખી એક વાત;
દીદાર કારણ અમે આવીઆ, થયા ત્રન દહાડા ત્રન રાત. ૩૯
અરજ અમારી જઈ કરજો, અને કેજો બંદગી સલામ;
અનંત અસ્તુતિ કરીને કેજો, જે સઈયદ ઈમામશાહા નામ. ૪૦
ત્યારે મુખી ગુલામે જાણીઓ, એ તો ગુરજીનો અવતાર;
ત્યારે આધિન થઈને વિનતી કરી, અને કરી તે સેવા અપાર. ૪૧
ત્યારે મુખી ગુલામ ફરી ચાલીઓ, તેણે અરજ કીધી છે સાર;
જે સઈયદ ઈમામશાહની વીનતી, શામી આલો તેને દીદાર. ૪૨
ત્યારે નરહર નુરશાહા બોલીઆ, અને આવશું તે થાવર રાત;
અમારો આસણ ખાનામાંહે નાંખજો, ત્યાં દેશું દીદાર અને કરશું વાત. ૪૩
ત્યારે થાવર રાતે પ્રભુ પધારીઆ, આવીઆ ત્રન ભમણનું નાથ;
દીદાર કીધા શાહા અલી તણા, મન થઈઆ રલીયાત. ૪૪
એજી અનંત પ્રકારે આધિન થઇ ઉભા, અને શાહાજીસું કીધા અરદાસ;
હવે મેહર કરો સાચા સાંહીઆ, હું છું તમારો દાસ. ૪૫
શામી તમને જાણી અમે આશજ આણી, તો તમે કરાવીઓ દીદાર;
હવે ભવ બંધણથી છુટીઆ, અને પામીઆ પેલે પાર. ૪૬

સામી અનંત આશા તમેજ પુરી, અને હું કરૂં છું અેરદાસ;
અમને સ્વર્ગ જોવાનું કોડ છે, તમે દેખાડો સરગ આવાસ. ૪૭
તારે હસી કરી નુરશાહા બોલીઆ, એ કાયા ન પોંહચે કોયે;
એ માટીની કાયા તે કેમ પોંચે, બાપ દાદા તમારા જોયે. ૪૮
તારે અરજ કરી ગુર ઉભા રહેઆ, શામી તમે સૃષ્ટિના સરજનહાર;
પણ પાંતીનું હક અમે માગીએ, તેનું દેખાડો સ્વર્ગ દ્વાર. ૪૯
ત્યારે ચંદન વીરતા સાથે દીધો, તે હતો જીબ્રાઇલનું અવતાર;
તે આગળ થઇને ચાલીઆ, અને ગયા તે સ્વર્ગ મીંજાર. ૫૦
ત્યારે ગોર વાટે ગુરજી ગયા, ત્યાં દીઠો તે અચરત સાર;
એક તો નાગા રૂદન કરે છે, અને એક તો અગન મીંજાર. ૫૧
એક તો બાહેર રહી પુકારજ કરે છે, અને એક તો બેઠા માંહે;
એક તો ભુખે મરે છે, અને એક તો બેઠા ખાય. ૫૨
તારે હસી કરી ગુરજી બોલીઆ, તમે શું કીધા છે કાજ;
તમે જવાબ અમને આપજો, તમે એમ કાં બેઠા છો આજ. ૫૩
એજી ત્યારે તે જમાયથ ત્યાં બોલીઆ, ગુરજીસું કરી પ્રણામ;
કલજુગમાંહે જેણે દાન નવ દીધાં, તે બેઠા છે એણે ઠામ. ૫૪
જેણે ઉઠાસણા નહિ કરીઆ, નહિ દીધાં તે વસ્ત્રના દાન;
નાગા ભુખ્યા તે રહીઆ, તેને મહાદન લાગો નીદાન. ૫૫
ગતગંગા માંહે જે નહિ મીલીયા, અને મીલીયા તે ગુરની વાટ;
તે જુઠા બહુ રોતા ફીરે, જે ઉત્તમ ભુલા ગાટ. ૫૬
જેણે સુતક પાતક નહિ ઉતારીઆ, નહિ મીલ્યા તે ધર્મગત માંહે;
તે પુકારે ને તોબા કરે, તેને મહાદન સુધી ત્યાંએ. ૫૭
જે સતપંથના શીખે નવ ચાલીઆ, નવ દીધો તે દસોંદનું દાન;
તે ભોજન કયાં થકી પામશે, તે ભુખ્યા મરે છે નીદાન. ૫૮
મહાદન વેલા તેને દુર છે, અને તાહાં સુધી દુખ સંગાથ.
ફીરી માહાદનનું લેખો શાહા લેશે, ત્યારે શું લઇ જાશે રે સાથ. ૫૯
ચેતણહારા તમે ચેતજો, અને મારગ છે દોયલો જાણ;
આજ દીઠીયું વાતું તમને કહું, તે સત માનો નિરવાણ. ૬૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે બીજે ગાર;
ત્યાં એક તો ઢોલીએ પોઢીઆ, અને દીઠા તે જીવ અપાર. ૬૧
તે જીવ સર્વે રમઝમ કરે, અને કરે છે રે આનંદ;
ત્યારે હેતેશું હસી ગુર બોલીઆ, તમે પામીઆ પરમાનંદ. ૬૨

શું રે સેવા ભાઇ તમે કરી, અને શું સત સાધીઓ સાર;
જેણે તમે સુખ પામીઆ, અને દીસો છો અનંત અપાર. ૬૩
ત્યારે તે જીવ તે ત્યાં બોલીઆ, અને સાંભળો ગુરજી વાત;
અમે પીર હસન કબીરદીન સેવીઆ, સેવીઆ તમારો તાત. ૬૪
તે સતગુર પીરસાદે અમે પામીઆ, અને રમણ ઝમણ સર્વે આનંદ;
જે રોજી પાણી તમારી કાઢે નહિ, સ્યા હવાલ તેના આજ. ૬૫
કર્તવ્ય જેનાં જેવા હશે, તે તો તેવા ફળ ખાએ;
તેને માહાદન તો આજથી કહીએ, તે મહાદન સુધી ત્યાંએ. ૬૬
પીર સદરદીન પીર હસન કબીરદીન ગુર તેના કહીએ, જે બાપ તમારો જાણુ;
અમલ તમારો જે માને નહિ, તેને મહાદન આવે નિરવાણ. ૬૭
ગુર કહે રીખીસરો તમે સાંભળો, અને ગુરના જ્ઞાન વિચારી ચાલો;
જે ગુરના જ્ઞાન નહિ માનશે, તેના તે ખોટા હવાલ. ૬૮
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને દીઠો તે એક દુવાર;
હીંદુ જીવ તે કહીએ, તે રહે છે તેણે ઠાર. ૬૯
જેણે જીરે આ જુગમાંહે ક્રીયા કરી, તે આવીને બેઠા ખાય;
પણ સતપંથ માંહે જે ભુલીઆ, તેનો કાળો મોઢો થાય. ૭૦
સતગુર વિના જે કરણી કરે, તે તો છઠે આસમાને જાયે;
તે આખર જાતાં છંણી પડે, તેની કરણી રદજ થાયે. ૭૧
સતપંથ તો સાચો કહાએ, અને બીજા તે સર્વે ખોટા જાણુ;
આલ ઈમાનને જો માનીએ, તો પામીએ સાતમું બેહસ્ત નિર્વાણ. ૭૨
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે બીજે દ્વાર;
મુસલમાન જે જીવ કહીએ, તે બેઠા તેણે રે ઠાર. ૭૩
તેમાં એક જાગે ને એક સોવે, અને એક કરે અરદાસ;
સાચે સીધકે જેણે રસુલ માનીઆ, તે પોતા બેહેસત આવાસ. ૭૪
રસુલનું દીન સાચો કહીએ, જેમાં અલીજીનું અવતાર;
પણ ઓળખ્યા વિના સર્વે કાચો છે, તેને નહિ થાયે દીદાર. ૭૫
જે જીવ જીન ભુત ડેણ ડાકણ કહીએ, અને દડ વીરનું જાણ;
તે દુનીઆ માંહે ફેરા ફીરે છે, ગુર નરના વચને થયા અજાણ. ૭૬
જેને પીર સતગુર નુર મીલીઆ, અને સલાદીન જ જાણુ;
પીર શમશદીન ગુર તેના કહીએ, પીર નસીરદીન તેના પ્રમાણ. ૭૭
પીર સાહેબદીન તેના કહીએ, પીર સદરદીન તે નામ;
સતગોર કબીરદીન તેના કહીએ, તેના પીર ઈમામશાહા નામ. ૭૮

અમારી આલ તેતો ગુર કહીએ, તેને માની મુરીદ જે થાય;
દસોંદ સાહેબજીને આલજો તો, સુખસું સ્વર્ગ માંહે જાય; ૭૯
પીર કબીરદીન સાથે તેનું થાયેશે, તે દુખીઆ નવ થાય લગાર;
માહાદનની માર તેને નવ પડે, તેને સાહેબ દેશે દીદાર. ૮૦
રસુલ દીન ને રસુલ બ્રહ્મા, શાહા અલીજીની હતી વાર;
તે દાડે જેણે નવ માનીઆ, તે આજ ઈમાન કેમ આણે ગેમાર. ૮૧
તે દાડેથી જુવા પડીઆ, અને જુવા પડીઆ ત્રન ચાર;
તેના ઈમાન અમલ અચ્છા નહિ, તાસું વાત મ કરજો લગાર. ૮૨
સતગોર આપોહી આપજ બ્રહ્મા, અને છે પીરાણુ પાટણુ માંહે;
તે દહાડે વરણુ કહાવેઆ, તેણે નહિ લાવીઆ ઈમાન. ૮૩
પીર શમશ બ્રહ્મા પીર શમશ સાહેબ, તે શાહા નજફનું અવતાર;
તે દાડે ઈમાન નવ લાવીઆ, તે ખાલ ઉતારી સાર. ૮૪
શાહા પોતાની ખાલ ઉતારી, તે નગર મુલસ્તાન માંહે;
ત્યાં જાહેર થઈને ઉભા રહીઆ, તોએ ન લાવીઆ ઈમાન. ૮૪
પછે અમે ગુપતજ કામ કીધા, અને બ્રહ્મા તે નસીરદીન નામ;
તેના તે પીર સાહેબદીન હુઆ, તેણે કીધા તે ગુપતજ કામ. ૮૬
પીર સદરદીન પંથ કીધા, અને જાહેર તે ખાનાં મકાન;
પેલા ખાનાં તે આવી કરીઆ, તે કરીઆ કોટડા ગામ. ૮૭
પીર સદરદીન જાહેર થઈઆ, અને હીંદુ કરીઆ મુસલમાન;
તે લુહાણા ફેરીને ખોજા કરીઆ, તેને આપીઓ સાચો ઈમાન. ૮૮
ખોજો ગુલામ તે અલીશાહાનું, અને મુરીદ તે આલનું જાણુ;
ત્યાં પંથ સમારીને ખાનાં કરીઆ. અને પીરના બોધ પ્રમાણુ. ૮૯
આગળ ખાનું સુરજા રાણીનું કહીએ, તે ઘણો ગુપતજ પ્રમાણુ;
સતગુરે જ્ઞાન સંભળાવીઆ, તે કોટડા ગામ માંહે જાણુ. ૯૦
કોટડો ગામ તો લાહોર માંહે કહીએ, અને ત્રીકમ મુખી રહે તેણે ઠામ;
તેણે જાહેર થઈ ઇમાન લાવીઆ, અને ખોજો ધરાવીઓ નામ. ૯૧
એવા દીન તે ગુરજીના ચાલીઆ, ત્યારે શ્રી ઇસલામશાહાની વાર;
આજ ઉંચ મુલક જે કહીએ, ત્યાં અમારો છે ઠાર. ૯૨
તેનાથી પીર હસન કબીરદીન ગુર હુઆ, તેણે દીન કીધો વીસ્તાર;
ઉંચ મુલકથી પ્રબોધીઆ, તેણે રાખ્યો શાહાસું વેવાર. ૯૩
હીંદુ ફેરી તેણે મુસલમાન કીધા, અને કીધા તે બહુ અપાર;
તેને મુસલમાન ફરી ગુરે બોધીઆ, તેણે રાખ્યો શાહાસું વેવાર. ૯૪

તે વારો હતો 'શ્રી ઇસલામશાહાનું', બ્રહ્મા તે પીર હસન કબીરદીન જાણ;
અઢાર ફરજંદ તેના કહીએ, અને સાત હરમ તેના પ્રમાણ. ૯૫
એક તેની બેટી કહીએ, બાઈ બુઢાઇ તેનું નામ;
જાફરી તેનો મઝહબ કહીએ, જાફર સાદક કહે ઈમામ. ૯૬
અલીશાહા હમારો દાદો કહીએ, અને દાદી તે બીબી ફાતમત સાર;
હસન હુસેન શાહાઅલીના કહીએ આલ ઈમામ તેનું પરિવાર. ૯૭
રસુલ હમારો નાનું કહીએ, તે અબદલાનું પરિવાર;
બીબી અમીના તેની માતા કહીએ, તે કહીએ અબદલાની નાર. ૯૮
બીબી ખતીજત કુબરા નાની કહીએ, તમે જુઓ તે એલમ વિચાર;
સમજુ હશે તે સમજશે, અને ભુલ્યા મુરખે ગમાર. ૯૯
આલ ઇમામ તેના ગુર જાણજો, તેનું તાત પીર હસન કબીરદીન જાણ;
ત્યારે નુરશાહાની વાર છે, એમ બોલીઆ પીર ઇમામશાહ પ્રમાણ. ૧૦૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ સતે આસમાન;
ત્યાં કલકી જુગના દેવ બેઠા, ત્યાં દીઠા બાપદાદા જાન. ૧૦૧
ત્યાં પેલાજ, હરીચંદ્ર, જુજેસઠણ દીઠા, પીર સદરદીન તેના રે સાથ;
પીર કબીરદીન બંદગીમાં દીઠા, અને તસબી તેના હાથ. ૧૦૨
ત્યાં અમે જઇને ઊભા રહીઆ, અને બાપસું કરી અરદાસ;
અતિ કોડે અમે આવીઆ, જે જોવા સ્વર્ગ આવાસ. ૧૦૩
ત્યારે બેટે પ્રીતે એમ બોલીઆ, પીતા હસન કબીરદીન આપ;
એ માટીની કાયા તે કોઈ ન પોતા, તમે કેમ આવીઆ બાપ. ૧૦૪
ત્યારે વીનતી કરી અમે બોલીઆ, તમે સાંભળો પીતાજી અરદાસ;
અમને નુરશાહાનું હુકમ છે, જે દેખાડો સ્વર્ગ આવાસ. ૧૦૫
ત્યારે પીર હસન કબીરદીન કુંચી આલી, તે સ્વર્ગ જોવાને કાજ;
લીઓ કુંચી બેટા તમ તણી, અને જુઓ તે સ્વર્ગનું રાજ. ૧૦૬
ત્યારે કુંચી લઇને અમે ચાલીઆ, અને આવીઆ તે સ્વર્ગને દ્વાર;
ત્યારે દરવાજે નુરી ફીરસ્તા રહે છે, તે બોલીઆ તેણીજ વાર. ૧૦૭
કોણ તમારો નામ છે, અને કોણ તમારી જાત;
કુંચી જો અમને આલો, તો દેખાડું સ્વર્ગનું આવાસ. ૧૦૮
પીર ઇમામશાહા અમારો નામ છે, પીર હસન કબીરદીન અમારો તાત;
નુરશાહાના હુકમે અમે આવીઆ, અને કુંચી છે અમારે હાથ. ૧૦૯
ત્યારે નુરી ફીરસ્તા સરવે ઉઠીયા, અને કીધા તે પીરને સલામ;
તમે પીરજી ભલે આવીઆ, અને જુઓ તે સ્વર્ગનું ઠામ. ૧૧૦

ત્યારે કુંચી લઇને તાલો ખોલીઓ, અને ખોલીઆ તે દરવાજા ચાર;
સોનાનાં તાળાં ને સોનાની કુચીયું, એવા છે સ્વર્ગના દ્વાર. ૧૧૧
સોનાનીઉં સાંકળીયું સોનાના નકુચા, હીરા મોતી માંહે જડતર શણગાર;
ચોકે સૂરજ એમ જડીઆ, તે જડીઆ અપરમપાર. ૧૧૨
સોનાના બારણા ને સાંખું રૂપાનીઉં, ચાકે જડતર હીરા જાણ;
સોનાના દરવાજા કહીએ, તેમાં ચોકે મોતી પરમાણ. ૧૧૩
દરવાજે ચારે સહસ્ર સુરજ રહે, અને ચંદ્રમાનું નહિ પાર;
એક ત્યાં માણુસ જડીઓ, તેનું અજવાળો જે ચોધાર. ૧૧૪
દરવાજે માંહેથી મોહોલ પધારીઆ, ત્યાં સોનાની ઇંટું કહીએ;
કસ્તુરીના ગારા તે તણા, તે દસોંદ વિના નવ લહીએ. ૧૧૫
તે વીચ હીરા રતન જડીઆ, અને જડીઆ તે અનોપમ સાર;
ત્યાં પોતાને કારણે શેરડી કહીએ, તે સાથે ઇંટું છે અપાર. ૧૧૬
ત્યાં સોના કેરા મોભીઆં કહીએ, અને રૂપાની વળીયું સાર;
ઉપર સરવે હીરા જડીઆ, તે જડત્ર દીસે દુવાર. ૧૧૭
ત્યાં સોનાનાં નરીઆં કહીએ, તેની જોત અપારજ જાણ.
ઓશરી તણી એવી જુગતી કહીએ, તેનું નુર છે નિરવાણ. ૧૧૮
ઓશરી મેલી અમે ચાલીઆ, ત્યારે પેઠા તે મીંદર માંહે;
ત્યાં એક એક ઘરની એવી જુગતી, જેની વખાણ તે કહી નવ જાય. ૧૧૯
એક એક ઘરમા રૂપાના ઢાલીઆ, તેનું તેજ અતિ પ્રકાસ;
તે આગળ ઉભીયું અતિ શોભે, તે હુરાં દીસે પચાસ. ૧૨૦
તે ઢાલીઆ ઉપર અમે જઈને બેઠા, તે અલી નગીની આલ;
ત્યારે હુરૂં તે લાગીયું ધ્રુજવા, ગુરજી કેવા તે થાશે હવાલ. ૧૨૧
પાનનાં બીડાં તેના હાથમાં, અને કરે કંથની આશ;
જે કયાં થકી કંથ પધારશે, જેને દઈએ પાન મુખવાસ. ૧૨૨
ત્યારે હસી અમે બોલીઆ, તમે સાંભળો હુરાં પચાસ;
કંથ તમારા આવશે તે, પુરી કરશે તમારી આશ. ૧૨૩
દુનીઆ માંહે જે કરણી કરશે, તે તમારા થાશે ભરથાર;
તેને સંગે તમે શોભશો, ત્યારે સજજો રંગ રૂપ અપાર. ૧૨૪
તે ઢાલીઆ સાંભળો મુનીવરો, હું કહું તેનું શું વીચાર;
સોનાના તેના પાયા કહીએ, અને રૂપાની ઇસું શોભાદાર. ૧૨૫
તે હીરને દોરીએ વણાવીઆ, અને કહીએ તેનું રૂપ અપાર;
તેને નુરના વીછાણા શોભતા, તેના પલંગપોશ છે ચાર. ૧૨૬

ચાર પાઈએ ચાર રતન જડીઆ, તેનું તેજ જોત છે ચોધાર.
એક એક મલાએક ત્યાં ઉભો છે, તે છાંઢે છે વીછાણ. ૧૨૭
ત્યાં દીઆં કસ્તુરીના વાહ જ વાય, અને રાતીઆ અંબર વરસાય;
ત્યાં બોક તે બહુ હોએશે, જે જે કાર ત્યાં થાય. ૧૨૮
ચાર ચાર ચોક તેનાં સોળ દરવાજા, તે સહુના સરખોર સાર;
એવા એવા મોલ ત્યાં કહીએ, તેમાં ઓછો નહિ રે લગાર. ૧૨૯
ત્યાં સતરો હુરાંઉ સૂરજ રંગીઉં, સતરો ચંદ્ર રંગીઉં સાર;
ચાર ચાર દેવ કન્યાઓ જે કહીએ, તેમાં એક અરધ અંગની શીલદાર. ૧૩૦
પાંચસો કુંવર નુરાની દીઠા તે રહે છે ચોધાર;
હુરાઉં પચાસ તે પામશે, કુંવર તેના હોઅશે નીરધાર. ૧૩૧
ત્યાં ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે બાર આવાસ;
એક ત્યાં વૃક્ષ દીઠો, બીજા ચાર તેના પાસ. ૧૩૨
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને દીઠા તે હોજજ ચાર;
એક માંહે તો મધ ભરીઓ, અને દુજા માંહે ભરીઓ દુધ સાર. ૧૩૩
ત્રીજા માંહે ભરીઓ પાણી અમીનું, ચોથા માંહે શરાબ તહુરા જેહ;
એ ચારેહી હોજ ભરાઈ રહીઆ, તે એક એક બંદાને દેહ. ૧૩૪
ત્યાંથી ગુર કહે અમે ચાલીબા, અને દીઠો તે વૃક્ષજ એક;
તે વૃક્ષ ઉપર અનંત પંખી છે, તે ભાત ભાતના અનેક. ૧૩૫
તે વૃક્ષનું નામ તો સુફળ વૃક્ષ છે, તે હોજ માથે પ્રમાણ;
પાંચ કુરસી નુરાની છે, તે એક એક બંદાને આપશે સાર. ૧૩૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે બાગજ માંહે;
તે બાગની વખાણ સાંભળો મુનીવરો, તે માંહે મણા નહિ રહી છે કાંહે. ૧૩૯
ત્યાં પાંચસો પચવીશ ઝાડ છે, તે સુફળ વૃક્ષ છે પ્રમાણ;
અવર ફળ છે ભાત ભાતના, તેનું પાર તે કોઇ નવ જાણ. ૧૩૮
તે બાગ માંહેથી અમે આવીઆ, અને આવીઆ તે કોટ પાસે જાણ;
કોટ તેના આઠ છે, અને આઠ વજીર પ્રમાણ. ૧૩૯
ચોસઠ તેના કોટ કહીએ, ત્યાં એક એક મોમન રાજ;
તે પાંચસો ગાઉ શોલા છે, તે એક એક મોમનને કાજ. ૧૪૦
એકોતેર પુરીઆ માઇના કહીએ, અને એકોતેર પુરીઆ બાપના સાર;
સાત પેઢી સાસરાની કહીએ, ત્યાં એવા સુખ છે અપાર. ૧૪૧
સીંતેર હજારને સાતસો, કોટનું સીરવાળો સાર;
એક એક પુરખને એટલો આલે, તે આલે સ્વર્ગ મીંજાર, ૧૪૨

એવો કોટ જોઈને અમે બાર આવીઆ, ત્યારે અમે થયા ઘણો રળીઆત;
ધન ધન ભાઈ તે મોમનને, જેણે સતગુરની માની વાત. ૧૪૩
સ્વર્ગ જોઇ અમે ચાલીઆ, અને આવીઆ છઠે આસમાન સાર;
તારે બાપદાદા ઘણો રાજી થયા, ધન ધન પીર ઇમામશાહા અવતાર. ૧૪૪
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, આવીઆ પાંચમે આસમાન મીંજાર;
ઇંદ્ર રાજા ત્યાં રાજ કરે છે, તે રાજ ભોગવે છે બહુ અપાર. ૧૪૫
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, આવીઆ તે ચોથે આસમાન મીંજાર;
ધ્રુવ તારો ત્યાં રાજ કરે છે, તે રાજ ભોગવે છે નીરધાર. ૧૪૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ ત્રીજે આસમાન;
નવલાખ જાત તારા ત્યાં રહે, તે તારા મંડળજ જાત. ૧૪૭
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે બીજે આસમાન;
ચંદ્રમાને રાજ છે, તે ચંદ્ર મંડળ જાન. ૧૪૮
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે પેલે આસમાન;
સુરજ મંડળ તેને કહીએ, ત્યાં રાજ કરે છે રવી ભાણ. ૧૪૯
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, આવીઆ તે મેર પર્વત મીંજાર;
ત્યાં અતિ ઘણી લીલા છે, શું કરૂં રે વખાણ. ૧૫૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ, અને આવીઆ તે આપ નગર માંહે;
ઘેર આપણે આવીને બેઠા, માતા બીબી નુરકા સતી પાસ. ૧૫૧
પાંચ દહાડા અમ ત્યાં રહીઆ, અને વરી અમે લીધી વાટ;
હાજરબેગને સાથે લીધા, તે બંદાને વરસ થયાં સાઠ. ૧૫૨
પીર ઇમામશાહ બોલીઆ, બોલીઆ જનમતની વાત પ્રકાશ;
જે સાચા થઇને ચાલશે, તે પામશે એવા વાસ. ૧૫૩
સ્વર્ગ માંહેથી એક ઇંટજ લાવીઆ, તે રાખી છે જાંબુદીપ મીંજાર;
તખત અમારો ત્યાં જાણજો, રખે ભુલો તે ગેમાર. ૧૫૪
જ્ઞાન ગુણ માંહે જે પુરા થયા, અને સાચા સતપંથી સોહે;
જ્ઞાન વિચારી જે ચાલશે, તેના આવા સ્વર્ગે વાસો હોયે. ૧૫૫
ગ્યાન ધ્યાનનું ભેદ લઇને ચાલજો, અને સમજો તે શુધ વીચાર;
જેને અંતર ઉપજે ચેતના, તે ન આવે ભવ સંસાર. ૧૫૬
ગતમાંહે બેસી પારશાહાનું નામ લીઓ, અને કરજો તે વેદનું વિચાર;
પીર ભણે ઇમામશાહા સુણો મુનીવરો, ભાઇ સતી જીવ પામશે મોક્ષ દીદાર. ૧૫૭

## શ્રી સતગોર બ્રહ્મા વાચા વીસટોલ લખ્યો છે.

એક દીન મહંમદ મોસ્તફા સીત્ર હજાર સાહેબ બેઠા હતા, ત્યારે એક દન નબીસાહેબે ઉમતને કહું છે, ભાઇઓ એક દન ખોદાતાલા કાન હોકર બેઠીંગે તારે અઢારે આલમને પુછણું થાય છે. ત્યારે ખોદાતાલાને પેગાંબર પુછસે જે તે દાડે સી વધ થાસે, અને રલીઆત થાઆ અને મોમનને કહું ભાઇઓ જે દાડે નબી સાહેબ મેરાજ ગયા હતા, તે દાડે નણે દીહતે તમુંને સભલાવું છું. જે દાડો રોજ કયામતનો આવે છે, તે દાડે વીસટોલ નબીની ઉમતના થાસે તારે સરવેને પુછણું થાએ. એક સભલીને કરજો એમ કહીને નબી સાહેબ રોઆ ત્યારે બંદે પુછું જે સાહેબ તમે આવડા શા માટે દોએલા થાઓ છો. તારે નબી સાહેબે કહું જે ભાઇઓ તમે જાણુતા નથી. જે દાડો કયામતનો આવાએ છે, તે દાડો આગલ આચે છે. તારે બંદે કહું છે જે તે દાડો અમને સાંભલાઓ. અમે સાંભલવાના ઉમેદવાર છઉં. તારે નબી સાહેએ કહું ને બંદા રોઆ. ભાઈઓ તે દાડે વીસટોલ નબીની ઉમેતના થાશે, તે દાડે એક પત્ર લખીને આલું નબીને, એક પત્ર લખીને મહંમદે આલુ ખોદાતાલાને, તેણે દાડે વીસટોલ થાસે. તે વીસટોલની વીધ જુજવી પુછાસે, તે જુજવી થાસે. તારે ટોલ એક પોલો આણીને ઉભો કરો છે. તેની વિધ જુજવી પુછાસે, એમ કહીને નબી રોઆ, તે પાસે મુમન બેઠા હતા તે પણ રોઆ, તારે નબી સાહેબે કહું જે ભાઈઓ ટોલ ઓગણીસેને પુછણું થાસે, ટોલ એક સરખરૂ થાસે હે. તારે મેહત્ર જબરાઇલને હકમ હસે, તારે ટોલ એક સરખરૂ થાસે હે, તારે ટોલ એક આણીને હજુર કરો છો.

### લખીતંગ ટોલ પેલો આણીને ઉભો કરો છે.

તેના પેટ ફુગાં હસે, તેને આંતરડાં અરધાં પેટમાં હસે અરધા પેટમાંથી બારે ધરતી ઉપર ઘસડાંતાં હસે. તારે નબી સાહેએ પુછું જે ભાઇ જબરાઈલ એ બંદો કોણ છે ! એણે બંદે મરત લોકને વખે સાહા ઘના કીધા છે, જે આવડાં દુઃખ ભોગવે છે. તારે મેહત્ર જબરાઈલે કહું જે સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મોમન હતા, તે દન એમ વેપાર કરતા હતા; એણે બે તોલાં રાખાં, અને બે માપાં રાખાં હતાં, તે લેવાનુ મોટું અને આપવાનું નાનૂં હતું. ઇણે જાણું જે ચતુર થઇને છેતરૂં છું. ઇણે સાહેબની બીક ન આણી, તે માટે એને પેટની તજારખ દીધી છે. પચાસ હજાર વરસનો એક દાડો થાશે. (૫૦૦૦૦) એવા સાડા ત્રણ દિવસ લગી અજાપ ભોગવશે, તે વેદ કોરાનમાં લખું છે. તે તમે જાણું છે તમુને સાહેબે ફરમાવું છું, તો સાંભલીને ચાલજો ભાઇ મુમનો. (૧) ટોલ પેલો સપુરણ છે.

## લખીતંગ ટોલ બીજો આણીને ઉભો કરો છે.

તેના પેટ ઘડા કોઠી જેવડાં હસે, તેમાં વીછુ ને સાપ ભરાં છે, તેના પેટ માંહે કરડે છે, તેની વેદનાએ પડાપડાં ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે, ભાઈ જબરાઈલ એ બંદા કોણ છે. એણે મરત લોકને વખે સાહા ઘના કરે છે, જે આવડાં દુખ ભોગવે છે. ત્યારે મેહત્ર જબરાઈલે કહું જે સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા, તે એણે બંદે ગરીબાનો માલ જોર કરીને લીધો છે, એણે બંદે લુટ ચોરીનો માલ સંઘરો છે. અને વેઆજ વોરા કરતા તે લોભે લાગા ઓસરતા નહી, એણે બંદે સાહેબની બીક ના આણી તે માટે એને પેટની તજારખ દીધી છે. જેવો ઓરજર પેટમાં ઉતરો છે, તેવી પીડા ભોગવે છે. તેને પચાસ હજાર વરસનો એક દાડો થાસે, (૫૦૦૦૦) એવા સાડાત્રણ દીવસ લગી પીડા ભોગવે છે. વેદ કોરાનમાં લખું છે, તે તમે જાણો છે. તમને સાહેબે ફરમાવું છે. તે માટે ઉમર થોડી છે. એવું જોઈને ચાલજો ભાઈ મુમનો. (૨) ટોલ બીજો સંપુરણ છે.

## લખીતંગ ટોલ ત્રીજો આણીને ઉભો કરો છે.

તેના હાથ પગ થડ થકી વાંકાં છે, તે પડાં પડાં ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઈ જબરાઈલ એ બંદા કોણ છે. એણે મરત લોકને વખે સા ઘના કરા છે, જે આવડાં દુઃખ ભોગવે છે. તારે મહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા. તે બીજા સરવે આચાર પાલતા, પણ પડોસાને ઘણું દુઃખ દેતા, ઇણે રાજ દિવાને મેંહે લાંચુ આપે, ને ગરથને જોરે કરીને મરાવા છે. એણે બંદે મારા બંદાને બે ઇજ્જત કરાવાં છે. એણે ગરથ લખમી વોણાં કરાવાં છે. ઇણે પગે રાજ દિવાનોમેં ચાલી ગવા છે, તે માટે એને પગની તજારખ દીધી છે. જે કોઇ પાડોશીને હાંકલસો ને વલી કકલાવસે. તે તો સાહેબનો ઘનેઘાર ચોર છે. પચાસ હજાર વરસનો એક દાડો થાસે, એવા સાડાત્રણ દિવસ લગી અજાપ ભોગવશે. તે વેદ કોરાન મેહે લખું છે. તમને સાહેબે ફરમાવું છે, તે માટે પાડોસી કટમની પેરે જાણજો, નહિ જાણો તો સાહેબ દોઆ સકોંત તેની નહી કરે. તે માટે જોઈને ચાલજો ભાઈ મુમનો. (૩) ટોલ ત્રીજો સંપુરણ છે.

## લખીતંગ ટોલ ચોથો આણીને ઉભો કરો છે.

તેના હાથ પગ થડ થકી વાકાં ને ઉના ધગ ધગતા માંડા છે, તે ઉપર ઉભા રાખા છે, તે ઉભા ઉભા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ આ બંદા કોણ છે. ઇણે મરત લોકમાં સા ઘના કરા છે, જે આવડાં દખ પામે છે. તારે મેહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ મરત લોકને વખે મુમન હતા, તે સરવે આચાર પાલતા પણ માણસોને જુકી આદ

ચડાવતા, તેનાં લોહી ઉકલાવતા, તે માટે એનાં લોઈ ઉકલે છે. તે માટે એને હાથ પગની તજારખ દીધી છે. તે માટે મુમન તા. થા. મુમનાંણી તા. થા. લોકોને જુઠી આલ ચડાવસો, તો તેને માથે ઘોણનો માર પડશે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે. એવા સાડાત્રણ દિવસ લગી અજાપ ભોગવસે. તાંહાં લગી એણી પેરે ઉભા રહે છે. વેદ કોરાનમાં લખું છે તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે, તે સહી કરી માનજો ભાઇ મુમનો. (૪) ટોલ ચોથો સંપુરણ છે.

### લખીતંગ ટોલ પાંચમો આણીને ઉભો કરો છે.

તેને જીભુ થડ થકી કાપી નાખીઉં છે, તેને મોડાંના વાટે લોઈપાંચ વેહે છે. તેની વેદનાએ પડા પડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે, ભાઈ જબરાઇલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ઘના કરા છે, જે આવડાં દુઃખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા, તે સરવે લોકે એણે બંદે ગોર પીરનો પરમેસરની વેલા વખતે નામ લીધાં નહી, તે માટે એને જીભોની તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાય છે. એવા સાડાત્રણ દિવસ અજાપ ભોગવે છે. ઇણે પેરે ઉભા રહે છે વેદ કોરાન મેહે લખું છે. તે તમે જાણો છે. તમને સાહેબે ફરમાવું છે. તે માટે જો કોઈ મુમન વેલા વખતે જકર બંદગી નહી કરે, વેલા વખત નહી સાચવે, તેને માથે ફરજ છે. તે રોજ કયામતને દાડે ઘણી માર પડસે. તે સહી કરી જાણજો ભાઇ મુમનો. (૫) ટોલ પાંચમો સંપુરણ છે.

### લખીતંગ ટોલ છઠો આણીને ઉભો કરો છે.

તેની જીભો ઓડની પાછલે કાઢીને લગાડી દીધી છે. તે દીવાની પેઠે બલે છે. અને તે પડાપડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ એ બંદો કોણ છે. ઇણે મરત લોકને વખે સા ઘના કરા છે. જે આવડાં દુખ ભોગવે છે. તારે મેહેત્ર જીબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદા મરતલોક માંહે મુમન હતા, ઇણે બંદે મીઠું જુઠું બોલીને માણુસની થાપણ ખાધી છે. તે જુઠું બોલીને મકરી ગઆ છે, તે માણુસ પરમેસરનો જાણીને મૂકવા આલી હતી તે માલ ખાઇ નેમ કરી ગયા છે. તે માટે તજારખ દીધી છે. જેવી થાપણ ખાધી તેવી પીડા ભોગવે છે. તે માટે જો કોઇની થાપણ સંઘરો તો પોતાના જીવની પેઠે રાખજો. પોતાના જીવની પેરે જાલીને પાછી વાલી આલજો. જો નહિ આલો તો તેને માથે ફરજ છે. તેને માથે રોજ કરામતને દાડે ઘણું પુછણું છે. વેદ કુરાનમે લખું છે. તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે, તે સંહી કરી માનજો, જાલવીને હીંડજો ભાઈ મોમનો. (૬) ટોલ છઠો સંપુરણ છે.

## લખીતંગ ટોલ સાતમો આણીને ઉભો કરો છે.

તેના લોઇ ઉકલે છે, તેને એદરીની વાટે અધવચમાં લેપાંચ વહે છે. તેની ગંધે કોએ પાસે ઉભું નથી રેહેતું, તારે નબીએ પુછું ભાઇ જબરાઇલ એ બંદો કોણ છે. એણે મરત લોકમાં સા ગુના કરા છે. જે આવડાં દોહેલાં થાએ છે. તારે નબી સાહેબ બોલા ભાઈ જબરાઇલ એ મરત લોકમાં મોમન હતા. સરવે ક્રીયા આચાર પાલતા પછે અવરી હેડતા પર અસતરીથે પણ તેણે એંદરી વાસના રાખી. પણ તેણે જાણું અમે સંવાદ કરીએ છઇએ, પણ ગતમાં છાનું રાખું, પણ એ ગનો ગતમાં ના ઉતરે પણ ગનો છોડાવી ન સકે: તે સંસારમાં ગનો પરગટે કરી ના શકો. એક રાત, એક દીન, એક વેલા, એક પોહોર, એક ઘડી, એક પલક, એક સાએતેના સવાદને કાજ પચાસ હજાર વરસનો ( ૫૦૦૦૦ ) એક દીન સુધી એવી પીડા ભોગવે છે. કુરાન કીતાબમાં લખું છે, એને વેદમાં સંભલાવું છું. જો મોમન થઇને એવી અદરી નહેડ છે તમને સતગોર કહે છે. (૭) ટોલ સાતમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ આઠમો આણીને ઉભો કરો છે.

તે સરવે બાઇઓનો છે. તેને લોઢાંનાં બાલક અરધાં પેટમાં છે. અને અરધાં બાહેર છે, અને તેની પીડા ઘણી થાસે. જેમ બાલકનો જનમ થાએ છે, તે સરવે પોકાર કરે છે. એવાં બહુ દુઃખી થાએ છે. તેની પીડાએ રહેવાતું નથી, તારે નબીએ પુછું ભાઇ જબરાઈલ એણે સા ગુના કરા છે જે આવડાં દોહેલાં થાએ છે. તારે સાહેબ બોલા એણે જીવે સાહેબની બીક નથી આણી. મરત લોકમાં પર પરખની સંગત કરી છે. અને અવલી હીંડે છે. એ કાંઇ ઓસરી નથી. સાહેબની બીકની લજા ન કરી, અને કલેલ જોક પોતાતણું, તે માટે એવી પીડા ભોગવે છે. એક સંસાર મધે જાણીને અવર હેંડજો, તે એવા સવાદને કાજે, એવી નસવાદી પીડા ભોગવે છે. પચાસ હજાર વરસનો (૫૦૦૦૦) એક દીન સુધી એવી ઉની કસણી ભોગવે છે. કોરાન કીતાબમાં લખું છે. અને વેદમાં સભલાવું છે. રખે કોઈ પરની સંગત કરતાં સામી સતગોરે અમર કરી કહું છે.

## લખીતંગ ટોલ નવમો આણીને ઉભો કરો છે.

તેના દાંત મોટા લાંબા છે, અને મોડામાંથી બાર નીસરા છે. અને તે દુરગંધાએ છે. તેની ગંધે કોઇ પાસે ઉભું નથી રહેતું. તારે નબીએ પુછયું ભાઈ એ કોણ બદો છે. એણે મરત લોકમાં સાહા ગુના કરા છે. જે આવડાં દોહેલાં થાએ છે: તારે સાહેબ બોલા એ મરત લોકમાં મુમન હતા. એણે બંદે ધરમ કરા હતા. પણ બહુ કલકલીને જુઠું બોલીને અસત બોલા અને સતગોરની વાચા ના પાલી. એણે સાહેબની બીક ન આણી તે માટે એને તજારખ દીધી છે. તે કોરાન કીતાબમાં લખું છે, અને વેદમાં સંભલાવું છે. પચાસ હજાર વરસનો (૫૦૦૦૦) એક દન સુધી એવી પીડા ભોગવે છે. સતગોરે કહું છે.

## લખીતંગ ટોલ દસમો આણીને ઉભો કરે છે.

તેના મોઢાં તો સુવરના સરખાં છે. તે તો નરકે ભરાં છે. તેની દેહી નરકે ભરી છે. તે એણી રીતે ઉભા છે. અને તે પોકાર કરે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ એ બંદો કોણ છે. એ બંદે મરત લોકને વખે સા ધના કરા છે, જે આવડાં દુઃખ ભોગવે છે. તારે મેહત્ર, જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા. તે જારે માણસને કામ પડતો તારે તે માણસની પાસેથી જુઠું બોલીને લાંચ લીધી છે. તેમાં લાચું જુઠું બોલીને ખાધો છે, તે પરમેસર ભાગી બીતા નહિ, તે માટે લગરિક તજારખ દીધી છે. જેવો માલ જુઠું બોલીને ખાધો છે, તેવી પીડા ભોગવે છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે. એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવસે. વેદ કોરાનમાં લખું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે, જે કોઇ મોમન થઈને જુઠું બોલીને લાચુંના દોકડા ખાસે, તે માથે મહાદંન મેહે ઘણું પુછણું થાસે. તે માટે ચેતીને ચાલજો ભાઈ મુમનો. (૧૦) ટોલ દસમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ અગીઆરમો આણીને ઉભો કરે છે.

તેના મોડાં વાંદરાનાં સરખાં છે. તેની જીભુ બારે લડબડે છે. અને પટાંપડાં હાંકે છે, અને ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઈ જબરાઈલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ધના કરા છે. જે આવડાં દુખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મોમન હતા. પણ પરાકી નિંદા ઘણી કરતા, પોતાનું રૂડું જાણતા, અને પારકું ભુડું જાણતાં, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે, એવા સાડાત્રણ દિવસ લગી અજાપ ભોગવશે. વેદ કોરાનમાં લખું છું, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે, તે માટે ચેતીને ચાલજો ભાઈ મોમનો. (૧૧) ટોલ અગીઆરમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ બારમો આણીને ઉભો કરે છે.

તે ટોલ બેરાં બોબડાંનો છે, આંધલાંનો છે, તે પડા પડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ એ બંદા કોણ છે, એણે મરત લોકને વખે સા ધના કરા છે, જે આવડાં દુખ પામે છે. તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મોમન હતા. તે સરવે આચાર પાલતા, પણ વેદ શાસત્ર શીખીને સાંભલીને વીસારી મેલા, તે જુઠ કરીને જાણતા, તે કેતા જે અમે સરવે જાણું છે, તે અમને સરવે આવડે છે. તે તો સરવે જુઠ કરી જાણે છે, તે માટે લગારેક તજારખ દીધી છે; જો કોઇ મુમન થઇને વેદશાસ્ત્ર શીખીને વીસારી મેલાં, જેને નસાવાદ જુઠું કરીને જાણે છે. તારે બેરાં

બોબડાંને આંધલાં થાએ છે. તેહે રોજ કયામતનેદાડે ઘણી માર ખાસે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે, એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવે છે. વેદ કોરાંન મેહે લખું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે. તે માટે ચેતીને ચાલજો ભાઇ મુમનો. (૧૨) ટોલ બારમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ તેરમો આણીને ઉભો કરો છે.

તેને ગલે દોકડાના હારડા ઉના ધગધગતા બાંધા છે. તેની વેદનાએ પડા પડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછ્યું જે ભાઈ જબરાઈલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ધના કરા છે. જે આવડાં દુખ પામે છે. તારે મેહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા, પણ વીઆજ વોરા કરતા, અને ડોડા સવાઆ કરતા, તે ખોટો લાભ લેતા અને ખોટો લાભ ખાતા, તે લોભે લાગા ઓસરતા નહી. તે સાહેબની બીક આણતા નહી, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે. એવા સાડાત્રણ દિવસ લગી અજાપ ભોગવે છે. વેદ કોરાન મેંહે લખું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે, તે માટે વીઆજ વોરા ને ડોડા સવાઆ થકી દુર ચાલજો. ભાઇ મુમનો. (૧૩) ટોલ તેરમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ ચઉદમો આણીને ઉભો કરો છે.

તે ટોલ તો સરવે આખો આંધલાંનો છે. તે પડાપડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછ્યું જે ભાઇ જીબરાઇલ એ બંદો કોણ છે, એ બંદે મરત લોકને વખે સા ધના કરા છે, જે આવડાં દુખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મોમન હતા. એણે વેદ સાસત્ર શીખીને જુઠું કરી જાણ્યા, તેણે વીસારી મેલાં છે, તે નસવાદ કરીને જાણતા, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે. એવા સાડાત્રણ દિવસ લગી અજાપ ભોગવસે. વેદ કુરાનમાં લખું છે, તે તમે જાણો છો, તે તમને સાહેબે ફરમાવું છે. તે એણી પેરે ઉભા રહે છે. તે તમે સહી કરીને જાણજો ભાઈ મુમનો. (૧૪) ટોલ ચઉદમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ પંદરમો આણીને ઉભો કરો છે.

તેના પેટ મોટાં ગોલા જેવડાં છે તેના પેટમાં દોકડા ઉના ધગ ધગતા ઘાલે છે, તેની વેદનાએ પડાપડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછ્યું જે ભાઇ જબરાઈલ એ બંદે મરત લોકને વખે સા:ધના કરા છે જે આવડાં દુખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઈલે કહું જે સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે અમલદાર હતા, તે હુકમદાર હતા. તે આગલે જ્યારે માણસને કામ પડતો તારે વાત લઇને આવતા તારે તેની પાસેથી લાચું લેઇને ન્યાય હતા તેના

અન્યાય કરતા,*અન્યાય હતા તેના ન્યાય કરતા, એણે બંદે લાચુંના દોકડા એમ લે કરીને ખાધા છે, તે દોકડા પેટ માંહે ઉતારા છે. તેની વેદનાએ પડા પડા ટલવલે છે, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાશે. એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવસે. વેદ કુરાન મેહે લખું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે. જે લાચુંના દોકડા થકી વેગલા રેજો ભાઇ મુમનો. (૧૫) ટોલ પંદરમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ સોલમો આણીને ઉભો કરો છે.

તેની જીભુ કાંડીને લોડાંની ધગધગતી ચોરી છે. તેની વેદનાએ પડા પડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ધના કરા છે. જે આવડા દુખ ભોગવે છે, તારે મેહેત્ર જબરાઈલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મુમન હતો, પણ જુઠા ગોવાઈ પુરતા જેના ન્યાય હતા તેના અન્યાય કરતા. જેના અન્યાય હતા, તેના ન્યાય કરતા. જે અન્યાયી હતા તેસે ખોસીઆલ થતા, હાથે પગે લાગતા ગયા, અને જે ન્યાયી હતા તે દલગીર થઆ છે, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ ( ૫૦૦૦૦ ) નો એક દાડો થાશે, એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવશે. વેદ કુરાનમે લખું છે, તે તમે જાણો છે, તે તમને સાહેબે ફરમાવું છે. તે માટે મુમન થઇને કેની જુઠી જુઠી ગોવાઇ પુરસો નહી, જો કોઇ જુઠી ગોવાઇ પુરશે તે તો રોજ કયામતને દાડે ઘણી માર ખાસે, તે માટે તમે જોઇને ચાલજો ભાઈ મુમનો. (૧૬) ટોલ સોલમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ સતરમો આણીને ઉભો કરો છે.

તેના ગલા માંહે ઉના ધગ ધગતા ગજ ગાલસે, તેનો સાસ પણ નીસરતો નથી. તેની વેદનાએ પડાપડા ટલવલે છે, તારે નબી સાહેબે પુછું જે ભાઈ જબરાઇલ, એ બંદો કોણ છે. એણે મરત લોકને વખે સા ધના કરા છે, જે આવડાં દુખ ભોગવે છે, તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મુમન હતા, તે ગરવ એંકારની વાતો કરતા, તે સરવેને નાં કાંઇ કરીને જાણતા, તે સર્વેને કેતા જે તમે શું જાણો છો, તે જવાબ કેને દેતા નહી, તે માટે લગારેક તજારખ દીધી છે, પચાસ હજાર વરસ ( ૫૦૦૦૦ ) નો એક દાડો થાશે, એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવશે, વેદ કુરાનમાં લખું છે, તે તમે જાણો છે, તમને સાહેબે ફરમાવું છે, જો મોટાઇ કરશો તો રોજ કયામતને દાડે ઘણી માર પડશે. તે સહી કરી જાણજો ભાઈ મુમનો. (૧૭) ટોલ સતરમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ અઢારમો આણીને ઉભો કરો છે.

તેના માથાના બાલ વલીને પાછા પગે તાણી બાંધે છે. તેની કોટ વાંકી રહી છે. તે પડાપડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઈલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ઘના કરા છે જે આવડાં દુઃખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મોમન હતા, પણ વખત થાતો તારે કાંઈ આદર કરતા નહી અને વાતો કરતા, અને વેપારે વલુધા રહેતા, તે નીંદરા મધે સુઇ રહેતા, તે જાણતા જે અમે ડાયા છું, તે સરવે અમે જાણું છે, તે ગરીબોમાં બેસતા સુગાતાં, તે માટે લગારેક તજારખ દીધી છે. તેને કઇ પચાસ હજાર વરસ (૫૦૦૦૦)નો એક દાડો થાસે, એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવસે. વેદ કોરાન મેહે લખું છે તે તમે જાણો છે, તમને સાહેબે ફરમાવું છે, જે મોટાઇસું ઘના કરે છે તેને રોજ કયામતને દાડે ઘણુનો માર પડે છે. તે માટે જાલવીને હીંડજો ભાઇ મુમનો. (૧૮) ટોલ અઢારમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ ઓગણીસમો આણીને ઉભો કરો છે.

તેના મોહોડામાં ઉના ધગધગતા લોઢાના ગોલા ઘાલા છે. તેની ઝાલુના ભડકા ચોફેર નીસરે છે. તેની વેદનાએ પડાપડા ટલવલે છે. તારે નબી સાહેબે પુછું જે ભાઇ જબરાઇલ એ બંદો કોણ છે, એણે મરત લોકને વખે સા ઘના કરા છે, જે આવડાં દુખ ભોગવે છે. તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, એ બંદો મરત લોકને વખે મુમન હતા, અને તે પંડીત હતા, તે સહુ કોને શીખામણ દેતા, તે સૌ કોને પરતે બુધ દેતા, તે સહુ કોને હાકલીને જપ તપ ધરમ કરાવતા, પણ પોતે કરતા નહી, તે માટે લગારેક તજારખ દીધી છે. પચાસ હજાર વરસ (૫૦૦૦૦) નો એક દાડો થાસે, એવા સાડાત્રણ દીવસ લગી અજાપ ભોગવસે. વેદ કુરાંન માંહે લખું છે તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે. જે કોઇ બીજાને જપ તપ ધરમ કરાવસે, અને પોતે નહિં કરે, તે સાહેબનો ચોર છે એ કોરાનની વાતો છે, તે સહી કરી માનજો ભાઈ મોમનો. (૧૯) ટોલ ઓગણીસમો સંપુરણ છે.

## લખીતંગ ટોલ વીસમો.

તારે નબી સાહેબે પુછું જે, એ ભાઈ જબરાઈલ અમારો વીસમો ટોલ તે કયાં છે ? તારે મેહેત્ર જબરાઇલે કહું સાહેબ વાચા, તમારો વીસમો ટોલ તે નબીના સુધા બેત્રમાં છે. તમારો વીસમો ટોલ તે ભેસતમાં છે. તારે મેહેત્ર જબરાઇલે બેસતના બારણાં ઉઘાડીને નબી સાહેબને માંહે તેડી ગયા છે. તાંહા ઢોલીઓ સોવણનો ઢાલો છે. તે પલંગ ઉપરે મુમન બેઠા છે. તેના શીર

ઉપર સોવણુના સત્ર બાંધા છે. તે સત્ર માંહે રત્ન પદારથ ઝળકે છે, તે મોમનને માથે સોવણુના મોગટ હીરા જડીત બાંધા છે. તેને સોનાવરણી કભા પેરાવી છે. અને હાથે હીરાજડત્ર વેર ઘાલા છે. અને હીરાજડત્ર કોટે હાર પેરાવા છે. તાંહા કેટલાક ફરસતા અમરત ફળની થાળ લઇને ઉભા છે. તાહાં કેટલાક ફરસતા અમીના કચોલાં ભરીને જમણી પાસે ઉભા છે. તાહાં કેટલાક ફરસતા નુરની પાટલીઉં લઇને ડાબી પાસે ઉભા છે. તાહાં કેટલાક ફરસતા જમણે પાસે વીજણે વાએ ઢાલે છે. તે મુમનના મોઢાં ચંદરમાંની જોત સરખાં ઝલકે છે. તારે નબી સાહેબે પુછ્યું જે ભાઇ જબરાઇલ એણે મોમને મરત લોકને વખે સી કમાઇ કીધી છે જે આવડી પદમી પામા છે. તારે મેહેત્ર જબરાઇલે કહ્યું જે સાહેબ વાચા, એ બંદા મરત લોકને વખે મુમન હતા, સંધ્યા ગાયત્રી સુધા આંકીને રહેતા. એ મુમનને ગોર પીરની ઓલખાણ હતી, અને સાહેબ ગોર પીરનું વચન લોપતા નહીં, કરીઆ એક ચુકતા નહિ અને પાંચે એંદરી વસ રાખી અને ચાર દાન તે દીધાં છે. તારે નબી સાહેબે પુછ્યું જે, ભાઈ જબરાઈલે કહ્યું સાહેબ વાચા, (૧) પેલું દાન તે અત્રીત ભગતની સેવા કરવી. (૨) બીજું દાન તે દસોંદ સાહેબને દરગે દેવી. (૩) ત્રીજું દાન તે ગોર પીરને વચને ચાલવું. (૪) ચોથું દાન તો ઝાઝાં દાન દેવું. મનદાન, તનદાન, ધનદાન, લજાદાન દીધાં ને પાલે છે, વખત વેલા ચુકા નહિ કરીઆ ચાલીસે (૪૦) પાળી છે. ગોર ગતની સેવા ઘણી કરી છે, બંદગી વેલા ચુકા નહિ. છાની જકર ઘણી કરી છે. કુરાન મેંહે લખુ છે, જે સાહેબ વાએદો કીધો છે તે પાલસે, અઢારે આલમ દુનીઆ દેખતાં રાજ કરાવસે. મોટી ઠકરાઈ કરાવસે. જે મુમન સાહેબને એદ આદ કરસે હજરા તમને સાહેબે ફરમાવું છે, જે અનેક અનેક નુરના વસ્ત્ર પેરાવસે, અનેક અનેક શણગાર પેરાવસે, અમરતના કચોલાં ભરી ભરી પાસે, તે આલમ દનીઆ દેખતાં રાજ કરાવશે. મુમને સાહેબ બોલ વાએદો કીધો છે. તે અમરાપરમાં વાસ આપસે. ભાઈ મુમનો એંદર ઇમામશાહા બોલ્યા છે. વીસ ટોલની હકીગત લખી છે, તે વીસ ટોલની જુજવી હકીગત લખી છે. વેદ કુરાન મેંહે જે નબીની ઉમતના વીસ ટોલ થયા છે, તે માંહે એક ટોલ સરખરૂ થાસે. ઓગણીસ ટોલને હીસાબ માગસે, વેદ કોરાન માંહે લખું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ફરમાવું છે. જે નબી સાહેબ તે સઈ કરી જાણજો ભાઈ મુમનો. ગોર એંદર ઇમામશાહાએ ભાખ્યું છે. (૨૦) ટોલ વીસમો સંપુરણ સહી. એણી રીતે હિસાબ માહાદંન માંહે ખોદાતાલા પુછસે.

# ગોર વાણી જ્ઞાન ૧ લું.

## રચનાર–સૈયદ ઇમામશાહ.

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

પીર ઇમામશાહ ગેનાન બોલીઆ, તમે સાંભળો મુનીવર ભાઇ;
જો આંહી પ્રગટ ટાણે આવી મળો, તો વીરા સાચી તમારી કમાઇ. (૧)
ભાઇ પ્રગટ ટાણું જે કહીએ, જ્યારે ગટપાટની વેળા થાય;
ત્યાં તેત્રીસ કરોડી દેવ આવી મળે, ત્યાં સાહેબ પોતે રે આય. (૨)
ત્યાં જાંખા મેઘા કેનર આવી મળે, અને ત્યાં આવે કરણ કલફના દેવ કરોડ;
જો તેણે ઠેકાણે તમે આવી મળો, તો વીરા થાશો તેમની જોડ. (૩)
ત્યાં સાચે ઇમાને જે કોઇ આવશે, અને સાચા મુનીવર સોય;
તેના એકોતેરસો સ્વર્ગે સીધારશે, તેને રાહમાં ન રોકે કોય. (૪)
ભાઈ લોક લજ્જા નવ રાખીએ, અને લજ્જાએ વણસે કાજ;
સગાં કુટુંબી બેની બાંધવા, તે તો નહિ આવે જીવની સંગાત. (૫)
ભાઇ જે બાવન ઘાટી ઉતરી ગયા, અને જઈ પહોંચ્યા સ્વર્ગ દ્વાર;
તે તો હરખે અમરાપુરીમાં માલસે, તે જીવ છેહ નહિં પામે લગાર. (૬)
ભાઈ શીરકા સાટા કીજીએ, તો સવા લાખ ગણેરા લખાય;
રાજા હરીચંદના જેવાં ફળ પામસો, વીરા તેથી અદકેરાં લખાય. (૭)
ભાઇ દુનીયા દોલત એક પલ છે, અને તમે લોભે લાગાં ભુલી ન જાઓ;
હાથમાંથી હીરો હારીને, પછે આગળ કયાંથી રે પાઓ. (૮)
ભાઈ ચાર જુગ ગયા તમને ઢુંઢતાં, પણ હજુએ ન લાધો છેહ;
અથરવેદને વાયકે ચાલસો, તો વીરા તેથી નીવેડા થાસે આણી દેહ. (૯)
ભાઈ કલમો ભણો તમે સતનો, અને ખરી દશોંદી દેઓ ગોરને આજ;
આજ દશમે ગોરનર આવીઆ, મુનીવર ભાઈનાં કરવા કાજ. (૧૦)
ભાઈ ચેતી શકો તો ચેતજો, અને વેગા વહી વહી જાએ;
એ આ હાથે લીધેલાં ફળ રાખજો, એ ફરી ફરી ફળ નહિ પાએ. (૧૧)
ભાઇ સતપંથ સેવો સત ભાવશું, અને જે મળીઆ સતગોર પીર;
જેણે દર્શન કીધાં પ્રગટ તીરથનાં, તેના વૈકુંઠ પોતા રે જીવ. (૧૨)
ભાઈ ત્રણે જુગના ત્રણ ટોળ બાંધીઆ, અને આજ ચોથે પ્રગટ હોએ;
જે જુગ માંહે દીન જગાવીઓ, તે તો અલી મેહેંદી વીના નહિ કોએ. (૧૩)
ભાઈ આપ સમાના સાહેબ કરશે, અને બાંધસે કાંટા તોલ;
આખરી કસોટી કસાવસો, તો વીરા પામસો મુક્ત અમુલ. (૧૪)

ભાઇ અમી રસની વેળા તે મોટી છે, તમે કાયર ન થાઓ મુનીવર ભાઈ;
એ મહાદન વેળાની સંપજ છે, તમને મુકતીની રાહજ પાઇ. (૧૫)
ભાઈ ચાલીસ ઈમામ પુરા હુવા, અને અવતાર દશમો લખાય;
અસુરા દાણુવને સંહારશે, તેને શીર દૈત્યને મેલસે ઘાય. (૧૬)
ભાઇ નવે ખંડમાં જેજેકાર હોશે, અને રખેશરોને કરાવશે રાજ;
સાહેબની પુજાનાં ફળ તમે પામસો, તે તમે જાણજો નર આજ. (૧૭)
ભણે એંદર ઈમામશાહ સુણો મુનીવરો, અને તમે વેદ વીચારીને ચાલો;
આંચ ભોય ભંડારા કીજીએ, તો તાહાં જઇ અમરાપર માલો. (૧૮)

---

## ગોરવાણી જ્ઞાન ૨ જું.

### સતગોર ઈમામશાહ વાચા,

ભાઇઓ પીર વીના પાર ન પાઇએ, અને ભણતાં પાંચે વેદ;
જે દાવે લાગા તે દોજક ગયા, તેણે ન જાણ્યા સતપંથના ભેદ. (૧)
ભાઈ પાંચમો વેદ ઉનાદ સુદ છે, તેનું નામ છે રજુવેદ;
ચારે જુગમાંહે ચાર વેદ વરત્યા, ચોથા કલજુગના સુણો મુનીવર ભેદ. (૨)
ભાઇ બે ઇમાની અંધા ભયા, તેણે ન જાણી સતપંથની વાટ;
જે ઘરોઘર હિંડે છે ઠણકતા; તે તો મોખ મુગતના નવ પાવે રે ઘાટ. (૩)
કાયર મનમાંહે કાંપીઓ, અને બોલે બોત બેજાર;
જે નીંદા કરે ગોર પીરની, તેણે કમાઇ ખોઈ જુગ ચાર. (૪)
આ મુરખ મનમાંહે નવ લરજીઓ, અને પર મંદર બેઠો રે જાય;
પતિવ્રતા તે તો વ્યભીચાર ભાઈ, તે તહાં પાલવ કેનો રે સાએ. (૫)
એ ધણી વિના તો ધણ સુનાં, તે તો શોભે નહિ રે લગાર;
શોહાગણ હોતી તે તો દોવાગણ ભય, તેનો ધણી નહિં કરે સંભાર સાર. (૬)
કુડો મુરખ મનમાંહી ડગમગે, અને જુઓ જુગમાંહે વેદ વિચાર;
આજ સાચી દરગાહ છે સાહેબની, તે સતપંથ વિના કેમ ઉતરે પાર. (૭)
તમે જાણી જોઇને કાંય ભુલીઆ, અને ભણતા વેદ પુરાણ;
જે અકલહીણા અને ઇમાન વોણા, તે જીવ નરકે જાશે નરવાણ. (૮)
ભાઈ આદે અંતે સાહેબ એક છે, અને અવર દુજા નહિં કોઇ;
જે કોઇ પીર શમસને પિછાણસે, તે તો સાચા મુનીવર સોયે. (૯)
ભાઈ ઘેર ઘેર પીર ના કીજીએ, અને ઘર ઘર પીર ના હોય;
ઘર ઘર દીવા જળે કારમા પણ દીવા સો અમર સોય. (૧૦)

સાચા પીર હોય તેને સેવીએ, અને ઘટમાંહે રાખીએ વિશ્વાસ;
પાતક હરે એકોતેરસોના પછે પામે અમરાપુર માંહે ઠામ. (૧૧)
ભાઈ પીરશું પ્રીત કીજીએ, જો અંતર ઉપજે બ્રહ્મજ્ઞાન;
મન મારીને મરસલો કીજીએ, અને રહીએ એક રે ધ્યાન. (૧૨)
પીર પેગાંબર જુગ માંહે ઓત છે, અને પુરે તે માનવની આશ;
ત્યાં જીવ ના છુટે પોતા તણા, તે તો પડશે જમને રે પાસ. (૧૩)
ભાઇ પીરને આપે પીછાણીએ, અને પાંચે વશ રાખીએ ગટ માંય;
જેણે અનંત કરોડી દેવ તારીઆ, તે તો પકડે આપણી બાંય. (૧૪)
આજ કલજુગ પુર્ણ વ્યાપીઓ, અને કરશે ગત માંહે ભંગ;
તે ભલા ભલેરાને ભુલાવશે, એવો કલજુગનો મોટો રે રંગ. (૧૫)
એક કલજુગ કાલો કુતરો, અને જે હાંકે તેને ખાય;
જે મંદર માંહે હીંડે મલપતો, અને તે બાહેર ન કાડે રે કાય. (૧૬)
મન મારી તન આલે સતસું, અને ખધા ના કરે રે સોય;
જો જકરે ફકરે અરાધીએ, તો કુત્તા કાળા ન લોપે રે કોય. (૧૭)
ભાઈ અથર વેળા રે આવસે, અને અથર મુનીવરના રે ચિંત;
સાચ રાખીને જુઠ દુર કરો, તમે ગોરનરસું રાખો રે હેત. (૧૮)
સતગોર મળેથી સતપંથ વહોરીએ, અને બાંધીએ સતની મોટ;
પણ સતગોર વીના સોદા કીજીએ, તો તહાં બમણી આવે રે ખોટ. (૧૯)
ભણે એંદર ઇમામશાહ તમે સુણો મુનીવરો અને જુઓ વેદ વિચાર;
જે વખડી વેળા આવસે, તેને વિલંબ નહિ રે લગાર. (૨૦)

## ગોરવાણી જ્ઞાન ૩ જું.

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

ભાઈ હેતે મળો અને સતે ચાલજો, અને જુઠ કરો સર્વે દુર;
આ સતપંથ સેવા તો ફળે, જો મન નિર્મળ કરીને પીઓ નૂર. (૧)
ભાઈ નૂર પીએ અને નામ લીજીએ, અને મન લરજીને ઉજળા થાઓ;
જો લોભ સ્વાર્થ કાળને વારીએ, તો તમે સહી અમરાપર જાઓ. (૨)
ભાઇ એણે કાળ ક્રોધે શેર લુંટા, અને લુંટા તે ગ્રંથ ભંડાર;
હીરા રતન જવેર લુંટીઆ, પછી લુંટી તે વસ્તુ અપાર. (૩)
તોયે મુરખ હ્રદય માંહે નવ જાગીઓ, તેણે ખોયો વસ્તુ સર્વે માલ;
રોજ કયામત જ્યારે આવશે, ત્યારે કેમ કરી દેશો જવાબ. (૪)
તેને ચોર કરીને સાહેબ બાંધશે, અને દેવરાવશે તે ઘણુનો માર;
જ્યારે હૈયામાંથી અગ્ની પરજળશે, ત્યારે જીવડો કરશે પોકાર. (૫)

ભાઈ સતી હોય ને અણુસતી કહાવે, તેના ફેરા વન જેવાં રે મુળ;
જે ઈમાન વિના ઉખડી ગયા, તેને મોઢે પડશે દોજકની ધુળ. (૬)
સતપંથ લઈને જે ઓતલયા, તે તો પાકી હાંડી રે તોલ;
તે ટાંકર દેતા ટુકડા હોય, તેને જમીન આસમાન ન સંઘરે કોય. (૭)
જે કોઇ સતપંથ લઈને અળગા રહ્યા, તેને લાગો નીલનો રે પાશ;
વસાણું હતું તે તો લુંટાઈ ગયું, પછે ખાલી રહ્યો સુવાસ. (૮)
ભાઇ કરમે કાળા તે સદાએ કાળા, મુનીવર જ્ઞાન વીચારી જોય;
દુધે ધોઇએ કોયલા તે તો કદી ન ઉજળા રે હોય. (૯)
ભણે એંદર ઈમામશાહ તમે સુણો મુનીવરો, અને તમે રાખો આપણું આપ;
તમે જો ખોટાં કરતવ કરશો તો, તમને ખાયે વિંછી ને સાપ. (૧૦)

## ગોરવાણી જ્ઞાન ૪ થું.

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

હેતે મળો ભાઈ મુનીવરો, અને મુખ હૃદયથી સાચી વાણી બોધ;
ગત દેવના નીત નીત દર્શન કીજીએ, અને ગત માંહે સુતક પાતક ખોલ. (૧)
ગોરની ગત ગંગા તીરથ માંહે નાહીએ, અને નીર્મળ કીજે રે મન;
આ સતપંથ પદારથ તો પામીએ, જો આપણું પુરણ હોય રે પુન. (૨)
પુરણ પુન વિના નવ પામીએ, અને સતપંથ સાચી રે શાંખ;
પાંચે પદારથ તો ફળ પામીએ, ભાઇ દીલ હોવે રે પાક. (૩)
ભાઇ પાક સાહેબનું રે નામ છે, તે તો જપીએ દિવસ ને રાત;
તમે દુર ન દેખો દીલ માંહે વસે, જેમ ચંપા ફુલ માંહે વાસ. (૪)
તેમ રોમે રોમે સાહેબ વસે, અને અંતરો નહિ એકતલ;
એમ જાણી જાણી ભક્તિ કીજીએ, જો પરતગ બેઠા રે દલ. (૫)
ભાઇ સતે બોલો ને સતે ચાલો, અને સત સમો નહિ સાર;
એક સકળ વિગ સરવે હેતે રચી, સતગોર સતે ઉતારો પેલે પાર. (૬)
તમે સતના છોડો ભાઇ મુનીવરો, અને સત છોડે પત જાએ;
ઇમાન સરીખો દીવડો તેણે અજવાળે સાહેબ પાએ. (૭)
રહેણી અજવાળાં ચંદ્રનું, અને દિવસે અજવાળાં રે સુર;
તેમ ગટ માંહે અજવાળું ઈમાનનું, અને દોએ દશા વરસે નુર. (૮)
નુર નારાયણનું તહાં વરસે, અને જે ગટ હોએ સાચું ઇમાન;
તેને દેવલોક પ્રણામ કરે, ભાઇ તે વૈકુંઠ માંહે પામે ઠામ. (૯)
ભણે ઇંદ્ર ઇમામશાહ તમે સુણો મુનીવરો, અને સાચું ઇમાન રાખો આજ;
જો દુનીયાં દુરીજન દૂર કરો, તો સરે જીવોનાં કાજ. (૧૦)

## ગોરવાણી જ્ઞાન ૫ મું

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

મુનીવરો સાચું ધાઓ અને જ્ઞાન વિચારો, અને ગુરૂ વિના જ્ઞાન ન હોય;
જે મુરખ લોક મરમ જાણે નહિ, તે શ્યા માટે કરણી ખોય. ૧
ભાઇ મેં બોલા ઉન મેં ચલાઉં, અને મેં ખોલાઉં ખાણ;
મેં લાઉં મેં પીલાઉં, તે ઉત્તમ સાહારી રે જાણ. ૨
મેં આચારી ને મેં વિચારી, મેં અકલ દેવું આપ;
એ મીટી કેરી પુતળી માંહે, ભાઈ મેં ભણાવું રે જાપ. ૩
ભાઈ મેં કરતા ને મેં હરતા, અને અવરથી કછું ન હોય;
જો એલ રેહમત મે છોડું તો, પથરને બોલાવું રે સોય. ૪
ભાઇ કાચે ભાંડે નીર નાં રહે, અને જળ ભરેથી ભાંગી જાએ,
બેઇમાની કોઇ ભેસ્ત ના પાવે. પણ આગે સોહાગણ થાએ. ૫
ગાફલને સુધ ના સુજે, અને નિંદરાએ ખોયું આપ;
એને કાળ હવાએ દાબીઓ, જ્યમ ડંસીઓ, તે કાળો સાપ. ૬
જેને નાગ ડસે તેને લહેર લાગે, અને બેઉં આંખે તે અંધારાં થાએ;
ત્યાં બહોત મળંગે ગારૂડી, પણ સતગોર વિના ઝેર ન જાએ. ૭
આજ સાચા ગારૂડી સતગોર છે, અને તે સાચા તે ગોર કહેવાય;
જેણે ચૌદે ભવન સરજ્યાં, તે ગોર સત વિના નહિ પાય. ૮
ભાઇ થોડા માંહે બહોતજ પાઇએ, અને ધરો સબુરી મોમન ભાઈ;
તમે જકરે લાવો રે જીવડા, બંદા કરોને સતની કમાઇ. ૯
ભણે ઇંદ્ર ઇમામશાહ સુણો મુનીવરો, તમે સતની કરજો રે વાત;
આ ગટમાંહે ખજાના બોત છે, તમે કીલી કરોને આપણે હાથ. ૧૦

## ગોરવાણી જ્ઞાન ૬ ઠું.

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

આ જીવ છોડાવા સતપંથે મળીયા, અને સાચું બોલો મુનીવર ભાઇ
જો તલ એક જુઠું બોલશો તો, તમે ખોશો ભવની કમાઈ. ૧
કાળ ક્રોધ લોભ સ્વાર્થને વારીએ. અને અભીમાન ન આણો રે મંન
જો મન મારીને મરસલો કીજીએ, તો પામીએ સાહેબનાં દર્શન. ૨
સતપંથ સાચા સાચ હે, અને સાચા પીર પીછાણ;
દીન ચાંદરણા પરગડા, જેમ રહેણી ઉઘાડે ભાણ. ૩

ત્યારે જુગમાંહે અંધારૂં ટળશે, અને હોશે તે એકજ વાણ;
**અથરવેદ માંહે એમ ભાંખીઆ, સઅ હિંદુ હોશે મુસલમાન.** ૪
ત્યાર નવેખંડ માંહે હલ હલાકાર હોશે, અને દોહેલાં હોશે રે દીન;
જ્યારે ચાંદો સુરજ બેઉ જાંપશે, ત્યારે કંપશે ત્રણે ભૂવન. ૫
સાહેબ આપે અસવારી કરશે, અને મેહેંદી ધરાવસે રે નામ;
સરવે કાફરોની કાશળ ટાળશે, ત્યારે પલટાસે સરવે જહાંન. ૬
સવાલાખ વરસનું એક પરબ રચાસે; અને નિર્મળ કરશે દેહ;
નુરવાયલ ફીરસ્તાને હુકમ હોશે, ત્યારે નુરના વરસે મેહ. ૭
ત્યાં જાંખા મેઘા કેનર આવસે, અને આવસે પાંચસાત નવબાર;
જ્યારે અનંત કરોડી દેવ આગળ હોસે, ત્યારે સહુ કોઈને દેશે દેદાર. ૮
ત્યાં ઢોલ દદામા ને અતી ઓચ્છવ, અને ઘર ઘર મંગળ ગાય;
સાહેબને પુજ્યાના ફળ તમે પામશો, તેના સુખ કહ્યાં નવ જાએ. ૯
ત્યાં દેવ દુનીઆંનો હોશે પટાંતરો, અને પુજાના ફળ તમે પાઓ;
મુનીવરની કાયા અમર હોશે, તાહાં દુનીઆ સરવે મરી મરી જાએ. ૧૦
ભણે એંદર ઈમામશાહ તમે સુણો મુનીવરો અને કમર બાંધીને થાઓ હોશીઆર;
સોદન નહેડા આવીઆ, તેને વિલંબ નહિ રે લગાર. ૧૧

## ગોરવાણી જ્ઞાન ૭ મું.

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

સતગોરશું સતપંથ જાણીએ, અને સાચા મુનીવર સોએ;
જેણે દુનીઆશું રંગ માંડીઆ, તે તો પુરણ પાપી હોએ. ૧
આંહી પેટ ધંધો સૌ કોઈ કરે, અને જીવની ખબર ન બુઝે રે કોએ;
પણ જીવની ચિંતા જે કરે, આજ પુરી સોહાગન સોએ. ૨
આજ પુરી સોહાગન સો કહીએ, જેણે હરી ઓળખ્યા આજ;
પણ સતપંથ અજવાળે જે જાગીઆ, તેનાં પુરણ સીધાં રે કાજ. ૩
ભાઈ જેનાં સત તો સરવે ગયાં, અને વતના દેખું રે કાંઈ;
પણ જો પાવયાએ બાળક પ્રસવે તો એઈમાની અમર હોય. ૪
આ સતપંથ વહોરી જેણે ઢીલ કરી, અને ચાલ્યા તે ચારે રે દેશ;
જેણે પીરશાહને નહિ ઓળખ્યા, તેને હૈયડે લાગી મેશ. ૫
જેણે મેહેંદી મર્દ ન જાણીઆ, અને જે હાથે લાગ્યા રે ગેમાર;
તેણે કમાઈ ખોય જુગ ચારની, તેનો ભઠ પડયો રે અવતાર. ૬
ભાઈ શાહોજી પુનમના ચંદ્ર છે, તે ખેણુ ખેણુ પ્રગટ હોય;
જે આપે ન જગાવશે, તેની કળા ન બુઝે રે કોય. ૭

સાહેબ સહેત્ર ઘોડા પલાણસે, અને હોશે તે હલ હલકાર;
જ્યારે દૈત્ય કાલીંગાને મારશે, ત્યારે ત્રણ ભુવનમાં હોશે ભયકાર. ૮
મહેંદી સુલતાન જ્યારે આવસે, ત્યારે મુકરાંને કતલ કરાય;
એક જાહેર વેદ ભણાવસે અને તહાં કાયર નાઠા રે જાય. ૯
ભાઇ ધોરી હસે તે ધર ઝાલશે, અને તે પુરણ પાવે રે નુર;
જેણે ગોરનાં વચન શીર ઉપર લીયા, તે તો સ્વર્ગ પામ્યા ભરપુર. ૧૦
ભણે એંદર ઈમામશાહ તમે સુણો મુનીવરો, તમને નીંદ્રા કેમ કરી આવે;
આજ વખડી વેળા આવી પોતી, તેમાં જકરે દર્શન થાએ. ૧૧

## ગોરવાણી જ્ઞાન ૮ મું

**શ્રી સતગોર બ્રહ્મા વાચા,**

ભાઇ એ કલીજુગ માંહે કાંલીગો આવશે, એનાં એ છે પેલાં એંધાણ;
જે ઇમાન વોણાં ને અકલ હીણાં, તે જીવ ભુલશે સારી રે જહાંન. ૧
સાત પેઢીનાં સગાં દેખાડશે, અને દેખાડશે માયને બાપ;
એણી પેરે સરવેને પરબોધશે, **કાશી વિશનવ જપાવશે જાપ.** ૨
તેના ચોવીસ ચેલા ચરપટ કરતા આવશે, અને મુખ માંહેથી બોલશે ભાંડ;
તે પાણી મંત્રીને ઘરત નીપાવશે, વેળુ મંત્રીને કરશે ખાંડ. ૩
કાલીંગો અત્રીંગ આસન પુરીને બેસસે, અને પુરસે તે સહુ કોઈની આશ;
એણી પેરે સરવેના ઈમાન લેશે, પછે સરવે કોઇ થાશે નીરાશ. ૪
કાલીંગો છ માસ લગી હથીયાર બાંધશે, તે તો શુદ્રી કરસે પેર;
સુરજારાણી કમલા કુંવરને શીખામણ દે, તમને મલશે પોતાને ઘેર. ૫
કમલા કુંવરને રાજપાટ સોંપીઆ, અને તમે સઘળાં કરજો કાજ;
અરથ ઘરથ ધનમાલ સોંપીઆ, અને સોંપીઆ મહાચીણ નગરીનાં રાજ. ૬
કાલીંગો ચરપટ ચાળા કરતો આવશે, તે નદી સરસવતીએ કરશે મેલાણ;
સતી લોકોનાં સત ચુકાવશે, એણી પેરે સહુ કોઇના લેશે ઇમાન. ૭
આજ કલીયુગની વખડી વેળા છે, તેમાં તમે મુનીવર થાઓ હુશિઆર;
કાલે કરતાં આજ કરજો, પછી શાહા અલી થાસે અસવાર. ૮
જીસ દીન સંવત ચહોતરો પુરો હસે, અને ચૈત્ર માસ ને ગુરૂવાર;
તીસ દીન સાહેબનાં સેન ચડસે, ત્યારે અલી ઇમામ બાંધે હથીઆર. ૯
ભાઇ વેળા પોતી ને રત પાકી, અને હેતના વરસે નૂર;
જ્યારે સોએ નિસાન પુરાં હોશે, ત્યારે પછમ દિશાએ ઉગસે સુર. ૧૦
ભણે ઇંદ્ર ઇમામશાહ સુણો મુનીવરો, આ જીવને કાંયે પાડો રે જંજાળ;
પેલાં ચેતી શકાય તો ચેતજો, પછી તુટશે પુનની પાળ. ૧૧

# ૧૦ ગુગરીનાં ગીનાન.

## રચનાર-સૈયદ ઇમામશાહ.

### ગીનાન ૧ લું.

જીરે ભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તે ગુગરીનું તેજ અપાર જીરે ભાઇ.
જીરે ભાઈ તે ગુગરીકી પાસે એક મલાએક બેઠા, તે જુએ સાચા મુમનની વાટ જીરે ભાઈ.
જીરે ભાઈ રાત દિવસ મલાએક સેવા માંહે ઉભા, કે સાચા મુમન કયારે આવે જીરે ભાઇ.
જીરે ભાઈ મરત લોકમાંહે જે કોઇ સાચી પ્રીતે જાગે, તે ગુગરીને નીચે આવે જીરે ભાઇ.
જીરે ભાઈ સાચી પ્રીતે જે કોઇ ગુરનરને આરાધે, તો તે ગુગરીને તલે બેસે જીરે ભાઇ.
જીરે ભાઇ ગુગરી તલે ગુરનર આપજ બેઠા, તે સાચા મુમન ત્યાંજ આવે જીરે ભાઇ.
જીરે ભાઇ ભણે પીર ઇમામશાહ અમે ગુગરી જો દીઠી, તે ગુગરીનું તેજ અપાર જીરે ભાઇ.

### ગીનાન ૨ જું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તેનું તેજ ચંદરમાં સરીખું જીરે ભાઇ.
જીરે ભાઈ તેની નીચે એક ઢાલણી તે ઢાલણી પર હુરૂં અપાર જીરે ભાઈ.
જીરે ભાઇ તે હુરાં આગલ એક પરી જો બેઠી, તે પરીના હાથ માંહે નુર નીસાની જીરે ભાઇ.
જીરે ભાઇ મરત લોકમાંહે જે કોઇ પ્રભાતે જાગે, તે પરી તેની જુવે છે વાટ જીરે ભાઈ.
જીરે ભાઇ ભણે પીર ઇમામશાહ અમે પરી જો દીઠી, તે પરી જાણે નુરાની જોત જીરે ભાઈ.

### ગીનાન ૩ જું.

જીરે ભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તે ગુગરીનું તેજ અપાર જીરે ભાઇ.
જીરે ભાઇ તે ગુગરી હેઠે એક રંગજ લાગો દસ આસમાનથી મલાએક આવે જીરે ભાઇ.
જીરે ભાઇ તે મલાએક ૯૩૯ નીમાજ જ પડે, તે સાચા રખીસરને કાજે જીરે ભાઈ.
જીરે ભાઈ મરતલોક માંહે જે કોઇ અડધી રાતે જાગે, તેને કાજે જીકર કરે છે જીરે ભાઇ.
જીરે ભાઈ ભણે પીર ઇમામશાહ અમે ગુગરી જે દીઠી, તે દીઠીયું વાતુ હમ કહેવે જીરે ભાઈ.

## ગીનાન ૪ થું.

જીરે ભાઇ અમરાપુરી આલગ એક ગુગરી જો બાંધી, તેનું તેજ અનંત દીસે જીરે ભાઇ.
જીરે ભાઇ તે ગુગરી નીચે એક સતીજ બેઠી, તેનું નામ તો મહાસતી કહીએ જીરે ભાઇ.
જીરે ભાઇ તે સતીના હાથ માંહે એકજ માળા, તે તો ફેરવે ને જીકર કરે છે જીરે ભાઈ.
જીરે ભાઇ મરત લોકમાં જે કોઈ સીલ સંતોષ રાખે, તે સતી તેની જુએ છે વાટ જીરે ભાઇ.
જીરે ભાઈ ભણે પીર ઈમામશાહ અમે સતીજ દીઠી, તમે તે સહિ સાચું કરી જાણો જીરે ભાઈ.

## ગીનાન ૫ મું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તેનું તેજ અનંત દીસે જીરે ભાઇ.
જીરે ભાઈ તે ગુગરી નીચે એક રથ જો ખડા, તિસમે અનેક મલાએક બેઠા જીરે ભાઇ.
જીરે ભાઇ તે અનેક મલાએક જીકર જ કરે ઉસમે જપ તપ કરે શાહાકા જીરે ભાઇ.
જીરે ભાઇ મરત લોક માંહે જે કોઈ દો પોહર જાગે, તાકું વો મલાએક માગે જીરે ભાઈ.
જીરે ભાઈ ભણે પીર ઈમામશાહ અમે સાચું જ બોલ્યા, તે દીઠીયું વાતું હમ કહેવે જીરે ભાઈ.

## ગીનાન ૬ ઠું.

જીરે ભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તે ગુગરીનું તેજ અપાર જીરે ભાઈ.
જીરે ભાઇ તે ગુગરીકી નીચે એક બુરાખ જો ખડા, સો બુરાક નુરે નીપાયા જીરે ભાઈ.
જીરે ભાઇ તેની આગલે એક પુરૂખ જ ખડા, તે તો અશ્વ ઝાલીને ઉભા જીરે ભાઇ.
જીરે ભાઇ તે પુરૂખકે મુખમાંહે એસી જો વાણી, આવો આવો કરીને પુકારે જીરે ભાઇ:
જીરે ભાઇ મરતલોક માંહે જે કોઇ શાહાપીરને પીછાણે, તો તે ગુગરી નીચે આવે જીરે ભાઇ.
જીરે ભાઇ તે મોમન બુરાક ઉપર બયેઠે ગે, તે તો સરગની સહેલ સરવે દેખે જીરે ભાઇ.
જીરે ભાઈ પીર ઈમામશાહ ઈયુંજ બોલ્યા, સાચા મોમન સોહી પીછાણો જીરે ભાઈ.

## ગીનાન ૭ મું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તેની જોત નીરમલ હોયે જીરે ભાઈ.
જીરે ભાઇ ગુગરી નીચે બીછાંણા જો પડયાં, તીસ ઉપર પુસ્તક રાખ્યાં જીરે ભાઇ.
જીરે ભાઈ તે પુસ્તક માંહે અખર અજબ, તે માંહે લોહ કલમે લખ્યા જીરે ભાઇ.
જીરે ભાઈ તે પુસ્તક આગે એક મલાએક ઉભા, તેના હાથે હીરા જડેયા જીરે ભાઇ.
જીરે ભાઇ ઉનકે અજવાલે તે પુસ્તક દીસે, ઓર સાહકી સક્ષાયતે કાહાવે જીરે ભાઈ.

જીરે ભાઈ મરત લોક માંહે જે કોઈ રાત દીન જાગે, અને ગુના ગીનાન સંભલાવે જીરે ભાઈ.
જીરે ભાઈ મલાએક ઉભા તેન્યું વાટું જુએ છે, તે પુસ્તક પાસે વેલા આવે જીરે ભાઈ.
જીરે ભાઈ જે શાહા પીરકી સાચી હશોંદજ આલે, તે તો ગુગરી નીચે આવે જીરે ભાઈ.
જીરે ભાઈ ઉનું બીછાંણે ઉપર ઉનકું બીઠાવે, અને પુસ્તક પાસે રાખે જીરે ભાઈ.
જીરે ભાઈ ભણે પીર ઈમામશાહ અમે બીછાંણાંપર બેઠા, તો તમે સાચું કરી માનો જીરે ભાઈ.

## ગીનાન ૮ મું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તે ગુગરી છે સુરજ સમાન જીરે ભાઈ.
જીરે ભાઈ તે ગુગરી નીચે એક છત્રજ ઢળ્યા, તીસ છત્રકા તેજ અપાર જીરે ભાઈ.
જીરે ભાઈ છત્ર હેઠે એક નર જો બેઠા, તે તો મુમનની જુવે છે વાટ જીરે ભાઈ.
જીરે ભાઈ મરત લોક માંહે જે કોઈ એક મના રહેવે, તે તો બેસસે નર કે હજુર જીરે ભાઈ.
જીરે ભાઈ તે નર તો નુરે નીપાયા, તીસકે જોને જોત મીલાયા જીરે ભાઈ.
જીરે ભાઈ છત્ર તલે બોહોત સણગાર કીધા, રાત દિવસ માલમ ન સુજે જીરે ભાઈ.
જીરે ભાઈ પીર એંદર ઈમામદીન સાચુંજ કહેવે, નજરો નજર મીલાવું જીરે ભાઈ.

## ગીનાન ૯ મું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તેનું તેજ તો છે અપાર જીરે ભાઈ.
જીરે ભાઈ તે ગુગરી નીચે એક ખુરસી જો રાખી, ત્યાં હુરાંઉ છે હજાર જીરે ભાઈ.
જીરે ભાઈ હુરાંઉકે હાથ માંહે નુર કચોલા, તે ઉભી અરદાસ માગે જીરે ભાઈ.
જીરે ભાઈ મરતલોક માંહે જે કોઈ ત્રણ ટાણાં જાગે, તે હુરાં તેની જુએ છે વાટ જીરે ભાઈ.
જીરે ભાઈ ભણે પીર ઈમામશાહ અમે હુરાં જો દીઠી, તેને નુર કચોલાં છે હાથ જીરે ભાઈ.

## ગીનાન ૧૦ મું.

જીરે ભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી, તેનું તેજ જલકે અપાર જીરે ભાઈ.
જીરે ભાઈ તેની જલકાર સાતે આસમાન સુજે, અને દેવતા શીર નામે જીરે ભાઈ.
જીરે ભાઈ ગુગરી નીચે તો મલાએક રહેવે, તે તો કરે છે શાહાસું વાત જીરે ભાઈ.
જીરે ભાઈ ઉનકે પાસ એક સીંગાસણ રાખ્યાં, ઉનુકા તેજ અપાર જીરે ભાઈ.
જીરે ભાઈ ઈનુકે આગે પીછે હુરાં જો ખડયા, તે તો કરે છે શાહાસું અરદાસ જીરે ભાઈ.
જીરે ભાઈ મરતલોક માંહે જે નારી આપજ રાખે, તે હુરાં તેની જુએ છે વાટ જીરે ભાઈ.
જીરે ભાઈ ભણે પીર ઈમામશાહ અમે સાચું જ કેહેવે, તે નારી તો હુરાંમાંહે ભલસે જીરે ભાઈ.

સૈયદ ઇમામશાહે પોતાના મુળ સિંદ્ધાત પ્રમાણે ભોળા હિંદુઓને ભરમાવી પોતાના પીરાણા સતપંથમાં મેળવી અંતે મુસલમાન બનાવવાનોજ ઇરાદો ખાસ ધ્યાનમાં રાખ્યો છે, અને એજ ઉદ્દેશથી પોતાના બનાવેલા દરેક શાસ્ત્રોમાં ઠેર ઠેર એ કલ્પીત પંથનોજ મહિમા ગાયો છે, અને સાથે સાથે સ્વાર્થ-બુદ્ધિને અનુસરી દશોંદ વિગેરે બીજા અનેક લાગાઓ જે આપે, તેમનેજ માટે સ્વર્ગ નિર્માણ થયેલું છે એવી એવી પણ અનેક લાલચો આપી છે. એ ઉપરાંત પીરાણા સતપંથીઓ સિવાયના અન્યધર્મીઓને માટે તો દોજકજ નિર્માણ થયેલું છે એવું પણ ઠેર ઠેર પોતાના દરેક શાસ્ત્રોમાં કહી ગયા છે.

જીન્નતનામું એટલે સ્વર્ગની જોઈ આવ્યાની ગપ કથા તેમાં પણ ઈમામશાહ જણાવે છે કે, ત્યાં જેટલા પીરાણા સતપંથીઓ હતા તેટલા સ્વર્ગનાં ઉત્તમ સુખો ભોગવતા હતા અને અન્ય સંખ્યાબંધ હિંદુઓ તથા મુસલમાનોને અસહ્ય દુઃખ ભોગવવું પડતું હતું. એવી એવી અનેક પ્રકારની ગપ કથાઓ ઇમામશાહ પોતાના ઉભા કરેલાં શાસ્ત્રો જેવાં કે; **જીન્નતનામું, વીસટોલ, ગોરવાણી અને દશ ગુગરીનું જ્ઞાન** વિગેરેમાં વર્ણવી ગયા છે. એ સઘળાંની ટીકા કરવી એ પણ ફક્ત એકજ વિષયની પુનરોકતી કરવા જેવુંજ છે, કારણ કે પીરાણા સતપંથના દરેક શાસ્ત્રોનો મુખ્ય મુદ્દો, હિંદુઓને પોતાના ધર્મથી ભ્રષ્ટ કરી મુસલમાન બનાવવા, તથા દસોંદના દોકડા લઇ એ ભોળી પ્રજાને ભીખ માગતી કરવી એ સિવાય બીજો કશો નથી. અને એ બધાની મુદ્દારૂપ ટીકા તો ઇમામશાહની જીવનરેખાના પ્રકરણ ૭ મા માં આપણે આગળ વાંચી ગયા છીએ. પરંતુ જીન્નતનામાં માં તો સૈયદ ઈમામશાહે હિંદુ અને મુસલમાન બન્ને ધર્મનું હડહડતું અપમાન કરી પોતાના એ કપોળ કલ્પિત મતપંથનો મહિમા વધારવાના હેતુથી સ્વર્ગ જોઇ આવ્યાનું વર્ણન કરતાં જણાવ્યું છે કે; નુરસાહે ચંદનવીર કે જે જીબ્રાઇલનો અવતાર હતો તેને પોતાની (ઇમામશાહની) સાથે સ્વર્ગ બતાવવા મોકલ્યો હતો.

ઈમામશાહ ત્યાં નજરે જોયેલા દેખાવનું વર્ણન કરતાં પ્રથમ દૃશ્યનું વિવેચન કરે છે કે, કેટલાક નાગાઓ ત્યાં રૂદન કરતા હતા, કેટલાક અગ્નિથી બળતા હતા, કેટલાક બાહેર ઉભા ઉભા પોકાર કરતા હતા, તો કેટલાક બેઠા બેઠા ખાતા હતા, તો કેટલાક ભુખથી પીડાતા હતા. આવો દેખાવ જોઇ ઇમામશાહે તેમને પુછયું કે; "તમે શું શું કૃત્યો કર્યા છે કે જેથી તમને આવી આવી વેદનાઓ ભોગવવી પડે છે." ત્યારે નાગાં ભુખ્યાંની જમાત બોલી કે; "અમે મૃત્યુ લોકમાં સતગોરને ઓળખી દાન કર્યું ન હતું તથા ખાનામાં ઉઠાસરૂં નહોતું કર્યું, તથા વસ્ત્રના દાન કર્યાં નહોતાં, જેથી અત્રે વસ્ત્ર ન મળવાથી નાગા થઇ ભુખ્યા રહેવું પડે છે. આવું દુઃખ અમને મહાદન સુધી ભોગવવું પડશે." વળી કેટલાક લોકો રોતા ફરતા હતા, તેના કારણમાં તેમણે જણાવ્યું

કે, જેઓ ગત ગંગામાં ભેગા થયા ન હતા, તેમને અત્યારે રોવું પડે છે, તથા જેમણે સુતક પાતક સતપંથના નિયમને અનુસરી ઉતાર્યાં ન હતાં, તથા ગત ગંગા કેતાં ખાનામાં ભેગા ન થયા હતા તેમને અત્યારે તોબાં તોબાં પોકારવાં પડે છે, તથા દશોંદ વિગેરે લાગા ન આપ્યા હોવાથી અત્રે ભુખે મરવું પડે છે. આ ઉપરથી વળી ઈમામશાહ પોતાના સતપંથી મુરીદોને સમજાવે છે કે; "ચેતણહારા તમે ચેતજો, એટલે હે સતપંથી મુમનાઓ તમે ચેતીને ચાલજો, એટલે દશોંદ વિગેરે બીજા અનેક લાગાઓ આપજો નહિતર પછી ઉપર બતાવેલાં દુઃખો તમારે ભોગવવાં પડશે."

ત્યારપછી ઈમામશાહ આગળ ચાલ્યા ત્યાં આગળ એક ઢોલીઓ બીછાવેલો હતો, તેના પર કેટલાક જીવો સુતેલા હતા, તથા કેટલાક આનંદ વિગેરે કરતા હતા, તેમને પુછતાં તેમણે જવાબ દીધો કે; "અમે સતપંથ સેવ્યો હતો, તથા દશોંદ વિગેરે લાગાઓ આપ્યાં હતાં, તથા તમારા બાપદાદા કબીરદીન, સદરદીનને પુજ્યા હતા, તેથી અત્યારે આનંદ ભોગવીએ છીએ." ત્યાંથી આગળ જતાં ઈમામશાહના જોવામાં અસંખ્ય હિંદુઓ આવ્યા. ઈમામશાહના કહેવા પ્રમાણે જેટલા હિંદુઓ મરી જાય છે, તેટલા ત્યાં જાય છે. ત્યાં તેઓ પોતાની કરણી પ્રમાણે સુખ દુઃખો ભોગવે છે, અને તેને માટે વધારામાં ઈમામશાહ કહે છે કે;

**"દુનીઆમાં જેની માટી બળે ભાઈ તેનાં મોઢાં કાળાં થાય.**
**સતગોર ઈમામશાહ વિના જે કરણી કરે તે છઠ્ઠે આસમાને જાય:**
**પછે આખર જાતાં જે પડે, તેની કરણી રદ જ થાય.**
**સતપંથ વિના તે ખોટા કાઢીએ અને ખોટા તે સર્વે ધામ,**
**જો આલ ઈમામની સેવીએ તો પોંચીએ ભેસ્ત મુકામ."**

ત્યાંથી ઈમામશાહ આગળ ચાલ્યા, અને જુવે છે તો કેટલાક મુસલમાન જીવો જોવામાં આવ્યા તેમાં એક જાગે, એક સુવે, તો એક અરદાસ કરે એવી સ્થિતિમાં હતા, એ જોઈને સૈયદ ઈમામશાહ પોતાના સતપંથી મુમનોને સંબોધીને કહે છે કે;

**"રસુલનું દીન તો સાચું કહીએ, જેમાં અલીજીનો અવતાર;**
**પણ ઓળખ્યા વિના સર્વે કાચું, તેને ન થાએ શાહાના દીદાર."**

એટલે કે મુસલમાની ધર્મ તો સાચો, પરંતુ તેમણે ખરા સતગોરને ઓળખ્યા ન હતા, જેથી તેમને આ દુઃખો ભોગવવાં પડે છે. એ ઉપરથી ખરા ગોર તો સૈયદ ઈમામશાહના કહેવા પ્રમાણે તેના બાપદાદાઓજ છે એટલે કે; **પીર નુર સતગોર, પીર સલાઉદીન, પીર શમસદીન, પીર નસીરદીન, પીર સાહેબદીન,**

પીર સદરદીન, પીર કબીરદ્દીન તથા પીર ઇમામશાહ જ છે. જેથી એ બધા ગુરૂઓને માની તેમના મુરીદ બની તેમના વારસોને દશોંદ વિગેરે આપે તેવાનેજ સ્વર્ગનાં અનેરાં સુખો મળવાની આશા હોય છે.

ત્યારપછી ઈમામશાહ આગળ જતાં સાતમે આસમાન જાય છે, અને તે જગ્યાનું વર્ણન કરતાં જણાવે છે કે, ત્યાં બધા કલપયુગના દેવો એકઠા થયા હતા, તથા ઇમામશાહના બાપદાદા પણ ત્યાં હતા, તે ઉપરાંત હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર વિગેરે પણ જીવતા ત્યાં હતા, ઇમામશાહાને જોઇ પીર કબીરદીને પુછયું કે; "તમારી આ દેહે તમે અહિં 'સ્વર્ગમાં' કેમ આવી શકયા ?" ત્યારે ઇમામશાહાએ કહ્યું કે, 'મને નુરશાહનો હુકમ છે જેથી સ્વર્ગ જોવા આવ્યો છું, માટે સ્વર્ગની કુંચીઓ મને આપો.' જે ઉપરથી પીર હસન કબીરદીન પાસેથી સ્વર્ગની કુંચીઓ લઇ ઇમામશાહ સ્વર્ગના દ્વાર પાસે જાય છે, ત્યાં પોતાની ઓળખાણ આપવાથી નુરી ફીરસ્તાઓ સ્વર્ગના ચારે દરવાજા ઉઘાડી આપે છે, તે દરવાજાઓનાં તાળાં કુંચી પણ સોનાનાં બનાવેલ હતાં તથા બારણા સોનાનાં હતાં અને સાખું રૂપાની બનાવી તે સઘળાં માંહે હીરા મોતી જડયાં હતાં. તે ઉપરાંત એક એક દરવાજા આગળ ચાર ચાર હજાર સુરજ હતા, તથા ચંદ્રમાનો તો પારજ નહોતો. એવા એવા અનેક પ્રકારે તે દરવાજાઓનાં વખાણ કર્યાં છે. તે ઉપરાંત ત્યાંના મહેલોનું વર્ણન કરવામાં તો કશી મણાજ રાખી નથી, તેની દીવાલો તો સોનાની ઇંટો અને કેશર કસ્તુરીના ગારાથી ચણી બનાવેલી હતી. એવા એવા સુશોભિત મહેલો જેઓ ખરા સતપંથીઓ હોય તેમને મળે છે. ત્યાંથી આગળ વધી મહેલની અંદર ગયા, તેનું વર્ણન કરતાં જણાવે છે કે, તેની અંદર રૂપાના ઢોલીઆઓ પાથરેલા હતા, કે જેના તેજનો પાર જ ન હતો. તે ઉપરાંત દરેક ઢોલીઆ આગળ પચાસ પચાસ સુંદર હુરાંઓ ઉભી રહી હતી. એવા એક ઢોલીઆ ઉપર જઇને ઇમામશાહ બેસે છે, તેને અલી નબીની આલ જાણી સર્વે હુરાંઓ ધ્રુજવા લાગે છે કે હવે તેમના કેવા હાલ થસે, તે સર્વે હાથમાં પાનનાં બીડાં લઇને પોતાના કંથની વાટ જોતી હતી, કે કયારે તેમના પતિ ત્યાં આવે અને તેને બીડાં અપાય તે સઘળી હુરાંને સંબોધી ઇમામશાહ વળી પાછા પોતાના સેવકોને લલચાવવાના ઉદ્દેશથી કહે છે કે; "હે રૂપવંતી હુરાંઓ ! જેઓ મૃત્યુ લોકમાં સતપંથ સેવશે, અને પુરી દશોંદ તથા બીજા લાગાઓ આપશે, તેઓ તમારા ભરથાર થઇને આવશે, તેમની સાથે તમો બરાબર રૂપ રંગ સજી આનંદ વિલાસ ભોગવજો."

આ ઉપરાંત વળી પોતે બેઠા હતા તે ઢોલીયાનું વર્ણન કરવાનું રહી ન જાય એવા હેતુથી જણાવે છે કે, હે મુનીવરો ! એટલે હિંદુ ધર્મથી પતિત થયેલા મુમનાઓ ! ! "હું તે ઢોલીઆના શું વખાણ કરૂં !" સોનાના તો

તેના પાયા હતાં, અને રૂપાની ઇંટો હતી, તથા હીરની દોરીથી તે વણેલો હતો, તે ઉપરાંત તેની ઉપરના બીછાનાં પણ નુરના હતાં, તથા ચાર પાઇએ એક એક રત્ન જડેલું હોવાથી બહુ પ્રકાશમાન દેખાતો હતો. એ બધું એક એક સતપંથી મુમનને માટે સૈયદ ઇમામશાહે સ્વર્ગમાં રીઝવર્ડ કરી રાખ્યું છે; આ ઉપરાંત વધારામાં સત્તર સુરજરંગી અને સત્તર ચંદ્રરંગી હુરાંઓ, તથા ચાર ચાર દેવ કન્યાઓ, તેમજ એક અરધ અંગની અને પાંચસો નુરાની કુંવર વિગરે એક મુમનને આપવાની ગોઠવણ કરી રાખી છે. વધારામાં દુધ, મધ અને શરાબથી ભરેલા ચાર ચાર પ્રકારના હોજો દરેક સતપંથીઓને માટે રાખી મુકયા છે ત્યાંથી આગળ જતાં કોટ દીઠો, તેનો વિસ્તાર પણ પાંચસો ગાઉ લાંબો અને પહોળો હતો તેની અંદર આવેલ ભાગનું રાજ એક એક સતપંથી મુમનને માટે નિર્માણ કરી રાખેલ છે. આવી આવી અનેક લાલચો આપી પોતાના સતપંથી સેવકોને ભરમાવ્યા છે તથા એમ પણ કહ્યું છે કે, એકોતેરસો પરીઆ બાપના, એકોતેરસો માયના અને સાત પરીઆ સાસરાનાં નો એમ એક સતપંથીથી ઉદ્ધાર થાય છે. આ બધા ઉપરથી વળી પાછા ઇમામશાહ જણાવે છે કે; "ધન ધન ભાઇ તે મુમનને જેણે સતગુરૂ ઇમામશાહાની માની વાત." આ બધું જોઈ ઇમામશાહ પાછા છઠ્ઠે આસમાન આવ્યા, ત્યારે ઇમામશાહના બાપદાદાઓએ કહ્યું કે "ધન ધન ઇમામશાહા અવતાર."

ત્યારપછી ઇમામશાહ પાંચમે આસમાન જાય છે, ત્યાં ઇંદ્ર રાજા રાજ કરે છે તેને જોતા આવ્યા, પણ ઇંદ્ર મહારાજાની તો કશી હકીગતજ ન લખી. ત્યાંથી ચોથા અસમાને આવ્યા ત્યાં નવલાખ તારાનું રાજ્ય જોયું, ત્યાથી ઇમામશાહ બીજે આસમાને આવ્યા, ત્યાં ચંદ્રમાનું રાજ્ય જોયું, ત્યાંથી આગળ જતાં પહેલે આસમાન પહોંચ્યા ત્યાં સુર્ય ભગવાનનું રાજ્ય જોયું કે જ્યાં રવીલાણુ રાજ્ય કરે છે. એટલી વાત ઇમામશાહે જણાવી; પરંતુ ઇંદ્ર મહારાજ, ધ્રુ, ચંદ્રમા, તારા અને સુરજ ભગવાને તેમનો સત્કાર કર્યો કે કેમ તે તો જણાવ્યુંજ નથી. તેમ તે ભુવનોનો કશો ઉલ્લેખ પણ કરેલો નથી. ત્યાંથી આગળ વધતાં મેરૂ પર્વત ઉપર ગયા, ત્યાંની અનોપમ લીલા જોઈ ઘણા ખૂશી થયા, અને હાજરબેગ નામના ગુલામને સાથે લેઇ ઇમામપુરી કેતાં પીરાણામાં આવ્યા હતા.

ઉપર દર્શાવેલા પ્રકારનું સ્વર્ગ ઇમામશાહ જોઈ આવ્યા છે એમ લોકોને જાણ કરવા ખાતર ત્યાંની નીશાની રૂપ એક સોનાની ઇંટ લેતા આવ્યા છે. કદાચ હીરા માણેક કરતાં એમને સોનુંજ વધારે પ્રીય હોય એમ માલમ પડે છે.

ઉપરથી કથા વાચતાં હરકોઇ સતપંથીઓના મોઢામાં પાણી છુટે છે, દશોંદ દીધાથી અને સતપંથ પાળ્યાથી હીરા માણેકથી જડેલા મહેલો, પચાસ

હુરાંઓ, પાંચસો છોકરાઓ વગર મહેનતે તૈયાર મળે એ વાત કોને ન ગમે. આવી આવી અનેક પ્રકારની લાલચો આપવામાં ઈમામશાહે જરા પણ કંજુસાઈ કરી નથી. ખરી વાત તો એ છે કે, પરધર્મીઓને વટલાવી પોતાના ખીચડીયા સતપંથમાં મેળવી, તેની મુખાઇનો ભોગ બનાવી પૈસા નીચોવી લેવાના જ નીચ હેતુથી ઈમામશાહ મોઢાના મીઠાસની ઉદારતા વાપરેજ ગયા છે અને પોતાથી બને તેટલી મહેનતે સ્વર્ગનું પણ એવું ઉત્તમ વર્ણન કર્યું છે કે જરૂર એ મુમના સતપંથીઓ લોભાયા વગર રહેજ નહી.

એ ઉપરાંત વીસટોલ, ગોરવાણી અને દશ ગુગરીનું જ્ઞાન વિગેરે ઈમામશાહના બનાવેલ સઘળાં શાસ્ત્રોની ખાસ મતલબ પણ એજ છે કે, પોતાના સતપંથી મુમન સેવકોને મોટી મોટી લાલચો આપી દશોંદના પૈસા કઢાવવા અને અંતે તેમને મુસલમાની રાહત ઉપર લઈ જવા સિવાય બીજી કશી જણાતી નથી. દશ ગુગરીના જ્ઞાનમાં પણ ઇમામશાહે સ્વર્ગમાં નજરો નજર જોયલી વાતો જ કરે છે. આવું પોતાના મતિહીન હિંદુ મુમના સેવકોને ગળે ઉતારવાના પ્રયત્ન સિવાય તેમાં કશુંએ નથી. તે સિવાય સૈયદ ઇમામશાહે પોતાના સતપંથી સેવકોને સ્વર્ગની જૂઠી લાલચો આપી પૈસા કઢાવવાના હેતુથી દશોંદના લાગાના કર વિષે ભારે ભાર મેલીને બોધ કર્યો છે, અને તેના માટે **મુમન ચેતામણી** નામના પોતાના રચેલા શાસ્ત્રમાં જણાવ્યું છે કે;

" એજી લક્ષ ચોરાસી તો છુટીએ, જો રહીએ આપણા સતગુરૂ કે ફરમાન માંહે;
દશોંદ દીજે સતગુરૂ મુખે, તો વાસો હોવે અમરાપુરી માંહે.
એજી અમરાપુરી છે આગળે, તેનાં સુખ કહ્યાં નવ જાય;
સતગુરૂએ કેતાં ઇમામશાહે દીઠી તેવી કહી છે, ત્યાં હુરમ લાયક માંહે.
એજી અનંત મેવા છે તે મહેલમાં તે ઘરની શોભા છે ત્યાંય;
મોમન રખીસર તે મહેલમાં લીણા લાડ કરશે ત્યાંય.
એજી એવાં ઘર તે જીવ પામસે જે ચાલસે આપણા સતપંથ માંયે,
ખરા દશોંદી સુક્રીતવંતા તેની શાખ છે એલમ માંય માટે—ચેતન હારા તમે ચેતજો.

**વળી ઇમામસાહે દશોંદ માટે કહ્યું છે કેઃ—**

એજી એ ઘર દશોંદ જ દીજીએ, તે માંહે આળસ ન કરીએ લગાર,
અનેક જીવ આગે ઓધર્યા તેણે ઓળખીઓ પોતાનો ભરથાર;
એજી દશોંદ વિના નહી છુટસો સાંભળો મુનીવરો કહુ છું વારંવાર.

**દશોંદમાં મુમન ન સમજે તેટલા માટે ઇમામશાહે ખુલાસો કર્યો છે કે;**

**એજી દશોંદ તે કમાણીની દશમી પાંતી કહીએ તે તો આલો એ નરજીશું અહાર;**
**ચાળીઓ તે પીર મુખે આલીએ, એ છે મુમન તણો ખાસ વહેવાર.**
**એજી દશોંદ દેતાં જે જીવ ડોલાવશે તેનું હાલ માલ નહી રહે પરિવાર !!!**
**ક્રિયા હીણા જીવ નહીં તરે, સતગુરૂ ઈમામસાહ કહે છે પુકાર.**
**એજી કલજુગની સંગ છે દોહલી, એ મુમનભાઇ તમે રહેજો હુશીયાર;**

દશોંદ દેજો આ સતગુરૂ મુખે (કહેતાં ઇમામશાહને) તેથી ઉતરો પેલે પાર.
એજી દશોંદ નહીં દેશે સતગુરૂ મુખે તે તો કાયર થાસે ને ખાસે રે માર,
તેના હૈડામાંથી અગ્ની ઉઠસે તારે જીવડો તે કરશે રે પુકાર ! ચેતન૦
એજી મહારે પદાર્થ સરીખો આ માનખો તેને સદગુરૂજીએ ધર્મ દીધો સંભાળ,
તે માંહે સાચા મુનીવર આપણા તેને સ્વામી રાજો લેશે ઉગાર.
ખાસ કરીને તો એજી તે માંહે ખરા દશોંદી જે સુક્રીતવંતા તેણે તો બાંધી પુરની પાર,
તે જ્ઞાન વીચારી ચાલસે તેને કલયુગ નહી લોપસે લગાર.
ખરી દશોંદ તેને આલીએ એ તો ખટયા નીરે સંભાર,
એજી તે સતગુરૂની પાંતી અળગી કરો, અને બાકીનો કરો પોતાનો અહાર.
તે માંહે થાસે બરકત ઘણી (ભુખની !) તેનો સેસો મ આણજો લગાર,
ભાઇ રે દશોંદ આપણને દીધા વિના નહી ચાલસે,એ ગુરૂનર લોભી નહીં રે લગાર.
એજી દશોંદ તે દશમી પાંતી કહીએ તે દેજો નરઅલીજીને અહાર.
ચાળીઓ અમારો આલજો એ પીર મુરીદનો છે વેવાર.
એજી સતગુરૂના વાયકે તે સાચા ચાલજો,દેજો સતગુરૂ મુખે દશોંદનો અહાર,
ચાળીઓ તે પીર મુખે આપજો અને કરજો તે સુક્રીત અપાર.
એજી ખરાં દશોંદી સુક્રીતવંતા તે તો આવસે અમારે દુવાર, (પીરાણામાં)
આખરની વેળા જ્યારે આવશે, ત્યારે તે ઉતરશે પેલે પાર.

**ઈમામશાહ ભાર દઇને પોતાના શિષ્ય મુમનોને કહે છે કેઃ—**

એજી ઇમામશાહના વંશ સૈયદો જેવાને સુપાત્રે દાન દેતાં ઓછું
આણસે અને બીજે પાંખડે રાખસે વેવાર,
તેને શ્રી સતગોર ઈમામશાહ પોતાનો નહી કરે તે તો જસે નરગને દોવાર.
એજી જે સૈયદ જેવા સુપાત્રને દાન દેતાં ઓછું આણસે અને ચારે
ચરખટે તે રહેશે હુશીયાર,
પણ ભાઈ મુમનો સતપંથ વિના ધર્મ છે જેટલાં તે તો સર્વે મીથ્યા સાર !
એજી જેણે સતગુરૂએ ધર્મ દઇને ઇમામશાહાના વંશ સૈયદ દેખાડીઆ
પ્રગટ હાજર જામું પાત્ર અવતાર,
બીજા સંસારથી ગુપ્તજ રહીએ એક સતગુરૂ સૈયદ મુખે રાખીએ વીચાર.

ઇમામશાહે ! આ કબ્રસ્તાની પંથે ચડેલા પોતાના શિષ્યોને તેમની શ્રદ્ધા જોઈ જોઇને ફુંકી ફુંકીને ફોલી ખાવાની યુક્તિ રચી છે, તે સાથે કંઇક સામ ભેદનો પણ ઉપયોગ કર્યો છે. દશોંદ દેવામાં જરા પણ મન કચવાય તો ઇમામશાહ કહે છે કે, એ મુમનનો હાલ માલ ને પરિવાર પણ નહિ રહે, એટલે તેનું નખોદ જશે ! હૈડામાંથી અગ્નિ ઉઠશે ! આજ્ઞાઓ પાળે છતાં દશોંદ ન ભરે તો ક્રિયાહીન કહેવાય, એટલે તે તરશે નહિ એવું ઇમામશાહ પોકારી કહે છે. ઈમામશાહને પોતાનેજ નહિ પણ તેના પરિવાર સૈયદોને પણ દશોંદ આપવી ! જુઓ તો ખરા. પોતાની પાછળ પેઢીની પેઢી સુધીના સૈયદોના પેટની પણ તે બિચારા જીવને કેટલી ચિંતા થઇ હતી; તેને ખબર તો હતી જ કે

આગળ જતાં બધું પોગળ ઉઘાડું થશે એટલે કહી રાખ્યું છે કે; બીજા સંસારી માણસો અને તેમના ધર્મ કર્મ કે વહેવારમાં જોડાવું નહિ! માત્ર સૈયદોના મુખનોજ વહેવાર રાખવો, એટલુંજ નહિ પણ સૈયદોને દાન દેતાં જે ઓછું આણસે અને બીજા પાખંડ ધર્મો સાથે વહેવાર રાખશે તે નર્કે જશે જેથી એ બિચારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાન લોકો આ ઉપદેશ સાંભળી સૈયદોના મુખની પ્રસાદીને જ ઉત્તમ માનતા આવ્યા છે. જાણે હિંદુપણામાંથી ભ્રષ્ટ થયેલાનેજ ભેસ્ત મુકામે લઇ જવાનો ઇજારો મેળવીને સૈયદ ઇમામશાહ ન આવ્યા હોય તેમ પોતાના અજ્ઞાન હિંદુમુમના સેવકોના ગળે ગૂટડા ઉતાર્યા છે. સૈયદ ઈમામશાહના રચેલાં બધાં શાસ્ત્રો અને જ્ઞાનોમાં હિંદુધર્મ, ગાય, બ્રાહ્મણ, દેવતાઓ, મંદીરો અને હિંદુશાસ્ત્ર, પુરાણો વેદો વિગેરેની નીંદા કરી, અજ્ઞાન અને ભોળા લોકોને ભરમાવી તેમને ધર્મપરથી આસ્થા ઉઠાડી ઇસલામી બનાવવાના માટેજ રચવામાં આવ્યાં છે. એ ઉરતાંત સૈયદ ઈમામશાહે હિંદુધર્મથી પતિત થયેલા પોતાના મુમના સેવકોને નુરની ગોળી દશોંદ વિશોંદના લાગા આપે તથા પોતાની (ઈમામશાહની) આલ ઓલાદને ગુરૂ કરી પુજે તેનેજ સ્વર્ગ મળે છે, એવોજ મહીમા ગાયો છે. સૈયદ ઇમામશાહના બનાવેલાં શાસ્ત્રો જોકે આ પુસ્તકમાં ખાસ કરીને કેટલાંક તો આવી ગયાં છે, પરંતુ હજુપણ એવાં સેંકડો શાસ્ત્રો, જ્ઞાનો તથા ક્રિયાઓના ગ્રંથો બનાવેલા છે કે જે બધા આ પુસ્તક પછી પ્રગટ થનારા પીરાણા સતપંથની પોલ ભાગ બીજામાં આપવામાં આવશે. અત્રે તો હવે એ બધાં શાસ્ત્રો અને જ્ઞાનોને વિસ્તાર ભયથી મુકી દઈ, એક અગત્યનો વિષય કુર્મીક્ષત્રિય ઉત્તપત્તિમાંથી લઈ આપવામાં આવશે, કે જે હમારી જ્ઞાતિ સાથે વિશેષ મહત્વ ધરાવતો હોવાથી તેને સ્થાન આપીશું, કદાચ કોઇ વાચક બંધુને એમ પણ જણાશે કે, પીરાણા સતપંથની પોલને અને કુર્મીક્ષત્રિય ઉત્તપત્તિના ઇતિહાસને તે શો સંબંધ! પરંતુ હવે પછીનું ૧૧ મું અને ૧૨ મું પ્રકરણ અથથી ઇતિ સુધી વાંચી જતાં જણાશે કે, પીરાણા સતપંથે અનેક હિંદુ જ્ઞાતિઓ અને તે ઉપરાંત કચ્છ દેશના અમારા કડવા પાટીદાર બંધુઓ કે જેઓ બધા એ પાપી પંથની જાળમાં ફસાઇને એવી તો અધમ સ્થિતિ ભોગવે છે કે, આજે તેમને તેઓ પોતે અસલ કોણ હતા, તથા કયાંથી કેવા કેવા સંજોગો વચ્ચે પોતાનું મુળ વતન ગુજરાત છોડી કચ્છના રેતાળ પ્રદેશ તરફ પ્રયાણ કરવું પડયું હતું. એ બધી બાબતનો સ્ફોટ કરવામાં આવશે. તેઓને તેમજ દુનીયાની જનતાને તેઓ કેવી અધમ સ્થિતિ ભોગવી રહ્યા છે, એ જણાવવાને માટે કૂર્મીક્ષત્રિય ઉત્તપત્તિના વિદ્વાન લેખક કર્મવીર બંધુ પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ વીરમગામવાળાએ અથાગ પરિશ્રમ ઉઠાવીને સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને પોતાની અસલ સ્થિતિનું ભાન કરાવ્યું છે. કે જેના માટે અમારી આખી જ્ઞાતિ સદાને માટે તેમની રૂણી રહેશે.

## પ્રકરણ ૧૧ મું.

## કણબીઓના મૂળ પુરૂષ કૂર્મ રૂષિની ઉત્પત્તિ.

હિન્દની અસલ સ્થિતિનો ચિતાર જાણવા માટે આધારભૂત અને પ્રામાણિક ગ્રંથો તરિકે આપણી પાસે આપણા વેદો મોજુદ છે. જ્યારે અસલમાં યૂરોપ અમેરિકાદિ અન્ય દેશો સુધારાની બાબતમાં પછાત હતા, ત્યારે આર્યાવર્ત સંપૂર્ણ રીતે ઉન્નતિના શિખરે પહોંચી ચુકયો હતો, એવું આપણા વેદો ઉપરથી દુનિયાંને નિશંકપણે કબુલ કરવું પડે છે. તે વખતે આપણી સ્થિતિમાં ધાર્મિક સ્થિતિ પ્રાધાન્ય પદ પર હતી. જ્ઞાનના ભંડારરૂપ આપણા ઇશ્વર પ્રણિત વેદો, પરંપરાથી બ્રહ્માજી અને કશ્યપ મન્વાદિ તેમના પુત્રોને મુખપાઠે હતા, અને તેજ ક્રમસઃ એક પછી એક વિદ્યાર્થીને લેખનશૈલી વિનાજ તે મોઢે કરાવવામાં આવતા હતા. પરંતુ જ્યારે લેખનશૈલી શરૂ થઈ ત્યારે વેદોમાં પહેલવહેલો આપણો ઋગ્વેદ લખાયેલો હોવાથી, આપણો પ્રાચિન ઇતિહાસ જાણવાનું તે મુખ્ય સાધન મનાય છે. તે જોતાં માલૂમ પડે છે કે આપણો પ્રથમ વાસ અફગાનિસ્થાનમાં હતો, અને ત્યાંથી હિન્દુકુશ પર્વત ઓળંગી ખૈબરઘાટને માર્ગે આવી આપણે પંજાબમાં વાસ કર્યો અને ત્યાંથી પણ કેટલાક સમય પછી આપણે ક્રમે ક્રમે પૂર્વ તરફ ગંગા જમનાના રસાળ પ્રદેશમાં ઠેઠ બંગદેશ સુધી વિસ્તર્યા.

કેટલાક ઇતિહાસકારો એવું પણ અનુમાન કરે, છે કે આપણ આર્યોના, ઇરાનીઓના અને યુરોપીઅન પ્રજાના બાપદાદાઓ સાથે સાથે મધ્ય એશિયામાં આમુ નદી પાસે પામિર નામના ઉચ્ચ પ્રદેશમાં વસતા હતા. ત્યાંથી એક ટોળી યૂરોપ તરફ, અને બીજી ઇરાન તરફ અને ત્રીજી અફગાનિસ્થાનમાં થઇ પંજાબમાં આવી. આ માન્યતા વિરૂદ્ધ ટીકા કરવા હું માગતો નથી, ગમે તેમ હોય! આપણા આર્યો પ્રથમ હિન્દમાંજ વસતા હો, અગર તો મધ્ય એશિયાના પામિર પ્રદેશમાં વસતા હો, પરન્તુ વેદો જોતાં તેમના અસલ સ્થળનું નામ ભરતખંડ હોય તેમ માલૂમ પડે છે. તે પરથી મારૂં એવું માનવું છે કે ભરતખંડની મર્યાદા હાલ જે પંજાબની સરહદ પર સુલેમાન અને હાલા પર્વત તથા હિમાલયથી અંકાય છે, તેને બદલે અફગાનિસ્થાન તથા તેની ઉત્તરના પામિરવાળા ઉચ્ચ પ્રદેશનો ભાગ પણ તેની હદમાંજ હોવો જોઇએ. આ વાતની પુરતીમાં એમ કહી શકાય છે કે, રામાયણ અને મહાભારત વખતના ભરતખંડની હદ હાલના હિન્દુસ્થાન જેટલીજ નહોતી; પરન્તુ વિસ્તીર્ણ હતી. તેમ તે બંને ઐતિહાસિક મહાન્ ગ્રંથો પરથી સ્પષ્ટ માલૂમ પડે છે. ઋગ્વેદના મંત્રો ઉપરથી જણાય છે કે, આર્યોએ અફગાનિસ્થાનના પ્રદેશમાં પ્રાચિન કુંભા ( કાબુલ )

નદી પર ઘણા કાળ સુધી શાન્તિથી વાસ કર્યો છે. વળી તે સમયે અને તેજ સ્થાનેથી વેદના મંત્રોની લેખનશૈલી શરૂ થયેલી માનવામાં આવે છે; કારણ કે વેદમાંની કેટલીક ઋચાઓમાં કુંભા ( કાબુલ ), ક્રુમુ ( કુરમ ) અને ગોમતી ( ગોમલ ) નદીઓ વિષે વારંવાર વિવેચન કરવામાં આવેલાં છે. ત્યારબાદ તે પ્રદેશની અવર્ણનીય કુદરતી શોભા નિહાળતા અને તેની ફળદ્રુપ જમીનમાં ખેતી કરતા તેઓ પોતાની ધાર્મિક કાર્યકીર્તિને પશ્ચિમમાં પંજાબ તરફ ફેલાવવા લાગ્યા. પ્રથમ તેમાં પ્રચંડ સિંધુ નદી, સતદ્રુ ( સતલજ ), પીપાસા ( બીઆસ ), પુરૂષ્ણુ ( ઈરાવતી—રાવી ), અસીકી કિંવા ચંદ્રભાગા ( ચિનાબ ) અને વીતસ્તા ( જેલમ ) એ વગેરે નદીઓનાં વર્ણન આવેલાં છે. એ પરથી તેઓ પંજાબમાં થઇ ક્રમે ક્રમે મથુરાં તરફ આગળ વધ્યાનું માલૂમ પડે છે. આ પ્રદેશમાં તેઓએ વધારે વખત સુધી વાસ કર્યો છે. તેમના મૂળ પુરૂષ તરીકે ભગવાન કશ્યપ ઋષિ હોવાનું આપણાં શાસ્ત્રો બતાવે છે, તેથી તેમનાથી આપણા મૂળ પુરૂષ ચંદ્રવંશીય કૂર્મ ઋષિ સુધીનો વંશ બતાવવાની અત્રે આવશ્યકતા હોવાથી તે નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

जज्ञिरे कश्यपो ह्यादौ तस्मादत्रिर मुत्पुरा ॥
विद्युत्तेजः समो लोके जातो भिस्तपसापुरा ।
अत्रिश्चक्षुः समुत्पन्न स्तेजसां पतिरीश्वरः ॥
आह्लादकोहि लोकानामौषधीनां च पोषकः ।
धात्वर्थस्य क्लात्सोपि चंद्र नामेति विश्रुतः ॥
चदि आहलादने दीप्तौ चेतिधातो र्निप्पन्न ।
त्वेनतस्य चंद्रनामत्व मितिबोधम् ॥

ક્ષીર સાગરમાં ભગવાન શેષજીની શય્યાપર શયન કરી રહેલા વિષ્ણુનારાયણની નાભીકમળમાંથી શ્રી બ્રહ્માજી પ્રકટ થયેલા છે. તેમનાથી સમગ્ર સૃષ્ટિના પિતા આદિ પુરૂષ શ્રી કશ્યપ ઋષિ ઉત્પન્ન થયા. તેમનાથી મહાત્મા અત્રિ ઋષિ ઉત્પન્ન થયા. તેમજ અંબારરૂપ તેમનાં નેત્રોમાંથી સર્વ તેજના પતિ, ઇશ્વર, સર્વ લોકોને શાન્તિદાતા, સુધાકર અને અઢાર ભાર વનસ્પતિને પોષણ આપી તે દ્વારા સૃષ્ટિને જીવન આપનારા—પુષ્ટ કરનારા ચંદ્રમા થયા. ચંદ્ર એ શબ્દાભિધાન રાખવાનો હેતુ સાર્થક છે. चदि ધાતુ સુખ અને પ્રકાશનો ભાવ દર્શાવે છે તેથી તેમાંથી ચંદ્ર એ શબ્દનો પ્રયોગ થાય છે. તે ચંદ્રના પ્રાકટ પછી,

तत्पत्नी रुप सौभाग्या नाम्ना रुपांगनाशुभा ।
तस्याचनिर्मितः पुत्रो रुपलावण्य संयुतः ॥

वर्दान्यो वीरजिद्वीरो वर कर्म्मा वराननः ।
नाम्ना बुधइतिख्यातो बुधानां बोधकारक ॥
पुराणेपु च सर्वेषु विश्रुतोवरदो विभुः ।
तत्पुत्रः श्रीमतां श्रेष्टः पुरुखो महामतिः ॥

તેમની રૂપ તથા લાવણ્યમયી અને સૌભાગ્ય સંપન્ન રૂપાંગના નામથી વિખ્યાત થયેલી ઉત્તમોત્તમ ગુણવાળી પત્નિથી અત્યંત દિવ્ય અને મનોહર રૂપવાળો નિર્માણ થયેલો પુત્ર થયો, જેનું નામ બુદ્ધ હતું. તે બુદ્ધ દાતા તથા વીર નરોમાં, સર્વે શ્રેષ્ટ કર્મોને કરતો, શોભાયમાન મુખાકૃતિવાળો, સ્વયંવીરોમાં શ્રેષ્ટ થયો. તે બુદ્ધિમાન પુરૂષોને બોધ કરનારો તથા સર્વ પુરાણોમાં પ્રસિદ્ધ સામર્થ્ય યુક્ત વરદાન આપનારો થયો. તેની પછી શ્રીમાન પુરુષોમાં શ્રેષ્ટ એવો તેને પુરૂખા નામનો મહા બુદ્ધિશાળી પુત્ર પેદા થયો.

पुरुखा त्रपुः पुत्रोह्यनुजोह्यायरित्यभूत् ।
स्कन्दपुराणे, सह्यान्द्रिखण्डे, आदिरहस्ये. अ ३०
एतेषु श्लोकेषु प्रथमः कश्यपः ततो अत्रिः तस्माच्चंद्रः
तस्माद्बुधः तस्मात्पुरुखाः ततस्त्रपुः आयुश्चनिर्णीतः ॥
अग्रेत्रपोः पुत्रपौत्रादीतां वाम नामक कुशनामकादीनांविस्तारः
तत्रैवस्कान्दे निरुपितः ॥ तत्रापि त्रपुवंशविस्तारकाणां
प्रशंशाबोधकाः श्लोकाः सन्ति ॥ तथाहि ॥
धृतिमंतोमहावीर्य्यो लोक विख्यात पौरुषः ॥ ३८ ॥
देवीभक्ता महात्मानो ब्राह्मणातिथ्याकारकाः ।
दाननिष्टा स्तपोनिष्टा वेदशास्त्रानु चिन्तका ॥ ३९ ॥
एषाहिवंश विस्तारो जातो वैवसुधातले ॥

આવા શ્રીમાન પુરૂષોમાં શ્રેષ્ટ એવા પુરૂખા રાજાને ત્રપુ નામનો પુત્ર થયો. તેને આયુ નામનો લઘુ ભ્રાતા હતો. આ ત્રપુ તથા આયુ બન્ને પુરૂષોના વંશની વિશેષ વૃદ્ધિ થયેલી છે. તેમાં આયુના વંશનો વિસ્તાર મહાભારતમાં વિશેષે કરી વર્ણવ્યો છે, અને ત્રપુના વંશનું વિવેચન સ્કંદપુરાણમાં નિરૂપણ કરેલું છે. આ ત્રપુના પુત્રનું નામ વામ હતું, અને તે વામનો પુત્ર કુશ થયો. એના વંશની વૃદ્ધિ કરનારા મહા પુરૂષોની સ્કંદપુરાણમાં બે શ્લોકોએ કરીને સારી સ્તુતિ કરી છે. તેઓ ધૈર્યવાન, અપ્રાકૃત પરાક્રમવાળા, લોકોમાં પ્રસિદ્ધ પુરૂષાર્થ કરવાવાળા અને દીર્ઘદ્રષ્ટી મહાત્માઓ હતા. તેઓ બ્રાહ્મણનું આતિથ્ય

કરનારા, દાન તથા જપ તપમાં શ્રદ્ધા પૂર્વક એક નિષ્ટાવાળા, અને વેદાદિ સત શાસ્ત્રોનું ચિંતન કરવાવાળા થયા. એવા મહાનુભાવ પુરૂષોનો પવિત્ર ને વિસ્તીર્ણ વંશ આજ સુધી આ અવનિમાં વિખ્યાતિને ફેલાવતો રહ્યો છે.

एतेषां देवीभक्तानां मध्यएव कूर्मवंशस्यनिरुपणं कृतम् ।
तथाहि । मालमालिनीभक्तस्य कूर्म नाम्नो ऋषेः कुले ॥ ६४ ॥
जातः प्रथमतो राजा प्राणनाथ इतीरितः ।
तस्माच्चवीरसेनाद्या बभूवुः प्रीतिवर्द्धनाः ॥ ६६ ॥
स्कंद पुराणे आदिरहस्ये सह्यान्द्रि खण्डे. अ. ३२.

એ રીતે મહાન્ પ્રભાવશાલી મહાપુરૂષોમાં કૂર્મ ઋષિના વંશનું સ્કંદપુરાણમાં વિવેચન કરવામાં આવ્યું છે. તેમના કુળમાં પ્રથમ પ્રાણનાથ નામે રાજા થયા; જેમની પછી બાહુશાલી નામને ધારણ કરનારા રાજા થયા અને તેમના વંશમાં દીર્ઘબાહુ વગેરે થયા. આ પ્રસંગે કૂર્મી શબ્દ પ્રયોગ કેવી રીતે થયો છે તથા તેનો અર્થ અને મહત્તા શું છે, તે વિસ્તાર યુક્ત બતાવવું યોગ્ય ધારી નીચેનો ખાસ વિષય લખવામાં આવે છે.

## કૂર્મી શબ્દનો સપ્રમાણ અર્થ.

सयुत्कूर्मीनाम । एतद्वैरूपंकृत्वा प्रजापतिः प्रजा असृजत यदसृजता करोत्तद्यदकरोत्तस्मात्कूर्मः कश्यपो वै कूर्मस्तस्मादाहुः सर्वाः प्रजाकाश्यप्यइति ॥ शतपथ, का. ७. अ. ५, ब्रा. १.

સંસ્કૃત શબ્દકોષ પ્રમાણે કૂર્મી શબ્દનો નરજાતિમાં નીચે પ્રમાણે ભાવાર્થ છે.

कूर्मः भूः=પૃથ્વી, अस्यास्तीतिकूर्मी=ભૂપતી, પૃથ્વીપતિ, રાજા, જેમકે सएष (कूर्मः) इमऽएवलोकाः । शतपथ, का. ६. अ. ५. ब्रा. १.

પ્રોફેસર મોનીઅર વીલીયમ્સનો સંસ્કૃત અંગ્રેજી શબ્દકોષ નીચે પ્રમાણે અર્થ બતાવે છે.

कूर्मः=वीर्यम्=रसम्=શક્તિ, अस्यास्तीतिकूर्मी=વિર્યવાન, શક્તિવાન માણસ. कूर्मः=वीर्यम्=वीरकर्म=શુરવીર કૃત્યો, अस्यास्तीतिकूर्मी=વિરકર્મા, વિરપુરૂષ.

कूर्ममुपदधाति । रसो वै कूर्मो रसमे वै तदुपदधाति योवै सएषां लोकानामप्सु प्रविद्धानां पराङ्‌—सोऽत्यक्षरत्स एष कूर्मस्तवै तदुपदधाति यावानुवैर सस्तावानात्मा सएष इमऽएवलोकाः शतपथ, का, ७, अ ५, ब्रा. १.

" रसोगन्ध रसे स्वादे तिक्तादौ विष रागयोः । श्रृङ्गरादौद्रवे वीर्ये देहधात्वम्बु पारदे॥" इतिविश्वः ।

कूर्मः द्यौः=સ્વર્ગ अस्यास्तीतिकूर्मी=દિવસ્પતિ, ઇન્દ્ર, સ્વર્ગપતિ.

" पूर्वीश्चिद्धित्वे तुविकूर्मीन्नाशसो हवन्त इन्द्रोतयः ।
तिरश्चिदर्यः सवना वसोगहि शविष्ट श्रुधिमेहवम् ॥ "

ઋગ્વેદ, મંડલ ૮ મું સૂક્ત ૫૫ મો.

પદચ્છેદ—पूर्वीः । चित् । हि । त्वे–इति । तुवि–कूर्मिन् । आ शसः ।
हवन्ते । इन्द्र । ऊतयः । तिरः । चित् । अर्यः । सवना ।
आ । वसोइति । गहि । शविष्ट । श्रुधि । मे । हवम् ॥

" इन्द्रः सुशिप्रो मघवा तरुत्रो महा व्रातस्तुविकूर्मि ऋघावान् ।
यदुग्रोधः वाधितो मर्त्येषु क्वते वृषभ वीर्याणि ॥

ઋગ્વેદ, મંડલ ૩ જું, સૂક્ત ૩૭ મો.

પદચ્છેદ—इन्द्रः । सुशिप्रः । मघवा । तरुत्रः । महा-व्रातः । तुविकूर्मिः । ऋघावान् । यत् । उग्रः । धः । वाधितः । मर्त्येषु । क्व । त्या । ते । वृषभ । वीर्याणि ॥

શાયણ ભાષ્ય પ્રમાણે तुवि+कुर्मी=સંગ્રામમાં નાના પ્રકારનાં કર્મ કરનાર વિરનર છે. ઉપરોક્ત દરેક અર્થમાં કૂર્મી શબ્દ ખાસ ક્ષત્રિયની સંજ્ઞા તરીકે વપરાયેલો છે. ખુદ ઇન્દ્ર પણુ ક્ષત્રિ ગણાયેલ છે, જેનાં વેદ મંત્રોમાં ઘણાં પ્રમાણો છે.

" अथयदि राजन्योयजते इन्द्रवाजयं जयेन्द्रायवाचं वदतेन्द्रवाजं जाययेति क्षत्रछं हीन्द्रः क्षत्रछं राजन्यः ॥ ९ ॥

शतपथ, का, ५, अ. १. ब्रा १ । અહીંઆં क्षत्रछंहीन्द्रः ઇન્દ્ર ક્ષત્રિય છે, અને

" त्वमिन्द्राधिराजः श्रवस्युस्त्वं भूरभिभूतिर्जनानाम्
त्वंदैवीर्विशइमा विराजा युष्मत्क्षत्रमजरंते अस्तु ॥ १२ ॥

અથર્વવેદ, કાન્ડ ૬ ઠો. ક. ૯૮. ઇન્દ્ર ક્ષત્રિય છે તેનું આ પ્રમાણ છે. તે વિના વેદમાં ઘણાં પ્રમાણો છે, પરંતુ હવે માત્ર એકજ પ્રમાણ આપી આગળ વધીશું.

" त्रातारमिन्द्र मवितारमिन्द्रं हवे हवे सुहवं शूरमिन्द्रम् ।
ह्वयामिशक्रं पुरुहूतमिन्द्रं स्वस्तिनो मघवाधात्विन्द्रः ॥ " યજુર્વેદ.

આ મંત્રમાં પણ ઇન્દ્રને ત્રાતા આદિ વિશેષણો લગાડેલાં છે, તે પણ ક્ષત્રિયનો ભાવ બતાવી આપે છે, ભૂપતિ એ શબ્દનો પ્રયોગ ક્ષત્રિને માટેજ થાય છે. તે ઓના અનેક સંસ્કૃત ગ્રંથોથી સિદ્ધ થાય છે. પ્રાચીન અને અર્વાચીન સમયમાં ક્ષત્રિઓજ રાજકર્ત્તા તરીકે બહાર આવેલા છે, અમરકોષના કર્તા અમરસિંહે પણ જેટલા ભૂપતિ વાચક શબ્દો એકઠા કર્યા છે, તે સઘળાને ક્ષત્રિવર્ગમાં મુકયા છે. વળી " વીર્યવાન " આ વિશેષણ માત્ર ક્ષત્રિનેજ લગાડી શકાય છે, તે માટે મનુ ભગવાન કહે છે કે;—

" विप्राणां ज्ञानतो ज्यैष्टयं क्षत्रियाणां तु वीर्यतः ।
वैश्यानां धशून्यिधनतः द्राणामेव जन्मतः ॥ " १९९ ॥ अ. २

અર્થ—બ્રાહ્મણોનું જ્ઞાન, ક્ષત્રિનું વીર્ય (બલ), વૈશ્યોનું ધન ધાન્ય, અને શૂદ્રોનું જન્મથી ચાકરી કરવી તે પ્રાધાન્ય કર્મ છે.

" शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ " गीता. अ. १८–४३

**અર્થ**—શૌર્ય, તેજ ( હિંમત ), ધૃતિ ( ધિરજ ), દાક્ષ્ય ( ચતુરાઇ ), યુદ્ધથી ભાગવું નહિ, ઉદારતા, તપ તથા ઇશ્વર પર ભાવ ભક્તિ એ ક્ષત્રિનાં સ્વાભાવિક લક્ષણ છે.

આ પ્રમાણે વેદાદિ સત્‌શાસ્ત્રો તેમજ ઇતિહાસો વગેરે જોતાં કૂર્મીઓની પ્રાચીન કાળથી ક્ષત્રિ તરીકેની મહત્તા વિશે હવે લેશ પણ શંકા રહી શકતી નથી, છતાંપણ કેટલાક અજ્ઞાન માણસો એવી શંકા કરતા માલૂમ પડે છે કે, તેઓ અસલથી રાજા હતા ત્યારે હાલમાં ખેતીવાડીનું કાર્ય કેમ કરી રહેલ છે? તેમની આવી શંકામાં અજ્ઞાનતા સિવાય અન્ય કાંઇપણ નજરે આવતું નથી; કારણ કે આપત્તિકાલે પોતાની આજીવિકા માટે કૃષિકર્મ કરવું તે પણ તેમનો અસલથી જમીનદારીનો ભાવ બતાવી ક્ષાત્રકર્મનું પ્રત્યક્ષ પ્રમાણ આપે છે. તદુપરાંત ખેતીનું કામ કરવું ત શાસ્ત્રોક્ત રીતે શ્રેષ્ઠકર્મ ગણાય છે.

" यवंवृकेणाश्विना वपन्तेषं दुहन्ता मनुषायदस्रा ।
अभिदस्युं बकुरेणा धमन्तोरु ज्योतिश्चक्र पुरार्याय ॥ २१ ॥ "

ૠગ્વેદ મં. ૧ સું. સૂક્ત. ૧૧૭.

શબ્દાર્થ—यवम्=यवादिधान्यम्, वृकेण=हलेन, अश्विना=अश्विनौ, वपन्ता=वपन्तौ, इषम्=अन्नम्, दुहन्ता=दुहन्तौ, मनुषाय=मनुष्यायमनवे+वा, दस्रा=दस्रौ शत्रुणां दासयितारौ दंसयितारौ वा कर्मणां कृष्यादीनांकार यितारौवा, दस्युम्=उपक्षय-कारिणम्, बकुरेण=भासमानेन वज्रेण जलसमूहेनवा, अभिधमन्ता=अभिधमन्तौ, उरु=विस्तीर्णम्, ज्योति=प्रकाशं महात्म्यंवा, चक्रथुः=अकुरुतम् ।

**અર્થ**—હે દસ્રો અશ્વિનૌ, તમે હળ વડે જવાદિ ધાન્ય વાવી-વવરાવીને અન્ન નિપજાવીને અથવા દસ્યુ ( ખેતીવાડીના શત્રુ, અસુરો-પિશાચાદિ વા દુર્ભીક્ષ ) ને પ્રકાશવાન વજ્ર કે પાણીના સમુહ વડે નાશ કરીને આર્ય મનુષ્યના માટે આપના કર્મ વિષયક વિસ્તીર્ણ પ્રકાશ ઉત્પન્ન કર્યો; અથવા હે દસ્રો અશ્વિનૌ તમે આર્ય મનુષ્ય કે મનુના માટે હળથી જવ વગેરે ધાન્ય વાવી વવરાવીને આપનું વિસ્તીર્ણ મહાત્મ પ્રકટ કર્યું છે.

આ વગેરે બીજા પણ વૈદિક મંત્રોવડે સિદ્ધ થાય છે કે ખેતી કરવી તે શ્રેષ્ઠકર્મ છે. એટલે કૃષિ સાથેના કૂર્મીઓના સંબંધથી તેમની ઉત્તમતામાં લેશ પણ ઉણપ આવતી નથી. કૂર્મીઓ હાલમાં કૂરમી, કૂળમી, કુણબી અને કણબી વગેરે શબ્દોથી ઓળખાય છે. તે કૂર્મી શબ્દનું અપભ્રંશ સ્વરૂપ છે, એમ વ્યાકરણો મહાભાષ્યાદિ ગ્રંથો વાંચવાથી પ્રતિત થશે. એવી રીતેજ કાળે કરી ઘણા સંસ્કૃત શબ્દોનો અપભ્રંશ થઇ ગયો છે; જેમકે અક્ષયત્રતાયાને બદલે અખાત્રીજ, સૂર્યને બદલે સૂરજ. ગ્રામને બદલે ગામ, માતૃને બદલે મા, દેવાલયને બદલે દેવળ, દેરૂ ઇત્યાદિ, ઇત્યાદિ. એટલે મુળ સંસ્કૃત કૂર્મી શબ્દના કાળે કરી ઘણા પ્રાકૃત શબ્દો થઇ ગયા છે, પરંતુ તે શબ્દોના સ્વરૂપમાં અસલ કૂર્મી શબ્દ સ્પષ્ટ દેખાઈ આવે છે.

# કુર્મી ક્ષત્રિય છે.

પ્રથમ ભાગના અવલોકનથી આપણને માલૂમ પડે છે કે કશ્યપના વંશજો પૈકી કૂર્મઋષિના પુત્રો અસલ પૃથ્વિપતિ હતા, અને હવે પછી જણાવવામાં આવશે તે પ્રમાણે તેઓ પંજાબના એક ભાગમાં રાજ્ય ભોગવતા હતા. જો કે હમણાં તેઓ કૃષિકાર જેવા થઇ ગયા છે, છતાં આધુનિક સમયમાં પણ તેઓ દરબારશ્રી, દેશાઇશ્રી, રાજા, જાગીરદાર, દેશપતિ, વતનદાર, તાલુકદાર, જમીનદાર, અમીન અને મુખી વગેરે વિશેષણો ધારણ કરી રહ્યા છે, તેથી આપણને તેમની પૂર્વગત્ મહત્તાની પ્રત્યક્ષ પ્રતીતિ થઇ આવે છે. સિવાય તેઓ ક્ષત્રિય હોવાથી ઉપવિત ધારણ કરી દ્વીજ તરિકેનાં નિત્ય નૈમિત્યાદિક કર્મો કરવા લાગ્યા છે, જેના માટે શ્રીમદ્ શંકરાચાર્યજી, શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વંશજો, શ્રીમદ્ નથુરામ શર્મા, શ્રીમદ્ નૃસિંહાચાર્યજી આદિ આચાર્યો અને મહાત્માઓ–પંડિતો વગેરે સંમત છે. ઉપરોક્ત સિદ્ધાંતને સારી રીતે પ્રતિપાદન કરવા માટે ચુનાર જીલ્લામાં ભરેહટા મુકામે તા. ૨૫ અને ૨૬ મી મે સને ૧૯૦૬ ના દિવસોમાં ગોસ્વામિ શ્રી ૧૦૮ શ્રી રાધાચરણ વિદ્યા વાગિશ, ઑનરરી મેજીસ્ટ્રેટ, શ્રી વૃંદાવન વાળાના અધ્યક્ષપણા નીચે એક જાહેરસભા બોલાવવામાં આવી હતી. તેમાં આ સિદ્ધાંતથી વિરૂદ્ધ અભિપ્રાય ધારણ કરનારા સઘળા સભ્યોને ખાસ આમંત્રણ કરી બોલાવવામાં આવ્યા હતા, ઉપરાંત કાશીના પંડિતો, મહાત્માઓ, બ્રાહ્મણો તથા અન્ય જ્ઞાતિના સભ્યો વગેરેને જાહેર આમંત્રણ કરી જુદાં જુદાં સ્થાનોમાંથી તેડાવ્યા હતા. તેઓએ લગભગ ત્રણહજાર માણુસોની મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તે સભામાં “ **કણબીઓ ક્ષત્રિય હોવાથી યજ્ઞોપવિતના અધિકારી છે,**” એ વિષય પર બંને પક્ષનો વાદ વિવાદ થયો હતો, જેનું સવિસ્તર વર્ણન નીચે આપવામાં આવ્યું છે.

પધારેલા સર્વ પંડિતોની સંમતિ અનુસાર સભાપતિ તરિકે વૃંદાવનવાળા ગોસ્વામી શ્રીરાધાચરણજીની પસંદગી થઇ અને તેમની આજ્ઞાનુસાર કાર્યક્રમ શરૂ થયો. સભાના સેક્રેટરી મી. દીપનારાયણસિંહજીએ કણબી જ્ઞાતિ ક્ષત્રિય વર્ગમાં છે અને તેમને ઉપવિત ધારણ કરવાનો અધિકાર છે, એ વિષયપર શાસ્ત્રોનાં ઘણાં પ્રમાણો સહિત સારૂં ભાષણ કર્યું. તેના સમર્થનમાં કાશી નિવાસી વિદ્વદ્વર પંડિતજી દામોદર શાસ્ત્રીએ સ્કંધ પુરાણ વગેરેના દાખલા આપી કણબી જ્ઞાતિ ક્ષત્રિય છે તેવું બતાવી આપ્યું. આ બંને મહાશયોના ઉપરોક્ત સિદ્ધાંતની વિરૂદ્ધમાં કાશીના પંડિત મદનમોહન પાઠકે થોડા સમય સુધી ભાષણ આપ્યા બાદ દર્શાવ્યું કે;—

(૧) જો કણબીઓ ક્ષત્રિય હોય તો એ લોકની રીતભાત અને ધંધો રોજગાર બીજા ક્ષત્રિયોના જેવા કેમ નથી ?

(૨) તેઓ સઘળા જનોઇ કેમ પહેરતા નથી ?

(૩) તેઓ જાતે ખેતી કરવાનું હલકું કામ કરે છે અને હાલના જમાનાના બીજા ક્ષત્રિયો સાથે રોટી બેટી વ્યવહાર કેમ રાખતા નથી ?

આ ઉપરથી હું એવા સિદ્ધાંત ઉપર આવું છું કે તેઓ ક્ષત્રિય નહીં પણ અન્ય વર્ણના છે.

તેમની શંકાનું સમાધાન કરતાં કાશીના પ્રસિદ્ધ પંડિત મહામહોપાધ્યાય સ્વામી રામમિશ્ર શાસ્ત્રીના શિષ્ય પંડિત રાજારામ શાસ્ત્રીજીએ નિચે પ્રમાણેના શાસ્ત્રોક્ત પ્રમાણોથી પધારેલા સઘળા પંડિતો અને સભાસદોને સાબીત કરી આપ્યું કે પંડિત મદનમોહનના કહેવા પ્રમાણે, કણબીઓ અન્ય વર્ણ નથી પણ ક્ષત્રિજ છે. કારણ કે;—

૧. ઉપનયન ( જનોઇ ) સંસ્કારની બાબતમાં મુસલમાનોના જમાનામાં ભલા ભલા સમશેર બહાદુર ક્ષત્રિઓએ પોતાની સમશેરો મ્યાન કરી કૃષિકર્મ કરવા માંડયું હતું, અને સમર્થ પંડિતોએ પણ પ્રાણ બચાવવા ખાતર ઉપવીતને ઉતારી પાઘડીમાં છુપાવી હતી. તેવી વિવિધ પ્રકારોની આફતોને લીધે ઘણા ખરા દ્વિજોએ સમયસૂચકતાથી પોતાનાં કર્તવ્યો અમુક સમયને માટે અલગ કર્યાં હતાં. તેથી દ્વિજોમાં ગણાતી કેટલીક અન્ય વર્ણો હજુ સુધી પણ ઉપવીત ધારણ કર્યા વિના ચલાવે જાય છે. તેવીજ રીતે આ જ્ઞાતિને માટે પણ અમુક સમયથી એવાજ પ્રકારનું અંધેર ચાલતું હતું. હાલમાં જેમ ક્ષત્રિ મનાતી કેટલીક ઉપવીત નહિ ધારણ કરનારી જાતિઓ, શાસ્ત્રોક્ત કર્મ કરતી વખતે ( યજ્ઞ યાગાદિ, લગ્ન પ્રસંગે, શ્રાધ સંવત્સરીમાં ) અલ્પ સમયને માટે જનોઇ ધારણ કરે છે, તેમજ આ જ્ઞાતિ પણ કરે છે, માટે એ જ્ઞાતિ પર આવા પ્રકારનો આક્ષેપ આવી શકતો નથી.

૨. અન્ય ક્ષત્રિ વર્ગ સાથેના રોટી બેટી વ્યવહારની બાબતમાં જે શંકા બતાવવામાં આવી છે, તેના સમાધાન માટે મારે આપને જણાવવું જોઇએ કે, આજકાલ બ્રાહ્મણ, ક્ષત્રિ, વાણીઆ જ્ઞાતિઓનો અમુક વર્ગ, પોતાની જ્ઞાતિના જુદા જુદા વર્ગમાં પણ આપસ આપસમાં બેટી વ્યવહાર રાખતો નથી; તેજ પ્રમાણે કણબી જ્ઞાતિ પણ પોતાના વર્ગ સિવાય બીજાઓની સાથે રોટી બેટી વ્યવહાર રાખતી નથી, એટલે એ શંકા પણ વજુદ વિનાની જણાઈ આવે છે.

૩. કણબીઓ જાતે ખેતી કરે છે માટે તેઓ ક્ષત્રિય નથી, એમ કહેવું એ ભુલ ભરેલું છે; કારણ કે આ વર્ણમાંનો અમુક ભાગ તો જમીનદાર તરીકે અન્યની પાસે ખેતી કરાવે છે, અને કેટલોક ભાગ જાતે પણ ખેતી કરે છે; પરંતુ ખેતી કરવી તે નિન્દીત કર્મ નથી. તેમનો એ ધંધો પણ અસલના સમયની તેમની જમીનદારીનો પ્રત્યક્ષ પુરાવો આપે છે. એ ઉપરાંત આપત્કાલમાં ખેતી કરવાની સ્મૃતિકારોએ પણ છુટ આપી છે. क्षत्रियोपि कृषिं कृत्वा ॥ १८ ॥ कृषि वाणिज्य शिल्पकम् राज्ञः ॥१९॥ (પારાશર સ્મૃતિ, અધ્યાય ૨ જો, શ્લોક ૧૮ અને ૧૯). એટલે કે ક્ષત્રિઓ ખેતી, વ્યાપાર, અને સુતારાદિકનું પણ કર્મ કરી શકે છે.

અને ગૌતમ પણ અધ્યાય ૭ મા માં લખે છે કે "राजन्यो वैश्यकर्मा" એટલે રાજાઓ પણ વૈશ્યનાં કર્મ કરી શકે છે. વળી મનુ ભગવાન પણ પોતાની સ્મૃતિના ૧૦ મા અધ્યાયમાં કહે છે કે,—

अजीवंस्तु यथोक्तेन ब्राह्मणः स्वेन कर्मणा ।
जीवेत्क्षत्रियधर्मेण स ह्यस्य प्रत्यनन्तरः ॥८१॥
उभाभ्यामप्यजीवंस्तु कथं स्यादिति चेद्भवेत् ।
कृषिगोरक्षमास्थाय जीवेद्वैश्यस्य जीविकाम् ॥८२॥
जीवेदेतेन राजन्यः सर्वेणाप्यनयं गतः ॥९५॥

અર્થાત બ્રાહ્મણો પોતાના યથોક્ત કર્મવડે નિર્વાહ ન ચલાવી શકે તો, આફતના સમયમાં ક્ષત્રિયના કર્મો વડે તે પોતાનું ગુજરાન ચલાવી શકે છે; કારણ કે તે વર્ગ તેના પોતાના નજીકનો વર્ગ છે (૮૧). બ્રાહ્મણ અને ક્ષત્રિ બંને પોતપોતાના ધર્મવડે પોતાનું ગુજરાન ન ચલાવી શકે તો, તેવા વિટંબનાના વખતમાં શી રીતે નિર્વાહ કરી શકે ? આવી શંકા થાય ત્યારે સમાધાન એ છે કે ખેતી કરવી, વ્યાપાર કરવો અને પશુપાલન કરવું એ વગેરે જે વૈશ્યના ધર્મો છે તે વડે નિર્વાહ કરી નિભાવવું (૮૨). ઉપાધિવશ ક્ષત્રિ પણ એજ રીતે વૈશ્યનાં કર્મોવડે પોતાના કુટુંબનું પોષણ કરી શકે છે (૯૫).

એ પ્રમાણે બ્રાહ્મણો ક્ષત્રિનાં અને બ્રાહ્મણ તથા ક્ષત્રિ બંને વૈશ્યનાં કર્મો કરી શકે, તેવું આજકાલ હરેક જગાએ માલૂમ પડી આવે છે. આધુનિક સમયમાં હિંદુસ્થાનની ઘણી ખરી કોમો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) થોડા અથવા ઘણા પ્રમાણમાં આ ધંધો ખુશીથી પોતાના હાથે કરતી જણાય છે. ઉપરાંત વરાહ પુરાણ જોતાં પણ એવું જણાઇ આવે છે કે ખુદ જનકરાજા અને તેમનાં પટરાણીએ પણ પ્રસંગોપાત જાતે ખેતી કરી પોતાનું અને પોતાની પ્રજાનું કલ્યાણ કરેલું છે.

પંડિત બંશીધર શાસ્ત્રી બાજપાઇ અને કેલા બ્રહ્મચારી કાશીવાળાએ પણ પંડિત રાજારામજીના ઉપરોક્ત સિદ્ધાંતને અનુમોદન આપ્યું અને કહ્યું કે, ધર્મશાસ્ત્રોનાં વચન પ્રમાણે અને પ્રાચીન સમયથી સર્વ કોમો ખેતી કરતી આવી છે, તે લોકાચાર પ્રમાણે જોતાં ખેતી કરવી એ કાંઇ હલકું કામ નથી. તેથી સદરહુ પંડિતજીનો સિદ્ધાંત અમારે પણ માન્ય છે.

બાદ પ્રેસીડંટ સાહેબની ઇચ્છાનુસાર કાશીના શ્રીમાન પંડિત રામનાથ શાસ્ત્રીએ કૂર્મીઓની વંશાવળી અર્થ સહિત સંભળાવી, એટલે કાશી નિવાસી પંડિત વિરભદ્ર શર્માએ પણ ઉપરોક્ત મતને અનુમોદન આપ્યું.

આ સઘળા પંડિતોની વિરૂદ્ધમાં કાશીનિવાસી પંડિત પદ્મનાભ શાસ્ત્રીએ શંકા કરી કે કણબી જ્ઞાતિને કૂર્મ રૂષિનો પરિવાર માનવામાં કોઇપણ આધાર નથી; કારણ કે એજ સ્કંધ પુરાણમાં લખ્યું છે કે—"मुख्यवंशे समुच्छिन्ने नीचयोनौ स्थितोऽभवत्" કૂર્મ રૂષિનો મુળવંશ નાશ થઇ ગયો છે, ત્યારથી તે વંશની નીચ

યોનીમાં ગણના થાય છે. જ્યારે આધારભુત માનવામાં આવેલા સ્કંધ પુરાણથીજ એવું પ્રતિપાદન થાય છે, ત્યારે એ લોકો કૂર્મ રૂષિનો પરિવાર છે તેવું શી રીતે પુરવાર થઇ શકે છે? ઉપરોક્ત પંડિત પદ્મનાભ શાસ્ત્રીની કાઢેલી શંકાને પંડિત ભગવાનદત્તે અનુમોદન આપ્યું.

કાશીનગવાસાન્ગવેદ વિદ્યાલયાધ્યાપક શ્રીમાન પંડિત દેવીપ્રસાદ શાસ્ત્રીએ નીચે લખ્યા પ્રમાણે સદરહુ બંને પંડિતોની શંકાનું સમાધાન કરતાં દર્શાવ્યું કે, કણબી જ્ઞાતિને નીચ જ્ઞાતિ ઠરાવવાને સદરહુ પંડિતોએ સ્કંધ પુરાણનું જે પ્રમાણ આપ્યું છે તે અનર્થ છે. જો પોતે કહ્યો તે શ્લોક પુરેપુરો કહ્યો હોત તો સત્યવાતનો પડદો ખુલ્લો થઇ જાત. જુઓ હવે હું તે શ્લોક પુરો કરૂં છું.

"अजितात्सुर मित्रश्च पक्षजिच्च ततोभवत् ।

मुख्यवंशे समुच्छिन्ने नीचयोनौ स्थितोऽभवम् ॥

આ શ્લોક પહેલાં તો સહ્યાદ્રિ ખંડના ચોત્રીસમા અધ્યાયમાં છે, અને કૂર્મ રૂષિની કથા તો તેત્રીસમા અધ્યાયમાં છે તેથી આ શ્લોકનો કૂર્મવંશની કથા સાથે કાંઇપણ સમ્બંધ થઇ શકતો નથી; માટે પંડિત પદ્મનાભ શાસ્ત્રીજીએ આ શ્લોકનો આધાર તદન અપ્રાસાંગિક આપ્યો છે; કારણ કે તેમના અર્ધ શ્લોકનો સમ્બંધ ચોત્રીસમા અધ્યાયમાં વર્ણવેલા પ્રાયણ રૂષિની સાથે થાય છે, છતાં પણ પંડિતજી પ્રાયાણ રૂષિના વંશજોના નાશને બદલે કૂર્મ રૂષિના વંશજોનો નાશ થયેલો બતાવે છે, તે તેમણે ગંભીર પ્રકારની ભુલ કરી છે.

વિશેષ જાત માહીતિને માટે સહ્યાદ્રિ ખંડ આપની સમક્ષમાં હું રજુ કરૂં છું. જે જોવાની સૌ તકલીફ લેશો. પંડિત દામોદર શાસ્ત્રીએ સહ્યાદ્રિ ખંડના તકરારી શ્લોકનું ભાષાંતર સૌને કરી બતાવ્યું અને તેથી કણબીઓની નીચ યોની બાબતનાં પંડિત પદ્મનાભ શાસ્ત્રીનાં પ્રમાણ સર્વથા અપ્રાસાંગિક છે એ પૂરેપૂરૂં સાબિત થયું.

વળી સદરહુ પંડિત પદ્મનાભ શાસ્ત્રીએ કહ્યું કે કણબી જ્ઞાતિ કૂર્મઋષિનો પરિવાર છે, એ વાત માની લઇએ તોપણ તેમનો ઉપનયન સંસ્કાર થઈ શકે નહિ; કારણ કે ધર્મશાસ્ત્રોના વચન પ્રમાણે બાવીસ વર્ષ સુધીમાં ક્ષત્રિઓને ઉપનયન સંસ્કાર થઇ જવો જોઇએ. તે ઉપરાંત ઉમ્મર થવાથી તેઓ પતિત થઇ જાય છે, કણબી જ્ઞાતિ તો કેટલાંય વર્ષોથી વ્રાત્ય થતી આવી છે, તેથી તેમને સંસ્કાર થઈ શકતો નથી.

જેના પ્રત્યુત્તરમાં પંડિત દેવીપ્રસાદજીએ કહ્યું કે પંડિત પદ્મનાભજી હવે કૂર્મઋષિના વંશજો તરીકે કણબીઓને કબુલ કરે છે, પરંતુ વ્રાત્ય તરીકે તેમનો ઉપવીત સંસ્કાર થઇ શકે નહિ તેવું દર્શાવે છે. તેમના પ્રત્યુત્તરમાં નીચે મુજબ ખુલાસો છે.

જે વખતે ભીનગાના રાજાએ કાશી નિવાસી પ્રતિષ્ઠીત પંડિત મહામહોપાધ્યાય સ્વામિ રામમિશ્ર શાસ્ત્રીને વ્રાત્યોના સંસ્કારની બાબતનો પ્રશ્ન પુછયો હતો, ત્યારે શાસ્ત્રીજીએ "વ્રાત્ય સંસ્કાર મીમાંસા" નામનું શાસ્ત્રોના આધારવાળું પુસ્તક રચીને છપાવી એ શંકાને દૂર કરી છે. તે પુસ્તક પ્રેસીડન્ટ સાહેબની સમક્ષ હું રજુ કરૂં છું, જેને પંડિત પદ્મનાભજી અથૈતિ વાંચી ખંડન કરી લે. આ સિવાય પધારેલા પંડિત મહાશયોની ધ્યાનમાં હશે કે સંવત ૧૯૬૧ ના જયેષ્ઠ માસમાં.—

શ્રી મચ્છંકરાચાર્ય સ્વામિ ગોવર્ધન મઠાધિશ્વરે વાંસવાડામાં પચાસ સાઠ પંડિતો (પંડિત નંદકિશોર શુકલ વગેરે) ની સમક્ષમાં કણબીઓને જનોઇ પહેરાવી હતી જ્યાં ઘણા પંડિતોએ શંકા લીધી હતી. તેમની શંકા નિવારણ કરી તેમનાજ હાથથી સંસ્કાર કરાવ્યો હતો. તે સિવાય શંકેશ્વર મઠાધિશ્વર શ્રીમદ્ જગતગુરૂ શંકરાચાર્ય સ્વામિ અને સનાતન ધર્મના મોટા મોટા આગેવાન આચાર્યો અને પંડિતો વગેરે એ વ્રાત્યોને સંસ્કાર કરાવે છે તેથી આ શંકા પણ ટકી શકતી નથી.

પછી પંડિત મદનમોહનજીએ પ્રશ્ન પુછયો કે કણબી જ્ઞાતિ ક્ષત્રિમાં ગણાય છે તો એ જ્ઞાતિમાં થએલા રાજા મહારાજા વિષે ઇતિહાસોમાં કેમ કાંઇ ઉલ્લેખ નથી ?

જેના જવાબમાં સદરહુ સભાના સેક્રેટરીએ કેટલાક અંગ્રેજ વિદ્વાનોના અભિપ્રાયો રજુ કર્યા (જે હવે પછીના પાનામાં આપવામાં આવેલા છે). છેવટે આ વિષયમાં જેને શંકા હોય તેને પશ્નોત્તર કરવા માટે પ્રેસીડેન્ટ સાહેબે સુચના કરી તેથી બંને પક્ષના પંડિતોએ પોતાને સંતોષ થએલો જાહેર કર્યો, જે ઉપરથી પ્રેસીડેન્ટ સાહેબે નિચે પ્રમાણે પોતાનો અંતિમ ખુલાસો જાહેર કર્યો.

## ફેંસલો.

" ઉપરોક્ત સભાના પ્રેસીડેન્ટ તરીકે મારી પસંદગી થયા બાદ મારી સમક્ષમ બંને પંડિત પક્ષોએ " કણબીઓ ક્ષત્રિ છે કે નહિ " તે વિષય પર શાસ્ત્રોક્ત વાદવિવાદ કર્યો, જે ઉપરથી હું નિશ્ચયપર આવું છું કે તેઓ ક્ષત્રિ તરીકે સિદ્ધ થઇ ચુકયા છે. વળી વધારામાં શ્રી ગોવર્ધન મઠના તથા શ્રી શંકેશ્વર મઠના શ્રી શંકરાચાર્યજીએ અને કેટલાક બીજા આચાર્યોએ અને વિદ્વાન પંડિતોએ તેઓને લાંબા વખતથી વ્રાત્ય તરીકે રહેવા માટે મનુ તથા યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિઓ પ્રમાણે વીધિસર પ્રાયશ્ચિત કરાવી ઉપનયન (જનોઇ) સંસ્કાર કરાવેલ છે, અને કરાવે છે તેથી તેઓ ક્ષત્રિ તરીકે સિદ્ધ થઇ ચુકયા છે અને તેઓને ઉપનયન સંસ્કારમાં કશો બાદ નથી. "

(સહી) શ્રી રાધાચરણ ગોસ્વામી. પ્રેસિડેન્ટ.

## કૂર્મીની મહત્તા વિષે ઇંગ્રેજ ઇતિહાસકારોના અભિપ્રાય.

૧ "હન્ટર્સ સ્ટેટીસ્ટીકલ એકાઉન્ટ ઑફ બેન્ગાલ. ભા. ૧૧મો."

શીવાજી અને ગ્વાલિયર તેમજ સતારાના રાજાઓ કણબી વંશમાંથી ઉતરી આવેલા હતા.

૨ "કાનેંગીઝ રેસીઝ ટ્રાઇબ્ઝ એન્ડ કાસ્ટસૂસ્ ઑફ આઊધ."

ગ્વાલિયરના સીંધિયા, સતારાના રાજા અને નાગપુરના ભોંસલે કણબીઓ હતા અથવા તેઓના જેવાજ હતા. મી. કેમ્પબેલે દર્શાવ્યું છે કે, મરાઠાનું મૂળ કૂર્મી તત્વમાંથી હતું, અને શિવાજી તથા તેના ઘણા સરદારો કણબી હતા. ગોરખપુર અને ગુજરાતમાં પણ કણબી રાજાઓ છે.

૩ "ઈલીઅટ્સ હીસ્ટરી, ફૉકલોર ઍન્ડ ડીસ્ટ્રીબ્યુશન ઑફ રેસીઝ"

મરાઠામાં કેટલાક કણબીઓ છે અને ગ્વાલિયર તેમજ સતારાના વંશ તેજ વર્ગના છે.

૪ "રેવ. શેરીંગ્ઝ ટ્રાઇબ્ઝ ઍન્ડ કાસ્ટસૂસ્ ભા. ૨ જો."
(મુંબઈ ઇલાકો અને મધ્ય પ્રાન્ત.)

પુના જીલ્લામાં વારંવાર મરાઠા અને કણબી એ શબ્દો એક બીજાને માટે બોલાય છે. કૂર્મી અને કણબી ખરી રીતે એકજ વર્ગના લોકો છે. તેઓમાં કેટલીક જાતો છે. તેઓ અંદરોઅંદર પરણતા નથી. તેઓ ઘણા ઉદ્યોગી, ખંતીલા, સાધારણ કરકસરવાળા, તન્દુરસ્ત અને વ્યવહારિક રીતે સુખી છે.

૫ "ધ પ્રીન્સીપલ નેશન્સ ઑફ ઇન્ડીઆ."

કણબી પોતાની સ્વતંત્રતા મેળવવાના શોખીન છે. નીચેની તેની કેટલીક કહેવતો છે.

"જ્યાં ગાજવીજ થાય છે ત્યાં કણબીઓ જમીનદાર છે."

"કણબી વાંસે કોડ કણબી કોઈ કેડે નહીં."

૬ "કર્નલ ડાલ્ટન"

બંગાળમાં પહેલ વહેલા આર્યો તરીકે આવેલા બિહારના કણબીઓ હોવાનું જણાવે છે, અને કહે છે કે તેઓ ઘઉંવર્ણા રંગના, સામાન્ય ઉંચાઈ અને સારા બાંધાવાળા, તેમજ જરા ઉંચા કાઠાવાળા અને સાધારણ દેખાવડા હતા. તેમની વ્યવહારૂ રીતભાત માન ભરેલી છે. તેમના ગુરૂ ન હોય તેવા બ્રાહ્મણના હાથનું રાંધેલું તેઓ ખાતા નથી. કેટલાક સ્થાનિક બ્રાહ્મણો તેમના હાથની મીઠાઈ ખાય છે, અને તેજ પ્રમાણે ઘણા લાયક ક્ષત્રિઓ પણ વરતે છે. બીજી બધી જ્ઞાતિઓ કોઈપણ તરેહની આનાકાની સિવાય તેમના

હાથની મીઠાઇ ગણાય છે. અયોધ્યામાં તો તેઓ કહે છે કે તેઓ ઘણા જુના વખતના જમીનદારો છે. મી. બૂટ કહે છે કે લખનૌમાં પણ તેમજ છે, ત્યાં આગળ તેઓ હલકી જ્ઞાતિમાં ગણાતા નથી.

૨૫૧

૭ " સરકારી હુકમ નંબર. ૮–૧૮૬ જ–૬ નો સાર. "
(આઊધ તા. ૨૧–૩–૧૮૯૬.)

નામદાર સરકાર જણાવે છે કે કણબીઓ એક ઉચ્ચ ખાનદાન કુટુંબના છે માટે તેમને સરકારી નોકરીમાંથી બાદ કરવા તે દિલગીર થવા જેવું છે.

૮ " હિંદુસ્થાનનું ઈમ્પીરીઅલ ગેઝીટીઅર. નવી આવૃત્તિ, પુસ્તક ૫ મું, પાને ૯૭–૯૮, અમદાવાદ ડીસ્ટ્રીકટ. "

હિન્દુઓમાં કૃષિકારોનો મુખ્ય વર્ગ કણબી, રજપુત અને કોળી છે. તેમાં બીજાઓ કરતાં કણબીઓ ખાસ અગત્યનો વર્ગ છે. કેટલાક સરકારી નોકરીમાં ઉચી જગ્યાએ ચડેલા છે, કેટલાકોએ વ્યાપારમાં પૈસા મેળવેલા છે, પણ મોટો ભાગ ગુજરાતના ખેડુત જમીનદારો તરીકે ખેતીવાડી કરે છે. જો કે પાટીદાર અને કણબી માંહોમાંહે પરણતા નથી તોપણ તે બંનેમાં કાંઈ ખાસ તફાવત જેવું નથી; પરંતુ કણબીઓ રજપુતો કરતાં ચડીઆતા છે.

૯ " રેવ. શેરીંગ્ઝ હીન્દુ ટ્રાઇબ્ઝ ઍન્ડ કાસ્ટસ્સ્ ભા. ૩ જો. પાનું ૨૫૮. હિન્દુ જ્ઞાતિઓમાં સંબંધ. "

ખેતી કરતી જાતોમાં કૂર્મી–કનબી મુખ્ય છે. ખેતીવાડીનો ધંધો કરતી સઘળી જ્ઞાતિઓમાં તેઓ સારા આગળ પડતા છે. કણબીઓના પંજા તેમના રોજગારને લાયક કુદરતી રીતેજ મજબુત હોય છે. તેમની ચામડીનો રંગ ઘઉં વર્ણો છે–કાળો તો નહિ પણ કાળાશ પડતો પણ નહિ. અહીંના તેમજ ઉત્તર હિન્દુસ્થાનના કૂર્મીઓ ઘણા ખરા ઉંચા, મજબૂત, બહાદુર, ઈજ્જતદાર અને સ્વતંત્ર વર્તનવાળા છે, અને શુદ્રો–હલકી જ્ઞાતિઓમાં દેખાતા કોઇ અવગુણો તેમનામાં નથી. પણ ખામી એ છે કે તેઓ વિચાર શક્તિમાં જરા મંદ છે, પણ તેમના રોજગારને લઇને તેમાં નવાઈ જેવું નથી; કારણ દરેક દેશોમાં ખેતીને લીધે ખેડુતોની સમજ શકિત તેવીજ થાય છે. હલકી જ્ઞાતિઓમાં નહીં માલૂમ પડતા જુદા જુદા ગુણો આ જ્ઞાતિમાં માલૂમ પડે છે; અને ઉચ્ચ જ્ઞાતિઓની ધ્યાન ખેંચવા જેવી રીતભાત તેમનામાં હોય છે. ઉચ્ચ જ્ઞાતિની મુલાકાત દરમ્યાન હલકી જ્ઞાતિના લોકોમાં દેખાતી ભયભીતતા તથા હલકી તાબેદારી તેઓમાં બિલકુલ નથી. પણ અસલ કણબીઓ બીજી રીતે સામાન્ય જુસ્સામાં રજપુતોને દરેક રીતે મળતા આવે છે. તે રજપુતોના જેવી

ધૈર્યતા અને હિમ્મતવાળા હોય છે. તેઓમાં લુચ્ચાઇ અને તાત્કાળિક ગ્રાહ્ય શક્તિ નથી. તેઓ બ્રાહ્મણથી કેટલીકવાર જુદા પડે છે. રજપુતો તેમના નમુના છે. જો તેઓને સારા સંયોગોમાં મુકવામાં આવ્યા હોય તો તેના નમુના પ્રમાણે બની જાય તેમાં લેશ પણ શંકા નથી. વળી તેમની મુખમુદ્રા બિલકુલ હલકી જ્ઞાતિઓ જેવી નહીં પણ રજપુતના જેવી છે. એ વાત સાચી છે કે તેઓ રજપુતના જેવા વધારે રૂપાળા કે સુંદર નથી, તેમ છતાં પણ તેમના જેવાજ ચહેરાવાળા અને તેવાજ દેખાવના છે. જો કે તેઓમાં સહનશીલતા અને શાંતિ છે તોપણ તે સઘળા ઉપરાંત ખરા હિન્દુઓનું જે મુખ્ય અને પ્રશસ્ય ભૂષણ સ્વમાનની લાગણી તે તેમનામાં છે. જેમ તે વારંવાર દેખાય છે તેમ ગરીબ હોય તો પણ તેના પ્રારબ્ધના આધારે તેની મહત્તાનો ભોગ આપતો, અને મનની કંગાલીયત ભરેલી સ્થિતિમાં દેખાતો, તમે તેને કદી જોશો નહિ. ઈંગ્લાંડના ખેડુતો કરતાં મુકાબલે તેઓ સાંસારિક સ્થિતિમાં સારા ને ઉંચા છે, અને વારંવાર બીજાઓ તરફથી તેઓ રૂઆબ પૂર્વક વધારે માન મેળવે છે. રજપુતોની મગરૂબી અને બ્રાહ્મણોના મિથ્યાભિમાનમાં નહીં જણાતું એવું માન તેમને તેમની ઉચ્ચ પદવીને લીધે મળે છે.

**૧૦ " ફાર્બસ સાહેબની રાસમાળા ભા. ૨ જો. પાનું ૨૮૬-૯૩. "**

ગુજરાતમાં ઘણાખરા ખેડુતો કણબી છે છતાં તેમની ઉત્પત્તિ ક્ષત્રિથી થયેલી છે. તેઓ ઘણા ખરા ક્ષત્રિ જેવાં વિશેષણોથી ઓળખાય છે. તેમાંના અન્ય જે તદ્દન ગરીબ ખેડુત છે તેમને પણ ઇશ્વરે જે સ્થિતિમાં મુકયા છે તે સ્થિતિને તેઓ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

**૧૧ " બૉમ્બે ગવર્નમેન્ટ ગેઝીટીઅર ભા. ૪ થો. "**
**અમદાવાદ પા. ૩૬. ૧૫૧.**

કેટલાક કણબીઓ કારીગર છે, કેટલાક સરકારી નોકરીમાં મોટા હોદ્દેદારો છે, કેટલાકે વ્યાપાર વણજમાં સારી દોલત જમાવી છે, પણ બીજા ઘણા ખેડુતો છે; તોપણ તેઓ ઘણા સદ્દગુણી, શરમાળ, શાન્ત, ઉદ્યોગી, લગ્નનાં અને મરણનાં ખરચો સિવાય સાદા અને કરકસરીઆ, ગુનાહ અને અપલક્ષણોથી દુર રહેનારા અને કેળવાયેલા ઉત્તમ ખેડુતો છે. પહેલાં જ્યારે ગામડામાં કાઠી વગેરેનાં ધાડાં પડતાં ત્યારે કાંતો તેમનું સમાધાન કરી સંતોષતા કે પછી આ બહાદુર કણબીઓ અને રજપુતો મળી જીવ ઉપર આવી લડીને તેમને હઠાવતા.

**૧૨ બૉમ્બે ગવર્નમેન્ટ ગેઝીટીઅર વો. ૧ ભાગ. ૧ પા. ૪.**

" The main Gurjar underlayer are the Levas and Kardvas, the two leading divisions of the important class of Gujarat Kunbis."

સાર—" ગુજરાતમાં આવી વસેલા ગુર્જરોનો મુખ્ય ભાગ કડવા અને લેઉવા છે, જેઓ ગુજરાતની કણબી જ્ઞાતિના બે અગત્યના આગેવાન વિભાગ છે."

## પંજાબ પર સ્વારીઓ અને કૂર્મીઓનું પ્રયાણ.

ભગવાન્ મનુના પહેલા પુત્ર ઇક્ષ્વાકુએ પોતાનું રાજ્ય અયોધ્યામાં સ્થાપ્યું હતું. ત્યાં ઘણી પહેડીઓ થઇ, પછી શ્રી રામચંદ્રજી થયા. તેમના કુમાર લવે પંજાબ પર સ્વારી કરી મનુના ચોથા પુત્ર દિષ્ટના વંશજ વિશાળ વંશના અને વિશાલાવતી નગરીમાં રાજ કરતા જનમેજય રાજાને હરાવ્યો; અને રાવી નદીને કાંઠે પોતાના નામથી લવપુર[1] વસાવ્યું. તેજ અરસામાં લક્ષ્મણે લક્ષ્મણાવતી[2] અને કુશે પણ કુશાવતી[3] વસાવ્યું હતું. પંજાબમાં રાજક્રાંતિ થવા છતાં પણ કૂર્મીઓ પોતાના યુદ્ધ કૌશલ્યને લીધે રાજ્ય માંહેનો કેટલોક ભાગ જાળવી રહ્યા હતા; અને ગુજરાત શહેર આસપાસના કરડ તેમજ લેયા પ્રદેશમાં વિસ્તરી તેઓ આબાદ થયા હતા. ત્યારબાદ લાંબા સમયે અર્જુનના પૌત્ર પરિક્ષીતે આવી લવના વંશજ સુમિત્ર નામના રાજા પાસેથી પંજાબનું રાજ્ય લઇ લીધું, અને ચંદ્રવંશમાં રાજગાદી ગંઇ. ચંદ્રવંશના રાજાઓના વખતમાં ઇ. સ. પૂ. ૧૮૦૦ વર્ષ પર આસીરિયાની રાણી સેમિરામીસ પંજાબ પર ચઢી આવી, પણ ત્યાંના સુબાએ હાથીઓની સેનાથી લડાઇ કરી તેથી દુશ્મનનું લશ્કર ભયભીત થઇને નાસી ગયું. કેટલાક સમય પછી મિસર દેશનો સેસોટ્રિસ રાજા પંજાબ પર ચઢી આવ્યો. તે વખતે મગધ દેશમાં સહદેવના વંશજો બળવાન રાજા હતા. ત્યારપછી મગધ દેશના તક્ષક રાજાઓના અમલમાં ઇરાનના પારસી રાજા દરવેશ ગુસ્તાસ્પે ઇ. સ. પૂ. ૫૧૮ માં પંજાબ પર સ્વારી કરી અને ત્યાંથી પુષ્કળ સોનું, અને જવાહીરની કિમતી લુંટ, તેમજ હિન્દી લશ્કરી સિપાઇઓને લઇ ગયો. જ્યારે તે ગ્રીસ ઉપર ચઢયો ત્યારે તેની સાથે ગયેલા હિન્દી સિપાઇઓએ લડાઇમાં પરાક્રમ કરી દેશને દિપાવ્યો હતો, એવું ઇતિહાસો પરથી જણાય છે. ત્યારપછી ગ્રીસનો મહાન્ સિકંદર, તુર્કસ્તાન, ઇરાન, વગેરે દેશો જીતતો ઇ. સ. પૂ. ૩૨૭ માં પંજાબ પર ચઢી આવ્યો. ત્યાંના રાજા પૌરવે પુષ્કળ પરાક્રમ કર્યું છતાં લડાઇમાં હાર્યો, તોપણ હિન્દી લશ્કરની બહાદુરીથી ભયભીત થયેલા સિકંદરનાં સૈન્યે આગળ વધવા ના કહી, જેથી સિંકદરને પાછું જવું પડયું. રસ્તે જતાં બાબીલોનમાં તે અપુત્ર મરણ પામ્યો, તેથી તેનું વીસ્તીર્ણ રાજ્ય તેના સરદારોએ વહેંચી લીધું. હિન્દની સરહદ સુધીનો પૂર્વ ભાગ સરદાર સેલ્યુકસ નેકટરના હાથમાં આવ્યો. તેણે પંજાબ પર સ્વારી કરી પણ મગધ દેશના રાજા ચંદ્રગુપ્તે તેને હરાવ્યો, તેથી બંને વચ્ચે સંધી થઈ અને સેલ્યુકસે ચંદ્રગુપ્તને પોતાની પુત્રી પરણાવી, ઈ. સ. પૂ. ૩૦૬ થી ૨૯૮. પંજાબ પર આ પ્રમાણે વારંવાર સ્વારીઓ થવાથી થતી ઉથલપાથલને લીધે ત્યાંની પ્રજા કંટાળી હતી. જ્યારે પંજાબ અને મગધ

૧ લાહોર. ૨ લખનૌર. ૩ પટ્ણા.

દેશ લગ્ન સંબંધથી એક બીજાના પરિચયમાં આવ્યા ત્યારે ગાઢ સંબંધ બંધાયો, તેથી ઈ. સ. પહેલાંના ત્રીજા સેકાના અંતમાં કૂર્મીઓનાં કેટલાંક લડાયક કુટુંબો પંજાબ છોડી મગધ દેશની રાજધાની કુશાવતીમાં ચંદ્રગુપ્ત રાજાના લશ્કરમાં આવી રહ્યાં. ત્યાર પછી બાકટ્રિયા (બલખ) ના લોકોએ પંજાબ પર સ્વારી કરી કેટલોક ભાગ કબજે કર્યો, અને પંજાબને વિટંબણામાં મુકયો. ત્યારબાદ તાતાર દેશના શક લોકો ચઢી આવ્યા. તેઓ પંજાબ જીતી સિંધ, માળવા, અને છેક ગુજરાત સુધી વધ્યા હતા, ઈ. સ. પૂ. ૭૫. તેઓમાં શક રાજા કનિષ્ક બહુ પ્રરાક્રમી થયો હતો. તેના મરણ પછી અવન્તિમાં[1] વીર વિક્રમાદિત્ય નામનો બળવાન રાજા થયો. તેણે શક લોકોના રાજાને હરાવી તેમની પાસેથી ગુજરાત, માળવા, સિંધ અને પંજાબ વગેરે દેશો લઇ લીધા, અને પરદેશીઓને દેશમાંથી હાંકી કહાડયા. તેમજ દિલ્હીમાં રાજ કરતા પરિક્ષિતના વંશજ રાજા રાજપાળને પણ હરાવ્યો. આ વખતે ઈ. સ. પૂ. ૭૮ ની લગભગમાં ક્ષત્રપ રાજા કનિષ્કના વખતમાં ગુજરાત શહેર આસપાસના પ્રદેશમાંથી ગુર્જરોની એક મોટી સંખ્યાએ દેશ છોડયો, તેની સાથે સંખ્યાબંધ કૂર્મીઓ નીકળ્યા અને મથુરાં સુધી ફેલાયા; ત્યાંથી તેઓ ક્રમે ક્રમે આનર્ત દેશ સુધી આવ્યા હોય તેમ જણાય છે[2].

કૂર્મી કોમ લડાયક હોવાથી અહીં પણ તેઓ પ્રસંગોપાત યુદ્ધ કરતા અને બાકીની શાન્ત જીંદગી ખેતીના કામકાજમાં વિતાવતા. પાછળથી બીજી ટોળીઓ પણ પંજાબમાંથી કોટા અને મંદેસરને રસ્તે માળવામાં આવી.

આ પ્રમાણે પંજાબમાંથી છુટી પડેલી ટોળીઓએ કાળાંતરે પોતાની અસલ ભૂમિ અને જાત વિસ્મૃત થઇ ન જાય તેટલા માટે કરડ વિભાગના અસલ વતનીઓએ "કરડવા કૂર્મી" અને લેયા વિભાગના કૂર્મીઓએ "લેયા કૂર્મી" વિશેષણો ધારણ કર્યાં. ગંગા જમનાંની ખીણો તરફ આગળ વધતી અને ઉત્તર હિન્દુસ્થાનમાં પોતાનો જમાવ કરતી કૂર્મીની બીજી ટોળીઓ મધ્ય હિન્દ એજન્સી, મધ્યપ્રાંત, ખાનદેશ અને દક્ષિણ તરફ આવીને વસી. તેઓના વંશજો અદ્યાપિ પર્યંત લેયા અને કરડ વિશેષણો ધારણ કરી રહ્યા છે, તથા તેઓના મૂળસ્થાન પંજાબમાં પણ લેયા તરિકે તેઓ મશહુર છે,[3] એટલુંજ નહીં પણ ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના અસલ વતન પંજાબના જુદા જુદા ભાગમાંથી નીકળી છેવટ ગુજરાતમાં—હાલ જ્યાં ઉંઝા ગામ છે તે ભાગમાં કૂર્મીઓની ટોળીઓ આવી આવીને વસવા લાગી, ત્યાં પણ પંજાબ અને ત્યાર પછી ઉત્તર હિન્દુસ્થાનના જે જે ભાગોમાંથી તે આવેલા તે અસલ વતનના નામથી તેઓ પોતાની સાખો હજુ પણ જાળવી રહ્યા છે. જો કે લાંબો સમય થવાથી અસલ સ્થાનોનાં નામો કેટલેક અંશે અપભ્રંશ થઇ ગયાં છે, તથાપિ નીચે જણાવેલી સાખો અને સ્થાન પરથી તે હકીકત સારી રીતે સમજી શકાય તેમ છે અને કણબીઓ ક્ષત્રિય છે એ વાતને મજબુત પુરાવો આપે છે.

---

૧. માળવા. ૨. 'બૉ. ગેઝીટીઅર' વૉ. ૧. ૩. બૉ ગેઝીટીઅર વૉ. ૧

## ગુજરાતમાં વસતા બાવન સાખના કુર્મીઓની સાખો પરથી માલૂમ પડતાં અસલ સ્થાનો, પંજાબ અને ઉત્તર હિન્દુસ્થાનમાં છે, તે નીચેની હકીકતથી જણાઈ આવે છે.

| સાખ. | ગામ. | ઠેકાણું. |
|---|---|---|
| ૧ રૂસાત | રોહતાગઢ | જેલમ નદી પર. |
| ૨ માંડલોત | માંડલેહ | મેવાડની ઉત્તરે. |
| ૩ ભેમાત | ભામ | હોંશીઆરપુર પાસે. |
| ૪ મુંજાત | મુંજા | ગુજરાનવાલા પાસે. |
| ૫ ડાકોતર | .... | .... |
| ૬ વિજયત | વજીરપુરા | જીલ્લે આગ્રા. |
| ૭ ગામી | ગમ્બાર | માઉન્ટગોમરી પાસે. |
| ૮ ગોઠી | ગોઠ | શરીફપુર પાસે. |
| ૯ ફોક | ફુક ... | લારખાના પાસે. |
| ૧૦ મોખાત | ... | ... |
| ૧૧ અમૃતિઆ | અમૃતસર | પંજાબ. |
| ૧૨ ટિલાટ | ટિલાયુ | શાહબાદ પાસે. |
| ૧૩ મુંગલા | મંગલપુરા | લાહોર પાસે. |
| ૧૪ ભૂત | ભૂતના | લુધીઆના પાસે. |
| ૧૫ કટવાતર | ... | .... |
| ૧૬ પડાણ | પાન | ગોંઠાબલરામપુર પાસે. |
| ૧૭ ભૂવા | ભોવા | લાહોર પાસે. |
| ૧૮ ચેંચાટ | .... | ... |
| ૧૯ જુવાતર | જુવા | ઇટાવા પાસે. |
| ૨૦ સોરઠા | સોનથા | પુરનીઅલ પાસે. |
| ૨૧ લારી | લાર | ગોરખપુર પાસે. |
| ૨૨ લાકોડા | લાખોદર | લાહોર પાસે. |
| ૨૩ ગોગડા | ગોધા | ભાવલપુર પાસે. |
| ૨૪ સાકરીઆ | .... | ... |
| ૨૫ મજીઠીઆ | મજીઠમંડી | અમૃતસર પાસે. |
| ૨૬ મનવર | .... | .... |
| ૨૭ કતવર | કાતના | મથુરાં પાસે. |
| ૨૮ દાણી | દાણાવલ | જલંધર પાસે. |
| ૨૯ ચેંણીઆ | ... | .... |
| ૩૦ ચપલા | ચપલ | મહુ પાસે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ હરણીઆ | .... | .... | હર | .... | મેદનીપુર પાસે. |
| ૩૨ હોતી | ... | .... | હોતી | .... | પેશાવર પાસે. |
| ૩૩ ચપેલીઆ | .... | .... | .... | .... | .... |
| ૩૪ શેઠીઆ | .... | .... | .... | .... | ... |
| ૩૫ લહુઓટ | .... | .... | લાહોર | .... | પંજાબ. |
| ૩૬ કલારા | ... | ... | કાલ | .... | જેલમ ઉપર. |
| ૩૭ કાળપુંછા | .... | ... | કાળસાયા | ... | લુધીઆણા પાસે. |
| ૩૮ વગદા | ... | .... | .... | ... | ... |
| ૩૯ ગોદાળ | ... | ... | ગોન્દા | ... | અલીગઢ પાસે. |
| ૪૦ સીરવી | ... | ... | .... | ... | .... |
| ૪૧ ભક્કા | .... | .... | ભક્કા | ... | ગોપાળગંજ પાસે. |
| ૪૨ કુંવારા | ... | ... | ... | ... | ... |
| ૪૩ ઢાન ટોડવા | ... | ... | ઢાનાપુર | ... | ગોંડાબલરામપુર પાસે. |
| ૪૪ ઢાંકણીઆ | ... | ... | ... | ... | ... |
| ૪૫ કરણાવત | ... | ... | કરંડા | ... | ઘાસીપુર પાસે. |
| ૪૬ ઘોળુ | ... | ... | ઘોળ | ... | મુજફ્ફરપુર પાસે. |
| ૪૭ દેવાણી | ... | ... | ... | ... | ... |
| ૪૮ ઢેકાળ | .... | .... | ઢેખાલ | .... | ફરીદપુર પાસે. |
| ૪૯ પોકાર | ... | .. | .... | ... | .... |
| ૫૦ ચોપડા | ... | .... | .... | ... | ... |
| ૫૧ કોદાળ | ... | .... | .... | .... | .... |
| ૫૨ માંડવીઆ | .... | .... | માંડી | .... | પંજાબમાં. |

આ સિવાય પાછળથી જે ૪૨ કુટુંબો માળવા તરફ થઇને સિદ્ધરાજના સમયમાં અવેલાં છે, તેનું સવિસ્તર વર્ણન આગળ આપવામાં આવ્યું છે.

ઇ. સ. પહેલાંના ત્રીજા સૈકાના અંતમાં પંજાબ છોડી મગધ પ્રાંતની રાજધાની કુશાવતીમાં આવી વસેલી ટોળીએ કેટલોક સમય ત્યાંજ વિતાવ્યો. દરમ્યાન મગધ પ્રાન્તના રાજકુમાર બિંદુસાર અને અશોકની માળવાની સુબાગીરીમાં સાથે રહી લશ્કરી સરદારી ભોગવી ઇ. સ. ના પહેલા સૈકાના અંતમાં તે ભાગનો કેટલોક પ્રદેશ પોતાના હસ્તગત કરી તે પ્રદેશની માધાવતી નગરીને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું હોય તેમ ગુજરાતના પ્રાચીન ઇતિહાસ તથા દેશાઇ પટેલના વહીવંચાના ચોપડાની અંદરના લેખો ઉપરથી જણાય છે.

આ પ્રમાણે માધાવતીમાં કૂર્મીઓનું રાજ્ય થવાથી તેમના અમલ દરમ્યાન માળવા, ઇડર, વાંસવાડા, વગેરે નજીકના સ્થાનોમાં વસતા કૂર્મીઓનો ઘણો ભાગ ત્યાં આવી વસ્યો. તે સમયે હાલના ગુજરાતની કેવી સ્થિતિ હતી, તેનો ચિતાર આપવાની અત્રે આવશ્યક્તા છે, કેમકે ક્રમે ક્રમે તે પછી કૂર્મીઓએ ગુજરાત તરફ આગળ વધી ત્યાં તેમનું કાયમી સ્થાન બનાવ્યું છે.

## "પ્રાચીન ગુજરાતમાં કૂર્મીઓનો પ્રવેશ.

પૌરાણિક આધારોથી માલૂમ પડે છે કે, ગુજરાતમાં પહેલું રાજ્ય મનુના પૌત્ર આનર્તનું હતું. તેને રૈવત નામનો પુત્ર હતો. તેની રાજધાની કુશસ્થલીમાં[1] હતી. રૈવતને ૧૦૦ પુત્રો હતા, જેઓમાં રેવત મોટો હતો. તેને રેવતી નામની એક સુંદર કન્યા હતી, જેને શ્રી કૃષ્ણના ભાઇ બળભદ્ર સાથે પરણાવવામાં આવી હતી. જરાસંઘની સ્વારીઓથી કંટાળી યાદવો માથુર દેશ છોડી જ્યારે ગુજરાત તરફ આવ્યા ત્યારે તેમણે દ્વારિકાંને પોતાની રાજધાની કરી અને સુરરાષ્ટ[2] ઉપર ઈ. સ. પૂ ૫૦૦ સુધી રાજ અમલ કર્યો. ત્યારપછી ઈ. સ. પૂ. ૩૧૯માં મગધ પ્રાંતમાં રાજ કરતા મૌર્યવંશીય રાજાઓનો ગુજરાત પર અમલ થયો, ત્યાં સુધી આ દેશપર કઇ ચોક્કસ સત્તાનો અમલ હતો, તે માલૂમ પડતું નથી. મૌર્યોની રાજગાદી મગધ પ્રાંતના શહેર કુશાવતી[3] નગરીમાં હતી, અને તેમની તરફથી સુબાઓ આવી સૌરાષ્ટના[4] ગીરિનગરમાં રહી રાજ ચલાવતા હતા. હાલમાં જે ભાગને આપણે ગુજરાતના નામથી ઓળખીએ છીએ, તે ભાગના તે વખતે આનર્ત (આનર્તપુર—વડનગર), સૌરાષ્ટ (દ્વારિકાં—ગીરિનગર) અને લાટદેશ (ભરૂચ) એવા ત્રણ વિભાગ હતા. મૌર્ય વંશના અમલ અને સિકંદરના મરણ પછી તેના સરદારોએ તે દેશો વહેંચી લીધા, જેથી પંજાબ વગેરે દેશો ગ્રીકોના હાથમાં આવ્યા, અને તેથી ક્ષત્રપ રાજાઓની ગુજરાત પર સત્તા થયા પહેલાં ગ્રીક બાક્ટ્રીઅન, પાર્થિઅન, સ્કીથિઅન, હુઅન અને શક લોકોનો ગુજરાત પર અમલ હોય એવું ગુજરાતના મધ્યભાગ તેમજ કાઠીઆવાડમાંથી તેમના મળી આવેલા ઘણા પ્રાચીન શિક્કાઓ, કૂવા, વાવ, મકાનો અને દેવાલયો પરના લેખો અને ખંડિયરો પરથી માલૂમ પડે છે. પાછળથી અવન્તિના[5] વીરવિક્રમાદિત્યે ગુજરાત, માળવા અને પંજાબમાંથી તેમને હાંકી કહાડી તે દેશોપર અધિકાર ચલાવ્યો હતો. તેની પછી મગધ દેશના ક્ષત્રપ રાજાઓએ ઇ. સ. ના પહેલા સૈકામાં માળવા જીતી ત્યાં પોતાનો સુબો મુકયો, અને તે દેશના ત્રીજા રાજા જયદામાએ ઇ. સ. ૧૪૦માં સૌરાષ્ટમાં આવી ગીરિનગરમાં રાજધાની કરી તેની આસપાસના મુલકો ઉપર જાતે અમલ કર્યો હતો. આ સમયમાં ઈડર અને વાંસવાડાના પ્રદેશોમાંથી કણબીઓએ આવી આનર્તપુરના શાન્ત પ્રદેશમાં વડનગર અને શ્રીસ્થળ[6] આસપાસની ફળદ્રુપ પડતર જમીન પર વાસ કર્યો. આ ભાગમાં સંપૂર્ણ શાંતિ હતી, અને આનર્ત દેશમાં કોઇ મોટી સત્તાનો અમલ નહોતો, તેમજ ગીરિનગરમાં રાજ કરતા જયદામા વગેરે ક્ષત્રપ રાજાઓએ ગુજરાતના તે વેરાન અને મધ્ય પ્રદેશ તરફ નજર નાંખેલી નહિ હોવાને લીધે તેઓ ખેતીવાડીમાં સારી રીતે આબાદ થયા હોય એવું ગુજરાતના પ્રાચીન ઇતિહાસો જોતાં માલૂમ પડે છે. હાલમાં જ્યાં અમદાવાદ છે તે વિભાગ તથા

૧. દ્વારિકાં ૨. સૌરાષ્ટ. ૩. પટણા. ૪. ગીરનાર. ૫. માળવા. ૬. સિદ્ધપુર.

ખેડા અને ધંધુકા સુધીનો ભાગ તે વખતે મહેવાસી લુટારાઓથી ભરપુર હતો, અને તેથી તે સઘળા ભાગોમાં કોઇની સત્તા નહોતી. ભરૂચ, નવસારી અને નાંદીપુરના[૧] રાજાઓનો ખેડા શહેર સુધી અવારનવાર અમલ થયો હોય તેવું ઇતિહાસો પરથી જણાય છે; અને છઠ્ઠા સૈકાની શરૂઆતમાં વલ્લભીપુરની સ્થાપના થઈ તથા સાતમા સૈકાના અંતે પંચાસરમાં ચાવડા વંશની શરૂઆત થઈ ત્યાં સુધી હાલના ગુજરાતનો મધ્યભાગ બિલકુલ અંધેરવાળી વેરાન દશામાં અરાજક હતો; તેથી સિદ્ધપુર અને વડનગર તથા દંઢાવ્ય વગેરે વિભાગમાં કુર્મીઓ કેવી સહેલાઇથી આગળ વધી આબાદ થયા હશે તેનો આપણને સહજમાં ખ્યાલ આવી શકે છે.

ક્ષત્રપરાજા જયદામાના સમયમાં માધાવતીના કુર્મીરાજા વ્રજપાલજીને મહેત દેશના રાજા ચંદ્રસેન સાથે લડાઇ થઈ, તેમાં પોતે હાર્યા, જેથી માધાવતી છોડી પોતાની માલમિલ્કત અને એક નાનો રસાલો લઇ આનર્ત–ગુજરાત તરફ આવ્યા, અને સિદ્ધપુરમાં માતૃ ગયા શ્રાદ્ધ કર્યું. જુદાં જુદાં ગામોમાંથી આવી ત્યાં વસેલા જાતિ ભાઈઓનો મેળાપ થયો અને તેમના ઘણા આગ્રહથી વ્રજપાલજી ત્યાંજ રહી ગયા. સંવત ૨૧૨, સને ૧૫૬ માં શુભમહૂર્ત જોઇ ઉંઝા ગામ વસાવ્યું અને શ્રી શંકર–મહાદેવના તેઓ ભક્ત હોવાને લીધે પોતાની દેવી તરીકે શંકરનાં પટ્ટરાણી ઉમિયાજીની સ્થાપના કરી.

લગભગ ચોથા સૈકાના અંતસુધી ક્ષત્રપ રાજાઓનો અમલ રહ્યો અને પછી ઉત્તર હિંદમાં રાજકર્તા ગુપ્તરાજાઓનો ઇ. સ. ૪૧૦ થી ૪૭૦ સુધી અમલ ચાલ્યો. તેઓ ઉત્તરે કનોજમાં રાજ કરતા હોવાને લીધે પોતાના સુબાઓ મોકલીને ગુજરાતમાં અમલ ચલાવતા હતા. ગુજરાતની રાજધાની તે વખતે પણ ગીરિનગર હતું, એટલે આનર્ત અને ઉંઝાવાળા પ્રદેશમાં જુજ વસ્તી હોવાને લીધે સુબાઓનું તે તરફ લક્ષ દોરાયેલું નહીં એટલે કુર્મીઓને કાંઇ અગવડ પડી નહીં; તેમજ વ્રજપાલજીના વંશજોને પણ સ્વતંત્ર રીતે રહેવામાં કોઇ રીતે વિઘ્ન આવ્યું નહીં.

પાંચમો સૈકો પુરો થયા બાદ ઇ. સ. ૫૦૯ થી તે સાતમા સૈકાના અંત સુધી સૌરાષ્ટ ઉપર વલ્લભીરાજાઓનો અમલ ચાલ્યો. તેમની રાજધાની હાલના ભાવનગર નજીક વલ્લભીપુર નામે નગરમાં હતી. જો કે આ રાજાઓ પણ ખુદ ગુજરાતમાં રહેતા હતા તોપણ ઉંઝા વગેરે સ્થળોથી રાજધાની ઘણી દૂર હોવાથી અને મધ્ય પ્રદેશ તદન અરણ્ય જેવો હોવાથી તેમણે દંઢાવ્યમાં વસતા કુર્મીઓના નાના રાજ પ્રતિ દૃષ્ટિપાત કર્યો હોય તેવું ઇતિહાસ પરથી જણાતું નથી. એજ સમયમાં ભરૂચ, નાંદોદ, અને નવસારી વગેરે ભાગમાં ચાલુકયો અને ગુર્જરોનાં જુદાં જુદાં રાજ્યો હતાં, છતાં તેઓ પણ પોતાની નામની સત્તાને ખેડાગામ કરતાં વિશેષ આગળ વધારી શકયા નહોતા. આ સમયમાં ઉંઝામાં વસતા

૧. નાંદોદ.

વ્રજપાળજીના વંશજ સાથે ત્યાંના ગોધા પટેલના પુત્ર શીવસિંહ પટેલને કારણ વશાત્ કાંઇક વાંધો પડવાથી ઈ. સ. ૫૫૬, સંવત ૬૧૨,ના માર્ગશીર્ષ શુકલપક્ષ બીજને દિવસે પોતાને લાગતાવળગતા કૂર્મીઓને તથા તલાટી પ્રેમચંદ વીશાવાણીયા, નાગર ગોર પ્રેમાનંદ, વજેસંગ સેલોત અને કેટલાંક વસવાયાંને લઈને ગુજરાતના મધ્ય ભાગમાં આવેલ ભીલ્લ નગર ૧ આશાવલ્લીમાં આવીને તે (શીવસિંહ પટેલ) વસ્યા હતા. વ્રજપાળજીના વંશમાં પણ અત્યાર સુધી ઉંઝામાંજ વડવીર, નંદજી, જીવરાજ, રઘુજી, લખુજી, જોગજી, વડવીર બીજો અને હરીકરણજી એટલા પુરૂષો થયા હતા.[3] તે સમયમાં વલ્લભીપુરનો નાશ થયો હતો અને ગુજરાત પર ચાવડા રજપુતોની સત્તા જામી હતી. તેઓના સરદાર જયશિખરીએ ઇ. સ. ૬૯૦ પછી રાધનપુરના રાજની હદમાં કચ્છના રણની નજીક પંચાસર નગર વસાવ્યું અને ત્યાં ગાદી કરી રાજ કરવા લાગ્યો. તેના રાજ્યારોહણ પછી શ્રીસ્થળ (સિદ્ધપુર), વડનગર અને ઉંઝા પ્રતિ તેની દૃષ્ટી ગઇ હોય તેમ ધારી શકાય; પરંતુ તેના રાજ અમલના ટુંક સમય પછી ઈ. સ. ૬૯૬ માં કલ્યાણી પતિ ભૂવડે ચડી આવી તેને હરાવીને માર્યો અને રાજ્ય પોતાના સ્વાધિન કર્યું. ગુજરાતનો રાજ અમલ ચલાવવા પોતાના તરફથી સુબો મુકી તે સ્વદેશ ગયો. તેના વખતમાં સ્વર્ગસ્થ રાજા જયશિખરના સેનાપતિ સુરપાલે તથા કુંવર વનરાજે બહારવટુ કરવા માંડયું. દેશમાં ઠામ ઠામ અંધાધૂની ચાલી, તેથી ઉંઝાના નાનકડા કૂર્મી રાજપ્રતિ તે સુબાને પણ દૃષ્ટિ કરવા ફુરસદ મળી નહીં. આખરે વનરાજે સંપૂર્ણ રીતે વિજયી થઇ શ્રીસ્થળ (સિદ્ધપુર) ની નજીક હાલ જયાં પાટણ શહેર છે ત્યાં ઇ. સ. ૭૪૬ માં અણહિલપુર પાટણ વસાવી રાજગાદી કરી, ને રાજની લગામ પોતાના હાથમાં લીધી; ત્યારથી ઉંઝા અને દંઢાવ્યમાં રહેતા કુર્મીઓને કુદરતી રીતે તેની સર્વોપરી સત્તા સ્વિકારવી પડી. પ્રધાન ચાંપરાજ એક બહાદુર સરદાર હતો, ઉપરાંત નિપૂણ રાજનીતિજ્ઞ પણ હતો. તેણે આસપાસની જમીનનું મહેસુલ બરાબર ઉઘરાવવા માંડયું અને ઘણા કાળથી પડતર રહેલી જમીન પણ ખેતીના ઉપયોગમાં લેવા વિચાર કર્યો. વસ્તુ સ્થિતિ આવી હોવાથી ઉંઝામાં વસતા વ્રજપાળજીવા વંશજ બીજા વ્રજપાળજીને પણ તેની સર્વોપરી સત્તા સ્વિકારવી પડે તેમ હોવાથી, તે પોતાની માલ મિલ્કત અને લાગતાવળગતાનો નાનો રસાલો લઈ સંવત ૮૦૨ માં ઉંઝા છોડી ઈડર તરફ ગયા, અને ત્યાં કાવર નામનું ગામ વસાવી સ્વતંત્રપણે રહેવા લાગ્યા.[4] તેમની સાથે હાલ જામળીઆ સંજ્ઞાધારક પાટીદારોના પૂર્વજ પટેલ સંગાજી પોપટજી વગેરે બીજા પણ બાહોશ કૂર્મીઓ તેજ સાલના મહા શુદ સાતમના દિવસે ઉંઝા છોડી ઈડર પ્રગણાના જામળા ગામે જઈ વસ્યા.[5]

૧. અસારવા ૨. અસારવાના વહીવંચાના ચોપડા ૩. દેશાઇ પટેલના વહીવંચાના ચોપડા. ૪. દેશાઇ પટેલના વહીવંચાના ચોપડા. ૫. તેમના વહીવંચાના ચોપડા.

## પ્રકરણ ૧૨ મું.

### કચ્છમાં કણબીઓનો વિસ્તાર.

કણબીઓ પોતાના અસલ સ્થાનમાંથી ગુજરાતમાં આવી વસ્યા તે વિગેરે હકીકત આપણે આગળના પ્રકરણમાં જોઈ ગયા, પરંતુ ગુજરાતમાંથી કેટલોક ભાગ કચ્છ પ્રદેશમાં કેવી રીતે અને ક્યારે ગયો તે નીચેની બીનાપરથી બરાબર સમજવામાં આવશે.

સંવત ૧૫૦૮ ના ભાદરવા સુદિ અગિયારસને દિવસે સૈયદ ઇમામુદ્દીન ઈરાનથી હિંદમાં મુસાફરી કરતા આવી ગુજરાતમાં આવેલા અટુણા નામના ગામમાં આવીને ત્યાંની મસ્જીદમાં મુકામ કર્યો, ત્યાં ચમત્કારો બતાવી અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં આવી રહ્યા. ત્રણ વર્ષથી વરસાદ નહિ વરસેલ હોવાથી ફકીર જાણી સહુ કણબીઓ તેને પુછવા ગયા તેના કહેવા પ્રમાણે વરસાદ થયો, તેથી લોકોની શ્રદ્ધા બેઠી અને તેને બહુ માન આપવા લાગ્યા. એટલુંજ નહિ પણ અમદાવાદના સુલતાન મહંમદ બીજો (ઇ. સ. ૧૪૫૧) નજીકમાં શિકારે આવેલો તે ત્યાં આવ્યો તેને પણ અજાયબ થવા જેવો પરચો બતાવ્યો, તેથી તે ખુશી થયો અને પોતાની પુત્રીની સૈયદ ઈમામુદ્દીનના પુત્ર નુરમાહંમદશાહની સાથે શાદી કરી આપી, તેથી તો સૈયદ ઇમામુદ્દીનની પ્રતિષ્ઠામાં ઓર વધારો થયો, અજ્ઞાન અને ભોળા લોકોમાં તેની પીર અને મહાત્મા તરિકે સારી ખ્યાતિ થઈ. પ્રકરણ સાતમામાં સૈયદ ઈમામુદ્દીનની જીવનરેખા બતાવેલી છે તેમાં તેના ઇલ્મ અને પરચાની જે હકીકતો લખવામાં આવી છે, તેને સાચી માની સૈયદ ઈમામુદ્દીનના ઘણા લોકો શિષ્ય થયા. દિન પ્રતિદિન તેની માનતા ચાલવા લાગી અને નજીક તેમજ દુર દુરના ઘણા લોકો તેના શિષ્ય થવા લાગ્યા; એજ પ્રમાણે કચ્છ પ્રદેશમાં વાસ કરી રહેલા કણબીઓના પૂર્વજો પણ આવા પરચાઓ જોઈ તેના શિષ્ય થયા અને તેમને ગુજરાતની જ્ઞાતિ તરફથી વિટંબણા પડવા માંડી એટલે તે સઘળા કચ્છ દેશમાં જઈ વસ્યા તેની સવિસ્તર હકીકત નીચે પ્રમાણે છે.

**ગામ માનકવા-સાખે વેલાણીઃ**—તેમના પૂર્વજ પરબત પટેલ ચાંપાનેરમાં પટેલાઇ કરતા. ત્યાં પઢીઆર સાથે વિગ્રહ થવાથી તે ચુંવાળ (વિરમગામ પાસે) માંહેના છનીઆર ગામે આવી રહ્યા. ગીરમથે યાત્રાએ ગયા અને કબીરદિનનો ધર્મ સ્વિકાર્યો. પીર ઇમામશાહના હુકમથી સં. ૧૫૮૦માં વેલો પટેલ તથા નાકર પટેલે વાગડમાં આવી શીકરૂ ગામ વસાવ્યું ને ત્યાં વેલાસર તળાવ બંધાવ્યું. આ બંને પટેલો પોતાનાં સંતાનોને એક એકને ત્યાં

પરણાવીને વેવાઇ થયા. વેલા પટેલના વંશમાં હરભમજી, તેનો મેગજી, તેનો શવજી, તેના જશાજી અને તેના સં. ૧૬૮૦ માં પાંચ પુત્રો નામે દાતાર, જુજાર, અને ભગત વગેરે થયા. તેમાંથી ગોપાલના વંશનો વાલો પટેલ સં. ૧૭૦૨ માં માનકવે આવ્યો, ત્યાંના ગિરાશીઆ સાથે યુદ્ધ થયું, તેથી પશ્ચિમ દિશાએ જેસિંહ, વાલો અને ભાંણેજ ડોસો મરાણા. ત્યાં હાલ પણ તેમના પાળીઆ છે. એમનો પરિવાર હાલ આ ગામમાં આબાદ સ્થિતિમાં પટેલાઈ કરે છે.

**માનકુવા—સાખે ઘોઘારીઃ**—એમના પૂર્વજો અસલ અડાલજ ( અમદાવાદ પાસે ) માં રહેતા. ત્યાંથી મહુધા ગયા અને સાતે ભાઈ જુદા પડી નડીઆદ, ઉમરેઠ, બોરસદ, ડાકોર, બોલેસર, વસો, ઇટોલા વગેરે ગામે ગયા. તેમનો વંશ ઘોઘામાં આવી વસ્યો; અને ત્યાં અજા પટેલે પીરાણાનો પંથ સ્વિકાર્યો તેથી શીકરે આવ્યા અને ત્યાંથી કેટલાક વખત પછી માનકવે આવ્યા. હાલ પણ તેમના વંશજો આ સ્થળે આબાદ સ્થિતિમાં રહે છે.

**માનકવા—સાખે લીંબાણીઃ**—એમના વડવાઓ અડાજલ (તા. અમદાવાદ) માં રહેતા ત્યાંથી નડીઆદ ગયા તેમના વંશજ ગોવા પટેલને જેરાજ વાસણ અને જીવો નામે ત્રણ પુત્રો હતા, તેમાંથી એક કંબોઈ બીજો માળવે અને ત્રીજો ગીરમથે ગયો. પેલાએ અને ત્રીજાએ પીરાણા સતપંથનો ધર્મ અંગીકાર કર્યો, તેથી સંવત ૧૭૬૫માં તેઓ શીકરે આવ્યા, જેરાજના બે પુત્ર, કાનજી અને નાનજી. નાનજીના બે પુત્ર, હરદાસ અને માવજી. માવજીના બે પુત્ર ડાહ્યો અને નાઈઓ. નાઇઆનો શીવજી. શીવજીના બે પુત્ર વસ્તા અને માવજી. વસ્તાના બે પુત્ર હરજી અને જીવરાજ. હરજીનો પુત્ર હીરજી હાલે હયાત છે. જીવરાજના ત્રણ પુત્ર વાલજી, માવજી અને છગનલાલ. વાલજીનો પુત્ર શીવજી. આ પ્રમાણે જીવરાજથી બધા હયાત છે. અને માનકવામાં આબાદ સ્થિતિમાં રહે છે.


**માનકુવા—સાખે ચવાણઃ**—આ સાખના મૂળ પુરૂષ ધોળકા તાલુકામાં સાબરમતી નદીના તીરે રાયસંગ બરોડા ગામમાં ગિરાશ હતો ત્યાં રહેતા હતા. તેમાંના સારંગજીએ પીરાણાનો પંથ સ્વિકાર્યો એટલે શીકરે આવી વેલા તથા નાકર પટેલના પ્રથમ આવી વસેલા વંશજો ભેગા રહ્યા ને આબાદ થયા.

**માનકુવા—સાખે હલપાણીઃ**—એમના પૂર્વજ અમદાવાદમાં રહેતા, ત્યાંથી બારેજા ગયા અને પીરાણાનો ધર્મ સ્વિકાર્યો એટલે શીકરે આવી વસ્યા. ત્યાંથી માનકવે આવ્યા અને ત્યાં હાલ ઠાકરાણી, ડોસાણી, ભાદાણી અને સોમાણી એવી ચાર સાખો પરથી પિછાનાય છે.

**ગામ ભડલી—સાખે ઠાકરાણીઃ**—એમના પૂર્વજ બારેજા (અમદાવાદ પાસે) માં રહેતા. ત્યાંથી ગીરમથે ગયા અને પીરાણાનો પંથ કબુલ કર્યો એટલે

કચ્છ દેશના કડવા પાટીદારોમાં લીંબાણીની શાખથી ઓળખાતા કણબીઓના ગુજરાતના નડીઆદ ગામે રહેતા મુળ પુરૂષ

## ગોવીંદ પટેલ



શીકરે આવ્યા. ત્યાંથી કેટલાંક વર્ષો પછી રાજો પટેલ તથા પુત્ર દેવસિંહ પટેલ બંને ખેડોઇ આવ્યા. અને ત્યાંથી સં. ૧૯૮૨ માં ભડલી ગામે આવી રહ્યા. બીજા ગોવો પટેલ મુળ અમદાવાદ પાસે વસાઇ ટીંબામાં રહેતા ને પીરાણાનો ધર્મ સ્વિકારવાથી તે પણ શીકરે આવેલા, ત્યાંથી સં. ૧૯૯૦ માં ભડલીમાં આવી રહ્યા.

**ગામ વિરાણી—સાખે નાકરાણીઃ**—આ સાખના નાકર પટેલના પૂર્વજ સોમા પટેલ મૂળ ઉંઝામાં રહેતા હતા. ત્યાંથી તે લાલી ( મહેમદાવાદ તાલુકો ) આવી રહ્યા. સં. ૧૬૫૦માં પીરાણાનો ધર્મ સ્વિકાર્યો; એટલે શીકરે આવ્યા. ત્યાંથી તેમના નાકર સમાણાં દાગાનો દીકરો સંગો અને પહેચાણનો પુત્ર ભીમજી વિરાણી આવી રહ્યા. હાલ તેમનો પરિવાર આબાદ સ્થિતિમાં તે ગામે પટેલાઈ કરે છે.

**ગામ વિરાણી—સાખે દીવાંણીઃ**—એમના પૂર્વજ અસલ અડાળજમાં ( અમદાવાદ પાસે ) રહેતા. ત્યાંથી ચાર ભાઇઓ મામાને ત્યાં ગીરમથે આવ્યા અને પીરાણા પંથી થયા તેથી શીકરે ગયા. કેટલાંક વર્ષે ત્યાંથી દુધઇ આવ્યા અને ત્યાંથી સં. ૧૮૦૫માં આણંદજી પટેલ વિરાણી આવી વસ્યા.

**ગામ વિરાણી—સાખે ઘોઘારીઃ**—એમના પૂર્વજ ભાલેજ (આણંદ પાસે) માં રહેતા, અને દેશાઇ કહેવાતા. જેસિંહ દેશાઇને ત્રણ પુત્ર હતા. તે માંહેથી બે ઉમરેઠ, તથા કંબોઇ ( પાટણવાડામાં ) વસ્યા અને ત્રીજો ભાઇ પીરાણાપંથી થવાથી શીકરે આવ્યો. તેના વંશમાં મુળજી પટેલ થયા. તેના જસોજી, હરગોવિંદ અને ભીમજી ત્રણ ભાઈઓ સં. ૧૮૧૩માં વિરાણી આવી વસ્યા અને તેમનો પરિવાર આબાદ થયો.

**ગામ અંગીઆ—સાખે ચોપડાઃ**—મૂળ પુરૂષ દેવજી પટેલ ઉંઝામાં રહેતા. ત્યાંથી મેળામાં ગીરમથે ગયા અને પીરનો ધર્મ પાળ્યો તેથી શીકરે ગયા. ત્યાંથી કેટલાંક વર્ષ પછી તેમનો પુત્ર જસોજી સં. ૧૭૯૮માં અંગીએ આવી વસ્યા.

**ગામ કોટડા**—આ ગામમાં વસ્તા કણબીઓ અસલ અમદાવાદના વાસી હતા; પરંતુ ગીરમથે ગયા અને પીરાણાનો પંથ સ્વિકારવાથી ગામ શીકરે સં. ૧૭૬૫માં આવ્યા અને ત્યાંથી કેટલાંક વર્ષો પછી દુધઇ આવ્યા. ત્યાંથી પણ સં. ૧૮૨૩માં માધો પટેલ તથા જીવો પટેલ આવી કોટડે વસ્યા. તેઓની અસલ શાખ પારેખની હતી; પરંતુ છ ભાઇનો વંશ એક એક પુત્રથીજ છ પેઢી સુધી ચાલ્યો તેથી છ ભઇઆ કહેવાયા છે.

**ગામ નખત્રાણા—સાખે પોકારઃ**—એમના અસલ પુરૂષો મેસાણામાં રહેતા. ત્યાંથી નીકળી કાનમમાં આવ્યા. સં. ૧૭૧૯ માં પીરનો ધર્મ પાળ્યો.

એટલે પુંજો પટેલ શીકરે આવી વસ્યા ને ત્યાંથી દુધઈ આવ્યા અને ત્યાંથી પણ અબજી, જસો અને હરજી પટેલ ત્રણ ભાઈ સ. ૧૮૨૮ માં નખત્રાણા આવી રહ્યા.

**ગામ નખત્રાણા–સાખે રામાણીઃ**—એમના પુર્વજો ભાલેજ (આણંદ પાસે)થી સં. ૧૫૯૨ ના કારતક સુ. ૨ પીરના ધર્મમાં આવ્યા અને ગુજરાત છોડી શીકરે વસ્યા. કેટલાક કાળે તેમના વંશજો નખત્રાણે આવ્યા. તેમાંના કેશરાના વંશનો ખેતો, તેનો નારાયણ, તેનો ગોપાલ એ રામાણી તે જેરાજ લીંબાણીની પુત્રી સાથે પરણ્યા. તેમનો વંશ હજુ નખત્રાણામાં છે.

**ગામ નેત્રા–સાખે સાંખલાઃ**—તેઓ અસલ ઉઝામાં રહેતા અને ત્યાંથી આણંદ ગયા ને ત્યાં પટેલાઈ કરી, તેમાંથી એક પુરૂષ માળવે, એક નારદીપુર (કલોલ તાલુકો) અને એક શીકરે આવી રહ્યો. તેના વંશજ માણેકવાડા અને ત્યાંથી બઢારમોર આવ્યા. વાસણનો વંશ ભાદરણ ( તા. આણંદ )માં ગયો ને તેના બીજા પિત્રાઈ આવળે ( તા. ધોળકા ) રહ્યા. અબજીના પુત્ર ધનજી, રતનો અને લાલજી શીકરેથી નેત્રા આવ્યા. હાલ તેમનો તથા રતનાનો વંશ વેકરા ગયો છે.

**ગામ વિથોણ–સાખે સુરાણીઃ**—એમના વડવા સુનાવમાં ( ચરોતર ) રહેતા. પીરનો ધર્મ સ્વિકારવાથી શીકરે આવવું પડયું. ત્યાંથી માનકવે ગયા, ત્યાં ગિરાશીઆ સાથે લડાઇ થઈ તેમાં ગોપાલ મરાયો, જેની દેરી પશ્ચિમ ભાણી હાલ પણ છે; એટલે ગોપાલના પુત્ર મનજી તથા વિશ્રામ સં. ૧૮૦૧ માં વિથોણ આવી રહ્યા, જેમનો પરિવાર હાલ પણ ત્યાં વસે છે.

**ગામ કરબોઈ–સાખે ભાવાણીઃ**—અસલમાં વસો ( ચરોતર )થી ભાવા પટેલ શીકરે આવ્યા; ત્યાંથી કાળે કરી તેમના વંશજો માણેકવાડા ગયા, ત્યાંથી તેમનો વંશ ધમડકે વસ્યો; ત્યાંથી હરજી પટેલનો પરિવાર કરબોઈ આવ્યો ને કુવો બંધાવ્યો, જ્ઞાતિ જમાડી બારોટને સંવત ૧૮૩૧ માં ઘોડીનું દાન આપ્યું અને પટેલાઇ કરી.

**ગામ નખત્રાણા–સાખે લીંબાણીઃ**—એમના ઘરડા અડાલજ ( તા. અમદાવાદ ) માં રહેતા ત્યાંથી નડીઆદ ગયા. તેમના વંશજ ગોવા પટેલને જેરાજ વાસણ અને જીવો નામે ત્રણ પુત્રો હતા. તેમાંથી એક કંબોઇ બીજો માળવે અને ત્રીજો ગીરમથે ગયો, પેલા અને ત્રીજાએ પીરાણા સતપંથનો ધર્મ અંગીકાર કર્યો. જેથી સંવત ૧૭૬૫ માં તેઓ શીકરે આવ્યા, જીવાનો પરિવાર રામજી, ધનજી અને ગોરો. એ ત્રણ ભાઈ સંવત ૧૭૯૮ માં નખત્રાણામાં આવ્યા. ગોરાનો પુત્ર આણદો તેનો પેથો. પેથાનો કેશરો પટેલ ને તેના ભોજા પટેલ થયા. તે ભોજા પટેલ નખત્રાણાથી સંવત ૧૯૦૩ ની સાલે સાસરાના પક્ષમાં વિરાણી આવી રહ્યા. ભોજા પટેલના વિશ્રામ અને રામજી બે પુત્ર. રામજીના બે પુત્ર વાલજી અને નારાયણજી. વાલજીના બે પુત્ર જીવરાજ

અને વેલજી. જીવરાજના બે પુત્ર રતનસિંહ અને ભાણુજી. આં પ્રમાણે રામજીના બે પુત્ર વાલજી અને નારાયણજીથી ભાણુજી સુધીના બધા હયાત છે, અને આબાદ સ્થિતિમાં વીરાણીમાં રહે છે.

**ગામ મથલ—સાખે પોકાર;**—તેમના વડવાઓ નડીઆદમાં રહેતા. ત્યાંથી મગન પટેલ કાનમમાં વસ્યા ને ત્યાંથી તેના પુત્ર હંસરાજ અને મોહન ગીરમથે આવ્યા. સં. ૧૭૧૦ માં પીરાણાનો ધર્મ લીધો તેથી શીકરે આવી રહ્યા. ત્યાંથી હંસરાજના પુત્ર દેવસિંહ તથા મેઘજી સં. ૧૭૪૨ જેઠ વદ ૧૨ ના દિવસે મથલ આવ્યા, ત્યાંના ગિરાશીઆએ તેમને પટેલાઇ આપી. મેઘજીનો પુત્ર હરભમ, તેનો શીવજી વગેરે પરિવાર આજે મથલમાં છે.

**ગામ ગડાંણી—સાખે લીંબાણી:**—મૂળ ગામ ઉંઝે રહેતા, ત્યાંથી બાવળે વસ્યા. ત્યાંથી ગોવીંદ પટેલનો વંશ આણંદ આવ્યો, ત્યાંથી તેના વંશજ અરજણના પુત્રો છગન, હરગોવીંદ અને ગોવિંદ ગામ લાલી ( તા. મહેમદાવાદ) આવ્યા ને ત્યાંથી અમદાવાદ આવ્યા. પીરાણાનો પંથ કબુલ કર્યો તેથી સં. ૧૭૮૨ માં કાનજી તથા નારણ બંને ભાઇ માણેકવાડે આવ્યા ને ત્યાંથી ભડલી ગયા ને ત્યાંથી સં. ૧૮૧૩ માં કાનજીનો વંશ ખેતો ને અબજી બે ભાઈઓ તથા બ્હેન જસુ ને ભાણેજ નથુ ગડાણી આવી વસ્યા.

**ગામ ખોંભડી–સાખે પોકાર:**—અસલ ઘરડાઓ ધોળકા રહેતા હતા. ત્યાંથી પચાણ પટેલ સં. ૧૬૮૩ માં ગીરમથે આવ્યા ને પીરનો ધર્મ પાળ્યો તેથી તે શીકરે આવ્યા. ત્યાંથી વેલાણીમાં વસ્યા. પચાણ પટેલના વાલજી, રતનો અને મેઘજી ત્રણ પુત્રો હતા. તેમનો પરિવાર સં. ૧૭૦૪ માં ખોંભડીમાં આવી રહ્યો. મેઘજીનો પુત્ર માધો થયો. તેના અબજી અને પાંચો થયા. પાંચાના પુત્ર મનજી, રામો અને વિશ્રામ થયા.

**ગામ મગવાણા—સાખે ચોપડા:**—અસલમાં તેમના પૂર્વજ નાગજી પટેલ ઉંઝાથી નીકળી સાણંદ આવી વસ્યા. ત્યાંથી અમદાવાદ આવી પીરનો ધર્મ માન્યો અને સં ૧૬૭૧ માં શીકરે આવ્યા. ત્યાંથી તેમના વંશજ જસો અને જીવરાજ અંગીએ આવ્યા ને ત્યાંથી સં ૧૮૧૮ માં જીવરાજના પુત્ર ધનજી તથા પૌત્ર ગોરો અને કચરો ગામ મગવાણા આવ્યા અને ત્યાં પટેલાઇ કરી આગેવાન ગણાયા.

**ગામ દર્શડી–સાખે પોકાર (હાલ બાથાણી):**—મૂળગામ ધોળકાથી હાલાપટેલે સારંગ ચોહાણ સાથે ગીરમથે આવી પીરનો ધર્મ સ્વિકાર્યો, તેથી સં. ૧૫૯૮ માં નાકર તથા વેલા પટેલના કુટુંબમાં શીકરે આવી રહ્યા. સં. ૧૬૬૪ માં હાલાના પુત્ર રામજી તથા જેસિંહ ખેડાઇ આવ્યા. એક ભાઇનો નિર્વંશ ગયો. જેસિંહના અરજણ અને દેવસિંહ થયા. દેવસિંહનો પુત્ર મનજી સં. ૧૭૦૪ માં માનકવે વસ્યા. મનજીને રતનો અને લખુ બે પુત્ર થયા

લખુનો પુત્ર અબજી સં. ૧૭૮૪ માં હર્શડી આવી વસ્યો અને પટેલાઈ કરી ગામમાં પીરાણાના ધર્મનું સ્થાનક બાંધી જ્ઞાતિ જમાડી. અબજીને ડુંગર, ગોપાલ, લક્ષ્મણ અને કરસન ચાર પુત્ર થયા. કરસનને પુત્ર સેવજી તથા ભાણજી થયા. લક્ષમણ ને પુત્ર વાલજી તથા પુત્રી હીરબાઈ અને ગોપાલને પુત્ર દેવસિંહ તથા રતનો અને ડુંગરને પુત્ર ભાણજી તથા રતનબાઈ ને માનબાઇ પુત્રી હતાં. એ વગેરે અબજી પોકારનો વંશ છે.

આ પ્રમાણે વિક્રમના સોળમા સૈકામાં તેઓએ પોતાનો અસલ હિંદુધર્મ બદલી મુસલમાનને ગુરૂ કર્યો, તેથી તેમને કુટુંબ, જ્ઞાતિ અને ગામ સાથે પણ કલહ થાય તે સ્વાભાવિક છે, તેથી ધાર્મિક અગવડને લીધે સઘળા પીરાણાપંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળી વાગડ (કચ્છ) માં શીકરા ગામે આવ્યા, અને ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મીઓ સાથે મળી જુદી જ્ઞાતિ કરી. કચ્છનો પ્રદેશ વર્ષો થયાં ખેતીવાડીમાં પછાત હતો તેથી ગુજરાતના કાબેલ ખેડુતો કચ્છના રાવને અનાયાસે મલવાથી, તેણે તેમનો સારો સત્કાર કરી જમીનો આપી તેથી શીકરેથી પછી સહુ સવડે સવડે જુદાં જુદાં ગામોએ જઈ રહ્યા અને આબાદ થયા. જો કે તેમણે મુસલમાનને ગુરૂ કર્યા હતા, તોપણ તેમની સઘળા પ્રકારની રીતભાત હિંદુનીજ હતી. તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરાણે મોકલતા; સિવાય મુસલમાનનું એક પણ વર્તન તેમનામાં નહોતું. આ પ્રમાણે કેટલાક કાળ પર્યંત ચાલ્યું. તેમની વસ્તિ વધી પ્રથમનાં ૧૨–૧૩ ગામોનાં ૨૫–૩૦ ગામો થયાં. તેવામાં તેમને ત્યાં એકાદ વિવાહ પ્રસંગે પિરાણાનો ધર્મગુરૂ પ્રાગજી કાકો, જે મહા કાબેલ હતો, તે આવ્યો અને તેમને હિંદુથી નિરાળા કરી શુદ્ધ પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી, વહીવંચા તથા ગોર સાથે તકરાર પડાવી; તેનો મર્મ ન સમજતાં બિચારા અંધશ્રદ્ધાળુ કણબીઓએ, તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે મળી, ગોર તથા વહીવંચાને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો જે નીચે પ્રમાણે છે.

### ઠરાવ.

“ સં. ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ને દીને ગામ શ્રી નખત્રાણા મધે જ્ઞાતિ પંચ ભેળા થઇ બારોટ–ગવરીદાસ શામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહીં, તેમ બારોટને કાંઇ પણ આપવું નહીં, તેમજ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ, તેમજ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઈ કર્મ કરાવવું નહીં, ને કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે તે નાતનો ગુનેગાર છે. બાવા ઇમામશાના ધર્મને માનનાર આપણા કણબી ભાઇઓ જેણે

સં. ૧૫૯૨ ના કાર્તક શુદ ૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે, તે ભાઈઓએ આજદિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સુતક કર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે, પણ હવેથા આપણા ગુરૂ ઇમામશાના ધર્મનો ખરો રસ્તો બાવા ઇમામશાના વંશના સહીદો તથા હાલે જે પીરાણાની ગાદી ઉપર ટિલાએત કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા. નીચે મુજબ ગામના પટેલીઆનો પંચ ભેગો થઇ ઠરાવ કર્યો છે તે આપણી આખી નાતને કબુલ મંજુર છે.

૧. ગામ નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ આબજીઆણી, તથા પા. સામા ભાવાણી.
૨. ગામ વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લાધા દીવાણી, તથા માના બાથાણી.
૩. ગામ શ્રી વિથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંધાણી, વાલા નાંધાંણી, તથા વસંરામ સૂરાણી.
૪. ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માંનાણી, પા. સૂરા, પા. નાંયા સેંધા, ગોરાવાલા, દેવરાજ, તથા કમા સુરાણી.
૫. ગામ મથલના પા. હરભમ પોકાર, મેઘા નાંનજીઆણી, તથા રતના ચોધરી.
૬. ગામ શ્રી ગડાણીના. પા. કેસરા, નીરજી, તથા પેથા પોકાર.
૭. ગામ શ્રી ખોંભડીના પા. પાંચા, તથા અબજી પોકાર.
૮. ગામ શ્રી અંગીઆના પા. અખઇ, મેઘા, માંના, તથા કાનજી પારસીઆ.
૯. ગામ શ્રી ડોઝાપરના પા. મનજી સોમજાંણી, પા. સુરા, મુખી જીવા, તથા ભીમા રઇઆણી.
૧૦. ગામ દર્શડીના પા. ડુંગર, ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંધાંણી, ખેતા પુંજાંણી, તથા હરભમ.
૧૧. ગામ શ્રી સરવાના પા. કેસરા, તથા કરસન હરજી પબાણી.
૧૨. ગામ શ્રી કરઓઇના પા. દેવસી, તથા મૂળા.
૧૩. ગામ શ્રી મગવાણાના પા. ગોરા ચોપડા, તથા કચરા.
૧૪. ગામ શ્રી ભડલીના પા. ગોવા ઠાકરાણી, તથા માંડણ ભોજાણી.
૧૫. ગામ શ્રી માનકવાના પા. કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી, તથા કરસન.

નાત સમસ્ત મળી ખાંનામાં, ગામ નખત્રાણાનામાં, બાવાના પાટ આગળ ધુપ દીવો કરી ઇમામસાના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા ગવરીદાસ સામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું કે સં. ૧૫૯૨ ના કાર્તક સુદ ૨ શુક્રવારના દહાડાથી ધર્મ ઇમામસાનું લીધું છે, તે

આજદીન સુધી ગોર તથા ભાટની પાસે પોતાનો વહીવંચો તથા ક્રીયા કરાવા, હવેથી નહીં, તે દાનકી સંવત ૧૮૩૨ ના વરખે પોષ વદ ૧૩ ને દને રજા દીધી છે, તે માટે આજદન પછી બ્રાહ્મણ કે ભાટને આવે તો ઉભા રહેવાની આંટ નહિ. આજદીવસ પછી ગોર તથા ભાટને માનસે તે નાતનો ગુનેગાર થાસે. બાવા ઇમામસાના ઘરથી નાત બહાર છે. તે ગામ શ્રી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધુપ કરીને આખી નાત મળીને લખત કીધું છે. અને કાકા પ્રાગજીના તથા બાવા ઇમામશાના વંશના સૈયદ વલીમીઆંની રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશ પરંપરા કબુલ મંજુર છે. આ લખતનો મસુદો ગામ વીરાણીના કણબી માંડણ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી પહોર દિવસ ચડે કર્યો છે. ”

આ બનાવ પછી બારોટ અને બ્રાહ્મણોની તદ્દન ગેરહાજરીમાં તેઓને પોતાની અસલ સ્થિતિનો ઇતિહાસ બિલકુલ વિસ્મૃત થઇ ગયો, તે એટલે સુધી કે, તેઓ અસલ ‘ ચોરી અને ચિતા ’ એ ચડતા હતા, તે વાત માનવી પણ મુશ્કેલ થઈ પડી. વખત જતાં તેમનું વર્તન તદ્દન જુદા જ પ્રકારનું થઇ ગયું. સઘળી શુભ અને અશુભ ક્રિયાઓ પીરાણાના પ્રતિનીધિ તરિકે ગામે નીમાયેલા મુખી પાસેજ કરાવવા લાગ્યા. હાલ ધર્મમાં તેઓ **પીરશાહ નો** જાપ, હક **લાએલાહા ઈલીલ્લાહો મહમદુર રસુલીલ્લાહે** નો કલમો પડે છે, બાજનામું. નુરનામું, રતનનામું, અને મહોર નબુવતની દોવાઓ પડે છે. શુક્રવારી બીજના દિવસે અપવાસ કરે છે. તાબુત કાઢતા નથી, સુન્નત કરાવતા નથી. દાઢી રખાવતા નથી. છતાં પણ બ્રાહ્મણો પાસે કોઇ ક્રિયા કરાવતા નથી, અને મડદાંને દાટે છે, તેમજ લગ્ન ક્રિયા પીરાણા સતપંથની દોવા પડી મુખી કરાવે છે. આ પ્રમાણે ઘણા કચ્છી કણબીઓનું વર્તન બદલાઇ ગયું છે. છતાં હજુ સુધી કોઈ પ્રકારનો ખાન પાનાદિનો ભ્રષ્ટાચાર થયો નથી, તેમ થતો પણ નથી. આ પંથના કેટલાક કણબી અનુયાયીઓ હાલે અમદાવાદ તથા ગુજરાતના બીજા અન્ય ગામોમાં પણ વસવાટ કરી રહ્યા છે. પીરાણા પંથી કણબી આગેવાનો કચ્છ દેશમાં પ્રાગજી કાકાની રૂબરૂ થયેલ ઠરાવ પ્રમાણે, બળ જબરીથી એ ઠરાવ જ્ઞાતિને પળાવતા હતા. એજ અરસામાં સ્વામી નારાયણના સાધુઓના ઉપદેશથી ગામ નેત્રાના કેશરા મુખી અને બીજા ચાર જણને કંઇક ભાન થયું, અને તેમના પૂર્વજોની થયેલ ગંભીર ભુલ જણાઇ આવી, એટલે તે ડાહ્યા અને દૃઢ મનના એ ધર્મ સુધારક વીર નરોએ વિચાર્યું કે, ચોરી અને ચે બંધ થાય; બ્રાહ્મણોનું ગુરૂપણું જાય; અને તેના બદલામાં સૈયદોને ગુરૂ કરાય તો તો જ્ઞાતિને મુસલમાન જ થવું પડે. એવા વિચારથી પોતે તેમજ પોતાના સોબતી ભાઇઓએ સંવત ૧૮૩૨ ની સાલમાં

જ્ઞાતિએ પ્રાગજી કાકા અને સૈયદ વલીમીંઆની સલાહથી કરેલાં ઠરાવ પ્રમાણે વર્તવા બંધાતા નથી, એમ જ્ઞાતિને જણાવી તેજ દિવસે પીરાણા સતપંથને તજી દઇ સ્વામી નારાયણ મતપંથના શિષ્ય થયા. આ બનાવથી કચ્છી કણબીઓમાં હાહાકાર થઇ ગયો, સઘળાએ એકઠા થઇ તેનો સર્વાંશે બહિષ્કાર કર્યો; એટલુંજ નહિં પણ તે અજ્ઞાન દશાવશ કણબીઓએ પોતાનો વાડો કુદાવી બહાર જનારા તે કેશરા ભક્ત અને તેના સોબતીઓના પર અનેક પ્રકારના અત્યાચારો ગુજાર્યાં, જે તેમણે શાંતિથી સહન કર્યાં, અને ઇશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના અન્ય બંધુઓને પણ સદુપદેશ દેવો ચાલુ જ રાખ્યો. તેના સત્સંગથી વખત જતાં બીજા કેટલાક ભાઈઓએ પણ એ પીરાણા સતપંથીઓથી જુદા પડી સ્વામીનારાયણનો સંપ્રદાય સ્વિકાર્યો અને ધીમે ધીમે તેમની સંખ્યા વધવા લાગી. હાલ તેઓ બારસો માણસની સંખ્યામાં થઇ ગયા છે. કચ્છના કણબીની આવા દયાજનક દશા સુધારવા, એક દયાળુ પરોપકારી પરમહંસ સ્વામી જ્ઞાનાનંદજીએ ગઢશીશાના પ્રખ્યાત પંડીત પીતાંબરજી (વિચારસાગરના ટીકાકાર) ની સલાહથી કેટલાક સમય પછી પ્રયાસ કરવા માંડયો; જેના પરિણામે એક પછી એક ગામો પીરાણા પંથની સાંકળમાંથી અંકોડાની માફક છુટાં પડવા લાગ્યાં અને કેટલાંકોએ વેદ ધર્મ અંગિકાર કરી ઉપવીત ધારણ કર્યું.

સ્વામીજીના પરદેશ જવા પછી કણબી આગેવાનોએ વેદધર્માનુયાયી સ્વામીજીના સઘળા શિષ્યોને, દંડી દંડી, જુલ્મ કરી કંઠી ને ઉપવીત ઉતરાવી નાંખી, પાછું ચાલતું હતું તેમજ પીરાણાપંથનું જોર ચલાવ્યું. ઝીંઆઇ ગામના વૃદ્ધ પટેલ માનાભાઈએ અનેક સિતમે પણ લીધેલો ધર્મ ન બદલ્યો, આખરે સં. ૧૯૫૨–૫૩માં પોતાની માતાના મરણ વખતે, કોઇએ મુડદું ન ઉઠાવ્યું તેથી ડરી જઇ, કંબાળીને દંડ આપી પાછો પીરાણાપંથીઓમાં પેઠો અને ચાલતું હતું તેમ ચાલવા લાગ્યું; પરંતુ ચારસો વર્ષથી ચાલતો જમાનો હવે બદલાયો હતો. ભાગ્યદેવીએ પણ કણબી પ્રતિ કરૂણદ્રષ્ટી કરી હતી, તેથી ખેતીવાડીમાંજ માત્ર જીવન ગાળનારા કણબી પુત્રો હુન્નર ઉદ્યોગ માટે દેશ છોડી પરદેશ જવા લાગ્યા. ત્યાં દેશાટણથી જ્ઞાન વધે છે, તે સિદ્ધાંત તેમને યથાર્થ ફળદાઇ બન્યો. પરદેશમાં જુદી જુદી હિંદુકોમો સાથે પરિચયમાં આવતાં આંખ ઉઘડી અને પોતાના ધર્મ પ્રતિ, એક સાચા હિંદુ તરિકે તિરસ્કાર આવવા લાગ્યો. તેમાં સુધારો કરવા કેટલાકની ઉર્મિઓ ઉછળવા લાગી, પણ પોતાના પહેલાં આવો પરમાર્થ કરનારને વારંવાર વેઠવો પડેલો ત્રાસ મનમાં તાજો હોવાથી કેટલાક આરંભશુરાઓની ઉછળતી ઉર્મિઓ ઉંડી દબાઈ ગઇ; પરંતુ, કેટલાક સાચા

ગુરાઓને તો " क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका. એટલે કે એક ક્ષણભર કરેલો સત્સંગ સંસાર સમુદ્ર તરવાને નૌકા રૂપ થઇ પડે છે; એજ પ્રમાણે ઉદ્ધારક લાગણી, વિટંબણાના ડરથી દબાઈ ન જતી રહેતાં વિશેષ તીવ્ર બની અને આખરે કોઇ પણ કુટુંબીની, જ્ઞાતિજનની કે માતપિતાની સલાહ લીધા વિના માત્ર સાતજ ભાઈઓએ પીરાણા વિરૂદ્ધ, ધર્મધ્વજ ખડો કરી વિગ્રહ આરંભ્યો, જેની સવિસ્તર બીના, આ પુસ્તકની શરૂઆતના ભાગમાં પાનાં ૧૧ થી વર્ણવામાં આવેલી છે, તેમાં સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિહીતચિંતક મંડળના કાર્યકર્ત્તાઓમાંના મુખ્ય ભાઈઓના નામો નિચે પ્રમાણે છે.

પટેલ નારાયણજી રામજીભાઇ લીંબાણી. ગામ વીરાણીવાળા.
પટેલ રતનસીભાઈ કરસન છાભૈયા ગામ રાજપુરવાળા.
પટેલ રામજીભાઈ જેઠા રંગાણી. ગાંમ ગઢશીશાવાળા.
પટેલ વિશ્રામભાઇ દેવજી નાકરાણી. ગામ વીરાણીવાળા.
પટેલ કરસનભાઇ ભાણજી નાકરાણી. ગામ વીરાણીવાળા.
પટેલ નાયાભાઇ શીવજી નાકરાણી. ગામ વીરાણીવાળા.
પટેલ હરજીભાઇ લધા રામાણી. ગામ લોડવાવાળા.

એ સાતે ભાઇઓએ રાજકોટ નજીક ઢોલરાના મૂળવતની વેદશાસ્ત્ર સંપન્ન જ્યોતિષ શાસ્ત્રી સદગત્ શ્રી રામેશ્વર મોરારજીના ઉપદેશથી સંવત ૧૯૬૪ ના જેઠ સુદી ૫ ને ગુરૂવારે પતિત પાવની શ્રી ગોદાવરીના પવિત્ર તીરે શ્રી ત્ર્યંબકેશ્વર તીર્થ ક્ષેત્રમાં નાશિકના પ્રસિદ્ધ વેદવિત વિદ્વાન બ્રાહ્મણોદ્વારા વૈદીક વિધીએ દેહશુદ્ધ પ્રાયશ્ચિત કરાવીને ઉત્સાહ પૂર્વક ઉપવિત ( જનોઇ ) ધારણ કરીને વેદ ધર્મના પૂર્ણ અધિકારી થયા છે, અને તેજ દિવસથી એ પાપી પીરાણા સતપંથનો ત્યાગ કરી, જ્ઞાતીને અને અન્ય હિન્દુભાઇઓને એ પંથના પાખંડમાંથી છોડાવવાની ભીષ્મ પ્રતિજ્ઞાઓ નાશિકના પવિત્ર તીર્થક્ષેત્રમાં કરી આવ્યા છે, તેને બરાબર પાળી રહ્યા છે, અને એજ સત્યનિષ્ઠા, તથા અડગ વ્રતના પ્રતાપથી આજે પણ તેઓએ પીરાણા સતપંથના કચ્છદેશના અમાનુષી કણબી જ્ઞાતિના જુલ્મગાર આગેવાનોની સામે ટકી રહેવા, તથા જાહેર ચળવળ કરવામાં ફતેહમંદ થયા છે.

એટલુંજ નહિં પણ એજ સાતે ભાઇઓએ પોતાની તનતોડ ચળવળથી બારસો ( ૧૨૦૦ ) જ્ઞાતિભાઈ બહેનો કે જેઓ આજે સ્વામીનારાયણનો ધર્મ પાળે છે તેમને પણ એ પીરાણા સતપંથીઓના સંસર્ગથી જુદા પાડયા છે; તથા ગુજરાતના પ્રતિષ્ઠિત જ્ઞાતિભાઇઓના સહવાસમાં આવી તેમની ઉદાર મદદ મેળવવા ભાગ્યશાળી થનાર પણ એજ સાતે બંધુઓ છે. એ ઉપરાંત યુવક

મંડળ, તથા પરિષદોની સ્થાપના કરનારાઓ પણ એજ બંધુઓ છે. એ સર્વે કોઇથી અપરિચીત નથી. એટલુંજ નહિ પણ નીચે જણાવેલા ગામ ડયાપર, ઘાટકોપર, પાનેલી, રવાપર, તેમજ કરાંચીના ધર્મવીર બંધુઓ અને બહેનોને જાગૃત કરી એ પાપી પીરાણા સતપંથની જાળમાંથી મુક્ત કરી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી, શુદ્ધ વૈદિક ધર્મની દીક્ષા અપાવનારા પણ એજ ઉપર જણાવેલા સાતે બંધુઓ, તેમજ યુવકમંડળ અને પરિષદ્‌ના કાર્યકર્તાઓજ છે.

## ગામ ડયાપરમાં પીરાણા સતપંથને તિલાંજલી આપી દેહશુદ્ધી પ્રાયશ્ચિત લેનારાં ભાઇબહેનોનાં નામો.

૧ પટેલ લાલજી રૈયા નુખે લીંબાણી.
૨ સૌ. પદમાબાઇ તે પટેલ લાલજી રૈયાના ધર્મપત્નિ.
૩ ચિ. ચનુલાલજી
૪ ચિ. વાલજી
૫ ચિ. હંસરાજ
૬ ચિ. મેઘજી
} તે પટેલ લાલજી રૈયાના પુત્રો.
૭ પટેલ ડાયા રૈયા નુખે લીંબાણી.
૮ સૌ. નાનાબાઈ તે પટેલ ડાયા રૈયાના ધર્મપત્નિ.
૯ ચિ. બહેન પુરબાઇ
૧૦ ચિ. બહેન રાજબાઇ
૧૧ ચિ. બહેન દેવકી બાઇ
} તે પા. ડાયા રૈયાની પુત્રીઓ.
૧૨ પટેલ મુલજી રૈયા નુખે લીંબાણી.
૧૩ સૌ. રામબાઇ તે પા. મુલજીભાઇના ધર્મપત્નિ.
૧૪ ચિ. કુકુભાઈ.
૧૫ ચિ. બહેન હાંસબાઈ.
૧૬ ચિ. બહેન કેશરબાઇ.
} તે પા. મુળજીભાઇના પુત્રપુત્રીઓ.
૧૭ પટેલ નારણ રૈયા નુખે લીંબાણી.
૧૮ સૌ. જાનબાઈ તે પા. નારણભાઇના ધર્મપત્નિ.
૧૯ ચિ. ભાઇ વિશ્રામ
૨૦ ચિ. બહેન દાનાબાઇ
૨૧ ચિ. ભાઇ નાનજી
૨૨ ચિ. ભાઇ માવજી
૨૩ ચિ. બહેન પદમાબાઇ
૨૪ ચિ. બહેન લાલબાઈ
} તે પા. નારણભાઇના પુત્રપુત્રીઓ.
૨૫ પટેલ રામજી વસ્તા. નુખે લીંબાણી.
૨૬ સૌ. કુંવરબાઇ તે પા. રામજીભાઇના ધર્મપત્નિ.
૨૭ માતાજી જમનાબાઈ તે પા. રામજીભાઈના પુજ્ય માતુશ્રી.

૨૮ ચિ. ભાઈ હંસરાજ
૨૯ ચિ. બહેન હાંસબાઇ
૩૦ ચિ. બહેન પુરબાઇ
૩૧ ચિ. બહેન કેશરબાઇ
} તે પા. રામજીભાઈના પુત્ર પુત્રીઓ.

૩૨ પટેલ શીવજી મેઘજી નુખે લીંબાણી.
૩૩ પૌત્ર ધનજી લધા ,, ,,
૩૪ સૌ. કેશરબાઇ તે પા. ધનજીભાઇના ધર્મપત્નિ.
૩૫ પટેલ રામજી હીરજી નુખે લીંબાણી.
૩૬ સૌ. રામબા તે પા. રામજીભાઈના ધર્મપત્નિ.
૩૭ ચિ. બહેન દેવકીબાઈ તે પા. રામજીભાઇના પુત્રી.
૩૮ પટેલ હરજી મુલજી. નુખે ચોધરી.
૩૯ સૌ. જાનબાઇ તે પા. હરજીભાઇના ધર્મપત્નિ.
૪૦ રાજબાઇ તે સૌ. જાનબાઇના માતુશ્રી.

૪૧ ચિ. ભીમજી
૪૨ ચિ. દેવજી
૪૩ ચિ. બહેન મરઘાંબાઈ
૪૪ ચિ. બહેન માનબાઇ
} તે પા. હરજીભાઇનાં પુત્ર પુત્રીઓ.

૪૫ પટેલ કરમશી લાલજી નુંખે ચોધરી.
૪૬ બહેન ધનબાઇ તે પા. કરમશીની પુત્રી.
૪૭ પટેલ મનજી જીવા નુખે નાંથાણી.
૪૮ ચિ. મેઘજી.
૪૯ સૌ. કેશરબાઇ તે પા. મેઘજીના ધર્મપત્નિ.

૫૦ ચિ. ધનજી.
૫૧ ચિ. બહેન લાલબાઈ
} તે પા. મેઘજીના પુત્ર પુત્રીઓ.

૫૨ પટેલ લાલજી વીરજી નુખે ડોસાણી.
૫૩ પટેલ અરજણ વીરજી ,, ,,
૫૪ સૌ. લાછબાઇ તે પા. અરજણના ધર્મપત્નિ.
૫૫ પટેલ જીવરાજ રામજી નુખે ડોસાણી.
૫૬ સૌ. રામબાઇ તે પટેલ જીવરાજના ધર્મપત્નિ.

૫૭ ચિ. લાલજી
૫૮ ચિ. બહેન પાનબાઈ
૫૯ ચિ. બહેન ગાંગબાઇ
૬૦ ચિ. બહેન લક્ષ્મીબાઇ
} તે પા. જીવરાજના પુત્ર પુત્રીઓ.

૬૧ પટેલ વીરજી વીશ્રામ નુખે મૈયાત.
૬૨ સૌ. આનબાઇ તે પા. વીરજીના ધર્મપત્નિ.

૬૩ ચિ. મનુ
૬૪ ચિ. માવજી
૬૫ ચિ. બહેન ડાહીબાઇ
૬૬ ચિ. બહેન પુરબાઈ
૬૭ ચિ. બહેન જેઠીબાઇ
તે પા. વીરજીના પુત્ર પુત્રીઓ.

૬૮ પટેલ જીવરાજ ખીમજી નુખે રંગાણી.
૬૯ માતુશ્રી જાનબાઈ તે પા. જીવરાજનાં માતુશ્રી.
૭૦ ધનબાઇ તે પા. જીવરાજના ભાભી.
૭૧ ચિ. બહેન પાનબાઈ
૭૨ ચિ. બહેન નાનબાઇ
તે ધનબાઇની દીકરીઓ.

૭૩ પટેલ માધા માંડણ નુખે જાદવાણી.
૭૪ સૌ. માનબાઈ તે પા. માધાભાઈના ધર્મપત્નિ.
૭૫ ચિ. વાલજી તે પા. માધાભાઇનો પુત્ર.
૭૬ પટેલ શવગણ ડાયા નુખે વાગડીઆ.
૭૭ સૌ. જીવાંબાઈ તે પા. શવગણના ધર્મપત્નિ.
૭૮ ચિ. હંસરાજ
૭૯ ચિ. પ્રેમજી
૮૦ ચિ. રતનશી
૮૧ ચિ. બહેન કાનબાઈ
તે પા. શવગણનાં પુત્ર પુત્રીઓ.

૮૨ પટેલ શિવદાસ કાનજી. નુખે વાગડીઆ.
૮૩ સૌ. કાનબાઈ તે પા. શિવદાસનાં ધર્મપત્નિ.
૮૪ ચિ. બહેન નાનબાઈ તે પા. શિવદાસની પુત્રી.
૮૫ પટેલ ધનજી નારણ નુખે લખાણી.
૮૬ સૌભાગ્યવંતા તેમનાં પત્નિ.
૮૭ ચિ. બહેન રાજબાઈ તે પા. ધનજીની પુત્રી.
૮૮ પટેલ મેઘજી ખીમજી નુખે સાંખલા.
૮૯ સૌ. વાલબાઈ તે પા. મેઘજીનાં ધર્મપત્નિ.
૯૦ ચિ. હીરજી
૯૧ ચિ. શીવજી
૯૨ ચિ. રતનશી
૯૩ ચિ. બહેન લાલબાઇ
તે પા. મેઘજીનાં પુત્ર પુત્રીઓ.

૯૪ પટેલ કાનજી ખીમજી નુખે સાંખલા.
૯૫ સૌ. પુરબાઈ તે પા. કાનજીના ધર્મપત્નિ.
૯૬ માતુશ્રી ગોમતીબાઈ તે પા. કાનજીના માતુશ્રી.

૯૭ ચિ. પુંજો
૯૮ ચિ. વાલજી
૯૯ ચિ. બહેન બચીબાઈ
૧૦૦ ચિ. બહેન જેઠીબાઈ
} તે પા. કાનજીના પુત્ર પુત્રીઓ.

૧૦૧ પટેલ જેઠા પાંચા નુખે ઘોઘારી.
૧૦૨ સૌ. ગોમતીબાઇ તે પા. જેઠાભાઇના ધર્મપત્નિ.

૧૦૩ ચિ. જીવરાજ
૧૦૪ ચિ. બહેન વેલબાઈ
} તે પા. જેઠાભાઇનાં પુત્ર પુત્રીઓ.

૧૦૫ પટેલ વિશ્રામ પાંચા નુખે ઘેઘારી.
૧૦૬ સૌ. ગોમતીબાઇ તે પા. વિશ્રામનાં ધર્મપત્નિ.
૧૦૭ ચિ. પુંજો તે પા. વિશ્રામનો પુત્ર.

૧૦૮ ચિ. ભીમજી
૧૦૯ ચિ. બહેન કાનબાઈ
૧૧૦ ચિ. બહેન રતનબાઇ
} તે પા. વિશ્રામભાઇના પુત્રપુત્રીઓ.

૧૧૧ પટેલ મેઘજી ભીમજી નુખે કેશરાણી.
૧૧૨ સૌ. રામબાઈ તે પા. મેઘજીનાં ધર્મપત્નિ.
૧૧૩ માતુશ્રી વાલબાઇ તે પા. મેઘજીનાં માતુશ્રી.

૧૧૪ ચિ. માવજી
૧૧૫ ચિ. રૈયો
૧૧૬ ચિ. હરજી
૧૧૭ ચિ. બહેન લાલબાઇ
} તે પા. મેઘજીનાં પુત્ર પુત્રીઓ.

૧૧૮ પટેલ શોમજી ભીમજી નુખે કેશરાણી.
૧૧૯ સૌ. ડાહીબાઇ તે પા. સોમજીના ધર્મપત્નિ.

૧૨૦ ચિ. દેવજી
૧૨૧ ચિ. ડાહ્યો
} તે પા. મેઘજીનાં પુત્રો.

૧૨૨ પટેલ લાલજી ડાહ્યા. નુખે પારસીઆ.
૧૨૩ સૌ. હીરબાઇ તે પા. લાલજીના ધર્મપત્નિ.
૧૨૪ માતુશ્રી બાઈ આબાઈ તે પા. લાલજીના માતુશ્રી.
૧૨૫ ચિ. માવજી તે પા. લાલજીનો પુત્ર.
૧૨૬ સૌ. કેશરબાઈ તે પા. માવજીનાં ધર્મપત્નિ.

૧૨૭ ચિ. ભીમજી
૧૨૮ ચિ. કરસન
૧૨૯ ચિ. ખેતો
} તે પા. માવજીના પુત્રો.

૧૩૦ પટેલ રતનશી દાના નુખે પારશીઆ.
૧૩૧ સૌ. હીરબાઇ તે પા. રતનશીના ધર્મપત્નિ.

| | | |
|---|---|---|
| ૧૩૨ | ચિ. લખમશી | તે પા. રતનશીનાં પુત્ર પુત્રીઓ. |
| ૧૩૩ | બહેન પદમાબાઇ | |
| ૧૩૪ | બહેન ગોમતીબાઇ | |
| ૧૩૫ | પટેલ કાનજી કેશરા નુખે પારસીઆ. | |
| ૧૩૬ | સૌ. ધનબાઇ તે પા. કાનજીના ધર્મપત્નિ. | |
| ૧૩૭ | ચિ. શોમજી | તે પા. કાનજીના પુત્ર પુત્રીઓ. |
| ૧૩૮ | ચિ. કરસન | |
| ૧૩૯ | ચિ. બહેન લાલબાઇ | |
| ૧૪૦ | પટેલ દેવશી કેશરા. નુખે પારશીઆ. | |
| ૧૪૧ | સૌ. રામબાઇ તે પા. દેવશીના ધર્મપત્નિ. | |
| ૧૪૨ | ચિ. માવજી | તે પા. દેવશીના પુત્ર પુત્રીઓ. |
| ૧૪૩ | ચિ. ધનજી | |
| ૧૪૪ | ચિ. બહેન દેવકીબાઇ | |
| ૧૪૫ | પટેલ દેવજી કેશરા નુખે પારશીઆ. | |
| ૧૦૬ | સૌ. જશુબાઇ તે પા. દેવજીનાં ધર્મપત્નિ. | |
| ૧૪૭ | માતુશ્રી પુરબાઈ તે પા. દેવજીના માતુશ્રી. | |
| ૧૪૮ | ચિ. મનજી | તે પા. દેવજીભાઈના પુત્ર પુત્રીઓ. |
| ૧૪૯ | ચિ. પ્રેમજી | |
| ૧૫૦ | ચિ. કરમશી | |
| ૧૫૧ | ચિ. બહેન લક્ષ્મીબાઈ | |
| ૧૫૨ | ચિ. બહેન ગોમતીબાઇ | |
| ૧૫૩ | પટેલ રામજી રતનશી નુખે ભાવાણી ગામ અકરીવાળા. | |
| ૧૫૪ | સૌ. હીરબાઇ તે પા. રામજીનાં ધર્મપત્નિ. | |
| ૧૫૫ | ચિ. ધનજી | તે પા. રામજીના પુત્ર પુત્રીઓ. |
| ૧૫૬ | ચિ. ડાયા | |
| ૧૫૭ | ચિ. રણમલ | |
| ૧૫૮ | ચિ. હાંસબાઈ | |
| ૧૫૯ | ચિ. બહેન લાલબાઇ | |
| ૧૬૦ | પટેલ નથુ માંડણ ભાવાણી. | તે રામજી રતનશીના ભત્રીજા. |
| ૧૬૧ | પટેલ માવજી માંડણ. ,, | |

ઉપર જણાવ્યા પ્રમાણે ગામ ડયાપરમાં કુલ્લે ૧૬૧ માણસે દેહ-શુદ્ધિ પ્રાયશ્ચીત કરાવી કચ્છના જુલ્મી આગેવાનોના જુલ્મી દોરને નાબુદ કરી એ પાપી ખીચડીયા પીરાણા સતપંથને તીલાંજલી આપી શુદ્ધ વૈદીક ધર્મની દીક્ષા લીધાની વાત ગામો ગામ જાહેર થઈ ગઇ છે.

## ઘાટકોપરમાં દેહશુદ્ધી પ્રાયશ્ચિત્ત લેનારાનાં નામ.

૧ ભાઈ શ્રી. રતનસી ખીમજી ખેતાણી ગામ વીરાણીવાળા, ઘાટકોપર યુવક મંડળના સેક્રેટરી.
૨ વેલજી ખીમજી ખેતાણી. ગામ વીરાણી.
૩ જીવરાજ ખીમજી ,, ,, ,,
૪ સૌ. મેઘબાઇ તે રતનસી ખીમજીના ધર્મપત્નિ.
૫ ચિ. બેન જમનાબાઇ તે જીવરાજ ખીમજીના દીકરી.
૬ પા. નાનજી દેવજી પોકાર. ગામ વીરાણી.
૭ માતાજી ડાઇબાઇ તે નાનજી દેવજીના માતુશ્રી.
૮ સૌ. રામબાઇ તે નાનજી દેવજીના ધર્મપત્નિ.
૯ ચિ. શવજી. નાનજીનો પુત્ર.
૧૦ ચિ. બેન પાનબાઈ તે નાનજીની દીકરી.
૧૧ પટેલ લધા વિશ્રામ માનાણી. ગામ વીરાણી.
૧૨ માતાજી નાથીબાઈ તે લધા વિશ્રામની માતાજી.
૧૩ સૌ. ભાણુબાઇ તે લધા વિશ્રામનાં ધર્મપત્નિ.
૧૪ ચિ. મોંગીબાઈ તે લધા વિશ્રામનાં દીકરી.
૧૫ ચિ. કરમસી રૂડા માનાણીનો ભત્રીજો વીરાણી.
૧૬ ચિ. જખુ હીરા માનાણીનો દીકરો વીરાણી.
૧૭ પા. નારણુ રૈયા લીંબાણી ગામ ડયાપર.
૧૮ પા. કાનજી કેશરા પારસીયા. ,, ,,
૧૯ પા. રામજી હરજી લીંબાણી. ,, ,,
૨૦ પા. સોમજી ભીમજી કેશરાણી. ,, ,,
૨૧ પા. ધનજી નારાણુ લાખાણી. ,, ,,
૨૨ પા. હીરજી સામજી વાડીઆ. ,, ,,
૨૩ પા. હીરજી રૂડા છભાણી ગામ કોટડા જડોદરવાળા.
૨૪ સૌ. પાનબાઈ તે હીરજી રૂડાના ધર્મપત્નિ
૨૫ ચિ. જાનબાઇ }
૨૬ ચિ. ગોમતીબાઈ } તે હીરજી રૂડાના છોકરાં.
૨૭ ચિ. છોરૂ વેલજી }
૨૮ પા. રામજી કાનજી ચોધરી ગામ ગડુલી.
૨૯ સૌ. બાઈ કાનબાઈ તે રામજી કાનજીનાં ધર્મપત્નિ.
૩૦ ચિ. અરજણુ રામજી
૩૧ ચિ. બેન કેશરબાઇ તે રામજીની દીકરી.

૩૨ પા. કાનજી ઉકેડા પોકાર ગામ મગવાણા.
૩૩ પા. રામજી કાનજી ,, ,, ,,
૩૪ પા. વીશ્રામ કરશન ,, ,, ,,
૩૫ સૌ. જમનાબાઇ તે રામજી કાનજીનાં ધર્મપત્નિ.

ઉપર જણાવેલા પાંત્રીસ ભાઇબહેનોએ અષાડ સુદ ૩ ને સોમવાર સં. ૧૯૭૯ ના દીને દેહશુદ્ધિ પ્રાયશ્ચીત કરાવ્યું છે.

ત્યારપછી ગામ પાનેલીમાં માતાજીના મઢના કારભારી. રા. રા. જટાશંકર કાળીદાસભાઈની સાહેતાથી ડયાપરવાળા કણબી જ્ઞાતિના હીતેચ્છુ મણીશંકર અંબારામ ત્રવાડી ના હાથે સં. ૧૯૭૯ અને કચ્છી સં. ૧૯૮૦ના આસો સુદ ૧૦ ને શુક્રવાર ( વીજયા દશમી ) ના દીને ગામ પાનેલીમાં નીચે પ્રમાણે જ્ઞાતિભાઇઓ તેમજ બહેનોએ પીરાણા સતપંથને તજી દઈને શુદ્ધ સનાતન હીન્દુ ધર્મની દીક્ષા લીધી છે જેનાં નામો નીચે પ્રમાણે છે.

## પાયશ્ચિત્ત લેનારનાં નામ.

૧ પા. રામજી પરબત નુખે વાગડીઆ ગામ પાનેલી.
૨ સૌભાગ્યવંતા બેન જસુબાઇ તે રામજી પરબતના ધર્મપત્નિ.
૩ હરજી રામજી તે રામજી પરબતનો દીકરો.
૪ સોમજી રામજી ,, ,,
૫ સૌભાગ્યવંતા બેન પુરબાઇ તે હરજી રામજીના ધર્મપત્નિ.
૬ ચિ. અરજણ હરજી. તે હરજી રામજીનો પુત્ર.
૭ પટેલ હીરજી રામજી વાગડીઆ ગામ પાનેલી.
૮ સૌ. બહેન કુવરબાઇ તે હરજી રામજીનાં પત્નિ.
૯ ચિ. બહેન કેશરબાઇ } હીરજી રામજીની દીકરીઓ.
૧૦ ચિ. બહેન જીવાબાઇ }
૧૧ પટેલ વીશ્રામ રામજી નુખે વાગડીઆ.
૧૨ સૌ. લાલબાઈ તે પા. વિશ્રામના ધર્મપત્નિ.
૧૩ ચિ. બહેન ડાહીબાઈ તે પા. વિશ્રામની પુત્રી.
૧૪ પટેલ મુળજી પરબત નુખે વાગડીઆ.
૧૫ સૌ. કાનબાઈ તે પા. મુલજીના ધર્મપત્નિ.
૧૬ પટેલ કરશન મુલજી.
૧૭ સૌ. મેઘબાઈ તે પા. કરસનના ધર્મપત્નિ.
૧૮ ચિ. બહેન રતનબાઇ }
૧૯ ચિ. બહેન મરઘાંબાઇ } પા. કરસનના પુત્ર પુત્રીઓ.
૨૦ ચિ. લધારામ }

૨૧ પટેલ શીવજી મુલજી નુખે વાગડીઆ.
૨૨ સૌ. પ્રેમાબાઇ તે પા. શીવજીના ધર્મપત્નિ
૨૩ પટેલ જેઠા મુલજી નુખે વાગડીઆ.
૨૪ પટેલ હંસરાજ મુલજી. ,, ,,
૨૫ ચિ. બહેન ગાંગબાઈ તે પા. હંસરાજ તથા પા. જેઠાભાઈની બહેન.
૨૬ પટેલ રામજી રાજા નુખે નાથાણી.
૨૭ સૌ. કંકુબાઈ તે ચિ. રામજીના ધર્મપત્નિ.
૨૮ પટેલ કરસન લાલજી નુખે નાથાણી.
૨૯ સૌ. મરઘાંબાઈ તે પા. નારાણજીના ધર્મપત્નિ.
૩૦ પટેલ કરસન લાલજી નુખે નાથાણી.
૩૧ સૌ. બચીબાઈ ઉર્ફે નાનાબાઈ તે પા. કરસનના ધર્મપત્નિ.
૩૨ ચિ. બહેન ભાણબાઇ તે કરશન લાલજીની દીકરી.
૩૩ સૌ. માનબાઇ તે પા. રામજી ભીમજી નુખે કેશરાણીના ધર્મપત્નિ.
૩૪ ચિ. બહેન દેવકીબાઇ
૩૫ ચિ. બહેન હાસબાઈ
૩૬ ચિ. બહેન જાનબાઈ
૩૭ ચિ. રતનશી
} તે પા. માનબાઇના પુત્ર પુત્રીઓ.
૩૮ પટેલ ખેતજી કેશરા નુખે વાગડીઆ.
૩૯ ચિ. ગોમતીબાઇ તે પા. ખેતશીની દીકરી.
૪૦ પટેલ દાના ખેતશી નુખે વાગડીઆ.
૪૧ સૌ. લાલબાઈ તે પા. દાનાના ધર્મપત્નિ.
૪૨ પટેલ મેઘજી ખેતશી. નુખે વાઘડીઆ.
૪૩ સૌ. પુરબાઇ તે પા. મેઘજીના ધર્મપત્નિ.
૪૪ ચિ. શીવગણ
૪૫ ચિ. રામજી
૪૬ ચિ. બહેન લક્ષ્મીબાઈ
} તે પા. મેઘજીના પુત્ર પુત્રીઓ.
૪૭ પા. કરમશી ખેતશી નુખે વાગડીઆ.
૪૮ સૌ. હીરબાઈ તે પા. કરમશીના ધર્મપત્નિ.
૪૯ ચિ. બહેન બચીબાઇ
૫૦ ચિ. વેલજી
} તે કરમશી ખેતશીના પુત્ર પુત્રી.
૫૧ પટેલ વાલજી ખેતશી નુખે વાગડીઆ.
૫૨ સૌ. રતનબાઇ તે પા. વાલજીના ધર્મપત્નિ.
૫૩ ચિ. બહેન ગોમતીબાઇ
૫૪ ચિ. કાનજી
} તે પા. વાલજીના પુત્ર પુત્રીઓ.

૫૫ પટેલ માવજી ખેતશી નુખે વાગડીઆ.
૫૬ સૌ. હીરબાઈ તે પા. માવજીના ધર્મપત્નિ.
૫૭ ચિ. માવજી
૫૮ ચિ. બહેન વાલબાઈ } તે પટેલ માવજીના પુત્ર પુત્રી.
૫૯ પટેલ માવજી ભીમજી નુખે દીવાણી ગામ ડયાપરવાળા.
૬૦ સૌ. વાલબાઈ તે પા. માવજીનાં ધર્મપત્નિ.
૬૧ ચિ. રામજી
૬૨ ચિ. રતનશી } તે પા. માવજીના પુત્રો.
૬૩ પા. કાનજી લાલજી નુખે નાકરાણી ગામ ડયાપરવાળા.
૬૪ સૌ. ધનબાઇ તે પા. કાનજીના ધર્મપત્નિ.
૬૫ ચિ. વીશ્રામ
૬૬ ચિ. બહેન પુરબાઇ } તે પા. કાનજીના પુત્ર પુત્રી
૬૭ સૌ. જાનબાઈ તે પા. હીરજી દાના નુખે પારસીઆના ધર્મપત્નિ.

ઉપર જણાવેલા પાનેલીમાં ઘર ૧૬ અને એકંદર માણસોની સંખ્યા ૬૭ જેમણે દેહશુદ્ધિ પ્રાયશ્ચીત કરાવી છે. કચ્છના જુલ્મી આગેવાનોની જુલ્મી ધુંસરી ફેંકી દીધી છે, તેમજ એ કબ્રસ્તાની પીરાણા સતપંથની સાથે તદન છુટાછેડા કરી હીંન્દુ ધર્મની પાછી દીક્ષા લીધી છે.

એ ઉપરાંત કરાંચી પરિષદ બીજીના રીપોર્ટ છપાઇ બહાર પડયા પછી ઘણાખરા ભાઇઓને એ પીરાણા સતપંથના પાખંડી મતમાં રહેવું એ એક શરમ ભરેલું છે એમ લાગ્યું, પણ એ કબ્રસ્તાની પંથથી છુટા છેડા કરવાની પહેલ કેમ કરવી, એમાંજ મુંજાતા. હતા. હવે તો ડયાપર, પાનેલી, ઘાટકોપર ઈત્યાદી સ્થળે દેહશુદ્ધિ પ્રાયશ્ચીતનાં કાર્યો ઝપાટાબંધ થતાં જોઈ કચ્છમાં પણ અકેક બબ્બે ઘરવાળાએ પણ આ કાર્ય કરવામાં હીંમત બતાવી છે, જેનો દાખલો ગામ **રવાપરમાંથી** આપણે જાણે શકીશું. સંવત ૧૯૮૦ ના કારતક સુદ ૨ ને શનીવાર તા. ૧૦–૧૧–૨૩ ના રોજે **જોશી નારાણજી ગોકળજીના** હાથે ગામ રવાપરમાં નીચે જણાવેલા ભાઇઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચીત કરાવ્યું છે, જેની નોંધ આ પ્રમાણે છે.

૧ કણબી અખૈઇ ખેતા પોકાર ગામ રવાપર.
૨ સૌભાગ્યવંતા બાઈ કુંવરબાઇ તે અખૈઇ ખેતાના ધર્મપત્નિ.
૩ સૌ. પાનબાઈ તે અખૈઇના દીકરા વીશ્રામનાં ધર્મપત્નિ.
૪ ચિ. રામજી વિશ્રામ
૫ ચિ. હરજી વિશ્રામ } પોકાર. ગામ રવાપર.
૬ ચિ. નારણ વિશ્રામ

હવે દેહશુદ્ધિ પ્રાયશ્ચીતનું કાર્ય આગળ વધ્યું. મુંબઇ ઘાટકોપરમાં. સંવત ૧૯૮૦ ના કારતક સુદ ૩ રવીવાર તા. ૧૧–૧૧–૧૯૨૩ ના દીને નીચે પ્રમાણે ભાઇઓએ હળવદવાળા શુકલ છગનલાલ કાનજીના હાથે પ્રાયશ્ચીત કરાવ્યું છે જેની નોંધ નીચે પ્રમાણે છે.

૧ મુખી અરજણ રામજી લીંબાણી. ગામ ડયાપર.
૨ પટેલ હીરજી દાના પારસીઆ. ,, ,,
૩ પા. કરમસી દેવજી બાથાણી ગામ ખીરસરા.
૪ પા. રામજી ભીમજી કેશરાણી. ગામ પાનેલી.
૫ પા. વાલજી ભીમજી ભગત. ,, ,,
૬ પા. લધા તેજા છાભૈઆ. ,, ,,
૭ પા. કાનજી તેજા છાભૈઆ. ,, ,,
૮ પા. શીવદાસ કરશન ભાદાણી. ગામં ગઢુલી.

આ પ્રમાણે ઘણા ભાઇઓએ પીરાણા સપંથને ત્યાગી શુદ્ધ સનાતન હિન્દુ ધર્મ સ્વીકાર્યો છે. તે સિવાય ઘાટકોપરમાં સંવત ૧૯૮૦ ના કારતક વદ ૩ સોમવાર તા. ૨૬–૧૧–૧૯૨૩ ના રોજ હળવદવાળા પ્રખ્યાત પંડીત શુકલ છગનલાલ કાનજીના હાથે દેહશુદ્ધિ પ્રાયશ્ચીત નીચે જણાવેલા ભાઇઓએ લીધું છે.

૧ પટેલ વેલજી ખીમજી એતાણી. ગામ વીરાણીવાળા.
૨ માતાજી શોનબાઇ તે વેલજી ખીમજીના માતુશ્રી.
૩ સૌભાગ્યવંતા લાલબાઈ તે વેલજી ખીમજીનાં ધર્મપત્નિ.
૪ સૌ. પુરબાઇ તે જીવરાજ ખીમજીનાં ધર્મપત્નિ.
૫ ચિ. દેવજી જીવરાજ.
૬ ચિ. મોંગીબાઈ જીવરાજ.
૭ ચિ. ધનબાઇ તે વેલજીનાં દીકરી.
૮ પા. વેશ્રામ અખેઇ પોકાર ગામ રવાપરવાળા.
૯ પા. પ્રેમજી અખેઇ. ,, ,, ,,

ત્યારબાદ મુંબઇ માટુંગામાં કારતક વિદ ૦)) શનીવાર તા. ૮–૧૨–૧૯૨૩ ના રોજે હળવદવાળા સુકલ છગનલાલ કાનજીના હાથે નીચે પ્રમાણે ભાઇઓ તેમજ બહેનોએ પીરાણા સતપંથને તીલાંજલી આપી વૈદીક ધર્મ અંગીકાર કર્યો છે. જેના નામની નોંધ નીચે પ્રમાણે છે.

૧ પા. પચાણ રૂડા રૂડાણી. ગામ વીથોણવાળા.
૨ પા. માવજી લાલજી ,, ,, ,,
૩ પા. મંથુ દેવશી ,, ,, ,,

૪ સૌભાગ્યવંતા રામબાઇ તે પચાણુ રૂડાના ધર્મપત્નિ.
૫ સૌ. દેવકીબાઈ તે માવજી લાલજીનાં ધર્મપત્નિ.
૬ સૌ. લક્ષ્મીબેન તે નથુ દેવસીનાં ધર્મપત્નિ.
૭ ચિ. ધનબાઈ તે પચાણુ રૂડાની દીકરી.
૮ ચિ. વેલબાઇ તે માવજી લાલજીની દીકરી.
૯ પા. પચાણુ દેવશી કાનાણી ગામ વીરાણી.
૧૦ પા. જેઠા દેવસી કાનાણી. ,, ,,
૧૧ પા. રામજી જેઠા વાગાણી. ,, ,,

આ હિસાબે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાં જે ચળવળ ચાલી રહી છે તે જોઈ દરેક સાચા હીન્દુ ભાઈઓને આનંદ થયોજ હશે.

## ઘાટકોપરમાં તા. ૨૨-૪-૧૯૨૩ ના દિવસે પરિષદના સભામંડપમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેનારા ભાઇ બહેનોનાં નામો.

૧ ભાઈશ્રી ખીમજી શીવજી રામાણી ગામ મગવાણાવાળા.
૨ સૌભાગ્યવંતા કંકુબાઇ તે ખીમજી શીવજીનાં ધર્મપત્નિ.
૩ ચિ. મનસુખલાલ. } તે ભાઇ ખીમજી શીવજીના પુત્રો.
૪ ચિ. જયંતીલાલ. }
૫ ભાઈ માવજી પુંજા જબુવાણી ગામ નખત્રાણાવાળા.
૬ સૌ. બેન વાલબાઇ તે માવજી પુજાના ધર્મપત્નિ.
૭ ચિ. બેન મેઘબાઇ. } તે માવજી પુંજાની પુત્રીઓ.
૮ ચિ. બેન જસુબાઇ. }
૯ ભાઈ હરજી વીરજી નાકરાણી ગામ ( મોટી ) વીરાણી વાળા.
૧૦ સૌ. બેન માનબાઈ તે ભાઇ હરજી વીરજીનાં ધર્મપત્નિ.
૧૧ ચિ. બેન વાલબાઇ તે હરજી વીરજીનાં પુત્રી.
૧૨ ભાઇ હીરજી માવજી ધોળુ ગામ ( મોટી ) વીરાણી વાળા.
૧૩ ભાઈ વાલજી વસ્તા પોકાર ગામ વીથોણવાળા.
૧૪ પટેલ જેઠા શીવજી વાસાણી ગામ વીરાણી ( ગઢવાળી. )
૧૫ સૌ. બેન કુંવરબાઇ તે જેઠા શીવજીનાં ધર્મપત્નિ.
૧૬ ચિ. વેલજી તે જેઠા શીવજીનો પુત્ર.
૧૭ ભાઈ કરમસી લખાં સાખલા ગામ દેશલપુર ચોધરીવાળું.

૧૮ માતાજી દેવકીબાઈ તે કરમશી લધાનાં માતુશ્રી.
૧૯ સૌ. બેન લાલબાઈ તે કરમસી લધાનાં ધર્મપત્નિ.

૨૦ ચિ. ડાઇબાઈ
૨૧ ચિ. બેન જેઠીબાઇ } તે કરમસી લધાનાં પુત્ર પુત્રીઓ.
૨૨ ચિ. પ્રેમજી

૨૩ પટેલ અરજણ ધનજી રંગાણી ગામ ગઢશીશાવાળા.
૨૪ ભાઇ મનજી દાના રંગાણી. ગામ ગઢશીશાવાળા.
૨૫ ભાઈ હરજી વીરજી. ,, ,, ,,
૨૬ પટેલ શીવજી વીરજી પોકાર ગામ ગઢશીશાવાળા.
૨૭ માતાજી જીવાંબાઇ તે શીવજી વીરજીનાં માતુશ્રી.
૨૮ સૌ. બેન ભચીબાઈ તે શીવજી વીરજીના ધર્મપત્નિ.

૨૯ ચિ. બેન રામબાઇ } તે શીવજી વીરજીના પુત્ર પુત્રીઓ.
૩૦ ચિ. મીઠુ

૩૧ ભાઈ રવજી ગોપાલ.
૩૨ પટેલ માવજી માના નાકરાણી ગામ વીરાણી મોટીવાળા.
૩૩ ભાઈ કરમસી માવજી. ,, ,,
૩૪ સૌ. બેન રતનબાઇ તે કરમશી માવજીનાં ધર્મપત્નિ.
૩૫ ચિ. બેન લક્ષ્મીબાઈ તે કરમશી માવજીના પુત્રી.
૩૬ ભાઈ કાનજી પચાણ રંગાણી ગામ ગઢશીશાવાળા.
૩૭ માતાજી વાલબાઇ તે કાનજી પચાણનાં માતુશ્રી.
૩૮ ચિ. બેન ભચીબાઈ તે કાનજીનાં બેન.
૩૯ ભાઈ શીવદાસ કાનજી નાકરાણી ગામ વીરાણી મોટીવાળા.
૪૦ સૌ. બેન લક્ષ્મીબાઇ તે શીવદાસ કાનજીનાં ધર્મપત્નિ.
૪૧ ચિ. વાલજી તે શીવદાસ કાનજીનો પુત્ર.
૪૨ ભાઇ રામજી ભીમજી ગોગારી ગામ વીરાણી મોટીવાળા.

૪૩ .... .... } બે ભાઈઓ મોટી વીરાણી વાળાના નામ
૪૪ ... ... યાદ નહીં આવવાથી લખાયાં નથી.

કચ્છ ગઢશીશાવાળા સુપ્રસિદ્ધ પંડિત પરાશર શર્મા અને બીજા વિદ્વાન પંડિતોની સમક્ષ ઉપર જણાવેલા ભાઇ બહેનોએ સભામંડપમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત તેઓના હાથથી લીધાં છે.

સભાના કામકાજથી પરવારીને સૌ ભાઇઓ પોતપોતાને ઠેકાણે ગયા પછી કરાંચીમાં વસતા ભાઇઓ પૈકીના જે ભાઇઓએ સભામાં પીરાણા સતપંથને તજી દેવાની પ્રતીજ્ઞા કરી હતી. તે ભાઇઓએ કરાંચીમાં વૈશાખ સુદી ૩, અક્ષયતૃતીયાથી

સંવત ૧૯૮૦ ના દીવસે વઢવાણવાળા સુપ્રસિદ્ધ શુકલ કાળીદાસ ભલુરામના હાથે કણબી ભાઇઓના રહેવાના સ્થાન રણછોડ લાઇનના મોટા કમ્પાઉંડમાં મંડપ બાંધીને ઘણીજ ધામધુમથી વેદ વીધી અનુસાર દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લીધું છે. જેની ક્રમવાર સંખ્યા નીચે મુજબ છે.

## પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ થએલા ભાઇઓ તેમજ બહેનોના નામની સંખ્યા.

૧ પટેલ રતનશી શીવજી નાકરાણી ગામ રવાપરવાળા તંત્રી "પાટીદાર ઉદયના."
૨ સૌભાગ્યવંતા બેન મેઘબાઇ તે પટેલ રતનશી શીવજીના ધર્મપત્નિ.
૩ ચિ. વીરજી તે રતનશી શીવજીનો પુત્ર.
૪ પા. લાલજી સોમજી નાકરાણી ગામ રવાપરવાળા.
૫ સૌ. વાલબાઇ તે લાલજી સોમજીના ધર્મપત્નિ.
૬ પા. રામજી સોમજી નાકરાણી ગામ રવાપરવાળા.
૭ સૌ. બેન કેશરબાઇ તે રામજી સોમજીનાં ધર્મપત્નિ.
૮ ચિ. બેન ગોમતીબાઇ તે રામજી સોમજીના પુત્રી.
૯ પા. નથુ ધનજી નાકરાણી ગામ રવાપરવાળા.
૧૦ સૌ. બેન નાનબાઇ તે નથુ ધનજીનાં ધર્મપત્નિ.
૧૧ ચિ. હાનાભાઈ;
૧૨ ચિ. બેન પરમાબાઈ } તે નથુ ધનજીનાં પુત્ર પુત્રીઓ.
૧૩ પા. મુળજી ડોસા પોકાર ગામ નખત્રાણાવાળા.
૧૪ સૌ. બેન દેવકીબાઇ તે મુળજી ડોસાનાં ધર્મપત્નિ.
૧૫ ચિ. ભાઈ નાનજી
૧૬ ચિ. બેન નાનબાઈ
૧૭ ચિ. બેન નર્મદાબાઇ } તે મુળજી ડોસાના પુત્ર પુત્રીઓ.
૧૮ પા. વાલજી લખુ પોકાર ગામ નખત્રાણાવાળા.
૧૯ સૌ. બેન જમનાબાઇ તે વાલજી લખુના ધર્મપત્નિ.
૨૦ ચિ. રાજાભાઇ
૨૧ ચિ. વિશ્રામભાઇ
૨૨ ચિ. બેન ચીચીબાઇ
૨૩ ચિ. બેન તુલસીબાઇ } તે વાલજી લખુનાં પુત્ર પુત્રીઓ.
૨૪ પા. વીરજી લખુ પોકાર ગામ નખત્રાણાવાળા.
૨૫ સૌ. બેન ધનબાઈ તે વીરજી લખુનાં ધર્મપત્નિ.
૨૬ ચિ. બેન ડાહીબાઈ,
૨૭ ચિ. બેન લક્ષ્મીબાઇ, } તે વીરજી લખુની પુત્રીઓ.

૨૮ પા. ગોપાલ પેથા પોકાર ગામ નખત્રાણાવાળા.
૨૯ સૌ. બેન લક્ષ્મીબાઇ તે ગોપાલ પેથાનાં ધર્મપત્નિ.
૩૦ ભાઈ લાલજી પેથા પોકાર ગામ નખત્રાણાવાળા.
૩૧ ભાઇ શીવજી પેથા ,, ,, ,,
૩૨ પા. શીવજી લધા નાકરાણી ગામ નખત્રાણાવાળા.
૩૩ સૌ. બેન દેવકીબાઈ તે શીવજી લધાના ધર્મપત્નિ.
૩૪ ચિ. જેઠાલાલ તે શીવજી લધાનો પુત્ર.
૩૫ પા. નારણજી લધા નાકરાણી ગામ નખત્રાણાવાળા.
૩૬ સૌ. બેન ગોમતીબાઇ તે નારણજી લધાના ધર્મપત્નિ.

૩૭ ચિ. ભાઇ નરસિંહ }
૩૮ ચિ. ભાઈ અર્જુન } તે નારણજી લધાના પુત્રો.

૩૯ પટેલ વિશ્રામ પાંચા પોકાર ( આંગાણી ) ગામ વીરાણીવાળા.
૪૦ સૌ. બેન લક્ષ્મીબાઇ તે ભાઈ વિશ્રામ પાંચાના ધર્મપત્નિ.

૪૧ ચિ. ભાઈ પ્રેમજી }
૪૨ ચિ. બેન લાલબાઈ } તે વિશ્રામ પાંચાના પુત્ર પુત્રીઓ.
૪૩ ચિ. લાલજી ઉર્ફે બાબુલાલ }

૪૪ પા. મેઘજી સામજી સાંખલા ગામ વીરાણીવાળા.
૪૫ સૌ. કુવરબાઈ તે મેઘજીના ધર્મપત્નિ.

૪૬ ચિ. ભાઇ સીવદાસ }
૪૭ ચિ. ભાઈ શીવજી } તે મેઘજી સામજીના પુત્ર પુત્રીઓ.
૪૮ ચિ. બેન રામબાઇ }

૪૯ પા. દેવજી ભીમજી ગોગારી ગામ વીરાણીવાળા.
૫૦ સૌ. બેન જશુબાઇ તે દેવજી ભીમજીનાં ધર્મપત્નિ.
૫૧ ચિ. ભાઇ તુલસીદાસ તે દેવજી ભીમજીનો પુત્ર.
૫૨ પા. મુળજી ભીમજી ઘોઘારી ગામ વીરાણીવાળા.
૫૩ સૌ. બેન હીરબાઈ તે મુળજી ભીમજીના ધર્મપત્નિ.
૫૪ પા. ડાહ્યા ગોપાલ ઘોઘારી ગામ વીરાણીવાળા.
૫૫ પા. રામજી રૈયા ગામ વીરાણીવાળા.
૫૬ માતાજી કુંવરબાઇ તે રામજી રૈયાનાં માતુશ્રી.

ઉપર મુજબના ભાઇઓ તેમજ બહેનોએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી પીરાણાના કબ્રસ્તાની સતપંથને તીલાંજલી આપી છે. તે સિવાય વિથોણ ગામમાં ભાઈ વાલજી વસતા પોકાર તેમના ધર્મપત્નિ તથા તેના બાળકોએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લીધું છે.

એ પ્રમાણે બે વર્ષની અંદર જુદી જુદી વખતે બધા મળીને ૪૬૧ માણસોએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરી પીરાણા સતપંથ અને એ પંથને માનનારાઓથી છુટા છેડા કરી વેદ ધર્મની દીક્ષા લીધી છે. તે સિવાય સંવત ૧૯૬૭ ના ફાગણ માસમાં સ્વામીનારાયણ સંપ્રદાયને માનનારા ૧૨૦૦ ભાઈ બહેનો કે જેઓ એ પીરાણા સતપંથી પાટીદાર ભાઈઓ સાથે ખાવાપીવાનો વહેવાર રાખતા હતા, તેઓ પણ એમની સાથેથી છુટા છેડા કરી અલગ થઈ રહ્યા છે. એટલુંજ નહિ પણ હાલમાં એક ભાગ એવો પણ છે કે જે પીરાણા સતપંથને માનતો નથી, તેમજ દશોંદ વિશોંદ અને બીજા લાગા પણ આપતો નથી, ફક્ત પીરાણા સતપંથને માનનારાઓની સાથે ખાવા પીવાનોજ વહેવાર રાખે છે. એવા ભાઈ બહેનોની સંખ્યા પણ લગભગ ત્રણ હજાર માણસોની છે. તેઓ પણ થોડા વખતમાં પ્રાયશ્ચિત વિધીથી પાવન થઈ શુદ્ધ વૈદિક ધર્મની દીક્ષા લેશે એમાં જરા પણ શંકા નથી.

આ કપોળ કલ્પિત પીરાણા સતપંથને માનનારા કણબીઓ આખા કચ્છ દેશમાં અત્યારે જુદાં જુદાં ૮૦ ગામોમાં વસવાટ કરી રહ્યા છે. તેના ત્રણ વિભાગ છે. તે દરેક વિભાગ પાંચાડા તરીકે ઓળખાય છે. તેમાં ઉગમણા પાંચાડામાં ત્રીસ ગામો છે. અને તેની વસ્તી આસરે સાડા સાત હજાર (૭૫૦૦) માણસોની છે. વચલા પાંચાડામાં ઓગણીશ મોટાં ગામો છે, તેમાં આસરે દશહજાર (૧૦૦૦૦) માણસો પીરાણા સતપંથને માને છે. આથમણા પાંચાડામાં એકત્રીસ ગામો છે તેમાં આસરે છહજાર બસો પચાસ (૬૨૫૦) માણસો પીરાણા સતપંથને માને છે. એટલે ત્રણે પાંચાડાના એંસી ગામોમાં બધાં મળીને કુલ્લે ત્રેવીસ હજાર આઠસો (૨૩૮૦૦) માણસો પીરાણા સતપંથને હજુ વળગી રહ્યાં છે. તે બધાને પોતાની કમાણીમાંથી દસમો ભાગ પીરાણે આપવો જાઇએ, એવી એ પંથની માન્યતા છે પરંતુ તેટલી રકમ તેઓ આપતા નથી, તોપણ સાધારણ ગણત્રી પ્રમાણે ૯૦૫૦૦ કોરી દશોંદના લાગા તરીકે આપવી પડે છે. એ ઉપરાંત કચ્છ દેશના પીરાણા સતપંથી ભાઈઓને બીજા પણ અનેક લાગાઓ અને જુદા જુદા પ્રકારના કરો આપવા પડે છે. તે આ પ્રમાણે છે;–

(૧) છોકરાંનો જન્મ થયા પછી તેને સતપંથી બનાવવાનો કર.

(૨) પરદેશ ગયેલા ભાઈઓ જ્યારે દેશમાં જાય ત્યારે પાવન કરવા નુરની ગોળી પાવાનો કર.

(૩) ગુરૂવાર તથા ચાંદરાતે થાળ કરવાનો અને રોકડા પૈસા મુકવાનો કર.

(૪) મરનારનો કાઢો ખાવા જાય તેને જણ દીઠ દોકડા લેખે ભરવાનો કર.

(૫) મરનારના ગુના છોડાવવા માટે એક માણસ દીઠ પચાસથી એકસો પચીસ કોરી સુધીનો કર.
(૬) લગ્ન કે પુનર્લગ્ન કરે તો સાડીસાત કોરીનો કર.
(૭) ઢોરની પ્રજા વધે તેના ઉપર દશોંદનો કર.
(૮) આગેવાનોનો અનાદર તથા નાતનો ગુનો કરે તો દંડ રૂપી આપવો પડતો કર.
(૯) સૈયદોને ગુરૂ કરવા માટે ઓછામાં ઓછી એક માણસ દીઠ બાર કોરીનો કર.
(૧૦) પીરાણાવાળો મુજાવર કાકો દેશમાં આવે ત્યારે શીરબંધીનો કર.
(૧૧) દરસાલ પીરાણે જાત્રા કરવા આવનાર આસરે ચારસો માણસના સંઘને ઓછામાં ઓછો એક માણસ દીઠ રૂા. પચાસથી માંડી વધારેમાં વધારે એકસો રૂા. સુધીનું આવતું ખર્ચ.

આવા આવા અનેક પ્રકારથી કચ્છના એ પીરાણા સતપંથી કણબી ભાઈઓને એક વર્ષની અંદર ઓછામાં ઓછા દોઢ લાખ રૂપિઆ કરના આપવા પડે છે. તે સઘળા રૂપિઆઓ એ પીરાણા સતપંથની કહેવાતી પેઢીઓ એટલે ગામોગામ એ પંથના બનાવવા અને હિંદુઓને વટલાવવા ઉભા કરેલાં ખાનાઓમાં જમા થાય છે. પરંતુ ખરૂં જોતાં તો એ બધી ઉપર જણાવેલ રકમની હુંડી તેઓ પીરાણે મોકલતા નથી. તેમાંથી મોટી રકમ તો આગેવાન પટેલો અને મુખીઓ ખરૂં જોતાં હજમ કરી જાય છે, એ બાબતની ઘણી વખત જાહેર ચેલેંજો પણ આપવામાં આવી છે, છતાં પણ કોઈ તેના માટે કશું બોલતાજ નથી. એ ઉપરાંત સૈયદો તથા મુજાવર કાકા પણ તે કચ્છવાસી સતપંથી ભાઈઓને કશું કહી શકતાજ નથી. કારણ કે જો તેઓ એ સંબંધમાં કશું બોલે તો કચ્છના આગેવાન પટેલો તથા મુખીઓ હાલે જે કાંઈ આપે છે તે પણ ન આપે, એટલે મુંગે મોઢે જે મળે છે તે લઈ લે છે. આથી ખરી રીતે તો આગેવાન મુખી પટેલોને જ લાભ છે. પરંતુ મરો તો ફક્ત ગરીબ પાટીદાર ભાઈઓ કે જેઓ એ અર્ધદગ્ધ કબ્રસ્થાની પંથના સકંજામાં સપડાયા છે તેમનોજ છે. ૧૯૫૬ ના જેવા ભુખમરાના દુકાળ પછી ૧૯૫૭ કે અઠાવનની સાલમાં પણ કચ્છના સતપંથી ભાઈઓએ પંચાવન હજાર રૂપિઆની હુંડી જ્યારે પાંચ ને છ કોરીના ભાવનો રૂપીઓ હતો ત્યારે પીરાણે મોકલી હતી. પરંતુ હાલે જ્યાં દોઢ કોરીનો રૂપિઆનો ભાવ છે, એવા વખતમાં ફક્ત પંદર અથવા વિસ હજાર રૂા. ની હુંડી પીરાણે મોકલે છે. એ પરથી એટલું તો ચોખ્ખી રીતે સાબિત થાય છે કે ધીમે ધીમે એ પંથ પરથી એ લોકોની શ્રદ્ધા ઓછી થવા માંડી છે. તેનું મુળ કારણ ફક્ત જ્ઞાતિસુધારક ભાઈઓની તનતોડ મહેનતનો જ પ્રયત્ન છે. પરંતુ હજુપણ કચ્છ દેશની પાટિદાર જ્ઞાતિના

કહેવાતા આગેવાન ગઢેરાઓ પોતાનાથી બની શકે એટલો ત્રાસ કેટલાક જ્ઞાતિભાઇઓને આપવામાં બીલકુલ કચાસ રાખતા નથી. છતાંપણુ એટલું તો કબૂલ કરવું જ જોઈએ કે હવે એ જુલ્મ અને ત્રાસ દિવસે દિવસે ઓછો થતો જાય છે. સુધારક ભાઈઓ તેમની પોલો ખુલ્લી કરતા જાય છે. પરંતુ તેમને પણુ હવે એ આગેવાનો કશું કરી શકતા નથી.

જ્ઞાતિ બંધનો અને અંધશ્રદ્ધા ધીમે ધીમે મંદ પડતી જાય છે. કણબી ભાઈઓ પોતાની ભૂલ અને સત્ય વાત શું છે. તે હવે તેઓ સારી રીતે જાણુતા થઈ ગયા છે. પરંતુ તેઓ હજુસુધી પોતાની એ ભૂલ કાંતો હૃદયબળ ન હોવાથી કિંવા મમતને લઈ સુધારી શકતા નથી. એટલુંજ નહિ પણુ હજુ એ કચ્છી કડવા પાટીદાર ભાઈઓનો મોટો સમુહ કે જેઓ એ પંથમાં સપડાયા છે તેઓ, તથા ગુજરાતના જુદા જુદા ભાગમાં વસતા એ પંથને માનનારા સતપંથીઓ પોતાની અજ્ઞનતાને લઇ પીરાણુા સતપંથને કલીયુગના વારા પ્રમાણે એટલે સૈયદ ઈમામશાહે હિંદુઓને વટલાવી મુસલમાન બનાવવા માટે રચેલાં શાસ્ત્રોમાં સુચવ્યું છે તે પ્રમાણે ખરો સનાતન હિંદુ ધર્મ તો પીરાણુા સતપંથ જ છે એમ માને છે. એટલુંજ નહિ પણુ સૈયદ ઇમામશાહના વંશજો કે જેઓ પોતાને હરીવંશી તરીકે ઓળખાવે છે તેને ગુરૂ કરી પોતાની કમાણીમાંથી દશમો ભાગ આપવાથી જ સ્વર્ગ અને મોક્ષ મળે છે એમ માની રહ્યા છે.

પરંતુ એ ભોળા સતપંથી ભાઇઓને ખબર નથી કે જેને તેઓ હરીવંશી ગોર તરીકે પૂજ્ય માને છે, તેજ સૈયદો જાહેર પેપરોમાં જનતાને ખૂલ્લી રીતે જણુાવે છે કે;—"સદરહુ પીરાણુા સતપંથ ખાસ દીને મહંમદી ધર્મ છે."

(ગુજરાતી પંચ પાનું ૨૪ મું તા. ૨૪–૬–૧૯૨૩)

શ્રી પીરાણુાના સ્થાપક હજરત પીર ઈમામશાહ સુત નુરઅલ્લી મહંમદસા કુફરેશીકનનો બતાવેલો ધર્મ સતપંથ પાળનાર તમામને.

## ચેતવણી

સદરહુ પીરાણુાનો ઓળખાતો ધર્મ નામે સત્પંથ ખાસ દીને મહમદી છે. (મુસલમાની) ને તે ધર્મ પાળનારાઓ મુમનભાઈ કહેવાય છે. તેને જો કોઈ સદરહુ ધર્મ પાળનારમાંથી હીન્દુ ધર્મ છે તેમ સાબીત કરી આપશે તો અમો તે કહેશે તે ધર્મ કબુલ કરવા ખુશી છીએ, માટે સદરહુ જગ્યાના મુજાવરો કાકા તથા કોઇ પણુ ધર્મી કહે તે વાત ગલત છે.

એજ તા. ૨૧–૬–૧૯૨૩.

લી. સદરહુ પીરની ઓલાદના સાદાતોની પંચ પીરાણુા.

દા. સૈયદ મુંજામીંઆં હુસેનમીંઆં.

સૈયદોએ ઉપરની ચેતવણી પ્રસિદ્ધ કરીને ખરૂં જોતાં તો હિંદુજનતા ઉપર એક પ્રકારનો ઉપકારજ કરેલો છે. કે જેને લઈ અન્ય હિંદુભાઈઓ પણ એ પીરાણા સતપંથીઓના સંસર્ગમાં આવતાં ડરે અને તેને લઈ એ સતપંથી ભાઈઓ પણ શરમને લઈને કાંતો જનતાની ટીકાના ભયથી એ પંથની કપટ જાળમાંથી છુટા થવા પ્રયત્ન કરે.

સૈયદો સારી પેઠે જાણે છે કે તેમના વડીલ એટલે પીરાણા સતપંથના મુળ સ્થાપક સૈયદ ઇમામશાહનો મુખ્ય મુદ્દો ભોળા હિંદુઓને એ પંથની કપટ જાળમાં ફસાવી અંતે મુસલમાની રાહત ઉપર જ લઇ જવાનો હતો. પરંતુ તેનાથી એ કામ ન બનતાં અધુરૂં રહી જવાથી તે કામ તેઓ (સૈયદ ઇમામશાહ) પોતાના ફરજંદોને સોંપી ગયા છે, એમ કહેવાય છે. અને તેજ મુદ્દાને અનુસરી **મોમીન શાહમહંમદ સકલ્લાભાઈ** પોતા તરફથી સં. ૧૯૫૫ ના અષાડ માસમાં પ્રસિદ્ધ કરેલ ગ્રંથ "**અનવારે હીદાયત** યાને **હીદાયતનું નુર**" માં પીરાણા સતપંથીઓને ઉદ્દેશીને લખે છે કે;

"પીરાણા સતપંથના ત્રણ વિભાગ છે,

**ભાગ ૧ લો** સૈયદો કે જેઓ હઝરત પીર ઇમામશાહની ઓલાદના છે તેઓ શીઆહ ધર્મ પાળે છે.

**ભાગ ૨ જો** મોમન શેખ ભાઈ વિગેરે કે જેઓ અડધો મુસલમાની ધર્મ પાળે છે.

**ભાગ ૩ જો** ગુપતીઓનો કે જે ઓ તદ્દન હિન્દુ જેવા છે પણ ખુશીની વાત છે કે અમદાવાદના મોમીનો પુરો મુસલમાની શીઆ ધર્મ પાળે છે તો તે મુજબ આ ધર્મના તમામ ભાઈઓને મારી અરજ છે કે હિન્દુ અને મુસલમાનની વચમાં નહીં રહેતાં એક કીનારો પકડવો સારો છે.

આપણા પીરે તો જેમ એક ભુમીમાંથી બીજી ભૂમીમાં જવું હોય ને વચમાં દરીયો આવે ત્યારે વહાણની જરૂર પડે છે તેવી રીતે આપણને હિન્દુ રૂપી ભૂમીમાંથી ખસેડી મુસલમાની ભૂમી તરફ લઈ ગયા હવે કીનારે પોહોચવું આપણું કામ છે, નહીં તો એક સાધુની કહેવત પ્રમાણેઃ—

"ધર્મ ધામ પોંહોચ્યો નહી, નહિ વૈકુંઠ નહીં વાસ,
અધ વચમેં લટકી રહ્યો, સાધુ સુંદરદાસ."

એવી રીતે દરીયામાં રહેવા કરતાં એક કીનારો પકડવો બહેતર છે. કાંતો હીન્દુ થવું ને કાંતો મુસલમાન થવું પણ હિન્દુ થવું ગમે નહીં તેથી મુસલમાની ધર્મ અખત્યાર કરવો પાળવો એજ ઠીક છે.

જુઓ કે અમદાવાદ વિગેરે મોટાં શહેરોમાં આવો સુધારો થઇ ગયો છે. પણ કચ્છ કાઠીઆવાડ–કાનમ ચરોતર વિગેરેમાં તો હજુ કંઇ પણ સુધારો થયોજ નથી જો કે આપણા પીરનો હુકમ છે કે, "**રોજા નીમાઝને બંદગી ભાઇ કલમા નામત ચીઝ.**" કોઈ શખશને એકનો એક દીકરો હોય ને તે નાપાક એટલે ઝાડો પીશાબ વાળો હોય તો તેનો બાપ નવરાવ્યા શિવાય ખોળામાં બેસાડશે નહીં તેમ આપણા પેદા કરનારની પાસે આપણે નાપાકીની હાલતમાં જઇશું, તો તે આપણને કેમ મંજુર કરશે. અર્થાત મુડદાંઓને **ગુસલની** રીત પ્રમાણે નહીં નવરાવતાં એમને એમ દાટી દે છે અને જનાઝાની **નીમાઝ** પડાવતા નથી માટે **કલમો નીમાઝ ગુસલ** વિગેરેની રીતો જેવી આપણા પીરના ફરઝંદો પાળે છે તે મુજબ પાળવી જોઇએ. જુઓ કે **પીરાણામાં મસજીદ છે ઇમામખાનું છે મદ્રસો છે દરગાહમાં કુરાન સરીફની** આયતો લખેલી છે. કુરાન શરીફ સીરહાને મુકેલાં છે, વિગેરે રીતો તમે જોશો તો ખાત્રી થશે કે આપણા પીર કે જેઓ પાકા **શીઆ મઝહબના** તેમનો હેતુ આપણને પુરા **મુસલમાન** કરવાનો હતો પણ શરૂવાતની અંદર જેટલું કરવાનુ તે તેઓ સાહેબે કરી જીંદગી પુરી થવાથી બાકીની હકીકત અધુરી રહી; તો ઉમેદ છે કે આપણા પીરના ફરઝંદો (સૈયદો) કાકાઓ તથા **જમાતના આગેવાનો** આ કામ માટે કોશીશ કરશે." લેખકે આ પ્રમાણે ભલામણ કરી છે, અને તે વખતના પીરાણાની ગાદીના મુજાવર કાકા કરમસીના માટે લખે છે કે, 'કરમસી કાકો હર વખત હઝરત અલીઅ અલેહીસ સલામને યાદ કરે છે. તેઓ પંજતન પાક અલેહીસ સલામની મીજલસો દર જુમેરાતે તથા ચાંદરાતે પીરાણામાં કરે છે. અને ચાલીસમાં સુધી આકા ઇમામહુશેન અલેહીસ સલામના ગમની મીજલશો કરે છે.' "

આવા આવા અનેક પ્રકારના પ્રપંચો હિંદુઓમાંથી પતિત થઇ વટલી ગયેલા મુમનાઓ તથા ઈમામશાહના વંશજ સૈયદો ભોળા અને અજ્ઞાન હિંદુભાઈઓને ફોસલાવી જાહેર મુસલમાન બનાવવા કરી રહ્યા છે. ખરૂં જોતાં તો એ પંથને માનનારા હિંદુભાઇઓના વર્તનમાં પણ દિવસે દિવસે પરિવર્તન થતું જાય છે. તેઓમાંના કેટલાક તો માત્ર પહેરવેશથી અને અસલની જુનિ પદ્ધતિ અનુસાર આપવામાં આવતાં નામો પરથી જ તેઓ હિંદુ છે એમ ઓળખાય છે.

પોતાને હિંદુ તરિકે ઓળખાવનાર આવા સતપંથી ભાઈઓ જો વેળાસર ચેતીને એ પ્રપંચી પંથની કપટ જાળમાંથી મુક્ત થવા પ્રયત્ન નહિ કરે, અને હજુપણ એ કપટ કુશળ સૈયદોના કહેવા અનુસારજ પોતાનું વર્તન રાખશે તો અંતે તેમને મુસલમાન થવુંજ પડશે.

## ઉપસંહાર.

### ભારતની વેદધર્મી હિંદુજનતાને રંકહૃદયની જાહેર અપીલ.

વ્હાલા ધર્મપ્રેમી વાચકો ! પ્રીય સનાતની હિંદુભાઈઓ ! વ્હાલા આર્ય સમાજીષ્ટો ! જીવદયા પ્રચારક ઉદારચિત્ત જૈનો ! બ્રાહ્મોસમાજીષ્ટો ! સુધારક હિંદુભાઇઓ ! અને ખાસ તો સઘળા હિંદુધર્મના આચાર્યો, ધર્મગુરૂઓ અને આગેવાનોના ચરણે નમ્રતાપૂર્વક યાચના કરૂં છું કે, જો આપના હૃદયમાં પવિત્ર રૂષિ મુનીઓએ સ્થાપેલા અને પરમકૃપાળુ પરમાત્માની પ્રેરણાથી પ્રકાશ પામેલા શ્રી હરીની સાક્ષાતસ્વયંજ્યોતિ સ્વરૂપ સનાતન વેદ ધર્મના માટે જરા પણ લાગણી કિંવા સ્થાન હોય તો, આજે આપણા લાખો હિંદુભાઇઓ કે જેઓ પરધર્મીઓના પ્રપંચથી તેમની જાળમાં સપડાઇ પોતાની અજ્ઞાનતાનો ભોગ બની આપણા જ ધર્મદ્રોહી થઈ રહ્યા છે. તેમને એવા નિષ્ઠુર થતા બચાવો.

આજે આપણા હિંદુધર્મ ઉપર **પીરાણા સતપંથ** જેવા અનેક પાખંડી પંથો પોતાની કુટિલ છળનીતિ વાપરીને હજારો ભાઇઓને આપણાથી છુટા પાડી વિધર્મી બનાવી રહ્યા છે. એ બધાનું મુળ કારણ ફક્ત આપણો પ્રમાદ અને શાસ્ત્ર પુરાણના મતભેદો તેમજ જુદા જુદા ધર્મપંથના વાડાઓની જુદી જુદી માન્યતાઓથી થતા ધર્મઝગડાઓજ છે. અને તેથીજ અન્ય વિધર્મીઓ આપણાંજ શાસ્ત્રના મન માન્યા અર્થ કરી, પોતાના નીચ હેતુઓ સિદ્ધ કરવા ભોળા હિંદુભાઇઓને તેમની કપટ જાળમાં ફસાવી આપણા શત્રુ બનાવી રહ્યા છે.

આવા લાખો ભોળા અને ભલા હિંદુઓ એ કાવત્રાંખોરોની કપટકળાને લીધે અજાણતાં જ તેમની ભયંકર પ્રપંચ જાળમાં ફસાયા છે, અને પોતાને હાથે ઘરનાં ધન ખર્ચીને પોતાના ધર્મ કર્મ લૂટાવી રહ્યા છે. તેઓ તો બિચારા અજ્ઞાન છે તેમને ખબર નથી કે સતપંથને નામે કેવા ઉટપટાંગ અર્ધ-દગ્ધ કબ્રસ્તાની પંથની કબરોમાં તેમના જીવતા આત્માને દબાવી દઈ તેમને પોતાની મતલબના ભોગ બનાવે છે ! જગતમાં અતિનિંદ્ય અને શરમાવનારી સ્થિતિમાં લાવી મુકી કેવા તેમને પાયમાલ કરી સામદા હિંદુ બનાવવામાં આવે છે, જેથી જતે દહાડે તેમની ભાવી પ્રજા કાંતો વર્ણશંકર મ્લેચ્છ જાતિની થઇ જશે અથવા તેમના કુળ અને નામને બોળી પવિત્ર હિંદુધર્મના હડહડતા શત્રુ થઈ બેસશે તેનું તેઓને આજે ભાન પણ નથી. અને પેલા કુટિલ કપટતંત્ર ચલાવનારા યવન જાદુગરો બનાવટી ભય, લાલચ, તેમજ છળનીતિથી

તેમને પોતાની ભયંકર જાળમાં આકર્ષી, મજબૂત પકડી રાખી (ક્રુર અજગર જેમ પોતાની આંખોની વિજળીથી સારસ અને ચકલી જેવાં નિર્દોષ પક્ષીઓને પોતાના તરફ એ ચી લઇ શિકાર બનાવી, ચાવી ચાવાને ખાઇ જાય છે, એવીજ રીતે) એ લાખો ભાઇઓને પોતાના છળભેદની વીજળીથી આંજી નાંખી પોતાના તરફ આકર્ષી પોતાનો શીકાર બનાવી, એ પંથના કારસ્થાની કરતા કારવતાઓ પોતાના ભક્ષને ચૂસી ચૂસી નીચોવી નીચોવીને ગળી જવા લાગ્યા છે.

લાખો હિંદુભાઇઓ આજે તેમના પાપે પવિત્ર સનાતન હિંદુધર્મ છોડીને વટલી મુમના મુસલમાન બની ગયા છે, અને હજારો હિંદુભાઇઓને ખોટી ખોટી મોટી લાલચો આપી. વટલાવતા જાય છે. અને હરિવંશ તો જાણે સતપંથી અલામીંયાની ડુગડુગીમાં જં સમાયલો છે, એવું હડહડતું જુઠાણું સમજાવી તેમના ધન, ધર્મ અને કર્મની પાયમાલી કરતાજ રહ્યા છે.

ગુજરાત, પંચમહાલ, અમદાવાદ અને આણુંદ મુકામે તથા નાંદોદ રાજપીપળા રાજ્યમાં અંકલેશ્વર પાસે, સુરત અને નવસારી જેવાં જાહેર નગરોમાં તેમજ સિંધ, પંજાબ, મધ્યહિંદ અને કચ્છ કાઠિયાવાડ જેવા અનેક દેશોમાં આવા ષડયંત્રકારી કાવત્રાંખોરોનો હિંદુઓને વટાળી ધર્મભ્રષ્ટ કરવાનો નીચ ધંધો ધમધોકાર ચાલી રહ્યો છે. ઢેડ, ભંગી, કોળી, કાછીઆ, ગોલા, ઘાંચી અરે કણબી અને બ્રાહ્મણ વાણીઆ જેવી ઉંચ કોમના પણ કેટલાક ભાઇઓ એ પંથની ફાંસા જાળમાં ફસાઈ ગયા છે. તેમાંના કેટલાક અજ્ઞાનતાથી કેટલાક લાલચથી, કેટલાક સમજાવટથી તો કેટલાક દાવપેચના આંટાથી એમ અનેક પ્રકારોથી તેઓ સતપંથી બને છે. અને વખત જતાં તેઓ જાહેર મુસલમાન બની જશે અને જતે દહાડે હિંદુ ધર્મના કટ્ટા શત્રુ અને ગૌભક્ષક તથા હિંદુધર્મ વિનાશક વિરૂધીઓ બનશે, આવું જોવા જાણવા અને સાંભળવા છતાં શું કોઈનું હૃદય નહિ જાગે !

એવા વટલેલા લાખો હિંદુભાઇઓ પોતાની પ્રમાણીક કમાઈના લાખો રૂપિઆ એ પ્રપંચીઓએ જમાવેલી અધર્મની હોળીમાં હોમીને હાથે કરી હિંદુમાંથી ટળી, મુમના બને છે, અને જતે દહાડે આપણા પાકા વિરૂધી બની જશે ત્યાં સુધી પણ આપણે નહિ જાગીએ ?

હિંદુ જાતિ અને હિંદુ ધર્મની આવી હૃદયભેદક દુદર્શા થતી જોઇને કોઈ પણ ધર્માભિમાનીનું કાળજું કમકમી નહિ ઉઠે ! હિંદુ આર્યોના ઇશ્વરનો, વેદનો આવો ભયંકર દ્રોહ ચાલી રહ્યો છે, તે જોવા જાણવા છતાં શું કોઇના અંતરમાં અરેરાટી નહિ થાય !

ઓ મારા- પરમપૂજ્ય ધર્મગુરૂઓ, સનાતન હિંદુ ધર્મરક્ષક પંડિતો, ધર્માભિમાની બંધુઓ ! જાગો અને આ તમારી પ્રમાદ નીદ્રાને ત્યાગી ધર્મરક્ષણ માટે બંધુરક્ષણ માટે અને વેદ રક્ષણ માટે તમારી અગાધશક્તિનો થોડો ઘણો તો સદુપયોગ કરી અજ્ઞાન અને ગરીબ ગાયો જેવા સ્વધર્મિ ભોળા ભાઈઓને પ્રપંચીઓના પાસમાંથી બચાવી, લાખો નિર્દોષ માર્ગ ભુલેલાઓને આપઘાતના અરે ધર્મનાશના ભયંકર માર્ગમાંથી પાછા વાળો અને તેમને આંગણે આંગણે પવિત્ર વેદના ગીતાગાન ગાજી રહે, અને તેમને બારણે બારણે પ્રભુનો પવિત્ર સંદેશો સંભળાય, તેમના જીર્ણશીર્ણ ગૃહોમાં પરમાત્માનો પવિત્ર પ્રકાસ પહોંચે કે જેથી તેઓ ચેતી જાગી સાવધ બનીને સર્વનાશના માર્ગમાંથી પાછા ફરી ચીરસ્થાયી શાંતીમય પવિત્ર પંથના પ્રવાસી બને એવાં કાંઈક પ્રયત્ન કરો એજ અંતિમ પ્રાર્થના છે.

**પ્રથમ ભાગ સમાપ્ત**